ॐ

॥ श्रीमद्भगवद्गीता ॥

श्रीरहस्यदीपिकानामनी गुजरातीटीकासहित.

टीकाकारः—महाराज श्रीनथुरामशर्मा.

बीलखा. काठियावाड.

સર્વે મુમુક્ષુઓના હિતાર્થે પ્રકટ કરનાર

ગણપતરામ નાનાભાઈ ભટ્ટ. અમદાવાદ. ગુજરાત.

તથા

ગોવિંદજી ડાહ્યાભાઈ વકીલ. પોરબંદર. કાઠિયાવાડ.

આ આવૃત્તિ પ્રકટ કરવામાં કુંતિયાણાવાળા શેઠ જીવણદાસ શવચંદે રૂપીઆ પાંચસોનું સાહાય્ય આપ્યું છે.

"संसारसागरं घोरं, तर्तुमिच्छति यो नरः।
गीतानावं समासाद्य, पारं याति सुखेन सः॥"

ભાવાર્થ:—જે મનુષ્ય આ ભયંકર સંસારમહોદધિને તરવાને ઇચ્છે છે તે મનુષ્ય આ ભગવદ્ગીતારૂપ નૌકાને પામીને સુખપૂર્વક આ સંસારમહોદધિના પારને પામે છે.

પાંચમી આવૃત્તિ.   પ્રતિ ૨૦૦૦

અમદાવાદ—પીરમશા રોડ ઉપર આવેલા ધી નિર્મળ પ્રિ. પ્રેસમાં લલ્લુભાઇ ઈશ્વરભાઇ ત્રિવેદીએ છાપ્યું.

शाके १८४५   संवत् १९७९   खीस्ताब्द १९२३

મૂલ્ય રૂ. ૩—૮—૦

ૐ

શ્રીમદ્ભગવદ્ગીતા.

અનુક્રમણિકા.

॥ ૐ ॥

પાંચમી આવૃત્તિનો ઉપોદ્‌ઘાત.

આ પાંચમી આવૃત્તિમાં ટીકા આદિમાં કોઇ કોઇ સ્થલે પ્રતિપાદ્ય વિષયની વિશેષ સ્પષ્ટતા કરવારૂપ વધારો કરવામાં આવ્યો છે. શ્રીભગવદ્‌ગીતામાં જીવનું, ઈશ્વરનું ને જગત્‌નું જે સ્વરૂપ સમજાવ્યું છે તે સ્વરૂપ સમજવામાટે મુમુક્ષુએ પોતાના અંતઃકરણની તીવ્ર લાગણીથી પ્રયત્ન કરવો જોઇએ. એ ત્રણેના સ્વરૂપના અવિચારથી જીવને બંધ થયો છે, ને એ ત્રણેના સ્વરૂપના યથાયોગ્ય વિચારથી—એ ત્રણે વસ્તુતાએ બ્રહ્મજ છે એવો એ ત્રણેના યથાયોગ્ય વિચારવડે દૃઢ અનુભવ થવાથી—જીવ સ્વરૂપાવસ્થિતિરૂપ મુક્તિનો લાભ મેળવે છે. જીવ ત્રણ પ્રકારનાં દુઃખોથી, તે દુઃખોનાં સર્વપ્રકારનાં નિમિત્તોથી ને તેને પ્રતીત કરાવનાર અંતઃકરણથી રહિત થઇ—તે સર્વેને પોતાના વાસ્તવિક બ્રહ્મસ્વરૂપમાં વિલીન કરી—પરમાનંદરૂપ પોતાના સ્વરૂપમાં સમયના અવધિરહિત સ્થિતિ કરે તે સદ્યોમુક્તિ કહેવાય છે. એ સદ્યોમુક્તિ પ્રાપ્ત કરવી એજ વિવેકી મનુષ્યનું મુખ્ય કર્તવ્ય છે.

શ્રીકૃષ્ણે અર્જુનને યુદ્ધવેલા તેમને પ્રાપ્ત થયેલા સ્વધર્મપાલનરૂપ કર્તવ્યસંબંધિ જે ઉપદેશ કરેલો તેને શ્રીવ્યાસે ગીતામાં પદ્યરૂપે વર્ણવ્યો છે. આ ભગવદ્‌ગીતામાં મુખ્ય ઉપદેશ કયા વિષયનો છે તેનો વિચાર કરતાં કેટલાક વિદ્વાનો તેમાં આત્મજ્ઞાન થયા પછી પણ આત્મજ્ઞાનીએ શાસ્ત્રોક્ત નિષ્કામકર્મ કરવું જોઇએ એવો મુખ્ય ઉપદેશ છે, ને આત્મજ્ઞાનનો તથા પરમાત્મભક્તિનો ઉપદેશ ગૌણ છે એમ કહે છે; કેટલાક વિદ્વાનો તેમાં આત્મજ્ઞાન થયા પછી પણ આત્મજ્ઞાનીએ પરમાત્માની ભક્તિ કરવી જોઇએ તેથી પરમાત્મભક્તિનો ઉપદેશ મુખ્ય છે, ને નિષ્કામકર્મનો તથા આત્મજ્ઞાનનો ઉપદેશ ગૌણ છે એમ કહે છે; અને કેટલાક વિદ્વાનો તેમાં આત્મજ્ઞાનનો ઉપદેશ મુખ્ય છે, ને નિષ્કામકર્મનો ઉપદેશ મુમુક્ષુના ચિત્તની શુદ્ધિરૂપ પ્રયોજનને લઇને કરેલો હોવાથી તથા પરમાત્મભક્તિનો ઉપદેશ ચિત્તની સ્થિરતાવિના મુમુક્ષુને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય નહિ માટે તે પ્રયોજનને લઇને કરેલો હોવાથી ગૌણ છે એમ કહે છે. ગીતાજી સર્વ ઉપનિષદોના સારભૂત ગ્રંથ હોવાથી

તેમાં ઉપનિષદોમાં જે ઉપદેશ કરવામાં આવ્યો છે તેજ ઉપદેશ કરેલો છે એમ માનવું જોઇએ. ઉપનિષદોમાં પ્રધાનપણે આત્માના વાસ્તવિક સ્વરૂપનું અને તે આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં સાધનોનું નિરૂપણ કરેલું જોવામાં આવે છે તેથી નક્કી થાય છે કે ગીતાજીમાં પ્રધાનપણે આત્મસ્વરૂપનું ને તેની પ્રાપ્તિનાં સાધનોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

સમસ્ત વેદોના અર્થના સારસંગ્રહભૂત ગીતાજીમાં શ્રીકૃષ્ણભગવાને યોગ્ય અંતઃકરણવાળા મનુષ્યોપર અનુગ્રહ કરવામાટે પ્રવૃત્તિલક્ષણવાળા ધર્મનો તથા નિવૃત્તિલક્ષણવાળા ધર્મનો ઉપદેશ કર્યો છે. પ્રવૃત્તિલક્ષણવાળો ધર્મ પ્રધાનપણે મનુષ્યના અભ્યુદયમાં હેતુભૂત થાય છે, અને નિવૃત્તિલક્ષણવાળો ધર્મ આત્મજ્ઞાનદ્વારા મોક્ષમાં હેતુભૂત થાય છે. પ્રવૃત્તિલક્ષણવાળો ધર્મ બે પ્રકારનો છે, સકામ અને નિષ્કામ. પ્રવૃત્તિલક્ષણવાળા સકામધર્મના પરિપાલનથી તે મનુષ્ય આ લોકનું વા પરલોકનું ઇચ્છિત ફલ મેળવે છે, અને પ્રવૃત્તિલક્ષણવાળા નિષ્કામધર્મના પરિપાલનથી તે મનુષ્ય પોતાના અંતઃકરણની શુદ્ધિ કરી શકે છે. અંતઃકરણની શુદ્ધિ થવાથી તે અંતઃકરણને ધ્યાનાદિથી એકાગ્ર કરી શકાય છે. એકાગ્ર થયેલું અંતઃકરણ વિવેકાદિ ચાર સાધનોને તથા શ્રવણાદિ ત્રણ સાધનોને સંપાદન કરી આત્માનો સાક્ષાત્કાર કરી જીવને મોક્ષ મેળવવા સમર્થ કરી શકે છે.

આ ગીતાશાસ્ત્રનો આરંભ તેના બીજા અધ્યાયના " अशोच्यान् " ઇત્યાદિ પદોવાળા અગિયારમા શ્લોકથી થાય છે, ને તેની સમાપ્તિ આ શાસ્ત્રના અઢારમા અધ્યાયના " इति ते ज्ञानमाख्यातं " ઇત્યાદિ પદોવાળા ત્રેસઠમા શ્લોકે થાય છે. એ આરંભનાં ને સમાપ્તિનાં વચનોનો વિચાર કરતાં ગીતાશાસ્ત્રનું તાત્પર્ય આત્મસ્વરૂપના ઉપદેશમાં હોય એમ જણાય છે. ગીતાજીનો પહેલો અધ્યાય ને બીજા અધ્યાયના પ્રથમના દશ શ્લોકો ઉપોદ્ઘાતરૂપ છે. બીજા અધ્યાયના અગિયારમા શ્લોકથી ત્રીશમા શ્લોકસુધીમાં ભગવાને અર્જુનને આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો છે. તે આત્મજ્ઞાનની પ્રાપ્તિમાટે અર્જુનના અંતઃકરણાદિની યોગ્યતાનો વિચાર કરીને આ અધ્યાયના એકત્રીશમા શ્લોકથી આડત્રીશમા શ્લોકસુધીમાં અર્જુનને તેમના ક્ષત્રિયધર્મનું સ્મરણ કરાવી તેમનું આ પ્રસંગે શું કર્તવ્ય છે તે સમજાવ્યું છે. અર્જુનના અંતઃકરણની યોગ્યતાનો તથા તેમના ક્ષત્રિયવર્ણનો ને ગૃહસ્થાશ્રમનો વિચાર કરી ઓગણચાળીશમા શ્લોકથી એકતાળીશમા શ્લોકસુધીમાં તેમને નિષ્કામકર્મયોગની શ્રેષ્ઠતા સમજાવી છે.

બેંતાળીશમા શ્લોકથી ચુમાળીશમા શ્લોકસુધીમાં સકામકર્મ ચિત્તશુદ્ધિમાં હેતુભૂત થતાં નથી, તથા કર્તાના ભવભ્રમણની નિવૃત્તિ કરતાં નથી માટે તે સકામકર્મનું કનિષ્ઠપણું દર્શાવ્યું છે. પીસ્તાળીશમા શ્લોકમાં ત્રણ વેદોનો કર્મકાંડરૂપ ભાગ ત્રણ ગુણવાળા સંસારના વિષયોની સાથે સંબંધ રાખનારો છે, મોક્ષની સાથે સંબંધ રાખનારો નથી માટે તમે તમારા આત્મસ્વરૂપને જાણવાસારુ તેનું અતિક્રમણ કરી કામનારહિત તથા દ્વંદ્વાદિથી રહિત થઇ અંતઃકરણને સ્વધર્મપરાયણ રાખો એવા ભાવનો ઉપદેશ કર્યો છે. છેંતાળીશમા શ્લોકમાં વેદમાં જે અનેક કર્મોનાં અનેક ફલો વર્ણવ્યાં છે તે સર્વકર્મોનું ફલ બ્રહ્મવેત્તાને એકસાથે પ્રાપ્ત થાય છે એમ જણાવ્યું છે. સુડતાળીશમા ને અડતાળીશમા શ્લોકમાં અર્જુનના અધિકારનો વિચાર કરીને તેમના હિતમાટે નિષ્કામકર્મયોગમાં પ્રવૃત્ત થવાનો ઉપદેશ તેમને આપ્યો છે. ઓગણપચાસમા તથા પચાસમા શ્લોકમાં સકામકર્મોનું ઊતરતાપણું કહી સર્વ પ્રકારનાં દ્વંદ્વોને સમ ગણી તથા કર્મમાં કુશલપણું રાખી નિષ્કામકર્મયોગનું સેવન કરવાનો કારણ દર્શાવી ઉપદેશ કર્યો છે. એકાવનમા શ્લોકથી ત્રેપનમા શ્લોકસુધીમાં કર્મોનાં ફલોમાં વૈરાગ્યનો તથા અંતઃકરણને આત્મામાં સુસ્થિર કરવાનો ઉપદેશ કરવામાં આવ્યો છે. ચોપનમા શ્લોકમાં અર્જુને જેમનું અંતઃકરણ આત્મામાં સ્થિર થયું છે એવા પુરુષનાં લક્ષણો પૂછ્યાં છે. પંચાવનમા શ્લોકથી બોંતેરમા શ્લોકસુધી સ્થિતપ્રજ્ઞનાં એટલે જે મહાપુરુષનું અંતઃકરણ આત્મામાં સુસ્થિર થયું છે તે મહાપુરુષનાં લક્ષણો દર્શાવ્યાં છે. જે મુમુક્ષુને સ્થિતપ્રજ્ઞ થવું હોય તેણે તે લક્ષણો વિવેકવૈરાગ્યાદિવડે પ્રાપ્ત કરવાં જોઇએ. આ બીજા અધ્યાયનું નામ સાંખ્યયોગ–આત્મસ્વરૂપના જ્ઞાનનો ઉપાય (સાધન)–રાખવામાં આવ્યું છે. આ અધ્યાયમાં આત્મજ્ઞાનનો પ્રધાનપણે ઉપદેશ છે.

આ ગીતાશાસ્ત્રના ત્રીજા અધ્યાયમાં મુમુક્ષુને પોતાના ચિત્તની શુદ્ધિ કરવામાટે ફલેચ્છાના તથા કર્તાપણાના અભિમાનના પરિત્યાગપૂર્વક શાસ્ત્રવિહિત કર્મો કરવાનો ઉપદેશ કરેલો હોવાથી આ અધ્યાયનું નામ કર્મયોગ–નિષ્કામકર્મયોગ–રાખવામાં આવ્યું છે. આ ત્રીજા અધ્યાયના પહેલા ને બીજા શ્લોકમાં અર્જુને કર્મયોગ શ્રેષ્ઠ કે જ્ઞાનયોગ શ્રેષ્ઠ એવી શંકા કરી પોતાને પોતાના કલ્યાણમાટે તે બેમાંથી કયો યોગ અનુષ્ઠાન કરવાયોગ્ય છે તે જણાવવા ભગવાનની પ્રાર્થના કરી છે. તેના

સમાધાનમાં ભગવાને કર્મયોગની ને જ્ઞાનયોગની એમ બે પ્રકારની નિષ્ઠા કહી છે. જેમના ચિત્તની શુદ્ધિ થઇ નથી તેમણે પોતાના ચિત્તની શુદ્ધિ કરવામાટે નિષ્કામકર્મનું અનુષ્ઠાન કરવું જોઇએ, અને જેમનું ચિત્ત શુદ્ધ થયું હોય તેમણે આત્માથી અભિન્ન બ્રહ્મમાં પોતાના અંતઃકરણને સુસ્થિર રાખવા પ્રયત્ન કરી તે સ્વરૂપે રહેવું જોઇએ. એ બંનેનું સાથે અનુષ્ઠાન સંભવી શકતું નથી. પ્રથમ નિષ્કામકર્મનું સેવન કરવું જોઇએ, અને પછી જ્ઞાનયોગનું અનુષ્ઠાન કરવું જોઇએ. " હું કર્તા છું " એવા અભિમાનવડે ને " મને આ કર્મનું અમુક ફલ મળો " એમ ફલની આસક્તિવડે કરેલાં કર્મો જીવને બંધન કરે છે, પણ કર્તાપણાનું અભિમાન ત્યજી ઇશ્વરાર્પણબુદ્ધિએ કરેલાં શાસ્ત્રોક્ત કર્મો તેને બંધન કરતાં નથી, કિંતુ તેના અંતઃકરણની શુદ્ધિ કરી તેને આત્મજ્ઞાનની પ્રાપ્તિમાટે યોગ્ય કરે છે. જે મનુષ્યનું ચિત્ત પવિત્ર થયું નથી તેને નિષ્કામકર્મ કરવાની આવશ્યકતા છે, પરંતુ જે મનુષ્ય આત્મામાંજ પ્રીતિવાળો છે, આત્મામાંજ તૃપ્તિ પામેલો છે, અને બહારના વિષયોની તૃષ્ણાનો પરિત્યાગ કરી આત્મામાંજ સંતોષ પામેલો છે તેને સકામ કે નિષ્કામ કર્મ કરવાની કાંઇ પણ આવશ્યકતા નથી એમ ભગવાને અર્જુનને ઉપદેશ કર્યો છે. પૂર્વે રાજર્ષિ જનક આદિ પણ નિષ્કામકર્મના સેવનવડે ચિત્તશુદ્ધિદ્વારા મોક્ષ મેળવી શક્યા હતા માટે અર્જુનને પણ નિષ્કામકર્મ કરી ચિત્તશુદ્ધિદ્વારા મોક્ષ મેળવવા ભગવાને આજ્ઞા કરી છે. જો અર્જુન પોતાને બ્રહ્મજ્ઞાની માનતા હોય તો તેમને તે ક્ષત્રિય હોવાથી લોકસંગ્રહમાટે-લોકને અધર્મથી નિવૃત્ત કરી ધર્મમાં ચલાવવામાટે-માત્ર આભાસરૂપે નિષ્કામકર્મ કરવાની અગત્ય પોતાનું ઉદાહરણ આપી તથા કારણ કહીને સમજાવી છે. પોતાનો શાસ્ત્રોક્ત ધર્મ થોડો ગુણહીન હોય તોપણ તેનું સેવન કરવાથી સેવન કરનારને તે ઉપકાર કરે છે, અને બીજાનો શાસ્ત્રોક્ત ધર્મ વિશેષ ગુણવાન્ હોય તોપણ અધિકારવિના તેનું સેવન કરવાથી કર્તાને તેનું કલ્યાણ કરવાને બદલે ભય આપનારો થાય છે. મનુષ્યની પાપમાં પ્રવૃત્તિ કરાવનારા કામનાં આશ્રયસ્થાનો ઇંદ્રિયો, મન ને બુદ્ધિ છે. તે પુરુષના સચ્ચિદાનંદસ્વરૂપના જ્ઞાનને ઢાંકે છે માટે પ્રથમ ઇંદ્રિયોને નિયમમાં રાખી કામરૂપી મોટા શત્રુનો મુમુક્ષુએ પરિત્યાગ કરવો જોઇએ. ઇંદ્રિયો, મન ને બુદ્ધિની અંતર રહેલો આત્મા તે સર્વથી ભિન્ન ને સૂક્ષ્મ છે. તે આત્માને જાણવાથી કામરૂપી બલવાન્ શત્રુનો નાશ કરી શકાય છે. આ અધ્યાયમાં પ્રધાનપણે નિષ્કામકર્મયોગનું વર્ણન છતાં " બાહ્યવિષયોની તૃષ્ણાએ આત્માના સ્વરૂપ-

ને ઢાંકેલું છે, " "બાહ્યવિષયોની તૃષ્ણા આત્માના પરોક્ષજ્ઞાનનો તથા અપરોક્ષજ્ઞાનનો નાશ કરનારી છે માટે તે પાપીનો ત્યાગ કર," અને "આત્મા ઇંદ્રિયોથી, મનથી ને બુદ્ધિથી પર છે" ઇત્યાદિ વચનોવડે આ અધ્યાયમાં આત્મજ્ઞાનનું વર્ણન પણ છે. આ અધ્યાયમાં નિષ્કામબુદ્ધિથી જે કર્મો કરવાનું કહ્યું છે તે ખેતી આદિ લૌકિક કે આહારગ્રહણાદિ સ્વાભાવિક કર્મોમાટે કહ્યું નથી, પણ ચિત્તશુદ્ધિ કરવામાં હેતુભૂત થનારાં શાસ્ત્રે પ્રતિપાદન કરેલાં વર્ણાશ્રમનાં કર્મો કરવાનું કહ્યું છે. જેમ બીજા અધ્યાયમાં આત્મસ્વરૂપનું નિરૂપણ પ્રધાનપણે છતાં તેમા કર્મનું નિરૂપણ પ્રસંગવશાત્ આવે છે તેમ ત્રીજા અધ્યાયમાં કર્મનું પ્રધાનપણે નિરૂપણ છતાં તેમાં પ્રસંગવશાત્ આત્મસ્વરૂપનું નિરૂપણ આવે છે.

ચોથા અધ્યાયનું નામ યજ્ઞવિભાગયોગ વા બ્રહ્મયજ્ઞપ્રશંસા વા જ્ઞાનકર્મસંન્યાસયોગ છે. તેમાં આવા ભાવનો ઉપદેશ છે:–"ઘણા મનુષ્યો આત્મજ્ઞાનરૂપ તપવડે પવિત્ર થઇને મારા સ્વરૂપને પ્રાપ્ત થયા છે. મને–સર્વના અંતર્યામી ઈશ્વરને–કર્મોનો લેપ લાગતો નથી, અને મને કર્મફલોમાં સ્પૃહા નથી એમ જે જાણે છે તે કર્મોવડે બંધાતો નથી. પૂર્વસમયના મુમુક્ષુઓએ પણ એમ સમજીનેજ શાસ્ત્રોક્ત કર્મો કર્યા છે માટે તમે પણ તેવીજ રીતે કર્મો કરો. કર્મનું અને અકર્મનું સ્વરૂપ સમજવું બહુ કઠિન છે માટે તે હું તમને કહું છું. અવિવેકીની સ્થૂલદૃષ્ટિએ જે કર્મજેવું જણાતું હોય તેને જે વસ્તુતાએ અકર્મ સમજે છે, અને અવિવેકીની સ્થૂલદૃષ્ટિએ જે અકર્મજેવું જણાતું હોય તેને જે વસ્તુતાએ કર્મ સમજે છે તે મનુષ્યોમાં બુદ્ધિમાન્ ગણાય છે. જેની સર્વ પ્રવૃત્તિ કામથી (વિષયેચ્છાથી) તથા સંકલ્પથી (વિષયમાં રમણીયપણાની બુદ્ધિથી) રહિત છે તેને વિદ્વાનો જેનાં સંચિતકર્મો જ્ઞાનરૂપ અગ્નિવડે બળી ગયાં છે એવો પંડિત કહે છે. કર્મના ફલની આસક્તિનો ત્યાગ કરીને નિરંતર તૃપ્ત રહેનારો ને કર્મના ફલનો આશ્રય નહિ રાખનારો જ્ઞાની પુરુષ બીજાને કર્મ કરતો પ્રતીત થતો હોય છતાં વસ્તુતાએ તે કાંઇ કર્મ કરતો નથી. સર્વ વિષયોની આશાથી રહિત, જેણે પોતાના ચિત્તને તથા શરીરને વશ રાખ્યાં છે એવો અને જેણે સર્વ પ્રકારની મમતાનો પરિત્યાગ કર્યો છે એવો પુરુષ માત્ર પોતાના શરીરની સ્થિતિમાં હેતુભૂત થનારાં કર્મો કરવાથી પાપનો ભાગી થતો નથી. અનાયાસે જે વિહિત ભોગ પ્રાપ્ત થાય તેમાં સંતોષી, દ્વંદ્વથી તથા મત્સરથી રહિત તથા કર્મફલની સિદ્ધિને તથા અસિદ્ધિને સમ જાણનારો

પુરુષ પોતાના વર્ણાશ્રમનાં કર્મો કરતાં છતાં પણ રાગદ્વેષરૂપ બંધનને પ્રાપ્ત થતો નથી. સંગથી રહિત, ધર્માધર્માદિરૂપ વા રાગદ્વેષાદિરૂપ બંધનથી મોકળો થયેલો, આત્મજ્ઞાનમાં ચિત્તને સ્થિર રાખનારો અને ઈશ્વરાર્પણબુદ્ધિવડે કર્મ કરનારો પુરુષ જે કર્મ કરે તેનાં સર્વ કર્મો તેને સર્વ જગત્ બ્રહ્મમય થયેલું હોવાથી બ્રહ્મમાં લીન થઇ જાય છે,—નાશ પામી જાય છે. યજ્ઞનાં સર્વ સાધનોને તથા યજ્ઞનાં ફલોને તે બ્રહ્મરૂપે જુએ છે. દેવોને ઉદ્દેશી અગ્નિમાં આહુતિઓ આપવી, યજ્ઞનાં સર્વ અંગો બ્રહ્મરૂપ છે એમ જાણવું, શ્રોત્રાદિ ઇંદ્રિયોને સારી રીતે વશ રાખી આત્મામાં સ્થિર કરવી, ગૃહસ્થોએ વિહિત વિષયોનું પ્રયોજનજેટલું સેવન કરવું, સર્વ ઇંદ્રિયોનાં કર્મોને તથા પ્રાણોનાં કર્મોને આત્મજ્ઞાનવડે પ્રદીપ્ત કરેલા આત્માગ્નિરૂપ અંતઃકરણની સુ-સ્થિરતારૂપ યોગાગ્નિમાં બાળીને ભસ્મ કરવાં, સુપાત્રને સત્કારપૂર્વક યોગ્ય વસ્તુનું દાન કરવું, શરીર ઇંદ્રિયો તથા અંતઃકરણને નિયમમાં રાખવારૂપ તપ કરવું, પ્રાણાયામાદિનો અભ્યાસ કરી પ્રાણાદિને વશ કરવા, સ્વાધ્યાયનું અનુષ્ઠાન કરવું, શાસ્ત્રના અર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવું, પૂરકનો રેચકનો ને કુંભક-નો અભ્યાસ કરવો, અને આહારને નિયમમાં રાખી પ્રાણવાયુ આદિનો જય કરવો ઇત્યાદિ અનેક પ્રકારના કર્મજન્ય યજ્ઞો વેદોમાં કહેલા છે. એ સર્વ દ્રવ્યમય યજ્ઞ કરનારા યજ્ઞને જાણનારા અને યજ્ઞવડે પોતાનાં પાપકર્મો ધોઈ નાંખનારા છે. ઉપર જણાવેલા યજ્ઞોમાંથી કોઇ પણ એક યજ્ઞ કરીને બાકી રહેલા સમયમાં પવિત્ર ભોજન કરનારો પોતાના ચિત્તની શુદ્ધિદ્વારા સનાતન બ્રહ્મને પ્રાપ્ત થાય છે. દ્રવ્યમય યજ્ઞના કરતાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે. આત્માનું દૃઢ જ્ઞાન થવાથી સર્વ કર્મો ફલસહિત પરિસમાપ્ત થાય છે. તે જ્ઞાન જિજ્ઞાસુને બ્રહ્મજ્ઞાનીના ઉપદેશથીજ પ્રાપ્ત થાય છે. એ બ્રહ્મજ્ઞાન તમારે બ્રહ્મવેત્તાને સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરીને, બ્રહ્મના સ્વરૂપાદિસંબંધિ પ્રશ્નો પૂછીને, અને તેમની શ્રદ્ધાભક્તિથી સેવા કરીને પ્રાપ્ત કરવું જોઇએ. બ્રહ્મજ્ઞાન થયા પછી તમે હમણાંના જેવા મોહને નહિ પ્રાપ્ત થાઓ. એ બ્રહ્મજ્ઞાનવડે તમે સર્વ ભૂતોને પૂર્ણરીતે તમારામાં ને મારામાં જોશો. તમે ગમે તેવા પાપી હશો તોપણ જ્ઞાનરૂપ વહાણવડે તમે સર્વ પાપરૂપ સાગરને તરી જશો. જ્ઞાનરૂપ અગ્નિ સર્વ સંચિતકર્મોને બાળીને ભસ્મ કરી નાંખે છે. આ જગત્‌માં જ્ઞાનના જેવું પવિત્ર અન્ય કાંઇ નથી. નિષ્કામકર્મયોગના સેવનથી જેમનું અંતઃકરણ અતિપવિત્ર થયું છે તેમને બ્રહ્મથી અભિન્ન આત્માનું જ્ઞાન અનાયાસે પ્રાપ્ત થાય છે. શ્રદ્ધાવાળો, જ્ઞાન-

વિજ્ઞાનનાં સાધનોના સેવનમાં આદરપૂર્વક પ્રવૃત્ત રહેનારો, ને પોતાની ઇંદ્રિયોનો જેણે જય કરેલો છે એવો પુરુષ આત્મજ્ઞાન મેળવી શકે છે. આત્મજ્ઞાન થયા પછી તે તુરતજ ઉત્કૃષ્ટ શાંતિને પ્રાપ્ત થાય છે. નિષ્કામ-કર્મયોગરૂપ સાધનવડે જેણે કર્મોનાં ફલોનો પરિત્યાગ કર્યો છે, અને જેણે આત્માના જ્ઞાનવડે પોતાના હૃદયના સંશયોનો નાશ કર્યો છે તે આત્મ-જ્ઞાનીને કર્મો બંધન કરતાં નથી માટે તમે પોતાના હૃદયમાં રહેલા સંશયને આત્મજ્ઞાનરૂપ તરવારવડે કાપી નાંખીને નિષ્કામકર્મરૂપ યુદ્ધ કરવા પ્રવૃત્ત થાઓ. " એવી રીતે આ અધ્યાયમાં કર્મયોગના કરતાં જ્ઞાનયોગનુંજ અધિક માહાત્મ્ય બતાવ્યું છે.

પાંચમા અધ્યાયનું નામ સંન્યાસયોગ છે. પ્રથમ અર્જુને કર્મયોગ શ્રેષ્ઠ છે કે કર્મનો સંન્યાસ–પરિત્યાગ–શ્રેષ્ઠ છે ? એવો ભગવાનને પ્રશ્ન પૂછ્યો છે. તેમના તે પ્રશ્નનું ઉત્તર દેતાં અર્જુનના અંતઃકરણની યોગ્યતાનો વિચાર કરી તેમને ભગવાને કર્મસંન્યાસ ને નિષ્કામકર્મયોગ એ બંને મોક્ષ આપનારા છે, પણ તમારા જેવાને–પોતાના ચિત્તની શુદ્ધિ કરવાની આવશ્યકતાવાળાને–કર્મસંન્યાસના કરતાં નિષ્કામકર્મયોગ વધારે ઉપકારક છે એવા ભાવનાં વચનો કહ્યાં છે. સંધ્યાવંદનાદિથી માંડીને અસંપ્રજ્ઞાત-યોગસુધીનાં સર્વ કર્મો ચિત્તની શુદ્ધિમાટે તથા ચિત્તની એકાગ્રતામાટે છે, અર્થાત્ એ સર્વ કર્મો ચિત્તશુદ્ધિદ્વારા ને ચિત્તની એકાગ્રતાદ્વારા આત્મજ્ઞાનમાં ઉપયોગી થાય છે. " **ऋते ज्ञानान्न मुक्तिः** " (આત્માના જ્ઞાનવિના મુક્તિનો લાભ થતો નથી,) " **तमेव विदित्वातिमृत्युमेति नान्यः पंथा विद्यतेऽयनाय** " (તે આત્માથી અભિન્ન બ્રહ્મનેજ જાણીને મનુષ્ય મૃત્યુરહિત મોક્ષને પામે છે, મોક્ષને માટે બ્રહ્મજ્ઞાનવિના બીજું કોઈ સાક્ષાત્ સાધન નથી,) અને " **यदा चर्मवदाकाशं वेष्टयिष्यन्ति मानवाः । तदा देवमविज्ञाय दुःखस्यान्तो भविष्यति ॥** " (જ્યારે મનુષ્યો ચામડાની પેઠે આકાશને વીંટી શકશે ત્યારે તેઓ સ્વયંપ્રકાશ બ્રહ્મને જાણ્યા વિના દુઃખની નિવૃત્તિરૂપ મોક્ષને પ્રાપ્ત થશે, અર્થાત્ એમ થવું અશક્ય છે) ઇત્યાદિ શ્રુતિઓ તથા " **ज्ञानमुत्पद्यते पुंसां क्षयात्पापस्य कर्मणः** " (પાપકર્મના સંસ્કારોની નિવૃત્તિ થવાથી મનુષ્યના અંતઃકરણમાં આત્મજ્ઞાનનો આવિર્ભાવ થાય છે) ઇત્યાદિ સ્મૃતિવચનો આત્મજ્ઞાન મોક્ષનું સાક્ષાત્ સાધન છે એમ સ્પષ્ટરીતે જણાવે છે. જો શાસ્ત્રોક્ત કર્મો નિષ્કામબુદ્ધિથી કરવામાં આવે તો તેથી મનુષ્યનું અંતઃ-

કરણ શુદ્ધ થાય છે એમ "**यज्ञदानतपःकर्म××पावनानि मनीषिणाम्**" (યજ્ઞ, દાન, ને તપરૂપ કર્મ બુદ્ધિમાન્ મનુષ્યના અંતઃકરણની શુદ્ધિ કરનારાં છે,) ને "**योगिनः कर्म कुर्वन्ति संगं त्यक्त्वाऽऽत्मशुद्धये**" (યોગીઓ આસક્તિનો ત્યાગ કરીને પોતાના અંતઃકરણની શુદ્ધિમાટે કર્મ કરે છે) ઇત્યાદિ ભગવદ્‌ગીતાનાં વચનો કહે છે. અર્જુનના અંતઃકરણને વિશેષ પવિત્ર કરવાના અભિપ્રાયથીજ તેમને માટે કર્મસંન્યાસના કરતાં નિષ્કામકર્મયોગ વધારે શ્રેષ્ઠ કહ્યો છે. અર્જુનના જેવા અન્ય અધિકારીઓને માટે પણ એ વચનો યોગ્ય છે. એવા અધિકારીઓને નિષ્કામકર્મયોગનું સેવન હિતકર હોવાથી તેમને નિષ્કામકર્મયોગમાં રુચિ ઉપજાવવામાટે "**कर्मयोगो विशिष्यते**" (અશુદ્ધ અંતઃકરણવાળાને કર્મના ત્યાગના કરતાં નિષ્કામકર્મયોગ વધારે શ્રેષ્ઠ છે) એ વચનોવડે નિષ્કામકર્મયોગની સ્તુતિ કરી છે. કર્મસંન્યાસની યોગ્યતાવાળાને એટલે જેમણે નિષ્કામકર્મયોગવડે પોતાના અંતઃકરણને પવિત્ર કર્યું છે તેવાને કર્મસંન્યાસના કરતાં નિષ્કામકર્મયોગ શ્રેષ્ઠ છે એવું સમજાવવામાટે તે વચનો કહ્યાં નથી. આ અધ્યાયના ત્રીજા, ચોથા ને પાંચમા શ્લોકમાં જે કહ્યું છે તેથી પણ એજ વાત સિદ્ધ થાય છે. ત્યાં આ પ્રમાણે કહ્યું છે:—" હે મહાબાહો! જે કોઇનો દ્વેષ કરતો નથી, ને જે કોઈ પ્રાણિપદાર્થની ઇચ્છા કરતો નથી તેને નિત્યસંન્યાસી જાણવો, કેમકે સુખદુઃખાદિ દ્વંદ્વથી રહિત મનુષ્ય અનાયાસે બંધથી મોકળો થાય છે. ૩. સાંખ્ય (જ્ઞાનયોગ) ને યોગ (નિષ્કામકર્મયોગ) એ બે ભિન્ન છે એમ અવિવેકી મનુષ્યો કહે છે, પણ વિવેકી મનુષ્યો એમ કહેતા નથી, કેમકે તે બેમાંથી જો એકનું પણ સારી રીતે સેવન કરવામાં આવે તો તે બંનેનું ફલ મળે છે. ૪. આત્મજ્ઞાનીઓવડે જે સ્થાનની પ્રાપ્તિ કરાય છે તેજ સ્થાનની પ્રાપ્તિ નિષ્કામકર્મયોગીઓવડે પણ કરાય છે તેથી જ્ઞાનયોગને અને નિષ્કામકર્મયોગને જે એક જાણે છે તેજ યથાર્થ જાણે છે. ૫. " કોઇને નિષ્કામકર્મયોગ અનુકૂલ આવે છે, ને કોઇને જ્ઞાનયોગ અનુકૂલ આવે છે તેથી નિષ્કામકર્મયોગ અને જ્ઞાનયોગ બંને મોક્ષપ્રાપ્તિમાં ઉપકારક ગણાય છે. જ્ઞાનયોગનું અને કર્મયોગનું અનુષ્ઠાન સાથે સંભવી શકતું નથી તેથી પ્રથમ સકામકર્મયોગ, પછી નિષ્કામકર્મયોગ અને અંતે જ્ઞાનયોગ એવો તેનો ક્રમ સંભવી શકે છે. સકામકર્મયોગના સેવનથી આ લોકમાં અભ્યુદય થવારૂપ અથવા પરલોકનાં સુખોનો લાભ થવારૂપ ફલ મળી શકે છે,

નિષ્કામકર્મયોગના અનુષ્ઠાનથી ચિત્તશુદ્ધિદ્વારા આત્માથી અભિન્ન બ્રહ્મનું જ્ઞાન થવાથી મોક્ષલાભ થાય છે, અને જ્ઞાનયોગદ્વારા સાક્ષાત્ મોક્ષલાભ થાય છે.

"જે નિષ્કામકર્મયોગસંપન્ન, વિશુદ્ધ અંતઃકરણવાળો, શરીર તથા ઇંદ્રિયોને વશ રાખનારો, અને જેનો આત્મા સર્વ ભૂતોના આત્મરૂપ થયેલ છે તે જો કર્મો કરતો હોય તોપણ તેનાં તે કર્મો કર્માભાસરૂપ હોવાથી લેપાતો નથી. શરીર તથા ઇંદ્રિયો પોતપોતાના સ્વભાવપ્રમાણે પોતપોતાનાં ભિન્ન ભિન્ન કર્મો કરતાં હોય તોપણ આત્મજ્ઞાનીએ હું એટલે આત્મા કાંઇ પણ કરતો નથી એમ જાણવું. બ્રહ્મને અર્પણ કરીને તથા ફલની આસક્તિ ત્યજીને જે કર્મો કરે છે તેને પાપ લાગતું નથી. નિષ્કામકર્મયોગી માત્ર શરીર, મન, બુદ્ધિ અને ઇંદ્રિયોવડે ફલની આસક્તિનો પરિત્યાગ કરીને પોતાના અંતઃકરણની પવિત્રતા કરવામાટે કર્મો કરે છે. નિષ્કામકર્મયોગી કર્મના ફલનો પરિત્યાગ કરીને જ્ઞાનનિષ્ઠાવાળી શાંતિને પામે છે, અર્થાત્ અંતઃકરણની શુદ્ધિ, આત્મજ્ઞાનની પ્રાપ્તિ, સર્વકર્મનો વા સર્વકર્મના અભિમાનનો ને તેનાં ફલોનો પરિત્યાગ અને આત્મજ્ઞાનમાં નિષ્ઠા એને પ્રાપ્ત થાય છે, પણ જે નિષ્કામકર્મયોગ કરનારો નથી તે કામનાવડે પ્રેરાઇને કર્મના ફલમાં આસક્ત થઇને અત્યંત બંધાય છે. જિતેંદ્રિય મનુષ્ય નિત્ય, નૈમિત્તિક, કામ્ય ને નિષિદ્ધ એ કર્મોનો વા પ્રથમનાં બે કર્મોના અભિમાનનો ને ત્રીજા ને ચોથા કર્મનો વિવેકબુદ્ધિવડે પરિત્યાગ કરીને નવદ્વારવાળા શરીરરૂપ પુરમાં કાંઈ નહિ કરતો છતો તથા કોઇની પાસે કાંઈ નહિ કરાવતો છતો રહે છે. સર્વના અંતર્યામિરૂપે રહેલો આત્મા 'તમે આ કર્મ કરો' એમ જણાવીને લોકોનું કર્તાપણું ઉત્પન્ન કરતો નથી, તથા તેમનાં ઘટગૃહાદિ કર્મોને પણ ઉત્પન્ન કરતો નથી, અને તે ઘટગૃહાદિ કર્મના ફલના સંયોગને પણ ઉત્પન્ન કરતો નથી, પણ 'હું આ કર્મ કરું છું, મારું આ કર્મ છે, ને મને આ કર્મનું ફલ મળવું જોઇએ' એવી રીતનો તેનો અવિદ્યાનામનો અચિંત્યસ્વભાવજ પ્રવૃત્ત થાય છે. તે આત્મા કોઇનું પાપ કે પુણ્ય ગ્રહણ કરતો નથી, પણ આત્માના અજ્ઞાને આત્માના વિજ્ઞાનને ઢાંકેલું હોવાથી મનુષ્ય 'હું કર્તા છું, હું કર્મ કરાવનાર છું' ઇત્યાદિ રીતના અવિવેકને વશ થાય છે, કિંતુ આત્મજ્ઞાનવડે જેનું અજ્ઞાન નાશ પામે છે તેનું તે આત્મજ્ઞાન તે પરમાત્માને સૂર્યપ્રમાણે પ્રકાશિત કરે છે. જેની બુદ્ધિ આત્મામાં રહેલી છે, જે આત્મરૂપે સ્થિર થયા છે, જેની

આત્મામાંજ અભેદભાવે નિષ્ઠા છે, અને જે આત્મપરાયણ થયા છે તે જ્ઞાનવડે નિષ્પાપ થઇને મોક્ષને પ્રાપ્ત થાય છે. શાસ્ત્રજ્ઞાન ને વિનયથી યુક્ત બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, કૂતરામાં ને ચાંડાલમાં બ્રહ્મવેત્તાઓ બ્રહ્મના દર્શનવાળા હોય છે. સર્વ પ્રાણિપદાર્થોમાં એક બ્રહ્મજ રહેલું છે એમ પોતાના અનુભવવડે જે જાણે છે તેણે તે જન્મમાંજ આ સંસારનો પરાજય કર્યો છે. બ્રહ્મ નિર્દોષ ને સમ છે તેથી જેનું મન સમપણામાં સ્થિત છે તે બ્રહ્મમાંજ સ્થિત છે. પ્રિય પદાર્થની પ્રાપ્તિ થવાથી હર્ષને વશ ન થવું, અને અપ્રિય પદાર્થની પ્રાપ્તિ થયે ઉદ્વેગને વશ ન થવું, પણ સ્થિરબુદ્ધિવાળા ને મોહથી રહિત થવું. આવી રીતના બ્રહ્મવેત્તા બ્રહ્મમાંજ સ્થિત છે. જેનું મન બહારના શબ્દાદિ વિષયોમાં આસક્ત થયેલું હોતું નથી તેને અંતરાત્મામાં રહેલા સુખની પ્રાપ્તિ થાય છે, અને જેનું મન બ્રહ્મમાં એકાગ્ર થયું હોય છે તે અવિનાશી સુખનો અનુભવ કરે છે. ઇંદ્રિયોના ને વિષયોના સંયોગથી ઉત્પન્ન થનારું ક્ષણિક વિષયસુખ દુઃખોને ઉપજાવનારું છે, ને ઉત્પત્તિવિનાશવાળું છે તેથી આત્મવેત્તા પુરુષ તેમાં રમણ કરતા નથી. જે મનુષ્ય પોતાના વર્તમાનશરીરમાં તે શરીરનો પાત થતાસુધી સદા કામક્રોધથી ઉપજતા વેગને સહન કરી શકે છે તે મનુષ્ય યોગી તથા સુખી છે. જેને અંતરાત્મામાં સુખ જણાય છે, બાહ્યવિષયોમાં સુખ જણાતું નથી, જેની અંતરાત્મામાં ક્રીડા છે, સ્ત્રીમિત્રાદિમાં ક્રીડા નથી, અને જેને આત્માજ પ્રકાશ (જ્ઞાન) છે, ઇંદ્રિયોવડે વિષયોનો પ્રકાશ એ જ્ઞાન નથી તે યોગી જીવતાંજ બ્રહ્મ થઇને મોક્ષને પામે છે. જેના પાપકર્મના સંસ્કારો નાશ પામ્યા છે, જેના સર્વ સંશયો નિવૃત્ત થયા છે, જેણે પોતાની સર્વ ઇંદ્રિયોને વશ રાખી છે, અને સર્વ પ્રાણીઓના હિતમાં જે પ્રીતિવાળો છે તે આત્મવેત્તા મોક્ષને પ્રાપ્ત થાય છે. જેઓ કામક્રોધથી રહિત છે, જેમણે પોતાના અંતઃકરણને નિયમમાં રાખ્યું છે, અને જેમણે આત્માનું અપરોક્ષજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેમને પરમાનંદરૂપ બ્રહ્મ સર્વદા (જીવતાં ને મરણપછી પણ) પ્રાપ્ત છે." આવા ભાવનાં જે વચનો આ અધ્યાયમાં આવે છે તે ઉપરથી આ અધ્યાયમાં આત્મજ્ઞાનનું પ્રધાનપણે ને નિષ્કામકર્મનું ગૌણપણે નિરૂપણ છે એમ જણાય છે.

જેમ નિષ્કામકર્મ આત્મજ્ઞાનનું સાધન છે તેમ આત્મધ્યાન પણ આત્મજ્ઞાનનું સાધન છે. નિષ્કામકર્મો ન્યૂનાધિક અંશે કર્તાના અંતઃકરણમાં વિક્ષેપ ઉપજાવનારાં છે, પણ આત્મધ્યાન કર્તાના અંતઃકરણમાં વિક્ષેપ

ઉપજાવનારું નથી તેથી નિષ્કામકર્મોના કરતાં આત્મધ્યાન એ આત્મજ્ઞાન-ની પ્રાપ્તિમાં વધારે ઉપકારક મનાય છે. છઠ્ઠા અધ્યાયમાં તે આત્મધ્યાનનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ છઠ્ઠા અધ્યાયને આત્મસંયમયોગ અથવા ધ્યાનયોગ કહેવામાં આવે છે. કર્મના ફલની ઇચ્છાનો ત્યાગ કરીને-કર્તવ્ય સમજીને-કર્મો કરવાં તે ધ્યાનયોગનું બહિરંગ-દૂરનું-પરંપરાવડે-સાધન હોવા-થી તે નિષ્કામકર્મયોગ સંન્યાસ છે એમ નિષ્કામકર્મયોગની પ્રશંસા કરી છે. નિષ્કામકર્મયોગ ધ્યાનયોગનું સાધન છે એમ " હે કૌંતેય ! આત્માને જાણવામાટે આત્મધ્યાનમાં સ્થિતિ કરવાની ઇચ્છાવાળા મનુષ્યને નિષ્કામ-કર્મયોગ એ ધ્યાનયોગનું સાધન છે " એ વચનથી આ અધ્યાયમાં કહ્યું છે, અને " ધ્યાનયોગમાં આરૂઢ થયેલા પુરુષને વિક્ષેપ કરનારાં કર્મોના ત્યાગરૂપ શાંતિ એ આત્મનિષ્ઠાનું સાધન છે " એમ પણ કહ્યું છે. વળી " પુરુષ જ્યારે ઇંદ્રિયોના વિષયોમાં અને કર્મોમાં આસક્ત થતો નથી, તથા આ લોકનાં ને પરલોકનાં ફલોની તૃષ્ણાનો પરિત્યાગ કરે છે ત્યારે તે ધ્યાનયોગમાં આરૂઢ થયેલો કહેવાય છે. મનુષ્યે પોતાના જીવાત્માનો સંસાર-સાગરમાંથી ઉદ્ધાર કરવો, પણ તેની અધોગતિ ન થવા દેવી. વિવેકવાળું મનજ જીવાત્માનો બંધુ છે, અને અવિવેકવાળું મનજ જીવાત્માનો શત્રુ છે. પરમાત્મા ઇંદ્રિયાદિને વશ રાખનારા ને શાંતમનવાળા યોગીના આત્મ-રૂપે રહે છે. તે યોગી ટાઢતડકામાં, સુખદુઃખમાં ને માનાપમાનમાં ક્ષોભ પામતો નથી. શાસ્ત્રીય જ્ઞાનવડે અને શાસ્ત્રીય વિજ્ઞાનવડે જેનું અંતઃકરણ તૃપ્ત થયું છે, અને જે વિકારરહિત ને શાંતમનવાળો છે તે યોગી કહેવાય છે. તે માટીનું ઢેફું, પથ્થર ને સોનું એને સમભાવે જુએ છે. જે પુરુષ સુહૃદમાં, મિત્રમાં, ઉદાસીનમાં, મધ્યસ્થમાં, બંધુમાં, પુણ્યવાનમાં ને પાપી-માં સમબુદ્ધિ રાખે છે તે પુરુષ યોગારૂઢમાં ઉત્તમ ગણાય છે. " એમ જણાવીને પછી યોગાભ્યાસની રીતનો ઉપદેશ કર્યો છે. પછી " તે શાંત અંતઃકરણવાળા યોગીને બ્રહ્મરૂપ ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થાય છે. ઉપર કહેલી રીતે નિરંતર પોતાના ચિત્તના નિરોધનો અભ્યાસ કરનારો યોગી પાપ-સંસ્કારથી રહિત થઈને બ્રહ્મના સંબંધવાળા નિરવધિ આનંદનો અનાયાસે અનુભવ કરે છે. સર્વ સ્થલે બ્રહ્મનું દર્શન કરનારો યોગી પોતાને સર્વ પ્રાણિપદાર્થમાં જુએ છે, અને સર્વ પ્રાણિપદાર્થને પોતાનામાં જુએ છે. જે યોગી મને સર્વમાં જુએ છે, અને મારામાં સર્વને જુએ છે તે મને પરોક્ષ થતો નથી, ને હું તેને પરોક્ષ થતો નથી. મારી સાથે એકપણાને પામેલો

જે યોગી સર્વે પ્રાણીઓમાં રહેલા મને ભજે છે તે યોગી પોતાના પ્રારબ્ધ-કર્માનુસાર શાસ્ત્રોક્ત કર્મ કરતો છતો વા શાસ્ત્રોક્ત કર્મનો પરિત્યાગ કરતો છતો પણ મારામાંજ રહે છે. જે યોગી પોતાનું ઉદાહરણ લઇને બીજાને સુખ થાય એમ વર્તે છે, પણ બીજાને દુઃખ થાય એમ વર્તતો નથી તે યોગીને હું શ્રેષ્ઠ માનું છું " એવા ભાવનો ઉપદેશ કર્યો છે. પછી અર્જુને મનના ચંચલપણાનો વિચાર કરી એ યોગ સિદ્ધ થવો અશક્ય છે એવી શંકા કરી ત્યારે ભગવાને મનનું અતિચંચલપણું સ્વીકારી તેનો અભ્યાસથી ને વૈરાગ્યથી નિગ્રહ કરી શકાય છે એમ સમાધાન આપ્યું, ને જેણે પોતાની ઇંદ્રિયોને વશ કરી નથી તેવા પુરુષને યોગની પ્રાપ્તિ દુર્લભ છે, પણ જેણે પોતાની ઇંદ્રિયોને વશ કરી હોય તે પ્રયત્નથી યોગને સિદ્ધ કરી શકે છે એમ પણ સમજાવ્યું. પછી " યોગભ્રષ્ટની શી ગતિ થાય છે? " એવા અર્જુનના પ્રશ્નના ઉત્તરમાં ભગવાને કહ્યું કેઃ—"પુણ્ય-વાન્ પુરુષોને પ્રાપ્ત થનારા સ્વર્ગાદિને પામીને તથા ત્યાં ઘણો સમય રહીને પછી ઉત્તમ ને સદાચરણી મનુષ્યોના કુલમાં તે જન્મ ધારણ કરે છે, અને તે જન્મમાં પુનઃ યોગાભ્યાસ કરીને આત્માથી અભિન્ન બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. " " વળી શુભાચરણ કરનારો કોઇ પણ મનુષ્ય નઠારી ગતિને પામતો નથી. માત્ર ધ્યાનયોગને જાણવાની ઇચ્છા કરનારો પણ વેદના વિધિનિષેધનું ઉલ્લંઘન કરવા સમર્થ થાય છે. ધ્યાનયોગનો પ્રયત્નપૂર્વક અભ્યાસ કરનારો પુરુષ પાપસંસ્કારોથી રહિત થઇ અનેક જન્મે પૂર્ણ સિદ્ધ થઇને પછી મોક્ષને પામે છે. આત્મધ્યાનરૂપ યોગનો અભ્યાસ કરનારો પુરુષ તપસ્વીઓથી, શાસ્ત્ર જાણનારા પરોક્ષજ્ઞાનીઓથી અને સકામ કિંવા નિષ્કામકર્મ કરનારાઓથી શ્રેષ્ઠ છે માટે હે અર્જુન ! તમે યોગી થાઓ " એવા ભાવનો ઉપદેશ કરી ધ્યાનયોગની સમાપ્તિ કરી છેલ્લા શ્લોકમાં " સર્વે યોગીઓના કરતાં જે શ્રદ્ધાવાન્ યોગી મારા-માં પોતાનું અંતઃકરણ રાખીને મારું ભજન કરે છે તે યોગી અતિશ્રેષ્ઠ છે " એ પ્રમાણે કહ્યું છે. એવી રીતે આ છઠ્ઠા અધ્યાયમાં પણ યોગની સાથે જ્ઞાનનું નિરૂપણ છે.

સાતમા અધ્યાયનું નામ જ્ઞાનયોગ અથવા જ્ઞાનવિજ્ઞાનયોગ છે, કારણકે તેમાં શાસ્ત્રજ્ઞાનનું ને આત્માથી અભિન્ન બ્રહ્મના અપરોક્ષજ્ઞાનનું નિરૂપણ છે. " હે અર્જુન ! તમે તમારું મન મારા સ્વરૂપમાં પ્રીતિવાળું કરીને તથા મારો આશ્રય ગ્રહણ કરીને યોગાભ્યાસ કરવાથી મને સંશય-

રહિત પૂર્ણપણે કેવા સ્વરૂપવાળો જાણશો તે હું તમને કહું છું તે સાંભળો. હું તમને સ્વાનુભવસહિત આત્માનું જ્ઞાન કહું છું, તે જાણવાથી તમને પુનઃ જાણવાયોગ્ય કાંઇ બાકી રહેશે નહિ. હે અર્જુન ! પુણ્યસંસ્કારોની ન્યૂનતાથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની રુચિ ઘણા મનુષ્યોના મનમાં ઉત્પન્ન થતી નથી. હજારો મનુષ્યોમાંથી કોઇ એક મનુષ્ય આત્મજ્ઞાનરૂપ સિદ્ધિની પ્રાપ્તિમાટે પ્રયત્ન કરે છે, અને એવો પ્રયત્ન કરનારા જ્ઞાનાભ્યાસીઓમાં-થી કોઇ એકજ મને યથાર્થરીતે જાણે છે. મારી પરા અને અપરા એવી બે પ્રકારની પ્રકૃતિ છે, તેમાં જીવરૂપ પરાપ્રકૃતિ છે તેણે આ સર્વ જગત્ ધારણ કર્યું છે. પૃથિવી આદિ પાંચ સૂક્ષ્મભૂતો, અહંકાર, મહત્તત્ત્વ ને પ્રકૃતિ એ આઠ અપરાપ્રકૃતિ છે. આ સર્વ પ્રાણીઓ એ બે પ્રકારની પ્રકૃતિમાંથી ઉપજ્યાં છે. આ જગતની ઉત્પત્તિ મારામાંથી થાય છે, ને તેનો નાશ પણ મારામાં થાય છે. મારાથી ભિન્ન અહિં કાંઈ પણ નથી. માલામાં જેમ પારાઓ રહેલા છે તેમ આ સર્વ પ્રાણિપદાર્થો મારામાં રહ્યા છે. જલમાં હું રસરૂપે રહ્યો છું, અને સૂર્યચંદ્રમાં હું પ્રકાશરૂપે રહ્યો છું. એવી રીતે બીજા પ્રાણિપદાર્થોમાં પણ હું ઉત્કૃષ્ટરૂપે રહ્યો છું. રાગ, દ્વેષ ને મોહ આ વિકારોવડે મૂઢ થયેલા મનુષ્યો હું સર્વથી પર ને અવ્યક્ત છું એમ જાણતા નથી. આ મારી ત્રિગુણાત્મિકા માયા અતિદુઃખે કરીને ઉલ્લંઘન કરી શકાય એવી છે. જે પોતાના આત્મરૂપ મનેજ પ્રાપ્ત થાય છે તેજ તેનું ઉલ્લંઘન કરી જાય છે. પાપી, મૂઢ ને અધમ મનુષ્ય મને પ્રાપ્ત થઈ શકતા નથી. તેમનું જ્ઞાન માયાએ હરણ કરેલું હોવાથી તે આસુર-ભાવનો આશ્રય કરીને રહેલા હોય છે. ચાર પ્રકારના પુણ્યવાળા મનુષ્યો મને ભજે છે, દુઃખી, પ્રયોજનાર્થી, (ફલાર્થી,) જિજ્ઞાસુ ને જ્ઞાની. તેમાં જ્ઞાની શ્રેષ્ઠ છે, કેમકે તે નિત્ય મનોનિગ્રહવાળો ને મારીજ ભક્તિ કરનારો હોય છે. હું તે જ્ઞાનીનો આત્મા હોવાથી હું તેને અતિપ્રિય છું, અને તે જ્ઞાની મારો આત્મા હોવાથી તે મને અતિપ્રિય છે. તે ચારે ભક્તો અન્ય મનુષ્યોથી શ્રેષ્ઠ હોવા છતાં પણ તેમાં જ્ઞાની મારો આત્માજ છે એમ મારું માનવું છે. અનેક જન્મમાં નિષ્કામકર્મયોગ ને ધ્યાનયોગ ઇત્યાદિ સાધનોના સેવનથી ચિત્તની શુદ્ધિ થયા પછી ' આ સર્વ વસ્તુતાએ વાસુદેવ-બ્રહ્મ- છે ' આવા જ્ઞાનવાળો થયેલો મનુષ્ય મને પ્રાપ્ત થાય છે. આવા મહાત્મા અતિદુર્લભ છે " ઇત્યાદિ કહીને બીજા દેવોની ઉપાસના કરનારાને શું ફલ થાય છે તે જણાવ્યું છે. અંતે જરામરણથી મોકળા

થવામાટે જે પુરુષ મારો આશ્રય કરીને પ્રયત્ન કરે છે તે મને જાણે છે એમ સમાપ્તિ કરી છે. એવી રીતે આ અધ્યાયમાં પ્રધાનપણે આત્મજ્ઞાનનું નિરૂપણ છે.

આઠમા અધ્યાયનું નામ મહાપુરુષયોગ વા અક્ષરબ્રહ્મયોગ છે. તેમાં બ્રહ્મને જાણવાનાં સાધનોનો ઉપદેશ કરેલો છે. પ્રથમ અર્જુને બ્રહ્મ ને અધ્યાત્મ આદિનું સ્વરૂપ જણાવવા ભગવાનને પ્રાર્થના કરી તેથી ભગવાને તેમને તે સર્વેનું સ્વરૂપ સમજાવી પછી " અંતકાલે જે મારું સ્મરણ કરતો કરતો પોતાના શરીરનો ત્યાગ કરે છે તે મને પ્રાપ્ત થાય છે એટલુંજ નહિ, પણ મનુષ્ય જે જે દેવાદિનું સ્મરણ કરતો છતો મરણ પામે છે તે તે દેવાદિને તે પ્રાપ્ત થાય છે માટે હે અર્જુન ! તમે નિરંતર મારુંજ સ્મરણ કરો, અને તમારા સ્વધર્મરૂપ આ પ્રાપ્ત યુદ્ધ કરો. જો તમે મારા સ્વરૂપમાં તમારા મનને તથા બુદ્ધિ આદિને અર્પણ કર્યાં હશે, ને આ ધર્મયુદ્ધમાં તમારું મરણ થશે તો તમે મને પામશો. ધ્યાનાભ્યાસરૂપ યોગવડે યુક્ત અને બીજા વિષયોમાં નહિ જનારા ચિત્તવડે મારું ચિંતન કરનારો પુરુષ દિવ્ય ને પરમપુરુષરૂપ મને પામે છે. મરણવેલા પરમાત્મભક્તિવડે યુક્ત થયેલો પુરુષ અતિચલ મનવડે ને યોગબલવડે પ્રાણોને પોતાના ભ્રૂમધ્યમાં રોકીને તે દિવ્ય પુરુષને પામે છે. વેદને જાણનારા જે અક્ષરરૂપ બ્રહ્મનો ઉચ્ચાર કરે છે, વિષયતૃષ્ણારહિત સંન્યાસી જે સ્વરૂપમાં પ્રવેશ કરે છે, અને જેની પ્રાપ્તિમાટે નૈષ્ઠિક બ્રહ્મચારી બ્રહ્મચર્ય પાળે છે તે પરમસ્વરૂપ હું તમને સંક્ષેપથી કહું છું. પોતાની સર્વ ઇંદ્રિયોના બાહ્યવેગોને રોકીને, પોતાના મનને પોતાના હૃદયમાં સ્થિર કરીને, અને પોતાના પ્રાણોને બ્રહ્મરંધ્રમાં રાખીને યોગરૂપ ધારણામાં પ્રવૃત્ત થયેલો જે પુરુષ ૐ આ એકાક્ષરરૂપ બ્રહ્મનામનો ઉચ્ચાર કરતો છતો મારું ચિંતન કરે છે, ને પોતાના શરીરનો પરિત્યાગ કરીને જાય છે તે પરમગતિને પામે છે. હે ભારત ! જે પુરુષ નિત્ય નિરંતર એકાગ્રમનવડે મારું સ્મરણ કરે છે તે નિત્યયુક્ત યોગી પુરુષને મારી પ્રાપ્તિ સુખપૂર્વક થાય છે. મારી પ્રાપ્તિ થયા પછી તે પુરુષને દુઃખથી ભરેલા પુનર્જન્મની પ્રાપ્તિ થતી નથી, કેમકે તે મહાત્મા પરમસિદ્ધિને (બ્રહ્મસ્વરૂપને) પામેલા હોય છે. જ્યાંસુધી મનુષ્યને બ્રહ્માનુભવ થતો નથી ત્યાંસુધી તેને વારંવાર જન્મ થાય છે. જે ઉત્પત્તિનાશવાળા પદાર્થોથી અત્યંત ભિન્ન, અવ્યક્ત, સનાતન, અન્ય સર્વ પદાર્થ વિનાશ પામતાં છતાં પણ વિનાશ નહિ પામનાર, નામ-

રૂપથી અપ્રકટ ને અક્ષર છે તેનેજ પરમગતિ કહેવામાં આવે છે. તે પરમગતિ પામેલા મહાપુરુષનો પુનઃ આ સંસારમાં જન્મ થતો નથી. એજ મારું પરમપદ–સત્યસ્વરૂપ–છે. હે કૌંતેય ! જે સ્વરૂપમાં આ સર્વ ભૂતો રહ્યાં છે, અને જેણે પોતાના સ્વરૂપથી આ સર્વ વ્યાપ્ત કર્યું છે તે પરમપુરુષ તેમની અનન્યભક્તિવડેજ પ્રાપ્ત થવાયોગ્ય છે. દક્ષિણાયનમાર્ગે સ્વર્ગમાં ગયેલો પુરુષ પોતાના તે પુણ્યકર્મનું ફલ ભોગવીને પુનઃ આ મર્ત્યલોકમાં આવે છે, ને ઉત્તરાયણમાર્ગે બ્રહ્મલોકમાં ગયેલો પુરુષ ત્યાં આત્માથી અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર કરી બ્રહ્માની સાથે વિદેહકૈવલ્યને પામે છે. આ બંને માર્ગને જાણનારો યોગી કદીપણ મોહને વશ થતો નથી માટે તમારે સર્વદા એકાગ્રચિત્તવાળા થવું. વેદાધ્યયન, યજ્ઞાનુષ્ઠાન, દાન ને તપ આદિ શુભકર્મોનું જે ઉત્તમ ફલ શાસ્ત્રમાં કહ્યું છે તે સર્વનું ઉલ્લંઘન કરીને યોગી શ્રેષ્ઠ આદ્ય સ્થાનને પ્રાપ્ત થાય છે." એવી રીતે આ અધ્યાયમાં આત્મજ્ઞાનપૂર્વક એકાગ્રચિત્તવડે આત્માનું ધ્યાન કરવું એ આત્મસાક્ષાત્કારનું સાધન છે એમ જણાવ્યું છે.

રાજવિદ્યારાજગુહ્યયોગ એ નામના નવમા અધ્યાયના આરંભમાં "આ હું તમને વિજ્ઞાનસહિત જ્ઞાન કહું છું. તે અત્યંત ગુહ્ય છે. એ જ્ઞાન થવાથી તમે આ સંસારથી મુક્ત થશો. આ શ્રેષ્ઠ વિદ્યા છે, ને આ અન્ય સર્વ ગુહ્યોમાં વધારે ગુહ્ય છે. આ જ્ઞાન ઉત્તમ ને પવિત્ર છે. તે સાક્ષાત્ અનુભવી શકાય એવું, ધર્મને અનુસરતું, અનાયાસે પ્રાપ્ત કરી શકાય એવું ને નાશ નહિ પામનારું છે. આ ધર્મઉપર શ્રદ્ધા નહિ રાખનાર મનુષ્ય મને પ્રાપ્ત થતો નથી, પણ મૃત્યુવાળા સંસારમાર્ગમાં પાછો આવે છે." એવી બ્રહ્મજ્ઞાનની સ્તુતિ કરીને પછી ભગવાને તે ગુહ્યજ્ઞાન આવી રીતે કહ્યું છેઃ–" અવ્યક્તસ્વરૂપવાળા મેં આ સર્વ જગત્ વ્યાપ્ત કર્યું છે. સર્વ ભૂતો મારામાં સ્થિત છે, પણ હું વ્યાપક હોવાથી માત્ર તેમનામાંજ રહ્યો નથી. હું અસંગસ્વભાવવાળો હોવાથી વસ્તુતાએ ભૂતો પણ મારામાં સંબંધ પામીને રહ્યાં નથી. મારું અઘટિતઘટનારૂપ ચાતુર્ય જુઓ. હું ભૂતોને ધારણ કરનારો છતાં પણ ભૂતોમાં સ્થિત નથી. જેવી રીતે સર્વત્ર ગતિ કરનારો મહાન્ વાયુ આકાશમાં સ્થિત છે તેવી રીતે સર્વ ભૂતો મારામાં રહેલાં છે એમ તમે સમજો. હે ભારત ! પ્રલયકાલ આવતાં સર્વ ભૂતો મારી પ્રકૃતિને પ્રાપ્ત થાય છે, અને સર્ગના આરંભમાં હું તેમને તેમનાં કર્મોપ્રમાણે ઉત્પન્ન કરું છું. મારી માયાનો આશ્રય કરીને હું

પ્રકૃતિને લીધે પરતંત્ર થયેલાં એ સર્વભૂતોને પુનઃ પુનઃ ઉત્પન્ન કરું છું, પણ ઉદાસીનની પેઠે રહેનારો હું તે કર્મોમાં આસક્ત ન હોવાથી મને તે કર્મો બંધન કરતાં નથી. મારે આશરે રહેલી પ્રકૃતિ મારા સામર્થ્યથી આ સર્વ જગતને ઉત્પન્ન કરે છે. મારા જ્ઞાનસ્વભાવવડેજ આ જગતની સર્વ પ્રવૃત્તિ થાય છે. મારા આ શ્રેષ્ઠ સ્વભાવને નહિ જાણનારો મૂઢ મનુષ્ય મને પોતાના જેવો મનુષ્ય જાણીને મારી અવગણના કરે છે. તે સર્વ આસુરીસંપત્તિવાળા લોકો દુર્ભાગી હોય છે. હે અર્જુન! દૈવીસંપત્તિનો આશ્રય કરીને રહેનારા મહાપુરુષો હું ભૂતોનું અવિનાશી આદિકારણ છું એમ જાણીને એકાગ્રમનવડે મને ભજે છે, મારું સર્વદા કીર્તન કરે છે, શમદમાદિ સાધનોવડે મોક્ષમાટે પ્રયત્ન કરે છે, અને મને નમસ્કાર કરે છે. તે ભક્તિવડે એકાગ્રમનવાળા થઇને મારી ઉપાસના કરે છે. બીજા કેટલાક જ્ઞાનયોગવડે મારી ઉપાસના કરે છે, કોઈ મારી એકપણાવડે ઉપાસના કરે છે, ને કોઇ મારી અનેક પ્રકારે ઉપાસના કરે છે. હુંજ શ્રુતિપ્રતિપાદિત યાગ છું, હુંજ સ્મૃતિમાં કહેલો યજ્ઞ છું, હું સ્વધા છું, હું ઔષધ છું, અને હુંજ આ જગતનો પિતા, માતા, ધારણ કરનાર ને પિતામહ આદિ છું. સૂર્યરૂપે જગતને તપાવવું, વૃષ્ટિ કરવી, ને તેનો (વૃષ્ટિનો) નિગ્રહ કરવો ઇત્યાદિ સર્વ ક્રિયાઓ મારીજ સત્તાવડે થનારી છે. સ્વર્ગની કામનાવાળા દ્વિજો વૈદિક યજ્ઞાદિ કરીને સ્વર્ગપ્રાપ્તિની ઇચ્છા કરે છે. તેઓ પવિત્ર સ્વર્ગને પ્રાપ્ત કરીને ત્યાં દૈવી સુખ ભોગવે છે, અને પુણ્ય ક્ષીણ થયે પાછા આ મનુષ્યલોકમાં આવે છે. એવી રીતે વૈદિક ધર્મમાંના પ્રવૃત્તિમાર્ગનો આશ્રય કરનારા સકામ મનુષ્યો વારંવાર જન્મમરણ પામ્યા કરે છે, પણ જે જ્ઞાની એકાગ્રચિત્તવડે મારું ચિંતન કરવારૂપ ઉપાસના કરે છે તેમના યોગક્ષેમનો હું નિર્વાહ કરું છું. અન્ય દેવોના ભક્તો પણ પરોક્ષરીતે મારું પૂજન કરે છે. હું સર્વ યજ્ઞોનો ભોક્તા અને સ્વામી છું, પણ તે અન્યદેવોના ભક્તો મારું વાસ્તવિક સ્વરૂપ જાણતા નથી તેથી તેઓ અંતવાળા ફલને પામે છે. દેવોના ભક્તો દેવોને, પિતૃઓના ભક્તો પિતૃઓને, ભૂતોના ભક્તો ભૂતોને અને મારા ભક્તો મને પ્રાપ્ત થાય છે. મારા ભક્તે મને ભક્તિપૂર્વક અર્પણ કરેલાં પાનડાં, ફૂલ, ફલ ને પાણી પણ હું ગ્રહણ કરું છું તેથી હે પાર્થ! તમે જે કર્મ કરો, તમે જે ખાઓ, તમે જે હોમ કરો, તમે જે દાન કરો, તથા તમે જે તપ કરો તે સર્વ તમે મને ભાવથી અર્પણ કરો. આમ કરવાથી તમે શુભાશુભ ફલ આપ-

મારાં કર્મોનાં બંધનોથી મોકળા થશો, અને સર્વ કર્મો મને અર્પણ કરેલાં હોવાથી સંન્યાસરૂપ યોગવડે જેનું ચિત્ત એકાગ્ર થયું છે એવા તમે સંસારથી મુક્ત થઇને મરણપછી મને પ્રાપ્ત થશો. હું સર્વ ઠેકાણે સમાન છું. જોકે મને કોઇ દ્વેષ કરવાયોગ્ય કિંવા પ્રિય નથી, તોપણ જે મને ભક્તિપૂર્વક ભજે છે તે મારામાં રહેલા જણાય છે, ને હું તેનામાં રહેલો જણાઉં છું. કોઇ દુરાચારી મનુષ્ય પણ જો મારી અનન્યભક્તિ કરતો હોય તો તે સાધુજ છે એમ સમજવું, કેમકે તેનો નિશ્ચય સારો છે. તેથી પૂર્વે જો તે દુષ્ટ અંતઃકરણવાળો હોય તોપણ મારી અનન્યભક્તિ કરવા લાગ્યા પછી તે તુરતજ ધર્મયુક્ત અંતઃકરણવાળો થાય છે. એવડે તેને નિત્યશાંતિની પ્રાપ્તિ થાય છે. હે અર્જુન ! મારો ભક્ત કદીપણ નાશ પામતો નથી એવી પ્રતિજ્ઞા તમે પ્રસન્નતાપૂર્વક કરો. હે ભારત ! મારો આશ્રય કરવાથી અધમશરીરને પામેલી સ્ત્રીઓ, વૈશ્યો ને શુદ્રાદિ પણ જો ઉત્તમ ગતિને પામે છે તો પછી પવિત્ર બ્રાહ્મણો ને મારી ભક્તિ કરનારા રાજર્ષિઓ ઉત્તમ ગતિને પામે એમાં શું કહેવું ? માટે હે અર્જુન ! અનિત્ય ને દુઃખદ એવા આ મનુષ્યલોકને પામીને તમે મારું ભજન કરો. તમે તમારું મન મારામાંજ રાખો, મારા ભક્ત થાઓ, મારું પૂજન કરો, ને મને નમસ્કાર કરો. એવી રીતે તમે તમારું મન મારામાંજ સ્થિર કરવાથી મારે પરાયણ થયેલા તમે મનેજ પામશો. ” એવી રીતે આ અધ્યાયમાં ઇશ્વરપરાયણતારૂપ શ્રેષ્ઠ વિદ્યાનો ઉપદેશ કર્યો છે.

દશમા અધ્યાયનું નામ વિભૂતિયોગ છે. શ્રીકૃષ્ણભગવાને અર્જુનને આ અધ્યાયમાં પોતાનું ઐશ્વર્ય કેટલું વિશાલ ને કેટલું અચિંત્ય છે તેનું દિગ્દર્શન કરાવ્યું છે. “ હું સર્વનું આદિકારણ છું તેથી મને કોઇ યથાર્થ જાણી શકતું નથી. દેવ, ઋષિ ને મનુષ્ય ઇત્યાદિમાંથી જે કોઇ અનાદિ, અજન્મા ને મહેશ્વર એવા મને જાણે છે તે સર્વ મનુષ્યાદિમાં વિવેકી પુરુષ સર્વ પાપથી મુક્ત થાય છે. પ્રાણીઓની બુદ્ધિ, જ્ઞાન, વિવેક, ક્ષમા, સત્ય, દમ, શમ, સુખ ને દુઃખ ઇત્યાદિ સર્વ ભાવો મારામાંથીજ ઉત્પન્ન થાય છે. સપ્તર્ષિ, મનુ ને સનકાદિ એ સર્વ મારામાંથી ઉત્પન્ન થયા છે. આ મારા વિસ્તારને ને યોગથી ઉપજેલા ઐશ્વર્યને જે યથાર્થરીતે જાણે છે તે યથાર્થજ્ઞાનની સ્થિરતારૂપ યોગવડે યુક્ત થાય છે એમાં સંશય નથી. આત્મરૂપ હું સર્વનું ઉત્પત્તિસ્થાન છું, અને મારાથી આ સર્વ પ્રવૃત્ત થાય છે એમ જાણીને બ્રહ્મને જાણનારા જ્ઞાની દૃઢભાવનાવડે મારામાં એકપણાના અનુ-

સંધાનરૂપ ભજન કરે છે. મારામાંજ જેમનું ચિત્ત છે, મારામાંજ જેમની નેત્રાદિ ઇંદ્રિયો છે, જેઓ પરસ્પર મારા સ્વરૂપનો ઉપદેશ કરે છે, ને પરસ્પર મારા સંબંધની વાતો કરે છે, અને એમ કરીને તેઓ સદા સંતોષ પામે છે, તથા રમણ કરે છે. આવી રીતે જે બહુ પ્રેમથી નિરંતર યુક્ત થઇને મારું ભજન કરે છે તેને હું તે જ્ઞાનયોગ આપું છું કે જે જ્ઞાનયોગવડે તે મને પ્રાપ્ત થાય છે. તેના ઉપર દયા કરવામાટેજ હું જ્ઞાનરૂપ દીવાવડે તેના અજ્ઞાનજન્ય મોહનું નિવારણ કરું છું." પછી અર્જુને શ્રીભગવાનને પૂછ્યું કેઃ—" આપની ઉત્પત્તિને દેવ, દાનવ ને ઋષિ આદિ કોઇ જાણતું નથી, આપ પોતેજ પોતાને જાણો છો માટે જે વિભૂતિવડે આપ આ સર્વ લોકને વ્યાપીને રહેલા છો તે આપની વિભૂતિ આપજ મને કહો. સર્વદા આપનું ચિંતન કરનારો હું આપને કેવી રીતે જાણું ? આપ ક્યા ક્યા પદાર્થમાં ચિંતન કરવાયોગ્ય છો ? હે ભગવન્ ! આપ મને આપનો વિસ્તાર અને આપનું સામર્થ્ય વિસ્તારસહિત કહો, કેમકે તે સાંભળતાં મને તૃપ્તિ થતી નથી." પછી તેના ઉત્તરમાં શ્રીભગવાને કહ્યું કેઃ—" મારા વિસ્તારનો અંત નથી તેથી હું મારી મુખ્ય વિભૂતિઓજ તમને કહું છું. હું સર્વના હૃદયમાં રહેલો આત્મા છું. હું સર્વભૂતોનું આદિ, મધ્ય ને અંત છું. હું બાર આદિત્યોમાં વિષ્ણુનામનો આદિત્ય છું. પ્રકાશવાળા પદાર્થોમાં સૂર્ય હું છું. ટુંકામાં કહું તો સર્વ પદાર્થોમાં સારભૂત હું છું. વળી સર્વભૂતોનું બીજ હું છું. આ જગત્માં કોઈ પણ સ્થાવરજંગમ પ્રાણિપદાર્થ મારા વિના નથી. આ જગત્માં પ્રત્યેક તેજસ્વી તથા ઐશ્વર્યયુક્ત પ્રાણી મારા તેજના અંશમાંથી ઉત્પન્ન થયેલ છે એમ જાણો. આ સર્વ જાણીને તમારે કયું પ્રયોજન સિદ્ધ કરવાનુંછે ? હું મારા એક અંશવડે આ સર્વ જગતને વ્યાપીને રહેલો છું એમ તમે જાણો." આ અધ્યાયમાં પરમાત્માને આ સર્વ જગત્માં કેવી રીતે જોવા તેનો ઉપદેશ કરેલો હોવાથી આ અધ્યાય જ્ઞાનયોગપ્રધાન ગણી શકાય.

અગિયારમા અધ્યાયનું નામ વિશ્વરૂપદર્શનયોગ છે. એમાં ભગવાને અર્જુનને વિશ્વરૂપ દેખાડ્યું તેનું વર્ણન છે. આરંભમાં અર્જુને કહ્યું:— " મારા ઉપર કૃપા કરવામાટે આપે મને જે ગુહ્ય અધ્યાત્મનામવાળાં શ્રેષ્ઠ વચનો કહ્યાં તેવડે મારો મોહ દૂર થયો. આપે જે કહ્યું તે સર્વ સત્ય છે. હવે મને આપનું ઇશ્વરસંબંધિ રૂપ જોવાની ઇચ્છા છે." અર્જુનની એવા પ્રકારની પ્રાર્થના સાંભળી ભગવાને તેમને દિવ્યદૃષ્ટિ આપી પોતાનું

વિશ્વરૂપ દેખાડયું. તે જોઇને અર્જુન આશ્ચર્યયુક્ત થયા, અને પૂછ્યું કેઃ—" આપ આવા ઉગ્રરૂપવાળા કોણ છો ? " તેના ઉત્તરમાં ભગવાને કહ્યું કેઃ—" હું લોકોનો નાશ કરનારો કાલ છું. મેં લોકોનો સંહાર કરવામાટેજ આ વેળા આવું ઉગ્ર રૂપ ધારણ કર્યું છે. તમે કદાચ યુદ્ધ નહિ કરો તોપણ બંને સૈન્યમાંના યોદ્ધાઓ નાશ પામશે માટે તમે યુદ્ધ કરવા ઉઠો, ને યશ પ્રાપ્ત કરો. તમારા શત્રુઓને જિતીને સમૃદ્ધિવાળું રાજ્ય ભોગવો. મેંજ આ સર્વને પ્રથમથીજ મારી રાખેલા છે. હે અર્જુન ! તમે નિમિત્તમાત્ર થાઓ. " એ સાંભળી ભયયુક્ત થયેલા અર્જુને કહ્યું કેઃ—" આપનું આ અપૂર્વ રૂપ જોઇને મને મોટો હર્ષ થયો છે, અને ભયથી મારું મન વ્યાકુલ પણ થયું છે માટે હે દેવાધિદેવ ! આપના પ્રથમના તેજ રૂપનું મને દર્શન કરાવો. " અર્જુનની એ પ્રાર્થના સાંભળીને ભગવાને પોતાનું પૂર્વનું રૂપ પ્રકટ કરીને અર્જુનનું આશ્વાસન કર્યું, અને કહ્યું કેઃ—" મારું આવું રૂપ તમારા જેવા વિના બીજા કોઇએ જોયું નથી. મારું આવું ભયંકર રૂપ જોઇને તમને ભય ન થાઓ. તમને મોહ પણ ન થાઓ. તમે નિર્ભયપણે સંતોષયુક્ત ચિત્તથી મારું તેજ રૂપ પુનઃ જુઓ. આ રૂપ વેદ, તપ, દાન ને દેવપૂજા આમાંના કોઇ ઉપાયવડે જોઇ શકાતું નથી, પણ મારી અનન્યભક્તિવડેજ મારું આવું સ્વરૂપ જાણી શકાય છે. હે ભારત ! તમે મારે માટેજ કર્મ કરો, મારે પરાયણ થાઓ, ને મારા ભક્ત થાઓ. પુત્રાદિ સર્વ પ્રાણિપદાર્થપરની આસક્તિનો પરિત્યાગ કરીને અને સર્વ પ્રાણીઓને અભય આપીને જે વૈરરહિત અંતઃકરણવાળો થાય છે તે મને પામે છે. " એવી રીતે આ અધ્યાયમાં પણ અનન્યભક્તિરૂપ જ્ઞાનની પ્રાપ્તિનાં સાધનોનું મુખ્ય નિરૂપણ છે.

બારમા અધ્યાયમાં પરમાત્માની ભક્તિનું નિરૂપણ હોવાથી એ અધ્યાયનું નામ ભક્તિયોગ રાખવામાં આવ્યું છે. આત્મસાક્ષાત્કાર એ મોક્ષનું સાક્ષાત્ સાધન છે, અને નિષ્કામકર્મયોગાદિ બીજાં પરંપરાવડે—ચિત્તની શુદ્ધિદ્વારા વા ચિત્તની સ્થિરતાદ્વારા—મોક્ષનાં સાધનો છે. સગુણસાકારની ઉપાસના શ્રેષ્ઠ છે કે અક્ષરની (નિર્ગુણનિરાકારની) ઉપાસના શ્રેષ્ઠ છે એવા અર્જુનના પ્રશ્નનું ઉત્તર આપતાં તેમના અંતઃકરણની યોગ્યતાનો વિચાર કરીને ભગવાને તેમને કહ્યું કેઃ—" જે મારામાં મન રાખીને તીવ્ર શ્રદ્ધાવડે મારી ભક્તિ કરે છે તે યોગી શ્રેષ્ઠ છે. જે અનિર્દેશ્ય, અવ્યક્ત, સર્વવ્યાપક, અચિંત્ય, અવિકારી, અચલ ને સર્વદા એકરૂપે રહે-

નારા અક્ષરની ભક્તિ ઇંદ્રિયોને નિયમમાં રાખીને તથા સર્વત્ર સમબુદ્ધિ રાખીને કરે છે તે સર્વ પ્રાણીઓના હિતમાં પ્રીતિવાળા જ્ઞાનનિષ્ઠ પણ મનેજ પ્રાપ્ત થાય છે, કિંતુ તેમને પરિશ્રમ વધારે થાય છે, કેમકે તેમનું ચિત્ત અવ્યક્તમાં આસક્તિવાળું છે. દેહાભિમાની પુરુષને અવ્યક્તસ્વરૂપની પ્રાપ્તિ દુઃખે કરીને થાય છે. હે કૌંતેય ! જે પુરુષ સર્વ કર્મો મને અર્પણ કરીને અને મારે પરાયણ થઇને એકાગ્રચિત્તવડે મારુંજ ધ્યાન કરતા છતા મારી ભક્તિ કરે છે તેમનો હું શીઘ્રજ મૃત્યુવાળા સંસારસાગરમાંથી ઉદ્ધાર કરનારો થાઉં છું. તમે મારામાંજ તમારું મન રાખો, ને તમારી બુદ્ધિનો મારામાંજ પ્રવેશ કરાવો, એમ કરવાથી તમે શરીરના પતનપછી નક્કી મારામાંજ નિવાસ કરશો. જો તમે તમારું મન મારામાં સ્થિર કરવાને સામર્થ્યવાળા ન હો તો છઠ્ઠા અધ્યાયમાં કહેલી રીતે આત્મધ્યાનયોગવડે મને પામવાની ઇચ્છા કરો. જો આત્મધ્યાનયોગ કરવામાં તમે અસમર્થ હો તો તમે મારે માટે કર્મો કરવામાં તત્પર થાઓ, કારણકે મારી પ્રસન્નતાંમાટે કર્મો કરનારો પણ ચિત્તશુદ્ધિરૂપ સિદ્ધિને પામે છે. તે કરવાને પણ જો તમે શક્તિમાન્ ન હો તો તમારા મનને નિયમમાં રાખીને તમે સર્વ કર્મોનાં ફલોનો પરિત્યાગ કરો. અવિવેકપૂર્વક અભ્યાસ કરવાના કરતાં શાસ્ત્રીય જ્ઞાનની યોગ્યતા વધારે છે, શાસ્ત્રીય જ્ઞાનના કરતાં આત્મધ્યાન ઉત્તમ છે, અને આત્મધ્યાનને માટે જેમનું અંતઃકરણ યોગ્ય થયું નથી તેમને કર્મનાં ફલોનો ત્યાગ કરવો એ શ્રેષ્ઠ છે, કેમકે તેમ કરવાથી તેમના ચિત્તને શીઘ્ર શાંતિ મળે છે. સર્વ પ્રાણીઓનો દ્વેષ નહિ કરનારો, સર્વ પ્રાણીઓનો મિત્ર, કરુણાલુ, મમતારહિત, અહંકારરહિત, પ્રારબ્ધકર્મથી પ્રાપ્ત થયેલા દુઃખને અને સુખને સમાન સમજનારો, ક્ષમાવાળો, નિરંતર સંતોષી, સર્વદા પોતાના મનને શાંત રાખનારો, પોતાનું મન તથા બુદ્ધિ જેણે મારામાં અર્પણ કર્યાં છે એવો, જે કોઇથી ભય પામતો નથી, ને જેનાથી કોઇ ભય પામતું નથી, હર્ષ ક્રોધ ભય ને ઉદ્વેગથી રહિત, સ્પૃહા-રહિત, પવિત્ર, પોતાના પ્રાપ્ત કર્તવ્યમાં દક્ષ, ઉદાસીન, નિર્ભય, સર્વ કામ્ય-કર્મનો ત્યાગ કરનારો, હર્ષ દ્વેષ શોક ને આકાંક્ષાથી રહિત, શુભાશુભ કર્મોનો ત્યાગ કરનારો, શત્રુમિત્રમાં માનાપમાનમાં શીતોષ્ણમાં ને સુખ-દુઃખમાં સમાનવૃત્તિવાળો, આસક્તિથી રહિત, નિંદાને તથા સ્તુતિને સરખાં સમજનારો, વાણીને વશ રાખનારો, પોતાના નિવાસસ્થાનમાં મમતા નહિ રાખનારો, અને આત્મામાં જેની બુદ્ધિ અત્યંત સ્થિર છે એવો ભક્તિવાળો

પુરુષ મને પ્રિય છે. જે પૂર્વોક્ત ધર્મરૂપ અમૃતનું સર્વ પ્રકારે સેવન કરે છે તે શ્રદ્ધાળુ ને મારે પરાયણ થયેલો ભક્ત મને અત્યંત પ્રિય છે." એવી રીતે આ અધ્યાયમાં પરમાત્માના અનન્યભક્તનાં વા જીવન્મુક્તનાં લક્ષણો કહી પરમાત્માની અનન્યભક્તિનું વા આત્મજ્ઞાનનું નિરૂપણ કર્યું છે.

તેરમા અધ્યાયમાં ક્ષેત્રના ને ક્ષેત્રજ્ઞના વિભાગનું નિરૂપણ કરેલું હોવાથી આ તેરમા અધ્યાયનું નામ ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ રાખવામાં આવ્યું છે. સાતમા અધ્યાયમાં જે અપરા ને પરા એવી બે પ્રકૃતિ કહી છે તેને આ અધ્યાયમાં ક્ષેત્ર ને ક્ષેત્રજ્ઞ એવા નામથી કહેલ છે. આ બે પ્રકૃતિદ્વારા પરમાત્મા આ જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ ને લયનું કારણ થાય છે. આ અધ્યાયમાં ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞ ને ઈશ્વરના સ્વરૂપનું નિરૂપણ હોવાથી આ અધ્યાય પણ જ્ઞાનપ્રધાનજ છે. "શરીર એ ક્ષેત્ર કહેવાય છે, ને એ ક્ષેત્રને જાણનારો જીવ તે ક્ષેત્રજ્ઞ કહેવાય છે. સર્વ ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞરૂપે હુંજ રહેલો છું એમ સમજો, અને ક્ષેત્રનું તથા ક્ષેત્રજ્ઞનું જે જ્ઞાન તેજ જ્ઞાન છે એવો મારો અભિપ્રાય છે. પાંચ મહાભૂતો, અહંકાર, બુદ્ધિ, અવ્યક્ત, મનસહિત અગિયાર ઇંદ્રિયો, શબ્દાદિ પાંચ વિષયો, ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, શરીર, ચેતના ને ધીરજ એ સર્વ ક્ષેત્ર કહેવાય છે. અમાનીપણું, અદંભીપણું, અહિંસા, ક્ષમા, અંતઃકરણનું સરલપણું, આચાર્યની ભક્તિ, શરીરની ને મનની પવિત્રતા, મોક્ષનાં સાધનોમાં મનની સ્થિરતા, શરીર તથા ઇંદ્રિયોને વશ રાખી તેને શુભકર્મમાં જોડવાં, શબ્દાદિ વિષયોમાં વૈરાગ્ય, અહંકારથી રહિતપણું, જન્મ મરણ વૃદ્ધાવસ્થા ને રોગોમાં રહેલાં દુઃખોને તથા દોષોને વારંવાર વિચારવાં, પ્રાણિપદાર્થોમાં અપ્રીતિ, પુત્ર સ્ત્રી ને ગૃહાદિમાં ધારી પ્રીતિનો અભાવ, પ્રિયની ને અપ્રિયની પ્રાપ્તિમાં મનનો સમભાવ રાખવો, ચિત્તની એકાગ્રતાપૂર્વક મારી અનન્યભક્તિ, પવિત્ર ને એકાંત સ્થાનમાં રહેવાનો સ્વભાવ, વિષયિજનોના સમૂહમાં અપ્રીતિ, આત્માના ને જડના જ્ઞાનમાં નિત્ય પ્રીતિ અને તત્ત્વજ્ઞાનના ફલરૂપ મોક્ષનો વિચાર કરવો આ જ્ઞાનનાં સાધનો કહેવાય છે, અને તેનાથી વિપરીત તે અજ્ઞાનનાં સાધનો કહેવાય છે. આ જ્ઞાનનાં સાધનોવડે જે જાણવાયોગ્ય વસ્તુ છે તે હું કહું છું. જેને જાણવાથી અમૃતપણારૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે." પછી આત્મસ્વરૂપનું વર્ણન કરીને ભગવાને કહ્યું કેઃ—"આ પ્રમાણે મેં તમને ક્ષેત્ર, જ્ઞાનનાં સાધનો ને જ્ઞેય એ ત્રણે સંક્ષેપથી કહ્યાં છે. મારો ભક્ત એ સર્વને જાણીને મારા

સ્વરૂપને પ્રાપ્ત થાય છે." "પ્રકૃતિ ને પુરુષ એ બંને અનાદિ છે. બુદ્ધિ ને ઇંદ્રિયાદિ તથા અંતઃકરણમાં પ્રતીત થતાં સુખ દુઃખ ને મોહરૂપ ગુણો પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયા છે. શરીર ને ઇંદ્રિયાદિનું કર્તાપણું પ્રકૃતિને છે, અને સુખદુઃખનું ભોક્તાપણું પુરુષને છે. શરીરને આકારે પરિણામ પામેલી પ્રકૃતિમાં સ્થિત થઇને પુરુષ સુખ, દુઃખ ને મોહ આ પ્રકૃતિથી ઉપજેલા ગુણોને ભોગવે છે. એ સુખાદિ ગુણોમાં ગાઢી પ્રીતિ એજ પુરુષને ઉંચનીચ યોનિઓમાં જન્મનું કારણ છે. બુદ્ધિનો દ્રષ્ટા, શરીરાદિને પોતપોતાનું કાર્ય કરવાનું સામર્થ્ય આપનાર, તેનું ધારણ તથા પોષણ કરનાર, મોટા ઇશ્વર ને જેને વેદમાં પરમાત્મા કહ્યા છે તે આ શરીરમાં શ્રેષ્ઠ પુરુષ છે. આવી રીતે જે મનુષ્ય પુરુષને અને ગુણોસહિત પ્રકૃતિને જાણે છે તે કર્મો કરતો હોય વા કર્મોનો પરિત્યાગ કરીને રહેતો હોય તોપણ પુનર્જન્મને પામતો નથી. કોઇ મુમુક્ષુ આત્માને પોતાની બુદ્ધિમાં ધ્યાનયોગવડે જુએ છે, કોઈ જ્ઞાનયોગવડે તે આત્માને અનુભવે છે, અને બીજા કોઇ કર્મયોગવડે તે આત્માને જુએ છે. વળી કેટલાક મંદબુદ્ધિવાળા મનુષ્યો પોતાના આચાર્યપાસેથી આત્માનું સ્વરૂપ જાણીને તેની ઉપાસના કરે છે. એવા શ્રદ્ધાવાળા ઉપાસકો પણ મૃત્યુનું ઉલ્લંઘન કરી જાય છે. હે કૌંતેય ! ઉત્પન્ન થનાર પ્રત્યેક જંગમ કિંવા સ્થાવર ભૂત ઉપર કહેલા ક્ષેત્રના ને ક્ષેત્રજ્ઞના સંયોગથી ઉપજે છે એમ જાણો. વિનાશ પામનારાં સર્વ ભૂતોમાં સમાન રહેનારા અને તેની સાથે વિનાશ નહિ પામનારા પરમેશ્વરને જે જુએ છે તેજ વાસ્તવિકરીતે દેખે છે. સર્વત્ર રહેલા સમ ઇશ્વરને જોનારો પુરુષ પોતે પોતાનો નાશ કરતો નથી તેથી તે શ્રેષ્ઠ ગતિને પામે છે. સર્વ કર્મો પ્રકૃતિ કરે છે, અને આત્મા અકર્તા છે એમ જે જાણે છે તેજ પરમતત્ત્વને જાણનારો છે. આ સર્વભૂતોનો પૃથગ્ભાવ એક આત્મામાં રહેલો છે, અને તેમાંથીજ આ સર્વ ભૂતોનો વિસ્તાર થયેલો છે એમ જ્યારે જુએ છે ત્યારે તે બ્રહ્મ થાય છે. આ પરમાત્મા અનાદિ ને નિર્ગુણ હોવાથી અવ્યય છે, ને તેથી તે શરીરમાં હોવા છતાં પણ કંઇ કરતા નથી, ને તેથી પાપપુણ્યવડે લેપાતા નથી. જેમ સર્વવ્યાપક આકાશ સૂક્ષ્મ હોવાથી લેપાતું નથી તેમ શરીરમાં સર્વત્ર રહેલો આત્મા પણ સૂક્ષ્મ હોવાથી લેપાતો નથી. જેમ સૂર્ય આ લોકોને પ્રકાશે છે તેમ ક્ષેત્રજ્ઞ આ ક્ષેત્રને પ્રકાશે છે. આવી રીતે ક્ષેત્રનો ને ક્ષેત્રજ્ઞનો ભેદ અને ભૂતોના કારણરૂપ પ્રકૃતિના મોક્ષને જે જ્ઞાનદૃષ્ટિવડે જાણે છે તે પર-

બ્રહ્મ થાય છે." એવી રીતે આ અધ્યાયમાં આત્મજ્ઞાનનું પ્રધાનપણે નિરૂપણ છે.

ચૌદમા અધ્યાયનું ગુણત્રયવિભાગયોગ એવું નામ છે. તેમાં પ્રથમ શ્રીભગવાને આ પ્રમાણે કહ્યું છે:–" વળી હું તમને જ્ઞાનોમાં ઉત્તમ જ્ઞાન કહું છું, જે જ્ઞાન થવાથી સર્વ મુનિઓ અહિંથી પરમસિદ્ધિને પ્રાપ્ત થયા છે. આ જ્ઞાનનો આશ્રય કરીને મારા સાધર્મ્યને પ્રાપ્ત થયેલા લોકો કલ્પના આરંભમાં ઉત્પન્ન થતા નથી, અને કલ્પના અંતમાં નાશ પામતા નથી." એમ કહીને પછી આ જ્ઞાનની પ્રશંસા કરી છે. પછી " મારું ઉત્પત્તિનું સ્થાન ત્રણ ગુણવાળી પ્રકૃતિ છે. તેમાં હું સંકલ્પરૂપ ગર્ભ ધારણ કરું છું, તેમાંથી સર્વ ભૂતો ઉત્પન્ન થાય છે " એમ કહીને પ્રકૃતિમાંથી ઉપજેલા સત્ત્વાદિ ત્રણ ગુણોનું વર્ણન કર્યું છે. પશ્ચાત્ " જ્યારે દ્રષ્ટા, કર્તા ગુણોથી ભિન્ન નથી એમ જુએ છે, અને પોતાને તે ગુણોથી કેવલ વિલક્ષણ જાણે છે ત્યારે તે મારા રૂપને પામે છે. આત્મા આ શરીરાદિની ઉત્પત્તિના હેતુભૂત સત્ત્વાદિ ત્રણ ગુણોનું અતિક્રમણ કરીને જન્મ, મૃત્યુ ને વૃદ્ધાવસ્થા આદિ દુઃખોથી મોકળો થાય છે, અને અમૃતપણારૂપ મોક્ષને પામે છે " એમ કહીને ઉત્તમ જ્ઞાનની ફલસહિત સમાપ્તિ કરી છે. પછી અર્જુને ગુણાતીતનાં લક્ષણો પૂછ્યાં તેના ઉત્તરમાં ભગવાને આવી રીતે ગુણાતીતનાં લક્ષણો કહ્યાં:–" સત્ત્વાદિ ત્રણ ગુણોનાં પ્રકાશ, પ્રવૃત્તિ ને મોહ આ ત્રણ કાર્યો પ્રવૃત્ત થાય તો તેનો જે દ્વેષ કરતો નથી, ને જો તે નિવૃત્ત થાય તો તેની જે આકાંક્ષા કરતો નથી, જે ઉદાસીનની પેઠે રહે છે, જે ગુણોવડે ચંચલ થતો નથી, ગુણોનાં કાર્યોની આ સર્વ પ્રવૃત્તિ થાય છે એમ સમજીને જે સ્થિર રહે છે, પણ ચંચલ થતો નથી, જે સુખદુઃખને સમાન જાણે છે, જે સ્વસ્થ હોય છે, માટીનું ઢેકું પથ્થર ને સોનું એ સર્વને જે સમાન જાણે છે, જે પ્રિયને અને અપ્રિયને તથા પોતાની નિંદાને અને સ્તુતિને સમાન જાણે છે, માનને તથા અપમાનને અને મિત્રને તથા શત્રુને પણ જે સમાન જાણે છે, જે બંધન કરનારાં સર્વ કર્મોનો ત્યાગ કરવાના સ્વભાવવાળો હોય છે, અને જે એકનિષ્ઠાવાળી ભક્તિવડે મારું સેવન કરે છે તે આ ત્રણ ગુણોનું અતિક્રમણ કરીને બ્રહ્મભાવને પ્રાપ્ત થાય છે." પછી છેલ્લા શ્લોકમાં આવા ભાવનું કહીને આ અધ્યાયની સમાપ્તિ કરી છે:–" હું અંતરાત્મા બ્રહ્મનો, અવિનાશી અમૃતનો, શાશ્વત ધર્મનો ને નિત્યસુખનો આધાર છું." ઉપર જણાવેલી રીતે આ અધ્યાયમાં પણ જ્ઞાનનું પ્રધાનપણે નિરૂપણ છે.

પંદરમા અધ્યાયનું નામ પુરુષોત્તમયોગ છે. આરંભમાં આ સંસારનું વૃક્ષરૂપે વર્ણન કર્યું છે. આ અધ્યાયનો સાર આ પ્રમાણે છે— "સર્વથી ઉપર રહેલું બ્રહ્મ આ સંસારરૂપ વૃક્ષનું મૂલ છે, હિરણ્યગર્ભરૂપ તેની નીચેની શાખા છે, કર્મકાંડનું નિરૂપણ કરનારો વેદભાગ તે વૃક્ષનાં પાનડાં છે, ને જે ક્ષણભંગુર છે એવા સંસારરૂપ વૃક્ષને જે યથાયોગ્ય જાણે છે તે વેદને જાણનારો છે. તેની શાખાઓ મનુષ્યથી માંડીને વૃક્ષાદિ સ્થાવરપર્યંત નીચે ને બ્રહ્મલોકસુધી ઉપર ફેલાયેલી છે. તે સત્ત્વાદિ ગુણોવડે અત્યંત વૃદ્ધિ પામેલી છે. વિષયો આ વૃક્ષનાં કોમલ નવાં પાનડાં છે. તે વૃક્ષનાં કર્મના સંબંધવાળાં મૂલો નીચે મનુષ્યલોકમાં પણ ફેલાયેલાં છે. આ વૃક્ષનું ઉપર વર્ણન કર્યા પ્રમાણેનું સ્વરૂપ અજ્ઞાનકાલે જણાતું નથી. તેનાં આદિ અંત ને મધ્ય પણ પ્રતીત થતાં નથી. આ દૃઢમૂલવાળા સંસારવૃક્ષનું દૃઢવિરાગરૂપ કુવાડાવડે છેદન કરીને પછી તે પરમાત્મસ્વરૂપનો શોધ કરવો. જેમાંથી આ સંસારરૂપ અનાદિ પ્રવૃત્તિ પ્રસરેલી છે તેજ મૂલ પુરુષને હું શરણે જાઉં છું એવો નિશ્ચય કરીને તે પરમાત્માના સ્વરૂપનો શોધ કરવો. જે માનથી તથા મોહથી રહિત છે, જેણે વિષયાસક્તિરૂપ દોષનો પરાજય કર્યો છે, જે પરમાત્માના સ્વરૂપનું અવલોકન કરવામાં સર્વદા તત્પર છે, જેની સર્વ વાસના નિવૃત્ત થઇ છે, અને જે સુખદુઃખનામનાં દ્વંદ્વોથી રહિત છે તે વિવેકી પુરુષ આ પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે. તે સ્વરૂપને સૂર્ય, ચંદ્ર કે અગ્નિ પ્રકાશી શકતા નથી, ને જેને પામીને જીવ આ સંસારમાં પાછો આવતો નથી તે મારું પરમસ્વરૂપ છે. આ દેહધારીઓમાં જીવ એ મારો અંશ છે. તે જીવ જ્યારે પોતાના સ્થૂલશરીરને છોડીને જાય છે ત્યારે મનસહિત પાંચ જ્ઞાનેંદ્રિયોને તેમના સ્થાનમાંથી ખેંચી લે છે. તે જીવ જ્યારે શરીરનું ગ્રહણ કરે છે, ને તેનો ત્યાગ કરે છે ત્યારે તે સર્વને ગ્રહણ કરીને જાય છે. તે જીવ શ્રોત્રાદિ પાંચ જ્ઞાનેંદ્રિયો તથા મન એમનો અધિષ્ઠાતા થઇને તે વિષયોનું સેવન કરે છે. તે શરીરમાંથી નીકળનારાને, શરીરમાં રહીને ભોગ ભોગવનારાને અને શરીરમાં રહેલાને મૂઢ મનુષ્યો જોતા નથી, માત્ર જ્ઞાનદૃષ્ટિવાળાજ તેને જુએ છે. આત્માનું ધ્યાન કરનારા યોગી પોતાની બુદ્ધિમાં સાક્ષિરૂપે રહેલા તેને જુએ છે, પણ શાસ્ત્રના સંસ્કારવિનાની બુદ્ધિવાળા મનુષ્ય પ્રયત્ન કરતાં છતાં પણ તેને જોઇ શકતા નથી. સર્વ જગત્‌ને પ્રકાશિત કરનારું જે તેજ સૂર્ય, ચંદ્ર ને અગ્નિ આદિમાં છે તે

તેજ મારું છે એમ તમે સમજો. પૃથિવીમાં પ્રવેશ કરીને હું સર્વ ભૂતોને ધારણ કરું છું, અને રસરૂપ ચંદ્રમા થઇને હું સર્વ ઓષધીઓનું પોષણ કરું છું. હું વૈશ્વાનર થઇને પ્રાણીઓનાં શરીરોનો આશ્રય કરીને પ્રાણાપાનના સંયોગવડે ચાર પ્રકારનાં અન્નનો પરિપાક કરું છું. હું સર્વના હૃદયમાં પ્રવેશ કરીને રહેલો છું. મનુષ્યાદિને સ્મૃતિ, જ્ઞાન ને વિસ્મૃતિ એ મારાથીજ થાય છે. હુંજ વેદાંતશાસ્ત્રનો કરનારો ને વેદોનો જાણનારો છું. આ લોકમાં ક્ષર ને અક્ષર એવા બે પુરુષ છે. તેમાં સર્વ ભૂતો ક્ષર છે, ને માયા તેનાં કાર્યોની અપેક્ષાએ અક્ષર છે. ઉત્તમ પુરુષ તે બંનેથી ભિન્ન છે, તેનેજ પરમાત્મા કહેવામાં આવે છે. તે અવિનાશી ઈશ્વર ત્રણ લોકમાં પ્રવેશ કરીને તેમને ધારણ કરે છે. હું ક્ષર ને અક્ષર એ બંને પુરુષોથી ભિન્ન ને શ્રેષ્ઠ છું માટેજ મને પુરુષોત્તમ કહેવામાં આવે છે. જે વિવેકી પુરુષ મને—પુરુષોત્તમને—એવી રીતે જાણે છે તે સર્વજ્ઞ પુરુષ અનન્યમનવડે મારા અનુસંધાનરૂપ ભજન કરે છે. હે ભારત ! આ અતિગુપ્ત રાખવાયોગ્ય શાસ્ત્ર મેં તમને કહ્યું છે. તેને જાણીને પુરુષ બુદ્ધિમાન્ ને કૃતાર્થ થાય છે." આ અધ્યાયમાં પણ આત્મજ્ઞાનનું પ્રધાનપણે નિરૂપણ છે.

સોળમા અધ્યાયનું નામ દૈવાસુરસંપદ્વિભાગયોગ છે. 'આ અધ્યાયમાં અંતઃકરણના શુભધર્મરૂપ દૈવીસંપત્તિનું તથા અંતઃકરણના દોષરૂપ આસુરીસંપત્તિનું નિરૂપણ કર્યું છે. " નિર્ભયતા, અંતઃકરણની પવિત્રતા, જ્ઞાનમાં ને યોગમાં નિષ્ઠા, દાન, ઇંદ્રિયોનો નિગ્રહ, યજ્ઞ, શાસ્ત્રાધ્યયન, તપ, સરલતા, અહિંસા, સત્ય, ક્રોધાભાવ, ત્યાગ, શાંતિ, ચાડીઆપણાનો અભાવ, પ્રાણીઓના ઉપર દયા, વિષયલાલસાનો અભાવ, કોમલપણું, અકાર્યમાં લોકલજ્જા, ઇંદ્રિયાદિના ચપલપણાનો અભાવ, તેજસ્વિતા, ક્ષમા, ધૈર્ય, પવિત્રતા, દ્રોહરહિતપણું ને અતિમાનથી રહિતપણું ઇત્યાદિ શુભ ગુણો દૈવીસંપત્તિવાળાં નરનારીમાં જોવામાં આવે છે. દંભ, દર્પ, અતિમાન, ક્રોધ, કઠોર વચનો બોલવાં ને અવિવેક એ દોષો આસુરીસંપત્તિવાળાં માણસોમાં હોય છે. તેમાં દૈવીસંપત્તિ મનુષ્યને મોક્ષનું કારણ થાય છે, અને આસુરીસંપત્તિ બંધનું કારણ થાય છે. હે ભારત ! તમે દૈવીસંપત્તિથી યુક્ત છો માટે શોક ન કરશો. " એવી રીતે અર્જુનને કહીને પછી ભગવાને આસુરીસંપત્તિનું વિસ્તારથી વર્ણન કર્યું છે. પછી અંતમાં કહ્યું છે કેઃ—" કામ, ક્રોધ ને લોભ એ ત્રણ પ્રકારના દોષ જીવની અધોગતિ કરનારા છે. તે ત્રણ દોષોથી મોકળો થયેલો પુરુષ કલ્યાણનું આચરણ કરે છે,

ને તેથી તે શ્રેષ્ઠ ગતિને પામે છે. જે શાસ્ત્રવિધિનું ઉલ્લંઘન કરીને પોતાના મનમાં આવે તેમ વર્તે છે તે ચિત્તની શુદ્ધિરૂપ સિદ્ધિને, સુખને ને પરમગતિને પામતો નથી એટલામાટે તમારે કર્તવ્યનો ને અકર્તવ્યનો નિર્ણય કરવામાં શાસ્ત્રનેજ પ્રમાણ માનવું જોઇએ. આમ હોવાથી શાસ્ત્રે જેનું વિધાન કર્યું છે તે કર્મ કરવાને તમે યોગ્ય છો." આ અધ્યાયમાં મુમુક્ષુએ આસુરીસંપત્તિનો પરિત્યાગ કરી દૈવીસંપત્તિ પ્રાપ્ત કરવી જોઇએ એવો ઉપદેશ કર્યો છે.

સત્તરમા અધ્યાયનું નામ શ્રદ્ધાત્રયવિભાગયોગ છે. આરંભમાં અર્જુને ભગવાનને પૂછ્યું કેઃ—" હે પ્રભો ! જે મનુષ્ય શાસ્ત્રવિધિનો પરિત્યાગ કરીને શ્રદ્ધાપૂર્વક પૂજનાદિ કર્મ કરે છે તેની નિષ્ઠા કેવા પ્રકારની જાણવી ?" તેના ઉત્તરમાં ભગવાને આ પ્રમાણે કહ્યુંઃ—" મનુષ્યાદિની શ્રદ્ધા ત્રણ પ્રકારની છે, સાત્ત્વિકી, રાજસી ને તામસી. મનુષ્યાદિની શ્રદ્ધા પોતપોતાના અંતઃકરણમાં રહેલા સંસ્કારાનુસાર હોય છે. મનુષ્યમાં જેવી શ્રદ્ધા હોય તેવી શ્રદ્ધાવાળો તે કહેવાય છે. સાત્ત્વિક મનુષ્ય દેવની પૂજા કરે છે, રાજસ મનુષ્ય યક્ષની ને રાક્ષસની પૂજા કરે છે, અને તામસ મનુષ્ય પ્રેતોની તથા ભૂતોની પૂજા કરે છે. " પછી આસુરનિશ્ચયવાળા મનુષ્યનું લક્ષણ કહીને સાત્ત્વિકાદિ ત્રણ પ્રકારના આહાર, યજ્ઞ, તપ ને દાનનું પ્રતિપાદન કર્યું છે. પછી છેવટે આ પ્રમાણે કહ્યું છેઃ—" ૐ તત્સત્ આ બ્રહ્મનું નામ છે માટે તેનો ઉચ્ચાર કરીને કરેલું પ્રત્યેક કર્મ સર્વ શુભગુણથી યુક્ત થાય છે. અશ્રદ્ધાથી કરેલાં યજ્ઞાદિ કર્મો શાસ્ત્રોક્ત ફલ આપતાં નથી માટે યજ્ઞાદિ પ્રત્યેક કર્મ શ્રદ્ધાપૂર્વક કરવું જોઇએ." આ અધ્યાયમાં આત્મજ્ઞાનની નિષ્ઠાની પ્રાપ્તિ કરવામાટે સાત્ત્વિક કર્મો કરવાનો ઉપદેશ કર્યો છે.

અઢારમા અથવા ગીતાજીના છેલ્લા અધ્યાયનું નામ મોક્ષસંન્યાસયોગ છે. આ અધ્યાયમાં સર્વ ગીતાશાસ્ત્રનો ઉપસંહાર કર્યો છે. તેમાં પ્રથમ અર્જુન ભગવાનને પૂછે છે કેઃ—" હે પ્રભો ! મને સંન્યાસનું ને ત્યાગનું સ્વરૂપ કહો. " ભગવાન્ તેના ઉત્તરમાં તેમને કહે છેઃ—" કામ્યકર્મોના ત્યાગને સંન્યાસ ને સર્વ કર્મોનાં ફલોના ત્યાગને ત્યાગ કહેવામાં આવે છે. સાંખ્યવાદીઓ કહે છે કે દોષવાળાં કર્મોનો ત્યાગ કરવો. પૂર્વમીમાંસકો કહે છે કે યજ્ઞ, દાન ને તપોરૂપ કર્મનો પરિત્યાગ ન કરવો. સાત્ત્વિકાદિ ભેદે ત્યાગ ત્રણ પ્રકારના છે. યજ્ઞ, દાન ને તપ એ કર્મોનો પરિત્યાગ ન કરવો, કારણ તે કર્મો અંતઃકરણને પવિત્ર કરનારાં છે. ને કર્મો કર્તાપણાનું

અભિમાન ને કર્મના ફલની ઇચ્છાનો ત્યાગ કરીને કરવાં એવો મારો ઉત્તમ અભિપ્રાય છે. શાસ્ત્રે વર્ણને અને આશ્રમને ઉદ્દેશીને નક્કી કરેલાં કર્મોનો ત્યાગ સંભવી શકતો નથી. પોતાના વર્ણના તથા આશ્રમના કર્મનો અવિવેકથી જે ત્યાગ કરવો તે ત્યાગ તામસ કહેવાય છે. એવા તામસ-ત્યાગથી ચિત્તશુદ્ધિરૂપી ફલ પ્રાપ્ત થતું નથી. શાસ્ત્રોક્ત કર્મ કરવાથી શરીરાદિને ક્લેશ થશે એવા ભયથી જે તે કર્મનો ત્યાગ કરવો તે ત્યાગ રાજસ-ત્યાગ કહેવાય છે, ને તેથી પણ ચિત્તશુદ્ધિરૂપી ફલ પ્રાપ્ત થતું નથી. શાસ્ત્રે મારે માટે જે કરવાયોગ્ય કર્મ કહ્યાં છે તે મારે અવશ્ય કર્તવ્ય છે એમ સમજીને કર્તાપણાનું અભિમાન તથા ફલની ઇચ્છા છોડીને જે કર્મો કરવાં તે ત્યાગ સાત્ત્વિકત્યાગ કહેવાય છે. એવા ત્યાગથી કર્તાનું અંતઃકરણ શુદ્ધ થાય છે. પછી તે મનુષ્ય પોતાનાં પ્રાપ્ત કર્મોનો દ્વેષ કરતો નથી, ને અન્યના કર્મમાં આસક્તિ કરતો નથી. તે ત્યાગી, સત્ત્વસંપન્ન, આત્મજ્ઞાન-વાળી પ્રજ્ઞાથી યુક્ત ને સંશયથી રહિત થાય છે. દેહાભિમાની પુરુષથી સર્વ કર્મોનો ત્યાગ થઈ શકતો નથી માટે જે કર્મના ફલનો ત્યાગ કરે છે તે ત્યાગી ગણાય છે. કર્મના ફલનો ત્યાગ નહિ કરનારા પુરુષને પાપકર્મનું અપ્રિય, પુણ્યકર્મનું પ્રિય ને પુણ્યપાપ-મિશ્ર-કર્મનું મિશ્ર-સુખદુઃખયુક્ત-ફલ મળે છે, પણ જેમણે કર્મના ફલનો પરિત્યાગ કર્યો છે તેમને તે ત્રણ પ્રકારનાં ફલ પ્રાપ્ત થતાં નથી, પરંતુ કર્મફલના પરિત્યાગથી તેમના ચિત્ત-ની શુદ્ધિ થાય છે. સ્થૂલશરીર, અહંકાર, ઇંદ્રિયો, પ્રાણાદિકની ક્રિયા ને ઇંદ્રિયાદિના ઉપર અનુગ્રહ કરનારા દેવો એ પાંચવડે પ્રત્યેક શારીરિક, માનસિક ને વાચિક ક્રિયા થાય છે. એ પાંચ કર્મ કરનાર છે, છતાં જે શાસ્ત્રસંસ્કારરહિત પુરુષ કેવલ આત્માનેજ કર્તા માને છે તે દુર્બુદ્ધિ પુરુષ કાંઇજ જાણતો નથી. જેને હું કર્તા છું એવો અહંકાર નથી, અને જેની બુદ્ધિ મને આ કર્મનું અમુક ફલ મળવું જોઇએ એવા લેપવાળી થતી નથી તે સ્વધર્મપાલક ક્ષત્રિય ધર્મયુદ્ધ પ્રાપ્ત થયે પોતાના કર્તવ્યને અનુ-સરતાં કદાચ આ સર્વ લોકોને હણે તોપણ તે દોષને પામતો નથી. ”
પછી જ્ઞાન, કર્મ, કર્તા, બુદ્ધિ, ધૃતિ ને સુખના સાત્ત્વિકાદિ ત્રણ પ્રકારના ભેદ કહેલા છે. સર્વત્ર એકપણાનું જ્ઞાન, ફલની આસક્તિનો પરિત્યાગ કરી શાસ્ત્રે નક્કી કરેલાં કર્મો કરવાં, અહંકાર ન રાખવો, ઇચ્છિતની પ્રાપ્તિને ને અપ્રાપ્તિને સમભાવે ગણવાં એ કર્તાનું સાત્ત્વિકપણું, પ્રવૃત્તિના તથા નિવૃત્તિ-ના સ્વરૂપને, કાર્યના તથા અકાર્યના સ્વરૂપને, ભયના તથા અભયના

સ્વરૂપને અને બંધના તથા મોક્ષના સ્વરૂપને જાણવું એ બુદ્ધિનું સાત્ત્વિકપણું, શરીરાદિને સન્માર્ગમાં ધારણ કરી રાખવાનું બલ એ ધૃતિનું સાત્ત્વિકપણું, અને અભ્યાસના સમયમાં વિષજેવું કડવું લાગે પણ પરિણામે અમૃતજેવું મધુર લાગે તે સુખનું સાત્ત્વિકપણું છે. એ સર્વ મુમુક્ષુએ પ્રાપ્ત કરવાં જોઇએ. પછી બ્રાહ્મણાદિ ચાર વર્ણોનાં કર્મો કહ્યાં છે, ને પોતપોતાના વર્ણાશ્રમનાં કર્મોમાં પ્રીતિ રાખી તે કર્મો કરવાથી મનુષ્યને ચિત્તશુદ્ધિરૂપ સિદ્ધિ મળે છે એમ ઉપદેશ કર્યો છે. પછી આવા ભાવનો ઉપદેશ કર્યો છેઃ–" જેમનાવડે આ સર્વ ભૂતોની પ્રવૃત્તિ થાય છે, અને જેમણે આ સર્વ વ્યાપ્ત કર્યું છે તેમનું પોતાનાં કર્મોવડે પૂજન કરીને મનુષ્ય સિદ્ધિને પ્રાપ્ત થાય છે. સારી રીતે અનુષ્ઠાન કરેલા પરધર્મના કરતાં થોડા ન્યૂન ગુણવાળો પોતાનો ધર્મ શ્રેયસ્ કરનારો ગણાય છે. પોતાના વર્ણાશ્રમનાં કર્મો સદોષજેવાં જણાતાં હોય તોપણ તેનો ત્યાગ ન કરવો, કેમકે સર્વે કર્મો ન્યૂનાધિક દોષયુક્ત હોય છે. કોઈ પણ પદાર્થમાં જેનું મન ધાટી પ્રીતિવાળું થતું નથી, જેણે શરીર તથા ઇંદ્રિયોને વશ રાખ્યાં છે, અને જે વિષયોની સ્પૃહાથી રહિત છે તે સંન્યાસવડે પરમ નૈષ્કર્મ્યસિદ્ધિને પામે છે. આગળ કહ્યા પ્રમાણે જેણે સ્વધર્મરૂપ કર્મો ઇશ્વરાર્પણ કરીને પોતાના અંતઃકરણને શુદ્ધ કર્યું છે તેને બ્રહ્મની પ્રાપ્તિ કેવી રીતે ને ક્યા ક્રમથી થાય છે તે સાંભળો. નિશ્ચયાત્મક નિર્મલ બુદ્ધિવડે યુક્ત થઇને, ધૈર્યવડે શરીરને તથા ઇંદ્રિયોને નિયમમાં રાખીને, શબ્દાદિ વિષયોનો ત્યાગ કરીને, અને રાગદ્વેષનો ત્યાગ કરીને એકાંતદેશનું સેવન કરનારો, પથ્ય ને સાત્ત્વિક આહાર ગ્રહણ કરનારો, શરીર વાણી તથા મનને વશ રાખનારો, ધ્યાનયોગમાં લીન રહેનારો, વૈરાગ્યનો નિરંતર આશ્રય કરનારો, અહંકારનો બલનો દર્પનો કામનો ક્રોધનો ને સ્ત્રીપુત્રાદિના પરિગ્રહનો ત્યાગ કરીને મમતાથી રહિત થયેલો અને શાંત થયેલો પુરુષ બ્રહ્મભાવને યોગ્ય થાય છે. બ્રહ્મરૂપ થયેલો પુરુષ પ્રસન્નચિત્ત થાય છે તેથી તે મારી પાસે અમુક નથી એમ માની શોક કરતો નથી, ને તેની આકાંક્ષા પણ કરતો નથી. સર્વ ભૂતોમાં સમભાવ પામેલો તે જ્ઞાનનિષ્ઠ પુરુષ જ્ઞાનરૂપ ભક્તિ કરે છે. તે જ્ઞાનરૂપ ભક્તિવડે તેને મારા સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે તેથી તે મારા સ્વરૂપને અભેદભાવે પામે છે. મારો આશ્રય કરીને રહેલો તે વિહિત તથા નિષિદ્ધ કર્મનું અતિક્રમણ કરીને મારી કૃપાથી શાશ્વતપદને પામે છે. તમે વિવેકબુદ્ધિવડે સર્વ કર્મો મને અર્પણ કરીને અને જ્ઞાનયોગનો આશ્રય

કરીને સર્વદા મારામાં ચિત્ત રાખનારા થાઓ. તમે મારામાં ચિત્ત રાખનારા થવાથી મારી કૃપાથી તમે સર્વ દુઃખોથી મોકળા થશો. જો તમે મારા વચનની અવગણના કરી યુદ્ધરૂપ સ્વધર્મનો ત્યાગ કરીને ભિક્ષાવૃત્તિરૂપ બ્રાહ્મણનો ધર્મ સ્વીકારશો તો તમે અધોગતિને પામશો. તમે અહંકારનો આશ્રય કરીને ' હું યુદ્ધ નહિ કરું ' એમ કહો છો, પણ તે તમારું અભિમાન વૃથા છે, કારણકે તમારો ક્ષાત્રસ્વભાવ તમને યુદ્ધમાં જોડશે. તમે પૂર્વજન્મોના સંસ્કારરૂપ સ્વભાવથી ઉપજેલા સ્વધર્મના આવેશથી બંધન પામેલા છો. તમે હમણાં મોહથી જે કરવાની ઇચ્છા કરતા નથી તે તમે તમારા ક્ષાત્રસ્વભાવને અધીન થઇને કરશો. પરમેશ્વર સર્વ મનુષ્યોને તેમના સ્વભાવપ્રમાણે પ્રવૃત્તિ કરાવે છે. એ હૃદયમાં રહેલા ઈશ્વરને તમે સર્વ ભાવથી શરણે જાઓ. તેમની કૃપાથી તમે પૂર્વોક્ત શ્રેષ્ઠ શાંતિને તથા શાશ્વત સ્થાનને પ્રાપ્ત થશો. એવી રીતે આ જ્ઞાન મેં તમને કહ્યું. તેનો સારી રીતે વિચાર કરી પછી તમને જે ગમે તે કરો. " એવી રીતે આ અધ્યાયમાં જ્ઞાનનો ને તેની પ્રાપ્તિનાં સાધનોનો ઉપદેશ કર્યો છે.

એવી રીતે આ ગીતાશાસ્ત્રમાં આત્મજ્ઞાનનું પ્રધાનપણે નિરૂપણ છે, અને તે આત્મજ્ઞાનની પ્રાપ્તિ નિષ્કામકર્મયોગના સેવનથી અંતઃકરણની શુદ્ધિદ્વારા થાય છે તેથી અર્જુનના અંતઃકરણની યોગ્યતાનો વિચાર કરી તેમણે પોતાના અંતઃકરણની શુદ્ધિ કરવામાટે નિષ્કામકર્મયોગનો ઉપદેશ કર્યો છે. આ ગીતાશાસ્ત્રનો ઉપક્રમ ને ઉપસંહાર જેમ જ્ઞાનથી છે તેમ તે જ્ઞાનનોજ પ્રત્યેક અધ્યાયમાં વારંવાર કથનરૂપ અભ્યાસ કરેલો છે. "જ્ઞાનના જેવું પવિત્ર સાધન આ લોકમાં બીજું કોઇ નથી " ઇત્યાદિ વચનોવડે તે આત્મજ્ઞાનની અપૂર્વતા જણાવી છે. " આત્મજ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મોને બાળીને ભસ્મ કરે છે, " " સર્વ કર્મો આત્મજ્ઞાનમાં સમાપ્ત થાય છે, " ને " આત્મજ્ઞાન થવાથી તુરત પરાશાંતિની પ્રાપ્તિ થાય છે " ઇત્યાદિ વચનોવડે આત્મજ્ઞાનના ફલનો ઉપદેશ કર્યો છે. " જ્ઞાની મારું સ્વરૂપ છે એવો મારો અભિપ્રાય છે, " ને " જે પોતાના આત્માની પેઠે સર્વને જાણે છે તેજ સાચું જાણે છે " ઇત્યાદિ વચનોવડે આત્મજ્ઞાનની સ્તુતિ કરી છે. " અજ્ઞાનીની અધોગતિ થાય છે, " ને "આસુરીસંપત્તિવાળા અશુભ મનુષ્યોને હું સતત આસુરીયોનિમાં નાંખું છું " ઇત્યાદિ વચનોવડે અજ્ઞાનની નિંદા કરીને આત્મજ્ઞાનની સ્તુતિ કરી છે.

એમ અર્થવાદવડે આત્મજ્ઞાનનું શ્રેષ્ઠપણું જણાવ્યું છે, અને "આત્મા અકર્તા છે એમ જે જાણે છે તે કોને કેવી રીતે હણે ? ને કોને કેવી રીતે હણાવે ?" અને "તે કર્મ કરે તો તેને તેનું ફલ મળે નહિ, ને તે કર્મ ન કરે તો તેથી તેને કાંઇ હાનિ પણ થતી નથી" ઇત્યાદિ વચનોવડે આત્મજ્ઞાન થયા પછી તે આત્મજ્ઞાનીને કાંઈ પણ કર્તવ્ય રહેતું નથી આવી ઉપપત્તિ બતાવી છે. એવી રીતે તાત્પર્યનો નિર્ણય કરનારાં છ લિંગોવડે ગીતાશાસ્ત્રનું મુખ્ય પ્રતિપાદ્ય આત્મજ્ઞાન છે એમ જણાય છે, ને તે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાના સાધનરૂપ નિષ્કામકર્મયોગાદિનો ઉપદેશ પણ પ્રસંગને લઇને ગીતાજીમાં કરેલો છે.

અર્જુન નરનો અવતાર હતા તેથી તેમને આત્મજ્ઞાન પ્રાપ્ત હતું, પણ તેઓ યુદ્ધ કરવામાં પ્રવૃત્ત થતા નહોતા, તેમને જ્ઞાનીને આત્મજ્ઞાન થયા પછી પણ તેમણે પોતાનું કર્તવ્ય કરવું જોઇએ એમ સમજાવવામાટે ગીતાશાસ્ત્રનો ઉપદેશ ભગવાને કરેલો છે એમ કહેવું એ ગીતાશાસ્ત્રનાં પૂર્વાપરનાં વચનો વિચારતાં વિરોધવાળું જણાય છે. અર્જુનને આત્મસ્વરૂપનું જ્ઞાન ન હોવાથી એ અજ્ઞાની હતા, અને તેમને તે વેળા શોક તથા મોહ ઉપજ્યા હતા એમ "**शोकसंविग्नमानसः**" અ૦ ૧–૪૭ (શોકથી ભરેલા મનવાળા) અને "**तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम् विषीदंतमिदं वाक्यं**" અ૦ ૨–૧ (તેવી રીતે દયાથી ભરેલા ને આંસુથી ભરેલી વ્યાકુલ આંખવાળા તથા ખેદ કરતા તેમને આ વાક્ય) એ સંજયનાં વચનોઉપરથી, અને બીજા અધ્યાયના પાંચમા શ્લોકમાંનાં "ગુરુઓને નહિ મારીને ભિક્ષાનું અન્ન ખાવું સારું છે," સાતમા શ્લોકમાંનાં "ધર્મમાં અત્યંત મૂઢ ચિત્તવાળા" આઠમા શ્લોકમાંનાં "મારા શોકને દૂર કરે," તથા અઠ્ઠાવીશમા શ્લોકથી પાંત્રીશમા શ્લોકસુધીનાં "હે શ્રીકૃષ્ણ ! આ સ્વજનને જોઇને" ઇત્યાદિ અર્જુનનાં વચનોથી, અને બીજા અધ્યાયના બીજા શ્લોકમાંનાં "તમને આ મલિનતા શા કારણથી પ્રાપ્ત થઇ છે ?" બીજા અધ્યાયમાંના અગીઆરમા શ્લોકમાંનાં "તમે શોક કરો છો" બીજા અધ્યાયના પચીશમા, સત્યાવીશમા ને ત્રીશમા શ્લોકમાંનાં "તમે શોક કરવાને યોગ્ય નથી," "તમે એવી રીતે શોક કરવાને યોગ્ય નથી," ને "તમે શોક કરવાને યોગ્ય નથી," અને ચોથા અધ્યાયના પાંત્રીશમા શ્લોકમાંનાં "ફરીને તમે એવી રીતે મોહને નહિ પામો," તથા અઢારમા અધ્યાયના છાસઠ-

માંનાં ને ઓતેરમાનાં " શોક ન કરો, " ને " શું તમારું અજ્ઞાન ને મોહ નાશ પામ્યાં ? " એ ભગવાનનાં વચનોથી સિદ્ધ થાય છે.

અર્જુન જ્ઞાની નહોતા, પણ જિજ્ઞાસુ હતા એમ ગીતાજીના પહેલા અધ્યાયના ૩૦ મા તથા ૩૧ મા શ્લોકથી તથા બીજા અધ્યાયના સાતમા તથા આઠમા શ્લોકથી તથા ૪૭ મા ને ૪૮ મા શ્લોકથી જણાય છે.

જેમ માનસપરિતાપરૂપ શોકથી તપેલા મનવાળા શ્રીનારદજીને ભગવાન્ સનત્કુમારે ભૂમાનો (બ્રહ્મનો) ઉપદેશ કરીને તેમના મનના શોકની નિવૃત્તિ કરી છે તેમ શ્રીકૃષ્ણે પણ અર્જુનને આત્માથી અભિન્ન બ્રહ્મનો ઉપદેશ કરીને તેમના શોકમોહની નિવૃત્તિ કરી છે.

ગીતાજીનું તાત્પર્ય લૌકિકપ્રવૃત્તિમાર્ગના પ્રતિપાદનમાં નથી, કેમકે તેમાં કોઈ પણ વ્યાવહારિક ધંધાનો કે સ્વાભાવિક કર્મોનો ઉપદેશ જોવામાં આવતો નથી. મુમુક્ષુએ શાસ્ત્રોક્ત સકામકર્મો કરવાં જોઇએ એવો ઉપદેશ પણ ગીતાજીમાં નથી, પણ ઊલટી સકામકર્મોની નિંદા બીજા અધ્યાયના ૪૨-૪૪ શ્લોકમાં તથા નવમા અધ્યાયના ૨૦-૨૧ શ્લોકમાં કરી છે. શાસ્ત્રોક્ત નિષ્કામકર્મ અંતઃકરણની શુદ્ધિદ્વારા આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં ને તેદ્વારા મોક્ષની પ્રાપ્તિમાં ઉપયોગી થાય છે માટે તેની પ્રશંસા ગીતાજીમાં કરી છે. ગીતાજીમાં જે " હે શત્રુને તપાવનાર ! તમે નિંદ્ય એવા માનસિક દુર્બલપણાનો ત્યાગ કરીને યુદ્ધ કરવામાટે ઊઠો,"[1] " તે કારણથી હે ભારત ! તમે યુદ્ધ કરો,"[2] " કેમકે ક્ષત્રિયને ધર્મરૂપ યુદ્ધથી અન્ય શ્રેય વિદ્યમાન નથી,"[3] " તેથી હે કૌંતેય ! દૃઢ નિશ્ચયવાળા થઇને યુદ્ધ કરવામાટે ઊઠો,"[4] "તેથી યુદ્ધને માટે સજ્જ થાઓ,"[5] " સંતાપથી રહિત થઈ યુદ્ધ કરો,"[6] " હે અર્જુન ! નિષ્કામકર્મરૂપ યોગમાં સ્થિર થઇ યુદ્ધ કરવા ઊઠો,"[7] " તેથી સર્વ સમયમાં મારું વારંવાર સ્મરણ કરો, ને યુદ્ધ કરો,"[8] " તેથી તમે યુદ્ધ કરવામાટે ઊઠો, ને યશ મેળવો,"[9] અને " યુદ્ધ કરો, તમે યુદ્ધમાં શત્રુઓને જિતશો"[10] આવાં વચનો જોવામાં આવે છે તે જે મુમુક્ષુ ક્ષત્રિયને ધર્મયુદ્ધ પ્રાપ્ત થયું હોય તેણે પોતાના અંતઃકરણની શુદ્ધિ કરવામાટે સમભાવ રાખી પોતાને પ્રાપ્ત થયેલું ધર્મયુદ્ધ કરવું જોઇએ એમ જણાવનારાં છે. ગીતાજીનો

૧ અ. ૨-૩. ૨ અ. ૨-૧૮. ૩ અ. ૨-૩૧. ૪ અ. ૨-૩૭. ૫ અ. ૨-૩૮. ૬ અ. ૩-૩૦. ૭ અ. ૪-૪૨. ૮ અ. ૮-૭. ૯ અ. ૧૧-૩૩. ૧૦ અ. ૧૧-૩૪.

પ્રતિપાદ્ય વિષય ક્ષત્રિયને યુદ્ધ કર્તવ્ય છે એ નથી. જો ગીતાજીનો પ્રતિપાદ્ય વિષય યુદ્ધજ હોત તો ધનુર્વેદને લગતો ઉપદેશજ ગીતાજીમાં કરત, પણ સંન્યાસનું, આત્મધ્યાનનું, પરમાત્મભક્તિનું, અંતરાત્માથી અભિન્ન બ્રહ્મના સ્વરૂપનું અને સ્થિતપ્રજ્ઞાદિનાં લક્ષણોનું કથન નજ કરત. જો કર્મયોગનુંજ પ્રતિપાદન કરવું એ આ ગ્રંથનો ઉદ્દેશ હોત તો આ ગ્રંથના ચોથા અધ્યાયના છત્રીશમા શ્લોકમાં "જો તમે સર્વે પાપ કરનારાઓના કરતાં પણ વધારે પાપ કરનારા હશો તોપણ તે સર્વ પાપને તમે જ્ઞાનરૂપ વહાણવડેજ સારી રીતે તરી જશો" એમ આત્મજ્ઞાનનું શ્રેષ્ઠ માહાત્મ્ય ન જણાવત, તથા બીજા અધ્યાયથી માંડીને અઢારમા અધ્યાયસુધી જે ન્યૂનાધિકપણે મોક્ષનું નિરૂપણ કર્યું છે તે ન કરત.

જેમના અંતઃકરણને આત્માથી અભિન્ન બ્રહ્મનો દૃઢ સાક્ષાત્કાર થયો હોય તેમને કોઈ પણ પ્રકારનું કર્તવ્ય કર્તવ્યરૂપે અવશેષ રહેતું નથી, ને જેમને કોઈ પણ કર્તવ્ય કર્તવ્યરૂપે અવશેષ રહ્યું હોય તે આત્મજ્ઞાની ગણાતા નથી. સ્મૃતિમાં પણ નીચેના વચનથી એમજ કહ્યું છે:—

" ज्ञानामृतेन तृप्तस्य कृतकृत्यस्य योगिनः ।
नैवास्ति किंचित्कर्तव्यमस्ति चेन्न स तत्त्ववित् ॥ "[1]

શ્રીવિદ્યારણ્યસ્વામી પણ પંચદશીમાં આત્મજ્ઞાનીને કાંઇ પણ કર્તવ્ય બાકી રહેતું નથી એમ તેમના ઉદ્ગારોદ્વારા વર્ણવે છે:—

" धन्योऽहं धन्योऽहं कर्तव्यं मे न विद्यते किंचित् ।
धन्योऽहं धन्योऽहं प्राप्तव्यं सर्वमद्य संपन्नम् ॥ "[2]

ગીતાજીમાં પણ આત્મામાંજ પ્રીતિવાળા તથા આત્મામાંજ સંતોષ પામેલાને કાંઇ પણ કર્તવ્ય નથી એમ કહેલું છે. એવી રીતે આત્મજ્ઞાનીને કર્તવ્યનો અભાવ શાસ્ત્રસિદ્ધ હોવાથી અર્જુન આત્મજ્ઞાની નહોતા, પણ મુમુક્ષુજ હતા તેથી તેમને શ્રીભગવાને સમભાવ રાખીને પોતાના ચિત્તની

૧ અંતરાત્માથી અભિન્ન બ્રહ્મના જ્ઞાનરૂપ અમૃતવડે તૃપ્ત થયેલા કૃતાર્થ યોગીને કાંઈ પણ કર્તવ્ય શેષ રહેતું નથી, અને જેમને કાંઇ પણ કર્તવ્ય શેષ રહ્યું હોય તે આત્માથી અભિન્ન બ્રહ્મને જાણનાર નથી.

૨ હું કૃતાર્થ છું, હું કૃતાર્થ છું, હવે મને કાંઇ પણ કર્તવ્ય વિદ્યમાન નથી. હું કૃતાર્થ છું, હું કૃતાર્થ છું, પ્રાપ્ત કરવાયોગ્ય સર્વ મને આજ પ્રાપ્ત થયું છે.

શુદ્ધિ કરવામાટે પ્રાપ્ત ધર્મયુદ્ધમાં પ્રવૃત્ત થવારૂપ નિષ્કામકર્મનો ઉપદેશ કર્યો છે. જો તેઓ કર્તવ્યનો પાર પામી આત્મજ્ઞાની થયા હોત તો ભગવાન્ તેમને યુદ્ધમાં પ્રવૃત્ત થવાનો ઉપદેશ નજ કરત.

બ્રહ્મવેત્તા પુરુષ કૃતાર્થ છતાં પણ જો તેમનું પ્રારબ્ધકર્મ પ્રવૃત્તિ કરાવવાના બલવાળું હોય તો તેઓ લોકોને સન્માર્ગે ચલાવવામાટે અને તેમને અસન્માર્ગથી રોકવામાટે પોતાનું પ્રાપ્ત કર્તવ્ય કરતા અન્યની દૃષ્ટિએ પ્રતીત થાય છે, અને જો તેમનું પ્રારબ્ધકર્મ તેમને નિવૃત્તિપરાયણ રાખવાના બલવાળું હોય તો તેઓ વિક્ષેપ ઉપજાવનારાં કર્મોનો પરિત્યાગ કરી પ્રધાનપણે બ્રહ્મવિચારમાં કે બ્રહ્મધ્યાનમાં નિમગ્ન રહેતા અન્યની દૃષ્ટિએ પ્રતીત થાય છે. એવી રીતે તેમની શાસ્ત્રીય કર્મમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ તેમના પ્રારબ્ધકર્માનુસાર હોય છે. શ્રુતિસ્મૃતિ કૃતાર્થ જ્ઞાનીને કર્મમાં પ્રવૃત્તિ કરવાની કે કર્મથી નિવૃત્ત થવાની આજ્ઞા કરતાં નથી. જેમણે બ્રહ્મસ્વરૂપનો દૃઢ અનુભવ કર્યો હોય તેઓ જો શાસ્ત્રોક્ત કર્મ કરતા હોય તોપણ કૃતાર્થ છે, અને જો તેઓ શાસ્ત્રોક્ત કર્મ ન કરતા હોય તોપણ કૃતાર્થ છે. ગીતાજીમાં આત્મજ્ઞાનીએ અવશ્ય શાસ્ત્રીય કે લૌકિક કર્મ કરવાંજ જોઇએ એવાં વચનો મળતાં નથી, પણ જિજ્ઞાસુએ પોતાના અંતઃકરણની શુદ્ધિ કરવામાટે શાસ્ત્રમાં કહેલાં વર્ણાશ્રમનાં કર્મો કર્મફલની ઇચ્છાનો ને કર્તાપણાના અભિમાનનો પરિત્યાગ કરીને કરવાં જોઇએ એવાં વચનો અર્જુનને નિમિત્ત કરીને કહેલાં જોવામાં આવે છે.

ગીતાજીમાં " આ લોકમાં આત્મજ્ઞાનના જેવું પવિત્ર બીજું કાંઇ નથી," " કાંઇ પણ બાકી ન રહે એમ સઘળાં કર્મો આત્મજ્ઞાનમાં પરિસમાપ્ત થાય છે," ને " હે અર્જુન ! આત્માના જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મોને બાળીને ભસ્મ કરી દે છે " ઇત્યાદિ આત્મજ્ઞાનનું શ્રેષ્ઠપણું જણાવનારાં વચનો આત્મજ્ઞાન મુખ્ય પ્રાપ્તવ્ય છે એમ જણાવે છે, અને બીજાં કેટલાંક વચનો તે આત્મજ્ઞાનની પ્રાપ્તિમાટે નિષ્કામકર્મનો, આત્મધ્યાનનો ને પરમાત્મભક્તિનો ઉપદેશ કરે છે.

ગીતાજીને વર્ણધર્મ માન્ય છે એમ " મેં બ્રાહ્મણાદિ ચાર વર્ણો સર્જ્યા છે " ઇત્યાદિ વચનોથી જણાય છે.

ગીતાજીમાં નીતિની મીમાંસા કરી નથી, પણ ચાર વર્ણના ધર્મોની ને તેમાં પણ વિશેષે જેને ધર્મયુદ્ધ પ્રાપ્ત થયું હોય તેવા જિજ્ઞાસુ ક્ષત્રિયના

ધર્મની મીમાંસા કરી છે, અર્થાત્ તેમાં અર્જુનને તેમના અંતઃકરણની શુદ્ધિમાટે અભિમાનનો ને ફલેચ્છાનો પરિત્યાગ કરીને પ્રાપ્ત ધર્મયુદ્ધ કરવારૂપ નિષ્કામકર્મ કરવાનો ઉપદેશ કરેલો છે. જે આળસુ મનુષ્ય વ્યવહારપરમાર્થનું કાંઇ કામ ન કરતા હોય તેમણે અફીણના જેવા સ્વભાવવાળા આળસનો પરિત્યાગ કરી સકામ શુભકર્મો કરવાં જોઇએ. અકૃતાર્થ મનુષ્ય પોતાને જ્ઞાની કે ભક્ત માની આળસ કે પ્રમાદાદિને વશ થઇ શુભકર્મનો ત્યાગ કરે તે કોઇ પણ પ્રકારે ઇચ્છવાયોગ્ય નથી. જેમને સકામ શુભકર્મોમાં દોષદર્શન થાય તેમણે નિષ્કામબુદ્ધિથી શાસ્ત્રોક્ત શુભ કર્મો કરવાં જોઇએ. નિષ્કામકર્મના સેવનથી મનુષ્યનું અંતઃકરણ શુદ્ધ થાય છે, શુદ્ધ થયેલા અંતઃકરણવાળો મનુષ્ય આત્મધ્યાનથી કે પરમાત્માની અનન્યભક્તિથી આત્માથી અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર કરવા સમર્થ થાય છે, અને આત્માથી અભિન્ન બ્રહ્મના સાક્ષાત્કારવડે તે મોક્ષને પ્રાપ્ત કરી કૃતાર્થ થાય છે.

"ગીતાજીમાં કર્મયોગનોજ ઉપદેશ છે, પણ અદ્વૈતમાર્ગીઓએ અને ભક્તિમાર્ગવાળાઓએ તેનો આત્મજ્ઞાનયોગપર ને ભક્તિયોગપર અર્થ તાણીતુષીને કર્યો છે" એવું માનનારા ને કહેનારા મનુષ્યોએ પક્ષપાતનો પરિત્યાગ કરી ગીતાજીના મૂલ શ્લોકોનોજ શાંત ચિત્તે વિચાર કરવો જોઇએ, કે જેથી ગીતાજીમાં શાનું મુખ્ય પ્રતિપાદન છે તે જણાઈ આવે.

નિષ્કામકર્મો ચિત્તશુદ્ધિ કરે છે, પણ તે મોક્ષના સાક્ષાત્ હેતુભૂત થતાં નથી, પરમાત્માની અનન્યભક્તિ અન્ય પ્રાણિપદાર્થમાં ભટકતા મનુષ્યના મનને પરમાત્મામાં સ્થિર કરાવવા સમર્થ થાય છે, પણ તે મોક્ષના સાક્ષાત્ હેતુભૂત થતી નથી, પરંતુ અંતરાત્માથી અભિન્ન બ્રહ્મનું દૃઢ અપરોક્ષજ્ઞાનજ મોક્ષમાં સાક્ષાત્ હેતુભૂત થાય છે એ વિષય અન્યત્ર વિસ્તારથી ચર્ચેલો હોવાથી અહિં તેનું પ્રતિપાદન કર્યું નથી. ઇતિ શમ્.

ૐ

ચોથી આવૃત્તિનો ઉપોદ્ઘાત.

આ આવૃત્તિમાં માત્ર કોઇ કોઇ સ્થલે જિજ્ઞાસુઓને સ્પષ્ટ બોધ થવા-માટે કેટલોક સુધારોવધારો કરવામાં આવ્યો છે. ઇતિ શમ્.

ૐ

ત્રીજી આવૃત્તિનો ઉપોદ્ઘાત.

આ આવૃત્તિમાં ગીતામાહાત્મ્યના શ્લોકોનાં પદચ્છેદ, પદાર્થ તથા શબ્દાર્થ આપવામાં આવ્યાં છે, ને કેટલેક સ્થલે વિવેચનમાં યોગ્ય વધારો જિજ્ઞાસુઓના હિતાર્થે કરવામાં આવ્યો છે. ઇતિ શમ્.

ૐ

બીજી આવૃત્તિનો ઉપોદ્ઘાત.

આ ગ્રંથની પહેલી આવૃત્તિમાં ઋષિ, છંદ ને દેવતા આદિ, કરન્યાસ, હૃદયાદિ ન્યાસ ને ગીતામાહાત્મ્ય માત્ર સંસ્કૃતભાષામાં આપ્યાં હતાં, તેનું ગુજરાતી ભાષાંતર આપવામાં આવ્યું નહોતું, તે સર્વનું ગુજરાતી ભાષાંતર આ આવૃત્તિમાં આપવામાં આવ્યું છે, તથા ઋષિ, છંદ ને દેવતા આદિ, કરન્યાસ અને હૃદયાદિ ન્યાસના ભાષાંતરઉપરાંત તેમના સંબંધમાં કેટલુંક અગત્યનું સ્પષ્ટીકરણ પણ કર્યું છે. ધ્યાનના ભાષાંતરમાં પણ કેટલોક અગત્યનો વધારો કરવામાં આવ્યો છે, તે ઉપરાંત કોઇ સ્થલે શ્લોકોની ટીકામાં પણ સુધારોવધારો કરેલો જોવામાં આવશે. વળી પહેલી આવૃત્તિમાં શ્લોકોની ઉત્થાનિકામાં રહસ્યનો પ્રસંગ જણાવ્યો હતો તે દૂર કરી આ આવૃત્તિમાં ત્યાં ઇતિહાસનો પ્રસંગ જણાવ્યો છે. ઇતિ શમ્.

ૐ

પહેલી આવૃત્તિનો ઉપોદ્ઘાત.

જેમ બ્રહ્માંડમાં દેવો અને અસુરો છે તેમ પિંડમાં પણ તે છે, કેમકે બ્રહ્માંડ અને પિંડની રચના એકજ પ્રકારની છે, અર્થાત્ જે વસ્તુઓ બ્રહ્માંડમાં છે તે વસ્તુઓ પિંડમાં પણ છે, તથા બહાર જેમ દૈવાસુરસંગ્રામ સંભળા આવ્યા કરે છે તેમ પિંડમાં પણ તે સંગ્રામ નિરંતર આવ્યા કરે છે.

પિંડમાં શુભવૃત્તિઓ–દૈવીસંપત્–તે દેવો ને અશુભવૃત્તિઓ–આસુરીસંપત્–તે અસુરો છે. અંતઃકરણમાં સંસ્કારરૂપે રહેલી આસુરીસંપત્ તો તેના પ્રબોધકોના અનાયાસે મળવાથી પ્રથમજ વૃદ્ધિ પામે છે, ને તેવે રૂપે અંતઃકરણમાં રહેલી દૈવીસંપત્ તો મહાત્માઓના સત્સંગથી અને યોગ્ય પુરુષપ્રયત્નથી બહુધા પછીથી યોગ્ય વયમાંજ વૃદ્ધિ પામે છે, એટલે કે આસુરીસંપત્નો પ્રાદુર્ભાવ પ્રાયશઃ પહેલો ને દૈવીસંપત્નો પ્રાદુર્ભાવ પછીથી થાય છે માટેજ "ततः कानीयसा एव देवा ज्यायसा असुराः" એ શ્રીબૃહદારણ્યકની શ્રુતિમાં દેવોને નાના ને અસુરોને મોટા કહેલા છે.

સ્થૂલ પદાર્થોમાં જીવની આસક્તિને સુદૃઢ કરી આસુરીસંપત્ તેને શનૈઃ શનૈઃ કલ્યાણના માર્ગમાં પ્રવેશ કરવાની અયોગ્યતાએ પહોંચાડે છે, ને તેથી ઊલટી રીતે દૈવીસંપત્ શનૈઃ શનૈઃ સ્થૂલ પદાર્થોમાંથી જીવની આસક્તિનો ત્યાગ કરાવી ઉત્તરોત્તર તેને સૂક્ષ્મ પદાર્થોનું અનુસંધાન કરવાને યોગ્ય બનાવી અંતે અવિનાશી પદે પહોંચાડે છે માટેજ શાસ્ત્રકારોએ આસુરીસંપત્ને હેય ને દૈવીસંપત્ને ઉપાદેય ગણી છે. એ દૈવીસંપત્ ને આસુરીસંપત્ પ્રાણીઓના શરીરમાં પરસ્પરનો પરાજય કરવાને નિરંતર ઉદ્યમી છે. એ વિષયમાં શ્રીશંકરભગવાન્ શ્રીછાંદોગ્યોપનિષદ્‌ના પ્રથમ અધ્યાયના (પ્રપાઠકના) દ્વિતીયખંડના પ્રથમમંત્રના પોતાના ભાષ્યમાં કહે છે કેઃ—

"પ્રાણિમાત્રના શરીરમાં અનાદિકાલથી દેવો અને અસુરોનો સંગ્રામ ચાલે છે. શાસ્ત્રીય જ્ઞાન અને શાસ્ત્રીય ક્રિયાના અનુષ્ઠાનવડે ઉચ્ચપણે પ્રકાશિત થયેલી ઇંદ્રિયોની વૃત્તિઓ તે દેવો છે, અને તેનાથી વિપરીત વિષયાસક્ત પ્રાણપોષક વૃત્તિઓ એ સર્વ અસુરો છે. ઉભય પક્ષ પરસ્પરના વિષયોનું અપહરણ કરવામાં જાગ્રત્ રહી નિરંતર પરસ્પર સંગ્રામ કરે છે– વિષયભોગની વાસનાવાળી ઇંદ્રિયવૃત્તિઓ સર્વદા પરમાત્મવિષયક વૃત્તિઓનો પરાભવ કરવા ઇચ્છે છે, અને એવીજ રીતે પરમાત્મવિષયક ઇંદ્રિયવૃત્તિઓ વિષયભોગની વાસનારૂપ વૃત્તિઓને હણવા યત્ન કરે છે."*

* "देवा दीव्यतेर्द्योतनार्थस्य शास्त्रोद्भासिता इन्द्रियवृत्तयः। असुरास्तद्विपरीताः स्वेष्वेवासुषु विष्वग्विषयासु प्राणनक्रियासु रमणात्स्वाभाविक्यस्तमआत्मिका इन्द्रियवृत्तय एव। ***। शास्त्रीयप्रकाशवृत्त्यभिभवनाय प्रवृत्ताः स्वाभाविक्यस्तमोरूपा इन्द्रियवृत्तयोऽसुराः। तथा तद्विपरीताः शास्त्रार्थविषयविवेकज्योतिरात्मानो

એ પ્રમાણે જીવમાં બંને પ્રકારની વૃત્તિઓ રહી છે. પામર અને વિષયી જીવોને સત્પુરુષનો અને સચ્છાસ્ત્રનો સમાગમ નહિ હોવાથી તેમનામાં આસુરીવૃત્તિઓ બલવાન્ હોય છે, ને બહારથી આસુરજનોદ્વારા નિરંતર તે વિશેષ વૃદ્ધિ પામતી જાય છે, અને જિજ્ઞાસુઓમાં પૂર્વના શુભ સંસ્કારથી તથા સચ્છાસ્ત્રના અને સત્પુરુષના સમાગમથી દૈવીવૃત્તિઓ બલવાન્ હોય છે, ને ઈશ્વરજનોતરફથી બહારથી પણ તેને પોષણ મળે છે એટલે તે ઉત્તરોત્તર વિશેષ બલવાન્ થતી જાય છે. સચ્છાસ્ત્રના અને સત્પુરુષના ઉપદેશની પ્રવૃત્તિ પણ એવા જિજ્ઞાસુ પુરુષોમાટેજ છે, વિષયી તથા પામરમાટે નથી. મનુષ્યને પશુપક્ષીઓની વાતો કહી તે ઉપરથી તેમને બોધ આપવો એ જેમ શ્રોતાઓને આનંદકારક ને વધારે અસર કરનાર થાય છે તેમ બ્રહ્માંડમાંનાં સ્થૂલ દૃષ્ટાંતો આપી પિંડમાંના સિદ્ધાંતો સમજાવવા એ પણ શ્રોતાઓને આનંદદાતા ને વિશેષ અસર કરનાર થાય છે. એવા ઉપદેશથી સામાન્ય મનુષ્યોમાં ભક્તિભાવનો પ્રાદુર્ભાવ થાય છે, અને ખરા જિજ્ઞાસુઓને વિલક્ષણ આનંદ આપનાર જ્ઞાનમાર્ગની છુપી ગલીકુંચીઓ હાથ આવે છે. આપણાં પુરાણો પણ પ્રાયશઃ આવાજ ધોરણપર રચાયેલાં છે, તેમાં પણ મહાભારત કે જેને પાંચમા વેદનું નામ આપવામાં આવે છે તે તો એ વિષયમાં સર્વથી વિશેષ આગળ પડે છે. એ ઉત્કૃષ્ટ મહાભારતરૂપ વૃક્ષમાં **શ્રીમદ્ભગવદ્ગીતા**÷ એ ફલરૂપ છે, જેની રચના કરવામાં પરમ-દયાલુ **શ્રીવ્યાસભગવાને** પોતાની અગાધ બુદ્ધિનો સંપૂર્ણ ઉપયોગ કર્યો છે. એ શાસ્ત્રમાં તેમણે ઉપરથી કૌરવોના તથા પાંડવોના યુદ્ધનો પ્રસંગ અને

देवा: स्वाभाविकतमोरूपासुराभिभवनाय प्रवृत्ता इत्यन्योन्याभिभवोद्भवरूपः संग्राम इव सर्वप्राणिषु प्रतिदेहं देवासुरसंग्रामोऽनादिकालप्रवृत्त इत्यभिप्रायः। स इह श्रुत्याऽऽख्यायिकारूपेण धर्माधर्मोत्पत्तिविवेकविज्ञानाय कथ्यते प्राणविशुद्धिविज्ञानविधिपरतया ॥"

÷ એ ગ્રંથ **શ્રીમહાભારતના** **ભીષ્મપર્વનામના** છઠ્ઠા પર્વમાં પચીશમા અધ્યાયથી બેંતાળીશમા અધ્યાયપર્યન્ત છે. **મહાભારતની** કથા **શ્રીવૈશંપાયન-ઋષિએ** જનમેજયરાજાને કહી છે, તેમાં **શ્રીગીતાજી**જેટલો ભાગ **સંજયે** ધૃતરાષ્ટ્રને કહ્યો છે એમ જણાવ્યું છે. એ અઢાર અધ્યાયમાં સાત સો શ્લોકોથી કર્મ, ઉપાસના ને જ્ઞાનનું, તેમજ ત્વંપદ, તત્પદ ને ત્વંપદતત્પદનીએકતારૂપ બ્રહ્મ-પદનું બહુ ઉત્કૃષ્ટરીતે વર્ણન કર્યું છે. એ સાત સો શ્લોકોમાં ૧ ધૃતરાષ્ટ્રનો, ૪૧ સંજયના, ૮૪ અર્જુનના ને ૫૭૪ શ્લોકો **શ્રીકૃષ્ણના** કહેલા છે. આ શાસ્ત્ર વેદાંતનાં ત્રણ પ્રસ્થાનોમાંનું એક પ્રસ્થાન ગણાય છે.

અંતરથી આસુરીસંપત્‌ના તથા દૈવીસંપત્‌ના યુદ્ધનો પ્રસંગ વર્ણવ્યો છે.* એ ગ્રંથમાં સમાવેલા વિષયનો ટુંકો સાર આ પ્રમાણે છેઃ—

અંધ ધૃતરાષ્ટ્રના (વિષયાંધ મોહના–અવિવેકના) દુર્યોધનાદિ (કામાદિ) પુત્રો સઘળું રાજ્ય (શરીરાદિ પ્રદેશ) દબાવી પોતાના કાકા પાંડુના (વિવેકના) યુધિષ્ઠિરાદિ (સદ્ધર્માદિ) પુત્રોને કાંઇ પણ ભાગ આપતા નથી. એ વિષયમાં તેમને બહુ બહુ સમજાવ્યા છતાં પણ જ્યારે તેઓ સમજ્યા નહિ ત્યારે પરસ્પર યુદ્ધ કરવાનું ઠર્યું છે. પાંડવોની (વિવેકના પુત્રોની) સેનામાં યુધિષ્ઠિર, (સદ્ધર્મ,) ભીમ, (સાહસ,) અર્જુન, (અંદવિરાગ,) નકુલ, (ઉપશમ,) સહદેવ (ભક્તિ) ને ધૃષ્ટદ્યુમ્ન (એકાગ્રતા) આદિ મુખ્ય યોદ્ધાઓ હતા, તેમાં પણ યુદ્ધમાં સર્વથી આગળ પડતો ભાગ લેવાનું કામ અર્જુનનું હતું. શ્રીકૃષ્ણ (આત્મા) એ અર્જુનના (અંદવિરાગના) સારથિનું (નેતાનું) કામ કરતા હતા. કૌરવોની (મોહના પુત્રોની) સેનામાં દુર્યોધન, (કામ,) ભીષ્મ, (અસ્મિતા,) દ્રોણ, (સંસ્કાર,) કૃપાચાર્ય, (અવિદ્યા,) કર્ણ, (રાગ,) વિકર્ણ, (દ્વેષ,) અશ્વત્થામા, (વાસના,) જયદ્રથ, (અભિનિવેશ,) શલ્ય (વિષયાકર્ષણ) ને ભૂરિશ્રવા (અશ્રદ્ધા) આદિ મુખ્ય યોદ્ધાઓ હતા. બંને સેનાના યુદ્ધનો પ્રારંભ થવાનો સમય આવતાં અર્જુનની ઇચ્છાથી શ્રીકૃષ્ણ તેમને બંને સેનાના મધ્યભાગમાં લઇ ગયા. ત્યાં જઇ

---

* "इत्थं संपद्द्वयं न्यस्य, तयोरन्योन्यमाग्रहात् ।
युद्धं प्रदर्शितं सम्यग्विस्तरान्मुनिना खलु ॥१७॥"

"दैवीसंपदुपादेया पांडवानां जयाज्जनैः ।
आसुरीसंपदा हेया धार्तराष्ट्रपराजयात् ॥१९॥
यतो धर्मस्ततः कृष्णो यतः कृष्णस्ततो जयः ।
इत्येवं रूपकेणार्थो भारते मुनिनेरितः ॥२०॥"

પંડિત શ્રીસદાનંદમિશ્રકૃત ગીતાભાવપ્રકાશટીકામાંથી પ્રથમ શ્લોકની ચેની ટીકા.

ભાવાર્થઃ—પ્રસિદ્ધ વ્યાસમુનિએ આવી રીતે દૈવી ને આસુરી બંને સંપત્‌ને પાંડવ ને કૌરવરૂપે ગોઠવીને તે બન્નેનું પરસ્પર આગ્રહથી યુદ્ધ મહાભારતમાં વિસ્તારથી સારી રીતે દેખાડ્યું છે. ૧૭ પાંડવોના જયથી મનુષ્યોએ દૈવીસંપત્ મેળવવાયોગ્ય છે, ને ધૃતરાષ્ટ્રના પુત્રાદિના પરાજયથી આસુરીસંપત્ ત્યજવાયોગ્ય છે. ૧૯ જ્યાં ધર્મ છે ત્યાં શ્રીકૃષ્ણ છે, ને જ્યાં શ્રીકૃષ્ણ છે ત્યાં જય છે, આવી રીતે રૂપકવડે વ્યાસમુનિએ મહાભારતમાં આ અર્થ કહ્યો છે. ૨૦

જોવાથી તેમને પ્રત્યક્ષ જણાયું કે સામા પક્ષમાં પણ મારા સંબંધિજનોજ છે માટે મારાથી તેમને હણાય નહિ, જો હું તેમને હણું તો મને પાપ લાગે ઇત્યાદિ વિચારથી શોકમોહ પામી તે યુદ્ધથી ઉપરામ થવાની ઇચ્છા કરવા લાગ્યા, પણ શ્રીકૃષ્ણે તેમને તેમનું કર્તવ્ય સમજાવી, શોકમોહરહિત કરી, યુદ્ધમાં પ્રેર્યા, અને પાંડવોને જય અપાવ્યો. મંદવિરાગની ચટકી આરંભમાં તો બહુ બલવાળી જણાય છે, પણ ખરો સમય આવેથી તે શિથિલ પડવા લાગે છે, પરંતુ પૂર્વના શુભ સંસ્કારથી ભક્તવત્સલ પરમાત્મા તેનું મંદપણું દૂર કરી તેને સુદૃઢ કરે છે, ને ઠેકાણે પાડે છે,—તેના શોક-મોહને દૂર કરી, કર્તવ્યનું અનુષ્ઠાન કરાવી, તેને ઇચ્છિત પદે પહોંચાડે છે. પૂર્વોક્ત દૃષ્ટાંતનો સિદ્ધાંત પણ એવીજ રીતનો છે.

કેટલાંક અજ્ઞાની માણસો **શ્રીગીતા**શાસ્ત્રનું પૂર્વોક્ત રહસ્ય સમજ્યા વિના માત્ર દૃષ્ટાંતનો એક દેશ લઇને કહે છે કે "શ્રીકૃષ્ણે અર્જુનને બોધ કરીને શું સારું પરિણામ આણ્યું? માત્ર ગોત્રમર્દનજેવા મહાપાપમય કર્મમાં પાપ નથી એમ સમજાવી તેમની પાસે ગોત્રમર્દન કરાવ્યું એજ કે બીજું કાંઇ?" આ તેમનું કહેવું બંને રીતે ભૂલભરેલું છે. પ્રથમ દૃષ્ટાંતરૂપ બ્રહ્માંડમાંના ઇતિહાસના પ્રસંગપર વિચારીએ તોપણ "ક્ષત્રિયે ધર્મયુદ્ધ કરવું" એવી શ્રુતિભગવતીની ને ધર્મશાસ્ત્રોની આજ્ઞા હોવાથી તથા તેવા ક્ષત્રિયોમાં શિષ્ટાચાર હોવાથી અર્જુનને યુદ્ધ કર્તવ્યજ હતું, ને તે પ્રમાણે શ્રીકૃષ્ણે તેમને તેમનો સ્વધર્મ સમજાવી યુદ્ધમાં યોજ્યા છે એટલે શાસ્ત્રાનુસાર તેમાં લેશ પણ અયોગ્યતા થઇ નથી, અને સિદ્ધાંતમાં રહસ્યરૂપે વિચારતાં જીવના કલ્યાણમાટે દૈવીસંપત્તિએ આસુરીસંપત્તિને અવશ્ય હણવીજ જોઇએ, ને તે પ્રમાણે આત્માએ મંદવિરાગને સુદૃઢ વિરાગ કરી તેને હાથે આસુરી-સંપત્તિનું હનન કરાવ્યું છે તે સર્વથા યોગ્યજ થયું છે.

આ **શ્રીગીતા**શાસ્ત્રનો પહેલો અધ્યાય તથા બીજા અધ્યાયના દશ શ્લોકો એ આ ગ્રંથના ઉપોદ્ઘાતરૂપ છે. બાકીનો બીજો અધ્યાય, ત્રીજાથી સત્તરમા અધ્યાયસુધીમાં વિસ્તારથી પ્રતિપાદન કરેલા વિષયોના સૂત્રરૂપ છે, તે આવી રીતઃ—"योगस्थः कुरु कर्माणि" ઇત્યાદિ વાક્યોથી કહેલી અંતઃકરણની શુદ્ધિના સાધનરૂપ જે નિષ્કામકર્મની નિષ્ઠા છે તેનું સામાન્ય-રૂપથી ત્રીજા અધ્યાયમાં ને વિશેષરૂપથી ચોથા અધ્યાયમાં નિરૂપણ કર્યું છે. "विहाय कामान् यः सर्वान्" ઇત્યાદિ વાક્યોમાં કહેલી જે શુદ્ધ ચિત્તવાળાને માટે શમદમાદિ સાધનપૂર્વક સર્વ કર્મોના સંન્યાસની નિષ્ઠા છે તે સર્વકર્મ-સંન્યાસનિષ્ઠા પાંચમા તથા છઠ્ઠા અધ્યાયમાં નિરૂપણ કરી છે. "युक्त आसीत

मत्परः" ઇત્યાદિ વચનોવડે સૂચવેલી વેદાંતવાક્યોથી સિદ્ધ જે અનેક શુદ્ધ ઉપાસના છે તે સર્વનું વર્ણન સાતમા અધ્યાયથી માંડીને બારમા અધ્યાયપર્યંત કર્યું છે. "वेदाविनाशिनं नित्यं" ઇત્યાદિ વચનોથી કહેલી તત્ત્વજ્ઞાનનિષ્ઠા તેરમા અધ્યાયમાં પ્રકૃતિપુરુષના વિવેકદ્વારા નિરૂપણ કરી છે. "त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन" ઇત્યાદિ વચનોથી સૂચવેલી ત્રણ ગુણોની નિવૃત્તિરૂપ જ્ઞાનનિષ્ઠાના ફલનું ચૌદમા અધ્યાયમાં નિરૂપણ કર્યું છે, ને ત્રણ ગુણોની નિવૃત્તિ એજ જીવન્મુક્તિ છે એ વાત ગુણાતીત પુરુષનાં લક્ષણો કહીને વર્ણવી છે. "तदा गंतासि निर्वेदं" ઇત્યાદિમાં કહેલી પરવૈરાગ્યનિષ્ઠા પંદરમા અધ્યાયમાં સંસારરૂપ વૃક્ષના ઉચ્છેદનદ્વારા કથન કરી છે. "दुःखेष्वनुद्विग्नमनाः" ઇત્યાદિ વચનોથી જણાવેલી દૈવીસંપત્ ને "यामिमां पुष्पितां वाचं" ઇત્યાદિ વચનોથી જણાવેલી આસુરીસંપત્ એ બંનેનું વર્ણન સોળમા અધ્યાયમાં કર્યું છે, ને "निर्द्वंद्वो नित्यसत्त्वस्थः" ઇત્યાદિ વચનોમાં કથન કરેલી દૈવીસંપતના અસાધારણકારણરૂપ સાત્ત્વિકી શ્રદ્ધાનું સત્તરમા અધ્યાયમાં રાજસીતામસી શ્રદ્ધાની નિવૃત્તિપૂર્વક નિરૂપણ કરેલું છે. એવી રીતે તેરમા અધ્યાયથી સત્તરમા અધ્યાયપર્યંતના પાંચ અધ્યાયોમાં ફલસહિત જ્ઞાનનિષ્ઠાનું વર્ણન કર્યું છે, ને છેવટના એટલે અઢારમા અધ્યાયમાં પાછળના સર્વ વિષયોનો ઉપસંહાર કર્યો છે. એ અઢાર અધ્યાયમાંના પ્રત્યેક અધ્યાયનો તથા પ્રત્યેક શ્લોકનો પરસ્પર શો સંબંધ છે તે બંનેની ઉત્થાનિકા જોવાથી જણાઇ આવશે.

શ્લોકોના પદચ્છેદમાં શબ્દોપર જે આંકડા મુકેલા છે તે અન્વયના બોધક છે.

શ્લોકોની ઉત્થાનિકામાં તથા ટીકામાં રહસ્યનો પ્રસંગ તથા કઠણ શબ્દાર્થોસંબંધિ વિવેચન છે, ને પદાર્થમાં તથા શબ્દાર્થમાં સ્થૂલ પ્રસંગજ દર્શાવ્યો છે, તેથી આ ગ્રંથને વિશેષરૂપે જાણવા ઇચ્છનાર તેમજ સામાન્યરૂપે જાણવા ઇચ્છનાર એ બંનેને તે ઉપયોગી થઇ પડશે. રહસ્યસંબંધિ વિશેષ સ્પષ્ટતા જોકે ટીકામાં કરી છે, તોપણ સાધારણ વાંચનારને તેથી કદાચિત્ પૂરતું ન સમજાય તો તેવાના ઉપયોગને માટે ગ્રંથને અંતે પરિશિષ્ટમાં આસુરીસંપતનાં તથા દૈવીસંપતનાં પાત્રોવગેરેની વિસ્તારથી સમજ આપી છે.

કલ્યાણનો માર્ગ બહિર્દૃષ્ટિથી બ્રહ્માંડમાં શોધવાથી હાથ લાગે એમ નથી, માત્ર અંતર્દૃષ્ટિથી પિંડમાં શોધવાથીજ તે હાથ લાગે એમ છે માટે જિજ્ઞાસુએ પણ પોતાના અધિકારાનુસાર અંતર્દૃષ્ટિથી એવો પ્રયત્ન કરવા યત્નવાન્ રહેવું જોઇએ. इति शिवम् ॥

॥ ૐ ॥

શ્રીમદ્ભગવદ્ગીતા.

અગત્યના દોષોનું શુદ્ધિપત્રક.

પૃષ્ઠાંક.	પંક્ત્યંક.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૬	૧	महेप्वासाः	महेष्वासाः
૧૮	૮	શૈબ્ય	શૈબ્ય
૨૧	૮	અસ્રાર	અસાર
૨૧	૧૨	मदर्थे	मदर्थे
૨૨	૨૧	ફલાવ્યા	લાવ્યા
૨૩	૧૭	ધૃ ારાષ્ટ્રને	ધૃતરાષ્ટ્રને
૨૩	૧૯	दध्मौ.	दध्मौ
૨૩	૨૫	ઉપંજાવવા	ઉપજાવવા
૨૫	૬	स्थितो	स्थितौ
૨૮	૬	अपंराजितः	अपराजितः
૩૧	૨	સેન્ય	સૈન્ય
૩૧	૨૩	आचायान्	आचार्यान्
૩૪	૧૦	(કતવર્મા)	(કૃતવર્મા)
૩૪	૨૭	સંબંધ	સંબંધિ
૪૦	૧૫	ભોગાવનાર	ભોગવાવનાર
૪૩	૨૦	વાર્ષ્ણેય	વાર્ષ્ણેય
૫૫	૧૧	થવ.થી	થવાથી
૫૭	૧૪	તં	તું
૬૦	૬	घाग्म्	धीरम्
૬૧	૧૪	પુરુષિભ	પુરુષર્ષભ
૬૩	૨	બને	બંને
૬૮	૮	चं	च
૭૨	૧૯	चेत्त्वं	चेत्त्व
૭૫	૧૩	પૂર્વે	પૂર્વ
૭૯	૭	भागै	मोगै
૮૦	૧૫	धैर्य	धैर्य
૮૫	૨૫	त	ते
૯૬	૧૦	પ્રજ્ઞને।	પ્રજ્ઞાને।

પૃષ્ઠાંક.	પંક્ત્યંક.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૦૨	૨૪	ग च	न च
૧૦૫	૨૭	कौंतय	कौंतेय
૧૧૨	૭	ન' કરવું	ન કરવું
૧૩૧	૫	થયેલા આ	થયેલા
૧૩૪	૨૯	नार्याय	नार्थाय
૧૩૫	૨૯	અર્થાત	અર્થાત્
૧૩૭	૧૫	અથાર્થનિ	અર્થાર્થીને
૧૪૯	૨૭	અર્થાત	અર્થાત્
૧૫૧	૨૧	પ્રાપ્ત	પ્રાપ્તિ
૧૫૬	૨૯	સર્વ	સર્વે
૧૬૧	૧૫	चिरेण	न्निरेणा
૧૬૧	૨૩	વિન	વિના
૧૬૪	૧૬	શુદ્ધ	શુદ્ધ
૧૬૭	૨૯	निर्घत	निर्धूत
૧૬૮	૨૪	शानि	ज्ञानि
૧૭૫	૫	નિવાણ	નિર્વાણ
૧૭૭	૨૪	કર્મેદ્રિયાદિને	કર્મેંદ્રિયાદિને
૧૮૭	૨૯	નાહે	નહિ
૧૯૩	૯	शनं:	शनैः
૨૪૮	૪	રહેલા	રહેલાં
૨૭૯	૧૬	છુ	છું
૨૮૬	૭	એ બંનેમાં	ઉપજાવનારાં નિમિત્તોની પ્રાપ્તિમાં
૨૯૯	૧૨	दंह	देहे
૩૧૧	૨૩	शात्रून्	शत्रून्
૩૨૦	૨૮	विश्वतर्मू	विश्वमूर्ते
૩૨૯	૧૮	देव	देह
૩૩૧	૨૨	शावनोपि	शक्नोमि
૪૧૪	૨૬	विर्धनाः	विवर्धनाः
૪૧૬	૨૩	अफलाकाक्षि	अफलाकांक्षि

આ દોષોવિના અનુસ્વાર, માત્રા, કાનો, હ્રસ્વ અળજુ, દીર્ઘ અળજુ ને રેફ આદિ છાપવામાં ઉડી ગયાં હોય તો તે સંબંધ બેસાડીને વાંચવાં.

ॐ

॥ श्रीमद्भगवद्गीता

श्रीगीतारहस्यदीपिकाटीकासहित ॥

ॐ श्रीगणेशाय नमः ॥ श्रीसद्गुरवे नमः ॥

ॐ ।अस्य श्रीमद्भगवद्गीतामालामंत्रस्य भगवान्वेदव्यास ऋषिः । अनुष्टुप्छंदः । श्रीकृष्णः परमात्मा देवता । अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषस इति बीजम् । सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रजेति शक्तिः । अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच इति कीलकम् ॥

अथ करन्यासः ॥ नैनं छिंदंति शस्त्राणि नैनं दहति पावक इत्यंगुष्ठाभ्यां नमः । न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुत इति तर्जनीभ्यां नमः । अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव चेति मध्यमाभ्यां नमः । नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातन इत्यनामिकाभ्यां नमः । पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रश इति कनिष्ठिकाभ्यां नमः । नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि चेति करतलकरपृष्ठाभ्यां नमः ॥ इति करन्यासः ॥

अथ हृदयादिन्यासः ॥ नैनं छिंदंति शस्त्राणि नैनं दहति पावक इति हृदयाय नमः । न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुत इति शिरसे स्वाहा । अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव चेति शिखायै वषट् । नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातन इति

कवचाय हुम् । पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रश इति नेत्रत्रयाय वौषट् । नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि चेति अस्त्राय फट् ॥ इति हृदयादिन्यासः ॥

श्रीकृष्णप्रीत्यर्थे पाठे विनियोगः ॥

વિવેચન:—બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિમાં પ્રતિબંધ કરનાર સર્વ વિઘ્નોને હરનાર હોવાથી સર્વ મંગલકાર્યના આરંભમાં સ્મરણ કરવાયોગ્ય સગુણબ્રહ્મરૂપ **શ્રીગણેશને** સવિનય સપ્રેમ નમસ્કાર. બ્રહ્મોપદેશવડે આ દુઃખપૂર્ણ સંસાર-સાગરમાંથી તારનારા **શ્રીસદ્‍ગુરુપરમાત્માને** બહુ માનપૂર્વક સવિનય નમસ્કાર. પ્રત્યેક મંત્રને બહુધા ઋષિ, છંદ, દેવતા, બીજ, શક્તિ ને કીલક આ છ હોય છે. આ ભગવદ્‍ગીતારૂપ મંત્રના જે ઋષિ આદિ છે તેમનું અહિં નિરૂપણ કરાય છે:—ॐ એ સગુણબ્રહ્મનું તથા નિર્ગુણબ્રહ્મનું નામ છે. તે ॐ અત્યંત મંગલરૂપ હોવાથી તેનું પ્રથમ ઉચ્ચારણ છે. આ ભગવદ્‍ગીતારૂપ માલાના મણકારૂપ મંત્રોના[1] ઋષિ એટલે દ્રષ્ટા—**શ્રીકૃષ્ણભગવાન્**નાં વચનોનો સંગ્રહ કરનારા—વેદવ્યાસ (વેદના ચાર વિભાગ કરનારા બાદરાયણ) છે. આ ગ્રંથમાં ઘણા છંદો અનુષ્ટુપ્ છે. **શ્રીકૃષ્ણપરમાત્મા** આ ગીતારૂપ મંત્રના પ્રતિપાદ્ય દેવ છે. "નહિ શોક કરવાયોગ્યનો તમે શોક કરો છો, અને પંડિતોએ નહિ બોલવાયોગ્ય એવાં વચનોને તમે બોલો છો," એ બીજા અધ્યાયનાં અગીઆરમા શ્લોકરૂપ મંત્રનો અર્ધભાગ આ શ્રીમદ્‍ભગવદ્‍-ગીતારૂપ મંત્રનું બીજ એટલે મોહશોકયુક્ત **અર્જુનપ્રતિ** આ ગ્રંથનો ઉપદેશ કર્યો તેના આરંભનું વચન છે. "સર્વ ધર્મનો પરિત્યાગ કરીને તમે એક મારુંજ શરણ ગ્રહણ કરો," એ અઢારમા અધ્યાયના ૬૬ મા

---

૧ સત્ય ને અજ્ઞાત વસ્તુનો બોધ કરનારાં આપ્તપુરુષનાં વચનો મંત્ર કહેવાય છે. પરમાત્મા ભ્રાંતિ, પ્રમાદ, ઠગવાની ઇચ્છા ને બુદ્ધિ તથા ઇંદ્રિયોના શિથિલપણાથી રહિત છે તેથી તેઓ આપ્ત મનાય છે. તેમણે લોક-હિતાર્થે **ઋગ્વેદ, યજુર્વેદ** ને **સામવેદાદિને** પ્રકટ કર્યા છે. એ વેદોમાં જે ઋચાઓ, યજુષાઓ ને સામો છે તે વૈદિકમંત્રો કહેવાય છે. તે મંત્રોથી ભિન્ન પુરાણાદિમાંના જે મંત્રો છે તે તાંત્રિકમંત્રો કહેવાય છે. **શ્રીમદ્‍ભગ-વદ્‍ગીતા** તાંત્રિકમંત્રરૂપ છે. **શ્રીકૃષ્ણભગવાન્** આપ્ત હોવાથી તેમનાં કર્મ, ઉપાસના ને જ્ઞાનરૂપ સત્ય ને અજ્ઞાત વિષયનાં બોધકવચનોરૂપ **શ્રીમદ્‍ભગ-વદ્‍ગીતા** મંત્રરૂપ ગણાય છે.

શ્લોકનો પ્રથમનો અર્ધભાગ આ ગીતારૂપ મંત્રની શક્તિ એટલે શોકમોહની નિવૃત્તિરૂપ ફલ મેળવવાનું બલ છે. " હું તમને સર્વપાપોથી મુક્ત કરીશ, તમે શોક ન કરો, " એ ઉપર કહેલા શ્લોકનો પછીનો અર્ધભાગ આ શ્રીગીતાજીરૂપ મંત્રનું કીલક (ખીલો–ચિત્તવૃત્તિને સુદૃઢ સ્થાપન કરવાનું સ્થાન) છે. મંત્રની મનમાં સ્થિરતા કરવામાટે આ કીલકની આવશ્યકતા છે. ઉપરનું વચન અર્જુનરૂપ મોક્ષસાધકના ચિત્તને હું ભગવાનની આજ્ઞા-પ્રમાણે વર્તવાથી સર્વપાપથી મોકળો થઇશ એવા નિશ્ચયમાં સ્થિર કરનાર હોવાથી ખીલારૂપ કહ્યું છે. પુરુષ જ્યારે સર્વપાપથી મોકળો થાય ત્યારે તે ચિત્તની શુદ્ધિ ને એકાગ્રતાવડે બ્રહ્માનુભવદ્વારા મોક્ષ મેળવી કૃતાર્થ થાય છે માટે પ્રત્યેક સાધકે મારા હિતોપદેષ્ટા સદ્‌ગુરુ મને સર્વપાપોથી અવશ્ય મોકળો કરશે એવો દૃઢ નિશ્ચય રાખવાની અત્યંત અગત્ય છે.

મંત્રમાં પ્રતિપાદન કરેલા દેવનું શરીરની પવિત્રતા કરવામાટે શરીરના અવયવોમાં સ્થાપન કરવું તે ન્યાસ કહેવાય છે. દેવ થઈને દેવનું પૂજન કરવું, પણ દેવ થયા વિના દેવનું પૂજન કરવું નહિ, એવી શાસ્ત્રની આજ્ઞા છે, તેથી ઋષિ, છંદ ને દેવતા આદિનું સ્મરણ કર્યા પછી મંત્રજપ કરનારે પોતાનું શરીર મંત્રમાં પ્રતિપાદન કરેલા દેવરૂપ કરવામાટે મંત્રના અતિ-અગત્યના ભાગવડે શરીરના મુખ્યભાગોને તે દેવની ભાવનાસહિત વિધિવત્ સ્પર્શ કરવો પડે છે. તેમાં પ્રથમ હાથને દેવરૂપ કર્યા વિના હૃદયાદિ ન્યાસ થઈ શકે નહિ માટે પ્રથમ કરન્યાસ કરવા પડે છે. તે કરન્યાસવડે બંને હાથનાં આંગળાં, હથેળીઓ તથા તેમની નીચેના ભાગો મંત્રમાં પ્રતિપાદન કરેલા દેવરૂપ કરવામાં આવે છે. કરન્યાસ કર્યા પછી હૃદયાદિ ન્યાસ કરવામાં આવે છે. હૃદયાદિ ન્યાસમાં શરીરનાં મુખ્ય એટલે હૃદય, મસ્તક, શિખા, બે બાહુમૂલ ને બે ભમરની વચ્ચે રહેલા જ્ઞાનનેત્રસહિત ત્રણ નેત્રો એ અંગોમાં અમુક ભાવનાસહિત અમુક રીતે સ્પર્શ કરવાનો છે. તથા શરીરની આસપાસના અવકાશમાંથી મલિનસત્ત્વો અમુક પ્રકારની ક્રિયા તથા ભાવના-વડે નિવૃત્ત કરવાનાં છે. એ સર્વનું વિશેષ સ્વરૂપ કરન્યાસ તથા હૃદયાદિ ન્યાસનું વિધાન વાંચવાથી જણાશે.

હવે કરન્યાસનો આરંભ કરાય છેઃ–" આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અને અગ્નિ બાળી શકતો નથી, " આ બીજા અધ્યાયના ત્રેવીશમા શ્લોકના પૂર્વાર્ધનું ઉચ્ચારણ કરી બંને અંગુઠાપાસેની બંને આંગળીઓનાં અગ્રો બંને અંગુઠાઓનાં અગ્રોને અડાડી, મસ્તક નમાવી,

બંને અંગુઠામાં રહેલા આત્માને, અંગુઠાઓને નમસ્કાર એમ બોલી અભેદભાવે નમસ્કાર કરવો. "વળી જલ આ આત્માને ભીંજવી શકતું નથી, તથા પવન આ આત્માને સુકવી શકતો નથી," આ બીજા અધ્યાયના ત્રેવીશમા શ્લોકના ઉત્તરાર્ધનું ઉચ્ચારણ કરી, બંને અંગુઠાના છેડા અંગુઠાઓપાસેની બંને આંગળીઓના છેડાને અડાડી, માથું નમાવી, બંને તર્જનીઓમાં (અંગુઠાપાસેની આંગળીઓમાં) રહેલા આત્માને, તર્જનીઓને નમસ્કાર એમ બોલી અભેદભાવે નમસ્કાર કરવો. "આ આત્મા છેદી ન શકાય એવો, બાળી ન શકાય એવો, ભીંજવી ન શકાય એવો ને સુકવી ન શકાય એવો છે," આ બીજા અધ્યાયના ચોવીશમા શ્લોકના પૂર્વાર્ધનું ઉચ્ચારણ કરી, બંને અંગુઠાઓનાં અગ્રો બંને વચલી આંગળીઓનાં અગ્રોને અડાડી, માથું નમાવી, બંને મધ્યમાઓમાં રહેલા આત્માને, મધ્યમાઓને નમસ્કાર એમ બોલી અભેદભાવે નમસ્કાર કરવો. "આ આત્મા નિત્ય, સર્વવ્યાપી, નિર્વિકારી, ક્રિયારહિત અને આદિરહિત છે," આ બીજા અધ્યાયના ચોવીશમા શ્લોકના ઉત્તરાર્ધનું ઉચ્ચારણ કરી, બંને અંગુઠાઓનાં અગ્રો બંને અનામિકાઓનાં (ટચલી આંગળીઓની પાસેની આંગળીઓનાં) અગ્રોને અડાડી, માથું નમાવી, બંને અનામિકાઓમાં રહેલા આત્માને, અનામિકાઓને નમસ્કાર એમ બોલી અભેદભાવે નમસ્કાર કરવો. "હે પાર્થ ! તમે મારાં સેંકડો અને સહસ્રો રૂપોને જુઓ," આ અગીઆરમા અધ્યાયના પાંચમા શ્લોકના પૂર્વાર્ધનું ઉચ્ચારણ કરી, બંને અંગુઠાઓનાં અગ્રો બંને ટચલી આંગળીઓનાં અગ્રોને અડાડી, માથું નમાવી, બંને ટચલી આંગળીઓમાં રહેલા આત્માને, ટચલી આંગળીઓને નમસ્કાર એમ બોલી અભેદભાવે નમસ્કાર કરવો. "તે મારાં રૂપો ઘણા પ્રકારનાં આદિત્યાદિ દિવ્ય અને અનેક વર્ણ તથા આકૃતિવાળાં છે," આ અગીઆરમા અધ્યાયના પાંચમા શ્લોકના ઉત્તરાર્ધનું ઉચ્ચારણ કરી, જમણા હાથની હથેળીને ડાબા હાથની હથેળીની નીચેનો ભાગ અડાડી પુનઃ જમણા હાથની હથેળીની નીચેના ભાગને ડાબા હાથની હથેળી અડાડી, માથું નમાવી, બંને હાથની હથેળી તથા તેમની નીચેના ભાગમાં રહેલા આત્માને, કરતલોને તથા કરપૃષ્ઠોને નમસ્કાર એમ બોલી અભેદભાવે નમસ્કાર કરવો. એ પ્રમાણે કરન્યાસ પૂરો થયો.

હવે હૃદય આદિના ન્યાસનો આરંભ કરાય છેઃ–"આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી. અને અગ્નિ બાળી શકતો નથી," આ મંત્ર બોલી,

જમણા હાથનાં પાંચે આંગળાંઓનો ગુચ્છ હૃદયમાં અડાડી, હૃદયમાં રહેલા આત્માને, હૃદયને નમસ્કાર એમ બોલી માથું નમાવી અભેદભાવે નમસ્કાર કરવો. "વળી આ આત્માને પાણી પલાળી શકતું નથી, તથા વાયુ સુકવી શકતો નથી," આ મંત્ર બોલી, જમણા હાથનાં પાંચે ભેળાં કરેલાં આંગળાંના છેડાઓ તાળવાપર અડાડી, ત્યાં રહેલા આત્મામાં, શિરને સ્વાહા એમ બોલી દેહાદિમાં રહેલી હુંપણાની વૃત્તિ હોમ્યાની ભાવના કરવી. "આ આત્મા છેદી ન શકાય એવો, બાળી ન શકાય એવો, પલાળી ન શકાય એવો, અને સુકવી ન શકાય એવો છે," આ મંત્ર બોલી, જમણા હાથનાં પાંચે ભેળાં કરેલાં આગળાંઓના છેડાઓ અગ્નિની શિખાસમાન પોતાના મસ્તકપરની શિખાપર અડાડી, ત્યાં રહેલા આત્મામાં, શિખાને વષટ્ એમ બોલી, ચિત્તમાંના રાગદ્વેષની આહુતિ આપ્યાની ભાવના કરવી. "આ આત્મા નિત્ય, સર્વવ્યાપક, અવિકારી, ક્રિયારહિત ને અનાદિ છે," આ મંત્ર બોલી, જમણા હાથનાં પાંચે આંગળાંઓના તથા ડાબા હાથનાં પાંચે આંગળાંઓના છેડા અનુક્રમે ડાબા હાથના તથા જમણા હાથના મૂલપર સવળા અડાડી, ત્યાં રહેલા આત્મામાં, સર્વપ્રકારના સંપૂર્ણ રક્ષણમાટે કવચને હુમ્ એમ બોલી, કવચ-બખ્તર-ની ભાવના કરવી. "હે અર્જુન! મારાં સેંકડો ને સહસ્રો રૂપોને જુઓ," આ મંત્ર બોલી, જમણા હાથનાં ભેળાં કરેલાં પાંચે આંગળાંઓના છેડાઓ જમણા નેત્રને ડાબા નેત્રને તથા બે ભમરની વચ્ચે રહેલા જ્ઞાનરૂપ ગુપ્ત ત્રીજા નેત્રને, ક્રમપૂર્વક અડાડી, ત્યાં રહેલા આત્મામાં, ત્રણ નેત્રને વૌષટ્ એમ બોલી સર્વ દૃશ્યપ્રપંચની આહુતિ આપ્યાની ભાવના કરવી. "તે મારાં રૂપો ઘણા પ્રકારનાં, દિવ્ય તથા અનેક રંગ ને આકારવાળાં છે," આ મંત્ર બોલી, જમણો હાથ માથાની આસપાસ પ્રદક્ષિણાથી ઊલટી રીતે ફેરવી, અસ્ત્રાય ફટ્ એમ બોલી, તે હાથની તર્જની તથા મધ્યમાવડે ડાબા હાથની હથેળીમાં ટાપલી મારી, આંતરશત્રુઓનું પોષણ કરનારાં શરીરની આસપાસના આકાશમાં રહેલાં મલિનસત્ત્વોને દૂર કર્યાની ભાવના કરવી. એવી રીતે હૃદય આદિના ન્યાસ પૂરા થયા.

શ્રીકૃષ્ણભગવાનની પ્રસન્નતામાટે (તેમની કૃપાવડે પોતાના અજ્ઞાનની નિવૃત્તિ થવામાટે) પાઠ કરવામાં આ ગીતાશાસ્ત્રનો ઉપયોગ છે. તે પાઠ શ્રદ્ધાપુરઃસર, પ્રીતિથી, આદરથી, પવિત્ર મનથી, શુદ્ધ ઉચ્ચારથી અને અર્થાદિના જ્ઞાનપૂર્વક થાય તોજ તેનું વાસ્તવિક ફલ થાય છે, અન્યથા તેનું યોગ્ય ફલ ન થાય તે દેખીતુંજ છે.

॥ अथ ध्यानम् ॥[1]

ॐ पार्थाय प्रतिबोधितां भगवता नारायणेन स्वयं,
व्यासेन ग्रथितां पुराणमुनिना मध्ये महाभारतम् ।
अद्वैतामृतवर्षिणीं भगवतीमष्टादशाध्यायिनी-
मंब त्वामनुसंदधामि भगवद्गीते भवद्वेषिणीम् ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થ:—पार्थाय અર્જુનને **प्रतिबोधितां** કહેલ [એવાં] **भगवता** ભગવાન્ **नारायणेन** નારાયણે **स्वयं** પોતે **व्यासेन** વ્યાસે **ग्रथितां** ગુંથેલ [એવાં] **पुराणमुनिना** પ્રાચીનમુનિ **मध्ये** મધ્યમાં **महाभारतम्** મહાભારતના **अद्वैतामृतवर्षिणीं** અદ્વૈતરૂપ અમૃતને વર્ષનારાં **भगवतीं** ભગવાનની શક્તિરૂપ **अष्टादशाध्यायिनीं** અઢાર અધ્યાયવાળાં **अंब** હે મા ! **त्वां** તમારું **अनुसंदधामि** ધ્યાન કરું છું **भगवद्गीते** હે ભગવદ્ગીતે ! **भवद्वेषिणीम्** સંસારનો દ્વેષ કરનારાં. ૧

શબ્દાર્થ:—ભગવાન્ નારાયણે પોતે અર્જુનને કહેલ [એવાં,] મહાભારતના મધ્યમાં પ્રાચીનમુનિ વ્યાસે ગુંથેલ [એવાં,] "એકજ અદ્વિતીય બ્રહ્મ છે" એવા અદ્વૈતરૂપ અમૃતને વર્ષનારાં, અઢાર અધ્યાયવાળાં, સંસારનો દ્વેષ કરનારાં,—જન્મમરણરૂપ સંસારની નિવૃત્તિ કરનારાં, [ને] ભગવાનની

---

૧ ધારણાના વિષયમાં ચિત્તવૃત્તિનો પ્રવાહ તેલની ધારાની પેઠે અખંડ ચલાવવો તે ધ્યાન કહેવાય છે. અહિં ગીતારૂપ મંત્રનું, તેના ઋષિ વ્યાસભગવાનનું અને ગીતારૂપ મંત્રવડે પ્રતિપાદન કરાયેલા શ્રીકૃષ્ણપરમાત્માનું ધ્યાન છે, અર્થાત્ ધ્યાનના પ્રથમ શ્લોકમાં માહાત્મ્યસહિત ભગવદ્ગીતાનું ધ્યાન, ચોથા શ્લોકમાં ગીતાજીનું માહાત્મ્ય, સાતમા શ્લોકમાં ને ભગવદ્ગીતા જે ગ્રંથમાં આવી છે તે ગ્રંથરૂપ મહાભારતનું માહાત્મ્ય, બીજા શ્લોકમાં ભગવદ્ગીતાના ઋષિ વ્યાસભગવાનને નમસ્કાર, અને ત્રીજા, પાંચમા, છઠ્ઠા ને આઠમા શ્લોકમાં ભગવદ્ગીતાવડે પ્રતિપાદ્ય શ્રીકૃષ્ણપરમાત્માના સગુણરૂપને તથા નવમા શ્લોકમાં તેમના નિર્ગુણરૂપને નમસ્કાર છે. માહાત્મ્ય ને નમસ્કાર ધ્યાનના અંગરૂપ હોવાથી તેનો ધ્યાનમાં ગણના કરેલી છે એમ જાણવું.

શક્તિરૂપ [એવાં] હે મા! હે ભગવદ્ગીતે! (ભગવાને કહેલાં!) [હું] તમારું ધ્યાન કરું છું. ૧

नमोऽस्तु ते व्यास विशालबुद्धे, फुल्लारविंदायतपत्रनेत्र ।
येन त्वया भारततैलपूर्णः, प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ॥२॥

પ૦ ત૦ પ૦:—**नमः** નમસ્કાર **अस्तु** હો **ते** આપને **व्यास** હે વ્યાસજી! **विशालबुद्धे** વિશાલબુદ્ધિવાળા [તથા] **फुल्लारविंदायतपत्रनेत्र** ફૂલેલા કમલની લાંબી પાંખડીના જેવાં નેત્રવાળા **येन** જે **त्वया** આપે **भारततैलपूर्णः** તેલથી પૂર્ણ મહાભારતમાં **प्रज्वालितः** પ્રકટ્યો છે **ज्ञानमयः** જ્ઞાનમય **प्रदीपः** દીવો. ૨

શ૦:—વિશાલબુદ્ધિવાળા [તથા] ફૂલેલા કમલની લાંબી પાંખડીના જેવાં નેત્રવાળા હે વ્યાસજી! આપને નમસ્કાર હો, [કે] જે આપે [વર્ણાશ્રમના ધર્મના નિરૂપણરૂપ] તેલથી પૂર્ણ મહાભારતરૂપ [પાત્રમાં આ ભગવદ્ગીતારૂપ] જ્ઞાનમય દીવો પ્રકટ્યો છે. ૨

प्रपन्नपारिजाताय, तोत्रवेत्रैकपाणये ।
ज्ञानमुद्राय कृष्णाय, गीतामृतदुहे नमः ॥ ३ ॥

પ૦ ત૦ પ૦:—**प्रपन्नपारिजाताय** શરણાગતને કલ્પવૃક્ષતુલ્ય **तोत्रवेत्रैकपाणये** જેના એક હાથમાં નેતરની લાકડી છે એવા **ज्ञानमुद्राय** જ્ઞાનની મૂર્તિરૂપ [તથા] **कृष्णाय** શ્રીકૃષ્ણને **गीतामृतदुहे** ગીતારૂપ અમૃતને દોનારા એવા **नमः** નમસ્કાર. ૩

શ૦:—શરણાગતને કલ્પવૃક્ષતુલ્ય, જેના એક હાથમાં [રથના અશ્વોને હાંકવાની] નેતરની લાકડી છે એવા, જ્ઞાનની મૂર્તિરૂપ [તથા ઉપનિષદોરૂપ ગાયોમાંથી] ગીતારૂપ અમૃતને દોનારા એવા શ્રીકૃષ્ણને [મારા પ્રેમપૂર્વક] નમસ્કાર [હો.] ૩

सर्वोपनिषदो गावो, दोग्धा गोपालनंदनः ।
पार्थो वत्सः सुधीर्भोक्ता, दुग्धं गीतामृतं महत् ॥ ४ ॥

પ૦ ત૦ પ૦:—**सर्वोपनिषदः** સર્વે ઉપનિષદો **गावः** ગાયો [છે] **दोग्धा** દોનાર [છે] **गोपालनंदनः** [નંદનામના] ગોવાળના પુત્ર

(શ્રીકૃષ્ણ) **पार्थः** અર્જુન **वत्सः** વાછડો **सुधीः** બુદ્ધિમાન્ **भोक्ता** ભોક્તા [છે] **दुग्धं** દૂધ [છે] **गीतामृतं** ગીતારૂપી અમૃત **महत्** શ્રેષ્ઠ. ૪

શ૦:—સર્વે ઉપનિષદો ગાયો [છે, નંદનામના] ગોવાળના પુત્ર (શ્રીકૃષ્ણ) દોનાર [છે,] બુદ્ધિમાન્ અર્જુન વાછડો [તથા દૂધનો] ભોક્તા [છે, ને] શ્રેષ્ઠ ગીતારૂપી અમૃત દૂધ [છે.] ૪

वसुदेवसुतं देवं, कंसचाणूरमर्दनम् ।
देवकीपरमानंदं, कृष्णं वंदे जगद्गुरुम् ॥ ५ ॥

પ૦ ત૦ પ૦:—**वसुदेवसुतं** વસુદેવના પુત્ર **देवं** પ્રકાશવાન્ **कंसचाणूरमर्दनम्** કંસ અને ચાણૂરનામના દૈત્યને મારનાર **देवकीपरमानंदं** દેવકીને પરમ આનન્દ આપનાર **कृष्णं** શ્રીકૃષ્ણને **वंदे** નમું છું **जगद्गुरुम्** જગતના ગુરુ [એવા.] ૫

શ૦:—વસુદેવના પુત્ર, પ્રકાશવાન્, કંસ અને ચાણૂર-નામના દૈત્યને મારનાર, દેવકીને પરમ આનન્દ આપનાર [તથા] જગત્‌ના (દૈવી જીવોના) ગુરુ [એવા] શ્રીકૃષ્ણને [હું] નમું છું. ૫

भीष्मद्रोणतटा जयद्रथजला गांधारनीलोपला,
शल्यग्राहवती कृपेण वहनी कर्णेन वेलाकुला ।
अश्वत्थामविकर्णघोरमकरा दुर्योधनावर्तिनी,
सोत्तीर्णा खलु पांडवै रणनदी कैवर्तकः केशवः ॥ ६ ॥

પ૦ ત૦ પ૦:—**भीष्मद्रोणतटा** ભીષ્મ અને દ્રોણરૂપી કાંઠાવાળી **जयद्रथजला** જયદ્રથરૂપ પાણીવાળી **गांधारनीलोपला** ગાંધારરૂપી (શકુનિરૂપી) નીલરંગની શિલાવાળી **शल्यग्राहवती** શલ્યરૂપી ગ્રાહવાળી **कृपेण** કૃપાચાર્યવડે (કૃપાચાર્યરૂપ) **वहनी** પ્રવાહવાળી **कर्णेन** કર્ણરૂપી **वेलाकुला** પૂરથી વ્યાકુલ **अश्वत्थामविकर्णघोरमकरा** અશ્વત્થામા તથા વિકર્ણ એ રૂપી ભયંકર મગરવાળી **दुर्योधनावर्तिनी** દુર્યોધનરૂપી વમળવાળી **सा** તે **उत्तीर्णा** ઊતરાણી [કેમકે તેમના] **खलु** અનાયાસે **पांडवैः** પાંડવોએ **रणनदी** યુદ્ધરૂપી નદી **कैवर्तकः** નાવિક (સુકાની) **केशवः** ભગવાન [હતા.] ૬

શબ્દ:—ભીષ્મ અને દ્રોણરૂપી કાંઠાવાળી, જયદ્રથરૂપ પાણીવાળી, ગાંધારરૂપી (શકુનિરૂપી) નીલરંગની શિલાવાળી, શલ્યરૂપી ગ્રહવાળી, કૃપાચાર્યરૂપ પ્રવાહવાળી, કર્ણરૂપી પૂરથી વ્યાકુલ, અશ્વત્થામા તથા વિકર્ણ એ રૂપી ભયંકર મગરવાળી, [ને] દુર્યોધનરૂપી વમળવાળી તે યુદ્ધરૂપી નદી પાંડવોએ અનાયાસે ઊતરાણી, [કેમકે તેમના] નાવિક ભગવાન [હતા.] ૬

पाराशर्यवचः सरोजममलं गीतार्थगंधोत्कटं,
नानाख्यानककेसरं हरिकथासंबोधनाबोधितम् ।
लोके सज्जनषट्पदैरहरहः पेपीयमानं मुदा,
भूयाद्भारतपंकजं कलिमलप्रध्वंसि नः श्रेयसे ॥ ७ ॥

૫૦ ત૦ ૫૦:—पाराशर्यवचःसरोजम् શ્રીવ્યાસભગવાનની વાણીરૂપ સરોવરમાંથી ઉપજેલું अमलं નિર્મલ गीतार्थगंधोत्कटं ગીતાના અર્થરૂપ તીવ્ર સુગંધવાળું नानाख्यानककेसरं અનેક આખ્યાનરૂપી કેસરવાળું हरिकथासंबोधनाबोधितम् ભગવાનની કથાના ઉપદેશરૂપ પ્રફુલ્લિતપણાવાળું लोके જગતમાં सज्जनषट्पदैः સજ્જનરૂપ ભમરાઓએ अहरहः નિત્ય નિત્ય पेपीयमानं પીવાયોગ્ય [ને] मुदा આનન્દથી भूयात् થાઓ भारतपंकजं મહાભારતરૂપી કમલ कलिमलप्रध्वंसि કલિયુગના મેલનો અત્યંત નાશ કરનાર नः અમારું श्रेयसे કલ્યાણ કરનાર. ૭

શ૦:—શ્રીવ્યાસભગવાનની વાણીરૂપ સરોવરમાંથી ઉપજેલું, નિર્મલ, ગીતાના અર્થરૂપ તીવ્ર સુગંધવાળું, અનેક આખ્યાનરૂપી કેસરવાળું, ભગવાનની કથાના ઉપદેશરૂપ પ્રફુલ્લિતપણાવાળું, જગતમાં સજ્જનરૂપ ભમરાઓએ નિત્ય નિત્ય આનન્દથી પીવાયોગ્ય [ને] કલિયુગના મેલનો અત્યંત નાશ કરનાર મહાભારતરૂપ કમલ અમારું કલ્યાણ કરનાર થાઓ. ૭

मूकं करोति वाचालं, पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वंदे, परमानंदमाधवम् ॥ ८ ॥

૫૦ ત૦ ૫૦:—मूकं મુંગાને करोति કરે છે [ને] वाचालं

શ્રેષ્ઠ વક્તા पंगुं પાંગળાને लंघयते ઓળંગાવે છે गिरिं પર્વત यत्कृपा જેમની કૃપા तं તે अहं હું वंदे નમું છું परमानंदमाधवम् પરમાનન્દરૂપ માધવને. ૮

શા૦:—જેમની કૃપા મુંગાને શ્રેષ્ઠ વક્તા કરે છે, [ને] લુલાને પર્વત ઓળંગાવે છે, તે પરમાનન્દરૂપ માધવને હું નમું છું. ૮

यं ब्रह्मावरुणेंद्ररुद्रमरुतः स्तुन्वंति दिव्यैः स्तवैर्,
वेदैः सांगपदक्रमोपनिषदैर्गायंति यं सामगाः ।
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यंति यं योगिनो,
यस्यांतं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥ ९ ॥

॥ इति ध्यानम् ॥

પદચ્છેદ તથા પદાર્થ:—यं જેમની ब्रह्मावरुणेंद्ररुद्रमरुतः બ્રહ્મા, વરુણ, ઇંદ્ર, રુદ્ર અને મરુતગણો स्तुन्वंति સ્તુતિ કરે છે [અને] दिव्यैः દિવ્ય स्तवैः સ્તોત્રોથી वेदैः વેદોથી सांगपदक्रमोपनिषदैः અંગ, પદ, ક્રમ અને ઉપનિષદોસહિત गायंति ગાન કરે છે यं જેમનું सामगाः સામવેદનું ગાન કરનારા [મુનિઓ] ध्यानावस्थिततद्गतेन ધ્યાનથી સ્થિર થયેલા અને તેમાંજ (પરમાત્મામાંજ) રહેલા मनसा મનથી पश्यंति અનુભવે છે [અને] यं જેમને योगिनः યોગીઓ यस्य જેમના अंतं અંતને न નથી विदुः જાણતા सुरासुरगणाः દેવતાના અને દૈત્યના સમૂહો देवाय દેવને तस्मै તે नमः નમસ્કાર. ૯

શબ્દાર્થ:—બ્રહ્મા, વરુણ, ઇંદ્ર, રુદ્ર અને મરુતગણો દિવ્ય સ્તોત્રોથી જેમની સ્તુતિ કરે છે, સામવેદનું ગાન કરનારા [મુનિઓ] અંગ, પદ, ક્રમ અને ઉપનિષદોસહિત વેદોથી જેમનું ગાન કરે છે, ધ્યાનથી સ્થિર થયેલા અને તેમાંજ (પરમાત્મામાંજ) રહેલા મનથી યોગીઓ જેમને અનુભવે છે, [અને] દેવતાના તથા દૈત્યના સમૂહો જેમના અંતને નથી જાણતા તે દેવને [મારા] નમસ્કાર [હો.] ૯

એ પ્રમાણે ઋષિ આદિની, કરન્યાસની, હૃદયાદિ ન્યાસની અને

શ્રીગીતાજીના ધ્યાનની રહસ્યદીપિકાનામની
ગુજરાતી ટીકા પૂરી થઇ.

प्रपन्नपारिजाताय, तोत्रवेत्रैकपाणये ।
ज्ञानमुद्राय कृष्णाय, गीतामृतदुहे नमः ॥

અર્થ માટે ૭ મું પૃષ્ઠ જુઓ.



ॐ

॥ श्रीरहस्यदीपिकाटीकासहिता

श्रीमद्भगवद्गीता ॥

મંગલાચરણ અને ટીકાના આરંભની પ્રતિજ્ઞા.

यन्मायारहितं शुद्धमक्षरं चाव्ययं परम् ।
सत्यं ज्ञानसुखानन्तं, तदहं ब्रह्म निर्भयम् ॥ १ ॥

यस्य कृपाकटाक्षेण, मूढस्त्यजति मूढताम् ।
पातु वः सद्गुरुः शान्तस्तापत्रयविनाशकः ॥ २ ॥

श्रीगुरुचरणद्वंद्वं, प्रणिपत्य पुनः पुनः ।
प्रायः प्रतिशब्दं कुर्वे, गीतारहस्यदीपिकाम् ॥ ३ ॥

ભાવાર્થઃ—માયારહિત, શુદ્ધ, અવિનાશી, અવિકારી, માયા ને માયાનાં કાર્યોથી સૂક્ષ્મ ને વ્યાપક, નિત્ય, અલુપ્તપ્રકાશ, આનંદરૂપ, દેશ કાલ ને વસ્તુના પરિચ્છેદથી રહિત તથા ભયરહિત જે બ્રહ્મ છે તે બ્રહ્મ હું છું. ૧

જેના કૃપાકટાક્ષવડે અજ્ઞાની પોતાની મૂઢતાને ત્યજે છે તે શાંત મન-વાળા તથા ત્રણ પ્રકારના તાપને અત્યંત નિવૃત્ત કરનારા શ્રીસદ્‌ગુરુ તમારું અજ્ઞાનથી ને તેનાં શોકમોહાદિ કાર્યોથી રક્ષણ કરો. ૨

શ્રીસદ્‌ગુરુનાં બન્ને ચરણકમલને શ્રદ્ધાભક્તિથી પુનઃ પુનઃ નમસ્કાર કરીને બહુધા ગીતાના પ્રત્યેક શબ્દની રહસ્યદીપિકાનામની ગુજરાતીભાષાની ટીકા લખાય છે. ૩

અધ્યાય ૧ લો.

અર્જુનવિષાદ.

પાંડુના પુત્રો મહાબલવાન્ છે, અને તેમને શ્રીકૃષ્ણજેવા નિરતિશય બલવાન્ સાહાય્યક છે, તેથી તેઓ પોતાના દુર્યોધનાદિ પુત્રોને રાજ્યથી ભ્રષ્ટ કરશે કે શું? એમ વિચારી ભય પામી પોતાના પુત્રોના જયને ઇચ્છનાર ધૃતરાષ્ટ્રરાજા પોતાના હિતોપદેશ માટે સંજયને આ પ્રમાણે પૂછતા હવા:—

॥ धृतराष्ट्र उवाच ॥

धर्मक्षेत्रे कुरुक्षेत्रे, समवेता युयुत्सवः ।
मामकाः पांडवाश्चैव, किमकुर्वत संजय ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થઃ—धृतराष्ट्रः ધૃતરાષ્ટ્ર उवाच બોલ્યા ॥ धर्मक्षेत्रे ધર્મસ્થાનરૂપ कुरुक्षेत्रे કુરુક્ષેત્રમાં समवेताः એકઠા થયેલા युयुत्सवः યુદ્ધ કરવાને ઇચ્છતા मामकाः મારા [પુત્રો] पांडवाः પાંડવો च અને एव વળી किम् શું अकुर्वत કરતા હતા? संजय હે સંજય! ૧

શબ્દાર્થઃ—ધૃતરાષ્ટ્ર બોલ્યાઃ—"હે સંજય! ધર્મસ્થાનરૂપ કુરુક્ષેત્રમાં એકઠા થયેલા [ને] યુદ્ધ કરવાને ઇચ્છતા મારા [દુર્યોધનાદિ પુત્રો] અને વળી પાંડવો શું કરતા હતા?" ૧

ટીકાઃ—દેહરૂપ પ્રદેશને અહંતામમતાપૂર્વક ધારણ કરી રાખનાર મનુષ્યના અંતઃકરણમાં રહેલી અનાદિ સંસારાસક્તિનું એટલે મોહનું નામ ધૃતરાષ્ટ્ર છે. બહારના વિષયોમાં રચ્યોપચ્યો રહી સ્વયંપ્રકાશરૂપ આત્મતત્ત્વને તે જોતો નથી માટે તેને અંધ કહ્યો છે. કરેલાં શુભ કર્મો જેમાં ક્ષીણ થઈ જાય છે અથવા જેમાં ધર્મનું રક્ષણ તથા અભિવૃદ્ધિ થઈ શકે છે એવા મનુષ્યશરીરરૂપ—મનુષ્યના હૃદયસ્થાનરૂપ—કુરુક્ષેત્રમાં એકઠા થયેલા અને પરસ્પર લડવાને ઇચ્છતા મારા કામાદિ (દુર્યોધનાદિ) પુત્રો અને વિવેકના (પાંડુના—વર્ણહીનના—નિર્મલના—વિવેકના) સદ્ધર્માદિ (યુધિષ્ઠિરાદિ) પુત્રો શું કરવા લાગ્યા એમ મોહ અધ્યાત્મપ્રસાદને (સંજયને—સમ્યક્પ્રકારે પદાર્થ-

સ્વરૂપને જિતનારને-કમવિના પરમાણુથી માંડીને પ્રકૃતિપર્યંતના સર્વે પદાર્થોના યુગપત્-એકસાથે જનારા-સાક્ષાત્કારને) પૂછે છે. **मामकाः** (મારા) એ પદથી પોતાના ભાઈ વિવેકના પુત્રોનું પણ પોતાના પુત્રતુલ્ય-અભિન્ન હોવાથી ગ્રહણ થઈ શકે એમ છે, છતાં મૂલમાં **पांडवाः** એ પદ પૃથક્ મુક્યું છે તેથી મોહની વિવેકના પુત્રોપ્રતિ દ્રોહબુદ્ધિ છે, દયાબુદ્ધિ વા પ્રેમ નથી, એમ જણાવ્યું છે. ૧

ધૃતરાષ્ટ્રનો એવી રીતનો પ્રશ્ન સાંભળી તેમને સંજયે નીચે પ્રમાણે ઉત્તર આપ્યું:—

॥ संजय उवाच ॥

दृष्ट्वा तु पांडवानीकं, व्यूढं दुर्योधनस्तदा ।
आचार्यमुपसंगम्य, राजा वचनमब्रवीत् ॥ २ ॥

પ૦ ત૦ પ૦:—**संजयः** સંજય **उवाच** બોલ્યા ॥ **दृष्ट्वा तु** જોઈને **पांडवानीकं** પાંડવોના સૈન્યને **व्यूढं** વ્યૂહરચનામાં સ્થાપેલા **दुर्योधनः** દુર્યોધન **तदा** તે સમયે **आचार्यम्** આચાર્યની **उपसंगम्य** પાસે જઈને **राजा** રાજા **वचनम्** વચન **अब्रवीत्** બોલ્યો. ૨

શ૦:—સંજય બોલ્યા:—"તે સમયે વ્યૂહરચનામાં સ્થાપેલા પાંડવોના સૈન્યને જોઈને રાજા દુર્યોધન આચાર્યની-દ્રોણગુરુની-પાસે જઈને [આ પ્રમાણે] વચન બોલ્યો. ૨

ટી૦:—દુર્યોધન-જીવોની સાથે નઠારી રીતે યુદ્ધ કરનાર-કામવૃત્તિ. અધ્યાત્મપ્રસાદે મોહને કહ્યું કે વિવેકના પુત્રોના સૈન્યને રણભૂમિમાં યથાવિધિ ગોઠવાયેલું જોઈને અવિવેકીની દૃષ્ટિએ શોભાયમાન એવી કામવૃત્તિએ મનુષ્યાદિને આચરણ (પ્રવૃત્તિ) કરાવનાર સંસ્કારપાસે (દ્રોણાચાર્યપાસે) જઈને આ પ્રમાણે (હવે પછી જે કહેવાશે તે) વચન કહ્યું. મૂલમાં જે **तु** શબ્દ છે તે એમ સૂચવે છે કે વિવેકના પુત્રોની સેના મોહના પુત્રોની સેનાથી ભય પામે એવી નથી. કામ (વિષયતૃષ્ણા) એ સંસ્કારને અધીન હોવાથી તેનું સંસ્કારાભિમુખ થવું યોગ્યજ છે. ૨

દુર્યોધન પાંડવોની સેનાને જોવામાટે દ્રોણાચાર્યને કહે છે:—

पश्यैतां पांडुपुत्राणामाचार्य महतीं चमूम् ।
व्यूढां द्रुपदपुत्रेण, तव शिष्येण धीमता ॥ ३ ॥

પદ તo પo:—પશ્ય. જુઓ એતામ્ આ પાંડુપુત્રાણામ્ પાંડુના પુત્રોની આચાર્ય હે આચાર્ય! મહતીમ્ મોટી ચમૂમ્ સેનાને વ્યૂઢામ્ વ્યૂહરચનામાં ગોઠવેલી [છે] દ્રુપદપુત્રેણ દ્રુપદના પુત્રે તવ આપના શિષ્યેણ શિષ્ય ધીમતા બુદ્ધિમાન્. ૩

શo:—[દુર્યોધન બોલ્યો:—] હે આચાર્ય! પાંડુના પુત્રોની આ મોટી સેનાને [આપ] જુઓ. આપના બુદ્ધિમાન્ શિષ્ય દ્રુપદના પુત્રે-ધૃષ્ટદ્યુમ્ને-[એ સેના] વ્યૂહરચનામાં (શકટને આકારે) ગોઠવેલી [છે.] ૩

ટીo:—આચાર્ય-પ્રાણિમાત્રના ચિત્તમાં અદૃશ્યરૂપે રહી આચરણ-શુભાશુભ પ્રવૃત્તિ-કરાવનાર-સંસ્કાર. (દ્રોણાચાર્ય.) દ્રુપદ-તીવ્રવેગ-સત્યજ્ઞાન સંપાદન કરવામાં મનનો વિષયોમાં તીવ્રસંવેગ-શુદ્ધપ્રેમ. એ તીવ્રસંવેગ-શુદ્ધપ્રેમ-નો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન-અત્યંત સામર્થ્યવાળી જ્યોતિ-એકાગ્રતા-છે. એ એકાગ્રતાજ વિવેકના પુત્રોની સેનાનો મુખ્ય અધિકારી છે, અને એણેજ વિવેકના પુત્રોની સેનાને અહિં લડવામાટે યથાવિધિ ગોઠવી છે. વિવેકના પુત્રોની સેના મોટી કહેવાનું કારણ એ છે કે તેમાં પંચ જ્ઞાનેન્દ્રિયો તથા મન ને બુદ્ધિ એ સાત કરણોની અત્યન્ત સાત્ત્વીક શુભવૃત્તિઓ યુદ્ધ કરવામાટે તત્પર થઈ રહેલી છે, (સાત અક્ષૌહિણી સંખ્યાવાળી પાંડવોની સેના છે,) અને આપજેવા મહાસામર્થ્યવાનની અવજ્ઞા કરીને નિર્ભયપણે તે આપણી સમીપમાંજ આવીને ઊભી છે. આપને એ સેનાના આગેવાનથી ભય પામવાનું કાંઈ પણ કારણ નથી, કેમકે તે એકાગ્રતા પોતાના કાર્યમાં વિજય મેળવવાનું કામ આપની પાસેથીજ શીખેલ છે. મૂળમાં ધૃષ્ટદ્યુમ્નનું નામ નહિ કહેતાં જે દ્રુપદપુત્રેણ (દ્રુપદના પુત્રે) એમ કહ્યું છે તે શુદ્ધપ્રેમપ્રતિનો સંસ્કારનો પૂર્વનો દ્વેષ જાગ્રત્ કરવાના હેતુથી છે. વળી તે એકાગ્રતા સમર્થ હોવાથી ઉપેક્ષા કરવાયોગ્ય નથી એમ સૂચવવામાટે તેને ધીમતા (બુદ્ધિમાન્) એવું વિશેષણ આપ્યું છે. ૩

પાંડુના પુત્રોની સેનામાં માત્ર ધૃષ્ટદ્યુમ્ન એકજ નથી, પણ બીજા ઘણા શૂરવીર યોદ્ધાઓ છે, એમ દ્રોણાચાર્યપ્રતિ દુર્યોધન નીચેના ત્રણ શ્લોકોવડે જણાવે છે:—

अत्र शूरा महेष्वासा, भीमार्जुनसमा युधि ।
युयुधानो विराटश्च, द्रुपदश्च महारथः ॥ ४ ॥

પ૦ ત૦ પ૦:—અત્ર એમાં—એ સેનામાં શૂરાઃ શૂરા મહેષ્વાસાઃ મોટાં ધનુષ્ ધરનારા ભીમાર્જુનસમાઃ ભીમ અને અર્જુનના જેવા યુધિ યુદ્ધમાં યુયુધાનઃ યુયુધાન વિરાટઃ વિરાટ ચ તથા દ્રુપદઃ દ્રુપદ ચ અને મહારથઃ મહારથી. ૪

શ્લો૦:—[વળી] એમાં શૂરા, મોટાં ધનુષ્ ધરનારા [ને] યુદ્ધમાં ભીમ ને અર્જુનના જેવા મહારથી યુયુધાન તથા વિરાટ અને દ્રુપદ [છે.] ૪

ટી૦:—શૂરા–વીર્યવાન્–પરાક્રમી. યુયુધાન–કામાદિસાથે અત્યંત યુદ્ધ કરનાર, કિંવા ચૈતન્યનો પ્રકાશ કરવાને અભિલાષવાન્–સાત્ત્વિકી શ્રદ્ધા. વિરાટ–વિશેષરૂપથી આત્મામાં શોભનાર, કિંવા આન્તરશત્રુઓને વિશેષ ભ્રમણ કરાવનાર–સમાધિ. દ્રુપદ–જેની શીઘ્ર ગતિ છે એવો, કિંવા દ્રુ–સંસારવૃક્ષ–તેનું પદ–ચિહ્‌ન–જેની ધ્વજામાં છે એવો એટલે સંસારના વિષયોનો જેણે જય કરેલ છે એવો–વિષયોમાં તીવ્રસંવેગ–અર્થથી આત્મામાં શુદ્ધપ્રેમ. ઇષુ–બાણ. તે બાણ ચલાવવાના સાધનનું નામ ઇષ્વાસા–ધનુષ્. મોટાં ધનુષ્વાળા શૂરવીર તે મહેષ્વાસા. અહિં બાણશબ્દવડે પોતપોતાના વિરોધી દુર્ગુણને જિતવાનું સાધન અને ધનુષ્શબ્દવડે સ્વધર્મનિષ્ઠા સમજવાની છે. સ્વધર્મનિષ્ઠા જેનામાં ઉગ્રપણે વર્તે છે એવા શૂરવીરો જે સામા પક્ષમાં છે તેમાંના ત્રણનાં નામો આ શ્લોકમાં કહ્યાં. યુયુધાનનું અન્ય નામ સાત્યકિ રાખવામાં આવ્યું છે તે પણ યોગ્યજ છે, કેમકે સત્ય વસ્તુઓનાં યથાર્થ સ્વરૂપ સમજવામાં શ્રદ્ધાજ પરમોપયોગી છે. પતંજલિભગવાન્ પણ 'શ્રદ્ધાવીર્યસ્મૃતિસમાધિપ્રજ્ઞાપૂર્વક ઇતરેષામ્ ॥' (ભવપ્રત્યયથી ભિન્ન ઉપાયપ્રત્યયનામના બીજા યોગીઓને તો શ્રદ્ધા, વીર્ય–ઉત્સાહ, (ધારણા,) સ્મૃતિ, (ધ્યાન) એકાગ્રતા (સમાધિ) ને વિવેકખ્યાતિવડે અસંપ્રજ્ઞાતયોગની પ્રાપ્તિ થાય છે,) એ સૂત્રદ્વારા સાત્ત્વિકી શ્રદ્ધાનું માહાત્મ્ય પોકાર કરીને કહે છે. સર્વ મનોવિકારોનો નાશ કરવામાં અને જ્ઞાનયોગાદિ સર્વ મોક્ષસાધનોને સંપાદન કરવામાં સાત્ત્વિકી શ્રદ્ધાની બહુજ આવશ્યકતા છે. સાત્ત્વિકી શ્રદ્ધા એ જ્ઞાનયોગાદિ મોક્ષસાધનોના પાયાજેવી છે. વળી એ શ્રદ્ધા એકડારૂપ છે, ને તેની સાથે સંબંધ રાખનારાં બીજાં સાધનો શૂન્યરૂપ છે, જો તે એકલાં હોય તો કાંઇ કામનાં નહિ, પણ જો તે શ્રદ્ધાની સાથે હોય તો તે બહુજ મૂલ્યવાન્ ગણાય છે. ધર્મનું રક્ષણ તથા વૃદ્ધિ કરવામાં એ શ્રદ્ધા નવના અંકજેવી અવિકારી છે, ને બીજાં સ્થૂલ સાધનો સર્વદા વિકારી

એટલે આદિના અંકોમાં છે. ને અંકે અંકે તેટલાથી ગુણતાં તેના સરવાળો નવ જ આવે છે, ને આદિને એકથી પ્રારંભ કરી વધારે અંકથી જેમ જેમ ગુણતા જઈએ તેમ તેમ તેના સરવાળામાં ન્યૂનતા થતી જાય છે એ પ્રસિદ્ધ જ છે. આમ હોવાથી જ ભય પામી કામશક્તિએ પહેલાં સાત્ત્વિકી એકાદનું નામ ગણાવ્યું છે.

હવે પ્રકાર આંતરશત્રુઓસાથે જે એકલો યુદ્ધ કરે, અને જે પોતાનું શરીરરૂપી રથનું તથા બુદ્ધિરૂપી સારથિનું યથાયોગ્ય રક્ષણ કરે, તેમજ એ વિષયના સાધનસંબંધી શાસ્ત્રમાં જે કુશલ હોય તે પુરુષ મહારથી કહેવાય છે. અસંખ્ય આંતરશત્રુઓસાથે જે એકલો યુદ્ધ કરે ને તે યુદ્ધનું નિરૂપણ કરનારા શાસ્ત્રમાં પ્રવીણ હોય તે અતિરથી, જે એક આંતરશત્રુસાથે યુદ્ધ કરે તે રથી, ને તેનાથી જે ન્યૂન હોય તે અર્ધરથી કહેવાય છે. મુમુક્ષુએ અતિરથી કે મહારથી થવું જોઈએ. ૪

धृष्टकेतुश्चेकितानः, काशिराजश्च वीर्यवान् ।
पुरुजित् कुंतिभोजश्च, शैब्यश्च नरपुंगवः ॥ ५ ॥

પ૦ છ૦ પ૦:—**धृष्टकेतुः** ધૃષ્ટકેતુ **चेकितानः** ચેકિતાન **काशिराजः** કાશીનો રાજા **च** અને **वीर्यवान्** મહાપરાક્રમી **पुरुजित्** પુરુજિત **कुंतिभोजः** કુંતિભોજ **च** ને **शैब्यः** શૈબ્ય **च** તથા **नरपुंगवः** પુરુષોમાં શ્રેષ્ઠ. ૫

શ૦:—અને મહાપરાક્રમી ધૃષ્ટકેતુ ચેકિતાન, કાશીનો રાજા [તથા] પુરુષોમાં શ્રેષ્ઠ પુરુજિત ને કુંતિભોજ તથા શૈબ્ય. ૫

ટી૦:—હિંસાદિ યોગશત્રુઓને ભયની પ્રાપ્તિ કરનાર જે અહિંસા—સર્વ પ્રાણીને અભય આપવું—આદિ તે ધૃષ્ટ, તે રૂપ જેની ધ્વજા છે એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય ને અપરિગ્રહનો જેણે પોતાનામાં સમાવેશ કરેલ છે તે ધૃષ્ટકેતુ એટલે યમ. યોગના હિંસાદિ શત્રુઓને યમથી ભય ઉપજે એ સ્પષ્ટ જ છે, કેમકે કોઈ પણ બીજા યોગાંગોની અપેક્ષાવિના યમ સાધી શકાય છે, ને તેથી જ તેને યોગાંગનું બીજ ગણવામાં આવે છે. ચિકિતાન એટલે પૂર્વાનુભવ, તેનો જે પુત્ર—પુનઃસ્મરણ—તે ચેકિતાન એટલે સ્મૃતિ. મુક્તિભગવતીના તથા શ્રીસદ્ગુરુના આત્માના ઉપદેશરૂપ વાક્યનું અખંડ અનુસંધાન રહેવું તે સ્મૃતિ કહેવાય છે. યથાયોગ્ય આત્મતત્ત્વને પ્રકાશ કરવામાં જે શ્રેષ્ઠ તે કાશિરાજ એટલે વિચાર. યમ, સ્મૃતિ ને વિચાર

એ ત્રણે મહાવીર્યવાન્ છે. બલવાન્ શત્રુઓને વિવિધરીતે નસાડી દેનારનું નામ વીર, તે વીરપુરુષનું જે કર્મ તે વીર્ય, એ વીર્ય જેનામાં હોય તે વીર્યવાન્ કહેવાય છે. પુરુ એટલે ઘણી ઇંદ્રિયોનો સમૂહ, તેને જિત્ એટલે જિતનાર તે પુરુજિત્ એટલે પ્રત્યાહાર. કુંતી એટલે દિવ્ય વિભૂતિનું આકર્ષણ કરનારી શક્તિ—સાત્ત્વિકી મતિ, તેના પિતા (પાલક) તે કુંતિભોજ એટલે આસન. આસનનો જય થવાથીજ પ્રાણની અને પ્રજ્ઞાની સ્થિરતા સંપાદન થાય છે એ યોગશાસ્ત્રમાં સુપ્રસિદ્ધજ છે. શિવ એટલે મંગલ, તે સંબંધી એટલે મંગલદાતા તે શૈબ્ય એટલે નિયમ. વકાર તથા બકારનો અભેદ હોવાથી મૂલમાં શૈબ્યને સ્થાને શૈબ્ય છે. આંતરબાહ્ય શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય ને ઇશ્વરપ્રણિધાન એ નિયમ છે. એ ત્રણે અન્યપુરુષોમાં શ્રેષ્ઠ છે. ૫

युधामन्युश्च विक्रांत, उत्तमौजाश्च वीर्यवान् ।
सौभद्रो द्रौपदेयाश्च, सर्व एव महारथाः ॥ ६ ॥

પ૦ ત૦ પ૦:—**युधामन्युः** યુધામન્યુ **च** અને **विक्रांतः** મહાપરાક્રમી **उत्तमौजाः** ઉત્તમૌજા **च** તથા **वीर्यवान्** ઘણો બલવાન્ **सौभद्रः** સુભદ્રાનો પુત્ર—અભિમન્યુ **द्रौपदेयाः** દ્રૌપદીના પુત્રો—પ્રતિવિંધ્યાદિ **च** અને **सर्वे** બધા **एव** પણ **महारथाः** મહારથીઓ. ૬

શ૦:—અને મહાપરાક્રમી યુધામન્યુ તથા ઘણો બળવાન્ ઉત્તમૌજા અને સુભદ્રાનો પુત્ર—અભિમન્યુ—[તથા] દ્રૌપદીના પુત્રો [એ] બધા પણ મહારથીઓ [છે.] ૬

ટી૦:—યુધા એટલે અંતઃકરણની તથા ઇંદ્રિયોની બાહ્યદૃષ્ટિની સાથેના યુદ્ધવિષે, મન્યુ એટલે ક્રોધ (સદાગ્રહ) જેને છે તે યુધામન્યુ એટલે પ્રાણાયામ; અથવા યુદ્ધ એટલે ચૈતન્યપ્રકાશ તેને વિષે મન્યુ એટલે ક્રિયા છે જેની તે યુધામન્યુ એટલે પ્રાણાયામ. બલવાન્ ઇંદ્રિયોનો અને અંતઃકરણનો બલાત્કારથી સુદૃઢ નિગ્રહ કરવામાં ને ચૈતન્યની અભિવ્યક્તિ કરવામાં પ્રાણાયામનું કેવું અદ્ભુત સામર્થ્ય છે તે અનુભવી યોગિજનો સારી રીતે જાણે છે. ઓજસ્ એટલે બલ. જેનામાં શ્રેષ્ઠ બલ છે તે ઉત્તમૌજા—ઉત્સાહ. યુધામન્યુ (પ્રાણાયામ) અને ઉત્તમૌજા (ઉત્સાહ) એ બંનેને પંચાલદેશના રાજા કહ્યા છે તે એવા હેતુથી કે પ્રાણાયામ એ પાંચ પ્રાણનો નિગ્રહ કરવામાં ને ઉત્સાહ એ પાંચ જ્ઞાનેન્દ્રિયોની ક્રિયાઓને ધ્યેયસન્મુખપણે વાળવામાં સમર્થ છે. કલ્યાણ કરવામાં સારી રીતે સમર્થ તે સુભદ્રા એટલે ઉદાસીનતા;

તેનો પુત્ર તે સૌભદ્ર—અભિમન્યુ—સર્વત્ર પ્રકાશ કરનાર—સંયમ. ધારણા, ધ્યાન ને સમાધિ એ ત્રણે એકવિષયમાં થાય તે સંયમ કહેવાય છે. જ્યાં જ્યાં સંયમ કરવામાં આવે ત્યાં ત્યાં તે તે વિષયને તે યથાર્થ જણાવે છે એ વાત યોગશાસ્ત્રમાં પ્રસિદ્ધજ છે. દ્રૌપદી એટલે તીવ્રગતિવડે આત્માની અભિમુખ થનારી વૃત્તિ. એ આત્માભિમુખવૃત્તિથી ઉપજેલ જે જ્ઞાનેન્દ્રિયોના પાંચે વિષયોનું આત્મામાં સુખ તે તેના પ્રતિવિંધ્યાદિ પાંચ પુત્રો. દ્રૌપદેયાશ્ચ એ પદમાં જે ચ છે તેથી પૂર્વોક્ત સાધનથી ભિન્ન એવાં નિશ્ચય ને ધીરજ આદિનું પણ ગ્રહણ કરવું. યુધિષ્ઠિર (આસુરીસંપત્તિની સાથેના યુદ્ધમાં સ્થિર રહેનાર સ્વધર્મ) આદિ પાંચે અતિપ્રસિદ્ધ હોવાથી તેમનાં નામો અહિં ગણાવ્યાં નથી. ૬

હવે દુર્યોધન પોતાની સેનામાંના શૂરવીરોનું વર્ણન કરે છે:—

अस्माकं तु विशिष्टा ये, तान्निबोध द्विजोत्तम ।
नायका मम सैन्यस्य, संज्ञार्थं तान्ब्रवीमि ते ॥ ७ ॥

પ૦ ત૦ પ૦:—**અસ્માકં** આપણામાંના **તુ** હવે **વિશિષ્ટાઃ** શ્રેષ્ઠ **યે** જે **તાન્** તેઓને **નિબોધ** જાણો—સાંભળો. **દ્વિજોત્તમ** હે દ્વિજ—બ્રાહ્મણ ક્ષત્રિય ને વૈશ્ય—માં શ્રેષ્ઠ ! **નાયકાઃ** નાયકો **મમ** મારી **સૈન્યસ્ય** સેનાના **સંજ્ઞાર્થં** નામ બોલીને **તાન્** તેઓનાં **બ્રવીમિ** કહું છું **તે** આપને. ૭

શ૦:—હે દ્વિજમાં શ્રેષ્ઠ !—આચાર્ય ! હવે આપણામાંના જે શ્રેષ્ઠ તેઓને સાંભળો. મારી સેનાના [જે] નાયકો [છે] તેઓનાં (તેઓમાંના થોડાકનાં) નામ બોલીને [હું] આપને કહું છું. ૭

ટી૦:—આપણા સૈન્યમાં શૂરવીર તથા કુલશીલ ઇત્યાદિ ગુણોથી યુક્ત ઘણા યોદ્ધા છે, તે બધાનું વર્ણન કરી આપને સાંભળવાનો પરિશ્રમ આપવાનો મારો હેતુ નથી. તેઓમાં જે બહુજ આગળ પડતા છે, અને જેઓને આપ પૂર્ણરીતે જાણો છો, તેમનાં નામો હું આપને જણાવું છું. મહાન સંસ્કારનું વલણ મંદવૈરાગ્યદિશાથી થયું હોય તો તેને પોતાના બળના આશ્રિતાદિ પરાક્રમી યોદ્ધાઓનાં નામો સંભળાવી તેનું તે વલણ નિશ્ચય કરાવવાનો કામનો અંતરાશય છે. દ્વિજોત્તમ એ સંબોધનવડે સંસ્કારની સ્તુતિ કરવારૂપ આશયમાં તેની પ્રીતિ સંપાદન કરવાનો હેતુ છે, અને ઉપેક્ષા ક્રિયા

તિરસ્કારના આશયમાં તમે બ્રાહ્મણ-જાતે પ્રવૃત્તિ કરવાને અયોગ્ય—હોવાથી ક્ષત્રિય-જાતે પ્રવૃત્તિ કરનાર-ના જેવા યુદ્ધમાં પ્રવીણ ન હો, માટે તમે કદાચ. સામા પક્ષમાં જાઓ તોપણ મને તેની ઝાઝી ચિંતા નથી, કેમકે મારા સૈન્યમાં ઘણા ક્ષત્રિય યોદ્ધાઓ છે. ૭

भवान्भीष्मश्च कर्णश्च, कृपश्च समितिंजयः ।
अश्वत्थामा विकर्णश्च, सौमदत्तिस्तथैव च ॥ ८ ॥

પ૦ ત૦ પ૦:—**भवान्** આપ **भीष्मः** ભીષ્મપિતામહ **च** તથા **कर्णः** કર્ણ **च** અને **कृपः** કૃપાચાર્ય **च** તથા **समितिंजयः** યુદ્ધમાં જય મેળવનારા **अश्वत्थामा** અશ્વત્થામા **विकर्णः** વિકર્ણ **च** અને **सौमदत्तिः** સોમદત્તિ **तथा** તે પ્રમાણે-તેવા **एव** જ **च** તથા. ૮

શ૦:-આપ, તથા ભીષ્મપિતામહ, અને કર્ણ, તથા યુદ્ધમાં જય મેળવનારા કૃપાચાર્ય, અશ્વત્થામા, અને વિકર્ણ, તથા તેવા:જ સોમદત્તિ-ભૂરિશ્રવા. ૮

ટી૦:-જેનાવડે શબ્દાદિ પાંચ વિષયોનો પ્રકાશ થાય છે, કિંવા જે ચિરકાલ (બ્રહ્મજ્ઞાન થાય ત્યાંસુધી) રહે છે, તે અસ્મિતા એજ ભીષ્મ. એ અસ્મિતા મોહ અને વિવેક એ બંને પક્ષભણી પોતાનું વલણ રાખે છે માટેજ તેમને કામાદિના પિતામહ ઠરાવ્યા છે. પરાર્થમાં (પુરુષને માટેના પ્રયોજનવાળી પ્રવૃત્તિમાં) તે પુરુષને શબ્દાદિ વિષયોનું જ્ઞાન કરાવે છે, અને સ્વાર્થસંયમમાં (બુદ્ધિના પ્રયોજનવાળા સંયમમાં) તે વિવેકખ્યાતિદ્વારા પુરુષનું જ્ઞાન કરાવે છે, માટે તે પિતામહ એ નામને યોગ્ય ગણાયેલ છે, ને પરાર્થભણી તેની પ્રવૃત્તિ વિશેષ છે માટે તેને મોહના પુત્રોની સેનાના નાયક ઠરાવ્યા છે. કર્ણ એટલે રાગ-વિષયોને સુખરૂપ માની તેને પ્રાપ્ત કરવાની દૃઢ ઇચ્છા થવી તે. વિકર્ણ-દ્વેષ-મૂલસ્વભાવે કે સંગતે ઇંદ્રિયોને પોતપોતાના પ્રતિકૂલવિષયોમાં જે તિરસ્કાર ઉપજવો તે. કૃપ-વસ્તુમાં (સત્યમાં) અવસ્તુની (અસત્યની) કલ્પના કરાવનાર-અવિદ્યા. સંસ્કાર અને અવિદ્યા એ બે મોહના પક્ષમાં આચાર્યપદ ધરાવનાર પરસ્પરના નિકટસંબંધી છે. સંગ્રામમાં જય કરનાર એવું જે અવિદ્યાને વિશેષણ આપ્યું છે તે પણ યોગ્યજ છે, કેમકે યોગ-શાસ્ત્રમાં તેને સર્વ ભ્રાન્તિના ક્ષેત્રરૂપે એટલે આશ્રયસ્થાનરૂપે વર્ણવી છે. અશ્વત્થામા-સંચય થઇને રહેનારી-સ્થૂલદેહ નાશ પામ્યા છતાં પણ નાશ

નહિ પામનારી-વાસના. સંસ્કાર એ વાસનાની પૂર્વસ્થિતિ છે તેથીજ વાસના-ના પિતારૂપે સંસ્કારને ઠરાવેલ છે. મનુષ્યના અંતઃકરણમાં રહેલા બળવાન્ સંસ્કારાનુસાર વાસનાનું સ્ફુરણ સુપ્રસિદ્ધજ છે. સૌમદત્તિનું અન્ય નામ ભૂરિ-શ્રવા છે. સૌમદત્તિ-સોમદત્તનો પુત્ર-સોમના એટલે ચંદ્રના જેવા પ્રકાશહીન કુસંગથી ઉપજતી અશ્રદ્ધા. ભૂરિશ્રવા-જેનું બહુપણું સાંભળવામાં આવે છે તે-અશ્રદ્ધા. કેટલાંક પુસ્તકોમાં તથૈવ ચ ને સ્થલે જયદ્રથઃ એવો પાઠ પણ જોવામાં આવે છે. જયદ્રથ-અનુરક્ત થઈને ઉત્કૃષ્ટરૂપે રહેનાર-અભિ-નિવેશ. જયદ્રથને સિંધુદેશનો રાજા કલ્પવામાં નાશવાન્ ને અસાર શરીરને ચિરકાલ રાખવાનો અભિનિવેશનો દુરાગ્રહરૂપ સ્વભાવ સૂચવ્યો છે. કામે પોતાના ભાઈ દ્વેષનું નામ પ્રથમ નહિ કહેતાં મુખમાં વાસનાનું નામ પ્રથમ કહ્યું છે તે સંસ્કારને ભલું મનાવવામાટે છે. ૮

अन्ये च बहवः शूरा, मदर्थे त्यक्तजीविताः ।

नानाशस्त्रप्रहरणाः, सर्वे युद्धविशारदाः ॥ ९ ॥

પ૦ ત૦ પ૦:—**अन्ये** બીજા **च** પણ **बहवः** ઘણા **शूराः** શૂરવીરો **मदर्थे** મારામાટે **त्यक्तजीविताः** જેમણે જીવવાની ઇચ્છા મુકી દીધી છે એવા **नानाशस्त्रप्रहरणाः** અનેક જાતનાં શસ્ત્રોનો પ્રહાર કરવાનાં સાધનો-વાળા **सर्वे** સર્વે **युद्धविशारदाः** યુદ્ધમાં અતિકુશલ. ૯

શ૦:—[વળી] બીજા પણ ઘણા શૂરવીરો મારામાટે જેમણે જીવવાની ઇચ્છા મુકી દીધી છે એવા [તથા] અનેક જાતનાં શસ્ત્રોનો પ્રહાર કરવાનાં સાધનોવાળા [છે. તે] સર્વે યુદ્ધમાં અતિકુશલ [છે.] ૯

ટી૦:—પૂર્વે કહેલા યોદ્ધાઓવિના બીજા પણ ઘણા યોદ્ધાઓ આપણા સૈન્યમાં છે; જેવાકે શલ્ય, કૃતવર્મા ને ભગદત્ત ઇત્યાદિ. શલ્ય-ઇંદ્રિયોનું પોતપોતાના વિષયભણી બલાત્કારે જવાનું ને તેમાં ચોંટવાનું વલણ. કૃતવર્મા-અનુકૂલ વિષયના સેવનમાં ઇંદ્રિયોની તત્પરતા. ભગદત્ત-ભગ એટલે પ્રાપ્ત વિષય, તેણે દત્ત એટલે ઉપજાવેલી તે વિષયના ક્ષેમ-રક્ષણ-ની ચિંતા. એ સર્વે યોદ્ધાઓ પોતપોતાના પ્રાણનો ત્યાગ કરીને પણ કામને જય અપાવવો એવા નિશ્ચયવાળા છે. શસ્ત્ર એટલે વિરુદ્ધ પક્ષવાળાનો નાશ કરવાનું સાધન. આ પ્રમાણે કામે પોતાના સૈન્યનું બહુપણું, અનન્યપણું, શક્તિમાનપણું અને યુદ્ધનો ઉદ્યમ તથા યોદ્ધાઓની અતિપ્રવીણતા એ સર્વે સંસ્કારપાસે વર્ણવી દેખાડ્યાં. ૯

કદાચ દ્રોણાચાર્ય બંને સૈન્યનું સમાનપણું ધારે તો તેના નિવારણમાટે બીજા પ્રકારે દુર્યોધન પોતાના સૈન્યનું પ્રાબલ્ય જણાવે છેઃ—

अपर्याप्तं तदस्माकं, बलं भीष्माभिरक्षितम् ।
पर्याप्तं त्विदमेतेषां, बलं भीमाभिरक्षितम् ॥ १० ॥

પ૦ ત૦ પ૦:—**अपर्याप्तम्** અનંત **तत्** તે **अस्माकम्** આપણું **बलम्** સૈન્ય **भीष्माभिरक्षितम्** ભીષ્મપિતામહવડે રક્ષણ પામેલું **पर्याप्तम्** ન્યૂન તું અને **इदम्** આ **एतेषाम्** એઓનું **बलम्** સૈન્ય **भीमाभिरक्षितम्** ભીમવડે રક્ષણ પામેલું. ૧૦

શ૦:—આપણું તે સૈન્ય અનંત [અને] ભીષ્મવડે રક્ષણ પામેલું [છે,] અને એઓનું (પાંડવોનું) આ સૈન્ય ન્યૂન [અને] ભીમવડે રક્ષણ પામેલું [છે.] ૧૦

ટી૦:—આ આપણી સેના અગીઆર અક્ષોહિણી સંખ્યાવાળી છે-પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો ને મન એ અગીઆર ઇંદ્રિયોની જે પોતપોતાના વિષયમાં રાગદ્વેષવાળી અસંખ્ય વૃત્તિઓ તે યુક્ત છે. વળી મહાસામર્થ્યવાન્ અને સૂક્ષ્મબુદ્ધિમાન્ ભીષ્મવડે-અસ્મિતાવડે-ચારે બાજુથી આપણી સેના રક્ષિત થયેલી છે, માટે આપણી સેના વિવેકના પુત્રોની સેનાથી પ્રબલ છે, અને વિવેકના પુત્રોની સેના તો સાત અક્ષોહિણી સંખ્યાવાળી હોવાથી આપણી સેનાથી થોડી છે, તથા તે દુર્બલ ને ચપલ-અસ્થિર-બુદ્ધિવાળા ભીમસેન-સાહસ-થી ચારે બાજુથી રક્ષણ કરાયેલી છે, માટે તે આપણી સેનાથી અતિદુર્બલ છે. ભીમસેન-સાહસ-પરિણામમાં શંકા કલાવ્યા વિના નિર્ભયપણું રાખી અનન્યનિષ્ઠાથી-ઇષ્ટદેવ સર્વ અનુકૂલ કરશેજ એવી દૃઢ ભાવનાએ-કાર્યનો આરંભ કરવાની વૃત્તિ. ૧૦

આ રીતે આપણું સૈન્ય પ્રબલ છે તોપણ આપણે સાવધાનતા રાખવી આવશ્યક છે માટે આજ્ઞારૂપે કિંવા ડરથી નહિ, પણ કર્તવ્ય સૂચવવા આપને કહું છું કેઃ—

अयनेषु च सर्वेषु, यथाभागमवस्थिताः ।
भीष्ममेवाभिरक्षन्तु, भवन्तः सर्व एव हि ॥ ११ ॥

પ૦ ત૦ પ૦:—**अयनेषु च** માર્ગોમાં **सर्वेषु** [વ્યૂહરચનામાં પેસવાના] સર્વે **यथाभागम्** પોતપોતાના યોગ્ય સ્થાનમાં **अवस्थिताः** રહ્યા છતા **भीष्मम्** ભીષ્મનું **एव** જ **अभिरक्षन्तु** ચારે બાજુથી રક્ષણ કરો **भवन्तः** આપ **सर्वे** બધા **एव** જ **हि** તોપણ. ૧૧

શ૦:—તોપણ આપ બધાજ [વ્યૂહરચનામાં પેસવાના] સર્વે માર્ગોમાં પોતપોતાના યોગ્ય સ્થાનમાં રહ્યા છતા ભીષ્મનુંજ ચારે બાજુથી રક્ષણ કરો. ૧૧

ટી૦:—મૂલમાં જે **च** છે તે આગળ કહેલા કર્તવ્યથી વિશેષ કર્તવ્યનો બોધક છે. આપણી સેનાના મુખ્ય નાયક અસ્મિતાનું ચિત્ત યુદ્ધમાં અત્યંત જોડાયેલું હોવાથી તેમને પોતાની આસપાસનું ભાન હોવાનો સંભવ નથી, માટે આપ અને બીજા સર્વે શૂરવીરો પોતપોતાના સ્થાનનો ત્યાગ નહિ કરતાં સ્થિર રહી સર્વબાજુથી એ અસ્મિતાનુંજ રક્ષણ કરો, કે જેથી શત્રુની સેનાનો કોઇ યોદ્ધો કોઇ માર્ગે આવીને તેમનો નાશ ન કરે. તેમનું સાવધાનતાપૂર્વક રક્ષણ કરશો તો એમની કૃપાથી આપણું સર્વનું રક્ષણ થશે. ૧૧

આવી રીતે દુર્યોધનનો પોતાના પ્રતિ અતિભાવ જોઈ તેને હર્ષ ઉપજાવવા તથા પ્રતિપક્ષીને ભય ઉત્પન્ન કરવા ભીષ્મપિતામહે સિંહનાદ કરીને શંખનો નાદ કર્યો એમ સંજય ધૃતરાષ્ટ્રને કહે છે:—

तस्य संजनयन्हर्षं, कुरुवृद्धः पितामहः ।
सिंहनादं विनद्योच्चैः, शंखं दध्मौ-प्रतापवान् ॥ १२ ॥

પ૦ ત૦ પ૦:—**तस्य** તેને (દુર્યોધનને) **संजनयन्** ઉપજાવવા **हर्षम्** હર્ષ **कुरुवृद्धः** કૌરવોમાં વૃદ્ધ એવા **पितामहः** [ભીષ્મ] પિતામહ **सिंहनादम्** સિંહના જેવો નાદ **विनद्य** કરીને **उच्चैः** મોટે સાદે-તાણીને **शंखम्** શંખ **दध्मौ** વગાડતા હવા **प्रतापवान्** પ્રતાપી. ૧૨

શ૦:—પ્રતાપી [તથા] કૌરવોમાં વૃદ્ધ એવા [ભીષ્મ] પિતામહ તેને (દુર્યોધનને) હર્ષ ઉપજાવવા સિંહના જેવો નાદ કરીને મોટે સાદે શંખ વગાડતા હવા. ૧૨

ટી૦:—સંસ્કારે જાણ્યું જે આ કામ કપટવડે મારે શરણે આવ્યો છે, ને હજી પણ મારી સાથે કપટ ને યુક્તિથીજ બોલે છે માટે મારે તેનો

સત્કાર કરવો ઉચિત નથી, એમ જાણી તેણે તેનો વાણીવડે પણ સત્કાર ન કર્યો. આવી રીતની સંસ્કારની પોતાના પ્રતિ ઉપેક્ષા જાણી કામે અસ્મિતાની સ્તુતિ કરી એટલે અસ્મિતાએ તેને આનંદ ઉપજાવવા સિંહનાદ કરી તાણીને શંખ વગાડ્યો. **કુરુવૃદ્ધઃ** (કુરુ–કર્માશયના સ્થલના ધણીપણાના અભિમાનવાળી વૃત્તિ–તેમાં વૃદ્ધ) એ વિશેષણથી અસ્મિતામાં સંસ્કાર તથા કામ એ બંનેના અભિપ્રાયને જાણી લેવાનું સામર્થ્ય સૂચવ્યું છે. વૃદ્ધપુરુષો પોતાના પરિવારાદિકના વિચારને સહજ સમજી જાય એ સ્પષ્ટજ છે. **પિતામહઃ** (અસ્મિતા એ મોહના તથા વિવેકના પુત્રોને પિતામહતુલ્ય છે.) એ વિશેષણથી શુભ સંસ્કારે જેમ કામનો અનાદર કર્યો તેમ અસ્મિતાએ કર્યો નહિ માટે તે આપને માન આપવાયોગ્ય છે એમ અધ્યાત્મપ્રસાદે મોહને સૂચવ્યું છે. ૧૨

ભીષ્મપિતામહનો આવી રીતનો ઉદ્યમ જોઇ પછી બીજા શૂરવીરોની જે પ્રવૃત્તિ થઇ તે સંજય ધૃતરાષ્ટ્રને કહે છે:—

ततः शंखाश्च भेर्यश्च, पणवानकगोमुखाः ।
सहसैवाभ्यहन्यंत, स शब्दस्तुमुलोऽभवत् ॥ १३ ॥

પ૦ ત૦ પ૦:—**ततः** પછી **शंखाः** શંખો **च** અને **भेर्यः** ભેરીઓ **च** તથા **पणवानकगोमुखाः** મૃદંગો, નગારાં ને રણશિંગાં **सहसा** તુરત **एव** જ **अभ्यहन्यन्त** વાગવા લાગ્યાં **सः** તે **शब्दः** શબ્દ **तुमुलः** ઘણો મોટો **अभवत्** થતો હવો. ૧૩

શ૦:—[ભીષ્મપિતામહની પૂર્વોક્ત પ્રવૃત્તિ થયા] પછી શંખો અને ભેરીઓ તથા મૃદંગો, નગારાં ને રણશિંગાં તુરતજ વાગવા લાગ્યાં. [શંખાદિનો] તે શબ્દ ઘણો મોટો થતો હવો. ૧૩

ટી૦:—અહિં શંખ, ભેરી, મૃદંગ, નગારાં ને રણશિંગાં એ વાજીંત્રોવડે શરીરની પ્રાણવહાનાડીઓની અંતર થનારા ને ચિત્તની આસુરીવૃત્તિઓને ઉત્તેજિત કરનારા ઘોર નાદો સમજવા. ઘોર અને શાંત એ બંને નાદોનો અનુભવ એકાગ્રમનવાળાને થાય છે. અમુક અમુક આસુરીવૃત્તિ જ્યારે અતિપ્રબલ થઇ પોતાની વિરોધી દૈવીવૃત્તિને હણવા ઉદ્યમી થાય છે ત્યારે અમુક અમુક પ્રકારના ઘોરનાદોનું શ્રવણ એકાગ્રમનવાળાને થાય છે. અસ્મિતાની પૂર્વોક્ત પ્રવૃત્તિ થયા પછી તેનું અનુસરણ કરનારા કામના પક્ષના બીજા

યોદ્ધાઓ જે સંસ્કારાદિ તેમણે પણ પોતાના ઘોર નાદો ઉપજાવ્યા. એ મહાન્ શબ્દથી પણ વિવેકના પુત્રોના બલવાન્ સૈન્યને કાંઇ પણ ભય ન ઉપજ્યું. ૧૩

આ પ્રકારે દુર્યોધનની સેનાનો ઉદ્યમ કહી હવે પાંડુના પુત્રોની સેનાનો ઉદ્યમ સંજય ધૃતરાષ્ટ્રને સંભળાવે છેઃ—

ततः श्वेतैर्हयैर्युक्ते, महति स्यंदने स्थितौ ।
माधवः पांडवश्चैव, दिव्यौ शंखौ प्रदध्मतुः ॥ १४ ॥

૫૦ ત૦ ૫૦:—**ततः** પછી **श्वेतैः** ધોળા **हयैः** ઘોડાઓ **युक्ते** જોડેલા **महति** મોટા **स्यंदने** રથમાં **स्थितौ** બેઠેલા **माधवः** માધવ-શ્રીકૃષ્ણ **पांडवः** પાંડવ-અર્જુન **च एव** અને **दिव्यौ** દિવ્ય **शंखौ** [બે] શંખો **प्रदध्मतुः** વગાડતા હવા. ૧૪

શ૦:—પછી ધોળા ઘોડાઓ જોડેલા મોટા રથમાં બેઠેલા માધવ અને અર્જુન [પોતપોતાના] દિવ્ય શંખો વગાડતા હવા. ૧૪

ટી૦:—આપેક્ષિકવ્યાપક અગ્નિતત્ત્વ કે જે સ્થાવરજંગમ પ્રાણિમાત્રને ઉષ્ણતા તથા કાન્તિ આપી તેમના જીવનનો નિર્વાહ કરે છે તેણે કૃપા કરીને મંદવિરાગને સર્વ માયિક પદાર્થોની ઉપેક્ષારૂપી મોટો ને અભેદ્ય રથ આપ્યો છે. એ ઉપેક્ષારૂપી રથને પરિણામ, તાપ, સંસ્કાર ને અંતઃકરણમાંના ત્રણ ગુણોના પ્રધાનવૃત્તિનો વિરોધ એ બાહ્યાભ્યંતર પદાર્થોમાં રહેલા ચાર પ્રકારના દોષોને જોવારૂપ ચાર ધોળા ઘોડા જોડેલા છે. સર્વ વિષયોમાં પરિણામ, તાપ ને સંસ્કાર એ દુઃખો છે, તથા બુદ્ધિરૂપે પરિણામ પામેલા સત્ત્વ, રજસ્ ને તમસ્ એ ત્રણ ગુણોના શાંત, ઘોર ને મૂઢ વૃત્તિઓના માત્ર પ્રધાનપણાના વિરોધથી, પણ પ્રધાનગુણભાવે સાથે રહેવાના સંભવથી, શાંતવૃત્તિના ઉદયમાં પણ ગૌણરૂપે દુઃખ રહેલું હોય છે. એમ આ જગતમાં સર્વત્ર દુઃખ રહેલ છે. વિશેષ સમજમાટે **શ્રીપાતંજલયોગદર્શનના** બીજા પાદના પંદરમા સૂત્રની ટીકા જુઓ. **માધવ**-માયાના પતિ-માયાને અધીન કરી વર્તનાર-**આત્મા**. **પાંડવ**-દૈવીસંપત્તિના કુલમાં ઉપજેલ વિવેકનો પુત્ર-મંદવિરાગ. એમણે પ્રાણવહાનાડીમાં પોતાને અનુકૂલ એવા નિર્મલ નાદો કર્યા, સામા પક્ષથી અમે લેશમાત્ર પણ ભય પામ્યા નથી એમ જણાવવાને. ૧૪

નીચેના બે શ્લોકમાં શ્રીકૃષ્ણ આદિના શંખોનાં નામો જણાવે છે:—

पांचजन्यं हृषीकेशो, देवदत्तं धनंजयः ।
पौंड्रं दध्मौ महाशंखं, भीमकर्मा वृकोदरः ॥ १५ ॥

પ૦ ત૦ પ૦:—**पांचजन्यम्** પાંચજન્યનામના શંખને **हृषीकेशः** ઇંદ્રિયોને પ્રવર્તાવનારા-શ્રીકૃષ્ણભગવાન્ **देवदत्तम्** દેવદત્તનામના શંખને **धनंजयः** ધનને જિતનારા-અર્જુન **पौंड्रम्** પૌંડ્રનામના **दध्मौ** વગાડતા હવા **महाशंखम्** મોટા શંખને **भीमकर्मा** ઉગ્રકર્મો કરનાર **वृकोदरः** ભીમ. ૧૫

શ૦:—હૃષીકેશ-શ્રીકૃષ્ણ-પાંચજન્યનામના શંખને વગાડતા હવા, ધનંજય-અર્જુન-દેવદત્તનામના શંખને [અને] ઉગ્ર (લોકોને ભય ઉપજે એવાં) કર્મો કરનારા વૃકોદર (ભીમ) પૌંડ્રનામના મોટા શંખને [વગાડતા હવા.] ૧૫

ટી૦:—**હૃષીકેશ**-હૃષીક એટલે ઇંદ્રિયો ને ઈશ-પ્રેરક-પોતાની સત્તાસ્ફૂર્તિથી ઇંદ્રિયોને પોતપોતાના કાર્યમાં પ્રેરનાર-**આત્મા.** અહિં આત્માનું ત્રિગુણાતીતસ્વરૂપ નહિ સમજતાં શુદ્ધસત્ત્વગુણ જેનો ઉપાધિ છે એવું સ્વરૂપ સમજવું. **ધનંજય** એ **મંદવિરાગ**નું નામ છે, કેમકે વિષયો, ઇંદ્રિયો, પ્રાણ અને અંતઃકરણ એમના ધનરૂપ સત્ત્વને-બલને-પોતે જિતે છે, તાત્પર્ય કે તે સર્વના મદનું (વિષયોમાં રમણીયપણાની ભ્રાંતિનું ને ઇંદ્રિયાદિના બાલવેગનું) હરણ કરી પોતે તે સર્વસહિત **આત્માની** સંમુખ થાય છે. **સાહસનાં** કાર્યો ભયંકર લાગે એ ઉઘાડુંજ છે. **સાહસનું** જે **વૃકોદર** એવું નામ આપ્યું છે તેથી તેમાં સુખદુઃખાદિરૂપ દ્વંદ્વસમૂહને પચાવી જવાનું એટલે તેની ઉપેક્ષા કરવાનું સામર્થ્ય છે એમ સૂચવ્યું છે. વૃક એટલે વરુ તેના જેવું છે ઉદર એટલે પેટ જેનું તે વૃકોદર. વરુના ઉદર-જઠર-માં પાચનસામર્થ્ય બહુજ હોય છે, માટે **સાહસને વૃકોદર** એવું નામ આપ્યું છે. **પંચજન**થી (ઇંદ્રિયોની રૂપાદિ પાંચ પ્રકારની અવસ્થાથી) ઉપજેલ તે **પાંચજન્ય.** દેવતાનો આપેલ તે દેવદત્ત. **પાંચજન્ય, દેવદત્ત** ને **પૌંડ્ર** એ પ્રાણવહનાડીઓમાં મુખ્ય જે **સુષુમ્ણા** તેના અંતરના શાંતનાદોનાં નામો છે. **આત્મા, મંદવિરાગ** અને **સાહસનાં** પરાક્રમયુક્ત અન્ય નામ સૂચવી

અધ્યાત્મપ્રસાદે મોહને સૂચવ્યું કે તમારા કામાદિ પુત્રો તેમનો પરાજય કરવા સમર્થ નથી. ૧૫

अनंतविजयं राजा, कुंतीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च, सुघोषमणिपुष्पकौ ॥ १६ ॥

પ૦ ત૦ પ૦:—**अनंतविजयम्** અનંતવિજયનામના શંખને **राजा** રાજા **कुंतीपुत्रः** કુંતીના પુત્ર **युधिष्ठिरः** યુધિષ્ઠિર **नकुलः** નકુલ **सहदेवः** સહદેવ **च** અને **सुघोषमणिपुष्पकौ** સુઘોષ તથા મણિપુષ્પકનામના શંખને. ૧૬

શ૦:—કુંતીના પુત્ર રાજા યુધિષ્ઠિર અનંતવિજયનામના શંખને [તથા] નકુલ અને સહદેવ સુઘોષ તથા મણિપુષ્પક-નામના શંખને [વગાડતા હવા.] ૧૬

ટી૦:—કુંતી એટલે દિવ્યવિભૂતિનું પોતાના ભણી આકર્ષણ કરનારી શક્તિ—સાત્ત્વિકી મતિ, તેનો પુત્ર જે **સદ્ધર્મ** તેજ રાજા યુધિષ્ઠિર. **સદ્ધર્મ** એજ આસુરીસંપત્તિના સૈન્યના સામો રાજાતરીકે લડવા ઊભો રહે છે. **નકુલ** એટલે પછવાડે જેને પરિવાર નથી એવો કિંવા વિક્ષેપરૂપ સર્પનું ભક્ષણ કરનાર એટલે ઉપશમ—વિષયમાં સુદૃઢ દોષદર્શન થઈ વિષયેચ્છાઓનો દૃઢ અભાવ સુસ્થિર થવો તે. **સહદેવ** એટલે દેવની સાથે રહેનાર—**ભક્તિ**. જેનાથી નાશરહિત વિજય પ્રાપ્ત થાય તે **અનંતવિજય**. એ ત્રણે શંખ પણ સુષુમ્ણા-ની અંતરના શાંત નાદજ સમજવા. કહેલા ૭ નાદો સુષુમ્ણામાં તે તે વૃત્તિના પ્રાબલ્યમાં થાય છે, ને તે યોગીઓને અનુભવાય છે. આમ સામી સેનામાં પ્રસિદ્ધ ૭ શંખ છે, ને કામની સેનામાં તો એક પણ પ્રસિદ્ધ શંખ નથી, એમ અધ્યાત્મપ્રસાદે મોહને ફરી એમ સૂચવ્યું કે વિવેકના પુત્રોની સેના તમારા પુત્રોની સેનાથી અતિબલવાન્ છે. ૧૬

ધૃતરાષ્ટ્ર પોતાના પુત્રોના જયની આશા છોડે તેમાટે સંજય સામા પક્ષની સેનામાંના બીજા મુખ્ય મુખ્ય રાજાના સંખને જણાવે છેઃ—

काश्यश्च परमेष्वासः, शिखंडी च महारथः ।
धृष्टद्युम्नो विराटश्च, सात्यकिश्चापराजितः ॥ १७ ॥

द्रुपदो द्रौपदेयाश्च, सर्वशः पृथिवीपते ।
सौभद्रश्च महाबाहुः, शंखान् दध्मुः पृथक् पृथक् ॥ १८ ॥

પદ૦ તથા પદ૦:—**काश्यः** કાશીનો રાજા **च** અને **परमेष्वासः** મહાધનુષ્ ધરનાર **शिखंडी** શિખંડી **च** તથા **महारथः** મહારથી **धृष्टद्युम्नः** ધૃષ્ટદ્યુમ્ન **विराटः** વિરાટરાજા **च** અને **सात्यकिः** સાત્યકિ **च** તથા **अपराजितः** શત્રુથી ન જિતાય એવો **द्रुपदः** દ્રુપદરાજા **द्रौपदेयाः** દ્રૌપદીના પુત્રો **च** અને **सर्वशः** સર્વે [યોદ્ધાઓ] **पृथिवीपते** હે પૃથ્વીના ધણી !–હે ધૃતરાષ્ટ્ર ! **सौभद्रः** સુભદ્રાનો પુત્ર **च** ને **महाबाहुः** મોટા હાથવાળો **शंखान्** શંખોને **दध्मुः** વગાડવા લાગ્યા **पृथक्** ભિન્ન **पृथक्** ભિન્ન. ૧૭-૧૮

શ૦:—[તેમજ] હે પૃથ્વીપતે !–હે ધૃતરાષ્ટ્ર ! મહાધનુષ્ ધરનાર કાશીનો રાજા, મહારથી શિખંડી અને ધૃષ્ટદ્યુમ્ન તથા વિરાટરાજા અને શત્રુઓથી ન જિતાય એવો સાત્યકિ તથા દ્રુપદ અને દ્રૌપદીના પુત્રો ને મહાબાહુ સૌભદ્ર (અભિમન્યુ) [એ] સર્વ [યોદ્ધાઓ પોતપોતાના] ભિન્ન ભિન્ન શંખોને વગાડવા લાગ્યા. ૧૭–૧૮

ટીટ:—સ્થૂલ શરીરરૂપ પૃથ્વીમાં ધણીપણાનું અભિમાન રાખનાર મોહ તે પૃથ્વીપતિ ધૃતરાષ્ટ્ર. શિખંડી–વિષયેચ્છારૂપ વિષવાળા વિક્ષેપરૂપ સર્પનું ભક્ષણ કરનાર ઉર્ધ્વજ્યોતીરૂપ મયૂર–શાંતિ. ધૃષ્ટદ્યુમ્ન–આંતરશત્રુને પીડા કરનાર બલ–ચિત્તની એકાગ્રતા. વિરાટ–સમાધિ. સત્યને ક પ્રત્યય લાગવાથી સત્યક એવું સત્યનું નામ થાય છે. સત્યકનો પુત્ર તે સાત્યકિ એટલે શ્રદ્ધા. જો સત્ય હોય તોજ સાત્ત્વિકી શ્રદ્ધા ઉપજે એ સ્પષ્ટ છે. દ્રુપદ–તીવ્રસંવેગ–શુદ્ધપ્રેમ. દિવ્યશબ્દાદિ પાંચ વિષયના સુખનો આત્મામાં અનુભવ એ દ્રૌપદીના પાંચ પુત્રો સમજવા. સંસારના વિષયોમાં ઉદાસીનતા તે સુભદ્રા. તેનો પુત્ર અભિમન્યુ તે સંયમ. શાંતિ એ પાંચ ઇંદ્રિયોને નિયમમાં રાખે છે માટે તેને પંચાલદેશનો રાજા કહેલ છે. મૂલમાં એક **च** વિશેષ છે તે પાદની પૂર્ણતા કરવામાટે છે. ૧૭–૧૮

અર્જુન આદિએ કરેલા શંખોના શબ્દોને સાંભળીને દુર્યોધનાદિની કેવી સ્થિતિ થઈ તે કહે છે:—

स घोषो धार्तराष्ट्राणां, हृदयानि व्यदारयत् ।
नभश्च पृथिवीं चैव, तुमुलो व्यनुनादयन् ॥ १९ ॥

પ૦ ત૦ પ૦:—**सः** તે **घोषः** શબ્દ **धार्तराष्ट्राणाम्** કૌરવોનાં **हृदयानि** હૃદયોને **व्यदारयत्** ચીરી નાંખતો હવો **नभः** આકાશને **च** અને **पृथिवीम्** પૃથ્વીને **च** અને **एव** જ **तुमुलः** અતિમહાન્ **व्यनुनादयन्** ગજાવી દેતો [છતો.] ૧૯.

શ૦:—[શંખોનો] તે અતિમહાન્ શબ્દ આકાશને અને પૃથ્વીને ગજાવી દેતો [છતો] કૌરવોનાં હૃદયોને ચીરી નાંખતો હવો. ૧૯

ટી૦:—મૂલમાં જે **च** ને **एव** એવાં બે પદો છે તે અન્વયમાં ગણેલાં નથી, તથા તેનો શબ્દાર્થ પણ જણાવેલો નથી. તેમાં **च**વડે સુષુમ્ણામાંનાં અવાંતરચક્રો સમજવાં, ને **एव** એ પદ પાદને પૂર્ણ કરવામાટે સમજવું. કામાદિની સેનાના શંખાદિનો નાદ જોકે ઘણો મોટો થયો, છતાં વિવેકના પુત્રોની સેનાના યોદ્ધાઓ ગભરાયા નહિ, પણ વિવેકના પુત્રોની સેનામાં થયેલો ઘણો મોટો શંખનાદ તો પૃથ્વી એટલે મૂલાધારચક્ર અને આકાશ એટલે સહસ્રદલ (અજરામર) ચક્ર ત્યાંસુધી પ્રતિધ્વનિથી પૂરાઇ રહ્યો હતો. અધ્યાત્મપ્રસાદ મોહને કહે છે કે એ શંખનાદ તમારા સંબંધીઓનાં–પુત્રો, પૌત્રો તથા સેનાના નાયક અસ્મિતાદિનાં–હૃદયોને ભયવડે વિદારણ કરતો હવો, તાત્પર્ય કે તેમને તે શબ્દ અત્યંત ભયંકર અને દુઃખદ લાગતો હવો. ૧૯

પાંડુના પુત્રોના સૈન્યની નિર્ભયતા તથા અર્જુનનું શ્રીકૃષ્ણ-પ્રતિનું કથન નીચેના શ્લોકોમાં નિરૂપણ કરે છે:—

अथ व्यवस्थितान्दृष्ट्वा, धार्तराष्ट्रान् कपिध्वजः ।
प्रवृत्ते शस्त्रसंपाते, धनुरुद्यम्य पांडवः ॥ २० ॥
हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते ।

પ૦ ત૦ પ૦:—**अथ** પછી **व्यवस्थितान्** યુદ્ધમાટે ઊભેલા **दृष्ट्वा** જોઇને **धार्तराष्ट्रान्** કૌરવોને **कपिध्वजः** જેની ધજામાં હનુમાન્ છે એવો **प्रवृत्ते** ચાલવા માંડયો ત્યારે **शस्त्रसंपाते** શસ્ત્રનું પડવું–શસ્ત્રનો મારો

धनुः ધનુષ્ **उद्यम्य** ઊઠાવીને **पाण्डवः** પાંડવ–અર્જુન ૨૦ **हृषीकेशम्** હૃષીકેશ–શ્રીકૃષ્ણ–ને **तदा** તે વેલા **वाक्यम्** વચન **इदम्** આ **आह** કહેતા હવા **महीपते** હે પૃથ્વીના ધણી !–હે ધૃતરાષ્ટ્ર !

શ૦:—હે મહીપતે !–હે ધૃતરાષ્ટ્ર ! [તે ભય ઉપજ્યા] પછી [પણ] યુદ્ધમાટે ઊભેલા કૌરવોને જોઈને તે વેલા શસ્ત્રનો મારો ચાલવા માંડયો ત્યારે જેની ધજામાં હનુમાન છે એવા અર્જુન [પોતાનું] ધનુષ્ ઊઠાવીને હૃષીકેશ–શ્રીકૃષ્ણ–ને આ વચન કહેતા હવા. ૨૦

ટી૦:—અધ્યાત્મપ્રસાદ **મોહ**ને કહે છે કે હે સ્થૂલશરીરાદિમાં અતિ-મમતા રાખનાર **મોહ** ! તમારા **કામાદિ** પુત્રોને વિવેકના પુત્રોના બલવાન્ સૈન્યથી ભય ઉપજ્યા છતાં પણ તેઓ જ્યારે નિર્લજ્જતાથી યુદ્ધની તૈયારી-સાથે રણભૂમિમાંજ ઊભા રહ્યા. ત્યારે જેની ધજાવિષે કપિ–પરપ્રેમ–છે એવો **મંદવિરાગ** પોતાનું ગાંડીવનામનું મોટું ધનુષ્ પોતાના હાથમાં ઊપાડીને પોતાના સારથિ–પ્રેરક–**આત્મા**–ને હવે પછી કહેવામાં આવશે તે વચન કહેવા લાગ્યો. કપિ એટલે આલંબનરહિત કૂદી એક સ્થલથી (સંસારમાંથી) અન્ય સ્થલમાં (પરમાત્મામાં) જનાર તથા મહાન્ પરાક્રમી એવો **પરપ્રેમ**. અહંકારાદિક બલવાન્ અસુરોનો પરાજય કરનાર એવા **પરપ્રેમ**ને જેણે જિતીને વશ કરેલ છે તે **મંદવિરાગ**ને કોઈનું ભય લાગે એમ નથી, કેમકે તે અભયરૂપ છે. **वैराग्यमेवाभयम्** એ **શ્રીભર્તૃહરિ**નું વૈરાગ્યને અભયરૂપ જણાવનારું કથન યોગ્યજ છે. વિષયાનુરાગમાં ભય છે, વિષયવિરાગમાં ભય નથી. વળી **આત્મા**ને પોતાના સારથિરૂપે રાખી યુદ્ધમાં ઉદ્યમી છે એટલે તેમની ઇચ્છાનુસારજ વર્તનાર જે **મંદવિરાગ** છે તેનો તમારા પુત્રાદિવડે પરાજય થવો સંભવતો નથી. ૨૦

अर्जुन उवाच ॥

सेनयोरुभयोर्मध्ये, रथं स्थापय मेऽच्युत ॥ २१ ॥

૫૦ ત૦ ૫૦:—अर्जुनः અર્જુન **उवाच** બોલ્યા ॥ **सेनयोः** સેનાની **उभयोः** બેઉ **मध्ये** વચ્ચે **रथम्** રથને **स्थापय** ઊભો રાખો **मे** મારા **अच्युत** હે વિકારરહિત !–નાશરહિત !–ચળે નહિ એવા !–હે શ્રીકૃષ્ણ ! ૨૧

શ૦:—અર્જુન બોલ્યા:—' હે અચ્યુત ! બેઉ સેનાની વચ્ચે મારા રથને ઊભો રાખો. ૨૧

ટી૦:—મંદવિરાગે આત્માને કહ્યું કે મારા ઉપેક્ષારૂપ રથને આપ બન્ને સૈન્યના મધ્યભાગમાં સ્થિર કરો. મંદવિરાગ આત્માના દાસતુલ્ય છે, છતાં તે આત્માને આજ્ઞા કરે છે તેમાં અનન્યભક્તને આ સૃષ્ટિમાં કોઇ કાર્ય દુર્ઘટ નથી, તથા આત્મા પ્રભુ ભક્તવત્સલ છે, એમ જણાવવાનો હેતુ છે, ને અચ્યુત એવા નામવડે આત્માનું અવિનાશીપણું તથા નિર્વિકારીપણું જણાવી તેમને ક્રોધ થવાનો સંભવ નથી એમ જણાવ્યું છે. ૨૧

यावदेतान्निरीक्षेऽहं, योद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन्रणसमुद्यमे ॥ २२ ॥

પ૦ ત૦ પ૦:—**यावत्** જ્યાંથી **एतान्** તેઓને **निरीक्षे** સારી રીતે જોઉં **अहं** હું **योद्धुकामान्** લડવાની ઇચ્છામાટે **अवस्थितान्** ઊભેલા **कैः** કોની **मया** મારે **सह** સાથે **योद्धव्यम्** લડવું યોગ્ય [છે] **अस्मिन्** આ **रणसमुद्यमे** લડાઇમાં. ૨૨

શ૦:—જ્યાંથી હું લડવાની ઇચ્છામાટે ઊભેલા તેઓને (આ ભીષ્માદિકોને) સારી રીતે જોઉં, [તેમજ] આ લડાઇમાં મારે કોની સાથે લડવું યોગ્ય છે [તે પણ જાણું.] ૨૨

ટી૦:—**योद्धुकामान्** એ વિશેષણવડે એમ સૂચવ્યું કે આ અસ્મિતાદિક અમારી સાથે કેવલ યુદ્ધની કામનાવાળા છે, માટે તેઓ કદીપણ અમારી સાથે મિત્રતા નહિ કરે. વળી **अवस्थितान्** એ વિશેષણથી એમ સૂચના કરી જે તેઓ યુદ્ધથી ચલાયમાન પણ નહિ થાય. ૨૨

योत्स्यमानानवेक्षेऽहं, य एतेऽत्र समागताः ।
धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्, युद्धे प्रियचिकीर्षवः ॥ २१ ॥

પ૦ ત૦ પ૦:—**योत्स्यमानान्** [તે] યુદ્ધ કરવા ઇચ્છનારાઓને **अवेक्षे** સારી રીતે જોઉં **अहम्** હું **ये** જે **एते** આ **अत्र** અહિં—આ કુરુક્ષેત્રમાં **समागताः** આવેલા [છે] **धार्तराष्ट्रस्य** કૌરવોનું **दुर्बुद्धेः** દુષ્ટ બુદ્ધિવાળા **युद्धे** યુદ્ધમાં **प्रियचिकीर्षवः** ભલું કરવાને ઇચ્છનારા. ૨૩

શ૦:—[વળી] દુષ્ટ બુદ્ધિવાળા કૌરવોનું યુદ્ધમાં ભલું કરવાને ઇચ્છનારા જે આ [ભીષ્માદિક] અહિં—આ કુરુક્ષેત્રમાં આવેલા [છે તે] યુદ્ધ કરવા ઇચ્છનારાઓને હું સારી રીતે જોઉં.૨૩

ટી૦:—આ અસ્મિતાદિ વૃદ્ધપુરુષ રાજ્યાદિના મદવડે અંધ થયેલા કામને નીતિ તથા ધર્મ નહિ સમજાવતાં કેવલ યુદ્ધવડેજ તે કામના શ્રેયની ઇચ્છા કરે છે, ને તેઓને માત્ર અમારી સાથે યુદ્ધનીજ કામના છે, તેથી એ યુદ્ધ કરવા ઇચ્છનારાઓને મારે પ્રથમ જોવા જોઇએ. ૨૩

શ્રીકૃષ્ણ અહિંસાધર્મનો આશ્રય લઇ અર્જુનને યુદ્ધ નહિ કરવામાટે અવશ્ય આજ્ઞા કરશે એવા ધૃતરાષ્ટ્રના મનમાં ઉપજેલા નિશ્ચયને દૂર કરવામાટે સંજય ધૃતરાષ્ટ્રને કહે છેઃ—

संजय उवाच ॥

एवमुक्तो हृषीकेशो, गुडाकेशेन भारत ।
सेनयोरुभयोर्मध्ये, स्थापयित्वा रथोत्तमम् ॥ २४ ॥
भीष्मद्रोणप्रमुखतः, सर्वेषां च महीक्षिताम् ।
उवाच पार्थ पश्यैतान्, समवेतान्कुरूनिति ॥ २५ ॥

પ૦ ત૦ પ૦:—**संजयः** સંજય **उवाच** બોલ્યા ॥ **एवम्** એ પ્રમાણે **उक्तः** કહેલા—જેને કહ્યું એવા **हृषीकेशः** શ્રીકૃષ્ણ **गुडाकेशेन** નિદ્રાને જેણે જિતી છે એવાએ—અર્જુને **भारत** હે ભરતરાજાના વંશમાં ઉત્પન્ન થયેલા !—હે ધૃતરાષ્ટ્ર ! **सेनयोः** સેનાની **उभयोः** બેઉ **मध्ये** વચ્ચે **स्थापयित्वा** ઊભો રાખીને **रथोत्तमम्** ઉત્તમ રથને **भीष्मद्रोणप्रमुखतः** ભીષ્મ અને દ્રોણની સંમુખ **सर्वेषाम्** બધા **च** અને **महीक्षिताम्** રાજાઓની **उवाच** કહેતા હવા **पार्थ** હે પૃથાના એટલે કુંતીના પુત્ર!—હે અર્જુન ! **पश्य** જુઓ **एतान्** આ **समवेतान्** એકઠા થયેલા **कुरून्** કૌરવોને **इति** એ પ્રમાણે. ૨૪-૨૫

શ૦:—સંજય બોલ્યાઃ—હે ધૃતરાષ્ટ્ર ! એ પ્રમાણે ગુડાકેશે-અર્જુને-જેને કહ્યું એવા હૃષીકેશ-શ્રીકૃષ્ણ-બેઉ સેનાની વચ્ચે ભીષ્મ અને દ્રોણની સંમુખ, અને બધા રાજાઓની [સંમુખ,] ઉત્તમ રથને ઊભો રાખીને હે પાર્થ !-અર્જુન ! આ એકઠા થયેલા કૌરવોને જુઓ એ પ્રમાણે કહેતા હવા. ૨૪-૨૫

ટી૦:—ભા એટલે માયાનો ક્ષણિક પ્રકાશ, તેમાં રત એટલે પ્રીતિવાળો તે ભારત એટલે મોહ. ગુડાકા એટલે અવિદ્યારૂપ નિદ્રા, ને અવિદ્યાનો

જેણે કાંઇક જય કરેલો છે તે ગુડાકેશ એટલે મંદવિરાગ; અથવા ગુડાક એટલે શિવ–આત્મા–તે જેના ઈશ છે તે ગુડાકેશ એટલે મંદવિરાગ. મારો દાસ છતાં મને મંદવિરાગ આજ્ઞા કરે છે એ અનુચિત છે એમ માની આત્માને ક્રોધ ઉપજ્યો નહિ, કેમકે પોતે ભક્તવત્સલ હોવાથી તેના પ્રાર્થનાનો અંગીકાર કરી તેના ઉત્તમ રથને બંને સેનાના વચ્ચે લાવીને સ્થિર કર્યો. રથને ઉત્તમ એવું વિશેષણ આપવામાં ચાર હેતુઓ છેઃ—૧ લો હેતુ એ કે તે ઉપેક્ષારૂપી રથની પ્રાપ્તિ અમિતત્વના પ્રસાદથી થઇ છે, ૨ જો હેતુ એ કે સમર્થ આત્મા તે રથના સારથિ છે, ૩ જો હેતુ એ કે પરપ્રેમ એ રથની ધ્વજાપર સ્થિત છે, ને ૪ થો હેતુ એ કે તેમાં મહાપરાક્રમી મંદવિરાગ બેઠેલ છે. પછી આત્માએ મંદવિરાગને કહ્યું કે:—હે સાત્વિકી મતિના પુત્ર મંદવિરાગ! મોહના પુત્રોના સેનામાં સ્થિત થયેલા આ અસ્મિતા ને સંસ્કાર આદિને તું જો. અહિં મંદવિરાગની જે તેની માતા નામથી ઓળખ આપી છે તે તેને શોકમોહ ઉપજી બાયલાપણું પ્રાપ્ત થઇ યુદ્ધમાં અદકપણું આવ્યું છે એમ જાણીને તેને પોતાના કર્તવ્યમાં જાગ્રત્ કરવા માટે આપી છે. ૨૪–૨૫

બંને સૈન્યની મધ્યમાં સ્થિત થઇને અર્જુને શું જોયું તે સંજય ધૃતરાષ્ટ્રને કહે છેઃ—

तत्रापश्यत्स्थितान्पार्थः, पितॄनथ पितामहान् ।
आचार्यान्मातुलान् भ्रातॄन्, पुत्रान्पौत्रान्सखींस्तथा ॥ २६ ॥
श्वशुरान्सुहृदश्चैव, सेनयोरुभयोरपि ।

પ૦ ત૦ પ૦:—**तत्र** ત્યાં **अपश्यत्** જોતા હતા **स्थितान्** ઊભેલા **पार्थः** અર્જુન **पितॄन्** કાકાઓને **अथ** અને **पितामहान्** દાદાઓને **आचार्यान्** આચાર્યોને **मातुलान्** મામાઓને **भ्रातॄन्** ભાઇઓને **पुत्रान्** પુત્રોને **पौत्रान्** દીકરાના દીકરાઓને **सखीन्** મિત્રોને **तथा** તથા **श्वशुरान्** સસરાઓને **सुहृदः** ઉપકાર કરનારાઓને **च** અને **एव** જ **सेनयोः** સેનાઓમાં **उभयोः** **अपि** બંને.

શ૦:—ત્યાં અર્જુન બંને સેનાઓમાં ઊભેલા [પોતાના] કાકાઓને અને દાદાઓને, આચાર્યોને, મામાઓને, ભાઇઓને, પુત્રોને, પૌત્રોને (દુર્યોધનાદિકના પુત્રોના પુત્રોને) તથા મિત્રોને, સસરાઓને અને ઉપકાર કરનારાઓનેજ જોતા હતા.

टी०:—मंदविरागे बंने सेनाओमां दृष्टि करी तो तेमां पोताना संबंधिजनोनेज योद्धातरीके देख्या. त्यां कामनी सेनामां अश्रद्धा (भूरिश्रवा) आदिक काकाओने जोया, तथा अस्मिता (भीष्म) अने कुसंग (सोमदत्त) आदि दादाओने देख्या, तेमज विषयाकर्षण (शल्य) अने स्वार्थपरायणता (शकुनि) आदिक मामाओने जोया. वळी संस्कार (द्रोण) अने अविद्या (कृप) आदिक आचार्योने देख्या, कामादिक (दुर्योधनादिक) भाइओने देख्या, क्रोध (लक्ष्मण) आदिक पुत्रोने देख्या, कार्याकार्यनो अविवेक आदि पौत्रोने (लक्ष्मणादिना पुत्रोने) जोया, अने वासना (अश्वत्थामा) तथा अभिनिवेश (जयद्रथ) आदि सखाओने जोया, तेमज विषयसेवनमां तत्परता (कृतवर्मा) तथा प्राप्त विषयना क्षेमनी चिंता (भगदत्त) आदि सुहृदोने जोया.

पछी अर्जुनने पोताना अंतःकरणनी विपरीतभावनाने लीधे जणायुं के संबंधिजनोनी हिंसा करवी ए महापाप छे. पश्चात् ए विपरीतभावनाथी तेने युद्धथी निवृत्त थवानी इच्छा थई ते कहे छे:—

तान्समीक्ष्य स कौंतेयः, सर्वान्बन्धूनवस्थितान् ॥ २७ ॥
कृपया परयाऽऽविष्टो, विषीदन्निदमब्रवीत् ।

प० त० प०:—**तान्** ते **समीक्ष्य** सारी रीते जोइने **सः** ते **कौंतेयः** कुंतीना पुत्र—अर्जुन **सर्वान्** बधा **बंधून्** बांधवोने **अवस्थितान्** [युद्धमां] ऊभेला **कृपया** दयावडे **परया** परम **आविष्टः** व्याप्त थया **विषीदन्** खेद करता [छता] **इदम्** आ [प्रमाणेनुं वचन] **अब्रवीत्** बोलता हवा.

श०:—ते अर्जुन [युद्धमां] ऊभेला ते बधा बांधवोने सारी रीते जोइने परम दयावडे व्याप्त थया, [अने] खेद करता [छता] आ [प्रमाणेनुं वचन] बोलता हवा.

टी०:— कुंती एटले दिव्यविभूतिनुं आकर्षण करनारी शक्ति—सात्त्विकीमति, तेना पुत्र ते कौंतेय एटले मंदविराग. युद्धभूमिमां पोताना संबंधिजनोने जोइने पोताना मनना अदृढपणाने लीधे परमदयावडे खेद पामी हवे पछी कहुं छुं ते रीते ने आत्मायमनि कहेवा लाग्यो.

હવે નીચેના ત્રણ શ્લોકોવડે અર્જુનને ઉપજેલા શોકનું તથા શોકવડે થયેલાં ચિહ્નોનું નિરૂપણ કરે છે:—

अर्जुन उवाच ॥

दृष्ट्वेमं स्वजनं कृष्ण, युयुत्सुं समुपस्थितम् ॥ २८ ॥
सीदन्ति मम गात्राणि, मुखं च परिशुष्यति ।
वेपथुश्च शरीरे मे, रोमहर्षश्च जायते ॥ २९ ॥

પ૦ ત૦ પ૦:—अर्जुनः અર્જુન उवाच બોલ્યા ॥ दृष्ट्वा જોઈને इमम् આ स्वजनम् સગાને कृष्ण હે શ્રીકૃષ્ણ ! युयुत्सुम् લડવાની ઇચ્છાવાળા समुपस्थितम् [આ યુદ્ધભૂમિમાં] આવેલા सीदन्ति ગળી જાય છે-શિથિલ થઈ જાય છે मम મારાં गात्राणि ગાત્રો—અંગો मुखम् મોઢું च અને परिशुष्यति ઘણું સૂકાય છે वेपथुः કંપારી च તથા शरीरे શરીરમાં मे મારા रोमहर्षः રૂંવાડાં ઊભાં च ને जायते ઉત્પન્ન થાય છે-થાય છે. ૨૮-૨૯

શ૦:-અર્જુન બોલ્યાઃ-' હે શ્રીકૃષ્ણ ! [આ યુદ્ધભૂમિમાં] આવેલા [અને] લડવાની ઇચ્છાવાળા આ સગાને જોઈને મારાં [હાથપગાદિ] અંગો ગળી જાય છે, અને મોઢું ઘણું સૂકાય છે, તથા મારા શરીરમાં કંપારી ઉત્પન્ન થાય છે, ને રૂંવાડાં ઊભાં [થાય છે.] ૨૮-૨૯

ટી૦:—પોતાના અંતઃકરણની વિપરીત નિશ્ચયમાં દૃઢતા થવાથી તત્ત્વજ્ઞાનનો પ્રતિબંધ થતાં મંદવિરાગની જે અવસ્થા થઈ તે યોગ્યજ છે. મંદવિરાગવાળા સાધકને આરંભમાં શોકમોહ ઉપજે છે, ને તે બહુ દયામણી અવસ્થાને પામે છે, એ વાત લોકમાં પ્રસિદ્ધ છે. મૂલમાં शुष्यति એમ નહિ કહેતાં જે परिशुष्यति એમ કહ્યું છે તે પરિશ્રમવડે થતા શોષણથી શોકવડે ઉપજતા શોષણનું અધિકપણું બતાવવા માટે કહેલ છે. ૨૮-૨૯

गाण्डीवं स्रंसते हस्तात्, त्वक्चैव परिदह्यते ।
न च शक्नोम्यवस्थातुं, भ्रमतीव च मे मनः ॥ ३० ॥

પ૦ ત૦ પ૦:—गाण्डीवम् ગાંડીવનામનું ધનુષ્ય स्रंसते પડી જાય છે हस्तात् હાથમાંથી त्वक् ચામડી च એવ અને परिदह्यते ઘણી

બળે છે **न** નથી **च** અને **शक्नोमि** શક્તિમાન્ થતો **अवस्थातुम्** ઊભો રહેવાને **भ्रमति इव** જાણે ભમે છે **च** તથા **मे** મારું **मनः** મન. ૩૦

શ૦:—હાથમાંથી ગાંડીવનામનું ધનુષ્ પડી જાય છે, અને ચામડી ઘણી બળે છે, તથા મારું મન જાણે ભમે છે, અને [હું] ઊભો રહેવાને શક્તિમાન્ થતો નથી. ૩૦

ટી૦:—પોતાના હાથમાંથી વિષયદોષદર્શનરૂપ ગાંડીવધનુષ્ પડી જવાનું કહી મંદવિરાગે પોતાનું અધૈર્યરૂપ દુર્લક્ષણ જણાવ્યું, ચામડી બળવાનું કહી પોતાના અંતરનો તાપ બતાવ્યો, અને શરીરને સ્થિર રાખવાનું અસમર્થપણું કહી પોતાની મૂર્ચ્છાવસ્થા સૂચવી. મૂર્ચ્છાવસ્થામાં માણસ પોતાના શરીરને સ્થિર રાખી શકતું નથી એ વાત લોકમાં પ્રસિદ્ધ છે. મૂર્ચ્છા થતા પહેલાં માણસનું મન ભમવા લાગે છે તે इवशબ્દવડે જણાવ્યું છે. ૩૦

निमित्तानि च पश्यामि, विपरीतानि केशव ।
न च श्रेयोऽनुपश्यामि, हत्वा स्वजनमाहवे ॥ ३१ ॥

પ૦ ત૦ પ૦:—निमित्तानि કારણો–ચિહ્નો–શકુનો **च** વળી **पश्यामि** જોઉં છું **विपरीतानि** અવળાં–અશુભ **केशव** હે કેશવ ! **न** નથી **च** અને **श्रेयः** કલ્યાણને **अनुपश्यामि** જોતો **हत्वा** મારીને **स्वजनम्** સગાને **आहवे** યુદ્ધમાં. ૩૧

શ૦:—વળી હે કેશવ ! [હું] અવળાં ચિહ્નો [પણ] જોઉં છું, અને યુદ્ધમાં સગાને મારીને કલ્યાણને જોતો નથી. ૩૧

ટી૦:—કેશવ (ક–બ્રહ્મા, ઈશ–રુદ્ર, વ–આનંદ આપનાર)–બ્રહ્મા તથા રુદ્રને તેમના આત્મરૂપ હોવાથી આનંદ આપનાર–આત્મા; અથવા અશ્વના જેવું ચપલ મન જે કેશી તેનો વધ (બાધ) કરનાર–આત્મા. પુરુષનું ડાબું અંગ–નેત્ર ને હાથ આદિ–ફરકે તે થોડા કાલમાં તેને દુઃખની પ્રાપ્તિનું સૂચન કરનાર અશુભ નિમિત્ત કહેવાય છે. જે સગા નથી તેને હણવામાંએ પાપ છે, તો પછી આ સંબંધિજનોને હણવામાં પાપ કેમ ન હોય ? હું નથી ધારતો કે તેમના મરણપછી હું મારા સ્થૂલશરીરને ધારણ કરી શકું, કિંવા નિર્મલ આતિવાહિકદેહને પ્રાપ્ત થઉં. સ્વતંત્રપણે સ્થૂલદેહને ધારણ કરવો એ દૃષ્ટ શ્રેય, ને નિર્મલ આતિવાહિકદેહની પ્રાપ્તિ થવી એ અદૃષ્ટ શ્રેય. મૂલમાં पश्यामि નહિ કહેતાં જે अनुपश्यामि એમ કહ્યું છે તે એમ સૂચવવાને કે બહુ વિચાર કરતાં પણ મને તેમાં એકે પ્રકારનું મારું શ્રેય દેખાતું નથી. ૩૧

શત્રુઓનો યુદ્ધમાં નાશ કરવાથી તમને ઇષ્ટ શ્રેયની પ્રાપ્તિ તો અવશ્ય થશે એમ જો શ્રીકૃષ્ણ શંકા કરે તો તેના ઉત્તરમાં અર્જુન કહે છેઃ—

न काङ्क्षे विजयं कृष्ण, न च राज्यं सुखानि च ।
किं नो राज्येन गोविंद, किं भोगैर्जीवितेन वा ॥ ३२ ॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **काङ्क्षे** ઇચ્છતો **विजयम्** વિજયને-જિતને **कृष्ण** હે શ્રીકૃષ્ણ ! **न** નથી **च** તથા **राज्यम्** રાજ્યને **सुखानि** સુખોને **च** અને **किम्** શું **नः** અમારું-અમને **राज्येन** રાજ્યથી **गोविंद** હે શ્રીકૃષ્ણ ! **किम्** શું **भोगैः** ભોગોથી **जीवितेन** જીવવાથી **वा** તેમજ. ૩૨

શ૦:—હે શ્રીકૃષ્ણ ! [હું યુદ્ધમાં] વિજય[મેળવવા]ને નથી ઇચ્છતો, તથા રાજ્યને નથી [ઇચ્છતો,] અને સુખોને [નથી ઇચ્છતો.] હે ગોવિંદ ! અમને રાજ્યથી શું [ફલ ?] ભોગોથી શું [ફલ ?] તેમજ જીવિતથી [પણ શું ફલ ?] ૩૨

ટી૦:—કૃષ્-સત્. ણ-આનંદ=કૃષ્ણ. કૃષ્ણ-સદ્રૂપ ને આનંદરૂપ-આત્મા. ગોવિંદ-ઇંદ્રિયોને અધિષ્ઠાનરૂપે નિત્ય પ્રાપ્ત રહેનાર-આત્મા. મંદવિરાગ કહે છે કે હું મારા વિજયને ઇચ્છતો નથી, શત્રુઓના પરાજયપછી મળનારા નિષ્કંટક રાજ્યરૂપ સ્વાતંત્ર્યને પણ ઇચ્છતો નથી, ને રાજ્યપ્રાપ્તિપછી થનારા સુખને પણ ઇચ્છતો નથી. રાજ્ય-આંતરશત્રુઓને અભાવે શરીરમાં સ્વતંત્ર સ્થિતિ. ભોગ-આત્માનંદનો અનુભવ. સાધકનું ચિત્ત અવિદ્યાના પરિવારમાં એટલું બધું જકડાઇ જાય છે કે તેનો નાશ કરવાની તેને ઇચ્છા ઉપજતી નથી, ને એનો નાશ કરવાથી ભાવિમાં ઉપજનારા અતિઉત્તમ સુખભણી પણ પોતે નિઃસ્પૃહપણું બતાવે છે. મોક્ષસાધનના આરંભમાં આવો મોહ થોડે કે ઘણે અંશે ઘણા સાધકોને ઉપજે છે, ને તે મોહ તેને પોતાની વર્તમાનમાં જે સ્થિતિ છે તેજ ઠીક છે એમ સમજાવે છે. ૩૨

વૃદ્ધ માતપિતાના ભરણપોષણમાટે અધર્મ કરતાં અડચણ નથી માટે તમારે યુદ્ધમાં પ્રવૃત્ત થવું જોઇએ એમ જો શ્રીકૃષ્ણ કહે તો તેના ઉત્તરમાં અર્જુન કહે છેઃ—

येषामर्थे कांक्षितं नो, राज्यं भोगाः सुखानि च ।
त इमेऽवस्थिता युद्धे, प्राणांस्त्यक्त्वा धनानि च ॥ ३३ ॥

પ૦ ત૦ પ૦:—येषाम् જેઓને अर्थे માટે कांक्षितं ઇચ્છિત [છે] नः અમારે राज्यम् રાજ્ય भोगाः ભોગો सुखानि સુખો च ને ते તે इमे આ अवस्थिताः ઊભા રહેલા [છે] युद्धे યુદ્ધમાં प्राणान् પ્રાણોને त्यक्त्वा તજીને धनानि ધનોને च અને. ૩૩

શ૦:—જેઓને માટે અમારે રાજ્ય, ભોગો ને સુખો ઇચ્છિત [છે] તે આ [સર્વે] પ્રાણોને અને ધનોને ત્યજીને યુદ્ધમાં ઊભા રહેલા [છે.] ૩૩

ટી૦:—અસ્મિતાદિક જે અમારા સંબંધિજનો છે તેમને માટે રાજ્યાદિ સર્વ ઉપયોગી પદાર્થોની અપેક્ષા છે, નિઃસ્પૃહ અને પોતાનામાંજ સુખ માનનાર અમને અમારે પોતાને માટે તો તેવા પદાર્થોની ઇચ્છા સંભવતી નથી. જેઓને માટે શરીરસ્થિતિની, વિષયસાધનોની તથા વિષયજન્ય સુખોની અપેક્ષા છે તે અમારા સંબંધિજનો તો પોતાના પ્રાણની તથા ધનની આશાનો ત્યાગ કરીને મૃત્યુને માટે આ રણભૂમિમાં આવીને ઊભા રહ્યા છે તેથી પોતાને માટે તથા તે સંબંધીઓને માટે આ યુદ્ધરૂપી કાર્યમાં અમારી પ્રવૃત્તિ સંભવતી નથી. ૩૩

અર્જુન યુદ્ધમાં આવેલા પોતાના સંબંધિજનોનું વિશેષ વર્ણન શ્રીકૃષ્ણને કહી સંભળાવે છેઃ—

आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ।
मातुलाः श्वशुराः पौत्राः, श्यालाः संबंधिनस्तथा ॥३४॥

પ૦ ત૦ પ૦:—आचार्याः આચાર્યો पितरः કાકાઓ पुत्राः પુત્રો तथा તેમ एव જ च અને पितामहाः દાદા मातुलाः મામા श्वशुराः સસરા पौत्राः પૌત્રો-દીકરાના દીકરાઓ श्यालाः સાળા संबंधिनः સંબંધીઓ तथा ને. ૩૪

શ૦:—આચાર્યો, કાકાઓ તેમજ પુત્રો અને દાદા, મામા, સસરા, પૌત્રો, સાળા ને [બીજા] સંબંધીઓ [છે.] ૩૪

ટી૦:—મારા સર્વ સંબંધિજનો મરવાને માટે આ યુદ્ધમાં આવ્યા છે માટે મારે તેઓને અર્થે આ યુદ્ધમાં પ્રવૃત્તિ કરવી ઘટતી નથી. ૩૪

તમે જો ભીષ્માદિકને નહિ મારો તો તેઓ તમને મારશે એવી શ્રીકૃષ્ણ શંકા કરે તો તેનું ઉત્તર અર્જુન આપે છેઃ—

एतान्न हंतुमिच्छामि, घ्नतोऽपि मधुसूदन ।
अपि त्रैलोक्यराज्यस्य, हेतोः किं नु महीकृते ॥ ३५ ॥

૫૦ ત૦ ૫૦ઃ—एतान् તેઓને न નથી हंतुम् મારવાને इच्छामि ઇચ્છું છું-ઇચ્છતો घ्नतः હણાતો [છતો] अपि પણ मधुसूदन હે મધુ-કૈટભદૈત્યને મારી વેદમાર્ગનું રક્ષણ કરનાર !—હે શ્રીકૃષ્ણ ! अपि પણ त्रैलोक्य-राज्यस्य ત્રણ લોક-સ્વર્ગ મૃત્યુ ને પાતાલ-ના રાજ્યના हेतोः કારણ-થી-મળવાના કારણથી किम् શું नु કહેવું महीकृते પૃથ્વીના રાજ્યમાટે. ૩૫

શ૦ઃ—હે મધુસૂદન ! [તેમનાથી] હણાતો [છતો] પણ, તેઓને (આચાર્યાદિને) ત્રિલોકનું રાજ્ય મળવાના કારણ-થી પણ, [હું] મારવાને ઇચ્છતો નથી, [તો આ] પૃથ્વીના રાજ્યમાટે [મારું નહિ એમાં] શું કહેવું ? ૩૫

ટી૦ઃ—મધુસૂદન-મધુભૂમિકનામના બીજા પ્રકારના યોગીને સમાધિના અભ્યાસમાં ઉપજતી સિદ્ધિઓરૂપ અડચણ તે મધુ, ને સૂદન એટલે તેનો નાશ કરનાર—આત્મા. અસ્મિતા તથા સંસ્કારાદિકને હું પૂજ્ય માનું છું માટે હું તો તેમને મારવાની ઇચ્છા પણ કરતો નથી, તો તીક્ષ્ણ શસ્ત્રોથી હું તેમને શામાટે મારીશ ? તેમને મારવાથી સત્વ, રજસ્ ને તમસ્ એ ત્રણે ગુણોનો કદાપિ જય થતો હોય કિંવા સ્થૂલ, સૂક્ષ્મ ને કારણશરીરમાં મને સ્વતંત્રપણું પ્રાપ્ત થતું હોય તોપણ હું તેમને ન મારું તો પછી આ માત્ર રજોગુણરૂપ સ્થૂલશરીરના જયમાટે તો હું તેમને શામાટે મારું ? અર્થાત્ હું તેમને નહિ મારું. ૩૫

એ દ્રોણાચાર્યાદિકને હણવાની તમારી ઇચ્છા ન હોય તો જેણે તમને બહુ દુઃખ દીધું છે એવા ધૃતરાષ્ટ્રના પુત્રો જે દુર્યોધ-નાદિક તેમને હણો એમ જો શ્રીકૃષ્ણ કહે તો અર્જુન તેનું ઉત્તર આપે છેઃ—

निहत्य धार्तराष्ट्रान्नः, का प्रीतिः स्याज्जनार्दन ।
पापमेवाश्रयेदस्मान्, हत्वैतानाततायिनः ॥ ३६ ॥

૫૦ ત૦ ૫૦:—**निहत्य** હણીને-હણવાથી **धार्तराष्ट्रान्** ધૃતરાષ્ટ્રના પુત્રાદિકોને **नः** અમને **का** શો **प्रीतिः** આનંદ **स्यात्** થાય-ઉપજે. **जनार्दन** હે અસુરોને પીડા કરનાર !-હે શ્રીકૃષ્ણ ! **पापम्** પાપ **एव** જ **आश्रयेत्** બેસે-લાગે **अस्मान्** અમને **हत्वा** હણીને-હણવાથી **एतान्** એ **आततायिनः** આતતાયીઓને. ૩૬

શ૦:—હે જનાર્દન ! ધૃતરાષ્ટ્રના પુત્રાદિકોને હણવાથી અમને શો આનંદ [પ્રાપ્ત] થાય [તેમ છે ? ઊલટું] એ આતતાયીયોને હણવાથી [તો] અમને પાપજ બેસે. ૩૬

ટી૦:—જનાર્દન-જન+અર્દન. (જન-આસુરીવૃત્તિઓ તેને અર્દન-હણનાર.) જનાર્દન એટલે નિર્વિકલ્પસમાધિમાં સર્વ આસુરીવૃત્તિઓને હણનાર-આત્મા. આત્માને જનાર્દન એવું સંબોધન કરી એમ સૂચવ્યું કે કામાદિકને હું મારું તેના કરતાં આપજ તેમનો નાશ કરો એ વધારે ઉત્તમ છે, કેમકે આપને એમ કરવાથી કાંઇ પણ ક્ષોભ થવાનો નથી. અગ્નિ લગાડનાર, (ચિંતા ઉપજાવનાર,) વિષ ખવરાવનાર, (અપકારક વિષયો ભોગાવનાર,) મારવાને શસ્ત્ર ઉગામનાર, (ભય દેખાડનાર,) ધનનું (સુખનું) હરણ કરનાર, ક્ષેત્રનું (અંતઃકરણનું) હરણ કરનાર તથા સ્ત્રીનું (શાંતિનું) હરણ કરનાર એ છ આતતાયી કહેવાય છે. એ કામાદિકવિષે તો ઉક્ત છએ પ્રકારનું આતતાયીપણું છે, અને આતતાયીને કાંઇ પણ વિચાર કર્યા વિના શીઘ્ર મારી નાંખવો એમાં કાંઇ દોષ નથી એમ શાસ્ત્રમાં કહ્યું છે, માટે મારે એમને હણવા જોઇએ, પણ વિચાર કરતાં જણાય છે કે શાસ્ત્રનું એ વચન અર્થશાસ્ત્રનું છે, ધર્મશાસ્ત્રનું નથી. અર્થશાસ્ત્રથી ધર્મશાસ્ત્ર બલવાન્ છે, માટે કોઇ પણ પ્રાણીની હિંસા ન કરવી એમ જે ધર્મશાસ્ત્રની આજ્ઞા છે તેજ મારે પાલન કરવાયોગ્ય છે તેથી એ આતતાયી છતાં પણ મારે તેમને મારવા એ યોગ્ય નથી, કેમકે તેમ કરવાથી મને અવશ્ય મહાન્ પાપની પ્રાપ્તિ થાય. ૩૬

આમ હોવાથી મારે એ હિંસા કર્તવ્ય નથી એમ અર્જુન કહે છે:—

तस्मान्नार्हा वयं हन्तुं, धार्तराष्ट्रान्स्वबान्धवान् ।
स्वजनं हि कथं हत्वा, सुखिनः स्याम माधव ॥ ३७ ॥

પ૦ ત૦ પ૦:—**तस्मात्** તેટલામાટે **न** નથી **अर्हाः** યોગ્ય **वयम्** અમે **हन्तुम्** હણવાને **धार्तराष्ट्रान्** ધૃતરાષ્ટ્રના પુત્રોને **स्वबान्धवान्** પોતાના ભાઇઓ **स्वजनम्** સગાને **हि** કારણકે **कथम्** કેમ **हत्वा** હણીને **सुखिनः** સુખીઆ **स्याम** થઇએ **माधव** હે લક્ષ્મીના સ્વામી !—હે શ્રીકૃષ્ણ! ૩૭

શ૦:—તેટલામાટે પોતાના ભાઇઓ [જે] ધૃતરાષ્ટ્રના પુત્રો-[તેઓ]ને હણવાને અમે યોગ્ય નથી, કારણકે હે માધવ ! સગાને હણીને કેમ સુખીઆ થઇએ ? ૩૭

ટી૦:—માધવ-દૈવીસંપત્તિના પતિ-આત્મા. મા એટલે દૈવીસંપત્તિ ને ધવ એટલે તેના પતિ. આત્માને માધવ એવું સંબોધન કરી એમ સૂચવ્યું કે આપ અહિંસાદિ દૈવીસંપત્તિના સ્વામી થઇ મને આવા હિંસાના કામમાં કેમ પ્રેરો છો ? સંબંધિજનોને મારવાથી મારનારને સ્વર્ગની પ્રાપ્તિ ન થાય, પણ ઊલટું તેને પાપજ થાય, તેમ તેમને મારવાથી દૃષ્ટ સુખની પ્રાપ્તિ પણ સંભવતી નથી, કેમકે સજ્જનોની પ્રવૃત્તિ સંબંધિજનોના સુખને માટે હોય છે, પણ આમાં તેમ નથી, તાત્પર્ય કે સ્વજનોને હણવાથી અમને કોઇ પણ પ્રકારે સુખ મળવાનો સંભવ નથી. ૩૭

જો સ્વજનોને મારવાથી પાપ થતું હોય તો આ ભીષ્માદિક મહાન્ પુરુષોની તે વિષયમાં શામાટે પ્રવૃત્તિ થાય છે ? એવી શંકા જો શ્રીકૃષ્ણ કરે તો તેના ઉત્તરમાં અર્જુન કહે છે:—

यद्यप्येते न पश्यन्ति, लोभोपहतचेतसः ।
कुलक्षयकृतं दोषं, मित्रद्रोहे च पातकम् ॥ ३८ ॥
कथं न ज्ञेयमस्माभिः, पापादस्मान्निवर्तितुम् ।
कुलक्षयकृतं दोषं, प्रपश्यद्भिर्जनार्दन ॥ ३९ ॥

પ૦ ત૦ પ૦:—**यद्यपि** જોકે **एते** આ-ભીષ્માદિક **न** નથી **पश्यन्ति** જોતા **लोभोपहतचेतसः** લોભથી હણાયેલી બુદ્ધિવાળા **कुलक्षयकृतं** કુલનો નાશ કર્યાના **दोषम्** પાપને **मित्रद्रोहे** મિત્રનો દ્રોહ કરવામાં રહેલા **च** તથા **पातकम्** પાપને **कथम्** કેમ **न** ન **ज्ञेयम्** સમજવું **अस्माभिः** અમોએ **पापात्** પાપના હેતુરૂપ **अस्मात्** આ[યુદ્ધ]થી **निवर्तितुम्** પાછા ફરવાને **कुलक्षयकृतम्** કુલનો નાશ કર્યાના **दोषम्** પાપને **प्रपश्यद्भिः** જોનારા **जनार्दन** હે શ્રીકૃષ્ણ ! ૩૮-૩૯

શ૦:—જોકે લોભથી હણાયેલી બુદ્ધિવાળા આ–ભીષ્માદિક-કુલનો નાશ કર્યાના પાપને તથા મિત્રદ્રોહ કરવામાં રહેલા પાપને નથી જોતા, [તોપણ] હે જનાર્દન ! કુલનો નાશ કર્યાના પાપને જોનારા અમોએ પાપના હેતુરૂપ આ[યુદ્ધ]થી પાછા ફરવાને કેમ ન સમજવું ? ૩૮–૩૯

ટી૦:—પારકી વસ્તુની અયોગ્ય માર્ગે ઇચ્છા કરવી તે લોભ. આ અસ્મિતાદિકની બુદ્ધિ લોભવડે નાશ પામી છે માટે તેમનો એ વેદબાહ્ય આચાર અમારે ગ્રહણ કરવાયોગ્ય નથી. અમે કુલનો નાશ કરવારૂપ પાપને તથા મિત્રોનો દ્રોહ કરવારૂપ પાપને સારી રીતે જાણીએ છીએ, પણ તેઓ ઉપરના કારણથી તે વાતને જાણતા નથી, માટે તેમની યુદ્ધમાં પ્રવૃત્તિ સંભવે છે, પણ અમારી પ્રવૃત્તિ તેમાં સંભવતી નથી. ક્ષત્રિયને કોઇ યુદ્ધમાં બોલાવે તો તેણે અવશ્ય તેની સાથે યુદ્ધ કરવું જોઇએ એમ જે શાસ્ત્રમાં કહ્યું છે તે લોભી ક્ષત્રિયોને માટે છે, પણ ધર્મના વિચાર કરનારા ક્ષત્રિયોને માટે તે નથી. ૩૮–૩૯

હવે યુદ્ધથી થનારી અનર્થપરંપરાને અર્જુન નીચેના પાંચ શ્લોકોથી વર્ણવે છે:—

कुलक्षये प्रणश्यंति, कुलधर्माः सनातनाः ।
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥ ४० ॥

૫૦ ત૦ ૫૦:—**कुलक्षये** કુલનો નાશ થવાથી **प्रणश्यंति** નાશ પામે છે **कुलधर्माः** કુલના ધર્મો **सनातनाः** પરંપરાથી ચાલ્યા આવતા **धर्मे** ધર્મ **नष्टे** નાશ પામવાથી **कुलम्** કુલને **कृत्स्नम्** આખા **अधर्मः** અધર્મ-અનાચાર **अभिभवति** પરાજય કરે છે–વશ કરે છે **उत** જ. ૪૦

શ૦:—કુલનો નાશ થવાથી પરંપરાથી ચાલ્યા આવતા કુલધર્મો નાશ પામે છે, [અને કુલનો] ધર્મ નાશ પામવાથી અધર્મ [બાકી રહેલા] આખાજ (સઘળાજ) કુલને [પોતાને] વશ કરે છે. (આખા કુલમાં અધર્મ ફેલાય છે.) ૪૦

ટી૦:—કુલના નાશ થવાથી શિક્ષા કરનારા વૃદ્ધ પુરુષોને અભાવે બાકી રહેલું આખું કુલ અધર્મને અધીન થાય છે, તાત્પર્ય કે પરંપરાથી

પ્રાપ્ત થયેલા અવશ્ય કરવાયોગ્ય કુલધર્મો નાશ પામી જાય છે, ને કુલમાં અધર્મ વધે છે. ૪૦

अधर्माभिभवात्कृष्ण, प्रदुष्यंति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय, जायते वर्णसंकरः ॥ ४१ ॥

પ૦ ત૦ પ૦:—**अधर्माभिभवात्** અધર્મને વશ થવાથી **कृष्ण** હે શ્રીકૃષ્ણ ! **प्रदुष्यंति** અતિદૂષિત થાય છે–વ્યભિચારિણી થાય છે **कुलस्त्रियः** કુલની સ્ત્રીઓ **स्त्रीषु** સ્ત્રીઓમાં **दुष्टासु** દૂષિત થયેલી **वार्ष्णेय** હે વૃષ્ણિકુલમાં ઉત્પન્ન થયેલા !–હે શ્રીકૃષ્ણ ! **जायते** ઉત્પન્ન થાય છે **वर्णसंकरः** વર્ણસંકર–એક જાતની સ્ત્રીને બીજી જાતના પુરુષથી ઉત્પન્ન થયેલો પુત્ર. ૪૧

શા૦:—હે શ્રીકૃષ્ણ ! અધર્મને વશ થવાથી કુલની સ્ત્રીઓ અતિદૂષિત થાય છે, [અને] હે વાર્ષ્ણેય ! દૂષિત થયેલી [તે] સ્ત્રીઓમાં વર્ણસંકર [પ્રજા] ઉત્પન્ન થાય છે. ૪૧

ટી૦:—અશુક્લઅકૃષ્ણધર્મની (નિષ્કામ શુભકર્મવડે ઉપજતી બ્રહ્માકારવૃત્તિઓની) જેમાં પુષ્કલ વૃષ્ટિ થાય છે એવો ધર્મમેઘસમાધિ તે વૃષ્ણિ, તેવડે જેનો પ્રાદુર્ભાવ અનુભવમાં આવ્યો છે તે વાર્ષ્ણેય એટલે આત્મા. હિંસાદિ દોષરહિત, કર્તાપણાના અભિમાનવિનાનો ને ફલેચ્છારહિત કર્મવડે ઉપજેલો જે બ્રહ્મસાક્ષાત્કારરૂપ પવિત્ર ધર્મ તે અશુક્લઅકૃષ્ણધર્મ. આ ધર્મવડે ચિત્તમાંનો રજોગુણ તથા તમોગુણ નિઃશેષ નાશ (તિરોધાન) પામી જાય છે, ને પછી પરવૈરાગ્યદ્વારા વિવેકખ્યાતિ પરિપક્વ થઇ સમ્યક્ પ્રકારે આત્મામાં ચિત્તની સ્થિરતા થાય છે એ વાત યોગદર્શનમાં સુપ્રસિદ્ધ છે. આત્માને વાર્ષ્ણેય એવું સંબોધન કરી એમ સૂચવ્યું કે તમે આવી શુદ્ધપરંપરામાં પ્રાદુર્ભાવ પામેલા છતાં મને આવી અપવિત્ર પરંપરા ઉપજે એવા કામમાં શામાટે જોડો છો ? કુલની સ્ત્રીઓ એટલે શેષ રહેલી મનોવૃત્તિઓ. તેઓનો અયોગ્ય વિષયોની સાથે સમાગમ થવાથી તે ઢંગધડાવિનાના વિચારોવાળી થાય છે તે વર્ણસંકરપ્રજાની ઉત્પત્તિ સમજવી. ૪૧

संकरो नरकायैव, कुलघ्नानां कुलस्य च ।
पतंति पितरो ह्येषां, लुप्तपिंडोदकक्रियाः ॥ ४२ ॥

પ૦ ત૦ પ૦:—**संकरः** સંકર **नरकाय** નરકને માટે **एव** જ **कुलघ्नानां** કુલનો નાશ કરનારાના **कुलस्य** કુલના **च** વળી **पतंति** પડે છે **पितरः** પિતૃઓ **हि** જ **एषाम्** એમના–કુલનો નાશ કરનારા પુરુષોના **लुप्तपिंडोदकक्रियाः** પિંડદાનની તથા જલાંજલિ આપવાની ક્રિયાનો લોપ થવાથી. ૪૨

શ૦:—વળી [તે] કુલના સંકર [પુરુષો] કુલનો નાશ કરનારાના નરકને માટેજ [થાય છે, ને એ] કુલનો નાશ કરનારા પુરુષોના પિતૃઓ પિંડદાનની તથા જલાંજલિ આપવાની ક્રિયાનો લોપ થવાથી [તેને અભાવે નરકમાં] પડે છેજ.—અધોગતિને પામે છેજ. ૪૨

ટી૦:—જલાંજલિ-પિતૃઓને ઉદ્દેશે જલના અંજલિ આપવા તે. ભ્રષ્ટ વિચારો અંતઃકરણને ને જીવને અધોગામી કરે છે એ વિવેકીને વિદિતજ છે. ૪૨

दोषैरेतैः कुलघ्नानां, वर्णसंकरकारकैः ।
उत्साद्यंते जातिधर्माः, कुलधर्माश्च शाश्वताः ॥ ४३ ॥

પ૦ છ૦ પ૦:—**दोषैः** દોષોવડે **एतैः** આ **कुलघ्नानाम्** કુલનો નાશ કરનારાના **वर्णसंकरकारकैः** વર્ણસંકર કરનારા **उत्साद्यंते** નિર્મૂલ થઇ જાય છે **जातिधर्माः** [બ્રાહ્મણ ને ક્ષત્રિય આદિ] જાતિના ધર્મો-જાતિને પાળવાના ધર્મો **कुलधर्माः** [પોતાના] કુલના ધર્મો **च** તથા **शाश्वताः** પરંપરાથી ચાલ્યા આવતા. ૪૩

શ૦:—કુલનો નાશ કરનારા[પુરુષો]ના વર્ણસંકર કરનારા આ દોષોવડે પરંપરાથી ચાલ્યા આવતા [બ્રાહ્મણાદિ] જાતિના ધર્મો તથા [જાતિના વિભાગરૂપ] કુલના ધર્મો નિર્મૂલ થઈ જાય છે. ૪૩

ટી૦:—કુલઘ્ન એટલે કાર્યાકાર્યના વિચારનો ત્યાગ કરી કામક્રોધાદિકને અધીન થઇ સાત્વિક ચિત્તરૂપ કુલના ધર્મોને પ્રવર્તાવનારા શુભ વિચારરૂપ પુરુષોનો નાશ કરનારા. ૪૩

उत्सन्नकुलधर्माणां, मनुष्याणां जनार्दन ।
नरकेऽनियतं वासो, भवतीत्यनुशुश्रुम ॥ ४४ ॥

પ૦ છ૦ પ૦:—**उत्सन्नकुलधर्माणां** જેમણે કુલના ધર્મો નિર્મૂલ કર્યા છે એવા **मनुष्याणां** મનુષ્યોનો **जनार्दन** હે જનાર્દન !—હે શ્રીકૃષ્ણ ! **नरके** નરકમાં **अनियतम्** અવધિથી રહિત-ચિરકાલસુધી **वासः** વાસ **भवति** થાય છે **इति** એમ **अनुशुश्रुम** [અમે] સાંભળતા હતા. ૪૪

શ૦:—હે જનાર્દન ! જેમણે કુલના [શુભ] ધર્મો નિર્મૂલ કર્યા છે એવા મનુષ્યોનો નરકમાં ચિરકાલપર્યંત વાસ થાય છે એમ [અમે અમારા આચાર્યોદ્વારા] સાંભળતા હવા. ૪૪

ટી૦:—કોઇ પુસ્તકમાં **नरकं नियतं** એવો પાઠ હોય છે ત્યાં **नियत**નો અર્થ નક્કી એમ કરવો. કુલ અને જાતિના ધર્મોનો નાશ કરનારા પુરુષોનો લાંબા કાલસુધી રૌરવાદિ નરકમાં (પરિતાપમય સ્થિતિમાં) વાસ થાય છે આ વાત હું મારી કલ્પનાથીજ નથી કહેતો, પણ પૂર્વના આચાર્યોદ્વારા મેં એ વાત સાંભળી છે તે આ પ્રમાણેઃ—" **प्रायश्चित्तमकुर्वाणाः पापेष्वभिरता नराः । अपश्चात्तापिनः पापान् निरयान् यांति दारुणान् ॥** " (જે પુરુષો પાપ કરવામાં પ્રીતિવાળા છે, અને પાપની નિવૃત્તિ કરવામાટે યોગ્ય પ્રાયશ્ચિત્ત પણ કરતા નથી, તથા કરેલા પાપનો પશ્ચાત્તાપ પણ કરતા નથી, તે પુરુષ પાપસંસ્કારને અધીન થઇ ભયંકર નરકને પ્રાપ્ત થાય છે.) નરક મુખ્ય સાત પ્રકારનાં ને અવાંતરભેદે અઠ્ઠાવીશ પ્રકારનાં છે, જ્યાં પાપી પ્રાણીઓ પોતાના કુકર્મનું દુઃખરૂપ ફલ ભોગવે છે. ૪૪

પોતાના સંબંધિજનોનો જેમાં નાશ કરવાનો છે એવું આ યુદ્ધરૂપી કર્મ અત્યંત પાપમય છે એમ જાણી અર્જુન પોતાનો ધિક્કાર કરતો છતો કહે છેઃ—

अहो बत महत्पापं, कर्तुं व्यवसिता वयम् ।
यद्राज्यसुखलोभेन, हंतुं स्वजनमुद्यताः ॥ ४५ ॥

પ૦ ત૦ પ૦:—**अहो** અરે ! **बत** બહુ ખેદની વાત છે **महत्पापम्** મોટું પાપ **कर्तुम्** કરવા-બાંધવા **व्यवसिताः** નિશ્ચયવાળા થયા છીએ-બેઠા છીએ **वयम्** અમે **यत्** કારણકે **राज्यसुखलोभेन** રાજ્યસુખના લોભથી **हंतुम्** હણવાને **स्वजनम्** પોતાના સગાને **उद्यताः** તૈયાર થયા [છીએ.] ૪૫

શ૦:—અરે ! બહુ ખેદની વાત છે ! અમે મોટું પાપ બાંધવા બેઠા છીએ, કારણકે રાજ્યસુખના લોભથી પોતાના સગાને હણવાને તૈયાર થયા [છીએ.] ૪૫

ટી૦:—**अहो** એ પદવડે આશ્ચર્યનો ને **बत** એ પદવડે ખેદનો ઉદ્‌ગાર બતાવ્યો છે. મંદવિરાગવાળા સાધકને સમાંઓરૂપ પૂર્વના અયોગ્ય વિચારોપર

અયોગ્ય કરુણા (પ્રેમ) ઉપજે ત્યારે તે આવા શોકમોહના ઉદ્ગારો કાઢે એ સ્વાભાવિકજ છે. ૪૫

તમને યુદ્ધની ઈચ્છા નથી, પણ ભીમાદિકને યુદ્ધની બહુ ઈચ્છા છે, માટે સંબંધિજનોનો નાશ તો અવશ્ય થશે, પછી તમારે શું કર્તવ્ય છે, એમ જો શ્રીકૃષ્ણ કહે તો અર્જુન તેનું ઉત્તર આપે છેઃ—

यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ।
धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥ ४६ ॥

પ૦ ત૦ પ૦:—**यदि** જો **माम्** મને **अप्रतीकारम्** બચાવને માટે સામો ઉપાય નહિ કરનાર **अशस्त्रम्** શસ્ત્રવિનાના **शस्त्रपाणयः** હાથમાં શસ્ત્રવાળા **धार्तराष्ट्राः** ધૃતરાષ્ટ્રના પુત્રાદિક **रणे** યુદ્ધમાં **हन्युः** મારી નાંખે **तत्** તે [હણવું] **मे** મારું **क्षेमतरम्** વધારે કલ્યાણરૂપ **भवेत्** થાય. ૪૬

શ૦:—જો બચાવને માટે સામો ઉપાય નહિ કરનાર [તથા] શસ્ત્રવિનાના [એવા] મને હાથમાં શસ્ત્રવાળા ધૃતરાષ્ટ્રના પુત્રાદિક [આ] યુદ્ધમાં મારી નાંખે [તો તેઓનું] તે [હણવું] મારું વધારે કલ્યાણરૂપ થાય. ૪૬

ટી૦:—પોતાના પ્રાણની રક્ષા કરવામાટે પોતાને મારનાર પુરુષને મારવો તે પ્રતીકાર. એવા પ્રતીકારથી રહિત તે અપ્રતીકાર. અપ્રતીકાર અને તેને લીધેજ શસ્ત્રરહિત એવો જે હું તેને જો આ કામાદિક મારશે તો તે મારું મરણ મને વધારે હિતરૂપ થશે. अहिंसा परमो धर्मः (અહિંસા એ ઉત્કૃષ્ટ ધર્મ છે) ઇત્યાદિક જે શાસ્ત્રવચન છે તેથી એમ જણાય છે કે સર્વપ્રકારે નિરંતર સર્વ પ્રાણીઓને પીડા ન કરવારૂપ જે અહિંસાધર્મ છે તે મારા જીવનથી પણ શ્રેષ્ઠ છે, કેમકે આ જીવન–પ્રાણધારણ–થી અનેક પ્રકારનાં પાપો ઉપજે છે, અને તે અહિંસાધર્મથી કોઇ પણ પાપ ઉત્પન્ન થતું નથી, ઊલટું મહાન્ પુણ્ય ઉત્પન્ન થાય છે, માટે આ જીવનકરતાં તે મરણ હું વધારે શ્રેષ્ઠ માનું છું. કોઇ પુસ્તકમાં तन्मे क्षेमतरं भवेत् ને સ્થલે तन्मे प्रियतरं भवेत् એવો પાઠ પણ હોય છે, ત્યાં પ્રિયતરનો અર્થ વધારે પ્રિયરૂપ એવો થાય છે. પોતાના પ્રાપ્ત કર્તવ્યમાં ખરી વેલાએ મંદવિરાગવાળા સાધક કેવા વિપરીત ને નબળા નિશ્ચયનો આશ્રય કરી રાંક થઇ જાય છે એ વાત મોક્ષસાધકે બહુ બહુ લક્ષમાં લેવાયોગ્ય છે. ૪૬

ત્યારપછી શું થયું તે સંજય ધૃતરાષ્ટ્રને કહે છેઃ—

संजय उवाच ॥

एवमुक्त्वाऽर्जुनः संख्ये, रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं, शोकसंविग्नमानसः ॥ ४७ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादेऽर्जुनविषादो नाम प्रथमोऽध्यायः ॥१॥

પદચ્છેદ તથા પદાર્થઃ—**संजयः** સંજય **उवाच** બોલ્યા ॥ **एवम्** એ પ્રમાણે **उक्त्वा** કહીને **अर्जुनः** અર્જુન **संख्ये** રણભૂમિમાં **रथोपस्थे** રથઉપર **उपाविशत्** બેસતા હવા **विसृज्य** છોડી દઇને **सशरम्** બાણસહિત **चापम्** ધનુષ્યને **शोकसंविग्नमानसः** શોકથી જેમનું હૃદય ભરાઇ આવ્યું છે એવા. ૪૭

શબ્દાર્થઃ—સંજય બોલ્યાઃ—શોકથી જેમનું હૃદય ભરાઇ આવ્યું છે એવા અર્જુન રણભૂમિમાં એ પ્રમાણે કહીને બાણસહિત ધનુષ્યને છોડી દઇને રથઉપર બેસતા હવા. ૪૭

ટીકાઃ—પોતાના સંબંધિજનોના ભાવિ વિનાશરૂપ નિમિત્તથી જેને શોક ઉપજ્યો છે, ને તે શોકવડે જેનું મન અત્યંત વ્યાકુલ થયું છે, એવો મંદ-વિરાગ આત્માને પૂર્વે કહ્યા પ્રમાણે કહીને યુદ્ધભૂમિમાં લડવાનાં સાધનોનો પરિત્યાગ કરી શત્રુનું સૈન્ય જોવા ઊભો નહિ રહેતાં પોતાના રથમાં બેસી ગયો. ૪૭

इति श्रीमन्मथुरानाथशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्यदीपिकाख्यायां प्रथमोऽध्यायः ॥ १ ॥

॥ ॐ ॥

અધ્યાય ૨ જો.

સાંખ્યયોગ.

અર્જુને અહિંસાને પરમ ધર્મ માની યુદ્ધનો અસ્વીકાર કર્યો તેથી પોતાના દુર્યોધનાદિ પુત્રોને સ્થિરપણે રાજ્યની પ્રાપ્તિ થઈ એમ જાણી ધૃતરાષ્ટ્રને આનંદ ઉપજ્યો, ને પછી શું થયું તે જાણવાની ઈચ્છા થઈ, તેના ઉત્તરમાં સંજય કહે છેઃ-

संजय उवाच ॥

तं तथा कृपयाऽऽविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदंतमिदं वाक्यमुवाच मधुसूदनः ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થઃ—**संजयः** સંજય **उवाच** બોલ્યા ॥ **तम्** તેમને **तथा** એવી રીતે **कृपया** કૃપાથી **आविष्टम्** ભરપૂર **अश्रुपूर्णाकुलेक्षणम्** આંસુથી ભરેલાં વ્યાકુલ નેત્રવાળા **विषीदंतम्** શોક કરતા **इदम्** આ **वाक्यम्** વચન **उवाच** કહેતા હવા **मधुसूदनः** મધુસૂદન શ્રીકૃષ્ણ. ૧

શબ્દાર્થઃ—સંજય બોલ્યાઃ-એવી રીતે કૃપાથી ભરપૂર, આંસુથી ભરેલાં વ્યાકુલ નેત્રવાળા [ને] શોક કરતા [એવા જે અર્જુન] તેમને મધુસૂદન આ વચન કહેતા હવા. ૧

ટીકાઃ—આત્માનું મધુસૂદન એવું નામ આપી અધ્યાત્મપ્રસાદે બોધને એમ જણાવ્યું કે એ આત્મા યોગવિઘ્નરૂપ મધુનો નાશ કરનાર છે માટે એ આત્માજ મંદવિરાગને દૃઢવિરાગના રૂપને પમાડી તેને નિમિત્તમાત્ર કરીને પોતેજ તમારા દુષ્ટ કામાદિક પુત્રોને મારશે, માટે તમારે તમારા જયની આશા કદીપણ ન રાખવી. આ અસ્મિતાદિક અમારા સંબંધિજનો છે એવી રીતની ભ્રાંતિવડે ઉપજેલો જે સ્નેહવિશેષ તે કૃપા. શોક-વિષાદ-ચિત્તનો વ્યાકુલભાવ. કૃપાવડે વ્યાપ્ત થયેલા, અને શોક કરતા, તથા આંસુવડે જેનાં નેત્રો ભરાઈ ગયાં છે, તેમજ જેનાં નેત્રો પદાર્થને જોવામાં અસમર્થ થયાં છે, એવા મંદવિરાગપ્રતિ આત્મા તેની ઉપેક્ષા નહિ કરતાં અનેક પ્રકારની યુક્તિઓથી હવે પછી કહેવામાં આવશે તે વચન કહેતા

હતા. મંદવિરાગવાળા મોક્ષસાધકને આરંભમાં ઘણી વેળા વ્યામોહ ઉપજતાં તેની આવી દયામણી સ્થિતિ થાય છે, ને પછી તેને શનૈઃ શનૈઃ સમજાવતા શ્રીસદ્ગુરુ તેના કર્તવ્યમાં આરૂઢ કરે છે. ૧

હવે બોધરૂપ નીચેના બે શ્લોકો શ્રીકૃષ્ણ અર્જુનપ્રતિ કહે છેઃ-

श्रीभगवानुवाच ॥

कुतस्त्वा कश्मलमिदं, विषमे समुपस्थितम् ।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥ २ ॥

પ૦ ત૦ પ૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **कुतः** ક્યાંથી-શા કારણથી **त्वा** તમને **कश्मलम्** મલિનતા **इदम्** આ **विषमे** ભયવાળે [સ્થાને] **समुपस्थितम्** ઉત્પન્ન થઈ [છે] **अनार्यजुष्टम्** આર્યોએ નહિ સેવેલી **अस्वर्ग्यम्** સ્વર્ગમાં નહિ લઈ જનારી-સ્વર્ગની વિરોધી **अकीर्तिकरम्** અપકીર્તિ કરાવનારી **अर्जुन** હે અર્જુન ! ૨

શ૦:—શ્રીભગવાન્ બોલ્યાઃ-'હે અર્જુન ! [આવે] ભયવાળે [સ્થાને] તમને આ મલિનતા શા કારણથી ઉત્પન્ન થઈ [છે ? તે મલિનતા] આર્યોએ નહિ સેવેલી, સ્વર્ગની વિરોધી [ને આ લોકમાં] અપકીર્તિ કરાવનારી [છે.] ૨

ટી૦:—ભગવાન્—સમગ્ર ઐશ્વર્ય, સમગ્ર ધર્મ, સમગ્ર યશ, સમગ્ર શ્રી, સમગ્ર વૈરાગ્ય અને સમગ્ર જ્ઞાન એ છએ જેમનામાં નિરંતર રહે છે તે; અથવા જે સર્વજ્ઞ સર્વભૂતોની ઉત્પત્તિને તથા તેના કારણને, સર્વભૂતોના નાશને તથા તેના કારણને, સર્વભૂતોની સંપદારૂપ આગતિને, સર્વભૂતોની આપદારૂપ ગતિને અને વિદ્યાને તથા અવિદ્યાને જાણે છે તે; અર્થાત્ શુદ્ધ-સત્વગુણ જેનો ઉપાધિ છે એવો આત્મા. શુદ્ધસત્વગુણમાં જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય ને ધર્મ એ સર્વ પૂર્ણપણે રહે છે એ વાત યોગશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. સ્નેહ, વિષાદ ને અશ્રુપાતાદિકયુક્ત તથા યુદ્ધરૂપ સ્વધર્મથી નિવૃત્તિ કરનારી જે મલિનતા તે કશ્મલ. આવી મલિનતા તારા ચિત્તમાં શા હેતુથી આવી છે ? મોક્ષના હેતુથી, સ્વર્ગના હેતુથી કે કીર્તિના હેતુથી ? આ સઘળા કે તેમાંના કોઇ પણ એક હેતુથી તે તને પ્રાપ્ત થઇ હોય તો તે તારે શુભ ફલદાતા થનારી નથી, કેમકે વર્ણાશ્રમધર્મનું પાલન કરી ચિત્તશુદ્ધિદ્વારા મોક્ષની ઇચ્છા રાખનાર અશુદ્ધ અંતઃકરણવાળા મુમુક્ષુએ તો આ સ્વધર્મના ત્યાગરૂપ

મલિનતા સેવવી યોગ્ય નથી, માટે મોક્ષેચ્છાના હેતુથી આ મલિનતાની પ્રાપ્તિ સંભવતી નથી. સ્વર્ગની પ્રાપ્તિ કરનારા ધર્મના વિરોધી હોવાથી સ્વર્ગેચ્છુને પણ તે સેવવાયોગ્ય નથી, તેમજ આ લોકમાં અપકીર્તિ કરાવનારી હોવાથી કીર્તિ ઇચ્છનારે પણ તેનો ત્યાગ કરવો જોઇએ, માટે તે બે હેતુથી પણ તને આ મલિનતા પ્રાપ્ત ન થવી જોઇએ. આમ હોવાથી એ કશ્મલનો-મલિનતાનો-તારે સર્વ પ્રકારે ત્યાગ કરવો ઉચિત છે. ૨

હવે અધૈર્ય છોડી સાવધ થવામાટે શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે:-

क्लैब्यं मा स्म गमः पार्थ, नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं, त्यक्त्वोत्तिष्ठ परंतप ॥ ३ ॥

પ૦ ત૦ પ૦:—**क्लैब्यम्** નપુંસકપણાને-અધૈર્યને **मा स्म गमः** પામ નહિ **पार्थ** હે અર્જુન ! **न** નથી **एतत्** એ **त्वयि** તમારામાં **उपपद्यते** ઘટતું **क्षुद्रम्** નીચ **हृदयदौर्बल्यम्** હૃદયની દુર્બલતાને **त्यक्त्वा** છોડીને **उत्तिष्ठ** ઊભા થાઓ **परंतप** હે શત્રુને તપાવનાર !-હે અર્જુન ! ૩

શા૦:—હે પાર્થ ! [તમે] નપુંસકપણાને-અધૈર્યને-પામો નહિ. તમારામાં (શ્રીમહેશ્વરની સાથે યુદ્ધ કરનારમાં) એ [નપુંસકપણું-બાયલાપણું] ઘટતું નથી. હે પરંતપ ! [આ] ક્ષુદ્ર [એવી] હૃદયની દુર્બલતાને છોડીને [લડવામાટે] ઊભા થાઓ. ૩

ટી૦:—ક્લૈબ્ય—વીર્યાદિના (તેજાદિના) ભંગરૂપ અધૈર્ય-નપુંસકપણું-બાયલાપણું. પાર્થ એ સંબોધનથી એમ સૂચવ્યું કે તું પૃથા-મતિ-નો પુત્ર હોવાથી તારામાં આ અપકારક અધૈર્ય નજ હોવું જોઇએ. ક્ષુદ્ર-જેની નિવૃત્તિ થોડે યત્ને થઇ શકે એવી. પરંતપ-વિરાગના શત્રુરૂપ એવી જે વિષયવાસનાઓ તેને તપાવનાર-મંદવિરાગ. મંદવિરાગને પરંતપ એવું સંબોધન કરી એમ સૂચવ્યું કે તારે તારા નામની સાર્થકતામાટે પણ અધૈર્યરૂપ શત્રુનો નાશ કરવો ઉચિત છે. અધૈર્યરૂપ હૃદયની દુર્બલતા મોક્ષસાધકને તેના પારમાર્થિક સાધનમાં પરમવિઘ્નરૂપ છે, માટે પ્રત્યેક મોક્ષસાધકે તેનો પોતાના શુભ હૃદયબલવડે નિઃશેષ નાશ કરવો જોઇએ. ૩

અધૈર્યને લીધે હું યુદ્ધનો ત્યાગ કરતો નથી, પણ માત્ર યુદ્ધમાં અધર્મપણું જોઇને હું યુદ્ધનો ત્યાગ કરું છું, એમ અર્જુન જણાવે છે:—

अर्जुन उवाच ॥

कथं भीष्ममहं संख्ये, द्रोणं च मधुसूदन ।
इषुभिः प्रतियोत्स्यामि, पूजार्हावरिसूदन ॥ ४ ॥

૫૦ ત૦ ૫૦:—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **कथम्** કેમ **भीष्मम्** ભીષ્મની **अहम्** હું **संख्ये** રણભૂમિમાં **द्रोणम्** દ્રોણની સાથે **च** અને **मधुसूदन** હે શ્રીકૃષ્ણ ! **इषुभिः** બાણોવડે **प्रतियोत्स्यामि** સામો યુદ્ધ કરીશ **पूजार्हौ** પૂજા કરવાયોગ્ય **अरिसूदन** હે શત્રુને હણનારા !–હે શ્રીકૃષ્ણ ! ૪

શ૦:—અર્જુન બોલ્યા:–' હે મધુસૂદન ! હે અરિસૂદન ! રણભૂમિમાં હું પૂજા કરવાયોગ્ય ભીષ્મની અને દ્રોણની સાથે બાણોવડે કેમ [તેમના] સામો યુદ્ધ કરીશ ? ૪

ટી૦:—મધુસૂદનનો અર્થ પૂર્વે કરેલો છે. અરિસૂદન—આસુરીસંપત્તિ-રૂપ શત્રુને હણનાર—આત્મા. અહિં મધુસૂદન તથા અરિસૂદન એવાં બે નામ આપી જે પુનરુક્તિ કરી છે તે શોકથી ઉપજેલી વિહ્વલતાને લીધે છે, અને એ બે સંબોધનોથી એમ સૂચવ્યું કે તમે શત્રુઓનો નાશ કરનારા છતાં મને પૂજા કરવાયોગ્ય અસ્મિતાદિકોનો નાશ કરવામાં કેમ પ્રેરો છો ? આ અસ્મિતા તથા સંસ્કાર અમારે પુષ્પ તથા ચંદનાદિથી પૂજવાયોગ્ય છે તેથી તેમની સાથે રમવાનાં સ્થલોમાં આનંદની પ્રાપ્તિમાટે લીલાયુદ્ધ કરવું પણ અમને ઉચિત નથી તો પછી આ યુદ્ધભૂમિમાં તીક્ષ્ણ શસ્ત્રોવડે તેમની સાથે લડવું એ કેમજ ઉચિત કહેવાય ? ૪

આ ભીષ્માદિકમાં હવે તમારે પૂજ્યપણાની બુદ્ધિ રાખવી યોગ્ય નથી, કેમકે તેઓ કાર્યાકાર્યના વિવેકથી રહિત ને નિષિદ્ધ-માર્ગમાં વર્તનાર છે, માટે તેમને મારવા એજ શ્રેષ્ઠ છે, એમ જો શ્રીકૃષ્ણ કહે તો અર્જુન તેનું ઉત્તર આપે છે:—

गुरूनहत्वा हि महानुभावान्, श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके ।
हत्वार्थकामांस्तु गुरूनिहैव, भुंजीय भोगान्रुधिरप्रदिग्धान् ॥ ५ ॥

૫૦ ત૦ ૫૦:—**गुरून्** ગુરુઓને **अहत्वा** નહિ હણીને **हि** વળી **महानुभावान्** મોટા પ્રભાવવાળા–જેમણે બહુ સાંભળેલું છે તથા બહુ

અધ્યયન કરેલું છે એવા **श्रेयः** કલ્યાણ-શ્રેય **भोक्तुम्** ભોગવવાને-ભોજન કરવાને **भैक्ष्यम्** ભિક્ષાનું (માગીને મેળવેલું) અન્ન **अपि** પણ **इह** આ **लोके** લોકમાં **हत्वा** હણીને **अर्थकामान्** દ્રવ્યની કામનાવાળા **तु** તોપણ **गुरून्** ગુરુઓને **इह** અહિં (આ લોકમાં) **एव** જ **भुञ्जीय** ભોગવું **भोगान्** ભોગોને-વિષયોને **रुधिरप्रदिग्धान्** લોહીમાં રગદોળાયેલા. ૫

શ૦:—વળી મોટા પ્રભાવવાળા ગુરુઓને નહિ હણીને આ લોકમાં ભિક્ષાનું અન્ન ભોજન કરવાને [હોય તો તે] પણ શ્રેય [છે. ભલે] દ્રવ્યની કામનાવાળા [છે] તોપણ [તે] ગુરુઓને હણીને આ લોકમાંજ [હું] લોહીમાં રગદોળાયેલા વિષયોને ભોગવું. ૫

ટી૦:—हि એ શબ્દથી એવો ભાવ બતાવ્યો કે અસ્મિતા તથા સંસ્કારાદિનો નાશ નહિ કરવાથી અમારી ઉત્તરગતિ તો અવશ્ય સારી થશેજ, અને તેઓને નહિ મારવાથી હમણાં અમારી થોડી દીનદશા થશે, ને તેને લીધે કદાચ અમારે સહજ નિષિદ્ધ આચરણ કરવું પડયું, વા થોડું દુઃખ ભોગવવું પડયું, તો તેથી પણ શું ? એમને મારીને જે સુખ ભોગવવાનું તે સુખ નહિ, પણ મને તો તે દુઃખરૂપજ લાગે છે. ૫

તમારે તમારા સ્વધર્મનું પાલન કરવામાટે યુદ્ધ કરવુંજ જોઈએ એમ જો શ્રીકૃષ્ણ કહે તો અર્જુન તેનું ઉત્તર આપે છે:—

न चैतद्विद्मः कतरन्नो गरीयो, यद्वा जयेम यदि वा नो जयेयुः ।
यानेव हत्वा न जिजीविषामस्तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ॥६॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **च** વળી **एतत्** તે **विद्मः** જાણતા **कतरत्** શું **नः** અમને **गरीयः** લાભકારી **यद्वा** શું **जयेम** જિતીશું **यदि वा** કે **नः** અમને **जयेयुः** જિતશે **यान्** જેઓને **एव** તો **हत्वा** હણીને **न** નથી **जिजीविषामः** જીવવાને ઇચ્છતા **ते** તે **अवस्थिताः** ઊભા રહેલા **प्रमुखे** સંમુખ **धार्तराष्ट्राः** ધૃતરાષ્ટ્રના પુત્રાદિક. ૬

શ૦:—વળી અમને શું લાભકારી [છે] તે [અમે] જાણતા નથી, [તેમજ યુદ્ધમાં] શું [અમે] જિતીશું કે અમને [તેઓ (કૌરવો)] જિતશે [તે પણ અમે જાણતા નથી.]

જેઓને હણીને [અમે] જીવવાને ઇચ્છતા નથી તે ધૃતરાષ્ટ્રના પુત્રાદિક તો [યુદ્ધભૂમિમાં] સંમુખ ઊભા રહેલા [છે.] ૬

ટી૦:—ક્ષત્રિયને-મુમુક્ષુને-સ્વધર્મ હોવાથી પ્રતિપક્ષીઓસાથે યુદ્ધ કરવું તે શ્રેષ્ઠ છે, કે અહિંસારૂપ હોવાથી ભિક્ષાન્ન માગીને ખાવું (આત્મવિષયોને અધીન થઇ તેમને દીનપણે ભોગવવા) તે શ્રેષ્ઠ છે તે વાતને અમે યથાર્થરીતે જાણતા નથી. કદાચ પ્રતિપક્ષીઓ અમને જિતશે તો અંતમાં અમારે ભિક્ષાન્નપરજ નિર્વાહ કરવો પડશે, અથવા અમારું મૃત્યુ થશે. આ બેમાંથી એક વાત જ્યારે થવાની છે ત્યારે શ્રેષ્ઠ તો એજ લાગે છે કે યુદ્ધની પહેલાંજ અમારે ભિક્ષાન્નપર નિર્વાહ કરવાના નિશ્ચયપર આવવું જોઇએ. કદાચ આપના સાહાય્યથી અમારો જય થાય તો તે જય પણ અમારે પરાજયરૂપજ સમજવો જોઇએ, કેમકે જેમને મારીને અમે જીવવાની આશા રાખતા નથી તે આ મોહના પુત્રાદિક તો અમારી સાથે લડવામાટે હૃદયસ્થાનમાં સંમુખ આવીને ઉભા રહેલા છે. ૬

તે બંનેમાંથી શું શ્રેષ્ઠ છે એ વિષે અર્જુન શિષ્યબુદ્ધિએ ભગવાન્ શ્રીકૃષ્ણપ્રતિ પ્રશ્ન કરે છે:—

कार्पण्यदोषोपहतस्वभावः, पृच्छामि त्वां धर्मसंमूढचेताः ।
यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे, शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्॥

પ૦ ત૦ પ૦:—**कार्पण्यदोषोपहतस्वभावः** કાર્પણ્ય એટલે આત્માનું અજ્ઞાન-યુદ્ધમાં સ્વજનોને નહિ હણવાનો મોહ-તે દોષવડે જેનો શૌર્ય આદિ સ્વભાવ તિરસ્કારને પામ્યો છે એવો **पृच्छामि** પૂછું છું **त्वाम्** આપને **धर्मसंमूढचेताः** ધર્મવિષે જેનું ચિત્ત અતિમૂઢ છે એવો **यत्** જે **श्रेयः** શ્રેય-કલ્યાણ **स्यात्** હોય **निश्चितम्** નક્કી **ब्रूहि** કહો **तत्** તે **मे** મને **शिष्यः** શિષ્ય **ते** આપનો **अहम्** હું **शाधि** શીખામણ આપો-માર્ગ બતાવો **माम्** મને **त्वाम्** આપને **प्रपन्नम्** શરણ થયેલા. ૭

શ૦:—કાર્પણ્યરૂપ (અવિવેકરૂપ) દોષવડે ઢંકાયેલા (દૂષિત થયેલા) સ્વભાવવાળો [તથા] ધર્મવિષે જેનું ચિત્ત અતિમૂઢ છે એવો [હું] આપને પૂછું છું. જે નક્કી શ્રેય હોય તે મને કહો. હું આપનો શિષ્ય [છું.] આપને શરણ થયેલા મને શીખામણ આપો. (મારું કર્તવ્ય બતાવો.) ૭

ટી૦:—કાર્પણ્યદોષ–કૃપણતારૂપ દોષ. મમતાને લીધે પોતાના ધનાદિક પદાર્થની સહજ હાનિ પણ જે સહન ન કરી શકે તેને લોકો કૃપણ કહે છે. લૌકિક કૃપણના જેવોજ અજ્ઞાનીનો સ્વભાવ છે, કેમકે તેઓ નાશવંત એવા દેહાદિમાંથી આસક્તિ છોડી મોક્ષને માટે પુરુષાર્થ કરી શકતા નથી. શ્રીબૃહદારણ્યકોપનિષત્‌માં શ્રીયાજ્ઞવલ્ક્યે ગાર્ગીપ્રતિ આમ કહ્યું છેઃ– '**यो वा एतदक्षरं गार्ग्यविदित्वाऽस्माल्लोकात्प्रैति स कृपणः ॥**' (હે ગાર્ગિ ! જે પુરુષ આ અક્ષરને–આત્માને–જાણ્યા વિના આ લોકથી જાય છે–મૃત્યુ પામે છે–તે કૃપણ છે.) વળી સ્મૃતિમાં પણ એવાજ આશયથી '**कृपणोऽजितेंद्रियः**' (જે પુરુષે પોતાની ઇંદ્રિયો જિતી નથી તે કૃપણ છે) એમ કહ્યું છે. એ કૃપણતાના દોષથી જેનો ધર્મયુદ્ધના ઉદ્યમરૂપ સ્વભાવ ઢંકાઇ ગયો છે એવો, તથા પોતાને શું કર્તવ્ય છે તે વિષયના સંશયથી જેનું ચિત્ત વ્યાપ્ત છે એવો, મંદવિરામ પોતાના સાચા શ્રેયસ્‌માટે શિષ્યભાવે આત્માને પૂછે છે. ત્રણ પ્રકારનાં દુઃખોની પુનઃ ઉપજે નહિ એવી અવશ્ય નિવૃત્તિ ને પરમાનંદની નિત્યપ્રાપ્તિ તે શ્રેયસ્ કહેવાય છે. શિષ્યભાવે હું પ્રશ્ન પૂછું છું એમ કહેવાનું તાત્પર્ય એવું છે કે અતિરહસ્યની જે વાર્તા હોય તે પોતાના શિષ્યની કિંવા પોતાના પુત્રની આગળજ થાય, અન્યની આગળ તે ન થાય. શ્રીશ્વેતાશ્વતરોપનિષત્‌ની '**नापुत्रायाशिष्याय वै पुनः**' (જે મનુષ્ય પુત્રભાવથી કિંવા શિષ્યભાવથી રહિત હોય તેને ઉપદેષ્ટાએ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ નજ કરવો) એ શ્રુતિમાં પણ એમજ કહ્યું છે. ૭

તમે વિદ્વાન્ છો માટે તમારી મેળેજ તમારા શ્રેયસ્‌નો વિચાર કરી લ્યો મને પૂછવાનું શું પ્રયોજન છે ? એમ જો શ્રીકૃષ્ણ કહે તો અર્જુન તેનું ઉત્તર આપે છેઃ—

न हि प्रपश्यामि ममापनुद्याद्यच्छोकमुच्छोषणमिंद्रियाणाम् ।
अवाप्य भूमावसपत्नमृद्धं, राज्यं सुराणामपि चाधिपत्यम् ॥ ८ ॥

પ૦ ત૦ પ૦:—**ન** નથી **હિ** જ **प्रपश्यामि** જોતો **मम** મારી **अपनुद्यात्** શમાવે **यत्** જે **शोकम्** શોકને **उच्छोषणम्** સૂકવી નાખનારા **इंद्रियाणाम्** ઇંદ્રિયોને **अवाप्य** પામીને **भूमौ** પૃથ્વીમાં **असपत्नमृद्धम्** શત્રુવિનાના તથા ધનધાન્યાદિ સર્વ વસ્તુઓથી ભરપૂર **राज्यम्** રાજ્યને **सुराणाम्** દેવતાઓના **अपि** પણ **च** તથા **आधिपत्यम्** ઉપરિપણાને. ૮

શ૦:—જે [શ્રેયસ્] મારી ઇંદ્રિયોને સૂકવી નાંખનારા શોકને શમાવે [તે શ્રેયસને હું] નથીજ જોતો. પૃથ્વીમાં શત્રુ વિનાના તથા ધનધાન્યાદિ સર્વ વસ્તુઓથી ભરપૂર રાજ્યને પામીને તથા દેવતાઓના ઉપરિપણાને [પામીને] પણ [હું મારા શ્રેયસ્‌ને દેખતો નથી.] ' ૮

ટી૦:—' सोऽहं भगवः शोचामि तं मां भगवान् शोकस्य पारं तारयतु ॥' (હે ભગવન્ ! એવો હું તે શોક કરું છું, તે મને શોકના પારને પમાડો,) એ શ્રીછાંદોગ્યની શ્રુતિમાં શ્રીસનત્કુમારને જેવી રીતે પ્રશ્ન પૂછ્યો છે તેવીજ રીતે અહિં મંદવિરાગે આત્માને ઉપરનો પ્રશ્ન કર્યો છે. શોકરૂપી અગ્નિ જો પ્રાણીના હૃદયમાં હોય તો તેની ઇંદ્રિયોને સંતાપ—દાહ—થાય એ સ્પષ્ટજ છે. આ યુદ્ધમાં પ્રવૃત્ત થવ.થી મારો શોક મટે એમ નથી, કેમકે આ લોકનાં ઉત્તમોત્તમ દસ્ય સુખો ને વેદે પ્રતિપાદન કરેલાં સ્વર્ગાદિનાં શ્રેષ્ઠ સુખો જે અનિત્ય છે તેની મને ઇચ્છા નથી,—તે ભોગોમાં મારી બુદ્ધિ નાનાપ્રકારના દોષોને જુએ છે,—માટે આ યુદ્ધથી ભિન્ન જે મારું શ્રેયસ્ હોય તે આપ મને કહો. ૮

પછી અર્જુને શું કર્યું તે સંજય ધૃતરાષ્ટ્રને કહે છે:—

संजय उवाच ॥

एवमुक्त्वा हृषीकेशं, गुडाकेशः परंतपः ।
न योत्स्य इति गोविंदमुक्त्वा तूष्णीं बभूव ह ॥ ९ ॥

૫૦ ત૦ ૫૦:—**संजयः** સંજય **उवाच** બોલ્યા ॥ **एवम्** એવી રીતે **उक्त्वा** કહ્યા પછી **हृषीकेशम्** ઇંદ્રિયોને નિયમમાં રાખનારા—શ્રીકૃષ્ણ **गुडाकेशः** ઉંઘને જિતનારા—અર્જુન **परंतपः** શત્રુને તપાવનારા—અર્જુન **न** નહિ **योत्स्ये** યુદ્ધ કરું **इति** એ પ્રમાણે **गोविंदम्** ગોવિંદને—શ્રીકૃષ્ણને **उक्त्वा** કહીને **तूष्णीम्** મૌન **बभूव** થતા હવા **ह** જ. ૯

શ૦:—સંજય બોલ્યા:—એવી રીતે કહ્યા પછી પરંતપ ગુડાકેશ, હૃષીકેશ ગોવિંદને ' [હું] નહિ યુદ્ધ કરું ' એ પ્રમાણે કહીને મૌનજ થતા હવા. ૯

ટી૦:—હૃષીકેશ, ગુડાકેશ ને પરંતપ એ શબ્દોના અર્થો આગળ સમજાવવામાં આવી ગયા છે. ગોવિંદ—ગો એટલે ' तत्त्वमसि ' આદિ વેદાંત-

વાક્યો, ને વિદ એટલે તે વાક્યોવડે જેની પ્રાપ્તિ થાય છે તે–આત્મા. મૂલમાં જે ह શબ્દ છે તેવડે એમ સૂચવ્યું છે કે આત્મા અજ્ઞાનથી ઉપજેલા મંદવિરાગના શોકમોહને અવશ્યજ દૂર કરશે. ૯

तमुवाच हृषीकेशः, प्रहसन्निव भारत ।
सेनयोरुभयोर्मध्ये, विषीदंतमिदं वचः ॥ १० ॥

પ૦ ત૦ પ૦:—**तम्** તેમને **उवाच** કહેવા લાગ્યા **हृषीकेशः** શ્રીકૃષ્ણ **प्रहसन्** હસતા હોય **इव** એમ–તેની પેઠે **भारत** હે ધૃતરાષ્ટ્ર ! **सेनयोः** સેનાની **उभयोः** બેઉ **मध्ये** વચ્ચે **विषीदंतम्** શોક કરતા **इदम्** આ **वचः** વચન. ૧૦

શ૦:—હે ધૃતરાષ્ટ્ર ! શ્રીકૃષ્ણ બેઉ સેનાની વચ્ચે શોક કરતા તેમને (અર્જુનને) હસતા હોય તેની પેઠે આ વચન કહેવા લાગ્યા. ૧૦

ટી૦:—આત્માને હસવાનો હેતુ એ કે મંદવિરાગના અયોગ્ય આચરણનો પ્રકાશ કરી તેને તેનું કર્તવ્ય સમજાવવું. ' બેઉ સેનાની વચ્ચે શોક કરતા ' ઇત્યાદિવડે મંદવિરાગને માટે જે કહ્યું તેનો આશય એવો કે આંતરશત્રુઓસાથે લડવામાટે હૃદયરૂપ યુદ્ધભૂમિમાં ઉત્સાહપૂર્વક આવી હવે સ્વકર્તવ્યરૂપ યુદ્ધમાંથી પાછા ફરવાનો વિચાર કરવો એ મોક્ષસાધકરૂપ ક્ષત્રિયને યોગ્ય નથી. યોગ્યાયોગ્યનો વિચાર કરી પ્રથમજ જો તે આંતરશત્રુઓસાથે યુદ્ધ નહિ કરવાનો નિશ્ચય કરત, ને યુદ્ધમાં ન આવત, તો તેનું તે કાર્ય બહુ અનુચિત ન ગણાત. ૧૦

શ્રીકૃષ્ણ અર્જુનપ્રતિ તેમના મોહનું નિરૂપણ કરે છે:—

श्रीभगवानुवाच ॥

अशोच्यानन्वशोचस्त्वं, प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च, नानुशोचन्ति पंडिताः ॥ ११ ॥

પ૦ ત૦ પ૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **अशोच्यान्** જેનો શોક કરવો યોગ્ય નથી એવાનો **अन्वशोचः** શોક કરો છો **त्वम्** તમે **प्रज्ञावादान्** પંડિતોએ કહેવાયોગ્ય નહિ એવાં વચનોને **च**

ને भाषसे બોલો છો गतासून् પ્રાણ ગયેલાનો-મુએલાનો अगतासून् પ્રાણ નહિ ગયેલાનો-જીવતાનો च તથા न નથી अनुशोचन्ति શોક કરતા पण्डिताः પંડિતો. ૧૧

શ૦:—શ્રીભગવાન્ બોલ્યા:—' જેનો શોક કરવો યોગ્ય નથી એવાનો (ભીષ્મદ્રોણાદિકનો) તમે શોક કરો છો, ને પંડિતોએ કહેવાયોગ્ય નહિ એવાં વચનોને બોલો છો; પંડિતો [તો] પ્રાણોથી રહિત[બાંધવો]નો તથા પ્રાણયુક્ત[બાંધવો]નો શોક કરતા નથી. ૧૧

ટી૦:—પ્રજ્ઞાથી અભિન્ન આત્મસ્વરૂપનો અનુભવ કરનારી બુદ્ધિ તે પંડા, ને એવી પંડા જેનામાં હોય તે પંડિત–જ્ઞાની. આત્મા મંદવિરાગને કહે છે કે અસ્મિતા તથા સંસ્કાર ઇત્યાદિનો શોક કરવો તારે યોગ્ય નથી; આત્મદૃષ્ટિએ કરીને તેમજ શરીરદૃષ્ટિએ કરીને પણ. આત્મદૃષ્ટિએ તેઓ નિત્ય હોવાથી તેઓનો શોક કરવો ઘટે નહિ, તેમજ શરીર નાશવાન્ હોવાથી શરીરદૃષ્ટિએ પણ તેમનો શોક કરવો ઘટે નહિ. એમ છતાં તું તેઓનો શોક કરે છે, ને અસ્મિતાદિકને હું યુદ્ધમાં કેમ મારું ? એવી રીતનાં પંડિતોએ કહેવાયોગ્ય નહિ એવાં વચનો બોલે છે. પંડિતપુરુષો તો આત્માને અસંગ તથા અવિનાશી સમજી પ્રાણરહિત થયેલા અનુકૂલ બાંધવોનો અને પ્રાણસહિત–જીવતા–પ્રતિકૂલ બાંધવોનો શોક કરતા નથી. ૧૧

સ્થૂલશરીરથી આત્મા ભિન્ન છે એમ સિદ્ધ કરવામાટે પ્રથમ આત્માનું નિત્યપણું સિદ્ધ કરે છે:—

न त्वेवाहं जातु नासं, न त्वं नेमे जनाधिपाः ।
न चैव न भविष्यामः, सर्वे वयमतः परम् ॥ १२ ॥

૫૦ ત૦ ૫૦:—न નથી तु વળી एव જ अहम् હું जातु ક્યારે પણ न ન आसम् હતો न નથી त्वम् તમે न ન [હતા] इमे આ जनाधिपाः રાજાઓ न નથી न તેમ एव જ न નહિ भविष्यामः થઈશું सर्वे બધા वयम् આપણે अतः હવે परम् પછી. ૧૨

શ૦:—વળી હું [આથી પૂર્વે] ક્યારે પણ નજ હતો [એમ] નથી, [તેમજ] તમે ન [હતા એમ પણ] નથી,

આ રાજાઓ [પૂર્વે ન હતા એમ] નથી, તેમજ હવે પછી આપણે બધા નહિ થઈશું [એમ પણ નથી.] ૧૨

ટી૦:—સ્થૂલશરીર, પ્રકૃતિના પરિણામરૂપ જે પાંચ ભૂતો તેમાંથી ઉપજેલું હોવાથી માત્ર વર્તમાનકાલમાંજ દેખાય છે. તે ઉત્પત્તિની પહેલાં નહોતું, ને વિનાશપછી પણ નહિ રહે, પરંતુ આત્મસ્વરૂપ એવું નથી, એ તો ત્રણે કાલમાં એકરૂપે સ્થિર રહે છે, માટે આ સ્થૂલશરીરથી આત્મા ભિન્ન છે. આત્માઓનો પરસ્પર ભેદ તથા જીવાત્માનો ને પરમાત્માનો ભેદ વાસ્તવિક છે એમ પ્રતિપાદન કરવું એ આ શ્લોકનો વિષય નથી, કિંતુ સ્થૂલશરીરથી આત્મા ભિન્ન છે એમ પ્રતિપાદન કરવું એ આ શ્લોકનો વિષય છે. કારણશરીરરૂપ પૃથક્ પૃથક્ ઉપાધિઓવડે જીવાત્માઓનો પરસ્પર ને કારણશરીરરૂપ પૃથક્ પૃથક્ ઉપાધિઓવડે ને માયારૂપ ઉપાધિવડે જીવાત્માઓનો પરમાત્માથી વ્યાવહારિક ભેદ છતાં પણ તેમનો પારમાર્થિક ભેદ નથી, છતાં જેઓ તેમના નિરુપાધિક ચેતનસ્વરૂપમાં ભેદનો અત્યંત અસંભવ છતાં પણ ભેદ છે એમ પ્રતિપાદન કરવાનો પ્રયત્ન કરે છે તેમનો તે પ્રયત્ન બ્રહ્મવેત્તાઓને નિરર્થક પ્રતીત થાય છે. ૧૨

નાસ્તિકમતમાં સ્થૂલશરીરને આત્મા કહે છે તેનું ખંડન કરે છે:-

देहिनोऽस्मिन्यथा देहे, कौमारं यौवनं जरा ।
तथा देहांतरप्राप्तिर्, धीरस्तत्र न मुह्यति ॥ १३ ॥

પ૦ ત૦ પ૦:—देहिनः દેહધારીને-જીવાત્માને **अस्मिन्** આ **यथा** જેમ **देहे** દેહમાં **कौमारम्** બાલ્યાવસ્થા **यौवनम्** યુવાવસ્થા **जरा** વૃદ્ધાવસ્થા **तथा** તેમ **देहांतरप्राप्तिः** બીજા દેહની પ્રાપ્તિ **धीरः** ધીરજવાળો **तत्र** તેમાં **न** નથી **मुह्यति** મોહ પામતો. ૧૩

શ૦:—જેમ દેહધારીને (જીવાત્માને) આ દેહમાં બાલ્યાવસ્થા, યુવાવસ્થા [ને] વૃદ્ધાવસ્થા [આ ત્રણ અવસ્થા પ્રાપ્ત થાય છે] તેમ [તેને] બીજા દેહની પ્રાપ્તિ [થાય છે,] તેમાં ધીર [પુરુષ] મોહ પામતો નથી. ૧૩

ટી૦:—સ્થૂલશરીર અને આત્મા હોય તો દેહનો ભેદ થવાથી તેનો પણ ભેદ થવો જોઈએ. બાલ્યાવસ્થાનો, યુવાવસ્થાનો ને વૃદ્ધાવસ્થાનો દેહ

ભિન્ન જણાય છે, પણ તેમાં રહેલો આત્મા ભિન્ન નથી, કેમકે જે હું બાળક હતો તે હું હવે વૃદ્ધ થયો છું એવી પ્રત્યભિજ્ઞા સર્વ મનુષ્યોને થાય છે, તેમજ મનુષ્યને સ્વપ્નના દેહમાં તથા યોગીઓ પોતાના યોગપ્રભાવથી કોઈ પ્રયોજનને લીધે જે નવાં શરીરો ધરે છે તેમાં તેમને પણ હુંપણાની પ્રત્યભિજ્ઞા થાય છે, તેથી સિદ્ધ થાય છે કે સ્થૂલશરીર આત્મા નથી. ૧૩

હવે સૂક્ષ્મશરીરનો વિવેક કરે છે:—

मात्रास्पर्शास्तु कौंतेय, शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥ १४ ॥

પ૦ ત૦ પ૦:—मात्रास्पर्शाः ઇંદ્રિયોના સ્પર્શો એટલે ઇંદ્રિયોનો પોતપોતાના વિષયની સાથે સંબંધ થવો તે **तु** તો **कौन्तेय** હે કુંતીના પુત્ર!–હે અર્જુન! **शीतोष्णसुखदुःखदाः** ટાઢતડકાની પ્રાપ્તિથી સુખદુઃખ આપનારા **आगमापायिनः** આવે ને જાય એવા સ્વભાવના **अनित्याः** અનિત્ય–નિત્ય નહિ રહેનારા **तान्** તેઓને **तितिक्षस्व** સહન કરો–હર્ષશોક ન કરો **भारत** હે ભરતકુલમાં ઉત્પન્ન થયેલા!–હે અર્જુન! ૧૪

શા૦:—હે કૌન્તેય! ઇંદ્રિયોના સ્પર્શો તો ટાઢતડકાની પ્રાપ્તિદ્વારા સુખદુઃખ આપનારા, આવે ને જાય એવા સ્વભાવના [ને] અનિત્ય છે, [માટે] તેમને હે ભારત! [તમે] સહન કરો. ૧૪

ટી૦:—માત્રા—જેનાથી વિષયોનું રૂપ જાણી શકાય છે તે–ઇંદ્રિયો, તેમનો સ્પર્શ એટલે પોતપોતાના વિષયોની સાથે સંબંધ. આગમ એટલે ઉત્પત્તિ ને અપાય એટલે નાશ; જેનાં ઉત્પત્તિ તથા નાશ થાય તે આગમાપાયી. કૌંતેય તથા ભારત એ બે સંબોધનથી અંઇવિરામના પિતાનું કુલ તથા માતાનું કુલ શુદ્ધ છે એમ સૂચવ્યું છે. ઇંદ્રિયોનો પોતપોતાના વિષયોની સાથે સંબંધ થવાથી અંતઃકરણમાં સુખદુઃખ ઉપજે છે, આત્મામાં તો માત્ર તે પ્રતિબિંબિતજ થાય છે. સુખદુઃખ એ કાંઈ આત્માના ધર્મ નથી, માટે મિથ્યા એવાં એ સુખદુઃખને સહન કરવાં એજ ઉચિત છે. સત્તર તત્ત્વોનું જે સૂક્ષ્મશરીર છે તેનાથીજ આ સર્વ દૃશ્યવિલાસ અનુભવાય છે, આત્મા તો તેથી ભિન્ન ને માત્ર સત્તાસ્ફૂર્તિજ આપનાર છે. ૧૪

મોક્ષને માટે કોણ અધિકારી થાય છે તે કહે છે:—

यं हि न व्यथयन्त्येते, पुरुषं पुरुषर्षभ ।
समदुःखसुखं धीरं, सोऽमृतत्वाय कल्पते ॥ १५ ॥

૫૦ ૯૦ ૫૦:—**यम्** જે **हि** જે કારણથી **न** નથી **व्यथयन्ति** પીડા કરતા **एते** તેઓ-ઇંદ્રિયોના સ્પર્શો **पुरुषम्** પુરુષને **पुरुषर्षभ** હે પુરુષોમાં શ્રેષ્ઠ !-હે અર્જુન ! **समदुःखसुखम्** સમાન છે દુઃખસુખ જેને એવા **धीरम्** ધીર **सः** તે **अमृतत्वाय** મોક્ષ પામવાને **कल्पते** યોગ્ય થાય છે. ૧૫

શ૦:—હે પુરુષોમાં શ્રેષ્ઠ !-અર્જુન !-સમાન છે દુઃખસુખ જેને એવા જે ધીર પુરુષને તેઓ (ઇંદ્રિયોના સ્પર્શો) જે કારણથી પીડા કરતા નથી [તે કારણથી] તે [ધીર પુરુષ] મોક્ષ પામવાને યોગ્ય થાય છે. ૧૫

ટી૦:—પુરુષ+ઋષભ=પુરુષર્ષભ-પુરુષોમાં શ્રેષ્ઠ. પાંચ કર્મેંદ્રિયો, પાંચ જ્ઞાનેંદ્રિયો, ચાર અંતઃકરણ, પાંચ પ્રાણ, પાંચ ભૂતો, કામ, કર્મ ને અવિદ્યા એ આઠને પુર કહે છે. એ અષ્ટપુરમાં નિવાસ કરનાર આત્માને અહિં પુરુષ કહેલ છે. એવા પુરુષોમાં મંદવિરાગની શ્રેષ્ઠતા બતાવવા તેને પુરુષર્ષભ એવું સંબોધન કરી દ્વંદ્વ સહન કરવા સૂચવ્યું. ધીર-પોતાની બુદ્ધિનું વિષયોથી રક્ષણ કરનાર. ૧૫

આત્માની પેઠે જગત્ સત્ય કેમ નથી ? તથા જગત્‌ની પેઠે આત્મા અસત્ય કેમ નથી ? એમ શંકા થાય તો તેના ઉત્તરમાં કહે છેઃ-

नासतो विद्यते भावो, नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥ १६ ॥

૫૦ ૯૦ ૫૦:—**न** નથી **असतः** અસત્-મિથ્યા-ની **विद्यते** હોય છે-વિદ્યમાન **भावः** સત્તા-હોવાપણું **न** નથી **अभावः** નાશ-ન હોવાપણું **विद्यते** હોય છે-વિદ્યમાન **सतः** સત્-સાચા-આત્મા-નો **उभयोः** બંનેનો **अपि** પણ-યથાર્થ **दृष्टः** જોયો-કર્યો-[છે] **अन्तः** નિર્ણય **तु** તો-જ **अनयोः** આ **तत्त्वदर्शिभिः** તત્ત્વને-આત્માને-જાણનારાએ. ૧૬

શ૦:—અસત્[વસ્તુ]ની સત્તા (હોવાપણું) વિદ્યમાન નથી, [ને] સત્[વસ્તુ]નો નાશ (ન હોવાપણું) વિદ્યમાન

નથી. આ બંનેનો યથાર્થ નિર્ણય તત્ત્વને જાણનારા[પુરુષો] એજ કર્યો [છે.] ૧૬

ટીકાઃ—દેશ, કાલ અને વસ્તુથી જે પદાર્થનો પરિચ્છેદ (વિભાગ) થાય તે અસત્ કહેવાય છે, જેમ ઘટ આદિ સર્વ દૃશ્ય પદાર્થો. શીતોષ્ણાદિ પણ અસત્જ છે, માત્ર આત્મા એજ સત્ છે, કેમકે તેનો દેશ, કાલ અને વસ્તુવડે પરિચ્છેદ થતો નથી. જે વસ્તુ સત્ છે તે સર્વકાલ સત્જ છે, કોઈ પણ સમયે તે અસત્ થતી નથી, ને જે અસત્ છે તે સર્વદા અસત્જ છે, તે કદીપણ સત્ થતી નથી. તેનો યથાર્થ નિર્ણય પદાર્થનું યથાર્થ સ્વરૂપ જાણનારા તત્ત્વજ્ઞાની પુરુષોએજ વિચારપૂર્વક શ્રુતિ, સ્મૃતિ અને યુક્તિઓવડે કરેલો છે. અનત્ત્વજ્ઞ પુરુષને તેનો વિવેક નથી. ૧૬

એ સત્વસ્તુ દેશ, કાલ અને વસ્તુથી પરિચ્છિન્ન થતી નથી એમ નિરૂપણ કરે છેઃ—

अविनाशि तु तद्विद्धि, येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य, न कश्चित्कर्तुमर्हति ॥ १७ ॥

પ૦ દ૦ પ૦:—**अविनाशि** જેનો નાશ નથી તેવું **तु** જ **तत्** તેને **विद्धि** જાણો **येन** જેનાવડે **सर्वम्** બધું **इदम्** આ **ततम्** વ્યાપ્ત થયેલું [છે] **विनाशम्** વિનાશને **अव्ययस्य** [વધવુંઘટવું આદિ] વિકારરહિતના **अस्य** આ **न** નથી **कश्चित्** કોઈ પણ **कर्तुम्** કરવાને **अर्हति** યોગ્ય છે–સમર્થ. ૧૭

શ૦:—જેનાવડે આ બધું વ્યાપ્ત થયેલું [છે,] (જે આત્મા આ બધા વિશ્વમાં વ્યાપી રહ્યો છે,) તેને અવિનાશીજ જાણો. આ વિકારરહિતના(અપરિચ્છિન્નસ્વરૂપ આત્માના) [પરિચ્છિન્નરૂપ] વિનાશને કરવાને કોઇ પણ સમર્થ નથી. ૧૭

ટી૦:—દેશ, કાલ અને વસ્તુવડે જે પરિચ્છિન્ન નથી તે અવિનાશી, ને તેવડે જે પરિચ્છિન્ન છે તે વિનાશી. સર્વત્ર વ્યાપક, એક, અદ્વિતીય અને સ્વપ્રકાશ સંવિતરૂપ (સ્ફુરણ-પદાર્થને જાણવાપણા-રૂપ) જે સત્ય વસ્તુ છે એ સંવિતરૂપ સત્ય વસ્તુનો કદીપણ અભાવ થઈ શકતો નથી. જાગ્રત્ સ્વપ્ન ને સુષુપ્તિમાં તે સંવિત્ એકજ છે, તેમજ દિવસ, માસ, વર્ષ, યુગ ને કલ્પાદિમાં પણ તે એકની એકજ અવિકારિરૂપે રહે છે. ૧૭

તે સંવિત્ સ્થૂલદેહમાંથી ઉપજે છે, અને સ્થૂલદેહ ક્ષણે ક્ષણે નાશ પામે છે, માટે સંવિત્ પણ ક્ષણવિનાશી છે, નિત્ય નથી, એવી નાસ્તિકની (ક્ષણિકવિજ્ઞાનવાદીની) શંકાનું સમાધાન કરે છે:—

अंतवंत इमे देहा, नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य, तस्माद्युध्यस्व भारत ॥ १८ ॥

પ૦ ત૦ પ૦:—**अंतवंतः** નાશવાન્ **इमे** આ **देहाः** [સર્વ] દેહો **नित्यस्य** નિત્ય **उक्ताः** કહ્યા [છે] **शरीरिणः** દેહધારી–શરીરરૂપ ઉપાધિવાળા **अनाशिनः** નાશરહિત **अप्रमेयस्य** અપ્રમેયના–પ્રત્યક્ષ ને અનુમાન આદિ પ્રમાણોવડે જે જાણી શકાતો નથી તે આત્માના **तस्मात्** તેથી **युध्यस्व** યુદ્ધ કરો **भारत** હે ભારત !–હે અર્જુન! ૧૮

શ૦:—નિત્ય, દેહરૂપ ઉપાધિવાળા, નાશરહિત [અને] અપ્રમેય[આત્મા]ના આ નાશવાન[સર્વ] દેહો કહ્યા [છે] તેથી હે અર્જુન ! યુદ્ધ કરો. ૧૮

ટી૦:—દેહો–ત્રિલોકીમાં રહેલા સ્થાવરજંગમ પ્રાણીઓનાં શરીરો. એ બધાં શરીરોમાં એક અને સ્વયંપ્રકાશ આત્મા રહેલો છે. એ સ્વયંપ્રકાશ આત્મા તો અવિનાશી છે, અને આ અસ્મિતા તથા સંસ્કારાદિનાં શરીરો તો મિથ્યારૂપ અને અનિત્ય છે, માટે શોકમોહને દૂર કરી તેમના સામે તું યુદ્ધ કર. ૧૮

સંબંધિજનોને હણવાથી મને તથા આપને પાપ બેસશે એવી અર્જુન શંકા કરે તો તેનું ઉત્તર આપે છે:—

य एनं वेत्ति हंतारं, यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो, नायं हंति न हन्यते ॥ १९ ॥

પ૦ ત૦ પ૦:—**यः** જે **एनम्** એને **वेत्ति** જાણે છે **हंतारम्** હણનારો **यः** જે **च** તથા **एनम्** એને **मन्यते** માને છે **हतम्** હણાયેલો **उभौ** બંને **तौ** તે **न** નથી **विजानीतः** યથાર્થ જાણતા **न** નથી **अयम्** આ **हंति** હણતો **न** નથી **हन्यते** હણાતો. ૧૯

શ૦:—જે [પુરુષ] એ[આત્મા]ને હણનારો જાણે છે, તથા જે [પુરુષ] એને હણાયેલો માને છે, તે બને [પુરુષ આત્માને] યથાર્થ જાણતા નથી, [કેમકે] આ [આત્મા કોઇને પણ] નથી હણતો, [તેમ પોતે પણ] નથી હણાતો. ૧૯

ટી૦:—જે પુરુષ આત્માને હનનરૂપ ક્રિયાનો કર્તા જાણે છે, તથા જે પુરુષ શરીરનું હનન થવાથી આત્માને હણાયો એમ એટલે હનનરૂપ ક્રિયાના કર્મરૂપ જાણે છે, એ બંને પુરુષ (નૈયાયિક તથા ચાર્વાક) દેહાભિમાની હોવાથી કર્તાભાવથી અને કર્મભાવથી રહિત અવિકારી આત્માને શાસ્ત્ર-પ્રમાણવડે શરીરાદિકથી પૃથક્ જાણતા નથી. વાસ્તવિકરીતે તો આત્મા કોઈ પણ પ્રાણીને હણતો નથી તેમજ પોતે પણ કોઇથી હણાતો નથી. ૧૯

આત્મા જન્માદિક બધા વિકારોથી રહિત હોવાથી હનનરૂપ ક્રિયાના કર્તારૂપ કે કર્મરૂપ થતો નથી એમ પ્રતિપાદન કરે છે:—

न जायते म्रियते वा कदाचित्, नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो, न हन्यते हन्यमाने शरीरे ॥२०॥

પ૦ ત૦ પ૦:—न નથી **जायते** ઉત્પન્ન થતો **म्रियते** મરતો **वा** કે **कदाचित्** કદીપણ **न** ન **अयम्** આ **भूत्वा** હોઇને **भविता** થનારો-ઉત્પત્તિવાળો થતો **वा** અથવા **न** નથી **भूयः** ફરીથી **अजः** જન્મરહિત **नित्यः** નિત્ય રહેનારો **शाश्वतः** સર્વકાળ રહેનારો **अयम्** આ **पुराणः** જૂના સમયનો **न** નથી **हन्यते** હણાતો **हन्यमाने** હણાયા [છતાં] **शरीरे** શરીર. ૨૦

શ૦:—આ [આત્મા] કદીપણ જન્મ પામતો નથી, કે મરતો [નથી,] અથવા [પૂર્વે] ન હોઇને ફરીથી ઉત્પત્તિવાળો થતો નથી, [કારણકે] આ [આત્મા] જન્મરહિત, નિત્ય, સર્વકાળ રહેનારો [ને] જૂના સમયનો [છે,] શરીર હણાયા [છતાં એ] હણાતો નથી. ૨૦

ટી૦:—કારણમાં હોવું-રહેવું, ઉપજવું, વધવું, પાકવું-વિપરિણામને પામવું, ઘટવું ને નાશ પામવું એ છ વિકાર સર્વ દૃશ્ય વસ્તુને થાય છે, પણ આત્માને તેમાંનો એકે વિકાર થતો નથી. જેમ ઘટરૂપ ઉપાધિનો નાશ

થવાથી ઘટાકાશનો નાશ થતો નથી તેમ દેહાદિક ઉપાધિઓનો નાશ થયા છતાં પણ આત્માનો નાશ થતો નથી. ૨૦

હવે આત્મા કોઈનો નાશ કરતો નથી એમ પ્રતિપાદન કરે છે:-

वेदाविनाशिनं नित्यं, य एनमजमव्ययम् ।
कथं स पुरुषः पार्थ, कं घातयति हंति कम् ॥ २१ ॥

પ૦ ત૦ પ૦:—**वेद** જાણે છે **अविनाशिनम्** અવિનાશિરૂપ **नित्यम्** નિત્યરૂપ **यः** જે **एनम्** આને **अजम्** અજન્મારૂપ **अव्ययम्** અવિકારિરૂપ **कथम्** કેવી રીતે **सः** તે **पुरुषः** પુરુષ **पार्थ** હે પૃથાના પુત્ર!- હે અર્જુન! **कम्** કોને **घातयति** હણાવે છે **हंति** હણે છે **कम्** કોને. ૨૧

શ૦:—હે પાર્થ! જે આ[આત્મા]ને અવિનાશિરૂપ, નિત્યરૂપ, અજન્મારૂપ [તથા] અવિકારિરૂપ જાણે છે તે પુરુષ કોને હણે છે? [અને] કેવી રીતે કોને હણાવે છે? [અર્થાત્ તે કોઈને હણતો નથી, તથા હણાવતો પણ નથી.] ૨૧

ટી૦:—નાશ થવાનો જેનો સ્વભાવ નથી તે અવિનાશી. અવયવોના ઓછા થવારૂપ તથા ગુણોના ઓછા થવારૂપ વ્યય જેને વિષે નથી તે અવ્યય. પટાદિક પદાર્થોના તંતુ આદિક અવયવો તથા રૂપાદિક ગુણોનો નાશ જોવામાં આવે છે, પણ આત્માનો નાશ થતો હોય એમ જોવામાં આવતું નથી, કેમકે તે અવયવરહિત ને નિર્ગુણ છે. આત્મામાં હનનરૂપ ક્રિયાનો નિષેધ કરવાથી તેમાં બીજાં બધાં કર્મોનો નિષેધ છે એમ સૂચવ્યું છે. ૨૧

આત્મા જોકે અવિનાશી છે તોપણ ભીષ્માદિકના શરીરનો નાશ કરવો એ મને ઉચિત લાગતું નથી એવી જો અર્જુન શંકા કરે તો તેનું નિવારણ કરે છે:—

वासांसि जीर्णानि यथा विहाय, नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही॥२२॥

પ૦ ત૦ પ૦:—**वासांसि** વસ્ત્રોને **जीर्णानि** જૂનાં-નિરુપયોગી થયેલાં **यथा** જેમ **विहाय** ત્યજીને **नवानि** નવાં **गृह्णाति** પહેરે છે **नरः** પુરુષ **अपराणि** બીજાં **तथा** તેમ **शरीराणि** શરીરોને **विहाय** ત્યજીને

जीर्णानि[11] જૂનાં अन्यानि બીજાં संयाति જાય છે नवानि નવાંમાં देही[12] દેહી-જીવાત્મા. ૨૨

શ૦:—જેમ પુરુષ જૂનાં વસ્ત્રોને ત્યજીને બીજાં નવાં [વસ્ત્રોને] પહેરે છે તેમ દેહી (જીવાત્મા) જૂનાં શરીરોને ત્યજીને બીજાં નવાંમાં (નવાં શરીરોમાં) જાય છે. ૨૨

ટી૦:—જેમ ત્યાગ ને ગ્રહણ તથા નામ ને રૂપાદિની વિચિત્રતા તથા શિથિલપણું ઇત્યાદિ સર્વ વિકાર તે વસ્ત્રોમાંજ થાય છે, પુરુષદિને તે થતા નથી, તેમ ઉત્પત્તિ તથા નાશ આદિ સર્વ વિકાર આ સ્થૂલશરીરમાંજ થાય છે, નિરવયવ આત્મામાં તે થતા નથી. દેહ, ઇંદ્રિયો, પ્રાણ ને અંતઃકરણથી આત્મા ભિન્ન હોવાથી તે અસંગ આત્મા અવિકારી ને નિત્ય છે. ૨૨

સ્થૂલશરીરનો નાશ થવાથી આત્માનો નાશ થતો નથી એમ પ્રતિપાદન કરે છે:—

नैनं छिंदंति शस्त्राणि, नैनं दहति पावकः ।
न चैनं क्लेदयंत्यापो, न शोषयति मारुतः ॥ २३ ॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **एनम्** એને **छिंदंति** છેદતાં **शस्त्राणि** શસ્ત્રો **न** નથી **एनम्** એને **दहति** બાળતો **पावकः** અગ્નિ **न** નથી **च** વળી **एनम्** એને **क्लेदयंति** પલાળતું-પલાળીને અવયવોને પૃથક્ કરતું **आपः** પાણી **न** નથી **शोषयति** સૂકવતો **मारुतः** પવન. ૨૩

શ૦:—એ[આત્મા]ને શસ્ત્રો છેદતાં નથી, એને અગ્નિ બાળતો નથી, વળી એને પાણી પલાળતું નથી, [કે] પવન સૂકવતો નથી. ૨૩

ટી૦:—પૃથ્વીના વિકારરૂપ (કાર્યરૂપ) તીક્ષ્ણ શસ્ત્રો આ આત્માને છેદી શકતાં નથી, એટલે આત્માનું નિરવયવપણું હોવાથી તેના અવયવના તે વિભાગ કરી શકતાં નથી. અત્યંત પ્રજ્વલિત અગ્નિ એને બાળી શકતો નથી, વેગવાળું તથા પલાળવાના સ્વભાવવાળું જલ એને ભીંજવીને નરમ પાડી કે કોહરાવી શકતું નથી, અને બહુ ગતિવાળો તથા સૂકવનારો વાયુ એ આત્માને નીરસ કરી સૂકવી શકતો નથી. તાત્પર્ય કે સર્વ દૃશ્ય પદાર્થોના નાશના કારણરૂપ આ ચાર મહાભૂતો આત્માનો નાશ કરવા લેશમાત્ર પણ સમર્થ નથી. ૨૩

આત્માનો શસ્ત્રાદિવડે નાશ થતો નથી તેનો હેતુ કહે છે:—

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥ २४ ॥
अव्यक्तोऽयमचिंत्योऽयमविकार्योऽयमुच्यते ।
तस्मादेवं विदित्वैनं, नानुशोचितुमर्हसि ॥ २५ ॥

પ૦ ત૦ પ૦:—अच्छेद्यः છેદી ન શકાય તેવો **अयम्** આ **अदाह्यः** બાળી ન શકાય તેવો **अयम्** આ **अक्लेद्यः** પલાળી ન શકાય એવો **अशोष्यः** સૂકવી ન શકાય તેવો **एव** જ **च** તેમ **नित्यः** નિત્ય રહેનારો **सर्वगतः** સર્વ ઠેકાણે વ્યાપી રહેલો **स्थाणुः** સ્થિર **अचलः** અચલ **अयम्** આ **सनातनः** અનાદિ **अव्यक्तः** ઇંદ્રિયોવડે જાણી ન શકાય એવો **अयम्** આ **अचिंत्यः** મનવડે ચિંતવી શકાય નહિ એવો **अयम्** આ **अविकार्यः** વિકાર ન થઈ શકે એવો **अयम्** આ **उच्यते** કહ્યો છે **तस्मात्** તેથી **एवम्** એ પ્રકારનો **विदित्वा** જાણીને **एनम्** આને **न** નથી **अनुशोचितुम्** શોક કરવાને **अर्हसि** યોગ્ય. ૨૪–૨૫

શ૦:—આ [આત્મા] છેદી ન શકાય તેવો, આ [આત્મા] બાળી ન શકાય તેવો, [તથા] પલાળી ન શકાય એવો, [ને] સૂકવી ન શકાય એવો [છે,] તેમજ આ [આત્મા] નિત્ય રહેનારો, સર્વ ઠેકાણે વ્યાપી રહેલો, સ્થિર, અચલ [ને] અનાદિ [છે. વળી] આ [આત્મા] ઇંદ્રિયોવડે ન જાણી શકાય એવો કહ્યો છે, [તથા] આ [આત્મા] મનવડે ચિંતવી ન શકાય એવો [કહ્યો છે, તથા] આ [આત્મા] વિકાર ન થઈ શકે એવો [કહ્યો છે,] તેથી [તમે] આને (આ આત્માને) એ પ્રકારનો જાણીને શોક કરવાને યોગ્ય નથી. ૨૪–૨૫

ટી૦:—આ આત્મા અત્યંત સૂક્ષ્મ હોવાથી છેદી શકાય એવો નથી માટે એને ખડ્‌ગાદિ શસ્ત્રો છેદી શકતાં નથી, તથા એ આત્મા બાળી શકાય એવો નથી માટે તેને અગ્નિ બાળી શકતો નથી. વળી આ આત્મા ક્લેદન (પલાળીને શિથિલ) કરી શકાય એવો નથી માટે તેને જલ ક્લેદન કરી શકતું નથી, તેમજ આ આત્મા સૂકવી શકાય એવો ન હોવાથી વાયુ તેને સૂકવી શકતો નથી. વળી એ ત્રણે કાલમાં રહેનારો છે. ને સર્વ પદાર્થોના

અધિષ્ઠાનરૂપે તથા આશ્રયરૂપે સર્વમાં રહેલો છે. રૂપાંતર પામવારૂપ જે વિક્રિયા તેનાથી તે રહિત છે. ચક્ષરૂપ જે ક્રિયા તે તેનામાં નથી; ને તે સનાતન એટલે અનાદિઅનંત છે. ૨૪ વળી આ આત્મા અવ્યક્ત એટલે પ્રત્યક્ષપ્રમાણથી નહિ જણાય એવો અને અચિંત્ય એટલે અનુમાનપ્રમાણથી નહિ જણાય એવો છે, તેમજ સર્વ પ્રકારના વિકારોથી રહિત છે. આત્માને એવી રીતે જાણ્યા પછી શોક શાનો રહે? નજ રહે. શ્રુતિમાં પણ 'तरति शोकमात्मवित्' (આત્માને જાણનાર પુરુષ શોકને તરે છે) એમ કહી આત્મજ્ઞાનીને શોકનો અભાવ જણાવ્યો છે. ૨૫

આત્મા અનિત્ય હોય તોપણ તેનો શોક કરવો અનુચિત છે એમ પ્રતિપાદન કરે છેઃ—

अथ चैनं नित्यजातं, नित्यं वा मन्यसे मृतम् ।
तथापि त्वं महाबाहो, नैनं शोचितुमर्हसि ॥ २६ ॥

પ૦ ત૦ પ૦:—**अथ** છતાં **च** પણ **एनम्** આને **नित्यजातम्** નિત્ય જન્મેલો **नित्यम्** નિત્ય **वा** કે **मन्यसे** માનતા હો **मृतम्** મરેલો **तथापि** તોપણ **त्वम्** તમે **महाबाहो** હે મોટા હાથવાળા!—હે અર્જુન! **न** નથી **एनम्** એનો **शोचितुम्** શોક કરવાને **अर्हसि** યોગ્ય. ૨૬

શ૦:—છતાં (આત્મા અનિત્ય છે એ પક્ષમાં) પણ આ [આત્મા]ને નિત્ય જન્મેલો કે નિત્ય મરેલો માનતા હો તોપણ હે મહાબાહો! (હે અર્જુન!) તમે એનો શોક કરવાને યોગ્ય નથી. ૨૬

ટી૦:—આત્મા અત્યંત દુર્વિજ્ઞેય હોવાથી તેનું સ્વરૂપ જો તારા સમજવામાં ન આવ્યું હોય, ને તું નાસ્તિકમતનો સ્વીકાર કરી આત્માને ક્ષણે ક્ષણે જન્મનારો તથા મરનારો કિંવા અવશ્ય જન્મનારો તથા મરનારો માનતો હો તોપણ હે **મહાબાહો**! તું તે આત્માનો શોક કરવાને યોગ્ય નથી. અહિં **મહાબાહો** એ સંબોધન મંદવિરાગના ઉપહાસમાટે છે, કેમકે આત્માનું અનિત્યપણું અત્યંત બહિર્મુખપુરુષોએ અંગીકાર કરવાયોગ્ય છે, અંતર્મુખપુરુષોએ નહિ. કોઈ પુસ્તકમાં ઉત્તરાર્ધમાં एनं ને સ્થાને एवं એવો પાઠ પણ હોય છે, ત્યાં તેનો 'અહો! અમે મોટું પાપ કરવા

પ્રવર્ત્યા છીએ ' એવી રીતનો શોક કરવાને તું યોગ્ય નથી, કેમકે અસ્મિતાદિક તથા તું એ સર્વ નિત્ય જન્મમરણવાળા છો એવો અર્થ કરવો. ૨૬

દૃષ્ટ તથા અદૃષ્ટ દુઃખના ભયથી પણ તમારે શોક કરવો અયોગ્ય છે એમ પ્રતિપાદન કરે છેઃ—

जातस्य हि ध्रुवो मृत्युर्, ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे, न त्वं शोचितुमर्हसि ॥ २७ ॥

પ૦ ત૦ પ૦:—**जातस्य** જન્મેલાનું **हि** કેમકે **ध्रुवः** નક્કી **मृत्युः** મરણ **ध्रुवम्** નક્કી **जन्म** જન્મ **मृतस्य** મરેલાનો **च** ને **तस्मात्** તેથી **अपरिहार्ये** અટકાવી ન શકાય એવા **अर्थे** વિષયમાં **न** નથી **त्वम्** તમે **शोचितुम्** શોક કરવાને **अर्हसि** યોગ્ય. ૨૭

શ૦:—કેમકે જન્મેલાનું નક્કી મરણ [થાય છે,] ને મરેલાનો નક્કી જન્મ [થાય છે,] તેથી [એ] ન અટકાવી શકાય એવા વિષયમાં તમે શોક કરવાને યોગ્ય નથી. ૨૭

ટી૦:—પૂર્વજન્મનાં પાપપુણ્યને લીધે જેને શરીરઇંદ્રિયાદિના સંબંધરૂપ જન્મ પ્રાપ્ત થયેલો છે એવો જે આ સ્થિરસ્વભાવવાળો આત્મા તેનું તે કર્મોના નાશપછી તે શરીરઇંદ્રિયાદિકોના સંબંધથી પૃથક્ થવારૂપ મરણ અવસ્ય થાય છે. મરણ પામેલાનો પુનઃ જન્મ થાય છે એમ કહ્યું છે તે જીવન્મુક્તવિનાના અન્ય અજ્ઞાની પુરુષોમાટે જાણવું, કેમકે જીવન્મુક્તનાં કર્મો જ્ઞાનાગ્નિવડે બળી ગયાં છે, માટે તેમનો પુનર્જન્મ સંભવતો નથી. તારા પ્રયત્નવિના પણ પરિણામે અસ્મિતાદિનો નાશ થવાનો છે માટે તારે દૃષ્ટ દુઃખના ભયથી શોક કરવો યોગ્ય નથી. વળી પાપ થવારૂપ અદૃષ્ટ ભયથી પણ તારે શોક કરવો ઉચિત નથી, કેમકે ' **न दोषो हिंसायामाहवे** ' (ધર્મયુદ્ધમાં હિંસા થાય તેમાં ક્ષત્રિયને દોષ નથી) એમ શ્રીગૌતમે પોતાની સ્મૃતિમાં કહ્યું છે. ૨૭

ભીષ્માદિકોના શરીરસમૂહમાટે પણ શોક કરવો ઉચિત નથી એમ જણાવે છેઃ—

अव्यक्तादीनि भूतानि, व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव, तत्र का परिदेवना ॥ २८ ॥

૫૦ ત૦ ૫૦:—**अव्यक्तादीनि** આદિસમયમાં અપ્રત્યક્ષ **भूतानि** શરીરો **व्यक्तमध्यानि** મધ્યસમયમાં પ્રત્યક્ષ [છે] **भारत** હે અર્જુન! **अव्यक्तनिधनानि** મૃત્યુસમયમાં અપ્રત્યક્ષ **एव** જ **तत्र** તેમાં—તેવાં શરીરોમાં **का** શો **परिदेवना** દુઃખથી ઉપજેલો પ્રલાપ—શોક. ૨૮

શ૦:—હે અર્જુન! [પાંચ ભૂતોના સમુદાયરૂપ આ] શરીરો આદિસમયમાં અપ્રત્યક્ષ [છે, તથા] મધ્યસમયમાં પ્રત્યક્ષ [છે, અને] અંતસમયમાં [વળી] અપ્રત્યક્ષજ [છે,] એવાં શરીરોમાં શોક શો [કરવો ?] ૨૮

ટી૦:—પૃથ્વી આદિ પાંચ ભૂતોના સમૂહરૂપ આ અસ્મિતાદિકોનાં સ્થૂલશરીરો જણાય છે તે પોતાની ઉત્પત્તિથી પહેલાં પ્રતીત થતાં નથી, માત્ર મધ્યમાં એટલે ઉત્પત્તિથી અંતપર્યંત પ્રતીત થાય છે, વળી અંતમાં પણ અપ્રતીતિને પામે છે, માટે આદિમાં તથા અંતમાં નહિ જણાતા ને માત્ર મધ્યમાં જણાતા જે સ્વમના તથા ઇંદ્રજાલના તેમજ ભ્રાંતિના (દોરડી આદિમાં સર્પાદિનું જણાવું થાય તેવા) પદાર્થોની પેઠે એ શરીરો મિથ્યા છે તેથી તારે એ મિથ્યા શરીરોનો શોક કરવો યોગ્ય નથી. **ભારત** એ સંબોધનવડે ભરતવિરાગની શુદ્ધવંશમાં થયેલી ઉત્પત્તિ સૂચવી શોકના અભાવનો બોધ કર્યો છે. ૨૮

હવે આત્માનું દુર્વિજ્ઞેયપણું કહે છે:—

आश्चर्यवत्पश्यति कश्चिदेनमाश्चर्यवद्वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति, श्रुत्वाऽप्येनं वेद न चैव कश्चित् ॥२९॥

૫૦ ત૦ ૫૦:—**आश्चर्यवत्** આશ્ચર્યજેવો **पश्यति** જુએ છે **कश्चित्** કોઇ **एनम्** આને (આ આત્માને) **आश्चर्यवत्** આશ્ચર્યજેવો **वदति** કહે છે **तथा** તેમ **एव** જ **च** વળી **अन्यः** બીજો **आश्चर्यवत्** આશ્ચર્યજેવો **च** તથા **एनम्** આને **अन्यः** બીજો **शृणोति** સાંભળે છે **श्रुत्वा** સાંભળીને **अपि** પણ **एनम्** આને **वेद** જાણતો **न** નથી **च** અને **एव** જ **कश्चित्** કોઈ. ૨૯

શ૦:—કોઈ [પુરુષ] આને (આ આત્માને) આશ્ચર્યજેવો જુએ છે, તેમજ વળી બીજો [કોઈ પુરુષ આ આત્માને] આશ્ચર્યજેવો કહે છે, તથા બીજો [કોઇ પુરુષ] આને (આ

આત્માને) આશ્ચર્યજેવો સાંભળે છે, અને કોઇ [પુરુષ] આને (આ આત્માને) સાંભળીને પણ જાણતો નથીજ. ૨૯

ટીo:—આત્મરૂપ કર્મ, આત્મદર્શનરૂપ ક્રિયા ને આત્મદર્શનનો અધિકારી પુરુષ એ ત્રણે આશ્ચર્યસરખાં છે, સાધારણ નથી. આત્મા, સત્ ચિત્ આનંદ ને નિર્વિકારી છતાં અવિદ્યાના બલથી અજ્ઞાનકાલમાં અસત્ જડ દુઃખી ને વિકારીજેવો પ્રતીત થાય છે તે આત્મરૂપ કર્મમાં આશ્ચર્યસરખું છે; અંતઃકરણની વૃત્તિરૂપ જ્ઞાન સ્વરૂપે મિથ્યા છતાં પણ સત્ય એવા આત્માને અભિવ્યક્ત કરે છે—જણાવે છે—એ આદિ અનેક પ્રકારનું આશ્ચર્યસરખું આત્મદર્શનરૂપ ક્રિયામાં છે; અને જેણે આત્માનો સાક્ષાત્કાર કર્યો છે એવો વિદ્વાન્ પુરુષ જીવતાં છતાંજ એકરસ બ્રહ્માનંદનો અનુભવ કરે છે એ જ્ઞાતામાં આશ્ચર્યજેવું છે. વળી વચનનો વિષય આત્મા, તથા વચનરૂપ ક્રિયા અને તેનો વક્તા વિદ્વાન્ પુરુષ એ ત્રણે અત્યંત આશ્ચર્યરૂપ છે. એનો શ્રોતા પણ દુર્લભ છે, અને શ્રવણ કરતાં છતાં પણ કેટલાક ભૂત, વર્તમાન કે ભાવિપ્રતિબંધને લીધે તેને જાણવા સમર્થ થતા નથી. શ્રવણાદિકાલમાં પૂર્વે અનુભવેલા વિષયોનું વારંવાર સ્મરણ થવું તે **ભૂતપ્રતિબંધ**; વિષયાસક્તિ, મંદબુદ્ધિ, કુતર્ક ને વિપરીત અર્થમાં દુરાગ્રહ એ **વર્તમાનપ્રતિબંધ**; ને જન્માદિકની પ્રાપ્તિ કરનારું કોઇ પ્રબલ અદૃષ્ટવિશેષ તે **ભાવિપ્રતિબંધ** કહેવાય છે. આ જગત્માં બ્રહ્મજ્ઞાનના સંબંધમાં મનુષ્યો પાંચ ભાગમાં વહેંચાય છેઃ—૧ આત્મસ્વરૂપને યથાર્થ જાણી તેમાંજ મગ્ન રહેનાર પણ અન્યને તેનો ઉપદેશ નહિ કરનાર; ૨ આત્મસ્વરૂપને જાણનાર તથા અન્યને તેનો ઉપદેશ કરનાર; ૩ શ્રવણ કરીને આત્મસ્વરૂપ સમજનાર; ૪ શ્રવણ કર્યા છતાં પણ પ્રતિબંધને લીધે આત્મસ્વરૂપ નહિ સમજનાર; ને ૫ આત્મજ્ઞાન, ઉપદેશ ને શ્રવણ એ સર્વથી બહિર્ભૂત. ૨૯

ભ્રાંતિનિવારક આત્મવિચારની સમાપ્તિ દર્શાવે છેઃ—

देही नित्यमवध्योऽयं, देहे सर्वस्य भारत ।
तस्मात्सर्वाणि भूतानि, न त्वं शोचितुमर्हसि ॥ ३० ॥

પo નo પoઃ—**દેહી** આત્મા **નિત્યમ્** સદા **અવધ્યઃ** હણાય નહિ એવો **અયમ્** આ **દેહે** દેહમાં **સર્વસ્ય** સર્વના **ભારત** હે અર્જુન ! **તસ્માત્** તેથી **સર્વાણિ** બધાં-સર્વ **ભૂતાનિ** પ્રાણીઓના **ન** નથી **ત્વમ્** તમે **શોચિતુમ્** શોક કરવાને **અર્હસિ** યોગ્ય. ૩૦

શ૦:—હે ભારત ! (અર્જુન !) સર્વ[પ્રાણીઓ]ના દેહમાં આ દેહી (આત્મા) ન હણાય એવો [છે એ વાત] સિદ્ધ [છે] તેથી તમે સર્વ પ્રાણીઓનો શોક કરવાને યોગ્ય નથી. ૩૦

ટી૦:—જેમ ઘડાનો નાશ થયે તેમાં રહેલા આકાશનો નાશ થતો નથી તેમ બ્રહ્માથી કીટપર્યંત જેટલાં પ્રાણીઓ છે તે સર્વેનો નાશ થાય તોપણ આ સૂક્ષ્મશરીરરૂપ ઉપાધિવાળો આત્મા નાશ પામતો નથી એ વાત સિદ્ધ છે માટે તું સર્વ પ્રાણીઓનો શોક કરવાને યોગ્ય નથી. ૩૦

સ્વધર્મ હોવાથી યુદ્ધમાં અધર્મની પ્રાપ્તિ થતી નથી એમ પ્રતિપાદન કરે છે:—

स्वधर्ममपि चावेक्ष्य, न विकंपितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्, क्षत्रियस्य न विद्यते ॥३१॥

પ૦ ત૦ પ૦:—**स्वधर्मं** સ્વધર્મને **अपि** પણ **च** વળી **अवेक्ष्य** જોઈને-વિચારીને **न** નથી **विकंपितुं** [યુદ્ધથી] ડગવાને **अर्हसि** યોગ્ય **धर्म्यात्** ધર્મપ્રમાણે કરવાયોગ્ય **हि** કારણકે **युद्धात्** યુદ્ધથી **श्रेयः** કલ્યાણકારી **अन्यत्** બીજું **क्षत्रियस्य** ક્ષત્રિયને **न** નથી **विद्यते** વિદ્યમાન. ૩૧

શ૦:—વળી સ્વધર્મને વિચારીને પણ [તમે યુદ્ધથી] ચલાયમાન થવાને યોગ્ય નથી, કારણકે ક્ષત્રિયને ધર્મરૂપ યુદ્ધથી બીજું કલ્યાણકારી વિદ્યમાન નથી. ૩૧

ટી૦:—જ્ઞાનનિષ્ઠાના વિચારથી જેમ યુદ્ધ કર્તવ્ય છે તેમ તારા પોતાના સ્વધર્મથી પણ તે કર્તવ્ય છે, કેમકે યુદ્ધમાં પાછા નહિ હઠતાં પ્રાણાંતપર્યંત શત્રુની સંમુખ રહી યુદ્ધ કરવું એજ તારો સ્વધર્મ છે,—જ્ઞાન પામવાને ઇચ્છતા મુમુક્ષુએ આંતરવૈરીઓની સંમુખ રહી તેમને હણવાજ જોઇએ. એજ તેને કલ્યાણકારી સાધન છે, એથી વિશેષ કલ્યાણકારી બીજું સાધન તેને નથી, કેમકે એમ કરવાથી તેના શરીર, ઇંદ્રિયો તથા પ્રાણને શાંતિ મળે છે, ને તેના મનની સદ્વૃત્તિઓનું પોષણ થાય છે. ૩૧

ધર્મયુદ્ધમાં કર્તવ્યતા ભલે હો, પણ આ ભીષ્મપિતામહ તથા દ્રોણાચાર્યાદિક જે પૂજ્ય છે તેમની સામે મારે યુદ્ધ કર્તવ્ય

નથી એમ જો અર્જુન કહે તો શ્રીકૃષ્ણ તેનુ ઉત્તર આપે છેઃ—

यदृच्छया चोपपन्नं, स्वर्गद्वारमपावृतम् ।

सुखिनः क्षत्रियाः पार्थ, लभंते युद्धमीदृशम् ॥ ३२ ॥

પ૦ ત૦ પ૦:—**यदृच्छया** વિનાપ્રયત્ને **च** જ **उपपन्नम्** પ્રાપ્ત થયેલું **स्वर्गद्वारम्** સ્વર્ગના દ્વારરૂપ **अपावृतम्** ઉઘાડેલા–પ્રતિબંધથી રહિત **सुखिनः** ભાગ્યશાલી **क्षत्रियाः** ક્ષત્રિયો **पार्थ** હે પાર્થ ! **लभंते** મેળવે છે **युद्धम्** યુદ્ધ **ईदृशम्** આવા પ્રકારનું. ૩૨

શ૦:—હે પાર્થ ! પ્રયત્નવિનાજ પ્રાપ્ત થયેલું [તથા] પ્રતિબંધથી રહિત સ્વર્ગના દ્વાર–સાધન–રૂપ આવા પ્રકારનું યુદ્ધ [જે] ક્ષત્રિયો મેળવે છે [તે ક્ષત્રિયો] ભાગ્યશાલી [કહેવાય છે.] ૩૨

ટી૦:—આત્મા મતિના પુત્ર મંદવિરાગને કહે છે કેઃ–આ યુદ્ધ તને અનાયાસે પ્રાપ્ત થયું છે, અને એમાં તને જયપરાજય બંનેથી લાભ છે, કેમકે જો તું શત્રુઓનો પરાજય કરીશ તો તને મોક્ષરૂપ સામ્રાજ્યની પ્રાપ્તિ થશે, ને કદાચિત્ યુદ્ધ કરતાં કરતાં પરાજય પામીશ–જય નહિ મેળવી શક–તો તુરત તને ઉચ્ચગતિની પ્રાપ્તિ થશે. એ અસ્મિતાદિક તારું અનિષ્ટ કરનારા છે માટે તારે એમનામાં પૂજ્યભાવ રાખવો નહિ, ને શીઘ્ર એમને હણવા. ૩૨

યુદ્ધ નહિ કરવાથી તમને દોષની પ્રાપ્તિ થશે એમ જણાવે છેઃ–

अथ चेत्त्वमिमं धर्म्यं, संग्रामं न करिष्यसि ।

ततः स्वधर्मं कीर्तिं च, हित्वा पापमवाप्स्यसि ॥ ३३ ॥

પ૦ ત૦ પ૦:—**अथ** છતાં **चेत्** જો **त्वम्** તમે **इमम्** આ **धर्म्यम्** ધર્મપ્રમાણે કરવાયોગ્ય **संग्रामम्** યુદ્ધને **न** નહિ **करिष्यसि** કરશો **ततः** તેથી **स्वधर्मम्** સ્વધર્મને **कीर्तिम्** કીર્તિને **च** અને **हित्वा** ખોઇને **पापम्** પાપને **अवाप्स्यसि** પામશો. ૩૩

શ૦:—છતાં જો તમે આ ધર્મરૂપ યુદ્ધને નહિ કરશો [તો] તેથી સ્વધર્મને અને કીર્તિને ખોઇને પાપને પામશો. ૩૩

ટી૦:—આ યુદ્ધ શ્રેષ્ઠ પુરુષોના જે ધર્મ સ્મૃતિઓમાં કહ્યા છે તેથી અવિરુદ્ધ છે માટે ધર્મરૂપ છે. ધર્મરૂપ હોવાથી તે તારે અવશ્ય કર્તવ્ય છે, છતાં જો તું યુદ્ધ નહિ કરતાં પાછો ફરીશ તો તારાં પૂર્વનાં સર્વ સુકૃતો

તથા કીર્તિ નાશ પામશે, અને તે પાપી વૃત્તિઓને અધીન થઇ પછી તું વિશેષ અધોગતિરૂપ પાપને પામીશ. ૩૩

વળી યુદ્ધથી પાછા ફરવાથી નિંદા થતાં તમને બહુ દુઃખ ઉપજશે એમ જણાવે છે:—

अकीर्तिं चापि भूतानि, कथयिष्यन्ति तेऽव्ययाम् ।
संभावितस्य चाकीर्तिर्, मरणादतिरिच्यते ॥ ३४ ॥

પ૦ ત૦ પ૦:—**अकीर्तिम्** અપકીર્તિને **च** વળી **अपि** પણ **भूतानि** પ્રાણીઓ **कथयिष्यन्ति** કહેશે **ते** તમારી **अव्ययाम्** સદા-લાંબા સમયસુધી **संभावितस्य** પ્રતિષ્ઠિત[પુરુષ]ને **च** ને **अकीर्तिः** અપકીર્તિ **मरणात्** મરણકરતાં **अतिरिच्यते** વધી જાય છે-વધારે દુઃખદ છે. ૩૪

શ૦:—વળી [દેવ, ઋષિ ને મનુષ્ય એ સર્વ] પ્રાણીઓ પણ તમારી લાંબા સમયસુધી અપકીર્તિને કહેશે, ને પ્રતિષ્ઠિત-[પુરુષ]ને અપકીર્તિ [એ] મરણકરતાં [પણ] વધારે દુઃખદ છે. ૩૪

ટી૦:—દેવતા, ઋષિઓ અને મનુષ્યાદિ સર્વ પ્રાણીઓ લાંબા સમયસુધી પરસ્પર વાતો કરતાં આ મંદવિરાગ ધર્માત્મા નથી, તથા શૂરવીર પણ નથી, એવી તારી અપકીર્તિ કરશે. યુદ્ધમાં પોતાનો નાશ થશે એમ શંકા કરી તું જીવવામાટે પાછો ફરતો હોય તો તે પણ અયોગ્ય છે, કેમકે ગુણવાન્ પુરુષને અપકીર્તિવાળું જીવન મરવાથી વિશેષ દુઃખદ છે, માટે શત્રુઓના સંમુખ રહી તેમનો નિઃશેષ નાશ કરવો એજ તને શોભારૂપ તથા સુખદ છે. ૩૪

બીજા ભલે મારી નિંદા કરે, પણ આ દુર્યોધનાદિક તો મને દયાલુ જાણી મારી સ્તુતિ કરશે, એવો અર્જુનના મનમાં વિચાર હોય તો તે દૂર કરવા શ્રીકૃષ્ણ કહે છે:—

भयाद्रणादुपरतं, मंस्यंते त्वां महारथाः ।
येषां च त्वं बहुमतो, भूत्वा यास्यसि लाघवम् ॥ ३५ ॥

પ૦ ત૦ પ૦:—**भयात्** બીકથી **रणात्** રણમાંથી **उपरतम्** શાંતિ પામેલા-પાછા હઠી ગયેલા **मंस्यंते** માનશે **त्वाम्** તમને **महारथाः** મહારથીઓ-દુર્યોધન આદિ **येषाम्** જેઓની મધ્યે **च** અને **त्वम्** તમે **बहुमतः**

બહુ માન પામેલા **भूत्वा** હોઇને-હતા **यास्यसि** પામીશ **लाघवम्** તુચ્છપણાને. ૩૫

શ૦:—મહારથીઓ તમને બીકથી રણમાંથી પાછા હઠી ગયેલા માનશે, અને જેઓમાં [પૂર્વે] તમે બહુ માન પામેલા હતા [તેઓમાં હવે તમે] તુચ્છપણાને પામશો. ૩૫

ટી૦:—કામાદિક તું દયાથી પાછો ફર્યો એમ નહિ માને, પણ રાગાદિકથી ભય પામી પાછો ફર્યો એમ માનશે, અને તેથી તેઓમાં પૂર્વે તું જેમ ગુણાદિથી શ્રેષ્ઠ મનાતો હતો તેમ હવે યુદ્ધથી પાછો ફરવાથી નહિ મના, પણ ઊલટો હલકાઇને પામીશ. કોઇ પુસ્તકમાં **मंस्यंते**ને સ્થલે **मन्यंते** એવો પાઠ પણ હોય છે. તે બંનેનો અર્થ એકજ છે. ૩૫

ભલે દુર્યોધનાદિક મને શ્રેષ્ઠ ન માને, પણ બીજાઓ તો મને અવશ્ય શ્રેષ્ઠ માનશે, એવી અર્જુનને શંકા ઉપજે તો તે શંકા દૂર કરે છેઃ—

अवाच्यवादांश्च बहून्, वदिष्यंति तवाहिताः ।
निंदंतस्तव सामर्थ्यं, ततो दुःखतरं नु किम् ॥ ३६ ॥

પ૦ ત૦ પ૦:—**अवाच्यवादान्** ન બોલવાના બોલોને **च** અને **बहून्** ઘણા **वदिष्यन्ति** બોલશે **तव** તમારા **अहिताः** ભુંડું ઇચ્છનારા-શત્રુઓ **निंदंतः** નિંદતા છતા **तव** તમારા **सामर्थ्यम्** સામર્થ્યને-બલને **ततः** એથી **दुःखतरम्** વધારે દુઃખ **नु** શું છે **किम्** કયું ? ૩૬

શ૦:—અને તમારા શત્રુઓ તમારા સામર્થ્યને નિંદતા છતા ઘણા ન બોલવાના બોલોને બોલશે, એથી વધારે દુઃખ [બીજું] કયું છે ? ૩૬

ટી૦:—રાગ તથા દ્વેષ એ આદિ તારા સર્વ શત્રુઓ તારા પ્રસિદ્ધ સામર્થ્યની નિંદા કરી તારાથી સહન ન થાય એવી તારા બાયલાપણાની વાતો ચલાવશે. એ નિંદાથી ઉત્પન્ન થતા દુઃખથી બીજું કોઇ વધારે દુઃખ નથી, માટે તારાથી તે સહન થઇ શકશે નહિ. ૩૬

જયપરાજય બંનેમાં લાભ હોવાથી તમારે યુદ્ધ અવશ્ય કર્તવ્ય છે એમ નિરૂપણ કરે છેઃ—

हतो वा प्राप्स्यसि स्वर्गं, जित्वा वा भोक्ष्यसे महीम् ।
तस्मादुत्तिष्ठ कौंतेय, युद्धाय कृतनिश्चयः ॥ ३७ ॥

૫૦ ત૦ ૫૦:—**हतः** હણાયા **वा** જો કદી **प्राप्स्यसि** પામશો **स्वर्गम्** સ્વર્ગને **जित्वा** જિતીને **वा** અથવા **भोक्ष्यसे** ભોગવશો **महीम्** પૃથ્વીને **तस्मात्** તેથી **उत्तिष्ठ** ઊઠો **कौंतेय** હે કૌંતેય !–કુંતીના પુત્ર !–હે અર્જુન ! **युद्धाय** યુદ્ધ કરવાને **कृतनिश्चयः** નિશ્ચયયુક્ત થઈ. ૩૭

શ૦:—જો કદી હણાયા [તો] સ્વર્ગને પામશો, અથવા જિતીને પૃથ્વીને ભોગવશો, તેથી હે કૌંતેય ! નિશ્ચયયુક્ત થઈ યુદ્ધ કરવાને ઊઠો. ૩૭

ટી૦:—કાંતો કામાદિકને હું જિતી લઉં છું, ને કાંતો હું મરણ પામું છું, એવી રીતનો '**देहं पातयामि किंवा अर्थं साधयामि**' એવો સુદૃઢ નિશ્ચય કરી તું કામાદિ આંતરશત્રુઓસામે લડવા ઊભો થા, કેમકે એમ કરવાથી જય તથા પરાજય બંનેમાં તને લાભ છે, જે પૂર્વે કહેલ છે. ૩૭

સમબુદ્ધિ રાખી યુદ્ધ કરવાથી તમને પાપ નહિ લાગે એમ કહે છે:—

सुखदुःखे समे कृत्वा, लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व, नैवं पापमवाप्स्यसि ॥ ३८ ॥

૫૦ ત૦ ૫૦:—**सुखदुःखे** સુખદુઃખને **समे** સરખાં **कृत्वा** કરીને-માનીને **लाभालाभौ** લાભ તથા હાનિને **जयाजयौ** જયપરાજયને **ततः** પછી **युद्धाय** યુદ્ધ કરવાને **युज्यस्व** જોડાઓ **न** નહિ **एवम्** એમ **पापम्** પાપને **अवाप्स्यसि** પામશો. ૩૮

શ૦:—સુખદુઃખને, લાભહાનિને [ને] જયપરાજયને સરખાં માનીને પછી યુદ્ધમાં જોડાઓ. એમ [કરવાથી] પાપને પામશો નહિ. ૩૮

ટી૦:—સુખમાં તથા સુખના કારણરૂપ ઇષ્ટ પદાર્થના લાભમાં અને લાભના કારણરૂપ પોતાના જયમાં રાગ ન કરીને તથા દુઃખમાં ને દુઃખના કારણરૂપ ઇષ્ટ પદાર્થના અલાભમાં અને તે અલાભના કારણરૂપ પરાજયમાં દ્વેષ ન કરીને સમભાવ રાખી તું યુદ્ધમાં પ્રવૃત્ત થા. ફળની ઇચ્છાથી યુદ્ધ

કરવામાં આવે તો તેથી પાપ થવાનો સંભવ છે, પણ ફલની કામના મુકી દઈ માત્ર સ્વધર્મપાલનમાટે જો તું યુદ્ધ કરીશ તો તેથી તને પાપ નહિ લાગે; તાત્પર્ય કે શત્રુને મારવારૂપ પાપ અને નિત્યકર્મના લોપરૂપ પાપ એ બંને તને નહિ નડે. તને એમ કરવાથી સુખની પ્રાપ્તિ થશે એમ જે પૂર્વે કહ્યું છે તે તેનું આનુષંગિક (મુખ્યના સંબંધવાળું ગૌણ) ફલ કહ્યું છે, મુખ્ય ફલ તો સ્વધર્મપાલન કરવું ને તેદ્વારા ચિત્તશુદ્ધિ સંપાદન કરવી એજ છે. જેમ ફલની આશાએ આંબાનું વૃક્ષ વાવનારને કેરીની સાથે તે ઝાડની છાયા તથા સુગંધ અવશ્ય પ્રાપ્ત થાય છે તેમ સ્વધર્મપાલનથી પણ આનુષંગિકફલરૂપે સુખ અવશ્ય પ્રાપ્ત થાય છે. ૩૮

અધિકારપ્રમાણે કર્મ અથવા જ્ઞાન એ બેમાંથી એકનો ઉપદેશ સંભવી શકે છે એમ પ્રતિપાદન કરે છે:—

एषा तेऽभिहिता सांख्ये, बुद्धिर्योगे त्विमां शृणु ।
बुद्ध्या युक्तो यया पार्थ, कर्मबंधं प्रहास्यसि ॥ ३९ ॥

પ૦ ત૦ પ૦:—**एषा** આ **ते** તમને **अभिहिता** કહી **सांख्ये** આત્મામાં-જ્ઞાનમાં **बुद्धिः** બુદ્ધિ-સમજણ **योगे** [કર્મ]યોગમાં **तु** હવે **इमाम्** આને **शृणु** સાંભળો **बुद्ध्या** બુદ્ધિએ **युक्तः** યુક્ત-જોડાયેલો **यया** જે **पार्थ** હે પૃથાના (કુંતીના) પુત્ર !-હે અર્જુન ! **कर्मबंधम्** કર્મના બંધનને **प्रहास्यसि** ત્યજી શકશો. ૩૯

શા૦:—તમને આ બુદ્ધિ જ્ઞાનમાં [વર્તવાની એટલે જ્ઞાનરૂપ] કહી, હવે [કર્મ]યોગમાં [વર્તવાની] આ[સમજણ]ને સાંભળો, [કે] જે સમજણે યુક્ત હે પાર્થ ! [તમે] કર્મના બંધનને ત્યજી શકશો. ૩૯

ટી૦:—સમ્યક્પ્રકારે આત્મતત્ત્વનું સ્વરૂપ સમજાવનાર જે ઉપનિષદ્ ને સાંખ્ય, અને તે ઉપનિષદ્વડે ગમ્ય જે આત્મતત્ત્વ તે સાંખ્ય. એ આત્મતત્ત્વમાં જ્ઞાનરૂપ બુદ્ધિ મેં તને કહી, પણ જો તારા અંતઃકરણમાં પાપરૂપ મલ હોવાથી તે જ્ઞાન તારી સમજમાં ન આવ્યું હોય તો અંતઃકરણની શુદ્ધિમાટે હવે પછી કહેવામાં આવશે તે કર્મયોગ સાંભળ. એ નિષ્કામકર્મનું અનુષ્ઠાન કરવાથી તું ચિત્તની અશુદ્ધિરૂપી બંધનો ત્યાગ કરી શકીશ. આ કથનથી એમ સિદ્ધ કર્યું કે જ્ઞાન અને કર્મનો સમસમુચ્ચય મોક્ષમાટે

ઉપયોગી નથી પણ અધિકારપ્રમાણે કર્મ કિંવા જ્ઞાન એ બેમાંનું એક અનુષ્ઠાન અધિકારીએ મોક્ષમાટે કરવાયોગ્ય છે. ૩૯

નિષ્કામકર્મવડે અવશ્ય કર્મના બંધનોનો પરિત્યાગ થાય છે એમ નિરૂપણ કરે છે:—

नेहाभिक्रमनाशोऽस्ति, प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य, त्रायते महतो भयात् ॥ ४० ॥

પ૦ ત૦ પ૦:—**न** નહિ **इह** એમાં–નિષ્કામકર્મયોગમાં **अभिक्रमनाशः** આરંભનો નાશ–કર્મફલનું નિષ્ફલ જવું **अस्ति** છે **प्रत्यवायः** દોષ **न** નથી **विद्यते** પ્રાપ્ત થતો **स्वल्पम्** બહુ થોડું–જરા **अपि** પણ **अस्य** આ **धर्मस्य** ધર્મનું **त्रायते** રક્ષણ કરે છે **महतः** મોટા **भयात्** ભયથી. ૪૦

શ૦:—એમાં કર્મના ફલનો નાશ નથી [તેમ] દોષ [પણ] પ્રાપ્ત થતો નથી. આ ધર્મનું જરા પણ [પાલન થયું હોય તો તે] મોટા ભયથી રક્ષણ કરે છે. ૪૦

ટી૦:—યજ્ઞદાનાદિ વૈદિક તથા ખેતી આદિ લૌકિક કર્મોવડે જે તેમના ફલનો આરંભ કરાય તે અભિક્રમ–કર્મફલ. ઈશ્વરાર્પણબુદ્ધિએ કરેલાં કર્મોના ફલનો જેમ નાશ નથી તેમ તેમાં અંગોની ન્યૂનાધિકતારૂપ વિગુણપણાથી કર્તાને દોષની પણ પ્રાપ્તિ થતી નથી. તાત્પર્ય કે ખેતી આદિક વ્યાવહારિક-કર્મોનું અમુક ફલ અવશ્ય મળશે એવો નિશ્ચય નથી, ને કામ્યકર્મોમાં અંગોની ન્યૂનાધિકતાથી કર્તાને દોષની પ્રાપ્તિ થાય છે તે આ નિષ્કામકર્મયોગમાં નથી. ચિત્તશુદ્ધિને માટે થોડું પણ જો આ નિષ્કામકર્મયોગનું અનુષ્ઠાન થયું હોય તો તે ચિત્તશુદ્ધિદ્વારા જ્ઞાનની પ્રાપ્તિ કરાવી અધિકારી પુરુષની જન્મ-મરણરૂપ સંસારના મોટા ભયથી રક્ષા કરે છે. ૪૦

નિષ્કામકર્મમાં બુદ્ધિનું એકનિશ્ચયવાળાપણું છે એમ પ્રતિપાદન કરે છે:—

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनंदन ।
बहुशाखा ह्यनंताश्च, बुद्धयोऽव्यवसायिनाम् ॥ ४१ ॥

પ૦ ત૦ પ૦:—**व्यवसायात्मिका** આત્મતત્ત્વના નિશ્ચયરૂપ **बुद्धिः** બુદ્ધિ **एका** એક **इह** અહિં–શ્રેયોરૂપ મોક્ષમાર્ગમાં **कुरुनंदन** હે કુરુવંશને

આનંદ પમાડનાર અર્જુન ! **बहुशाखाः** ઘણા ફાંટાવાળીઓ **हि** નિશ્ચય **अनंताः** અનંત **च** તથા **बुद्धयः** બુદ્ધિઓ **अव्यवसायिनाम्** આત્મતત્ત્વના નિશ્ચયવિનાના–સકામ–[પુરુષો]ની. ૪૧

શ૦:—હે કુરુનંદન ! અહિં (શ્રેયોરૂપ મોક્ષમાર્ગમાં) આત્મતત્ત્વના નિશ્ચયરૂપ બુદ્ધિ એક [છે, પણ] સકામ[પુરુષો]ની બુદ્ધિઓ નિશ્ચય ઘણા ફાંટાવાળી તથા અનંત [છે.] ૪૧

ટી૦:—આ શ્રેયોરૂપ મોક્ષમાર્ગને વિષે જ્ઞાનને વિષય કરનારી તથા નિષ્કામકર્મને વિષય કરનારી બુદ્ધિ એક છે, કેમકે તે બંને બુદ્ધિનું એકજ પરિણામ છે. વળી તે બુદ્ધિ શ્રુતિભગવતીનાં તથા શ્રીસદ્ગુરુનાં નિર્દોષ વાક્યોવડે ઉપજેલી હોવાથી નિશ્ચયાત્મિકા હોઇને સર્વ વિપરીતબુદ્ધિઓને હણે છે, પણ સકામકર્મોમાં આસક્ત મીમાંસકોની બુદ્ધિઓ કામનાઓના અનેક ભેદથી બહુભેદવાળી એટલે અનેક હોય છે, તથા કર્મફલ ને ગુણફલ ઇત્યાદિને વિષય કરવાથી તે ઘણી શાખાઓવાળી હોય છે. અનેક પ્રકારની વાસનાને લીધે અનેક પ્રકારનાં કર્મો કરનારા અજ્ઞાનીઓની બુદ્ધિ એક નિશ્ચયને ગ્રહણ ન કરે, અને તેથી તેમને શાંતિ પણ ન મળે એ ઉઘાડુંજ છે. કુરુનંદન એ સંબોધનવડે એમ સૂચવ્યું કે હૃદયદેશમાંથી ઉપજતી વૃત્તિઓને આનંદ પમાડનાર એવો જે તું મંદવિરાગ તે તારામાં વ્યવસાયાત્મિકા (નિશ્ચયરૂપ) બુદ્ધિજ હોવી જોઇએ, અવ્યવસાયાત્મિકા બુદ્ધિ નજ હોવી જોઇએ. ૪૧

સકામપુરુષોને આત્મતત્ત્વમાં નિશ્ચયાત્મિકા બુદ્ધિ નહિ ઉપજવાનાં કારણો નીચેના ત્રણ શ્લોકોથી કહે છે:—

यामिमां पुष्पितां वाचं, प्रवदंत्यविपश्चितः ।
वेदवादरताः पार्थ, नान्यदस्तीति वादिनः ॥ ४२ ॥
कामात्मानः स्वर्गपरा, जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां, भोगैश्वर्यगतिं प्रति ॥ ४३ ॥
भोगैश्वर्यप्रसक्तानां, तयाऽपहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः, समाधौ न विधीयते ॥ ४४ ॥

પ૦ ત૦ પ૦:—**याम्** જે **इमाम्** આ **पुष्पिताम्** ફૂલવાળી (અવિચારથી રમણીય) **वाचम्** વાણીને **प्रवदंति** બોલે છે **अविपश्चितः**

શાસ્ત્રરહસ્ય નહિ સમજનારા વિચારરહિત પુરુષો **वेदवादरताः** વેદના અર્થવાદમાં પ્રીતિવાળા **पार्थ** હે અર્જુન! **न** નહિ **अन्यत्** બીજું (કર્મના સ્વર્ગાદિ ફલથી ભિન્ન એવું જ્ઞાનનું ફલ) **अस्ति** છે **इति** એમ **वादिनः** બોલનારા ૪૨ **कामात्मानः** કામનાથી ભરપૂર **स्वर्गपराः** સ્વર્ગનેજ શ્રેષ્ઠ માનનારા **जन्मकर्मफलप्रदाम्** જન્મ કર્મ તથા ફલને આપનારી **क्रियाविशेष-बहुलाम्** નાનાપ્રકારનાં કર્મોને વિસ્તારથી પ્રતિપાદન કરનારી **भोगैश्वर्यगतिं प्रति** ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિને માટે ૪૩ **भोगैश्वर्यप्रसक्तानाम्** ભોગ તથા ઐશ્વર્યમાં આસક્તિવાળા–લોલુપતાવાળા **तया** તે[વાણી]વડે **अपहृतचेतसाम्** હરાયેલા–મોહ પામેલા મનવાળા **व्यवसायात्मिका** આત્મતત્ત્વના નિશ્ચયવાળી **बुद्धिः** બુદ્ધિ **समाधौ** અંતઃકરણમાં **न** નથી **विधीयते** હોતી. ૪૪

શ૦:—હે પાર્થ! શાસ્ત્રરહસ્ય નહિ સમજનારા વિચારરહિત પુરુષો જે આ [પ્રસિદ્ધ કર્મકાંડરૂપ] વાણીને બોલે છે [તે વાણી કેવી છે કે માત્ર] અવિચારથી રમણીય [છે. એ વાણીમાં પ્રીતિ રાખનારા પુરુષો] વેદના અર્થવાદમાં પ્રીતિવાળા [અને] કર્મના સ્વર્ગાદિ ફલથી ભિન્ન એવું જ્ઞાનનું બીજું ફલ નથી એમ કહે-નારા [છે.] ૪૨ કામનાથી ભરપૂર [ચિત્તવાળા ને] સ્વર્ગનેજ શ્રેષ્ઠ માનનારા [તેઓ] જન્મ કર્મ તથા ફલને આપનારી [તથા] ભોગ ને ઐશ્વર્યની પ્રાપ્તિને માટે નાનાપ્રકારનાં [અગ્નિ-હોત્રાદિ] કર્મોને વિસ્તારથી પ્રતિપાદન કરનારી [વાણીને વખાણે છે.] ૪૩ ભોગ તથા ઐશ્વર્યમાં આસક્તિવાળા [તથા] તે-[વાણી]વડે હરાયેલા મનવાળા [તેઓના] અંતઃકરણમાં આત્મતત્ત્વના નિશ્ચયવાળી બુદ્ધિ હોતી નથી. ૪૪

ટી૦:—વેદનું વાસ્તવિક તાત્પર્ય જે બ્રહ્મસ્વરૂપનું પ્રતિપાદન છે તેને નહિ જાણનારા કર્મઠ મીમાંસકો સુગંધરહિત શીમળાના વા ખાખરાના પુષ્પના જેવી માત્ર દૂરથી–અવિચારથી–રળીઆમણી લાગતી કર્મસંબંધી વેદવાણીને વખાણે છે. ‘ચાતુર્માસ્યયજ્ઞ કરનારને અક્ષય સુકૃત થાય છે’ ઇત્યાદિક વેદનાં સ્તુતિવચનો કે જે માત્ર અજ્ઞાની અધિકારીઓને પ્રોત્સાહન કરવામાટે છે તેને તેઓ સાચાં માને છે, ને સ્વર્ગાદિથી બીજું કોઇ પરમાનંદ આપનાર ફલ નથી એમ કહે છે. નંદનવનમાં વિહાર, અપ્સરાઓસાથે

ક્રીડા ને અમૃતપાનાદિ ભોગમાં આસક્ત હોવાથી તેઓ મોક્ષભણી દૃષ્ટિ નહિ કરતાં માત્ર સ્વર્ગનેજ શ્રેષ્ઠ માને છે. જન્મ, તેવડે થતાં અગ્નિહોત્રાદિક વૈદિકકર્મો ને તેથી મળનારાં પશુ, પુત્ર ને ધનાદિ ફળોને આપનારી તથા ઉપર કહેલા સ્વર્ગના ભોગો ને દેવતાઓનું અધિપતિપણું એ ઐશ્વર્ય ને તેની પ્રાપ્તિમાટે અગ્નિહોત્રાદિ કર્મોને વિસ્તારથી પ્રતિપાદન કરનારી વાણીને તેઓ વખાણે છે. એવા એ અજ્ઞાનીઓના અંતઃકરણમાં આત્મતત્ત્વના નિશ્ચય કરનારી બુદ્ધિ ક્યાંથી હોય ? નજ હોય. ૪૨-૪૩-૪૪

નિષ્કામપુરુષોને અગ્નિહોત્રાદિકર્મવડે ચિત્તશુદ્ધિ થઈ મોક્ષ મળે છે એમ પ્રતિપાદન કરે છેઃ--

त्रैगुण्यविषया वेदा, निस्त्रैगुण्यो भवार्जुन ।
निर्द्वंद्वो नित्यसत्त्वस्थो, निर्योगक्षेम आत्मवान् ॥ ४५ ॥

પ૦ ન૦ પ૦:—**त्रैगुण्यविषयाः** [સત્ત્વ, રજસ્ ને તમસ્ એ] ત્રિગુણને વિષય કરનારા **वेदाः** [કર્મકાંડરૂપ] વેદો **निस्त्रैगुण्यः** ત્રિગુણથી રહિત-નિર્ગુણ **भव** થાઓ **अर्जुन** હે અર્જુન ! **निर्द्वंद्वः** [સુખદુઃખાદિરૂપ] દ્વંદ્વોથી (જોડાંથી) રહિત **नित्यसत्त्वस्थः** અચલ ધૈર્યવાળો **निर्योगक्षेमः** યોગ એટલે ન મળેલું મેળવવું ને ક્ષેમ એટલે મળેલાનું રક્ષણ કરવું એ બે વિનાના **आत्मवान्** આત્મનિષ્ઠ-પરમાત્મામાં વિશ્વાસવાળો. ૪૫

શ૦ઃ—[કર્મકાંડરૂપ] વેદો ત્રિગુણને વિષય કરનારા [છે.] હે અર્જુન! [તમે] નિર્ગુણ થાઓ. [સુખદુઃખાદિરૂપ] દ્વંદ્વોથી રહિત, અચલ ધૈર્યવાળા, યોગ અને ક્ષેમવિનાના [ને] આત્મનિષ્ઠ [થાઓ.] ૪૫

ટી૦:—ત્રણ ગુણનું કાર્ય જે સંસાર તે ત્રૈગુણ્ય. એ ત્રૈગુણ્યને વિષય કરનાર એટલે પ્રકાશનાર તે ત્રૈગુણ્યવિષયા એટલે કર્મકાંડરૂપ વેદો. એ વેદો કામનાવાળા પુરુષોને ફલની પ્રાપ્તિના ઉપાયો બતાવે છે, ને તદનુસાર કામના-વાળાઓ કર્મ કરે છે, અને ફલ મેળવે છે, પણ સમ્યક્પ્રકારે કર્મોનાં ફલોની વાસના છોડી જે કર્મો કરે છે તેને તે કર્મો સંસારના હેતુરૂપ થતાં નથી, પણ ચિત્તશુદ્ધિદ્વારા મોક્ષના હેતુરૂપ થાય છે. ૪૫

બ્રહ્માનંદની પ્રાપ્તિમાં સર્વ આનંદનો સમાસ થઈ જાય છે એમ નિરૂપણ કરે છેઃ--

यावानर्थ उदपाने, सर्वतः संप्लुतोदके ।

तावान्सर्वेषु वेदेषु, ब्राह्मणस्य विजानतः ॥४६॥

પ૦ ત૦ પ૦:—**यावान्** જેટલું **अर्थः** [સ્નાનપાનાદિરૂપ] પ્રયોજન **उदपाने** થોડા જળવાળા સ્થાનમાં **सर्वतः** સર્વભણીથી **संप्लुतोदके** મોટા જલાશયમાં **तावान्** તેટલું **सर्वेषु** સર્વે **वेदेषु** [કર્મકાંડરૂપ] વેદોમાં **ब्राह्मणस्य** બ્રાહ્મણને **विजानतः** [બ્રહ્મ] જાણનાર. ૪૬

શ૦:—[જેમ] થોડા જળવાળા સ્થાનમાં જેટલું [સ્નાન-પાનાદિરૂપ] પ્રયોજન [સિદ્ધ થાય છે] તેટલું [સ્નાનપાનાદિરૂપ સર્વ પ્રયોજન] સર્વભણીથી [ભરેલા] મોટા જલાશયમાં [પણ સિદ્ધ થાય છે તેમ] સર્વે [કર્મકાંડરૂપ] વેદોમાં [કહેલા કામ્યકર્મોથી જે આનંદ પ્રાપ્ત થાય છે તે સર્વ આનંદ બ્રહ્મ] જાણનાર બ્રાહ્મણને [મળે છે.] ૪૬

ટી૦:—જેમ પર્વતમાંથી ઝરતા એક ઝરણમાં સ્નાનપાનાદિરૂપ જેટલું પ્રયોજન સિદ્ધ થાય છે તેટલું સર્વ પ્રયોજન તે ઝરણાંઓના સમૂહરૂપ જે મહાન્ જલાશય-સરોવર-તેમાં સિદ્ધ થાય છે, કેમકે ઝરણાંઓનાં સઘળાં જલનો તેમાં અંતર્ભાવ છે, તેમ કર્મકાંડરૂપ વેદમાં કહેલાં કામ્યકર્મોથી પ્રાપ્ત થનાર જે સ્વર્ગાદિ લોકોના આનંદ છે તે સર્વ આનંદ બ્રહ્મના સાક્ષાત્કાર-વાળા બ્રહ્મવેત્તા પુરુષને એકકાલેજ પ્રાપ્ત થાય છે. કારણકે પૃથ્વીપતિથી માંડીને હિરણ્યગર્ભસુધી જે એકએકથી સોગણો આનંદ શ્રુતિમાં કહ્યો છે તે બ્રહ્માનંદરૂપ મહાસાગરના એક બિંદુરૂપ છે. ૪૬

હવે તમારો જ્ઞાનને વિષે અધિકાર થયો નથી, તમે નિષ્કામ-કર્મના અધિકારી છો એમ શ્રીકૃષ્ણ અર્જુનપ્રતિ કહે છે:—

कर्मण्येवाधिकारस्ते, मा फलेषु कदाचन ।

मा कर्मफलहेतुर्भूर्, मा ते संगोऽस्त्वकर्मणि ॥ ४७ ॥

પ૦ ત૦ પ૦:—**कर्मणि** કર્મમાં **एव** જ **अधिकारः** અધિકાર **ते** તમારો **मा** ન [હો] **फलेषु** [કર્મનાં] ફલોમાં **कदाचन** કદાપણ **मा** ન **कर्मफलहेतुः** કર્મનાં ફલોને ઉત્પન્ન કરનારા **भूः** થાઓ **मा** ન [થાઓ] **ते** તમારી **संगः** પ્રીતિ **अस्तु** હો **अकर्मणि** કર્મ ન કરવામાં. ૪૭

શ૦:—તમારો કર્મમાંજ અધિકાર હો, [કર્મનાં] ફલોમાં કદીપણ ન [હો. તમે] કર્મનાં ફલોને ઉત્પન્ન કરનારા ન થાઓ; [તેમ] કર્મ ન કરવામાં [પણ] તમારી પ્રીતિ ન [થાઓ.] ૪૭

ટી૦:—તું હજી અશુદ્ધ અંતઃકરણવાળો છે, માટે તારા અંતઃકરણની શુદ્ધિ થવાસારુ તું નિષ્કામકર્મો કર. નિષ્કામકર્મો કરતાં તે કર્મોના અનુષ્ઠાનના આદિમાં, મધ્યમાં કે અંતમાં તેના સ્વર્ગાદિ ફલની ઇચ્છા તને ન થાઓ. હું જે કર્મ કરું છું તેનું ફલ મને મળો એવી વાસના રાખી કર્મોનાં ફલો ઉપજાવનારો પણ તું ન થા, તેમજ સ્વર્ગાદિની પ્રાપ્તિ નહિ કરનારાં આ દુઃખરૂપ કર્મો કરવાનું મારે શું પ્રયોજન છે? એવી રીતની કર્મો ન કરવામાં તારી પ્રીતિ પણ ન થાઓ. ૪૭

ઉપર કહેલા વિષયને પુનઃ વિસ્તારથી કહે છેઃ—

योगस्थः कुरु कर्माणि, संगं त्यक्त्वा धनंजय ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा, समत्वं योग उच्यते ।। ४८ ।।

પ૦ ત૦ પ૦:—**योगस्थः** યોગને વિષે સ્થિત થઇ **कुरु** કરો **कर्माणि** કર્મોને **संगम्** સંગને–ફલની ઇચ્છાને **त्यक्त्वा** ત્યજીને **धनंजय** હે ધનંજય ! (ધનને જિતનારા !)–હે અર્જુન ! **सिद्ध्यसिद्ध्योः** સિદ્ધિમાં અને અસિદ્ધિમાં–ફલ મળે તેમાં ને ફલ ન મળે તેમાં **समः** સમાન–હર્ષશોકરહિત **भूत्वा** થઇ **समत्वम्** સમપણું–હર્ષશોકથી રહિત થવું તે **योगः** યોગ **उच्यते** કહેવાય છે. ૪૮

શ૦:—હે ધનંજય ! [તમે] યોગને વિષે સ્થિત થઇ, [સ્વર્ગાદિ] ફલની ઇચ્છા [ને કર્તાપણાનું અભિમાન] ત્યજી, [તથા] સિદ્ધિમાં અને અસિદ્ધિમાં સમાન–હર્ષશોકરહિત–થઇ કર્મોને કરો. સમપણું યોગ કહેવાય છે. ૪૮

ટી૦:—દૃશ્ય એવાં સ્ત્રીધનાદિકનાં સુખો અને વેદે પ્રતિપાદન કરેલાં જે સ્વર્ગાદિનાં સુખો એને વિષે જ્યારે રાગદ્વેષની નિવૃત્તિ થાય ત્યારેજ પુરુષને સમપણાની પ્રાપ્તિ થાય છે, ને એવું સમપણું પ્રાપ્ત થયેજ ચિત્ત વૃત્તિરૂપે પરિણામ પામતું અટકી પરવૈરાગ્યદ્વારા અસંપ્રજ્ઞાતયોગને પામે છે. ૪૮

સકામકર્મોથી નિષ્કામકર્મોનું શ્રેષ્ઠપણું નિરૂપણ કરે છેઃ—

दूरेण ह्यवरं कर्म, बुद्धियोगाद्धनंजय ।
बुद्धौ शरणमन्विच्छ, कृपणाः फलहेतवः ॥ ४९ ॥

૫૦ ત૦ ૫૦:—**दूरेण** દૂરપણાથી–અતિ **हि** ખરેખર **अवरम्** અધમ–હલકું **कर्म** [સકામ] કર્મ **बुद्धियोगात्** નિષ્કામકર્મથી **धनंजय** હે ધનંજય ! **बुद्धौ** બુદ્ધિમાં–પરમાત્મબુદ્ધિની પ્રાપ્તિમાટે **शरणम्** આશ્રયની–નિષ્કામકર્મ કરવાની **अन्विच्छ** ઇચ્છા કરો **कृपणाः** કૃપણ–પરમાત્માને નહિ જાણનારા–મોક્ષનો આનંદ નહિ મેળવનારા **फलहेतवः** સકામપુરુષો. ૪૯

શ૦:—હે ધનંજય ! ખરેખર નિષ્કામકર્મથી [સકામ] કર્મ અતિ અધમ [છે, માટે તમે] પરમાત્મબુદ્ધિની પ્રાપ્તિમાટે નિષ્કામકર્મ કરવાની ઇચ્છા કરો. સકામપુરુષો [તો] કૃપણ (દીન) [છે.] ૪૯

ટી૦:—બુદ્ધિયોગ–આત્મજ્ઞાનરૂપ બુદ્ધિના સાધનરૂપ નિષ્કામકર્મયોગ. સકામકર્મો જ્ઞાનના બહિરંગસાધનરૂપ પણ ન હોવાથી તે પરમપદથી અતિ-દૂર હોવાથી અધમ (કનિષ્ઠ) છે. જ્ઞાનનાં પ્રતિબંધક પાપોની નિષ્કામકર્મોદ્વારા નિવૃત્તિ થાય છે, ને તેથી ચિત્તશુદ્ધિ થઇ મુમુક્ષુને બ્રહ્મસાક્ષાત્કાર થાય છે, માટે અધિકારીએ સકામકર્મો ત્યજી નિષ્કામકર્મો કરવાં જોઇએ. ૪૯

નિષ્કામકર્મો કરનારને થનારા ફલનું નિરૂપણ કરે છેઃ—

बुद्धियुक्तो जहातीह, उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व, योगः कर्मसु कौशलम् ॥ ५० ॥

૫૦ ત૦ ૫૦:—**बुद्धियुक्तः** સમપણાની બુદ્ધિવાળો [પુરુષ] **जहाति** ત્યજી દે છે **इह** અહિં–આમાં (શાસ્ત્રે વિધાન કરેલાં કર્મોમાં) **उभे** બંનેને **सुकृतदुष्कृते** પુણ્યપાપ **तस्मात्** તેથી **योगाय** સમપણાની બુદ્ધિરૂપ યોગને માટે **युज्यस्व** પ્રવૃત્ત થાઓ **योगः** યોગ **कर्मसु** કર્મોમાં **कौशलम्** કુશલતા. ૫૦

શ૦:—આમાં (શાસ્ત્રે વિધાન કરેલાં કર્મોમાં) સમપણાની બુદ્ધિવાળો [પુરુષ] પુણ્યપાપ બંનેને ત્યજી દે છે, તેથી [તમે]

સમપણાની બુદ્ધિરૂપ યોગને માટે પ્રવૃત્ત થાઓ, [કારણકે સમપણાની બુદ્ધિરૂપ તે] યોગ[જ તે] કર્મોમાં [પ્રવૃત્ત પુરુષનું] કુશલપણું [છે.] ૫૦

ટી૦:—સમત્વબુદ્ધિવાળો પુરુષ અંતઃકરણની શુદ્ધિદ્વારા તથા જ્ઞાનની પ્રાપ્તિદ્વારા પુણ્યપાપને ત્યજી દે છે, માટે એવી સમત્વબુદ્ધિ અધિકારીએ અવશ્ય પ્રાપ્ત કરવી જોઇએ. વાસ્તવિકરીતે કર્મો બંધનું કારણ છતાં તે કર્મોનો પણ તે સમત્વબુદ્ધિવાળો મુમુક્ષુ મોક્ષને વિષે ઉપયોગ સિદ્ધ કરે છે એજ તે સમત્વબુદ્ધિવાળામાં મોટું કુશલપણું છે. ૫૦

સ્વર્ગાદિમાં આસક્તિ નહિ રાખવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે એમ કહે છેઃ—

कर्मजं बुद्धियुक्ता हि, फलं त्यक्त्वा मनीषिणः ।
जन्मबंधविनिर्मुक्ताः, पदं गच्छंत्यनामयम् ॥ ५१ ॥

પ૦ ત૦ પ૦:—**कर्मजम्** કર્મથી ઉત્પન્ન થયેલાં **बुद्धियुक्ताः** સમપણાની બુદ્ધિવાળા [પુરુષો] **हि** ખરેખર **फलम्** ફલને **त्यक्त्वा** ત્યજીને **मनीषिणः** આત્મજ્ઞાનવાળા **जन्मबंधविनिर्मुक्ताः** જન્મરૂપ બંધમાંથી અત્યંત છૂટા [થઇને] **पदम्** [મોક્ષરૂપ પરમ]પદને **गच्छन्ति** જાય છે—પામે છે **अनामयम्** [સર્વ] ઉપદ્રવથી (રોગથી) રહિત. ૫૧

શ૦:—ખરેખર સમપણાની બુદ્ધિવાળા [પુરુષો] કર્મથી ઉત્પન્ન થયેલાં [સ્વર્ગાદિ] ફલને ત્યજીને આત્મજ્ઞાનવાળા [થઇ,] જન્મરૂપ બંધમાંથી અત્યંત છૂટા [થઇને સર્વ] ઉપદ્રવથી રહિત [મોક્ષરૂપ પરમ]પદને પામે છે. ૫૧

ટી૦:—**मनीषिणः**—આત્માકારબુદ્ધિરૂપ મનીષાવાળા. કર્મો કરવાથી ઉપજતાં સ્વર્ગાદિ ફલને ત્યજી માત્ર ઇશ્વરાર્પણબુદ્ધિએ કર્મો કરવામાં આવે તો તેથી અંતઃકરણની શુદ્ધિદ્વારા આત્મજ્ઞાન ઉપજે છે, તેથી જન્મરૂપ બંધનમાંથી મોકળા થવાય છે, અને સંસાર તથા તેનું કારણ જે અવિદ્યા તે રૂપી મહાન્ રોગ તથા સર્વે ભય તેથી રહિત થઇ પરમપદને પ્રાપ્ત થવાય છે, માટે મંદઅધિકારીએ તો અવશ્ય ફલેચ્છાનો ત્યાગ કરી નિષ્કામકર્મો કરવામાં આસક્ત થવું જોઇએ. ૫૧

ચિત્ત શુદ્ધ થવાથી વૈરાગ્ય ઉપજે છે એમ પ્રતિપાદન કરે છે:—

यदा ते मोहकलिलं, बुद्धिर्व्यतितरिष्यति ।
तदा गंतासि निर्वेदं, श्रोतव्यस्य श्रुतस्य च ॥ ५२ ॥

પ૦ ત૦ પ૦:—यदा જ્યારે **ते** તમારી **मोहकलिलम्** મોહરૂપી મેલને **बुद्धिः** બુદ્ધિ **व्यतितरिष्यति** ત્યજી દેશે **तदा** ત્યારે **गंता** પામેલા-પ્રાપ્તિવાળા **असि** થશો **निर्वेदम्** વિરાગને **श्रोतव्यस्य** સાંભળવાયોગ્ય કર્મનાં ફલોના **श्रुतस्य** સાંભળેલાં કર્મોનાં ફલોના **च** ને. ૫૨

શ૦:—જ્યારે તમારી બુદ્ધિ મોહરૂપી મેલને ત્યજી દેશે ત્યારે [તમે] સાંભળવાયોગ્ય કર્મફલોના ને સાંભળેલાં કર્મફલોના [સંબંધમાં] વિરાગને પામશો. ૫૨

ટી૦:—મનુષ્ય અમુક સમયસુધી નિષ્કામકર્મ કરે એટલે તેના ચિત્તની શુદ્ધિ થાયજ એવો તેના સંબંધમાં સમયનો કાંઇ નિયમ નથી, પણ જ્યાં-સુધી હું અને મારું એવા અવિવેકરૂપ મેલનો તેનું અંતઃકરણ ત્યાગ કરે ત્યાંસુધી તેણે તે આગ્રહપૂર્વક કરવાં. તેના ચિત્તમાંથી અહંતામમતા ગઇ એટલે તેના ચિત્તમાંનો રજોગુણતમોગુણ શાંત થયો, ને તેનું ચિત્ત શુદ્ધ-સત્ત્વગુણવાળું થયું. ચિત્તની એવી અવસ્થા થાય ત્યારેજ સાંભળવાયોગ્ય વૈદિકકર્મનાં સ્વર્ગાદિ ફલોમાં તથા પહેલાં સાંભળેલાં વૈદિકકર્મોનાં સ્વર્ગાદિ ફલોમાં મનુષ્યને વિરાગ ઉપજે છે. ચિત્તશુદ્ધિ થયા વિના મનુષ્યના ચિત્તમાં વિરાગની ઉત્પત્તિ તથા સ્થિતિ સંભવતી નથી. ૫૨

એવા વૈરાગ્યવાન્‌ને આત્મજ્ઞાનની પ્રાપ્તિ ક્યારે થાય છે તે કહે છે:—

श्रुतिविप्रतिपन्ना ते, यदा स्थास्यति निश्चला ।
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ॥ ५३ ॥

પ૦ ત૦ પ૦:—श्रुतिविप्रतिपन्ना [પૂર્વે નાનાપ્રકારનાં કર્મફલોને] શ્રવણ કરવાથી સંશયવાળી થયેલી **ते** તમારી **यदा** જ્યારે **स्थास्यति** સ્થિત થશે-રહેશે **निश्चला** નિશ્ચલ **समाधौ** સમાધિમાં **अचला** અચલ **बुद्धिः** બુદ્ધિ **तदा** ત્યારે **योगम्** યોગને-જીવ અને બ્રહ્મના અભેદજ્ઞાનને **अवाप्स्यसि** પામશો. ૫૩

શ૦:—[પૂર્વે નાનાપ્રકારનાં કર્મફલોને] શ્રવણ કરવાથી સંશયવાળી થયેલી તમારી બુદ્ધિ જ્યારે સમાધિમાં નિશ્ચલ [તથા] અચલ સ્થિત થશે ત્યારે [તમે] યોગને (જીવના અને બ્રહ્મના અભેદજ્ઞાનને) પામશો. ૫૩

ટી૦:—શ્રુતિસ્મૃતિમાં જે સ્વર્ગાદિ નાનાપ્રકારનાં કર્મફલોનું કથન કર્યું છે તેના વાસ્તવિક તાત્પર્યનો વિચાર કર્યા વિના એ શ્રવણથી બુદ્ધિમાં નાનાપ્રકારની અસંભાવના (સંશય) તથા વિપરીતભાવના (ભ્રાંતિ) ઉપજે છે. એ અસંભાવના તથા વિપરીતભાવના જવાથી મનુષ્યની બુદ્ધિ જ્યારે નિશ્ચલ થાય, અને લાંબા સમયસુધી નિરંતર પરમશ્રદ્ધાવડે વિજાતીયવૃત્તિઓનો ત્યાગ કરવાના અભ્યાસથી જ્યારે તે અચલ થાય ત્યારે તે પરબ્રહ્મસ્વરૂપવિષે સ્થિત થઈ શકે, ને જીવઈશ્વરની જે લક્ષ્યરૂપે એકતા છે તે પણ ત્યારેજ અનુભવાય. અધિકારીને જ્યારે આવો જીવબ્રહ્મના અભેદનો અનુભવ સતત સ્ફુરે ત્યારેજ તે કૃતાર્થ થાય છે. ૫૩

હવે સ્થિરબુદ્ધિવાળાનાં લક્ષણ કેવાં હોય એમ અર્જુન શ્રીકૃષ્ણને પૂછે છે:—

अर्जुन उवाच ॥

स्थितप्रज्ञस्य का भाषा, समाधिस्थस्य केशव ।
स्थितधीः किं प्रभाषेत, किमासीत व्रजेत किम् ॥ ५४ ॥

૫૦ ત૦ ૫૦:—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **स्थितप्रज्ञस्य** સ્થિરબુદ્ધિવાળાનું **का** શું ? **भाषा** લક્ષણ **समाधिस्थस्य** સમાધિમાં રહેલા **केशव** હે કેશવ ! **स्थितधीः** સ્થિરબુદ્ધિવાળા **किम्** કેમ-કેવી રીતનું **प्रभाषेत** બોલે **किम्** કેવી રીતે **आसीत** સ્થિર થાય-બહારની ઇંદ્રિયોનો નિગ્રહ કરે **व्रजेत** વર્તે-વ્યવહાર કરે **किम्** કેમ. ૫૪

શ૦:—અર્જુન બોલ્યા:-' હે કેશવ ! સમાધિમાં રહેલા સ્થિરબુદ્ધિવાળા[પુરુષ]નું લક્ષણ શું ? [સમાધિમાંથી ઊઠેલા તે] સ્થિરબુદ્ધિવાળા [પુરુષ] કેવી રીતનું બોલે ? [તથા] કેવી રીતે સ્થિર થાય ?-બહારની ઇંદ્રિયોનો નિગ્રહ કરે ? [તથા

ઇંદ્રિયોના નિગ્રહના અભાવકાલમાં તે] કેવી રીતે વિષયોને પામે ?' ૫૪

ટી૦:—આત્માનું પોતાની બુદ્ધિમાં પ્રતિબિંબ ગ્રહણ કરવામાટે જેમણે પોતાની બુદ્ધિને બહારના વિષયોથી અસ્થિર ન થાય એવી સ્થિર કરી છે તે સ્થિતપ્રજ્ઞ. આ સ્થિતપ્રજ્ઞનેજ યોગશાસ્ત્રમાં સ્વાર્થસંયમી ને વેદાંતશાસ્ત્રમાં જીવન્મુક્ત કહેલ છે. પ્રાકૃત માણસમાં અને નિરોધ તથા વ્યુત્થાન એવી બે અવસ્થાવાળા સ્થિતપ્રજ્ઞમાં શી વિલક્ષણતા છે તે જાણવામાટે મંદવિરાગે આ શ્લોકમાં નીચેના ચાર પ્રશ્નો કર્યા છે:—૧ સમાધિમાં સ્થિર થયેલા સ્થિતપ્રજ્ઞને બીજા માણસો કયાં લક્ષણોથી જાણી શકે છે ? ૨ સમાધિથી વ્યુત્થાન–જાગ્રત્–ને પામેલા ચિત્તવાળા એ સ્થિતપ્રજ્ઞ પોતાની સ્તુતિનિંદામાં રાગદ્વેષપૂર્વક વા રાગદ્વેષરહિત કેવી રીતનાં વચનો બોલે છે ? ૩ વ્યુત્થાનાવસ્થામાંથી સમાધિમાં જવામાટે તે પોતાની બાહ્યેંદ્રિયોનો કેવી રીતે નિગ્રહ કરે છે ? અને ૪ બાહ્યેંદ્રિયોના નિગ્રહનો અભાવ હોય ત્યારે તે કેવી રીતે વિષયોને પામે છે? અર્થાત્ દૃશ્ય પદાર્થોનો ને તેમની ઇંદ્રિયોનો કેવો સંબંધ રહે છે ? કેશવ એ સંબોધનથી એમ સૂચવ્યું કે મનોનાશ કરનાર આપજ એ વાતને સરહસ્ય જાણો છો. ૫૪

સમાધિમાં સ્થિર થયેલા સ્થિતપ્રજ્ઞનું લક્ષણ કહે છે:—

श्रीभगवानुवाच ॥

प्रजहाति यदा कामान्, सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः, स्थितप्रज्ञस्तदोच्यते ॥ ५५ ॥

૫૦ ત૦ ૫૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **प्रजहाति** ત્યજી દે છે **यदा** જ્યારે **कामान्** ઇચ્છાઓને **सर्वान्** સર્વે **पार्थ** હે પાર્થ ! **मनोगतान्** મનમાં રહેલી **आत्मनि** આત્મામાં **एव** જ **आत्मना** આત્માવડે **तुष्टः** સંતોષ પામે છે **स्थितप्रज्ञः** સ્થિરબુદ્ધિવાળા **तदा** ત્યારે **उच्यते** કહેવાય છે. ૫૫

શ૦:—શ્રીભગવાન્ બોલ્યા:–' હે પાર્થ ! જ્યારે [તે સમાધિસ્થ પુરુષ પોતાના] મનમાં રહેલી સર્વે ઇચ્છાઓને ત્યજી દે છે, [અને] આત્મામાં આત્માવડેજ સંતોષ પામે છે ત્યારે

[તે સમાધિસ્થ પુરુષ] સ્થિતપ્રજ્ઞ (સ્થિરબુદ્ધિવાળો) કહેવાય છે. ૫૫

ટી૦:—સમાધિમાં સ્થિર થયેલા **સ્થિતપ્રજ્ઞ**નું લક્ષણ કહે છે:—જ્યારે ચિત્તમાં રહેલી સર્વ કામનાઓ એટલે ચિત્તની **પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા** ને **સ્મૃતિ** એ પાંચ પ્રકારની વૃત્તિઓને તે નિઃશેષ નિવૃત્ત કરે છે, ત્યારે તે **સ્થિતપ્રજ્ઞ** કહેવાય છે. પ્રત્યક્ષાદિ જ્ઞાનનું સાધન તે **પ્રમાણ**, પોતાના વાસ્તવિક સ્વરૂપમાં સ્થિત નહિ રહેનારું મિથ્યાજ્ઞાન તે **વિપર્યય**, શબ્દવડે ઉપજેલા જ્ઞાનપછી અવશ્ય ઉત્પન્ન થનારી વિષયરહિત વૃત્તિ તે **વિકલ્પ**, જાગ્રતની તથા સ્વપ્નની વૃત્તિઓના પ્રવિલયમાં કારણ જે તમસ્ છે તે તમસ્ જેનો વિષય છે તે **નિદ્રા**, અને પ્રમાણાદિવડે અનુભવેલા વિષયથી અધિકનું અગ્રહણ તે **સ્મૃતિ** કહેવાય છે. ઉક્તવૃત્તિઓ એ આત્માના સ્વાભાવિક ધર્મો નથી, પણ ચિત્તનાજ ધર્મો છે, માટે કારણરૂપ ચિત્તનો ત્યાગ કરવાથી તે સર્વનો ત્યાગ કરી શકાય છે. એ સમાધિમાં સ્થિર થયેલા **સ્થિતપ્રજ્ઞ**ને બાહ્યવિષયોનો અભાવ છતાં પણ અંતરમાં વૃત્તિરહિત ચિત્તમાં પરમાનંદ સ્ફુરવાથી પરમ સંતોષ અનુભવવામાં આવે છે તેથીજ તેમનું મુખ સુપ્રસન્ન જણાય છે. ૫૫

હવે નીચેના બે શ્લોકવડે બીજા પ્રશ્નનું ઊત્તર કહે છે:—

दुःखेष्वनुद्विग्नमनाः, सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः, स्थितधीर्मुनिरुच्यते ॥ ५६ ॥

૫૦ ત૦ ૫૦:—**दुःखेषु** દુઃખોમાં **अनुद्विग्नमनाः** ઉદ્વેગરહિત મનવાળા **सुखेषु** સુખોમાં **विगतस्पृहः** ઇચ્છાવિનાના **वीतरागभयक्रोधः** રાગ, ભય તથા ક્રોધ જેનાં નાશ પામ્યાં છે એવા **स्थितधीः** સ્થિરબુદ્ધિવાળા **मुनिः** મુનિ–મનનશીલ પુરુષ **उच्यते** કહેવાય છે. ૫૬

શ૦:—દુઃખોમાં ઉદ્વેગરહિત મનવાળા, [વિષયનાં] સુખોમાં ઇચ્છાવિનાના, [અને] રાગ, ભય તથા ક્રોધ જેનાં નાશ પામ્યાં છે એવા મુનિ સ્થિરબુદ્ધિવાળા કહેવાય છે. ૫૬

ટી૦:—આધ્યાત્મિક, (કામક્રોધાદિ માનસિક તથા જ્વરાદિ શારીરિક,) આધિભૌતિક (ચોરવ્યાઘ્રાદિથી ઉપજતું) અને આધિદૈવિક (અતિ-

વૃષ્ટિ, અનાવૃષ્ટિ ને અગ્નિ આદિથી ઉપજતું) એ ત્રણ પ્રકારનાં દુઃખોની પ્રાપ્તિમાં જેમનું મન પરિતાપને પામતું નથી, તથા નાનાપ્રકારનાં વિષયજન્ય સુખોમાં જે તૃષ્ણારહિત છે, તાત્પર્ય કે પ્રારબ્ધકર્માનુસાર મનુષ્યને સુખદુઃખની પ્રાપ્તિ થાય છે એવા વિવેકવડે જે સર્વદા પરિતાપ તથા તૃષ્ણાથી રહિત રહે છે, ને રાગ, (વિષયોને સુખદાતા માની તેમાં રહેતી મનની આસક્તિ,) ભય, (પ્રિય પદાર્થનો નાશ થશે એવા વિચારથી મનમાં ઉપજતો ત્રાસ,) અને ક્રોધ (પ્રિય પદાર્થના નાશને લીધે તે પદાર્થનો નાશ કરનાર-પર અંતઃકરણમાં ઉપજતો પરિતાપ) એ ત્રણે જેમનાં નાશ પામ્યાં છે એવો મનનશીલ પુરુષ **સ્થિતપ્રજ્ઞ** કહેવાય છે. આવા **સ્થિતપ્રજ્ઞ** પુરુષ અધિકારી જનોને ઉપદેશ કરવામાટે ઉદ્વેગરહિત, સ્પૃહારહિત તથા રાગ, ભય ને ક્રોધથી રહિત વચનો બોલે છે. ૫૬

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनंदति न द्वेष्टि, तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५७ ॥

પ૦ ત૦ પ૦:—**यः** જે **सर्वत्र** સર્વ ઠેકાણે-સર્વ પદાર્થોમાં **अनभिस्नेहः** સ્નેહરહિત **तत्** ને **तत्** તે **प्राप्य** પામીને **शुभाशुभम्** શુભાશુભ-પ્રિયાપ્રિય-[વિષય]ને **न** નથી **अभिनंदति** વખાણતા **न** નથી **द्वेष्टि** દ્વેષ કરતા **तस्य** તેની **प्रज्ञा** બુદ્ધિ **प्रतिष्ठिता** સ્થિર. ૫૭

શ૦:—જે [વિદ્વાન્ પુરુષ પ્રકૃતિથી ઉપજેલા] સર્વ પદાર્થોમાં સ્નેહરહિત [છે, તથા] તે તે પ્રિયાપ્રિય[વિષય]ને પામીને વખાણતા નથી, [તેમ] દ્વેષ કરતા નથી તેમની બુદ્ધિ સ્થિર [છે એમ જાણવું.] ૫૭

ટી૦:—સ્નેહ-અન્ય વસ્તુની હાનિવૃદ્ધિ પોતાને વિષે માની લેનારી મનોવૃત્તિ-પ્રેમ. આવો પ્રેમ જેનામાં નથી તે અનભિસ્નેહ. દેહાદિ અનાત્મ પદાર્થોમાં જે પ્રીતિથી રહિત છે, તથા પુણ્યકર્મરૂપ પ્રારબ્ધકર્મથી પ્રાપ્ત થયેલા પ્રિય પદાર્થોને જે હર્ષસહિત વખાણતા નથી, અને પાપરૂપ પ્રારબ્ધકર્મથી આવી મળેલા અપ્રિય પદાર્થોને પામીને જે દ્વેષસહિત તેની નિંદા કરતા નથી, એવા મુનિને **સ્થિતપ્રજ્ઞ** જાણવા. આવા મુનિ શુભાશુભ વિષયોની પ્રાપ્તિના સમયમાં પ્રશંસા તથા નિંદાનાં વચનો ઉચ્ચારતા નથી, પણ ઉદાસીનજ રહે છે. ૫૭

ત્રીજા પ્રશ્નનું ઉત્તર નીચેના છ શ્લોકથી કહેલું છે, તેમાં પ્રથમ પ્રારબ્ધકર્મથી સમાધિમાંથી જાગેલા એવા તે સ્થિતપ્રજ્ઞ

પુનઃ ઇંદ્રિયોને અંતર્મુખ કરી સમાધિમાટે યત્ન કરે છે એમ નિરૂપણ કરે છે:—

यदा संहरते चायं, कूर्मोऽङ्गानीव सर्वशः ।
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ५८ ॥

૫૦ ત૦ ૫૦:—**यदा** જ્યારે **संहरते** સંકોચી લે છે **च** ફરીથી **अयम्** આ **कूर्मः** કાચબો **अंगानि** અંગોને **इव** તેમ **सर्वशः** સર્વ **इंद्रियाणि** ઇંદ્રિયોને **इंद्रियार्थेभ्यः** ઇંદ્રિયોના વિષયોથી **तस्य** તેમની **प्रज्ञा** બુદ્ધિ **प्रतिष्ठिता** સ્થિર. ૫૮

શ૦:—[જેમ] કાચબો [પોતાનાં માથું ને પગ આદિ] અંગોને [અનાયાસે સંકોચી લે છે] તેમ આ [વિદ્વાન્ પુરુષ] જ્યારે [પોતાની] સર્વ ઇંદ્રિયોને ઇંદ્રિયોના વિષયોથી ફરીથી સંકોચી લે છે [ત્યારે] તેમની બુદ્ધિ સ્થિર [છે એમ જાણવું.] ૫૮

ટી૦:—જેમ કાચબો બીજાના ભયથી પોતાનાં અંગોને પોતાના શરીરમાં (ઢાલમાં) સંકોચી લે છે તેમ આ વિદ્વાન્ પુરુષ જ્યારે રાગાદિ દોષોની પ્રાપ્તિની બીકથી તથા લયવિક્ષેપાદિ સમાધિનાં વિઘ્નોની બીકથી પોતાની સર્વ ઇંદ્રિયોને તેમના વિષયોમાંથી નિગ્રહ કરી પુનઃ આત્મામાં સંકોચી લે છે ત્યારે તે પુરુષની પ્રજ્ઞા સ્થિર થઇ છે એમ જાણવું. ૫૮

રોગાદિથી વિષયોની નિવૃત્તિ થવાથી સ્થિતપ્રજ્ઞ થવાતું નથી એમ કહે છે:—

विषया विनिवर्तंते, निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य, परं दृष्ट्वा निवर्तते ॥ ५९ ॥

૫૦ ત૦ ૫૦:—**विषयाः** વિષયો **विनिवर्तंते** નિવૃત્ત થઇ જાય છે **निराहारस्य** આહાર નહિ કરનાર–ઇંદ્રિયોવડે વિષયોને ગ્રહણ નહિ કરી શકનાર **देहिनः** દેહાભિમાનીના–રોગી પુરુષના **रसवर्जं** આસક્તિ જતી નથી **रसः** આસક્તિ **अपि** પણ **अस्य** આની **परम्** પરમાત્માને **दृष्ट्वा** જોઇને–સાક્ષાત્કાર થવાથી **निवर्तते** જતી રહે છે. ૫૯

શ૦:—ઇંદ્રિયોવડે વિષયોને ગ્રહણ નહિ કરી શકનાર રોગી પુરુષના [શબ્દાદિક] વિષયો નિવૃત્ત થઇ જાય છે, [પણ તે

વિષયોમાંની] આસક્તિ જતી નથી, [અને] આ [સ્થિતપ્રજ્ઞ પુરુષ]ની [તો] પરમાત્માનો સાક્ષાત્કાર થવાથી આસક્તિ પણ જતી રહે છે. ૫૯

ટી૦:—શ્રોત્રાદિક ઇંદ્રિયોવડે શબ્દાદિ વિષયોને ગ્રહણ કરવામાં અસમર્થ એવા જે રોગાદિવાળા અજ્ઞાની પુરુષો છે તેમની ઇંદ્રિયો પોતપોતાના વિષયોથી પાછી વળેલી હોવાથી તેમના આગળથી વિષયો પાછા ફરી જાય છે–ઇંદ્રિયો પોતપોતાના વિષયો સમીપ આવ્યા છતાં પણ તેમને ગ્રહણ કરતી નથી, તોપણ તે અજ્ઞાનીઓના મનમાં ત્યારે પણ વિષયો ભોગવવાની આસક્તિ તો બની રહે છે, પણ આ સ્થિરબુદ્ધિવાળા પુરુષે તો પરમાત્માનો સાક્ષાત્કાર કરેલો હોવાથી તેના શબ્દાદિક વિષયો તથા તે વિષયોની આસક્તિ એ બંને નિવૃત્ત થઇ જાય છે. ૫૯

હવે બાહ્યેંદ્રિયોના નિગ્રહની આવશ્યકતા જણાવે છે:—

यततो ह्यपि कौंतेय, पुरुषस्य विपश्चितः ।
इंद्रियाणि प्रमाथीनि, हरंति प्रसभं मनः ॥ ६० ॥

પ૦ ત૦ પ૦:—यततः યત્ન કરનારા **हि** જ **अपि** પણ **कौंतेय** હે કુંતીના પુત્ર !–હે અર્જુન ! **पुरुषस्य** પુરુષના **विपश्चितः** વિવેકી **इंद्रियाणि** ઇંદ્રિયો **प्रमाथीनि** સર્વને મથી નાંખનારી **हरंति** હરે છે–ખેંચી જાય છે **प्रसभम्** બલાત્કારે **मनः** મનને. ૬૦

શ૦:—હે કૌંતેય ! યત્ન કરનારા વિવેકી પુરુષના મનને પણ સર્વને મથી નાંખનારી ઇંદ્રિયો બલાત્કારે [વિષયોભણી] ખેંચી જાય છેજ. ૬૦

ટી૦:—શબ્દાદિ વિષયોમાં અસત્યપણું આદિ અનંતદોષો રહેલા છે એવા અભ્યાસરૂપ યત્ન કરનારા વિવેકી પુરુષે ક્ષણમાત્ર વિકારરહિત કરેલા મનને પણ, વિવેકવિચારાદિ સર્વનો પરાભવ કરનાર આ શ્રોત્રાદિક ઇંદ્રિયો, વિષયો સમીપ આવવાથી બલાત્કારે તેના ભણી ખેંચી જાય છે, માટે સ્થિતપ્રજ્ઞ થવા ઇચ્છનારે બાહ્યેંદ્રિયોને સારી રીતે વશ રાખવી, એ દુષ્ટતર ઇંદ્રિયોનો લેશ પણ વિશ્વાસ ન કરવો. ૬૦

એ શ્રોત્રાદિ ઇંદ્રિયોને વશ કરવાનો ઉપાય કહે છે:—

तानि सर्वाणि संयम्य, युक्त आसीत मत्परः ।
वशे हि यस्येंद्रियाणि, तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६१ ॥

૫૦ ત૦ ૫૦:—**तानि** તે **सर्वाणि** સર્વને **संयम्य** વશ રાખી **युक्तः** ચિત્ત સ્થિર કરીને **आसीत** રહે-બેસે **मत्परः** હુંજ જેને શ્રેષ્ઠ છું એવો-મારો અનન્ય ભક્ત **वशे** વશ વર્તે છે **हि** કેમકે **यस्य** જેની **इंद्रियाणि** ઇંદ્રિયો **तस्य** તેની **प्रज्ञा** બુદ્ધિ **प्रतिष्ठिता** સ્થિર [થાય છે.] ૬૧

શ૦:—મારો અનન્ય ભક્ત તે સર્વને વશ રાખી ચિત્ત સ્થિર કરીને બેસે, કેમકે જેની ઇંદ્રિયો વશ વર્તે છે તેની બુદ્ધિ સ્થિર [થાય છે.] ૬૧

ટી૦:—અંતર્યામી પરમાત્માનો અનન્ય ભક્ત પાંચ જ્ઞાનેંદ્રિયોને તથા પાંચ કર્મેંદ્રિયોને સમ્યક્ પ્રકારે પોતાને વશ કરીને તથા મનનો નિગ્રહ કરીને સ્થિત થાય છે, અર્થાત્ બાહ્યાભ્યંતરની સર્વ ક્રિયાઓથી રહિત થઇ એકાગ્ર થાય છે. જે પંડિત પુરુષની ઇંદ્રિયો વશ વર્તે છે તેની બુદ્ધિ સ્થિરતાને પામે છે. ૬૧

બાહ્યેંદ્રિયોના નિગ્રહની સાથે મનોનિગ્રહની પણ આવશ્યકતા છે એમ પ્રતિપાદન કરે છેઃ—

ध्यायतो विषयान्पुंसः, संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः, कामात्क्रोधोऽभिजायते ॥६२॥
क्रोधाद्भवति संमोहः, संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो, बुद्धिनाशात्प्रणश्यति ॥ ६३ ॥

૫૦ ત૦ ૫૦:—**ध्यायतः** ધ્યાન કરનારા **विषयान्** વિષયોનું **पुंसः** પુરુષને **संगः** સંગ-આસક્તિ **तेषु** તેઓમાં **उपजायते** ઉપજે છે **संगात्** સંગથી **संजायते** ઉત્પન્ન થાય છે **कामः** કામના **कामात्** કામનાથી **क्रोधः** ક્રોધ **अभिजायते** ઉત્પન્ન થાય છે **क्रोधात्** ક્રોધથી **भवति** થાય છે **संमोहः** સંમોહ **संमोहात्** સંમોહથી **स्मृतिविभ्रमः** સ્મૃતિનો નાશ **स्मृतिभ्रंशात्** સ્મૃતિના નાશથી **बुद्धिनाशः** બુદ્ધિનો નાશ **बुद्धिनाशात्** બુદ્ધિના નાશથી **प्रणश्यति** નાશ પામે છે. ૬૨-૬૩

શ૦:—વિષયોનું ધ્યાન કરનારા પુરુષને તેઓમાં (વિષયોમાં) સંગ ઉપજે છે. સંગથી કામના ઉત્પન્ન થાય છે, કામનાથી ક્રોધ ઉત્પન્ન થાય છે, ક્રોધથી સંમોહ ઉપજે છે, સંમોહથી સ્મૃતિનો નાશ, સ્મૃતિના નાશથી બુદ્ધિનો નાશ, [અને] બુદ્ધિના નાશથી [પુરુષ નાશ] પામે છે. ૬૨–૬૩

ટી૦:—બાહ્યેંદ્રિયોને વશ કરીને પણ રાગદ્વેષવાળા મનથી જે પુરુષ વારંવાર શબ્દાદિક વિષયોનું ચિંતન કરે છે તેને તે શબ્દાદિ વિષયોમાં આ વિષયો મારા સુખના સાધનરૂપ છે એવી આસક્તિ ઉપજે છે. આવી આસક્તિ ઉપજવાથી હવે આ વિષયો મને ક્યારે પ્રાપ્ત થશે એવી આતુરતા તેને ઉપજે છે. એ આતુરતામાં કોઇ વિઘ્ન કરે તો તે વિઘ્ન કરનારાપર તેને ચિત્તના પરિતાપરૂપ દ્વેષ ઉપજે છે. એ દ્વેષના આવિર્ભાવથી તેના મનમાં કાર્યાકાર્યના વિવેકના અભાવરૂપ સંમોહ ઉપજે છે. એ સંમોહવડે **શ્રીસદ્‌ગુરુએ** તથા **શ્રીશ્રુતિ**-ભગવતીએ કરેલા ઉપદેશના અનુસંધાનરૂપ સ્મૃતિનો નાશ થાય છે. એવી સ્મૃતિના નાશથી આત્માકાર ચિત્તવૃત્તિરૂપ બુદ્ધિનો નાશ થાય છે, અને બુદ્ધિનો નાશ થવાથી સર્વ પુરુષાર્થની અયોગ્યતાની પ્રાપ્તિરૂપ પુરુષનો નાશ થાય છે, માટે અધિકારીએ પોતાના મનનો નિગ્રહ કરવો આવશ્યક છે. ૬૨–૬૩

હવે ચોથા પ્રશ્નનું ઉત્તર આઠ શ્લોકોથી કહેવું છે તેમાં પ્રથમ સુદૃઢ મનોનિગ્રહવાળાને બાહ્યેંદ્રિયો અડચણ કરી શકતી નથી એમ પ્રતિપાદન કરે છે:—

रागद्वेषवियुक्तैस्तु, विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा, प्रसादमधिगच्छति ॥ ६४ ॥

પ૦ ત૦ પ૦:—**रागद्वेषवियुक्तैः** રાગદ્વેષરહિત **तु** તો **विषयान्** વિષયોને **इन्द्रियैः** ઇંદ્રિયોવડે **चरन्** ગ્રહણ કરતો [છતો] **आत्मवश्यैः** પોતાના મનને અધીન એવી **विधेयात्मा** વશ રાખેલા મનવાળો **प्रसादम्** ચિત્તની નિર્મલતાને **अधिगच्छति** પામે છે. ૬૪

શ૦:—વશ રાખેલા મનવાળો [પુરુષ] તો રાગદ્વેષરહિત [તથા] પોતાના મનને અધીન એવી ઇંદ્રિયોવડે વિષયોને ગ્રહણ કરતો [છતો] ચિત્તની નિર્મલતાને પામે છે. ૬૪

ટી૦:—અભ્યાસ તથા વૈરાગ્યવડે જેણે પોતાના મનનો સુદૃઢ નિગ્રહ કરેલો છે એવો પુરુષ પોતાના પ્રારબ્ધથી થતી શાસ્ત્રવિહિત શબ્દાદિ વિષયોની પ્રતીતિમાત્રથી પુરુષાર્થથી ભ્રષ્ટ થતો નથી, કેમકે તેની ઇંદ્રિયોએ પોતપોતાના વિષયમાંથી રાગદ્વેષ ત્યજ્યો છે, તથા તેઓ ચિત્તને અધીન થઇ રહી છે. આવી રીતે ચિત્તની નિર્મલતાને પમાડનારો રાગદ્વેષવિનાનો જ્ઞાની મહાત્માનો વ્યવહાર છે. ૬૪

ચિત્તની નિર્મલતાથી થનારા ફલને કહે છે:—

प्रसादे सर्वदुःखानां, हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु, बुद्धिः पर्यवतिष्ठते ॥ ६५ ॥

પ૦ ત૦ પ૦:—**प्रसादे** ચિત્તની નિર્મલતાથી **सर्वदुःखानाम्** સર્વ દુઃખોનો **हानिः** નાશ **अस्य** આ[પુરુષ]નાં **उपजायते** થાય છે **प्रसन्नचेतसः** નિર્મલ ચિત્તવાળાની **हि** કારણકે **आशु** તુરતજ **बुद्धिः** બુદ્ધિ **पर्यवतिष्ठते** સ્થિર થાય છે. ૬૫

શ૦:—ચિત્તની નિર્મલતાથી આ[પુરુષ]નાં સર્વ દુઃખોનો નાશ થાય છે, કારણકે નિર્મલ ચિત્તવાળાની બુદ્ધિ તુરતજ સ્થિર થાય છે. ૬૫

ટી૦:—ચિત્તની નિર્મલતા થવાથી તેમાં રહેલા જ્ઞાનના પ્રતિબંધક જે સંશયવિપર્યય તે નાશ પામે છે એટલે ચિત્ત સ્થિર થાય છે. ચિત્ત સ્થિર થવાથી ચિત્તને આત્માકાર નહિ થવા દેનારું જે અજ્ઞાન તે નાશ પામે છે, અને અજ્ઞાનની નિવૃત્તિ થવાથી અજ્ઞાનના કાર્યરૂપ જે આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક દુઃખો છે તે પણ નાશ પામે છે. એમ પરંપરાવડે ચિત્તની નિર્મલતાથી સર્વ દુઃખોની હાનિ થાય છે, કેમકે નિર્મલ ચિત્તવાળા પુરુષની આત્મા તથા બ્રહ્મનાં અભેદને વિષય કરનારી બુદ્ધિ શીઘ્રજ સ્થિર થાય છે. ૬૫

અશાંત પુરુષને સુખની પ્રાપ્તિ થતી નથી એમ પ્રતિપાદન કરે છે:—

नास्ति बुद्धिरयुक्तस्य, न चायुक्तस्य भावना ।
न चाभावयतः शांतिरशांतस्य कुतः सुखम् ॥ ६६ ॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **अस्ति** ઉપજતી **बुद्धिः** બુદ્ધિ **अयुक्तस्य** ચિત્તને વશ કર્યું નથી તેને **न** [ઉપજતી] નથી **च** તથા **अयुक्तस्य** ચિત્તને વશ કર્યું નથી તેને **भावना** ભાવના—વિજાતીયવૃત્તિઓના અંતરાયથી રહિત સજાતીયવૃત્તિઓના પ્રવાહરૂપ નિદિધ્યાસ **न** [ઉત્પન્ન થતી] નથી **च** અને **अभावयतः** ભાવનારહિત[પુરુષ]ને **शान्तिः** શાંતિ **अशान्तस्य** શાંતિરહિત[પુરુષ]ને **कुतः** ક્યાંથી **सुखम्** સુખ. ૬૬

શ૦:—ચિત્તને વશ કર્યું નથી તે[પુરુષ]ને બુદ્ધિ ઉપજતી નથી, તથા ચિત્તને વશ કર્યું નથી તેને ભાવના [ઉત્પન્ન થતી] નથી, અને ભાવનારહિત[પુરુષ]ને શાંતિ [ઉત્પન્ન થતી] નથી, શાંતિરહિત[પુરુષ]ને સુખ ક્યાંથી ? ૬૬

ટી૦:—મનનો જેણે નિગ્રહ કર્યો નથી એવા અયુક્ત પુરુષને આત્માને વિષય કરી શકે એટલે આત્માને જાણી શકે એવી બુદ્ધિ ઉપજતી નથી, ને તેથી એવા અયુક્ત પુરુષને નિદિધ્યાસરૂપ ભાવના પણ ઉત્પન્ન થતી નથી, અને નિદિધ્યાસવિનાના પુરુષને બ્રહ્મના સાક્ષાત્કારરૂપ શાંતિ પણ પ્રાપ્ત થતી નથી, ને એવી શાંતિવિના તેને કૈવલ્યના આનંદરૂપ સુખ ક્યાંથી હોય ? નજ હોય. ૬૬

અયુક્ત પુરુષમાં ઉક્ત બુદ્ધિ ન ઉપજવાનું કારણ કહે છે:—

इन्द्रियाणां हि चरतां, यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां, वायुर्नावमिवाम्भसि ॥ ६७ ॥

પ૦ ત૦ પ૦:—**इन्द्रियाणां** ઇંદ્રિયોમાંની **हि** કારણકે **चरताम्** [પોતપોતાના વિષયોમાં] ભટકતી **यत्** જે [એક ઇંદ્રિયની સાથે] **मनः** મન **अनुविधीयते** જોડાય છે **तत्** તે [એક ઇંદ્રિય પણ] **अस्य** આ[સાધકપુરુષ]ની **हरति** હરે છે—ખેંચી જાય છે **प्रज्ञाम्** બુદ્ધિને **वायुः** [પ્રતિકૂલ] વાયુ **नावम्** નાવને **इव** જેમ **अम्भसि** જલમાં. ૬૭

શ૦:—કારણકે [પોતપોતાના વિષયોમાં] ભટકતી

ઇંદ્રિયોમાંની જે [એક ઇંદ્રિયની સાથે] મન જોડાય છે તે [એક ઇંદ્રિય પણ] આ [સાધક પુરુષ]ની બુદ્ધિને ખેંચી જાય છે, જેમ જલમાં [રહેલા] નાવને [પ્રતિકૂલ] વાયુ [ખેંચી જાયછે તેમ.] ૬૭

ટી૦:—જેમ જલમાં રહેલા વહાણને પ્રતિકૂલ વાયુ પાષાણાદિકપર લઇ જઈ તેનો નાશ કરે છે, પણ પૃથ્વીપર રહેલા વહાણને તે પ્રતિકૂલ વાયુ અડચણ કરી શકતો નથી, તેમ મન ચંચલ હોવાથીજ એક ઇંદ્રિય પણ સાધક પુરુષની પ્રજ્ઞાનો બહિર્મુખપણાવડે નાશ કરે છે. મન સ્થિર હોય તો તે ઇંદ્રિય પ્રજ્ઞાનો નાશ કરી શકે નહિ, તાત્પર્ય કે જ્યારે એક ઇંદ્રિય પણ રાગદ્વેષયુક્ત મનના સાહાય્યથી પ્રજ્ઞાનો નાશ કરે છે ત્યારે સર્વ ઇંદ્રિયો તેના સાહાય્યથી પ્રજ્ઞાનો નાશ કરે એમાં શું આશ્ચર્ય ? કાંઇજ નહિ. ૬૭

तस्माद्यस्य महाबाहो, निगृहीतानि सर्वशः ।
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ६८ ॥

પ૦ ત૦ પ૦:—तस्मात् તેથી **यस्य** જેની **महाबाहो** હે મોટી ભુજાવાળા !–હે અર્જુન ! **निगृहीतानि** રોકેલી છે **सर्वशः** સર્વ **इंद्रियाणि** ઇંદ્રિયો **इंद्रियार्थेभ्यः** ઇંદ્રિયોના વિષયોભણીથી **तस्य** તેની **प्रज्ञा** બુદ્ધિ **प्रतिष्ठिता** સ્થિર. [થાય છે.] ૬૮

શ૦:–તેથી હે મહાબાહો ! જેની સર્વ ઇંદ્રિયો ઇંદ્રિયોના વિષયોભણીથી રોકેલી છે તેની બુદ્ધિ સ્થિર [થાય છે.] ૬૮

ટી૦:—બહિર્મુખ થયેલી ઇંદ્રિયો મોક્ષસાધકની પ્રજ્ઞાનો નાશ કરે છે માટે સાધકે અવશ્ય એ સર્વ ઇંદ્રિયોને તેમના વિષયોથી પાછી વાળીને રોકવી. આમ ઇંદ્રિયોનો નિગ્રહ કરવાથીજ તેની પ્રજ્ઞાનું સુસ્થિરપણું થાય છે, અન્યથા તેની પ્રજ્ઞાનું સુસ્થિરપણું થતું નથી. મંદવિરાગને મહાબાહો એવું સંબોધન કરી તેને પ્રોત્સાહન કર્યું કે તું તો સર્વ ઇંદ્રિયોનો નિગ્રહ કરી શકવામાં સમર્થ છે. ૬૮

સ્થિતપ્રજ્ઞમાં ઇંદ્રિયોનો નિગ્રહ સ્વભાવસિદ્ધ હોય છે એમ જણાવે છે:—

या निशा सर्वभूतानां, तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि, सा निशा पश्यतो मुनेः ॥६९॥

પ૦ ત૦ પ૦:—**યા** જે **નિશા** રાત્રિ **સર્વભૂતાનામ્** સર્વ [અજ્ઞાની] મનુષ્યોની **તસ્યામ્** તેમાં **જાગર્તિ** જાગે છે **સંયમી** [ઇંદ્રિયોના] સંયમવાળો–યોગી **યસ્યામ્** જેમાં **જાગ્રતિ** જાગે છે **ભૂતાનિ** [સર્વ અજ્ઞાની] મનુષ્યો **સા** તે **નિશા** રાત્રિ **પશ્યતઃ** આત્મદર્શી **મુનેઃ** મુનિની. ૬૯

શ૦:—જે [પ્રજ્ઞા] સર્વ [અજ્ઞાની] મનુષ્યોની રાત્રિ [છે] તેમાં યોગી જાગે છે, [ને] જે[અવિદ્યારૂપ રાત્રિ]માં [સર્વ અજ્ઞાની] મનુષ્યો જાગે છે તે [અવિદ્યા] આત્મદર્શી મુનિની રાત્રિ [છે.] ૬૯

ટી૦:—જેમ લોકપ્રસિદ્ધ દિવસ એ કાગડાઓનો દિવસ છે. અને ઘૂવડાની રાત્રિ છે, તથા લોકપ્રસિદ્ધ રાત્રિ એ ઘૂવડાનો દિવસ છે, અને કાગડાઓની રાત્રિ છે; તેમ અનંતકોટિ સૂર્યોના પ્રકાશજેવું જે શાંત અને સુખમય પ્રકાશરૂપ બ્રહ્મ એ દિવસ છે, તે બ્રહ્મસ્વરૂપને વિષે મનસહિત ઇંદ્રિયોનો જેમણે નિગ્રહ કરેલો છે એવા યોગી પુરુષો જાગે છે. માટે તે તેમનો દિવસ છે, ને બીજા અજ્ઞાનીઓને તે સ્વરૂપનો અનુભવ નહિ થવાને લીધે તેઓ તેમાં સૂતા છે, એટલે તે તેમને રાત્રિરૂપ છે; અને દ્વૈતદર્શનરૂપ અવિદ્યા એ અંધકારમય રાત્રિ છે, તેમાં અજ્ઞાની પ્રાણીઓ જાગે છે, માટે તે તેમનો દિવસ છે, ને મુનિજનોના હૃદયમાંથી તે અવિદ્યાનો નિઃશેષ નાશ થઇ ગયેલો હોવાથી તેઓ તે અવિદ્યામાં સૂતા–ભેદભાવનાથી રહિત–છે, એટલે તે તેઓની રાત્રિ છે. આમ એકેકનો પરસ્પર ઊલટો વ્યવહાર હોવાથી જ્ઞાનીઓની દૃષ્ટિએ અજ્ઞાનીઓ જડ, ઉન્મત્ત ને પિશાચજેવા દેખાય, અને અજ્ઞાનીઓની દૃષ્ટિએ જ્ઞાનીઓ પણ એવાજ દેખાય એ ઊઘાડુંજ છે. બ્રહ્મનો એવી રીતે અનુભવ કરવામાટે સાધકને પોતાની ઇંદ્રિયોનો નિગ્રહ પ્રયત્નથી કરવો પડે છે, અને બ્રહ્મવેત્તા પુરુષને તો એ ઇંદ્રિયનિગ્રહ સ્વભાવસિદ્ધ હોય છે. ૬૯

જ્ઞાનીઓના સર્વ વિક્ષેપોની શાંતિ પણ સ્વભાવસિદ્ધ છે એમ ઉદાહરણ આપીને સમજાવે છે:—

आपूर्यमाणमचलप्रतिष्ठं, समुद्रमापः प्रविशंति यद्वत् ।
तद्वत्कामा यं प्रविशंति सर्वे, स शांतिमाप्नोति न कामकामी ॥७०॥

૫૦ ત૦ ૫૦:—आपूर्यमाणम् ચારે ભણીથી [સર્વ નદીઓવડે] પૂર્ણ થયેલા **अचलप्रतिष्ठम्** [પોતાની સીમામાં] અચલ રહેનારા **समुद्रम्** સમુદ્રપ્રતિ **आपः** [વરસાદનું] જલ **प्रविशंति** પ્રવેશ કરે છે **यद्वत्** જેવી રીતે **तद्वत्** તેવી રીતે **कामाः** વિષયો **यम्** જે [પુરુષ]માં **प्रविशंति** પ્રવેશ કરે છે **सर्वे** સર્વ **सः** તે **शांतिम्** શાંતિને **आप्नोति** પામે છે **न** [શાંતિને પામતો] નથી **कामकामी** વિષયોની ઇચ્છાવાળો. ૭૦

શ૦:—જેવી રીતે ચારે ભણીથી [સર્વ નદીઓવડે] પૂર્ણ થયેલા [તથા પોતાની સીમામાં] અચલ રહેનારા સમુદ્રપ્રતિ [વરસાદનું] જલ પ્રવેશ કરે છે તેવી રીતે જે [પુરુષ]માં સર્વ વિષયો પ્રવેશ કરે છે તે શાંતિને પામે છે, વિષયોની ઇચ્છાવાળો [શાંતિને પામતો] નથી. ૭૦

ટી૦:—આખી પૃથ્વીપરના મહાન્ નદ તથા નદીઓના જલવડે ચારે ભણીથી પૂર્ણ ભરાયેલા સમુદ્રમાં વરસાદ આદિથી ઉત્પન્ન થયેલું બધું જલ પ્રવેશ કરે છે. છતાં જેમ તે સમુદ્ર પોતાની મર્યાદાનો ત્યાગ કર્યા વિના એટલે અચલપ્રતિષ્ઠ રહે છે. અર્થાત્ એ મહાન્ ગંભીર સમુદ્રમાં તે સર્વ જલ પ્રવેશ કરે છે, પરંતુ તે જલોના પ્રવેશથી તે સમુદ્ર સહજ પણ ક્ષોભ પામતો નથી, તેમ નિર્વિકારરૂપે સ્થિર રહેલા યોગીમાં અજ્ઞાનીઓના તૃષ્ણાના વિષય જે શબ્દાદિક વિષયો તે પ્રારબ્ધકર્મથી પ્રાપ્ત થાય તોપણ તે તેને વિકાર કરી શકતા નથી. એવા એ નિઃસ્પૃહ યોગીનેજ સર્વ વિક્ષેપોની નિવૃત્તિરૂપ શાંતિની પ્રાપ્તિ થાય છે, તૃષ્ણાવાળા વિષયાસક્ત પુરુષને તે શાંતિની પ્રાપ્તિ થતી નથી. ૭૦

પ્રાપ્ત થયેલા વિષયોનો પરિત્યાગ કરવાથી શાંતિ મળે છે એમ પ્રતિપાદન કરે છે:—

विहाय कामान्यः सर्वान्, पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहंकारः, स शांतिमधिगच्छति ॥ ७१ ॥

૫૦ ત૦ ૫૦:—विहाय ત્યજીને **कामान्** કામનાઓને **यः** જે **सर्वान्** સર્વ **पुमान्** પુરુષ **चरति** વિચરે છે ફરે છે **निःस्पृहः** ઇચ્છા

રહિત **निर्ममः** મમતારહિત-મારૂં એવો ભાવ જેને નથી ગયો છે એવો **निरहंकारः** અહંકારથી રહિત **सः** તે **शांतिम्** શાંતિને **अधिगच्छति** પામે છે. ૭૧

શ૦:—જે પુરુષ સર્વ કામનાઓને ત્યજીને ઇચ્છારહિત, મમતારહિત [ને] અહંકારરહિત [થઇ] વિચરે છે તે શાંતિને પામે છે. ૭૧

ટી૦:—પ્રકૃતિથી ઉપજેલા સર્વ માયિક પદાર્થોની તૃષ્ણાનો ત્યાગ કરી, શરીરાદિના જીવનમાં પણ સ્પૃહા નહિ રાખી, દશ્યાદશ્ય માયિક પદાર્થોની મમતા મુકી, ને શરીરાદિમાંથી પણ હુંપણાનો ત્યાગ કરી જે સ્વેચ્છાથી વિચરે છે, અર્થાત્ જેની બુદ્ધિ સર્વત્ર નિર્લિપ્ત છે તે પુરુષ અવિદ્યાની નિવૃત્તિરૂપ શાંતિને-મોક્ષને-પામે છે. ૭૧

હવે સાંખ્યનિષ્ઠાના ફલનું નિરૂપણ કરે છે:—

एषा ब्राह्मी स्थितिः पार्थ, नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वाऽस्यामंतकालेऽपि, ब्रह्म निर्वाणमृच्छति ॥ ७२ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे सांख्ययोगो नाम द्वितीयोऽध्यायः ॥२॥

પદચ્છેદ તથા પદાર્થ:—एषा આ **ब्राह्मी** બ્રહ્મનિષ્ઠારૂપ **स्थितिः** સ્થિતિ **पार्थ** હે પાર્થ ! **न** નથી **एनाम्** એને **प्राप्य** પામીને **विमुह्यति** મોહ પામતો **स्थित्वा** રહીને **अस्याम्** આ [સ્થિતિ]માં **अंतकाले** અંતકાલમાં **अपि** પણ **ब्रह्म** બ્રહ્મને **निर्वाणम्** નિર્વાણ—આનંદ-રૂપ **ऋच्छति** પામે છે. ૭૨

શબ્દાર્થ:—હે પાર્થ ! આ બ્રાહ્મી સ્થિતિ [છે.] એ [સ્થિતિ]ને પામીને [પુરુષ] મોહ પામતો નથી. આ [સ્થિતિ]માં અંતકાલમાં રહીને પણ [પુરુષ] નિર્વાણરૂપ બ્રહ્મ-મોક્ષ-ને પામે છે.' ૭૨

ટીકા:—પરમાત્માના જ્ઞાનરૂપ આ બ્રાહ્મી સ્થિતિને પામીને કોઇ પણ પુરુષ પુનઃ અજ્ઞાનને પામતો નથી, કેમકે અજ્ઞાન ઉત્પત્તિથી રહિત હોવાને લીધે એક વાર તેનો જ્ઞાનથી નાશ થાય એટલે ફરીને તે ઉપજી શકતું નથી.

એવી બ્રહ્મનિષ્ઠારૂપ સ્થિતિ કોઇને મરણસમયે પ્રાપ્ત થાય તો તે પણ આનંદરૂપ બ્રહ્મને પામે છે, તો જેઓ ચિરકાલથી એ સ્થિતિમાં રમણ કરતા હોય તે આનંદરૂપ બ્રહ્મને પામે એમાં શું આશ્ચર્ય ? કાંઇ નહિ. ૭૨

इति श्रीमन्नथुरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्य-
दीपिकाख्यायां द्वितीयोऽध्यायः ॥ २ ॥

॥ ॐ ॥

અધ્યાય ૩ જો.

કર્મયોગ.

જ્ઞાનયોગનું અત્યંત શ્રેષ્ઠપણું સાંભળી અર્જુન કર્મયોગમાં પોતાની ઉપેક્ષા બતાવે છે:—

अर्जुन उवाच ॥

ज्यायसी चेत्कर्मणस्ते, मता बुद्धिर्जनार्दन ।
तत्किं कर्मणि घोरे मां, नियोजयसि केशव ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થ:—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **ज्यायसी** શ્રેષ્ઠ **चेत्** જો **कर्मणः** કર્મથી **ते** તમે **मता** માનેલ છે **बुद्धिः** [પરમાત્માના જ્ઞાનવાળી] બુદ્ધિ–જ્ઞાન **जनार्दन** હે શ્રીકૃષ્ણ ! **तत्** તો પછી **किम्** શામાટે **कर्मणि** કર્મમાં **घोरे** ઘોર **माम्** મને **नियोजयसि** જોડો છો **केशव** હે કેશવ ! ૧

શબ્દાર્થ:—અર્જુન બોલ્યા:–'હે જનાર્દન ! જો તમે કર્મથી જ્ઞાન શ્રેષ્ઠ માનેલ છે, તો પછી હે કેશવ ! [આ] ઘોર કર્મમાં મને શામાટે જોડો છો ? ૧

ટીકા:—જનાર્દન–ઇચ્છિત પદાર્થોની પ્રાપ્તિમાટે મનુષ્યોએ જેની યાચના કરાય છે તે–આત્મા. કેશવનો અર્થ પૂર્વે કહેવાઇ ગયો છે. જો નિષ્કામ-

કર્મોથી પરમાત્મતત્ત્વને વિષય કરનારું જ્ઞાન અત્યંત શ્રેષ્ઠ છે એમ તમારો મત છે તો પછી આ હિંસાદિક અનેક પાપ અને પ્રયત્નવાળા યુદ્ધરૂપ ભયંકર કર્મમાં 'તારો નિષ્કામકર્મો કરવાવિષેજ અધિકાર છે' એમ કહી વારે વારે શામાટે પ્રેરણા કરો છો? એમ મંદવિરાગ આત્માપ્રતિ કહે છે. હું તમારો અત્યંત ભક્ત હોઇને પ્રાર્થનાપૂર્વક શરણે થયો છું, તો મને જે યોગ્ય હોય તેજ આપે કહેવું જોઇએ. ૧

અર્જુન પ્રાર્થના કરે છે કે મારી બુદ્ધિને મોહ નહિ પમાડતાં જેમાં મારું શ્રેય રહ્યું હોય તેજ આપે મને કહેવું જોઇએ:—

व्यामिश्रेणेव वाक्येन, बुद्धिं मोहयसीव मे ।
तदेकं वद निश्चित्य, येन श्रेयोऽहमाप्नुयाम् ॥ २ ॥

પ૦ ન૦ પ૦:—**व्यामिश्रेण** મિશ્ર **इव** જેવા **वाक्येन** વચનવડે **बुद्धिम्** બુદ્ધિને **मोहयसि** મોહ પમાડો છો **इव** જાણે **मे** મારી **तत्** તે **एकम्** એક[અધિકાર]ને **वद** કહો **निश्चित्य** નિશ્ચય કરીને **येन** જેવડે **श्रेयः** મોક્ષને **अहम्** હું **आप्नुयाम्** પામું. ૨

શ૦:—મિશ્રજેવા વચનવડે મારી બુદ્ધિને જાણે મોહ પમાડો છો. તે એક[અધિકાર]ને નિશ્ચય કરીને કહો, [કે] જેવડે હું મોક્ષને પામું.' ૨

ટી૦:—આપનાં કેટલાંક વચનો પ્રવૃત્તિમાર્ગનાં એટલે કર્મનાં બોધક છે, અને કેટલાંક વચનો નિવૃત્તિમાર્ગનાં એટલે જ્ઞાનનાં બોધક છે. આ બંને પ્રકારનાં વાક્યો જોકે ભિન્ન ભિન્ન વિષયનું પ્રતિપાદન કરે છે તોપણ મારો શામાં અધિકાર છે તે મને નહિ સમજાયાથી તે વચનો મને મિશ્ર વચનોનાં જેવાં પ્રતીત થાય છે. કર્મ અને જ્ઞાન એ બેનો સમુચ્ચય (બંને સાથે કરવાં તે) કે વિકલ્પ (બેમાંથી એક કરવું તે) મોક્ષમાટે સંભવતા નથી, પણ અધિકારપ્રમાણે તે બેમાંનું એક સંભવે છે, માટે મારો એ બેમાંથી શામાં અધિકાર છે તે આપ નિશ્ચય કરીને મને કહો. કે જેથી હું તેનું યથાવિધિ અનુષ્ઠાન કરી મોક્ષને પામું. ૨

પૂછેલા પ્રશ્નનું શ્રીકૃષ્ણ ઉત્તર આપે છે:—

श्रीभगवानुवाच ॥

लोकेऽस्मिन्द्विविधा निष्ठा, पुरा प्रोक्ता मयाऽनघ ।
ज्ञानयोगेन सांख्यानां, कर्मयोगेन योगिनाम् ॥ ३ ॥

પ૦ ત૦ પ૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **लोके** લોકમાં **अस्मिन्** આ **द्विविधा** બે પ્રકારની **निष्ठा** નિષ્ઠા **पुरा** પૂર્વ [અધ્યાયમાં] **प्रोक्ता** કહી **मया** મેં **अनघ** હે પાપરહિત ! હે અર્જુન ! **ज्ञानयोगेन** જ્ઞાનયોગે કરીને **सांख्यानां** તત્ત્વજ્ઞાનીઓની **कर्मयोगेन** કર્મયોગવડે **योगिनाम्** કર્મયોગીઓની. ૩

શ૦:—શ્રીભગવાન્ બોલ્યા:—'હે પાપરહિત ! (અર્જુન !) આ લોકમાં પૂર્વ [અધ્યાયમાં] મેં બે પ્રકારની નિષ્ઠા કહી [હતી, તેમાં] તત્ત્વજ્ઞાનીઓની જ્ઞાનરૂપ યોગે કરીને [તે નિષ્ઠા કહી હતી, અને] કર્મયોગીઓની કર્મરૂપ યોગવડે [તે નિષ્ઠા કહી હતી.] ૩

ટી૦:—પરમાત્માને વિષય કરનારી બુદ્ધિ તે સાંખ્યા, ને તે બુદ્ધિને જે પામે છે તે સાંખ્ય એટલે તત્ત્વજ્ઞાની. અધિકારી પુરુષના શુદ્ધ અંતઃકરણવાળા અને અશુદ્ધ અંતઃકરણવાળા એવા બે ભેદ છે, તેમાં પ્રથમના અધિકારીને માટે જ્ઞાનનિષ્ઠા છે, ને બીજા અધિકારીમાટે નિષ્કામકર્મ છે. જ્ઞાનયોગવડે અધિકારી બ્રહ્મની સાથે જોડાય છે, અને કર્મયોગવડે તેનો અધિકારી ચિત્તની શુદ્ધિસાથે જોડાય છે. મંદવિરાગને અનઘ એવું સંબોધન કરી એમ સૂચવ્યું કે તું ઉપદેશ સાંભળવાને અનધિકારી નથી, પણ અધિકારી છે. ૩

નિષ્કામકર્મોવિના જ્ઞાન ઉપજતું નથી એમ પ્રતિપાદન કરે છે:—

न कर्मणामनारंभान्, नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च संन्यसनादेव, सिद्धिं समधिगच्छति ॥ ४ ॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **कर्मणाम्** [નિષ્કામ]કર્મોના **अनारंभात्** ન આરંભવાથી **नैष्कर्म्यम्** નિષ્કર્મભાવને **पुरुषः** [અધિકારી] પુરુષ **अश्नुते** પામતો **न** નથી **च** અને **संन्यसनात्** સંન્યાસથી **एव** પણ **सिद्धिम्** સિદ્ધિ—જ્ઞાન—ને **समधिगच्छति** પામતો. ૪

શ૦ઃ—[નિષ્કામ]કર્મોના ન આરંભવાથી [અધિકારી] પુરુષ નિષ્કર્મભાવને પામતો નથી, અને [માત્ર] સંન્યાસથી પણ સિદ્ધિને (જ્ઞાનને) પામતો નથી. ૪

ટી૦ઃ—અશુદ્ધ અંતઃકરણવાળો અધિકારી પુરુષ નિષ્કામકર્મો ન કરે તો તેથી તે કર્મોથી રહિતપણારૂપ નિષ્કર્મભાવને-મોક્ષને-પામી શકતો નથી, અને નિષ્કામકર્મોથી ચિત્તની શુદ્ધિ કર્યા વિના માત્ર ઔત્સુક્યથી સંન્યાસનાં ચિહ્ન ધારણ કરે તો તેથી તે મોક્ષને પમાડનારી જ્ઞાનનિષ્ઠારૂપ સિદ્ધિને નહિ પામતાં માત્ર દોષનોજ ભાગી થાય છે. ૪

ચિત્તશુદ્ધિવિના પુરુષ બહિર્મુખ રહે છે એમ નિરૂપણ કરે છેઃ—

न हि कश्चित्क्षणमपि, जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म, सर्वः प्रकृतिजैर्गुणैः ॥ ५ ॥

પ૦ ત૦ પ૦ઃ—**न** નથી **हि** નિશ્ચય **कश्चित्** કોઈ પણ [અજ્ઞાની પુરુષ] **क्षणम्** ક્ષણ **अपि** પણ **जातु** કદી **तिष्ठति** રહી શકતો **अकर्मकृत्** કર્મ કર્યા વિના **कार्यते** કરાવે છે **हि** કારણકે **अवशः** પરતંત્ર **कर्म** કર્મ **सर्वः** બધા [અજ્ઞાની પુરુષોપાસે] **प्रकृतिजैः** પ્રકૃતિથી ઉપજેલા **गुणैः** ગુણોવડે. ૫

શ૦ઃ—નિશ્ચય કોઈ પણ [અજ્ઞાની પુરુષ] કદી [એક] ક્ષણ પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી, કારણકે પ્રકૃતિથી ઉપજેલા ગુણોવડે પરતંત્ર [એવા] સર્વ [અજ્ઞાની પુરુષોપાસે તે] કર્મ કરાવે છે. ૫

ટી૦ઃ—જેનું ચિત્ત અશુદ્ધ છે એવો અજિતેંદ્રિય પુરુષ એક ક્ષણમાત્ર પણ લૌકિક કિંવા વૈદિક કર્મ કર્યા વિના રહી શકતો નથી, અર્થાત્ મન, વાણી અને શરીરથી તે કાંઇ ને કાંઇ કર્મ કરે છેજ. આમ થવામાં મુખ્ય કારણ પ્રકૃતિથી ઉપજેલા સત્ત્વ, રજસ્ ને તમસ્ એ ત્રણ ગુણો છે. એ ત્રણ ગુણો સર્વ અજ્ઞાની પુરુષોને અવસ્ય નિરંતર કર્મમાં જોડી રાખે છે, માટે તેમનાથી સર્વ કર્મોનો સંન્યાસ એટલે યથાર્થ ત્યાગ થઇ શકતો નથી. ૫

ઔત્સુક્યમાત્રથી વિનાઅધિકારે સંન્યાસ કરવાથી મનુષ્યને તે સંન્યાસના ફલની પ્રાપ્તિ થતી નથી એમ જણાવે છેઃ—

कर्मेन्द्रियाणि संयम्य, य आस्ते मनसा स्मरन् ।
इंद्रियार्थान्विमूढात्मा, मिथ्याचारः स उच्यते ॥ ६ ॥

૫૦ ત૦ ૫૦:—**कर्मेन्द्रियाणि** કર્મેન્દ્રિયોને **संयम्य** વશ કરીને **यः** જે **आस्ते** રહે છે **मनसा** મનથી **स्मरन्** સ્મરણ કરતો [છતો] **इंद्रियार्थान्** ઇંદ્રિયોના વિષયોનું **विमूढात्मा** મહામૂઢ **मिथ्याचारः** મિથ્યા આચારવાળો—ઢોંગી **सः** તે **उच्यते** કહેવાય છે. ૬

શ૦:—જે મહામૂઢ કર્મેન્દ્રિયોને વશ કરીને ઇંદ્રિયોના વિષયોનું મનથી સ્મરણ કરતો [છતો] રહે છે તે મિથ્યા આચારવાળો—ઢોંગી—કહેવાય છે. ૬

ટી૦:—રાગાદિ દોષોવડે જેનું ચિત્ત અશુદ્ધ છે એવો અજ્ઞાની પુરુષ વિનોદમાત્રથી સંન્યાસને ગ્રહણ કરી કર્મેન્દ્રિયોથી કર્મો ન કરે અને આત્મતત્ત્વનું ચિંતન નહિ કરતાં રાગદ્વેષવાળા મનથી નિરંતર શબ્દાદિ વિષયોનું ચિંતન કરે તો તે જ્ઞાનનિષ્ઠારૂપ ફલને નહિ પામતાં મિથ્યા આચરણવાળો હોવાથી પતિત થાય છે. ૬

અધિકારવિના વિનોદમાત્રથી સંન્યાસ ગ્રહણ કરે તેના કરતાં નિષ્કામકર્મો કરનારો શ્રેષ્ઠ છે એમ કહે છે:—

यस्त्विंद्रियाणि मनसा, नियम्यारभतेऽर्जुन ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥ ७ ॥

૫૦ ત૦ ૫૦:—**यः** જે **तु** પણ **इंद्रियाणि** ઇન્દ્રિયોને **मनसा** મનવડે **नियम्य** નિયમમાં રાખીને **आरभते** કરે છે **अर्जुन** હે અર્જુન ! **कर्मेन्द्रियैः** કર્મેન્દ્રિયોવડે **कर्मयोगम्** કર્મયોગ **असक्तः** ફલની ઇચ્છારહિત થઈ **सः** તે **विशिष्यते** અતિશ્રેષ્ઠ છે. ૭

શ૦:—પણ હે અર્જુન ! જે [સાધક] મનવડે ઇન્દ્રિયોને નિયમમાં રાખીને, ફલની ઇચ્છારહિત થઈ, કર્મેન્દ્રિયોવડે કર્મયોગ કરે છે તે [અશુદ્ધચિત્તવાળા સંન્યાસીકરતાં] અતિશ્રેષ્ઠ છે. ૭

ટી૦:—મનને રાગદ્વેષથી રહિત કરી, તેવડે શ્રોત્રાદિ પાંચ જ્ઞાનેન્દ્રિયોને પાપની ઉત્પત્તિના હેતુરૂપ જે પાંચ શબ્દાદિ વિષયો, તેની આસક્તિથી રહિત

કરીને વાણી આદિ કર્મેંદ્રિયોવડે જે સાધક ફલેચ્છાનો ત્યાગ કરીને શાસ્ત્રવિહિત કર્મો કરે છે તે મિથ્યાચારવાળા સંન્યાસીથી બહુજ શ્રેષ્ઠ છે. ૭

માટે તારે પણ એવીજ રીતે કરવું યોગ્ય છે એમ જણાવે છેઃ-

नियतं कुरु कर्म त्वं, कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्राऽपि च ते, न प्रसिद्ध्येदकर्मणः ॥ ८ ॥

પ૦ ત૦ પ૦:—**નિયતમ્** નિત્યનૈમિત્તિક **કુરુ** કરો **કર્મ** કર્મ **ત્વમ્** તમે **કર્મ** કર્મ [કરવું] **જ્યાયઃ** વધારે સારું [છે] **હિ** કેમકે **અકર્મણઃ** અકર્મથી-કર્મ ન કરવાના કરતાં **શરીરયાત્રા** [ખાવું પીવું ઇત્યાદિ] શરીરનો વ્યવહાર **અપિ** પણ **ચ** તથા **તે** તમારા **ન** નહિ **પ્રસિદ્ધ્યેત્** સિદ્ધ થશે **અકર્મણઃ** કર્મરહિત એવા. ૮

શ૦:—તમે નિત્યનૈમિત્તિક કર્મ કરો, કેમકે કર્મ ન કરવાના કરતાં કર્મ [કરવું એ] વધારે સારું [છે;] તથા કર્મરહિત એવા તમારા શરીરનો વ્યવહાર પણ સિદ્ધ થશે નહિ. ૮

ટી૦:—શ્રુતિસ્મૃતિએ પ્રતિપાદન કરેલાં સંધ્યાવંદનાદિ જે નિત્યકર્મ તથા ગ્રહણશ્રાદ્ધાદિ જે નૈમિત્તિકકર્મ તે અશુદ્ધ અંતઃકરણવાળો એવો જે તું તેણે અવશ્ય કરવાં, કેમકે એવા અધિકારીએ ફલેચ્છાનો ત્યાગ કરી કર્મ કરવું એજ શ્રેષ્ઠ છે. વળી શાસ્ત્રે પ્રતિપાદન કરેલું આ યુદ્ધરૂપ કર્મ જો તું નહિ કરે તો તેથી તારા શરીરનો સુખપૂર્વક નિર્વાહ પણ નહિ ચાલે; કેમકે શત્રુઓનું પ્રાબલ્ય વધવાથી તારે સર્વદા દુઃખમાંજ રહેવું પડશે. ૮

કામ્યકર્મોવડે બંધન થાય છે, પણ નિષ્કામકર્મોથી બંધન થતું નથી, એમ નિરૂપણ કરે છેઃ—

यज्ञार्थात्कर्मणोऽन्यत्र, लोकोऽयं कर्मबंधनः ।
तदर्थं कर्म कौंतेय, मुक्तसंगः समाचर ॥ ९ ॥

પ૦ ત૦ પ૦:—**યજ્ઞાર્થાત્** પરમેશ્વરના આરાધનરૂપ **કર્મણઃ** કર્મથી **અન્યત્ર** બીજા કર્મમાં **લોકઃ** લોક **અયમ્** આ **કર્મબંધનઃ** કર્મના બંધનને [પામે છે] **તદર્થમ્** તે માટે-ઈશ્વરના આરાધનમાટે **કર્મ** કર્મને **કૌંતેય** હે કુંતીના પુત્ર !-હે અર્જુન ! **મુક્તસંગઃ** સંગરહિત [થઈને] **સમાચર** સારી રીતે કરો. ૯

શ૦:—હે કૌંતેય ! આ લોક પરમેશ્વરના આરાધનરૂપ કર્મથી બીજા કર્મમાં કર્મના બંધનને [પામે છે તેથી] સંગરહિત [થઇને] ઇશ્વરના આરાધનમાટે કર્મને સારી રીતે કરો. ૯

ટી૦:—શ્રુતિમાં યજ્ઞ એવું પરમેશ્વરનું નામ છે. તે પરમેશ્વરના આરાધનમાટે જે નિત્યનૈમિત્તિક કર્મો કરાય છે તે કર્મોનું નામ યજ્ઞાર્થ છે. નિષ્કામકર્મોથી ભિન્ન જે સ્વર્ગાદિ મેળવવામાટે થતાં કામ્યકર્મો છે તેજ મનુષ્યને જન્મમરણરૂપ બંધનનો હેતુ થાય છે, પણ શ્રદ્ધાભક્તિવડે થતાં ઇશ્વરના આરાધનરૂપ જે નિત્યનૈમિત્તિક કર્મો છે તે બંધનનો હેતુ થતાં નથી, પણ ઊલટાં ચિત્તશુદ્ધિદ્વારા મોક્ષનો હેતુ થાય છે. ૯

શ્રીબ્રહ્માએ પણ અધિકારી જનોને કર્મ કરવાની આજ્ઞા આપી છે એમ કહે છે:—

सहयज्ञाः प्रजाः सृष्ट्वा, पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥ १० ॥

પ૦ ત૦ પ૦:—**सहयज्ञाः** યજ્ઞના અધિકારવાળી **प्रजाः** પ્રજાઓને **सृष्ट्वा** સર્જીને **पुरा** પૂર્વે-કલ્પના આદિમાં **उवाच** કહેતા હવા **प्रजापतिः** બ્રહ્મા **अनेन** આ[યજ્ઞ]વડે **प्रसविष्यध्वम्** વૃદ્ધિ પામો **एषः** આ [યજ્ઞ] **वः** તમને **अस्तु** થાઓ **इष्टकामधुक्** ઇચ્છિત ફલ આપનારો. ૧૦

શ૦:—પૂર્વે બ્રહ્મા યજ્ઞના અધિકારવાળી પ્રજાઓને સર્જીને કહેતા હવા [કે] આ[યજ્ઞ]વડે [તમે] વૃદ્ધિ પામો, [ને] આ [યજ્ઞ] તમને ઇચ્છિત ફલ આપનારો થાઓ. ૧૦

ટી૦:—સહયજ્ઞ એટલે વૈદિકકર્મોના અધિકારી એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય તે. કલ્પના પ્રારંભમાં તે ત્રણ વર્ણને ઉત્પન્ન કરીને ભગવાન બ્રહ્માએ કહ્યું કે:—હે પ્રજા ! આ યજ્ઞાદિરૂપ ધર્મનું પાલન કરીને તમે ઉત્તરોત્તર વૃદ્ધિને પામો, અને આ યજ્ઞાદિરૂપ ધર્મ તમને ઇચ્છિત ફલોની પ્રાપ્તિ કરનારો થાઓ. ૧૦

હવે યજ્ઞાદિરૂપ ધર્મમાં ઇષ્ટફલની પ્રાપ્તિનો હેતુ શાથી છે તે કહે છે:—

देवान्भावयतानेन, ते देवा भावयंतु वः ।
परस्परं भावयंतः, श्रेयः परमवाप्स्यथ ॥ ११ ॥

૫૦ ત૦ ૫૦:—**देवान्** દેવોને **भावयत** સંતુષ્ટ કરો **अनेन** આથી તેં તે **देवाः** દેવો **भावयंतु** સંતુષ્ટ કરે **वः** તમને **परस्परम्** એકબીજાને **भावयंतः** સંતુષ્ટ કરતા છતા **श्रेयः** શ્રેયને **परमं** પરમ **अवाप्स्यथ** પામશો. ૧૧

શ૦:—આથી [તમે] દેવોને સંતુષ્ટ કરો, [અને] તે દેવો તમને સંતુષ્ટ કરે. [એમ] એકબીજાને સંતુષ્ટ કરતા છતા [તમે] પરમ શ્રેયને પામશો. ૧૧

ટી૦:—શ્રીબ્રહ્મા કહે છે કેઃ–હે અધિકારી પ્રજા ! આ યજ્ઞાદિરૂપ ધર્મવડે તમે ઇંદ્રાદિક દેવતાઓને સંતોષ પમાડો–યજ્ઞમાં હવિર્ભાગ આપી પ્રસન્ન કરો, અને પોતાનો હવિર્ભાગ મળવાથી પ્રસન્ન થયેલા તે ઇંદ્રાદિ દેવો જલની વૃષ્ટિ આદિથી અનાજની ઉત્પત્તિદ્વારા તમને સંતોષ પમાડે. એવી રીતે અન્યોન્ય સંતોષ પમાડતા છતા તમે તથા ઇંદ્રાદિ દેવ ઇચ્છિત અર્થરૂપ પરમ શ્રેયને પામશો–ઇંદ્રાદિ દેવોને સંતુષ્ટ કરવાથી તમે સ્વર્ગરૂપ પરમ શ્રેયને પામશો, અને તમને સંતુષ્ટ કરવાથી ઇંદ્રાદિ દેવો તૃપ્તિરૂપ પરમ શ્રેયને પામશે. ૧૧

સ્વર્ગાદિથી ભિન્ન આ લોકના ઇચ્છિત ભોગની પણ તમને એ યજ્ઞદ્વારા પ્રાપ્તિ થશે એમ ભગવાન્ બ્રહ્મા તે પ્રજાને કહે છે:—

इष्टान्भोगान्हि वो देवा, दास्यंते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो, यो भुंक्ते स्तेन एव सः ॥ १२ ॥

૫૦ ત૦ ૫૦:—**इष्टान्** ઇચ્છિત **भोगान्** ભોગોને **हि** જે કારણથી **वः** તમને **देवाः** દેવો **दास्यंते** આપશે **यज्ञभाविताः** યજ્ઞવડે તૃપ્ત થયેલા **तैः** તેમણે **दत्तान्** આપેલા[ભોગો]ને **अप्रदाय** આપ્યા વિના **एभ्यः** તેમને અર્થે **यः** જે **भुंक्ते** ભોગવે છે **स्तेनः** ચોર **एव** જ **सः** તે. ૧૨

શ૦:—જે કારણથી યજ્ઞવડે તૃપ્ત થયેલા દેવો તમને ઇચ્છિત ભોગોને આપશે [તેથી] તેમણે આપેલા[ભોગો]ને તેમને અર્થે આપ્યા વિના જે ભોગવે છે તે ચોરજ [છે.] ૧૨

ટી૦:—હે પ્રજા ! એવી રીતે યજ્ઞરૂપ કર્મવડે સંતોષ પામેલા ઇંદ્રાદિ દેવો તમને અન્ન ને પશુ આદિ ઇચ્છિત ભોગો આપશે. આ ભોગોની પ્રાપ્તિથી તમે ઇંદ્રાદિ દેવોના ઋણમાં આવો છો, માટે તમારે તે ઋણમાંથી નિવૃત્ત થવા વૈશ્વદેવાદિ નિત્યનૈમિત્તિક યાગ કરવાની આવશ્યકતા છે. જે પુરુષ એમ નહિ કરતાં માત્ર પોતાનાં દેહઇંદ્રિયાદિની પુષ્ટિ કરવામાટેજ તે અન્નાદિ પદાર્થોનો ઉપભોગ કરે છે તે પુરુષ તે દેવતાઓનો ચોર છે, તેમજ તેમના કરેલા ઉપકારનું વિસ્મરણ કરવાથી તે કૃતઘ્ન પણ છે. ૧૨

યજ્ઞાદિ નહિ કરવાથી દોષની પ્રાપ્તિ થાય છે એમ અન્વય તથા વ્યતિરેકથી જણાવે છે:—

यज्ञशिष्टाशिनः संतो, मुच्यंते सर्वकिल्बिषैः ।
भुंजते ते त्वघं पापा, ये पचंत्यात्मकारणात् ॥ १३ ॥

પ૦ ત૦ પ૦:—**यज्ञशिष्टाशिनः** યજ્ઞનું બાકી વધેલું અન્ન જમનારા **संतः** સંતો (શિષ્ટ પુરુષો) **मुच्यंते** મુક્ત થાય છે **सर्वकिल्बिषैः** સર્વ પાપોથી **भुंजते** ભોજન કરે છે **ते** તેઓ **तु** અને **अघम्** પાપનું **पापाः** પાપીઓ **ये** જે **पचंति** રાંધે છે **आत्मकारणात्** પોતાને માટે. ૧૩

શ૦:—યજ્ઞનું બાકી વધેલું અન્ન જમનારા સંતો (શિષ્ટ પુરુષો) સર્વ પાપોથી મુક્ત થાય છે, અને જે પાપીઓ પોતાને માટે રાંધે છે તેઓ પાપનું ભોજન કરે છે. ૧૩

ટી૦:—જે અધિકારી પુરુષો ઋષિયજ્ઞ, (વેદ ભણવોભણાવવો,) દેવ-યજ્ઞ, (વૈશ્વદેવવેલા દેવોને ઉદ્દેશી અગ્નિમાં આહુતિઓ આપવી,) પિતૃયજ્ઞ, (વૈશ્વદેવવેલા પિતૃઓને માટે પિંડ મુકવો, વા શ્રાદ્ધ તથા તર્પણ કરવું,) મનુષ્યયજ્ઞ, (વૈશ્વદેવવેલા આવેલા અતિથિનો અન્નાદિથી સત્કાર કરવો,) અને ભૂતયજ્ઞ (સામાન્યદેવોમાટે વૈશ્વદેવવેલા બલિ મુકવા) એ પાંચ મહાયજ્ઞો કર્યા પછી છેલ્લા ચાર યજ્ઞો કરતાં બાકી રહેલું અમૃતરૂપ અન્ન ખાય છે તે શિષ્ટ (શ્રદ્ધાભક્તિપૂર્વક વેદવિહિત કર્મ કરનારા) અધિકારી પુરુષે સર્વ-પ્રમાદથી થયેલાં, ખાંડણી ઘંટી સાવરણી ચૂલો ને પાણીઆરું એ પાંચ હિંસાસ્થાનોમાં થયેલાં, અને વેદવિહિત કર્મો ન કરવાથી થયેલાં-પાંપોથી મુકાય છે, તાત્પર્ય કે યજ્ઞાદિક કરનારને પાપની પ્રાપ્તિ થતી નથી, પણ જે પાપી પુરુષો દેવતા તથા અતિથિને માટે નહિ, પણ માત્ર પોતાનું પેટ ભરવામેજ રાંધે છે તેઓ પાપનુંજ ભોજન કરે છે, અન્નનું ભોજન કરતા નથી. જોકે

તે પાપી પુરુષોની દૃષ્ટિએ તો તે અન્ન છે, પણ શાસ્ત્રદૃષ્ટિએ તથા દેવતાઓની દૃષ્ટિએ તો તે અન્ન પાપરૂપજ છે. ૧૩

હવે નીચેના ત્રણ શ્લોકોથી શ્રીકૃષ્ણ અર્જુનપ્રતિ કહે છે કે યજ્ઞ એ જગતરૂપ ચક્રની પ્રવૃત્તિનો હેતુ છે માટે તે કર્તવ્ય છેઃ--

अन्नाद्भवंति भूतानि, पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद्भवति पर्जन्यो, यज्ञः कर्मसमुद्भवः ॥ १४ ॥

પ૦ ત૦ પ૦:—**अन्नात्** અન્નથી **भवंति** થાય છે **भूतानि** પ્રાણીઓનાં શરીરો **पर्जन्यात्** વરસાદથી **अन्नसंभवः** અન્નની ઉત્પત્તિ **यज्ञात्** યજ્ઞથી **भवति** થાય છે **पर्जन्यः** વરસાદ **यज्ञः** યજ્ઞ **कर्मसमुद्भवः** કર્મવડે ઉત્પન્ન [થાય છે.] ૧૪

શ૦:—અન્નથી પ્રાણીઓનાં શરીરો થાય છે, અન્નની ઉત્પત્તિ વરસાદથી [થાય છે,] વરસાદ યજ્ઞથી થાય છે, [અને] યજ્ઞ કર્મથી ઉત્પન્ન [થાય છે.] ૧૪

ટી૦:—ભોજનદ્વારા પુરુષોનાં તથા સ્ત્રીઓનાં શરીરોમાં પ્રાપ્ત થઈ વીર્યરૂપ તથા રજોરૂપ (લોહીરૂપ) પરિણામને પામેલું જે અન્ન છે તે અન્નદ્વારા મનુષ્યાદિ પ્રાણીઓનાં શરીરો ઉપજે છે, વરસાદવડે અનાજની ઉત્પત્તિ થાય છે, ને કારીરી (વરસાદમાટે કરવામાં આવતો યાગવિશેષ) આદિ યજ્ઞવડે ઉત્પન્ન થયેલા ધર્મદ્વારા (પુણ્યદ્વારા) વરસાદ થાય છે, અને તે ધર્મરૂપ યજ્ઞ ઋત્વિજ્ તથા યજમાનના વ્યાપારરૂપ યજ્ઞક્રિયાથી થાય છે. ૧૪

कर्म ब्रह्मोद्भवं विद्धि, ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात्सर्वगतं ब्रह्म, नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥ १५ ॥

પ૦ ત૦ પ૦:—**कर्म** કર્મ **ब्रह्मोद्भवम्** બ્રહ્મ-વેદ-થી ઉત્પન્ન થયેલું **विद्धि** જાણો **ब्रह्म** વેદ **अक्षरसमुद्भवम्** અક્ષર-પરમાત્મા-થી ઉપજેલા **तस्मात्** તેથી **सर्वगतम्** સર્વ અર્થનો પ્રકાશ કરનાર **ब्रह्म** વેદ **नित्यम्** નિત્ય **यज्ञे** યજ્ઞમાં **प्रतिष्ठितम्** રહેલ [છે.] ૧૫

શ૦:—કર્મ વેદથી ઉત્પન્ન થયેલું જાણો, [અને] વેદ પરમાત્માથી ઉપજેલા [જાણો,] તેથી સર્વ અર્થનો પ્રકાશ કરનાર નિત્ય વેદ યજ્ઞમાં રહેલ [છે.] ૧૫

ટી૦:—અગ્નિહોત્રાદિ કર્મને બ્રહ્મોદ્ભવ કહે છે, તેને બ્રહ્મોદ્ભવ કહેવાનું કારણ એ છે કે તેમાં વેદરૂપ બ્રહ્મ એ પ્રમાણ છે, અર્થાત્ તે કર્મને વેદે પ્રતિપાદન કરેલ છે, એટલે વેદમાંથી તે કર્મ ઉપજેલ છે, ને એ વેદનો પ્રાદુર્ભાવ ભ્રમ, પ્રમાદ, (કર્તવ્યનું વિસ્મરણ,) વંચનેચ્છા (ઠગવાની ઇચ્છા) ને ઇંદ્રિયશૈથિલ્યાદિ (બુદ્ધિ આદિની નિર્બલતા આદિ) સર્વ દોષોથી રહિત પરમાત્મામાંથી વિનાપ્રયત્ને નિઃશ્વાસોની પેઠે થયો છે. આવી રીતે સાક્ષાત્ પરમાત્માથી ઉત્પન્ન થવાથી સર્વ વિષયોનો પ્રકાશ કરનાર તથા તાત્પર્યવડે અવિનાશી જે વેદ છે તે વેદ ઇંદ્રિયોથી નહિ જણાય એવા ધર્મરૂપ યજ્ઞમાં પોતાના તાત્પર્યે કરીને સ્થિત છે. ૧૫

एवं प्रवर्तितं चक्रं, नानुवर्तयतीह यः ।
अघायुरिंद्रियारामो, मोघं पार्थ स जीवति ॥ १६ ॥

પ૦ ત૦ પ૦:—**एवम्** એમ **प्रवर्तितम्** ચાલતા કરેલા **चक्रम्** ચક્રને **न** નથી **अनुवर्तयति** અનુસરતો **इह** અહિં—આ લોકમાં **यः** જે **अघायुः** પાપરૂપ જીવતરવાળો **इंद्रियारामः** ઇંદ્રિયસુખમાંજ રમનારો **मोघम्** વ્યર્થ **पार्थ** હે પાર્થ !–હે અર્જુન! **सः** તે **जीवति** જીવે છે. ૧૬

શ૦:—હે પાર્થ ! એમ ચાલતા કરેલા ચક્રને આ લોકમાં જે નથી અનુસરતો તે પાપરૂપ જીવતરવાળો [ને કેવલ] ઇંદ્રિયસુખમાંજ રમનારો વ્યર્થ જીવે છે. ૧૬

ટી૦:—પ્રથમ સર્વજ્ઞ પરમેશ્વરથી સર્વ વિષયનો પ્રકાશ કરનારા, અર્થવડે નાશરહિત તથા નિર્દોષ એવા વેદનો પ્રાદુર્ભાવ થાય છે. વેદના પ્રાકટ્યપછી વેદોક્ત કર્મોનું જ્ઞાન થાય છે. તે કર્મોનું જ્ઞાન થયા પછી તે કર્મો કરવાથી ધર્મની ઉત્પત્તિ થાય છે. તે ધર્મવડે વરસાદ થાય છે, વૃષ્ટિથી અનાજ ઉપજે છે, અને અનાજથી શુક્રશોણિતદ્વારા પ્રાણીઓનાં શરીરો ઉપજે છે. પછી પુનઃ તે મનુષ્યાદિ પ્રાણીઓની કર્મોમાં પ્રવૃત્તિ થાય છે. એવી રીતે સૃષ્ટિની સ્થિતિના નિર્વાહમાટે પરમેશ્વરે ગતિમાં મુકેલા આ ચક્રને જે અધિકારી પુરુષ અનુસરતો નથી તે નાસ્તિક પુરુષ પાપી જીવતરવાળો ને ઇંદ્રિયોના ક્ષણિક સુખોમાંજ રમનારો વ્યર્થ જીવે છે, તાત્પર્ય કે એવા જીવનથી તેને કાંઇ વાસ્તવિક લાભ થતો નથી, પણ ઊલટો તે પાપનેજ સંપાદન કરે છે. ૧૬

સૃષ્ટિરૂપ ચક્રનો હેતુ જે કર્મો છે તે કર્મોનું અનુષ્ઠાન નહિ કરવાથી તત્ત્વજ્ઞાનીને દોષ લાગતો નથી એમ નીચેના બે શ્લોકોથી પ્રતિપાદન કરે છે:—

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥ १७ ॥

૫૦ ત૦ ૫૦:—**यः** જે **तु** છતાં **आत्मरतिः** આત્મામાં પ્રીતિવાળો **एव** જ **स्यात्** હોય **आत्मतृप्तः** આત્મામાંજ તૃપ્ત થયેલો **च** અને **मानवः** પુરુષ **आत्मनि** આત્મામાં **एव** જ **च** તથા **संतुष्टः** સંતોષ પામેલો **तस्य** તેને **कार्यम्** કર્તવ્ય-કરવાનું **न** નથી **विद्यते** હોતું. ૧૭

શ૦:—છતાં જે પુરુષ આત્મામાંજ પ્રીતિવાળો હોય, અને આત્મામાંજ તૃપ્ત થયેલો [હોય,] તથા આત્મામાંજ સંતોષ પામેલો [હોય,] તેને [કાંઈ પણ] કર્તવ્ય હોતું નથી. ૧૭

ટી૦:—ચાર વર્ણમાંનો કોઈ પણ પુરુષ જો પરિણામે દુઃખદ અને અનિત્ય એવાં જે વિષયસુખો છે તેનો દૃઢ દોષદર્શનથી ત્યાગ કરી પરમાનંદરૂપ આત્મામાંજ પ્રીતિવાળો ને આદરવાળો થાય, તથા આત્મામાંજ સંતોષ પામે, તો તેવા આત્મવેત્તા પુરુષને કાંઈ પણ કર્તવ્ય રહેતું નથી, કેમકે તે કૃતાર્થ થયેલો છે. ૧૭

એવા કૃતાર્થ પુરુષને સ્વર્ગમાટે, મોક્ષમાટે કે દોષની નિવૃત્તિમાટે કર્મ કરવાની અગત્ય રહેતી નથી એમ જણાવે છે:—

नैव तस्य कृतेनार्थो, नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु, कश्चिदर्थव्यपाश्रयः ॥ १८ ॥

૫૦ ત૦ ૫૦:—**न** નથી **एव** જ **तस्य** તેને **कृतेन** કર્મવડે **अर्थः** પ્રયોજન **न** નથી **अकृतेन** કર્મ ન કરવાવડે **इह** આ લોકમાં **कश्चन** કોઈ પણ [પ્રયોજન] **न** નથી **च** કેમકે **अस्य** આને **सर्वभूतेषु** સર્વપ્રાણીઓમાં **कश्चित्** કોઈ પણ **अर्थव्यपाश्रयः** પ્રયોજનનો સંબંધ. ૧૮

શ૦:—તેને કર્મવડે [કાંઈ] પ્રયોજન નથીજ, [તેમ] કર્મ ન કરવાવડે આ લોકમાં કોઈ પણ [પ્રયોજન] નથી, કેમકે આને સર્વપ્રાણીઓમાં કોઈ પણ પ્રયોજનનો સંબંધ નથી. ૧૮

ટી૦:—એવા કૃતાર્થ પુરુષને સ્વર્ગાદિરૂપ અભ્યુદયની પ્રાપ્તિની તો ઇચ્છા પણ નથી, તેમ નિઃશ્રેયસરૂપ મોક્ષ તો કર્મવડે સાધ્ય નથી, એટલે એ એમાંના એકે હેતુથી તેને કર્મ કરવાનું પ્રયોજન રહેતુ નથી. વળી કર્મો નહિ કરવાથી તેને દોષાદિની પ્રાપ્તિ પણ થતી નથી, કેમકે તેને બ્રહ્માથી માંડીને થુંબડાપર્યંત કોઇનો આશ્રય ગ્રહણ કરીને કોઇ ક્રિયા સાધ્યરૂપે રહી નથી, અર્થાત્ તેમનાથી તેને કાંઈ પ્રયોજન સિદ્ધ કરવું રહ્યું નથી. એવા મહાત્માને કર્મ કરવું કે ન કરવું એ બંને સમાનજ છે. ૧૮

તમે એવા જ્ઞાની નથી, પણ કર્મોના અધિકારી છો, માટે નિષ્કામકર્મો કરો, એમ અર્જુનપ્રતિ શ્રીકૃષ્ણ કહે છે:—

तस्मादसक्तः सततं, कार्यं कर्म समाचर।
असक्तो ह्याचरन्कर्म, परमाप्नोति पूरुषः ॥ १९ ॥

પ૦ ત૦ પ૦:—**तस्मात्** તેથી **असक्तः** ફલની ઇચ્છાવિનાના [થઇ] **सततम्** સર્વદા **कार्यम्** કરવાયોગ્ય **कर्म** કર્મને **समाचर** સારી રીતે કરો **असक्तः** ફલની ઇચ્છારહિત [થઇ] **हि** કેમકે **आचरन्** કરતો છતો **कर्म** કર્મને **परम्** મોક્ષને **आप्नोति** પામે છે **पूरुषः** પુરુષ. ૧૯

શ૦:—તેથી ફલની ઇચ્છાવિનાના [થઈ તમે] સર્વદા [અવશ્ય] કરવાયોગ્ય [નિત્યનૈમિત્તિક] કર્મને સારી રીતે કરો, કેમકે પુરુષ ફલની ઈચ્છાથી રહિત [થઇ] કર્મને કરતો છતો મોક્ષને પામે છે. ૧૯

ટી૦:—કર્મના અધિકારીએ શ્રદ્ધાભક્તિપૂર્વક ચિત્તશુદ્ધિમાટે નિષ્કામપણે નિત્યનૈમિત્તિક કર્મો કરવાં, કેમકે તેથી તેને જ્ઞાનદ્વારા મોક્ષ થાય છે. ૧૯

લોકસંગ્રહમાટે (લોકોને અધર્મથી રોકી સદ્ધર્મમાં ચલાવવામાટે) પણ નિષ્કામકર્મો કરવાની અગત્ય છે એમ કહે છે:—

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः।
लोकसंग्रहमेवापि, संपश्यन्कर्तुमर्हसि ॥ २० ॥

પ૦ ત૦ પ૦:—**कर्मणा** કર્મવડે **एव** જ **हि** નક્કી **संसिद्धिम्** સિદ્ધિને (જ્ઞાનને) **आस्थिताः** પામ્યા [હતા] **जनकादयः** જનક આદિ **लोकसंग्रहम्** લોકસંગ્રહને–લોકોને અધર્મથી નિવૃત્ત કરવાને અને સ્વધર્મ-

માં પ્રવૃત્ત કરવાને **एव** જ **अपि** પણ **संपश्यन्** જોતા છતા-વિચારીને **कर्तुम्** કરવાને **अर्हसि** યોગ્ય છો. ૨૦

શા૦:—નક્કી જનક આદિ કર્મથીજ [ચિત્તશુદ્ધિદ્વારા] સિદ્ધિને (જ્ઞાનને) પામ્યા [હતા, માટે તમે કર્મ કરવાને યોગ્ય છો, અથવા] લોકસંગ્રહને વિચારીને પણ [તમે કર્મ] કરવાનેજ યોગ્ય છો. ૨૦

ટી૦:—જનક તથા અજાતશત્રુ આદિ રાજાઓ પણ નિત્યનૈમિત્તિક કર્મ કરવાથીજ અંતઃકરણની શુદ્ધિદ્વારા જ્ઞાનસિદ્ધિને પામ્યા હતા, કાંઈ કર્મનો ત્યાગ કરવાથી જ્ઞાનસિદ્ધિને પામ્યા નહોતા, માટે મનુષ્યને સાધકદશામાં કર્મ કરવાની આવશ્યકતા છે; અથવા જો તું જીવન્મુક્ત હો તોપણ તારે લોકોને સ્વધર્મમાં ચલાવવામાટે તથા અધર્મથી રોકવામાટે પણ નિત્યનૈમિત્તિક કર્મો કરવાની અગત્ય છે. ૨૦

શ્રેષ્ઠ પુરુષના આચરણને બીજાઓ અનુસરે છે માટે તારે કર્મ કરવાં જોઈએ એમ પ્રતિપાદન કરે છે:—

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते, लोकस्तदनुवर्तते ॥ २१ ॥

પ૦ ત૦ પ૦:—**यत्** જે **यत्** જે **आचरति** [કર્મને] કરે છે **श्रेष्ठः** શ્રેષ્ઠ [પુરુષ] **तत्** તે **तत्** તે **एव** જ **इतरः** બીજા **जनः** માણસ **सः** તે **यत्** જેને **प्रमाणम्** પ્રમાણ **कुरुते** કરે છે **लोकः** લોક **तत्** તેને **अनुवर्तते** અનુસરે છે. ૨૧

શા૦:—શ્રેષ્ઠ [પુરુષ] જે જે [કર્મને] કરે છે તે તે [કર્મને]જ બીજા માણસ [કરે છે.] તે [શ્રેષ્ઠ] જેને પ્રમાણ કરે છે તેને લોક અનુસરે છે. ૨૧

ટી૦:—બીજાઓ જે પુરુષને શ્રેષ્ઠ માને છે એવા શ્રેષ્ઠ પુરુષો જે જે શુભાશુભ કર્મ કરે છે તે તે શુભાશુભ કર્મને તેની આજ્ઞામાં ચાલનાર અથવા તેને શ્રેષ્ઠ માનનાર માણસ પણ કરે છે, અને તે શ્રેષ્ઠ પુરુષ જે લૌકિક તથા વૈદિક પદાર્થને પ્રમાણરૂપ ગણી અંગીકાર કરે છે તેજ લૌકિક તથા વૈદિક પદાર્થને બીજાં માણસો પણ પ્રમાણરૂપ ગણી અંગીકાર

કરે છે, માટે હે મંદવિરાગ! તું શ્રેષ્ઠ હોવાથી તારે નિત્યકર્મરૂપ જે આ યુદ્ધ છે તે અવશ્ય કરવું જોઇએ. ૨૧

નીચેના ત્રણ શ્લોકોવડે શ્રેષ્ઠ પુરુષોએ અવશ્ય કર્મમાં પ્રવૃત્ત થવું જોઇએ એમ શ્રીકૃષ્ણ પોતાનું દૃષ્ટાંત આપી નિરૂપણ કરે છે:—

न मे पार्थास्ति कर्तव्यं, त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं, वर्त एव च कर्मणि ॥ २२ ॥

૫૦ ત૦ ૫૦:—**नं** નહિ **मे** મારે **पार्थ** હે પૃથાના પુત્ર!–હે અર્જુન! **अस्ति** છે **कर्तव्यम्** કર્તવ્ય–કરવાયોગ્ય **त्रिषु** ત્રણ **लोकेषु** લોકોમાં **किंचन** કાંઇ પણ **नं** નથી **अनवाप्तम्** ન મળેલું **अवाप्तव्यम्** મેળવવાયોગ્ય **वर्ते** વર્તું છું **एव** જ **च** છતાં **कर्मणि** કર્મમાં. ૨૨

શ૦:—હે પાર્થ! મારે ત્રણ લોકોમાં કાંઇ પણ કર્તવ્ય નથી. ન મળેલું મેળવવાયોગ્ય નથી, છતાં [હું] કર્મમાં વર્તું છું જ. ૨૨

ટી૦:—મને ત્રણ લોકમાં રહેલા સર્વે પદાર્થો પ્રાપ્ત છે, કોઇ પદાર્થ અપ્રાપ્ત નથી. લોકો જે વસ્તુ ન મળી હોય અને તે મેળવવાયોગ્ય ગણાતી હોય તો તે મેળવવા યત્ન કરે છે, પણ મારે કાંઇ મેળવવાયોગ્ય રહ્યું નથી, છતાં હું વેદે પ્રતિપાદન કરેલાં શુભકર્મોવિષે પ્રવૃત્ત રહું છું, તેનો પરિત્યાગ કરતો નથી, તેમ તારે પણ અવશ્ય કરવું જોઇએ. ૨૨

લોકસંગ્રહમાં પોતાને શામાટે પ્રવૃત્તિ કરવી પડે છે તે શ્રીકૃષ્ણ અર્જુનપ્રતિ કહે છે:—

यदि ह्यहं न वर्तेयं, जातु कर्मण्यतंद्रितः ।
मम वर्त्मानुवर्तंते, मनुष्याः पार्थ सर्वशः ॥ २३ ॥

૫૦ ત૦ ૫૦:—**यदि** જો **हि** અવશ્ય–કૃતાર્થબુદ્ધિવડે **अहम्** હું **नं** ન **वर्तेयम्** પ્રવૃત્ત થઉં **जातु** કદાપિ **कर्मणि** કર્મમાં **अतंद्रितः** આળસરહિત [થઇને] **मम** મારા **वर्त्म** માર્ગને **अनुवर्तंते** અનુસરે **मनुष्याः** મનુષ્યો **पार्थ** હે પાર્થ! **सर्वशः** સર્વપ્રકારે. ૨૩

શ૦:—હે પાર્થ! જો કૃતાર્થબુદ્ધિવડે કદાપિ હું આળસરહિત [થઇને] કર્મમાં ન પ્રવૃત્ત થઉં [તો] મનુષ્યો મારા માર્ગને સર્વપ્રકારે અનુસરે. ૨૩

ટી૦:—મારે કોઈ પણ પ્રયોજન સિદ્ધ કરવું બાકી રહ્યું નથી, માટે હું કૃતાર્થ છું, એવી રીતની કૃતાર્થબુદ્ધિવડે જો કદાપિ હું આળસરહિત થઈ વિહિતકર્મોમાં પ્રવૃત્ત ન થઉં તો કર્મનાં અધિકારી જેટલાં માણસો છે તે બધાં માણસો મને વિહિતકર્મથી રહિત થયેલો જોઈને પોતે પણ વિહિતકર્મોનો ત્યાગ કરે, કેમકે તેઓ મને સર્વજ્ઞ જાણે છે, માટે હું જે કરતો હોઈશ તે સારુંજ હશે એમ જાણી તેઓ પણ મારા વર્તનનેજ અનુસરે. ૨૩

હવે પોતાની કર્મમાં પ્રવૃત્તિ હોવાનું જે કારણ છે તેને શ્રીકૃષ્ણ વિશેષ સ્ફુટ કરે છે:—

उत्सीदेयुरिमे लोका, न कुर्यां कर्म चेदहम् ।
संकरस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ॥ २४ ॥

પ૦ ત૦ પ૦:—**उत्सीदेयुः** નાશ પામે **इमे** આ **लोकाः** લોકો **न कुर्याम्** કરું **कर्म** કર્મ **चेत्** જો **अहम्** હું **संकरस्य** વર્ણસંકરનો **च** અને **कर्ता** કર્તા-કરનાર **स्याम्** થઉં **उपहन्याम्** હણું-હણનાર થઉં **इमाः** આ **प्रजाः** પ્રજાઓનો. ૨૪

શ૦:—જો હું કર્મ ન કરું [તો] આ લોકો નાશ પામે, અને [હું] વર્ણસંકરનો કર્તા થઉં, [તથા] આ [બધી] પ્રજાઓનો હણનાર થઉં. ૨૪

ટી૦:—જો હું વેદવિહિતકર્મનો ત્યાગ કરું તો બીજા મને અનુસરનાર શ્રેષ્ઠ પુરુષો પણ તે કર્મોનો ત્યાગ કરે, તેથી વરસાદદ્વારા સર્વ લોકોની સ્થિતિના કારણરૂપ જે યજ્ઞાદિ કર્મ છે તે સર્વ કર્મનો લોપ થાય, ને એ બધાંનો લોપ થવાથી આ બધા લોક નાશ પામે, અને જે મનુષ્યો શેષ રહે તે વર્ણસંકર થાય. આવી રીતે સર્વ લોકનો હણનારો હુંજ થઉં, માટે એમ કરવું એ મને ઉચિત નથી. ૨૪

ફલેચ્છાનો ત્યાગ કરી લોકસંગ્રહ ઈચ્છનારા વિદ્વાને કર્મ કરવાં જોઈએ એમ પ્રતિપાદન કરે છે:—

सक्ताः कर्मण्यविद्वांसो, यथा कुर्वन्ति भारत ।
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसंग्रहम् ॥ २५ ॥

પ૦ ત૦ પ૦:—**सक्ताः** આસક્ત—ફલ મેળવવામાટે પ્રીતિવાળા—[થઈને] **कर्माणि** કર્મમાં **अविद्वांसः** અજ્ઞાનીઓ **यथा** જેવી રીતે **कुर्वंति** [કર્મ] કરે છે **भारत** હે ભરતકુલમાં ઉત્પન્ન થયેલા !—હે અર્જુન ! **कुर्यात्** [તે કર્મ] કરે **विद्वान्** જ્ઞાની **तथा** તેવી રીતે **असक्तः** આસક્તિવિનાનો [થઈ] **चिकीर्षुः** કરવાની ઇચ્છાવાળા **लोकसंग्रहम्** લોકસંગ્રહને. ૨૫

શ૦:—હે અર્જુન! જેવી રીતે અજ્ઞાની [પુરુષો ફલેચ્છાથી] કર્મમાં આસક્ત [થઈને કર્મ] કરે છે તેવી રીતે લોકસંગ્રહને કરવાની ઇચ્છાવાળા જ્ઞાની [ફલમાં] આસક્તિરહિત [થઈ તે કર્મ] કરે. ૨૫

ટી૦:—ભારત—ભા એટલે આત્મજ્ઞાન, તેમાં રત એટલે પ્રીતિવાળો—મંદવિરાગ. ૨૫

જ્ઞાનોપદેશવડે લોકસંગ્રહ નહિ કરતાં કર્મોવડે લોકસંગ્રહ કરવાનું કારણ કહે છેઃ—

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् ।
जोषयेत्सर्वकर्माणि, विद्वान्युक्तः समाचरन् ॥२६॥

પ૦ ત૦ પ૦:—**न** ન **बुद्धिभेदम्** બુદ્ધિના ભેદને **जनयेत्** ઉત્પન્ન કરે **अज्ञानाम्** અજ્ઞાનીઓની **कर्मसंगिनाम्** કર્મમાં દૃઢ આસક્તિવાળા **जोषयेत्** જોડે **सर्वकर्माणि** સર્વે કર્મોને **विद्वान्** જ્ઞાની **युक्तः** આદરપૂર્વક **समाचरन्** કરતો છતો. ૨૬

શ૦:—જ્ઞાની કર્મમાં દૃઢ આસક્તિવાળા અજ્ઞાનીઓની બુદ્ધિના ભેદને ન ઉત્પન્ન કરે, [પણ પોતે] આદરપૂર્વક સર્વ કર્મોને કરતો છતો [અજ્ઞાનીઓને તે કર્મમાં] જોડે. ૨૬

ટી૦:—'હું કર્તા છું', તથા મને આ યજ્ઞાદિ કર્મવડે સ્વર્ગાદિ ફલ મળો,' એવી બુદ્ધિએ યજ્ઞાદિ કર્મ કરનારા જે અજ્ઞાની પુરુષો છે તે અજ્ઞાની પુરુષોની 'હું આ કર્મ કરું છું, અને હું આ ફલ ભોગવીશ' એવી રીતની જે બુદ્ધિ છે તે બુદ્ધિને, 'તું આત્મા છે,' 'તું કર્તાભોક્તા નથી,' ને 'તારે શુભ કર્મો કરવાથી શું પ્રયોજન છે?' ઇત્યાદિ કહીને ભેદ પમાડવી (તોડી નાંખવી) નહિ, પણ લોકોને અધર્મથી નિવૃત્ત કરી સ્વધર્મ-

માં સ્થાપવા ઇચ્છતા વિદ્વાને પોતે શ્રદ્ધાભક્તિપૂર્વક તે શુભ કર્મો કરવાં, તથા તે અજ્ઞાની પુરુષોને પણ ચલાયમાન નહિ કરતાં તે શુભ કર્મોમાં શ્રદ્ધાભક્તિ ઉપજાવી તેમને પણ નિરંતર તે શુભકર્મોમાં જોડવા. અશુદ્ધ અંતઃકરણવાળો પુરુષ આત્મજ્ઞાનનો અધિકારી નથી, માટે તેને તેવો ઉપદેશ નજ કરવો, કેમકે તેમ કરવાથી તેની શુભકર્મોમાંથી શ્રદ્ધા ટળી જાય છે, ને તેથી તેને ઉત્તમ લોકની પ્રાપ્તિ થતી નથી, ત્યારે જ્ઞાન તો થાયજ ક્યાંથી? આમ તે ઇતોભ્રષ્ટ (આ લોકથી ભ્રષ્ટ) તતોભ્રષ્ટ (પરલોકથી ભ્રષ્ટ) થઈ નાસ્તિક થઈ જાય છે. જેમ અત્યંત મલિન કીચડથી ભરેલા કૂવામાં ગંગાજલનો હાંડો (માટલી) ભરીને નાંખવામાં આવે તો તેથી દુર્ગંધજ વૃદ્ધિ પામે છે, સુગંધ વૃદ્ધિ પામતો નથી, તેમ તેવા અનધિકારીને તત્ત્વોપદેશ કરવાથી તેમને પોતાને તથા તેમના સંબંધમાં આવતાં બીજાં માણસોને હાનિજ થાય છે. શાસ્ત્રાંતરમાં પણ કહ્યું છે કેઃ—

' अज्ञस्यार्धप्रबुद्धस्य, सर्वं ब्रह्मेति यो वदेत् ।
महानिरयजालेषु, स तेन विनियोजितः ॥ १ ॥ '

ભાવાર્થ:—અશુદ્ધ અંતઃકરણવાળા તથા વિષયોમાં રચીપચી રહેલા કેવલ કર્મના અધિકારી જે અર્ધદગ્ધ અજ્ઞાની પુરુષ છે તે અજ્ઞાની પુરુષને '**सर्वं खल्विदं ब्रह्म**' (આ સર્વ નિશ્ચય બ્રહ્મજ છે) એવી રીતનો ઉપદેશ જે પુરુષ કરે છે તે પુરુષે તે અજ્ઞાની પુરુષને મહારૌરવનરકવિષે પ્રાપ્ત કર્યો.

વેદાંતનું જ્ઞાન અત્યંત શ્રેષ્ઠ છે, છતાં તે અનધિકારીને માટે સારું નથી. ચિત્તશુદ્ધિવાળા સાધનસંપન્ન પુરુષનેજ તે કૃતાર્થ કરે છે. જેમ રોગીને માટે નિપુણ વૈદ્ય જે ઔષધ આપે તે ઔષધ તેણે ખાવું, તથા જે કરી પાળવા તે કહે તે કરી તેણે પાળવી, એજ તેને માટે રોગમુક્તિનો સાચો ઉપાય છે, તેમ અધિકારી શિષ્યને સમર્થ એવા શ્રીસદ્‌ગુરુ તેના અધિકારાનુસાર જે રીતે ચાલવાનું કહે તે અનુસાર દૃઢ શ્રદ્ધાભક્તિપૂર્વક ચાલવાથીજ તેનું કલ્યાણ થાય છે, અન્યથા તેનું કલ્યાણ થતું નથી. ૨૬

ઉપરના વિષયને વિશેષ સ્ફુટ કરવા નીચેના બે શ્લોક કહે છેઃ—

प्रकृतेः क्रियमाणानि, गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा, कर्ताऽहमिति मन्यते ॥ २७ ॥

પ૦ ત૦ પ૦:—**प्रकृतेः** પ્રકૃતિના **क्रियमाणानि** કરાય છે **गुणैः** ગુણોવડે **कर्माणि** કર્મો **सर्वशः** સર્વપ્રકારે **अहंकारविमूढात्मा** અહં-

કારથી અતિમૂઢ થયેલા ચિત્તવાળો **कर्ता** કર્તા **अहम्** હું **इति** એમ **मन्यते** માને છે. ૨૭

શ૦:—પ્રકૃતિના ગુણોવડે સર્વપ્રકારે [સર્વ] કર્મો કરાય છે, [છતાં] અહંકારથી અતિમૂઢ થયેલા ચિત્તવાળો, 'હું કર્તા [છું]' એમ માને છે. ૨૭

ટી૦:—પ્રકૃતિના (માયાના) વિકારરૂપ (કાર્યરૂપ) જે દેહ, ઇંદ્રિયો તથા અંતઃકરણાદિક કાર્યકારણરૂપ ગુણ છે તે ગુણોવડેજ લૌકિકવૈદિક સર્વ કર્મો કરાય છે; અથવા સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ પ્રકૃતિના ગુણોવડેજ સર્વ કર્મો કરાય છે, અસંગ એવો આત્મા કાંઇ પણ કર્મ કરતો નથી, તથાપિ તે કાર્યકારણરૂપ સંઘાતમાં જે હુંપણાની બુદ્ધિરૂપ અહંકાર છે તે અહંકારવડે જેનું અંતઃકરણ વિવેક કરવામાં બહુ અશક્ત થયું છે એવો અજ્ઞાની પુરુષ પોતાના આત્માનેજ કર્તા માને છે, પણ તે કાર્યકારણના સંઘાતને કર્તા માનતો નથી. ૨૭

तत्त्ववित्तु महाबाहो, गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तंत, इति मत्वा न सज्जते ॥ २८ ॥

પ૦ ત૦ પ૦:—तत्त्ववित् યથાર્થ સ્વરૂપને જાણનારો **तु** તો **महाबाहो** હે મોટી ભુજાવાળા !–હે અર્જુન ! **गुणकर्मविभागयोः** [દેહ ઇંદ્રિયો ને અંતઃકરણ જેમાં હુંપણાનું અભિમાન થાય છે તે ગુણ, તથા એ ત્રણવડે જે ક્રિયા થાય છે તે કર્મ, એ] ગુણકર્મ તથા વિભાગના (પ્રકાશકના) **गुणाः** [ઇંદ્રિયાદિ] કરણો **गुणेषु** વિષયોમાં **वर्तंते** વર્તે છે **इति** એમ **मत्वा** માનીને **न** નથી **सज्जते** કર્તાપણાનું અભિમાન કરતો. ૨૮

શ૦:—હે મહાબાહો ! ગુણકર્મના તથા વિભાગના યથાર્થ સ્વરૂપને જાણનારો તો [ઇન્દ્રિયાદિ] કરણો વિષયોમાં વર્તે છે એમ માનીને કર્તાપણાનું અભિમાન કરતો નથી. ૨૮

ટી૦:—દેહ ઇંદ્રિય ને અંતઃકરણ, તથા એ ત્રણનાં કર્મો એ અનુક્રમે ગુણકર્મ છે, અને આત્મા એ બંનેનો પ્રકાશક હોવાથી વિભાગ છે. એવી રીતે ગુણકર્મ તથા વિભાગ એ બંનેના યથાર્થ સ્વરૂપને સમજનારો વિદ્વાન પુરુષ દેહાદિકજ પોતપોતાના વિષયોમાં પ્રવર્તે છે, કેમકે તે વિકારી છે, પણ નિર્વિકારી એવો આત્મા વિષયોમાં પ્રવર્તતો નથી, એવા પ્રકારનો સુદૃઢ નિશ્ચય કરી તે પોતાના આત્મામાં કર્તાપણાનું અભિમાન કરતો નથી. ૨૮

હવે જ્ઞાનીએ અજ્ઞાનીની બુદ્ધિને ચલાયમાન નહિ કરવી એ વિષયનો ઉપસંહાર કરે છેઃ—

प्रकृतेर्गुणसंमूढाः, सज्जंते गुणकर्मसु ।
तानकृत्स्नविदो मंदान्, कृत्स्नविन्न विचालयेत् ॥ २९ ॥

પ૦ ત૦ પ૦:—**प्रकृतेः** પ્રકૃતિના **गुणसंमूढाः** ગુણોવડે અતિમૂઢ થયેલા **सज्जंते** આસક્ત થાય છે **गुणकर्मसु** ગુણોમાં અને કર્મોમાં **तान्** તે **अकृत्स्नविदः** આત્માને નહિ જાણનારા **मंदान्** અનધિકારી[પુરુષો]ને **कृत्स्नवित्** સર્વજ્ઞ–આત્મવેત્તા **न** ન **विचालयेत्** ચલાયમાન કરે. ૨૯

શા૦:—પ્રકૃતિના ગુણોવડે અતિમૂઢ થયેલા [જે પુરુષો] ગુણોમાં અને કર્મોમાં આસક્ત થાય છે તે આત્માને નહિ જાણનારા અનધિકારી[પુરુષો]ને આત્મવેત્તા [પુરુષ તેની શુભ કર્મ કરવાની શ્રદ્ધાથી] ન ચલાયમાન કરે. ૨૯

ટી૦:—આત્મસ્વરૂપના સ્ફુરણથી રહિત હોવાને લીધે દેહાદિને આત્મા માનનારો અજ્ઞાની પુરુષ દેહાદિકનાં કર્મોમાંજ હું સ્વર્ગાદિની પ્રાપ્તિમાટે કર્મો કરું છું એવી રીતની અતિદૃઢ આત્મીયપણાની બુદ્ધિ કરે છે. એવા જડ વસ્તુમાં હુંપણાના અભિમાનવાળા અનધિકારી અજ્ઞાની પુરુષને 'ફલની કામના રાખી કર્મો ન કરવાં,' 'આ કર્મોનું ફલ મિથ્યા છે,' 'કર્મનો કર્તા પણ મિથ્યા છે,' 'તું બ્રહ્મરૂપ છે,' ને 'તારે કાંઇ પણ કર્તવ્ય નથી,' ઇત્યાદિ રીતનો ઉપદેશ કોઈ વિદ્વાન્ પુરુષે ન કરવો, કેમકે તેમ કરવાથી તે અનધિકારી પુરુષને તત્ત્વજ્ઞાન તો થતું નથી, પણ તેની શુભકર્મમાંથી શ્રદ્ધા નિવૃત્ત થઇ જાય છે, ને તેથી તેની અધોગતિ થાય છે, માટે વિદ્વાને તેને શુભકર્મમાંથી ચલાયમાન નહિ કરતાં શુભકર્મમાંજ જોડવો. ૨૯

મુમુક્ષુને નિષ્કામકર્મો કરવાનો અધિકાર છે એમ જણાવે છેઃ—

मयि सर्वाणि कर्माणि, संन्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा, युध्यस्व विगतज्वरः ॥ ३० ॥

પ૦ ત૦ પ૦:—**मयि** મારામાં **सर्वाणि** સર્વે **कर्माणि** કર્મોને **संन्यस्य** અર્પણ કરીને **अध्यात्मचेतसा** અધ્યાત્મ—આત્મા ને અનાત્માનો વિવેક કરનાર–ચિત્તવડે **निराशीः** આશારહિત **निर्ममः** મમતાવિનાના **भूत्वा** થઈ **युध्यस्व** યુદ્ધ કરો **विगतज्वरः** શોકવિનાના. ૩૦

શ૦:—[તમે] અધ્યાત્મચિત્તવડે મારામાં સર્વે કર્મોને અર્પણ કરીને આશારહિત, મમતાવિનાના [ને] શોકવિનાના થઇ યુદ્ધ કરો. ૩૦

ટી૦:—આત્માને પ્રતિપાદન કરનારું જે ઉપનિષદ્‌રૂપ વેદાંતશાસ્ત્ર છે તે અધ્યાત્મ કહેવાય છે. તે અધ્યાત્મશાસ્ત્રના વિચારમાં જે ચિત્ત તત્પર થાય તે અધ્યાત્મચેતસ્ કહેવાય છે. એવા જડચેતનનો વિવેક કરનાર અધ્યાત્મચિત્તવડે તું સર્વ કર્મો પરમેશ્વરને સમર્પણ કર, અર્થાત્ જેમ સેવક સ્વામીને માટેજ સર્વ કર્મોને કરે છે તેમ તારે પણ એવી બુદ્ધિએ કર્મો કરીને તે સર્વ કર્મો મને અર્પણ કરવાં; તથા સર્વ તૃષ્ણાથી રહિત થઈ, દેહાદિકમાંથી મમતા મુકી દઇ, અને આ લોકમાં અપકીર્તિના હેતુરૂપ તથા પરલોકમાં નરકપ્રાપ્તિના હેતુરૂપ જે શોકજ્વર છે તેનાથી રહિત થઇ, આ કર્તવ્યરૂપ જે ધર્મયુદ્ધ છે તે તું કર. ૩૦

શુભકર્મોદ્વારાજ ચિત્તશુદ્ધિવડે વિવેકજ્ઞાન પ્રાપ્ત થાય છે એમ કહે છે:—

ये मे मतमिदं नित्यमनुतिष्ठंति मानवाः ।
श्रद्धावंतोऽनसूयंतो, मुच्यंते तेऽपि कर्मभिः ॥ ३१ ॥

પ૦ ત૦ પ૦:—ये[1] જે मे[2] મારા मतम्[3] મત–અભિપ્રાય–નો इदम्[4] આ नित्यम्[5] નિત્ય–અનાદિ अनुतिष्ठंति[6] અંગીકાર કરે છે–માને છે मानवाः[7] મનુષ્યો श्रद्धावंतः[8] શ્રદ્ધાવાળા अनसूयंतः[9] બીજાના ગુણમાં દોષ આરોપવા તેથી–અસૂયાથી–રહિત [થઇ] मुच्यंते[13] મુક્ત થાય છે ते[10] તેઓ अपि[11] પણ कर्मभिः[12] કર્મોથી. ૩૧

શ૦:—જે મનુષ્યો શ્રદ્ધાવાળા [તથા] અસૂયાથી રહિત [થઇ] મારા આ નિત્ય મતનો અંગીકાર કરે છે તેઓ પણ કર્મોથી મુક્ત થાય છે. ૩૧

ટી૦:—જે માણસો શ્રીશ્રુતિભગવતીએ તથા પોતાના શ્રીસદ્‌ગુરુએ કરેલા ઉપદેશમાં દૃઢ વિશ્વાસ રાખી તથા કોઇના ગુણમાં દોષનું આરોપણ કરવારૂપ અસૂયાનો ત્યાગ કરી મારા આ ફલેચ્છા છોડી શુભ કર્મો કરવાં એ અનાદિ તથા પરંપરાથી પ્રાપ્ત મતનો શ્રદ્ધાભક્તિપૂર્વક અંગીકાર કરે છે તે મનુષ્યો પણ ચિત્તશુદ્ધિદ્વારા તથા જ્ઞાનની પ્રાપ્તિદ્વારા યથાર્થ જ્ઞાનીની

પેઠે પુણ્યપાપથી રહિત થાય છે. તેવા જ્ઞાનીના વર્તમાનશરીરથી અનાયાસે થતાં પુણ્યપાપોની વ્યવસ્થા શ્રુતિભગવતી આ પ્રમાણે કરે છેઃ—' **तस्य पुत्रा दायमुपयांति सुहृदः साधुकृत्यां द्विषंतः पापकृत्यां ॥** ' (તે જ્ઞાનવાનના ધનાદિ પદાર્થોને તેમના પુત્રો કિંવા શિષ્યો લઇ જાય છે, તેમનાં પુણ્યકર્મોને શ્રદ્ધાભક્તિથી તેમની સેવા કરનારા સજ્જનો લઇ જાય છે, અને તેમનાં પાપકર્મોને તેમની નિંદા કરનારા દુષ્ટજનો લઇ જાય છે.) ૩૧

એ મત નહિ અંગીકાર કરવાથી દોષની પ્રાપ્તિ થાય છે એમ કહે છેઃ—

ये त्वेतदभ्यसूयंतो, नानुतिष्ठंति मे मतम् ।
सर्वज्ञानविमूढांस्तान्, विद्धि नष्टानचेतसः ॥ ३२ ॥

પ૦ ત૦ પ૦:—**ये** જે **तु** પણ **एतत्** આ **अभ्यसूयंतः** અસૂયા કરનારા **न** નથી **अनुतिष्ठंति** અંગીકાર કરતા **मे** મારા **मतम्** મતનો **सर्वज्ञानविमूढान्** સર્વ જ્ઞાનમાં અતિમૂઢ-કાંઇ નહિ જાણનારા **तान्** તેઓને **विद्धि** જાણો **नष्टान्** નાશ પામેલા **अचेतसः** દુષ્ટ ચિત્તવાળા. ૩૨

શ૦:—પણ જે અસૂયા કરનારા [પુરુષો] મારા આ [નિત્ય] મતનો અંગીકાર કરતા નથી તેમને દુષ્ટ ચિત્તવાળા, સર્વ જ્ઞાનમાં અતિમૂઢ [તથા સર્વ પુરુષાર્થોથી] નાશ પામેલા જાણો. ૩૨

ટી૦:—જે નિંદક પુરુષો ગુણવિષે દોષના કથનરૂપ અસૂયા કરનારા, તથા નાસ્તિકપણાથી શ્રીસદ્‌ગુરુનાં તથા શ્રીશ્રુતિભગવતીનાં વાક્યોમાં શ્રદ્ધા નહિ રાખનારા, મારા આ પૂર્વે કહેલા મતનો અંગીકાર કરતા નથી તેમને તું અત્યંત દુષ્ટ ચિત્તવાળા જાણ. વળી તેઓ કર્મ, સગુણબ્રહ્મ તથા નિર્ગુણબ્રહ્મ એમના જ્ઞાનના સ્વરૂપને નહિ જાણનારા ને તેથીજ મનુષ્યદેહે કરીને કરવાયોગ્ય સર્વ પુરુષાર્થોથી ભ્રષ્ટ થયેલા છે એમ જાણ. ૩૨

એવા પુરુષોને પુરુષાર્થના સાધનમાં પ્રતિકૂલતા શાથી ઉપજે છે તે કહે છેઃ—

सदृशं चेष्टते स्वस्याः, प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यांति भूतानि, निग्रहः किं करिष्यति ॥ ३३ ॥

પ૦ ત૦ પ૦:—**सदृशम्** અનુસાર **चेष्टते** ચેષ્ટા કરે છે **स्वस्याः** પોતાની **प्रकृतेः** પ્રકૃતિને **ज्ञानवान्** જ્ઞાનવાન્ **अपि** પણ **प्रकृतिं** પ્રકૃતિને

પૂર્વના સંસ્કારપ્રમાણેની વાસનાને-સ્વભાવને **યાંતિ** જાય છે-અનુસરે છે **ભૂતાનિ** [સર્વ] પ્રાણીઓ **નિગ્રહઃ** નિગ્રહ-બલાત્કારે રોકવું **કિં** શું **કરિષ્યતિ** કરી શકશે ? ૩૩

શ૦:—જ્ઞાનવાન્ પણ પોતાની પ્રકૃતિને અનુસાર ચેષ્ટા કરે છે, [કેમકે સર્વ] પ્રાણીઓ [પોતાની] પ્રકૃતિને અનુસરે છે [ત્યાં] નિગ્રહ શું કરી શકશે ? ૩૩

ટી૦:—ગુણદોષને જાણનારા જ્ઞાનવાન્ પુરુષો પણ જ્યારે પૂર્વજન્મોમાં કરેલાં શુભાશુભકર્મોના સંસ્કારની પ્રકટતારૂપ પ્રકૃતિને અનુસરીને વર્તન કરે છે ત્યારે અણસમજુ માણસ પોતાની પ્રકૃતિઅનુસાર વર્તે એમાં શું આશ્ચર્ય ? એ મહાન્ બલવાળી પ્રકૃતિ અવિવેકી જનોને પુરુષાર્થથી ભ્રષ્ટ કરનારી છે, છતાં તે સર્વ તેનેજ અનુસરે છે, તેમાં મારો કરેલો અટકાવ શું કામ આવે ? તાત્પર્ય કે પાપકર્મોમાં નરકના સાધનપણાને જાણ્યા છતાં પણ દુષ્ટ સંસ્કારોની પ્રબલતાથી જે પુરુષો પુનઃ તે પાપકર્મોમાં પ્રવૃત્ત થાય છે તે પુરુષો મારી આજ્ઞાના ઉલ્લંઘનજન્ય દોષથી કદાપિ પણ ભય નહિ પામે. ૩૩

ઇંદ્રિયોનો જે પોતપોતાના વિષયોમાં રાગદ્વેષ છે તે ત્યાગ કરવાયોગ્ય છે એમ નિરૂપણ કરે છે:—

इंद्रियस्येंद्रियस्यार्थे, रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्, तौ ह्यस्य परिपंथिनौ ॥ ३४ ॥

પ૦ ત૦ પ૦:—**इंद्रियस्य** ઇંદ્રિયને **इंद्रियस्य** ઇંદ્રિયના **अर्थे** વિષયમાં **रागद्वेषौ** રાગ તથા દ્વેષ **व्यवस्थितौ** ગોઠવાયેલા છે **तयोः** તે બેને **न** ન **वशम्** વશ **आगच्छेत्** થવું **तौ** તે બંને **हि** કારણકે **अस्य** આ[પ્રાણી]ના **परिपंथिनौ** શત્રુઓ [છે.] ૩૪

શ૦:—ઇંદ્રિયને ઇંદ્રિયના વિષયમાં રાગ તથા દ્વેષ ગોઠવાયેલા (નિયમપૂર્વક રહેલા) છે. તે[રાગદ્વેષ]ને વશ ન થવું, કારણકે તે બંને આ[પ્રાણી]ના શત્રુઓ [છે.] ૩૪

ટી૦:—પાંચ જ્ઞાનેંદ્રિયોને તથા પાંચ કર્મેંદ્રિયોને પોતપોતાંના શબ્દાદિ તથા વચનાદિ વિષયોમાં જે જે વિષય અજ્ઞાનકાલમાં મનુષ્યને અનુકૂલ જણાય છે તેમાં રાગ અને પ્રતિકૂલ જણાય છે. તેમાં દ્વેષ રહેલો છે. એ વિષય-

માં શાસ્ત્ર જે નિષિદ્ધપણું તથા વિહિતપણું બતાવે છે તે રાગદ્વેષના બલવાનપણાથી અવિવેકીને કામ આવતું નથી. આમ પ્રત્યેક ઇંદ્રિયવિષે પોતપોતાના વિષયમાં અનુકૂલતાએ કરીને રાગ તથા પ્રતિકૂલતાએ કરીને દ્વેષ એ બંને નિયમપૂર્વક રહેલા છે. વિવેકવૈરાગ્યવડે આ રાગદ્વેષને અધીન ન થવું એજ પુરુષાર્થનો તથા શાસ્ત્રનો વિષય છે. એ રાગદ્વેષ મોક્ષમાર્ગમાં મોક્ષસાધકના શત્રુ છે, માટે શાસ્ત્ર તથા શ્રીસદ્‌ગુરુ એ વિષયમાં જે જે યુક્તિઓ બતાવે તે તે યુક્તિઓઅનુસાર વર્તન કરી સુદૃઢ મનોબલથી એ રાગદ્વેષને મોક્ષસાધકે હણવા જોઇએ. ૩૪

હવે વિહિતકર્મોનું માહાત્મ્ય કહે છે:—

શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ, પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।
સ્વધર્મે નિધનં શ્રેયઃ, પરધર્મો ભયાવહઃ ॥ ૩૫ ॥

પ૦ ત૦ પ૦:—**શ્રેયાન્** અતિશ્રેષ્ઠ **સ્વધર્મઃ** સ્વધર્મ **વિગુણઃ** ઓછા ગુણવાળો **પરધર્માત્** પરધર્મકરતાં **સ્વનુષ્ઠિતાત્** સારી રીતે આચરેલા—બહુગુણવાળા **સ્વધર્મે** સ્વધર્મમાં **નિધનમ્** મરણ **શ્રેયઃ** સારું **પરધર્મઃ** પારકો ધર્મ **ભયાવહઃ** ભય ઉપજાવનારો [છે.] ૩૫

શ૦:—બહુગુણવાળા પરધર્મકરતાં ઓછા ગુણવાળો સ્વધર્મ અતિશ્રેષ્ઠ [છે.] સ્વધર્મમાં મરણ સારું [છે, પણ] પરધર્મ [તો] ભય ઉપજાવનારો [છે.]' ૩૫

ટી૦:—અધિકારીઓના ચિત્તમાં રહેલા સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણની ન્યૂનાધિકતાને લીધે તેમના નાનાપ્રકારના ભેદ થાય છે, અને તેથી તેમને માટે ચિત્તશુદ્ધિના ઉપાય પણ ભિન્ન ભિન્નજ હોય છે. અમુક હદસુધી ચિત્તશુદ્ધિ થયેલાને અમુક ઉપાયજ આગળ વધવામાં ઉપયોગી થાય, ને તે જો અવિવેકથી તેની આગળના ઉપાયરૂપ ક્રમનો પોતાના અધિકારવિના અભ્યાસ કરવા જાય તો તેમાં તેને હાનિજ થાય. આ વાત ધ્યાનમાં રાખીને આત્મા મંદવિરાગને કહે છે કે અધિકારીના અંતઃકરણની શુદ્ધિઅનુસાર શ્રીસદ્‌ગુરુએ તથા શ્રીશ્રુતિભગવતીએ કહેલો જે ક્રમ તે સ્વધર્મ. તે જો કાંઇ ઓછો પળાય કિંવા બીજા ચઢિયાતા ક્રમથી ઓછા ગુણવાળો હોય છતાં તે તેને માટે શ્રેષ્ઠ છે, ઉપરનો ક્રમ તેનાથી શ્રેષ્ઠ હોય છતાં તેનો વર્તમાનમાં તેમાં અધિકાર ન હોવાથી તેને માટે તે સારો નથી. પોતાના ક્રમનું સુદૃઢ-

પણ પાલન કરતાં તેમાં મૃત્યુ થાય તો તે પણ સારું છે, કેમકે તેથી પુનર્જન્મમાં ઉત્તરોત્તર ચઢિયાતા ક્રમમાં પ્રવેશ કરી શકાય, પણ પોતાનો જેમાં અધિકાર નથી એવા ક્રમરૂપી જે પરધર્મ તે તો અનુષ્ઠાનવડે વ્યાધિ તથા ભ્રાંતિ આદિજ ઉત્પન્ન કરે છે, માટેજ શિષ્ટો કહે છે કેઃ—

' जितां जितां शनैर्भूमिमारोहेत यथाक्रमम् ।
दोषान् व्याधींस्तथा मोहमावहन्ते भूमिनिर्जिता ॥ १ ॥ '

ભાવાર્થઃ—પાછળની ચિત્તભૂમિનો જય કરીને ધીરેથી નવી ભૂમિમાં પ્રવેશ કરવો, કેમકે નહિ જિતેલી ભૂમિ દોષો, વ્યાધિઓ તથા મોહ ઉપજાવે છે.

યોગસૂત્રકાર **શ્રીપતંજલિભગવાને** પણ ' तस्य भूमिषु विनियोगः' (સંયમથી પ્રથમની ભૂમિનો ને પછી ચઢતી ભૂમિનો જય કરવા ઇચ્છા કરવી) એ સૂત્રથી એમજ કહ્યું છે. એ સર્વ ઉપરથી સિદ્ધ એ થય છે કે મોક્ષસાધકે પોતાના અધિકારપ્રમાણે જે વિહિત સાધન પ્રાપ્ત છે તેનેજ શ્રેષ્ઠ સાધનનો અધિકાર પ્રાપ્ત થતાસુધી ઉપાસવું, પણ વિનાઅધિકારે અવિવેકથી કુદકો મારવો નહિ, કેમકે તેમ કરવાથી હાનિ થાય છે. ૩૫

પુરુષની કામ્ય અને નિષિદ્ધ વિષયોમાં પ્રીતિ કરાવનાર કોણ છે એમ અર્જુન શ્રીકૃષ્ણપ્રતિ પ્રશ્ન કરે છેઃ—

अर्जुन उवाच ॥

अथ केन प्रयुक्तोऽयं, पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय, बलादिव नियोजितः ॥ ३६ ॥

પ૦ ત૦ પ૦:—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **अथ** ત્યારે **केन** કોનાથી **प्रयुक्तः** પ્રેરેલો **अयम्** આ **पापम्** પાપને **चरति** કરે છે **पूरुषः** પુરુષ **अनिच्छन्** નહિ ઇચ્છતો છતો **अपि** પણ **वार्ष्णेय** હે વૃષ્ણિકુલમાં ઉપજેલા !–હે શ્રીકૃષ્ણ ! **बलात्** બલથી–પરાણે **इव** પેઠે **नियोजितः** પ્રવૃત્ત કરેલા[પુરુષ]ની. ૩૬

સં૦:—અર્જુન બોલ્યાઃ–' હે વાર્ષ્ણેય ! ત્યારે આ પુરુષ [પાપ કરવાને] નહિ ઇચ્છતો છતો પણ પરાણે પ્રવૃત્ત કરેલા-[પુરુષ]ની પેઠે કોનાથી પ્રેરેલો પાપને કરે છે ? ' ૩૬

ટી૦:—શત્રુના શીઘ્ર નાશમાટે કરવામાં આવતો શ્યેનયાગ (સિંચાણાને હોમવાનો યજ્ઞ) એ આદિ કામ્ય, અને પરસ્ત્રીગમનાદિ નિષિદ્ધ, એ

બંને કર્મોનો સમાસ પાપ એ શબ્દમાં કરવો. ધર્મમેઘસમાધિવડે જેનો પ્રાદુર્ભાવ અનુભવાય છે એવા હે આત્મા ! આ પુરુષ ઇચ્છાવિના બલાત્કારથી પાપ કરે છે, અને પુરુષાર્થના સાધનરૂપ જે આપે ઉપદેશ કરેલ શુભ કર્મ તેની ઇચ્છા કરતો છતો પણ તેને કરતો નથી, તેથી જણાય છે કે આ પુરુષ પરતંત્ર છે, સ્વતંત્ર નથી, કેમકે તેમ ન હોય તો આમ સંભવે નહિ. જેમ કોઇ રાજા પોતાના સેવકને બલાત્કારે કોઇ કામમાં જોડે તો તેની પોતાની ઇચ્છા ન હોય છતાં તેને તે કાર્ય કરવું પડે છે તેમ ઇચ્છાવિના પણ પુરુષને પાપમાં જોડનારું જે બલવાન્ કારણ હોય તેનું સ્વરૂપ મને સમજાવો, એટલે હું તેનો નાશ કરવા યત્ન કરું. ૩૬

હવે શ્રીકૃષ્ણ તે પ્રશ્નનું ઉત્તર આપે છે:—

श्रीभगवानुवाच ॥

काम एष क्रोध एष, रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा, विद्ध्येनमिह वैरिणम् ॥ ३७ ॥

૫૦ ૦ ૫૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **कामः** કામ–વિષયો ભોગવવાની ઇચ્છા **एषः** આ **क्रोधः** ક્રોધરૂપ **एषः** આ **रजोगुणसमुद्भवः** રજોગુણથી ઉત્પન્ન થયેલો **महाशनः** ઘણો આ-હાર કરનાર–કદીપણ ધરાય નહિ એવો **महापाप्मा** અતિઉગ્ર **विद्धि** જાણો **एनम्** એને **इह** અહિં–આ સંસારમાં **वैरिणम्** વેરી. ૩૭

શ૦:—શ્રીભગવાન્ બોલ્યા:–[પાપમાં પ્રેરનારો] આ કામ [છે,] આ [કામજ] ક્રોધરૂપ [છે. તે] રજોગુણથી ઉત્પન્ન થયેલો [છે, તથા તે] ઘણો આહાર કરનાર [ને] અતિઉગ્ર [છે, માટે] અહિં (સંસારમાં) એને વેરીરૂપ જાણો. ૩૭

ટી૦:—પાપમાં બલાત્કારે પ્રવૃત્તિ કરાવનારો રજોગુણમાંથી ઉપજેલો કામ (ભોગોની તૃષ્ણા) છે. એ કામજ પાછો પોતાની સિદ્ધિમાં કોઈ વિઘ્ન કરે તો ક્રોધરૂપે પરિણામ પામે છે. એ કામ મોટો આહાર કરનાર છે, એટલે આખી પૃથ્વીપરનાં અન્નો, પશુઓ, સુવર્ણ તથા સુંદર સ્ત્રીઓ મળે તોપણ તે તૃપ્ત થતો નથી,પરંતુ અધિકનીજ ઇચ્છા કર્યા કરે છે. વળી એ કામ સરલસ્વભાવવાળો નથી, પણ અત્યંત ઉગ્રસ્વભાવવાળો છે, માટે હે અંઘવિરાગ ! આ સંસારમાં તું આ કામનેજ શત્રુરૂપ જાણ. ૩૭

હવે તે કામનું શત્રુપણું ત્રણ ઉદાહરણો આપી સ્પષ્ટ કરે છે:—

धूमेनाव्रियते वह्निर्, यथाऽऽदर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥ ३८ ॥

પ૦ ત૦ પ૦:—**धूमेन** ધૂમાડાથી **आव्रियते** ઢંકાય છે **वह्निः** અગ્નિ **यथा** જેમ **आदर्शः** દર્પણ—અરીસો **मलेन** મેલથી **च** તથા **यथा** જેમ **उल्बेन** ઓરથી **आवृतः** ઢંકાયેલો **गर्भः** ગર્ભ **तथा** તેમ **तेन** તેણે-કામે **इदम्** આને **आवृतम्** ઢાંકેલું [છે.] ૩૮

શ૦:—જેમ ધૂમાડાથી અગ્નિ ઢંકાય છે, તથા મેલથી દર્પણ [ઢંકાય છે, અને] જેમ ઓરથી ગર્ભ ઢંકાયેલો [છે,] તેમ તેણે (કામે) આને-જ્ઞાનને-ઢાંકેલું [છે.] ૩૮

ટી૦:—એ કામની ત્રણ અવસ્થા છે, સ્થૂલ, સ્થૂલતર ને સ્થૂલતમ. પ્રારબ્ધકર્મથી પ્રાપ્ત થયેલા સ્થૂલશરીરમાં વ્યાપી રહેલા અંતઃકરણમાં પ્રકટ થયેલો કામ સ્થૂલ કહેવાય છે, વિષયોના ચિંતનની અવસ્થામાં પુનઃ પુનઃ વૃદ્ધિને પામેલો સ્થૂલતર કહેવાય છે, અને વિષયોની ભોગાવસ્થામાં અતિશય વૃદ્ધિ પામેલો સ્થૂલતમ કહેવાય છે. ધૂમાડો જેમ અગ્નિને ઢાંકે છે તેમ સ્થૂલ કામ જ્ઞાનને સામાન્યરીતે ઢાંકે છે; મેલ જેમ દર્પણને ઢાંકે છે તેમ સ્થૂલતર કામ જ્ઞાનને વિશેષરીતે ઢાંકે છે; અને ઓર જેમ માતાના ઉદરમાં ગર્ભને ઢાંકે છે, તેમ સ્થૂલતમ કામ જ્ઞાનને અતિશય ઢાંકે છે. એ ત્રણ દૃષ્ટાંતોમાં નીચે પ્રમાણે વિલક્ષણતા સમજવી:-ધૂમાડાવડે ઢંકાયેલો અગ્નિ પોતાના સ્વરૂપને જણાવતો છતો દાહાદિ કર્મને કરી શકે છે, મેલ-થી ઢંકાયેલું દર્પણ સ્વરૂપથી જણાય છે, પણ પ્રતિબિંબને ગ્રહણ કરી શકતું નથી, ને ઓરથી ઢંકાયેલો ગર્ભ તો પોતાના સ્વરૂપથી પ્રતીત થતો નથી, તેમ હાથપગ હલાવવારૂપ ક્રિયા પણ કરી શકતો નથી. ૩૮

હવે એ કામનું સ્વરૂપ વિશેષપણે વર્ણવે છે:—

आवृतं ज्ञानमेतेन, ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौंतेय, दुष्पूरेणानलेन च ॥ ३९ ॥

પ૦ ત૦ પ૦:—**आवृतम्** ઢાંકી દીધું [છે] **ज्ञानम्** જ્ઞાનને **एतेन** એણે **ज्ञानिनः** જ્ઞાનીના **नित्यवैरिणा** નિત્યના વેરી **कामरूपेण**

તૃષ્ણારૂપ **कौन्तेय** હે કુંતીના પુત્ર !–હે અર્જુન ! **दुष्पूरेण** કદીપણ તૃપ્ત ન થાય એવા **अनलेन** અગ્નિની **च** પેઠે. ૩૯

શ૦:—હે કૌંતેય ! જ્ઞાનીના નિત્યના વેરી [તથા] તૃષ્ણારૂપ [ને] અગ્નિની પેઠે કદીપણ તૃપ્ત ન થાય એવા એણે (એ કામે) જ્ઞાનને ઢાંકી દીધેલું [છે.] ૩૯

ટી૦:—જ્ઞાની પોતાના વિવેકબલથી વિષયોના ભોગકાળે તથા પરિણામકાળે કામને વેરીજ સમજે છે, માટે એ તેમનો નિત્યવેરી કહેવાય છે, પણ અજ્ઞાનીઓ તો વિષયના ભોગસમયમાં કામને મિત્રરૂપ જાણે છે, ને પરિણામે જ્યારે તેથી દુઃખનો અનુભવ થાય ત્યારે તેઓ તેને વેરીરૂપ જાણે છે, માટે તેમનો તે નિત્યવેરી નથી ગણાતો. વળી એ કામનું ઇચ્છા–તૃષ્ણાએ રૂપ છે, ને અગ્નિ જેમ લાકડાં તથા ઘી આદિ પદાર્થોથી તૃપ્તિ પામતો નથી તેમ આ કામ પણ અનેક પ્રકારના ભોગો પ્રાપ્ત થયા છતાં પણ તૃપ્તિ પામતો નથી. આવી રીતે આ કામ દુઃખનોજ હેતુ છે, માટે વિવેકી-અવિવેકી બંનેએ તેનો ત્યાગ કરવો જોઇએ. ૩૯

હવે એ કામનાં સ્થાન ક્યાં ક્યાં છે તે કહે છેઃ—

इंद्रियाणि मनोबुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहयत्येष, ज्ञानमावृत्य देहिनम् ॥ ४० ॥

પ૦ ત૦ પ૦:—**इंद्रियाणि** ઇંદ્રિયો **मनः** મન **बुद्धिः** બુદ્ધિ **अस्य** આનાં **अधिष्ठानम्** અધિષ્ઠાન **उच्यते** કહેવાય છે **एतैः** તેઓવડે **विमोहयति** મોહ પમાડે છે **एषः** આ–કામ **ज्ञानम्** જ્ઞાનને **आवृत्य** ઢાંકીને **देहिनम्** દેહાભિમાની પુરુષને. ૪૦

શ૦:—ઇંદ્રિયો, મન [ને] બુદ્ધિ [એ ત્રણ] આનાં (કામનાં) અધિષ્ઠાન કહેવાય છે. તેઓવડે આ (કામ) જ્ઞાનને ઢાંકીને દેહાભિમાની પુરુષને મોહ પમાડે છે. ૪૦

ટી૦:—પાંચ જ્ઞાનેંદ્રિયો તથા પાંચ કર્મેંદ્રિયો મળીને દશ ઇંદ્રિયો, સંકલ્પવિકલ્પરૂપ મન તથા નિશ્ચયરૂપ બુદ્ધિ એ ત્રણે આ કામનાં અધિષ્ઠાન (રહેવાનાં સ્થાન) કહેવાય છે. એ ત્રણેથી આ કામ વિવેકજ્ઞાનને ઢાંકીને દેહમાં અભિમાન રાખનાર પુરુષને નાનાપ્રકારનો મોહ પમાડે છે. ૪૦

ઇંદ્રિયોનો જય કરવાથી એ કામનો જય કરી શકાય છે એમ પ્રતિપાદન કરે છેઃ—

तस्मात्त्वमिन्द्रियाण्यादौ, नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं, ज्ञानविज्ञाननाशनम् ॥ ४१ ॥

પ૦ ત૦ પ૦:— तस्मात् એટલામાટે त्वम् તમે इन्द्रियाणि ઇંદ્રિયોને आदौ પ્રથમ नियम्य નિયમમાં લાવીને भरतर्षभ હે અર્જુન! पाप्मानम् પાપના મૂલભૂત प्रजहि હણો हि નિશ્ચય एनम् અને ज्ञानविज्ञाननाशनम् જ્ઞાન—ગુરુ અને શાસ્ત્રથી જે જાણવું તે, અને વિજ્ઞાન—એવી રીતે જાણેલાનો અનુભવ કરવો તે, એ બંનેનો નાશ કરનાર. ૪૧

શ૦:—હે ભરતકુલમાં શ્રેષ્ઠ! (અર્જુન!) એટલામાટે તમે પ્રથમ ઇંદ્રિયોને નિયમમાં લાવીને [સર્વ] પાપના મૂલભૂત [ને] જ્ઞાનવિજ્ઞાનનો નાશ કરનાર આને (કામને) નિશ્ચય હણો. ૪૧

ટી૦:—જેમ ચોર, વ્યાઘ્ર ને સિંહાદિ અપકાર કરનાર પ્રાણીનાં સ્થાનોને યથાર્થ જાણી, તે સ્થાનોને અધીન કરી, પછી તેમાં રહેલા તે ચોરાદિનો મનુષ્ય નાશ કરે છે, તેમ કામનો નિરોધ કર્યા પહેલાં તેનાં અધિષ્ઠાનોમાં મુખ્ય એવી ઇન્દ્રિયોને જિતી તે કામનો નાશ કરવો. ઇંદ્રિયો વશ થશે તો મન તથા બુદ્ધિ પણ સહજ વશ થઈ જશે, કેમકે હાથપગવિનાનાં તે પછી શું કરી શકશે? એ કામ સર્વ પાપોના મૂલભૂત તથા જ્ઞાન અને વિજ્ઞાન એ બંનેનો નાશ કરનાર છે, માટે એ અવશ્ય હણવાયોગ્ય છે. ૪૧

તૃષ્ણાનો નાશ કરવામાં પરમાત્માનું જ્ઞાન પણ ઉપયોગી છે, માટે પ્રથમ તે પરમાત્માનું સૌથી શ્રેષ્ઠપણું વર્ણવે છે:—

इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्, यो बुद्धेः परतस्तु सः ॥ ४२ ॥

પ૦ ત૦ પ૦:—इन्द्रियाणि ઇંદ્રિયોને पराणि પર आहुः કહે છે इन्द्रियेभ्यः ઇંદ્રિયોથી परम् પર मनः મન मनसः મનથી तु અને परा પર बुद्धिः બુદ્ધિ यः જે बुद्धेः બુદ્ધિથી परतः પર [રહ્યો છે] तु અને सः એ. ૪૨

શ૦:—ઇંદ્રિયોને [સ્થૂલશરીરથી] પર કહે છે, ઇંદ્રિયોથી મન પર [છે,] અને મનથી બુદ્ધિ પર [છે,] અને જે બુદ્ધિથી [પણ] પર [રહ્યો છે તે] એ [આત્મા છે.] ૪૨

ટી૦:—સ્થૂલ, જડ, પરિચ્છિન્ન તથા બાહ્ય એવા આ શરીરાદિના કરતાં શ્રવણાદિક પાંચ જ્ઞાનેંદ્રિયો સૂક્ષ્મ, પ્રકાશક, વ્યાપક તથા અંતરમાં રહેલ છે માટે શ્રીશ્રુતિભગવતી તે ઇંદ્રિયોને દેહાદિ પદાર્થથી શ્રેષ્ઠ કહે છે. સંકલ્પવિકલ્પરૂપ મન ઇંદ્રિયોનું પ્રવર્તક હોવાથી તે ઇંદ્રિયોથી શ્રેષ્ઠ છે. એ મનની ઉત્પત્તિ બુદ્ધિમાંથી થાય છે માટે મનથી બુદ્ધિ શ્રેષ્ઠ છે, અને એ બુદ્ધિનો પ્રકાશ આત્માદ્વારા થાય છે માટે આત્મા બુદ્ધિથી શ્રેષ્ઠ છે. ૪૨

હવે પૂર્વે કહેલ વાક્યથી સિદ્ધ થયેલ અર્થનું નિરૂપણ કરે છે:—

एवं बुद्धेः परं बुद्ध्वा, संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो, कामरूपं दुरासदम् ॥ ४३ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे कर्मयोगो नाम तृतीयोऽध्यायः ॥३॥

પદચ્છેદ તથા પદાર્થ:—**एवम्** એ પ્રમાણે **बुद्धेः** બુદ્ધિથી **परम्** પર **बुद्ध्वा** જાણીને **संस्तभ्य** સ્થિર કરીને **आत्मानम्** મનને **आत्मना** બુદ્ધિવડે **जहि** હણો **शत्रुम्** શત્રુને **महाबाहो** હે મોટી ભુજવાળા !—હે અર્જુન ! **कामरूपम्** કામરૂપી **दुरासदम्** મહાપ્રયત્ને જિતી શકાય એવા. ૪૩

શબ્દાર્થ:—હે મહાબાહો !—અર્જુન ! એ પ્રમાણે [આત્માને] બુદ્ધિથી પર જાણીને, [તથા] બુદ્ધિવડે મનને સ્થિર કરીને, મહાપ્રયત્ને જિતી શકાય એવા કામરૂપી શત્રુને હણો. ૪૩

ટીકા:—પૂર્વે કહ્યા પ્રમાણે આ આત્મા બુદ્ધિથી શ્રેષ્ઠ છે એવા નિશ્ચયરૂપ બુદ્ધિવડે મનને સ્થિર કરીને અત્યંત પ્રયત્નવડે જિતી શકાય એવા અને સર્વ પુરુષાર્થનો નાશ કરનારા આ કામરૂપ શત્રુને તું હણ, કેમકે એ તૃષ્ણારૂપ કામની નિવૃત્તિ થવાથીજ સર્વ દુઃખોની નિવૃત્તિ થાય છે. ૪૩

इति श्रीमन्मथुरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्यदीपिकाख्यायां तृतीयोऽध्यायः ॥ ३ ॥

॥ ૐ ॥

અધ્યાય ૪ થો.

યજ્ઞવિભાગયોગ.

હવે જ્ઞાનયોગની તથા કર્મયોગની ફલમાં એકતા નિરૂપણ કરવી છે માટે પ્રથમ એ વિદ્યાપ્રાપ્તિના વંશને કહે છે:—

श्रीभगवानुवाच ॥

इमं विवस्वते योगं, प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान्मनवे प्राह, मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થ:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **इमम्** આ **विवस्वते** સૂર્યને **योगम्** યોગ **प्रोक्तवान्** કહેતો હવો **अहम्** હું **अव्ययम्** નાશરહિત **विवस्वान्** સૂર્ય **मनवे** મનુને **प्राह** કહેતા હવા **मनुः** મનુ **इक्ष्वाकवे** ઇક્ષ્વાકુને **अब्रवीत्** કહેતા હવા. ૧

શબ્દાર્થ:—શ્રીભગવાન્ બોલ્યા:-હું આ નાશરહિત યોગ સૂર્યને કહેતો હવો, સૂર્ય [પોતાના પુત્ર] મનુને કહેતા હવા, [અને] મનુ [પોતાના પુત્ર] ઇક્ષ્વાકુને કહેતા હવા. ૧

ટીકા:—અવિનાશી એવો આ જ્ઞાનયોગ મેં પ્રથમ પ્રાણને કહેલો છે, અર્થાત્ ત્રિકાલાબાધ્ય એવા જ્ઞાનનું પ્રતિબિંબ પ્રથમ મહત્તત્ત્વરૂપ પ્રાણમાં પડેલું છે. '**एतस्माज्जायते प्राणः**' (એ આત્માથી પ્રાણ ઉપજે છે) ઇત્યાદિ શ્રુતિથી પણ એજ વાત સિદ્ધ થાય છે. પ્રાણ એ સર્વ પ્રવૃત્તિ–ક્રિયા–નું બીજ હોવાથી મેં પ્રથમ એને જ્ઞાન આપ્યું. પછી પ્રાણે તે જ્ઞાન પોતાના પુત્ર મનને આપ્યું–મનમાં પ્રતિબિંબિત કર્યું, અને મને તે જ્ઞાન ઇક્ષ્વાકુને એટલે સંકલ્પસ્ફુરણને આપ્યું, અન્ય ઐતિહાસિક અર્થ સ્પષ્ટજ છે. ૧

एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः ।
स कालेनेह महता, योगो नष्टः परंतप ॥ २ ॥

૫૦ ત૦ ૫૦:—**एवम्** એમ **परंपराप्राप्तम्** પરંપરાથી પ્રાપ્ત થયેલા **इमम्** આને **राजर्षयः** રાજર્ષિઓ **विदुः** જાણતા હતા **सः** તે **कालेन** કાળે કરીને **इह** હમણાં **महता** લાંબા **योगः** યોગ **नष्टः** નાશ પામી ગયો [છે] **परंतप** હે શત્રુને તપાવનારા !–હે અર્જુન ! ૨

શા૦:—હે અર્જુન ! એમ પરંપરાથી પ્રાપ્ત થયેલા આ [યોગ]ને રાજર્ષિઓ જાણતા હતા. લાંબા કાળે કરીને તે યોગ હમણાં નાશ પામી ગયો [છે.] ૨

ટી૦:—એવી રીતે પરંપરાથી પ્રાપ્ત થયેલા પ્રતિબિંબરૂપ ને જ્ઞાનયોગને પ્રવૃત્તિમાં રહ્યા છતાં જે વૃત્તિઓ અંતર્દર્શનવાળી હતી ને જાણતી હતી, પણ ઘણો સમય એ વૃત્તિઓનું બહિર્મુખપણું રહેવાથી હમણાં તે અધ્યાત્મ-યોગ–આત્માને જણાવનારો જ્ઞાનયોગ–નાશ પામ્યો છે. આ અધ્યાત્મયોગનું ઉપનિષદાદિરૂપ શબ્દપ્રમાણ હોવાથી, મોક્ષરૂપ અવિનાશી ફલ હોવાથી, તથા તે પરંપરાએ પ્રાપ્ત થયેલો હોવાથી, આ અધ્યાત્મયોગ કૃત્રિમની (આ અધ્યાત્મયોગ પૂર્વે નહોતો, ને હમણાં નવોજ ઉત્પન્ન્યો છે એવી) શંકા-નો વિષય નથી. પરંતપ એવું અંદવિરાગને સંબોધન કરી એમ સૂચવ્યું કે તું ઇન્દ્રિયાદિ શત્રુઓને તપાવનાર હોવાથી આ અધ્યાત્મયોગનો અધિકારી છે. ૨

स एवायं मया तेऽद्य, योगः प्रोक्तः पुरातनः ।
भक्तोऽसि मे सखा चेति, रहस्यं ह्येतदुत्तमम् ॥ ३ ॥

૫૦ ત૦ ૫૦:—**सः** તે **एव** જ **अयम्** આ **मया** મેં **ते** તમને **अद्य** આજ **योगः** યોગ **प्रोक्तः** કહ્યો **पुरातनः** અનાદિ **भक्तः** ભક્ત **असि** છે "**मे** મારા **सखा** મિત્ર **च** વળી **इति** માટે **रहस्यम्** રહસ્ય "**हि** કેમકે **एतत्** એ **उत्तमम्** ઉત્તમ. ૩

શા૦:—તેજ આ અનાદિ યોગ આજ મેં તમને કહ્યો. [તમે] મારા ભક્ત છો, વળી મિત્ર [છો,] માટે [કહ્યો,] કેમકે એ ઉત્તમ રહસ્ય [છે.]' ૩

ટી૦:—પૂર્વે પ્રાણ આદિને કહેલો આ અવિનાશી અધ્યાત્મયોગ આજ મેં તને કહ્યો, તું મારામાં પૂજ્યભાવ રાખનારો સેવક તથા સ્નેહી છે, માટે મેં તને કહ્યો, કેમકે એ અધ્યાત્મયોગ અત્યંત ઉત્તમ તથા ગુપ્ત રાખવાયોગ્ય હોવાથી અનધિકારીને તેનો બોધ દેવો નહિ એમ શ્રીશ્રુતિ-ભગવતીની આજ્ઞા છે. ૩

વિદ્યાનો વંશ જે પૂર્વે કહ્યો એ સંબંધમાં અર્જુન શંકા કરે છે:—

अर्जुन उवाच ॥

अपरं भवतो जन्म, परं जन्म विवस्वतः ।
कथमेतद्विजानीयां, त्वमादौ प्रोक्तवानिति ॥ ४ ॥

પ૦ ત૦ પ૦:—अर्जुनः અર્જુન उवाच બોલ્યા ॥ अपरम् પછી भवतः આપનો जन्म જન્મ परम् પહેલાં जन्म જન્મ विवस्वतः સૂર્યનો कथम् કેમ एतत् એ विजानीयाम् જાણું त्वम् તમે आदौ આદિકાલમાં प्रोक्तवान् કહ્યો હતો इति એમ. ૪

શ૦:—અર્જુન બોલ્યા:—'આપનો જન્મ [તો] પછી [છે, અને આ] સૂર્યનો જન્મ [તો આપની] પહેલાં [થયેલો છે, તો] આદિકાલમાં તમે [એ યોગ તેમને] કહ્યો હતો એમ એ [હું] કેમ જાણું?' ૪

ટી૦:—અહિં મંદવિરાગને બે શંકા ઉપજી છે, એક તો એ કે પ્રથમ શરીરની ઉત્પત્તિના સમયે તમે જે પ્રાણને જ્ઞાન આપ્યું હોય તો તેનું આજ તમને સ્મરણ ન રહેવું જોઈએ, અને બીજી એ કે આ શરીરવડે તો તમારાથી તે પ્રાણને જ્ઞાન આપવું સંભવી શકે નહિ, કેમકે તેની ઉત્પત્તિ પ્રથમ છે, અને આપની ઉત્પત્તિ પછી છે. આવી રીતે અસર્વજ્ઞપણાની તથા અનિત્યપણાની જે બે શંકાઓ ઉપજી એ બે શંકાઓનું નિવારણ કરવા કહે છે કે એ યોગ તમેજ પ્રાણને કહ્યો હતો એમ હું શી રીતે જાણું? ૪

શ્રીકૃષ્ણ તે બેમાંની પહેલી શંકાનું સમાધાન કરે છે:—

श्रीभगवानुवाच ॥

बहूनि मे व्यतीतानि, जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि, न त्वं वेत्थ परंतप ॥ ५ ॥

પ૦ ત૦ પ૦:—श्रीभगवान् શ્રીભગવાન્ उवाच બોલ્યા ॥ बहूनि ઘણા मे મારા व्यतीतानि થઈ ગયા जन्मानि જન્મો तव તમારા च ને अर्जुन હે અર્જુન! तानि તે अहम् હું वेद જાણું છું सर्वाणि

બધાને **न** નથી **वेत्थ** તમે- **वेत्थ** જાણુતા **परंतप** હે શત્રુને તપાવનારા !- હે અર્જુન ! ૫

શા૦:—શ્રીભગવાન્ બોલ્યા:-' હે અર્જુન ! મારા ને તમારા ઘણા જન્મો થઈ ગયા [છે,] તે બધાને હુ જાણું છું, હે શત્રુને તપાવનારા ! તમે નથી જાણુતા. ૫

ટી૦:—હે મંદવિરાગ ! જેમ સૂર્યનારાયણ સર્વદા વિદ્યમાન છતાં પૃથ્વીરૂપ ઉપાધિને લીધે લોકો તેનો ઉદય માને છે તેમ વાસ્તવિકરીતે હું જન્મથી રહિત છતાં વ્યવહારદૃષ્ટિએ લીલામાત્રથી પૂર્વે મારા બહુ જન્મ વ્યતીત થયા છે, અને અજ્ઞાની એવો જે તું તેના પણ પૂર્વે કર્માનુસાર ઘણા જન્મો વીતી ગયા છે. તે મારા અને અન્ય સર્વના જન્મોને હું મારા સર્વજ્ઞપણાથી જાણું છું, પણ તું તારા અજ્ઞાનને લીધે તેને જાણુતો નથી. મારો ઉપાધિ શુદ્ધસત્ત્વ હોવાથી મને ત્રણ કાલનું જ્ઞાન છે, ને તારો ઉપાધિ મલિનસત્ત્વ હોવાથી તને માત્ર વર્તમાનકાલનુંજ સામાન્ય જ્ઞાન છે. અહિં મંદવિરાગનું અર્જુન એવું સંબોધન કરી એમ સૂચવ્યું કે તું અર્જુન-(સાજડ)નામના વૃક્ષજેવો જડ છે તેથી તને એ વાતનું ભાન નથી. વળી તેને પરંતપ એવું સંબોધન કરી એમ સૂચવ્યું કે તું પર એટલે બીજાને તાપ પમાડનાર હોવાથી ભેદદર્શી છે, ને જે ભેદદર્શી હોય તે વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ જોઇ શકે નહિ. ૫

હું વસ્તુતાએ અજન્મા છતાં કેવી રીતે જન્મ ધારણ કરતો દેખાઉં છું તે કહી તેની સાથે અનિત્યપણાના પૂર્વપક્ષનું ઉત્તર પણ શ્રીકૃષ્ણ આપે છે:—

अजोऽपि सन्नव्ययात्मा, भूतानामीश्वरोऽपि सन् ।

प्रकृतिं स्वामधिष्ठाय, संभवाम्यात्ममायया ॥ ६ ॥

પ૦ ત૦ પ૦:—**अजः** જન્મરહિત **अपि** પણ **सन्** છતાં **अव्ययात्मा** મરણરહિત **भूतानाम्** પ્રાણીઓનો **ईश्वरः** ઈશ્વર **अपि** પણ **सन्** છતાં **प्रकृतिम्** પ્રકૃતિનો-ત્રણ ગુણરૂપ માયાનો **स्वाम्** પોતાની-મારી **अधिष्ठाय** આશ્રય કરીને **संभवामि** જન્મું છું **आत्ममायया** પોતાની-મારી-માયાવડે. ૬

શ૦:—[હું] જન્મરહિત છતાં પણ, [તથા] મરણ-રહિત [છતાં પણ, તેમજ સર્વ] પ્રાણીઓનો ઈશ્વર છતાં પણ, મારી પ્રકૃતિનો આશ્રય કરીને મારી માયાવડે જન્મું છું. ૬

ટી૦:—નવીન દેહઇંદ્રિયાદિનું ગ્રહણ તે જન્મ, અને પૂર્વે ગ્રહણ કરેલા દેહઇંદ્રિયાદિના ત્યાગરૂપ જે મરણ તે વ્યય. મારામાં જન્મ તથા વ્યય નહિ છતાં, અને હું સર્વ પ્રાણીઓનો સ્વામી છું છતાં, હું મારી માયાને મારા ચિદાભાસદ્વારા વશ કરીને તે મારી માયાના પરિણામવડે કરીને જન્મવાળાની પેઠે તથા જન્મ થયેલાની પેઠે જણાઉં છું, તાત્પર્ય કે ઉત્પત્તિથી રહિત અનાદિ માયા મારો ઉપાધિ છે. તે શુદ્ધસત્ત્વગુણપ્રધાન માયારૂપ આપેક્ષિક નિત્યશરીરથીજ મેં ઉત્પત્તિકાલમાં બ્રહ્માને બોધ કર્યો હતો, અને હમણાં તને બોધ કરું છું, માટે તારી શંકા વ્યર્થ છે. ૬

પોતાના લીલારૂપ દેહની પ્રતીતિ શામાટે થાય છે તે કહે છે:-

यदा यदा हि धर्मस्य, ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य, तदाऽऽत्मानं सृजाम्यहम् ॥ ७ ॥

પ૦ ત૦ પ૦:—यदा જ્યારે **यदा** જ્યારે **हि** નિશ્ચય **धर्मस्य** ધર્મની **ग्लानिः** હાનિ **भवति** થાય છે **भारत** હે અર્જુન! **अभ्युत्थानम्** વૃદ્ધિ **अधर्मस्य** અધર્મની **तदा** ત્યારે **आत्मानम्** શરીરને **सृजामि** ઉપજાવું છું **अहम्** હું. ૭

શ૦:—હે ભારત! નિશ્ચય જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે, [ને] અધર્મની વૃદ્ધિ [થાય છે ત્યારે] ત્યારે હું શરીરને ઉપજાવું છું. ૭

ટી૦:—પ્રવૃત્તિરૂપ તથા નિવૃત્તિરૂપ એવા વૈદિકધર્મની જે જે કાલમાં હાનિ—નબળી સ્થિતિ—થાય છે, તથા વેદે નિષિદ્ધ કરેલો, નાનાપ્રકારનાં દુઃખોના સાધનરૂપ, તથા ધર્મનો વિરોધી એવો અધર્મ જ્યારે જ્યારે વૃદ્ધિ પામે છે ત્યારે ત્યારે મારા નિત્યસિદ્ધ એવા શરીરને માયાવડે કરીને જાણે ઉત્પન્ન થતું હોય એમ હું દેખાડું છું. ૭

એવા પ્રાદુર્ભાવથી કયો અર્થ સિદ્ધ થાય છે તે કહે છે:—

परित्राणाय साधूनां, विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय, संभवामि युगे युगे ॥ ८ ॥

પ૦ ત૦ પ૦:—**परित्राणाय** સારી રીતે રક્ષણ કરવામાટે **साधूनाम्** સત્પુરુષોનું **विनाशाय** નાશ કરવામાટે **च** તથા **दुष्कृताम्** પાપીઓનો **धर्मसंस्थापनार्थाय** ધર્મનું સ્થાપન કરવામાટે **संभवामि** અવતાર ધરું છું **युगे** યુગ **युगे** યુગને વિષે. ૮

શ૦:—સત્પુરુષોનું સારી રીતે રક્ષણ કરવામાટે તથા પાપીઓનો નાશ કરવામાટે [અને] ધર્મનું સ્થાપન કરવામાટે [હું] યુગયુગને વિષે અવતાર ધરું છું. ૮

ટી૦:—સાધુ એટલે નિરંતર વેદે પ્રતિપાદન કરેલા માર્ગમાં પ્રાણાંત-નિશ્ચયથી સ્થિર રહેનારા. એવા પુરુષો પોતાના પ્રાણનો નાશ થાય તોપણ ધર્મનો ત્યાગ કરતા નથી, અને ધર્મની હાનિથી હાનિને સહન કરે છે. એવા સાધુપુરુષોના રક્ષણમાટે, તથા અધર્મની વૃદ્ધિથી વૃદ્ધિ પામેલા વેદ-માર્ગના વિરોધી અને નિરંતર મન વાણી ને શરીરથી વેદે નિષિદ્ધ કરેલાં પાપકર્મો કરનારા દુષ્ટ પુરુષોના નાશમાટે, તથા વેદમાર્ગનું સારી રીતે રક્ષણ કરવારૂપ જે ધર્મનું સંસ્થાપન છે તે કરવામાટે, હું યુગયુગને વિષે પ્રકટ થઉં છું.—અવતારને ધારણ કરું છું. ૮

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः।
त्यक्त्वा देहं पुनर्जन्म, नैति मामेति सोऽर्जुन ॥ ९ ॥

પ૦ ત૦ પ૦:—**जन्म** જન્મ **कर्म** કર્મને–ધર્મનું સ્થાપન કરવું ઇત્યાદિ કામને **च** તથા **मे** મારા **दिव्यम्** દિવ્ય (મનુષ્યથી ન થઇ શકે એવા) **एवम्** એ પ્રમાણે **यः** જે **वेत्ति** જાણે છે **तत्त्वतः** યથાર્થ **त्यक्त्वा** છોડીને **देहम्** દેહને **पुनः** ફરીથી **जन्म** જન્મ **न** નથી **एति** પામતો **माम्** મને **एति** પામે છે **सः** તે **अर्जुन** હે અર્જુન ! ૯

શ૦:—હે અર્જુન ! જે મારા દિવ્ય જન્મ તથા [દિવ્ય] કર્મને એ પ્રમાણે યથાર્થ જાણે છે તે દેહને છોડીને ફરીથી જન્મ પામતો નથી, [પણ] મને પામે છે. ૯

ટી૦:—લીલામાત્રથી લૌકિકજન્મોના જેવો જે મારો જન્મ, તથા વેદવિહિત ધર્મના સ્થાપનવડે જગતના પરિપાલનરૂપ જે મારું કર્મ, એ બંને દિવ્ય છે, પ્રાકૃત જીવોનાં જેવાં નથી: એવા મારા દિવ્ય જન્મ તથા કર્મને જે છઠ્ઠા શ્લોક આદિમાં કહેલી રીતે તત્ત્વથી જાણે છે, અર્થાત

પોતાની માયાવડે કરીને લીલામાત્રથી જીવોના જન્મની પેઠે આત્માએ જન્મનું અનુકરણમાત્ર કર્યું છે, તથા વાસ્તવિકરીતે અકર્તા એવા આત્માએ અન્યલોકોપર અનુગ્રહ કરવામાટે જીવના કર્મની પેઠે કર્મનું અનુકરણમાત્ર કર્યું છે, એમ જે સમજે છે તે આ વર્તમાનશરીરનો ત્યાગ કર્યા પછી પુનઃ જન્મને પામતો નથી, પણ મનેજ પામે છે. ૯

પોતાના સ્વરૂપને કેવી કેવી વૃત્તિવાળા પુરુષો પ્રાપ્ત થાય છે એ શ્રીકૃષ્ણ અર્જુનને જણાવે છે:—

वीतरागभयक्रोधा, मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा, पूता मद्भावमागताः ॥ १० ॥

પ૦ ત૦ પ૦:—**वीतरागभयक्रोधाः** રાગ ભય તથા ક્રોધ જેનાં ગયાં છે એવા **मन्मयाः** મારામાંજ મનવાળા **माम्** મારો **उपाश्रिताः** આશ્રય કરીને રહેલા **बहवः** ઘણા **ज्ञानतपसा** જ્ઞાનરૂપ તપથી **पूताः** પવિત્ર થયેલા **मद्भावम्** મારા સ્વરૂપને **आगताः** પામ્યા [છે.] ૧૦

શ૦:—રાગ ભય તથા ક્રોધ જેનાં ગયાં છે એવા, મારામાંજ મનવાળા, મારો આશ્રય કરીને રહેલા, [ને] જ્ઞાનરૂપ તપથી પવિત્ર થયેલા ઘણા [પુરુષો] મારા સ્વરૂપને પામ્યા [છે.] ૧૦

ટી૦:—રાગ, (આ લોકના ભોગોની તથા સ્વર્ગાદિનાં સુખોની પ્રાપ્તિની તૃષ્ણા,) ભય (ઔષધાદિ સર્વ વિષયોનો પરિત્યાગ કરી જ્ઞાનમાર્ગમાં સ્થિત થવાથી મારો નિર્વાહ શી રીતે ચાલશે એવો ત્રાસ વા પ્રતિકૂલ પ્રાણિપદાર્થનો યોગ થવાના અનુમાનથી કિંવા અનુકૂલ પ્રાણિપદાર્થનો વિયોગ થવાના અનુમાનથી ચિત્તમાં થતો ત્રાસ) તથા ક્રોધ (બધા વિષયોને મૂલમાંથી કાપી નાંખનારો આ જ્ઞાનમાર્ગ અમને લાભકારક નહિ થાય એવો દ્વેષ વા અપકાર કરનારપર વેર વાળવાની વૃત્તિ) જેનાં નાશ પામ્યાં છે એવા, શુદ્ધ અંતઃકરણવાળા, તથા મારામાંજ જેમનું ચિત્ત છે એવા, અને અનન્યપ્રેમભક્તિથી મારે શરણ થયેલા એવા શુકદેવાદિક અનેક પુરુષો જ્ઞાનરૂપ તપથી સર્વ પાપોથી પવિત્ર થયેલા મારા સ્વરૂપને પામ્યા છે. ૧૦

એમ થવાથી મારામાં વિષમતાનો દોષ આવતો નથી એમ કહે છે:—

ये यथा मां प्रपद्यंते, तांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तंते, मनुष्याः पार्थ सर्वशः ॥ ११ ॥

પ૦ ત૦ પ૦:—**યે** જેઓ **યથા** જે પ્રમાણે **મામ્** મને **પ્રપદ્યંતે** શરણ થાય છે-ભજે છે **તાન્** તેમને **તથા** તે પ્રમાણે **એવ** જ **ભજામિ** ભજું છું-મનોવાંછિત ફલ આપું છું **અહમ્** હું **મમ** મારા **વર્ત્મ** માર્ગને **અનુવર્તંતે** અનુસરે છે **મનુષ્યાઃ** મનુષ્યો **પાર્થ** હે પૃથાના-કુંતીના-પુત્ર !-હે અર્જુન ! **સર્વશઃ** બધી રીતે. ૧૧

શ૦:—જેઓ જે પ્રમાણે મને ભજે છે તેમને હું તે પ્રમાણે-જ ભજું છું. (વાંછિત ફલ આપું છું.) હે પાર્થ ! મનુષ્યો બધી રીતે મારા માર્ગને અનુસરે છે. ૧૧

ટી૦:—આર્ત, (દુઃખથી પીડાયેલા,) અર્થાર્થી, (ધનાદિને મેળવવા ઇચ્છનારા,) જિજ્ઞાસુ (આત્મસ્વરૂપને જાણવા ઇચ્છનારા) તથા જ્ઞાની (તત્ત્વનો જેણે સાક્ષાત્કાર કર્યો છે એવા) એ ચારે પ્રકારના પુરુષોને તેમના કર્માનુસાર હું ફલ આપું છું, અર્થાત્ મોક્ષેચ્છાથી રહિત આર્તના દુઃખની નિવૃત્તિ કરું છું, અર્થાર્થીને પણ મોક્ષની ઇચ્છા ન હોવાથી તેના ઇચ્છેલા ધનાદિ પદાર્થ આપું છે, જિજ્ઞાસુને આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરું છું, ને જ્ઞાનીને મોક્ષ આપું છું, એમ ચારેના ઉપર તેમના કર્મ અને ભાવનાઅનુસાર અનુગ્રહ કરું છું. તથા ઇંદ્રાદિ દેવોના ભક્તોઉપર પણ હું ઇંદ્રાદિ દેવોને રૂપે અનુગ્રહ કરું છું, એટલે તે દેવોનું ભજન કરનારા મનુષ્યો પણ મારાજ જ્ઞાનકર્મરૂપ માર્ગને અનુસરે છે, એમ બન્ને પ્રકારે મારામાં વિષમપણું તથા નિર્દયતા નથી. ૧૧

હું સર્વ દેવમય છતાં તે લોકો મને નહિ ભજતાં દેવોને ભજે છે તેનું કારણ આ છેઃ—

कांक्षंतः कर्मणां सिद्धिं, यजंत इह देवताः ।
क्षिप्रं हि मानुषे लोके, सिद्धिर्भवति कर्मजा ॥ १२ ॥

પ૦ ત૦ પ૦:—**કાંક્ષંતઃ** ઇચ્છનારાઓ **કર્મણામ્** કર્મોનાં **સિદ્ધિમ્** ફલને **યજંતે** પૂજે છે **ઇહ** અહિં-આ લોકમાં **દેવતાઃ** દેવતાઓને **ક્ષિપ્રમ્** તુરત **હિ** કેમકે **માનુષે** મનુષ્ય **લોકે** લોકમાં **સિદ્ધિઃ** સિદ્ધિ-ફલ **ભવતિ** થાય છે-મળે છે **કર્મજા** કર્મનું. ૧૨

શ૦:—અહિં (આ લોકમાં) કર્મોનાં ફલને ઈચ્છનારાઓ દેવતાઓને પૂજે છે, કેમકે મનુષ્યલોકમાં કર્મનું ફલ તુરત મળે છે. ૧૨

ટી૦:—આ સંસારમાં યજ્ઞાદિ કર્મોનાં ધનપુત્રાદિ ફલ ઇચ્છનારા સકામ પુરુષો ઇંદ્રાદિ દેવને પૂજે છે, નિષ્કામભાવને પામી મારું પૂજન કરતા નથી, કેમકે તે તે કર્મોવડે ઉપજતા ફલની પ્રાપ્તિ આ મનુષ્યલોકમાં શીઘ્રજ થાય છે, અને આત્મજ્ઞાનનું જે મોક્ષરૂપ ફલ છે તે ફલ તો ચિત્ત-શુદ્ધિવિના પ્રાપ્ત થતું નથી, ને ચિત્તની યથાર્થ શુદ્ધિ તો દીર્ઘકાલનાં પુણ્ય-કર્મોએ કરીને થાય છે. આમ કર્મના ફલની પેઠે જ્ઞાનનું ફલ શીઘ્ર પ્રાપ્ત થતું ન હોવાથી સકામ પુરુષો દેવાદિને ભજે છે. ૧૨

સત્ત્વાદિ ગુણની વિષમતાથી સ્વભાવની વિષમતા હોવાનું કહે છે:—

चातुर्वर्ण्यं मया सृष्टं, गुणकर्मविभागशः ।
तस्य कर्तारमपि मां, विद्ध्यकर्तारमव्ययम् ॥ १३ ॥

પ૦ ૮૦ પ૦:—चातुर्वर्ण्यम् [બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર એ] ચાર વર્ણ **मया** મેં **सृष्टम्** ઉત્પન્ન કર્યા છે **गुणकर्मविभागशः** ગુણ અને કર્મના વિભાગે કરીને **तस्य** તેનો **कर्तारम्** કરનાર **अपि** પણ **माम्** મને **विद्धि** જાણો **अकर्तारम्** નહિ કરનાર—અકર્તારૂપ **अव्ययम्** વિકાર-રહિત. ૧૩

શ૦:—મેં ગુણ અને કર્મના વિભાગે કરીને ચાર વર્ણ સર્જ્યા છે. તેનો [હું] કરનાર [છતાં] પણ મને નહિ કરનાર [તથા] વિકારરહિત જાણો. ૧૩

ટી૦:—મેં સત્ત્વાદિ ત્રણ ગુણોના અને શમદમાદિ કર્મોના ભેદથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણો ભિન્ન ભિન્ન ઉત્પન્ન કર્યા છે, તે આવી રીતઃ—જેનામાં સત્ત્વગુણ પ્રધાન છે, તથા જેનાં શમદમાદિક કર્મ છે તે બ્રાહ્મણ; જેનામાં રજોગુણ પ્રધાન ને સત્ત્વગુણ ગૌણ છે, તથા જેનાં શૌર્યતેજાદિ કર્મ છે તે ક્ષત્રિય; જેનામાં રજોગુણ પ્રધાન ને તમોગુણ ગૌણ છે, તથા જેનાં ખેતીવેપાર આદિ કર્મ છે તે વૈશ્ય; અને જેનામાં તમોગુણ પ્રધાન છે, તથા જેનાં ત્રણ વર્ણોની સેવાદિક કર્મ છે તે શૂદ્ર. આમ

વ્યવહારદૃષ્ટિએ એ વિષમસ્વભાવવાળા ચારે વર્ણોનો હું કર્તા છતાં પણ પરમાર્થદૃષ્ટિએ મને અકર્તા તથા અબાધિત મહિમાવાળો જાણ. ૧૩

કર્તા છતાં પણ મારામાં અકર્તાપણું નીચેના કારણથી છે:-

न मां कर्माणि लिंपंति, न मे कर्मफले स्पृहा ।
इति मां योऽभिजानाति, कर्मभिर्न स बध्यते ॥ १४ ॥

૫૦ ત૦ ૫૦:—**न** નથી **माम्** મને **कर्माणि** કર્મો **लिंपंति** લેપતાં **न** નથી **मे** મારી-મને **कर्मफले** કર્મના ફલમાં **स्पृहा** ઇચ્છા **इति** એ પ્રમાણે **माम्** મને **यः** જે **अभिजानाति** સમજે છે **कर्मभिः** કર્મોવડે **न** નથી **सः** તે **बध्यते** બંધાતો. ૧૪

શ૦:—મને કર્મો લેપતાં નથી, મને કર્મના ફલમાં ઇચ્છા નથી, એ પ્રમાણે જે મને સમજે છે તે કર્મોવડે બંધાતો નથી. ૧૪

ટી૦:—કર્તાપણાના અભિમાનથી રહિત એવો જે હું તેને સૃષ્ટિનાં ઉત્પત્તિ આદિ કર્મો બંધન કરતાં નથી. વળી કર્મોનાં સ્વર્ગાદિ ફલોમાં મને તૃષ્ણા પણ નથી. આમ કર્તાપણાનું અભિમાન તથા કર્મના ફલમાં તૃષ્ણા જેનો ન હોય તેને કર્મો બંધન કરી શકે નહિ માટે એ બન્ને મારામાં ન હોવાથી હું કર્તાજેવો દેખાતો છતો પણ અકર્તા છું. મને આવી રીતે જે પુરુષ જાણે છે તે પુરુષ પોતે પણ કર્મથી બંધાતો નથી. ૧૪

એમ છે માટે પોતાના સ્વરૂપને અકર્તા તથા અભોક્તા જાણીને તમે પણ કર્મો કરો એમ કહે છે:—

एवं ज्ञात्वा कृतं कर्म, पूर्वैरपि मुमुक्षुभिः ।
कुरु कर्मैव तस्मात्त्वं, पूर्वैः पूर्वतरं कृतम् ॥ १५ ॥

૫૦ ત૦ ૫૦:—**एवम्** એમ **ज्ञात्वा** જાણીને **कृतम्** કરેલું **कर्म** કર્મ **पूर्वैः** પહેલાંના **अपि** પણ **मुमुक्षुभिः** મુમુક્ષુઓએ-મોક્ષની ઇચ્છાવાળાએ **कुरु** કરો **कर्म** કર્મ **एव** જ **तस्मात्** માટે **त्वम्** તમે **पूर्वैः** પહેલાંનાએ **पूर्वतरम्** યુગાંતરમાં **कृतम्** કરેલું. ૧૫

શ૦:—એમ જાણીને પહેલાંના મુમુક્ષુઓએ પણ કર્મ કરેલું [છે, વળી તેની] પહેલાંનાએ યુગાંતરમાં [પણ તે કર્મ] કરેલું [છે,] માટે તમે [પણ] કર્મજ કરો. ૧૫

ટી૦:—પોતાના સ્વરૂપને અકર્તાઅભોક્તા જાણીને આ દ્વાપરયુગમાં પૂર્વે થઇ ગયેલા મોક્ષને ઇચ્છનારા યયાતિ ને યદુ આદિ પુરુષોએ પણ કર્મો કર્યા છે માટે જો તું તત્ત્વવેત્તા ન હોય તો અંતઃકરણની શુદ્ધિમાટે ને તત્ત્વવેત્તા હોય તો લોકસંગ્રહમાટે તે કર્મો કર. આ દ્વાપરયુગવિષેજ માત્ર કર્મોનો અધિકાર છે એમ નહિ, પણ તેની પહેલાં ત્રેતાયુગમાં પણ જનકાદિ અધિકારીઓએ પોતાના સ્વરૂપને અકર્તા તથા અભોક્તા જાણી કર્મો કર્યા છે. ૧૫

એ કર્મમાં બુદ્ધિમાન્ પુરુષો પણ મોહ પામે છે એમ કહે છે:—

किं कर्म किमकर्मेति, कवयोऽप्यत्र मोहिताः ।
तत्ते कर्म प्रवक्ष्यामि, यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥ १६ ॥

પ૦ ત૦ પ૦:—**किम्** શું **कर्म** કર્મ **किम्** શું **अकर्म** અકર્મ **इति** એમ **कवयः** બુદ્ધિમાન્ [પુરુષો] **अपि** પણ **अत्र** આમાં (આ વાતમાં) **मोहिताः** ભ્રાંતિ પામ્યા [છે] **तत्** તેટલામાટે **ते** તમને **कर्म** કર્મ [તથા અકર્મ] **प्रवक्ष्यामि** કહીશ **यत्** જેને **ज्ञात्वा** જાણીને **मोक्ष्यसे** મુક્ત થઇશ **अशुभात्** અશુભથી–સંસારથી. ૧૬

શ૦:—કર્મ શું ? [અને] અકર્મ (કર્મ નહિ તે) શું ? એમ આમાં બુદ્ધિમાન [પુરુષો] પણ ભ્રાંતિ પામ્યા [છે,] તેટલામાટે તમને કર્મ [તથા અકર્મ શું તે] કહીશ, [કે] જેને જાણીને [તમે] અશુભથી (સંસારથી) મુક્ત થશો. ૧૬

ટી૦:—કર્મ અને અકર્મ એ બેનું યથાર્થ સ્વરૂપ સમજવામાં પંડિતો પણ અસમર્થ થયા છે, અર્થાત્ કોઇ પંડિતો કહે છે કે શ્રુતિસ્મૃતિએ વિધાન કરેલો વિષય તે કર્મ, અને નહિ વિધાન કરેલો વિષય તે અકર્મ, અને બીજા પંડિતો કહે છે કે શ્રુતિસ્મૃતિએ કર્તવ્યરૂપે કહેલો વિષય તે કર્મ, અને તે કર્મોનો ત્યાગ તે અકર્મ. વળી કોઇ વિદ્વાનો કહે છે કે જવુંઆવવું એ આદિક ક્રિયાઓ તે કર્મ, અને તે ક્રિયાઓથી રહિત થઇને મૌન સ્થિત થવું તે અકર્મ. આમ તે બંનેના સ્વરૂપમાં ઘણા પ્રકારના વિવાદ જોવામાં આવે છે માટેજ એ બંને શબ્દના વાચ્યાર્થ જાણવામાં પંડિતો અસમર્થ થયા છે. તે કર્મ તથા અકર્મના સ્વરૂપને યથાર્થરીતે હું તને કહીશ, કે જે જાણીને તું આ દુઃખદ સંસારથી મુક્ત થઇશ. ૧૬.

કર્મનું તત્ત્વ જાણવું કઠણ છે એમ કહે છે:—

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं, गहना कर्मणो गतिः ॥ १७ ॥

પ૦ ત૦ પ૦:—**कर्मणः** શાસ્ત્રવિહિત-જે કર્મ કરવાની શાસ્ત્રમાં આજ્ઞા કરી છે તે-કર્મનું **हि** કેમકે **अपि** પણ **बोद्धव्यम्** જાણવાયોગ્ય **बोद्धव्यम्** જાણવાયોગ્ય **च** અને **विकर्मणः** નિષિદ્ધ-જે કરવાની શાસ્ત્રમાં ના પાડી છે તે-કર્મનું **अकर्मणः** અકર્મનું-કર્મ નહિ તેનું **च** તેમ **बोद्धव्यम्** જાણવાયોગ્ય **गहना** ગહન-ન સમજાય એવું **कर्मणः** કર્મનું-શાસ્ત્રવિહિત શાસ્ત્રનિષિદ્ધ તથા અકર્મનું **गतिः** તત્ત્વ. ૧૭

શ૦:—શાસ્ત્રવિહિતકર્મનું [તત્ત્વ] પણ જાણવાયોગ્ય [છે,] અને નિષિદ્ધકર્મનું [તત્ત્વ પણ] જાણવાયોગ્ય [છે,] તેમ અકર્મનું [તત્ત્વ પણ] જાણવાયોગ્ય [છે,] કેમકે કર્મનું તત્ત્વ ગહન (જાણવું ઘણું કઠણ) [છે.] ૧૭

ટી૦:—શ્રુતિસ્મૃતિએ વિધાન કરેલા કર્મનું વાસ્તવિક સ્વરૂપ તારે અવશ્ય જાણવાયોગ્ય છે, કેમકે કર્મનું સ્વરૂપ જાણ્યા વિના તેનું અનુષ્ઠાન મનુષ્યથી થઇ શકે નહિ, અને શ્રુતિસ્મૃતિએ નિષેધ કરેલ વિષય જે વિકર્મ કહેવાય છે તેનું યથાર્થ સ્વરૂપ પણ તારે અવશ્ય જાણવું જોઇએ, કે જેથી તે નિષિદ્ધ કર્મથી નિવૃત્ત થઇ શકાય, અને સર્વ કર્મનો ત્યાગ કરી મૌન સ્થિત રહેવારૂપ જે અકર્મ તેના યથાર્થ સ્વરૂપને પણ તારે જાણવું જોઇએ. એ ત્રણેનું (કર્મ, વિકર્મ ને અકર્મનું) વાસ્તવિક સ્વરૂપ દુર્બોધ્ય છે. ૧૭

હવે કર્માદિકના વાસ્તવિક સ્વરૂપને કહે છે:—

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान्मनुष्येषु, स युक्तः कृत्स्नकर्मकृत् ॥ १८ ॥

પ૦ ત૦ પ૦:—**कर्मणि** કર્મમાં-કર્મ કરવામાં **अकर्म** અકર્મને-કર્મ ન કરવું તેને **यः** જે **पश्येत्** જુએ છે **अकर्मणि** અકર્મમાં-કર્મ ન કરવામાં **च** અને **कर्म** કર્મને-કર્મ કરવું તેને **यः** જે **सः** તે **बुद्धिमान्** બુદ્ધિમાન્ **मनुष्येषु** મનુષ્યોમાં **सः** તે **युक्तः** યોગી **कृत्स्नकर्मकृत्** સઘળાં કર્મો કરનારો. ૧૮

શ૦:—જે કર્મમાં (કર્મ કરવામાં) અકર્મને (કર્મ ન કરવું તેને) જુએ છે, અને જે અકર્મમાં (કર્મ ન કરવામાં) કર્મને (કર્મ કરવું તેને) [જુએ છે] તે [પુરુષ] મનુષ્યોમાં બુદ્ધિમાન્ [છે, તથા] તે યોગી [અને] સઘળાં કર્મો કરનારો [છે.] ૧૮

ટી૦:—દેહ, ઇંદ્રિયો તથા બુદ્ધિ આદિની શાસ્ત્રથી વિહિત તથા નિષિદ્ધ જે ક્રિયા તે કર્મ. તે કર્મ દેહાદિમાંજ રહે છે, અસંગ એવા આત્મામાં તે રહેતાં નથી, માત્ર ભ્રાંતિથી તેમાં તેનું આરોપણ કરવામાં આવે છે. આવી રીતે દેહાદિની ક્રિયારૂપ કર્મનો જે અક્રિય આત્મામાં અભાવ દેખે છે, અને ક્ષણે ક્ષણે પરિણામ પામનારી પ્રકૃતિનાં પરિણામ જે દેહાદિ તેમને વિષે વાસ્તવિકરીતે કર્મનો અભાવ રહે નહિ, છતાં ભ્રાંતિથી તેઓમાં કર્મના અભાવનું આરોપણ કરવામાં આવે છે. આમ દેહાદિમાં આરોપણ કરવામાં આવેલ જે ક્રિયાની ઉપરામતારૂપ અકર્મ તેમાં જે સર્વદા ક્રિયાપણારૂપ કર્મને દેખે છે તે પરમાર્થદર્શી પુરુષજ સર્વે મનુષ્યોમાં બુદ્ધિમાન્ તથા યોગયુક્ત અને માત્ર આભાસરૂપે લોકસંગ્રહમાટે સર્વ કર્મોનો કરનારો જણાય છે. ૧૮

એવા તત્ત્વજ્ઞને કર્મો બંધન કરતાં નથી એમ નિરૂપણ કરે છેઃ—

यस्य सर्वे समारंभाः, कामसंकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं, तमाहुः पंडितं बुधाः ॥ १९ ॥

પ૦ ત૦ પ૦:—यस्य જેનાં **सर्वे** સર્વ **समारंभाः** કર્મો **कामसंकल्पवर्जिताः** ઇચ્છા તથા સંકલ્પથી રહિત [છે] **ज्ञानाग्निदग्धकर्माणम्** જેનાં કર્મ જ્ઞાનરૂપ અગ્નિથી બળી ગયાં છે **तम्** તેને **आहुः** કહે છે **पंडितम्** પંડિત **बुधाः** તત્ત્વજ્ઞ [પુરુષો.] ૧૯

શ૦:—જેનાં સર્વે કર્મો ઈચ્છાથી તથા સંકલ્પથી રહિત [છે, તથા] જેનાં કર્મ જ્ઞાનરૂપ અગ્નિથી બળી ગયાં છે, તેને તત્ત્વજ્ઞ [પુરુષો] પંડિત કહે છે. ૧૯

ટી૦:—જે પુરુષનાં લૌકિક તથા વૈદિક સર્વ કર્મો તૃષ્ણા તથા કર્તાપણાના અભિમાનથી રહિત છે, અર્થાત્ જેઓનાં તે સર્વ કર્મો કેવલ લોકસંગ્રહમાટે કે શરીરના જીવનનો નિર્વાહ કરનાર પ્રારબ્ધકર્મના વેગથી થયાં છે, તથા પૂર્વશ્લોકમાં કહેલ કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ જોવારૂપ જ્ઞાનાગ્નિવડે જેનાં શુભાશુભકર્મો બળી ગયાં છે એવા તત્ત્વનિષ્ઠ

પુરુષને જ્ઞાનિજનો પંડિત કહે છે. પંડિત એટલે જેના અંતઃકરણમાં બ્રહ્મ-ને વિષય કરનારી વૃત્તિ જેને પંડા કહે છે તે ઉપજી છે તે એટલે બ્રહ્મવેત્તા. ૧૯

જ્ઞાનના ઉત્પત્તિકાલમાં કરેલાં કર્મો પણ જ્ઞાનીને બંધન કરતાં નથી એમ જણાવે છેઃ—

त्यक्त्वा कर्मफलासंगं, नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि, नैव किंचित्करोति सः ॥ २० ॥

પ૦ ત૦ પ૦:—**त्यक्त्वा** ત્યજીને **कर्मफलासंगम्** કર્મની તથા ફલની આસક્તિ **नित्यतृप्तः** નિરંતર તૃપ્ત **निराश्रयः** આશ્રયવિનાનો **कर्मणि** કર્મમાં **अभिप्रवृत्तः** મચેલો [છતાં] **अपि** પણ **न** નથી **एव** જ **किंचित्** કાંઇ પણ **करोति** કરતો **सः** તે. ૨૦

શા૦:—કર્મની તથા ફલની આસક્તિ ત્યજીને નિરંતર તૃપ્ત, [તથા] આશ્રયવિનાનો, કર્મમાં મચેલો [છતાં] પણ તે કાંઈ પણ નથીજ કરતો. ૨૦

ટી૦:—કર્તાપણાના અભિમાનનો તથા સ્વર્ગાદિફલની અભિલાષાનો ત્યાગ કરીને જે નિરંતર સર્વે પદાર્થોમાં નિઃસ્પૃહ થયો છે, તથા દેહેંદ્રિયાદિ-રૂપ આશ્રયના અભિમાનથી રહિત થયો છે, તે જીવન્મુક્ત મહાત્મા વ્યુત્થાનદશામાં પ્રારબ્ધકર્મને લીધે લૌકિકદૃષ્ટિએ લૌકિકવૈદિક કર્મોનું સાંગોપાંગ અનુષ્ઠાન કરવામાટે પ્રવૃત્ત થયો છતો પણ પોતાની પરમાર્થદૃષ્ટિથી તે કાંઇજ કરતો નથી. ૨૦

એવા મહાત્મા શરીરના નિર્વાહમાટે કર્મ કરવાથી પાપને પામતા નથી એમ કહે છેઃ—

निराशीर्यतचित्तात्मा, त्यक्तसर्वपरिग्रहः ।
शारीरं केवलं कर्म, कुर्वन्नाप्नोति किल्बिषम् ॥ २१ ॥

પ૦ ત૦ પ૦:—**निराशीः** કામનારહિત **यतचित्तात्मा** ચિત્ત તથા શરીર જેનું નિયમમાં છે એવો **त्यक्तसर्वपरिग्रहः** જેણે સર્વ ભોગ-સાધનનો સંગ્રહ ત્યજ્યો છે એવો **शारीरम्** શરીરસંબંધી **केवलम्** કેવલ-કર્તાપણાના અભિમાનરહિત **कर्म** કર્મને **कुर्वन्** કરતો [છતો] **न** નથી **आप्नोति** પામતો **किल्बिषम्** પાપને. ૨૧

શ૦:—કામનારહિત, ચિત્ત તથા શરીર જેનું નિયમમાં છે એવો [ને] જેણે સર્વ ભોગસાધનનો સંગ્રહ ત્યજ્યો છે એવો [પુરુષ] કેવલ-કર્તાપણાના અભિમાનરહિત-શરીરસંબંધી કર્મને કરતો [છતો] પાપને પામતો નથી. ૨૧

ટી૦:—જે પુરુષ તૃષ્ણાથી રહિત છે, તથા જેણે અંતઃકરણ ને શરીરઇંદ્રિયોરૂપ આત્માને અભ્યાસવૈરાગ્યવડે નિયમમાં રાખેલ છે, અને જેણે વિષયભોગનાં સર્વ સાધનોનો ત્યાગ કર્યો છે, એવો સંન્યાસી કર્તાપણાના અભિમાનરહિત પ્રારબ્ધકર્મને લીધે શરીરસ્થિતિનાં નિર્વાહક જે કાયિક, માનસિક તથા વાચિક કર્મો તેને કરતો છતો દુઃખદ સંસારરૂપ પાપને પામતો નથી. ૨૧

વળી એ સંબંધમાં વિશેષ કહે છેઃ—

यदृच्छालाभसंतुष्टो, द्वंद्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च, कृत्वाऽपि न निबद्ध्यते ॥ २२ ॥

પ૦ ત૦ પ૦:—यदृच्छालाभसंतुष्टः વિનાયત્ને મળેલા લાભથી સંતોષી **द्वंद्वातीतः** સુખદુઃખરૂપી દ્વંદ્વથી-જોડાથી-રહિત **विमत्सरः** ઈર્ષ્યાવિનાનો **समः** સમવૃત્તિવાળો **सिद्धौ** ફલ મળે તેમાં **असिद्धौ** ફલ ન મળે તેમાં **च** અને **कृत्वा** કરીને **अपि** પણ **न** નથી **निबद्ध्यते** બંધન પામતો. ૨૨

શ૦:—વિનાયત્ને મળેલા લાભથી સંતોષી; સુખદુઃખરૂપી દ્વંદ્વથી રહિત, ઈર્ષ્યાવિનાનો, ફલ મળે તેમાં અને ન મળે તેમાં—એ બંનેમાં—સમવૃત્તિવાળો [પુરુષ કર્મ] કરીને પણ બંધાતો નથી. ૨૨

ટી૦:—શરીરસ્થિતિના નિર્વાહમાટે સંન્યાસીના શાસ્ત્રવિહિત પ્રયત્નથી ભિન્ન જે ખેતી, વેપાર ને સેવાદિ બીજા શાસ્ત્રનિષિદ્ધ પ્રયત્નો છે તે ન કરવા તેને અહિં યદૃચ્છા કહેલ છે. યદૃચ્છાનો અર્થ પ્રારબ્ધ પણ થાય છે. તે યદૃચ્છાવડે એટલે નિષિદ્ધ પ્રયત્નથી ભિન્ન વિહિત પ્રયત્નથી-પ્રારબ્ધવડે-શાસ્ત્રવિહિત અન્નઆદિ જે પ્રાપ્ત થાય તેમાં જે સંતોષી રહે છે, અર્થાત્ પ્રારબ્ધથી મળેલા પદાર્થોથી વધારે પદાર્થોમાટેની તૃષ્ણાથી જે રહિત છે, તથા ભૂખતરસ ને ટાઢતડકો એ આદિ દ્વંદ્વમાંથી જેનું અંતઃકરણ ક્ષોભ

પામતું નથી, અને જે મત્સરથી (બીજાનું શ્રેષ્ઠપણું ન સહન કરીને પોતાના શ્રેષ્ઠપણાની ઇચ્છાથી) રહિત છે, તેમજ યદૃચ્છાવડે થતા લાભમાં તથા અલાભમાં જે હર્ષ તથા શોકથી રહિત છે, એવા બ્રહ્મવેત્તા બ્રહ્મચારી, ગૃહસ્થ કે સંન્યાસી શરીરનિર્વાહમાં ઉપયોગી શાસ્ત્રવિહિત કર્મો કરતા છતા પણ બંધનને પામતા નથી. ૨૨

ગૃહસ્થ જ્ઞાનીએ કરેલાં યજ્ઞાદિ કર્મો પણ તે જ્ઞાનીને બંધન કરવા સમર્થ થતાં નથી એમ જણાવે છે:—

गतसंगस्य मुक्तस्य, ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म, समग्रं प्रविलीयते ॥ २३ ॥

પ૦ ત૦ પ૦:—**गतसंगस्य** સંગરહિત **मुक्तस्य** મુક્ત **ज्ञानावस्थितचेतसः** જ્ઞાનમાં જેમનું ચિત્ત સ્થિર છે એવા **यज्ञाय** યજ્ઞને માટે **आचरतः** આચરણ (કર્મ) કરનારાનું **कर्म** કર્મ **समग्रम्** બધું-ફલસહિત **प्रविलीयते** નાશ પામે છે. ૨૩

શ૦:—સંગરહિત, મુક્ત [તથા] જ્ઞાનમાં જેમનું ચિત્ત સ્થિર છે એવા યજ્ઞને માટે કર્મ કરનારાનું કર્મ ફલસહિત નાશ પામે છે. ૨૩

ટી૦:—જે પુરુષ સ્વર્ગાદિ ફલોની અભિલાષાથી રહિત છે, તથા કર્તાપણાની અને ભોક્તાપણાની ભ્રાંતિથી રહિત છે, અને **तत्त्वमसि** (તે બ્રહ્મ તું છે) ઇત્યાદિ મહાવાક્યવડે ઉપજેલા આત્મા તથા બ્રહ્મના અભેદજ્ઞાનમાં જેમનું ચિત્ત સુસ્થિર થયું છે, એવા તત્ત્વજ્ઞ પુરુષ પ્રારબ્ધ-કર્મને લીધે શાસ્ત્રવિહિત યજ્ઞદાનાદિ કર્મો તેમાં લોકોની પ્રવૃત્તિ કરાવવા-માટે કરે છે તોપણ તેમને તે કર્મો બંધનો હેતુ નહિ થતાં ફલસહિત નાશ પામે છે. ૨૩

કર્મોનો ફલસહિત નાશ થવામાં તેમની બ્રહ્મદૃષ્ટિજ કારણ છે એમ કહે છે:—

ब्रह्मार्पणं ब्रह्म हविर्, ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गंतव्यं, ब्रह्म कर्मसमाधिना ॥ २४ ॥

પ૦ ત૦ પ૦:—**ब्रह्म** બ્રહ્મ **अर्पणम्** અર્પણ-હોમવાનાં સાધનો અને મંત્રો **ब्रह्म** બ્રહ્મ **हविः** જે હોમવાનું છે તે-ઘી આદિ **ब्रह्माग्नौ** બ્રહ્મ-

રૂપ અગ્નિમાં **ब्रह्मणा** બ્રહ્મરૂપ કર્તાએ **हुतम्** હોમ્યું-હવન કર્યો **ब्रह्म** બ્રહ્મ **एव** જ **तेन** તેવડે-હવનવડે **गन्तव्यम्** જવાનું-પ્રાપ્ત થવાનું **ब्रह्म** બ્રહ્મ **कर्मसमाधिना** કર્મમાં બ્રહ્મબુદ્ધિવડે. ૨૪

શ૦:—અર્પણ [એ] બ્રહ્મજ [છે,] હોમવાનું-ઘી આદિ-બ્રહ્મ[જ છે,] બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપ કર્તાએ [જે] હવન કર્યો [તે પણ] બ્રહ્મ[જ છે,] તે-હવન-વડે પ્રાપ્ત થવાનું [સ્વર્ગ આદિ] બ્રહ્મ[જ છે, અને] કર્મમાં બ્રહ્મબુદ્ધિવડે [પુરુષને જવાનું ઠેકાણું પણ બ્રહ્મજ છે.] ૨૪

ટી૦:—હોમવાનાં સાધનો જે સરવો તથા મંત્રાદિ તે બ્રહ્મમાં કલ્પિત હોવાથી બ્રહ્મજ છે. હોમવાના ઘૃતાદિ પદાર્થો પણ બ્રહ્મજ છે, બ્રહ્મરૂપ આહવનીયાદિ અગ્નિમાં બ્રહ્મરૂપ યજમાને તથા અધ્વર્યુએ કરેલ ત્યાગકર્મરૂપ તથા પ્રક્ષેપકર્મરૂપ જે હવન તે પણ બ્રહ્મરૂપજ છે, અને તે હવનવડે પ્રાપ્ત થવાનું જે સ્વર્ગાદિરૂપ ફલ તે પણ બ્રહ્મરૂપજ છે. આવી રીતે કર્મમાં બ્રહ્મદૃષ્ટિ રાખી તેનું અનુષ્ઠાન કરનાર બ્રહ્મવેત્તા પુરુષને જવાનું ઠેકાણું પણ પરમાનંદરૂપ બ્રહ્મજ છે. અહિં યજ્ઞાદિ ક્રિયાનાં પાંચ કારક જે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન તથા અધિષ્ઠાન છે તેને બ્રહ્મદૃષ્ટિએ બ્રહ્મરૂપ ઠરાવ્યાં છે. ૨૪

બ્રહ્મદૃષ્ટિની વિશેષ સ્તુતિ કરવામાટે બીજા યજ્ઞોનું કથન કરે છે:—

दैवमेवापरे यज्ञं, योगिनः पर्युपासते ।
ब्रह्माग्नावपरे यज्ञं, यज्ञेनैवोपजुह्वति ॥ २५ ॥

પ૦ ત૦ પ૦:—**दैवम्** દેવ-દેવતાઓ જેથી પ્રસન્ન થાય તે **एव** જ **अपरे** બીજા **यज्ञम्** યજ્ઞને **योगिनः** યોગીઓ-કર્મ કરનારા યોગીઓ **पर्युपासते** સદા કરે છે **ब्रह्माग्नौ** બ્રહ્મરૂપ અગ્નિમાં **अपरे** બીજા **यज्ञम्** યજ્ઞરૂપ [આત્માને] **यज्ञेन** યજ્ઞવડે-[જ્ઞાનરૂપ] યજ્ઞવડે **एव** જ **उपजुह्वति** હોમે છે. ૨૫

શ૦:—બીજા કર્મ કરનારા યોગીઓ દૈવયજ્ઞનેજ સદા કરે છે, [અને] બીજા [તત્ત્વવેત્તા પુરુષો] બ્રહ્મરૂપ અગ્નિમાં યજ્ઞરૂપ [આત્માને જ્ઞાનરૂપ] યજ્ઞવડેજ હોમે છે. ૨૫

ટી૦:—ઇંદ્ર તથા અગ્નિ આદિ દેવતાઓને જે કર્મવડે સંતુષ્ટ કરવામાં આવે છે તે દેવયજ્ઞ, જેવા કે દર્શપૂર્ણમાસાદિ. કેટલાક કર્મિપુરુષો સર્વદા તે દેવયજ્ઞનેજ કરે છે, કદાચિત્ પણ જ્ઞાનયજ્ઞ કરતા નથી, ને બીજા તત્ત્વદર્શી પુરુષો તો તત્પદના લક્ષ્યાર્થરૂપ જે બ્રહ્મ તે બ્રહ્મરૂપ અગ્નિમાં [બ્રહ્મને જાણવાથી સર્વે કર્મોનો દાહ થાય છે માટે બ્રહ્મને અગ્નિનું રૂપ આપ્યું છે.] ત્વંપદના લક્ષ્યાર્થરૂપ પ્રત્યક્આત્માને અભેદવડે હોમે છે. ૨૫

હવે વેદવિષે કહેલાં શ્રેયનાં સાધનોને યજ્ઞરૂપે વર્ણવે છે:–

શ્રોત્રાદીનીંદ્રિયાણ્યન્યે, સંયમાગ્નિષુ જુહ્વતિ ।
શબ્દાદીન્વિષયાનન્ય, ઇંદ્રિયાગ્નિષુ જુહ્વતિ ॥ ૨૬ ॥

પ૦ ત૦ પ૦:—શ્રોત્રાદીનિ કાન આદિ **ઇંદ્રિયાણિ** ઇંદ્રિયોને **અન્યે** કોઇ **સંયમાગ્નિષુ** સંયમરૂપ–ધારણા ધ્યાન ને સમાધિરૂપ–અગ્નિઓમાં **જુહ્વતિ** હોમે છે **શબ્દાદીન્** શબ્દ આદિ **વિષયાન્** વિષયોને **અન્યે** બીજા [કેટલાક] **ઇંદ્રિયાગ્નિષુ** ઇંદ્રિયોરૂપ અગ્નિઓમાં **જુહ્વતિ** હોમે છે. ૨૬

શ૦:—કોઇ કાન આદિ ઇંદ્રિયોને સંયમરૂપ અગ્નિઓમાં હોમે છે, [અને] બીજા [કેટલાક] શબ્દ આદિ વિષયોને [કાન આદિ] ઇંદ્રિયોરૂપ અગ્નિઓમાં હોમે છે. ૨૬

ટી૦:—કોઇ યોગસાધક પુરુષ યમ, નિયમ, આસન ને પ્રાણાયામ એ ચાર યોગાંગોને સિદ્ધ કરી પ્રત્યાહારાદિ સિદ્ધ કરવામાટે શ્રવણાદિ પાંચ જ્ઞાનેન્દ્રિયોને પોતપોતાના શબ્દાદિ વિષયોથી નિવૃત્ત કરી સંયમરૂપ (એક વસ્તુને વિષય કરનાર ધારણા, ધ્યાન ને સમાધિરૂપ) અગ્નિમાં હોમે છે. સંયમપછી થનારા જે સંપ્રજ્ઞાતયોગ, ધર્મમેઘસમાધિ ને અસંપ્રજ્ઞાતયોગ છે તેનો સમાસ પણ સંયમમાં સમજવામાટે મૂલમાં તેનું બહુવચન કહેલું છે. યમનિયમાદિ સર્વ યોગાંગોનું શ્રીપરમપદબોધિની, શ્રીયોગકૌસ્તુભ, શ્રીયોગપ્રભાકર તથા શ્રીપાતંજલયોગદર્શનાદિમાં વિસ્તારથી નિરૂપણ કર્યું છે માટે જેમને તે સંબંધી વધારે જાણવું હોય તેમણે ત્યાં જોવું. બીજા સમાધિથી ઊઠેલા કોઇ યોગી પુરુષો શાસ્ત્રવિહિત વિષયોને રાગદ્વેષવિનાની ઇંદ્રિયોરૂપ અગ્નિઓમાં હોમે છે. ૨૬

લયપૂર્વક સમાધિ તથા વ્યુત્થાનનું યજ્ઞરૂપે નિરૂપણ કરી હવે બાધપૂર્વક સમાધિરૂપ અન્ય યજ્ઞને કહે છે:—

सर्वाणींद्रियकर्माणि, प्राणकर्माणि चापरे ।
आत्मसंयमयोगाग्नौ, जुह्वति ज्ञानदीपिते ॥ २७ ॥

પ૦ ત૦ પ૦:—**सर्वाणि** સર્વે **इंद्रियकर्माणि** ઇંદ્રિયોનાં કર્મોને **प्राणकर्माणि** પ્રાણનાં કર્મોને **च** તથા **अपरे** કોઇ **आत्मसंयमयोगाग्नौ** આત્મસંયમરૂપ યોગાગ્નિમાં—આત્માને વિષે ચિત્તની એકાગ્રતા—નિર્વિકલ્પ-સમાધિ—એ રૂપ અગ્નિમાં **जुह्वति** હોમે છે **ज्ञानदीपिते** જ્ઞાનવડે પ્રદીપ્ત થયેલા. ૨૭

શ૦:—કોઇ સર્વે ઇંદ્રિયોનાં કર્મોને તથા પ્રાણનાં કર્મોને જ્ઞાનવડે પ્રદીપ્ત થયેલા આત્મસંયમરૂપ યોગાગ્નિમાં હોમે છે. ૨૭

ટી૦:—કોઇ વેદાંતમાં નિષ્ઠા રાખનારા પુરુષો તો પાંચ જ્ઞાનેંદ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો તથા મન ને બુદ્ધિ એ બે આંતરઇંદ્રિયો એ સર્વેનાં કર્મોને તથા પાંચ પ્રાણોનાં કર્મોને [અહિં સત્તર તત્ત્વોવડે હિરણ્યગર્ભનું સ્વરૂપ સમજવાનું છે.] વેદાંતનાં **तत्त्वमसि** આદિ મહાવાક્યોવડે પ્રકાશવાન્ થયેલા આત્મસંયમરૂપ યોગાગ્નિમાં હોમે છે, અર્થાત્ આત્માને વિષય કરનારા સમાધિમાં સમષ્ટિલિંગશરીરનો બાધ કરે છે. ૨૭

નીચેના શ્લોકવડે છ યજ્ઞોનું નિરૂપણ કરે છે:—

द्रव्ययज्ञास्तपोयज्ञा, योगयज्ञास्तथाऽपरे ।
स्वाध्यायज्ञानयज्ञाश्च, यतयः संशितव्रताः ॥ २८ ॥

પ૦ ત૦ પ૦:—**द्रव्ययज्ञाः** દ્રવ્યયજ્ઞ—શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે દ્રવ્ય વાપરવાથી થતા યજ્ઞ—કરનારા **तपोयज्ञाः** તપોરૂપ યજ્ઞ કરનારા **योगयज्ञाः** યોગરૂપ યજ્ઞ કરનારા **तथा** તથા **अपरे** બીજા [કેટલાક] **स्वाध्यायज्ञानयज्ञाः** વેદાભ્યાસરૂપ તથા જ્ઞાનરૂપ યજ્ઞ કરનારા **च** અને **यतयः** યત્ન કરનારા [પુરુષો] **संशितव्रताः** અતિદૃઢવ્રતવાળા. ૨૮

શ૦:—બીજા [કેટલાક] દ્રવ્યયજ્ઞ કરનારા, [કેટલાક] તપોરૂપ યજ્ઞ કરનારા, તથા [કેટલાક] યોગરૂપ યજ્ઞ કરનારા, અને [કેટલાક] વેદાભ્યાસરૂપ તથા જ્ઞાનરૂપ યજ્ઞ કરનારા, [અને કેટલાક] યત્નશીલ [પુરુષો] અતિદૃઢવ્રતરૂપ [યજ્ઞ કરનારા છે.] ૨૮

ટી૦:—બીજા કેટલાક અધિકારી પુરુષો લોકોપકારમાટે કૂવા, વાવ, ધર્મશાલા ને સદાવ્રત આદિમાં દ્રવ્યનો ઉપયોગ કરનારા છે, કેટલાક કૃચ્છ્ર ને ચાંદ્રાયણાદિ તપ કરનારા છે, કેટલાક અષ્ટાંગયોગરૂપ યજ્ઞ કરનારા છે, કેટલાક વેદોના અભ્યાસરૂપ યજ્ઞ કરનારા છે, કેટલાક વેદોના અર્થના નિશ્ચયરૂપ જ્ઞાનયજ્ઞ કરનારા છે, અને કેટલાક પ્રયત્નશીલ પુરુષો અત્યંતદૃઢપણે અહિંસાદિવ્રત કરવારૂપ યજ્ઞ કરનારા છે. ૨૮

હવે પ્રાણાયામરૂપ યજ્ઞનું નિરૂપણ કરે છે:—

अपाने जुह्वति प्राणं, प्राणेऽपानं तथाऽपरे ।
प्राणापानगती रुद्ध्वा, प्राणायामपरायणाः ॥ २९ ॥

अपरे नियताहाराः, प्राणान्प्राणेषु जुह्वति ।
सर्वेऽप्येते यज्ञविदो, यज्ञक्षपितकल्मषाः ॥ ३० ॥

પ૦ ત૦ પ૦:—**अपाने** અપાનમાં **जुह्वति** હોમે છે **प्राणम्** પ્રાણને **प्राणे** પ્રાણમાં **अपानम्** અપાનને **तथा** તથા **अपरे** બીજા **प्राणापानगती** પ્રાણ અને અપાનની ગતિ **रुद्ध्वा** રોકીને **प्राणायामपरायणाः** પ્રાણાયામપરાયણ એટલે સદા પ્રાણાયામ કરનાર [થઈ] **अपरे** બીજા **नियताहाराः** નિયમિત આહારવાળા **प्राणान्** ઇંદ્રિયોને **प्राणेषु** પ્રાણોમાં **जुह्वति** હોમે છે **सर्वे** બધા **अपि** પણ-એ **एते** એ **यज्ञविदः** યજ્ઞને જાણનાર **यज्ञक्षपितकल्मषाः** યજ્ઞવડે પાપ ટાળનારા. ૨૯–૩૦

શ૦:—બીજા [કોઈ] અપાનમાં પ્રાણને હોમે છે, તથા પ્રાણમાં અપાનને [હોમે છે.] નિયમિત આહારવાળા બીજા [કેટલાક] પ્રાણ તથા અપાનની ગતિને રોકીને પ્રાણાયામપરાયણ [થઇ] પ્રાણોમાં ઇંદ્રિયોને હોમે છે. એ બધાએ યજ્ઞને જાણનારા [તથા] યજ્ઞવડે પાપ ટાળનારા [છે.] ૨૯–૩૦

ટી૦:—પ્રાણાયામનો અભ્યાસ કરનાર કોઇ યોગસાધક પુરુષ પૂરકપ્રાણાયામ કરે છે, કોઇ યોગસાધક રેચકપ્રાણાયામ કરે છે, ને બીજા કેટલાક હિતકારી, પથ્ય ને મિત આહાર કરનારા કુંભકનામનો પ્રાણાયામ કરે છે; અને તેવડે તેઓ જ્ઞાનેન્દ્રિયોને તથા કર્મેન્દ્રિયોને પ્રાણોમાં હોમે છે, અર્થાત્ તેમની વૃત્તિઓનો સુદૃઢ નિગ્રહ કરે છે. એ સર્વે યજ્ઞને જાણનારા તથા યજ્ઞવડે પૂર્વકૃત પાપોનો નાશ કરનારા છે. પ્રાણાયામના વિશેષ જ્ઞાનમાટે શ્રીપાતંજલયોગદર્શન તથા શ્રીયોગકૌસ્તુભાદિ જુઓ. ૨૯–૩૦

ઉક્ત બાર યજ્ઞના માહાત્મ્યને વર્ણવે છે:—

यज्ञशिष्टामृतभुजो, यांति ब्रह्म सनातनम् ।
नायं लोकोऽस्त्ययज्ञस्य, कुतोऽन्यः कुरुसत्तम ॥ ३१ ॥

૫૦ ત૦ ૫૦:—**यज्ञशिष्टामृतभुजः** યજ્ઞ કરતાં બાકી રહેલા સમયમાં અમૃતરૂપ અન્નનું ભોજન કરનારા **यांति** પામે છે **ब्रह्म** બ્રહ્મને **सनातनम्** સનાતન **न** નહિ **अयम्** આ **लोकः** લોક **अस्ति** છે **अयज्ञस्य** યજ્ઞ નહિ કરનારનો **कुतः** ક્યાંથી **अन्यः** બીજો–પરલોક–સ્વર્ગ આદિ **कुरुसत्तम** હે કુરુકુલમાં શ્રેષ્ઠ !–હે અર્જુન ! ૩૧

શ૦:—યજ્ઞ કરતાં બાકી રહેલા સમયમાં અમૃતરૂપ અન્નનું ભોજન કરનારા સનાતન બ્રહ્મને પામે છે. યજ્ઞ નહિ કરનારનો આ (મનુષ્ય) લોક નથી, [તો] હે અર્જુન ! પરલોક (સ્વર્ગ આદિ) [તો] ક્યાંથી ? ૩૧

ટી૦:—ઉપર કહેલ બાર પ્રકારમાંનો કોઇ પણ યજ્ઞ કરનાર તે યજ્ઞને કરીને બાકી રહેલા સમયમાં અમૃતરૂપ અન્નનું ભોજન કરે છે તે અંતઃકરણની શુદ્ધિદ્વારા તથા જ્ઞાનની પ્રાપ્તિદ્વારા નિત્યબ્રહ્મને પામે છે, અર્થાત્ જન્મમરણાદિરૂપ સંસારથી મુક્ત થાય છે. ઉક્ત યજ્ઞમાંનો એક પણ યજ્ઞ જે કરતો નથી તેને અલ્પ સુખવાળો આ મનુષ્યલોક પણ પ્રાપ્ત થતો નથી, કેમકે તે પુરુષ સર્વ શિષ્ટોવડે નિંદ્ય હોવાથી આ લોકમાં દુઃખીજ છે, તો પુણ્યકર્મોથી પ્રાપ્ત થનાર સ્વર્ગાદિ લોકમાં તેને સુખ ક્યાંથી મળનાર હતું ? ૩૧

એ બધા યજ્ઞો વેદમાં વર્ણવ્યા છે એમ જણાવે છે:—

एवं बहुविधा यज्ञा, वितता ब्रह्मणो मुखे ।
कर्मजान्विद्धि तान्सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ॥ ३२ ॥

૫૦ ત૦ ૫૦:—**एवम्** એ પ્રમાણે **बहुविधाः** ઘણા પ્રકારના **यज्ञाः** યજ્ઞો **विततः** વિસ્તાર પામેલા **ब्रह्मणः** વેદના **मुखे** મુખમાં **कर्मजान्** કર્મવડે થયેલા **विद्धि** જાણો **तान्** તે **सर्वान्** સર્વે[યજ્ઞો]–ને **एवम्** એમ **ज्ञात्वा** જાણીને **विमोक्ष्यसे** મુક્ત થશો. ૩૨

શ૦:—એ પ્રમાણે ઘણા પ્રકારના યજ્ઞો વેદના મુખમાં (ઉપનિષદ્‌માં) વિસ્તાર પામેલા [છે.] તે સર્વે[યજ્ઞો]ને

[તમે] કર્મવડે થયેલા જાણો. એમ જાણીને [તમે સંસારથી] મુક્ત થશો. ૩૨

ટી૦:—એ સર્વ યજ્ઞો ઋગ્યજુષાદિ વેદોદ્વારા જાણવામાં આવે છે, માત્ર હુંજ તેને કલ્પનારૂપે કહું છું એમ નથી. એ સર્વ યજ્ઞો મન વાણી અને શરીરનાં કર્મોથી ઉપજેલા છે, આત્માવડે ઉપજેલા નથી એમ જાણ. એમ જાણવાથી તું સંસારરૂપી બંધનથી મોકળો થઇશ. ૩૨

સર્વ યજ્ઞોમાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે એમ કહે છે:—

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्, ज्ञानयज्ञः परंतप ।
सर्वं कर्माखिलं पार्थ, ज्ञाने परिसमाप्यते ॥ ३३ ॥

પ૦ ત૦ પ૦:—**श्रेयान्** અતિઉત્તમ **द्रव्यमयात्** દ્રવ્યવાળા-દ્રવ્યવડે થનારા **यज्ञात्** યજ્ઞથી **ज्ञानयज्ञः** જ્ઞાનયજ્ઞ **परंतप** હે શત્રુને તપાવનાર !-હે અર્જુન ! **सर्वम्** સર્વ **कर्म** કર્મ **अखिलम्** કાંઇ પણ બાકી રહ્યા વિના બધું **पार्थ** હે પૃથાના પુત્ર !-હે અર્જુન ! **ज्ञाने** જ્ઞાનમાં **परिसमाप्यते** પરિસમાપ્તિને પામે છે-પૂરું થાય છે-સમાઇ જાય છે. ૩૩

શ૦:—હે અર્જુન ! દ્રવ્યથી થનારા યજ્ઞકરતાં જ્ઞાનયજ્ઞ અતિઉત્તમ [છે, કારણકે] હે પાર્થ ! સર્વ અખિલ-કાંઇ પણ બાકી રહ્યા વિના બધું-કર્મ જ્ઞાનમાં પરિસમાપ્તિને પામે છે. ૩૩

ટી૦:—જ્ઞાનથી રહિત એવા દ્રવ્યાદિથી થનારા યજ્ઞોથી જ્ઞાનયજ્ઞ અત્યંત ઉત્તમ છે, કેમકે જ્ઞાનરહિત એ યજ્ઞો સંસારરૂપ ફલની પ્રાપ્તિ કરનારા છે, ને જ્ઞાનયજ્ઞ તો મોક્ષરૂપ ફલની પ્રાપ્ત કરનારો છે. શ્રુતિમાં પણ '**ज्ञानादेव तु कैवल्यं**' (જ્ઞાનથીજ કૈવલ્ય-મોક્ષ-મળે છે) એમ કહી જ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ કથન કરી છે. અગ્નિહોત્રાદિ વૈદિક તથા ઉપાસનાદિ સ્માર્ત સર્વ કર્મો સમગ્રપણે પાપરૂપ પ્રતિબંધકની નિવૃત્તિદ્વારા આત્મજ્ઞાનમાંજ સમાપ્ત થાય છે. ૩૩

હવે તે આત્મજ્ઞાનની પ્રાપ્તિના ઉપાયને કહે છે:—

तद्विद्धि प्रणिपातेन, परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यंति ते ज्ञानं, ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥ ३४ ॥

પ૦ ત૦ પ૦:—तद् તે विद्धि જાણો–મેળવો प्रणिपातेन પ્રણામ કરવાવડે परिप्रश्नेन વારંવાર પ્રશ્ન પૂછવાવડે सेवया સેવાવડે उपदेक्ष्यंति બોધ કરશે ते તમને ज्ञानम् જ્ઞાનનો ज्ञानिनः જ્ઞાનીઓ–શાસ્ત્ર જાણનારા–શ્રોત્રિય तत्त्वदर्शिनः તત્ત્વને જાણનારા–બ્રહ્મનિષ્ઠ. ૩૪

શ૦:—તે [જ્ઞાન તમે જ્ઞાનીઓને] પ્રણામ કરીને, વારંવાર પ્રશ્ન પૂછીને, [અને તેમની] સેવા કરીને મેળવો. [એમ કરવાથી] બ્રહ્મનિષ્ઠ જ્ઞાનીઓ તમને જ્ઞાનનો બોધ કરશે. ૩૪

ટી૦:—એ આત્મજ્ઞાનની પ્રાપ્તિમાટે તું શ્રોત્રિય તથા બ્રહ્મનિષ્ઠ આચાર્યની સમીપ જઇ તેમને શ્રદ્ધાભક્તિથી દંડવત્પ્રણામ કર, તથા સર્વ પ્રકારથી તેમનું અનુકૂલપણું સંપાદન કરનારી સેવા કર, અને પછી તેમની પ્રસન્નતા જોઇ 'હું કોણ છું?' 'હું કેમ બંધન પામ્યો છું ?' 'મને મુક્તિ કેમ પ્રાપ્ત થાય ?' ઇત્યાદિ રીતના પ્રશ્નો કરી જ્ઞાનોપદેશ મેળવ. એકલા શાસ્ત્રજ્ઞાનીથી કે એકલા બ્રહ્મમાં નિષ્ઠા રાખનારા તત્ત્વદર્શીથી સાધકને યથાર્થ ઉપદેશ થવાનો અસંભવ હોવાથી આચાર્યના એ બન્ને ગુણો જોઇએ એમ જણાવ્યું છે. મૂલમાં જે તેમનું (આચાર્યનું) બહુવચન કહ્યું છે તે માત્ર માનાર્થે છે, તેમની બહુ સંખ્યા જણાવવામાટે નથી. ૩૪

એ આત્મજ્ઞાનથી શું ફલ મળે છે તે કહે છે:—

यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पांडव ।
येन भूतान्यशेषेण, द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥ ३५ ॥

પ૦ ત૦ પ૦:—यत् જે ज्ञात्वा જાણીને न નહિ पुनः ફરીથી मोहम् મોહને एवम् એ પ્રમાણે यास्यसि પામશો पांडव હે અર્જુન ! येन જેવડે भूतानि પ્રાણીઓને अशेषेण સમગ્રપણે (બાકી રહ્યા વિના) द्रक्ष्यसि જોશો आत्मनि પોતામાં अथो અને मयि મારામાં. ૩૫

શ૦:—હે અર્જુન ! જે જાણીને [તમે] ફરીથી એ પ્રમાણે મોહને પામશો નહિ, [અને] જેવડે સમગ્રપણે [સર્વ] પ્રાણીઓને [તમારા] પોતામાં અને મારામાં જોશો. ૩૫

ટી૦:—શ્રોત્રિય તથા બ્રહ્મનિષ્ઠ આચાર્યે ઉપદેશ કરેલા આત્મજ્ઞાનને પામી બાંધવોના વધાદિકરૂપ નિમિત્તવાળા ભ્રાંતિરૂપ શોકને તું ફરીથી કદી પ્રાપ્ત થઇશ નહિ, કેમકે અજ્ઞાનવડે ઉપજેલાં તે સર્વે ભૂતોને તું તે આત્મ-

જ્ઞાનથી ત્વંપદાર્થરૂપ તારા આત્મામાં તથા તત્પદાર્થરૂપ મારામાં અભેદરૂપથી જોઇશ, કારણકે સર્વ કલ્પિત વસ્તુનો અધિષ્ઠાનમાંજ અંતર્ભાવ છે. ૩૫

વળી તે જ્ઞાનનું વિશેષ માહાત્મ્ય કહે છે:—

अपि चेदसि पापेभ्यः, सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव, वृजिनं संतरिष्यसि ॥ ३६ ॥

પ૦ ત૦ પ૦:—अपि પણ **चेत्** જો **असि** હશો **पापेभ्यः** પાપીઓથી **सर्वेभ्यः** સર્વ **पापकृत्तमः** વધારે પાપ કરનારા **सर्वं** સર્વ **ज्ञानप्लवेन** જ્ઞાનરૂપ વહાણથી **एव** જ **वृजिनम्** પાપરૂપ[સમુદ્ર]ને **संतरिष्यसि** સારી રીતે તરી જશો. ૩૬

શ૦:—જો [તમે] સર્વ પાપીઓથી વધારે પાપ કરનારા પણ હશો [તોપણ તે] સર્વ પાપરૂપ[સમુદ્ર]ને જ્ઞાનરૂપ વહાણથીજ સારી રીતે તરી જશો. ૩૬

ટી૦:—મૂલમાં જે **अपि** તથા **चेत्** એ બે પદો છે તે અસંભાવિત અર્થનો અંગીકાર કરવાનાં બોધક છે, અર્થાત્ જોકે મંદવિરાગમાં સર્વ પાપીઓથી વધારે પાપ કરનારાપણું નથી તોપણ જ્ઞાનનું ફલ કહેવામાટે તે તેનામાં અંગીકાર કરીને આગળનાં વચનો કહ્યાં છે. ૩૬

જ્ઞાનવડે કર્મોનો નાશ થાય છે એમ જણાવવા બીજું દૃષ્ટાંત આપે છે:—

यथैधांसि समिद्धोऽग्निर्, भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि, भस्मसात्कुरुते तथा ॥ ३७ ॥

પ૦ ત૦ પ૦:—यथा જેમ **एधांसि** ઇંધણાંને **समिद्धः** સળગેલો **अग्निः** અગ્નિ **भस्मसात्** ભસ્મરૂપ-રાખરૂપ **कुरुते** કરી દે છે **अर्जुन** હે અર્જુન ! **ज्ञानाग्निः** જ્ઞાનરૂપ અગ્નિ **सर्वकर्माणि** સર્વ કર્મોને **भस्मसात्** ભસ્મરૂપ-રાખરૂપ **कुरुते** કરી નાંખે છે **तथा** તેમ. ૩૭

શ૦:—હે અર્જુન ! જેમ સળગેલો અગ્નિ ઇંધણાંને [બાળી] ભસ્મરૂપ કરી દે છે તેમ જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મોને ભસ્મરૂપ કરી નાંખે છે. ૩૭

ટી૦:—જેમ અત્યંત સળગેલો અગ્નિ ઘણાં લાકડાંને બાળીને રાખરૂપ કરી નાંખે છે તેમ આત્માના સાક્ષાત્કારરૂપ અગ્નિ સંચિત, પ્રારબ્ધ અને

ક્રિયમાણ એ ત્રણે કર્મોને બાળી નાંખે છે. તે જ્ઞાનાગ્નિ સંચિતનો દાહ કરે છે, પ્રારબ્ધનું મિથ્યાપણું જણાવે છે, ને ક્રિયમાણનો સ્પર્શ થવા દેતો નથી. ત્યાં યોગયુક્ત જ્ઞાની તો સ્વેચ્છાએ દેહત્યાગ કરવાના સામર્થ્યવાળો હોવાથી તે તો પ્રારબ્ધનું અતિક્રમણ કરે છે, અને યોગરહિત જ્ઞાનીને તે પ્રારબ્ધ શરીરાદિવડે ભોગવવું પડે, છતાં તેને તે આત્મામાં પ્રતીત ન થાય, માટે તે પણ તેને નહિસરખું થયેલું છે. ૩૭

એવા જ્ઞાનનું પવિત્રપણું વર્ણવે છે:—

न हि ज्ञानेन सदृशं, पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः, कालेनात्मनि विंदति ॥३८॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **हि** નિશ્ચય **ज्ञानेन** જ્ઞાનવડે-જ્ઞાનના **सदृशम्** સમાન **पवित्रम्** પવિત્ર **इह** અહિં-આ જગત્‌માં **विद्यते** વિદ્યમાન **तत्** તે **स्वयं** પોતે **योगसंसिद्धः** કર્મયોગવડે શુદ્ધ ચિત્તવાળો થયેલો **कालेन** કાલે કરીને **आत्मनि** પોતામાં **विंदति** પામે છે. ૩૮

શ૦:—નિશ્ચય આ જગત્‌માં જ્ઞાનના સમાન પવિત્ર [બીજું કાંઈ] વિદ્યમાન નથી. તે [જ્ઞાનને લાંબે] કાલે કરીને કર્મયોગવડે શુદ્ધ ચિત્તવાળો થયેલો [પુરુષ] પોતે પોતામાં (અંત:કરણમાં) પામે છે. ૩૮

ટી૦:—એ સર્વથા નિશ્ચિત વાત છે કે આ સંસારમાં આત્મજ્ઞાનના જેવું શુદ્ધિ કરનાર બીજું કોઇ નથી, કેમકે કર્મ તથા ઉપાસનાવડે અજ્ઞાનરૂપ મૂલસહિત પાપોની નિવૃત્તિ થતી નથી, ને જ્ઞાનથી તે થાય છે. એ આત્મજ્ઞાન કાંઇ શીઘ્રજ પ્રાપ્ત થાય એમ નથી, પણ પૂર્વોક્ત નિષ્કામકર્મયોગ લાંબો કાલ કરવાથી જ્યારે યથાર્થ ચિત્તશુદ્ધિ થાય ત્યારે તેવો પુરુષ પોતેજ પોતાના અંતઃકરણમાં તે જ્ઞાનને પામે છે. અશુદ્ધ અંતઃકરણવાળો પુરુષ બીજાએ આપેલા જ્ઞાનને પોતાનામાં સ્થિત કરીને તેને પામતો નથી, તેમજ બીજામાં રહેલું જ્ઞાન પોતાનું છે એમ માનીને પણ તે તેને પામતો નથી. ચિત્તશુદ્ધિવડે જે કાલે એ જ્ઞાન જેના હૃદયમાં અનાયાસે સ્ફુરે છે ત્યારેજ તે તેને પામે છે. ૩૮

હવે જ્ઞાનના અત્યંતસમીપના ઉપાયને કહે છે:—

श्रद्धावाँल्लभते ज्ञानं, तत्परः संयतेंद्रियः ।
ज्ञानं लब्ध्वा परां शांतिमचिरणाधिगच्छति ॥ ३९ ॥

૫૦ ત૦ ૫૦:—**श्रद्धावान्** શ્રદ્ધાળુ **लभते** પામે છે **ज्ञानम्** જ્ઞાનને **तत्परः** [ગુરુની સેવામાં] તત્પર **संयतेन्द्रियः** ઇંદ્રિયોને નિયમમાં રાખનારો **ज्ञानम्** જ્ઞાનને **लब्ध्वा** પામીને **पराम्** શ્રેષ્ઠ-કૈવલ્ય **शान्तिम्** શાંતિને-મોક્ષને **अचिरेण** તુરતજ **अधिगच्छति** પામે છે. ૩૯

શ૦:—શ્રદ્ધાળુ, [ગુરુની સેવામાં] તત્પર, [તથા] ઇંદ્રિયોને નિયમમાં રાખનારો [પુરુષ] જ્ઞાનને પામે છે. જ્ઞાનને પામીને તુરતજ શ્રેષ્ઠશાંતિને (કૈવલ્યમોક્ષને) પામે છે. ૩૯

ટી૦:—શ્રીસદ્ગુરુનાં તથા **શ્રીશ્રુતિભગવતીનાં** વાક્યો સત્યજ છે એવી જે દૃઢ આસ્તિકપણાની બુદ્ધિ તે શ્રદ્ધા. જે એવી શ્રદ્ધાવાળો છે, તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુભૂત જે **શ્રીસદ્ગુરુની** ઉપાસનાદિ ઉપાયો છે તેમાં આળસનો ત્યાગ કરી જે પ્રેમપૂર્વક અત્યંત તત્પર છે, અને જેણે અવશ્યદિ ઇંદ્રિયોનો સારી રીતે જય કરેલો છે, તે પુરુષજ જ્ઞાન પામે છે, તાત્પર્ય કે જ્ઞાનપ્રાપ્તિમાટે એ ત્રણેયની આવશ્યકતા છે. એમાંના માત્ર એક કિંવા બેથી જ્ઞાનપ્રાપ્તિ થતી નથી. પૂર્વે દંડવત્પ્રણામાદિ જે જ્ઞાનપ્રાપ્તિના ઉપાયો કહ્યા તે તો દાંભિક માણસ પણ કરી શકે, માટે તે નિયમિતરીતે જ્ઞાનપ્રાપ્તિ કરી શકે નહિ, જેનામાં આ શ્લોકમાં કહેલાં ત્રણ સાધનો હોય તેનેજ તે ફલની પ્રાપ્તિ કરે. એવા ઉત્કૃષ્ટ જ્ઞાનને પામ્યા પછી તે જ્ઞાની શીઘ્રજ કૈવલ્યમોક્ષને અંતરાયરહિત પ્રાપ્ત થાય છે. ૩૯

આ વાતમાં સંશય ન કરવો, કેમકે સંશયી પુરુષ નીચે કહેલાં દુઃખોને પ્રાપ્ત થાય છે:—

अज्ञश्चाश्रद्दधानश्च, संशयात्मा विनश्यति ।
नायं लोकोऽस्ति न परो, न सुखं संशयात्मनः ॥ ४० ॥

૫૦ ત૦ ૫૦:—**अज्ञः** અજ્ઞાની **च** તથા **अश्रद्दधानः** શ્રદ્ધાવિનાનો **च** અને **संशयात्मा** સંશયયુક્ત મનવાળો **विनश्यति** વિનાશ પામે છે **न** નહિ **अयम्** આ **लोकः** લોક **अस्ति** છે **न** નથી **परः** પરલોક-સ્વર્ગાદિ **न** નથી **सुखम्** સુખ **संशयात्मनः** સંશયયુક્ત મનવાળાને. ૪૦

શ૦:—અજ્ઞાની તથા શ્રદ્ધાવિનાનો અને સંશયયુક્ત મનવાળો [એટલા] વિનાશ પામે છે. [તેમાં] સંશયયુક્ત મનવાળાને [તો] આ લોક [સિદ્ધ થતો] નથી, પરલોક [સિદ્ધ થતો] નથી, [કે] સુખ [પણ સિદ્ધ થતું] નથી. ૪૦

ટી૦:—અજ્ઞાની, (આત્મજ્ઞાનથી રહિત,) અશ્રદ્ધાળુ (શ્રીસદ્ગુરુએ તથા શ્રીશ્રુતિભગવતીએ કહેલા વિષયને અસત્ય માનનાર—નાસ્તિકબુદ્ધિવાળો) ને સંશયી (લૌકિક તથા વૈદિક બધા વિષયમાં આ વિષય આવી રીતનો હશે કે બીજી રીતનો હશે એવો સંશય જેના મનમાં રહ્યાં કરે છે એવો) એ ત્રણે પુરુષાર્થથી ભ્રષ્ટ થાય છે. તેમાં પણ પહેલા બેના કરતાં સંશયી વધારે પાપી છે. અજ્ઞને થોડે યત્ને સન્માર્ગે ચઢાવી શકાય, અશ્રદ્ધાળુને વધારે પ્રયત્ને સુમાર્ગે ચઢાવી શકાય, પણ સંશયી પુરુષને તો કોઇ રીતે સન્માર્ગે ચઢાવી શકાતો નથી. એવા સંશયીને પોતાના મિત્રમાં પણ એવો સંશય રહે છે કે આ મારો મિત્ર હશે કે શત્રુ હશે ? વળી સંશયને લીધે તે ખેતી આદિવડે દ્રવ્ય પણ મેળવી શકતો નથી, એવી રીતે તેને આ મનુષ્યલોક સિદ્ધ થતો નથી. વેદવચનોમાં પણ તે સંશયને લીધે સ્થિરબુદ્ધિવાળો ન હોવાથી તદનુસાર ધર્મ કે જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી, તેથી તેને સ્વર્ગની કે મોક્ષની પ્રાપ્તિ પણ થતી નથી. વળી ભોજનાદિકમાં પણ તે સંશયી સંશયવાળો હોવાથી તે સુખને પણ તે પામતો નથી. આ ત્રણ સુખમાંનું પહેલું તથા ત્રીજું એ બે સુખ અજ્ઞ તથા અશ્રદ્ધાળુને મળે છે એટલો તેનામાં સંશયીથી વિશેષ છે. ૪૦

કર્મયોગીને તથા જ્ઞાનયોગીને કર્મો બંધન કરતાં નથી એમ નિરૂપણ કરે છે:—

योगसंन्यस्तकर्माणं, ज्ञानसंछिन्नसंशयम् ।
आत्मवंतं न कर्माणि, निबध्नंति धनंजय ॥ ४१ ॥

પ૦ ત૦ પ૦:—**योगसंन्यस्तकर्माणम्** જેણે યોગવડે કર્મો ત્યાગેલાં છે **ज्ञानसंछिन्नसंशयम्** જેના સંશયો જ્ઞાનવડે છેદાઈ ગયા છે એવા **आत्मवंतम्** સાવધાન[પુરુષ]ને **न** નથી **कर्माणि** કર્મો **निबध्नंति** બંધન કરતાં **धनंजय** હે અર્જુન ! ૪૧

શ૦:—હે અર્જુન ! જેણે યોગવડે કર્મો ત્યાગેલાં-ઈશ્વરને અર્પણ કરેલાં-છે, [તથા] જેના સંશયો જ્ઞાનવડે છેદાઈ ગયા છે એવા સાવધાન[પુરુષ]ને કર્મો બંધન કરતાં નથી. ૪૧

ટી૦:—જેણે ઈશ્વરાર્પણબુદ્ધિવડે કર્મોનો ત્યાગ કર્યો છે, તથા આત્માના જ્ઞાનથી જેના સર્વે સંશયો કપાઇ ગયા છે, અને જે વિષયોના

પરવશપણારૂપ પ્રમાદથી રહિત એટલે સાવધાન છે એવા પુરુષે લોકસંગ્રહને માટે જે શુભકર્મો વા અશુભના જેવાં જણાતાં કર્મો કર્યાં હોય તે કર્મો તેને ઉંચનીચ શરીરની પ્રાપ્તિરૂપ બંધન કરી શકે નહિ. ૪૧

માટે તમે પણ જ્ઞાનવડે સંશયને છેદીને સ્વધર્મમાં તત્પર થાઓ એમ કહે છેઃ—

तस्मादज्ञानसंभूतं, हृत्स्थं ज्ञानासिनाऽऽत्मनः ।
छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ॥ ४२ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे यज्ञविभागयोगो नाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥

પદચ્છેદ તથા પદાર્થઃ—**तस्मात्** તેટલામાટે **अज्ञानसंभूतम्** અજ્ઞાનથી ઉપજેલા **हृत्स्थम्** હૃદયમાં રહેલા **ज्ञानासिना** જ્ઞાનરૂપ તલવારવડે **आत्मनः** આત્માના **छित्त्वा** છેદીને **एनम्** આ **संशयम्** સંશયને **योगम्** નિષ્કામકર્મયોગને **आतिष्ठ** કરો **उत्तिष्ठ** ઊઠો **भारत** હે અર્જુન ! ૪૨

શબ્દાર્થઃ—હે ભારત ! તેટલામાટે અજ્ઞાનથી ઉપજેલા [તથા] હૃદયમાં રહેલા આ સંશયને આત્માના જ્ઞાનરૂપ તલવારવડે છેદીને નિષ્કામકર્મયોગને કરો, [અને તેમાટે હવે યુદ્ધ કરવા] ઊઠો. '૪૨

ટીકાઃ—ભારત–આત્મપ્રકાશમાં પ્રીતિ રાખનાર–મંદવિરાગ. હે મંદવિરાગ ! અવિવેકથી ઉપજેલા તથા બુદ્ધિમાં રહેલા ને સર્વ અનર્થોના કારણભૂત આ સંશયને આત્માને વિષય કરનાર નિશ્ચયરૂપ તલવારવડે કાપી નાંખીને જ્ઞાનની પ્રાપ્તિના સાધનભૂત નિષ્કામકર્મયોગને કર, અને તેમાટે આ સમયમાં આ યુદ્ધ કરવામાટે ઊભો થા. ૪૨

इति श्रीमन्नथुरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्य-दीपिकाख्यायां चतुर्थोऽध्यायः ॥ ४ ॥

॥ ॐ ॥

અધ્યાય ૫ મો.

સંન્યાસયોગ.

શ્રીકૃષ્ણનાં પૂર્વોક્ત વચનો સાંભળીને અર્જુનને સંશય થયો કે મારે કર્મો કરવાં, કે કર્મોના ત્યાગરૂપ સંન્યાસ કરવો, આમ થવાથી તે શ્રીકૃષ્ણને પ્રશ્ન કરે છેઃ—

अर्जुन उवाच ॥

संन्यासं कर्मणां कृष्ण, पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेकं, तन्मे ब्रूहि सुनिश्चितम् ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થઃ—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **संन्यासम्** સંન્યાસને–ત્યાગને **कर्मणाम्** કર્મના **कृष्ण** હે શ્રીકૃષ્ણ ! **पुनः** ફરી **योगम्** કર્મયોગને **च** વળી **शंससि** વખાણો છો **यत्** જે **श्रेयः** કલ્યાણકારી **एतयोः** એ બેમાંનું **एकम्** એક **तत्** તે **मे** મને **ब्रूहि** કહો **सुनिश्चितम्** નક્કી કરેલું ૧

શબ્દાર્થઃ—અર્જુન બોલ્યાઃ–'હે શ્રીકૃષ્ણ ! [આપ એક વાર] કર્મના સંન્યાસને વખાણો છો, વળી ફરી કર્મયોગને [વખાણો છો,] એ બેમાંનું જે એક નક્કી કરેલું કલ્યાણકારી [હોય] તે મને કહો.' ૧

ટીકાઃ—હે આત્મા ! આપ નિત્યનૈમિત્તિકકર્મોના ત્યાગને પ્રતિપાદન કરી વળી ફરીથી પાછા તે કર્મોના અનુષ્ઠાનરૂપ કર્મયોગને કહો છો, પણ એ સંભવતું નથી, કેમકે એકજ અધિકારી પુરુષ એકજ સમયમાં કર્મનો ત્યાગ તથા કર્મનું અનુષ્ઠાન કરી શકે નહિ, માટે એ બેમાંનું જે એક આપે નિશ્ચયપૂર્વક કલ્યાણકારી માન્યું હોય તે મને કહો, કે જેને હું મારા શ્રેયના સાધનરૂપ માની તેનું અનુષ્ઠાન કરું. ૧

પૂછેલા તે પ્રશ્નનું શ્રીકૃષ્ણ ઉત્તર આપે છેઃ—

श्रीभगवानुवाच ॥

संन्यासः कर्मयोगश्च, निःश्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसंन्यासात्, कर्मयोगो विशिष्यते ॥ २ ॥

પ૦ ત૦ પ૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **संन्यासः** સંન્યાસ-કર્મનો ત્યાગ **कर्मयोगः** કર્મયોગ **च** અને **निःश्रेयसकरौ** [નિશ્ચય] કલ્યાણ કરનારા **उभौ** બંને **तयोः** તે બેમાં **तु** પણ **कर्मसंन्यासात्** કર્મના સંન્યાસથી **कर्मयोगः** કર્મયોગ **विशिष्यते** શ્રેષ્ઠ છે. ૨

શ૦:—શ્રીભગવાન્ બોલ્યા:–' સંન્યાસ અને કર્મયોગ [એ] બંને [નિશ્ચય] કલ્યાણ કરનારા [છે,] તે બેમાં પણ કર્મના સંન્યાસથી કર્મયોગ શ્રેષ્ઠ છે. ૨

ટી૦:—શાસ્ત્રના વિધિપૂર્વક સર્વ કર્મોનો ત્યાગ કરવો તે, તથા પોતપોતાના વર્ણાશ્રમપ્રમાણે નિત્યનૈમિત્તિકકર્મોનું અનુષ્ઠાન કરવું તે, એ બંને જ્ઞાનોત્પત્તિનાં કારણ હોવાથી મોક્ષની પ્રાપ્તિ કરનારાં છે તોપણ તેમાં ચિત્તશુદ્ધિરહિત અનધિકારીએ કરેલા કર્મોના ત્યાગથી નિષ્કામકર્મયોગ શ્રેષ્ઠ છે. ૨

હવે અધિકારી જનોની પ્રવૃત્તિ કરાવવાસારુ નીચેના ત્રણ શ્લોકોથી નિષ્કામકર્મયોગની સ્તુતિ કરે છે:—

ज्ञेयः स नित्यसंन्यासी, यो न द्वेष्टि न काङ्क्षति ।
निर्द्वन्द्वो हि महाबाहो, सुखं बन्धात्प्रमुच्यते ॥ ३ ॥

પ૦ ત૦ પ૦:—**ज्ञेयः** જાણવો **सः** તે **नित्यसंन्यासी** નિત્યસંન્યાસી **यः** જે **न** નથી **द्वेष्टि** દ્વેષ કરતો **न** નથી **काङ्क्षति** ઇચ્છા કરતો **निर्द्वन्द्वः** રાગદ્વેષરૂપી દ્વંદ્વથી–જોડાથી–રહિત **हि** કેમકે **महाबाहो** હે મોટી ભુજાવાળા !–હે અર્જુન ! **सुखम्** સુખપૂર્વક **बन्धात्** બંધથી **प्रमुच्यते** છૂટે છે. ૩

શ૦:—જે દ્વેષ કરતો નથી, ઇચ્છા કરતો નથી, તે નિત્યસંન્યાસી જાણવો, કેમકે હે અર્જુન ! રાગદ્વેષરૂપી દ્વંદ્વથી રહિત [પુરુષ] સુખપૂર્વક બંધથી છૂટે છે. ૩

ટી૦:—ઈશ્વરાર્પણબુદ્ધિએ કરેલાં નિત્યનૈમિત્તિકકર્મોમાં નિષ્ફલપણાની શંકા કરીને જે પુરુષ તેનો દ્વેષ કરતો નથી, તથા જે પુરુષ તે કર્મોનાં સ્વર્ગાદિક ફલોની ઇચ્છા કરતો નથી, તે પુરુષ પોતાના નિત્યનૈમિત્તિકકર્મમાં પ્રવૃત્ત હોય તોપણ તેને નિત્યજ સંન્યાસી જાણવો, કેમકે એવો રાગદ્વેષરહિત પુરુષ અંતઃકરણની અશુદ્ધિરૂપ જ્ઞાનના પ્રતિબંધથી અનાયાસે મોકળો થાય છે. ૩

सांख्ययोगौ पृथग्बालाः, प्रवदंति न पंडिताः ।

एकमप्यास्थितः सम्यगुभयोर्विंदते फलम् ॥ ४ ॥

પ૦ ત૦ પ૦:—**सांख्ययोगौ** સાંખ્ય–જ્ઞાન—સંન્યાસ–અને કર્મયોગ એ બંનેને **पृथक्** ભિન્ન–વિરુદ્ધ ફલવાળા **बालाः** બાળકો–વિચારવિનાના પુરુષો **प्रवदंति** કહે છે **न** [કહેતા] નથી **पंडिताः** પંડિતો **एकम्** એકમાં **अपि** પણ **आस्थितः** રહેલો **सम्यक्** સારી રીતે **उभयोः** બંનેના **विंदते** મેળવે છે **फलम्** ફલને. ૪

શ૦:—વિચારરહિત પુરુષો સાંખ્ય અને કર્મયોગ એ બંનેને ભિન્ન કહે છે, (વિરુદ્ધ ફલવાળા કહે છે,) પંડિતો [એમ કહેતા] નથી. [એ બેમાંથી] એકમાં પણ સારી રીતે રહેલો [પુરુષ] બંનેના ફલને મેળવે છે. ૪

ટી૦:—શાસ્ત્રના તાત્પર્યને નહિ જાણનારા વિચારવિનાના પુરુષો સાંખ્યનામના કર્મસંન્યાસને તથા નિષ્કામકર્મયોગને ભિન્ન ભિન્ન ફલના હેતુ કહે છે, પણ વિવેકવિજ્ઞાનવાળા પંડિતો એમ કહેતા નથી, કારણકે એ બેમાંના એકને પણ પોતાના અધિકારપ્રમાણે શાસ્ત્રવિધિપૂર્વક જે ઉપાસે છે તે જ્ઞાનની ઉત્પત્તિદ્વારા તે બંનેના એકજ મોક્ષરૂપ ફલને પામે છે. ૪

यत्सांख्यैः प्राप्यते स्थानं, तद्योगैरपि गम्यते ।

एकं सांख्यं च योगं च, यः पश्यति स पश्यति ॥ ५ ॥

પ૦ ત૦ પ૦:—**यत्** જે **सांख्यैः** સાંખ્યોથી–જ્ઞાનીઓથી–સંન્યાસીઓથી **प्राप्यते** પમાય છે **स्थानम्** સ્થાનને **तत्** તે **योगैः** યોગીઓથી–કર્મયોગ કરનારાઓથી **अपि** પણ **गम्यते** જવાય છે–પમાય છે **एकम्** એકરૂપ **सांख्यम्** સાંખ્યને–જ્ઞાનને–સંન્યાસને **च** માટે **योगम्** યોગને **च** અને **यः** જે **पश्यति** જુએ છે–જાણે છે **सः** તે **पश्यति** જુએ છે–જાણે છે. ૫

શ૦:—સાંખ્યોથી-સંન્યાસીઓથી-જે સ્થાન પમાય છે તે [સ્થાનને] કર્મયોગ કરનારાઓથી પણ પમાય છે માટે જે સાંખ્યને અને યોગને એકરૂપ જાણે છે તે [સારી રીતે] જાણે છે. ૫

ટી૦:—પૂર્વજન્મોમાં નિષ્કામકર્મોનું અનુષ્ઠાન કરવાથી જેના ચિત્તની શુદ્ધિ થઇ હોય છે એવા જ્ઞાનનિષ્ઠાવાળા સંન્યાસીઓ જે મોક્ષરૂપ પુનરાવૃત્તિ-વિનાના સ્થાનને પામે છે તેજ સ્થાનને નિષ્કામકર્મ કરનારાઓ પણ પામે છે. આવી રીતે કર્મોના ત્યાગરૂપ સંન્યાસનું તથા નિષ્કામકર્મનું એક મોક્ષ-રૂપ ફલ છે માટે જે પુરુષ સાંખ્યનામના સંન્યાસને તથા નિષ્કામકર્મયોગને એકરૂપજ જાણે છે તેજ યથાર્થ જાણે છે. એ બંનેને ભિન્ન ભિન્ન જાણનારા યથાર્થ જાણનારા નથી. ૫

ચિત્તશુદ્ધિવિનાના પુરુષને સંન્યાસ દુઃખનો હેતુ થાય છે એમ જણાવે છે:—

संन्यासस्तु महाबाहो, दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म, न चिरेणाधिगच्छति ॥ ६ ॥

પ૦ ત૦ પ૦:—**संन्यासः** સંન્યાસ **तु** તો **महाबाहो** હે મહા-બાહો !-હે અર્જુન ! **दुःखम्** દુઃખ **आप्तुम्** પ્રાપ્ત થવામાટે **अयोगतः** કર્મયોગવિના [કરેલો] **योगयुक्तः** કર્મયોગવાળો **मुनिः** સંન્યાસી **ब्रह्म** બ્રહ્મને **न चिरेण** થોડા સમયમાંજ **अधिगच्छति** પામે છે. ૬

શ૦:—હે અર્જુન ! કર્મયોગવિના [કરેલો] સંન્યાસ તો દુઃખ પામવામાટે [છે, અને] કર્મયોગવાળો [પુરુષ તો] સંન્યાસી [થઇ] થોડા સમયમાંજ બ્રહ્મને પામે છે. ૬

ટી૦:—અંતઃકરણની શુદ્ધિ કરનારાં નિત્યનૈમિત્તિક કર્મો કર્યાં વિન વિનાઅધિકારે માત્ર સાહસથીજ જે પુરુષ સંન્યાસ ગ્રહણ કરે છે તે પુરુષને તે સંન્યાસ કેવલ દુઃખનીજ પ્રાપ્તિ કરે છે, કેમકે તેનું અંતઃકરણ અશુદ્ધ હોવાથી તેને જ્ઞાનનિષ્ઠા ઉપજે નહિ, અને તે સ્થિતિમાં ચિત્ત-શુદ્ધિનો હેતુ જે નિષ્કામકર્મો તે કરવાનો તેને અધિકાર રહેતો નથી. આમ છતોભ્રષ્ટ તતોભ્રષ્ટ તે થાય છે, અને જે પુરુષો ચિત્તશુદ્ધિ કરનારા નિષ્કામકર્મયોગવાળા છે તે પુરુષો ચિત્તશુદ્ધિવાળા હોવાથી મનનશીલ સંન્યાસી થઇને શીઘ્રજ સચ્ચિદાનંદરૂપ બ્રહ્મનો સાક્ષાત્કાર કરે છે. ૬

કર્મયોગીને નિષ્કામકર્મ બંધન કરતું નથી એમ કહે છેઃ-

योगयुक्तो विशुद्धात्मा, विजितात्मा जितेंद्रियः ।
सर्वभूतात्मभूतात्मा, कुर्वन्नपि न लिप्यते ॥ ७ ॥

૫૦ ત૦ ૫૦:—**योगयुक्तः** કર્મયોગમાં જોડાયેલો **विशुद्धात्मा** વિશેષે કરીને શુદ્ધચિત્તવાળો **विजितात्मा** શરીરને વશ રાખનારો **जितेंद्रियः** ઇંદ્રિયોને જિતનારો **सर्वभूतात्मभूतात्मा** જેણે પોતાના આત્માને સર્વ પ્રાણીઓનો આત્મા જાણ્યો છે એવો **कुर्वन्** કરતો છતો **अपि** પણ **न** નથી **लिप्यते** લેપાતો. ૭

શ૦:—કર્મયોગમાં જોડાયેલો, વિશેષે કરીને શુદ્ધચિત્તવાળો, શરીરને વશ રાખનારો, ઇંદ્રિયોને જિતનારો [ને] જેણે પોતાના આત્માને સર્વ પ્રાણીઓનો આત્મા જાણ્યો છે એવો [પુરુષ કર્મ] કરતો છતો પણ લેપાતો નથી. ૭

ટી૦:—ફલેચ્છાનો ત્યાગ કરી ઈશ્વરાર્પણબુદ્ધિએ શાસ્ત્રોક્ત નિત્ય-નૈમિત્તિક કર્મો કરનારો પ્રથમ અંતઃકરણના રજોગુણરૂપ તથા તમોગુણરૂપ મેલથી રહિત અંતઃકરણવાળો થાય છે. પછી ને દેહને નિયમમાં રાખનારો થાય છે, ને ત્યારપછી તે કર્મેંદ્રિયો તથા જ્ઞાનેન્દ્રિયોને વશ રાખનાર થાય છે. આવી સ્થિતિએ પહોંચવાથી બ્રહ્માથી થંભડાપર્યંત જેટલાં ચેતનભૂતો છે તે તથા આકાશાદિ જેટલાં જડભૂતો છે તે સર્વ ચેતન તથા જડ ભૂતોને તે પોતાના આત્મરૂપે દેખે છે. આવા તત્ત્વદર્શી પુરુષ બીજાની દૃષ્ટિએ કર્મો કરતા દેખાતા છતા પણ કર્તાપણાના અભિમાનથી રહિત હોવાથી તે કર્મોવડે બંધનને પામતા નથી. ૭

પૂર્વોક્ત વિષયને નીચેના બે શ્લોકોથી સ્પષ્ટ કરે છેઃ—

नैव किंचित्करोमीति, युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यन्शृण्वन्स्पृशन्जिघ्रन्, नश्नन्गच्छन्स्वपन्श्वसन् ॥ ८ ॥
प्रलपन्विसृजन्गृह्णन्, नुन्मिषन्निमिषन्नपि ।
इंद्रियाणींद्रियार्थेषु, वर्तंत इति धारयन् ॥ ९ ॥

૫૦ ત૦ ૫૦:—**न** નથી **एव** જ **किंचित्** કાંઈ **करोमि** કરતો **इति** એમ **युक्तः** યોગયુક્ત **मन्येत** માને છે **तत्त्ववित्** તત્ત્વવેત્તા-બ્રહ્મનિષ્ઠ **पश्यन्** જોતો છતો **शृण्वन्** સાંભળતો છતો **स्पृशन्** અડકતો

છતો **जिघ्रन्** સુંઘતો છતો **अश्नन्** ખાતો છતો **गच्छन्** ચાલતો છતો **स्वपन्** ઉંઘતો છતો **श्वसन्** શ્વાસ લેતો છતો **प्रलपन्** બોલતો છતો **विसृजन्** મલત્યાગ કરતો છતો **गृह्णन्** ગ્રહણ કરતો-પકડતો-છતો **उन्मिषन्** આંખ ઉઘાડતો છતો **निमिषन्** આંખ વીંચતો છતો **अपि** પણ **इंद्रियाणि** ઇંદ્રિયો **इंद्रियार्थेषु** ઇંદ્રિયોના વિષયોમાં **वर्तंते** પ્રવર્તે છે **इति** એમ **धारयन्** ધારતો છતો. ૮-૯

શ૦:—યોગયુક્ત તત્ત્વવેત્તા-બ્રહ્મનિષ્ઠ-[પુરુષ] જોતો છતો પણ, સાંભળતો છતો [પણ,] અડકતો છતો [પણ,] સુંઘતો છતો [પણ,] ખાતો છતો [પણ,] ચાલતો છતો [પણ,] ઉંઘતો છતો [પણ,] શ્વાસ લેતો છતો [પણ,] બોલતો છતો [પણ,] મલત્યાગ કરતો છતો [પણ,] ગ્રહણ કરતો છતો [પણ,] આંખ ઉઘાડતો છતો [પણ, ને] આંખ વીંચતો છતો [પણ] ઇંદ્રિયો ઇંદ્રિયોના વિષયોમાં પ્રવર્તે છે એમ ધારતો છતો [હું] કાંઈજ કરતો નથી એમ માને છે. ૮-૯

ટી૦:—જેણે ચિત્તનો નિગ્રહ કરેલો છે, તથા જે પરમાત્મતત્ત્વને જાણે છે એવો પુરુષ પાંચ જ્ઞાનેન્દ્રિયોવડે, પાંચ કર્મેન્દ્રિયોવડે, પાંચ પ્રાણોવડે, ચાર અંતઃકરણોવડે તથા પાંચ ઉપપ્રાણોવડે તેમના શાસ્ત્રવિહિત વિષયોને ગ્રહણ કરતો છતાં પણ તે રૂપાદિ વિષયોમાં આ ઇંદ્રિયાદિકજ પ્રવર્ત થાય છે, હું અસંગ આત્મા તેમાં કદીપણ પ્રવર્ત થતો નથી એવો નિશ્ચય કરતો છતો હું અસંગ આત્મા કિંચિન્માત્ર પણ કરતો નથી એવી રીતે તે જ્ઞાની પુરુષ સર્વદા માને છે તેથી તે બંધનને પામતો નથી. ૮-૯

જ્ઞાન નહિ ઉપજ્યા છતાં પણ નિષ્કામકર્મ કરનારને તે કર્મો બંધન કરતાં નથી એમ જણાવે છે:—

ब्रह्मण्याधाय कर्माणि, संगं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन, पद्मपत्रमिवांभसा ॥ १० ॥

૫૦ ત૦ ૫૦:—**ब्रह्मणि** બ્રહ્મમાં **आधाय** અર્પણ કરીને **कर्माणि** કર્મો **संगम्** ફલની ઇચ્છા **त्यक्त्वा** ત્યજીને **करोति** કરે છે **यः** જે **लिप्यते** લેપાતો **न** નથી **सः** તે **पापेन** પાપથી **पद्मपत्रम्** કમલના પત્રની **इव** પેઠે **अंभसा** જલવડે. ૧૦

શ૦:—જે [પુરુષ] બ્રહ્મમાં અર્પણ કરીને [તથા] ફલની ઇચ્છા ત્યજીને કર્મો કરે છે તે જલવડે કમલપત્રની પેઠે પાપથી લેપાતો નથી. ૧૦

ટી૦:—જે મુમુક્ષુ પુરુષ પરમાત્માને અર્પણ કરીને તથા સ્વર્ગાદિ ફલની ઇચ્છાનો ત્યાગ કરીને લૌકિકવૈદિક કર્મો કરે છે તે પુરુષ તે કર્મોવડે બંધનને પામતો નથી, જેમ કમલનું પાંદડું જલથી સડી જતું નથી તેમ. તાત્પર્ય કે જ્ઞાની પુરુષ જેમ કર્મોવડે બંધનને પામતો નથી તેમ જે પુરુષ અભિમાનનો તથા ફલેચ્છાનો ત્યાગ કરી પરમેશ્વરના પ્રસન્નતામાટે કર્મો કરે છે તે પણ બંધનને પામતો નથી. ૧૦

કહેલા પ્રસંગને વિશેષ સ્પષ્ટ કરે છે:—

कायेन मनसा बुद्धया, केवलैरिंद्रियैरपि ।
योगिनः कर्म कुर्वंति, संगं त्यक्त्वाऽऽत्मशुद्धये ॥ ११ ॥

૫૦ ત૦ ૫૦:—**कायेन** કાયાથી **मनसा** મનથી **बुद्धया** બુદ્ધિથી **केवलैः** કેવલ **इंद्रियैः** ઇંદ્રિયોથી **अपि** જ **योगिनः** યોગીઓ **कर्म** કર્મ **कुर्वंति** કરે છે **संगम्** સંગને **त्यक्त्वा** ત્યજીને **आत्मशुद्धये** અંતઃકરણની શુદ્ધમાટે. ૧૧

શ૦:—યોગીઓ સંગને ત્યજીને કેવલ ઇંદ્રિયોથી, કાયાથી, મનથી [અને] બુદ્ધિથી અંતઃકરણની શુદ્ધિમાટે કર્મજ કરે છે. ૧૧

ટી૦:—મોક્ષની ઇચ્છા રાખનારા કર્મયોગીઓ સ્વર્ગાદિ ફલની ઇચ્છાનો ત્યાગ કરીને કેવલ શરીરથી, કેવલ મનથી, કેવલ બુદ્ધિથી અને કેવલ ઇંદ્રિયોથી અંતઃકરણની શુદ્ધિ કરવામાટે પોતપોતાના વર્ણાશ્રમનાં નિત્યનૈમિત્તિક કર્મોનેજ કરે છે. તે મમતાનો ત્યાગ કરી શરીરાદિવડે કર્મો કરે છે માટે કેવલ શરીરથી ઇત્યાદિ કહ્યું છે. ૧૧

નિષ્કામ પુરુષોને કર્મો મોક્ષનાં હેતુ થાય છે અને સકામ પુરુષોને તે બંધનનાં હેતુ થાય છે એમ જણાવે છે:—

युक्तः कर्मफलं त्यक्त्वा, शांतिमाप्नोति नैष्ठिकीम् ।
अयुक्तः कामकारेण, फले सक्तो निबध्यते ॥ १२ ॥

૫૦ ત૦ ૫૦:—**युक्तः** નિષ્કામકર્મયોગ કરનારો **कर्मफलम्** કર્મના ફલને **त्यक्त्वा** ત્યજીને **शांतिम्** શાંતિને—મોક્ષને **आप्नोति** પામે

છે **नैष्ठिकीम्** [સત્ત્વગુણરૂપ] પરમનિષ્ઠાવાળી **अयुक्तः** નિષ્કામકર્મયોગ નહિ કરનારો **कामकारेण** કામનાવડે **फले** ફલમાં **सक्तः** આસક્ત [થઈને] **निबध्यते** બંધાય છે. ૧૨

શ૦:—નિષ્કામકર્મયોગ કરનારો [પુરુષ] કર્મના ફલને ત્યજીને પરમનિષ્ઠાવાળી [મોક્ષરૂપ] શાંતિને પામે છે, [અને] નિષ્કામકર્મયોગ નહિ કરનારો [પુરુષ] કામનાવડે ફલમાં આસક્ત [થઈને] બંધાય છે. ૧૨

ટી૦:—પરમાત્માની પ્રસન્નતામાટે કર્મ કરનારો અધિકારી પુરુષ કર્મોનાં સ્વર્ગાદિ ફલોની તૃષ્ણાનો ત્યાગ કરી નિત્યનૈમિત્તિક કર્મો કરતો છતો અંતઃકરણની શુદ્ધિદ્વારા ઉપજતી મોક્ષરૂપ શાંતિને પામે છે, ને ફલેચ્છાથી કર્મ કરનારો પુરુષ તૃષ્ણાવડે કર્મોનાં સ્વર્ગાદિ ફલોમાં આસક્ત થઇ ને કર્મોથી સંસારરૂપ બંધનને પામે છે. ૧૨

ચિત્તશુદ્ધિવાળાને જ્ઞાનયોગ શ્રેષ્ઠ છે એમ પ્રતિપાદન કરે છેઃ—

सर्वकर्माणि मनसा, संन्यस्यास्ते सुखं वशी ।
नवद्वारे पुरे देही, नैव कुर्वन्न कारयन् ॥ १३ ॥

પ૦ ત૦ પ૦:—**सर्वकर्माणि** સર્વ કર્મોને **मनसा** મનવડે **संन्यस्य** ત્યાગીને **आस्ते** રહે છે **सुखम्** સુખે **वशी** [શરીરાદિને] જેણે વશ કર્યાં છે એવો **नवद्वारे** નવ બારણાંવાળા **पुरे** નગરમાં-દેહમાં **देही** આત્માને દેહથી ભિન્ન જોનારો **न** નથી **एव** જ **कुर्वन्** કરતો **न** નથી **कारयन्** કરાવતો. ૧૩

શ૦:—સર્વ કર્મોને મનવડે ત્યાગીને [શરીરાદિને] જેણે વશ કર્યાં છે એવો [તથા] આત્માને દેહથી ભિન્ન જોનારો [પુરુષ] નવ બારણાંવાળા [આ] નગરમાં-દેહમાં-સુખે રહે છે. નથી [કાંઈ] કરતોજ [કે] નથી [કાંઈ] કરાવતો. ૧૩

ટી૦:—નિત્ય, નૈમિત્તિક, કામ્ય અને નિષિદ્ધ આ ચાર પ્રકારનાં કર્મોનો અકર્તા આત્માના જ્ઞાનવાળા મનવડે પરિત્યાગ કરીને શરીર, ઇંદ્રિયો અને અંતઃકરણ જેમણે વશ કરેલાં છે, તથા જેઓ પોતાના આત્માને શરીરથી ભિન્ન જોનારા છે એવા મહાત્મા પુરુષ બે કાન, બે આંખો, બે નાસિકાનાં છિદ્રો, મુખ, ગુદા ને ઉપસ્થ એ નવદ્વારોવાળા આ સ્થૂલશરીરરૂપ પુરમાં આનંદપૂર્વક રહે છે, અને એવા જ્ઞાની બ્રહ્મરૂપ હોવાથી

પરમાર્થદૃષ્ટિએ કાંઇ પણ ક્રિયા કરતા નથી, અને પ્રેરણા કરીને શરીર-ઇંદ્રિયાદિને પણ કાંઇ ક્રિયા કરાવતા નથી. ૧૩

આત્મામાં કર્તાપણું આદિ નથી એમ નિરૂપણ કરે છે:—

न कर्तृत्वं न कर्माणि, लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं, स्वभावस्तु प्रवर्तते ॥ १४ ॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **कर्तृत्वम्** કર્તાપણાને-કામ કરવાના સ્વભાવને **न** નથી **कर्माणि** કર્મોને **लोकस्य** લોકના-દેહાદિના **सृजति** ઉત્પન્ન કરતો **प्रभुः** આત્મા **न** નથી **कर्मफलसंयोगम्** કર્મના ફલના સંયોગને **स्वभावः** અવિદ્યા-માયા **तु** પરંતુ **प्रवर्तते** પ્રવર્તે છે. ૧૪

શ૦:—આત્મા દેહાદિના કર્તાપણાને નથી ઉત્પન્ન કરતો, કર્મોને નથી [ઉત્પન્ન કરતો, ને] કર્મના ફલના સંયોગને [પણ] નથી [ઉપજાવતો,] પરંતુ માયા [એ બધું કરવામાં] પ્રવર્તે છે. ૧૪

ટી૦:—શરીરઇંદ્રિયાદિનો સ્વામી જે **આત્મા** તે તેમના કર્તાપણાને ઉપજાવતો **નથી,**—તું આ કાર્ય કર એમ શરીરાદિને તે પ્રેરણા કરતો **નથી, અર્થાત** તે કોઇ પણ કાર્ય તેમની પાસે કરાવતો નથી, તેમજ તે પદાર્થરૂપ કર્મોને પણ ઉત્પન્ન કરતો નથી, અને કર્મો કરનારા લોકોનો જે તે તે કર્મફલોસાથે સંબંધ છે તે તે કર્મફલોના સંબંધને પણ તે ઉત્પન્ન કરતો **નથી, અર્થાત્** તે કોઇને ફલ ભોગવાવતો નથી, કે પોતે ફલ ભોગવતો **નથી,** પણ **માયારૂપ પ્રકૃતિજ** તે કાર્ય કરવામાં તથા કરાવવામાં પ્રવૃત્ત થાય છે. ૧૪

વળી જીવ કર્મનો કર્તા નથી, અને ઈશ્વર કર્મના કરાવનાર નથી એમ કહે છે:—

नादत्ते कस्यचित्पापं, न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं, तेन मुह्यंति जंतवः ॥ १५ ॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **आदत्ते** લેતા **कस्यचित्** કોઇના પણ **पापम्** પાપને **न** નથી **च** તથા **एव** પણ **सुकृतम्** પુણ્યને **विभुः** સર્વવ્યાપક-ઈશ્વર **अज्ञानेन** અજ્ઞાનથી **आवृतम्** ઢંકાયેલું **ज्ञानम्** જ્ઞાન **तेन** તેથી **मुह्यंति** મોહ પામે છે **जंतवः** જીવો. ૧૫

શ૦:—સર્વવ્યાપક-ઈશ્વર-કોઈના પણ પાપને નથી લેતા, તથા પુણ્યને પણ નથી [લેતા,] અજ્ઞાનથી જ્ઞાન ઢંકાયેલું [છે] તેથી જીવો મોહ પામે છે. ૧૫

ટી૦:—સર્વવ્યાપક હોવાથી નિષ્ક્રિય એવા ઈશ્વર કોઈ પણ જીવના પાપને તથા પુણ્યને ગ્રહણ કરતા નથી, કેમકે તત્ત્વદૃષ્ટિએ તો જીવમાં શુભાશુભકર્મોનું કર્તાપણું અને ઈશ્વરમાં તે શુભાશુભકર્મો કરાવનારાપણું નથી, કિંતુ આવરણરૂપવાળું તથા વિક્ષેપરૂપવાળું જે માયારૂપ મિથ્યા અજ્ઞાન છે તે મિથ્યા અજ્ઞાનરૂપ અંધારાવડે પરમાર્થરૂપ સત્ય જ્ઞાન ઢંકાયેલું છે તેથી પોતાના યથાર્થ સ્વરૂપને નહિ જાણનારા અજ્ઞાની જીવો વિક્ષેપરૂપ મોહને પામે છે. ૧૫

તેમાં જેનું અજ્ઞાન નાશ પામે છે તે બ્રહ્મનો અનુભવ કરે છે એમ જણાવે છે:—

ज्ञानेन तु तदज्ञानं, येषां नाशितमात्मनः ।
तेषामादित्यवज्ज्ञानं, प्रकाशयति तत्परम् ॥ १६ ॥

પ૦ ત૦ પ૦:—**ज्ञानेन** જ્ઞાનવડે **तु** પણ **तत्** એ **अज्ञानम्** અજ્ઞાન **येषाम्** જેઓનું **नाशितम्** નાશ પામેલું છે **आत्मनः** આત્માના **तेषाम्** તેઓનું **आदित्यवत्** સૂર્યની પેઠે **ज्ञानम्** આત્મજ્ઞાન **प्रकाशयति** દેખાડી આપે છે **तत्** તે **परम्** પરબ્રહ્મને. ૧૬

શ૦:—પણ જેઓનું એ અજ્ઞાન આત્માના જ્ઞાનવડે નાશ પામ્યું છે તેઓનું તે આત્મજ્ઞાન સૂર્યની પેઠે પરબ્રહ્મને દેખાડી આપે છે. ૧૬

ટી૦:—પરંતુ જે અધિકારી પુરુષોનું એ આવરણવિક્ષેપશક્તિવાળું અનાદિ અજ્ઞાન શ્રીસદ્‌ગુરુએ તથા શ્રીશ્રુતિભગવતીએ આપેલા આત્માના જ્ઞાનવડે નાશ પામ્યું છે તેઓનું તે આત્મજ્ઞાન સૂર્યની પેઠે અન્યના સાહાય્યવિના સચ્ચિદાનંદરૂપ બ્રહ્મને પ્રકાશે છે.–અજ્ઞાનની અત્યંતનિવૃત્તિપૂર્વક પરબ્રહ્મની અભિવ્યક્તિ (પ્રકટતા) કરે છે. ૧૬

આત્મજ્ઞાનથી વિદેહમુક્તિની પ્રાપ્તિ થાય છે એમ કહે છે:–

तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छंत्यपुनरावृत्तिं, ज्ञाननिर्धूतकल्मषाः ॥ १७ ॥

૫૦ ત૦ ૫૦:—**તદ્‌બુદ્ધય:** તેમાંજ–પરબ્રહ્મમાંજ–જેની બુદ્ધિ રહેલી છે એવા **તદાત્માન:** તેજ જેનો આત્મા છે એવા **તન્નિષ્ઠા:** તેમાંજ જેની નિષ્ઠા છે એવા **તત્પરાયણા:** તેનોજ જેને આશ્રય છે એવા **ગચ્છન્તિ** જાય છે–પામે છે **અપુનરાવૃત્તિમ્** ફરીથી ન આવવું પડે તેને–મોક્ષને **જ્ઞાનનિર્ધૂતકલ્મષા:** જ્ઞાનવડે જેનાં પુણ્યપાપરૂપ કર્મો નાશ પામ્યાં છે એવા. ૧૭

શ૦:—તેમાંજ (પરબ્રહ્મમાંજ) જેની બુદ્ધિ છે, તેજ જેનો આત્મા છે, તેમાંજ જેની નિષ્ઠા છે, તેનોજ જેને આશ્રય છે, [અને] જ્ઞાનવડે જેનાં પુણ્યપાપરૂપ કર્મો નાશ પામ્યાં છે એવા [પુરુષો] મોક્ષને પામે છે. ૧૭

ટી૦:—વિવેકાદિ સાધનના પરિપાકથી સર્વ વિષયોના પરિત્યાગપૂર્વક જેઓના ચિત્તની વૃત્તિ જ્ઞાનવડે અનુભવાતા સચ્ચિદાનંદરૂપ પરમાત્મામાં લીન થઇ છે, અર્થાત્ જેઓ નિર્વિકલ્પસમાધિવાળા છે; જેઓનો પરબ્રહ્મ એજ આત્મા છે, દેહાદિ નહિ; એક પરબ્રહ્મમાંજ જેઓની સ્થિતિ છે; તથા એક પરબ્રહ્મજ જેઓને પ્રાપ્ત થવાયોગ્ય છે; અને આત્માના જ્ઞાનવડે જેઓનાં પુનઃ શરીરની ઉત્પત્તિ કરનારાં શુભાશુભકર્મરૂપ પાપો સમૂળાં નાશ પામ્યાં છે એવા મહાત્મા પુરુષો પુનઃ શરીરના અભાવરૂપ જે વિદેહમુક્તિ તેને પામે છે. ૧૭

એવા આત્મજ્ઞાની શરીર વિદ્યમાન છતાં જીવન્મુક્તિનો અનુભવ કરે છે એમ નિરૂપણ કરે છે:—

विद्याविनयसंपन्ने, ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च, पंडिताः समदर्शिनः ॥ १८ ॥

૫૦ ત૦ ૫૦:—**વિદ્યાવિનયસંપન્ને** વિદ્યાવાળા તથા નમ્રતાવાળા **બ્રાહ્મણે** બ્રાહ્મણમાં **ગવિ** ગાયમાં **હસ્તિનિ** હાથીમાં **શુનિ** કુતરામાં **ચ** તથા **એવ** જ **શ્વપાકે** કુતરાને રાંધી જમનારમાં–ચાંડાલમાં **ચ** અને **પંડિતાઃ** જ્ઞાનીઓ **સમદર્શિન:** સમદૃષ્ટિવાળા. ૧૮

શ૦:—વિદ્યાવાળા તથા નમ્રતાવાળા બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં તથા કુતરામાં અને કુતરાને રાંધી જમનારમાં–ચાંડાલ-માં–જ્ઞાનીઓ સમદૃષ્ટિવાળાજ [હોય છે.] ૧૮

ટી૦:—વેદોના અર્થોને યથાર્થ રીતે જાણનારા તથા અહંકારરહિત સાત્ત્વિક બ્રાહ્મણમાં, ગાયમાં તથા હાથી, કુતરાં અને ચાંડાલમાં એટલે કે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ સર્વ પ્રાણીઓમાં બ્રહ્મજ્ઞાનીઓ એક પરબ્રહ્મનેજ જુએ છે, અર્થાત્ સૂર્યનો પ્રકાશ જેમ પવિત્ર,નિષિદ્ધ અને મલિન પદાર્થોમાં પ્રતિબિંબિત થયા છતાં તે પદાર્થોના ગુણદોષનો તેને સંબંધ નથી તેમ પોતાના ચિદાભાસવડે સર્વ ઉચ્ચનીચ પ્રાણી આદિમાં પ્રતિબિંબભાવને પામેલ બ્રહ્મને પણ તેઓના ગુણદોષોનો સંબંધ નથી એમ નિરંતર વિચારતા છતા સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ રાખી તેઓ પરમાનંદના સ્ફુરણવડે જીવન્મુક્તિના સુખનો અનુભવ કરે છે. ૧૮

જીવન્મુક્તિ પામેલા મહાત્માઓ સર્વદા બ્રહ્મમાં રહ્યા છે એમ નિરૂપણ કરે છે:—

इहैव तैर्जितः सर्गो, येषां साम्ये स्थितं मनः ।

निर्दोषं हि समं ब्रह्म, तस्माद्ब्रह्मणि ते स्थिताः ॥ १९ ॥

પ૦ ત૦ પ૦:—**इह** અહિં **एव** જ **तैः** તેમણે **जितः** જિત્યો છે **सर्गः** સંસાર **येषाम्** જેઓનું **साम्ये** સમાનપણામાં **स्थितम्** રહ્યું છે **मनः** મન **निर्दोषम्** નિર્દોષ **हि** કેમકે **समम्** સમાન **ब्रह्म** બ્રહ્મ **तस्मात्** તેથી **ब्रह्मणि** બ્રહ્મમાં **ते** તેઓ **स्थिताः** રહ્યા [છે.] ૧૯

શ૦:—જેઓનું મન સમાનપણામાં રહ્યું છે તેમણે અહિંજ સંસાર જિત્યો છે, કેમકે બ્રહ્મ નિર્દોષ [તથા] સમાન [છે] તેથી તેઓ બ્રહ્મમાં રહ્યા [છે.] ૧૯

ટી૦:—પરસ્પર વિષમસ્વભાવવાળાં સર્વ ભૂતોમાં પણ એક સચ્ચિદાનંદરૂપ બ્રહ્મ સમાનપણે રહેલ છે એવા સમભાવના વિચારમાં જેમનું પવિત્ર થયેલું મન નિશ્ચલભાવને પામ્યું છે તેમણે જીવતાંજ આ દ્વૈતપ્રપંચરૂપ સંસારને જિત્યો છે, કેમકે તે પરબ્રહ્મ જન્મમરણાદિ સર્વ વિકારોથી રહિત તથા સર્વત્ર એકરસ વ્યાપી રહેલ છે તેથી તેવા સમદૃષ્ટિવાળા પુરુષ પણ તે બ્રહ્મમાંજ અભેદરૂપે રહ્યા છે. ૧૯

એવા મહાત્માઓ રાગદ્વેષથી રહિત હોય છે એમ નિરૂપણ કરે છે:-

न प्रहृष्येत्प्रियं प्राप्य, नोद्विजेत्प्राप्य चाप्रियम् ।

स्थिरबुद्धिरसंमूढो, ब्रह्मविद्ब्रह्मणि स्थितः ॥ २० ॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **प्रहृष्येत्** અતિહર્ષ પામતો **प्रियम्** સુખ કરનારી વસ્તુને **प्राप्य** પામીને **न** નથી **उद्विजेत्** ઉદ્વેગ પામતો **प्राप्य** પામીને **च** અને **अप्रियम्** દુઃખ કરનારી વસ્તુને **स्थिरबुद्धिः** સ્થિરબુદ્ધિવાળો **असंमूढः** સંમોહરહિત **ब्रह्मवित्** બ્રહ્મને જાણનારો **ब्रह्मणि** બ્રહ્મમાં **स्थितः** રહેલો [છે.] ૨૦

શ૦:—[જે] સુખ કરનારી વસ્તુને પામીને અતિહર્ષ પામતો નથી, અને દુઃખ કરનારી વસ્તુને પામીને ઉદ્વેગ પામતો નથી, [તે] સ્થિરબુદ્ધિવાળો, સંમોહરહિત, બ્રહ્મને જાણનારો [ને] બ્રહ્મમાં રહેલો [છે.] ૨૦

ટી૦:—જેમની સંશયરહિત બુદ્ધિ બ્રહ્મમાં સ્થિર થઇ છે, દેહાદિકમાં આત્મપણાની ભ્રાંતિરૂપ મોહ જેમનો નાશ પામ્યો છે, બ્રહ્મનો પોતાના આત્મરૂપે જેમણે સાક્ષાત્કાર કરેલ છે, અને સમાધિના પરિપક્વપણાથી જેઓ નિર્દોષ બ્રહ્મમાં અભેદરૂપે સ્થિત થયેલા છે એવા જીવન્મુક્ત મહાત્મા સુખ કરનારા પ્રિય પદાર્થને પામીને રાજી થતા નથી, અને દુઃખ કરનારા અપ્રિય પદાર્થને પામીને શોક કરતા નથી, પણ તે બન્નેને પોતાના પ્રારબ્ધકર્મના ફલરૂપ જાણીને સર્વદા એકરસ આનંદમાં રહે છે. ૨૦

એવા મહાત્મા અક્ષય્ય સુખને પામે છે એમ જણાવે છે:—

बाह्यस्पर्शेष्वसक्तात्मा, विंदत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा, सुखमक्षय्यमश्नुते ॥ २१ ॥

પ૦ ત૦ પ૦:—**बाह्यस्पर्शेषु** બહારના સ્પર્શોમાં-ઇંદ્રિયોના ને વિષયોના સંબંધથી ઉપજનારાં સુખોમાં **असक्तात्मा** આસક્તિવિનાના મનવાળો **विंदति** પામે છે **आत्मनि** અંતઃકરણમાં **यत्** જે **सुखम्** સુખને **सः** તે **ब्रह्मयोगयुक्तात्मा** બ્રહ્મયોગમાં જોડાયેલા ચિત્તવાળો **सुखम्** સુખને **अक्षय्यम्** નાશવિનાના—અનંત **अश्नुते** પામે છે. ૨૧

શ૦:—બહારના સ્પર્શોમાં આસક્તિવિનાના [પુરુષ પોતાના] અંતઃકરણમાં જે [સુખ છે તે] સુખને પામે છે. તે બ્રહ્મયોગમાં જોડાયેલા ચિત્તવાળા અનંત સુખને [પણ] પામે છે. ૨૧

ટી૦:—બહારના શબ્દાદિ વિષયોનાં સુખોમાં તૃષ્ણાવિનાના જે અત્યંતવિરક્ત નિષ્કામ પુરુષ છે તે પોતાના અંતઃકરણમાં વિષયોની અપેક્ષાથી રહિત જે ઉપશમ સુખ છે તેનો પોતાના શુદ્ધ ચિત્તની વૃત્તિથી અનુભવ કરે છે. એ ઉપશમસુખ આ લોકનાં ને પરલોકનાં સર્વ વિષયસુખોથી

અત્યંત શ્રેષ્ઠ છે. વળી ઉપશમના સુખરૂપઅંત જે બ્રહ્માનંદરૂપ નિત્ય પરિપૂર્ણ સુખ છે તેને પણ તે પરમાત્મામાં એકાગ્રતાયુક્ત અંતઃકરણવાળા પામે છે. ૨૧

વિષયોમાં દોષદર્શન કરવાથી તેમાં વિરાગ ઉપજે છે એમ નિરૂપણ કરે છે:—

ये हि संस्पर्शजा भोगा, दुःखयोनय एव ते ।

आद्यंतवंतः कौंतेय, न तेषु रमते बुधः ॥ २२ ॥

પ૦ ત૦ પ૦:—**ये** જે–જેટલા **हि** નક્કી **संस्पर्शजाः** વિષયોના અને ઇંદ્રિયોના સંબંધથી ઉપજનારા **भोगाः** ભોગો–સુખો **दुःखयोनयः** દુઃખનાં મૂલો **एव** જ **ते** તેઓ **आद्यंतवंतः** આવે ને જાય એવા સ્વભાવવાળા **कौंतेय** હે કુંતીના પુત્ર !–હે અર્જુન ! **न** નથી **तेषु** તેઓમાં **रमते** રમતા **बुधः** વિવેકી. ૨૨

શ૦:—નક્કી જેટલા વિષયોના અને ઇંદ્રિયોના સંબંધથી ઉપજનારા ભોગો (સુખો) [છે] તેઓ દુઃખનાં મૂલોજ [છે. તે] આવે ને જાય એવા સ્વભાવવાળા [છે.] હે અર્જુન ! વિવેકી [પુરુષ] તેઓમાં રમતા નથી. ૨૨

ટી૦:—શબ્દાદિ અનુકૂલ વિષયોની સાથે શ્રવણાદિ ઇંદ્રિયોના સંબંધથી ઉપજતા જેટલા અતિતુચ્છ સુખના અનુભવરૂપ ભોગો છે તેઓ આ લોકમાં તથા પરલોકમાં રાગદ્વેષવડે વ્યાપેલા હોવાથી વસ્તુતાએ દુઃખનાજ હેતુઓ છે. વળી એ ભોગો સંયોગવિયોગવાળા હોવાથી અસ્થિર ને મિથ્યા છે માટે તે ભોગોને પ્રતિકૂલ જાણીને વિવેકી પુરુષ તેઓમાં પ્રીતિનો અનુભવ કરતા નથી. શબ્દાદિ વિષયોમાં ને તેનાં સાધનોમાં સુખનો ગંધ પણ નથી એવો સુદૃઢ નિશ્ચય કરી મુમુક્ષુએ વિષયરૂપ મૃગજલભણી પ્રબલ વેગથી જતા પોતાની ઇંદ્રિયોરૂપ મૃગોને સાવધાનતા ને ધૈર્યથી રોકવા જોઇએ. અત્યંત અસાર ને અપકારક વિષયોના સેવનવડે પરમપ્રસન્નતા અનુભવનાર મનુષ્ય શાસ્ત્રદૃષ્ટિએ ને વિવેકીની દૃષ્ટિએ પશુસમાન છે, મુમુક્ષુ નથી, એ વાતનું મુમુક્ષુએ કદીપણ વિસ્મરણ કરવું જોઇતું નથી.

જે ફલ ઉપરથી બહુ શોભિતું દેખાતું હોય, ને સ્વાદમાં પણ બહુ સારું જણાતું હોય, છતાં તેના ભક્ષણથી જો મનુષ્યનું મૃત્યુ થવાનો સંભવ હોય તો એવા અત્યંત અપકારક ફલનું ભક્ષણ મહામૂર્ખ મનુષ્યવિના બીજો કોણ કરે ? કોઇ પણ ન કરે. વિષયો પણ એવા ફલજેવા છે.

શબ્દાદિ વિષયો અવિવેકી મનુષ્યની દૃષ્ટિએ જોકે સારા જણાય છે, ને તેમને પડેલા અનાદિકાલના દુષ્ટ સ્વભાવવડે તે વિષયોના સેવનથી તેમને કથનમાત્ર સુખાનુભવ પણ થાય છે, પરંતુ તે વિષયો મનુષ્યના નિર્દોષ ને નિરવધિ સ્વાભાવિક સુખને હરી તેની આધ્યાત્મિક ઉન્નતિનો નાશ કરનારા છે તો તેના આદરપૂર્વક સેવનમાં કયો વિવેકી પુરુષ પ્રવૃત્તિ કરે? વિષયો ખાખરાના વા શીમળાના પુષ્પજેવા માત્ર ઉપરથીજ શોભિતા દેખાય છે, પણ તેમાં ઉપકારકતારૂપ લેશ પણ સુગંધ નથી. વળી રૂપાદિ સર્વ બાહ્યવિષયો ઇંદ્રવારુણીના (ઇંદ્રવારણાના) ફલજેવા ઉપરથી નેત્રનું આકર્ષણ કરનારા ને મનોહર જણાય છે, પણ અંતરથી નિરીક્ષણ કરતાં સુગ ચઢાવે એવા ને મનને ગ્લાનિ ઉપજાવનારા છે. જેમ કાંકચના ઝાડમાં થડથી માંડીને ફલસુધી સર્વત્ર કાંટા ને કડવાશજ છે તેમ બહારના વિષયોમાં સૂક્ષ્મદૃષ્ટિએ જોતાં દુઃખ ને અસારતાજ છે. બહારના વિષયોમાં સુખ, શાંતિ ને તૃપ્તિ રહ્યાં નથી, પણ આત્મામાંજ સુખ, શાંતિ ને તૃપ્તિ રહ્યાં છે એ વિવેકીએ સર્વદા સ્મરણમાં રાખવું જોઇએ. પ્રતીત થતા સર્વ વિષયો મિથ્યા, તુચ્છ ને દુઃખદ છે એવા સુવિચારને મનમાં નિરંતર જાગ્રત રાખી વિવેકી મનુષ્યે પોતાની ઇંદ્રિયોની તેમના ભણીની સ્વાભાવિકી પ્રવૃત્તિને સર્વદા સદાગ્રહપૂર્વક રોક્યા કરવી જોઇએ. આ સર્વ પોતાના પ્રયત્નથી ને પોતાના શ્રીસદ્‌ગુરુની કરુણાથી થાય છે. જેમ તમાકુ, ગાંજો, ભાંગ, અફીણ ને મદ્યાદિનું અનુકૂલબુદ્ધિથી સેવન કરનારા વ્યસનીઓને તે અપકારક પદાર્થો પણ ભ્રાંતિથી સુખદાતા પ્રતીત થાય છે તેમ અનાદિકાલથી અનુકૂલબુદ્ધિપૂર્વક સેવન કરેલા શબ્દાદિ વિષયો વસ્તુતાએ મનુષ્યને અપકારક છતાં પણ અવિવેકી મનુષ્યોને સુખદાતા જણાય છે. મનુષ્યના મનમાં વિવેકનો ઉદય થયા છતાં પણ એ પ્રબલ આકર્ષણવાળા વિષયો તેની ઇંદ્રિયોને તથા તેના મનને પોતાના ભણી ખેંચીને લઇ જવાનો સ્વભાવ છોડતા નથી માટે વિવેકી મનુષ્યે પણ એ ભયંકર વિષયોનો પ્રમાદને વશ થઇને કદીપણ વિશ્વાસ કરવો ઉચિત નથી. ૨૨

મોક્ષસાધકે એ કામાદિના વેગને જીવતાંજ સહન કરવા જોઇએ એમ જણાવે છે:—

शक्नोतीहैव यः सोढुं, प्राक्शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं, स युक्तः स सुखी नरः ॥ २३ ॥

૫૦ ત૦ ૫૦:—**શક્નોતિ** શક્તિમાન્ છે **ઇહ** અહિં **એવ** જ **યઃ** જે **સોઢુમ્** સહન કરવાને **પ્રાક્** પહેલાં **શરીરવિમોક્ષણાત્** શરીરના નાશથી **કામક્રોધોદ્ભવમ્** કામક્રોધથી ઉપજેલા **વેગમ્** વેગને **સઃ** તે **યુક્તઃ** યોગી **સઃ** તે **સુખી** સુખી **નરઃ** પુરુષ. ૨૩

શ૦:—જે શરીરના નાશથી પહેલાં અહિંજ કામક્રોધથી ઉપજેલા વેગને સહન કરવાને શક્તિમાન્ છે તે યોગી, તે સુખી [ને તેજ] પુરુષ [છે.] ૨૩

ટી૦:—જેમ પ્રાણરહિત માણસના શબને સુંદર સ્ત્રીઓના આલિંગનથી કામ કે તેને બાળવાથી ક્રોધ ઉપજતો નથી તેમ જે મહાત્મા પુરુષ શરીરનો નાશ થયા પહેલાં જીવિત અવસ્થામાંજ કામના (સ્ત્રીની તથા દ્રવ્યની તૃષ્ણાના) તથા ક્રોધના અત્યંત બલવાન્ વેગને વિષયોમાં વારંવાર દોષદર્શન કરવાથી ઉપજેલા વશીકારવૈરાગ્યવડે સહન કરવાને સમર્થ થાય છે તેજ પુરુષ યોગી છે, તેજ પુરુષ સુખી છે, અને તેજ પુરુષ પરમપુરુષાર્થ સંપાદન કરનાર હોવાથી પુરુષરૂપ છે, બીજા બહિર્મુખ અંતઃકરણવાળા વિષયાસક્ત પુરુષો તો માણસના આકારવાળા છતાં પણ પશુના જેવાજ છે. ૨૩

અંતરાત્મામાં આનંદ અનુભવનારા એવા યોગી બ્રહ્મને પ્રાપ્ત થાય છે એમ કહે છેઃ—

योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्म निर्वाणं, ब्रह्मभूतोऽधिगच्छति ॥ २४ ॥

૫૦ ત૦ ૫૦:—**યઃ** જે **અંતઃસુખઃ** અંતરાત્મામાં સુખવાળા **અંતરારામઃ** અંતરાત્મામાં[જ] આરામવાળા **તથા** તથા **અંતર્જ્યોતિઃ** અંતરાત્મામાં[જ] પ્રકાશવાળા-વૃત્તિવાળા **એવ** જ **યઃ** જે **સઃ** તે **યોગી** યોગી **બ્રહ્મ** બ્રહ્મને **નિર્વાણમ્** નિર્વાણરૂપ **બ્રહ્મભૂતઃ** બ્રહ્મરૂપ થયેલા [હોય] **અધિગચ્છતિ** પામે છે. ૨૪

શ૦:—જે અંતરાત્મામાંજ સુખવાળા [છે,] તથા [જે] અંતરાત્મામાં[જ] આરામવાળા [છે, તથા] જે અંતરાત્મામાં[જ] પ્રકાશવાળા [છે,] તે યોગી બ્રહ્મરૂપ થયેલા [હોય] નિર્વાણરૂપ બ્રહ્મને પામે છે. ૨૪

ટી૦:—જે પુરુષ બહારના વિષયજન્ય સુખથી રહિત અંતરમાં સ્વરૂપજ્ઞાનથીજ ઉપજતા સુખવાળા છે, તથા જે પુરુષનું સ્ત્રીધનાદિ વિષયોમાં રમણ નથી, પણ અંતરાત્મામાંજ રમણ છે, અને જે પુરુષ શ્રવણાદિક ઇંદ્રિયના શબ્દાદિ વિષયોના જ્ઞાનથી રહિત અંતરાત્મામાંજ વૃત્તિરૂપ વિજ્ઞાનવાળા છે તે મનસહિત ઇન્દ્રિયોના નિગ્રહવાળા યોગી બ્રહ્મરૂપ થયેલા હોઈ બ્રહ્મના સાક્ષાત્કારવડે કલ્પિત દૃશ્યપ્રપંચની નિવૃત્તિરૂપ બ્રહ્મને પ્રાપ્ત થાય છે. ૨૪

બ્રહ્મજ્ઞાનનાં બીજાં સાધનોનું નિરૂપણ કરે છે:—

लभंते ब्रह्म निर्वाणमृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः, सर्वभूतहिते रताः ॥ २५ ॥

પ૦ ત૦ પ૦:—**लभंते** પામે છે **ब्रह्म** બ્રહ્મને **निर्वाणम्** દુઃખની નિવૃત્તિરૂપ—આનંદરૂપ **ऋषयः** ઋષિઓ **क्षीणकल्मषाः** પાપપુણ્યરૂપ કર્મો જેમનાં નાશ પામ્યાં છે એવા **छिन्नद्वैधाः** સંશય જેમના છેદાઈ ગયા છે એવા **यतात्मानः** ચિત્તને અધીન રાખનારા **सर्वभूतहिते** પ્રાણિમાત્રના ભલામાં **रताः** પ્રીતિવાળા. ૨૫

શ૦:—પાપપુણ્યરૂપ કર્મો જેમનાં નાશ પામ્યાં છે, સંશય જેમના છેદાઈ ગયા છે, જેમનું ચિત્ત પોતાને અધીન છે, [અને જે] પ્રાણિમાત્રના ભલામાં પ્રીતિવાળા [છે તે] ઋષિઓ (સૂક્ષ્મદર્શીઓ) આનંદરૂપ બ્રહ્મને પામે છે. ૨૫

ટી૦:—નિષ્કામકર્મો કરવાથી જેમનાં પાપપુણ્યકર્મો નાશ પામ્યાં છે, [પુણ્ય પણ જીવને પુનઃ સંસારમાં ભ્રમણ કરાવનાર હોવાથી પરમાર્થદૃષ્ટિએ પાપરૂપજ—બંધનરૂપજ—છે,] તથા જેમના શાસ્ત્રસંબંધી અને બ્રહ્મસંબંધી સર્વે સંશયો કપાઇ ગયા છે, અને પૂર્ણનિદિધ્યાસનવડે જે પરમાત્મામાં એકાગ્રચિત્તવાળા છે, તેમજ દ્વૈતદર્શનના અભાવને લીધે જેઓ મન, વાણી અને શરીરથી સર્વ પ્રાણીઓના દ્રોહથી રહિત છે એવા સૂક્ષ્મવસ્તુનો વિવેક કરવામાં સમર્થ મહાત્મા દુઃખથી અત્યંતરહિત પરમાનંદસ્વરૂપ બ્રહ્મને અભેદભાવે પામે છે. ૨૫

कामक्रोधवियुक्तानां, यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्म निर्वाणं, वर्तते विदितात्मनाम् ॥ २६ ॥

પ૦ ત૦ પ૦:—**कामक्रोधवियुक्तानाम्** કામક્રોધથી રહિત

यतीनाम् સંન્યાસીઓને **यतचेतसाम्** ચિત્તને વશ રાખનારા **अभितः** સર્વ સ્થિતિમાં **ब्रह्म** બ્રહ્મ **निर्वाणम्** નિર્વાણરૂપ **वर्तते** વર્તે છે-પ્રાપ્ત છે **विदितात्मनाम्** આત્માને જાણનારા. ૨૬

શ૦:—કામક્રોધથી રહિત, ચિત્તને વશ રાખનારા [તથા] આત્માને જાણનારા સંન્યાસીઓને સર્વ સ્થિતિમાં નિર્વાણરૂપ બ્રહ્મ પ્રાપ્ત છે. ૨૬

ટી૦:—કામક્રોધાદિ મનોવિકારોથી રહિત, અંતઃકરણને વશ વર્તાવનારા તથા બ્રહ્મને અનુભવનારા યોગીઓને સર્વ સ્થિતિમાં એટલે શરીર છતાં તથા તેનો ત્યાગ કર્યા પછી પણ સર્વ સમયમાં નિર્વાણરૂપ એટલે પ્રપંચના સંબંધના અભાવવડે પરમાનંદરૂપ બ્રહ્મ અભેદભાવે પ્રાપ્ત છે. ૨૬

હવે આત્મસાક્ષાત્કારના અંતરંગસાધનરૂપ યોગનું નીચેના બે શ્લોકોથી સંક્ષેપમાં વર્ણન કરે છે:—

स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवांतरे भ्रुवोः ।
प्राणापानौ समौ कृत्वा, नासाभ्यंतरचारिणौ ॥ २७ ॥
यतेंद्रियमनोबुद्धिर्, मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधो, यः सदा मुक्त एव सः ॥ २८ ॥

૫૦ ત૦ ૫૦:—स्पर्शान् સ્પર્શોને-વિષયોને **कृत्वा** કરીને **बहिः** બહાર-દૂર **बाह्यान्** બહારના **चक्षुः** આંખોને **च** તથા **एव** જ **अंतरे** મધ્યમાં **भ्रुवोः** બે ભ્રમરની **प्राणापानौ** પ્રાણને તથા અપાનને **समौ** સરખા **कृत्वा** કરીને **नासाभ्यंतरचारिणौ** નાકની અંતર ચાલનારા **यतेंद्रियमनोबुद्धिः** જેમણે ઇંદ્રિય, મન તથા બુદ્ધિને જિત્યાં છે એવા **मुनिः** મુનિ **मोक्षपरायणः** મોક્ષ એજ જેમને પામવાની વસ્તુ છે એવા **विगतेच्छाभयक्रोधः** ઇચ્છા, ભય તથા ક્રોધ જેમનાં જતાં રહ્યાં છે એવા **यः** જે **सदा** સદા **मुक्तः** મુક્ત **एव** જ **सः** તે. ૨૭-૨૮

શ૦:—બહારના વિષયોને દૂર કરીને, તથા [પોતાની] આંખોને બે ભ્રમરની મધ્યમાંજ [સ્થિર કરીને, અને] પ્રાણને તથા અપાનને સરખા [તથા] નાકની અન્તર ચાલનારા કરીને જેમણે ઇંદ્રિય, મન તથા બુદ્ધિને જિત્યાં છે, ઇચ્છા, ભય તથા ક્રોધ જેમનાં જતાં રહ્યાં છે, [તથા] મોક્ષ એજ જેમને પામવાની વસ્તુ છે એવા જે મુનિ તે સદા મુક્તજ [છે.] ૨૭-૨૮

ટી૦:—સ્વભાવવડે ચિત્તથી બહારના પ્રદેશમાં રહેનારા જે શબ્દાદિક વિષયો છે તે વિષયો રાગવડે શ્રવણાદિ ઇંદ્રિયદ્વારા તે તે આકારને પામેલી અંતઃકરણની વૃત્તિથી ચિત્તમાં પ્રવેશ કરે છે. એવા અંતરમાં આવેલા બહારના શબ્દાદિક વિષયોને વૈરાગ્યવડે અંતઃકરણમાંથી બહાર કાઢીને, તથા પોતાની બંને આંખોની દૃષ્ટિને ભ્રુકુટિના મધ્યમાં નિમેષોન્મેષરહિત સ્થિર સ્થાપન કરીને, તથા પ્રાણની ઉપર જવાની ગતિને અને અપાનની નીચે જવાની ગતિને રોકી કુંભક કરીને એટલે નાસિકાની અંતરજ હૃદયાદિ સ્થાનોમાં તેને સ્થિર કરીને જેમણે દશ ઇંદ્રિયો, મન તથા બુદ્ધિને જિત્યાં છે, તૃષ્ણા, ભય તથા ક્રોધ જેમનાં નાશ પામ્યાં છે, તથા જે સર્વ વિષયોથી વિરક્ત ને મોક્ષપરાયણ છે એવા જે મનનશીલ મહાત્મા છે તે અન્યને શરીરવાળા જણાતા છતાં પણ વસ્તુતાએ મુક્તજ છે. ૨૭-૨૮

એવા યોગી કઈ વસ્તુને જાણીને મુક્તિ પામે છે તે કહે છેઃ—

भोक्तारं यज्ञतपसां, सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां, ज्ञात्वा मां शांतिमृच्छति ॥ २९ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे संन्यासयोगो नाम पंचमोऽध्यायः ॥५॥

પદચ્છેદ તથા પદાર્થ:—**भोक्तारम्** ભોગવનાર **यज्ञतपसाम्** યજ્ઞનો અને તપનો **सर्वलोकमहेश्वरम्** સર્વ લોકનો મોટો ઈશ્વર **सुहृदम्** મિત્રરૂપ એવો **सर्वभूतानाम्** પ્રાણિમાત્રના **ज्ञात्वा** જાણીને **माम्** મને **शांतिम्** શાંતિને **ऋच्छति** પામે છે. ૨૯

શબ્દાર્થ:—યજ્ઞનો અને તપનો ભોગવનાર, સર્વ લોકનો મોટો ઈશ્વર [તથા] પ્રાણિમાત્રના મિત્રરૂપ એવો મને જાણીને [યોગી] શાંતિને પામે છે. ૨૯

ટીકા:—જ્યોતિષ્ટોમાદિક યજ્ઞનો તથા કૃચ્છ્રચાંદ્રાયણાદિક તપનો યજમાનાદિ કર્તારૂપવડે તથા ઇંદ્રાદિ દેવતારૂપવડે હુંજ ભોક્તા તથા પાલન કરનાર છું, અને હિરણ્યગર્ભાદિ ઈશ્વરોનો પણ હું નિયામક હોવાથી સર્વ લોકોનો પરમેશ્વર છું, તથા સામા ઉપકારની ઇચ્છાવિના સર્વ પ્રાણીઓપર ઉપકાર કરનારો છું એવા મને પોતાના આત્મરૂપે જાણીને તે યોગિપુરુષ મોક્ષરૂપ નિત્યશાંતિને પામે છે. ૨૯

इति श्रीमज्जयरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्यदीपिकाख्यायां पंचमोऽध्यायः ॥ ५ ॥

॥ ॐ ॥

અધ્યાય ૬ ઠ્ઠો.

આત્મસંયમયોગ.

પાંચમા અધ્યાયના છેલ્લા ત્રણ શ્લોકોવડે યોગનું સંક્ષેપમાં વર્ણન કર્યું છે તેનો વિસ્તાર આ અધ્યાયમાં કહેવો છે માટે નીચેના બે શ્લોકોથી નિષ્કામકર્મની સ્તુતિ કરે છેઃ—

श्रीभगवानुवाच ॥

अनाश्रितः कर्मफलं, कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च, न निरग्निर्न चाक्रियः ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થઃ—श्रीभगवान् શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **अनाश्रितः** આશ્રયે નહિ રહેલો-ઇચ્છા રાખ્યા વિના **कर्मफलम्** કર્મફલની **कार्यम्** અવશ્ય કરવાયોગ્ય **कर्म** કર્મ **करोति** કરે છે **यः** જે **सः** તે **संन्यासी** સંન્યાસી **च** ને **योगी** યોગી **च** અને **न** નહિ **निरग्निः** અગ્નિરહિત થયેલો **न** નહિ **च** તથા **अक्रियः** ક્રિયારહિત થયેલો. ૧

શબ્દાર્થઃ—શ્રીભગવાન્ બોલ્યાઃ—જે કર્મફલની ઇચ્છા રાખ્યા વિના [અવશ્ય] કરવાયોગ્ય કર્મ કરે છે તે સંન્યાસી ને યોગી [છે,] અને [માત્ર] અગ્નિરહિત થયેલો [તે સંન્યાસી] નહિ, તથા ક્રિયારહિત થયેલો [તે યોગી] નહિ. ૧

ટીકાઃ—જે અધિકારી પુરુષ સંધ્યાવંદન તથા અગ્નિહોત્રાદિક નિત્ય-નૈમિત્તિક કર્મો તેમનાં સ્વર્ગાદિ ફલોની ઇચ્છા રાખ્યા વિના, શાસ્ત્રે આ કર્મો દ્વિજે અવશ્ય કરવાં જોઇએ એમ કહી પ્રતિપાદન કરેલાં છે માટે, તે કર્મોને શ્રદ્ધાભક્તિપૂર્વક કરે છે તે પુરુષ કર્મ કરનારો છતાં પણ સંન્યાસી-જ છે, તથા યોગીજ છે, માત્ર શ્રૌત તથા સ્માર્ત અગ્નિથી રહિત થયેલો તે સંન્યાસી કહેવાય નહિ, અને માત્ર શરીરને અને કર્મેંદ્રિયાદિને બલાત્કારે ક્રિયારહિત સ્તબ્ધ રાખવાથી તે યોગી કહેવાય નહિ. ૧

અસંન્યાસ તથા અયોગમાં ક્રમથી સંન્યાસ તથા યોગ-શબ્દની પ્રવૃત્તિના નિમિત્તરૂપ જે સમાન ગુણ છે તે કહે છેઃ—

यं संन्यासमिति प्राहुर्, योगं तं विद्धि पांडव ।
न ह्यसंन्यस्तसंकल्पो, योगी भवति कश्चन ॥ २ ॥

પ૦ ત૦ પ૦:—**यम्** જેને **संन्यासम्** સંન્યાસ **इति** એમ **प्राहुः** કહે છે **योगम्** યોગ **तम्** તેને **विद्धि** જાણો **पांडव** હે પાંડવ !—હે અર્જુન ! **न** નથી **हि** કેમકે **असंन्यस्तसंकल्पः** જેણે સંકલ્પનો યથાર્થ-રીતે ત્યાગ કર્યો નથી એવો **योगी** યોગી **भवति** થઈ શકતો **कश्चन** કોઇ પણ. ૨

શ૦:—હે પાંડવ ! જેને સંન્યાસ એમ કહે છે તેને [તમે] યોગ જાણો, કેમકે જેણે સંકલ્પનો યથાર્થરીતે ત્યાગ કર્યો નથી એવો કોઈ પણ [મનુષ્ય] યોગી થઈ શકતો નથી. ૨

ટી૦:—અનેક શ્રુતિઓ ફલસહિત સર્વ કર્મોના ત્યાગને સંન્યાસ કહે છે. એ સંન્યાસનેજ તું યોગ (કર્મના ફલની ઇચ્છા તથા કર્મના કર્તાપણાનું અભિમાન ત્યજીને શાસ્ત્રવિહિત શુભકર્મોનું અનુષ્ઠાન) જાણ, કેમકે કર્મના ફલના સંકલ્પના ત્યાગરહિત કોઇ પણ પુરુષ યોગી થઇ શકતો નથી. જે કર્મના ફલની તૃષ્ણાનો ત્યાગ કરે તેજ પુરુષ યોગી થઇ શકે છે માટે કર્મના ફલના ત્યાગરૂપ સમાન ધર્મથી તથા તૃષ્ણારૂપ ચિત્તવૃત્તિના નિરોધની સમાનતાથી ગૌણવૃત્તિવડે તે નિષ્કામકર્મ કરનારો પુરુષજ સંન્યાસી તથા યોગી કહેવાય છે. ૨

હવે કર્મયોગના તથા સંન્યાસયોગના અધિકારીનું વર્ણન કરે છે:—

आरुरुक्षोर्मुनेर्योगं, कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव, शमः कारणमुच्यते ॥ ३ ॥

પ૦ ત૦ પ૦:—**आरुरुक्षोः** પામવાને ઇચ્છનાર **मुनेः** મુનિને **योगम्** યોગ **कर्म** કર્મ **कारणम्** સાધન **उच्यते** કહેવાય છે **योगारूढस्य** યોગમાં આરૂઢ થયેલા **तस्य** તેને **एव** જ **शमः** શાંતિ-વિક્ષેપ કરનારાં કર્મોનો ત્યાગ **कारणम्** સાધન **उच्यते** કહેવાય છે. ૩

શ૦:—યોગ પામવાને ઈચ્છનાર મુનિને કર્મ [એ] સાધન કહેવાય છે, [અને] યોગમાં આરૂઢ થયેલા તેને શાંતિજ (વિક્ષેપ કરનારાં કર્મોનો ત્યાગજ) સાધન કહેવાય છે. ૩

ટી૦:—અંતઃકરણની શુદ્ધિપૂર્વક સર્વ વિષયસુખોથી તીવ્રવૈરાગ્યરૂપ યોગ-ને પામવા ઇચ્છનારા મનનશીલ પુરુષને તેની પ્રાપ્તિમાટે વેદવિહિત નિષ્કામ નિત્યનૈમિત્તિકકર્મોજ સાધનરૂપે શ્રીવેદભગવાને પ્રતિપાદન કર્યાં છે, અને નિષ્કામકર્મોવડે જેણે પોતાના ચિત્તની શુદ્ધિ કરી છે એવા યોગારૂઢ પુરુષને જ્ઞાનનિષ્ઠાની પ્રાપ્તિમાટે સર્વ કર્મોના ત્યાગરૂપ શાંતિજ સાધનરૂપે પ્રતિપાદન કરી છે. ૩

હવે પુરુષ યોગારૂઢ ક્યારે કહેવાય તે જણાવે છે:—

यदा हि नेंद्रियार्थेषु, न कर्मस्वनुषज्जते ।
सर्वसंकल्पसंन्यासी, योगारूढस्तदोच्यते ॥ ४ ॥

૫૦ ત૦ ૫૦:—**यदा** જ્યારે **हि** નિશ્ચય **न** નથી **इंद्रियार्थेषु** ઇંદ્રિયોના વિષયોમાં **न** [આસક્ત થતો] નથી **कर्मसु** કર્મોમાં **अनुषज्जते** આસક્ત થતો **सर्वसंकल्पसंन्यासी** સર્વ સંકલ્પનો સારી રીતે ત્યાગ કરનારો [થાય છે] **योगारूढः** યોગારૂઢ **तदा** ત્યારે **उच्यते** કહેવાય છે. ૪

શ૦:—જ્યારે નિશ્ચય ઇંદ્રિયોના વિષયોમાં આસક્ત થતો નથી, [તથા] કર્મોમાં [આસક્ત થતો] નથી, [અને] સર્વ સંકલ્પનો સારી રીતે ત્યાગ કરનારો [થાય છે] ત્યારે [તે પુરુષ] યોગારૂઢ કહેવાય છે. ૪

ટી૦:—જ્યારે-ચિત્તના નિરોધસમયમાં-શ્રવણાદિ ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયોમાં રાગવડે આસક્ત થતો નથી, તથા નિત્ય, નૈમિત્તિક, કામ્ય, લૌકિક ને નિષિદ્ધ કર્મોમાં આસક્ત થતો નથી, અર્થાત્ તે બંનેમાં મિથ્યા-પણાની બુદ્ધિને લીધે તેમને પોતાના પ્રયોજનના હેતુરૂપ સમજતો નથી, અને નાનાપ્રકારની તૃષ્ણાઓ તથા તે તૃષ્ણાના સાધનરૂપ જે કર્મો તે સર્વનો જેણે સારી રીતે ત્યાગ કરેલો છે એવો સમાધિરૂપ યોગને પામેલો પુરુષ યોગારૂઢ કહેવાય છે. ૪

વિવેકવાળું મનજ આત્માના મિત્રનું તથા અવિવેકવાળું મનજ આત્માના શત્રુનું કામ કરે છે એમ નિરૂપણ કરે છે:—

उद्धरेदात्मनाऽऽत्मानं, नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः ॥ ५ ॥

પ૦ ત૦ પ૦:—**उद्धरेत्** ઉદ્ધાર કરે **आत्मना** આત્માવડે-વિવેકવાળા મનવડે **आत्मानम्** આત્માનો **न** ન **आत्मानम्** આત્માનો **अवसादयेत्** નાશ કરે **आत्मा** આત્મા **एव** જ **हि** કેમકે **आत्मनः** આત્માનો **बंधुः** બંધુ–ભલું ઇચ્છનાર–[છે] **आत्मा** આત્મા **एव** જ **रिपुः** શત્રુ **आत्मनः** આત્માનો. ૫

શ૦:—આત્માવડે (વિવેકવાળા મનવડે) આત્માનો [સંસારરૂપ સમુદ્રમાંથી] ઉદ્ધાર કરે, [મનને વિષયોમાં બહિર્મુખ કરી] આત્માનો નાશ ન કરે, (સંસારસમુદ્રમાં ન ડુબાવે,) કેમકે આત્માજ (વિવેકવાળું વિષયાસક્તિરહિત મનજ) આત્માનો બંધુ [છે, અને] આત્માજ (વિવેકવિનાનું વિષયાસક્ત મનજ) આત્માનો શત્રુ [છે.] ૫

ટી૦:—અધિકારી પુરુષ વિષયાસક્તિનો પરિત્યાગ કરી વિવેકયુક્ત નિર્મલ મનથી પોતાના જીવાત્માનો આ ભયંકર સંસારસમુદ્રમાંથી ઉદ્ધાર કરે, અર્થાત્ યોગમાં આરૂઢ થઇ પોતાના જીવાત્માને આ સંસારસમુદ્રમાંથી બહાર કાઢે, પણ અનિત્ય ને દુઃખદ વિષયોમાં આસક્તિ કરીને પોતાના જીવાત્માને આ સંસારસાગરમાં ન ડુબાવે, કેમકે આ આત્માજ (વિવેકવાળું મનજ) આત્માનો હિતકારી બંધુ–સંસારના બંધનથી મુક્ત કરનાર–છે, બીજાઓ જેને પ્રાકૃત લોકો બંધુ સમજે છે તે તો ઊલટા મનુષ્યના બંધનના હેતુરૂપ હોવાથી તેમાં બંધુપણું સંભવતું નથી, અને જેમ રેશમનો કીડો પોતેજ પોતાના બંધનરૂપ અહિતને કરે છે તેમ વિષયરૂપ બંધનોમાં પ્રવેશ કરીને આ આત્મા (વિવેકરહિત મન) પોતેજ પોતાનો શત્રુ થાય છે, અન્ય કોઈ તેનો શત્રુ નથી. ૫

કેવો આત્મા આત્માનો બંધુ છે, તથા કેવો આત્મા આત્માનો શત્રુ છે તે સ્પષ્ટ કરીને કહે છે:—

बंधुरात्माऽऽत्मनस्तस्य, येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे, वर्तेतात्मैव शत्रुवत् ॥ ६ ॥

પ૦ ત૦ પ૦:—**बंधुः** બંધુ [છે] **आत्मा** આત્મા **आत्मनः** આત્માનો **तस्य** તેનો **येन** જેણે **आत्मा** આત્માને **एव** જ **आत्मना** આત્માવડે **जितः** જિત્યો છે **अनात्मनः** અનાત્માનો–વિવેકરહિત મન-

વાળાનો **તુ** અને **શત્રુત્વે** શત્રુપણામાં **વર્તેત** વર્તે છે **આત્મા** આત્મા **एव** જ **शत्रुवत्** શત્રુની પેઠે. ૬

શ૦:—જેણે આત્માવડે (વિવેકયુક્ત મનવડે) આત્માને (ઇંદ્રિયસમૂહને) જિત્યો છે તેનો આત્માજ (વિવેકવાળું મનજ) આત્માનો બંધુ [છે,] અને અનાત્માનો (વિવેકરહિત મન-વાળાનો) આત્માજ (વિવેકરહિત મનજ) શત્રુની પેઠે શત્રુ-પણામાં વર્તે છે. ૬

ટી૦:—જે વિવેકી પુરુષે શસ્ત્રાદિકથી નહિ, પણ પોતાના વિવેક-યુક્ત શુદ્ધ મનવડે શરીર તથા ઇન્દ્રિયોને પોતાને વશ કર્યા છે તેવા પુરુષને પોતાનું વિવેકવાળું મન પોતાના જીવાત્માનો બંધુ છે, કેમકે આ જીવાત્મા-ની ચક્ષુ આદિ ઇંદ્રિયોદ્વારા જે રૂપાદિક વિષયોમાં પ્રવૃત્તિ છે તે પ્રવૃત્તિજ આ જીવાત્માને બહુ પ્રકારના અનર્થનો હેતુ છે. તે પ્રવૃત્તિ તે શરીરાદિને વશ કરવાથી નિવૃત્ત થઇ જાય છે, અને જેણે વિવેકવાળા મનથી તે શરીરેન્દ્રિયોને પોતાને વશ નથી કર્યા તે જીવાત્મા ઇચ્છાપૂર્વક શબ્દાદિક વિષયોમાં પ્રવૃત્તિ કરે છે, ને તે પ્રવૃત્તિથી તે જીવાત્મા પોતેજ પોતાનો શત્રુ થાય છે. ૬

યોગમાં શી રીતે આરૂઢ થવાય છે તે જણાવે છે:—

जितात्मनः प्रशांतस्य, परमात्मा समाहितः ।

शीतोष्णसुखदुःखेषु, तथा मानापमानयोः ॥ ७ ॥

પ૦ ત૦ પ૦:—**जितात्मनः** જિતેંદ્રિયને **प्रशांतस्य** અત્યંત શાંતને **परमात्मा** પરમાત્મા **समाहितः** સમાધિનો વિષય [થાય છે] **शीतोष्णसुखदुःखेषु** ટાઢતડકામાં અને સુખદુઃખમાં **तथा** તથા **मानापमानयोः** માના-પમાનમાં [પણ.] ૭

શ૦:—ટાઢતડકામાં અને સુખદુઃખમાં તથા માનાપમાન-માં [પણ] જિતેંદ્રિયને [તથા] અત્યંત શાંતને પરમાત્મા સમાધિનો વિષય [થાય છે.] ૭

ટી૦:—ચિત્તને વિક્ષેપ કરનાર ટાઢતડકો તથા સુખદુઃખ ઇત્યાદિ દ્વંદ્વની પ્રાપ્તિ થયા છતાં, ને પૂજા તથા માન અને પરાભવ તથા અપમાનની પ્રાપ્તિ થયા છતાં પણ, શ્રવણાદિક સર્વે ઇન્દ્રિયો જેણે પોતાને આધીન કરી છે, તથા જે સર્વત્ર સમબુદ્ધિવડે વિકારોથી રહિત અતિશાંત છે એ પુરુ-

જેનું મન પરમાત્મામાં સુસ્થિર થાય છે તેથી તે પુરુષ યોગારૂઢ કહેવાય છે. ૭

ज्ञानविज्ञानतृप्तात्मा, कूटस्थो विजितेंद्रियः ।
युक्त इत्युच्यते योगी, समलोष्टाश्मकांचनः ॥ ८ ॥

પ૦ ત૦ પ૦:—**ज्ञानविज्ञानतृप्तात्मा** જ્ઞાન અને વિજ્ઞાનથી તૃપ્ત થયેલા આત્મા–અન્તઃકરણ–વાળો **कूटस्थः** વિકારરહિત **विजितेंद्रियः** અત્યંત જિતેંદ્રિય **युक्तः** યોગારૂઢ **इति** એમ **उच्यते** કહેવાય છે **योगी** યોગી **समलोष्टाश्मकांचनः** જેને માટીનું ઢેફું પથ્થર અને સોનું એ સર્વ સમાન છે એવો. ૮

શ૦:—જ્ઞાન અને વિજ્ઞાનથી તૃપ્ત થયેલા આત્મા(અન્તઃ-કરણ)વાળો, વિકારરહિત, અત્યંત જિતેંદ્રિય [અને] જેને માટીનું ઢેફું, પથ્થર અને સોનું એ સર્વ સમાન છે એવો યોગી યોગારૂઢ એમ કહેવાય છે. ૮

ટી૦:—જ્ઞાન–**શ્રીસદ્‌ગુરુના** બોધથી ઉપજેલી અને શાસ્ત્રમાં કહેલી પરોક્ષ વસ્તુને વિષય કરનારી બુદ્ધિ–વેદાદિ શાસ્ત્રોને અર્થસહિત જાણવાં તે. વિજ્ઞાન–શાસ્ત્રમાં કહેલા પદાર્થોનું પોતાના અનુભવવડે અપરોક્ષપણું. શાસ્ત્રના જ્ઞાનવડે ને બ્રહ્મના અપરોક્ષાનુભવવડે જેનું ચિત્ત પરમ સંતોષને પામ્યું છે, તથા વિષયો સમીપમાં આવ્યા છતાં, અને પોતાની ઇંદ્રિયો તે વિષયોને ભોગવવામાં સમર્થ છતાં પણ જે ચલાયમાન થતો નથી, પરંતુ કૂટની (એરણની) પેઠે નિર્વિકારરૂપે સ્થિર રહે છે, અને શ્રવણાદિક ઇન્દ્રિયો-નો જે પોતપોતાના વિષયોમાં રાગદ્વેષ છે તેને દૂર કરી જેણે તે ઇંદ્રિયોને સારી રીતે વશ કરેલી છે, તથા ગ્રહણ ને ત્યાગથી રહિત હોવાથી જેને માટીનું ઢેફું, પાષાણ તથા સોનું સમાન છે એવો વૈરાગ્યવાન્ યોગી યોગા-રૂઢ કહેવાય છે. ૮

હવે શત્રુમિત્રાદિમાં સમબુદ્ધિવાળા યોગીનું શ્રેષ્ઠપણું કહે છે:—

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबंधुषु ।
साधुष्वपि च पापेषु, समबुद्धिर्विशिष्यते ॥ ९ ॥

પ૦ ત૦ પ૦:—**सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबंधुषु** અકારણ ઉપકાર કરનાર, સ્નેહી, શત્રુ, સંબંધવિનાના, પક્ષપાતવિના હિતાહિત સમજાવ-

નાર દ્વેષપાત્ર ને સંબંધી એમને વિષે **સાધુષુ** સાધુઓમાં **અપિ** પણ **ચ** અને **પાપેષુ** પાપીઓમાં **સમબુદ્ધિઃ** સમાનબુદ્ધિવાળા [છે] **વિશિષ્યતે** સર્વથી શ્રેષ્ઠ છે. ૯

શ૦:—અકારણ ઉપકાર કરનાર, સ્નેહી, શત્રુ, સંબંધવિના-ના, પક્ષપાતવિના હિતાહિત સમજાવનાર, દ્વેષપાત્ર ને સંબંધી એમને વિષે [તથા] સાધુઓમાં (સજ્જનોમાં) અને પાપીઓ-માં પણ [જે] સમાનબુદ્ધિવાળા [છે તે] સર્વથી શ્રેષ્ઠ છે. ૯

ટી૦:—પૂર્વના સ્નેહ તથા સંબંધવિના અને પ્રત્યુપકારની ઇચ્છારહિત ઉપકાર કરનાર, પૂર્વના સ્નેહને લીધે ઉપકાર કરનાર, સામાના અપકારવિના માત્ર પોતાના ક્રૂરસ્વભાવથી અન્યને અપકાર કરનાર, પરસ્પર વિવાદ કર-નાર બન્ને પુરુષના હિત તથા અહિતને નહિ ઇચ્છતાં તે બન્નેની ઉપેક્ષા કરનાર, પરસ્પર વિવાદ કરનાર બન્નેનું હિત ઇચ્છનાર, સામાના અપકારને લીધે અપકાર કરનાર, કોઇ પ્રકારના સંબંધથી ઉપકાર કરનાર, શાસ્ત્રવિહિત શુભ કર્મો કરનાર તથા શાસ્ત્રનિષિદ્ધ અશુભ કર્મો કરનાર અને અન્ય સર્વ પ્રાણીઓમાં જે સમબુદ્ધિ કરે છે, અર્થાત્ કયો પુરુષ કયા કર્મવાળો છે એ મનમાં નહિ લાવતાં જે સર્વત્ર રાગદ્વેષથી રહિત છે એવો સમ-બુદ્ધિવાળો યોગી સર્વથી ઉત્કૃષ્ટ છે. ૯

હવે નીચેના ત્રેવીશ શ્લોકોવડે યોગારૂઢ પુરુષોનાં લક્ષણો-સહિત યોગનું નિરૂપણ કરે છે:—

योगी युंजीत सततमात्मानं रहसि स्थितः ।

एकाकी यतचित्तात्मा, निराशीरपरिग्रहः ॥ १० ॥

પ૦ ત૦ પ૦:—યોગી યોગી **યુંજીત** સમાહિત-અત્યંત સ્થિર-કરે **સતતમ્** સદા **આત્માનમ્** અંતઃકરણને **રહસિ** એકાંતમાં **સ્થિતઃ** રહેલો **એકાકી** એકલો રહેલો **યતચિત્તાત્મા** અંતઃકરણ અને દેહાદિ જેણે વશ રાખ્યાં છે એવો **નિરાશીઃ** આશારહિત **અપરિગ્રહઃ** ભોગસાધનોના સંગ્રહવિનાનો. ૧૦

શ૦:—એકલો રહેલો, અંતઃકરણ અને દેહાદિ જેણે વશ રાખ્યાં છે એવો, આશારહિત, ભોગસાધનોના સંગ્રહવિના-નો, [અને] એકાંતમાં રહેલો [એવો] યોગી (યોગાભ્યાસી) સદા [પોતાના] અંતઃકરણને સમાહિત (એકાગ્ર) કરે. ૧૦

ટી૦:—યોગાભ્યાસમાં વિઘ્ન કરનાર સંબંધિજનોનો ત્યાગ કરી—એકાકી થઈ, ચિત્ત તથા શરીરેંદ્રિયોને યોગમાં વિઘ્ન કરનારી ક્રિયાઓથી રોકી, વૈરાગ્યવડે સર્વ પદાર્થોની તૃષ્ણાનો ત્યાગ કરી, યોગસિદ્ધિમાં પ્રતિબંધ કરનાર સ્ત્રી આદિ પદાર્થોનો સંગ્રહ ત્યજી, દુષ્ટજનો ને અન્ય અપકારક પ્રાણીઓ અભ્યાસમાં અડચણ ન કરે એવા પવિત્ર તથા એકાંત દેશમાં રહી યોગાભ્યાસી નિરંતર સત્કારપૂર્વક દીર્ઘકાલપર્યંત પોતાના ચિત્તને એકાગ્ર તથા નિરોધભૂમિકાઓવડે સમાધિમાં જોડે. (આત્મામાં સુસ્થિર કરે.) ૧૦

નીચેના બે શ્લોકોવડે આસનનું તથા તેના પર બેસી કરવાના યોગાભ્યાસીના કર્તવ્યનું નિરૂપણ કરે છે:—

शुचौ देशे प्रतिष्ठाप्य, स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीचं, चैलाजिनकुशोत्तरम् ॥ ११ ॥
तत्रैकाग्रं मनः कृत्वा, यतचित्तेंद्रियक्रियः ।
उपविश्यासने युंज्याद्योगमात्मविशुद्धये ॥ १२ ॥

પ૦ ત૦ પ૦:—**शुचौ** પવિત્ર **देशे** સ્થાનમાં **प्रतिष्ठाप्य** સ્થાપન કરે **स्थिरम्** સ્થિર—નિશ્ચલ **आसनम्** આસન **आत्मनः** પોતાનું **न** નહિ **अति-उच्छ्रितम्** અતિઉંચું **न** નહિ **अति-नीचम्** અતિનીચું **चैलाजिनकुशोत्तरम्** દર્ભઉપર મૃગચર્મ કે વાઘાંબર ને તે પર વસ્ત્ર [હોય] **तत्र** તે **एकाग्रम्** એકાગ્ર **मनः** મનને **कृत्वा** કરીને **यतचित्तेंद्रियक्रियः** ચિત્ત અને ઇંદ્રિયોની ક્રિયાને જેણે રોકી છે એવો **उपविश्य** બેસીને **आसने** આસનઉપર **युंज्यात्** કરે **योगम्** યોગાભ્યાસ **आत्मविशुद्धये** આત્માની—અંતઃકરણની—અત્યંત શુદ્ધિ કરવામાટે. ૧૧-૧૨

શ૦:—પવિત્ર સ્થાનમાં પોતાનું નિશ્ચલ આસન સ્થાપન કરે, [કે જે આસન] અતિઉંચું [પણ] નહિ *[અને] અતિનીચું [પણ] નહિ [એવી રીતનું હોય. તેમાં] પ્રથમ દર્ભ, તે ઉપર મૃગચર્મ કે વાઘાંબર અને તે ઉપર વસ્ત્ર [હોય.] તે આસનઉપર બેસીને ચિત્ત અને ઇંદ્રિયોની ક્રિયાને જેણે રોકી છે એવો [પુરુષ] મનને એકાગ્ર કરીને આત્માની—અંતઃકરણની—અત્યંત શુદ્ધિ કરવામાટે યોગાભ્યાસ કરે. ૧૧-૧૨

ટી૦:—શ્રીગંગાજીના તટ આદિ સ્વભાવથી પવિત્ર દેશ છે, અને

મૃત્તિકાદિવડે લીંપીને શુદ્ધ કરેલાં ગામબહારનાં એકાંતસ્થલાદિ કૃત્રિમ પવિત્ર દેશ છે. એમાંના કોઇ પવિત્ર દેશમાં જ્યાં ચોરવ્યાઘ્રાદિનું ભય તથા જનસમૂહ ન હોય ત્યાં પોતાનું નિશ્ચલ આસન પોતે ભૂમિઉપર સ્થાપન કરે. જે આસન બહુ ઉંચું ન હોય, તથા બહુ નીચું પણ ન હોય, કેમકે જો બહુ ઉંચું હોય તો ત્યાં બેસનારની દૂરદેશપર્યંત દૃષ્ટિ જાય, તથા કદી પરવશપણાથી પડી પણ જવાય, અને જો બહુ નીચું હોય તો આસપાસની માટીની કિંવા પાષાણની અસર બેસનારના શરીરને થવાથી વ્યાધિરૂપ યોગવિઘ્ન થાય. યોગાભ્યાસીએ એવા મૃત્તિકામય સમાનસ્થલરૂપ આસનઉપર પ્રથમ દર્ભ વા દર્ભાસન પાથરી, તે દર્ભઉપર વા દર્ભાસનપર સુકોમલ મૃગછાલા કિંવા વાઘાંબર પાથરી, તે પર કોમલ વસ્ત્ર [ગૃહસ્થે ઊનનું અને બ્રહ્મચારીએ તથા સંન્યાસીએ ઊનનું કિંવા સૂતાઉ વસ્ત્ર] પાથરવું. એવા બાહ્ય આસનપર મનને પ્રસન્ન રાખે તથા શરીરને અચલ રાખે એવું સ્વસ્તિક, પદ્મ કે સિદ્ધ આદિ કોઇ આસન કરી ઇંદ્રિયોને તેમના વિષયોના ગ્રહણથી અને ચિત્તને વિષયોના સ્મરણથી રોકી મનને ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્ત એ ત્રણ ભૂમિકાઓ કે જે રજોગુણને તથા તમોગુણને લીધે ઉપજે છે તેમનાથી રહિત કરી, એકાગ્રભૂમિમાં સ્થાપી, અંતઃકરણની અત્યંત શુદ્ધિ કરવામાટે સંપ્રજ્ઞાતસમાધિનો અભ્યાસ કરે. ચિત્ત લયવિક્ષેપથી રહિત થઇ બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાને યોગ્ય થાય એ તેની શુદ્ધિ સમજવી. ૧૧-૧૨

નીચેના બે શ્લોકોથી એ વિષયનું વિશેષ સ્પષ્ટીકરણ કરે છેઃ—

समं कायशिरोग्रीवं, धारयन्नचलं स्थिरः ।
संप्रेक्ष्य नासिकाग्रं स्वं, दिशश्चानवलोकयन् ॥ १३ ॥
प्रशांतात्मा विगतभीर्, ब्रह्मचारिव्रते स्थितः ।
मनः संयम्य मच्चित्तो, युक्त आसीत मत्परः ॥ १४ ॥

પ૦ ત૦ પ૦:—**समम्** સીધાં **कायशिरोग्रीवम्** દેહ માથું અને ડોકને **धारयन्** રાખતો છતો **अचलम्** અચલ **स्थिरः** સ્થિર [થઇ] **संप्रेक्ष्य** દૃષ્ટિને સમ્યક્ પ્રકારે રોકી **नासिकाग्रम्** નાસિકાના અગ્રભાગપર **स्वम्** પોતાની **दिशः** દિશાઓને **च** અને **अनवलोकयन्** નહિ જોતો છતો **प्रशांतात्मा** અત્યંત શાંત ચિત્તવાળો **विगतभीः** નિર્ભય [થઇ] **ब्रह्मचारिव्रते** બ્રહ્મચારીના વ્રતમાં **स्थितः** સ્થિર થઇ **मनः** મનનો **संयम्य** નિરોધ કરી **मच्चित्तः** મારામાં ચિત્ત અર્પણ કરી **युक्तः** સમાધિવાળો [થઇને] **आसीत** બેસે **मत्परः** મારે પરાયણ [થઇ.] ૧૩-૧૪

શ૦:—દેહ, (કેડથી ગળાસુધીનો ભાગ,) માથું અને ડોક[એ ત્રણ]ને સીધાં [તથા] અચલ રાખતો છતો સ્થિર [થઇ] પોતાની નાસિકાના અગ્રભાગઉપર દષ્ટિને સમ્યક્ પ્રકારે રોકી, અને [બીજી] દિશાઓને નહિ જોતો છતો [રહે.] અત્યંત શાંતચિત્તવાળો [તથા] નિર્ભય [થઇ,] બ્રહ્મચારીના વ્રતમાં સ્થિર થઇ, મનનો નિરોધ કરી, મારામાં ચિત્ત અર્પણ કરી, મારે પરાયણ [થઇ,] સમાધિવાળો [થઇને] બેસે. ૧૩–૧૪

ટીo:—કેડથી ગળાસુધીનો ભાગ, ડોક અને માથું એ ત્રણેને સીધાં તથા કંપરહિત રાખી, અંતરની તથા બહારની સર્વે ચિંતાઓનો પરિત્યાગ કરી, ઇંદ્રિયો પોતપોતાનો વિષય ગ્રહણ કરવા ન જઇ શકે માટે પોતાના ચક્ષુની વૃત્તિને સ્થિરપણે પોતાના નાસિકાગ્રપર સ્થાપન કરી, દુઃખદ જંતુઓના ઉપદ્રવથી કે બીજા કોઇ નિમિત્તથી શરીર નહિ ડોલાવતાં, તથા આડખેપડખે કોઇ રાગ દ્વેષ તથા ભય ઉપજાવનારા શબ્દો સાંભળી તેભણી દૃષ્ટિ નહિ કરતાં, અને પોતાના શરીરને પણ નહિ જોતાં, વૃત્તિઓનો નિરોધ કરી આસનપર બેસે. જેનું ચિત્ત રાગદ્વેષાદિકથી રહિત થયું છે, શાસ્ત્રના દૃઢ નિશ્ચયવડે જેનું ભય નિવૃત્ત થઇ ગયું છે, બ્રહ્મચર્ય (સ્ત્રી-સંબંધી આઠ પ્રકારની વાસનાનો ત્યાગ) ને ગુરુસેવાદિ બ્રહ્મચારીના વ્રત-માં સ્થિર થઈ જેણે પોતાના મનને વિષયાકારવૃત્તિઓથી રહિત કર્યું છે, મારામાંજ જેણે ચિત્ત રાખ્યું છે, તથા જે મારે પરાયણ થયેલો છે એવો યોગી પોતાની શક્તિપ્રમાણે તે આસનઉપર એકાગ્રમનવાળો થઇને સ્થિતિ કરે, અર્થાત્ સ્વેચ્છાવડે તુરતજ ત્યાંથી ન ઊઠે. ૧૩–૧૪

સંપ્રજ્ઞાતયોગનું ફલ કહે છેઃ—

युंजन्नेवं सदाऽऽत्मानं, योगी नियतमानसः ।
शांतिं निर्वाणपरमां, मत्संस्थामधिगच्छति ॥ १५ ॥

પ૦ ત૦ પ૦:—**युंजन्** જોડતો છતો **एवम्** એવી રીતે **सदा** સદા **आत्मानम्** આત્માને–મનને **योगी** યોગાભ્યાસી **नियतमानसः** ચિત્તને વશ રાખનારો [થઇ] **शांतिम्** શાંતિને **निर्वाणपरमाम्** ઉત્કૃષ્ટ કૈવલ્યરૂપ **मत्संस्थाम्** મારામાં રહેલી **अधिगच्छति** પામે છે. ૧૫

શ૦:—એવી રીતે મનને જોડતો છતો સદા યોગાભ્યાસી

[પુરુષ] ચિત્તને વશ રાખનારો [થઈ] મારામાં રહેલી [એવી] ઉત્કૃષ્ટ કૈવલ્યરૂપ શાંતિને પામે છે. ૧૫

ટી૦:—પૂર્વે કહેલા સર્વ નિયમોવડે પોતાના મનને અભ્યાસવૈરાગ્યના બલથી એકાગ્ર કરતો છતો નિરંતર યોગાભ્યાસપરાયણ જે યોગાભ્યાસી છે તે યોગાભ્યાસી અસંપ્રજ્ઞાતસમાધિયુક્ત થઇ મારામાં રહેલી એવી ને ધર્મમેઘ-સમાધિદ્વારા તૃષ્ણા, કર્મો અને અવિદ્યાની નિવૃત્તિરૂપ મુક્તિમાં જેની સમાપ્તિ છે એવી ચિત્તની પ્રશાંતવાહિતાને પામે છે. અસંપ્રજ્ઞાતસમાધિ, ધર્મમેઘસમાધિ તથા પ્રશાંતવાહિતાના વિશેષ વર્ણનમાટે શ્રીપાતંજલયોગદર્શનની ટીકા જુઓ. ૧૫

નીચેના બે શ્લોકોવડે યોગાભ્યાસીના આહારાદિક નિયમોને કહે છે:—

नात्यश्नतस्तु योगोऽस्ति, न चैकांतमनश्नतः ।
न चातिस्वप्नशीलस्य, जाग्रतो नैव चार्जुन ॥ १६ ॥

પ૦ ત૦ પ૦:—**न** નહિ **अति अश्नतः** બહુ આહાર કરનારને **तु** પણ **योगः** યોગ **अस्ति** છે **न** નથી **च** તેમ **एकांतम्** કેવલ **अनश्नतः** ભૂખ્યા રહેનારને **न** નથી **च** તેમ—એવી રીતે **अतिस्वप्नशीलस्य** અતિ-નિદ્રાલુને **जाग्रतः** [બહુ] ઉજાગરો કરનારને **न** નથી **एव** જ **च** તથા **अर्जुन** હે અર્જુન ! ૧૬

શ૦:—હે અર્જુન ! બહુ આહાર કરનારને યોગ [સિદ્ધ થતો] નથી, તેમ કેવલ ભૂખ્યા રહેનારને પણ [તે યોગ સિદ્ધ થતો] નથી, એવી રીતે અતિનિદ્રાલુને [પણ તે યોગ સિદ્ધ થતો] નથી, તથા [બહુ] ઉજાગરો કરનારને [પણ તે યોગ સિદ્ધ થતો] નથીજ. ૧૬

ટી૦:—જે યોગાભ્યાસી પોતાના જઠરાગ્નિથી સુખપૂર્વક પાચન કરી શકાય તેટલા આહારકરતાં વિશેષ આહાર કરે તે યોગાભ્યાસીને યોગ સિદ્ધ થઇ શકતો નથી, કેમકે તેનાં દેહાદિ વ્યાકુલ હોવાથી તે ચિત્ત તથા પ્રાણ આદિને રોકી શકતો નથી, વળી તેને અજીર્ણથી જ્વરાદિની ઉત્પત્તિ પણ થાય છે, તેમ કેવલ ઉપવાસ કરનારને પણ યોગ સિદ્ધ થતો નથી, કેમકે ભૂખથી પીડાયેલી ચિત્તવૃત્તિ એકાગ્ર થઇ શકે નહિ, તેમજ તેનું શરીર પણ રસાદિક ધાતુઓનું પોષણ નહિ થવાને લીધે ક્ષીણ થઈ અશક્ત થઇ જાય

છે. વળી તે યોગ અત્યંત ઉંઘનારને સિદ્ધ થઇ શકતો નથી, કેમકે ઉંઘ એ તમોગુણની વૃદ્ધિ કરનારી હોવાથી યોગનો પ્રતિબંધ કરનાર છે, તેમજ અતિજાગરો કરનારને પણ તે યોગ સિદ્ધ થઇ શકતો નથી, કેમકે એવા સાધકને યોગાભ્યાસના સમયમાં ઉંઘ આવે છે. વળી અતિપરિશ્રમ કરનારને, નિષ્પ્રયોજન બહુ બોલનારને, વ્યાકુલ ચિત્તવાળાને તથા વિપરીત દેશકાલમાં રહેનારને પણ તે યોગ સિદ્ધ થતો નથી. ૧૬

युक्ताहारविहारस्य, युक्तचेष्टस्य कर्मसु ।

युक्तस्वप्नावबोधस्य, योगो भवति दुःखहा ॥ १७ ॥

પ૦ ત૦ પ૦:—**युक्ताहारविहारस्य** યથાયોગ્ય આહારવિહારવાળાને **युक्तचेष्टस्य** યથાયોગ્ય ચેષ્ટાવાળાને **कर्मसु** કર્મોમાં **युक्तस्वप्नावबोधस्य** યથાયોગ્ય ઉંઘવાજાગવાવાળાને **योगः** યોગ **भवति** થાય છે **दुःखहा** દુઃખને હણનારો. ૧૭

શ૦:—યથાયોગ્ય આહારવિહારવાળાને, કર્મોમાં યથાયોગ્ય ચેષ્ટાવાળાને [તથા] યથાયોગ્ય ઉંઘવાજાગવાવાળાને દુઃખને હણનારો યોગ [સિદ્ધ] થાય છે. ૧૭

ટી૦:—પોતાના જઠરાગ્નિથી સુખપૂર્વક પાચન થઇ શકે તેટલો પથ્ય આહાર કરનારને, પરિશ્રમ ન જણાય તેટલી જવાઆવવાની ક્રિયા કરનારને, વાણીની ચંચલતાનો ત્યાગ કરી પ્રણવજપ તથા ઉપનિષદાદિનો સમયના નિયમપૂર્વક પાઠ કરનારને અને રાત્રિના ચાર ભાગમાંનો પહેલો તથા ચોથો ભાગ જાગવામાં અને બીજો તથા ત્રીજો ભાગ શયન કરવામાં ગાળનારને ત્રણ પ્રકારનાં દુઃખોની અત્યંત નિવૃત્તિ કરનારો યોગ સિદ્ધ થાય છે; અન્યને તો તે યોગ રોગાદિ દુઃખનોજ આપનાર થાય છે. તાત્પર્ય કે યોગશાસ્ત્રમાં કહેલા નિયમોમાં સાવધાન રહી યથાસમયે યથોચિત ક્રિયા કરવામાં જે પ્રમાદી રહેતો નથી તેનેજ યોગની સિદ્ધિ થાય છે, અનિયમિતપણે વર્તનારને તે યોગની સિદ્ધિ થતી નથી. ૧૭

હવે અસંપ્રજ્ઞાતયોગનું સ્વરૂપ કહેવાનો પ્રારંભ કરે છે:—

यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ।

निःस्पृहः सर्वकामेभ्यो, युक्त इत्युच्यते तदा ॥ १८ ॥

પ૦ ત૦ પ૦:—**यदा** જ્યારે **विनियतम्** અત્યંત એકાગ્રતા પામેલું **चित्तम्** ચિત્ત **आत्मनि** આત્માને વિષે **एव** જ **अवतिष्ठते** સ્થિતિ કરે

છે નિઃસ્પૃહઃ તૃષ્ણારહિત સર્વકામેભ્યઃ સર્વ વિષયોથી યુક્તઃ યુક્ત-સમાહિત ઇતિ એમ ઉચ્યતે કહેવાય છે તદા ત્યારે. ૧૮

શ૦:—જ્યારે અત્યંત એકાગ્રતા પામેલું ચિત્ત આત્માને વિષેજ સ્થિતિ કરે છે, [અને] સર્વ વિષયોથી તૃષ્ણારહિત [થાય છે] ત્યારે [તે] યુક્ત (સમાહિત) એમ કહેવાય છે. ૧૮

ટી૦:—જે સમયમાં ચંચલતાના તથા મૂઢતાના હેતુરૂપ રજોગુણ તથા તમોગુણ ચિત્તમાં દબાઇ જઇ તે શુદ્ધસત્ત્વગુણમય ચિત્ત સર્વ વૃત્તિઓથી રહિત થઇ અંતરાત્મામાં અચલપણે સ્થિતિ કરે છે, અને આ લોકના તથા પરલોકના સર્વ વિષયભોગોની તૃષ્ણાનો દોષદૃષ્ટિપૂર્વક અપર તથા પરવૈરાગ્યવડે ત્યાગ કરે છે ત્યારે તે પુરુષ સમાધિયુક્ત કહેવાય છે. ૧૮

સમાધિમાં વૃત્તિઓથી રહિત થયેલા ચિત્તની ઉપમા કહે છે:–

यथा दीपो निवातस्थो, नेंगते सोपमा स्मृता ।
योगिनो यतचित्तस्य, युंजतो योगमात्मनः ॥ १९ ॥

પ૦ ત૦ પ૦:—યથા જેમ દીપઃ દીવો નિવાતસ્થઃ વાયુરહિત સ્થાનમાં રહેલો ન નથી ઇંગતે ડોલતો સા તે ઉપમા ઉપમા સ્મૃતા ચિંતન કરેલી-વિચારેલી-છે યોગિનઃ યોગીના યતચિત્તસ્ય નિરોધેલી ચિત્તવૃત્તિવાળા યુંજતઃ અનુષ્ઠાન કરનાર યોગમ્ સમાધિનું આત્મનઃ ચિત્તની. ૧૯

શ૦:—જેમ વાયુરહિત સ્થાનમાં રહેલો દીવો ડોલતો નથી તે ઉપમા, નિરોધેલી ચિત્તવૃત્તિવાળા [તથા] સમાધિનું અનુષ્ઠાન કરનાર યોગીના ચિત્તની, [યોગને જાણનારાઓએ] ચિંતન (કથન) કરેલી છે. ૧૯

ટી૦:—વેગવાળો વાયુ જેમ દીવાને ચલાયમાન કરે છે તેમ શબ્દાદિ વિષયોનું સ્મરણ તથા વિષયાસક્તિ ચિત્તને ચલાયમાન કરે છે, ને તેમને અભાવે તે બન્ને નિશ્ચલ રહે છે. દીવો જેમ પ્રકાશવાળો છે તેમ ચિત્ત પણ સત્ત્વગુણના અધિકપણાથી પ્રકાશવાળું છે માટે યોગી પુરુષોએ અસંપ્રજ્ઞાતસમાધિનું અનુષ્ઠાન કરનારા યોગીના નિરુદ્ધ થયેલા ચિત્તને વાયુવિનાના સ્થાનમાંના નિશ્ચલ દીવાની ઉપમા આપી છે. ૧૯

અસંપ્રજ્ઞાતયોગનું વિસ્તારથી વર્ણન કરવાનો પ્રારંભ કરે છે:–

यत्रोपरमते चित्तं, निरुद्धं योगसेवया ।
यत्र चैवात्मनाऽऽत्मानं, पश्यन्नात्मनि तुष्यति ॥ २० ॥

પ૦ ત૦ પ૦:—**यत्र** જ્યાં-જે સમયમાં **उपरमते** ઉપરામ-અત્યંત શાંત-થાય છે **चित्तम्** ચિત્ત **निरुद्धम्** વૃત્તિશૂન્ય થયેલું **योगसेवया** યોગનું અનુષ્ઠાન કરવાથી **यत्र** જ્યાં-જે સમયમાં **च** અને **एव** જ **आत्मना** આત્મા-અંતઃકરણ-વડે **आत्मानम्** આત્મા-પરમજ્યોતિ-ને **पश्यन्** અનુભવતો છતો **आत्मनि** પોતામાં **तुष्यति** સંતોષ પામે છે. ૨૦

શ૦:—યોગનું અનુષ્ઠાન કરવાથી વૃત્તિશૂન્ય થયેલું ચિત્ત જ્યાં ઉપરામ થાય છે, અને જ્યાં અંતઃકરણવડે પરમજ્યોતિને અનુભવતો છતો પોતામાંજ સંતોષ પામે છે [તે સમયની ચિત્ત-ની સ્થિતિને યોગ જાણવો.] ૨૦

ટી૦:—નિરંતર શ્રદ્ધાભક્તિપૂર્વક યોગાભ્યાસનું અનુષ્ઠાન કરવાથી સર્વ વૃત્તિઓથી રહિત થયેલું ચિત્ત એકાગ્રભૂમિકાનો ત્યાગ કરી ઈંધણાંથી રહિત અગ્નિની પેઠે ઉપરામને (નિરોધભૂમિકાને) પ્રાપ્ત થાય છે, અને રજોગુણથી તથા તમોગુણથી નહિ પરાભવ પામેલા શુદ્ધસત્ત્વગુણવાળા અંતઃ-કરણવડે યોગી પોતાના સચ્ચિદાનંદઘન અંતરાત્માનો સાક્ષાત્કાર કરતો છતો દેહેંદ્રિયાદિમાં તથા તેના ભોગ્ય વિષયોમાં નહિ પણ પરમાનંદરૂપ આત્મામાંજ પરમ સંતોષને પામે છે. આવી રીતે ચિત્તને વૃત્તિશૂન્ય કરવું એજ યોગશબ્દનો અર્થ જાણવો. ૨૦

આત્મામાં પરમસંતોષ પામવાના હેતુને કહે છે:—

सुखमात्यंतिकं यत्तद्, बुद्धिग्राह्यमतींद्रियम् ।
वेत्ति यत्र न चैवायं, स्थितश्चलति तत्त्वतः ॥२१॥

પ૦ ત૦ પ૦:—**सुखम्** સુખ **आत्यंतिकम्** નિરતિશય **यत्** જે **तत्** તેને **बुद्धिग्राह्यम्** બુદ્ધિવડે અનુભવી શકાય એવું **अतींद्रियम्** ઇંદ્રિયોવડે ગ્રહણ ન થાય એવું **वेत्ति** જાણે છે **यत्र** જ્યાં-જે સ્થિતિમાં **न** નથી **च** અને **एव** કદીપણ **अयम्** આ **स्थितः** સ્થિર થયેલો **चलति** ચલાયમાન થતો **तत्त्वतः** [ચૈતન્ય]તત્ત્વથી. ૨૧

શ૦:—ઇંદ્રિયોવડે ગ્રહણ ન થાય એવું [અને માત્ર] બુદ્ધિવડે અનુભવી શકાય એવું નિરતિશય જે સુખ [છે] તેને જે સ્થિતિમાં જાણે છે, અને [જ્યાં] સ્થિર થયેલો આ [પુરુષ] [ચૈતન્ય]તત્ત્વથી કદીપણ ચલાયમાન થતો નથી [તેને યોગ જાણવો.] ૨૧

ટી૦:—' ઇંદ્રિયોવડે ગ્રહણ ન થાય એવું ' એમ કહી બ્રહ્મસુખનું વિષયસુખોથી ભિન્નપણું કથન કર્યું, ' બુદ્ધિવડે અનુભવી શકાય એવું ' એમ કહી તે બ્રહ્મસુખનું સુષુપ્તિના સુખથી વિલક્ષણપણું બતાવ્યું, અને ' નિરતિશય ' એમ કહી બ્રહ્માનંદનું દેશ, કાલ તથા વસ્તુના પરિચ્છેદથી રહિત અનંતપણું બતાવ્યું છે. ૨૧

યોગી એ નિરોધાવસ્થાનેજ પરમલાભ માની તેમાં સુદૃઢ સ્થિર થાય છે એમ કહે છે:—

यं लब्ध्वा चापरं लाभं, मन्यते नाधिकं ततः ।
यस्मिन्स्थितो न दुःखेन, गुरुणाऽपि विचाल्यते ॥२२॥

પ૦ ત૦ પ૦:—**यम्** જેને **लब्ध्वा** પામીને **च** અને **अपरम्** બીજા **लाभम्** લાભને **मन्यते** માનતો **न** નથી **अधिकम्** અધિક **ततः** તેથી **यस्मिन्** જેમાં **स्थितः** સ્થિર થયો છતો **न** નથી **दुःखेन** દુઃખથકી **गुरुणा** મહાન્ **अपि** પણ **विचाल्यते** ચલાયમાન થતો. ૨૨

શ૦:—જેને પામીને [યોગી] બીજા [કોઈ પણ] લાભને તેથી અધિક માનતો નથી, અને જેમાં સ્થિર થયો છતો મહાન્ દુઃખથકી પણ ચલાયમાન થતો નથી [તેને યોગ જાણવો.] ૨૨

ટી૦:—આત્માના નિત્યસુખનું પ્રકટપણું વૃત્તિશૂન્ય ચિત્તની જે નિરોધાવસ્થા છે તે કરે છે. યોગાભ્યાસના પરિપક્વપણાથી એ અવસ્થાને પ્રાપ્ત કરીને યોગી આ લોકના ને પરલોકના બીજા કોઈ લાભને તે નિરોધાવસ્થાથી અધિક માનતો નથી, અર્થાત્ એ અવસ્થાને પામીને પોતાને અત્યંત કૃતાર્થ માને છે, અને તે વૃત્તિશૂન્યપણાની ચિત્તની અવસ્થામાં પોતે સ્થિર થયો છતો શસ્ત્રપ્રહાર આદિના મોટા દુઃખથી પણ ચલાયમાન થતો નથી તો ટાઢ, તડકો, વર્ષા ને મચ્છરાદિના દંશ ઇત્યાદિ ક્ષુદ્ર ઉપદ્રવોથી તે શી રીતે ચલાયમાન થાય ? નજ થાય, કેમકે તે યોગી સર્વ ભોગોથી ઉદાસ અને બહારનાં તથા અંતરનાં સર્વ દુઃખોની લાગણીથી રહિત થયો છે. ૨૨

યોગશબ્દના અર્થનું નિરૂપણ કરે છે:—

तं विद्याद्दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।
स निश्चयेन योक्तव्यो, योगोऽनिर्विण्णचेतसा ॥ २३ ॥

પ૦ ત૦ પ૦:—**तम्** તેને **विद्यात्** જાણવો **दुःखसंयोगवियोगम्** [ત્રિવિધ–ત્રણ જાતનાં–] દુઃખના સંયોગનો અભાવ એટલે નહિ હોવું તે **योगसंज्ञितम्** યોગશબ્દનો અર્થ **सः** તે **निश्चयेन** નિશ્ચયપૂર્વક **योक्तव्यः** અનુષ્ઠાન કરવાયોગ્ય [છે] **योगः** યોગ **अनिर्विण्णचेतसा** કંટાળો લાવ્યા વિનાના મનવડે. ૨૩

શ૦:—[ત્રિવિધ] દુઃખના સંયોગનો અભાવ તેને યોગશબ્દનો અર્થ જાણવો. તે યોગ નિશ્ચયપૂર્વક કંટાળો લાવ્યા વિનાના મનવડે અનુષ્ઠાન કરવાયોગ્ય [છે.] ૨૩

ટી૦:—ચિત્તની પાંચ પ્રકારની વૃત્તિઓને લીધેજ તેને આધ્યાત્મિકાદિ ત્રણ પ્રકારનાં દુઃખોનો સંયોગ થાય છે. એ ત્રણ પ્રકારનાં દુઃખોના સંબંધનો જેમાં અત્યંત વિયોગ થયો છે એવી ચિત્તની વૃત્તિશૂન્ય અવસ્થાને યોગશબ્દના અર્થરૂપ જાણવી. એવા મહાન્ ફલની પ્રાપ્તિ કરનારો યોગ સાધકે નિશ્ચયપૂર્વક ખેદરહિત ચિત્તથી સાધવો જોઇએ. **શ્રીસદ્ગુરુનાં** તથા મોક્ષશાસ્ત્રોનાં વચનોને સત્ય માનનારી દૃઢબુદ્ધિને નિશ્ચય કહે છે. આટલા સમયસુધી અભ્યાસ કર્યા છતાં પણ અમને યોગ સિદ્ધ થયો નહિ તો હવે પછી આગળ શી રીતે યોગ સિદ્ધ થશે ? એવા અનુતાપને (ખેદને) નિર્વેદ કહે છે. એ નિર્વેદનો ત્યાગ કરી, અભ્યાસ કરવાથી આ જન્મમાં કિંવા જન્માંતરમાં પણ અવશ્ય આ યોગ સિદ્ધ થશે, આમાં અયોગ્ય શીઘ્રતાનું શું પ્રયોજન છે ? એવી રીતની ધીરજ રાખી યોગાભ્યાસ કરવો. પ્રતિબંધક સંસ્કારોના બહુપણાથી કિંવા ક્રિયામાં કાંઇ ભૂલ રહેવાથી તેની સિદ્ધિમાં વિલંબ થાય તો તેથી યોગાભ્યાસીએ કંટાળવું નહિ, પણ મનને ખેદરહિત રાખી મનના નિરોધરૂપ પરમધર્મમાં તેણે મંડ્યા રહેવું. ૨૩

હવે એ યોગને પામવાના ઉપાયો કહે છે:—

संकल्पप्रभवान्कामांस्त्यक्त्वा सर्वानशेषतः ।
मनसैवेंद्रियग्रामं, विनियम्य समंततः ॥२४॥

પ૦ ત૦ પ૦:—**संकल्पप्रभवान्** સંકલ્પથી ઉત્પન્ન થયેલી **कामान्** અભિલાષાઓનો **त्यक्त्वा** ત્યાગ કરીને **सर्वान्** સર્વે **अशेषतः** નિઃશેષ–કાંઇ પણ બાકી ન રહે તેમ **मनसा** મનવડે **एव** જ **इंद्रियग्रामम्** ઇંદ્રિયોના સમુદાયને **विनियम्य** નિયમમાં લાવી **समंततः** સર્વ રીતે. ૨૪

શ૦:—સંકલ્પથી ઉત્પન્ન થયેલી સર્વે અભિલાષાઓનો

નિઃશેષ ત્યાગ કરીને મનવડેજ ઇંદ્રિયોના સમુદાયને સર્વ રીતે નિયમમાં લાવી [મનનો નિગ્રહ કરે.] ૨૪

ટી૦:—દુઃખરૂપ વિષયોમાં સુખરૂપપણાની ભ્રાંતિને લીધે ઉપજેલી સર્વે વિષયાભિલાષાઓનો સૂક્ષ્મવાસનાસહિત પરિત્યાગ કરીને વિવેકવાળા મનથી નેત્રાદિક ઇંદ્રિયોના સમૂહને તેમના રૂપાદિક વિષયોથી સર્વ પ્રકારે નિવૃત્ત કરી અધિકારી સાધક ધીમે ધીમે પોતાના મનનો નિરોધ કરે. ૨૪

शनैः शनैरुपरमेद्, बुद्धया धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा, न किंचिदपि चिंतयेत् ॥२५॥

પ૦ ત૦ પ૦:—**शनैः** ધીમે **शनैः** ધીમે **उपरमेत्** મનને વૃત્તિશૂન્ય કરે **बुद्धया** બુદ્ધિવડે **धृतिगृहीतया** ધૈર્યવાળી **आत्मसंस्थम्** આત્માને વિષે સ્થિર **मनः** મનને **कृत्वा** કરીને **न** નહિ **किंचित्** કાંઇ **अपि** પણ **चिंतयेत्** ચિંતન કરે. ૨૫

શ૦:—ધૈર્યવાળી બુદ્ધિવડે ધીમે ધીમે ચિત્તને વૃત્તિશૂન્ય કરે. મનને આત્માને વિષે સ્થિર કરીને કાંઇ પણ ચિંતન કરે નહિ. ૨૫

ટી૦:—અત્યંત અયોગ્ય ઉતાવળ કરવાનું કાંઇ કારણ નથી, કેમકે સમય આવે આ યોગ અવશ્ય સિદ્ધ થશે એવી રીતની ધીરજવડે અનુગ્રહ પામેલી બુદ્ધિથી સાધક પુરુષ ગુરુએ ઉપદેશ કરેલો હોય તે રીતે ભૂમિકાઓના જયના ક્રમવડે ધીમે ધીમે મનનો નિરોધ કરે, અર્થાત્ પ્રથમ ઇંદ્રિયોનો, પછી મનનો, પછી અહંકારનો ને છેવટ બુદ્ધિનો એમ ક્રમે ક્રમે જય કરી તેમનો નિગ્રહ કરે. માત્ર શાસ્ત્ર જાણવાથીજ તેઓનો નિગ્રહ થઇ શકે નહિ, કેમકે તેમાં નાનાપ્રકારની યુક્તિઓની આવશ્યકતા છે, ને તે યુક્તિઓ ગુરુગમ્ય છે. અતિઉતાવળે ક્રમનું સ્વરૂપ જાણ્યા વિના અયોગ્યરીતે યોગનો અભ્યાસ કરવાથી સાધકને હાનિ થવાનો સંભવ છે માટે ધીમે ધીમે ચિત્તને વૃત્તિરહિત કરવાનું કહ્યું છે. પૂર્વોક્ત ધૈર્યવાળી બુદ્ધિથી મનને આત્મામાં સર્વ પ્રકારની વૃત્તિઓરહિત સ્થિર કરીને સાધકે કોઇ પણ દૃષ્ટાદૃષ્ટ પ્રાણિપદાર્થનું ચિંતન કરવું નહિ. ૨૫

यतो यतो निश्चरति, मनश्चंचलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥२६॥

પ૦ ત૦ પ૦:—**यतः** જેથી—જે નિમિત્તથી **यतः** જેથી—જે નિમિત્તથી

निश्चरति વિષયાકારવૃત્તિને ઉત્પન્ન કરે છે **मनः** મન **चंचलम्** ચંચલ **अस्थिरम्** અસ્થિર **ततः** તેથી–તે નિમિત્તથી **ततः** તેથી–તે નિમિત્તથી **नियम्य** પાછું ખેંચી **एतत्** તેને **आत्मनि** આત્મામાં **एव** જ **वशम्** વશ **नयेत्** લઇ જાય–કરી દે. ૨૬

શ૦:—ચંચલ [અને] અસ્થિર મન જે જે નિમિત્તથી વિષયાકારવૃત્તિને ઉત્પન્ન કરે છે તે તે નિમિત્તથી તેને પાછું ખેંચી આત્મામાંજ વશ કરી દે. ૨૬

ટી૦:—શબ્દાદિ વિષયોના ચિંતનથી તથા ભોગોથી અતિચંચલ-સ્વભાવવાળું થયેલું તથા તંદ્રા ને આળસ આદિ તમોગુણના પ્રભાવે સ્થિર નહિ રહેતાં લય પામવાના સ્વભાવવાળું થયેલું મન જે જે શબ્દાદિ વિષયરૂપ નિમિત્તથી તથા રાગદ્વેષાદિક નિમિત્તથી વિક્ષેપની સંમુખ થઇ પ્રમાણ, વિપર્યય, વિકલ્પ ને સ્મૃતિ એ ચાર વૃત્તિઓમાંની કોઇ પણ વૃત્તિને ઉપજાવે, તથા લયના હેતુરૂપ જે ઉજાગરો, અતિભોજન અને અતિપરિશ્રમાદિ છે તેમાંના જે જે નિમિત્તથી નિદ્રાવૃત્તિને ઉત્પન્ન કરે, તે તે વિક્ષેપના નિમિત્તથી તથા લયના નિમિત્તથી એ મનને યુક્તિપૂર્વક પાછું ખેંચીને યોગાભ્યાસીએ સ્વયંપ્રકાશ આનંદઘન આત્મામાં નિરોધ પમાડી દેવું. ૨૬

હવે યોગાભ્યાસથી જે ફલ થાય છે તે કહે છે:—

प्रशांतमनसं ह्येनं, योगिनं सुखमुत्तमम् ।
उपैति शांतरजसं, ब्रह्मभूतमकल्मषम् ॥२७॥

પ૦ ત૦ પ૦:—प्रशांतमनसम् અત્યંત શાંતમનવાળા **हि** નિશ્ચય **एनम्** એ **योगिनम्** યોગીને **सुखम्** સુખની **उत्तमम्** ઉત્તમ **उपैति** પ્રાપ્તિ થાય છે **शांतरजसम्** રજોગુણ જેનો નિવૃત્ત થયો છે એવા **ब्रह्मभूतम्** બ્રહ્મરૂપ થયેલા **अकल्मषम्** પાપપુણ્યથી રહિત. ૨૭

શ૦:—અત્યંત શાંતમનવાળા, રજોગુણ જેનો નિવૃત્ત થયો છે એવા, બ્રહ્મરૂપ થયેલા [અને] પાપપુણ્યથી રહિત એ યોગીને નિશ્ચય ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય છે. ૨૭

ટી૦:—સર્વ વૃત્તિઓના અભાવથી જેનું મન અત્યંત શાંત થયું છે, વિક્ષેપ અને લય જેના ચિત્તમાંથી નિવૃત્ત થયા છે, જે જીવન્મુક્તસ્થિતિને પામેલા છે, અને જે સંસારના હેતુભૂત પાપપુણ્યરૂપ કલ્મષથી (મલિનતાથી) રહિત છે એવા એ યોગીને નિશ્ચય સર્વોત્તમ સુખની પ્રાપ્તિ થાય છે. ૨૭

युंजन्नेवं सदाऽऽत्मानं, योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यंतं सुखमश्नुते ॥ २८ ॥

પ૦ ત૦ પ૦:—**युंजन्** જોડતો–સમાહિત કરતો–છતો **एवम्** એ પ્રમાણે **सदा** નિરંતર **आत्मानम्** ચિત્તને **योगी** યોગી **विगतकल्मषः** પાપપુણ્યરહિત **सुखेन** અનાયાસે **ब्रह्मसंस्पर्शम्** બ્રહ્માનુભવના **अत्यंतम्** નિરતિશય–જેનાથી બીજું વધારે નથી એવા **सुखम्** સુખને **अश्नुते** પામે છે. २८

શ૦:—એ પ્રમાણે નિરંતર [પોતાના] ચિત્તને સમાહિત કરતો છતો પાપપુણ્યરહિત યોગી બ્રહ્માનુભવના નિરતિશય સુખને અનાયાસે પામે છે. २८

ટી૦:—' મનવડે ઇંદ્રિયોના સમૂહને નિયમમાં લાવી ' ઇત્યાદિ પૂર્વે કહેલા ક્રમવડે પોતાના ચિત્તને અંતરાત્મામાં શ્રદ્ધાભક્તિપૂર્વક નિરંતર સમાહિત કરતો છતો તથા સંસારની પ્રાપ્તિ કરનારા ધર્માધર્મરૂપ પાપથી રહિત થયેલો તે યોગી ઈશ્વરભક્તિથી યોગનાં રોગાદિ સર્વ વિઘ્નોની નિવૃત્તિ કરી અનાયાસે બ્રહ્મરૂપ નિરતિશય સુખને પામે છે. २८

એવો યોગી સર્વમાં પોતાને અને પોતામાં સર્વને જુએ છે એમ નિરૂપણ કરે છે:—

सर्वभूतस्थमात्मानं, सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा, सर्वत्र समदर्शनः ॥ २९ ॥

પ૦ ત૦ પ૦:—**सर्वभूतस्थम्** સર્વ પ્રાણીઓમાં રહેલા **आत्मानम्** [પોતાના] આત્માને **सर्वभूतानि** સર્વ પ્રાણીઓને **च** અને **आत्मनि** [પોતાના] આત્મામાં **ईक्षते** જુએ છે **योगयुक्तात्मा** સમાહિત અંતઃકરણવાળો **सर्वत्र** સર્વમાં **समदर्शनः** સમદૃષ્ટિવાળો. २९

શ૦:—સર્વમાં સમદૃષ્ટિવાળો [અને] સમાહિત અંતઃકરણવાળો [યોગી] સર્વ પ્રાણીઓમાં રહેલા [પોતાના] આત્માને અને [પોતાના] આત્મામાં [રહેલાં] સર્વ પ્રાણીઓને જુએ છે. २९

ટી૦:—ઋતંભરાનામની પ્રજ્ઞા પ્રાપ્ત થવાથી એકજ સમયમાં સર્વ સૂક્ષ્મ, વ્યવહિત (દેશકાલના અંતરાયવાળી) અને વિપ્રકૃષ્ટ (મહાન્) વસ્તુઓને સાથે દેખનાર અને વસ્તુવિચારની પરમકુશલતાનો પ્રસાદ જેના અંતઃકરણને પ્રાપ્ત થયો છે એવો સમર્થ યોગી સ્થાવરજંગમ સર્વ ભૂતોમાં ભોક્તારૂપે

સ્થિર રહેલા પોતાના એક અદ્વિતીય આનંદઘન આત્માને જુએ છે, અને પોતાના આત્માવિષે મિથ્યાસંબંધથી સ્થિત જડરૂપ જે સર્વ ભૂતો છે તેને પણ કલ્પિતરૂપે જુએ છે, અર્થાત્ પ્રકૃતિપુરુષના યથાર્થ સ્વરૂપને જાણી તે યોગી કૈવલ્યને યોગ્ય થાય છે. ૨૯

સર્વત્ર આત્માને જોનારા યોગીના સંબંધમાં વિશેષ કહે છેઃ—

यो मां पश्यति सर्वत्र, सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि, स च मे न प्रणश्यति ॥३०॥

પ૦ ત૦ પ૦:—**यः** જે **माम्** મને **पश्यति** દેખે છે **सर्वत्र** સર્વત્ર **सर्वम्** સર્વને **च** અને **मयि** મારામાં **पश्यति** દેખે છે **तस्य** તેને **अहम्** હું **न** નથી **प्रणश्यामि** પરોક્ષ–ન જણાઉં એવો–થતો **सः** તે **च** અને **मे** મને **न** નથી **प्रणश्यति** પરોક્ષ થતો. ૩૦

શ૦:—જે સર્વત્ર મને દેખે છે, અને સર્વને મારામાં દેખે છે તેને હું પરોક્ષ થતો નથી, અને તે મને પરોક્ષ થતો નથી. ૩૦

ટી૦:—યોગવડે પોતાનું અંતઃકરણ અત્યંત નિર્મલ થવાથી જે યોગી પુરુષ પ્રકૃતિમાં અને પ્રકૃતિનાં સર્વ પરિણામોમાં સત્તાસ્ફુરણરૂપે મને વ્યાપક દેખે છે, અને એ સર્વ પ્રપંચને મારામાં ભ્રાંતિવડે આરોપિત થયેલો જુએ છે તે પુરુષના તથા પ્રકૃતિના યથાર્થ સ્વરૂપને જાણનાર વિવેકખ્યાતિવાળા યોગી પુરુષને હું પરોક્ષ નથી, અને મને તે પરોક્ષ નથી, અર્થાત્ યોગજન્ય જ્ઞાનવડે તેણે મારો સાક્ષાત્કાર કરેલો હોવાથી અમે બન્ને એકએકને અત્યંત અપરોક્ષજ છીએ. ૩૦

એવા યોગીનું માહાત્મ્ય કહે છેઃ—

सर्वभूतस्थितं यो मां, भजत्येकत्वमास्थितः ।
सर्वथा वर्तमानोऽपि, स योगी मयि वर्तते ॥ ३१ ॥

પ૦ ત૦ પ૦:—**सर्वभूतस्थितम्** પ્રાણિમાત્રમાં રહેલા **यः** જે **माम्** મને **भजति** ભજે છે **एकत्वम्** એકત્વનો–સર્વમાં એક બ્રહ્મ છે એવા વિચારનો **आस्थितः** આશ્રય કરનારો **सर्वथा** સર્વ પ્રકારે **वर्तमानः** રહેતો છતો **अपि** પણ **सः** તે **योगी** યોગી **मयि** મારામાં **वर्तते** વર્તે છે–રહે છે. ૩૧

શ૦:—જે એકત્વનો આશ્રય કરનારો પ્રાણિમાત્રમાં રહેલા

મને ભજે છે તે યોગી સર્વપ્રકારે રહેતો છતો પણ મારામાં વર્તે છે.૩૧

ટી૦:—જે યોગી પુરુષ આત્મા તથા બ્રહ્મના અભેદનો નિશ્ચય કરતો છતો સર્વ ભૂતોમાં અધિષ્ઠાનરૂપે રહેલા મને ભજે છે, અર્થાત્ મારો સાક્ષાત્કાર કરે છે તે જીવન્મુક્ત યોગી વિહિતકર્મો કરતો છતો, સર્વ કર્મોનો પરિત્યાગ કરતો છતો, કે જનસમૂહથી દૂર રહેવામાટે ઉપરથી વિલક્ષણ જણાય એવી ચેષ્ટા કરતો છતો પણ મારામાંજ અભેદરૂપે વર્તે છે, અર્થાત્ એવા યોગીને સર્વપ્રકારથી મોક્ષના પ્રતિબંધની શંકા નથી. પાપના સંસ્કાર ચિત્તમાં રહ્યા હોય તોજ નિષિદ્ધ વિચાર ઉપજી નિષિદ્ધકર્મોમાં પ્રવૃત્તિ થાય, ને જ્યાંસુધી તે સંસ્કાર રહ્યા હોય ત્યાંસુધી તેના અંતઃકરણમાં યથાર્થ જ્ઞાન સ્ફુરે નહિ. એ સંસ્કારો નિર્મૂલ થયેજ મુમુક્ષુના અંતઃકરણમાં જ્ઞાનનો આવિર્ભાવ થાય છે. આમ હોવાથી એવા યોગીમાં રાગદ્વેષપૂર્વક નિષિદ્ધાચરણ સંભવે નહિ માટે **सर्वथा वर्तमानोऽपि** એ શબ્દોનું જે કોઇ યથેષ્ટ આચરણ કરતો છતો પણ ઇત્યાદિરૂપે વ્યાખ્યાન કરે તો તે વ્યાખ્યાન વેદાંતસિદ્ધાંતથી અત્યંત વિપરીત સમજવું. જ્ઞાનીમાં યથેષ્ટાચરણ સંભવતું નથી, કેમકે યથેષ્ટાચરણ એટલે કામચાર–ઇચ્છા થાય તેમ વર્તવું, કામવાદ–ઇચ્છા થાય તેમ બોલવું ને કામભક્ષણ–ઇચ્છા થાય તે ખાવું–આત્મસ્વરૂપના અજ્ઞાનથી ઉપજે છે, અને તે અજ્ઞાન અધર્મથી ઉત્પન્ન થાય છે, તે અધર્મ ને અજ્ઞાન આ જ્ઞાનીમાં નથી. ત્રણ લોકના ભોગથી વા હિરણ્યગર્ભના પદથી ઉપરામ પામેલા મુમુક્ષુને આત્માનું જ્ઞાન થાય છે એવો નિયમ છે. આવા મુમુક્ષુને કયા પદાર્થો રમણીય પ્રતીત થાય ? કોઇ પણ માયિક પદાર્થો તેને રમણીય નજ પ્રતીત થાય. જે મુમુક્ષુએ મુમુક્ષુદશામાં પાપ ને પુણ્ય બન્નેનું અભિમાન ત્યજી દીધું છે તે મુમુક્ષુ હવે જ્ઞાનદશામાં પાપથી ઉત્પન્ન થનારા યથેષ્ટાચરણમાં શી રીતે પ્રવૃત્ત થાય ? ભૂખ્યો માણસ પણ વિષયુક્ત અન્ન ખાવા ઇચ્છતો નથી તો પવિત્ર મિષ્ટાન્નવડે તૃપ્ત થયેલો સમજુ માણસ વિષયુક્ત અન્ન ખાવામાં કેવી રીતે પ્રવૃત્તિ કરે ? નજ કરે.

નિષ્કામબુદ્ધિથી કરેલા નિત્યકર્મના અનુષ્ઠાનથી ધર્મના સંસ્કારોની ઉત્પત્તિ, ધર્મના સંસ્કારોની ઉત્પત્તિથી તેના વિરોધી પાપના સંસ્કારોનો નાશ, પાપના સંસ્કારોના નાશથી અંતઃકરણની શુદ્ધિ, અંતઃકરણની શુદ્ધિથી સંસારના નિઃસારપણાનું દૃઢ જ્ઞાન, સંસારના નિઃસારપણાના દૃઢ જ્ઞાનથી દૃઢ વિષયવૈરાગ્ય, દૃઢવિષયવૈરાગ્યની પ્રાપ્તિથી યથાર્થ મુમુક્ષુપણું, યથાર્થ મુમુક્ષુપણાના લાભથી શમદમાદિસહિત મોક્ષના ઉપાયરૂપ કર્તાપણાના અભિમાનનો તથા કર્મના ફલની

ઇચ્છાનો ત્યાગ, તેથી ચિત્તવૃત્તિને બ્રહ્માકાર કરવાનો પ્રયત્ન, તેથી ચિત્તની બાહ્યપ્રવણતા મટી પ્રત્યક્તત્ત્વપ્રવણતા, તેવડે તત્ત્વમસિ આદિ મહાવાક્યના અર્થનું પરિજ્ઞાન, તેથી અવિદ્યાનો ઉચ્છેદ ને તેવડે સ્વાત્મામાં સ્થિતિ થાય છે. આ જ્ઞાનીમાં અભય આદિ દૈવીસંપત્તિ ને અમાનીપણું આદિ જ્ઞાનનાં સાધનો પૂર્ણ સ્થિતિમાં રહે છે. પાપના સંસ્કારોના અભાવથી તેમનામાં યથેષ્ટાચરણ સંભવતું નથી. પરમતત્ત્વને પોતાના આત્મરૂપે જાણ્યા છતાં પણ જો તેનાથી યથેષ્ટાચરણ થાય તો પછી શ્વાનમાં ને તત્ત્વજ્ઞાનીમાં શો ભેદ રહે ? કાંઇ પણ ભેદ ન રહે. જ્ઞાનીઓ વિષ્ઠાનું ભક્ષણ કરનારાં ગામનાં ભુંડોની ઉપમાને પ્રાપ્ત કરવા ઇચ્છતા નથી, પણ પૂર્વના શુભ સંસ્કારોથી પોતાની બુદ્ધિના સઘળા દોષોને ત્યજી દઇ ઈશ્વરજેવા થવાને ઇચ્છે છે—શુદ્ધસત્ત્વગુણયુક્ત અંતઃકરણવાળા રહેવાને ઇચ્છે છે. ૩૧

હવે પરમયોગીના સ્વરૂપને કહે છેઃ—

आत्मौपम्येन सर्वत्र, समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं, स योगी परमो मतः ॥३२॥

પ૦ ત૦ પ૦:—आत्मौपम्येन પોતાના દૃષ્ટાંતથી **सर्वत्र** સર્વત્ર **समम्** સમાન **पश्यति** દેખે છે **यः** જે **अर्जुन** હે અર્જુન ! **सुखम् वा** સુખને **यदि वा** અથવા **दुःखम्** દુઃખને **सः** તે **योगी** યોગી **परमः** શ્રેષ્ઠ **मतः** માનેલો [છે.] ૩૨

શ૦:—હે અર્જુન ! જે સર્વત્ર પોતાના દૃષ્ટાંતથી સુખને અથવા દુઃખને સમાન દેખે છે તે યોગી [મેં સર્વ યોગીઓમાં] શ્રેષ્ઠ માન્યો [છે.]' ૩૨

ટી૦:—જે યોગી પુરુષ સર્વ પ્રાણીઓમાં પોતાના આત્માના દૃષ્ટાંતથી સુખને અથવા દુઃખને સમાન જાણે છે, અર્થાત્ જે યોગી રાગદ્વેષથી રહિત હોવાથી જેમ પોતાનું અનિષ્ટ કરતો નથી તેમ અન્ય પ્રાણીઓનું પણ અનિષ્ટ કરતો નથી, અને જેમ તે પોતાનું ઇષ્ટ સંપાદન કરે છે તેમ બીજા પ્રાણીઓનું પણ ઇષ્ટ સંપાદન કરે છે, તે વાસનાવિનાનો શાંત ચિત્તવાળો યોગી કેવલ તત્ત્વવેત્તાથી કિંવા માત્ર નેતિધોતિ આદિ શરીરનીજ યોગોપકારક ક્રિયાઓ કરનાર યોગીથી શ્રેષ્ઠ છે. એવી સ્થિતિએ પહોંચવાસારુ પુરુષે શ્રવણમનનાદિવડે તત્ત્વજ્ઞાન મેળવવાઉપરાંત યોગાભ્યાસવડે મનનો અને શુભવાસનાઓવડે અશુભવાસનાઓનો પણ નાશ કરવો જોઇએ. ૩૨

એવો યોગ પ્રાપ્ત થવો અશક્ય જણાય છે એવા આશય-નો પ્રશ્ન અર્જુન કરે છે:—

अर्जुन उवाच ॥

योऽयं योगस्त्वया प्रोक्तः, साम्येन मधुसूदन ।
एतस्याहं न पश्यामि, चंचलत्वात्स्थितिं स्थिराम् ॥३३॥

પ૦ ત૦ પ૦:—अर्जुनः અર્જુન उवाच બોલ્યા ॥ यः જે अयम् આ योगः યોગ त्वया આપે प्रोक्तः કહ્યો साम्येन સમાનપણાવડે-સમાન-પણું અનુભવવાનો मधुसूदन હે મધુસૂદન ! एतस्य તેની अहम् હું न નથી पश्यामि જોતો चंचलत्वात् ચંચલપણાને લીધે स्थितिम् સ્થિતિને स्थिराम् સ્થિર-લાંબો સમય ટકે એવી. ૩૩

શ૦:—અર્જુન બોલ્યા:-'હે મધુસૂદન ! સમાનપણું અનુ-ભવવાનો જે આ યોગ આપે કહ્યો તેની હું સ્થિર (લાંબા સમય-સુધીની) સ્થિતિને [મનના] ચંચલપણાને લીધે જોતો નથી. ૩૩

ટી૦:—મધુસૂદનનો અર્થ પૂર્વે થઇ ગયો છે. સમાનપણું અનુભવ-વાનો એટલે ચિત્તમાં રહેલા વિષમદૃષ્ટિના કારણભૂત રાગદ્વેષાદિકને ત્યજી સ્થિરપણે ચિત્તને આત્મસ્વરૂપમાં રાખવાનો. ૩૩

चंचलं हि मनः कृष्ण, प्रमाथि बलवद्दृढम् ।
तस्याहं निग्रहं मन्ये, वायोरिव सुदुष्करम् ॥ ३४ ॥

પ૦ ત૦ પ૦:—चंचलम् ચંચલ हि પ્રસિદ્ધરીતે मनः મન कृष्ण હે શ્રીકૃષ્ણ ! प्रमाथि [શરીરને અને ઇંદ્રિયોને] વિહ્વલ કરનાર बलवत् બલવાન્ दृढम् દૃઢ तस्य તેના अहम् હું निग्रहम् નિરોધને मन्ये માનું છું वायोः વાયુના इव જેવો सुदुष्करम् અત્યંત કઠણ. ૩૪

શ૦:—હે શ્રીકૃષ્ણ ! [આ] મન પ્રસિદ્ધરીતે ચંચલ, [શરીરને અને ઇંદ્રિયોને] વિહ્વલ કરનાર, બલવાન્ [અને] દૃઢ [છે.] તેના નિરોધને હું વાયુના જેવો અત્યંત કઠણ માનું છું.'૩૪

ટી૦:—આ મન અત્યંત ચંચલસ્વભાવવાળું છે એ સર્વ લોકોને અનુ-ભવસિદ્ધ છે, અને તે મન શરીરને તથા ઇંદ્રિયોને વિહ્વલ કરી પરવશ કરી દેનારું છે. વળી આ મન તેના ઇચ્છિત વિષયથી કોઈ પણ ઉપાયથી પાછું વાળી શકાતું નથી માટે બલવાન્ છે, તથા અસંખ્ય જન્મોની અનેક

સહસ્ત્ર વિષયવાસનાઓવાળું હોવાથી નાગપાશની પેઠે નહિ ભેદાય એવું છે; તાત્પર્ય કે મન એવું બહુ દૃઢ હોવાથી અત્યંત બલવાન્, બલવાન્ હોવાથી પ્રમાથિ ને પ્રમાથિ હોવાથી અતિશય ચંચલ છે. એવા મનનો નિગ્રહ–વૃત્તિરહિત સ્થિરભાવ–કરવો તે આકાશમાં ચલાયમાન થઈ રહેલા વાયુના નિશ્ચલપણાના જેવો અત્યંત અશક્ય છે એમ હું માનું છું. ૩૪

અર્જુનના તે પ્રશ્નનું શ્રીકૃષ્ણ સમાધાન કરે છે:—

श्रीभगवानुवाच ॥

असंशयं महाबाहो, मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौंतेय, वैराग्येण च गृह्यते ॥३५॥

પ૦ ત૦ પ૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **असंशयम्** સંદેહરહિત **महाबाहो** હે મહાબાહો ! **मनः** મન **दुर्निग्रहम्** દુર્નિગ્રહ–જેનો નિરોધ કરવો અત્યંત કઠણ છે એવું **चलम्** ચંચલ **अभ्यासेन** અભ્યાસવડે **तु** પણ **कौंतेय** હે કૌંતેય ! **वैराग्येण** વૈરાગ્યવડે **च** અને **गृह्यते** નિરોધ થઇ શકે છે. ૩૫

શ૦:—શ્રીભગવાન્ બોલ્યા:—'હે મહાબાહો ! મન [એ] દુર્નિગ્રહ (જેનો નિરોધ કરવો અત્યંત કઠણ છે એવું) [અને] ચંચલ [છે એ] સંદેહરહિત [છે,] પણ અભ્યાસવડે અને વૈરાગ્યવડે હે કૌંતેય ! [તેનો] નિરોધ થઈ શકે છે. ૩૫

ટી૦:—મંદવિરાગને મહાબાહો એવું સંબોધન કરી તેનું ઉત્કૃષ્ટપણું સૂચવી મનોનિગ્રહ કરવામાં તેનું સમર્થપણું બતાવ્યું છે. મનોનિગ્રહ નહિ કરનારા અસંયતાત્મા (શરીરને તથા ઇંદ્રિયોને વશ નહિ રાખનારા) પુરુષને એ મન દુઃખે કરીને પણ નિરોધ કરવું અશક્ય છે, તથા એ મન સ્વભાવથીજ ચંચલ છે એમ જે તું કહે છે તે તારા કહેવામાં કાંઇ પણ સંશય નથી, પરંતુ મનોનિગ્રહ કરવા ઇચ્છતા સંયતાત્મા પુરુષો તો એ મનનો અભ્યાસથી અને વૈરાગ્યથી નિગ્રહ કરે છે. આત્મામાં ચિત્તને વૃત્તિરહિત સ્થિર સ્થાપવાની ઉત્સાહપૂર્વક જે વારંવાર આવૃત્તિ તે અભ્યાસ, અને શબ્દાદિક વિષયો તથા ત્રણ ગુણોમાં જે નિઃસ્પૃહપણું તે વૈરાગ્ય. શ્રીયોગવાસિષ્ઠમાં આ બે ઉપાયોનેજ ચારરૂપે વર્ણવ્યા છે, તે આ પ્રમાણેઃ–અધ્યાત્મવિદ્યાની પ્રાપ્તિ, મહાત્માઓનો શ્રદ્ધાભક્તિપૂર્વક સમાગમ, વાસનાઓનો ત્યાગ ને પ્રાણાયામ. અભ્યાસ અને વૈરાગ્ય એ બંનેનું સાથેજ અનુષ્ઠાન કરવું આવશ્યક

હોવાથી મૂલમાં चकार મુક્યો છે. શ્રીપતંજલિભગવાને પણ 'अभ्यासवैराग्याभ्यां तन्निरोधः' (અભ્યાસ અને વૈરાગ્યવડે ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે) એ સૂત્રથી એમજ કહ્યું છે. અભ્યાસના તથા વૈરાગ્યના સંબંધમાં વિશેષ જાણવા ઇચ્છા થાય તો શ્રીપાતંજલયોગદર્શનની ટીકા જુઓ. ૩૫

असंयतात्मना योगो, दुष्प्राप इति मे मतिः ।

वश्यात्मना तु यतता, शक्योऽवाप्तुमुपायतः ॥३६॥

પ૦ ત૦ પ૦:—**असंयतात्मना** જેણે દેહાદિને વશ રાખેલાં નથી એવાને **योगः** યોગ **दुष्प्रापः** અત્યંત દુઃખે પણ પ્રાપ્ત થવો અશક્યજેવો **इति** આ [વાર્તા] **मे** મને **मतिः** સંમત [છે] **वश्यात्मना** જેણે દેહાદિને વશ રાખેલાં છે એવા **तु** પણ **यतता** પ્રયત્ન કરનાર[પુરુષ]વડે **शक्यः** શક્ય [છે] **अवाप्तुम्** પ્રાપ્ત કરવાને **उपायतः** ઉપાયથી. ૩૬

શ૦:—જેણે દેહાદિને વશ રાખેલાં નથી એવાને યોગ દુષ્પ્રાપ (અત્યંત દુઃખે પણ પ્રાપ્ત થવો અશક્યજેવો) [છે] આ [વાર્તા] મને સંમત [છે,] પણ જેણે દેહાદિને વશ રાખ્યાં છે એવા પ્રયત્ન કરનાર[પુરુષ]વડે ઉપાયથી [યોગ] પ્રાપ્ત કરવાને શક્ય [છે.]' ૩૬

ટી૦:—યોગશાસ્ત્રનાં રહસ્યોને શ્રીસદ્‌ગુરુથી તથા યોગશાસ્ત્રોથી જાણ્યા છતાં પણ પ્રમાદ ને આલસ્ય આદિકને લીધે જેણે શરીર તથા ઇંદ્રિયોને વશ રાખી અભ્યાસ તથા વૈરાગ્યવડે ચિત્તનો નિરોધ કરવામાં ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિ કરી નથી તેવાથી, તે યોગની પ્રાપ્તિ દુઃખે કરીને પણ થઈ શકવી અશક્યજેવી છે એમ જે તું કહે છે તે હું સ્વીકારું છું, પરંતુ જેણે દેહેંદ્રિયને નિયમમાં રાખી ચિત્તનો જય કરેલો છે એટલે તેની વિષયોને અધીન રહેવારૂપ પરતંત્રતા છોડાવી દીધી છે એવો યોગાભ્યાસી પુરુષ શાસ્ત્રોક્ત પુરુષપ્રયત્નરૂપ ઉપાયથી ચિત્તની સર્વ વૃત્તિઓના નિરોધરૂપ યોગને પામે છે, કે જે યોગ પ્રારબ્ધકર્મનું પણ ઉલ્લંઘન કરવામાં સમર્થ છે. ૩૬

અલ્પ યત્ન કરનાર શ્રદ્ધાલુ યોગભ્રષ્ટની કેવી ગતિ થાય છે એમ અર્જુન શ્રીકૃષ્ણને પૂછે છે:—

अर्जुन उवाच ॥

अयतिः श्रद्धयोपेतो, योगाच्चलितमानसः ।

अप्राप्य योगसंसिद्धिं, कां गतिं कृष्ण गच्छति ॥३७॥

૫૦ ત૦ ૫૦:—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **अयतिः** સમ્યક્ પ્રયત્ન નહિ કરનારો **श्रद्धया** શ્રદ્ધાવડે **उपेतः** યુક્ત **योगात्** યોગથી **चलितमानसः** ચલાયમાન થયેલા મનવાળો **अप्राप्य** નહિ પામીને **योगसंसिद्धिम्** યોગસંસિદ્ધિને–કૈવલ્યને **काम्** કઇ **गतिम्** ગતિને **कृष्ण** હે શ્રીકૃષ્ણ ! **गच्छति** જાય છે–પામે છે. ૩૭

શ૦:—અર્જુન બોલ્યા:—' શ્રદ્ધાવડે યુક્ત [પણ] સમ્યક્ પ્રયત્ન નહિ કરનારો [તથા] યોગથી ચલાયમાન થયેલા મનવાળો [અભ્યાસી] યોગસંસિદ્ધિને (કૈવલ્યને) નહિ પામીને હે શ્રીકૃષ્ણ ! કઇ ગતિને પામે છે ? ૩૭

ટી૦:—શ્રીસદ્‌ગુરુમાં, યોગશાસ્ત્રોમાં તથા યોગમાં શ્રદ્ધાવાળો છતાં પણ યોગવિઘ્નોને લીધે કે તેના ભયથી સમ્યક્ પ્રકારે યોગાભ્યાસમાં પ્રયત્ન નહિ કરનારો, પણ માત્ર અલ્પ પ્રયત્ન કરનારો, અને દૃઢતાપૂર્વક યોગનું અનુષ્ઠાન કરવાથી થતા આત્મસાક્ષાત્કારરૂપ ફલને જેનું મન પામ્યું નથી એવો અભ્યાસી પ્રકૃતિના અત્યંતતિરોભાવરૂપ કૈવલ્યને નહિ પામતાં એવીજ સ્થિતિમાં શરીર છુટી જવાથી કઇ ગતિને પામતો હશે ? સારી ગતિને કે નઠારી ગતિને ? તાત્પર્ય કે તેણે નિત્યનૈમિત્તિકકર્મો તો ઈશ્વરાર્પણ કર્યાં છે, અને તેને વિવેકજ્ઞાનની ઉત્પત્તિ થઇ નથી તેથી તેને નઠારી ગતિની પ્રાપ્તિ પણ સંભવી શકે છે, અને તેણે યોગશાસ્ત્રોક્ત મોક્ષનાં સાધનોનું અનુષ્ઠાન કર્યું છે, તથા નિષિદ્ધકર્મોનો પરિત્યાગ કર્યો છે માટે તેને સારી ગતિની પ્રાપ્તિ પણ સંભવી શકે છે. ૩૭

હવે પૂર્વોક્ત સંશયને વિશેષ સ્પષ્ટ કરે છે:—

कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ।

अप्रतिष्ठो महाबाहो, विमूढो ब्रह्मणः पथि ॥३८॥

૫૦ ત૦ ૫૦:—**कच्चित्** શું **न** નથી **उभयविभ्रष्टः** બંનેથી ભ્રષ્ટ થયેલો **छिन्नाभ्रम्** છુટા પડેલા વાદળાની **इव** પેઠે **नश्यति** નાશ પામતો **अप्रतिष्ठः** [કર્મ તથા ઉપાસના એ બંનેના] આશ્રયવિનાનો **महाबाहो** હે મહાબાહો !–હે શ્રીકૃષ્ણ ! **विमूढः** અત્યંતમૂઢ **ब्रह्मणः** બ્રહ્મના **पथि** માર્ગમાં. ૩૮

શ૦:—હે મહાબાહો ! બ્રહ્મના માર્ગમાં અત્યંતમૂઢ, [કર્મ તથા ઉપાસના એ બંનેના] આશ્રયવિનાનો [ને] બંનેથી ભ્રષ્ટ થયેલો [પુરુષ] છુટા પડેલા વાદળાની પેઠે શું નાશ નથી પામતો ? ૩૮

ટી૦:—મહાબાહો-સાધકને ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરુષાર્થો દેવામાં જેની ભુજાઓ-શક્તિઓ-સમર્થ છે એવા આત્મા. તે અયતિ (આત્મસાક્ષાત્કાર જેને થયો નથી એવો મંદપ્રયત્ન કરનારો યોગાભ્યાસી) આત્માના સાક્ષાત્કારથી રહિત હોવાથી બ્રહ્મજ્ઞાનરૂપ માર્ગમાં અત્યંતમૂઢ છે. સ્વર્ગની (પિતૃલોકની) પ્રાપ્તિ કરનારાં કર્મો અને બ્રહ્મલોકની પ્રાપ્તિ કરનારી ઉપાસનાથી પણ તે રહિત છે. આવી રીતે કર્મ તથા જ્ઞાન એ બંનેથી ભ્રષ્ટ થયેલો તે વાદળાના એક સમૂહથી છુટી વાદળાના બીજા સમૂહને નહિ મળેલા નાના વાદળાની પેઠે મધ્યમાંજ નાશ પામતો નથી શું ? ૩૮

પૂર્વોક્ત સંશયની નિવૃત્તિ કરવામાટે અર્જુન શ્રીકૃષ્ણની પ્રાર્થના કરે છે:—

एतन्मे संशयं कृष्ण, छेत्तुमर्हस्यशेषतः ।
त्वदन्यः संशयस्यास्य, छेत्ता न ह्युपपद्यते ॥३९॥

પ૦ ત૦ પ૦:—**एतत्** આ **मे** મારા **संशयम्** સંશયને **कृष्ण** હે શ્રીકૃષ્ણ ! **छेत्तुम्** છેદવાને **अर्हसि** યોગ્ય છો **अशेषतः** સમૂળો **त्वदन्यः** આપના વિના બીજો કોઇ **संशयस्य** સંશયનો **अस्य** આ **छेत्ता** છેદનાર **न** નથી **हि** નિશ્ચય **उपपद्यते** સંભવતો. ૩૯

શ્લો૦:—હે શ્રીકૃષ્ણ ! મારા આ સંશયને સમૂળો છેદવાને [આપજ] યોગ્ય છો. નિશ્ચય આપના વિના બીજો કોઇ આ સંશયનો છેદનાર સંભવતો નથી.' ૩૯

ટી૦:—સમૂળો એટલે સંશયના મૂલભૂત અધર્મસહિત. બીજો કોઇ એટલે અન્ય કોઇ ઋષિ કે દેવતા. ૩૯

અર્જુનના સંશયની નિવૃત્તિ કરવા શ્રીકૃષ્ણ ઉત્તર આપે છે:—

श्रीभगवानुवाच ॥

पार्थ नैवेह नामुत्र, विनाशस्तस्य विद्यते ।
न हि कल्याणकृत्कश्चिद्, दुर्गतिं तात गच्छति ॥४०॥

પ૦ ત૦ પ૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા **॥** **पार्थ** હે પાર્થ ! **न** નથી **एव** કદીપણ **इह** આ લોકમાં **न** નથી **अमुत्र** પરલોક-

માં **विनाशः** વિનાશ **तस्य** તેનો **विद्यते** વિદ્યમાન **न** નથી **हि** કેમકે **कल्याणकृत्** કલ્યાણ કરનાર **कश्चित्** કોઇ પણ **दुर्गतिम्** નઠારી ગતિને **तात** હે તાત ! **गच्छति** જાય છે-પામતો. ૪૦

શ૦:—શ્રીભગવાન્ બોલ્યા:—' હે પાર્થ! તેનો આ લોકમાં કદીપણ વિનાશ વિદ્યમાન નથી, પરલોકમાં [પણ વિનાશ] નથી, કેમકે હે તાત ! કલ્યાણ કરનાર–શુભ માર્ગનું આચરણ કરનાર– કોઇ પણ [મનુષ્ય] નઠારી ગતિને પામતો નથી. ૪૦

ટી૦:—તે યોગભ્રષ્ટનો આ લોકમાં કદીપણ વિનાશ નથી, એટલે કે તેની આ લોકમાં શિષ્ટજનો અપકીર્તિ કરતા નથી, અને પરલોકમાં પણ તે કીટપતંગાદિ શરીરોની પ્રાપ્તિરૂપ નઠારી ગતિને પામતો નથી, કેમકે હે ભાઇ' [અહિં તાતશબ્દ પુત્રનો વાચક છે, ને શિષ્ય પણ જ્ઞાનના અલ્પપણાથી પુત્રતુલ્ય છે માટે આત્માએ પોતાની અતિશય પ્રીતિ જણાવવા મંદવિરાગને તાત એવું સંબોધન કર્યું છે.] શાસ્ત્રવિહિત કર્માદિનું અનુષ્ઠાન કરનાર કોઇ પણ પુરુષ નઠારી ગતિને પામતો નથી. ૪૦

ત્યારે તેને કેવા ફલની પ્રાપ્તિ થાય છે એ જાણવાની અર્જુનને ઇચ્છા થાય તો શ્રીકૃષ્ણ તેનું ઉત્તર આપે છે:—

प्राप्य पुण्यकृतांल्लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे, योगभ्रष्टोऽभिजायते ॥४१॥

પ૦ ત૦ પ૦:—प्राप्य પામી **पुण्यकृतान्** પુણ્યવાન્ લોકોને પ્રાપ્ત થનારા **लोकान्** લોકોને **उषित्वा** વસી **शाश्वतीः** ઘણો **समाः** કાલ **शुचीनाम्** પવિત્ર **श्रीमताम्** ધનવાનના **गेहे** ઘરમાં **योगभ्रष्टः** યોગથી ચલાયમાન થયેલો **अभिजायते** અવતરે છે. ૪૧

શ૦:—યોગથી ચલાયમાન થયેલો [તે યોગી] પુણ્યવાન્ લોકોને પ્રાપ્ત થનારા લોકોને પામી, [ત્યાં] ઘણો કાલ વસી, [પછી] પવિત્ર ધનવાન્‌ના ઘરમાં અવતરે છે. ૪૧

ટી૦:—કર્મોને ઈશ્વરાર્પણ કરી યોગાભ્યાસમાં જોડાયેલા પુરુષનું જો યોગની સિદ્ધિએ પહોંચ્યા પહેલાંજ શરીર છુટી જાય તો અભ્યાસની શિથિલતા કે તીવ્રતા અનુસાર તેને તે કાલે ભોગની કે વૈરાગ્યની વાસના સ્ફુરે છે. જે યોગભ્રષ્ટને મૃત્યુકાલે ભોગની વાસના સ્ફુરે છે તે અશ્વમેધાદિક યજ્ઞ કરનારાઓ-

ને પ્રાપ્ત થનારા બ્રહ્મલોકમાં જાય છે, અર્થાત્ અભ્યાસના તારતમ્ય-પ્રમાણે સ્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપોલોક કે સત્યલોકને પામે છે. તે લોકમાંના કોઈ પણ લોકને પામી ત્યાં ઘણા સમયસુધી નિવાસ કરી પછી શુદ્ધ માબાપથી ઉત્પન્ન થયેલા પવિત્ર આચરણવાળા ધનવાન્ ગૃહસ્થને ત્યાં કે રાજાને ત્યાં તે જન્મ પામે છે. ૪૧

હવે બીજા વૈરાગ્યવાન્ યોગભ્રષ્ટની મૃત્યુપછી કેવી ગતિ થાય છે તે કહે છે:—

अथवा योगिनामेव, कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं, लोके जन्म यदीदृशम् ॥४२॥

પ૦ ત૦ પ૦:—**अथवा** અથવા **योगिनाम्** યોગીઓના–ધનહીન બ્રાહ્મણોના **एव** જ **कुले** કુલને વિષે **भवति** ઉત્પન્ન થાય છે **धीमताम्** બુદ્ધિમાન્–અધ્યાત્મવિદ્યા જાણનારા **एतत्** એ **हि** ખરેખર **दुर्लभतरम्** અતિદુર્લભ **लोके** [આ] લોકમાં **जन्म** જન્મ **यत्** જે **ईदृशम्** આવો. ૪૨

શ૦:—અથવા બુદ્ધિમાન્–અધ્યાત્મવિદ્યા જાણનારા–ધનહીન બ્રાહ્મણોના કુલને વિષેજ [તે] ઉત્પન્ન થાય છે. ખરેખર [આ] લોકમાં આવો જે જન્મ એ અતિદુર્લભ [છે.] ૪૨

ટી૦:—શ્રદ્ધાવૈરાગ્યાદિ શુભ ગુણોની અધિકતાને લીધે જેની વિષયો ભોગવવાની વાસના નિવૃત્ત થઈ ગઈ છે એવો યોગભ્રષ્ટ મૃત્યુપછી પુણ્યવાન્ પુરુષોને પ્રાપ્ત થનારા લોકોને નહિ પામતાં અધ્યાત્મવિદ્યા જાણનારા યોગવેત્તા બ્રાહ્મણો કે જેઓ બહારની પ્રમાદ ઉપજાવનારી સંપત્તિથી રહિત છે તેઓના કુલમાં જન્મ પામે છે. એવા યોગવેત્તા ધનહીન બ્રાહ્મણોના કુલમાં જે તે યોગભ્રષ્ટનો જન્મ છે તે પ્રથમના યોગભ્રષ્ટના જન્મકરતાં અતિશ્રેષ્ઠ હોવાથી દુર્લભતર છે, કેમકે પ્રથમના યોગભ્રષ્ટને ચિત્તને વિક્ષેપ કરનારાં અનેક પ્રકારનાં નિમિત્તો છે તે સર્વે નિમિત્તો બીજા યોગભ્રષ્ટને જન્મથીજ અપ્રાપ્ત છે. ૪૨

બન્ને યોગભ્રષ્ટોની જન્મ પામ્યા પછી પુનઃ કેવી પ્રવૃત્તિ થાય છે તે કહે છે:—

तत्र तं बुद्धिसंयोगं, लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः, संसिद्धौ कुरुनंदन ॥ ४३ ॥

પ૦ ત૦ પ૦:—**तत्र** ત્યાં **तं** તે **बुद्धिसंयोगम्** બુદ્ધિસંયોગને **लभते** પામે છે **पौर्वदेहिकम्** પૂર્વના–પહેલાંના–શરીરના **यतते** યત્ન કરે છે **च** ફરીથી **ततः** ત્યારપછી **भूयः** અધિક **संसिद्धौ** સંસિદ્ધિમાં–કૈવલ્યને માટે **कुरुनंदन** હે કુરુનંદન !–હે અર્જુન ! ૪૩

શ૦:—ત્યાં (યોગીના કુલમાં કે પવિત્ર ધનવાનને ઘેર) પૂર્વશરીરના તે બુદ્ધિસંયોગને પામે છે, ત્યારપછી હે કુરુનંદન ! ફરીથી કૈવલ્યને માટે અધિક યત્ન કરે છે. ૪૩

ટી૦:—કહેલા બન્ને પ્રકારના જન્મમાં પૂર્વના શરીરમાં યોગાભ્યાસ-દ્વારા બુદ્ધિની જેટલી નિર્મલતા કરી હોય તે નિર્મલતાના સંયોગને તેઓ પામે છે, અર્થાત્ જે ભૂમિકાપર્યંત તેમનો અભ્યાસ થયેલો હોય તે ભૂમિકાને તેઓ પામે છે, ને ત્યારપછી પુનઃ કૈવલ્યની પ્રાપ્તિમાટે અધિક અધિક પ્રયત્ન કરે છે, અર્થાત્ એ યોગભ્રષ્ટ પૂર્વજન્મમાં જે ભૂમિકા સંપાદન કરી હોય તેનાથી આગળની કૈવલ્યપર્યંતની ભૂમિકાઓને તે ઉત્તરજન્મમાં સંપાદન કરે છે. ૪૩

પહેલા પ્રકારના જન્મવાળો પ્રમાદ ઉપજાવનારા પ્રાપ્તિ-પદાર્થોના સહવાસમાં રહ્યા છતાં યોગાભ્યાસમાં શી રીતે પ્રવૃત્ત થઈ શકે એવી અર્જુનને શંકા થાય તો તેનું સમાધાન કરે છે:—

पूर्वाभ्यासेन तेनैव, ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य, शब्दब्रह्मातिवर्तते ॥४४॥

પ૦ ત૦ પ૦:—**पूर्वाभ्यासेन** પૂર્વના અભ્યાસને લીધે **तेन** તે **एव** જ **ह्रियते** ખેંચાય છે **हि** નિશ્ચય **अवशः** પ્રયત્ન નહિ કરતો છતો **अपि** પણ **सः** તે **जिज्ञासुः** જિજ્ઞાસુ **अपि** પણ **योगस्य** યોગનો **शब्दब्रह्म** વેદને–વેદમાં કહેલા કર્માનુષ્ઠાનના ફલને **अतिवर्तते** ઓળંગી જાય છે. ૪૪

શ૦:—તે પ્રયત્ન નહિ કરતો છતો પણ તે પૂર્વના અભ્યાસને લીધેજ ખેંચાય છે, નિશ્ચય યોગનો જિજ્ઞાસુ પણ વેદમાં કહેલા કર્માનુષ્ઠાનના ફલને ઓળંગી જાય છે. ૪૪

ટી૦:—પરલોકના ઉત્તમ ભોગો ભોગવી પવિત્ર અને ભાગ્યવાન્ ગૃહસ્થને કે રાજાને ત્યાં જન્મેલો યોગભ્રષ્ટ પુરુષ કૈવલ્યનાં સાધનોને માટે નહિ પ્રયત્ન કરતો છતો પણ તેના પૂર્વજન્મના યોગના સંસ્કારોને લીધે તે આકસ્મિકરીતે ભોગવાસનાથી નિવૃત્ત થઇ મોક્ષનાં સાધનોમાં પ્રવૃત્ત થાય છે. ભોગવાસના બહુકાલની હોવા છતાં મિથ્યારૂપ હોવાથી અલ્પકાલની

સત્યરૂપ બ્રહ્મની સાથે સંબંધ રાખનારી જ્ઞાનવાસનાની પ્રબલતાથી તે શીઘ્ર ઉત્પન્ન થાય છે. નિશ્ચય યોગની શુભેચ્છાનામની પ્રથમ ભૂમિકાવાળો યોગી પણ તે સ્થિતિમાં મૃત્યુ થવાથી કર્માનુષ્ઠાનથી મળતા પિતૃલોકને ઓળંગીને ઉપરના લોકોમાં જાય છે, ને ત્યાંથી પાછો અહિં આવી જ્ઞાનદ્વારા મોક્ષ પામે છે. ૪૪

પૂર્વના જન્મથી અધિક યત્ન કરનારો એવો યોગી મોક્ષને પામે છે એમ જણાવે છે:—

प्रयत्नाद्यतमानस्तु, योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥४५॥

પ૦ ત૦ પ૦:—**प्रयत्नात्** પ્રયત્નથી **यतमानः** પ્રયત્ન કરનારો **तु** પણ **योगी** યોગી **संशुद्धकिल्बिषः** જેનાં પાપ ધોવાઈ ગયાં છે **अनेकजन्मसंसिद्धः** અનેક જન્મનાં પુણ્યકર્મોથી જેને છેલ્લો જન્મ પ્રાપ્ત થયો છે એવો **ततः** ત્યારપછી **याति** જાય છે–પામે છે **पराम्** શ્રેષ્ઠ **गतिम्** ગતિને. ૪૫

શ૦:—[જે] યોગી પ્રયત્નથી પણ [અધિક] પ્રયત્ન કરનારો [છે,] જેનાં પાપ ધોવાઈ ગયાં છે, [તથા] અનેક જન્મનાં પુણ્યકર્મોથી જેને છેલ્લો જન્મ પ્રાપ્ત થયો છે એવો [તે યોગી] ત્યારપછી શ્રેષ્ઠ ગતિને–કૈવલ્યને–પામે છે. ૪૫

ટી૦:—જે યોગિપુરુષ પૂર્વજન્મમાં કરેલા પ્રયત્નથી પણ અતિઅધિક પ્રયત્ન કરે છે, તથા પૂર્વજન્મના યોગાભ્યાસના સંસ્કારરૂપ જલથી જેના જ્ઞાનને પ્રતિબંધ કરનારા પાપરૂપ મલ ધોવાઈ ગયા છે, અને પૂર્વના યોગસંસ્કારોના તથા પુણ્યકર્મોના પ્રભાવથી જેને છેલ્લો જન્મ પ્રાપ્ત થયો છે એવો તે યોગભ્રષ્ટ પુરુષ સાધનના પરિપાકથી પુનરાવૃત્તિરહિત કૈવલ્યને પ્રાપ્ત થાય છે. ૪૫

હવે પૂર્વોક્ત યોગની સ્તુતિ કરે છે:—

तपस्विभ्योऽधिको योगी, ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी, तस्माद्योगी भवार्जुन ॥४६॥

પ૦ ત૦ પ૦:—**तपस्विभ्यः** તપસ્વીઓથી **अधिकः** અધિક–શ્રેષ્ઠ **योगी** યોગી **ज्ञानिभ्यः** શાસ્ત્રાર્થ જાણનાર પંડિતોથી **अपि** પણ **मतः** માનેલો છે **अधिकः** અધિક **कर्मिभ्यः** કર્મો કરનારાથી **च** તથા **अधिकः** અધિક **योगी** યોગી **तस्मात्** માટે **योगी** યોગી **भव** થાઓ **अर्जुन** હે અર્જુન ! ૪૬

શ૦:—યોગી તપસ્વીઓથી અધિક માનેલો છે, શાસ્ત્રાર્થ જાણનાર પંડિતોથી પણ [યોગી] અધિક [માનેલો છે,] તથા [તે] યોગી [અગ્નિહોત્રાદિ] કર્મો કરનારાથી [પણ] અધિક [માનેલો છે] માટે હે અર્જુન ! [તમે] યોગી થાઓ. ૪૬

ટી૦:—પરવૈરાગ્યદ્વારા અસંપ્રજ્ઞાતસમાધિને પામેલો યોગિપુરુષ કૃચ્છ્‌-ચાંદ્રાયણાદિરૂપ તપ કરનારા તપસ્વીઓથી મેં શ્રેષ્ઠ માનેલ છે, તથા શાસ્ત્રાર્થ જાણનાર પરોક્ષજ્ઞાનીઓથી પણ તે યોગીને મેં શ્રેષ્ઠ માનેલ છે, તેમજ અગ્નિહોત્ર તથા જ્યોતિષ્ટોમાદિ વૈદિકકર્મો કરનારાથી પણ તે મહાત્મા યોગીને મેં શ્રેષ્ઠ માનેલ છે માટે હે મંદવિરાગ ! તું પણ તત્ત્વજ્ઞાન, મનોનાશ ને વાસનાક્ષય સંપાદન કરી અસંપ્રજ્ઞાતસમાધિરૂપ યોગને પામી યોગી થા. ૪૬

સર્વ યોગીઓમાં શ્રેષ્ઠ યોગી કોણ છે તે કહે છે:—

योगिनामपि सर्वेषां मद्गतेनांतरात्मना ।
श्रद्धावान्भजते यो मां, स मे युक्ततमो मतः ॥४७॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे आत्मसंयमयोगो नाम षष्ठोऽध्यायः ॥ ६ ॥

પદચ્છેદ તથા પદાર્થ:—योगिनाम् યોગીઓમાં **अपि** પણ **सर्वेषाम्** સર્વે **मद्गतेन** મારામાં અર્પણ કરેલા **अंतरात्मना** ચિત્તવડે **श्रद्धावान्** શ્રદ્ધાવાન **भजते** ભજે છે **यः** જે **माम्** મને **सः** તે **मे** મારો **युक्ततमः** અતિશય સમાહિત **मतः** માનેલો છે. ૪૭

શબ્દાર્થ:—સર્વે યોગીઓમાં પણ જે શ્રદ્ધાવાન્ મારામાં અર્પણ કરેલા ચિત્તવડે મને ભજે છે તે અતિશય સમાહિત (એકાગ્રચિત્તવાળો) મારો માનેલો છે. ૪૭

ટીકા:—વસુ ને રુદ્ર આદિક અન્ય દેવતાઓનું ધ્યાન કરનારા સર્વ યોગીઓના કરતાં જે યોગી મારામાં અત્યંત પ્રીતિપૂર્વક ચિત્તને અર્પણ કરી મારા ભજનમાંજ અત્યંત શ્રદ્ધાવાન્ થઈ મને ભજે છે તે યોગીને હું અત્યંત સમાહિતચિત્તવાળો માનું છું, તાત્પર્ય કે યોગાભ્યાસનો ક્લેશ તથા ભજનનો પ્રયત્ન તે બંનેને સમાન છતાં પણ મારી ભક્તિથી રહિત યોગિપુરુષોથી મારો ભક્ત એવો યોગી શ્રેષ્ઠ છે. ૪૭

એ રીતે ૬ અધ્યાયથી કર્મકાંડનું તથા ત્વંપદાર્થનું (જીવના સ્વરૂપનું) નિરૂપણ સંપૂર્ણ કર્યું.

इति श्रीमन्मथुरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्यदीपिकाख्यायामात्मसंयमयोगो नाम षष्ठोऽध्यायः ॥ ६ ॥

॥ ॐ ॥

અધ્યાય ૭ મો.

જ્ઞાનયોગ.

હવે સાતમા અધ્યાયથી બારમા અધ્યાયસુધી ઉપાસનાકાંડનું તથા તત્પદાર્થનું નિરૂપણ કરવું છે માટે પ્રથમ પોતાના સ્વરૂપનું તથા તેમાં મનને સ્થિર કરવાની રીતનું નિરૂપણ કરવાનો આરંભ ભગવાન્ શ્રીકૃષ્ણ કરે છે:—

श्रीभगवानुवाच ॥

मय्यासक्तमनाः पार्थ, योगं युंजन्मदाश्रयः ।
असंशयं समग्रं मां, यथा ज्ञास्यसि तच्छृणु ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થ:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **मयि** મારામાં **आसक्तमनाः** આસક્તમનવાળા **पार्थ** હે અર્જુન ! **योगम्** યોગને **युंजन्** જોડતા—કરતા—છતા **मदाश्रयः** મારે આશ્રયે રહેલા **असंशयम्** સંશયરહિત **समग्रम्** સર્વ [વિભૂતિવાળા] **माम्** મને **यथा** જે પ્રકારે **ज्ञास्यसि** જાણશો **तत्** તે [પ્રકાર] **शृणु** સાંભળો. ૧

શબ્દાર્થ:—શ્રીભગવાન્ બોલ્યા:—હે અર્જુન ! મારામાં આસક્તમનવાળા [અને] મારે આશ્રયે રહેલા યોગને કરતા છતા [તમે] સંશયરહિત સર્વ [વિભૂતિવાળા] મને જે પ્રકારે જાણશો તે [પ્રકાર મારાથી] સાંભળો. ૧

ટીકા:—રાજા આદિના દાસો તેમને આશ્રયે તો રહેલા છે, પણ તેઓ તેમનામાં આસક્તમનવાળા નથી, પરંતુ પોતાના સ્ત્રીપુત્રધનાદિક પ્રાણિપદાર્થોમાંજ આસક્તિવાળા હોય છે, પણ મારા અનન્ય ભક્તો એવા

નથી, તેઓ તો મારા આશ્રિત ને મારામાંજ આસક્તિવાળા છે. સર્વ વિભૂતિવાળા એટલે અણિમાદિ આઠ ઐશ્વર્યો જેનામાં સંપૂર્ણપણે રહ્યાં છે એવા. ૧

ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्, ज्ञातव्यमवशिष्यते ॥ २ ॥

૫૦ ત૦ ૫૦:—**ज्ञानम्** જ્ઞાન **ते** તમને **अहम्** હું **सविज्ञानम्** વિજ્ઞાનસહિત **इदम्** આ **वक्ष्यामि** કહીશ **अशेषतः** કાંઈ પણ બાકી ન રહે તેમ **यत्** જેને **ज्ञात्वा** જાણીને **न** નથી **इह** અહિં **भूयः** ફરીથી **अन्यत्** બીજું [કાંઈ પણ] **ज्ञातव्यम्** જાણવાયોગ્ય **अवशिष्यते** પછવાડે રહેતું. ૨

શા૦:—હું તમને આ વિજ્ઞાનસહિત જ્ઞાન કાંઈ પણ બાકી ન રહે તેમ કહીશ, [કે] જેને જાણીને અહિં ફરીથી બીજું [કાંઈ પણ] જાણવાયોગ્ય પછવાડે રહેતું નથી. ૨

ટી૦:—વિજ્ઞાન—સંશયવિપર્યયથી રહિત-હાથમાં રાખેલા આંબળાના અથવા નિર્મલ જલના જેવું-પ્રત્યક્ષજ્ઞાન. જ્ઞાન-સંશયવિપર્યયરૂપ પ્રતિબંધથી પોતાના આત્મસાક્ષાત્કારરૂપ ફલને નહિ ઉપજાવનારું પરોક્ષજ્ઞાન. ' કાંઇ પણ બાકી ન રહે તેમ ' એટલે સર્વ. સાધન, ફલ, લક્ષણ અને ભેદસહિત એક આત્માનું અપરોક્ષજ્ઞાન થવાથી જિજ્ઞાસુને સર્વ વસ્તુનું જ્ઞાન થાય છે માટે તે આત્માને યથાવિધિ જાણવાથી આત્મજ્ઞાનીને આ સંસારમાં પુનઃ બીજી કોઇ પણ વસ્તુ જાણવાયોગ્ય બાકી રહેતી નથી. ૨

એ આત્મજ્ઞાનની સ્તુતિ કરે છે:—

मनुष्याणां सहस्रेषु, कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां, कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥ ३ ॥

૫૦ ત૦ ૫૦:—**मनुष्याणाम्** મનુષ્યોના **सहस्रेषु** હજારોમાં **कश्चित्** કોઇક **यतति** પ્રયત્ન કરે છે **सिद्धये** આત્મજ્ઞાનને માટે **यतताम्** પ્રયત્ન કરનારા **अपि** પણ **सिद्धानाम्** સિદ્ધોમાં **कश्चित्** કોઇક **माम्** મને **वेत्ति** જાણે છે **तत्त्वतः** વાસ્તવિકરીતે. ૩

શા૦:—મનુષ્યોના હજારોમાં (હજારો મનુષ્યોમાં) કોઇક આત્મજ્ઞાનને માટે પ્રયત્ન કરે છે, [અને] પ્રયત્ન કરનારા

સિદ્ધોમાં પણ કોઇક [આત્માથી અભિન્ન] મને વાસ્તવિકરીતે જાણે છે. ૩

ટી૦:—શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલા જ્ઞાનનું તથા કર્મનું અનુષ્ઠાન કરવાને યોગ્ય એવા લાખો અધિકારી મનુષ્યોમાંથી કોઈ એક મનુષ્યજ પૂર્વજન્મનાં અનેક પુણ્યકર્મોના પરિપાકને લીધે પોતાના અંતઃકરણની શુદ્ધિદ્વારા જ્ઞાનની ઉત્પત્તિ કરવામાટે પ્રયત્ન કરે છે, અને એવા આત્મજ્ઞાનની પ્રાપ્તિમાટે પ્રયત્ન કરનારા લાખો સાધકોમાંથી પણ કોઇ એક મહાપુણ્યશાલી સાધકજ શ્રવણ, મનન અને નિદિધ્યાસનના પરિપાકપછી આત્માથી અભિન્ન મને વાસ્તવિકરૂપે જાણે છે, અર્થાત્ માયાને પાર રહેલું મારું પારમાર્થિક સ્વરૂપ જાણવું અત્યંત કઠિન હોવાથી કરોડો મનુષ્યોમાંથી કોઇ એકજ તેને યથાર્થ જાણી શકે છે. ૩

હવે પોતાની આઠ પ્રકારની જડ પ્રકૃતિને કહે છે:—

भूमिरापोऽनलो वायुः, खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे, भिन्ना प्रकृतिरष्टधा ॥ ४ ॥

પ૦ ત૦ પ૦:—**भूमिः** ભૂમિ **आपः** જલ **अनलः** અગ્નિ **वायुः** વાયુ **खम्** આકાશ **मनः** મન **बुद्धिः** બુદ્ધિ **एव** વળી **च** ને **अहंकारः** અહંકાર **इति** એમ **इयम्** આ **मे** મારી **भिन्ना** ભેદવાળી [છે] **प्रकृतिः** પ્રકૃતિ **अष्टधा** આઠ પ્રકારે. ૪

શ૦:—ભૂમિ, જલ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ ને વળી અહંકાર એમ મારી આ પ્રકૃતિ આઠ પ્રકારે ભેદવાળી [છે.]૪

ટી૦:—ગંધ, રસ, રૂપ, સ્પર્શ, શબ્દ, અહંકાર, મહત્તત્ત્વ અને અ-વ્યક્ત (પ્રકૃતિ) એવી રીતે મારી ત્રિગુણાત્મિકા માયારૂપ પ્રકૃતિ કહેલા ગંધાદિક આઠ પ્રકારના ભેદને પામેલી છે. અહિં ભૂમિ આદિ પાંચ ભૂતો-નાં નામોવડે તેમના કારણરૂપ તેમની તન્માત્રાઓ (સૂક્ષ્મભૂતો) સમજવાની છે, અને મનવડે અહંકાર, બુદ્ધિવડે મહત્તત્ત્વ ને અહંકારવડે અવ્યક્ત એ જાણવાં. એ પ્રત્યેક તત્ત્વની વિશેષ સમજમાટે શ્રીસાંખ્યપ્રવચનની ટીકા જુઓ. ૪

હવે ક્ષેત્રજ્ઞરૂપ પરાપ્રકૃતિને કહે છે:—

अपरेयमितस्त्वन्यां, प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो, ययेदं धार्यते जगत् ॥ ५ ॥

પ૦ ત૦ પ૦:—अपरा અપરા इयम् આ इतः એનાથી तु હવે अन्याम् બીજી प्रकृतिम् પ્રકૃતિને विद्धि જાણો मे મારી पराम् પરા-શ્રેષ્ઠ जीवभूताम् જીવરૂપ महाबाहो હે મહાબાહો ! यया જેણે इदम् આ धार्यते ધારણ કરાય છે जगत् જગત. ૫

શ૦:—આ અપરા [પ્રકૃતિ,] હવે એનાથી બીજી મારી જીવરૂપ પરાપ્રકૃતિને [તમે] જાણો. હે મહાબાહો ! જેણે આ જગત્ ધારણ કરાય છે. ૫

ટી૦:—પૂર્વ શ્લોકમાં કહેલી આઠ પ્રકારની જડ પ્રકૃતિને અપરા એટલે ઊતરતી જાણવી, કેમકે તે અચેતન, પરાર્થ (પુરુષના ભોગમોક્ષરૂપ પ્રયોજનવાળી) અને સંસારરૂપ બંધનમાં નાંખનારી છે. એ ક્ષેત્રરૂપ અપરા-પ્રકૃતિથી મારી ક્ષેત્રજ્ઞરૂપ વિશુદ્ધ પ્રકૃતિને તું પરાપ્રકૃતિ જાણ. એ પરાપ્રકૃતિ અપરાપ્રકૃતિથી ઉત્કૃષ્ટ સમજવી. એ ક્ષેત્રજ્ઞનામની જીવરૂપ પરાપ્રકૃતિએ આ દેહેંદ્રિયાદિરૂપ જડ જગત્ ધારણ કરાય છે. એના વિના કોઈ પણ વસ્તુ કોઈ વસ્તુને ધારણ કરવામાં સમર્થ નથી. ૫

હું પોતે જગત્‌ની ઉત્પત્તિનું તથા પ્રલયનું કારણ છું એમ શ્રીકૃષ્ણ જણાવે છે:—

एतद्योनीनि भूतानि, सर्वाणीत्युपधारय ।
अहं कृत्स्नस्य जगतः, प्रभवः प्रलयस्तथा ॥६॥

પ૦ ત૦ પ૦:—एतद्योनीनि એ બે પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં भूतानि ભૂતો-સ્થાવરજંગમ પ્રાણીઓ सर्वाणि સર્વ इति એમ उपधारय નિશ્ચય કરો अहम् હું कृत्स्नस्य આખા जगतः જગત્‌ની प्रभवः ઉત્પત્તિનું प्रलयः વિનાશનું [કારણ] तथा તથા. ૬

શ૦:—સર્વ ભૂતો એ બે પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં [છે] એમ નિશ્ચય કરો. હું આખા જગત્‌ની ઉત્પત્તિનું તથા વિનાશનું [કારણ છું.] ૬

ટી૦:—ચેતનઅચેતન સર્વ ભૂતો પૂર્વે કહેલી અપરા ને પરાપ્રકૃતિથી ઉત્પન્ન થયાં છે, તાત્પર્ય કે આ સર્વ કાર્ય ચેતનઅચેતનની ગ્રંથિરૂપ છે તેથી તે કાર્યરૂપ હેતુથી તેના કારણને પણ ચેતનઅચેતનની ગ્રંથિરૂપે કરીને અનુમાન કર. એ બંને પ્રકૃતિ મારા ઉપાધિ છે માટે માયારૂપ ઉપાધિવાળો હું તેદ્વારા સ્થાવરજંગમ સર્વ જગત્‌ની ઉત્પત્તિનું તથા વિનાશનું કારણ છું. ૬

મારાથી ભિન્ન કોઇ પદાર્થ નથી એમ શ્રીકૃષ્ણ અર્જુનને જણાવે છેઃ—

मत्तः परतरं नान्यत्, किंचिदस्ति धनंजय ।
मयि सर्वमिदं प्रोतं, सूत्रे मणिगणा इव ॥ ७ ॥

પ૦ ત૦ પ૦:—**मत्तः** મારાથી **परतरम्** વાસ્તવિક સત્ય **न** નહિ **अन्यत्** બીજું **किंचित्** કાંઇ પણ **अस्ति** છે **धनंजय** હે ધનંજય !—હે અર્જુન ! **मयि** મારામાં **सर्वम्** સર્વ **इदम्** આ **प्रोतम्** પરોવાયેલું છે **सूत्रे** દોરામાં **मणिगणाः** મણિઓનો સમૂહ **इव** જેમ. ૭

શ૦:—હે ધનંજય ! મારાથી વાસ્તવિક સત્ય બીજું કાંઈ પણ નથી, જેમ દોરામાં મણિઓનો સમૂહ [પરોવાયેલો છે તેમ] મારામાં આ સર્વ પરોવાયેલું છે. ૭

ટી૦:—હું સર્વ પદાર્થોનું અધિષ્ઠાન તથા તેમનો પ્રકાશક છું. મારાથી ભિન્ન બીજો કોઇ પણ પદાર્થ પરમાર્થ (વાસ્તવિક) સત્ય નથી, જેમ સ્વપ્નદ્રષ્ટા પુરુષથી ભિન્ન સ્વપ્નના પદાર્થો પારમાર્થિક સત્ય નથી તેમ, અને વ્યાવહારિકદૃષ્ટિએ તો આ સર્વ પદાર્થો મારામાં ગુંથાયેલા છે, જેમ દોરામાં મણિઓનો સમૂહ પરોવાયેલો હોય છે તેમ. ૭

रसोऽहमप्सु कौंतेय, प्रभाऽस्मि शशिसूर्ययोः ।
प्रणवः सर्ववेदेषु, शब्दः खे पौरुषं नृषु ॥ ८ ॥

પ૦ ત૦ પ૦:—**रसः** રસ **अहम्** હું **अप्सु** જળોમાં **कौंतेय** હે કૌંતેય ! **प्रभा** તેજ **अस्मि** છું **शशिसूर्ययोः** ચંદ્રમાં અને સૂર્યમાં **प्रणवः** પ્રણવ-ૐકાર **सर्ववेदेषु** સર્વવેદોમાં **शब्दः** શબ્દ **खे** આકાશમાં **पौरुषम्** પુરુષત્વ **नृषु** નરોમાં. ૮

શ૦:—હે કૌંતેય ! જળોમાં રસ હું છું. ચંદ્રમાં અને સૂર્યમાં તેજ [હું છું.] સર્વવેદોમાં પ્રણવ, આકાશમાં શબ્દ [અને] નરોમાં પુરુષત્વ [હું છું.] ૮

ટી૦:—હે મેદવિરામ ! સર્વ પ્રકારનાં જળોમાં રહેલો તેની તન્માત્રરૂપ પવિત્ર મધુર રસ તે હું છું, અર્થાત્ રસરૂપ મારામાં સર્વ પ્રકારનાં જળો પરોવાઇ રહેલાં છે. આ રીત હવે પછીના આવા પાંચે શ્લોકોના પ્રસંગમાં યોજી લેવાની છે. ચંદ્રમાં તથા સૂર્યમાં જે તેજોરૂપ પ્રકાશ છે કે

જેવડે સર્વ લોકોનો વ્યવહાર સિદ્ધ થાય છે તે પ્રકાશ હું છું. સર્વ વેદોમાં પરોવાયેલો જે ૐકારરૂપ પ્રણવ છે તે પ્રણવ હું છું. સંપૂર્ણ આકાશમાં વ્યાપક તથા તે આકાશના કારણરૂપ જે શબ્દતન્માત્રરૂપ પવિત્ર શબ્દ છે તે શબ્દ હું છું, અને સર્વ પુરુષોમાં વ્યાપી રહેલું પુરુષપણું તે હું છું. ૮

पुण्यो गंधः पृथिव्यां च, तेजश्चास्मि विभावसौ ।
जीवनं सर्वभूतेषु, तपश्चास्मि तपस्विषु ॥ ९ ॥

પ૦ ત૦ પ૦:—**पुण्यः** પવિત્ર **गंधः** ગંધ **पृथिव्याम्** પૃથ્વીમાં **च** વળી **तेजः** તેજ **च** અને **अस्मि** છું **विभावसौ** અગ્નિમાં **जीवनम्** જીવન **सर्वभूतेषु** સર્વપ્રાણીઓમાં **तपः** તપ **च** અને **अस्मि** છું **तपस्विषु** તપસ્વીઓમાં. ૯

શ૦:—વળી પૃથ્વીમાં પવિત્ર ગંધ [હું] છું, અને અગ્નિમાં તેજ [હું છું.] સર્વપ્રાણીઓમાં જીવન અને તપસ્વીઓમાં તપ [હું] છું ૯

ટી૦:—પૃથ્વીમાં તેના સામાન્યરૂપ તથા તેમાં પરોવાયેલો અને તે પૃથ્વીના કારણરૂપ એવો જે તન્માત્રરૂપ પવિત્ર (દુર્ગંધરૂપ દોષથી રહિત) ગંધ છે તે હું છું. અગ્નિમાં રહેલું તેજ કે જે સર્વ પદાર્થોનો દાહ કરવામાં તથા પ્રકાશ કરવામાં સમર્થ છે, અને જેનો સ્પર્શ ઉષ્ણ ને રૂપ શુક્લભાસ્વર છે તે તેજ હું છું. સ્થાવરજંગમ સર્વપ્રાણીઓમાં રહેલું આયુષ્-પ્રાણોને ધારણ કરવારૂપ જીવન-હું છું, તથા નાનાપ્રકારની તપશ્ચર્યા કરનારા તપસ્વીઓમાં રહેલ તાઢતડકો તથા ભૂખતરસ ઇત્યાદિ દ્વંદ્વોને સહન કરવાના સામર્થ્યરૂપ જે તપ છે તે તપ હું છું. **तेजश्चास्मि** એમાંના **च**કારવડે વાયુમાં રહેલો સ્પર્શ તે હું છું એમ સમજવું, ને **तपश्चास्मि**માંના **च**કારવડે ચિત્તની એકાગ્રતારૂપ આંતરતપનું તથા જિહ્વા ને ઉપસ્થાદિક ઇંદ્રિયોના નિગ્રહરૂપ સર્વ પ્રકારનાં બાહ્યતપોનું ગ્રહણ કરવું. ૯

बीजं मां सर्वभूतानां, विद्धि पार्थ सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मि, तेजस्तेजस्विनामहम् ॥ १० ॥

પ૦ ત૦ પ૦:—**बीजम्** બીજ **माम्** મને **सर्वभूतानाम्** સર્વભૂતોનું-સ્થાવરજંગમ સર્વપ્રાણીઓનું **विद्धि** જાણો **पार्थ** હે પાર્થ ! **सनातनम्** અનાદિ **बुद्धिः** બુદ્ધિ **बुद्धिमताम्** બુદ્ધિમાનોની **अस्मि** છું **तेजः**

તેજ **તેજસ્વિનામ્** તેજસ્વીઓનું **અહમ્** હું. ૧૦

શ૦:—હે પાર્થ! મને સર્વભૂતોનું અનાદિ બીજ જાણો, બુદ્ધિમાનોની બુદ્ધિ હું છું, [ને] તેજસ્વીઓનું તેજ [હું છું.] ૧૦

ટી૦:—હે મંદવિરાગ! મને સ્થાવરજંગમરૂપ સર્વભૂતોનું ઉત્પત્તિવિનાનું સનાતન બીજ જાણ, અર્થાત્ વ્યક્તિવ્યક્તિમાં ભેદવાળું નહિ, તથા અનિત્ય નહિ એવું જે અવ્યાકૃતનામે સર્વ જગત્‌નું કારણ તે મને જાણ. વળી વસ્તુનો ને અવસ્તુનો વિવેક કરનારા બુદ્ધિમાનોની બુદ્ધિ હું છું, તથા પ્રભાવવાળા પુરુષોમાં શત્રુઓનો પરાભવ કરવાનું જે સામર્થ્ય છે કે જે-વડે તે પુરુષો બીજા પ્રાણીઓથી પરાભવ પામતા નથી તે સામર્થ્ય પણ હું છું. ૧૦

बलं बलवतां चाहं, कामरागविवर्जितम् ।

धर्माविरुद्धो भूतेषु, कामोऽस्मि भरतर्षभ ॥ ११ ॥

પ૦ ત૦ પ૦:—**બલમ્** બલ **બલવતામ્** બલવાનોનું **ચ** તથા **અહમ્** હું **કામરાગવિવર્જિતમ્** કામ ને રાગથી રહિત એવું–કામ એટલે ન મળેલી વસ્તુની પ્રાપ્તિ કરનારાં સાધનોનો અભાવ છતાં પણ તે મેળવવાની ઇચ્છા અને રાગ એટલે મળેલી વસ્તુનો નાશ કરનારાં કારણો વિદ્યમાન છતાં પણ તેને નિત્ય રાખવામાટેની ઇચ્છા એ બેથી રહિત એવું **ધર્માવિરુદ્ધઃ** ધર્મથી વિરુદ્ધ નહિ એવો **ભૂતેષુ** પ્રાણીઓમાં **કામઃ** કામ–ઇચ્છા **અસ્મિ** છું **ભરતર્ષભ** હે ભરતર્ષભ! –હે અર્જુન! ૧૧

શ૦:—બલવાનોનું કામ અને રાગથી રહિત એવું બલ હું છું; તથા હે ભારતર્ષભ! પ્રાણીઓમાં ધર્મથી વિરુદ્ધ નહિ એવો કામ [હું છું.] ૧૧

ટી૦:—સાત્વિકબલવાળા પુરુષોનું કામને (અપ્રાપ્ત વિષયોમાં તૃષ્ણાને) તથા રાગને (પ્રાપ્ત વિષયોમાં પ્રીતિને) નહિ ઉત્પન્ન કરનારું તથા રજોગુણતમોગુણથી રહિત જે સ્વધર્મના અનુષ્ઠાનમાટે શરીરેંદ્રિયાદિને ધારણ કરનારું સામર્થ્ય છે તે સામર્થ્ય હું છું, અને હે મંદવિરાગ! સર્વ-પ્રાણીઓમાં ધર્મશાસ્ત્રે નહિ નિષેધ કરેલી સ્ત્રીપુત્રાદિ પદાર્થોની અભિલાષા તે હું છું. ૧૧

ये चैव सात्त्विका भावा, राजसास्तामसाश्च ये ।
मत्त एवेति तान्विद्धि, न त्वहं तेषु ते मयि ॥ १२ ॥

પ૦ ત૦ પ૦:—યે જે ચ તથા એવ [બીજા] પણ સાત્ત્વિકાઃ સાત્ત્વિક ભાવાઃ પદાર્થો [છે] રાજસાઃ રાજસ-રજોગુણી તામસાઃ તામસ-તમોગુણી ચ અને યે જે મત્તઃ મારાથી એવ જ ઇતિ એમ તાન્ તેઓને વિદ્ધિ જાણો ન નથી તુ પણ અહમ્ હું તેષુ તેમનામાં તે તેઓ મયિ મારામાં [છે.] ૧૨

શ૦:—જે [બીજા] પણ સાત્ત્વિક પદાર્થો [છે,] તથા જે રાજસ અને તામસ [પદાર્થો છે] તેઓને મારાથીજ [ઉપજ્યા છે] એમ જાણો, પણ હું તેમનામાં નથી, તેઓ મારામાં [છે.] ૧૨

ટી૦:—વળી દેવ, ઋષિ, બ્રાહ્મણ ને ઘી ઇત્યાદિ જે સાત્ત્વિક પ્રાણિ-પદાર્થો છે; તથા ગંધર્વ, યક્ષ, ક્ષત્રિય ને મરચાં ઇત્યાદિ જે રજોગુણની પ્રધાનતાવાળા પ્રાણિપદાર્થો છે; અને રાક્ષસ, પિશાચ, શૂદ્ર ને ગાજર ઇત્યાદિ જે તમોગુણની પ્રધાનતાવાળા પ્રાણિપદાર્થો છે તે સર્વ પ્રાણિ-પદાર્થો મારાથી ઉપજ્યા છે એમ જાણ, પરંતુ હું તે પ્રાણિપદાર્થોમાં આધેયરૂપે સ્થિત નથી, અર્થાત્ જેમ દોરડીરૂપ અધિષ્ઠાન કલ્પિત સર્પાદિકોના વિકારો-થી (દોષોથી) દૂષિત થતું નથી તેમ હું પણ તે પ્રાણિપદાર્થોના વિકારોથી દૂષિત થતો નથી, અને તે સર્વ પ્રાણિપદાર્થો દોરડીમાં સાપની પેઠે મારા-માં કલ્પિત છે. ૧૨

હવે આત્મસ્વરૂપનું અજ્ઞાન થવામાં જે કારણ છે તે કહે છેઃ-

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितं नाभिजानाति, मामेभ्यः परमव्ययम् ॥ १३ ॥

પ૦ ત૦ પ૦:—ત્રિભિઃ ત્રણ પ્રકારના ગુણમયૈઃ ગુણમય ભાવૈઃ પદાર્થોએ એભિઃ એ સર્વમ્ સર્વ ઇદમ્ આ જગત્ જગત્ મોહિતમ્ મોહ પમાડેલું છે ન નથી અભિજાનાતિ જાણતું મામ્ મને એભ્યઃ એનાથી પરમ્ પર-શ્રેષ્ઠ અવ્યયમ્ વિકારરહિત એવા. ૧૩

શ૦:—એ ગુણમય ત્રણ પ્રકારના પદાર્થોએ આ સર્વ જગત્ મોહ પમાડ્યું છે [તેથી] એનાથી-ત્રિગુણમય પદાર્થોથી-પર [તથા] વિકારરહિત એવા મને [તે] જાણતું નથી. ૧૩

ટી૦:—પૂર્વે કહેલા સાત્ત્વિક, રાજસ તથા તામસ એ ત્રણ પ્રકારના પ્રાણિપદાર્થોએ આ સર્વ પ્રાણીઓને નિત્યાનિત્ય વસ્તુનો વિવેક કરવાની અયોગ્યતાએ પહોંચાડ્યાં છે. તે અવિવેકને લીધે તે પદાર્થોના અધિષ્ઠાનરૂપ તથા જન્મમરણાદિ સર્વ વિકારોથી રહિત એવો અત્યંત પાસે જે હું છું તેને તેઓ જાણતાં નથી, ને તેથીજ તે અભાગિયાં વારેવારે જન્મમરણરૂપ સંસારને પામે છે. ૧૩

એવા બળવાળી માયાને કોણ તરી શકે છે તે કહે છે:—

दैवी ह्येषा गुणमयी, मम माया दुरत्यया ।

मामेव ये प्रपद्यंते, मायामेतां तरंति ते ॥ १४ ॥

પ૦ ત૦ પ૦:—दैवी દૈવી-બ્રહ્મને આશરે રહેલી **हि** પ્રસિદ્ધ **एषा** આ **गुणमयी** [સત્ત્વાદિ] ગુણવાળી **मम** મારી **माया** માયા **दुरत्यया** દુઃખે કરીને તરાય એવી [છે] **माम्** મારે **एव** જ **ये** જેઓ **प्रपद्यंते** શરણ થાય છે **मायाम्** માયાને **एताम्** એ **तरंति** તરે છે **ते** તેઓ. ૧૪

શ૦:—મારી આ [સત્ત્વાદિ] ગુણવાળી પ્રસિદ્ધ દૈવી માયા દુઃખે કરીને તરાય એવી [છે.] જેઓ મારેજ શરણ થાય છે તેઓ એ માયાને તરે છે. ૧૪

ટી૦:—મારે આશ્રયે રહેલી અને બહિર્મુખ પ્રાણીઓને પોતાના સ્વરૂપનું જ્ઞાન નહિ થવા દેનારી ત્રણ ગુણરૂપ ને શ્રુતિસ્મૃતિમાં પ્રસિદ્ધ એવી દૈવી (આત્મરૂપ દેવને આશ્રયે રહી તેને ઢાંકનારી અવિદ્યારૂપ) માયા દુઃખે (અતિપ્રયત્ને) કરીને નિવૃત્ત કરી શકાય એવી છે, સહજમાં તેની નિવૃત્તિ થઈ શકે એવી નથી. જેઓ મારા અનન્યશરણને પ્રાપ્ત થાય છે તેઓ મારી તે માયાની નિવૃત્તિ કરી શકે છે, અર્થાત્ જેમ કોઈ તપસ્વી-થી વારાંગના પોતેજ નિવૃત્ત થાય છે તેમ મારા અનન્યભક્તોથી મારી માયા પોતેજ નિવૃત્ત થઈ જાય છે. ૧૪

પણ પાપી જનો મારું શરણ ગ્રહણ કરતા નથી એમ જણાવે છે:—

न मां दुष्कृतिनो मूढाः, प्रपद्यंते नराधमाः ।

माययाऽपहृतज्ञाना, आसुरं भावमाश्रिताः ॥१५॥

પ૦ ત૦ પ૦:—न નથી **माम्** મારા **दुष्कृतिनः** પાપ કરનારા **मूढाः** મૂઢ **प्रपद्यंते** શરણને પામતા **नराधमाः** પુરુષોમાં અધમ—નીચ **मायया**

માયાવડે **अपहृतज्ञानाः** હરાઇ ગયેલા જ્ઞાનવાળા **आसुरम्** આસુરી-રાક્ષસી **भावम्** સ્વભાવને **आश्रिताः** આશ્રયે રહેલા. ૧૫

અ૦:—પાપ કરનારા, મૂઢ, પુરુષોમાં નીચ, માયાવડે હરાઇ ગયેલા જ્ઞાનવાળા [ને] આસુરીસ્વભાવને આશ્રયે રહેલા મારા શરણને પામતા નથી. ૧૫

ટી૦:—નિરંતર પાપકર્મો કરનારા હોવાથી ઇષ્ટ તથા અનિષ્ટના વિવેકવિનાના, અને તેથીજ મનુષ્યોમાં અધમ એવા, તથા અવિદ્યારૂપ માયાથી જેઓનું અખંડસ્ફુરણરૂપ આત્મજ્ઞાન હરાઇ ગયું છે એવા, તથા દેહાદિને આત્મા માની તેનેજ પુષ્ટ તથા તૃપ્ત કરવામાં પ્રીતિવાળા એવા પામર પુરુષો મારે શરણે આવતા નથી માટે અવિદ્યાજ સર્વ અનર્થોનું મૂલ છે. ૧૫

હવે કયા કયા પુરુષો પોતાને ભજે છે તે કહે છે:—

चतुर्विधा भजंते मां, जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी, ज्ञानी च भरतर्षभ ॥१६॥

પ૦ ત૦ પ૦:—**चतुर्विधाः** ચાર પ્રકારના **भजंते** ભજે છે **माम्** મને **जनाः** જનો **सुकृतिनः** સુકૃત કરનારા **अर्जुन** હે અર્જુન ! **आर्तः** પીડાવાળો **जिज्ञासुः** મોક્ષની ઇચ્છાવાળો-મુમુક્ષુ **अर्थार्थी** ભોગસાધનોને ઇચ્છનારો **ज्ञानी** જ્ઞાની **च** અને **भरतर्षभ** હે ભરતવંશમાં શ્રેષ્ઠ ! ૧૬

શ૦:—હે ભરતવંશમાં શ્રેષ્ઠ ! હે અર્જુન ! ચાર પ્રકારના સુકૃત (પુણ્યકર્મ) કરનારા જનો મને ભજે છે, પીડાવાળો, મુમુક્ષુ, ભોગસાધનોને ઇચ્છનારો અને જ્ઞાની. ૧૬

ટી૦:—પૂર્વજન્મોમાં અનેક પુણ્યકર્મોનો સંચય કર્યાને લીધે સફલ જન્મવાળા ચાર પ્રકારના પુરુષો મને ભજે છે. તે ચારમાં પ્રથમના ત્રણ સકામ અને છેલ્લો નિષ્કામ છે. શત્રુ ને વ્યાઘ્ર આદિરૂપ દુઃખ હેતુથી પીડા પામેલો તે **આર્ત**, આત્મજ્ઞાન પામવાની નિરંતર ઇચ્છા રાખનારો તે **જિજ્ઞાસુ**, ધનસ્ત્રીપુત્રાદિક ભોગનાં સાધનોને ઇચ્છનારો તે **અર્થાર્થી** અને **આત્માનો** જેને સાક્ષાત્કાર થયો છે તે **જ્ઞાની**. **ज्ञानी च** એમાંના **चकार**વડે નિષ્કામ પ્રેમી ભક્તનો પણ જ્ઞાનીમાં સમાવેશ સમજવો. ૧૬

એ ચાર પ્રકારના પુણ્યવાનોમાં જ્ઞાની શ્રેષ્ઠ છે એમ કહે છે:—

तेषां ज्ञानी नित्ययुक्त, एकभक्तिर्विशिष्यते ।

प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥१७॥

૫૦ ત૦ ૫૦:—**तेषाम्** તેઓમાં **ज्ञानी** જ્ઞાની **नित्ययुक्तः** નિત્યસમાહિતચિત્તવાળો **एकभक्तिः** એકભક્તિવાળો **विशिष्यते** ઉત્કૃષ્ટ છે **प्रियः** વહાલો [છું] **हि** કેમકે **ज्ञानिनः** જ્ઞાનીને **अत्यर्थम्** બહુ **अहम्** હું **सः** તે **च** અને **मम** મને **प्रियः** વહાલો [છે.] ૧૭

શ૦:—તેઓમાં નિત્યસમાહિતચિત્તવાળો [તથા] એકભક્તિવાળો જ્ઞાની ઉત્કૃષ્ટ છે, કેમકે હું જ્ઞાનીને બહુ વહાલો [છું,] અને તે મને [બહુ] વહાલો [છે.] ૧૭

ટી૦:—તે ચાર પ્રકારના પુણ્યવાન ભક્તોમાં મારામાંજ નિરંતર સમાહિતચિત્તવાળો તથા મારામાંજ પ્રીતિ રાખનારો જ્ઞાની શ્રેષ્ઠ છે, કેમકે હું એ જ્ઞાનવાન્ પુરુષને અત્યંત પ્રિય છું, અને તે જ્ઞાનવાન્ પુરુષ મને અત્યંત પ્રિય છે. જ્ઞાનીવિનાના આર્તાદિક ત્રણ સકામ હોવાથી તેઓ નિત્યયુક્ત તથા એકભક્તિવાળા નથી, અર્થાત્ તેઓ પોતાની ઇચ્છા પૂર્ણ થતાસુધી મને ભજનારા અને તે પણ ભિન્ન ભિન્ન દેવોમાં મારું ભજન કરનારા છે. ૧૭

उदाराः सर्व एवैते, ज्ञानी त्वात्मैव मे मतम् ।

आस्थितः स हि युक्तात्मा, मामेवानुत्तमां गतिम् ॥१८॥

૫૦ ત૦ ૫૦:—**उदाराः** ઉત્તમ **सर्वे** બધા **एव** જ **एते** એ **ज्ञानी** જ્ઞાની **तु** પણ **आत्मा** આત્મા **एव** જ **मे** મારું **मतम्** મત **आस्थितः** આશ્રયે રહેલો છે **सः** તે **हि** કેમકે **युक्तात्मा** સમાહિત અંતઃકરણવાળો **माम्** મને **एव** જ **अनुत्तमाम्** સર્વોત્તમ **गतिम्** ગતિરૂપ. ૧૮

શ૦:—એ બધા ઉત્તમજ [છે,] પણ જ્ઞાની [તો મારો] આત્માજ [છે એમ] મારું મત [છે,] કેમકે તે સમાહિત અંતઃકરણવાળો મનેજ સર્વોત્તમ ગતિરૂપ [માનીને મારેજ] આશ્રયે રહેલો છે. ૧૮

ટી૦:—આર્ત, અર્થાર્થી અને જિજ્ઞાસુ એ ત્રણ જોકે સકામ છે, ત્યાં મારા ભક્ત હોવાથી મારી ભક્તિથી રહિત બીજાં માણસોથી શ્રેષ્ઠ છે.

પૂર્વનાં અનેક પુણ્યોથીજ મનુષ્યોનું ચિત્ત મારી ભક્તિમાં લાગે છે, નહિ તો આર્ત, અર્થાર્થી ને જિજ્ઞાસુ છતાં પણ તેઓનું મન મારામાં લાગે નહિ. એ ત્રણ પ્રકારના ભક્તો પોતાના ઇચ્છેલા વિષયોને તથા મને પ્રિય ગણે છે, પણ જ્ઞાની તો મનેજ અત્યંત પ્રિય ગણે છે માટે તે મારો આત્માજ (સ્વરૂપજ) છે એવો મારો નિશ્ચય છે, કેમકે તે જ્ઞાની મારામાં નિરંતર પોતાના ચિત્તને એકાગ્ર કરતો છતો મનેજ સર્વોત્કૃષ્ટ પરમફલરૂપ માનીને મારે આશ્રયે રહ્યો છે. ૧૮

સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ કરનારા મહાત્માનું દુર્લભપણું જણાવે છેઃ—

बहूनां जन्मनामंते, ज्ञानवान्मां प्रपद्यते ।

वासुदेवः सर्वमिति, स महात्मा सुदुर्लभः ॥१९॥

પ૦ ત૦ પ૦:—**बहूनाम्** બહુ **जन्मनाम्** જન્મોના **अंते** અંતે–છેવટે **ज्ञानवान्** જ્ઞાનવાન્ **माम्** મને **प्रपद्यते** શરણ થાય છે–ભજે છે **वासुदेवः** વાસુદેવરૂપ–કૃષ્ણરૂપ **सर्वम्** બધું **इति** એમ **सः** તે **महात्मा** મહાત્મા **सुदुर्लभः** અત્યંત દુર્લભ [છે.] ૧૯

શ૦:—જ્ઞાનવાન્ બહુ જન્મોને અંતે બધું વાસુદેવરૂપ [છે] એમ [જાણી] મને ભજે છે તે મહાત્મા અત્યંત દુર્લભ [છે.] ૧૯

ટી૦:—જ્ઞાનવાન્ પુરૂષ થોડા થોડા પુણ્યના સંપાદનના હેતુરૂપ પૂર્વે વ્યતીત થયેલા બહુ જન્મોને અંતે, અર્થાત્ સર્વ પુણ્યોના ફલભૂત છેલ્લા જન્મમાં, આ સર્વ જગત્ વાસુદેવરૂપ (આત્મરૂપ) છે એવી રીતના જ્ઞાનવાળો થઇ સર્વદા સંપૂર્ણ પ્રીતિથી નિરુપાધિક પ્રીતિના વિષયરૂપ મને ભજે છે, એવો અત્યંત શુદ્ધચિત્તવાળો પુરૂષ આ જગત્માં અત્યંત દુર્લભ છે. ૧૯

વાસનાથીજ લોકોની અન્ય દેવતાઓની ભક્તિમાં પ્રવૃત્તિ થાય છે એમ કહે છેઃ—

कामैस्तैस्तैर्हृतज्ञानाः, प्रपद्यंतेऽन्यदेवताः ।

तं तं नियममास्थाय, प्रकृत्या नियताः स्वया ॥२०॥

પ૦ ત૦ પ૦:—**कामैः** કામનાઓથી **तैः** તે **तैः** તે **हृतज्ञानाः** ખેંચાયેલા મનવાળા **प्रपद्यंते** ભજે છે **अन्यदेवताः** બીજા દેવતાઓને **तम्** તે **तम्** તે **नियमम्** નિયમનો **आस्थाय** આશ્રય કરીને **प्रकृत्या** પ્રકૃતિને **नियताः** અધીન થઇ **स्वया** પોતાની. ૨૦

શ૦:—તે તે કામનાઓથી ખેંચાયેલા મનવાળા પોતાની પ્રકૃતિને અધીન થઇ તે તે નિયમનો આશ્રય કરીને બીજા દેવોને ભજે છે. ૨૦

ટી૦:—મારણ, મોહન, ઉચ્ચાટન, સ્તંભન, આકર્ષણ ને વશીકરણ આદિ મંત્રોથી વિષયોની પ્રાપ્તિ ઇચ્છનારા અને તે તે વિષયોની અભિલાષાઓથી ખેંચાયેલા મનવાળા મારાથી વિમુખ થઇ તે તે મારણાદિ મંત્રોના ફલના દાતારૂપે માનેલા ક્ષુદ્ર દેવોમાંના કોઈ એક દેવમાં પોતાના પૂર્વજન્મોના સંસ્કારથી ઉપજેલી પોતપોતાની અસાધારણ વાસનાને અધીન થઇ પ્રીતિવાળા થાય છે, ને તે તે દેવોની ભક્તિમાં જે જપ, ઉપવાસ તથા નમસ્કાર ઇત્યાદિકનો નિયમ હોય છે તે તે નિયમનો આશ્રય કરીને તેમને ભજે છે. ૨૦

તેવાઓની તે દેવતાઓમાં સ્થિર ભક્તિ શાથી થાય છે તે કહે છે:—

यो यो यां यां तनुं भक्तः, श्रद्धयाऽर्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां, तामेव विदधाम्यहम् ॥२१॥

પ૦ ત૦ પ૦:—**यः** જે **यः** જે **याम्** જે **याम्** જે **तनुम्** શરીરને-મૂર્તિને **भक्तः** ભક્ત **श्रद्धया** શ્રદ્ધાથી **अर्चितुम्** પૂજવાને **इच्छति** ઇચ્છે છે **तस्य** તેની **तस्य** તેની **अचलाम्** અચલ **श्रद्धाम्** શ્રદ્ધા **ताम्** તેને વિષે **एव** જ **विदधामि** બેસારું છું **अहम्** હું. ૨૧

શ૦:—જે જે ભક્ત જે જે [દેવતાની] મૂર્તિને શ્રદ્ધાથી પૂજવાને ઇચ્છે છે તેની તેની તેને વિષેજ અચલ શ્રદ્ધા હું બેસારું છું. ૨૧

ટી૦:—બીજા દેવોની સકામપણે ભક્તિ કરનારા ભક્તોમાં જે જે ભક્ત જે જે દેવની મૂર્તિને પોતાના પૂર્વજન્મોના સંસ્કારોથી ઉપજેલી શ્રદ્ધાવડે પૂજવાને ઇચ્છે છે તે તે સકામ ભક્તની તે તે દેવની મૂર્તિમાંજ ભક્તિરૂપ શ્રદ્ધાને હું અચલ (સ્થિર) કરું છું, અર્થાત્ તે પુરુષની તે દેવમાંથી શ્રદ્ધા ઊઠાડીને મારામાં શ્રદ્ધા કરાવતો નથી. ૨૧

स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान्, मयैव विहितान्हि तान् ॥२२॥

૫૦ ત૦ ૫૦:—सः તે तया એ श्रद्धया શ્રદ્ધાવડે युक्तः જોડાયેલો तस्य તેનું आराधनम् આરાધન-ભજન ईहते કરે છે लभते પામે છે च અને ततः તેની-દેવતાની-પાસેથી कामान् કામોને-ઇચ્છેલા પદાર્થોને मया મેં एव જ विहितान् નિર્માણ કરેલા हि નિશ્ચય तान् તે. ૨૨

શ૦:—તે એ શ્રદ્ધાવડે જોડાયેલો તેનું આરાધન કરે છે, અને તેની પાસેથી મેંજ નિર્માણ કરેલા તે કામોને-ઇચ્છેલા પદાર્થોને-નિશ્ચય પામે છે. ૨૨

ટી૦:—મારણમોહનાદિના ફલને ઇચ્છનારો તે સકામ ભક્ત તે તે દેવતામાં સ્થિર કરેલી શ્રદ્ધાવડે યુક્ત થઇને તે તે દેવતાની મૂર્તિનું પૂજન કરે છે, તેને છોડીને મારું પૂજન કરતો નથી, અને પૂજન કરીને તે દેવતાની મૂર્તિથી મેંજ કર્મફલના પ્રદાતારૂપે ઉપજાવેલા તે મારણમોહનાદિકના ફલરૂપ વિષયોને તે પામે છે. ૨૨

અન્ય દેવતાઓની ભક્તિ કરનારાને થનારા ફલનું સ્વરૂપ કહે છેઃ—

अंतवत्तु फलं तेषां, तद्भवत्यल्पमेधसाम् ।
देवान्देवयजो यांति, मद्भक्ता यांति मामपि ॥२३॥

૫૦ ત૦ ૫૦:—अंतवत् નાશવાન્ तु પણ फलम् ફલ तेषाम् તે तत् એ भवति હોય છે अल्पमेधसाम् અલ્પબુદ્ધિવાળાઓનું देवान् દેવોને देवयजः દેવોને પુજનારા यांति જાય છે-પામે છે मद्भक्ताः મારા ભક્તો यांति જાય છે-પામે છે माम् મને अपि જ. ૨૩

શ૦:—પણ તે અલ્પબુદ્ધિવાળાઓનું એ ફલ નાશવાન્ હોય છે. દેવોને પૂજનારા દેવોને પામે છે, [અને] મારા ભક્તો મનેજ પામે છે. ૨૩

ટી૦:—પણ તે યથાર્થ વસ્તુનો વિવેક કરવામાં અસમર્થ મંદબુદ્ધિવાળાઓને તે તે દેવતાની ભક્તિદ્વારા મેં આપેલું ફલ નાશવાનજ હોય છે. ઇંદ્રાદિ સાત્વિકદેવોને પુજનારા તેમને પામે છે, ભૂતપ્રેતાદિ તામસદેવને પૂજનારા તેમને પામે છે, અને મારા આર્તાદિક ભક્તો મને પામે છે. ૨૩

લોકો મારાથી જે કારણથી વિમુખ થાય છે તે કારણ આ છેઃ—

अव्यक्तं व्यक्तिमापन्नं, मन्यंते मामबुद्धयः ।

परं भावमजानंतो, ममाव्ययमनुत्तमम् ॥२४॥

પ૦ ત૦ પ૦:—**अव्यक्तम्** અવ્યક્ત–સર્વના કારણરૂપ એવા **व्यक्तिम्** વ્યક્તિ–અવતારરૂપ કાર્યભાવ **आपन्नम्** પામેલો **मन्यंते** માને છે **माम्** મને **अबुद्धयः** બુદ્ધિહીન [જનો] **परम्** સર્વના કારણરૂપ **भावम्** [ઉપાધિવાળા] સ્વરૂપને **अजानंतः** નહિ જાણી **मम** મારા **अव्ययम्** વિકારરહિત–નિત્ય **अनुत्तमम्** સર્વોત્તમને. (નિરુપાધિક સ્વરૂપને.) ૨૪

શ૦:—બુદ્ધિહીન [જનો] મારા સર્વના કારણરૂપ નિત્ય [ઉપાધિવાળા] સ્વરૂપને [તથા] સર્વોત્તમને (નિરુપાધિક સ્વરૂપને) નહિ જાણી અવ્યક્તરૂપ મને વ્યક્તિ પામેલો માને છે. ૨૪

ટી૦:—હું જે સર્વના કારણરૂપ અવિકારી ને અસંગ છું તેને વિવેકહીન મનુષ્યો યથાર્થરીતે નહિ સમજતાં અવતારરૂપે કાર્યભાવ પામેલો સમજે છે તેથી મારાથી વિમુખ થઈ તેઓ બીજા દેવોની ભક્તિ કરે છે. ૨૪

नाहं प्रकाशः सर्वस्य, योगमायासमावृतः ।

मूढोऽयं नाभिजानाति, लोको मामजमव्ययम् ॥२५॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **अहम्** હું **प्रकाशः** પ્રકટ–જણાતો **सर्वस्य** સર્વને **योगमायासमावृतः** યોગમાયાથી ઢંકાયેલો **मूढः** મોહ પામેલા **अयम्** આ **न** નથી **अभिजानाति** જાણતા **लोकः** લોક **माम्** મને **अजम्** જન્મરહિત **अव्ययम्** મરણરહિત. ૨૫

શ૦:—યોગમાયાથી ઢંકાયેલો હું સર્વને જણાતો નથી [તેથી] મોહ પામેલા આ લોક જન્મરહિત [તથા] મરણરહિત મને જાણતા નથી. ૨૫

ટી૦:—સત્ત્વાદિ ત્રણ ગુણોના સંબંધવાળી અવિદ્યાથી સમ્યક્ પ્રકારે ઢંકાયેલો હું સર્વ અજ્ઞાની લોકોને મારા યથાર્થ સ્વરૂપથી જણાતો નથી. મારી તે અવિદ્યારૂપ યોગમાયાથી ઢંકાયેલી જ્ઞાનશક્તિવાળા મૂઢ માણસો મને ઉત્પત્તિથી તથા નાશથી રહિત જાણતા નથી. ૨૫

હું સર્વને જાણું છું, પણ મને કોઈ પણ અભક્ત નથી જાણતો એમ કહે છે:—

वेदाहं समतीतानि, वर्तमानानि चार्जुन ।

भविष्याणि च भूतानि, मां तु वेद न कश्चन ॥२६॥

પ૦ ત૦ પ૦:—**वेद** જાણું છું **अहम्** હું **समतीतानि** થઇ ગયેલાં **वर्तमानानि** હમણાં છે તે **च** તથા **अर्जुन** હે અર્જુન! **भविष्याणि** હવે પછી થવાનાં તે **च** અને **भूतानि** ભૂતોને—સ્થાવરજંગમ સર્વ પ્રાણીઓને **माम्** મને **तु** પણ **वेद** જાણતો **न** નથી **कश्चन** કોઇ પણ. ૨૬

શ૦:—હે અર્જુન ! હું થઇ ગયેલાં તથા હમણાં છે તે અને હવે પછી થવાનાં તે [સર્વ] ભૂતોને જાણું છું, પણ મને કોઇ પણ [અભક્ત] જાણતો નથી. ૨૬

ટી૦:—પ્રતિબંધરહિત સર્વ વિષયોના યથાર્થ જ્ઞાનવાળો હું ભૂતકાલ-નાં વર્તમાનકાલનાં તથા ભવિષ્યકાલનાં સર્વ ભૂતોને પ્રત્યક્ષરીતે જાણું છું, પણ મને તો મારી માયાએ મોહ પામેલો કોઇ પણ પ્રાણી જાણી શકતો નથી, માત્ર મારા અનુગ્રહને પાત્ર એવા મારા ભક્તોજ મારા વાસ્તવિક-સ્વરૂપને જાણે છે. ૨૬

ભોગોની આસક્તિથી જ્ઞાનમાં પ્રતિબંધ થાય છે એમ કહે છે:—

इच्छाद्वेषसमुत्थेन, द्वंद्वमोहेन भारत ।
सर्वभूतानि संमोहं, सर्गे यांति परंतप ॥२७॥

પ૦ ત૦ પ૦:—**इच्छाद्वेषसमुत्थेन** ઇચ્છા અને દ્વેષથી ઉપજતા **द्वंद्वमोहेन** [સુખદુઃખરૂપી] દ્વંદ્વના (જોડાના) મોહે કરીને **भारत** હે ભારત !—હે અર્જુન ! **सर्वभूतानि** સર્વ પ્રાણીઓ **संमोहम्** સંમોહને **सर्गे** [સ્થૂલશરીરની] ઉત્પત્તિપછી **यांति** જાય છે—પામે છે **परंतप** હે શત્રુને તાપ પમાડનાર ! ૨૭

શ૦:—હે શત્રુને તાપ પમાડનાર ! હે ભારત ! સર્વ પ્રાણીઓ [સ્થૂલશરીરની] ઉત્પત્તિપછી ઇચ્છા અને દ્વેષથી ઉપજતા [સુખ-દુઃખરૂપી] દ્વંદ્વના મોહે કરીને સંમોહને પામે છે. ૨૭

ટી૦:—હે આંતરશત્રુઓનો નાશ કરનારા ! હે ચેતનરૂપ પ્રકાશમાં પ્રીતિવાળા ! અનુકૂલ વસ્તુ મેળવવાની અભિલાષાથી અને પ્રતિકૂલ વસ્તુના આગમનના દ્વેષથી ઉપજતા સુખદુઃખરૂપી દ્વંદ્વના મોહથી સર્વ પ્રાણીઓ સ્થૂલશરીરની ઉત્પત્તિપછી નિત્યાનિત્ય વસ્તુના વિવેકની અયોગ્યતારૂપ સંમોહને (અવિવેકને) પામે છે. ૨૭

પણ પુણ્યવાન્ પુરુષો દ્વંદ્વથી રહિત થઇ મને ભજે છે એમ કહે છે:—

येषां त्वंतगतं पापं, जनानां पुण्यकर्मणाम् ।
ते द्वंद्वमोहनिर्मुक्ता, भजंते मां दृढव्रताः ॥२८॥

૫૦ ત૦ ૫૦:—**येषांम्** જે **तुं** પણ **अंतगर्तम्** અંત આવ્યો છે **पापम्** પાપનો **जनांनाम्** જનોના **पुण्यकर्मणाम्** પુણ્યકર્મવાળા **ते** તેઓ **द्वंद्वमोहनिर्मुक्ताः** [સુખદુઃખરૂપી] દ્વંદ્વના (જોડાના) મોહથી મુક્ત થયેલા **भजंते** ભજે છે **मांम्** મને **दृढव्रताः** દૃઢવ્રતવાળા [થઈને.] ૨૮

શ૦:—પણ જે પુણ્યકર્મવાળા જનોના પાપનો અંત આવ્યો છે તેઓ [સુખદુઃખરૂપી] દ્વંદ્વના મોહથી મુક્ત થયેલા દૃઢવ્રતવાળા [થઈને] મને ભજે છે. ૨૮

ટી૦:—પૂર્વના અનેક જન્મોમાં જેમણે પુણ્યકર્મોનો સંચય કરેલો હોવાથી જેમનું જન્મવું સફલ છે એવા જે અધિકારી પુરુષોનાં તે તે પુણ્યકર્મોથી જ્ઞાનમાં પ્રતિબંધ કરનારાં પાપો નાશ પામ્યાં છે તે પુરુષો પ્રતિબંધરૂપ પાપનો અભાવ થવાથી સુખદુઃખરૂપ દ્વંદ્વના મોહથી મોકળા થયેલા હોય છે તેથી આ આત્માજ સર્વ પ્રકારથી ભજન કરવાયોગ્ય છે એવા સ્થિર સંકલ્પવાળા થઈ મને ભજે છે. ૨૮

આઠમા અધ્યાયમાં કહેવાના વિષયના સૂત્રરૂપ બે **શ્લોક કહે છે:—**

जरामरणमोक्षाय, मामाश्रित्य यतंति ये ।
ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ॥२९॥

૫૦ ત૦ ૫૦:—**जरामरणमोक्षाय** જરા-ઘડપણ-અને મરણથી છુટવામાટે **मांम्** મારો **आश्रित्य** આશ્રય કરીને **यतंति** યત્ન કરે છે **ये** જેઓ **ते** તેઓ **ब्रह्म** બ્રહ્મને **तत्** તત્-વેદમાં જેને તત્ કહ્યું છે તે **विदुः** જાણે છે **कृत्स्नम्** સર્વ **अध्यात्मम्** અધ્યાત્મને-શરીરનો આશ્રય કરી પ્રકાશવાળા થનાર અંતરાત્માને **कर्म** કર્મને **च** અને **अखिलम्** સંપૂર્ણ ૨૯

શ૦:—જેઓ જરામરણથી છુટવામાટે મારો આશ્રય કરીને યત્ન કરે છે તેઓ તત્ બ્રહ્મને, સર્વ અધ્યાત્મને અને સંપૂર્ણ કર્મને જાણે છે. ૨૯

ટી૦:—જે અધિકારી પુરુષો જરામરણાદિ સંસારનાં નાનાપ્રકારનાં દુઃખોથી મોકળા થવામાટે મારો અનન્ય આશ્રય ગ્રહણ કરીને નિષ્કામપણ

શાસ્ત્રવિહિત શુભકર્મોને કરે છે તેઓ ક્રમે કરીને ચિત્તશુદ્ધિવાળા થઈને માયાના અધિષ્ઠાનરૂપ નિર્ગુણબ્રહ્મને તથા શરીરનો આશ્રય કરીને પ્રકાશયુક્ત હોવાથી અધ્યાત્મનામને પામેલા અંતરાત્માને અને તે જ્ઞાનમાં ઉપયોગી એવાં સંપૂર્ણ સાધનોને જાણે છે. ૨૯

साधिभूताधिदैवं मां, साधियज्ञं च ये विदुः ।
प्रयाणकालेऽपि च मां, ते विदुर्युक्तचेतसः ॥३०॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे ज्ञानयोगो नाम सप्तमोऽध्यायः ॥ ७ ॥

પદચ્છેદ તથા પદાર્થ:—**साधिभूताधिदैवम्** અધિભૂત અને અધિદૈવસહિત **माम्** મને **साधियज्ञम्** અધિયજ્ઞસહિત **च** તથા **ये** જેઓ **विदुः** જાણે છે **प्रयाणकाले** મરણસમયમાં **अपि** પણ **च** નિશ્ચય **माम्** મને **ते** તેઓ **विदुः** જાણે છે **युक्तचेतसः** સમાહિતચિત્તવાળા [થઈ.] ૩૦

શબ્દાર્થ:—જેઓ અધિભૂત ને અધિદૈવસહિત તથા અધિયજ્ઞસહિત મને જાણે છે તેઓ સમાહિતચિત્તવાળા [થઈ] નિશ્ચય મરણસમયમાં પણ મને જાણે છે.' ૩૦

ટીકા:—જે અધિકારી પુરુષો અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞસહિત મારું નિરંતર ચિંતન કરે છે તેઓ નિરંતર મારામાં એકાગ્રચિત્તવાળા થઈ પૂર્વના અભ્યાસથી ઉપજેલા સંસ્કારોની દઢતાથી પ્રાણના ત્યાગસમયમાં પણ મને જાણે છે, અર્થાત્ અંતકાલના સમયમાં પણ તેમની ચિત્તવૃત્તિ મારે આકારેજ હોય છે, જડ પદાર્થોને આકારે નથી હોતી તેથી તેઓ કૃતકૃત્ય થાય છે. ૩૦

એવી રીતે આ અધ્યાયમાં ઉત્તમાધિકારીને લક્ષણાવૃત્તિથી આત્માનું જ્ઞેયસ્વરૂપ અને મધ્યમાધિકારીને મુખ્યવૃત્તિથી આત્માનું ધ્યેયસ્વરૂપ સમજાવ્યું.

इति श्रीमन्मथुरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्य-
दीपिकाख्यायां सप्तमोऽध्यायः ॥ ७ ॥

॥ ॐ ॥

અધ્યાય ૮ મો.

મહાપુરુષયોગ.

સાતમા અધ્યાયના અંતમાં સૂત્રરૂપે કહેલા સાત પદાર્થો સામાન્યરૂપે જાણી હવે તેમને વિશેષરૂપે જાણવાની ઈચ્છાથી નીચેના બે શ્લોકોવડે અર્જુન શ્રીકૃષ્ણને પ્રશ્ન કરે છેઃ—

अर्जुन उवाच ॥

किं तद्ब्रह्म किमध्यात्मं, किं कर्म पुरुषोत्तम ।
अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते ॥१॥

પદચ્છેદ તથા પદાર્થઃ—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **किम्** શું **तत्** તત્-તે **ब्रह्म** બ્રહ્મ **किम्** શું **अध्यात्मम्** અધ્યાત્મ **किम्** શું **कर्म** કર્મ **पुरुषोत्तम** હે પુરુષોત્તમ!-હે શ્રીકૃષ્ણ! **अधिभूतम्** અધિભૂત **च** વળી **किम्** શું **प्रोक्तम्** કહ્યું **अधिदैवम्** અધિદેવ **किम्** શું **उच्यते** કહેવાય છે? ૧

શબ્દાર્થઃ—અર્જુન બોલ્યાઃ-'હે પુરુષોત્તમ! તત્ બ્રહ્મ શું? અધ્યાત્મ શું? કર્મ શું? વળી અધિભૂત શું કહ્યું? [તથા] અધિદેવ શું કહેવાય છે? ૧

ટીકાઃ—હે શુદ્ધાત્મન્! જાણવાયોગ્ય બ્રહ્મ તે શું છે? અર્થાત્ તે બ્રહ્મ ઉપાધિવાળું છે કે ઉપાધિથી રહિત છે? અધ્યાત્મ તે શું? અર્થાત્ શ્રોત્રાદિક ઇંદ્રિયોનું નામ અધ્યાત્મ છે? કિંવા અંતઃકરણનું કે અંતરાત્માનું નામ અધ્યાત્મ છે? કર્મ શું છે? અર્થાત્ યજ્ઞ તેજ કર્મ છે કે બીજું કોઇ કર્મ છે? અધિભૂત કોને કહો છો? અર્થાત્ પૃથ્વી આદિ ભૂતોનો આશ્રય કરીને રહેલાં કાર્યોને કે સંપૂર્ણ કાર્યોને આપ અધિભૂત કહો છો? અને અધિદૈવ શું કહેવાય છે? અર્થાત્ દેવતાઓના ધ્યાનને અધિદેવ કહેવું કે તેઓમાં રહેલા ચૈતન્યને અધિદૈવ કહેવું? ૧

अधियज्ञः कथं कोऽत्र, देहेऽस्मिन्मधुसूदन ।
प्रयाणकाले च कथं, ज्ञेयोऽसि नियतात्मभिः ॥२॥

૫૦ ૭૦ ૫૦:—**अधियज्ञः** અધિયજ્ઞ **कथम्** કેવી રીતે **कः** કોણ [છે] **अत्र** અહિં **देहे** દેહમાં **अस्मिन्** આ **मधुसूदन** હે મધુસૂદન !– હે શ્રીકૃષ્ણ ! **प्रयाणकाले** મરણસમયમાં **च** તથા **कथम्** શી રીતે **ज्ञेयः** જાણવાયોગ્ય **असि** છો **नियतात्मभिः** ચિત્તને નિયમમાં રાખનારાઓએ. ૨

શ૦:—હે મધુસૂદન ! અહિં અધિયજ્ઞ કોણ [છે ? તે] કેવી રીતે [ચિંતન કરવાયોગ્ય છે ? અને તે] આ દેહમાં [રહે છે ? અથવા દેહથી બહાર રહે છે ?] તથા મરણસમયમાં ચિત્તને નિયમમાં રાખનારાઓએ [આપ] શી રીતે જાણવાયોગ્ય છો ? ' ૨

ટી૦:—હે યોગવિઘ્નોને હણનાર ! અહિં આ શરીરમાં અધિયજ્ઞ કોણ છે ? તથા તે કેવી રીતે રહેલો કહેવાય છે ? અર્થાત્ તે બુદ્ધિ આદિરૂપ છે કે તેથી ભિન્ન છે ? અને તે આ દેહમાંજ રહે છે કે દેહથી બહાર રહે છે ? વળી મૃત્યુસમયમાં શ્રવણાદિ સર્વ કરણો અસાવધ થાય છે માટે તે સમયમાં ચિત્તની સાવધાનતા સંભવતી નથી એવા મરણસમયમાં એકાગ્રચિત્તવાળા પુરુષોએ આપને કેવી રીતે જાણવા જોઇએ ? ૨

પૂછેલા સાત પ્રશ્નોનાં ઉત્તરો નીચેના ત્રણ શ્લોકોવડે શ્રીકૃષ્ણભગવાન્ આપે છે:—

श्रीभगवानुवाच ॥

अक्षरं ब्रह्म परमं, स्वभावोऽध्यात्ममुच्यते ।
भूतभावोद्भवकरो, विसर्गः कर्मसंज्ञितः ॥३॥

૫૦ ૭૦ ૫૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **अक्षरम्** અક્ષર—નાશરહિત **ब्रह्म** બ્રહ્મ **परमम्** પરમ—શ્રેષ્ઠ **स्वभावः** સ્વભાવ—બ્રહ્મનું જીવરૂપે થવું **अध्यात्मम्** અધ્યાત્મ **उच्यते** કહેવાય છે **भूतभावोद्भवकरः** ભૂતોની ઉત્પત્તિ તથા વૃદ્ધિ કરનાર **विसर्गः** વિસર્ગ—જેમાં પોતાના માનેલા દ્રવ્યનો ત્યાગ કરવાનો છે તે **कर्मसंज्ञितः** કર્મ એ નામથી. ૩

શ૦:—શ્રીભગવાન્ બોલ્યા:–' પરમ અક્ષર [તે] બ્રહ્મ કહેવાય છે, [ને] સ્વભાવ [તે] અધ્યાત્મ [કહેવાય છે, તથા] ભૂતોની ઉત્પત્તિ તથા વૃદ્ધિ કરનાર [જે] વિસર્ગ [તે] કર્મ એ નામથી [કહેવાય છે.] ૩

ટી૦:—પૂછેલા સાત પ્રશ્નોમાંના પહેલા ત્રણ પ્રશ્નોનાં ઉત્તરો યથાનુક્રમે આ શ્લોકમાં આપે છે. સ્વયંપ્રકાશ પરમાનંદસ્વરૂપ અક્ષર. (ઉત્પત્તિનાશથી રહિત તથા સર્વત્ર વ્યાપક) તે બ્રહ્મ (નિરુપાધિક બ્રહ્મ) કહેવાય છે. તે અક્ષરબ્રહ્મના સ્વરૂપભૂત જે અંતરાત્મા છે તે અંતરાત્માજ આ દેહરૂપ મિથ્યા આત્માનો આશ્રય કરીને ભોક્તારૂપે વર્તમાન થયેલો અધ્યાત્મ એ નામથી કહેવાય છે, ભોક્તાચૈતન્યથી ભિન્ન એવો શ્રવણાદિક કરણોનો સમુદાય તે અધ્યાત્મ નથી કહેવાતો, અને સ્થાવરજંગમ ભૂતોની ઉત્પત્તિ તથા વૃદ્ધિ કરનાર યાગ, હોમ અને દાન એ રૂપ વિસર્ગજ (ત્યાગજ) કર્મશબ્દથી કહેલ છે, પણ ઉદાસીનક્રિયાને કર્મરૂપે નથી કહી. ૩

अधिभूतं क्षरो भावः, पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोऽहमेवात्र, देहे देहभृतां वर ॥४॥

૫૦ ત૦ ૫૦:—**अधिभूतम्** અધિભૂત **क्षरः** નાશવાન્ **भावः** [ઉત્પન્ન થયેલો] પદાર્થ **पुरुषः** પુરુષ–હિરણ્યગર્ભ **च** તથા **अधिदैवतम्** અધિદૈવ **अधियज्ञः** અધિયજ્ઞ–કર્મોમાં પ્રેરક તથા તેનું ફલ આપનાર **अहम्** હું **एव** જ **अत्र** અહિં–આ મનુષ્ય **देहे** દેહમાં **देहभृताम्** દેહધારીઓમાં **वर** હે શ્રેષ્ઠ ! ૪

શ૦:—નાશવાન્ પદાર્થ અધિભૂત [કહેવાય છે,] તથા પુરુષ (હિરણ્યગર્ભ) અધિદૈવ [કહેવાય છે, અને] હે દેહધારીઓમાં શ્રેષ્ઠ ! અધિયજ્ઞ હુંજ [છું. તે અધિયજ્ઞ] આ મનુષ્યદેહમાં [રહે છે.] ૪

ટી૦:—હવે બીજા ત્રણ પ્રશ્નોનાં ઉત્તરો આ શ્લોકથી કહે છે. ઉત્પત્તિ તથા નાશવાળા બધા પદાર્થો પ્રાણીઓનો આશ્રય કરીને રહે છે માટે તે ઉત્પત્તિ તથા નાશવાળા સર્વ પદાર્થો અધિભૂત કહેવાય છે. હિરણ્યગર્ભ (સૂક્ષ્મશરીરોની સમષ્ટિ) તથા દશ ઇંદ્રિયોના અને ચાર અંતઃકરણોના દેવો અધિદૈવ કહેવાય છે, દેવતાઓનું ધ્યાન એ અધિદૈવ કહેવાતું નથી, અને મનુષ્યશરીરને વિષે અંતર્યામી વિષ્ણુરૂપ હુંજ અધિયજ્ઞ છું. ૪

अंतकाले च मामेव, स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं, याति नास्त्यत्र संशयः ॥५॥

૫૦ ત૦ ૫૦:—**अंतकाले** અંતકાલે **च** પણ **माम्** મને–મારું **एव** જ **स्मरन्** સ્મરણ કરતો છતો **मुक्त्वा** છોડીને **कलेवरम्** દેહ **यः** જે **प्रयाति** જાય છે **सः** તે **मद्भावम्** મારા સ્વરૂપને **याति** જાય છે–પામે

છે न નહિ अस्ति છે अत्र અહિ–એમાં संशयः સંશય. ૫

શ૦:—જે અંતકાલે પણ મારુંજ સ્મરણ કરતો છતો દેહ છોડીને જાય છે તે મારા સ્વરૂપને પામે છે એમાં સંશય નથી. ૫

ટી૦:—આ શ્લોકમાં છેલ્લા અથવા સાતમા પ્રશ્નનું ઉત્તર આપતાં કહે છે કે જે અધિકારી પુરુષ મારું સગુણરૂપે કે નિર્ગુણરૂપે સ્મરણ કરતો છતો–તે સ્મરણના સંસ્કારોની દૃઢતાથી શ્રવણાદિની અસાવધાનતાવાળા મૃત્યુસમયમાં પણ મારું ચિંતન કરતો છતો–આ શરીરમાંથી અહંતામમતાનો પરિત્યાગ કરીને પ્રાણના વિયોગસમયમાં જાય છે તે અધિકારપ્રમાણે મારા સગુણ કે નિર્ગુણ બ્રહ્મભાવને પામે છે. ત્યાં સગુણબ્રહ્મોપાસક તો બ્રહ્મલોકમાં જાય છે, ને ત્યાંના ભોગો ભોગવીને અંતે નિર્ગુણબ્રહ્મભાવને પામે છે, અને નિર્ગુણબ્રહ્મનું ચિંતન કરનાર તો આ શરીરમાંજ અધિષ્ઠાનચૈતન્યમાં લયભાવને પામે છે એમાં કાંઈ પણ સંશય નથી. ૫

અન્ય દેવતાનું સ્મરણ કરનારને અન્ય દેવતાની પ્રાપ્તિ થાય છે એમ કહે છેઃ—

यं यं वापि स्मरन्भावं, त्यजत्यंते कलेवरम् ।
तं तमेवैति कौंतेय, सदा तद्भावभावितः ॥६॥

૫૦ ત૦ ૫૦:—यम् જે यम् જે वा અથવા अपि જ स्मरन् સ્મરણ કરતો છતો भावम् ભાવનું–દેવતાનું त्यजति છોડે છે अंते અંતે–મરણસમયમાં कलेवरम् શરીરને तम् તેને तम् તેને एव જ एति જાય છે–પામે છે कौंतेय હે કૌંતેય ! सदा સદા तद्भावभावितः તે તે દેવતાની ભાવનાવાળો થયેલો. ૬

શ૦:—હે કૌંતેય! અથવા સદા તે તે દેવતાની ભાવનાવાળો થયેલો મરણસમયમાં જે જે દેવતાનુંજ સ્મરણ કરતો છતો [આ] શરીરને છોડે છે [તે પુરુષ] તેને તેનેજ પામે છે. ૬

ટી૦:—અથવા જે પુરુષ જે જે પ્રિયાપ્રિય વસ્તુરૂપ ભાવનું સ્મરણ કરતો છતો મરણકાલે આ શરીરનો પરિત્યાગ કરે છે તે પુરુષ મરણપછી તે તે ભાવને પામે છે. એ નિયમપ્રમાણે અન્ય દેવતાનું નિરંતર ધ્યાન કરનાર તેનો ભક્ત મુઆપછી તે તે દેવતાના ભાવને પામે છે. જોકે મરણકાલે તે તે દેવતાના સ્મરણમાં પ્રવૃત્તિ સંભવતી નથી તોપણ પૂર્વકાલના

અભ્યાસથી ઉપજેલી જે સંસ્કારરૂપ વાસના છે તેજ તે સમયમાં તેના સ્મરણમાં હેતુરૂપ થાય છે. ૬

માટે તમે પણ નિરંતર મારું ચિંતન કરો એમ અર્જુનને કહે છે:—

तस्मात्सर्वेषु कालेषु, मामनुस्मर युध्य च ।
मय्यर्पितमनोबुद्धिर्, मामेवैष्यस्यसंशयम् ॥७॥

પ૦ ૯૦ પ૦:—**तस्मात्** તેટલામાટે **सर्वेषु** સર્વ **कालेषु** કાલોમાં **माम्** મને-મારું **अनुस्मर** સ્મરણ કરો **युध्य** યુદ્ધ કરો **च** અને **मयि** મારામાં **अर्पितमनोबुद्धिः** અર્પણ કરેલાં મનોબુદ્ધિવાળા **माम्** મને **एव** જ **एष्यसि** પામશો **असंशयम्** સંદેહ નથી. ૭

શ૦:—તેટલામાટે સર્વ કાલોમાં મારું સ્મરણ કરો, અને યુદ્ધ કરો. મારામાં અર્પણ કરેલાં મનોબુદ્ધિવાળા [તમે] મનેજ પામશો [એમાં] સંશય નથી. ૭

ટી૦:—આગળ કહ્યા પ્રમાણે પૂર્વના અભ્યાસથી ઉપજેલી મરણકાલની ભાવનાજ દેહાંતરની પ્રાપ્તિનું કારણ છે માટે તેની ઉત્પત્તિસારુ મૃત્યુની પહેલાંજ સર્વ કાલમાં અત્યંત શ્રદ્ધાભક્તિપૂર્વક નિરંતર મારું ચિંતન કર, અને અંતઃકરણની અશુદ્ધિના હેતુ જે આ તારા કામાદિ શત્રુઓ છે તેમનો નાશ કરવામાટે નિત્યનૈમિત્તિકકર્મોના શ્રદ્ધાભક્તિપૂર્વક અનુષ્ઠાનરૂપ યુદ્ધ કર. ચિત્તની શુદ્ધિ થયા પછી જેણે સંકલ્પવિકલ્પરૂપ મન તથા નિશ્ચયરૂપ બુદ્ધિ મારામાં અર્પણ કરેલાં છે એવો તું મનેજ પામીશ એમાં લગારે સંદેહ નથી. ૭

નિરંતર પરમાત્માનું ચિંતન કરનારો પુરુષ તેને પામે છે એમ કહે છે:—

अभ्यासयोगयुक्तेन, चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं, याति पार्थानुचिंतयन् ॥८॥

પ૦ ૯૦ પ૦:—**अभ्यासयोगयुक्तेन** અભ્યાસયોગથી યુક્ત **चेतसा** ચિત્તવડે **नान्यगामिना** બીજે નહિ જનારા **परमम्** પરમ **पुरुषम्** પુરુષને **दिव्यम्** દિવ્ય **याति** જાય છે-પામે છે **पार्थ** હે પાર્થ ! **अनुचिंतयन्** નિરંતર [પરમાત્માનું] ચિંતન કરતો છતો. ૮

શ૦:—હે પાર્થ ! નિરંતર [પરમાત્માનું] ચિંતન કરતો છતો [આ પુરુષ] અભ્યાસયોગથી યુક્ત [અને] બીજે નહિ જનારા ચિત્તવડે પરમ દિવ્ય પુરુષને પામે છે. ૮

ટી૦:— શ્રીસદ્ગુરુના તથા સચ્છાસ્ત્રના ઉપદેશપછી નિરંતર પરમાત્માનું ધ્યાન કરતો છતો અધિકારી પુરુષ પાંચ પ્રકારની ચિત્તની વૃત્તિઓનો પરિત્યાગ કરીને સમાધિથી યુક્ત એવા તથા બીજા અનાત્મ પદાર્થોમાં સ્વભાવથીજ નહિ જનારા ચિત્તવડે નિરતિશય આનંદરૂપ તથા પ્રકાશરૂપ પરમપુરુષને પ્રાપ્ત થાય છે. ૮

પૂર્વોક્ત પ્રસંગને પાછો વિસ્તારથી કહે છે:—

कविं पुराणमनुशासितारमणोरणीयांसमनुस्मरेद्यः ।
सर्वस्य धातारमचिंत्यरूपमादित्यवर्णं तमसः परस्तात् ॥९॥
प्रयाणकाले मनसाऽचलेन, भक्त्या युक्तो योगबलेन चैव ।
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक्, स तं परं पुरुषमुपैति दिव्यम् ॥

પ૦ ત૦ પ૦:—**कविम्** સર્વજ્ઞ **पुराणम्** અનાદિ **अनुशासितारम्** સર્વને નિયમમાં રાખનાર **अणोः** અણુથી—સૂક્ષ્મથી **अणीयांसम्** વધારે સૂક્ષ્મ **अनुस्मरेत्** વારંવાર સ્મરણ કરે છે **यः** જે **सर्वस्य** સર્વને **धातारम्** ધારણ કરનાર **अचिंत्यरूपम्** વિચારમાં ન આવે એવા રૂપવાળા **आदित्यवर्णम्** સૂર્યની પેઠે પ્રકાશરૂપ **तमसः** અજ્ઞાનથી **परस्तात्** પર—દૂર **प्रयाणकाले** મરણસમયમાં **मनसा** મનવડે **अचलेन** અચલ **भक्त्या** ભક્તિથી **युक्तः** યુક્ત—જોડાયેલો—[થઈ] **योगबलेन** યોગબલથી **च एव** તથા **भ्रुवोः** બે ભમરની **मध्ये** મધ્યમાં **प्राणम्** પ્રાણને **आवेश्य** સ્થાપન કરી **सम्यक्** યથાર્થરીતે **सः** તે **तम्** એ **परम्** પરમ—શ્રેષ્ઠ **पुरुषम्** પુરુષને **उपैति** પામે છે **दिव्यम्** દિવ્ય. ૯—૧૦

શ૦:—મરણસમયમાં અચલ મનવડે ભક્તિથી યુક્ત [થઇ,] તથા યોગબલથી [યુક્ત થઈ,] બે ભમરની મધ્યમાં પ્રાણને યથાર્થરીતે સ્થાપન કરી સર્વજ્ઞ, અનાદિ, સર્વને નિયમમાં રાખનાર, સૂક્ષ્મથી [પણ] વધારે સૂક્ષ્મ, સર્વને ધારણ કરનાર, વિચારમાં ન આવે એવા રૂપવાળા, સૂર્યની પેઠે પ્રકાશરૂપ [તથા] અજ્ઞાનથી

પર [એવા પુરુષનું] જે વારંવાર સ્મરણ કરે છે તે એ પરમદિવ્ય પુરુષને પામે છે. ૯–૧૦

ટી૦:—મૃત્યુકાલમાં સ્થિર મનથી મારામાં પરમપ્રેમવાળો થઈને તેમજ વ્યુત્થાનસંસ્કારોના વિરોધી જે સમાધિના સંસ્કારોનો સમુદાય તેથી યુક્ત થઈને શ્રીસદ્‌ગુરુએ બતાવેલી કલાપ્રમાણે પોતાના પ્રાણને આધારચક્રથી ધીરે ધીરે ઉપરનાં ચક્રોમાં લાવીને પછી ભ્રુકુટિની મધ્યમાં સારી રીતે સ્થાપન કરી સર્વજ્ઞ, (ત્રણ કાલની સર્વ વસ્તુઓના દ્રષ્ટા,) અનાદિ, સર્વ જગતને નિયમપૂર્વક ચલાવનારા, આકાશાદિ સૂક્ષ્મ પદાર્થોથી પણ બહુજ સૂક્ષ્મ, પોતાની આકર્ષણશક્તિવડે સર્વને ધારણ કરનાર, અપાર મહિમાવાળા હોવાથી વિચારમાં ન આવી શકે એવા સ્વરૂપવાળા, સૂર્યની પેઠે સર્વ જગતનો પ્રકાશ કરનારા ને અજ્ઞાનરૂપ અંધકારના વિરોધી એવા પરમદિવ્ય પુરુષનું જે પુરુષ સ્મરણ કરે છે તે પુરુષ દશમદ્વારરૂપ બ્રહ્મરંધ્રથી ઉત્ક્રમણ કરીને એ પરમદિવ્ય પુરુષને પામે છે. ૯–૧૦

હવે આત્મસ્વરૂપને સંક્ષેપમાં કહેવાની પ્રતિજ્ઞા કરે છે:—

यदक्षरं वेदविदो वदंति, विशंति यद्यतयो वीतरागाः ।
यदिच्छंतो ब्रह्मचर्यं चरंति, तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥११॥

પ૦ ત૦ પ૦:—**यत्** જે **अक्षरम्** અક્ષરને **वेदविदः** વેદને જાણનારા **वदंति** કહે છે **विशंति** પ્રવેશ કરે છે **यत्** જેને–જેમાં **यतयः** સંન્યાસીઓ **वीतरागाः** રાગરહિત **यत्** જેને **इच्छंतः** ઇચ્છનારા **ब्रह्मचर्यम्** બ્રહ્મચર્ય **चरंति** પાળે છે **तत्** તે **ते** તમને **पदं** પદ **संग्रहेण** સંક્ષેપમાં **प्रवक्ष्ये** કહું છું. ૧૧

શ૦:—વેદને જાણનારા જે અક્ષરને કહે છે, રાગરહિત સંન્યાસીઓ જેમાં પ્રવેશ કરે છે, જેને ઇચ્છનારા બ્રહ્મચર્ય પાળે છે તે પદ [હું] તમને સંક્ષેપમાં કહું છું. ૧૧

ટી૦:—પ્રમાણવિષે કુશલ વેદવેત્તાઓ ૐકારનામવાળા અવિનાશી બ્રહ્મનું પ્રતિપાદન કરે છે, તથા સર્વ વિષયસુખોની ઇચ્છાથી રહિત યત્નશીલ સંન્યાસીઓ જે અક્ષરબ્રહ્મમાં પ્રવેશ કરે છે, અર્થાત્ અક્ષરબ્રહ્મને પોતાના આત્મરૂપે અનુભવે છે, અને જે અવિનાશી બ્રહ્મને જાણવાને ઇચ્છનારા નૈષ્ઠિક બ્રહ્મચારીઓ બ્રહ્મચર્યપૂર્વક બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિનાં શ્રવણમનનાદિ સાધનો કરે છે તે અક્ષરબ્રહ્મરૂપ પદ હું તને સંશય ન રહે એમ સંક્ષેપમાં કહું છું. ૧૧

પૂર્વોક્ત પદે પહોંચવાનાં સાધનોને નીચેના ત્રણ શ્લોકોથી કહે છે:—

सर्वद्वाराणि संयम्य, मनो हृदि निरुध्य च ।
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥१२॥

પ૦ ત૦ પ૦:—**सर्वद्वाराणि** સર્વ દ્વારોને **संयम्य** બંધ કરી **मनः** મનનો **हृदि** હૃદયમાં **निरुध्य** નિરોધ કરી **च** અને **मूर्ध्नि** બ્રહ્મરંધ્રમાં **आधाय** ધારણ કરી **आत्मनः** પોતાના **प्राणम्** પ્રાણને **आस्थितः** રહેલો **योगधारणाम्** યોગધારણામાં. ૧૨

શ૦:—સર્વ દ્વારોને બંધ કરી, અને મનનો હૃદયમાં નિરોધ કરી, પોતાના પ્રાણને બ્રહ્મરંધ્રમાં ધારણ કરી યોગધારણામાં રહેલો, ૧૨

ટી૦:—શ્રવણાદિક ઇંદ્રિયોરૂપ સર્વ દ્વારોને પોતપોતાના શબ્દાદિક વિષયોથી રોકીને તથા અભ્યાસવૈરાગ્યવડે મનને હૃદયકમલમાં વૃત્તિરહિત સ્થિર કરીને અને ચિત્ત તથા ઇંદ્રિયોને ક્રિયામાં પ્રવર્તાવનાર પોતાના પ્રાણને શ્રીસદ્‌ગુરુએ આપેલી યુક્તિદ્વારા સર્વભણીથી નિગ્રહ કરી બ્રહ્મરંધ્રમાં ધારણ કરીને આત્માનો અનુભવ કરાવનારી સમાધિરૂપ ધારણામાં રહેલો, ૧૨

ओमित्येकाक्षरं ब्रह्म, व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं, स याति परमां गतिम् ॥१३॥

પ૦ ત૦ પ૦:—**ओम्** ૐ **इति** એમ–એવા **एकाक्षरम्** એકાક્ષરને **ब्रह्म** બ્રહ્મરૂપ **व्याहरन्** જપતો **माम्** મારું **अनुस्मरन्** વારંવાર સ્મરણ કરતો **यः** જે **प्रयाति** જાય છે **त्यजन्** ત્યજતો–ત્યજીને **देहम्** દેહ **सः** તે **याति** જાય છે–પામે છે **परमाम्** પરમ **गतिम्** ગતિને. ૧૩

શ૦:—ૐ એવા બ્રહ્મરૂપ એકાક્ષરને જપતો [તથા] મારું વારંવાર સ્મરણ કરતો જે દેહ ત્યજીને જાય છે તે પરમગતિને પામે છે. ૧૩

ટી૦:—તથા ૐ એવા બ્રહ્મના વાચક એકાક્ષરનું ઉચ્ચારણ કરતો છતો, તથા તે પ્રણવના અર્થરૂપ તથા અવિનાશી એવો જે હું તેનું સતત સ્મરણ કરતો છતો, મરણકાલમાં સુષુમ્ણાનાડીરૂપ માર્ગે કરીને જે આ શરીરનો પરિત્યાગ કરીને દેવયાનમાર્ગદ્વારા બ્રહ્મલોકમાં જાય છે તે ત્યાંના

દિવ્ય ભોગો ભોગવીને અંતમાં (બ્રહ્માના વિદેહકૈવલ્યના સમયમાં) મોક્ષરૂપ પરમગતિને પામે છે. ૧૩

अनन्यचेताः सततं, यो मां स्मरति नित्यशः ।

तस्याहं सुलभः पार्थ, नित्ययुक्तस्य योगिनः ॥१४॥

પ૦ ત૦ પ૦:—**अनन्यचेताः** બીજી કોઇ પણ વસ્તુમાં ચિત્તની આસક્તિ નહિ રાખનારા [થઇ] **सततम्** નિરંતર **यः** જે **माम्** મને-મારું **स्मरति** સ્મરણ કરે છે **नित्यशः** જીવિતપર્યંત **तस्य** તે **अहम्** હું **सुलभः** સુલભ-થોડા પ્રયત્ને મળી શકું એવો-[છું] **पार्थ!** હે પાર્થ! **नित्ययुक्तस्य** નિત્યસમાહિતચિત્તવાળા **योगिनः** યોગીઓને. ૧૪

શ૦:—હે પાર્થ ! જે બીજી કોઇ પણ વસ્તુમાં ચિત્તની આસક્તિ નહિ રાખનારા [થઇ] નિરંતર જીવિતપર્યંત મારું સ્મરણ કરે છે તે નિત્યસમાહિતચિત્તવાળા યોગીઓને હું સુલભ [છું.] ૧૪

ટી૦:—હે અંદવિરામ ! જે પુરુષ મારાથી ભિન્ન બીજી કોઇ પણ વસ્તુમાં આસક્તિ રાખતો નથી, ને નિરંતર જીવિતકાલપર્યંત મારુંજ ચિંતન કરે છે, અર્થાત્ પરમસત્કારપૂર્વક શરીરનો તથા પ્રાણનો સંબંધ રહે ત્યાંસુધી અંતરાયથી રહિત નિરંતર મારુંજ સ્મરણ કર્યા કરે છે તેવા નિરંતર સમાહિત-ચિત્તવાળા યોગિજનોને હું અનાયાસે પ્રાપ્ત થવાયોગ્ય છું; જોકે બીજા અયોગીઓને તો હું અત્યંત દુર્લભ છું. ૧૪

એવા મહાત્માઓનો પુનર્જન્મ થતો નથી એમ કહે છે:—

मामुपेत्य पुनर्जन्म, दुःखालयमशाश्वतम् ।

नाप्नुवंति महात्मानः, संसिद्धिं परमां गताः ॥१५॥

પ૦ ત૦ પ૦:—**माम्** મને **उपेत्य** પામીને **पुनः** પુનઃ-ફરીથી **जन्म** જન્મને **दुःखालयम्** દુઃખના ઘરરૂપ **अशाश्वतम्** અનિત્ય [એવા] **न** નથી **आप्नुवंति** પામતા **महात्मानः** મહાત્માઓ **संसिद्धिम्** સંસિદ્ધિને-કૈવલ્યને **परमाम्** પરમ **गताः** ગયેલા-પામેલા. ૧૫

શ૦:—પરમ સંસિદ્ધિને (કૈવલ્યને) પામેલા મહાત્માઓ મને પામીને પુનઃ દુઃખના ઘરરૂપ [અને] અનિત્ય [એવા] જન્મને પામતા નથી. ૧૫

ટી૦:--સત્યલોકના અતિદિવ્ય ભોગોને ભોગવી અંતમાં આત્મજ્ઞાનને પામી પરમ શ્રેષ્ઠ કૈવલ્યને પામેલા મહાત્માઓ (સમાધિવડે જેમના ચિત્ત-માંથી રજોગુણ તથા તમોગુણ નાશ પામ્યા છે એવા) મને પામીને ફરીથી જેમાં ગર્ભવાસ તથા અપવિત્ર માર્ગથી બહાર નીકળવું એ આદિ અનેક દુઃખો ને દોષો રહ્યાં છે એવો તથા અસ્થિર જે જન્મ તેને પામતા નથી, અર્થાત્ તેની સંસારમાં પુનરાવૃત્તિ થતી નથી. ૧૫

તત્ત્વજ્ઞાનથી રહિત પુરુષોની બ્રહ્મલોકથી પુનરાવૃત્તિ થાય છે એમ કહે છે:--

आब्रह्मभुवनाल्लोकाः, पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौंतेय, पुनर्जन्म न विद्यते ॥१६॥

પ૦ ત૦ પ૦:--**आब्रह्मभुवनात्** બ્રહ્મલોકપર્યંતના **लोकाः** [સર્વ] લોકો **पुनरावर्तिनः** પુનર્જન્મ પામનારા [છે] **अर्जुन** હે અર્જુન! **माम्** મને **उपेत्य** પામીને **तु** જ **कौंतेय** હે કૌંતેય! **पुनः** પુનઃ **जन्म** જન્મ **न** નહિ **विद्यते** છે. ૧૬

શ૦:—હે અર્જુન! બ્રહ્મલોકપર્યંતના [સર્વ] લોકો પુન-ર્જન્મ પામનારા [છે, પણ] હે કૌંતેય! મનેજ પામીને પુન-ર્જન્મ નથી. ૧૬

ટી૦:—તત્ત્વજ્ઞાનથી રહિત સર્વે પુરુષોને સત્યલોકસહિત સર્વે ભોગ-ભૂમિરૂપ લોકો પુનરાવૃત્તિવાળાજ થાય છે, અર્થાત્ તેઓનો ત્યાંથી પુનર્જન્મ થાય છે, પણ મને પામીને પરમાનંદરૂપ થએલા મહાત્માઓનો કદીપણ પુનર્જન્મ થતો નથી. સત્યલોકમાં ગયેલા કોણ પાછા આવે છે, અને કોણ પાછા નથી આવતા એ વિષયનો નિર્ણય આ પ્રમાણે છે:—જેઓ ભોગોની પ્રાપ્તિમાટે પંચાગ્નિવિદ્યાદિરૂપ સાધન કરી સત્યલોકમાં જાય છે, ને વિષયોની તૃષ્ણાથી રહિત નહિ થવાને લીધે વિરજાનદીની આ તરફનાજ પ્રદેશમાં રહે છે તેઓને બીજા કલ્પમાં અહિં પાછું ફરવું પડે છે, પણ જેઓ દહરાદિક ઉપાસનારૂપ સાધનથી વિષયતૃષ્ણાથી રહિત થઇ વિરજાનદીના સામા કાંઠાના સત્યલોકમાં જાય છે તેઓ અહિં પાછા ફરતા નથી, પણ બ્રહ્માના શરીર-ના અંતસમયે વિદેહકૈવલ્ય પામી અખંડચિદેકરસ બ્રહ્મમાં વિરામે છે. ૧૬

બ્રહ્માના દિવસને તથા રાત્રિને જાણનારાજ દિવસરાત્રિને જાણનારા છે એમ કહે છે:—

सहस्रयुगपर्यंतमहर्यद्ब्रह्मणो विदुः ।
रात्रिं युगसहस्रांतां, तेऽहोरात्रविदो जनाः ॥१७॥

૫૦ ત૦ ૫૦:--**सहस्रयुगपर्यंतम्** હજાર યુગોપર્યંતના **अहः** દિવસને **यत्** જે **ब्रह्मणः** બ્રહ્માના **विदुः** જાણે છે **रात्रिम्** રાત્રિને **युग-सहस्रांताम्** હજાર યુગોએ પૂરી થનારી **ते** તે **अहोरात्रविदः** દિવસરાતને જાણનારા [છે] **जनाः** જનો-માણસો. ૧૭

શ૦:—જે હજાર યુગોપર્યંતના બ્રહ્માના દિવસને જાણે છે, [તથા] હજાર યુગોએ પૂરી થનારી [તેમની] રાત્રિને [જાણે છે] તે માણસો દિવસરાતને જાણનારા [છે.] ૧૭

ટી૦:--માણસનાં ૧૭૨૮૦૦૦ વર્ષોનો **સત્યયુગ**, ૧૨૯૬૦૦૦ વર્ષોનો ત્રેતાયુગ, ૮૬૪૦૦૦ વર્ષોનો દ્વાપરયુગ ને ૪૩૨૦૦૦ વર્ષોનો કલિયુગ થાય છે. એવા ચાર યુગોની એક ચોકડી ૪૩૨૦૦૦૦ વર્ષોની થાય છે. બ્રહ્માના એક દિવસમાં એવી હજાર ચોકડીઓ વ્યતીત થાય છે, અને તેમની રાત્રિમાં પણ તેટલીજ ચોકડીઓ વ્યતીત થાય છે. આવી રીતે બ્રહ્માના અહોરાત્રને જે જાણે છે તેજ દિવસરાત્રિ જાણનાર કહેવાય છે. જે અલ્પ-દર્શી મનુષ્ય સૂર્યચંદ્રમાની ગતિથી દિવસરાત્રિ જાણે છે તે મનુષ્ય વાસ્તવિક દિવસરાત્રિ જાણનાર કહેવાતા નથી. ૧૭

બ્રહ્માનો દિવસ આવે ત્રિલોકીની ઉત્પત્તિ થાય છે, અને તેમની રાત્રિ આવે તેનો લય થાય છે એમ જણાવે છે:—

अव्यक्ताद्व्यक्तयः सर्वाः, प्रभवंत्यहरागमे ।
रात्र्यागमे प्रलीयंते, तत्रैवाव्यक्तसंज्ञके ॥१८॥

૫૦ ત૦ ૫૦:--**अव्यक्तात्** અવ્યક્તથી **व्यक्तयः** વ્યક્તિઓ—ચરાચર પ્રાણીઓ **सर्वाः** સર્વ **प्रभवंति** ઉત્પન્ન થાય છે **अहरागमे** દિવસ આવે છે ત્યારે **रात्र्यागमे** રાત્રિ આવે છે ત્યારે **प्रलीयंते** લય પામે છે **तत्र** તે **एव** જ **अव्यक्तसंज्ञके** અવ્યક્તનામવાળામાં. ૧૮

શ૦:—[બ્રહ્માનો] દિવસ આવે છે ત્યારે અવ્યક્તથી સર્વ વ્યક્તિઓ (ચરાચર પ્રાણીઓ) ઉત્પન્ન થાય છે, [અને તેમની] રાત્રિ આવે છે ત્યારે તે અવ્યક્તનામવાળામાંજ લય પામે છે. ૧૮

ટી૦:—બ્રહ્મા જ્યારે પોતાની સુષુપ્તિમાંથી જાગે છે ત્યારે અવ્યક્ત-

માંથી (બ્રહ્માની સુષુપ્તિઅવસ્થામાંથી) પૂર્વે સૂક્ષ્મરૂપે રહેલી શરીર તથા વિષયાદિરૂપ ત્રિલોકીની વ્યક્તિઓ ઉપજે છે, અર્થાત્ વ્યવહાર કરવામાં સમર્થપણારૂપ પ્રકટતાને પામે છે, અને બ્રહ્માની સુષુપ્તિનું આગમન થયે ત્રિલોકીની તે સર્વ વ્યક્તિઓ પૂર્વે જે અવ્યક્તરૂપ કારણમાંથી ઉપજી હતી તેમાં પાછી લયભાવને પામે છે. ૧૮

આમ પ્રાણીઓ ઉત્પત્તિ તથા લયને પામ્યા કરે છે એમ કહે છે:—

भूतग्रामः स एवायं, भूत्वा भूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवशः पार्थ, प्रभवत्यहरागमे ॥१९॥

પ૦ ત૦ પ૦:—**भूतग्रामः** પ્રાણીઓનો સમુદાય **सः** એ **एव** જ **अयम्** આ **भूत्वा** ઉત્પન્ન થઇને **भूत्वा** થઇને **प्रलीयते** લય પામે છે **रात्र्यागमे** રાત્રિ આવે છે ત્યારે **अवशः** પરતંત્ર [થઈ] **पार्थ** હે પાર્થ! **प्रभवति** ઉત્પન્ન થાય છે **अहरागमे** દિવસ આવે છે ત્યારે. ૧૯

શ૦:—હે પાર્થ! એજ આ પ્રાણીઓનો સમુદાય ઉત્પન્ન થઈ થઇને પરતંત્ર [થઈ બ્રહ્માની] રાત્રિ આવે છે ત્યારે લય પામે છે, [ને] દિવસ આવે છે ત્યારે [પાછો] ઉત્પન્ન થાય છે. ૧૯

ટી૦:—જે સ્થાવરજંગમ ભૂતોનો સમુદાય પૂર્વકલ્પમાં હોય તેજ ભૂતોનો સમુદાય પોતપોતાનાં કર્માનુસાર નવા કલ્પમાં ઉત્પન્ન થઇ થઇને પછી અવિદ્યા, વિષયોની ઇચ્છા ને વિષયભોગની પ્રાપ્તિમાટે કરેલાં કર્મોથી પરતંત્ર થઇ બ્રહ્માની રાત્રિ આવે છે ત્યારે લય પામે છે, અને પુનઃ દિવસ આવે છે ત્યારે તે પાછો ઉત્પન્ન થાય છે. આમ અજ્ઞાનીઓ સંસારરૂપ ઘટમાળમાં નિરંતર ભ્રમણ કર્યા કરે છે, કદીપણ વિશ્રાંતિ પામતા નથી. ૧૯

કહેલા અવ્યક્તથી સત્તારૂપ ભાવનું શ્રેષ્ઠપણું પ્રતિપાદન કરે છે:—

परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः ।
यः स सर्वेषु भूतेषु, नश्यत्सु न विनश्यति ॥२०॥

પ૦ ત૦ પ૦:—**परः** પર-શ્રેષ્ઠ **तस्मात्** તે **तु** પણ **भावः** [સત્તારૂપ] પદાર્થ [છે] **अन्यः** બીજો **अव्यक्तः** અવ્યક્ત **अव्यक्तात्**

અવ્યક્તથી **सनातनः** અનાદિ-નિત્ય **यः** જે **सः** તે **सर्वेषु** સર્વ **भूतेषु** ભૂતો **नश्यत्सु** નાશ પામે તોપણ **न** નથી **विनश्यति** વિનાશ પામતો. **૨૦**

શ૦:—પણ તે અવ્યક્તથી પર બીજો અવ્યક્ત [તથા] અનાદિ (નિત્ય) જે [સત્તારૂપ] પદાર્થ [છે] તે સર્વ ભૂતો નાશ પામે તોપણ વિનાશ પામતો નથી. ૨૦

ટી૦:—સ્થાવરજંગમના-સ્થૂલજગતના-કારણરૂપ અવ્યક્તથી (હિરણ્યગર્ભથી-**બ્રહ્મા**થી) શ્રેષ્ઠ તથા અત્યંત વિલક્ષણ, ચક્ષુ આદિ ઇંદ્રિયોનો અવિષય તથા ઉત્પત્તિવિનાશથી રહિત હોવાથી નિત્ય, તથા સર્વ કલ્પિત પ્રપંચમાં વ્યાપક જે સત્તારૂપ પદાર્થ તે અવ્યક્તનામના હિરણ્યગર્ભની પેઠે તે સર્વ ભૂતોનો નાશ થયા છતાં પણ નાશ પામતો નથી, અર્થાત્ હિરણ્યગર્ભ પોતે કાર્યરૂપ તથા તે ભૂતોના અભિમાની હોવાથી તે ભૂતોના વિનાશથી તેમનો (હિરણ્યગર્ભનો) વિનાશ સંભવે છે, પણ તે એ વિનાના સત્તારૂપ આત્માનો ભૂતોના વિનાશથી વિનાશ સંભવતો નથી. ૨૦

अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।
यं प्राप्य न निवर्तन्ते, तद्धाम परमं मम ॥२१॥

૫૦ ત૦ ૫૦:—अव्यक्तः અવ્યક્ત **अक्षरः** અક્ષર-નાશરહિત **इति** એ [નામથી] **उक्तः** કહેલું [છે] **तम्** તેને **आहुः** કહે છે **परमाम्** પરમ **गतिम्** ગતિ **यम्** જેને **प्राप्य** પામીને **न** નથી **निवर्तन्ते** પાછા આવતા **तत्** તે **धाम** ધામ [છે] **परमम्** પરમ **मम** મારું. **૨૧**

શ૦:—[એને] અવ્યક્ત [ને] અક્ષર એ [નામથી] કહ્યું [છે,] એને [જ] પરમગતિ કહે છે, જેને પામીને [બ્રહ્મનિષ્ઠપુરુષો] પાછા આવતા નથી, તે [જ] મારું પરમ ધામ [છે.] ૨૧

ટી૦:—એ સત્તારૂપ ભાવને ઇંદ્રિયોનો અવિષય હોવાથી અવ્યક્ત અને નાશરહિત હોવાથી અક્ષર એ નામોવડે આ શાસ્ત્રમાં તેમજ અન્ય શ્રુતિસ્મૃતિઓમાં કહેલ છે, અને એ સત્તારૂપ ભાવનેજ શ્રુતિસ્મૃતિઓ પરમગતિ એટલે પરમાનંદરૂપ પુરુષાર્થ કહે છે. જે સત્તારૂપ ભાવને પામીને અધિકારી પુરુષો પુનર્જન્મને પામતા નથી તે સત્તારૂપ ભાવ મારું સર્વથા શ્રેષ્ઠ તથા સર્વ ઉપાધિઓથી રહિત વાસ્તવિક સ્વરૂપ છે. ૨૧

તે પરમગતિને પામવાનો ઉપાય ભક્તિયોગ છે એમ જણાવે છે:—

पुरुषः स परः पार्थ, भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यांतःस्थानि भूतानि, येन सर्वमिदं ततम् ॥२२॥

પ૦ ત૦ પ૦:—**पुरुषः** પુરુષ **सः** તે **परः** પર-શ્રેષ્ઠ **पार्थ** હે પાર્થ! **भक्त्या** ભક્તિવડે **लभ्यः** પ્રાપ્ત થવાયોગ્ય [છે] **तु** જ **अनन्यया** અનન્ય **यस्य** જેની **अंतःस्थानि** અંતર રહેલાં **भूतानि** ભૂતો [છે] **येन** જેણે **सर्वम्** બધું **इदम्** આ **ततम्** વ્યાપ્ત કર્યું [છે.] ૨૨

શ૦:—હે પાર્થ! તે પર (શ્રેષ્ઠ) પુરુષ અનન્યભક્તિવડેજ પ્રાપ્ત થવાયોગ્ય [છે,] જેની અંતર રહેલાં [સર્વ] ભૂતો [છે, ને] જેણે આ બધું વ્યાપ્ત કર્યું [છે.] ૨૨

ટી૦:—પૂર્વોક્ત શ્રેષ્ઠ આત્મા અનન્યભક્તિવડેજ-પરમપ્રેમવડેજ-પ્રાપ્ત થાય છે કે જે આત્મદેવની અંતર આ સર્વ સ્થાવરજંગમ પ્રાણિપદાર્થો રહ્યા છે, ને જેણે આ સર્વ કાર્યપ્રપંચ પોતાથી વ્યાપ્ત કર્યો છે. શ્રીશ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં પણ આત્મજ્ઞાનની પ્રાપ્તિ પરમાત્માની ને સદ્‌ગુરુની અનન્યભક્તિથી થાય છે એમ કહ્યું છે, તે આ રીતે:—

'**यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।**
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशंते महात्मनः ॥'

ભાવાર્થ:—જે પુરુષની પરમેશ્વરમાં અનન્યભક્તિ છે, અને જેવી પરમેશ્વરમાં અનન્યભક્તિ છે તેવીજ પોતાના સદ્‌ગુરુવિષે અનન્યભક્તિ છે તે વિશાલ હૃદયવાળા પુરુષનેજ અહિં કહેલા યોગના તથા જ્ઞાનના વિષયોનો સાક્ષાત્કાર થાય છે. ૨૨

હવે દેવયાનમાર્ગનું તથા પિતૃયાણમાર્ગનું સ્વરૂપ સમજાવવાની પ્રતિજ્ઞા કરે છે:—

यत्र काले त्वनावृत्तिमावृत्तिं चैव योगिनः ।
प्रयाता यांति तं कालं, वक्ष्यामि भरतर्षभ ॥२३॥

પ૦ ત૦ પ૦:—**यत्र** જે **काले** કાલે-માર્ગે **तु** વળી **अनावृत्तिम्** અનાવૃત્તિને-મોક્ષને **आवृत्तिम्** આવૃત્તિને-જન્મને **च** તથા **एव** જ **योगिनः** યોગીઓ **प्रयाताः** ગયેલા **यांति** જાય છે-પામે છે **तम्** તે **कालं** કાલ **वक्ष्यामि** કહું છું **भरतर्षभ** હે ભરતવંશમાં શ્રેષ્ઠ! ૨૩

શ૦:--વળી હે ભરતવંશમાં શ્રેષ્ઠ ! જે કાલે (માર્ગે) ગયેલા યોગીઓ અનાવૃત્તિને (મોક્ષને) તથા આવૃત્તિનેજ (જન્મનેજ) પામે છે તે કાલ [હું તમને] કહું છું. ૨૩

ટી૦:--આ શરીરમાંથી પ્રાણનું નીકળવું થયા પછી જે કાલમાં (દિનરાત્રિ આદિક કાલના અભિમાની દેવોવડે ઉપલક્ષિત માર્ગમાં) જનારા યોગીઓ (ઉપાસકપુરુષો તથા કર્મિપુરુષો) અનાવૃત્તિને (મોક્ષને) તથા આવૃત્તિને (જન્મને) પામે છે તે કાલ (કાલના અભિમાની દેવોથી ઉપલક્ષિત તે બંને માર્ગો) હું તને કહું છું. દેવયાનમાર્ગ બહુધા અનાવૃત્તિને પ્રાપ્ત કરે છે, કેમકે દહરાદિ વિદ્યાનું ઉપાસન કરનારા તે માર્ગે થઇ બ્રહ્મલોકમાં જઇ અંતે બ્રહ્માની સાથે વિદેહકૈવલ્ય પામે છે; અને પંચાગ્નિવિદ્યાનું ઉપાસન કરનારા, સત્યભાષણ કરનારા ને નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળનારા તથા બીજા કેટલાક તે માર્ગે ગયા છતાં પણ બીજા કલ્પમાં અહિં પાછા આવે છે; ને પિતૃયાણમાર્ગ તો અવશ્ય આવૃત્તિનેજ પમાડે છે માટે પ્રમાણમાં પ્રથમનો માર્ગ શ્રેષ્ઠ ને બીજો માર્ગ કનિષ્ઠ છે. ૨૩

નીચેના શ્લોકવડે દેવયાનમાર્ગનું નિરૂપણ કરે છે:—

अग्निर्ज्योतिरहः शुक्लः, षण्मासा उत्तरायणम् ।
तत्र प्रयाता गच्छंति, ब्रह्म ब्रह्मविदो जनाः ॥२४॥

પ૦ ત૦ પ૦:—**अग्निः** અગ્નિ **ज्योतिः** જ્યોતીરૂપ **अहः** દિવસ **शुक्लः** શુક્લપક્ષ **षण्मासाः** ૭ માસરૂપ **उत्तरायणम्** ઉત્તરાયણ **तत्र** ત્યાં-એમાં **प्रयाताः** જનારા **गच्छंति** જાય છે-પામે છે **ब्रह्म** સગુણબ્રહ્મને **ब्रह्मविदः** સગુણબ્રહ્મને જાણનારા **जनाः** જનો. ૨૪

શ૦:—જ્યોતીરૂપ અગ્નિ, દિવસ, શુક્લપક્ષ [ને] છ માસરૂપ ઉત્તરાયણ [ઇત્યાદિ જેમાં રહેલ છે] એમાં જનારા સગુણબ્રહ્મને જાણનારા જનો સગુણબ્રહ્મને પામે છે. ૨૪

ટી૦:—જે દેવયાનમાર્ગમાં પ્રથમ જ્યોતીરૂપ અગ્નિ, પછી દિવસ, પછી શુક્લપક્ષ ને તે પછી છ મહિનારૂપ ઉત્તરાયણ ઇત્યાદિ રહેલ છે [અગ્નિ આદિ શબ્દથી તેમના અભિમાની દેવો સમજવા.] તે માર્ગમા જનારા દહરાદિક વિદ્યાદ્વારા (ઉપાસનાદ્વારા) સગુણબ્રહ્મને જાણનારા ઉપાસકો સત્યલોકને એટલે સગુણબ્રહ્મના લોકને પામે છે. એ માર્ગનો વિગતવાર ક્રમ શ્રુતિમાં નીચે પ્રમાણે કહેલો છે:--સગુણબ્રહ્મનો જે ઉપાસક

પ્રથમ સુષુમ્ણાનાડીમાં રહેલા પ્રકાશરૂપ અગ્નિના અભિમાની દેવને પામે છે, પશ્ચાત્ શુક્લપક્ષના અભિમાની દેવને ને ત્યાંથી છ મહિનારૂપ ઉત્તરાયણના અભિમાની દેવને પામે છે, પછી સંવત્સરના અભિમાની દેવને ને ત્યારપછી દેવલોકના અભિમાની દેવને પામે છે, ત્યાંથી આગળ વાયુના અભિમાની દેવને ને પછી સૂર્યદેવતાને પામે છે, અને તે પછી ચંદ્રદેવતાને (ચંદ્રના જેવા પ્રકાશરહિત થયેલા શૌરિપુંજના અભિમાની દેવને) ને પછી વિદ્યુતતત્ત્વના અભિમાની દેવને પામે છે. ત્યાં તેને તેડવામાટે હિરણ્યગર્ભની આજ્ઞાથી હિરણ્યગર્ભના લોકમાં રહેનારો એક દિવ્ય પુરુષ આવે છે, તે પુરુષ વિદ્યુતના લોકથી તેને વરુણલોકમાં લઇ જાય છે. વરુણલોકસુધી વીજળીના અભિમાની દેવ તે ઉપાસકની સાથે જાય છે. પછી તેને વરુણલોકથી ઇંદ્રલોકમાં લઇ જાય છે, ત્યાંસુધી વરુણદેવતા સાથે જાય છે. પછી ત્યાંથી તેને વિરાટ્‌ના લોકમાં લઇ જાય છે. ત્યાંસુધી ઇંદ્રદેવતા સાથે જાય છે. પછી ત્યાંથી વિરાટ્‌પુરુષ હિરણ્યગર્ભના લોકમાં જવાને અસમર્થ હોવાથી તે દિવ્યપુરુષની સાથે તે ઉપાસક બ્રહ્મલોકમાં જાય છે, ને પછી બ્રહ્માનું આયુષ્ પૂરું થયે તે ઉપાસક વિદેહકૈવલ્યને પામે છે. ઉપાસકનું સૂક્ષ્મશરીર મૂર્છિત હોવાથી તે ઉપાસક અગ્નિ આદિ દેવોને પોતે પામતો નથી, પણ તે અગ્નિ આદિ દેવો તેને લઇ જાય છે એમ જાણવું. ૨૪

હવે પિતૃયાણમાર્ગનું નિરૂપણ કરે છે:—

धूमो रात्रिस्तथा कृष्णः, षण्मासा दक्षिणायनम् ।
तत्र चांद्रमसं ज्योतिर्, योगी प्राप्य निवर्तते ॥२५॥

પ૦ ત૦ પ૦:—**धूमः** ધૂમ **रात्रिः** રાત્રિ **तथा** તથા **कृष्णः** કૃષ્ણપક્ષ **षण्मासाः** છ માસરૂપ **दक्षिणायनम्** દક્ષિણાયન **तत्र** ત્યાં-તેમાં **चांद्रमसम्** ચંદ્રમાની **ज्योतिः** જ્યોતિને **योगी** યોગી **प्राप्य** પામીને **निवर्तते** પાછો આવે છે. ૨૫

શ૦:—ધૂમ, રાત્રિ તથા કૃષ્ણપક્ષ [ને] છ માસરૂપ દક્ષિણાયન [ઇત્યાદિ જેમાં રહેલ છે] તેમાં [જનારો] યોગી ચંદ્રમાની જ્યોતિને પામીને પાછો [અહિં] આવે છે. ૨૫

ટી૦:—જે પિતૃયાણમાર્ગમાં પ્રથમ ધૂમાડાના અભિમાની દેવ, પછી રાત્રિના અભિમાની દેવ, પછી કૃષ્ણપક્ષના અભિમાની દેવ ને તે પછી છ માસરૂપ દક્ષિણાયનના અભિમાની દેવ ઇત્યાદિ રહેલ છે . તે માર્ગમાં

જનારો ઇષ્ટ, (અગ્નિહોત્રાદિ કર્મ કરવું,) પૂર્ત (કૂપધર્મશાલાદિ કરાવવાં) ને દત્ત (દાન આપવું) આ ત્રણ પ્રકારનાં કર્મો કરનારો કર્મિપુરુષ ચંદ્રલોકવિષે ચંદ્રમાથી પ્રાપ્ત થયેલ તે કર્મોના સુખરૂપ ફલને પામીને ને કર્મોનો ક્ષય થયા પછી પુનઃ આ મનુષ્યલોકમાં આવૃત્તિ-જન્મ-પામે છે. પિતૃયાણમાર્ગનો વિગતવાર ક્રમ શ્રુતિમાં નીચે પ્રમાણે સમજાવ્યો છેઃ— તે કર્મિપુરુષ પ્રથમ ધૂમના અભિમાની દેવને પામે છે, પછી રાત્રિના અભિમાની દેવને પામે છે. પછી કૃષ્ણપક્ષના અભિમાની દેવને ને પછી છ માસરૂપ દક્ષિણાયનના અભિમાની દેવને પામે છે. ત્યારપછી પિતૃલોકના અભિમાની દેવને ને તે પછી આકાશના અભિમાની દેવને પામે છે, અને છેવટ ચંદ્રને પામે છે. તે સ્વર્ગનામના ચંદ્રલોકમાં પોતાનું પુણ્યકર્મ પૂરું થાય ત્યાંસુધી નિવાસ કરીને બાકી રહેલાં પુણ્યપાપ ભોગવવામાટે પાછો તે માર્ગદ્વારા બહુધા વિપરીતક્રમે આ લોકમાં આવે છે. ૨૫

હવે બંને માર્ગોનો ઉપસંહાર કરે છેઃ—

शुक्लकृष्णे गती ह्येते, जगतः शाश्वते मते ।
एकया यात्यनावृत्तिमन्ययाऽऽवर्तते पुनः ॥२६॥

પ૦ ત૦ પ૦ઃ—**शुक्लकृष्णे** શુકલ ને કૃષ્ણ એવી બે **गती** ગતિ **हि** પ્રસિદ્ધ **एते** આ **जगतः** જગત્‌ની **शाश्वते** અનાદિ **मते** મનાયેલી-સિદ્ધ-છે **एकया** એકથી **याति** જાય છે-પામે છે **अनावृत्तिम्** અનાવૃત્તિને-ફરીથી ન આવવું તેને **अन्यया** બીજીથી **आवर्तते** પાછા આવે છે **पुनः** ફરીથી. ૨૬

શ૦ઃ—જગત્‌ની આ પ્રસિદ્ધ શુકલ ને કૃષ્ણ એવી બે ગતિ અનાદિસિદ્ધ છે; એકથી અનાવૃત્તિને (ફરીથી ન આવવું તેને) પામે છે, [ને] બીજીથી ફરીથી પાછા [અહિં] આવે છે. ૨૬

ટી૦ઃ—જગત્‌ની (ઉપાસકની તથા કર્મિપુરુષોની) આ શ્રુતિસ્મૃતિમાં પ્રસિદ્ધ દેવયાન અને પિતૃયાણ એવી બે ગતિ પ્રવાહરૂપે સંસાર અનાદિ હોવાથી અનાદિસિદ્ધ છે. દેવયાનમાર્ગને શુકલ કહેવાનાં કારણો આ છેઃ—તે માર્ગ જ્ઞાનરૂપ પ્રકાશની અધિકતાવાળા અગ્નિ આદિ દેવોવડે યુક્ત છે, પ્રકાશરૂપ સગુણબ્રહ્મવિદ્યાથી પ્રાપ્ત થાય છે, માર્ગમાં પ્રકાશમય લોક બહુ છે, સ્વયંપ્રકાશરૂપ બ્રહ્મની પ્રાપ્તિનો હેતુ છે, અને જ્ઞાનરૂપ પ્રકાશમય છે. પિતૃયાણમાર્ગ એવો નથી. તે તો જ્ઞાનરૂપ પ્રકાશથી રહિત

હોવાથી અજ્ઞાનમય છે, અંધકારમય ધૂમાડો તથા રાત્રિ આદિથી યુક્ત છે, અને પુનઃ સંસારનો હેતુ હોવાથી નિકૃષ્ટ—અશ્રેષ્ઠ—છે માટે તેને કૃષ્ણ એવું નામ આપ્યું છે. દેવયાનમાર્ગે ગયેલા બહુધા બ્રહ્માના અંતમાં વિદેહ-કૈવલ્યને પામે છે, અને પિતૃયાણમાર્ગે ગયેલા સર્વે પોતાના પુણ્યકર્મનું ફલ ભોગવી પાછા આ મનુષ્યલોકમાં આવે છે. ૨૬

સગુણબ્રહ્મની ઉપાસનાની પેઠે દેવયાનમાર્ગનું ચિંતન પણ બ્રહ્મલોકની પ્રાપ્તિનું કારણ છે માટે તે માર્ગના જ્ઞાનની શ્લાઘા કરે છે:—

नैते सृती पार्थ जानन्, योगी मुह्यति कश्चन ।
तस्मात्सर्वेषु कालेषु, योगयुक्तो भवार्जुन ॥२७॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **एते** એ બેઉ **सृती** ગતિ **पार्थ** હે પાર્થ ! **जानन्** જાણનારો **योगी** યોગી **मुह्यति** મોહ પામતો **कश्चन** કોઈ પણ **तस्मात्** માટે **सर्वेषु** સર્વ **कालेषु** કાલને વિષે **योगयुक्तः** યોગયુક્ત—યોગમાં જોડાયેલો **भव** થાઓ **अर्जुन** હે અર્જુન ! ૨૭

શ૦:—હે પાર્થ! એ બેઉ ગતિ જાણનારો કોઇ પણ યોગી મોહ પામતો નથી માટે હે અર્જુન ! [તમે] સર્વ કાલને વિષે યોગયુક્ત થાઓ. ૨૭

ટી૦:—આ દેવયાનમાર્ગ તથા પિતૃયાણમાર્ગ કે જે અનુક્રમે અનાવૃત્તિના તથા આવૃત્તિના હેતુ છે તે બંને માર્ગને જાણનારો ધ્યાન-પરાયણ પુરુષ પિતૃયાણમાર્ગની પ્રાપ્તિ કરનારાં કર્મોવિના બીજું કાંઇ કર્તવ્ય નથી એવો મોહ પામતો નથી માટે તું પણ તે અનાવૃત્તિરૂપ (ક્રમમોક્ષરૂપ) ફલમાટે નિરંતર સમાહિતચિત્તવાળો થા. ૨૭

હવે ધ્યાનરૂપ યોગની સ્તુતિ કરે છે:—

वेदेषु यज्ञेषु तपःसु चैव, दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् ।
अत्येति तत्सर्वमिदं विदित्वा, योगी परं स्थानमुपैति चाद्यम् ॥२८॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे महापुरुषयोगो नामाष्टमोऽध्यायः ॥८॥

પદચ્છેદ તથા પદાર્થ:—**वेदेषु** વેદોમાં **यज्ञेषु** યજ્ઞોમાં **तपःसु** તપોમાં **च** ને **एव** તથા **दानेषु** દાનોમાં **यत्** જે **पुण्यफलम्** પુણ્યનું

ફલ **પ્રદિષ્ટમ્** [શાસ્ત્રે] કહ્યું છે **અત્યેતિ** ઓળંગી જાય છે **તત્** તે **સર્વમ્** સર્વને **ઇદમ્** આને **વિદિત્વા**[14] જાણીને **યોગી**[12] યોગી **પરમ્** પર-શ્રેષ્ઠ **સ્થાનમ્**[15] સ્થાનને **ઉપૈતિ** પામે છે **ચ** અને **આદ્યમ્** કારણરૂપ. ૨૮

શબ્દાર્થઃ—વેદોમાં, યજ્ઞોમાં ને તપોમાં તથા દાનોમાં જે પુણ્યનું ફલ [શાસ્ત્રે] કહ્યું છે તે સર્વને યોગી આને જાણીને ઓળંગી જાય છે, અને [સર્વથી] શ્રેષ્ઠ કારણરૂપ સ્થાનને પામે છે. ૨૮

ટીકાઃ—બ્રહ્મચર્યપૂર્વક વેદાદિનું અધ્યયન કરવાથી, શ્રદ્ધાપૂર્વક સાંગોપાંગ અશ્વમેધાદિક યજ્ઞો કરવાથી મનબુદ્ધિ આદિ સ્થિર રાખી શ્રદ્ધાપૂર્વક શાસ્ત્રવિહિત કૃચ્છ્રચાંદ્રાયણાદિ તપો કરવાથી અને પવિત્ર દેશમાં શાસ્ત્રવિધિથી શ્રદ્ધાપૂર્વક ગાયસુવર્ણ આદિનાં દાનો કરવાથી શાસ્ત્રમાં જે પુણ્યનું ફલ કહેલું છે, અર્થાત્ ચક્રવર્તિરાજાના સુખથી માંડીને હિરણ્યગર્ભના લોકના સુખપર્યંત જે સો સો ગણું વધારે સુખ તૈત્તિરીયશ્રુતિમાં કહેલું છે તે સર્વ પુણ્યનાં સુખરૂપ ફલોને તે સગુણબ્રહ્મના ધ્યાનપરાયણ પુરુષ સાત પ્રશ્નોનાં ઉત્તરોમાં કહેલા વિષયોનો યથાર્થ નિશ્ચય કરીને તથા શ્રદ્ધાપૂર્વક તેમનું અનુષ્ઠાન કરીને ઓળંગી જાય છે, અને સર્વથી ઉત્કૃષ્ટ તથા સર્વના કારણરૂપ સ્થાનને—સગુણબ્રહ્મને—પામે છે. ૨૮

इति श्रीमन्मथुरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्यदीपिकाख्यायां महापुरुषयोगो नामाष्टमोऽध्यायः ॥ ८ ॥

॥ ॐ ॥

અધ્યાય ૯ મો.

રાજવિદ્યારાજગુહ્યયોગ.

આ નવમા અધ્યાયમાં જ્ઞેયરૂપ બ્રહ્મનું નિરૂપણ કરીને જ્ઞાનનિષ્ઠ પુરુષોની ગતિ કહેવી છે માટે પ્રથમ નીચેના ત્રણ શ્લોકોથી તે જ્ઞાનની સ્તુતિ કરે છે:—

श्रीभगवानुवाच ॥

इदं तु ते गुह्यतमं, प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं, यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥१॥

પદચ્છેદ તથા પદાર્થ:—श्रीभगवान् શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **इदम्** આ **तु** વળી **ते** તમને **गुह्यतमम्** અત્યંત ગુહ્ય **प्रवक्ष्यामि** કહું છું **अनसूयवे** અસૂયાવિનાના **ज्ञानम्** જ્ઞાન **विज्ञानसहितम्** વિજ્ઞાનસહિત **यत्** જેને **ज्ञात्वा** જાણીને **मोक्ष्यसे** મુક્ત થશો **अशुभात्** અશુભથી. ૧

શબ્દાર્થ:—શ્રીભગવાન્ બોલ્યા:—વળી અસૂયાવિનાના તમને આ અત્યંત ગુહ્ય [એવું] વિજ્ઞાનસહિત જ્ઞાન કહું છું, જેને જાણીને [તમે] અશુભથી મુક્ત થશો. ૧

ટીકા:—અસૂયાદોષથી (ગુણમાં દોષદૃષ્ટિ કરવી એટલે કે આ આત્મા મારી આગળ નિરંતર પોતાનું ઐશ્વર્ય કહીને પોતાનીજ સ્તુતિ કરે છે એવા દોષથી) રહિત એવા તને રહસ્યરૂપ હોવાથી અત્યંત ગુપ્ત રાખવાયોગ્ય બ્રહ્મના સાક્ષાત્ અનુભવપર્યંતનું શ્રેષ્ઠ જ્ઞાન હું કહું છું. મોક્ષની પ્રાપ્તિના સાક્ષાત્ સાધનરૂપ એ જ્ઞાનને જાણીને તું તત્કાલ સર્વ દુ:ખોના કારણરૂપ સંસારનાં બંધનોથી મોકળો થઇશ. ૧

राजविद्या राजगुह्यं, पवित्रमिदमुत्तमम् ।
प्रत्यक्षावगमं धर्म्यं, सुसुखं कर्तुमव्ययम् ॥२॥

પ૦ ત૦ પ૦:—राजविद्या વિદ્યાઓમાં રાજાજેવું **राजगुह्यम्** ગુહ્યોમાં સર્વોપરિ ગુહ્ય **पवित्रम्** પવિત્ર **इदम्** આ **उत्तमम्** ઉત્તમ **प्रत्यक्षावगमम्** પ્રત્યક્ષફલવાળું **धर्म्यम्** ધર્મના ફલરૂપ **सुसुखम्** સુખપૂર્વક **कर्तुम्** કરવાને **अव्ययम्** નાશરહિત. ૨

શ૦:—આ [જ્ઞાન] વિદ્યાઓમાં રાજાજેવું, ગુહ્યોમાં સર્વોપરિ ગુહ્ય, ઉત્તમ પવિત્ર, પ્રત્યક્ષફલવાળું, ધર્મના ફલરૂપ, સુખપૂર્વક કરવાને [યોગ્ય અને] નાશરહિત [ફલવાળું છે.] ૨

ટી૦:—આ આત્મજ્ઞાન લૌકિક તથા શાસ્ત્રીય સર્વ વિદ્યાઓથી અત્યંત શ્રેષ્ઠ છે, કેમકે બીજી વિદ્યા અજ્ઞાનના એકદેશનો નાશ કરે છે, અને આ આત્મજ્ઞાન તો કાર્યસહિત સંપૂર્ણ અજ્ઞાનનો નાશ કરે છે. વળી આ આત્મજ્ઞાન લોકમાં તથા શાસ્ત્રમાં જેટલા ગુહ્ય પદાર્થો છે તે સર્વેથી

અત્યંત ગુહ્ય છે, કેમકે તેની પ્રાપ્તિ અનેક જન્મોમાં કરેલાં નિષ્કામ પુણ્ય-કર્મોથી થાય છે. વળી આ આત્મજ્ઞાન સર્વથી ઉત્તમ પવિત્ર (શુદ્ધિ કરનાર) છે, કેમકે પાપની નિવૃત્તિમાટે શાસ્ત્રમાં કહેલાં પ્રાયશ્ચિત્તો સર્વે પાપોની વાસનાસહિત નિવૃત્તિ કરતાં નથી, અને આ તો લાખો જન્મોમાં સંગ્રહ કરેલાં તથા સ્થૂલસૂક્ષ્મ અવસ્થાવાળાં જેટલાં પાપો છે તે સર્વે પાપોનો તથા તેના કારણરૂપ અજ્ઞાનનો શીઘ્રજ નાશ કરે છે. અતીંદ્રિય ધર્મમાં જેમ લોકોને સંદેહ રહે છે તેમ આમાં વિવેકીને સંદેહ રહેતો નથી, કારણકે અજ્ઞાનની નિવૃત્તિરૂપ પ્રત્યક્ષફલવાળું આ જ્ઞાન છે, તથા અનેક જન્મોમાં કરેલા નિષ્કામધર્મના ફલરૂપ છે. વળી તે જ્ઞાન **શ્રીસદ્‌ગુરુની** કૃપાથી અનાયાસે-શરીરાદિને અયોગ્ય કષ્ટ આપ્યા વિના સુખપૂર્વક-સંપાદન કરી શકાય એવું તથા મોક્ષરૂપ અક્ષય ફલવાળું છે. ૨

આવા જ્ઞાનમાં બધા પુરુષો કેમ પ્રવૃત્ત થતા નથી તે કહે છે:-

अश्रद्दधानाः पुरुषा, धर्मस्यास्य परंतप ।
अप्राप्य मां निवर्तंते, मृत्युसंसारवर्त्मनि ॥३॥

પ૦ ત૦ પ૦:—**अश्रद्दधानाः** શ્રદ્ધા નહિ રાખનારા **पुरुषाः** પુરુષો **धर्मस्य** ધર્મની-ધર્મઉપર **अस्य** આ **परंतप** હે પરંતપ ! **अप्राप्य** નહિ પામીને **माम्** મને **निवर्तंते** ભટકે છે **मृत्युसंसारवर्त्मनि** મૃત્યુ-સંસારના-મૃત્યુવાળા સંસારના-માર્ગમાં. ૩

શ૦:—હે પરંતપ ! આ ધર્મઉપર શ્રદ્ધા નહિ રાખનારા પુરુષો મને નહિ પામીને મૃત્યુવાળા સંસારના માર્ગમાં ભટકે છે. ૩

ટી૦:—શાસ્ત્રે પ્રતિપાદન કરેલાં જે આત્મજ્ઞાનરૂપ ધર્મનાં સ્વરૂપ, સાધન તથા ફલ છે તેને અપ્રમાણરૂપ માનીને તેમાં શ્રદ્ધા નહિ રાખનારા આસુરીસંપત્તિવાળા પાપાત્મા પુરુષો મને તથા મને પામવાનાં શાસ્ત્રોક્ત સાધનોને નહિ પામતાં આ મૃત્યુવાળા સંસારના માર્ગમાં એટલે કીટપતંગાદિક ઊતરતી યોનિઓમાં નિરંતર ભ્રમણ કર્યા કરે છે. ૩

પહેલા બે શ્લોકોમાં વિધિમુખે ને ત્રીજા શ્લોકમાં નિષેધ-મુખે આત્મજ્ઞાનની સ્તુતિ કરી, હવે નીચેના બે શ્લોકોથી તે આત્મજ્ઞાનનું સ્વરૂપ કહે છે:—

मया ततमिदं सर्वं, जगदव्यक्तमूर्तिना ।

मत्स्थानि सर्वभूतानि, न चाहं तेष्ववस्थितः ॥४॥

પ૦ ત૦ પ૦:—**मया** મેં **ततम्** વ્યાપ્ત [કર્યું છે] **इदम्** આ **सर्वम्** સર્વ **जगत्** જગત્ **अव्यक्तमूर्तिना** અવ્યક્તમૂર્તિવાળા **मत्स्थानि** મારામાં રહેલા [છે] **सर्वभूतानि** સર્વ ભૂતો **न** નથી **च** પણ **अहम्** હું **तेषु** તેઓમાં **अवस्थितः** રહેલો. ૪

શ૦:—અવ્યક્તમૂર્તિવાળા મેં આ સર્વ જગત્ વ્યાપ્ત [કર્યું છે.] સર્વ ભૂતો મારામાં રહેલાં [છે,] પણ હું તેઓમાં રહેલો નથી. ૪

ટી૦:—નેત્રાદિ ઇંદ્રિયોવડે ન જણાય એવા સ્વયંપ્રકાશ સચ્ચિદાનંદ-મૂર્તિવાળા મેં આ સર્વ સ્થાવરજંગમરૂપ જગત્ સદ્રૂપથી તથા સ્ફુરણરૂપથી વ્યાપ્ત કર્યું છે આ સર્વ કલ્પિત ભૂતો અધિષ્ઠાનરૂપ જે હું તેમાં રહ્યાં છે, પણ હું તે કલ્પિત ભૂતોમાં વાસ્તવિકરીતે રહેલો નથી, કેમકે અકલ્પિતનો તથા કલ્પિતનો વાસ્તવિક સંબંધ ન હોવાથી તેઓમાં મારી સ્થિતિ સંભવતી નથી. ૪

વળી વાસ્તવિક રીતે તે ભૂતો મારામાં રહ્યાં નથી એમ કહે છે:—

न च मत्स्थानि भूतानि, पश्य मे योगमैश्वरम् ।
भूतभृन्न च भूतस्थो, ममात्मा भूतभावनः ॥५॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **च** વળી **मत्स्थानि** મારામાં રહેલાં **भूतानि** ભૂતો **पश्य** જુઓ **मे** મારા **योगम्** યોગને–પ્રભાવને **ऐश्वरम्** અદ્‌ભુત **भूतभृत्** ભૂતોને ધારણ કરતો છતો **न** નથી **च** તથા **भूतस्थः** ભૂતોમાં રહેલો **मम** મારો **आत्मा** આત્મા **भूतभावनः** ભૂતોને ઉત્પન્ન કરતો છતો. ૫

શ૦:—વળી ભૂતો મારામાં રહ્યાં નથી. મારા અદ્‌ભુત પ્રભાવને [તમે] જુઓ. મારો આત્મા ભૂતોને ધારણ કરતો છતો તથા ભૂતોને ઉત્પન્ન કરતો છતો ભૂતોમાં રહેલો નથી. ૫

ટી૦:—વળી એ કલ્પિત ભૂતો વાસ્તવિકરીતે અસંગ ને અવિકારી સ્વભાવવાળા મારામાં રહેલાં નથી. આ અઘટિતઘટના બનાવવાની ચતુરાઇ-રૂપ મારા અદ્‌ભુત પ્રભાવને (સામર્થ્યને) તું પ્રાકૃત બુદ્ધિનો ત્યાગ કરી સૂક્ષ્મવિચારદૃષ્ટિથી જો. મારું વાસ્તવિક સ્વરૂપજ માયાવડે ઉપાદાન-

કારણપણાના રૂપથી તે સર્વ કાર્યરૂપ ભૂતોને ધારણ કરી તેમનું પોષણ કરે છે, અને નિમિત્તકારણરૂપે તે સર્વને ઉપજાવે છે, છતાં તે મારું સચ્ચિદાનંદસ્વરૂપ વસ્તુતાએ અસંગરૂપ હોવાથી તે ભૂતોમાં સંબંધ પામીને રહેલું નથી. ૫

વસ્તુતાએ પરસ્પર સંબંધ નહિ છતાં બંનેનો આધારાધેયભાવ શાથી ગણાય છે ? એમ શંકા થાય તો દૃષ્ટાંત આપી તેનું સમાધાન કરે છે:—

यथाऽऽकाशस्थितो नित्यं, वायुः सर्वत्रगो महान् ।
तथा सर्वाणि भूतानि, मत्स्थानीत्युपधारय ॥६॥

પ૦ ત૦ પ૦:—**यथा** જેમ **आकाशस्थितः** આકાશમાં રહેલો [છે] **नित्यम्** નિત્ય–સદા **वायुः** વાયુ **सर्वत्रगः** સર્વત્ર ગતિ કરનારો **महान्** મહાન્–મોટો **तथा** તેમ **सर्वाणि** સર્વે **भूतानि** ભૂતો **मत्स्थानि** મારામાં રહેલાં [છે] **इति** એમ **उपधारय** સમજો. ૬

શ૦:—જેમ સર્વત્ર ગતિ કરનારો, મહાન્ [તથા] સદા [ગતિમાન્] વાયુ આકાશમાં રહ્યો છે તેમ સર્વે ભૂતો મારામાં રહ્યાં [છે] એમ સમજો. ૬

ટી૦:—જેમ પૂર્વાદિ સર્વ દિશાઓમાં ગમન કરનારો તથા મોટા પરિમાણવાળો ને ઉત્પત્તિ સ્થિતિ તથા સંહારકાલમાં ચલનસ્વભાવવાળો વાયુ અસંગસ્વભાવવાળા આકાશમાં રહ્યો છે, છતાં તે વાયુ તે અસંગ આકાશની સાથે વસ્તુતાએ કદીપણ સંબંધ પામતો નથી તેમ આકાશ આદિક સર્વે ભૂતો સંબંધ પામ્યા વિનાજ અસંગસ્વભાવવાળો જે હું તેમાં રહ્યાં છે. આવી રીતે વસ્તુતાએ બંનેનો સંબંધ નહિ છતાં પણ મારો ને કલ્પિત ભૂતોનો વ્યાવહારિક આધારાધેયભાવ તું નિશ્ચય કર. ૬

પ્રલયકાલમાં પણ કલ્પિત પ્રપંચના સંબંધનો અભાવ રહે છે એમ જણાવે છે:—

सर्वभूतानि कौंतेय, प्रकृतिं यांति मामिकाम् ।
कल्पक्षये पुनस्तानि, कल्पादौ विसृजाम्यहम् ॥७॥

પ૦ ત૦ પ૦:—**सर्वभूतानि** સર્વ ભૂતો **कौंतेय** હે કૌંતેય ! **प्रकृतिम्** પ્રકૃતિને **यांति** જાય છે–પામે છે **मामिकाम्** મારી **कल्पक्षये**

કલ્પને અંતે **પુનઃ** પુનઃ **તાનિ** તેઓને **કલ્પાદૌ** કલ્પના આરંભમાં **વિસૃજામિ** સર્જું છું **અહમ્** હું. ૭

શ૦:—હે કૌંતેય ! કલ્પને અંતે સર્વ ભૂતો મારી પ્રકૃતિને પામે છે. પુનઃ કલ્પના આરંભમાં હું તેઓને સૃજું છું. ૭

ટી૦:—કલ્પને અંતે એટલે પ્રલયકાલમાં આકાશાદિક સર્વ ભૂતો તેઓના કારણરૂપ જે મારી સત્ત્વાદિ ત્રણ ગુણવાળી પ્રકૃતિ તેમાં સૂક્ષ્મરૂપે લયભાવને પામે છે. સૃષ્ટિકાલમાં હું અભિન્નજેવાં થઈ ગયેલાં તેઓને પુનઃ ભિન્ન ભિન્ન કરીને ઉપજાવું છું. ૭

માયાવડે આ સર્વ પ્રપંચ હું નિર્માણ કરું છું એમ નીચેના શ્લોકવડે જણાવે છે:—

प्रकृतिं स्वामवष्टभ्य, विसृजामि पुनः पुनः ।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥८॥

પ૦ ત૦ પ૦:—**પ્રકૃતિમ્** પ્રકૃતિનો **સ્વામ્** પોતાની-મારી **અવષ્ટભ્ય** આશ્રય કરીને **વિસૃજામિ** સર્જું છું **પુનઃ** ફરી **પુનઃ** ફરીને **ભૂતગ્રામમ્** ભૂતના સમુદાયને **ઇમમ્** આ **કૃત્સ્નમ્** સમગ્ર-બધા **અવશમ્** પરતંત્ર **પ્રકૃતેઃ** પ્રકૃતિના **વશાત્** સામર્થ્યથી. ૮

શ૦:—મારી પ્રકૃતિનો આશ્રય કરીને પ્રકૃતિના સામર્થ્યેથી પરતંત્ર [એવા] આ સમગ્ર ભૂતસમુદાયને [હું] ફરી ફરીને સૃજું છું. ૮

ટી૦:—મારી સત્ત્વાદિ ત્રણ ગુણવાળી અનિર્વચનીય પ્રકૃતિને મારી સત્તાસ્ફૂર્તિની પ્રાપ્તિદ્વારા દૃઢ કરીને અવિદ્યાદિ પાંચ ક્લેશરૂપ પ્રકૃતિના સ્વભાવથી પરતંત્ર એવા આ ભૂતોના સમુદાયને તેઓના કર્માનુસાર હું પુનઃ પુનઃ ઘણા પ્રકારે ઉત્પન્ન કરું છું. ૮

તે કર્મોમાં હું ઉદાસીન હોવાથી તે કર્મો મને બંધન કરતાં નથી એમ કહે છે:—

न च मां तानि कर्माणि, निबध्नंति धनंजय ।
उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु ॥९॥

પ૦ ત૦ પ૦:—**ન** નથી **ચ** તથા **મામ્** મને **તાનિ** તે **કર્માણિ** કર્મો **નિબધ્નંતિ** બંધન કરતાં **ધનંજય** હે ધનંજય ! **ઉદાસીનવત્**

ઉદાસીનની પેઠે **आसीनम्** રહેલા **असक्तम्** આસક્તિવિનાના **तेषु** તે **कर्मसु** કર્મોમાં. ૯

શ૦:—હે ધનંજય ! ઉદાસીનની પેઠે રહેલા તથા તે કર્મોમાં આસક્તિવિનાના મને તે કર્મો બંધન કરતાં નથી. ૯

ટી૦:—જેમ વરસાદ કોઈ બીજમાં રાગ કે કોઈ બીજમાં દ્વેષ રાખ્યા વિના ઉદાસીનપણે ભૂમિપર જલની વૃષ્ટિ કરે છે, પછી તે તે બીજોને અનુસાર ભિન્ન ભિન્ન પ્રકારનાં ફલો તેમાંથી ઉત્પન્ન થાય છે તેમ હું પણ પુણ્યવાન્ પુરુષોમાં રાગ કે પાપી પુરુષોમાં દ્વેષ નહિ રાખીને તેમના કર્માનુસાર આ સૃષ્ટિ ઉપજાવું છું. પછી તેઓ પોતપોતાના પુણ્ય-પાપાનુસાર સુખદુઃખાદિરૂપ ભિન્ન ભિન્ન પ્રકારના ફલને પામે છે. મને તેઓનાં કર્મોમાં રાગદ્વેષ ન હોવાથી મને તે કર્મો બંધનની એટલે વિષમતા-રૂપ કે નિર્દયતારૂપ દોષની પ્રાપ્તિ કરી શકતાં નથી. ૯

મારી પ્રકાશેલી માયાથી આ સર્વ જગત્ ઉત્પન્ન થાય છે એમ નિરૂપણ કરે છે:—

मयाऽध्यक्षेण प्रकृतिः, सूयते सचराचरम् ।
हेतुनाऽनेन कौंतेय, जगद्विपरिवर्तते ॥१०॥

પ૦ ત૦ પ૦:—**मया** મેં **अध्यक्षेण** નિયંતારૂપ એવા **प्रकृतिः** માયા **सूयते** ઉપજાવે છે **सचराचरम्** સ્થાવરજંગમરૂપ [જગતને] **हेतुना** નિમિત્તવડે **अनेन** એ [નિયંતાપણારૂપી] **कौंतेय** હે કુંતીપુત્ર ! **जगत्** જગત્ **विपरिवर्तते** નાનાપ્રકારે પ્રવર્તે છે. ૧૦

શ૦:—હે કુંતીપુત્ર ! નિયંતારૂપ એવા મેં [પ્રવૃત્ત કરેલી] માયા સ્થાવરજંગમરૂપ [જગતને] ઉપજાવે છે. એ [નિયંતા-પણારૂપી] નિમિત્તવડે જગત્ નાનાપ્રકારે પ્રવર્તે છે. ૧૦

ટી૦:—જેમ ચુંબકપાષાણ પોતાની સમીપતામાત્રથી લોઢાને પ્રવૃત્ત કરે છે તેમ નિયંતારૂપ એવા મેં પોતાની સમીપતામાત્રથી પ્રવૃત્ત કરેલી સત્ત્વાદિ ત્રણ ગુણવાળી પ્રકૃતિ આ સ્થાવરજંગમરૂપ સર્વ કલ્પિત જગતને ઉપજાવે છે. એ સમીપતામાત્રથી નિયંતાપણારૂપ નિમિત્તવડે આ સર્વ જગત્ જન્મથી માંડીને નાશપર્યંત અનેક પ્રકારના ફેરફારોને નિરંતર પામે છે. ૧૦

મારા એ પરમભાવને નહિ જાણીને મૂઢજનો મારી નિંદા કરે છે એમ જણાવે છેઃ—

अवजानंति मां मूढा, मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानंतो, मम भूतमहेश्वरम् ॥११॥

પ૦ ત૦ પ૦:—**अवजानंति** અવજ્ઞા કરે છે–તિરસ્કાર કરે છે **माम्** મને–મારી **मूढाः** મૂઢ[જનો] **मानुषीम्** મનુષ્યસંબંધી **तनुम्** શરીર **आश्रितम्** ધારણ કરેલા **परम्** પર–શ્રેષ્ઠ **भावम्** ભાવને **अजानंतः** નહિ જાણતાં **मम** મારા **भूतमहेश्वरम्** ભૂતોના મહાન્ ઈશ્વરરૂપ. ૧૧

શ૦:—મારા ભૂતોના મહાન્ ઈશ્વરરૂપ પર (શ્રેષ્ઠ) ભાવને નહિ જાણતાં મૂઢ[જનો] મનુષ્યસંબંધી શરીર ધારણ કરેલા મારી અવજ્ઞા કરે છે. ૧૧

ટી૦:—મારા સર્વ ભૂતોના નિયંતાપણારૂપ સર્વોત્કૃષ્ટ પારમાર્થિક સ્વરૂપને નહિ જાણીને અવિવેકી માણસો, મારા ભક્તજનોના અનુગ્રહમાટે સ્વેચ્છાથી ધારણ કરેલું આ મારું મનુષ્યરૂપે પ્રતીત થતું શરીર જોઈને ભ્રાંતિથી મને પોતાના જેવો ધારીને મારી અવજ્ઞા કરે છે. ૧૧

એવા મૂઢજનો નિરંતર નરકમાં નિવાસ કરવાને યોગ્ય થાય છે એમ જણાવે છેઃ—

मोघाशा मोघकर्माणो, मोघज्ञाना विचेतसः ।
राक्षसीमासुरीं चैव, प्रकृतिं मोहिनीं श्रिताः ॥१२॥

પ૦ ત૦ પ૦:—**मोघाशाः** મિથ્યા આશાવાળા **मोघकर्माणः** મિથ્યા કર્મવાળા **मोघज्ञानाः** મિથ્યા જ્ઞાનવાળા **विचेतसः** અવિચારી **राक्षसीम्** રાક્ષસી **आसुरीम्** આસુરી **च** તથા **एव** જ **प्रकृतिम्** પ્રકૃતિને **मोहिनीम्** મોહ કરનારી **श्रिताः** આશ્રયે રહેલા [છે.] ૧૨

શ૦:—મિથ્યા આશાવાળા, મિથ્યા કર્મવાળા [ને] મિથ્યા જ્ઞાનવાળા અવિચારી [જનો] રાક્ષસી તથા આસુરી [ને] મોહ કરનારી પ્રકૃતિનેજ આશ્રયે રહેલા [છે.] ૧૨

ટી૦:—અંતર્યામી ઈશ્વરવિના કેવલ અગ્નિહોત્રાદિ કર્મોજ અમને ફલની પ્રાપ્તિ કરશે એવી મિથ્યા આશાવાળા, ઈશ્વરથી વિમુખ હોવાથી

કેવલ પરિશ્રમરૂપ છે અગ્નિહોત્રાદિક કર્મો જેઓનાં એવા મિથ્યા કર્મવાળા ને ઇશ્વરના અસ્તિત્વના ખંડનનું પ્રતિપાદન કરનારાં કુતર્કયુક્ત શાસ્ત્રોના વિચારથી ઉપજેલા ફલરહિત મિથ્યા જ્ઞાનવાળા અને વિવેકજ્ઞાનથી રહિત પાપી માણસો રાક્ષસી (હિંસાનું કારણ દ્વેષ જેમાં પ્રધાન છે એવા તામસ) તથા આસુરી (વિષયભોગોના કારણરૂપ રાગ જેમાં પ્રધાન છે એવા રાજસ) અને મોહક (જ્ઞાનથી ભ્રષ્ટ કરનાર) સ્વભાવનોજ આશ્રય કરીને રહેલા છે તેથી તેઓ અધોગતિનાજ અધિકારી છે. ૧૨

મારે શરણે આવેલો પુરુષ સર્વ પુરુષાર્થોને પામનારો હોવાથી શોક કરવાયોગ્ય નથી એમ કહે છેઃ—

महात्मानस्तु मां पार्थ, दैवीं प्रकृतिमाश्रिताः ।
भजंत्यनन्यमनसो, ज्ञात्वा भूतादिमव्ययम् ॥१३॥

પ૦ ત૦ પ૦:—महात्मानः મહાત્માઓ **તુ** તો **माम्** મને **पार्थ** હે પાર્થ ! **दैवीम्** દૈવી **प्रकृतिम्** પ્રકૃતિનો **आश्रिताः** આશ્રય કરીને રહેલા **भजंति** ભજે છે **अनन्यमनसः** અનન્યમનવાળા **ज्ञात्वा** જાણીને **भूतादिम्** ભૂતોના કારણરૂપ **अव्ययम्** નાશરહિત. ૧૩

શ૦:—હે પાર્થ ! દૈવી પ્રકૃતિનો આશ્રય કરીને રહેલા [તથા] મારા વિના બીજે મન નહિ રાખનારા મહાત્માઓ તો મને ભૂતોના કારણરૂપ [તથા] નાશરહિત જાણીને ભજે છે. ૧૩

ટી૦:—સોળમા અધ્યાયમાં કહેવામાં આવશે તે અભય આદિ જે છવીશ પ્રકારની દૈવીસંપત્તિ છે તેનો આશ્રય કરીને રહેલા તથા મારા વિના બીજી કોઈ પણ માયિક વસ્તુમાં ચિત્ત નહિ રાખનારા મહાત્માઓ (સમાધિવડે જેમનું ચિત્ત અત્યંત નિર્મલ ને સૂક્ષ્મ થયું છે એવા) તો **શ્રીસદ્‌ગુરુ**ના તથા **શ્રી**શ્રુતિભગવતીના ઉપદેશથી મને સર્વ ભૂતોના કારણરૂપ તથા અવિનાશી જાણીને ભજે છે. મૂલમાં જે **तु** શબ્દ છે તે પૂર્વ શ્લોકમાં જણાવેલા મૂઢજનોથી મહાત્માઓની વિલક્ષણતા જણાવવામાટે છે. ૧૩

હવે એ મહાત્માઓના ભજનનો પ્રકાર નીચેના બે શ્લોકોથી કહે છેઃ—

सततं कीर्तयंतो मां, यतंतश्च दृढव्रताः ।

नमस्यंतश्च मां भक्त्या, नित्ययुक्ता उपासते ॥१४॥

પ૦ ત૦ પ૦:—**सततम्** નિરંતર **कीर्तयंतः** કીર્તન કરતા છતા **माम्** મને-મારું **यतंतः** યત્ન કરતા છતા **च** અને **दृढव्रताः** દૃઢવ્રતવાળા [થઇ] **नमस्यंतः** નમસ્કાર કરતા છતા **च** તથા **माम्** મને **भक्त्या** ભક્તિવડે **नित्ययुक्ताः** નિત્યસમાહિતચિત્તવાળા [થઇ] **उपासते** ઉપાસે છે. ૧૪

શ૦:—નિરંતર મારું કીર્તન કરતા છતા અને યત્ન કરતા છતા દૃઢવ્રતવાળા [થઇ] તથા મને નમસ્કાર કરતા છતા [મારી] ભક્તિવડે નિત્યસમાહિતચિત્તવાળા [થઈ મને] ઉપાસે છે. ૧૪

ટી૦:—તે મહાત્માઓ પ્રણવજપથી તથા ઉપનિષદાદિના પાઠથી નિરંતર મારું કીર્તન કરતા, **શ્રીસદ્‌ગુરુએ** અનુગ્રહ કરી આપેલી યુક્તિઓને અનુસાર ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરી મારામાં ચિત્તને સ્થિર રાખવાનો યત્ન કરતા, અહિંસાદિક યમનિયમનું સુદૃઢ (હિંસાદિ વિતર્કોથી ચલાયમાન ન થાય એવી રીતે) પાલન કરતા તથા મને શ્રદ્ધાભક્તિથી શરીર, મન ને વાણીવડે નમસ્કાર કરતા નિરંતર મારી પરમપ્રેમરૂપ ભક્તિથી યુક્ત થઇ મને ભજે છે,—મારું સ્મરણધ્યાન કરે છે. ૧૪

ज्ञानयज्ञेन चाप्यन्ये, यजंतो मामुपासते ।
एकत्वेन पृथक्त्वेन, बहुधा विश्वतोमुखम् ॥१५॥

પ૦ ત૦ પ૦:—**ज्ञानयज्ञेन** જ્ઞાનયજ્ઞવડે **च** વળી **अपि** જ **अन्ये** બીજા **यजंतः** પૂજન કરે છે **माम्** મને **उपासते** ઉપાસે છે **एकत्वेन** એકપણાથી **पृथक्त्वेन** ભેદપણાથી **बहुधा** બહુ પ્રકારે **विश्वतोमुखम्** વિશ્વરૂપ એવા મને. ૧૫

શ૦:—બીજા જ્ઞાનરૂપ યજ્ઞવડે [મારું] પૂજન કરે છે, વળી [કોઈ] એકપણાથી મનેજ ઉપાસે છે. [કોઇ] ભેદપણાથી, [અને કોઇ તો] બહુ પ્રકારે વિશ્વરૂપ એવા મને [ઉપાસે છે.] ૧૫

ટી૦:—યોગશાસ્ત્રના સિદ્ધાંતને અનુસરનારા મનુષ્યો નિર્વિકલ્પસમાધિરૂપ જ્ઞાનયજ્ઞથી મારું ચિંતન કરે છે, અને ઉપનિષદ્‌ના—વેદાંતના—

સિદ્ધાંતને અનુસરનારા મનુષ્યો અભેદરૂપ એકપણાથી મારું ચિંતન કરે છે. વળી કોઈ પ્રાકૃત (શાસ્ત્રના સંસ્કારોથી રહિત) માણસો પોતાનામાં દાસબુદ્ધિ આરોપી પૃથક્‌પણાથી મારું ચિંતન કરે છે, અને બીજા કેટલાક નાનાપ્રકારનાં શાસ્ત્રોક્ત કર્મોવડે તથા ઉપાસનાવડે ભિન્ન ભિન્ન દેવતારૂપ એવો જે હું તેનું ચિંતન કરે છે. ૧૫

હવે નીચેના ચાર શ્લોકોથી ભગવાન્ પોતાનું વિશ્વરૂપપણું વર્ણવે છે:—

अहं क्रतुरहं यज्ञः, स्वधाऽहमहमौषधम् ।
मंत्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥१६॥

૫૦ ત૦ ૫૦:—**अहम्** હું **क्रतुः** ક્રતુ–શ્રુતિમાં કહેલાં અગ્નિષ્ટોમાદિક કર્મ **अहम्** હું **यज्ञः** યજ્ઞ–વૈશ્વદેવ આદિ સ્માર્તયજ્ઞ **स्वधा** પિતૃને ધરેલું અન્ન **अहम्** હું **अहम्** હું **औषधम्** અન્ન કે ઓષધ **मंत्रः** મંત્ર **अहम्** હું **अहम्** હું **एव** જ **आज्यम्** ઘી **अहम्** હું **अग्निः** અગ્નિ **अहम्** હું **हुतम्** હવન. ૧૬

શ૦:—હું ક્રતુ [છું,] હું યજ્ઞ [છું,] હું સ્વધા [છું,] હું ઓષધ [છું,] હું મંત્ર [છું,] હુંજ ઘી [છું,] હું અગ્નિ [છું, ને] હું હવન [છું.]૧૬

ટી૦:—હું શ્રુતિમાં કહેલાં અગ્નિષ્ટોમાદિ (સોમયાગાદિ) કર્મો છું, હું સ્મૃતિમાં કહેલાં વૈશ્વદેવાદિ કર્મો છું, હું પિતૃઓને આપેલું અન્ન છું, હું ઔષધ (અન્ન કિંવા રોગનો નાશ કરનાર ઓસડ) છું, હું મંત્ર (સ્વધા અથવા સ્વાહા જેને અંતે છે એવાં વેદવચનો) છું, હુંજ વૈદિકમંત્રોથી અગ્નિમાં નાંખેલ ઘૃતાદિ હવિરૂપ છું, હું ઘૃતાદિ હવિ જેમાં હોમાય છે તે આહવનીયાદિક અગ્નિ છું, ને હું તે અગ્નિમાં ઘૃતાદિ હવિના નાંખવારૂપ હવન છું. ૧૬

पिताऽहमस्य जगतो, माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोंकार, ऋक् साम यजुरेव च ॥१७॥

૫૦ ત૦ ૫૦:—**पिता** પિતા **अहम्** હું [છું] **अस्य** આ **जगतः** જગતનો **माता** માતા **धाता** (પોષણ કરનાર) **पितामहः** પિતામહ–

દાદો **वेद्यम्** જાણવાયોગ્ય **पवित्रम्** પવિત્ર **ओंकारः** ઓંકાર **ऋक्** ઋગ્વેદ **साम** સામવેદ **यजुः** યજુર્વેદ **एव** પણ **च** અને. ૧૭

શ૦:—આ જગતનો પિતા, માતા, ધાતા (પોષણ કરનાર) [અને] પિતામહ હું [છું,] અને જાણવાયોગ્ય, પવિત્ર, ઓંકાર, ઋગ્વેદ, સામવેદ [તથા] યજુર્વેદ પણ [હું છું.] ૧૭

ટી૦:—આ આકાશાદિક સર્વ પ્રપંચનો સગુણરૂપથી પિતા, અવ્યક્તનામની અપરાપ્રકૃતિના રૂપથી તેની માતા, તેનું પોષણ કરનાર અને નિર્ગુણરૂપથી તેનો પિતામહ હું છું, અને સર્વ પ્રાણીઓને જાણવાયોગ્ય શબ્દસ્પર્શાદિ વિષયો, શુદ્ધિ કરનાર, (શ્રીગંગાસ્નાન તથા ગાયત્રીજપાદિ,) જ્ઞાનના સાધનરૂપ ઓંકાર અને વૈદિકકર્મોમાં ઉપયોગી તથા બ્રહ્મમાં પ્રમાણરૂપ જે ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ ને અથર્વવેદ તે પણ હું છું. મૂલમાં જે च શબ્દ છેવટ છે તેવડે અથર્વવેદનું ગ્રહણ કરવાનું છે. ૧૭

गतिर्भर्ता प्रभुः साक्षी, निवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं, निधानं बीजमव्ययम् ॥१८॥

પ૦ ત૦ પ૦:—**गतिः** ગતિ **भर्ता** પોષણકર્તા **प्रभुः** પ્રભુ **साक्षी** સાક્ષી **निवासः** ભોગનું સ્થાન **शरणम्** આશ્રય **सुहृत्** અકારણ ઉપકાર કરનાર-સુહૃદ **प्रभवः** ઉત્પત્તિ અથવા ઉત્પત્તિ કરનાર **प्रलयः** વિનાશ અથવા વિનાશ કરનાર **स्थानम्** સ્થિતિ **निधानम्** લયનું સ્થાન **बीजम्** બીજ **अव्ययम्** નાશરહિત. ૧૮

શ૦:—ગતિ, પોષણકર્તા, પ્રભુ, સાક્ષી, ભોગનું સ્થાન, આશ્રય, સુહૃદ્, ઉત્પત્તિ, વિનાશ, સ્થિતિ, લયનું સ્થાન [તથા] નાશરહિત બીજ [હું છું.] ૧૮

ટી૦:—કર્મોવડે પ્રાપ્ત થનારાં સ્વર્ગાદિ ફલો, સુખનાં સાધનોની પ્રાપ્તિ કરીને પોષણ કરનાર, સ્વામી, (પદાર્થો મારા છે એમ માની તેમનો સ્વીકાર કરનાર,) સર્વ પ્રાણીઓનાં શુભાશુભ કર્મો જોનાર, ભોગનું સ્થાન, શરણે થયેલાનાં દુઃખોનો નાશ કરનાર, ઉપકારની અપેક્ષા રાખ્યા વિના ઉપકાર કરનાર, ઉત્પત્તિ કરનાર, વિનાશ કરનાર, સ્થિતિ કરાવનાર, સૂક્ષ્મરૂપે સર્વ વસ્તુઓને રહેવાનું સ્થાન અને ઉત્પત્તિવિનાશથી રહિત સર્વનું કારણ એ સર્વ હું છું. ૧૮

तपाम्यहमहं वर्षं, निगृह्णाम्युत्सृजामि च ।
अमृतं चैव मृत्युश्च, सदसच्चाहमर्जुन ॥१९॥

પ૦ ત૦ પ૦—**तपामि** તપું છું **अहम्** હું **अहम्** હું **वर्षम्** જલને **निगृह्णामि** આકર્ષું છું **उत्सृजामि** છોડું છું-વરસાવું છું **च** તથા **अमृतम्** અમૃત **च** અને **एव** જ **मृत्युः** મૃત્યુ **च** તથા **सत्** સત્-સાચું **असत्** અસત્ **च** તથા **अहम्** હું **अर्जुन** હે અર્જુન! ૧૯

શ૦:—હે અર્જુન ! હુંજ તપું છું, [અને] હું[જ] જલને આકર્ષું છું, તથા વરસાવું છું, અને હું અમૃત તથા મૃત્યુ [ને] સત્ તથા અસત્ [છું.] ૧૯

ટી૦:—હુંજ સૂર્યરૂપે આ લોકમાં તાપ કરું છું, અને હુંજ સૂર્યરૂપે પૂર્વે કરેલ વૃષ્ટિરૂપ રસનું-જલના વરાળરૂપનું-કિરણોદ્વારા કાર્તિકથી જેઠ-માસસુધી આ પૃથ્વીપરથી આકર્ષણ કરું છું, તથા સૂર્યરૂપે હુંજ તે આકર્ષણ કરેલા રસનો આષાઢાદિક ચાર માસમાં કિરણોદ્વારા આ પૃથ્વીપર વૃષ્ટિરૂપે પરિત્યાગ કરું છું, અને હું દેવતાઓને ભક્ષણ કરવાયોગ્ય અમૃતરૂપ અન્ન તથા સર્વ પ્રાણીઓનો તેમના પ્રારબ્ધકર્મની સમાપ્તિએ નાશ કરનાર છું. વળી હુંજ સ્થૂલરૂપ દશ્ય ને સૂક્ષ્મરૂપ અદશ્ય છું. ૧૯

સકામપુરુષો વારંવાર જન્મમરણરૂપ સંસારનો અનુભવ કરે છે એમ નીચેના બે શ્લોકોથી કહે છે:—

त्रैविद्या मां सोमपाः पूतपापा, यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयंते ।
ते पुण्यमासाद्य सुरेंद्रलोकमश्नंति दिव्यान्दिवि देवभोगान् ॥२०॥

પ૦ ત૦ પ૦:—**त्रैविद्याः** ત્રણ વેદોને જાણનારા **माम्** મને-મારું **सोमपाः** સોમપાન કરનારા **पूतपापाः** પાપથી રહિત થયેલા **यज्ञैः** યજ્ઞો-વડે **इष्ट्वा** પૂજન કરીને **स्वर्गतिम्** સ્વર્ગપ્રાપ્તિને **प्रार्थयंते** માગે છે **ते** તેઓ **पुण्यम्** પુણ્ય-પુણ્યના ફલરૂપ **आसाद्य** પામીને **सुरेंद्रलोकम्** સુર-દેવતા-તથા ઇંદ્રના લોકને-સ્વર્ગલોકને **अश्नंति** મેળવે છે-ભોગવે છે **दिव्यान्** દિવ્ય **दिवि** સ્વર્ગલોકમાં **देवभोगान्** દેવતાઓના ભોગોને. ૨૦

શ૦:—ત્રણ વેદોને જાણનારા યજ્ઞોવડે મારું પૂજન કરી-ને સોમપાન કરનારા [ને તેથી] પાપરહિત થયેલા સ્વર્ગની પ્રાપ્તિને માગે છે. તેઓ પુણ્યના ફલરૂપ સ્વર્ગલોકને પામીને

સ્વર્ગલોકમાં દિવ્ય [એવા] દેવતાઓના ભોગોને ભોગવે છે. ૨૦

ટી૦:—ઋક્, સામ અને યજુષ્ એ ત્રણ વેદોમાં કહેલાં કર્મો કરાવવામાં તથા કરવામાં સામર્થ્યવાળા યાજ્ઞિકો અગ્નિષ્ટોમાદિ કામ્ય યજ્ઞોવડે ઇંદ્રાદિરૂપે મારું પૂજન કરીને હવન કરતાં શેષ રહેલા સોમવલ્લીના રસને પીનારા હોવાથી સ્વર્ગભોગોનાં પ્રતિબંધક પાપકર્મોથી રહિત થયેલા છે. તેઓ અંતઃકરણની શુદ્ધિની તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિની ઇચ્છા નહિ કરતાં સ્વર્ગલોકની પ્રાપ્તિની ઇચ્છા કરે છે. તે સ્વર્ગને ઇચ્છનારા સકામપુરુષો એ અગ્નિષ્ટોમાદિક પુણ્યકર્મોના ફલરૂપ ઇંદ્રના સ્વર્ગલોકને પામીને તે સ્વર્ગલોકમાં મનુષ્યોને અપ્રાપ્ત એવા ને દેવતાશરીરથીજ ભોગવાય એવા વિષયોને ભોગવે છે. ૨૦

તે તં ભુક્ત્વા સ્વર્ગલોકં વિશાલં, ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશંતિ ।
એવં ત્રયીધર્મમનુપ્રપન્ના, ગતાગતં કામકામા લભંતે ॥૨૧॥

પ૦ ત૦ પ૦:—**તે** તેઓ **તમ્** તે **ભુક્ત્વા** ભોગવીને **સ્વર્ગલોકમ્** સ્વર્ગલોકને **વિશાલમ્** વિશાલ **ક્ષીણે** ક્ષય થયે **પુણ્યે** પુણ્ય **મર્ત્યલોકમ્** મનુષ્યલોકને **વિશંતિ** પેસે છે-પામે છે **એવમ્** એ પ્રમાણે **ત્રયીધર્મમ્** ત્રણ વેદમાં-ઋક્ સામ ને યજુષમાં-પ્રતિપાદન કરેલા કામ્યકર્મનો **અનુપ્રપન્નાઃ** આશ્રય કરનારા **ગતાગતમ્** ગમનાગમનને-જવાઆવવાને **કામકામાઃ** [દિવ્ય] ભોગોની કામનાવાળા **લભંતે** પામે છે. ૨૧

શા૦:—તેઓ (સકામપુરુષો) તે વિશાલ સ્વર્ગલોકને ભોગવીને [પોતાનું] પુણ્ય ક્ષય થયે મનુષ્યલોકને પામે છે. એ પ્રમાણે ત્રણ વેદમાં પ્રતિપાદન કરેલા કામ્યકર્મનો આશ્રય કરનારા [તથા દિવ્ય] ભોગોની કામનાવાળા [તેઓ] ગમનાગમનને પામે છે. ૨૧

ટી૦:—તે સકામપુરુષો પોતાનાં કામ્યકર્મરૂપ પુણ્યકર્મોથી પ્રાપ્ત થયેલા વિસ્તારવાળા સ્વર્ગલોકના વિષયો ભોગવીને તે ભોગને ઉપજાવનારાં પુણ્યકર્મોનો નાશ થયાથી તે દેવતાશરીરનો નાશ થયે પુનઃ શરીર ધારણ કરવામાટે આ મનુષ્યલોકને પામે છે, અને પૂર્વે જેમ અગ્નિષ્ટોમાદિ કામ્યકર્મોનો કર્તવ્યરૂપે નિશ્ચય કર્યો હતો તેમ આવેલા આ બીજા મનુષ્યદેહમાં પણ નિશ્ચય કરનારા તથા દિવ્ય ભોગોની ઇચ્છાવાળા તેઓ પુણ્યકર્મથી સ્વર્ગમાં

જવારૂપ ને પુણ્યનો ક્ષય થયે પાછા આ લોકમાં આવવારૂપ ફ્લને પામે છે, અર્થાત્ તેઓને ગર્ભવાસાદિ દુઃખોનો પ્રવાહ નિરંતર બન્યો રહે છે. જોકે ઘણાં પુસ્તકોમાં एवं त्रयीधर्ममनुप्रपन्नाः એવો પાઠ છે, પણ આચાર્યભગવાને પોતાના ભાષ્યમાં તથા ભાષ્યપરના ટીકાકારોએ પોતાની ટીકાઓમાં एवं हि त्रैधर्म्यमनुप्रपन्नाः એવો પાઠ અંગીકાર કર્યો છે તેથી જણાય છે કે પ્રાચીન પુસ્તકોમાં એવો પાઠ હશે. અર્થમાં ફેર ન હોવાથી તેમજ આજકાલ પ્રથમનો પાઠ પ્રચલિત હોવાથી અત્ર તે પાઠ આપ્યો છે. ૨૧

હવે નિષ્કામપુરુષોની ગતિ કહે છે:—

अनन्याश्चिंतयंतो मां, ये जनाः पर्युपासते।
तेषां नित्याभियुक्तानां, योगक्षेमं वहाम्यहम् ॥२२॥

પ૦ ત૦ પ૦:—**अनन्याः** અનન્ય-જેને બીજો કોઇ પૂજવાયોગ્ય નથી એવા-[થઇને] **चिंतयंतः** ચિંતન કરતા છતા **माम्** મને **ये** જે **जनाः** જનો **पर्युपासते** સંપૂર્ણરીતે ઉપાસે છે **तेषाम्** તે **नित्याभियुक्तानाम्** નિત્ય અત્યંત સમાહિતચિત્તવાળાઓના **योगक्षेमम्** યોગ અને ક્ષેમને **वहामि** પ્રાપ્ત કરું છું **अहम्** હું. ૨૨

શ૦:—જે જનો અનન્ય [થઇને મારું] ચિંતન કરતા છતા મને સંપૂર્ણરીતે ઉપાસે છે તે નિત્ય અત્યંત સમાહિત-ચિત્તવાળાઓના યોગક્ષેમને હું પ્રાપ્ત કરું છું. ૨૨

ટી૦:—જે અધિકારી જનો અહિં મારા વિના બીજું કાંઇ છેજ નહિ એવો નિશ્ચય કરી નિરંતર મારું ચિંતન કરતા છતા સર્વદા શરીર, મન ને વાણીથી મારી ઉપાસના કરે છે એવા નિરંતર આદરપૂર્વક મારા ધ્યાનમાં તત્પર રહેનારાઓના યોગક્ષેમને હું પ્રાપ્ત કરું છું. અપ્રાપ્ત અન્ન-વસ્ત્રાદિની કિંવા યોગભૂમિકાની પ્રાપ્તિ તે યોગ, અને પ્રાપ્ત અન્નવસ્ત્રાદિનું કિંવા યોગભૂમિકાનું રક્ષણ તે ક્ષેમ. અભક્તોને યોગક્ષેમની પ્રાપ્તિ પ્રયત્નદ્વારા થાય છે, ને અનન્યભક્તોને યોગક્ષેમની પ્રાપ્તિ અનાયાસે થાય છે એટલો એ બેમાં ભેદ છે. ૨૨

અન્ય દેવતાઓના ભક્તો કેમ કૃતાર્થ થતા નથી તે કહે છે:—

येऽप्यन्यदेवताभक्ता, यजंते श्रद्धयाऽन्विताः ।
तेऽपि मामेव कौंतेय, यजंत्यविधिपूर्वकम् ॥२३॥

પ૦ ત૦ પ૦:—**ये** જે **अपि** પણ **अन्यदेवताभक्ताः** અન્ય દેવતાઓના ભક્તો **यजंते** પૂજન કરે છે **श्रद्धया** શ્રદ્ધાવડે **अन्विताः** યુક્ત [થઈને] **ते** તેઓ **अपि** પણ **माम्** મને **एव** જ **कौंतेय** હે કૌંતેય ! **यजंति** પૂજે છે **अविधिपूर्वकम्** વિધિરહિત–અજ્ઞાનપૂર્વક. ૨૩

શ૦:—હે કુંતીપુત્ર ! જે અન્ય દેવતાઓના ભક્તો પણ શ્રદ્ધાવડે યુક્ત [થઇને તે દેવતાઓનું] પૂજન કરે છે તેઓ પણ અજ્ઞાનપૂર્વક મનેજ પૂજે છે. ૨૩

ટી૦:—જે ઇંદ્રાદિક અન્ય દેવતાઓના ભક્તો પણ આસ્તિક્યબુદ્ધિરૂપ શ્રદ્ધાવાળા થઇ અગ્નિષ્ટોમાદિ યજ્ઞોવડે તે ઇંદ્રાદિક દેવતાઓનું પૂજન કરે છે તેઓ પણ વસ્તુતાએ તે તે દેવતારૂપે રહેલા મારુંજ પૂજન કરે છે, પરંતુ તેઓનું તે પૂજન અજ્ઞાનપૂર્વક છે, અર્થાત્ તેઓ તે ઇંદ્રાદિક દેવોને મારાથી પૃથક્ કલ્પીને મારું પૂજન કરે છે, સર્વાત્મભાવે મારું પૂજન કરતા નથી, ને તેથી તેઓ વારેવારે જન્મમરણ પામ્યા કરે છે, મોક્ષ પામતા નથી. ૨૩

એ વાતને હવે વિશેષ સ્પષ્ટ કરે છેઃ—

अहं हि सर्वयज्ञानां, भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानंति, तत्त्वेनातश्च्यवंति ते ॥२४॥

પ૦ ત૦ પ૦:—**अहम्** હું **हि** પ્રસિદ્ધ **सर्वयज्ञानाम्** સર્વ યજ્ઞોનો **भोक्ता** ભોગવનાર [છું] **च** અને **प्रभुः** પ્રભુ–ફલ આપનાર–[છું] **एव** જ **च** તથા **न** નથી **तु** તોપણ **माम्** મને **अभिजानंति** સારી રીતે જાણતા **तत्त्वेन** તત્ત્વથી **अतः** એ કારણથી **च्यवंति** પુનર્જન્મ પામે છે **ते** તેઓ. ૨૪

શ૦:—હુંજ સર્વ યજ્ઞોનો ભોક્તા [છું,] તથા ફલ આપનાર [છું એ વાત] પ્રસિદ્ધ [છે] તોપણ [તેઓ] મને તત્ત્વથી સારી રીતે જાણતા નથી, અને એ કારણથી તેઓ પુનર્જન્મ પામે છે. ૨૪

ટી૦:—શ્રૌત અને સ્માર્ત સર્વ યજ્ઞોનો ઇંદ્રાદિ દેવોરૂપે હુંજ ભોક્તા છું, તથા અંતર્યામિરૂપે અધિયજ્ઞરૂપ હોવાથી તે યજ્ઞોનાં ફલોનો આપનાર છું. આ વાત શ્રુતિસ્મૃતિમાં પ્રસિદ્ધજ છે તોપણ તે સકામપુરુષો મને તે તત્ત્વરૂપે જાણતા નથી તેથી તેઓ સ્વર્ગમાંથી પુણ્યક્ષય થયે પાછા અહિં દેહ ધારણ કરવા આવે છે, પણ જેઓ મને તત્ત્વરૂપે જાણી નિષ્કામપણે

યજ્ઞયાગાદિ કરે છે તેમની પુનરાવૃત્તિ થતી નથી. ૨૪

અન્ય દેવતાઓના ભક્તોથી પોતાના ભક્તની બીજી વિલક્ષણતા કહે છે:—

यांति देवव्रता देवान्, पितॄन्यांति पितृव्रताः ।
भूतानि यांति भूतेज्या, यांति मद्याजिनोऽपि माम् ॥२५॥

૫૦ ત૦ ૫૦:—**यांति** જાય છે-પામે છે **देवव्रताः** દેવોને પૂજનારા **देवान्** દેવોને **पितॄन्** પિતૃઓને **यांति** પામે છે **पितृव्रताः** પિતૃઓને પૂજનારા **भूतानि** ભૂતોને **यांति** પામે છે **भूतेज्याः** ભૂતોને પૂજનારા **यांति** પામે છે **मद्याजिनः** મને પૂજનારા **अपि** જ **माम्** મને. ૨૫

શ૦:—દેવોને પૂજનારા દેવોને પામે છે, પિતૃઓને પૂજનારા પિતૃઓને પામે છે, ભૂતોને પૂજનારા ભૂતોને પામે છે, [અને] મને પૂજનારા મનેજ પામે છે. ૨૫

ટી૦:—ઇંદ્રાદિ દેવતાઓને બલિદાન, પ્રદક્ષિણા ને નમસ્કાર આદિથી પૂજનારા તેમના ભક્તો તેમને પામે છે; અગ્નિષ્વાત્તાદિક પિતૃઓનું આરાધન કરનારા તે પિતૃઓને પામે છે; માતૃગણાદિ ભૂતોને પૂજનારા ભૂતોને પામે છે; અને મારું પૂજન કરનારા અભેદભાવે મને પામે છે. ' तं यथा यथोपासते तदेव भवति ' (જે પુરુષ જે દેવની ઉપાસના કરે છે તે પુરુષ તે દેવના ભાવને મુઆપછી પામે છે) એ શ્રુતિમાં પણ એમજ કહ્યું છે. ૨૫

હવે ભગવાન્ પોતાના આરાધનનું સુગમપણું જણાવે છે:–

पत्रं पुष्पं फलं तोयं, यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥२६॥

૫૦ ત૦ ૫૦:—**पत्रम्** પત્ર-પાન **पुष्पम्** પુષ્પ-ફૂલ **फलम्** ફલ **तोयम्** જલ **यः** જે **मे** મને **भक्त्या** ભક્તિવડે **प्रयच्छति** આપે છે **तत्** તે **अहम्** હું **भक्त्युपहृतम्** ભક્તિવડે અર્પણ કરેલાને **अश्नामि** અંગીકાર કરું છું **प्रयतात्मनः** શુદ્ધબુદ્ધિવાળાના. ૨૬

શ૦:—જે મને ભક્તિવડે પત્ર, પુષ્પ, ફલ [કે] જલ આપે છે [તે] શુદ્ધબુદ્ધિવાળાના તે ભક્તિવડે અર્પણ કરેલાને હું અંગીકાર કરું છું. ૨૬

ટી૦:—જે ભક્તો આત્મસાક્ષાત્કારવાળા મુનિમાં કે મારી પ્રતિમામાં રહેલા મને અત્યંત પ્રીતિવડે પત્ર, પુષ્પ, ફલ કે જલ અર્પણ કરે છે તે શુદ્ધબુદ્ધિવાળાના તે પરમપ્રેમવડે અર્પણ કરેલા પત્રપુષ્પાદિકને હું અંગીકાર કરું છું. એવી રીતે તે વસ્તુનો અંગીકાર કરવામાં તે વસ્તુનું સુંદરપણું કે મહત્પણું એ નિમિત્ત નથી, પણ માત્ર તેમનું અત્યંત પ્રીતિપૂર્વક સમર્પણજ નિમિત્ત છે. ૨૬

પોતે કેવા ભજનથી પ્રસન્ન થાય છે તે કહે છે:—

यत्करोषि यदश्नासि, यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौंतेय, तत्कुरुष्व मदर्पणम् ॥ २७ ॥

૫૦ ૭૦ ૫૦:—**यत्** જે **करोषि** કરો છો **यत्** જે **अश्नासि** ખાઓ છો **यत्** જે **जुहोषि** હોમ કરો છો **ददासि** દાન કરો છો **यत्** જે **यत्** જે **तपस्यसि** તપ કરો છો **कौंतेय** હે કૌંતેય ! **तत्** તે **कुरुष्व** કરો **मदर्पणम्** મને અર્પણ. ૨૭

શ૦:—હે કુંતીપુત્ર ! [તમે] જે [કર્મ] કરો છો, જે ખાઓ છો, જે હોમ કરો છો, જે દાન કરો છો, [ને] જે તપ કરો છો તે મને અર્પણ કરો. ૨૭

ટી૦:—શાસ્ત્રની આજ્ઞાવિના માત્ર આસક્તિથીજ જે લૌકિકકર્મો તું કરે છે, તથા તૃપ્તિમાટે કે કાર્યોની સિદ્ધિમાટે જે અન્નનું તું ભોજન કરે છે, ને શાસ્ત્રની આજ્ઞાથી તું જે શ્રૌતસ્માર્ત હોમ કરે છે, તેમજ સુપાત્રને જે અન્નવસ્ત્રાદિનું દાન કરે છે, તથા અજ્ઞાત પાપોની ને પ્રમાદથી થયેલાં પાપોની નિવૃત્તિમાટે જે ચાંદ્રાયણવ્રતાદિક તપ કરે છે તે સર્વ લૌકિકવૈદિક કર્મો તું મને અર્પણ કર. આવી રીતે સર્વ કર્મો મને અર્પણ કરવાં એજ મારું ભજન છે. ૨૭

હવે એ ભજનના ફલને કહે છે:—

शुभाशुभफलैरेवं, मोक्ष्यसे कर्मबंधनैः ।
संन्यासयोगयुक्तात्मा, विमुक्तो मामुपैष्यसि ॥ २८ ॥

૫૦ ૭૦ ૫૦:—**शुभाशुभफलैः** શુભાશુભફલવાળાં **एवम्** એ પ્રમાણે **मोक्ष्यसे** છુટશો **कर्मबंधनैः** કર્મબંધનોથી **संन्यासयोगयुक्तात्मा** સંન્યાસ-

યોગવડે જેમનું ચિત્ત સમાહિત થયું છે એવા [તમે] **विमुक्तः** મુક્ત [થઈને] **माम्** મને **उपैष्यसि** પામશો. ૨૮

શ૦:—એ પ્રમાણે શુભાશુભફલવાળાં કર્મબંધનોથી [તમે] છુટશો, [અને] સંન્યાસયોગવડે જેમનું ચિત્ત સમાહિત થયું છે એવા [તમે] મુક્ત [થઈને] મને પામશો. ૨૮

ટી૦:—પૂર્વોક્તરીતે સર્વ કર્મો મને અર્પણ કરવાથી શુભ તથા અશુભ ફલવાળાં બંધનરૂપ લૌકિકવૈદિક કર્મોથી તું લેપયુક્ત નહિ થા, અને સર્વ કર્મો મને અર્પણ કરવારૂપ સંન્યાસથી શુદ્ધ ચિત્તવાળો થયેલો તું જીવતો છતોજ તે બંધનરૂપ કર્મોથી મોકળો થઈ મારો સાક્ષાત્કાર કરીશ, ને શરીર છુટે વિદેહકૈવલ્ય પામીશ. ૨૮

મને ભક્તોમાં રાગ ને અભક્તોમાં દ્વેષ નથી એમ જણાવે છે:—

समोऽहं सर्वभूतेषु, न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजंति तु मां भक्त्या, मयि ते तेषु चाप्यहम् ॥२९॥

પ૦ ત૦ પ૦:—**समः** સમાન [છું] **अहम्** હું **सर्वभूतेषु** સર્વ પ્રાણીઓમાં **न** નહિ **मे** મારે **द्वेष्यः** દ્વેષ કરવાયોગ્ય **अस्ति** છે **न** નથી **प्रियः** પ્રિય–વ્હાલું **ये** જેઓ **भजंति** ભજે છે **तु** તોપણ **माम्** મને **भक्त्या** ભક્તિવડે **मयि** મારામાં **ते** તેઓ **तेषु** તેઓમાં **च** અને **अपि** પણ **अहम्** હું. ૨૯

શ૦:—હું સર્વ પ્રાણીઓમાં સમાન [છું માટે કોઈ પણ પ્રાણી] મારે દ્વેષ કરવાયોગ્ય નથી, [તથા] પ્રિય નથી, તોપણ જેઓ મને ભક્તિવડે ભજે છે તેઓ મારામાં [રહે છે,] અને હું પણ તેઓમાં [રહું છું.] ૨૯

ટી૦:—સત્, ચિત્ (સ્ફુરણ) ને આનંદ એ મારું સ્વાભાવિક અને અંતર્યામીપણું એ મારું ઉપાધિવાળું રૂપ છે. એ બંને રૂપથી હું ભક્ત તથા અભક્ત સર્વ પ્રાણીઓમાં સમાન છું તેથી મારે કોઈ પણ પ્રાણી દ્વેષ કરવાયોગ્ય કે પ્રીતિ કરવાયોગ્ય નથી, તોપણ સૂર્યના પ્રકાશને જેમ દર્પણાદિ સ્વચ્છ પદાર્થો ગ્રહણ કરે છે, ને તેના પ્રકાશની અભિવ્યક્તિ

(પ્રકટપણું) પણ તે સ્વચ્છ દર્પણાદિમાં થાય છે, મલિન ઘટાદિકમાં થતી નથી, તેમ જે નિષ્કામ ભક્તો મને પરમ પ્રીતિથી ભજે છે તેઓ આત્માકારવૃત્તિવડે મારામાં રહે છે, અને તેઓના ચિત્તમાંજ હું પણ અભિવ્યક્તિ પામું છું, અભક્તોના અસ્વચ્છ ચિત્તમાં હું અભિવ્યક્તિ પામતો નથી. જેમ રાગદ્વેષરહિત અગ્નિ પોતાની પાસે આવનાર પ્રાણીઓની ટાઢને દૂર કરે છે, દૂર રહેલાની ટાઢને તે દૂર કરતો નથી, તથા જેમ રાગદ્વેષરહિત કલ્પવૃક્ષ પોતાની સમીપ રહેલા માણસોનેજ ઇચ્છિત પદાર્થોની પ્રાપ્તિ કરે છે, દૂર રહેલાને તે ઇચ્છિત પદાર્થોની પ્રાપ્તિ કરતું નથી, તેમ હું પણ રાગદ્વેષરહિત છું, અને ઉપર કહેલા પ્રકારથી શરણાગતોનાં બંધનો કાપી નાંખું છું, અન્ય પ્રાણીઓનાં બંધનો કાપતો નથી. ૨૯

પ્રભુ પોતાની ભક્તિનો પ્રભાવ નીચેના બે શ્લોકોથી કહે છે:—

अपि चेत्सुदुराचारो, भजते मामनन्यभाक् ।
साधुरेव स मंतव्यः, सम्यग्व्यवसितो हि सः ॥ ३० ॥

પ૦ ત૦ પ૦:—**अपि** પણ **चेत्** જો **सुदुराचारः** અત્યંત દુરાચરણવાળો **भजते** ભજે છે **माम्** મને **अनन्यभाक्** અનન્યચિત્તવાળો [થઇ] **साधुः** સાધુ–શ્રેષ્ઠ **एव** જ **सः** તે **मंतव्यः** માનવાયોગ્ય [છે] **सम्यक्** ઉત્તમ **व्यवसितः** નિશ્ચયવાળો [છે] **हि** કેમકે **सः** તે. ૩૦

શ૦:—અત્યંત દુરાચરણવાળો [મનુષ્ય] પણ જો અનન્યચિત્તવાળો [થઇ] મને ભજે છે [તો] તે શ્રેષ્ઠજ માનવાયોગ્ય [છે,] કેમકે તે ઉત્તમ નિશ્ચયવાળો [છે.] ૩૦

ટી૦:—અજામિલ આદિકની પેઠે અત્યંત દુરાચરણવાળો છતાં પણ જો કોઈ પુરુષ પૂર્વનાં પુણ્યકર્મોના ઉદયથી મારામાં અનન્યચિત્તવાળો થઈ મને ભજે છે તો તે પૂર્વે દુરાચારી છતાં પણ તે ભજનકાલમાં તે શ્રેષ્ઠજ માનવાયોગ્ય છે, કેમકે તે સમયમાં તે શુભ નિશ્ચયવાળો છે. ૩૦

क्षिप्रं भवति धर्मात्मा, शश्वच्छांतिं निगच्छति ।
कौंतेय प्रतिजानीहि, न मे भक्तः प्रणश्यति ॥ ३१ ॥

પ૦ ત૦ પ૦:—**क्षिप्रम्** ઊતાવળે–તત્કાલ **भवति** થાય છે **धर्मात्मा** ધર્માત્મા **शश्वत्** નિત્ય–નિરંતર **शांतिम्** શાંતિને **निगच्छति** પામે છે

कौंतेय હે કૌંતેય ! प्रतिजानीहि પ્રતિજ્ઞા કરો न નથી मे મારો भक्तः ભક્ત प्रणश्यति નાશ પામતો. ૩૧

શ૦:—[તે] તત્કાલ ધર્માત્મા થાય છે, [અને] નિરંતર શાંતિને પામે છે. હે કુંતીપુત્ર ! મારો ભક્ત નાશ પામતો નથી [એવી તમે] પ્રતિજ્ઞા કરો. ૩૧

ટી૦:—જે પુરુષ પૂર્વે બહુ સમયથી દુરાચારી હોય છે તે પુરુષ પણ મારા ભજનના પ્રભાવથી પૂર્વનાં દુરાચરણોનો શીઘ્ર પરિત્યાગ કરીને ધર્મમાં પ્રીતિવાળો થાય છે, અને મારા ભજનથી શુદ્ધચિત્તવાળો થયેલો તે તીવ્રવૈરાગ્યવાન્ થઇને સર્વે વિષયભોગોની ઇચ્છાથી રહિત થાય છે. આ સર્વ મારી ભક્તિનો મહિમા છે. મારી ભક્તિના મહિમાવિષે વિવાદ કરનારા પ્રતિવાદીઓના સંમુખ ઊભો રહી, હાથ ઉંચા કરી, તે પ્રતિવાદીઓની આગળ તેમના તિરસ્કારપૂર્વક શુભ અભિમાનસાથે પ્રતિજ્ઞા કર કે ' આત્માનું અનન્યશરણ ગ્રહણ કરનાર ભક્ત પૂર્વે અત્યંતદુરાચારી છતાં પણ, તથા પ્રાણવિયોગ થાય એવા સંકટને પામ્યા છતાં પણ, દુર્ગતિને પામતો નથી.' ૩૧

मां हि पार्थ व्यपाश्रित्य, येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यांति परां गतिम् ॥३२॥

પ૦ ત૦ પ૦:—माम् મને-મારો हि નિશ્ચિત पार्थ હે પાર્થ ! व्यपाश्रित्य આશ્રય કરીને ये જે अपि પણ स्युः હોય पापयोनयः નીચ જાતિના [ચાંડાલાદિક] स्त्रियः સ્ત્રીઓ वैश्याः વૈશ્યો तथा તથા शूद्राः શૂદ્રો ते તેઓ अपि પણ यांति પામે છે पराम् પરમ गतिम् ગતિને. ૩૨

શ૦:—હે પૃથાના પુત્ર ! મારો આશ્રય કરીને જે નીચ જાતિના [ચાંડાલાદિક] પણ હોય, તથા સ્ત્રીઓ, વૈશ્યો [ને] શૂદ્રો [હોય] તેઓ પણ પરમગતિને પામે છે. [આ વાત] નિશ્ચિત [છે.] ૩૨

ટી૦:—મારો અનન્ય આશ્રય ગ્રહણ કરનારા જાતિદોષથી દુષ્ટ ચાંડાલાદિકો હોય, તથા વેદાધ્યયનથી રહિત હોવાથી નિકૃષ્ટ (કનિષ્ઠ) સ્ત્રીઓ, ખેડવેપાર આદિમાં તત્પર વૈશ્યો કે વેદાધ્યયનના અભાવથી પરમગતિ પામવાને અયોગ્યજેવા શૂદ્રો હોય તો તેઓ પણ મારી ભક્તિના પ્રભાવથી શુદ્ધ

અંતઃકરણવાળા થઈને આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિદ્વારા મોક્ષરૂપ પરમગતિને પામે છે. આ વાત નિશ્ચિત છે, એમાં તારે લગારે પણ સંશય ન કરવો. ૩૨

ભક્તિવડે સ્વાભાવિક દોષવાળા પરમગતિને પામે છે તો ઉત્તમ મનુષ્યો પરમગતિને પામે એમાં શું આશ્ચર્ય છે એમ જણાવે છે:—

किं पुनर्ब्राह्मणाः पुण्या, भक्ता राजर्षयस्तथा ।
अनित्यमसुखं लोकमिमं, प्राप्य भजस्व माम् ॥ ३३ ॥

પ૦ ત૦ પ૦:—**किम्** શું [કહેવું?] **पुनः** ફરીથી **ब्राह्मणाः** બ્રાહ્મણો **पुण्याः** પવિત્ર **भक्ताः** ભક્તો **राजर्षयः** રાજર્ષિઓ **तथा** તથા **अनित्यम्** અનિત્ય **असुखम्** સુખરહિત-દુઃખયુક્ત **लोकम्** લોકને-મનુષ્યદેહને **इमम्** આ **प्राप्य** પામીને **भजस्व** ભજો **माम्** મને. ૩૩

શ૦:—[તો મારા] ભક્તો પવિત્ર બ્રાહ્મણો તથા રાજર્ષિઓ [પરમગતિને પામે છે એમાં] ફરીથી શું [કહેવું?] આ અનિત્ય [ને] દુઃખયુક્ત મનુષ્યદેહને પામીને મને ભજો.૩૩

ટી૦:—જો પૂર્વોક્ત સ્ત્રીશૂદ્રાદિક પણ મારી ભક્તિથી આત્મજ્ઞાનદ્વારા મોક્ષરૂપ પરમપદને પામે છે તો શ્રેષ્ઠ આચારવાળા તથા ઉત્તમ જાતિવાળા બ્રાહ્મણો અને સૂક્ષ્મબુદ્ધિવાળા ક્ષત્રિયો મારી ભક્તિવડે આત્મજ્ઞાનદ્વારા પરમપદને પામે એમાં શું આશ્ચર્ય ? કાંઈજ આશ્ચર્ય નહિ માટે આ શીઘ્રજ નાશ થનારા તથા ગર્ભવાસાદિ અનેક પ્રકારનાં દુઃખોવાળા મનુષ્યદેહને પામીને વિલંબ નહિ કરતાં તથા શરીરનાં તુચ્છ સુખોમાં ઉદ્યમી નહિ થતાં તું મનેજ ભજ, અને પોતાના જન્મને સફલ કર. ૩૩

પૂર્વે કહેલા ભજનના પ્રકારને કહે છે:—

मन्मना भव मद्भक्तो, मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥ ३४ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे राजविद्याराजगुह्ययोगो नाम नवमोऽध्यायः॥९॥

પદચ્છેદ તથા પદાર્થ:—**मन्मनाः** મારે વિષે મનવાળા **भव** થાઓ **मद्भक्तः** મારા ભક્ત **मद्याजी** મારું પૂજન કરનારા **माम्** મને **नमस्कुरु**

નમસ્કાર કરો **माम्** મને **एव** જ **एष्यसि** પામશો **युक्त्वा** જોડીને **एवम्** એ પ્રમાણે **आत्मानम्** અંતઃકરણને **मत्परायणः** મારે શરણ થયેલા. ૩૪

શબ્દાર્થઃ—મારે વિષે મનવાળા થાઓ. મારા ભક્ત [ને] મારું પૂજન કરનારા [થાઓ.] મને નમસ્કાર કરો. એ પ્રમાણે મારે શરણ થયેલા [તમે પોતાના] અંતઃકરણને [મારામાં] જોડીને મનેજ પામશો. ૩૪

ટીકાઃ—સ્ત્રીપુત્રાદિકમાં મનને આસક્ત નહિ રાખતાં તું મારામાંજ તારા મનને આસક્ત રાખ, ધનાદિ પદાર્થોની પ્રાપ્તિમાટે રાજાદિકોનો ભક્ત નહિ થતાં તું મારોજ ભક્ત થા. એક મારાજ પૂજનપરાયણ થા, અને શરીર, મન તથા વાણીથી મને નમસ્કાર કર. આવી રીતે મારે શરણ થયેલો તું પોતાના અંતઃકરણને મારા ચિંતનમાં જોડીને સચ્ચિદાનંદઘન એવા મનેજ અભેદભાવે પામીશ. ૩૪

इति श्रीमन्मथुरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्य-दीपिकाख्यायां राजविद्याराजगुह्ययोगो नाम नवमोऽध्यायः ॥ ९ ॥

॥ ॐ ॥

અધ્યાય ૧૦ મો.

વિભૂતિયોગ.

પૂર્વે સાતમા તથા નવમા અધ્યાયમાં સંક્ષેપથી કહેલી વિભૂતિઓનો વિસ્તાર આ અધ્યાયમાં કહેવો છે માટે ભગવાન્ અર્જુનના ચિત્તમાં ઉત્સાહ ઉપજાવવા સારુ તેના પૂછયા વિનાજ તે કહેવાની પ્રતિજ્ઞા કરે છેઃ—

श्रीभगवानुवाच ॥

भूय एव महाबाहो, शृणु मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय, वक्ष्यामि हितकाम्यया ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થઃ—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા॥ **भूयः** ફરીથી **एव** પણ **महाबाहो** હે મહાબાહો ! **शृणु** સાંભળો **मे**

મારા **परमम्** શ્રેષ્ઠ **वचः** વચનને **यत्** જે **ते** તમને **अहम्** હું **प्रीयमाणाय** પ્રીતિવાળાને **वक्ष्यामि** કહીશ **हितकाम्यया** હિતની ઇચ્છાથી. ૧

શબ્દાર્થ:—શ્રીભગવાન્ બોલ્યા:—હે મહાબાહો ! ફરીથી પણ મારા શ્રેષ્ઠ વચનને સાંભળો. જે [વચન] હું [તમારા] હિતની ઇચ્છાથી તમને પ્રીતિવાળાને [હવે પછી] કહીશ. ૧

ટીકા:—પ્રીતિવાળા એટલે મારા વચનરૂપ અમૃતના પાનથી પ્રીતિનો અનુભવ કરનારા. જે અધિકારી પુરુષ 'આમનાં વચનો સાંભળવાથી મારા ઇષ્ટની સિદ્ધિ અવશ્ય થશે' એવી દૃઢભાવનાવડે પ્રીતિપૂર્વક તે વચનો સાંભળે તેનેજ તત્ત્વવેત્તાએ આત્મવિદ્યાનો ઉપદેશ કરવો, અન્યને ન કરવો એમ મૂલમાં જે પ્રીયમાણાય એ શબ્દ છે તેથી સૂચવ્યું છે. ૧

આ જ્ઞાન તમને ઇંદ્રાદિક દેવોથી કે ઋષિઓથી પ્રાપ્ત થાય એવું નથી એમ જણાવે છે:—

न मे विदुः सुरगणाः, प्रभवं न महर्षयः ।
अहमादिर्हि देवानां, महर्षीणां च सर्वशः ॥ २ ॥

પ૦ ત૦ પ૦:—न નથી **मे** મારા **विदुः** જાણતા **सुरगणाः** દેવતાઓના સમૂહો **प्रभवम्** પ્રભાવને **न** [જાણતા] નથી **महर्षयः** મોટા ઋષિઓ **अहम्** હું **आदिः** કારણ **हि** કેમકે **देवानाम्** દેવતાઓનું **महर्षीणाम्** મહર્ષિઓનું **च** અને **सर्वशः** સર્વ પ્રકારે. ૨

શ૦:—મારા પ્રભાવને દેવતાઓના સમૂહો જાણતા નથી, [તથા] મોટા ઋષિઓ [પણ જાણતા] નથી, કેમકે હું દેવતાઓનું અને મહર્ષિઓનું સર્વ પ્રકારે કારણ [છું.] ૨

ટી૦:—આકાશાદિ સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને સંહાર આદિક કરવાના મારા સામર્થ્યરૂપ પ્રભાવને ઇંદ્રાદિક દેવો જાણતા નથી, તથા ભૃગુ આદિ મોટા ઋષિઓ પણ જાણતા નથી, કેમકે તે ઇંદ્રાદિક દેવતાઓનું તથા ભૃગુ આદિક મોટા ઋષિઓનું ઉપાદાનરૂપે તથા નિમિત્તરૂપે કારણ હું છું. એવી રીતે તેઓ કાર્યરૂપ હોવાથી કારણરૂપ એવો જે હું તેના પ્રભાવને જાણી શકતા નથી, જેમ પિતાના પ્રભાવને પુત્ર ન જાણી શકે તેમ. ૨

પોતાના પ્રભાવને જાણવાથી થનારા ફલને શ્રીકૃષ્ણ કહે છે:—

यो मामजमनादिं च, वेत्ति लोकमहेश्वरम् ।
असंमूढः स मर्त्येषु, सर्वपापैः प्रमुच्यते ॥ ३ ॥

૫૦ ત૦ ૫૦:—**यः** જે **माम्** મને **अजम्** જન્મરહિત **अनादिम्** અનાદિ—કારણથી રહિત **च** અને **वेत्ति** જાણે છે **लोकमहेश्वरम्** લોકનો મોટો ઈશ્વર એવો **असंमूढः** સંમોહથી રહિત [થઈ] **सः** તે **मर्त्येषु** મનુષ્યોમાં **सर्वपापैः** સર્વ પાપોથી **प्रमुच्यते** અત્યંત મુક્ત થાય છે. ૩

શ૦:—જન્મરહિત અને કારણથી રહિત [તથા] લોકનો મોટો ઈશ્વર એવો મને જે જાણે છે તે મનુષ્યોમાં સંમોહથી રહિત [થઈ] સર્વ પાપોથી અત્યંત મુક્ત થાય છે. ૩

ટી૦:—સંમોહ—આત્મા તથા દેહાદિ જડના એકપણાની ભ્રાંતિ. સર્વ પાપોથી અત્યંત મુક્ત થાય છે—અજ્ઞાનરૂપ મૂલ કારણ, તેમાંથી ઉપજેલ હું ને મારું એવી ભ્રાંતિ અને સંસ્કારસહિત સર્વ પાપકર્મોની સંપૂર્ણ નિવૃત્તિને પામે છે. ૩

હવે ભગવાન્ પોતાનું સર્વલોકમહેશ્વરપણું કહે છે:—

बुद्धिर्ज्ञानमसंमोहः, क्षमा सत्यं दमः शमः ।
सुखं दुःखं भवो भावो, भयं चाभयमेव च ॥ ४ ॥

૫૦ ત૦ ૫૦:—**बुद्धिः** બુદ્ધિ **ज्ञानम्** જ્ઞાન **असंमोहः** અસંમોહ—સંમોહ નહિ તે **क्षमा** ક્ષમા **सत्यम्** સત્ય **दमः** દમ—ઇંદ્રિયોનો નિગ્રહ **शमः** શમ—મનોનિગ્રહ **सुखम्** સુખ **दुःखम्** દુઃખ **भवः** ઉત્પત્તિ **भावः** સત્તા **भयम्** ભય **च** તથા **अभयम्** અભય **एव च** અને વળી. ૪

શ૦:—બુદ્ધિ, જ્ઞાન, અસંમોહ, ક્ષમા, સત્ય, દમ, શમ, સુખ, દુઃખ, ઉત્પત્તિ, સત્તા, ભય તથા અભય અને વળી ૪

ટી૦:—બુદ્ધિ—સૂક્ષ્મ વિષય સમજવાની અંતઃકરણની શક્તિ. જ્ઞાન—જડચેતન સર્વ પદાર્થોનો વિવેક. અસંમોહ—જ્ઞાતવ્યપણારૂપે અથવા કર્તવ્યપણારૂપે પ્રાપ્ત થયેલા વિષયોમાં ઇષ્ટાનિષ્ટરૂપ ફલના વિચારપૂર્વક પ્રવૃત્તિ. ક્ષમા—કઠોર વાણીથી કિંવા માર મારીને કોઇએ દુઃખ આપ્યા છતાં તેનું ભુંડું કરવાનો વિચાર ન કરવો તે. સત્ય—પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પોતે જે વિષયનો જે રીતે નિશ્ચય કર્યો હોય તે વિષયને તે રીતે કહેવો તે. દમ—પાંચ જ્ઞાનેંદ્રિયોની તથા પાંચ કર્મેંદ્રિયોની તેમના અયોગ્ય વિષયોથી નિવૃત્તિ. શમ—

અંતઃકરણની અયોગ્ય શબ્દાદિક વિષયોના ચિંતનથી નિવૃત્તિ. સુખ–અનુકૂલ વિષયથી થતો આનંદ. દુઃખ–પ્રતિકૂલ વિષયથી થતો પરિતાપ. અભય–ત્રાસથી રહિતપણું. મૂલમાં જે भवो भावो છે તેનો જો भवः अभावः એમ છેદ કરીએ તો भवः ઉત્પત્તિ ને अभावः અસત્તા એવો અર્થ થાય છે. મૂલમાં જે બે च છે તેમાંના એકથી બુદ્ધિ આદિનો સમુચ્ચય અને બીજાથી તેનાથી ઊલટા ગુણોનો સમુચ્ચય સમજવો. ૪

अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ।

भवंति भावा भूतानां, मत्त एव पृथग्विधाः ॥ ५ ॥

પ૦ ત૦ પ૦:—**अहिंसा** અહિંસા **समता** સમપણું **तुष्टिः** સંતોષ **तपः** તપ **दानम्** દાન **यशः** યશ **अयशः** અયશ **भवंति** થાય છે **भावाः** ભાવો–કાર્યો **भूतानाम्** પ્રાણીઓને **मत्तः** મારાથી **एव** જ **पृथग्विधाः** ભિન્ન ભિન્ન પ્રકારના. ૫

શ૦:—અહિંસા, સમપણું, સંતોષ, તપ, દાન, યશ [ને] અયશ [એવા પ્રસિદ્ધ] ભિન્ન ભિન્ન પ્રકારના ભાવો પ્રાણીઓને મારાથીજ થાય છે. ૫

ટી૦:—અહિંસા–શરીર, મન તથા વાણીથી કોઈ પણ પ્રાણીને પીડા નહિ કરવી તે. સમતા–ઇષ્ટ તથા અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં ચિત્તની રાગ તથા દ્વેષથી રહિત અવસ્થા. સંતોષ–યોગ્ય પ્રયત્ન કરતાં પ્રારબ્ધકર્મથી જે મળે તેમાં તૃપ્તિ રાખવી તે. તપ–શાસ્ત્રમાં કહેલી રીતે શરીરનું તથા ઇંદ્રિયોનું શોષણ અર્થાત્ કૃચ્છ્રચાંદ્રાયણાદિ વ્રતોથી શરીરના તથા ઇંદ્રિયોના અયોગ્ય બલની ક્ષીણતા કરવી તે. દાન–સત્પાત્રને શ્રદ્ધાપૂર્વક યથાશક્તિ અન્નવસ્ત્રાદિનું સમર્પણ. યશ–ધર્મરૂપ નિમિત્તથી લોકમાં થતી પ્રશંસા. અયશ–અધર્મરૂપ નિમિત્તથી લોકમાં થતી નિંદા. બુદ્ધિથી અયશસુધીનાં વીશ કાર્યો ધર્માધર્માદિક સાધનોના વિચિત્રપણાથી નાનાપ્રકારનાં છે. ૫

महर्षयः सप्त पूर्वे, चत्वारो मनवस्तथा ।

मद्भावा मानसा जाता, येषां लोक इमाः प्रजाः ॥६॥

પ૦ ત૦ પ૦:—**महर्षयः** મહર્ષિઓ **सप्त** સાત **पूर्वे** પૂર્વકાલમાં [થયેલા] **चत्वारः** ચાર **मनवः** મનુઓ **तथा** તથા **मद्भावाः** મારે વિષેજ પરાયણ **मानसाः** મનથી ઉત્પન્ન થયેલા [છે] **जाताः** ઉત્પન્ન થયા [છે] **येषाम्** જેઓની **लोके** લોકમાં **इमाः** આ **प्रजाः** પ્રજા [છે.] ૬

શ૦:—પૂર્વકાલમાં [થયેલા] સાત મહર્ષિઓ તથા [સનકાદિ] ચાર [ને] મનુઓ મારે પરાયણ [તથા] મનથી ઉત્પન્ન થયેલા [છે,] જેઓની લોકમાં આ પ્રજા [છે. તે મહર્ષિઓ આદિ પણ મારાથી] ઉત્પન્ન થયા [છે.] ૬

ટી૦:—સાત મહર્ષિઓનાં નામો:-ભૃગુ, મરીચિ, અત્રિ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ ને વસિષ્ઠ. ચાર—સનક, સનંદન, સનાતન ને સનત્કુમાર. મનુ ચૌદ છે, તેમનાં નામો:-સ્વાયંભુવ, સ્વારોચિષ, ઔત્તમિ, તામસ, રૈવત, ચાક્ષુષ, વૈવસ્વત, સાવર્ણિ, દક્ષસાવર્ણિ, અબ્રહ્મસાવર્ણિ, ધર્મસાવર્ણિ, રુદ્રસાવર્ણિ, રૈચ્ય (દેવસાવર્ણિ) ને ઇંદ્રસાવર્ણિ. વેદના પાઠને તથા વેદના અર્થને સારી રીતે જાણી વેદવિદ્યાના સંપ્રદાયની પ્રવૃત્તિ કરનારા સર્વજ્ઞ ઋષિઓને મહર્ષિઓ કહ્યા છે. એ સાત મહર્ષિઓ તથા સનકાદિ ચાર ને ચૌદ મનુઓ મારા હિરણ્યગર્ભસ્વરૂપમાંથી ઉપજ્યા છે. ૬

एतां विभूतिं योगं च, मम यो वेत्ति तत्त्वतः ।
सोऽविकंपेन योगेन, युज्यते नात्र संशयः ॥ ७ ॥

પ૦ ત૦ પ૦:—**एताम्**[1] એ **विभूतिम्**[2] વિભૂતિને **योगम्**[3] યોગને **च**[4] અને **मम**[5] મારી **यः**[6] જે **वेत्ति**[7] જાણે છે **तत्त्वतः**[8] યથાર્થ **सः**[9] તે **अविकंपेन**[10] અચલ **योगेन**[11] યોગવડે **युज्यते**[12] જોડાય છે **न**[13] નથી **अत्र**[14] અહિં-એમાં **संशयः**[15] સંશય. ૭

શ૦:—જે મારી એ વિભૂતિને અને યોગને યથાર્થ જાણે છે તે અચલ યોગવડે જોડાય છે એમાં સંશય નથી. ૭

ટી૦:—બુદ્ધિથી અપયશસુધી વીશ તથા સાત મહર્ષિઓ, સનકાદિ ચાર ને ચૌદ મનુઓ એ જે મારી વિભૂતિ-તે તે રૂપે મારી સ્થિતિ-છે તેને તથા તે વિષયો ઉત્પન્ન કરવાના મારા સામર્થ્યરૂપ પરમ ઐશ્વર્યને જે અધિકારી પુરુષ શ્રીસદ્ગુરુના ઉપદેશથી તથા સતશાસ્ત્રથી યથાર્થરીતે જાણે છે તે તત્ત્વજ્ઞાનની સ્થિતિરૂપ સમાધિવાળો થાય છે એમાં કોઇ પણ પ્રતિબંધ કરનાર નથી. ૭

નીચેના ચાર શ્લોકોથી ભગવાન્ પોતાની વિભૂતિને તથા યોગને જાણનારના જ્ઞાનાદિનું સ્વરૂપ કહે છે:—

अहं सर्वस्य प्रभवो, मत्तः सर्वं प्रवर्तते ।

इति मत्वा भजंते मां, बुधा भावसमन्विताः ॥ ८ ॥

પ૦ ત૦ પ૦:—**अहम्** હું **सर्वस्य** સર્વનું **प्रभवः** ઉત્પત્તિકારણ **मत्तः** મારાથી **सर्वम्** બધું **प्रवर्तते** પ્રવર્તે છે **इति** એમ **मत्वा** માનીને **भजंते** ભજે.છે **माम्** મને **बुधाः** બુદ્ધિમાનો **भावसमन्विताः** પ્રેમથી યુક્ત [થઈ.] ૮

શ૦:—હું સર્વનું ઉત્પત્તિકારણ [છું,] મારાથી બધું પ્રવર્તે છે એમ માનીને બુદ્ધિમાનો પ્રેમથી યુક્ત [થઈ] મને ભજે છે. ૮

ટી૦:—હુંજ આ સર્વ જગતનું ઉપાદાનકારણ તથા નિમિત્તકારણ છું, મારાથી બુદ્ધિ તથા ઇંદ્રિયાદિકરૂપ સર્વ પ્રપંચ નાનાપ્રકારની ચેષ્ટા કરે છે એમ જાણીને વિવેકવડે તત્ત્વને જાણનારાઓ પ્રીતિથી યુક્ત થઈને નિત્ય નિરંતર મારું ચિંતન કરે છે. ૮

તેઓ કેવી રીતે ચિંતન કરે છે તે કહે છે:—

मच्चित्ता मद्गतप्राणा, बोधयंतः परस्परम् ।
कथयंतश्च मां नित्यं, तुष्यंति च रमंति च ॥ ९ ॥

પ૦ ત૦ પ૦:—**मच्चित्ताः** મારે વિષે મનવાળા **मद्गतप्राणाः** મારામાં જેમના પ્રાણો છે એવા **बोधयंतः** બોધ કરતા છતા **परस्परम्** પરસ્પરને **कथयंतः** કથન કરતા છતા **च** અને **माम्** મને-મારું **नित्यम्** નિત્ય **तुष्यंति** સંતોષ પામે છે **च** નિશ્ચય **रमंति** રમે છે-આનંદ પામે છે **च** તથા. ૯

શ૦:—મારે વિષે મનવાળા [તથા] મારામાં જેમના પ્રાણો (ઇંદ્રિયો) છે એવા, પરસ્પરને [મારો] બોધ કરતા છતા, અને નિત્ય મારું કથન કરતા છતા, નિશ્ચય સંતોષ પામે છે, તથા આનંદ પામે છે. ૯

ટી૦:—નિરંતર મારું ચિંતન કરનારા, જેમની ઇંદ્રિયોનો વ્યાપાર કિંવા જીવન મારી ભક્તિમાટેજ છે, અથવા જેઓએ પ્રાણોનો મારે વિષે નિગ્રહ કર્યો છે એવા, વિદ્વાનોની સભામાં શ્રુતિઓથી ને શ્રુતિને અનુકૂલ યુક્તિઓથી મારુંજ બોધન કરનારા અને નિરંતર પોતાના શ્રદ્ધાવાન્ શિષ્યો-

ને જ્ઞેયરૂપથી તથા ધ્યેયરૂપથી મારોજ ઉપદેશ કરનારા પોતાના ચિત્તમાં સંતોષ પામે છે, અને સર્વોત્તમ સુખનો અનુભવ કરે છે. ૯

એવા ભક્તોને હું બુદ્ધિયોગની પ્રાપ્તિ કરું છું એમ કહે છેઃ—

तेषां सततयुक्तानां, भजतां प्रीतिपूर्वकम् ।

ददामि बुद्धियोगं तं, येन मामुपयांति ते ॥ १० ॥

પ૦ ત૦ પ૦:—**तेषाम्** તેઓને **सततयुक्तानाम्** નિરંતર જોડાયેલા **भजताम्** ભજનારા **प्रीतिपूर्वकम्** પ્રીતિપૂર્વક **ददामि** આપું છું **बुद्धियोगम्** બુદ્ધિયોગ **तम्** તે **येन** જેવડે **माम्** મને **उपयांति** પામે છે **ते** તેઓ. ૧૦

શ૦ઃ—[મારામાં] નિરંતર જોડાયેલા [ને] પ્રીતિપૂર્વક [મને] ભજનારા તેઓને તે બુદ્ધિયોગ [હું] આપું છું, જેવડે તેઓ મને પામે છે. ૧૦

ટી૦:—સર્વ કાલમાં મારામાં એકાગ્રબુદ્ધિ રાખનારા ને લાભ પૂજા તથા ખ્યાતિ ઇત્યાદિ લૌકિક પ્રયોજનોની ઇચ્છાવિના અત્યંતપ્રીતિપૂર્વક મારું ભજન કરનારા તે ભક્તજનોને હું મારા વાસ્તવિક સ્વરૂપનો પ્રકાશ કરનારો સમ્યગ્દર્શનરૂપ બુદ્ધિયોગ આપું છું, કે જેવડે તેઓ અભેદભાવે મને પામે છે. ૧૦

એ બુદ્ધિયોગ આપવાનો પ્રકાર સમજાવે છેઃ—

तेषामेवानुकंपार्थमहमज्ञानजं तमः ।

नाशयाम्यात्मभावस्थो, ज्ञानदीपेन भास्वता ॥ ११ ॥

પ૦ ત૦ પ૦:—**तेषाम्** તેઓના **एव** જ **अनुकंपार्थम्** અનુગ્રહ-કૃપા-માટે **अहम्** હું **अज्ञानजम्** અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા **तमः** અંધારાનો **नाशयामि** નાશ કરું છું **आत्मभावस्थः** આત્મભાવમાં રહેલો **ज्ञानदीपेन** જ્ઞાનરૂપ દીવાવડે **भास्वता** ચિદાભાસયુક્ત. ૧૧

શ૦ઃ—તેઓનાજ અનુગ્રહમાટે આત્મભાવમાં રહેલો હું ચિદાભાસયુક્ત જ્ઞાનરૂપ દીવાવડે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા અંધારાનો નાશ કરું છું.' ૧૧

ટી૦:—પૂર્વોક્તરીતે મારું નિરંતર ભજન કરનારા ભક્તજનોનું શ્રેય કરવામાટે તેમના આત્માકાર અંતઃકરણની વૃત્તિમાં રહેલો હું તેજ ચિદાભાસવાળા અંતઃકરણની વૃત્તિરૂપ જ્ઞાનદીપથી અજ્ઞાનથી ઉપજેલા આત્માના આવરણરૂપ અંધારાનો નાશ કરું છું. ૧૧

હવે વિભૂતિયોગનું વધારે શ્રવણ કરવાની ઈચ્છાવાળા અર્જુન ભગવાનની સ્તુતિ કરે છેઃ—

अर्जुन उवाच ॥

परं ब्रह्म परं धाम, पवित्रं परमं भवान् ।
पुरुषं शाश्वतं दिव्यमादिदेवमजं विभुम् ॥ १२ ॥

પ૦ ત૦ પ૦:—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **परम्** પર **ब्रह्म** બ્રહ્મ **परम्** પર **धाम** ધામ **पवित्रम्** પવિત્ર **परमम्** પરમ **भवान्** આપ [છો] **पुरुषम्** પુરુષ **शाश्वतम्** નિત્ય **दिव्यम्** દિવ્ય **आदिदेवम्** આદિદેવ **अजम्** જન્મરહિત **विभुम्** સર્વવ્યાપક. ૧૨

શ૦:—અર્જુન બોલ્યાઃ-' પરબ્રહ્મ, પરધામ [અને] પરમ પવિત્ર આપ [છો.] પુરુષ, નિત્ય, દિવ્ય, આદિદેવ, જન્મરહિત [અને] સર્વવ્યાપક [પણ આપજ છો.] ૧૨

ટી૦:—આપ તત્ત્વવેત્તા પુરુષોને પ્રાપ્ત થવાયોગ્ય સર્વ ઉપાધિઓથી રહિત નિર્વિશેષ બ્રહ્મ છો. આપ સ્થૂલથી અવ્યાકૃતસુધીના સર્વ પ્રપંચના આશ્રયરૂપ છો, અથવા પરમ પ્રકાશરૂપ છો. લોકમાં તથા શાસ્ત્રમાં પ્રસિદ્ધ જે પવિત્ર કરનારાં તીર્થાદિક છે તે સર્વથી આપ પરમોત્તમ પવિત્ર કરનાર છો, આપ સર્વનાં શરીરોમાં રહેનારા છો, ત્રણે કાલમાં એકરૂપ છો, પરમ વ્યોમમાં (હૃદયાકાશમાં) વિરાજનાર એટલે સર્વ પ્રપંચથી રહિત છો, સર્વ જગતના કારણરૂપ તથા પ્રકાશરૂપ છો, જન્મરહિત છો, અને વ્યાપક છો. ૧૨

आहुस्त्वामृषयः सर्वे, देवर्षिर्नारदस्तथा ।
असितो देवलो व्यासः, स्वयं चैव ब्रवीषि मे ॥ १३ ॥

પ૦ ત૦ પ૦:—**आहुः** કહે છે **त्वाम्** તમને **ऋषयः** ઋષિઓ **सर्वे** સર્વે **देवर्षिः** દેવર્ષિ **नारदः** નારદ **तथा** તથા **असितः** અસિત **देवलः** દેવલ **व्यासः** વ્યાસ **स्वयम्** પોતે **च** અને **एव** પણ **ब्रवीषि** કહો છો **मे** મને. ૧૩

શ૦:—સર્વે ઋષિઓ તથા દેવર્ષિ નારદ, અસિત, દેવલ, [ને] વ્યાસ તમને [પૂર્વોક્તરીતે] કહે છે, અને [તમે] પોતે પણ મને [એમજ] કહો છો. ૧૩

ટી૦:—જ્ઞાનનિષ્ઠાવાળા શ્રીભૃગુ ને શ્રીવસિષ્ઠ આદિ સર્વે ઋષિઓ, દેવર્ષિ શ્રીનારદ, શ્રીઅસિતઋષિ, શ્રીદેવલઋષિ ને શ્રીવ્યાસમુનિ આપને પૂર્વે કહેલી રીતેજ કહે છે. શ્રીનારદાદિ ચારને જે બીજા ઋષિઓથી નામસહિત પૃથક્ ગણાવ્યા તે આત્મસ્વરૂપના વક્તાપણાથી તેમનું શ્રેષ્ઠપણું સૂચવવાસારુ છે. વળી આપ પોતે પણ 'भोक्तारं यज्ञतपसां' 'सर्वभूतस्थितं यो मां' ઇત્યાદિ વચનોથી મને એમજ કહો છો. ૧૩

એ વચનોમાં પોતાની સત્યપણાની બુદ્ધિનું કથન કરે છે:—

सर्वमेतदृतं मन्ये, यन्मां वदसि केशव ।
न हि ते भगवन्व्यक्तिं, विदुर्देवा न दानवाः ॥ १४ ॥

પ૦ ત૦ પ૦:—**सर्वम्** સર્વ **एतत्** એ **ऋतम्** સત્ય **मन्ये** માનું છું **यत्** જે **माम्** મને **वदसि** કહો છો **केशव** હે કેશવ! **न** નથી **हि** કેમકે **ते** તમારા **भगवन्** હે ભગવન્! **व्यक्तिम्** પ્રભાવને **विदुः** જાણતા **देवाः** દેવો **न** [જાણતા] નથી **दानवाः** દાનવો-રાક્ષસો. ૧૪

શ૦:—હે કેશવ! [તમે] મને જે કહો છો એ સર્વ [હું] સત્ય માનું છું, કેમકે હે ભગવન્! તમારા પ્રભાવને દેવો જાણતા નથી, [ને] દાનવો [પણ જાણતા] નથી. ૧૪

ટી૦:—આપે મને જે આપનું સ્વરૂપ કહી દેખાડ્યું છે, તથા શ્રીભૃગુ આદિ ઋષિઓએ જે આપના સ્વરૂપનું કથન કર્યું છે એ સર્વ વચનોને હું યથાર્થ માનું છું, એમાં કાંઈ પણ અપ્રમાણપણાની શંકા મને નથી, કેમકે હે ષડૈશ્વર્યસંપન્ન! આપના પ્રભાવને બહુજ બુદ્ધિમાન્ શ્રીઇંદ્રાદિ દેવો, મધુ આદિક દાનવો અને શ્રીભૃગુ આદિક ઋષિઓ જાણતા નથી તો હમણાંનાં અલ્પજ્ઞ માણસો ન જાણે એમાં શું કહેવું ? ૧૪

કહેલાં કારણોને લીધે આપજ આપના પ્રભાવને યથાર્થ જાણો છો એમ કહે છે:—

स्वयमेवात्मनाऽऽत्मानं, वेत्थ त्वं पुरुषोत्तम ।

भूतभावन भूतेश, देवदेव जगत्पते ॥ १५ ॥

પ૦ ત૦ પ૦:—**स्वयम्** પોતે–બીજાના ઉપદેશવિના **एव** જ **आत्मना** પોતાવડે **आत्मानम्** પોતાને **वेत्थ** જાણો છો **त्वम्** તમે **पुरुषोत्तम** હે પુરુષોત્તમ ! **भूतभावन** હે ભૂતોને ઉત્પન્ન કરનાર ! **भूतेश** હે ભૂતોના ઈશ્વર ! **देवदेव** હે દેવના દેવ ! **जगत्पते** હે જગત્પતે ! ૧૫

શ૦:—હે પુરુષોત્તમ ! હે ભૂતોને ઉત્પન્ન કરનાર ! હે ભૂતોના ઈશ્વર ! હે દેવના દેવ ! હે જગતના પતે ! પોતેજ તમે પોતાવડે પોતાને જાણો છો. ૧૫

ટી૦:—હે સર્વ પુરુષોમાં શ્રેષ્ઠ ! હે સર્વ ભૂતોના પિતા ! હે સર્વ ભૂતોના નિયંતા ! હે દેવાદિ સર્વ પ્રાણીઓને આરાધન કરવાયોગ્ય ! હે સર્વ જગતના પાલનકર્તા ! અન્યના ઉપદેશવિનાજ આપ આપના સ્વ-પ્રકાશસ્વરૂપથી આપના નિરુપાધિક સ્વરૂપને તથા ઉપાધિવાળા સ્વરૂપને જાણો છો. ૧૫

માટે આપની વિભૂતિઓ આપ વિસ્તારથી કહો એમ અર્જુન ભગવાનને પ્રાર્થના કરે છે:—

वक्तुमर्हस्यशेषेण, दिव्या ह्यात्मविभूतयः ।
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि ॥ १६ ॥

પ૦ ત૦ પ૦:—**वक्तुम्** કહેવાને **अर्हसि** યોગ્ય છો **अशेषेण** કાંઈ પણ બાકી ન રહે તેમ–સમગ્ર **दिव्याः हि** દિવ્યજ [છે] **आत्मविभूतयः** પોતાની વિભૂતિઓ **याभिः** જે **विभूतिभिः** વિભૂતિઓવડે **लोकान्** લોકોને **इमान्** આ **त्वम्** તમે **व्याप्य** વ્યાપીને **तिष्ठसि** રહો છો. ૧૬

શ૦:—જે વિભૂતિઓવડે આ લોકોને વ્યાપીને તમે રહો છો [તે વિભૂતિઓ] દિવ્યજ [છે માટે આપજ] કાંઈ પણ બાકી ન રહે તેમ પોતાની વિભૂતિઓ કહેવાને યોગ્ય છો. ૧૬

ટી૦:—આ લોકોને–મનુષ્યલોકથી માંડીને બ્રહ્મલોકપર્યંતના લોકોને. દિવ્ય–અસર્વજ્ઞ મનુષ્યથી જાણવાને અશક્ય. ૧૬

હવે એ વિભૂતિઓ જાણવાનું પ્રયોજન નીચેના બે શ્લોકોથી કહે છે:—

कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिंतयन् ।
केषु केषु च भावेषु, चिंत्योऽसि भगवन्मया ॥ १७ ॥

૫૦ ત૦ ૫૦:—कथम् શી રીતે विद्याम् જાણું अहम् હું योगिन् હે યોગિન્! त्वाम् આપને सदा નિરંતર परिचिंतयन् ધ્યાન કરતો છતો केषु કઈ केषु કઈ च તથા भावेषु વસ્તુઓમાં चिंत्यः ચિંતન કરવાયોગ્ય असि છો भगवन् હે ભગવન્! मया મારે. ૧૭

શ૦:—હે યોગિન્! હું નિરંતર ધ્યાન કરતો છતો આપને શી રીતે જાણું? તથા હે ભગવન્! કઈ કઈ વસ્તુઓમાં [આપ] મારે ચિંતન કરવાયોગ્ય છો? ૧૭

ટી૦:—હે મહાન્ ઐશ્વર્યવાળા! અત્યંત જાડી બુદ્ધિવાળો હું સર્વકાલ આપનું ધ્યાન કરતો છતો દેવાદિને પણ જાણવાને અશક્ય એવા આપને કેવી રીતે જાણું? અને હે ષડૈશ્વર્યસંપન્ન! કઈ કઈ ચેતનાચેતનરૂપ વસ્તુઓમાં એટલે વિભૂતિઓમાં આપ મારે ચિંતન કરવાને યોગ્ય છો? ૧૭

विस्तरेणात्मनो योगं, विभूतिं च जनार्दन ।
भूयः कथय तृप्तिर्हि, शृण्वतो नास्ति मेऽमृतम् ॥ १८ ॥

૫૦ ત૦ ૫૦:—विस्तरेण વિસ્તારવડે आत्मनः પોતાના योगम् યોગને विभूतिम् વિભૂતિને च અને जनार्दन હે જનાર્દન! भूयः ફરીથી कथय કહો तृप्तिः તૃપ્તિ हि કેમકે शृण्वतः સાંભળતા मे નહિ अस्ति છે મે" મને अमृतम् અમૃતને. ૧૮

શ૦:—હે જનાર્દન! પોતાના યોગને અને વિભૂતિને ફરીથી વિસ્તારવડે કહો, (કહેવાની કૃપા કરશો,) કેમકે [આપનાં વચનરૂપ] અમૃતને સાંભળતાં મને તૃપ્તિ [થતી] નથી.' ૧૮

ટી૦:—જનાર્દન–સર્વ માણસોથી સ્વર્ગાદિ સુખોની તથા મોક્ષની પ્રાપ્તિમાટે જેમની યાચના કરાય છે તે એટલે આત્મા. યોગ–સર્વજ્ઞતા તથા સર્વશક્તિમાનપણું આદિ ઐશ્વર્ય. વિભૂતિ–અધિકારી જનોને ધ્યાનના આલંબનરૂપ વસ્તુ. ૧૮

હવે ભગવાન્ એ પ્રશ્નનું ઉત્તર આપે છે:—

श्रीभगवानुवाच ॥

हंत ते कथयिष्यामि, दिव्या ह्यात्मविभूतयः ।
प्राधान्यतः कुरुश्रेष्ठ, नास्त्यंतो विस्तरस्य मे ॥१९॥

પ૦ ત૦ પ૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **हंत** હમણાં **ते** તમને **कथयिष्यामि** કહીશ **दिव्याः** દિવ્ય **हि** પ્રસિદ્ધ **आत्मविभूतयः** પોતાની વિભૂતિઓને **प्राधान्यतः** પ્રધાનપણાથી–મુખ્ય મુખ્ય **कुरुश्रेष्ठ** હે કુરુકુલમાં શ્રેષ્ઠ ! **न** નહિ **अस्ति** છે **अंतः** અંત–પાર **विस्तरस्य** વિસ્તારનો **मे** મારી. ૧૯

શ૦:—શ્રીભગવાન્ બોલ્યા:–'હમણાં તમને પ્રસિદ્ધ દિવ્ય [એવી] પોતાની (મારી) વિભૂતિઓને પ્રધાનપણાથી કહીશ. હે કુરુકુલમાં શ્રેષ્ઠ ! મારી [વિભૂતિઓના] વિસ્તારનો અંત નથી. ૧૯

ટી૦:—हंत એ શબ્દના જે અર્થો થાય છે તેમાંના મુખ્ય બે અર્થો અહિં લાગુ પડે એવા છે, એક 'આ સમય'નો વાચક ને બીજો 'અનુમતિ'નો વાચક; એટલે હમણાં હું એ વિભૂતિઓ તને કહીશ, અથવા તેં જે જાણવાની ઇચ્છા બતાવી છે તે અવશ્ય હું તને કહીશ. ૧૯

" **મારી મુખ્ય વિભૂતિઓમાં પણ જે પ્રથમ ચિંતન કરવાયોગ્ય વિભૂતિઓ છે તે સાંભળો:—**

अहमात्मा गुडाकेश, सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च, भूतानामंत एव च ॥ २० ॥

પ૦ ત૦ પ૦:—**अहम्** હું [છું] **आत्मा** આત્મા **गुडाकेश** હે ગુડાકેશ !–નિદ્રાને જિતનાર ! **सर्वभूताशयस्थितः** સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલો **अहम्** હું **आदिः** ઉત્પત્તિ **च** અને **मध्यम्** મધ્ય–સ્થિતિ **च** તથા **भूतानाम्** ભૂતોની **अंतः** વિનાશ [છું] **एव** જ **च** અને. ૨૦

શ૦:—હે નિદ્રાને જિતનાર ! સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલો આત્મા હું [છું,] અને હુંજ ભૂતોની (ચેતનપ્રાણીઓની) ઉત્પત્તિ તથા સ્થિતિ અને વિનાશ [છું.] ૨૦

ટી૦:—પ્રાણીઓના હૃદયકમલમાં રહેલા આકાશમાં આત્માના પ્રતિબિંબની વિશેષ અભિવ્યક્તિ જણાય છે માટે તે આત્માનું સ્થાન કહેવાય છે. ૨૦

आदित्यानामहं विष्णुर्, ज्योतिषां रविरंशुमान् ।
मरीचिर्मरुतामस्मि, नक्षत्राणामहं शशी ॥ २१ ॥

પ૦ ત૦ પ૦:-**आदित्यानाम्** આદિત્યોમાં **अहम्** હું **विष्णुः** વિષ્ણુ **ज्योतिषाम्** પ્રકાશ કરનારાઓમાં **रविः** સૂર્ય **अंशुमान्** કિરણો-વાળો **मरीचिः** મરીચિ **मरुताम्** મરુતોમાં-વાયુઓમાં **अस्मि** છું **नक्षत्राणाम्** નક્ષત્રોમાં **अहम्** હું **शशी** ચંદ્રમા. ૨૧

શ૦:—આદિત્યોમાં વિષ્ણુ હું છું, પ્રકાશ કરનારાઓમાં કિરણોવાળો સૂર્ય [હું છું,] મરુતોમાં મરીચિ [અને] નક્ષત્રોમાં ચંદ્રમા હું [છું.] ૨૧

ટી૦:—બાર આદિત્યોમાં-સૂર્યોમાં-હું વિષ્ણુનામનો આદિત્ય છું. ધાતા, મિત્ર, અર્યમા, ઇંદ્ર, (શક્ર,) પર્જન્ય-વરુણ-રુદ્ર, અંશુ-વિધાતા-સૂર્ય, ભગ, વિવસ્વાન્, પૂષા, સવિતા, ત્વષ્ટા ને વિષ્ણુ (ઉરુક્રમ) એ બાર આદિત્ય-નાં નામો છે અગ્નિ આદિ પ્રકાશ કરનારાઓમાં કિરણોવાળો એટલે સર્વ વિશ્વમાં વ્યાપક તેજવાળો સૂર્ય હું છું, ઓગણપચાસ મરુત્ગણમાં મરીચિ હું છું, અને અશ્વિની આદિ આકાશમાં રહેલા તારાગણરૂપ નક્ષત્રોમાં તેઓનો અધિપતિ ચંદ્રમા હું છુ. સામાન્ય વિભૂતિઓમાં જે આ વિશેષ વિભૂતિ કહી તે તેમના પ્રભાવના અધિકપણાને લીધે કહી છે એમ જાણવું. ૨૧

वेदानां सामवेदोऽस्मि, देवानामस्मि वासवः ।
इंद्रियाणां मनश्चास्मि, भूतानामस्मि चेतना ॥ २२ ॥

પ૦ ત૦ પ૦:—**वेदानाम्** વેદોમાં **सामवेदः** સામવેદ **अस्मि** [હું] છું **देवानाम्** દેવોમાં **अस्मि** [હું] છું **वासवः** ઇંદ્ર **इंद्रियाणाम्** ઇંદ્રિયોમાં **मनः** મન **च** અને **अस्मि** [હું] છું **भूतानाम्** ભૂતોમાં **अस्मि** [હું] છું **चेतना** ચેતના. ૨૨

શ૦:—વેદોમાં સામવેદ [હું] છું, દેવોમાં ઇંદ્ર [હું] છું, અને ઇંદ્રિયોમાં મન [હું] છું, ભૂતોમાં ચેતના [હું] છું. ૨૨

ટી૦:—ઋક્, યજુષ્, સામ ને અથર્વણ એ ચાર વેદોમાં ગાયનની મધુરતાથી અત્યંત રમણીય જે સામવેદ તે હું છું. અગ્નિ તથા વાયુ આદિક દેવોમાં તે સર્વેનો અધિપતિ જે ઇંદ્ર તે હું છું. આંખ, કાન, ચામડી, રસના, નાક, વાણી, હાથ, પગ, લિંગ, ગુદા ને મન એ અગિ-

ચાર ઇંદ્રિયોમાં સર્વ ઇંદ્રિયોનું પ્રવર્તક જે મન તે હું છું. સર્વ પ્રાણીઓના સંબંધનાં પરિણામોમાં ચૈતન્યની અભિવ્યક્તિ કરનારી બુદ્ધિની વૃત્તિરૂપ જે ચેતના તે હું છું. ૨૨

रुद्राणां शंकरश्चास्मि, वित्तेशो यक्षरक्षसाम् ।

वसूनां पावकश्चास्मि, मेरुः शिखरिणामहम् ॥ २३ ॥

પ૦ ત૦ પ૦:—**रुद्राणाम्** રુદ્રોમાં **शंकरः** શંકર **च** તથા **अस्मि** [હું] છું **वित्तेशः** કુબેર **यक्षरक्षसाम्** યક્ષોમાં અને રાક્ષસોમાં **वसूनाम्** વસુઓમાં **पावकः** અગ્નિ **च** અને **अस्मि** [હું] છું **मेरुः** મેરુ **शिखरिणाम्** પર્વતોમાં **अहम्** હું [છું.] ૨૩

શ૦:—રુદ્રોમાં શંકર [હું] છું, તથા યક્ષોમાં અને રાક્ષસોમાં કુબેર [હું છું,] અને વસુઓમાં અગ્નિ [હું] છું, [તથા] પર્વતોમાં મેરુ હું [છું.] ૨૩

ટી૦:—મૃગવ્યાધ, સર્પ, નિર્ઋતિ, અજૈકપાત્, અહિર્બુધ્ન, પિનાકી, દહન, ઇશ્વર, (શંકર,) કપાલી, સ્થાણુ ને ભગ એ અથવા અજૈકપાત્, અહિર્બુધ્ન, વિરૂપાક્ષ, સુરેશ્વર, જયંત, બહુરૂપ, ત્ર્યંબક, અપરાજિત, વૈવસ્વત, સાવિત્ર ને હર (શંકર) એ અગિયાર રુદ્રોમાં પોતાના ભક્તોને નિરતિશયાનંદરૂપ મોક્ષની પ્રાપ્તિ કરાવનાર જે શંકરનામના રુદ્ર તે હું છું. યક્ષોમાં તથા રાક્ષસોમાં સંપૂર્ણ ધનના અધિપતિ જે કુબેર તે હું છું. ધર, ધ્રુવ, સોમ, (ચંદ્રમા,) અહ, (આપ,) અનલ, (હુતાશન,) અનિલ, (શ્વસન,) પ્રત્યૂષ ને પ્રભાસ એ આઠ વસુઓમાં અતિશ્રેષ્ઠ જે અગ્નિ તે હું છું, ને નાનાપ્રકારનાં શિખરોવાળા સર્વ પર્વતોમાં અત્યંત રમણીય જે સુમેરુ તે હું છું. ૨૩

पुरोधसां च मुख्यं मां, विद्धि पार्थ बृहस्पतिम् ।

सेनानीनामहं स्कंदः, सरसामस्मि सागरः ॥ २४ ॥

પ૦ ત૦ પ૦:—**पुरोधसाम्** પુરોહિતોમાં **च** અને **मुख्यम्** મુખ્ય-સર્વથી ઉત્તમ **माम्** મને **विद्धि** જાણો **पार्थ** હે પાર્થ! **बृहस्पतिम्** બૃહસ્પતિરૂપ **सेनानीनाम्** સેનાપતિઓમાં **अहम्** [હું] છું **स्कंदः** સ્કંદ-કાર્તિકસ્વામી **सरसाम्** સરોવરોમાં **अस्मि** [હું] છું **सागरः** સમુદ્ર. ૨૪

શ૦:—હે પૃથાના પુત્ર ! પુરોહિતોમાં મને સર્વથી

ઉત્તમ બૃહસ્પતિરૂપ જાણો, અને સેનાપતિઓમાં કાર્તિકસ્વામી હું [છું.] સરોવરોમાં સાગર [હું] છું. ૨૪

ટી૦:—સર્વ રાજાઓના પુરોહિતોમાં મને સર્વોત્તમ બૃહસ્પતિ (દેવતાઓના રાજા ઇંદ્રના પુરોહિત) જાણ, અને સર્વે સેનાપતિઓમાં દેવતાઓની સેનાના અધિપતિ જે કાર્તિકસ્વામી તે હું છું. દેવતાઓએ ખોદેલાં જલાશયરૂપ સરોવરોમાં સગરરાજાના પુત્રોએ ખોદેલો સાગર તે હું છું. ૨૪

महर्षीणां भृगुरहं, गिरामस्म्येकमक्षरम् ।

यज्ञानां जपयज्ञोऽस्मि, स्थावराणां हिमालयः ॥ २५ ॥

પ૦ ત૦ પ૦:—**महर्षीणाम्** મહર્ષિઓમાં **भृगुः** ભૃગુ **अहम्** હું [છું] **गिराम्** વાણીઓમાં **अस्मि** [હું] છું **एकम्** એક **अक्षरम्** અક્ષર **यज्ञानाम्** યજ્ઞોમાં **जपयज्ञः** જપયજ્ઞ **अस्मि** [હું] છું **स्थावराणाम्** સ્થાવરોમાં **हिमालयः** હિમાલય. ૨૫

શ૦:—મહર્ષિઓમાં ભૃગુ હું [છું.] વાણીઓમાં [ૐ-કારરૂપ] એક અક્ષર [હું] છું. યજ્ઞોમાં જપયજ્ઞ [હું] છું. સ્થાવરોમાં હિમાલય [હું છું.] ૨૫

ટી૦:—બ્રહ્માના પુત્રરૂપ જેટલા મહર્ષિઓ છે તે સર્વમાં અત્યંત તેજસ્વી જે શ્રીભૃગુઋષિ તે હું છું. અશ્વમેધાદિક સર્વ વૈદિકયજ્ઞોમાં હિંસાદિક સર્વ દોષોથી રહિત હોવાથી અત્યંત શુદ્ધિ કરનાર જે જપયજ્ઞ તે હું છું, અને ચલાયમાનપણાથી રહિત સ્થિતિવાળા સ્થાવર પદાર્થોમાં હિમાલયપર્વત હું છું. ૨૫

अश्वत्थः सर्ववृक्षाणां, देवर्षीणां च नारदः ।

गंधर्वाणां चित्ररथः, सिद्धानां कपिलो मुनिः ॥ २६ ॥

પ૦ ત૦ પ૦:—**अश्वत्थः** પીપળો **सर्ववृक्षाणाम्** સર્વ વૃક્ષોમાં **देवर्षीणाम्** દેવર્ષિઓમાં **च** અને **नारदः** નારદ **गंधर्वाणाम्** ગંધર્વોમાં **चित्ररथः** ચિત્રરથ **सिद्धानाम्** સિદ્ધોમાં **कपिलः** કપિલ **मुनिः** મુનિ. ૨૬

શ૦:—સર્વ વૃક્ષોમાં પીપળો [હું છું,] અને દેવર્ષિઓમાં નારદ [હું છું, તથા] ગંધર્વોમાં ચિત્રરથ [ને] સિદ્ધોમાં કપિલમુનિ [હું છું.] ૨૬

ટી૦:—દેવર્ષિ-દેવતા હોઇને વેદમંત્રોના દ્રષ્ટા થવાથી ઋષિભાવને પામેલા તે. સિદ્ધ—જેનામાં જન્મથીજ સંપૂર્ણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ઐશ્વર્ય હોય છે તે. ૨૬

उच्चैःश्रवसमश्वानां, विद्धि माममृतोद्भवम् ।
ऐरावतं गजेंद्राणां, नराणां च नराधिपम् ॥ २७ ॥

પ૦ ત૦ પ૦:—**उच्चैःश्रवसम्** ઉચ્ચૈઃશ્રવા **अश्वानाम्** અશ્વોમાં **विद्धि** જાણો **माम्** મને **अमृतोद्भवम्** અમૃતને માટે [સમુદ્રનું મથન કરતાં] ઉપજેલો **ऐरावतम्** ઐરાવત **गजेंद्राणाम्** મોટા હાથીઓમાં **नराणाम्** પુરુષોમાં **च** અને **नराधिपम्** રાજા. ૨૭

શ૦:—અશ્વોમાં અમૃતને માટે [સમુદ્રનું મથન કરતાં] ઉપજેલો ઉચ્ચૈઃશ્રવા મને જાણો. મોટા હાથીઓમાં ઐરાવત અને પુરુષોમાં રાજા [મને જાણો.] ૨૭

ટી૦:—સર્વ અશ્વોમાં અત્યંત શ્રેષ્ઠ જે ઉચ્ચૈઃશ્રવા કે જે અમૃત મેળવવા-માટે દેવતાઓએ તથા દૈત્યોએ મથન કરેલા સમુદ્રમાંથી પ્રકટ થયો છે તે મને જાણ. મોટા હાથીઓમાં દેવદાનવોએ મથન કરેલા સાગરમાંથી પ્રકટેલો ઐરાવત મને જાણ, અને સર્વે પુરુષોમાં સર્વ પ્રજાને ધર્મમાં પ્રવૃત્ત કરનાર તથા અધર્મથી રોકનાર રાજા મને જાણ. ૨૭

आयुधानामहं वज्रं, धेनूनामस्मि कामधुक् ।
प्रजनश्चास्मि कंदर्पः, सर्पाणामस्मि वासुकिः ॥ २८ ॥

પ૦ ત૦ પ૦:—**आयुधानाम्** આયુધોમાં-હથીઆરોમાં **अहम्** હું **वज्रम्** વજ્ર **धेनूनाम्** ગાયોમાં **अस्मि** છું **कामधुक्** કામધેનુ **प्रजनः** [પુત્રની] ઉત્પત્તિના હેતુવાળો **च** અને **अस्मि** [હું] છું **कंदर्पः** કામ **सर्पाणाम्** સર્પોમાં **अस्मि** [હું] છું **वासुकिः** વાસુકિ. ૨૮

શ૦:—હથીઆરોમાં વજ્ર હું છું. ગાયોમાં કામધેનુ અને [સર્વ કામોમાં પુત્રની] ઉત્પત્તિના હેતુવાળો કામ [હું] છું. સર્પોમાં વાસુકિ [હું] છું. ૨૮

ટી૦:—અસ્ત્રરૂપ સર્વ આયુધોમાં દધીચિમુનિના હાડકાનું બનેલું વજ્ર હું છું. દૂધ દેનારી ગાયોમાં મનોવાંછિત વિષયોની પ્રાપ્તિ કરનારી તથા સમુદ્રના મથનથી પ્રકટેલી વસિષ્ઠની કામધેનુ હું છું. મૈથુનની ઇચ્છારૂપ

સર્વે કામોમાં પુત્રની ઉત્પત્તિના હેતુભૂત જે કામરૂપ કંદર્પ છે તે હું છું, ને વિષવાળા સાપોમાં તેઓનો રાજા જે વાસુકિ તે હું છું. ૨૮

अनंतश्चास्मि नागानां, वरुणो यादसामहम् ।
पितृणामर्यमा चास्मि, यमः संयमतामहम् ॥ २९ ॥

૫૦ ત૦ ૫૦:—**अनंतः** અનંત-શેષનાગ **च** અને **अस्मि** છું **नागानाम्** નાગોમાં **वरुणः** વરુણ **यादसाम्** જલચરોમાં **अहम्** હું **पितृणाम्** પિતૃઓમાં **अर्यमा** અર્યમા **च** તથા **अस्मि** [હું] છું **यमः** યમ **संयमताम्** સંયમ કરનારાઓમાં **अहम्** હું [છું.] ૨૯

શ૦:—નાગોમાં શેષનાગ હું છું, અને જલચરોમાં વરુણ તથા પિતૃઓમાં અર્યમા [હું] છું. સંયમ કરનારાઓમાં યમ હું [છું.] ૨૯

ટી૦:—વિષરહિત સર્વે નાગોમાં તેઓના રાજારૂપ જે શેષનાગ તે હું છું. સર્વે જલચર જીવોમાં તેઓના રાજા જે વરુણ તે હું છું. સર્વે પિતૃઓમાં તેઓના રાજા અર્યમા હું છું, ને ધર્માધર્મનાં સુખદુઃખરૂપ ફલો આપીને અનુગ્રહનિગ્રહરૂપ સંયમ કરનારા જેટલા સમર્થ પુરુષો છે તે સર્વમાં યમ હું છું. ૨૯

प्रह्लादश्चास्मि दैत्यानां, कालः कलयतामहम् ।
मृगाणां च मृगेंद्रोऽहं, वैनतेयश्च पक्षिणाम् ॥ ३० ॥

૫૦ ત૦ ૫૦:—**प्रह्लादः** પ્રહ્લાદ **च** અને **अस्मि** છું **दैत्यानाम्** દૈત્યોમાં **कालः** કાલ **कलयताम्** સંખ્યાની ગણના કરનારાઓમાં **अहम्** હું **मृगाणाम्** મૃગોમાં **च** તથા **मृगेंद्रः** સિંહ **अहम्** હું **वैनतेयः** ગરુડ **च** અને **पक्षिणाम्** પક્ષીઓમાં. ૩૦

શ૦:—દૈત્યોમાં પ્રહ્લાદ હું છું, અને સંખ્યાની ગણના કરનારાઓમાં કાલ [હું છું,] તથા મૃગોમાં સિંહ હું [છું,] અને પક્ષીઓમાં ગરુડ [હું છું.] ૩૦

ટી૦:—દૈત્યોમાં-દિતિના પુત્રોમાં ને તે પુત્રોના વંશજોમાં. વૈનતેય-વિનતાનો પુત્ર-ગરુડ. ૩૦

पवनः पवतामस्मि, रामः शस्त्रभृतामहम् ।
झषाणां मकरश्चास्मि, स्रोतसामस्मि जाह्नवी ॥ ३१ ॥

પ૦ ત૦ પ૦:—**पवनः** પવન **पवताम्** વેગવાળાઓમાં અથવા પવિત્ર કરનારાઓમાં **अस्मि** છું **रामः** શ્રીરામ **शस्त्रभृताम्** શસ્ત્રધારીઓમાં **अहम्** હું **झषाणाम्** મત્સ્યોમાં **मकरः** મગર **च** અને **अस्मि** [હું] છું **स्रोतसाम्** નદીઓમાં **अस्मि** [હું] છું **जाह्नवी** શ્રીગંગા. ૩૧

શ૦:—વેગવાળાઓમાં પવન હું છું. શસ્ત્રધારીઓમાં શ્રીરામ [હું છું,] અને મત્સ્યોમાં મગર [હું] છું. નદીઓમાં શ્રીગંગા [હું] છું. ૩૧

ટી૦:—સર્વ વેગવાળા અથવા પવિત્ર કરનારા પદાર્થોમાં પવન હું છું. સર્વ શૂરવીર શસ્ત્રધારણ કરનારાઓમાં રાક્ષસોના કુલનો નાશ કરનાર પરમ શૂરવીર શસ્ત્રધારી દશરથના પુત્ર જે **શ્રીરામ** તે હું છું. સર્વ મત્સ્યોમાં (જલચરોમાં) મગર હું છું, અને વેગવડે ચલાયમાન જલવાળી યમુના તથા નર્મદા આદિ નદીઓમાં તે સર્વથી અત્યંત શ્રેષ્ઠ એવાં જે શ્રીગંગાજી તે હું છું. ૩૧

सर्गाणामादिरंतश्च, मध्यं चैवाहमर्जुन ।

अध्यात्मविद्या विद्यानां, वादः प्रवदतामहम् ॥ ३२ ॥

પ૦ ત૦ પ૦:—**सर्गाणाम्** ઉત્પત્તિવાળાં કાર્યોની **आदिः** ઉત્પત્તિ **अंतः** લય **च** અને **मध्यम्** સ્થિતિ **च** તથા **एव** જ **अहम्** હું **अर्जुन** હે અર્જુન ! **अध्यात्मविद्या** અધ્યાત્મવિદ્યા **विद्यानाम्** વિદ્યાઓમાં **वादः** વાદનામની કથા **प्रवदताम्** વિવાદ કરનારાઓની કથામાં **अहम्** હું [છું.] ૩૨

શ૦:—હે અર્જુન ! ઉત્પત્તિવાળાં કાર્યોની ઉત્પત્તિ તથા સ્થિતિ અને લય હુંજ [છું.] વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા [હું છું.] વિવાદ કરનારાઓની કથામાં વાદનામની કથા હું [છું.] ૩૨

ટી૦:—અચેતન-જડ-રૂપથી પ્રસિદ્ધ જેટલાં ઉત્પત્તિવાળાં કાર્યો છે તે સર્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય હું છું. સર્વ વિદ્યાઓમાં મોક્ષની પ્રાપ્તિના કારણરૂપ જે અધ્યાત્મવિદ્યા તે હું છું. અન્યોન્ય વિવાદ કરનારા પુરુષોની જે વાદ, જલ્પ ને વિતંડા એ ત્રણ પ્રકારની કથા છે તેમાં વાદ-નામની કથા હું છું. રાગદ્વેષવિના તથા જયપરાજયની ઇચ્છાવિના પરસ્પર જે તત્ત્વનિર્ણયપર્યંત પ્રશ્નોત્તરરૂપ કથા તે વાદ. જેમાં એક પુરુષ કેવલ પોતાના પક્ષનું સ્થાપનજ કરે છે, સામાના પક્ષમાં દૂષણ બતાવતો નથી, ને બીજો પુરુષ તો તે પક્ષમાં કેવલ દૂષણજ બતાવે છે, 'પોતાના' મતનું

સ્થાપન કરતો નથી તે વિતંડાકથા; ને જેમાં બંને વિવાદ કરનારાઓ પોતપોતાના પક્ષનું સ્થાપન કરી પરસ્પરના પક્ષમાં દૂષણ બતાવે છે તે જલ્પકથા. એ ત્રણમાં વિતંડા ને જલ્પ એ પરસ્પર જિતવાને ઇચ્છતા બે પુરુષોની જયપરાજયપર્યંતની કથાઓ છે. ૩૨

अक्षराणामकारोऽस्मि, द्वंद्वः सामासिकस्य च ।
अहमेवाक्षयः कालो, धाताऽहं विश्वतोमुखः ॥ ३३ ॥

પ૦ ત૦ પ૦:—अक्षराणाम् અક્ષરોમાં अकारः અકાર अस्मि [હું] છું द्वंद्वः દ્વંદ્વ सामासिकस्य સમાસસમૂહમાં च અને अहम् હું एव જ अक्षयः નાશરહિત कालः કાલ धाता કર્મોનાં ફલો આપનાર अहम् હું [છું] विश्वतोमुखः અંતર્યામી. ૩૩

શ૦:—અક્ષરોમાં અકાર [હું] છું, અને સમાસસમૂહમાં દ્વંદ્વ હુંજ [છું.] નાશરહિત કાલ [અને] કર્મોનાં ફલો આપનાર અંતર્યામી હું [છું.] ૩૩

ટી૦:—સર્વ વર્ણરૂપ અક્ષરોમાં અકાર અક્ષર હું છું. તત્પુરુષ તથા બહુવ્રીહિ આદિ સમાસોના સમૂહમાં ઉભયપદાર્થપ્રધાન જે દ્વંદ્વસમાસ [જેમકે રામકૃષ્ણ] તે હું છું. ક્ષણ ને ઘડી આદિ નાશવાન્ કાલના અભિમાનિરૂપ તે સર્વકાલને જાણનાર જે પરમેશ્વરનામે અવિનાશી કાલ છે તે હું છું, ને રાજાદિક સર્વ કર્મફલપ્રદાતાઓમાં અંતર્યામી (ઈશ્વર) તે હું છું. ૩૩

मृत्युः सर्वहरश्चाहमुद्भवश्च भविष्यताम् ।
कीर्तिः श्रीर्वाक्च नारीणां, स्मृतिर्मेधा धृतिः क्षमा ॥३४॥

પ૦ ત૦ પ૦:—मृत्युः મૃત્યુ सर्वहरः સર્વનો સંહાર કરનાર च અને अहम् હું [છું] उद्भवः ચઢતી च તથા भविष्यताम् ભવિષ્યમાં થનારાં [કલ્યાણોમાં] कीर्तिः કીર્તિ श्रीः શોભા वाक् વાણી च અને नारीणाम् સ્ત્રીઓમાં स्मृतिः સ્મૃતિ मेधा બુદ્ધિ धृतिः ધીરજ क्षमा ક્ષમા. ૩૪

શ૦:—અને સર્વનો સંહાર કરનાર મૃત્યુ હું [છું,] તથા ભવિષ્યમાં થનારાં [કલ્યાણોમાં] ચઢતી અને સ્ત્રીઓમાં કીર્તિ, શોભા, વાણી, સ્મૃતિ, મેધા, ધીરજ [તથા] ક્ષમા [એ હું છું.] ૩૪

ટી૦:—સર્વે સંહાર કરનારાઓમાં સર્વ જગતનો સંહાર કરનાર

મૃત્યુ હું છું, તથા ભવિષ્યમાં થનારાં સર્વ કલ્યાણોમાં ઐશ્વર્યના ઉત્કર્ષરૂપ ઉદ્‌ભવ હું છું. સર્વ સ્ત્રીઓમાં ધર્મની પત્નીઓરૂપ જે કીર્તિ, (ધર્મનું પાલન કરવાથી લોકોમાં થતી પ્રખ્યાતિ,) શ્રી, (શરીરની શોભા,) વાક્, (સર્વ વિષયનો પ્રકાશ કરનારી શુદ્ધ વાણી,) સ્મૃતિ, (સ્મરણશક્તિ,) મેધા, (અનેક ગ્રંથોના વિષયો સ્મરણમાં રાખવાની શક્તિ,) ધીરજ (અનેક પ્રકારની પીડા પામ્યા છતાં શરીર તથા ઇંદ્રિયોની સ્થિરતા રાખવાની શક્તિ) અને ક્ષમા (હર્ષ તથા શોક એ બંનેમાં ચિત્તની અવિકારતા) એ હું છું. આ કીર્તિ આદિક સાત સ્ત્રીઓના આભાસમાત્ર સંબંધથી પણ મનુષ્ય સર્વ લોકોવડે આદર કરવાયોગ્ય થાય છે. સાધકે સ્મરણમાં રાખવું જોઇએ કે શુદ્ધસત્ત્વગુણનો હૃદયમાં સંપૂર્ણ આવિર્ભાવ થવાથી તેના પ્રભાવે તેના હૃદયમાં સદ્ધર્મનો પૂર્ણ વાસ થાય છે, ને તેથી એ સાતે ધર્મપત્નીઓ અનાયાસેજ સદ્ધર્મની સાથે સાધકના નિર્મલ ચિત્તાદિમાં આવિર્ભાવ પામે છે. ૩૪

बृहत्साम तथा साम्नां, गायत्री छंदसामहम् ।
मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः ॥ ३५ ॥

પ૦ ત૦ પ૦:—**बृहत्साम** બૃહત્સામ **तथा** તથા **साम्नाम्** સામોમાં **गायत्री** ગાયત્રી **छंदसाम्** છંદોમાં **अहम्** હું [છું] **मासानाम्** માસોમાં **मार्गशीर्षः** માગશર **अहम्** હું [છું] **ऋतूनाम्** ઋતુઓમાં **कुसुमाकरः** વસંતઋતુ. ૩૫

શ૦:—સામોમાં બૃહત્સામ તથા છંદોમાં ગાયત્રી હું [છું.] માસોમાં માગશર હું [છું.] ઋતુઓમાં વસંતઋતુ [હું છું.] ૩૫

ટી૦:—ગીતિવિશેષરૂપ સર્વ સામોમાં ' **त्वामिद्धि हवामहे** ' એ ઋચામાં રહેલી ગીતિવિશેષરૂપ તથા ઇંદ્રની સ્તુતિરૂપ જે બૃહત્સામ છે તે હું છું. જેમાં નિયમપૂર્વક અક્ષર તથા ચરણ હોય તે છંદ. એવા છંદોભાવથી વિશિષ્ટ વેદની ઋચાઓમાં–છંદોમાં–દ્વિજપણાને પમાડનાર જે ગાયત્રીછંદ કે જે ચોવીશ અક્ષરનો છે તે હું છું. બાર માસોમાં અતિ ટાઢતડકાથી રહિત હોવાથી સુખનો હેતુ જે માગશરમાસ છે તે હું છું. છ ઋતુઓમાં સર્વ સુગંધવાળાં પુષ્પોનો ભંડાર હોવાથી અતિરમણીય જે વસંતઋતુ છે તે હું છું. ૩૫

द्यूतं छलयतामस्मि, तेजस्तेजस्विनामहम् ।

जयोऽस्मि व्यवसायोऽस्मि, सत्त्वं सत्त्ववतामहम् ॥ ३६ ॥

પ૦ ત૦ પ૦:—**द्यूतम्** જૂગટું–જૂગટારૂપી છલ **छलयताम्** છલ કરનારાઓમાં **अस्मि** છું **तेजः** તેજ **तेजस्विनाम्** તેજસ્વીઓનું **अहम्** હું **जयः** જય **अस्मि** [હું] છું **व्यवसायः** ઉદ્યમ **अस्मि** [હું] છું **सत्त्वम्** સત્ત્વ **सत्त्ववताम्** સત્ત્વવાળાઓનું **अहम्** હું [છું.] ૩૬

શ૦:—છલ કરનારાઓમાં જૂગટારૂપી છલ હું છું. તેજસ્વીઓનું તેજ [ને જયવાળાઓનો] જય [હું] છું. [ઉદ્યમીઓનો] ઉદ્યમ [હું] છું. સત્ત્વવાળાઓનું સત્ત્વ હું [છું.] ૩૬

ટી૦:—બીજાને ઠગવારૂપ છલ કરનારા ઠગ પુરુષોમાં જૂગારરૂપ છલ કે જે અન્યનું સર્વસ્વ હરણ કરવાનું સાધન છે તે હું છું. અતિઉગ્રપ્રભાવવાળા તેજસ્વી પુરુષોનું નહિ હણાયેલી આજ્ઞારૂપ જે તેજ તે હું છું, અને જય મેળવનારા પુરુષોની પરાજય પામેલા પુરુષોથી ઉત્કૃષ્ટતા, ઉદ્યમ કરનારાઓનો નિયમથી ફલની પ્રાપ્તિ કરનારો ઉદ્યમ તથા સાત્ત્વિક પુરુષોનાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ઐશ્વર્ય એ સર્વ હું છું. ૩૬

वृष्णीनां वासुदेवोऽस्मि, पांडवानां धनंजयः ।
मुनीनामप्यहं व्यासः, कवीनामुशनाकविः ॥ ३७ ॥

પ૦ ત૦ પ૦:—**वृष्णीनाम्** યાદવોમાં **वासुदेवः** વસુદેવનો પુત્ર–વાસુદેવ–શ્રીકૃષ્ણ **अस्मि** [હું] છું **पांडवानाम्** પાંડવોમાં **धनंजयः** ધનંજય–અર્જુન **मुनीनाम्** મુનિઓમાં **अपि** તથા **अहम्** હું [છું] **व्यासः** શ્રીવ્યાસ **कवीनाम्** કવિઓમાં **उशनाकविः** શુક્રકવિ. ૩૭

શ૦:—યાદવોમાં વસુદેવનો પુત્ર [હું] છું. પાંડવોમાં અર્જુન તથા મુનિઓમાં શ્રીવ્યાસ હું [છું.] કવિઓમાં શુક્રકવિ [હું છું.] ૩૭

ટી૦:—મુનિ–મનનના સ્વભાવવાળા–બ્રહ્મવિચાર કરનાર. કવિ–સૂક્ષ્મ વિષયનો વિવેક કરનાર. ૩૭

दंडो दमयतामस्मि, नीतिरस्मि जिगीषताम् ।
मौनं चैवास्मि गुह्यानां, ज्ञानं ज्ञानवतामहम् ॥ ३८ ॥

પ૦ ત૦ પ૦:—**दंडः** શિક્ષા **दमयताम्** શિક્ષા કરનારાઓની **अस्मि** [હું] છું **नीतिः** નીતિ **अस्मि** [હું] છું **जिगीषताम्** જિતવા-

ની ઇચ્છાવાળાઓની મૌનમ્ મૌન-ચૂપ રહેવું તે ચ અને એવ વળી અસ્મિ [હું] છું ગુહ્યાનામ્ ગુહ્યોનું જ્ઞાનમ્ જ્ઞાન જ્ઞાનવતામ્ જ્ઞાનવાળા-ઓનું અહમ્ હું [છું.] ૩૮

શ૦:—શિક્ષા કરનારાઓની શિક્ષા [હું] છું, જિતવાની ઇચ્છાવાળાઓની નીતિ [હું] છું, અને વળી ગુહ્યોનું મૌન [હું] છું. જ્ઞાનવાળાઓનું જ્ઞાન હું [છું.] ૩૮

ટી૦:—દુષ્ટ મનુષ્યોને કુમાર્ગથી રોકી સુમાર્ગમાં પ્રવર્ત કરનાર જે રાજાદિક છે તેમનો દુષ્ટ જનોને કુમાર્ગથી રોકવાના હેતુરૂપ જે દંડ તે દંડ હું છું. જિતવાની ઇચ્છાવાળા પુરુષોની જયના ઉપાયનો પ્રકાશ કરનારી જે ન્યાયરૂપ નીતિ છે તે હું છું. ગુહ્ય વિષયોને ગુપ્ત રાખવાના હેતુરૂપ જે વાણીનો નિગ્રહ તે હું છું, ને જ્ઞાનવાળા સર્વ જ્ઞાની પુરુષોનું આત્મજ્ઞાન તે હું છું. ૩૮

यच्चापि सर्वभूतानां, बीजं तदहमर्जुन ।
न तदस्ति विना यत्स्यान्, मया भूतं चराचरम् ॥ ३९ ॥

પ૦ ત૦ પ૦:—યત્ જે ચ અને અપિ પણ સર્વભૂતાનામ્ સર્વ ભૂતોનું બીજમ્ બીજ તત્ તે અહમ્ હું [છું] અર્જુન હે અર્જુન ! ન નહિ તત્ તે અસ્તિ છે વિના વિના યત્ જે સ્યાત્ હોય મયા મે-મારા ભૂતમ્ વસ્તુ ચરાચરમ્ ચરાચર. ૩૯

શ૦:—હે અર્જુન ! અને જે સર્વ ભૂતોનું બીજ તે પણ હું [છું.] મારા વિના જે ચરાચર વસ્તુ હોય તે નથી. ૩૯

ટી૦:—માયાની ઉપાધિવાળું જે ચેતન આ સર્વ ભૂતોનું કારણ છે તે ચેતન પણ હું છું. આ જગતમાં મારા વિના કોઈ પણ સ્થાવરજંગમ વસ્તુ વિદ્યમાન નથી, અર્થાત્ સત્તાસ્ફુરણરૂપે હુંજ સર્વમાં વ્યાપ્ત છું. ૩૯

नांतोऽस्ति मम दिव्यानां, विभूतीनां परंतप ।
एष तूद्देशतः प्रोक्तो, विभूतेर्विस्तरो मया ॥४०॥

પ૦ ત૦ પ૦:—ન નહિ અંતઃ અંત-પાર અસ્તિ છે મમ મારી દિવ્યાનામ્ દિવ્ય વિભૂતીનામ્ વિભૂતિઓનો પરંતપ હે પરંતપ ! એષઃ આ તુ અને ઉદ્દેશતઃ એકદેશે કરીને પ્રોક્તઃ કહ્યો છે વિભૂતેઃ વિભૂતિનો વિસ્તરઃ વિસ્તાર મયા મેં. ૪૦

શ૦:—હે શત્રુને તાપ પમાડનાર! મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી, અને આ મેં [મારી] વિભૂતિનો વિસ્તાર [માત્ર] એકદેશે કરીને કહ્યો છે. ૪૦

ટી૦:—એકદેશે કરીને—કોઈ એક ભાગનું ગ્રહણ કરીને. ૪૦

यद्यद्विभूतिमत्सत्त्वं, श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं, मम तेजोंशसंभवम् ॥ ४१ ॥

પ૦ ત૦ પ૦:—यत् જે **यत्** જે **विभूतिमत्** ઐશ્વર્યવાળો **सत्त्वम्** સત્ત્વ-પ્રાણી **श्रीमत्** લક્ષ્મીવાળો **ऊर्जितम्** બલવાળો **एव** જ-હોય **वा** અથવા **तत्** તેને **तत्** તેને **एव** પણ **अवगच्छ** જાણો **त्वम्** તમે **मम** મારા **तेजोंशसंभवम्** તેજના અંશથી ઉત્પન્ન થયેલો. ૪૧

શ૦:—જે જે પ્રાણી ઐશ્વર્યવાળો, લક્ષ્મીવાળો અથવા બલવાળો હોય તેને તેને પણ તમે મારા તેજના અંશથી ઉત્પન્ન થયેલો જાણો. ૪૧

ટી૦:—શ્રી-લક્ષ્મી અથવા શોભા કિંવા તેજ. ૪૧

મેં મારા એક અંશથી આ જગત્‌ને ધારણ કર્યું છે એમ કહે છે:—

अथवा बहुनैतेन, किं ज्ञातेन तवार्जुन ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥ ४२ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे विभूतियोगो नाम दशमोऽध्यायः ॥१०॥

પદચ્છેદ તથા પદાર્થ:—अथवा અથવા **बहुना** બહુ **एतेन** આ **किम्** કયું **ज्ञातेन** જાણ્યાથી **तव** તમારું **अर्जुन** હે અર્જુન ! **विष्टभ्य** ધારણ કરીને **अहम्** હું **इदम्** આ **कृत्स्नम्** આખા **एकांशेन** એક અંશવડે **स्थितः** રહ્યો છું **जगत्** જગતને. ૪૨

શબ્દાર્થ:—અથવા હે અર્જુન ! આ બહુ જાણ્યાથી તમારું કયું [પ્રયોજન સિદ્ધ થવાનું છે ?] આ આખા જગતને હું એક અંશવડે ધારણ કરીને રહ્યો છું.' ૪૨

ટીકા:—**અથવા** એ શબ્દ પૂર્વે કહેલી વિભૂતિના પક્ષથી ભિન્નપક્ષનો

વાચક છે. એ પક્ષાંતર આવા પ્રકારનો છે:—'**आदित्यानामहं विष्णुः**' ઇત્યાદિ વચનોથી કહેલી વિભૂતિઓ મંદાધિકારી પુરુષોના ધ્યાનમાટે છે, એવી રીતની બહુ પ્રકારની વિભૂતિઓના જ્ઞાનથી ઉત્તમ અધિકારીનું કયું પ્રયોજન સિદ્ધ થવાનું છે ? કોઇ નહિ, માટે તેણે તો એમજ ધ્યાન કરવું કે હું આ સર્વ જગત્‌ને પોતાના એકદેશથી ધારણ કરીને રહેલો છું, ને મારાથી ભિન્ન કોઈ પણ વસ્તુ નથી. ૪૨

इति श्रीमन्नथुरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्य-दीपिकाख्यायां विभूतियोगो नाम दशमोऽध्यायः ॥१०॥

॥ ॐ ॥

અધ્યાય ૧૧ મો.

વિશ્વરૂપદર્શન.

ગયા અધ્યાયના અંતમાં 'મેં એકદેશથી આ સર્વ જગત્‌ને ધારણ કર્યું છે' એમ ભગવાને કહ્યું, તે સાંભળી તે વિશ્વરૂપનો સાક્ષાત્કાર કરવાને ઇચ્છતા અર્જુન પૂર્વોક્ત વિષયની શ્લાઘા કરતા છતા નીચે પ્રમાણે કહે છે:—

अर्जुन उवाच ॥

मदनुग्रहाय परमं, गुह्यमध्यात्मसंज्ञितम् ।
यत्त्वयोक्तं वचस्तेन, मोहोऽयं विगतो मम ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થ:—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **मदनुग्रहार्थं** મારા અનુગ્રહમાટે **परमम्** પરમ **गुह्यम्** ગુહ્ય **अध्यात्मसंज्ञितम्** અધ્યાત્મનામવાળું **यत्** જે **त्वया** આપે **उक्तम्** કહ્યું **वचः** વચન **तेन** તેવડે **मोहः** મોહ **अयम्** આ **विगतः** વિશેષે કરીને નાશ પામ્યો **मम** મારો. ૧

શબ્દાર્થ:—અર્જુન બોલ્યા:—'મારા અનુગ્રહમાટે આપે જે પરમ ગુહ્ય અધ્યાત્મનામવાળું વચન કહ્યું તેવડે મારો આ મોહ વિશેષે કરીને નાશ પામ્યો. ૧

ટીકાઃ—' આ મારા બાંધવો મરણ પામે છે, અને હું તેઓને હણું છું ' આવી રીતના શોકમોહરૂપ સમુદ્રમાં ડુબેલો જે હું તેના તે શોક-મોહની નિવૃત્તિરૂપ ઉપકારમાટે પરમકૃપાલુ આપે '**अशोच्यानन्वशोचस्त्वं**' ત્યાંથી આરંભીને છઠ્ઠા અધ્યાયના અંતપર્યંત જે ઉત્કૃષ્ટ, (શીઘ્રજ શોક-મોહનો નાશ કરનાર,) શ્રદ્ધાહીન અનધિકારીને નહિ દેવાયોગ્ય ને જડ-ચેતનના વિવેકને સમજાવનારાં વચનો કહ્યાં તે વચનોવડે આ મારો સ્વાનુભવસિદ્ધ મોહ સારી રીતે નાશ પામ્યો છે. આ શ્લોકના પ્રથમ ચરણમાં આઠને સ્થાને નવ અક્ષર છે તે આ શ્લોક આર્ષ (ઋષિપ્રણીત) હોવાથી દોષરૂપ નથી. ૧

હવે સાતમાથી દશમા અધ્યાયસુધીનાં વચનો પણ મેં સાંભળ્યાં છે એમ જણાવે છેઃ—

भवाप्ययौ हि भूतानां, श्रुतौ विस्तरशो मया ।
त्वत्तः कमलपत्राक्ष, माहात्म्यमपि चाव्ययम् ॥२॥

પ૦ ત૦ પ૦:—**भवाप्ययौ** ઉત્પત્તિ અને પ્રલય એ બંને **हि** નિશ્ચય **भूतानाम्** ભૂતોનાં **श्रुतौ** સાંભળ્યાં **विस्तरशः** વિસ્તારપૂર્વક **मया** મેં **त्वत्तः** આપનાથી **कमलपत्राक्ष** હે કમલના પત્રજેવી આંખોવાળા ! **माहात्म्यम्** માહાત્મ્ય **अपि** પણ **च** અને **अव्ययम्** અવ્યયરૂપ. ૨

શ૦:—હે કમલના પત્રજેવી આંખોવાળા ! ભૂતોનાં ઉત્પત્તિ અને પ્રલય એ બંને આપનાથી નિશ્ચય મેં વિસ્તારપૂર્વક સાંભળ્યાં, [અને આપનું સોપાધિક] માહાત્મ્ય અને [નિરુપાધિક] અવ્યયરૂપ [માહાત્મ્ય] પણ [મેં સાંભળ્યાં.] ૨

ટી૦:—કમલપત્રાક્ષ–ક એટલે આત્મસુખ, ને અલ એટલે પ્રકાશનાર, તે કમલ–આત્મસુખને પ્રકાશનાર–આત્મજ્ઞાન; અને સંસારસમુદ્રથી તારે તે પત્ર–આત્મજ્ઞાન, તથા અક્ષ એટલે પ્રાપ્ત થનાર–આત્મજ્ઞાનથી પ્રાપ્ત થનાર શુદ્ધ આત્મા. કમલરૂપ હોય તેજ પત્રરૂપ હોય તે કમલપત્ર; અને કમલ-પત્રથી પ્રાપ્ત થનાર તે કમલપત્રાક્ષ, અર્થાત્ ક–આત્મસુખ, તેને પ્રકાશનાર આત્મજ્ઞાન, તેમજ સંસારસમુદ્રથી તારનાર પણ આત્મજ્ઞાન, તે આત્મ-જ્ઞાનથી પ્રાપ્ત થનાર જે શુદ્ધ આત્મા તે કમલપત્રાક્ષ. સોપાધિક માહાત્મ્ય-અવિકારીપણારૂપ, વિષમતાના દોષથી રહિતપણારૂપ, અસંગપણારૂપ, ઉદાસીન-પણારૂપ ને સર્વાત્મપણારૂપ નિરતિશય ઐશ્વર્ય. અવ્યયરૂપ માહાત્મ્ય–નાશ-

થી રહિત નિરતિશય ઐશ્વર્ય. ૨

एवमेतद्यथाऽऽत्थ त्वमात्मानं परमेश्वर ।
द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ॥३॥

પ૦ ત૦ પ૦:—**एवम्** એ પ્રમાણે **एतत्** એ **यथा** જેવી રીતે **आत्थ** કહો છો **त्वम्** આપ **आत्मानम्** પોતાને **परमेश्वर** હે પરમેશ્વર! **द्रष्टुम्** જોવાને **इच्छामि** ઇચ્છું છું **ते** આપના **रूपम्** રૂપને **ऐश्वरम्** ઐશ્વર **पुरुषोत्तम** હે પુરુષોત્તમ! ૩

શ૦:—હે પરમેશ્વર! જેવી રીતે આપ પોતાને કહો છો. એ એ પ્રમાણે હે પુરુષોત્તમ! આપના ઐશ્વરરૂપને [હું] જોવાને ઇચ્છું છું. ૩

ટી૦:—જેવી રીતે આપ પોતાના ઉપાધિવાળા નિરતિશય ઐશ્વર્યના તથા ઉપાધિરહિત નિરતિશય ઐશ્વર્યના સ્વરૂપને કહો છો તે આપનું કહેવું સત્ય છે, એમાં મને કાંઇ પણ સંશય કે અવિશ્વાસ નથી, પણ કૃતકૃત્ય થવાની ઇચ્છાથી સંપૂર્ણ જ્ઞાન, ઐશ્વર્ય, શક્તિ તથા તેજ ઇત્યાદિ ગુણોવાળા આપના અદ્ભુતરૂપને હું જોવાને ઇચ્છું છું. ૩

જે વસ્તુ જોવાને શક્ય હોય તે જોવાની ઇચ્છા કરવી, પણ જે વસ્તુ જોવાને અશક્ય હોય તેને જોવાની ઇચ્છા ન કરવી એમ જો ભગવાન્ શંકા કરે તો તેના ઉત્તરમાં કહે છે:-

मन्यसे यदि तच्छक्यं, मया द्रष्टुमिति प्रभो ।
योगेश्वर ततो मे त्वं, दर्शयात्मानमव्ययम् ॥४॥

પ૦ ત૦ પ૦:—**मन्यसे** માનતા હો **यदि** જો **तत्** તે **शक्यम्** શક્ય [છે] **मया** મારાથી **द्रष्टुम्** જોવાને **इति** એમ **प्रभो** હે પ્રભો! **योगेश्वर** હે યોગીઓના ઇશ્વર! **ततः** તો **मे** મને **त्वम्** આપ **दर्शय** દેખાડો **आत्मानम्** સ્વરૂપને **अव्ययम्** નાશરહિત. ૪

શ૦:—હે પ્રભો! તે મારાથી જોવાને શક્ય [છે] એમ જો [આપ] માનતા હો તો હે યોગીઓના ઇશ્વર! મને આપ નાશરહિત [આપના] સ્વરૂપને દેખાડો.' ૪

ટી૦:—પ્રભુ–સૃષ્ટિ, (ઉત્પત્તિ,) સ્થિતિ, સંહાર, (નાશ,) પ્રવેશ ને પ્રશાસન (નિયમમાં રાખવું) એ પાંચે કર્મો કરવામાં સમર્થ. યોગે-

શ્વર–અણિમાદિક આઠ સિદ્ધિઓવાળા જે યોગીઓ તેમના પણ ઈશ્વર. ૪

હવે ભગવાન્ પોતાનું તે સ્વરૂપ દેખાડવાની ઈચ્છા કરતા છતા અર્જુનપ્રતિ કહે છે:—

श्रीभगवानुवाच ॥

पश्य मे पार्थ रूपाणि, शतशोऽथ सहस्रशः ।
नानाविधानि दिव्यानि, नानावर्णाकृतीनि च ॥५॥

પ૦ ત૦ પ૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **पश्य** જુઓ **मे** મારાં **पार्थ** હે પાર્થ ! **रूपाणि** રૂપોને **शतशः** સેંકડો **अथ** અને **सहस्रशः** હજારો **नानाविधानि** ભિન્ન ભિન્ન જાતનાં **दिव्यानि** દિવ્ય **नानावर्णाकृतीनि** નાનાપ્રકારના વર્ણ તથા આકૃતિવાળાં **च** અને. ૫

શ૦:—શ્રીભગવાન્ બોલ્યા:—'હે પૃથાના પુત્ર ! ભિન્ન ભિન્ન જાતનાં [આદિત્યાદિ] દિવ્ય અને નાનાપ્રકારના વર્ણ તથા આકૃતિવાળાં સેંકડો અને હજારો મારાં રૂપોને [તમે] જુઓ. ૫

ટી૦:—દિવ્ય—અદ્ભુત—પૂર્વે નહિ જોયેલાં. નાનાપ્રકારના વર્ણ—ધોળો લીલો ને પીળો ઇત્યાદિક ભિન્ન ભિન્ન જાતના રંગો. નાનાપ્રકારની આકૃતિવાળાં-વિલક્ષણ અવયવોની રચનાવાળાં. ૫

હવે નીચેના બે શ્લોકોથી અતિસંક્ષેપમાં પોતાના તે રૂપને કહે છે:—

पश्यादित्यान्वसून्रुद्रानश्विनौ मरुतस्तथा ।
बहून्यदृष्टपूर्वाणि, पश्याश्चर्याणि भारत ॥६॥

પ૦ ત૦ પ૦:—**पश्य** જુઓ **आदित्यान्** આદિત્યોને **वसून्** વસુઓને **रुद्रान्** રુદ્રોને **अश्विनौ** અશ્વિનીકુમારોને **मरुतः** મરુતોને **तथा** તથા **बहूनि** ઘણાં **अदृष્टपूर्वाणि** પૂર્વે નહિ જોયેલાં **पश्य** જુઓ **आश्चर्याणि** આશ્ચર્યોને **भारत** હે ભારત !–હે અર્જુન ! ૬

શ૦:—હે ભરતવંશમાં ઉત્પન્ન થયેલ ! [બાર] આદિત્યોને, [આઠ] વસુઓને, [અગિયાર] રુદ્રોને, [બે] અશ્વિનીકુમારોને [તથા ઓગણપચાશ] મરુતોને જુઓ, તથા પૂર્વે નહિ જોયેલાં ઘણાં આશ્ચર્યોને જુઓ. ૬

ટી૦:—બાર આદિત્યોનાં નામઃ-ધાતા, મિત્ર, અર્યમા, રુદ્ર, વરુણ, સૂર્ય, ભગ, વિવસ્વાન્, પૂષા, સવિતા, ત્વષ્ટા ને વિષ્ણુ. આઠ વસુઓ-નાં નામઃ—ધર, ધ્રુવ, સોમ, અહ, (આપ,) અનિલ, અનલ, પ્રત્યૂષ ને પ્રભાસ. અગિયાર રુદ્રોનાં નામઃ—અજૈકપાત્, અહિર્બુધ્ન, વિરૂપાક્ષ, સુરેશ્વર, જયંત, બહુરૂપ, ત્ર્યંબક, અપરાજિત, વૈવસ્વત, સાવિત્ર ને હર. (શંકર.) બે અશ્વિનીકુમારો એ દેવતાઓના વૈદ્ય છે, ને સૂર્યની વડવાથી (ઘોડીરૂપ થયેલી સ્રીથી) તેમની ઉત્પત્તિ થઈ છે. ઓગણપચાશ મરુત્-ગણ એ દિતિના પુત્રો છે. ૬

इहैकस्थं जगत्कृत्स्नं, पश्याद्य सचराचरम् ।
मम देहे गुडाकेश, यच्चान्यद्द्रष्टुमिच्छसि ॥७॥

પ૦ ત૦ પ૦:—**इहै** આ **एकस्थम्** અવયવરૂપે એકત્ર રહેલા **जगत्** જગતને **कृत्स्नम्** બધા **पश्य** જુઓ **अद्य** હમણાં **सचराचरम्** સ્થાવરજંગમ **मम** મારા **देहे** દેહમાં **गुडाकेश** હે ગુડાકેશ !-હે અર્જુન! **यत्** જે **च** અને **अन्यत्** બીજું **द्रष्टुम्** જોવાને **इच्छसि** ઇચ્છો છો. ૭

શ૦:—હે નિદ્રાને વશ રાખનાર! મારા આ દેહમાં અવયવરૂપે એકત્ર રહેલા સ્થાવરજંગમ બધા જગત્‌ને [તમે] હમણાં જુઓ, અને જે બીજું [જયપરાજયાદિ] જોવાને ઇચ્છો છો [તે પણ જુઓ.] ૭

ટી૦:—મારા આ દેહમાં અવયવરૂપે એકત્ર રહેલા આ સ્થાવરજંગમ-સહિત સર્વ જગત્‌ને તું હમણાં જો. જે સર્વ જગત્ તે તે સ્થાનમાં ભ્રમણ કરીને કરોડો વર્ષે પણ જોવાને અશક્ય છે તે સર્વ જગત્‌ને તું હમણાં એક ઠેકાણે સ્થિર રહ્યો છતોજ દેખ. વળી તારે જયપરાજયાદિ અન્ય જોવાની ઇચ્છા હોય તો તે પણ પોતાના સંશયની નિવૃત્તિ કરવામાટે મારા આ શરીરમાં તું જો. ૭

એ રૂપ તમારા આ રજોગુણતમોગુણવાળા મલિન અંતઃકરણથી જણાય એમ નથી માટે હું તમારા અંતઃકરણમાં શુદ્ધસત્ત્વગુણનો આવિર્ભાવ કરું છું એટલે તમે મારા તે રૂપને જોઈ શકશો એમ કહે છેઃ—

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः, पश्य मे योगमैश्वरम् ॥८॥

૫૦ ત૦ ૫૦:—न नहि तु पण माम् મને शक्यसे શક્તિમાન્ થશો द्रष्टुम् જોવાને अनेन આ एव કદીપણ स्वचक्षुषा પોતાના ચક્ષુવડે दिव्यं[10] દિવ્ય ददामि આપું છું ते તમને चक्षुः ચક્ષુ पश्य જુઓ मे[13] મારા योगम् યોગને ऐश्वरम् ઐશ્વરરૂપ. ૮

શ૦:—પણ [તમે] આ પોતાના ચક્ષુવડે મને કદીપણ જોવાને શક્તિમાન્ થશો નહિ [માટે] તમને દિવ્ય ચક્ષુ આપું છું, [તેવડે તમે] મારા ઐશ્વરરૂપ યોગને જુઓ.’ ૮

ટી૦:—પણ તું આ તારા રજોગુણતમોગુણવાળા મલિન ચિત્તરૂપ પ્રાકૃત નેત્રવડે મારા દિવ્યરૂપને જોવાને કદીપણ શક્તિમાન્ થઈશ નહિ માટે તને તે દિવ્યરૂપ જોવામાં સમર્થ એવી ઋતંભરાપ્રજ્ઞારૂપ નેત્ર આપું છું,—મારી અપ્રતિહતભાવનાવડે તે પ્રજ્ઞાનો તારા અંતઃકરણમાં આવિર્ભાવ કરું છું, તે દિવ્યદૃષ્ટિવડે મારા ઐશ્વરરૂપ અઘટિતઘટના બનાવવાના સામર્થ્યને તું જો. ઋતંભરાપ્રજ્ઞાની વિશેષ સમજમાટે શ્રીપાતંજલ-યોગદર્શનની ટીકા જુઓ. ૮

હવે તે રૂપ જોઈ વિસ્મય પામી અર્જુને ભગવાનને જે કહ્યું તે સંજય ધૃતરાષ્ટ્રને કહે છે:—

संजय उवाच ॥

एवमुक्त्वा ततो राजन्, महायोगेश्वरो हरिः ।
दर्शयामास पार्थाय, परमं रूपमैश्वरम् ॥९॥

૫૦ ત૦ ૫૦:—संजयः સંજય उवाच બોલ્યા ॥ एवम् એ પ્રમાણે उक्त्वा કહીને ततः પછી राजन् હે રાજન્!–હે ધૃતરાષ્ટ્ર! महायोगेश्वरः મહાયોગેશ્વર हरिः હરિ–શ્રીકૃષ્ણ दर्शयामास દેખાડતા હવા पार्थाय પાર્થને परमम् પરમ रूपम् રૂપ ऐश्वरम् ઐશ્વર. ૯

શ૦:—સંજય બોલ્યા:—હે ધૃતરાષ્ટ્ર! મોટા યોગેશ્વર [એવા] શ્રીકૃષ્ણ એ પ્રમાણે કહીને પછી પૃથાના પુત્રને પરમ ઐશ્વરરૂપ દેખાડતા હવા. ૯

ટી૦:—**હરિ–અનન્યભક્તિયુક્ત અભિમુખવૃત્તિવાળા શિષ્યોના હૃદય-માંથી અવિદ્યાદિ પાંચ ક્લેશોનું હરણ કરનાર–આત્મા. મોહને राजन् એવું** સંબોધન આપી આસુરીસંપત્તિમાં તે રાજારૂપ છે એમ જણાવ્યું છે. ૯



હવે તે દિવ્યરૂપનું વર્ણન કરે છેઃ—

अनेकवक्त्रनयनमनेकाद्भुतदर्शनम् ।
अनेकदिव्याभरणं, दिव्यानेकोद्यतायुधम् ॥१०॥

પ૦ ત૦ પ૦:—**अनेकवक्त्रनयनम्** અનેક મુખ અને નયનવાળું **अनेकाद्भुतदर्शनम्** અનેક અદ્‌ભુત દર્શનવાળું **अनेकदिव्याभरणम्** અનેક દિવ્ય આભરણ-ઘરેણાં-વાળું **दिव्यानेकोद्यतायुधम्** ઉગામેલાં અનેક દિવ્ય આયુધવાળું. ૧૦

શ૦:—અનેક મુખ અને નયનવાળું, અનેક અદ્‌ભુત દર્શનવાળું, અનેક દિવ્ય આભરણવાળું [ને] ઉગામેલાં અનેક દિવ્ય આયુધવાળું [એવું રૂપ શ્રીકૃષ્ણ અર્જુનને દેખાડતા હવા.] ૧૦

ટી૦:—અનેક અદ્‌ભુત દર્શનવાળું—આશ્ચર્ય ઉપજાવનારી અનંત વસ્તુઓ જેમાં દેખવામાં આવે છે એવું. ૧૦

दिव्यमाल्यांबरधरं, दिव्यगंधानुलेपनम् ।
सर्वाश्चर्यमयं देवमनंतं विश्वतोमुखम् ॥११॥

પ૦ ત૦ ત૦:—**दिव्यमाल्यांबरधरम्** દિવ્ય માલા તથા વસ્ત્ર ધારણ કરેલું **दिव्यगंधानुलेपनम्** દિવ્ય ગંધનું લેપન કરેલું **सर्वाश्चर्यमयम्** સર્વ આશ્ચર્યથી ભરપૂર **देवम्** પ્રકાશરૂપ **अनंतम्** અનંત-અપરિચ્છિન્ન **विश्वतोमुखम्** સર્વભણી મુખવાળું. ૧૧

શ૦:—દિવ્ય માલા તથા વસ્ત્ર ધારણ કરેલું, દિવ્ય ગંધનું લેપન કરેલું, સર્વ આશ્ચર્યથી ભરપૂર, પ્રકાશરૂપ, અપરિચ્છિન્ન [ને] સર્વભણી મુખવાળું [એવું રૂપ દેખાડતા હવા.] ૧૧

ટી૦:—દિવ્ય માલા—અલૌકિક પુષ્પોની તથા રત્નોની બનેલી માલા. દિવ્ય વસ્ત્ર—પીતાંબરાદિક અલૌકિક લુગડાં. દિવ્ય ગંધનું—ઉત્તમ સુગંધવાળાં કપૂરચંદનાદિકનું. સર્વ આશ્ચર્ય—તેજ, બલ, વીર્ય, શક્તિ, રૂપ, ગુણ, અવયવ ને અવસ્થાન ઇત્યાદિ વિશેષોથી અનેક અદ્‌ભુતરૂપ. ૧૧

એ સ્વરૂપના પ્રકાશનું વર્ણન કરે છેઃ—

दिवि सूर्यसहस्रस्य, भवेद्युगपदुत्थिता ।
यदि भाः सदृशी सा स्याद्, भासस्तस्य महात्मनः ॥१२॥

પ૦ ત૦ પ૦:—**दिवि** આકાશમાં **सूर्यसहस्रस्य** હજારો સૂર્યની

भवेत् હોય युगपत् એકજ કાલમાં उत्थिता પ્રકટ થયેલી यदि જો भाः પ્રભા- તેજ सदृशी તુલ્ય सा તે स्यात् થાય भासः પ્રભાની-તેજની तस्य તે महात्मनः મહાત્માની-વિશ્વરૂપની. ૧૨

શ૦:—આકાશમાં એકજ કાલમાં જો હજારો સૂર્યની પ્રભા પ્રકટ થયેલી હોય [તો] તે [પ્રભા] તે વિશ્વરૂપની પ્રભાની તુલ્ય થાય. ૧૨

ટી૦:—હજારો સૂર્યની-અસંખ્ય સૂર્યોના સમૂહની. ૧૨

તે વિશ્વરૂપના એકદેશમાં સર્વ જગત્ અર્જુન જોવા લાગ્યા એમ કહે છે:—

तत्रैकस्थं जगत्कृत्स्नं, प्रविभक्तमनेकधा ।
अपश्यद्देवदेवस्य, शरीरे पांडवस्तदा ॥ १३ ॥

પ૦ ત૦ પ૦:—तत्र તે एकस्थम् એકત્ર રહેલા जगत् જગતને कृत्स्नम् સમગ્ર प्रविभक्तम् વિભાગવાળા अनेकधा અનેક પ્રકારે अपश्यत् જોતા હવા देवदेवस्य દેવતાના પૂજ્યના शरीरे શરીરમાં पांडवः પાંડવ-અર્જુન तदा તે સમયે. ૧૩

શ૦:—તે સમયે અર્જુન દેવતાના પૂજ્યના તે શરીરમાં એકત્ર રહેલા [ને] અનેક પ્રકારે વિભાગવાળા સમગ્ર જગતને જોતા હવા. ૧૩

ટી૦:—દેવતાના પૂજ્ય-ઇંદ્રાદિ દેવતાઓના પૂજ્ય-આત્મા. અનેક પ્રકારે વિભાગવાળા-દેવો, પિતૃઓ ને મનુષ્યો ઇત્યાદિ ભિન્ન ભિન્ન પ્રાણીઓ જેમાં રહેલાં છે એવા. ૧૩

એ અદ્ભુત વિશ્વરૂપ જોઇને અર્જુને કેવી રીતની પ્રવૃત્તિ કરી તે કહે છે:—

ततः स विस्मयाविष्टो, हृष्टरोमा धनंजयः ।
प्रणम्य शिरसा देवं, कृतांजलिरभाषत ॥ १४ ॥

પ૦ ત૦ પ૦:—ततः ત્યારપછી सः તે विस्मयाविष्टः વિસ્મયથી વ્યાપ્ત થયેલા हृष्टरोमा પુલકિત રોમવાળા धनंजयः ધનંજય-અર્જુન प्रणम्य નમન કરીને शिरसा મસ્તકવડે देवम् દેવને कृतांजलिः બે હાથ જોડી अभाषत કહેતા હવા. ૧૪

શ૦:—ત્યારપછી વિસ્મયથી વ્યાપ્ત થયેલા [ને] ઊભાં થયેલાં રૂંવાડાંવાળા તે ધનંજય દેવને મસ્તકવડે નમન કરીને બે હાથ જોડી [નીચે પ્રમાણે] કહેતા હવા. ૧૪

ટી૦:—મસ્તકવડે નમન કરીને-પૃથ્વીને અડાડેલા પોતાના માથાવડે અત્યંત શ્રદ્ધાભક્તિપૂર્વક નમસ્કાર કરીને. ૧૪

અર્જુન પોતાને કૃતાર્થ માનતા છતા પોતાના અનુભવને શ્રીકૃષ્ણપ્રતિ જણાવે છે:—

अर्जुन उवाच ॥

पश्यामि देवांस्तव देव देहे, सर्वांस्तथा भूतविशेषसंघान् ।
ब्रह्माणमीशं कमलासनस्थमृषींश्च सर्वानुरगांश्च दिव्यान् ॥१५॥

૫૦ ત૦ ૫૦:—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **पश्यामि** જોઉં છું **देवान्** દેવોને **तव** આપના **देव** હે દેવ ! **देहे** દેહમાં **सर्वान्** સર્વે **तथा** તથા **भूतविशेषसंघान्** [સ્થાવરજંગમરૂપ] ભૂતોના સમૂહોને **ब्रह्माणम्** બ્રહ્માને **ईशम्** [સર્વના] નિયંતા **कमलासनस्थम्** કમલરૂપ આસનપર બેઠેલા **ऋषीन्** ઋષિઓને **च** અને **सर्वान्** સર્વ **उरगान्** સર્પોને **च** તથા **दिव्यान्** દિવ્ય. ૧૫

શ૦:—અર્જુન બોલ્યા:-' હે દેવ ! આપના દેહમાં સર્વે દેવોને જોઉં છું, તથા [સ્થાવરજંગમરૂપ] ભૂતોના સમૂહોને [તથા] કમલરૂપ આસનપર બેઠેલા [સર્વના] નિયંતા બ્રહ્માને અને સર્વ ઋષિઓને તથા દિવ્ય સર્પોને [જોઉં છું.] ૧૫

ટી૦:—દેવોને-દૈવીસંપત્તિના સમૂહને કિંવા શ્રીવસુ, શ્રીરુદ્ર, શ્રીઆદિત્ય તથા શ્રીઇંદ્ર ઇત્યાદિકોને. કમલરૂપ આસનપર—સ્વાધિષ્ઠાનપદ્મપર (સ્વાધિષ્ઠાનચક્રપર) સ્થિત થયેલ, કિંવા પૃથ્વીરૂપ કમલની સુમેરુરૂપ જે કર્ણિકા છે તે સુમેરુરૂપ આસનપર. ઋષિઓને-કર્મકાંડને અનુસરનારી વૃત્તિઓને, કિંવા શ્રીવસિષ્ઠ, શ્રીનારદ ને શ્રીસનક ઇત્યાદિને. દિવ્ય સર્પોને—કુંડલિનીસ્થાનમાં રહેલા નાગોને, કિંવા આ લોકમાં અપ્રસિદ્ધ જે વાસુકિ આદિ સર્પો છે તેમને. ૧૫

અનેક અદ્ભુત વિશેષણોવડે તે વિશ્વરૂપ શરીરનું વર્ણન કરે છે:—

अनेकबाहूदरवक्त्रनेत्रं, पश्यामि त्वां सर्वतोऽनंतरूपम् ।
नांतं न मध्यं न पुनस्तवादिं, पश्यामि विश्वेश्वर विश्वरूप ॥१६॥

પ૦ ત૦ પ૦:—**अनेकबाहूदरवक्त्रनेत्रं** અનેક બાહુ પેટ મુખ તથા નેત્રવાળા **पश्यामि** જોઉં છું **त्वाम्** આપને **सर्वतः** સર્વભણી **अनंतरूपम्** અનંતરૂપવાળા **न** નથી **अंतम्** અંતને **न** નથી **मध्यम्** મધ્યને **न** નથી **पुनः** વળી **तव** આપના **आदिम्** આદિને—આરંભને **पश्यामि** દેખતો **विश्वेश्वर** હે વિશ્વેશ્વર! **विश्वरूप** હે વિશ્વરૂપ! ૧૬

શ૦:—હે વિશ્વેશ્વર! હે વિશ્વરૂપ! અનેક બાહુ પેટ મુખ તથા નેત્રવાળા [અને] સર્વભણી અનંતરૂપવાળા આપને [હું] જોઉં છું. વળી આપના અંતને [પણ હું] દેખતો નથી, મધ્યને [પણ દેખતો] નથી, [ને] આદિને [પણ દેખતો] નથી. ૧૬

ટી૦:—વિશ્વેશ્વર—સર્વ જગતના નિયંતા. વિશ્વરૂપ—સર્વજગત્‌રૂપ. કોઈ પુસ્તકોમાં **विश्वरूप** એ પાઠની જગાએ **विश्वरूपम्** એવો પાઠ પણ હોય છે. તે ઠેકાણે હું વિશ્વરૂપ એવા આપને જોઉં છું એવો અર્થ સમજવો. બાહુ—હાથ. ૧૬

હવે તે વિશ્વરૂપને બીજી રીતે અનેક વિશેષણોએ કરીને યુક્ત જણાવે છે:—

किरीटिनं गदिनं चक्रिणं च, तेजोराशिं सर्वतो दीप्तिमंतम् ।
पश्यामि त्वां दुर्निरीक्ष्यं समंताद्, दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥१७॥

પ૦ ત૦ પ૦:—**किरीटिनम्** મુગટ ધારણ કરનારા **गदिनम्** ગદા ધારણ કરનારા **चक्रिणम्** ચક્ર ધારણ કરનારા **च** અને **तेजोराशिम्** તેજના સમૂહરૂપ **सर्वतः** સર્વભણીથી **दीप्तिमंतम्** પ્રકાશવાળા **पश्यामि** જોઉં છું **त्वाम्** આપને **दुर्निरीक्ष्यम्** ન જોવાઈ શકાય એવા **समंतात्** સર્વભણીથી **दीप्तानलार्कद्युतिम्** પ્રકાશવાળા અગ્નિ અને સૂર્યના જેવી પ્રભાવાળા **अप्रमेयम्** પ્રમાણમાં ન આવી શકે એવા. ૧૭

શ૦:—મુગટ ધારણ કરનારા, ગદા ધારણ કરનારા, ચક્ર ધારણ કરનારા અને તેજના સમૂહરૂપ, સર્વભણીથી પ્રકાશવાળા, ન જોવાઈ શકાય એવા, પ્રકાશવાળા અગ્નિ અને સૂર્યના જેવી

પ્રભાવાળા [તથા] પ્રમાણુમાં ન આવી શકો એવા આપને [હું] સર્વબાજુથી જોઉં છું. ૧૭

ટી૦:—ન જોવાઈ શકાય એવા–દિવ્યદૃષ્ટિરહિત પુરુષોથી ન દેખી શકાય એવા. પ્રમાણુમાં ન આવી શકો એવા–આવી રીતનું આ સ્વરૂપ છે એવા પ્રકારનો નિશ્ચય ન થઈ શકે એવા. ૧૭

આપનું નિરતિશય ઐશ્વર્ય જોઈ આપને હું આવી રીતના માનું છું એમ અર્જુન જણાવે છે:—

त्वमक्षरं परमं वेदितव्यं, त्वमस्य विश्वस्य परं निधानम् ।
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता, सनातनस्त्वं पुरुषो मतो मे ॥१८॥

પ૦ ત૦ પ૦:—**त्वम्**[1] આપ **अक्षरम्**[2] અક્ષર **परमम्**[3] પરમ **वेदितव्यम्**[4] જાણવાયોગ્ય [છો] **त्वम्**[5] આપ **अस्य**[6] આ **विश्वस्य**[7] વિશ્વનો **परम्**[8] પરમ **निधानम्**[9] આશ્રય **त्वम्**[10] આપ **अव्ययः**[11] અવ્યય–નાશરહિત **शाश्वतधर्मगोप्ता**[12] સનાતનધર્મનું રક્ષણ કરનારા **सनातनः**[14] સનાતન–અનાદિ **त्वम्**[13] આપ **पुरुषः**[15] પુરુષ **मतः**[17] સંમત **मे**[16] મારે. ૧૮

શ૦:—આપ પરમ અક્ષર [છો, આપ] જાણવાયોગ્ય [છો,] આપ આ વિશ્વનો પરમ આશ્રય [છો,] આપ અવ્યય [છો, આપ] સનાતનધર્મનું રક્ષણ કરનારા [છો, તથા] આપ અનાદિ પુરુષ [છો એ વાત] મારે સંમત [છે.] ૧૮

ટી૦:—'अव्यक्तात्पुरुषः परः' (અવ્યક્તથી આત્મા ઉત્કૃષ્ટ છે) ઇત્યાદિ શ્રુતિઓએ કહેલા પરમ અને 'एतद्वै तदक्षरं गार्गि' (હે ગાર્ગિ ! એજ તે અક્ષર છે) ઇત્યાદિ શ્રુતિઓએ પ્રતિપાદન કરેલા અક્ષર આપ છો, અને તેથી વેદાંતશાસ્ત્રના શ્રવણાદિકથી જાણવાયોગ્ય પણ આપ છો. વળી આપ આ સર્વ કલ્પિત જગત્‌ના પરમ અધિષ્ઠાન છો. આપ અપરિણામી નિત્ય છો. વર્ણાશ્રમના સનાતનધર્મોનું પાલન કરનારા પણ આપજ છો, અને અનાદિ મહાપુરુષ પણ આપજ છો એમ હું માનું છું. ૧૮

अनादिमध्यांतमनंतवीर्यमनंतबाहुं शशिसूर्यनेत्रम् ।
पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं, स्वतेजसा विश्वमिदं तपंतम् ॥१९॥

પ૦ ત૦ પ૦:—**अनादिमध्यांतम्** આદિ મધ્ય ને અંતથી–ઉત્પત્તિ સ્થિતિ ને નાશથી–રહિત **अनंतवीर्यम्** અનંતપ્રભાવવાળા **अनंतबाहुम्**

અનંતબાહુવાળા **शशिसूर्यनेत्रम्** ચંદ્ર અને સૂર્યરૂપી નેત્રવાળા **पश्यामि** જોઉં છું **त्वाम्** આપને **दीप्तहुताशवक्त्रम्** મુખોમાં પ્રજ્વલિત અગ્નિવાળા **स्वतेजसा** પોતાના તેજવડે **विश्वम्** વિશ્વને **इदम्** આ **तपंतम्** તપાવનારા. ૧૯

શ૦:—ઉત્પત્તિ સ્થિતિ ને નાશથી રહિત, અનંતપ્રભાવવાળા, અનંતબાહુવાળા, ચંદ્ર અને સૂર્યરૂપી નેત્રવાળા, મુખોમાં પ્રજ્વલિત અગ્નિવાળા [ને] પોતાના તેજવડે આ વિશ્વને તપાવનારા આપને [હું] જોઉં છું. ૧૯

ટી૦:—'અનંતબાહુવાળા' એ શબ્દમાંનો અનંત એ શબ્દ મુખાદિક સર્વ અવયવોની અનંતતાનો પણ બોધક સમજવો. ૧૯

હવે તે વિશ્વરૂપનું સર્વત્ર વ્યાપકપણું જણાવે છેઃ—

द्यावापृथिव्योरिदमंतरं हि, व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ।
दृष्ट्वाऽद्भुतं रूपमुग्रं तवेदं, लोकत्रयं प्रव्यथितं महात्मन् ॥२०॥

૫૦ ત૦ ૫૦:—**द्यावापृथिव्योः** સ્વર્ગના અને પૃથ્વીના **इदम्** આ **अंतरम्** મધ્યમાં **हि** જ **व्याप्तम्** વ્યાપ્ત કરેલું [છે] **त्वया** આપે **एकेन** એકલાએ **दिशः** દિશાઓ **च** અને **सर्वाः** સર્વ **दृष्ट्वा** જોઇને **अद्भुतम्** અદ્ભુત **रूपम्** રૂપ **उग्रम्** ઉગ્ર **तव** આપનું **इदम्** આ **लोकत्रयम्** ત્રણે લોક **प्रव्यथितम्** અત્યંત ભય પામેલા [છે] **महात्मन्** હે મહાત્મન્! ૨૦

શ૦:—હે મહાત્મન્! આપે એકલાએજ સ્વર્ગના અને પૃથ્વીના મધ્યમાં આ [અંતરિક્ષ] વ્યાપ્ત કરેલું [છે,] અને સર્વે દિશાઓ [વ્યાપ્ત કરી છે.] આપનું આ અદ્ભુત ઉગ્ર રૂપ જોઇને ત્રણે લોક અત્યંત ભય પામેલા [છે.] ૨૦

ટી૦:—મહાત્મન્-નિર્ભય આત્મસ્વરૂપના સ્ફુરણવડે સત્પુરુષોને અભયની પ્રાપ્તિ કરનાર—આત્મા. અહિં જે અંતરિક્ષ અને સર્વ દિશાઓ કહેલ છે તેથી સ્થાવરજંગમરૂપ સર્વ જગત્ સમજવું. ઉગ્ર—અતિતેજસ્વી હોઇને બહુ દુઃખથી જાણવામાં આવનાર. ૨૦

પૃથ્વીના ભારરૂપ અસુરોના સંહારકર્તાપણાને પ્રકટ કરનાર ભગવાનને જોઇને અર્જુન કહે છેઃ—

अमी हि त्वां सुरसंघा विशंति, केचिद्भीताः प्रांजलयो गृणंति ।
स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसंघाः, स्तुवंति त्वां स्तुतिभिः पुष्कलाभिः

પ૦ ત૦ પ૦:—अमी આ हि જ त्वाम् આપમાં सुरसंघाः દેવતાઓના સમૂહો विशन्ति પેસે છે केचित् કેટલાક भीताः ભય પામેલા प्रांजलयः બે હાથ જોડીને गृणंति સ્તુતિ કરે છે स्वस्ति કલ્યાણ થાઓ इति એમ उक्त्वा કહીને महर्षिसिद्धसंघाः મહર્ષિના અને સિદ્ધોના સમૂહો स्तुवंति સ્તુતિ કરે છે त्वाम् આપની स्तुतिभिः સ્તુતિવચનોવડે पुष्कलाभिः પરિપૂર્ણ અર્થનો બોધ કરનારાં. ૨૧

શ૦:—આ દેવતાઓના સમૂહો આપમાંજ પેસે છે. કેટલાક ભય પામેલા બે હાથ જોડીને સ્તુતિ કરે છે. મહર્ષિના અને સિદ્ધોના સમૂહો [આ જગતનું] કલ્યાણ થાઓ એમ કહીને પરિપૂર્ણ અર્થનો બોધ કરનારાં સ્તુતિવચનોવડે આપની સ્તુતિ કરે છે. ૨૧

ટી૦:—દેવતાઓના સમૂહો–દૈવીસંપત્તિરૂપ અભયાદિ. त्वां ને त्वा નો અભેદ ગણી त्वासुरसंघाःનો જો त्वा असुरसंघाः એમ છેદ કરીએ તો આ કામાદિ આસુરીવૃત્તિઓના સમૂહો એવો અર્થ થાય. પહેલા અર્થમાં આસુરીવૃત્તિઓને હણવામાટે અભયાદિ દૈવીવૃત્તિઓ આપનામાં પેસે છે એવો ભાવ સમજવો, અને બીજામાં કામાદિ આસુરીવૃત્તિઓ પોતાના નાશમાટે આપનામાં પ્રવેશ કરે છે એવો ભાવ સમજવો. મહર્ષિ–વૈદિક-કર્મનું અનુષ્ઠાન કરનારી પવિત્રવૃત્તિ. સિદ્ધ–બ્રહ્મજ્ઞાનનાં સાધનોનું અનુષ્ઠાન કરી બ્રહ્માનુભવ કરનારી દૃઢ વૃત્તિ. આ ભયંકર યુદ્ધ જોઈને એ બંને પ્રકારની વૃત્તિઓના સમૂહો આ સ્થૂલશરીરનું રક્ષણ થાઓ એમ સ્તુતિ કરે છે, કેમકે સ્થૂલશરીરની સ્થિતિએજ કર્મોનું કે જ્ઞાનસાધનોનું અનુષ્ઠાન થઈ શકે છે. ૨૧

रुद्रादित्या वसवो ये च साध्या, विश्वेऽश्विनौ मरुतश्चोष्मपाश्च ।
गंधर्वयक्षासुरसिद्धसंघा, वीक्षंते त्वां विस्मिताश्चैव सर्वे ॥ २२ ॥

પ૦ ત૦ પ૦:—रुद्रादित्याः રુદ્રો અને આદિત્યો वसवः વસુઓ ये જે च તથા साध्याः સાધ્યદેવો विश्वे વિશ્વેદેવા अश्विनौ અશ્વિનીકુમારો मरुतः મરુતો च તથા ऊष्मपाः ઉષ્ણભાગી–પિતૃઓ च અને गंधर्व-यक्षासुरसिद्धसंघाः ગંધર્વ યક્ષ અસુર અને સિદ્ધોના સમૂહો [છે] वीक्षंते[૧૬] નિરખે છે त्वाम् આપને विस्मिताः વિસ્મય પામેલા [છે] च અને एव જ सर्वे [તે] સર્વે. ૨૨

શ૦:—જે [૧૧] રુદ્રો અને [૧૨] આદિત્યો, [૮]

વસુઓ તથા [૧૨[1]] સાધ્યદેવો, [૧૦[2]] વિશ્વેદેવા, [૨] અશ્વિનીકુમારો તથા [૪૯[3]] મરુતો અને પિતૃઓ [તથા] ગંધર્વ યક્ષ અસુર અને સિદ્ધોના સમૂહો [છે તે] સર્વેજ આપને નિરખે છે, અને વિસ્મય પામેલા [છે.] ૨૨

ટી૦:—રુદ્રો–જેના નીકળી જવાથી સ્થૂલશરીરના સંબંધિજનો રુદન કરે છે તે અગિયાર પ્રાણો, એટલે મનસહિત અગિયાર ઇંદ્રિયોની જીવનને ટકાવનારી સાધારણ વૃત્તિઓ. આદિત્યો–અહોરાત્રમાં બદલાતાં ચક્ષુરિંદ્રિયનાં બાર સ્વરૂપો. લૌકિક અહોરાત્રમાં સૂર્ય તથા ચંદ્ર એ બે સ્વરના બદલાવાથી યોગીનાં બાર અહોરાત્ર થાય છે એ વાત યોગશાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે માટે પ્રત્યેક દિવસનાં ચક્ષુરિંદ્રિયનાં જે બાર સ્વરૂપો તે બાર આદિત્યો. વસુઓ–ઓજસૂસહિત આઠ ધાતુઓ, કે જેનાવડે આ શરીરની સ્થિતિ છે. સાધ્યો–ક્રિયાઓને સિદ્ધ કરનાર મનની તથા પાંચ કર્મેંદ્રિયોની રાગદ્વેષવાળી બાર વૃત્તિઓ. વિશ્વેદેવા–સર્વ પ્રકારના સ્પર્શોને પ્રકાશનાર ત્વચાઇંદ્રિયના સ્થલભેદે કરીને દશ વિભાગો. બે અશ્વિનીકુમારો–નાસિકાઇંદ્રિયનાં બે છિદ્રોમાંની ગંધ ગ્રહણ કરનારી શક્તિઓ. મરુતો–૪૯ ઉપપ્રાણો. પિતૃઓ–ઉષ્ણ અન્ન જમવામાં આનંદ માનનાર રસનાઇંદ્રિયની વૃત્તિઓ. ગંધર્વ–પુણ્યવાન્ યોગીઓને આ શરીરમાં અનુભવવામાં આવતા અનાહત-ધ્વનિઓ. યક્ષ–પુણ્યવાન્ યોગીઓને આ શરીરમાં અનુભવવામાં આવતા ઉત્તમ–દિવ્ય–ગંધો. અસુર–પ્રાણનું પોષણ કરનારી એટલે અન્નપાનાદિનો આસક્તિપૂર્વક ઉપભોગ કરનારી વૃત્તિઓ. સિદ્ધો–બ્રહ્માનુભવ કરનારી ચિત્તવૃત્તિઓ. એ સર્વે આ સમય આપના સંમુખ થયેલ છે, અને આપનું આ ભયંકર વિચિત્ર સ્વરૂપ જોઇને અત્યંત આશ્ચર્ય પામે છે. બ્રહ્માંડમાંના રુદ્રાદિ દેવો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. ૨૨

---

૧ મન, મંતા, પ્રાણ, નર, અપાન, વીર્યવાન્, વિનિર્ભય, નય, હંસ, નારાયણ, વૃષ ને પ્રભુ એ બાર સાધ્યદેવોનાં નામો છે. ૨ ક્રતુ, દક્ષ, વસુ, સત્ય, કામ, કાલ, ધ્વનિ, રોચક, આદ્રવા ને પુરૂરવા એ દશ વિશ્વેદેવાનાં નામો છે. ૩ એકજ્યોતિ, દ્વિજ્યોતિ, ત્રિજ્યોતિ, જ્યોતિ, એકશક્ર, દ્વિશક્ર, ત્રિશક્ર, મહાબલ, ઇંદ્ર, ગત્યદૃશ્ય, પતિસકૃત્, પર, મિત, સંમિત, સુમિત, ઋતજિત્, સત્યજિત્, સુષેણ, સેનજિત્, અંતિમિત્ર, અનમિત્ર, પુરુમિત્ર, અપરાજિતં, ઋત, ઋતવાહ, ધર્તા, ધરુણ, ધ્રુવ, વિધારણ, દેવ-

ભૂરાદિ ત્રણ લોકોના જીવો આપનું આ ભયંકર સ્વરૂપ જોઈ ભય પામે છે એમ આગળ કહેલું છે તેનો હવે ઉપસંહાર કરે છે:—

रूपं महत्ते बहुवक्त्रनेत्रं, महाबाहो बहुबाहूरुपादम्।
बहूदरं बहुदंष्ट्राकरालं, दृष्ट्वा लोकाः प्रव्यथितास्तथाऽहम् ॥२३॥

પ૦ ત૦ પ૦:—**रूपम्** રૂપને **महत्** મહાન્ **ते** આપના **बहुवक्त्रनेत्रम्** બહુ મુખોવાળા તથા બહુ નેત્રોવાળા **महाबाहो** હે મહાબાહો! **बहुबाहूरुपादम्** બહુ હાથ જાંગ તથા પગવાળા **बहूदरम्** બહુ પેટવાળા **बहुदंष्ट्राकरालम्** ઘણી દાઢોવડે ભયંકર એવા **दृष्ट्वा** જોઈને **लोकाः** લોકો **प्रव्यथिताः** વ્યથા પામ્યા છીએ **तथा** તથા **अहम्** હું. ૨૩

શ૦:—હે મહાબાહો! મહાન્, બહુ મુખોવાળા તથા બહુ નેત્રોવાળા, બહુ હાથ જાંગ તથા પગવાળા, બહુ પેટવાળા [ને] ઘણી દાઢોવડે ભયંકર એવા આપના [આ] રૂપને જોઈને લોકો તથા હું વ્યથા પામ્યા છીએ. ૨૩

ટી૦:—મહાબાહો—અત્યંત પરાક્રમી—આત્મા. આ આપનું સર્વમય ભયંકર સ્વરૂપ જોઈને આ સર્વે આસુરીવૃત્તિઓ તથા દૈવીવૃત્તિઓ કિંવા ત્રણે શરીરમાંની સર્વે વૃત્તિઓ તથા હું અત્યંત ભય પામ્યાં છીએ એમ મંદવિરાગના કહેવાનો હેતુ છે. આત્માનંદનો સમ્યક્ આવિર્ભાવ થયે તે સર્વનો વિલય થાય માટે તેઓ ભય પામે એ સ્પષ્ટજ છે. ૨૩

હવે એ વિશ્વરૂપના ભયાનકપણાનું સ્પષ્ટતાથી વર્ણન કરે છે:–

नभःस्पृशं दीप्तमनेकवर्णं, व्यात्ताननं दीप्तविशालनेत्रम्।
दृष्ट्वा हि त्वां प्रव्यथितान्तरात्मा, धृतिं न विंदामि शमं च विष्णो ॥२४॥

પ૦ ત૦ પ૦:—**नभःस्पृशम्** સંપૂર્ણ આકાશમાં વ્યાપક **दीप्तम्** પ્રજ્વલિત **अनेकवर्णम्** અનેકવર્ણવાળા **व्यात्ताननं** ફાડેલા મુખવાળા **दीप्तविशालनेत्रम्** પ્રજ્વલિત વિશાલ નેત્રવાળા **दृष्ट्वा** જોઈને **हि** જ **त्वाम्**

દેવ, ઈદૃક્ષ, અદૃક્ષ, વ્રતિન, પ્રસદ, સભર, ધાતા, દુર્ગ, ધિતિ, ભીમ, અભિયુક્ત, અપાત્, સહ, દ્યુતિ, વપુર, અનાય, વાસ, કામ, જય ને વિરાટ્ એ ઓગણપચાશ મરુત્નાં નામો છે.

આપને **પ્રવ્યથિતાન્તરાત્મા** અત્યંત વ્યથા પામેલા મનવાળો [હું] **ધૃતિમ્** ધૈર્યને **ન** નથી **વિન્દામિ** પામતો **શમમ્** શમને–શાંતિને **ચ** અને **વિષ્ણો** હે વિષ્ણો ! ૨૪

શ૦:—હે વિષ્ણો ! સંપૂર્ણ આકાશમાં વ્યાપક, પ્રજ્વલિત, અનેકવર્ણવાળા, ફાટેલા મુખવાળા [તથા] પ્રજ્વલિત વિશાલ નેત્રવાળા આપને જોઇનેજ અત્યંત વ્યથા પામેલા મનવાળો [હું] ધૈર્યને અને શાંતિને નથી પામતો. ૨૪

ટી૦:—ધૈર્ય-વિકલતાને પામતા દેહેંદ્રિયાદિના સમૂહને અવિકલપણે ધારણ કરવાનું સામર્થ્ય. શાંતિ–મનની સ્થિરતા. વિરાટ્‌રૂપ આત્માનું એવું ભયંકર સ્વરૂપ જોઇ અંદવિરાગ ભય પામી તે સ્વરૂપને અંતર્ધાન કરવા વિનવે છે એવો ભાવ આ શ્લોકમાં છે. ૨૪

પૂર્વોક્ત અર્થને પુનઃ બીજી રીતે વર્ણન કરતા છતા અર્જુન શ્રીભગવાનને પ્રસન્ન થવા વિનવે છેઃ—

दंष्ट्राकरालानि च ते मुखानि, दृष्ट्वैव कालानलसंनिभानि ।
दिशो न जाने न लभे च शर्म, प्रसीद देवेश जगन्निवास ॥२५॥

પ૦ ત૦ પ૦:—**દંષ્ટ્રાકરાલાનિ** દાઢાવડે ભયંકર **ચ** અને **તે** આપનાં **મુખાનિ** મુખોને **દૃષ્ટ્વા** જોઇને **એવ** જ **કાલાનલસંનિભાનિ** પ્રલયના અગ્નિજેવાં **દિશઃ** દિશાઓને **ન** નથી **જાને** જાણતો **ન** નથી **લભે** પામતો **ચ** અને **શર્મ** સુખને **પ્રસીદ** પ્રસન્ન થાઓ **દેવેશ** હે દેવોના ઈશ્વર ! **જગન્નિવાસ** હે જગત્‌ના નિવાસરૂપ ! ૨૫

શ૦:—દાઢાવડે ભયંકર અને પ્રલયના અગ્નિજેવાં આપનાં મુખોને જોઇનેજ [હું] દિશાઓને [પણ] નથી જાણતો, અને સુખને [પણ] નથી પામતો, [માટે] હે દેવોના ઈશ્વર ! હે જગત્‌ના નિવાસરૂપ ! [આપ મારા પર] પ્રસન્ન થાઓ. ૨૫

ટી૦:—'મુખોને જોઇનેજ' એમ કહેવાથી એ સૂચવ્યું કે હું આપનાં અત્યંત ભયંકર મુખોમાં જોકે પડયો નથી તોપણ આપનાં તે અતિભયંકર મુખોને કેવલ જોઇનેજ હું બહુ ભય પામ્યો છું. જગત્‌ના નિવાસરૂપ–જગત્‌ના અધિષ્ઠાનરૂપ. ૨૫

આ વિશ્વરૂપમાં હું અમારા જયને તથા દુર્યોધનાદિકોના

પરાજયને પણ જોઉં છું એમ નીચેના પાંચ શ્લોકોથી અર્જુન કહે છે:—

अमी च त्वां धृतराष्ट्रस्य पुत्राः, सर्वे सहैवावनिपालसंघैः ।
भीष्मो द्रोणः सूतपुत्रस्तथासौ, सहास्मदीयैरपि योधमुख्यैः ॥२६॥

પ૦ ત૦ પ૦:—**अमी** આ **च** વળી **त्वाम्** આપનામાં **धृतराष्ट्रस्य** ધૃતરાષ્ટ્રના **पुत्राः** પુત્રો **सर्वे** સર્વે **सह** સહિત **एव** જ **अवनिपालसंघैः** રાજાના સમૂહોએ **भीष्मः** ભીષ્મ **द्रोणः** દ્રોણ **सूतपुत्रः** સારથિનો પુત્ર–કર્ણ **तथा** તથા **असौ** આ **सह** સહિત **अस्मदीयैः** અમારા સંબંધિરૂપ **अपि** પણ **योधमुख्यैः** મુખ્ય યોધાઓ. ૨૬

શ૦:—વળી આ ધૃતરાષ્ટ્રના સર્વે પુત્રો [તથા] રાજાઓના સમૂહોએ સહિતજ ભીષ્મ, દ્રોણ તથા આ કર્ણ [એ ત્રણે] અમારા સંબંધિરૂપ પણ મુખ્ય યોધાઓસહિત [ઊતાવળે] આપનામાં [પ્રવેશ કરે છે.] ૨૬

ટી૦:—વળી આ મોહના કામાદિક સર્વે પુત્રો તથા તેમને સાહાય્ય કરનારી વિષયાકર્ષણ આદિ સર્વે વૃત્તિઓસહિત આ અસ્મિતા, સંસ્કાર અને અમારો નિરંતર અત્યંત દ્વેષ કરનાર આ રાગ એ ત્રણે અમારી સાથે સંબંધ રાખનાર પણ અમારામાંના એકાગ્રતા આદિ મુખ્ય યોધાઓસહિત શીઘ્ર આપનામાં પ્રવેશ કરે છે. ૨૬

वक्त्राणि ते त्वरमाणा विशंति, दंष्ट्राकरालानि भयानकानि ।
केचिद्विलग्ना दशनांतरेषु, संदृश्यंते चूर्णितैरुत्तमांगैः ॥२७॥

પ૦ ત૦ પ૦:—**वक्त्राणि** મુખોમાં **ते** આપનાં **त्वरमाणाः** ઊતાવળા **विशंति** પેસે છે **दंष्ट्राकरालानि** દાઢોવડે વિકરાલ **भयानकानि** ભયાનક **केचित्** કેટલાક **विलग्नाः** ચોટેલા **दशनांतरेषु** દાંતોની વચ્ચેના ભાગમાં **संदृश्यंते** દેખાય છે **चूर्णितैः** ચૂરો થઇ ગયેલાં **उत्तमांगैः** ઉત્તમાંગો —મસ્તકો–[સહિત.] ૨૭

શ૦:—દાઢોવડે વિકરાલ [તથા] ભયાનક [એવાં] આપનાં મુખોમાં [આ દુર્યોધનાદિક સર્વે] ઊતાવળા પેસે છે. કેટલાક ચૂરો થઇ ગયેલાં મસ્તકો[સહિત] દાંતોની વચ્ચેના ભાગમાં ચોટેલા દેખાય છે. ૨૭

ટી૦:—આ શ્લોકમાં કામાદિક વૃત્તિઓ પોતાના નાશમાટે આત્માના આ વિરાટ્રૂપમાં પ્રવેશ કરે છે તે, તથા કેટલીક વૃત્તિઓ જે નાશ પામેલી છે તે માત્ર નિ:સત્ત્વરૂપે જણાય છે તે બતાવ્યું છે. ૨૭

કેટલાક શૂરવીરો અસાવધપણે આપનાં મુખોમાં પ્રવેશ કરે છે એમ ઉદાહરણસહિત અર્જુન કહે છેઃ—

यथा नदीनां बहवोऽम्बुवेगाः, समुद्रमेवाभिमुखा द्रवंति ।
तथा तवामी नरलोकवीरा, विशंति वक्त्राण्यभितो ज्वलंति ॥२८॥

પ૦ ત૦ પ૦:—**यथा** જેમ **नदीनाम्** નદીઓના **बहवः** ઘણા **अंबुवेगाः** જલપ્રવાહો **समुद्रम्** સમુદ્રમાં **एव** જ **अभिमुखाः** અભિમુખ (સમુદ્રભણી મુખવાળા) [થઈ] **द्रवंति** પેસે છે **तथा** તેમ **तव** આપનાં **अमी** આ **नरलोकवीराः** મનુષ્યલોકના વીરો **विशंति** પેસે છે **वक्त्राणि** મુખોમાં **अभितः** સર્વભણીથી **ज्वलंति** પ્રકાશવાળાં. ૨૮

શ૦:—જેમ નદીઓના ઘણા જલપ્રવાહો સમુદ્રભણી મુખવાળા [થઈ] સમુદ્રમાંજ પેસે છે તેમ આ મનુષ્યલોકના વીરો (વીરપુરુષો) આપનાં સર્વભણીથી પ્રકાશવાળાં મુખોમાં પેસે છે. ૨૮

ટી૦:—કોઈ પુસ્તકોમાં अभितो ज्वलंति એ શબ્દોની જગાએ अभिविज्वलंति એવો પાઠ પણ હોય છે. તેવો પાઠ હોય તોપણ અર્થમાં કાંઈ ફેર પડતો નથી. જેમ શ્રીગંગાયમુના આદિ નદીઓના જલના બહુવેગવાળા પ્રવાહો સમુદ્રની સંમુખ થઈ અસાવધાનપણે સમુદ્રમાં પ્રવેશ કરે છે તેમ આ ત્રિગુણાત્મિકા વૃત્તિઓના સમૂહમાંથી તામસીવૃત્તિઓ આપના સર્વભણીથી પ્રકાશવાળા નિર્ણયોમાં નાશ પામવામાટે પેસે છે. ૨૮

કેટલાક શૂરવીરો કાંઈક સાવધાન છતાં પણ આપનાં મુખોમાં પ્રવેશ કરે છે એમ ઉદાહરણસહિત અર્જુન કહે છેઃ—

यथा प्रदीप्तं ज्वलनं पतंगा, विशंति नाशाय समृद्धवेगाः ।
तथैव नाशाय विशंति लोकास्तवापि वक्त्राणि समृद्धवेगाः ॥२९॥

પ૦ ત૦ પ૦:—**यथा** જેમ **प्रदीप्तम्** પ્રદીપ્ત—અત્યંત સળગેલા **ज्वलनम्** અગ્નિમાં **पतंगाः** પતંગીઆ **विशंति** પેસે છે **नाशाय** નાશને માટે **समृद्धवेगाः** અત્યંતવેગવાળા [થઈ] **तथा** તેમ **एव** જ **नाशाय**

નાશને માટે **विशंति** પેસે છે **लोकाः** લોકો **तव** આપનાં **अपि** પણ **वक्त्राणि** મુખોમાં **समृद्धवेगाः** અત્યંતવેગવાળા [થઇ.] ૨૯

શા૦:—જેમ પતંગીઆ અત્યંતવેગવાળા [થઇ પોતાના] નાશમાટે અત્યંત સળગેલા અગ્નિમાં પેસે છે તેમજ [આ દુર્યોધનાદિક] લોકો પણ અત્યંતવેગવાળા [થઇ] નાશને માટે આપનાં મુખોમાં પેસે છે. ૨૯

ટી૦:—આ શ્લોકમાં કામાદિક રાજસીવૃત્તિઓનો તેમને પોતાના નાશનું ભાન છતાં પણ–પોતાના નાશમાટે કાંઇક સાવધાન છતાં પણ–આત્માના વિરાડ્રૂપમાં પ્રવેશ થાય છે એમ જણાવ્યું છે. ૨૯

હવે તે યુદ્ધની કામનાવાળા રાજાઓના ભગવાનનાં મુખોવિષે પ્રવેશસમયમાં શ્રીભગવાનની પ્રવૃત્તિના પ્રકારનું તથા શ્રીભગવાનના પ્રકાશોની પ્રવૃત્તિના પ્રકારનું વર્ણન નીચેના શ્લોકમાં અર્જુન કરે છે:—

लेलिह्यसे ग्रसमानः समंताल्लोकान्समग्रान्वदनैर्ज्वलद्भिः ।
तेजोभिरापूर्य जगत्समग्रं, भासस्तवोग्राः प्रतपंति विष्णो ॥३०॥

પ૦ ત૦ પ૦:—लेलिह्यसे આસ્વાદન કરો છો–ચાટો છો **ग्रसमानः** ગ્રાસ–ભક્ષણ–કરતા છતા **समंतात्** સર્વભણીથી **लोकान्** લોકોને **समग्रान्** સમગ્ર **वदनैः** મુખોવડે **ज्वलद्भिः** પ્રજ્વલિત–બળતાં **तेजोभिः** તેજોવડે **आपूर्य** સર્વભણીથી પૂર્ણ કરીને **जगत्** જગતને **समग्रम्** સર્વ **भासः** કાંતિઓ **तव** આપની **उग्राः** ઉગ્ર **प्रतपंति** સંતાપ ઉત્પન્ન કરે છે **विष्णो** હે વિષ્ણો ! ૩૦

શા૦:—હે વિષ્ણો ! સમગ્ર લોકોને ભક્ષણ કરતા છતા પ્રજ્વલિત મુખોવડે [આપ] સર્વભણીથી [તેમને] ચાટો છો. સર્વ જગતને [પોતાના] તેજોવડે સર્વભણીથી પૂર્ણ કરીને આપની ઉગ્રકાંતિઓ સંતાપ ઉત્પન્ન કરે છે. ૩૦

ટી૦:—હે વ્યાપક આત્મા ! આ સંપૂર્ણ રાજસીતામસીવૃત્તિઓનો લય કરતા છતા આપ પોતાના પ્રકાશવાળા શુદ્ધસાત્ત્વિક નિશ્ચયોવડે તેઓના લયથી ઉપજતા આનંદનો અનુભવ કરો છો, અને ઇંદ્રિયો તથા અંતઃકરણાદિને પોતાના તેજોના સમૂહથી સર્વભણીથી પૂર્ણ કરો છો, તેથી આપનાં આ

તીવ્ર તેજો પરવૈરાગ્યરૂપ સંતાપને (મન તથા ઇંદ્રિયોના મેલને સમ્યક્પ્રકારે બાળવારૂપ પરમનિર્મલતાને) ઉપજાવે છે. ૩૦

અર્જુન દુઃખરૂપ સંતાપના આકસ્મિક આવિર્ભાવથી વ્યાકુલ થઈ વિશ્વરૂપરૂપે રહેલા ભગવાન્‌ને પૂછે છે:—

आख्याहि मे को भवानुग्ररूपो, नमोऽस्तु ते देववर प्रसीद ।
विज्ञातुमिच्छामि भवंतमाद्यं, न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥३१॥

પ૦ ત૦ પ૦:—**आख्याहि** કહો **मे** મને **कः** કોણ **भवान्** આપ **उग्ररूपः** ઉગ્રરૂપવાળા **नमः** નમસ્કાર **अस्तु** હો **ते** આપને **देववर** હે દેવોમાં શ્રેષ્ઠ! **प्रसीद** પ્રસન્ન થાઓ **विज्ञातुम्** સારી રીતે જાણવાને **इच्छामि** ઇચ્છું છું **भवंतम्** આપને **आद्यम्** સર્વના કારણરૂપ **न** નથી **हि** કારણકે **प्रजानामि** જાણતો **तव** આપની **प्रवृत्तिम्** પ્રવૃત્તિને. ૩૧

શ૦:—[એવા] ઉગ્રરૂપવાળા આપ કોણ [છો? એ વાત] મને કહો. હે દેવોમાં શ્રેષ્ઠ ! આપને નમસ્કાર હો. [આપ] પ્રસન્ન થાઓ. સર્વના કારણરૂપ આપને [હું] સારી રીતે જાણવાને ઇચ્છું છું, કારણકે [હું] આપની પ્રવૃત્તિને જાણતો નથી. ' ૩૧

ટી૦:—ઉગ્રરૂપ–સર્વ વૃત્તિઓને ભયની પ્રાપ્તિ કરનારા રૂપવાળા. અંદ-વિરાગનું દેહાભિમાન હજી નિવૃત્ત થયું નથી માટે ભય પામીને તેણે એ સર્વ કહ્યું છે. ૩૧

હવે ભગવાન્ પોતાના સ્વરૂપનું તથા જે કાર્ય કરવામાટે પોતાની પ્રવૃત્તિ થઈ છે એનું વર્ણન નીચેના ત્રણ શ્લોકોથી કરે છે:—

श्रीभगवानुवाच ॥

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो, लोकान्समाहर्तुमिह प्रवृत्तः ।
ऋतेऽपि त्वां न भविष्यंति सर्वे, येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ३२

પ૦ ત૦ પ૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **कालः** કાલ **अस्मि** [હું] છું **लोकक्षयकृत्** લોકોનો સંહાર કરનાર **प्रवृद्धः** અત્યંત વૃદ્ધિ પામેલો **लोकान्** [દુર્યોધનાદિક] લોકોને **समाहर्तुम्** ભક્ષણ

કરવાને इह આ સમયમાં प्रवृत्तः પ્રવર્તેલો છું ऋते [યુદ્ધરૂપ વ્યાપાર] વિના अपि પણ त्वाम् તમારા न નહિ भविष्यंति વિદ્યમાન રહેશે सर्वे [તે] સર્વે ये જે अवस्थिताः રહેલા [છે] प्रत्यनीकेषु પ્રતિપક્ષી-ઓની સેનામાં योधाः યોધાઓ. ૩૨

શ૦:—શ્રીભગવાન્ બોલ્યા:–'લોકોનો સંહાર કરનાર, અત્યંત વૃદ્ધિ પામેલો કાલ[હું] છું. આ સમયમાં [દુર્યોધનાદિક] લોકોને ભક્ષણ કરવાને પ્રવર્તેલો છું, [માટે] પ્રતિપક્ષીઓની સેનામાં જે યોધાઓ રહેલા [છે તે] સર્વે તમારા [યુદ્ધરૂપ વ્યાપાર] વિના પણ વિદ્યમાન રહેશે નહિ. ૩૨

ટી૦:—શરીરને ભારરૂપ જે રાજસીતામસી દુષ્ટ વૃત્તિઓ છે તે સર્વે-નો નાશ કરનાર અત્યંત વૃદ્ધિ પામેલો પ્રાણરૂપ ક્રિયાશક્તિની ઉપાધિવાળો હું નિરોધરૂપ આત્મા છું. હું આ સમયમાં શરીરના ભારરૂપ જે કામાદિક વૃત્તિઓ છે તેઓનો નાશ કરવામાં પ્રવૃત્ત થયો છું, . માટે આસુરીસંપત્તિના સમૂહમાં જે વૃત્તિઓ રહેલી છે તે સર્વે વૃત્તિઓ તેઓનો નાશ કરવા તું ઉદ્યમ નહિ કર તોપણ અવશ્ય નાશ પામશે, વિદ્યમાન રહેશે નહિ. ૩૨

મારા યુદ્ધરૂપ વ્યાપારવિનાજ જો એ દુષ્ટ લોકોનો નાશ થતો હોય તો આપ વારંવાર મને યુદ્ધ કરવા શામાટે પ્રેરો છો ? એવી શંકા અર્જુનને થાય તો તેના ઉત્તરમાં ભગવાન્ કહે છે:—

तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व, जित्वा शत्रून्भुंक्ष्व राज्यं समृद्धम् ।
मयैवैते निहताः पूर्वमेव, निमित्तमात्रं भव सव्यसाचिन् ॥३३॥

પ૦ ત૦ પ૦:—तस्मात् તેટલામાટે त्वम् તમે उत्तिष्ठ ઊઠો यशः યશ लभस्व મેળવો जित्वा જિતીને शत्रून् શત્રુઓને भुंक्ष्व ભોગવો राज्यम् રાજ્ય समृद्धम् નિષ્કંટક मया મેં एव જ एते એઓને निहताः હણી રાખેલા [છે] पूर्वम् પૂર્વ–પ્રથમ एव જ निमित्तमात्रम् નિમિત્ત-માત્ર भव થાઓ सव्यसाचिन् હે ડાબે હાથે પણ બાણ ફેંકનારા !–હે અર્જુન ! ૩૩

શ૦:—તેટલામાટે તમે [યુદ્ધ કરવા] ઊઠો, [તથા] યશ મેળવો, [અને] શત્રુઓને જિતીને નિષ્કંટક રાજ્ય ભોગવો.

હે અર્જુન ! એઓને [યુદ્ધથી] પ્રથમજ મેંજ હણી રાખેલા [છે, તમે કેવલ] નિમિત્તમાત્ર થાઓ. ૩૩

ટી૦:—તારા યુદ્ધરૂપ વ્યાપારવિના પણ આ અસ્મિતા તથા સંસ્કારાદિ અવશ્ય નાશ પામશે, તેટલામાટે તું યુદ્ધ કરવાનો ઉદ્યમ કર, અને તે યુદ્ધમાં આ અસ્મિતાદિકને હણીને તું યશ પામ, તથા શત્રુઓને વિનાપ્રયત્ને જિતી લઇને ત્રણ પ્રકારનાં દુઃખોથી અત્યંતરહિત આત્માનંદરૂપ સામ્રાજ્ય ભોગવ. હે મંદવિરાગ ! તારા યુદ્ધરૂપ વ્યાપારની પહેલાંજ એ અસ્મિતાદિકને મેં આયુષ્યરહિત કરી રાખ્યા છે. કેવલ તને યશની પ્રાપ્તિ કરાવવામાટે મેં આ અસ્મિતાદિકોનો નિઃશેષ નાશ કર્યો નથી માટે તું કેવલ નિમિત્તમાત્ર થા, અર્થાત્ આ અસ્મિતાદિકોનો મંદવિરાગે નાશ કર્યો એમ લોકો તારાં વખાણ કરે એટલું કર. શ્રદ્ધાભક્તિથી અનન્ય શરણ થનાર શિષ્યના કામાદિ આંતરશત્રુઓને શ્રીસદ્ગુરુએ દીક્ષાકાલેજ હણી રાખેલા છે, છતાં જે પુરુષપ્રયત્ન કરવાનું શ્રીસદ્ગુરુ પોતાના શિષ્યને વારંવાર કહે છે તે માત્ર શિષ્યના યશની લોકોમાં વૃદ્ધિ કરાવવામાટે છે. લોકો કહેશે કે 'અહો ! અમુક સાધક કેવો શૂરવીર ! તેણે કામક્રોધાદિનો જય કર્યો, અમુક અમુક દુઃસાધ્ય સાધનો સાધ્યાં,' ૪૦ ૪૦. આવો યશ પણ મહાન્ પુણ્યકર્મોથી પ્રાપ્ત થાય છે, તે અનાયાસે મેળવવાની તેને તક આપે છે. જેનું બુદ્ધિતત્ત્વ કાંઇ પણ પ્રકાશિત થયું હોય તેને તો આ વાત સમજવી કાંઈ કઠણ નથી, અને કનિષ્ઠ અધિકારી પણ થોડા પ્રયત્નથી તે સમજી શકે એમ છે. ૩૩

આ ભીષ્માદિક મહાન્ યોદ્ધાઓ વિદ્યમાન છતાં એ દુર્યોધનાદિક શત્રુઓને જિતી ઉપદ્રવવિનાનું સામ્રાજ્ય કેમ ભોગવી શકું ? તથા યશ પણ કેમ પામી શકું ? એવી અર્જુનની શંકા મટાડવામાટે ભગવાન્ કહે છે:—

द्रोणं च भीष्मं च जयद्रथं च, कर्णं तथाऽन्यानपि योधवीरान् ।
मया हतांस्त्वं जहि मा व्यथिष्ठा, युद्धयस्व जेतासि रणे सपत्नान्॥

પ૦ ત૦ પ૦:—**द्रोणम्** દ્રોણને **च** અને **भीष्मम्** ભીષ્મને **च** તથા **जयद्रथम्** જયદ્રથને **च** અને **कर्णम्** કર્ણને **तथा** તેમ **अन्यान्** બીજા **अपि** પણ **योधवीरान्** યોધાઓમાં વીરોને **मया** મેં **हतान्** હણી રાખેલાને **त्वम्** તમે **जहि** હણો **मा** નહિ **व्यथिष्ठाः** વ્યથા પામો **युद्धयस्व**

યુદ્ધ કરો जेतासि જિતશો रणे સંગ્રામમાં सपत्नान् શત્રુઓને. ૩૪

શ૦:—દ્રોણને અને ભીષ્મને તથા જયદ્રથને અને કર્ણને. તેમ બીજા પણ યોધાઓમાં વીરોને મેં હણી રાખેલાને તમે હણો, વ્યથા નહિ પામો. યુદ્ધ કરો. સંગ્રામમાં શત્રુઓને [અવશ્ય] જિતશો.' ૩૪

ટી૦:—સંસ્કાર, અસ્મિતા, અભિનિવેશ, રાગ, અવિદ્યા, વાસના ને અશ્રદ્ધા એ સર્વને મેં પ્રથમજ હણી રાખેલાં છે માટે એમને કેમ જિતી શકાશે ? એવી લેશ પણ શંકા ન કરતાં તેમને શીઘ્ર હણી નાંખ. પૂર્વે હણી રાખેલાને હણવામાં તને શો પરિશ્રમ છે ? કાંઇ પણ પરિશ્રમ નથી માટે એ કેમ જિતાશે ? એવી ભયનિમિત્તની વ્યથા તું ન પામ. ભયનો પરિત્યાગ કરી યુદ્ધ કર. એવી રીતે ભયનો ત્યાગ કરી સંગ્રામ કરીશ તો થોડાજ સમયમાં તું આ કામાદિક સર્વે શત્રુઓને અવસ્ય જિતીશ. ૩૪

ત્યારપછી શું થયું તે સંજય ધૃતરાષ્ટ્રને કહે છે:—

संजय उवाच ॥

एतच्छ्रुत्वा वचनं केशवस्य, कृतांजलिर्वेपमानः किरीटी ।
नमस्कृत्वा भूय एवाह कृष्णं, सगद्गदं भीतभीतः प्रणम्य ॥३५॥

પ૦ ત૦ પ૦:—संजयः સંજય उवाच બોલ્યા ॥ एतत् એ श्रुत्वा સાંભળી वचनम् વચનને केशवस्य કેશીદૈત્યને મારનારનાં-કેશવનાં कृतांजलिः બે હાથ જોડી वेपमानः કંપાયમાન થઇ किरीटी ઇંદ્રે જેને મુગટ આપ્યો છે તે-અર્જુન नमस्कृत्वा નમસ્કાર કરીને भूयः ફરીને एव પણ आह કહેતા હવા कृष्णम् શ્રીકૃષ્ણને सगद्गदम् ગદ્ગદકંઠે भीतभीतः બીતા બીતા प्रणम्य અત્યંત નમ્ર થઇ. ૩૫

શ૦:—સંજય બોલ્યા:-કેશવનાં એ વચનને સાંભળી બે હાથ જોડી કંપાયમાન થઇ બીતા બીતા અર્જુન શ્રીકૃષ્ણને નમસ્કાર કરીને અત્યંત નમ્ર થઈ ગદ્ગદકંઠે ફરીને પણ કહેતા હવા. ૩૫

ટી૦:—અધ્યાત્મપ્રસાદે મોહને કહ્યું કે:—મનનો નાશ કરનાર આત્માનાં એવાં વચનો સાંભળીને બે હાથ જોડી કંપાયમાન થઇ ભય પામીને મંદવિરાગ (કિરીટી-અમિતત્ત્વની પ્રસન્નતાથી મળેલી શોભાવાળો-

મંદવિરાગ) આત્માને પ્રણામ કરીને અત્યંત નમ્ર થઇ, ભય તથા હર્ષથી જેની આંખોમાં આંસુ ભરાઈ ગયાં છે તથા કફથી જેનો કંઠ રુંધાઈ ગયો છે એવો થઈ ગદ્દગદકંઠે પુનઃ પણ નીચેનાં વચનો કહેતો હવો. ૩૫

નીચેના અગિયાર શ્લોકોથી અર્જુન ભગવાનની સ્તુતિ કરે છે:—

अर्जुन उवाच ॥

स्थाने हृषीकेश तव प्रकीर्त्या, जगत्प्रहृष्यत्यनुरज्यते च ।
रक्षांसि भीतानि दिशो द्रवंति, सर्वे नमस्यंति च सिद्धसंघाः ॥३६॥

પ૦ ત૦ પ૦:—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **स्थाने** યુક્ત-[જ છે] **हृषीकेश** હે હૃષીકેશ ! **तव** આપની **प्रकीर्त्या** અત્યંત કીર્તિ-વડે **जगत्** જગત્ **प्रहृष्यति** અતિહર્ષ પામે છે **अनुरज्यते** અનુરાગ-પ્રીતિ-પામે છે **च** અને **रक्षांसि** રાક્ષસો **भीतानि** ભય પામેલા **दिशः** દિશાઓમાં **द्रवंति** નાસે છે **सर्वे** સર્વે **नमस्यंति** નમસ્કાર કરે છે **च** અને **सिद्धसंघाः** સિદ્ધોના સમૂહો. ૩૬

શ૦:—અર્જુન બોલ્યા:—'હે હૃષીકેશ ! આપની અત્યંત કીર્તિવડે જગત્ અતિહર્ષ પામે છે, અને પ્રીતિ પામે છે. ભય પામેલા રાક્ષસો દિશાઓમાં નાસે છે, અને સર્વે સિદ્ધોના સમૂહો નમસ્કાર કરે છે [એ] યુક્ત[જ છે.] ૩૬

ટી૦:—મંદવિરાગે કહ્યું કે:-હે ઇંદ્રિયોના પ્રવર્તક ! આપે કહ્યું કે 'હું શરીરના ભારરૂપ દુષ્ટ વૃત્તિઓનો સંહાર કરવામાં પ્રવર્તેલો છું' એ આપનાં ઉત્કૃષ્ટ વચનોરૂપ અત્યંત કીર્તિને સાંભળીને આ દૈવીવૃત્તિઓ પરમ સંતોષને પામે છે એ યુક્તજ છે, તથા આપનાં એ ઉત્કૃષ્ટ વચનો સાંભળી દૈવીવૃત્તિઓ આપનામાં પ્રેમ રાખે છે તે પણ યોગ્યજ છે, અને એ દિવ્ય વાક્ય સાંભળી ભય પામેલી આસુરીવૃત્તિઓ પૂર્વાદિક દિશાઓના ખૂણામાં નાસી જાય છે, અને સર્વ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ઐશ્વર્યને ઇચ્છનારી વૃત્તિઓ આપને નમસ્કાર કરે છે તે પણ યુક્તજ છે. ૩૬

હવે તે સિદ્ધોના સમૂહના નમસ્કાર કરવાના હેતુને કહે છે:—

कस्माच्च ते न नमेरन्महात्मन्, गरीयसे ब्रह्मणोऽप्यादिकर्त्रे।
अनंत देवेश जगन्निवास, त्वमक्षरं सदसत्तत्परं यत् ॥ ३७ ॥

પ૦ ત૦ પ૦:—**कस्मात्** શામાટે **च** કિંતુ [કરશેજ] **ते** આપને **न** નહિ **नमेरन्** નમસ્કાર કરે **महात्मन्** હે મહાત્મન્! **गरीयसे** ગુરુરૂપ **ब्रह्मणः** બ્રહ્માના **अपि** પણ **आदिकर्त्रे** આદિકર્તા–જનકરૂપ–એવા **अनंत** હે અંતરહિત ! **देवेश** હે દેવોના ઇશ્વિર ! **जगन्निवास** હે જગતના નિવાસરૂપ ! **त्वम्** આપ **अक्षरम्** અક્ષરરૂપ **सत्** સતરૂપ (પ્રકટરૂપ) **असत्** અસતરૂપ (અપ્રકટરૂપ) **तत्परम्** તે[બેઉ]થી પર **यत्** જે. ૩૭

શા૦:—હે મહાત્મન્! હે અંતરહિત ! હે દેવોના ઇશ્વિર ! હે જગતના નિવાસરૂપ ! બ્રહ્માના પણ ગુરુરૂપ [તથા] જનકરૂપ એવા આપને [તે સર્વે દેવો] શામાટે નહિ નમસ્કાર કરે ? કિંતુ [કરશેજ.] આપ સતરૂપ [છો, તથા] અસતરૂપ [છો, ને] તે[બેઉ]થી પર જે અક્ષરરૂપ [છે તે પણ આપજ છો.] ૩૭

ટી૦:—હે નિઃસ્પૃહ ! હે દેશ, કાલ તથા વસ્તુના પરિચ્છેદથી રહિત ! હે પ્રાણાદિ સર્વના નિયંતા ! હે ત્રણ શરીરના અધિષ્ઠાન! આપ સ્થૂલસૂક્ષ્મશરીરમાં શ્રેષ્ઠ જે બુદ્ધિ તેથી પણ શ્રેષ્ઠ છો, તથા શરીરની ઉત્પત્તિના હેતુરૂપ જે પ્રકૃતિ તેના પણ આપ ઉત્પન્નકર્તા (સત્તાસ્ફૂર્તિ આપનાર) છો, તો એવા અત્યંત ઉત્કૃષ્ટ આપને આ સર્વે ધર્માદિને ઇચ્છનારી વૃત્તિઓ શામાટે નમસ્કાર નહિ કરે ? કિંતુ તેઓ નમસ્કાર કરશેજ, કેમકે તેમને તેમ કરવું ઉચિતજ છે. આપ વ્યક્તરૂપ (કાર્યરૂપ) છો, આપ અવ્યક્તરૂપ (કારણરૂપ) છો, તથા એ બંનેથી અત્યંત સૂક્ષ્મ મૂલકારણરૂપ અવિનાશી પણ આપજ છો. ૩૭

ભગવાનમાં ઉપજેલી ભક્તિને લીધે અર્જુન ભગવાનની નીચે પ્રમાણે સ્તુતિ કરે છે:—

त्वमादिदेवः पुरुषः पुराणस्त्वमस्य विश्वस्य परं निधानम्।
वेत्ताऽसि वेद्यं च परं च धाम, त्वया ततं विश्वमनंतरूप ॥३८॥

પ૦ ત૦ પ૦:—**त्वम्** આપ **आदिदेवः** આદિદેવ **पुरुषः** પુરુષ **पुराणः** પુરાણ [છો] **त्वम्** આપ **अस्य** આ **विश्वस्य** વિશ્વના **परम्**

પરમ **निधानम्** નિધાન **वेत्ता** જાણનારા **असि** છો **वेद्यम्** જાણવાયોગ્ય —સર્વ દૃશ્યરૂપ **च** અને **परम्** પરમ **च** તથા **धाम** ધામ **त्वया** આપે **ततम्** વ્યાપ્ત કર્યું [છે] **विश्वम्** વિશ્વ **अनंतरूप** હે અનંતરૂપ ! ૩૮

શ૦:—હે અનંતરૂપ ! આપ આદિદેવ, પુરુષ [તથા] પુરાણ [છો.] આપ આ વિશ્વના પરમ નિધાન [છો, તથા સર્વને] જાણનારા છો, અને સર્વ દૃશ્યરૂપ તથા પરમધામ [છો, અને] આપે વિશ્વ વ્યાપ્ત કર્યું [છે.] ૩૮

ટી૦:—હે દેશ, કાલ તથા વસ્તુના પરિચ્છેદથી રહિત ! આ શરીરની ઉત્પત્તિના હેતુ હોવાથી આપ આદિદેવ છો. શરીરરૂપ પુરીમાં શયન કરનારા હોવાથી આપ પુરુષ છો. વળી આપ અનાદિ છો, તથા આ શરીરના લયના સ્થાનરૂપ છો. વળી આપ સર્વજ્ઞ હોવાથી સર્વને જાણનારા છો, અને કલ્પિતરૂપે આ સર્વ દૃશ્ય પદાર્થો પણ આપમાંજ રહેલા છે, તથા આપ સચ્ચિદાનંદઘનરૂપ પરમધામ છો, અને આપે અસ્તિ, (સત્,) ભાતિ (ચિત્) અને પ્રિયરૂપ (આનંદરૂપ) પોતાના સ્વભાવવડે આ સર્વ વ્યાપ્ત કર્યું છે. ૩૮

वायुर्यमोऽग्निर्वरुणः शशांकः, प्रजापतिस्त्वं प्रपितामहश्च ।
नमो नमस्तेऽस्तु सहस्रकृत्वः, पुनश्च भूयोऽपि नमो नमस्ते ॥३९॥

પ૦ ત૦ પ૦:—**वायुः** વાયુ **यमः** યમ **अग्निः** અગ્નિ **वरुणः** વરુણ **शशांकः** ચંદ્રમા **प्रजापतिः** પ્રજાપતિ **त्वम्** આપ **प्रपितामहः** પ્રપિતામહ **च** અને **नमः** નમસ્કાર **नमः** નમસ્કાર **ते** આપને **अस्तु** હો **सहस्रकृत्वः** હજારો વાર **पुनः** ફરીથી **च** તથા **भूयः** વારંવાર **अपि** પણ **नमः** નમસ્કાર **नमः** નમસ્કાર **ते** આપને. ૩૯

શ૦:—વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચંદ્રમા, પ્રજાપતિ, અને પ્રપિતામહ (બ્રહ્માના પિતા—નારાયણ) આપ [છો, માટે] આપને હજારો વાર નમસ્કાર નમસ્કાર હો, તથા આપને ફરીથી પણ વારંવાર નમસ્કાર નમસ્કાર [હો.] ૩૯

ટી૦:—આપ ત્વચાના, ગુદાના, વાણીના, રસનાના, મનના, શિશ્નના ને બુદ્ધિના દેવ છો, એટલું કહેવાથી જીવનાં સર્વ બાહ્યકરણોનું તથા અંતઃકરણોનું નિયંતાપણું આત્માનું છે એમ સૂચવ્યું છે. આપને હું હજારો

વાર વારંવાર નમસ્કાર કરું છું. ઇષ્ટને શ્રદ્ધાભક્તિપૂર્વક નમસ્કાર કરવામાં અલંબુદ્ધિનો (હવે પૂર્ણ થયું એવી સમજનો) અભાવ સૂચવવા પુનઃ પુનઃ નમસ્કારોની આવૃત્તિ કહી છે. ૩૯

नमः पुरस्तादथ पृष्ठतस्ते, नमोऽस्तु ते सर्वत एव सर्व ।
अनंतवीर्यामितविक्रमस्त्वं, सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ॥४०॥

૫૦ ત૦ ૫૦:—**नमः** નમસ્કાર **पुरस्तात्** અગ્રભાગમાં **अथ** અને **पृष्ठतः** પૃષ્ઠભાગમાં **ते** આપને **नमः** નમસ્કાર **अस्तु** હો **ते** આપને **सर्वतः** સર્વભણી **एव** પણ **सर्व** હે સર્વ ! **अनंतवीर्यामितविक्रमः** અનંતવીર્યવાળા તથા અમાપ પરાક્રમવાળા [છો] **त्वम्** આપ **सर्वम्** સર્વને **समाप्नोषि** વ્યાપ્ત કરો છો **ततः** તેથી **असि** છો **सर्वः** સર્વરૂપ. ૪૦

શ૦:—હે સર્વ ! આપને અગ્રભાગમાં [મારા] નમસ્કાર હો, અને પૃષ્ઠભાગમાં નમસ્કાર [હો, તથા] આપને સર્વભણી પણ [નમસ્કાર હો.] આપ અનંતવીર્યવાળા તથા અમાપ પરાક્રમવાળા [છો. વળી આપ] સર્વને વ્યાપ્ત કરો છો તેથી [આપ] સર્વરૂપ છો. ૪૦

ટી૦:—અગ્રભાગમાં–કર્મના આરંભમાં. પૃષ્ઠભાગમાં–કર્મની સમાપ્તિમાં. સર્વભણી–કર્મના મધ્યમાં. વીર્ય–શરીરાદિનું બલ–જ્ઞાન. પરાક્રમ–અસ્ત્ર તથા શસ્ત્રાદિના પ્રયોગની કુશલતા–વિજ્ઞાન. હે સર્વ ! એ સંબોધનથી આત્માનું સર્વરૂપપણું સૂચવ્યું છે. ૪૦

અર્જુન પોતાના અપરાધોની ક્ષમા કરાવવામાટે નીચેના બે શ્લોકોથી ભગવાનને વિનતિ કરે છે:—

सखेति मत्वा प्रसभं यदुक्तं, हे कृष्ण हे यादव हे सखेति ।
अजानता महिमानं तवेदं, मया प्रमादात्प्रणयेन वाऽपि ॥४१॥

૫૦ ત૦ ૫૦:—**सखा** સખા–મિત્ર–સરખા વયવાળા **इति** એમ **मत्वा** માનીને **प्रसभम्** અનુચિત [વચન] **यत्** જે **उक्तम्** કહેલ [છે] **हे कृष्ण** હે કૃષ્ણ ! **हे यादव** હે યાદવ ! **हे सखा** હે સખા ! **इति** એ પ્રમાણે **अजानता** નહિ જાણનારા **महिमानम्** મહિમાને–ઐશ્વર્યને **तव** આપના **इदम्** આ[વિશ્વરૂપ]ને **मया** મેં **प्रमादात्** પ્રમાદથી–ગાફલપણાથી **प्रणयेन** સ્નેહને લીધે **वा** અથવા **अपि** પણ. ૪૧

શ૦:—આપના આ[વિશ્વરૂપ]ને [તથા] ઐશ્વર્યને નહિ જાણનારા મેં [આ શ્રીકૃષ્ણ મારા] સખા [છે] એમ માનીને પ્રમાદથી અથવા સ્નેહને લીધે પણ જે હે કૃષ્ણ ! હે યાદવ ! હે સખા ! એ પ્રમાણે અનુચિત [વચન] કહેલ [છે તે સર્વ આપ ક્ષમા કરો.] ૪૧

ટી૦:—કોઇ પુસ્તકમાં महिमानं तवेदं એ પાઠની જગાએ महिमानं तवेमं એવો પાઠ પણ હોય છે. ત્યાં तव इमं महिमानं—આપના આ મહિમાનો એમ પદચ્છેદ તથા પદાર્થ કરવો. ૪૧

यच्चावहासार्थमसत्कृतोऽसि, विहारशय्यासनभोजनेषु ।
एकोऽथवाप्यच्युत तत्समक्षं, तत्क्षामये त्वामहमप्रमेयम् ॥ ४२ ॥

પ૦ ત૦ ત૦:—**यत्** જે **च** અને **अवहासार्थम्** ઉપહાસમાટે—મશ્કરીમાટે **असत्कृतः** અપમાન પામેલા **असि** છો **विहारशय्यासनभोजनेषु** વિહાર (રમત) શય્યા આસન ને ભોજનવેલા **एकः** એકલા [રહી] **अथवा** અથવા **अपि** કદાચિત્ **अच्युत** હે અચ્યુત ! **तत्समक्षम्** તે[સખાઓ]ની સમક્ષમાં [રહી] **तत्** તે **क्षामये** ક્ષમા કરાવું છું **त्वाम्** આપ **अहम्** હું **अप्रमेयम्** અપ્રમેય-પ્રમાણમાં ન આવી શકો એવા-પ્રતિ. ૪૨

શ૦:—હે અચ્યુત ! અને ઉપહાસમાટે વિહાર, શય્યા, આસન ને ભોજનવેલા એકલા [રહી] અથવા કદાચિત્ તે[સખાઓ]ની સમક્ષમાં [રહી આપ મારાથી] જે અનાદર પામેલા છો તે [સર્વ અપરાધ] હું આપ અપ્રમેયપ્રતિ ક્ષમા કરાવું છું. ૪૨

ટી૦:—અચ્યુત-સર્વદા નિર્વિકાર. સખાઓ-બીજી વૃત્તિઓ. ઉપરના તથા આ શ્લોકમાં આત્માપ્રતિ પોતે જે અયોગ્ય વર્તન કર્યું હોય તેની અંદવિરાગે ક્ષમા માગી છે. આત્માને જેમ છે તેમ નહિ સમજતાં તેને બીજે સ્વરૂપે સમજવો એજ તેની અવગણના કરી કહેવાય છે. ૪૨

હવે પૂર્વોક્ત અપ્રમેયપણાનું-અચિંત્ય પ્રભાવનું-સ્પષ્ટરીતે નિરૂપણ કરે છે:—

पिताऽसि लोकस्य चराचरस्य, त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो, लोकत्रयेऽप्यप्रतिमप्रभाव ॥४३॥

પ૦ ત૦ પ૦:—पिता પિતા **असि** છો **लोकस्य** લોકના **चराचरस्य** ચરાચર **त्वम्** આપ **अस्य** આ **पूज्यः** પૂજ્ય [છો] **च** અને **गुरुः** ગુરુ [છો] **गरीयान्** ઘણા મોટા [છો] **न** નહિ **त्वत्समः** આપના સમાન **अस्ति** છે **अभ्यधिकः** અધિક **कुतः** ક્યાંથી **अन्यः** બીજો **लोकत्रये** ત્રણ લોકમાં **अपि** પણ **अप्रतिमप्रभाव** હે ઉપમારહિત પ્રભાવવાળા ! ૪૩

શ૦:—હે ઉપમારહિત પ્રભાવવાળા ! આ ચરાચર લોકના આપ પિતા છો, અને પૂજ્ય [છો,] ગુરુ [છો, તથા] ઘણા મોટા [છો.] ત્રણ લોકમાં આપના સમાન પણ બીજો નથી, [તો પછી આપનાથી] અધિક [તો] ક્યાંથી [જ હોય] ? ૪૩

ટી૦:—હે ઉપમારહિત સામર્થ્યવાળા ! આ સ્થાવર—જડતાવાળી—તથા જંગમ—ચંચલતાવાળી—સર્વ વૃત્તિઓના આપજ પિતા—પ્રેરક—છો, આપજ પૂજ્ય છો, તથા આપજ સર્વ શાસ્ત્રોનો ઉપદેશ કરનારા ગુરુ છો, અને આપજ સર્વોત્કૃષ્ટ છો. આ ત્રણ શરીરમાં કોઇ પણ વૃત્તિ આપના સમાન નથી, તો પછી આપનાથી શ્રેષ્ઠ તો ક્યાંથીજ હોય ? નજ હોય. ૪૩

આપ એવા છો માટે હું મારા અપરાધોની ક્ષમા કરાવવા-માટે આપને દંડવત્પ્રણામ કરી પ્રાર્થના કરું છું એમ અર્જુન કહે છે:—

तस्मात्प्रणम्य प्रणिधाय कायं, प्रसादये त्वामहमीशमीड्यम् ।
पितेव पुत्रस्य सखेव सख्युः, प्रियः प्रियायार्हसि देव सोढुम्॥४४॥

પ૦ ત૦ પ૦:—तस्मात् તેથી **प्रणम्य** નમસ્કાર કરીને **प्रणिधाय** અત્યંત નીચે ધારણ કરીને **कायम्** દેહને **प्रसादये** પ્રસન્ન થાઓ એવી પ્રાર્થના કરું છું **त्वाम्** આપ **अहम्** હું **ईशम्** ઈશ્વરને **ईड्यम्** સ્તુતિ કરવાયોગ્ય એવા **पिता** પિતાની **इव** પેઠે **पुत्रस्य** પુત્રના [અપરાધને] **सखा** સખાની—મિત્રની **इव** પેઠે **सख्युः** સખાના—મિત્રના [અપરાધને] **प्रियः** પ્રિયની—પતિની—[પેઠે] **प्रियायाः** પ્રિયાના—વહાલી સ્ત્રીના—[અપરાધને] **अर्हसि** યોગ્ય છો **देव** હે દેવ ! **सोढुम्** ક્ષમા કરવાને. ૪૪

શ૦:—તેથી [આપને] નમસ્કાર કરીને [મારા] દેહને અત્યંત નીચે [પૃથ્વીપર દંડની પેઠે] ધારણ કરીને હું

સ્તુતિ કરવાયોગ્ય એવા આપ ઈશ્વરને પ્રસન્ન થાઓ એવી પ્રાર્થના કરું છું [માટે] હે દેવ! પુત્રના [અપરાધને] પિતાની પેઠે, મિત્રના [અપરાધને] મિત્રની પેઠે [ને] પ્રિયાના [અપરાધને] પતિની [પેઠે આપ મારા અપરાધને] ક્ષમા કરવાને યોગ્ય છો. ૪૪

ટી૦:—प्रियायाः अर्हसि એમાં માત્ર વિસર્ગનો લોપ થવો જોઈએ, સંધિ ન થવો જોઈએ, છતાં પણ જે સંધિ થયેલો છે તે આર્ષપ્રયોગ (ઋષિકૃત પ્રયોગ) છે તેથી તે દોષરૂપ ગણાતો નથી. ૪૪

હવે વિશ્વરૂપના ઉપસંહારપૂર્વક પૂર્વરૂપના દર્શનની પ્રાર્થના નીચેના બે શ્લોકોથી અર્જુન કરે છેઃ—

अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा, भयेन च प्रव्यथितं मनो मे ।
तदेव मे दर्शय देव रूपं, प्रसीद देवेश जगन्निवास ॥४५॥

પ૦ ત૦ પ૦:—**अदृष्टपूर्वम्** પૂર્વે નહિ જોયેલા[આ વિશ્વરૂપ]ને **हृषितः** હર્ષ પામ્યો **अस्मि** છું **दृष्ट्वा** જોઈને **भयेन** ભયવડે **च** અને **प्रव्यथितम्** બહુ વ્યાકુલ થયેલું [છે] **मनः** મન **मे** મારું **तत्** તે **एव** જ **मे** મને **दर्शय** દેખાડો **देव** હે દેવ ! **रूपम्** રૂપ **प्रसीद** પ્રસન્ન થાઓ **देवेश** હે દેવોના ઈશ્વર ! **जगन्निवास** હે જગત્‌ના નિવાસ ! ૪૫

શ૦:—પૂર્વે નહિ જોયેલા[આ વિશ્વરૂપ]ને જોઈને [હું] હર્ષ પામ્યો છું, અને ભયવડે મારું મન બહુ વ્યાકુલ થયેલું [છે માટે] મને તે (પૂર્વે જે પ્રતીત થતું હતું તે) રૂપજ દેખાડો. હે દેવ ! હે દેવોના ઈશ્વર ! હે જગત્‌ના નિવાસ ! પ્રસન્ન થાઓ. ૪૫

ટી૦:—જેમ ઉનાળામાં દિવસના બપોરના સૂર્યસામે નાના બાળકની દૃષ્ટિ ટકી શકતી નથી તેમ અંતઃકરણની યોગ્યતારૂપ અધિકારની પ્રાપ્તિ કર્યા વિના ચઢતા ક્રમનું દર્શન સાધકને ભયપ્રદ થાય છે એ તાત્પર્ય આ શ્લોકપરથી વિવેકી સાધકે ધ્યાનમાં લેવાનું છે. ૪૫

किरीटिनं गदिनं चक्रहस्तमिच्छामि त्वां द्रष्टुमहं तथैव ।
तेनैव रूपेण चतुर्भुजेन, सहस्रबाहो भव विश्वमूर्ते ॥४६॥

૫૦ ત૦ ૫૦:—**किरीटिनम्** મુગટવાળા **गदिनम्** ગદાવાળા **चक्रहस्तम्** હાથમાં ચક્રવાળા એવા **इच्छामि** ઇચ્છું છું **त्वाम्** આપને **द्रष्टुम्** જોવાને **अहम्** હું **तथा** તેવા–પ્રથમપ્રમાણે **एव** જ **तेन** તે **एव** જ **रूपेण** રૂપે **चतुर्भुजेन** ચતુર્ભુજ **सहस्रबाहो** હે હજારો બાહુવાળા ! **भव** થાઓ **विश्वमूर्ते** હે વિશ્વમૂર્તે ! ૪૬

શ૦:—હું મુગટવાળા, ગદાવાળા [ને] હાથમાં ચક્રવાળા એવા આપને પ્રથમપ્રમાણેજ જોવાને ઇચ્છું છું. હે હજારો બાહુવાળા ! હે વિશ્વમૂર્તે ! [હવે આપ] તે ચતુર્ભુજરૂપેજ થાઓ.' ૪૬

ટી૦:—અન્ય મનુષ્યોને આત્માનું દ્વિભુજરૂપ (અર્થ અને કામ એવા બે પુરુષાર્થને આપનારું રૂપ) દેખાતું હતું, પણ મંદવિરાગને સર્વદા તેમનું ચતુર્ભુજરૂપ (ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થને આપનારું રૂપ) દેખાતું હતું માટે તેણે તેવા રૂપના દર્શનની પ્રાર્થના કરી છે, અર્થાત્ પામર ને વિષયી માણસો આત્માનું જે માહાત્મ્ય સમજતાં હતાં તેના કરતાં આ મંદવિરાગ જિજ્ઞાસુ હોવાથી તેમનું વિશેષ માહાત્મ્ય સમજતો હતો. ૪૬

પછી ભગવાન્ પોતાનું વિશ્વરૂપ અદૃશ્ય કરી ઉચિત વચનોથી અર્જુનનું આશ્વાસન કરતા છતા કહે છે:—

श्रीभगवानुवाच ॥

मया प्रसन्नेन तवार्जुनेदं, रूपं परं दर्शितमात्मयोगात् ।
तेजोमयं विश्वमनंतमाद्यं, यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ॥४७॥

૫૦ ત૦ ૫૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **मया** મેં **प्रसन्नेन** પ્રસન્ન થયેલા **तव** તમારું–તમને **अर्जुन** હે અર્જુન ! **इदम्** આ **रूपम्** રૂપ **परम्** પર–શ્રેષ્ઠ **दर्शितम्** દેખાડયું [છે] **आत्मयोगात्** પોતાના સામર્થ્યથી **तेजोमयम्** તેજોમય **विश्वम्** વિશ્વરૂપ **अनंतम्** અનંત **आद्यम्** અનાદિ [છે] **यत्** જે **मे** મારું **त्वदन्येन** તમારા વિના બીજાએ મેં નથી **दृष्टपूर्वम्** પૂર્વે જોયેલું. ૪૭

શ૦:—શ્રીભગવાન્ બોલ્યા:–' હે અર્જુન ! પ્રસન્ન થયેલા મેં પોતાના સામર્થ્યથી તમને આ શ્રેષ્ઠ રૂપ દેખાડયું [છે. તે

રૂપ] તેજોમય, વિશ્વરૂપ, અનંત [તથા] અનાદિ [છે,] જે મારું [રૂપ] તમારા વિના બીજાએ પૂર્વે જોયેલું નથી. ૪૭

ટી૦:—તેજોમય–હજારો સૂર્યના પ્રકાશના જેવા પ્રકાશવાળું. તમારા વિના એમ કહેવાથી એ સૂચવ્યું જે તારા જેવા મારે અનન્ય શરણ થયેલા શ્રદ્ધાવાળાનેજ મારું આવું દર્શન થાય છે, અન્યને મારું આવું દર્શન થતું નથી. ૪૭

હવે ભગવાન્ પોતાના વિશ્વરૂપના દર્શનનું દુર્લભપણું જણાવે છેઃ—

न वेदयज्ञाध्ययनैर्न दानैर्, न च क्रियाभिर्न तपोभिरुग्रैः ।
एवंरूपः शक्य अहं नृलोके, द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ॥४८॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **वेदयज्ञाध्ययनैः** વેદોના તથા યજ્ઞોના અધ્યયનવડે **न** નથી **दानैः** દાનોવડે **न** નથી **च** અને **क्रियाभिः** ક્રિયાઓવડે **न** નથી **तपोभिः** તપોવડે **उग्रैः** ઉગ્ર **एवंरूपः** આવા રૂપવાળો–આવા વિશ્વરૂપવાળો **शक्यः** શક્ય **अहम्** હું **नृलोके** મનુષ્યલોકમાં **द्रष्टुम्** જોવાને **त्वदन्येन** તમારા વિના બીજાએ **कुरुप्रवीर** હે કુરુવંશમાં અતિશૂરવીર ! ૪૮

શ૦:—હે કુરુવંશમાં અતિશૂરવીર ! [આ] મનુષ્યલોકમાં આવા વિશ્વરૂપવાળો હું તમારા વિના બીજાએ વેદોના તથા યજ્ઞોના અધ્યયનવડે જોવાને શક્ય નથી, દાનોવડે [પણ જોવાને શક્ય] નથી, અને ક્રિયાઓવડે [પણ જોવાને શક્ય] નથી, [તેમજ] ઉગ્ર તપોવડે [પણ જોવાને શક્ય] નથી. ૪૮

ટી૦:—વેદોના અધ્યયનવડે–શ્રદ્ધાથી ને પ્રીતિથી પવિત્રતાપૂર્વક ઋગાદિ ચારે વેદોનું જે શ્રીગુરુમુખથી ભણવું તેવડે. યજ્ઞોના અધ્યયનવડે–પૂર્વમીમાંસા ને કલ્પસૂત્ર ઇત્યાદિકથી વેદોમાં બોધન કરેલાં યજ્ઞાદિ કર્મોના અર્થના વિચારવડે. ક્રિયાઓ–અગ્નિહોત્રાદિ શ્રૌત તથા સ્માર્ત કર્મો. शक्यः अहंને સ્થાને शक्योऽहं કહેવું જોઇએ, પણ તેમ નહિ કહેતાં વિસર્ગનો લોપ કરી જે शक्य अहं એવો પ્રયોગ કર્યો છે તે પ્રયોગ આર્ષ છે. ૪૮

જો તમને મારું આ વિશ્વરૂપ જોઇને ઉદ્વેગ થતો હોય તો હું મારું તે વિશ્વરૂપ શમાવી દઉં છું માટે તમે વ્યથા ન પામો એમ કહે છેઃ—

मा ते व्यथा मा च विमूढभावो, दृष्ट्वा रूपं घोरमीदृङ्ममेदम् ।
व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं, तदेव मे रूपमिदं प्रपश्य ॥४९॥

૫૦ ત૦ ૫૦:—**मा** [થાઓ] નહિ **ते** તમને **व्यथा** વ્યથા-દુઃખ **मा** [થાઓ] નહિ **च** અને **विमूढभाव:** અત્યંત મૂઢપણું **दृष्ट्वा** જોઇને **रूपम्** રૂપને **घोरम्** ભયંકર **ईदृक्** આવા પ્રકારના **मम** મારા **इदम्** આ **व्यपेतभी:** ભયરહિત **प्रीतमना:** પ્રસન્નમનવાળા [થઇને] **पुन:** ફરીથી **त्वम्** તમે **तत्** તે **एव** જ **मे** મારા **रूपम्** રૂપને **इदम्** આ **प्रपश्य** સારી રીતે જુઓ. ૪૯

શ૦:—મારા આવા પ્રકારના આ ભયંકર રૂપને જોઇને તમને દુઃખ [થાઓ] નહિ, અને અત્યંત મૂઢપણું [પણ થાઓ] નહિ, [કિંતુ] ભયરહિત પ્રસન્નમનવાળા [થઇને] તમે ફરીથી મારા તે (પૂર્વના) આ રૂપનેજ સારી રીતે જુઓ.' ૪૯

ટી૦:—દુઃખ-અંતઃકરણમાં ભયથી ઉપજેલી પીડા. અત્યંત મૂઢપણું-ચિત્તનું બહુ વ્યાકુલપણું તથા અસંતોષ. ૪૯

પછી ભગવાને જે પ્રવૃત્તિ કરી તે સંજય ધૃતરાષ્ટ્રને કહે છે:—

संजय उवाच ॥

इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा, स्वकं रूपं दर्शयामास भूयः ।
आश्वासयामास च भीतमेनं, भूत्वा पुनः सौम्यवपुर्महात्मा ॥५०॥

૫૦ ત૦ ૫૦:—**संजय:** સંજય **उवाच** બોલ્યા ॥ **इति** એ પ્રમાણે **अर्जुनम्** અર્જુનને **वासुदेव:** વાસુદેવ-શ્રીકૃષ્ણ **तथा** તે પ્રકારના **उक्त्वा** કહીને **स्वकम्** પોતાના **रूपम्** રૂપને **दर्शयामास** દેખાડતા હવા **भूय:** ફરીથી **आश्वासयामास** આશ્વાસન કરતા હવા **च** અને **भीतम्** ભય પામેલા **एनम्** એમનું **भूत्वा** થઇને **पुन:** ફરીને **सौम्यवपु:** સૌમ્યશરીર-વાળા **महात्मा** મહાત્મા. ૫૦

શ૦:—સંજય બોલ્યા:-[હે ધૃતરાષ્ટ્ર !] શ્રીકૃષ્ણ અર્જુનને એ પ્રમાણે કહીને તે પ્રકારના (અર્જુને ઇચ્છેલા) પોતાના રૂપને ફરીથી દેખાડતા હવા, અને [તે] મહાત્મા

ફરીને સૌમ્યશરીરવાળા થઈને ભય પામેલા એમનું આશ્વાસન કરતા હવા. ૫૦

ટી૦:—મહાત્મા–કોઇ પણ પ્રકારના સ્વાર્થવિનાની પરમદયા જેમના ચિત્તમાં છે એવા–પરમદયાળુ. સૌમ્ય–જેને જોઇને જોનારને પ્રસન્નતા ઉપજે એવા. આશ્વાસન–આસનાવાસના. ૫૦

પછી અર્જુન ભયરહિત થઈને આવી રીતનાં વચનો કહેવા લાગ્યા:—

अर्जुन उवाच ॥

दृष्ट्वेदं मानुषं रूपं, तव सौम्यं जनार्दन ।
इदानीमस्मि संवृत्तः, सचेताः प्रकृतिं गतः ॥५१॥

૫૦ ત૦ ૫૦:—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **दृष्ट्वा** જોઇને **इदम्** આ **मानुषम्** મનુષ્યસંબંધી **रूपम्** રૂપને **तव** આપના **सौम्यम्** સૌમ્ય **जनार्दन** હે જનાર્દન ! **इदानीम्** હવે **अस्मि** છું **संवृत्तः** થયેલો **सचेताः** વ્યાકુલતારહિત ચિત્તવાળો **प्रकृतिम्** સ્વસ્થતાને **गतः** પામેલો [છું.] ૫૧

શ૦:—અર્જુન બોલ્યા:–' હે જનાર્દન ! આપના આ મનુષ્યસંબંધી સૌમ્ય રૂપને જોઈને હવે [હું] વ્યાકુલતારહિત ચિત્તવાળો થયેલો છું, [ને] સ્વસ્થતાને પામ્યો [છું.]' ૫૧

ટી૦:—જનાર્દનનો અર્થ પૂર્વે કર્યો છે તેજ અહિં સમજવો. ૫૧

હવે ભગવાન્ વિશ્વરૂપના દર્શનરૂપ અનુગ્રહનું દુર્લભપણું નીચેના ચાર શ્લોકોથી કહે છે:—

श्रीभगवानुवाच ॥

सुदुर्दर्शमिदं रूपं, दृष्टवानसि यन्मम ।
देवा अप्यस्य रूपस्य, नित्यं दर्शनकांक्षिणः ॥५२॥

૫૦ ત૦ ૫૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **सुदुर्दर्शम्** જોવું અત્યંત અશક્ય [છે] **इदम्** એ **रूपम्** રૂપને **दृष्टवान्** જોતા **असि** હતા **यत्** જે **मम** મારા **देवाः** દેવો **अपि** પણ **अस्य** એ **रूपस्य** રૂપના **नित्यम्** નિરંતર **दर्शनकांक्षिणः** દર્શનની ઇચ્છાવાળા [છે.] ૫૨

શ૦:—શ્રીભગવાન્ બોલ્યાઃ–' મારા જે રૂપને [તમે હમણાં] જોતા હતા એ [રૂપ] જોવું અત્યંત અશક્ય [છે.] દેવો પણ નિરંતર એ રૂપના દર્શનની ઈચ્છાવાળા [છે.] ૫૨

ટી૦:—જોવું અત્યંત અશક્ય–બહુજ દુઃખે કરીને અનુભવી શકાય એવું. દેવો–સાત્વિકીવૃત્તિઓ. ૫૨

नाहं वेदैर्न तपसा, न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं, दृष्टवानसि मां यथा ॥५३॥

પ૦ ત૦ પ૦:—न નથી अहम् હું वेदैः વેદોવડે–વેદોના અધ્યયનવડે न નથી तपसा તપવડે न નથી दानेन દાનવડે न નથી च અને इज्यया અગ્નિહોત્રાદિક કર્મવડે शक्यः શક્ય एवंविधः એવા પ્રકારનો द्रष्टुम् જોવાને दृष्टवान् જોતા असि હતા माम् મને यथा જે પ્રકારનો. ૫૩

શ૦:—[તમે] મને જે પ્રકારનો જોતા હતા એવા પ્રકારનો હું વેદોના અધ્યયનવડે [પણ] જોવાને શક્ય નથી, [તથા] તપવડે [પણ જોવાને શક્ય] નથી, [વળી] દાનવડે [પણ જોવાને શક્ય] નથી, અને અગ્નિહોત્રાદિક કર્મવડે [પણ જોવાને શક્ય] નથી. ૫૩

ટી૦:—न वेदयज्ञाध्ययनैर्न दानैः એ શ્લોકમાં કહેલા ભાવનેજ અહિં પુનઃ કહ્યો છે તે વિરાટ્સ્વરૂપના દર્શનની અત્યંત દુર્લભતા જણાવવામાટે કહેલ છે તેથી આ શ્લોકમાં પુનરુક્તિનો દોષ પ્રાપ્ત થતો નથી. ૫૩

હવે વિશ્વરૂપના દર્શનનો ઉપાય કહે છેઃ—

भक्त्या त्वनन्यया शक्य, अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन, प्रवेष्टुं च परंतप ॥५४॥

પ૦ ત૦ પ૦:—भक्त्या ભક્તિવડે तु જ अनन्यया અનન્ય शक्यः શક્ય [છું] अहम् હું एवंविधः એ પ્રકારનો अर्जुन હે અર્જુન! ज्ञातुम् જાણવાને द्रष्टुम् સાક્ષાત્કાર કરવાને च તથા तत्त्वेन વાસ્તવિકસ્વરૂપે प्रवेष्टुम् પેસવાને–મળવાને च અને परंतप હે પરંતપ ! ૫૪

શ૦:—હે અર્જુન ! હે પરંતપ ! એ પ્રકારનો હું અનન્યભક્તિવડેજ જાણવાને શક્ય [છું,] તથા વાસ્તવિકસ્વરૂપે સાક્ષાત્કાર કરવાને અને [અભેદરૂપે] મળવાને [શક્ય છું.] ૫૪

ટી૦:—પરંતપ-વિષયોની આસક્તિરૂપ શત્રુનો નાશ કરનાર-મંદ-વિરાગ. શક્યઃ અહં એમાં સંધિ નહિ કરતાં જે માત્ર વિસર્ગનોજ લોપ કર્યો છે તે પ્રયોગ આગળની પેઠે આર્ષ છે. અનન્યભક્તિ-સર્વ વિષયવાસના-ઓનો પરિત્યાગ કરીને એક આત્મામાંજ જે નિરતિશય પ્રીતિ રાખવી તે. ૫૪

હવે સંપૂર્ણ ગીતાશાસ્ત્રનો સારભૂત અર્થ મુમુક્ષુજનોના અનુષ્ઠાનમાટે એકઠો કરીને કહે છે:—

मत्कर्मकृन्मत्परमो, मद्भक्तः संगवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु, यः स मामेति पांडव ॥५५॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे विश्वरूपदर्शनं नामैकादशोऽध्यायः ॥११॥

પદચ્છેદ તથા પદાર્થ:—**मत्कर्मकृत्** મારે અર્થે કર્મ કરનારો **मत्परमः** હુંજ જેને મુખ્ય છું એવો **मद्भक्तः** મારો ભક્ત **संगवर्जितः** જેણે સંગનો ત્યાગ કર્યો છે એવો **निर्वैरः** વેરરહિત [છે] **सर्वभूतेषु** સર્વ-ભૂતોમાં **यः** જે **सः** તે **माम्** મને **एति** જાય છે-પામે છે **पांडव** હે પાંડવ!—હે અર્જુન ! ૫૫

શબ્દાર્થ:—હે પાંડવ ! જે મારે અર્થે કર્મ કરનારો, હુંજ જેને મુખ્ય છું એવો, મારો ભક્ત, જેણે સંગનો ત્યાગ કર્યો છે એવો [અને] સર્વભૂતોમાં વેરરહિત [છે] તે મને પામે છે.' ૫૫

ટીકા:—કર્મ-વેદવિહિત અગ્નિહોત્રાદિક શ્રૌતસ્માર્ત ક્રિયા. મુખ્ય-પ્રાપ્ત કરવાયોગ્ય સ્થાન. સંગ-સ્ત્રી, પુત્ર, ધન ને ઘર આદિ પદાર્થોની ઇચ્છા. પાંડવ-વિવેકનો પુત્ર-મંદવિરાગ. શ્લોકના પહેલા શબ્દથી સંપૂર્ણ કર્મયોગનો, બીજા શબ્દથી સંપૂર્ણ ધ્યાનયોગનો, ત્રીજા શબ્દથી સમગ્ર ઉપાસનાકાંડનો, ચોથા શબ્દથી એકાંતસેવનનો ને પાંચમા શબ્દથી સર્વાત્મભાવનો બોધ કર્યો છે. એ રીતે આ એક શ્લોકમાં સર્વ ગીતાનો સારભૂત અર્થ કહી દેખાડયો છે. ૫૫

इति श्रीमन्मधुसमशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्य-दीपिकाख्यायां विश्वरूपदर्शनं नामैकादशोऽध्यायः ॥११॥

॥ ॐ ॥

અધ્યાય ૧૨ મો.

ભક્તિયોગ.

પોતાના અધિકારનો નિર્ણય કરવામાટે સગુણવિદ્યા તથા નિર્ગુણવિદ્યા એ બંનેને વિશેષપણે જાણવાની ઇચ્છાથી અર્જુન શ્રીભગવાનને પૂછે છેઃ—

अर्जुन उवाच ॥

एवं सततयुक्ता ये, भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं, तेषां के योगवित्तमाः ॥१॥

પદચ્છેદ તથા પદાર્થઃ—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **एवम्** એ પ્રમાણે **सततयुक्ताः** નિરંતર યુક્ત થયેલા **ये**[4] જેઓ **भक्ताः** ભક્તો **त्वाम्** આપનું **पर्युपासते** નિરંતર ચિંતન કરે છે **ये**[8] જે **च** અને **अपि** જ **अक्षरम्** અક્ષરનું **अव्यक्तम्** અવ્યક્તનું **तेषाम्**[12] તેઓમાં **के**[13] કોણ **योगवित्तमाः**[14] યોગમાં અતિશય કુશલ [છે?] ૧

શબ્દાર્થઃ—અર્જુન બોલ્યાઃ—'એ પ્રમાણે નિરંતર યુક્ત થયેલા ભક્તો જેઓ આપનું નિરંતર ચિંતન કરે છે, અને જે [વિરક્ત પુરુષો] અક્ષરનું [તથા] અવ્યક્તનુંજ [નિરંતર ચિંતન કરે છે,] તેઓમાં કોણ યોગમાં અતિશય કુશલ [છે ? '] ૧

ટીકાઃ—જે અધિકારી પુરુષો ગયા અધ્યાયના છેલ્લા શ્લોકમાં કહ્યા પ્રમાણે સર્વ કર્મો આપને અર્પણ કરી, આપને શરણ થઇ, આપના સગુણરૂપનુંજ નિરંતર ચિંતન કરે છે, તથા જે અધિકારી જનો સર્વ સંસારથી વિરક્ત થઇ, તથા સર્વ કર્મોનો ત્યાગ કરી, અવિનાશી તથા ઇંદ્રિયોથી નહિ જણાતા આપના નિર્ગુણરૂપનુંજ શ્રદ્ધાભક્તિપૂર્વક નિરંતર ચિંતન કરે છે તે બેમાં વિશેષ યોગ (સમાધિ) જાણનાર કોણ છે ? ૧

અર્જુનનો સગુણવિદ્યામાં અધિકાર જોઈ તેની તેમાં રુચિ

ઉપજાવવામાટે ભગવાન્ સગુણવિદ્યાની સ્તુતિ કરી તેનું શ્રેષ્ઠપણું બતાવે છે:—

श्रीभगवानुवाच ॥

मय्यावेश्य मनो ये मां, नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥२॥

પ૦ ત૦ પ૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **मयि** મારામાં **आवेश्य** પેસાડીને—એકાગ્ર કરીને **मनः** 'મનને **ये**' જેઓ **माम्** મને **नित्ययुक्ताः** નિત્યયુક્ત [થઇ] **उपासते** ઉપાસે છે-ચિંતન કરે છે **श्रद्धया** શ્રદ્ધાવડે **परया** પર-સાત્ત્વિકી **उपेताः** યુક્ત [થઇને] **ते**" તેઓને **मे**" મેં **युक्ततमाः** યુક્તપુરુષોમાં શ્રેષ્ઠ **मताः** માનેલા [છે.] ૨

શ૦:—**શ્રીભગવાન્ બોલ્યા**:-'જેઓ [પોતાના] મનને મારામાં એકાગ્ર કરીને નિત્યયુક્ત [થઈ] સાત્ત્વિકી શ્રદ્ધાવડે યુક્ત [થઇને] મને ઉપાસે છે તેઓને મેં યુક્તપુરુષોમાં શ્રેષ્ઠ માનેલા [છે.] ૨

ટી૦:—મારામાં—મારા સગુણરૂપમાં. નિત્યયુક્ત—નિરંતર મારા ચિંતનમાં ઉદ્યમી. સાત્ત્વિકી શ્રદ્ધાવડે—સગુણરૂપનું આરાધન કરવાથી અવશ્ય અમને મોક્ષ મળશે એવી રીતની આસ્તિક્યબુદ્ધિવડે. ૨

સગુણરૂપનું ઉપાસન કરનારામાં નિર્ગુણરૂપનું ઉપાસન કરનારાથી શું અધિકપણું છે એવી જિજ્ઞાસા અર્જુનને થાય તો તેનું ઉત્તર આપતા પહેલાં નીચેના બે શ્લોકોથી નિર્ગુણરૂપને જાણનારાઓની ભગવાન્ સ્તુતિ કરે છે:—

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिंत्यं च, कूटस्थमचलं ध्रुवम् ॥३॥
संनियम्येंद्रियग्रामं, सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवंति मामेव, सर्वभूतहिते रताः ॥४॥

પ૦ ત૦ પ૦:—**ये**' જેઓ **तु** વળી **अक्षरम्** અક્ષરને **अनिर्देश्यम्** શબ્દવડે કહેવાને અશક્ય **अव्यक्तम्** અવ્યક્ત-નિર્ગુણબ્રહ્મ **पर्युपासते** નિરંતર ઉપાસે છે **सर्वत्रगम्** સર્વવ્યાપક **अचिंत्यम्** ચિંતવી ન શકાય

એવા **च** અને **कूटस्थम्** કૂટસ્થ **अचलम्** અચલ **ध्रुवम्** ધ્રુવ–પરિણામિ-ભાવથી રહિત **संनियम्य** સારી રીતે નિયમમાં લાવીને **इंद्रियग्रामम्** ઇંદ્રિયોના સમૂહને **सर्वत्र** સર્વ ઠેકાણે **समबुद्धयः** સમાન (રાગદ્વેષવિનાની) બુદ્ધિવાળા [થઇ] **ते** તેઓ **प्राप्नुवंति** પામે છે **माम्** મને **एव** જ **सर्वभूतहिते** સર્વ પ્રાણીઓના હિતમાં **रताः** પ્રીતિવાળા [થઈ.] ૩–૪

શ૦:—વળી જેઓ ઇંદ્રિયોના સમૂહને સારી રીતે નિયમમાં લાવીને સર્વ ઠેકાણે સમાન બુદ્ધિવાળા [થઈ તથા] સર્વ પ્રાણીઓના હિતમાં પ્રીતિવાળા [થઇ] શબ્દવડે કહેવાને અશક્ય, અવ્યક્ત, સર્વવ્યાપક, અચિંત્ય અને કૂટસ્થ, અચલ [તથા] પરિણામિભાવથી રહિત [એવા નિર્ગુણબ્રહ્મરૂપ] અક્ષરને નિરંતર ઉપાસે છે તેઓ [પણ] મનેજ (નિર્ગુણબ્રહ્મનેજ) પામે છે. ૩–૪

ટી૦:—અવ્યક્ત–શબ્દની પ્રવૃત્તિનાં નિમિત્ત જે જાતિ, ગુણ, ક્રિયા ને સંબંધ તેનાથી રહિત. કૂટસ્થ–મિથ્યામાં–કાર્યસહિત અજ્ઞાનમાં–અધ્યાસના સંબંધથી અધિષ્ઠાનરૂપે સ્થિર રહેનાર–આત્મા. અચલ–અવિકારી. ૩–૪

હવે અધિકારને લક્ષમાં રાખી નિર્ગુણરૂપનું ચિંતન કરનારાથી સગુણરૂપનું ચિંતન કરનારાનું અધિકપણું જણાવે છે:—

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं, देहवद्भिरवाप्यते ॥५॥

પ૦ ત૦ પ૦:—**क्लेशः** ક્લેશ **अधिकतरः** અધિકથી વધારે–અત્યંત **तेषाम्** તેઓને **अव्यक्तासक्तचेतसाम्** અવ્યક્તમાં આસક્ત ચિત્તવાળા એવા **अव्यक्ता** અવ્યક્ત–નિર્ગુણ **हि** કેમકે **गतिः** ગતિ–બ્રહ્મ **दुःखम्** દુઃખે કરીને **देहवद्भिः** દેહાભિમાનીઓવડે **अवाप्यते** પમાય છે. ૫

શ૦:—અવ્યક્તમાં આસક્ત ચિત્તવાળા એવા તેઓને અધિકથી વધારે ક્લેશ [થાય છે,] કેમકે દેહાભિમાનીઓવડે નિર્ગુણબ્રહ્મ દુઃખે કરીને પમાય છે. ૫

ટી૦:—સગુણસ્વરૂપનું ચિંતન કરનાર અધિકારી પુરુષને પૂર્વોક્ત સાધનો સિદ્ધ કરી ઉપાસનામાં તત્પર રહેવાથી કર્મ કરનારના કરતાં અધિક ક્લેશ થાય છે ખરો, પણ તેમને અધિકતર ક્લેશ થતો નથી, પરંતુ જેઓ નિર્ગુણસ્વરૂપમાં આસક્તિવાળા થઈ તેના ચિંતનમાં રહે છે તેમને અધિકથી

વધારે (ઘણોજ) ક્લેશ (પ્રયત્ન) થાય છે, કેમકે જેઓના દેહાભિમાનની નિવૃત્તિ થઇ નથી તેમને નિર્ગુણસ્વરૂપની પ્રાપ્તિ બહુ દુઃખે કરીને થાય છે, તાત્પર્ય કે શમદમાદ સાધનો સિદ્ધ કરી, શ્રીસદ્‌ગુરુસમીપ જઇ, તેમનું શરણ ગ્રહણ કરી, વેદાંતનું શ્રવણમનન કરી, નિદિધ્યાસનમાં રત રહી, આત્મસાક્ષાત્કાર કરવો એ બહુપ્રયત્નસાધ્ય છે, અને સગુણસ્વરૂપના ચિંતનમાં રત રહેવું એ તેનાથી ન્યૂનપ્રયત્નસાધ્ય છે, માટે તે બંનેને ફલમાં સમાનતા છતાં પણ માત્ર પ્રયત્નના ઓછાવત્તાપણાથી સગુણોપાસકનું નિર્ગુણોપાસકથી અધિકપણું જણાવ્યું છે. ૫

સગુણસ્વરૂપના જાણનારને પૂર્વોક્ત ક્લેશવિના નિર્ગુણસ્વરૂપનું જ્ઞાન તથા મોક્ષ થાય છે એમ જણાવે છેઃ—

ये तु सर्वाणि कर्माणि, मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन, मां ध्यायंत उपासते ॥६॥

૫૦ ત૦ ૫૦:—**ये** જેઓ **तु** પણ **सर्वाणि** સર્વ **कर्माणि** કર્મોને **मयि** મારામાં **संन्यस्य** અર્પણ કરીને **मत्पराः** મારે પરાયણ [થઈ] **अनन्येन** અનન્ય **एव** જ **योगेन** યોગવડે **माम्** મારું **ध्यायंतः** ચિંતન કરતા છતા **उपासते** ઉપાસે છે. ૬

શ૦:—પણ જેઓ સર્વ કર્મોને મારામાં અર્પણ કરીને મારે પરાયણ [થઇ] અનન્યયોગવડે મારુંજ ચિંતન કરતા છતા [મને] ઉપાસે છે, ૬

ટી૦:—સર્વ કર્મો–નિત્ય, નૈમિત્તિક ને સ્વાભાવિક આદિ સર્વ ક્રિયાઓ. પરાયણ–અત્યંત પ્રીતિવાળા. અનન્યયોગવડે–પરમાત્માથી ભિન્ન બીજા આલંબનવિનાના સમાધિવડે. ૬

तेषामहं समुद्धर्ता, मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ, मय्यावेशितचेतसाम् ॥७॥

૫૦ ત૦ ૫૦:—**तेषाम्** તેઓનો **अहम्** હું **समुद्धर्ता** સારી રીતે ઉદ્ધાર કરનારો **मृत्युसंसारसागरात्** મૃત્યુયુક્ત સંસારસમુદ્રમાંથી **भवामि** થાઉં છું **न चिरात्** તુરતજ **पार्थ** હે પાર્થ ! **मयि** મારામાં **आवेशितचेतसाम्** પ્રવેશ કરાવેલા ચિત્તવાળા. ૭

શ૦:—હે પૃથાના પુત્ર ! મારામાં પ્રવેશ કરાવેલા ચિત્તવાળા તેઓનો હું મૃત્યુયુક્ત સંસારસમુદ્રમાંથી તુરતજ સારી

રીતે ઉદ્ધાર કરનારો થાઉં છું. ૭

ટી૦:—મૃત્યુયુક્ત સંસાર–મૃત્યુથી યુક્ત અજ્ઞાન તથા તે અજ્ઞાનના કાર્યરૂપ આ સંસાર. તુરતજ–થોડા સમયમાં. ઉદ્ધાર કરનારો–શુદ્ધ આત્મસ્વરૂપરૂપી ઊર્ધ્વસ્થાનમાં ધારણ કરનારો. ૭

હવે તે સગુણસ્વરૂપની ઉપાસનાનું વિધાન કરે છે:—

मय्येव मन आधत्स्व, मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव, अत ऊर्ध्वं न संशयः ॥८॥

પ૦ ત૦ પ૦:—**मयि** મારામાં **एव** જ **मनः** મન **आधत्स्व** સ્થિર કરો **मयि** મારામાં **बुद्धिम्** બુદ્ધિને **निवेशय** પેસાડો–સ્થિર કરો **निवसिष्यसि** નિવાસ કરશો **मयि** મારામાં **एव** જ **अतः** આથી–આ શરીરપાતથી **ऊर्ध्वम्** પછી **न** નહિ **संशयः** સંશય. ૮

શ૦:—મન મારામાંજ (સગુણબ્રહ્મમાંજ) સ્થિર કરો, બુદ્ધિને [પણ] મારામાં[જ] સ્થિર કરો; આ શરીરપાતથી પછી મારામાંજ (નિર્ગુણબ્રહ્મમાંજ) નિવાસ કરશો, [એમાં] સંશય [કરવો] નહિ. ૮

ટી૦:—મન–સંકલ્પવિકલ્પ કરનારું અંતઃકરણ. બુદ્ધિ–નિશ્ચય કરનારું અંતઃકરણ. શ્લોકનું ચરણ પૂરું કરવામાટે एव તથા अतःનો સંધિ કર્યો નથી. ૮

એમ કરવામાં જે અશક્ત હોય તેમને માટે તેમની અશક્તિના તારતમ્યપ્રમાણે બીજાં સાધનો નીચેના ત્રણ શ્લોકોથી કહે છે:—

अथ चित्तं समाधातुं, न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो, मामिच्छाप्तुं धनंजय ॥९॥

પ૦ ત૦ પ૦:—**अथ** જો **चित्तम्** ચિત્તને **समाधातुम्** સ્થાપન કરવાને **न** નહિ **शक्नोषि** શક્તિમાન્ થાઓ **मयि** મારામાં **स्थिरम्** સ્થિર **अभ्यासयोगेन** અભ્યાસયોગવડે **ततः** તો **माम्** મને **इच्छ** ઇચ્છો **आप्तुम्** પામવાને **धनंजय** હે ધનંજય ! ૯

શ૦:—હે ધનંજય ! (રાજસૂયયજ્ઞમાં સર્વ રાજાઓને જિતી દ્રવ્ય લાવનાર !) જો [તમે] મારામાં ચિત્તને સ્થિર

સ્થાપન કરવાને નહિ શક્તિમાન્ થાઓ તો અભ્યાસયોગવડે મને પામવાને ઇચ્છો. ૯

ટી૦:—અભ્યાસયોગવડે-સાત્ત્વિક ઇષ્ટદેવની કિંવા જેઓના હૃદયમાં હું પ્રકટ થયો છું તેવા મહાત્માઓની પ્રતિમાદિકમાં ચિત્તને વારંવાર સ્થાપન કરવાના અભ્યાસપૂર્વક જે ચિત્તની સ્થિરતા તેવડે. ઇચ્છો-પ્રયત્ન કરો. ૯

अभ्यासेऽप्यसमर्थोऽसि, मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि, कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥१०॥

પ૦ ત૦ પ૦:—**अभ्यासे** અભ્યાસમાં **अपि** પણ **असमर्थः** અસમર્થ **असि** હો **मत्कर्मपरमः** મારા કર્મમાં પરાયણ **भव** થાઓ **मदर्थम्** મારે અર્થે **अपि** પણ **कर्माणि** કર્મોને **कुर्वन्** કરતા [છતા] **सिद्धिम्** સત્ત્વશુદ્ધિને **अवाप्स्यसि** પામશો. ૧૦

શ૦:—અભ્યાસમાં પણ [જો તમે] અસમર્થ હો [તો] મારા કર્મમાં (નવધા ભક્તિમાં) પરાયણ થાઓ. મારે અર્થે કર્મોને કરતા [છતા] પણ [તમે] સત્ત્વશુદ્ધિને પામશો. ૧૦

ટી૦:—મારા કર્મમાં-મારાં નામો સાંભળવાં, મારાં નામોનું મોઢેથી ઉચ્ચારણ કરવું, મનમાં મારું સ્મરણ કરવું, મારી પ્રતિમાનાં કે મહાત્માઓનાં ચરણની સેવા કરવી, મારી પ્રતિમાનું કે મહાત્માઓનું પૂજન કરવું, શરીર મન અને વાણીથી મારી પ્રતિમાને કે મહાત્માઓને નમસ્કાર કરવા, મારો કે મહાત્માઓનો દાસભાવ કરવો, મારામાં કે મહાત્માઓમાં સખાભાવ કરવો, અને મને કે મહાત્માઓને પોતાના શરીરરૂપ આત્માનું અર્પણ કરવું એ નવ કર્મોમાં. અહિં મહાત્માશબ્દવડે જેઓના વિશુદ્ધ ને સુસ્થિર અંતઃકરણમાં આત્માનો સાક્ષાત્કાર થયો છે એવા મહાપુરુષો સમજવા. સત્ત્વશુદ્ધિને-અંતઃકરણની નિર્મલતાને. ૧૦

अथैतदप्यशक्तोऽसि, कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं, ततः कुरु यतात्मवान् ॥११॥

પ૦ ત૦ પ૦:—**अथ** જો **एतत्** એ-ભગવત્સંબંધી કર્મ **अपि** પણ **अशक्तः** અશક્ત **असि** હો **कर्तुम्** કરવાને **मद्योगम्** મારા યોગનો **आश्रितः** આશ્રય કરીને **सर्वकर्मफलत्यागम्** સર્વકર્મના ફલનો ત્યાગ **ततः** તો **कुरु** કરો **यतात्मवान्** વશ રાખેલા ચિત્તવાળા [થઇ.] ૧૧

શ૦:—જો ભગવત્સંબંધી કર્મ કરવાને પણ અશક્ત હો તો મારા યોગનો આશ્રય કરીને વશ રાખેલા ચિત્તવાળા [થઈ] સર્વ કર્મના ફલનો ત્યાગ કરો. ૧૧

ટી૦:—મારા યોગનો-મારામાં-મને-સર્વ શ્રૌતસ્માર્ત કર્મો અર્પણ કરવારૂપ યોગનો. ૧૧

હવે સર્વકર્મોના ફલના ત્યાગરૂપ સાધનની સ્તુતિ કરે છેઃ—

श्रेयो हि ज्ञानमभ्यासाज्, ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छांतिरनंतरम् ॥१२॥

પ૦ ત૦ પ૦:—**श्रेयः** શ્રેષ્ઠ [છે] **हि** નિશ્ચય **ज्ञानम्** જ્ઞાન **अभ्यासात्** અભ્યાસથી **ज्ञानात्** જ્ઞાનથી **ध्यानम्** ધ્યાન **विशिष्यते** શ્રેષ્ઠ છે **ध्यानात्** ધ્યાનથી **कर्मफलत्यागः** કર્મના ફલનો ત્યાગ **त्यागात्** ત્યાગથી **शांतिः** શાંતિ **अनंतरम्** પછી. ૧૨

શ૦:—અભ્યાસથી જ્ઞાન નિશ્ચય શ્રેષ્ઠ [છે,] જ્ઞાનથી ધ્યાન શ્રેષ્ઠ છે, ધ્યાનથી કર્મના ફલનો ત્યાગ [શ્રેષ્ઠ છે, ને] ત્યાગથી પછી [શીઘ્ર] શાંતિ [થાય છે.] ૧૨

ટી૦:—વેદાંતના શ્રવણમનનના અભ્યાસથી આત્માનું પરોક્ષજ્ઞાન શ્રેષ્ઠ છે. આત્માના પરોક્ષજ્ઞાનથી નિદિધ્યાસરૂપ આત્મધ્યાન શ્રેષ્ઠ છે. એવું આત્મધ્યાન જોકે સર્વથી શ્રેષ્ઠ છે તોપણ અજ્ઞાનીઓથી તે આત્મધ્યાન બની શકે નહિ માટે તેમના સારૂ એવા આત્મધ્યાનના કરતાં શ્રૌતસ્માર્ત કર્મોના ફલનો ત્યાગ એ શ્રેષ્ઠ છે, કે જે ત્યાગ કર્યા પછી તેમના ચિત્તને શીઘ્ર શાંતિ થાય છે, કેમકે કર્મોના ફલનો ત્યાગ કરવાથી એવા મોક્ષ-સાધકોના હૃદયમાં રહેલી સર્વે વિષયકામનાઓ નાશ પામે છે, ને તેથી તેમના અંતઃકરણની શુદ્ધિ થયાથી તેઓ જ્ઞાનદ્વારા કૃતાર્થ થાય છે. ૧૨

પૂર્વે જે સગુણોપાસકનું નિર્ગુણોપાસકથી શ્રેષ્ઠપણું બતાવ્યું છે તે અધિકારીના ભેદને લીધે છે, કાંઈ નિર્ગુણોપાસના ગૌણ છે, અને સગુણોપાસના શ્રેષ્ઠ છે એમ જણાવવામાટે નથી, એ વિષયને વિશેષ સ્પષ્ટ કરવા નીચેના સાત શ્લોકોથી કૃતાર્થ થયેલા નિર્ગુણોપાસકની સ્તુતિ કરે છેઃ—

अद्वेष्टा सर्वभूतानां, मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः, समदुःखसुखः क्षमी ॥१३॥

૫૦ ત૦ ૫૦:—**अद्वेष्टा** દ્વેષ નહિ કરનારો **सर्वभूतानाम्** સર્વભૂતોનો **मैत्रः** મૈત્રીવાળો **करुणः** કરુણાવાળો **एव** જ **च** અને **निर्ममः** મમતારહિત **निरहंकारः** અહંકારરહિત **समदुःखसुखः** દુઃખસુખ જેને સમાન છે એવો **क्षमी** ક્ષમાવાળો. ૧૩

શ૦:—સર્વભૂતોનો દ્વેષ નહિ કરનારો, મૈત્રીવાળોજ અને કરુણાવાળો, મમતારહિત [તથા] અહંકારરહિત, દુઃખસુખ જેને સમાન છે એવો, ક્ષમાવાળો, ૧૩

ટી૦:—સ્થાવરજંગમ સર્વભૂતોને પોતાના આત્મરૂપે જોવાથી પ્રતિકૂલબુદ્ધિને અભાવે તે સર્વભૂતોનો દ્વેષ નહિ કરનારો, સર્વપ્રાણીઓને પોતાના આત્મરૂપે જાણી તેમનામાં સ્નેહ રાખનારો, દુઃખી પ્રાણીઓપર દયાવાળો, પોતાના દેહાદિમાં પણ ' આ મારાં દેહાદિ છે ' એવી મમતા નહિ રાખનારો, આચાર તથા વિદ્યાના અભિમાનવિનાનો, દ્વેષ તથા રાગ નહિ હોવાથી જેને દુઃખ તથા સુખ સમાન છે એવો, અને કોઇ અયોગ્ય વચન કહે તથા માર મારે તોપણ વિક્રિયાને નહિ પામનારો, ૧૩

संतुष्टः सततं योगी, यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्, यो मे भक्तः स मे प्रियः ॥१४॥

૫૦ ત૦ ૫૦:—**संतुष्टः** સંતોષી **सततम्** નિરંતર **योगी** સમાહિત ચિત્તવાળો **यतात्मा** શરીરને તથા ઇંદ્રિયોને નિયમમાં રાખનારો **दृढनिश्चयः** દૃઢનિશ્ચયવાળો **मयि** મારામાં **अर्पितमनोबुद्धिः** અર્પણ કરેલા મનબુદ્ધિવાળો **यः** જે **मे** મારો **भक्तः** ભક્ત **सः** તે **मे** મારો **प्रियः** પ્રિય. ૧૪

શ૦:—જે નિરંતર સંતોષી, સમાહિતચિત્તવાળો, શરીરને તથા ઇંદ્રિયોને નિયમમાં રાખનારો, દૃઢનિશ્ચયવાળો [ને] મારામાં અર્પણ કરેલાં મનબુદ્ધિવાળો મારો ભક્ત તે મારો પ્રિય [છે.] ૧૪

ટી૦:—નિરંતર એ શબ્દ ભક્તનાં બધાં વિશેષણોસાથે જોડવાનો છે. સંતોષી-શાસ્ત્રોક્ત પ્રયત્ન કરતાં પોતાના શરીરની સ્થિતિના કારણરૂપ જે અન્નવસ્ત્રાદિક પદાર્થો છે તે પદાર્થોની પ્રાપ્તિમાં અથવા અપ્રાપ્તિમાં મનને

તમ રાખનારો. દૃઢનિશ્ચયવાળો–જેના બ્રહ્મજ્ઞાનના નિશ્ચયને કુતાર્કિકો ડગાવી શકવાને અસમર્થ છે એવો. ભક્ત–આત્માને અભેદરૂપે ભજનારો–સમજનારો–તત્ત્વવેત્તા પુરુષ. ૧૪

यस्मान्नोद्विजते लोको, लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्, मुक्तो यः स च मे प्रियः ॥१५॥

પ૦ ત૦ પ૦:—**यस्मात्** જેનાથી **न** નથી **उद्विजते** ઉદ્વેગ પામતો **लोकः** [કોઇ પણ] પ્રાણી **लोकात्** [કોઇ પણ] પ્રાણીથી **न** નથી **उद्विजते** ઉદ્વેગ પામતો **च** તથા **यः** જે **हर्षामर्षभयोद्वेगैः** હર્ષ અદેખાઈ ભય અને ઉદ્વેગથી **मुक्तः** મુક્ત [છે] **यः** જે **सः** તે **च** અને **मे** મારો **प्रियः** પ્રિય. ૧૫

શ૦:—જેનાથી [કોઈ પણ] પ્રાણી ઉદ્વેગ પામતો નથી, તથા જે [કોઈ પણ] પ્રાણીથી ઉદ્વેગ પામતો નથી, અને જે હર્ષ અદેખાઈ ભય અને ઉદ્વેગથી મુક્ત [છે] તે મારો પ્રિય [છે.] ૧૫

ટી૦:—ઉદ્વેગ–સંતાપ. હર્ષ–ઇષ્ટ વસ્તુના લાભથી થતો આનંદ. અદેખાઈ–બીજાની ઉત્કૃષ્ટતાનું અસહનપણું. ભય–સિંહ, ચોર ને શત્રુ આદિ અનિષ્ટ (અપકારક) વસ્તુને જોવાથી મનમાં ઉપજતો ત્રાસ. ઉદ્વેગ–સ્ત્રી આદિ સર્વ ભોગસાધનોનો પરિત્યાગ કરીને એકાંતસ્થાનમાં એકલો રહીને હું કેમ જીવી શકીશ એવી વ્યાકુલતા. એવા મહાત્મા કોઇ પણ પ્રાણીને શરીર, મન તથા વાણીથી પીડા કરતા નથી માટે કોઈ પણ પ્રાણી તેનાથી સંતાપ પામતો નથી, અને તેવા મહાત્માને કદાપિ કોઇ દુષ્ટ પ્રાણી અપરાધવિના પણ પીડા કરે તો તે પોતાના સહનશીલપણાને લીધે તથા સર્વત્ર પોતાના આત્માના દર્શનને લીધે સંતાપ પામતા નથી. ૧૫

अनपेक्षः शुचिर्दक्ष, उदासीनो गतव्यथः ।
सर्वारंभपरित्यागी, यो मद्भक्तः स मे प्रियः ॥१६॥

પ૦ ત૦ પ૦:—**अनपेक्षः** સ્પૃહારહિત **शुचिः** પવિત્ર **दक्षः** ચતુર **उदासीनः** ઉદાસીન **गतव्यथः** પીડારહિત **सर्वारंभपरित्यागी** સર્વ આરંભનો પરિત્યાગ કરનારો **यः** જે **मद्भक्तः** મારો ભક્ત **सः** તે **मे** મારો **प्रियः** પ્રિય. ૧૬

શ૦:—જે સ્પૃહારહિત, પવિત્ર, ચતુર, ઉદાસીન, પીડા-

રહિત [ને] સર્વ આરંભનો (કર્મનો) પરિત્યાગ કરનારો મારો ભક્ત તે મારો પ્રિય [છે.] ૧૬

ટી૦:—સ્પૃહારહિત-ભોગનાં ઔષધાદિ સાધનોમાં અપેક્ષાવિનાનો. પવિત્ર-જલ તથા મૃત્તિકાદિથી પોતાના સ્થૂલશરીરને શુદ્ધ રાખનાર, તથા મૈત્રી, કરુણા, મુદિતા ને ઉપેક્ષાથી પોતાના અંતઃકરણને શુદ્ધ રાખનાર. ચતુર-અવશ્ય જાણવાયોગ્ય તથા અવશ્ય કરવાયોગ્ય પ્રસંગની પ્રાપ્તિ થયે તે તે પ્રસંગને જાણવામાં તથા કરવામાં સમર્થ. ઉદાસીન-કોઈ પણ મિત્રાદિકનો પક્ષ નહિ ગ્રહણ કરનાર. આરંભ-આ લોકના ફલની પ્રાપ્તિ કરનાર તથા પરલોકના ફલની પ્રાપ્તિ કરનાર સર્વ લૌકિક તથા વૈદિક કર્મ. ૧૬

यो न हृष्यति न द्वेष्टि, न शोचति न कांक्षति ।
शुभाशुभपरित्यागी, भक्तिमान्यः स मे प्रियः ॥१७॥

પ૦ ત૦ પ૦:—**यः** જે **न** નથી **हृष्यति** હર્ષ કરતો **न** નથી **द्वेष्टि** દ્વેષ કરતો **न** નથી **शोचति** શોક કરતો **न** નથી **कांक्षति** ઇચ્છા કરતો **शुभाशुभपरित्यागी** શુભાશુભનો પરિત્યાગ કરનારો **भक्तिमान्** ભક્તિમાન્ **यः** જે **सः** તે **मे** મારો **प्रियः** પ્રિય. ૧૭

શ૦:—જે નથી હર્ષ કરતો, નથી દ્વેષ કરતો, નથી શોક કરતો, નથી ઇચ્છા કરતો, [ને] શુભાશુભનો પરિત્યાગ કરનારો જે ભક્તિમાન્ તે મારો પ્રિય [છે.] ૧૭

ટી૦:—પ્રિય પદાર્થની પ્રાપ્તિ થયે જે હર્ષ કરતો નથી, અને અપ્રિય પદાર્થના આવી મળવાથી જે દ્વેષ કરતો નથી, તથા પ્રાપ્ત વસ્તુનો વિયોગ થવાથી જે શોક કરતો નથી, અને પ્રિય વસ્તુના સંયોગની અને અપ્રિય વસ્તુના વિયોગની જે ઇચ્છા કરતો નથી, તેમજ સુખની પ્રાપ્તિ કરનારાં જે શુભકર્મ તથા દુઃખની પ્રાપ્તિ કરનારાં જે અશુભકર્મ એ બંને પ્રકારનાં કર્મોનો જેણે પરિત્યાગ કર્યો છે એવો ભક્તિવાળો આત્મવેત્તા પુરુષ મારો પ્રિય છે. ૧૭

समः शत्रौ च मित्रे च, तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु, समः संगविवर्जितः ॥१८॥

પ૦ ત૦ પ૦:—**समः** સમાન [છે] **शत्रौ** શત્રુમાં **च** અને **मित्रे** મિત્રમાં **च** તથા **तथा** તથા **मानापमानयोः** માનમાં અને અપમાનમાં **शीतोष्णसुखदुःखेषु** ટાઢતાપમાં ને સુખદુઃખમાં **समः** સમાન [છે]

संगविवर्जितः સંગથી અત્યંત રહિત [છે.] ૧૮

શ૦:—અને [જે] શત્રુમાં તથા મિત્રમાં સમાન [છે,] તથા માનમાં અને અપમાનમાં [તેમજ] ટાઢતાપમાં ને સુખ-દુઃખમાં સમાન [છે, અને] સંગથી અત્યંત રહિત [છે,] ૧૮

ટી૦:—અપકાર કરનાર શત્રુમાં તથા ઉપકાર કરનાર મિત્રમાં જે સમદૃષ્ટિવાળો છે, એમ સમજીને કે પોતાના પાપપુણ્યરૂપ પ્રારબ્ધકર્મને લીધે આ શરીરના કોઇ પ્રાણી શત્રુ થાય છે, તથા કોઇ પ્રાણી મિત્ર થાય છે; વળી સજ્જન પુરુષોએ કરેલા પૂજનરૂપ માનમાં અને દુષ્ટ પુરુષોએ કરેલા તિરસ્કારરૂપ અપમાનમાં જેની સમદૃષ્ટિ હોવાથી જે હર્ષ-શોકરૂપ વિકારને પામતો નથી; તેમજ પ્રારબ્ધકર્મથી પ્રાપ્ત થયેલ ટાઢ-તડકો ને સુખદુઃખ ઇત્યાદિ દ્વંદ્વધર્મોમાં જે સમાન છે; અને જડચેતન સર્વ પદાર્થમાં રમણીયપણાની ભ્રાંતિથી જે રહિત છે; ૧૮

तुल्यनिंदास्तुतिर्मौनी, संतुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्, भक्तिमान्मे प्रियो नरः ॥१९॥

૫૦ ત૦ ૫૦:—तुल्यनिंदास्तुतिः જેને નિંદા અને સ્તુતિ તુલ્ય છે એવો **मौनी** મૌનવાળો **संतुष्टः** સંતોષી **येन** જેવડે **केनचित्** કોઇવડે-તેવડે **अनिकेतः** ઘરવિનાનો **स्थिरमतिः** સ્થિરબુદ્ધિવાળો **भक्तिमान्** ભક્તિમાન્ **मे** મારો **प्रियः** પ્રિય **नरः** પુરુષ. ૧૯

શ૦:—જેને નિંદા અને સ્તુતિ તુલ્ય છે એવો, મૌનવાળો, જેવડે તેવડે-પ્રારબ્ધકર્મવડે જે અન્નવસ્ત્રઆદિ મળે તેવડે-સંતોષી, ઘરવિનાનો [ને] સ્થિરબુદ્ધિવાળો ભક્તિમાન્ પુરુષ [તે] મારો પ્રિય [છે.] ૧૯

ટી૦:—નિંદા-માત્ર દોષોનું કથન કરવું તે. સ્તુતિ-માત્ર ગુણોનું કથન કરવું તે. મૌન-વાણીનો નિરોધ. ઘરવિનાનો-નિયમપૂર્વક મમતાસહિત એક સ્થાનમાં નિવાસ નહિ રાખનારો. ભક્તિમાન્-ચિત્તવૃત્તિને નિરંતર આત્મા-કાર રાખનાર. ૧૯

જીવન્મુક્તમાં સ્વભાવસિદ્ધ રહેલા એ અદ્વેષ્ટાંપણું આદિ શુભ ગુણો પ્રયત્ન કરીને સંપાદન કરવાથી તે ગુણો મુમુક્ષુ-જનોને મોક્ષના સાધનરૂપ થાય છે એમ પ્રતિપાદન કરે છે:—

ये तु धर्म्यामृतमिदं, यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा, भक्तास्तेऽतीव मे प्रियाः ॥२०॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे भक्तियोगो नाम द्वादशोऽध्यायः ॥१२॥

પદચ્છેદ તથા પદાર્થઃ—યે[1] જેઓ તુ વળી ધર્મ્યામૃતમ્ ધર્મરૂપી અમૃતને ઇદમ્ આ યથા પૂર્વે ઉક્તમ્ કહેલા પર્યુપાસતે સંપાદન કરે છે શ્રદ્દધાનાઃ શ્રદ્ધાવાળા [થઈ] મત્પરમાઃ મારે પરાયણ [થઈ] ભક્તાઃ ભક્તો તે[10] તે અતીવ અત્યંત [12]મે મારા પ્રિયાઃ પ્રિય. ૨૦

શબ્દાર્થઃ—વળી જેઓ શ્રદ્ધાવાળા [થઈ તથા] મારે પરાયણ [થઈ] આ પૂર્વે કહેલા ધર્મરૂપી અમૃતને સંપાદન કરે છે તે ભક્તો મારા અત્યંત પ્રિય [છે.'] ૨૦

ટીકાઃ—વળી મોક્ષની ઇચ્છા રાખનાર જે મુમુક્ષુઓ આ અદ્વેષ્ટાપણું આદિક ધર્મો મુક્તિનું સાધન છે એવા પ્રકારના વિશ્વાસથી યુક્ત થઇ, તથા મનેજ પ્રાપ્ત થવાયોગ્ય નિરતિશય ગતિ સમજી, આ અદ્વેષ્ટાપણું આદિ પૂર્વોક્ત ધર્મરૂપ અમૃતને પ્રયત્નથી સંપાદન કરે છે તે ભક્તો—જ્ઞાનીઓ—મારા અત્યંત પ્રિય છે. ૨૦

એ રીતે ઉપાસનાકાંડના સાતથી બારસુધીના છ અધ્યાય પૂરા થયા.

इति श्रीमन्मथुरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्यदीपिकाख्यायां भक्तियोगो नाम द्वादशोऽध्यायः ॥१२॥

॥ ॐ ॥

અધ્યાય ૧૩ મો.

ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ.

अर्जुन उवाच ॥

प्रकृतिं पुरुषं चैव, क्षेत्रं क्षेत्रज्ञमेव च ।
एतद्वेदितुमिच्छामि, ज्ञानं ज्ञेयं च केशव ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થ:—અર્જુનઃ અર્જુન **ઉવાચ** બોલ્યા ॥ **પ્રકૃતિમ્** પ્રકૃતિ **પુરુષમ્** પુરુષ **ચ** તેમ **એવ** જ **ક્ષેત્રમ્** ક્ષેત્ર **ક્ષેત્રજ્ઞમ્** ક્ષેત્રજ્ઞ **એવ** જ **ચ** તેમ **એતત્** એને **વેદિતુમ્** જાણવાને **ઇચ્છામિ** ઇચ્છું છું **જ્ઞાનમ્** જ્ઞાન **જ્ઞેયમ્** જ્ઞેય **ચ** તથા **કેશવ** હે કેશવ ! ૧

શબ્દાર્થ:—અર્જુન બોલ્યા:-'હે કેશવ ! પ્રકૃતિ તેમજ પુરુષ, ક્ષેત્ર તેમજ ક્ષેત્રજ્ઞ [અને] જ્ઞાન તથા જ્ઞેય એને જાણવાને ઇચ્છું છું.' ૧

ટીકા:—આ શ્લોક ક્ષેપક છે. કોઈ વિદ્વાને બંને અધ્યાયનો સંબંધ મેળવવામાટે તે નવો ઉમેરેલો છે. હમણાંનાં ઘણાં પુસ્તકોમાં આ શ્લોક ક્ષેપકતરીકે દાખલ કરેલો જોવામાં આવે છે માટે તેનો અર્થ આપવો ઉચિત ધારી તે શ્લોક તેના અર્થસહિત અહિં દાખલ કર્યો છે. તે આધુનિક હોવાથી આચાર્યભગવાને તથા પ્રાચીન ટીકાકારોએ તેને અહિં ગ્રહણ કર્યો નથી. ૧

પહેલા છ અધ્યાયમાં કર્મકાંડનું ને બીજા છ અધ્યાયમાં ઉપાસનાકાંડનું નિરૂપણ કર્યું છે. હવે જ્ઞાનકાંડનું નિરૂપણ કરવા તેરથી અઢારસુધીના ત્રીજા છ અધ્યાયનો આરંભ થાય છે. બારમા અધ્યાયમાં 'तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात्' એ વચનથી અજ્ઞાનરૂપ મૃત્યુથી હું ઉદ્ધાર કરનારો થાઉં છું એમ ભગવાને કહ્યું છે, તે અજ્ઞાનરૂપ મૃત્યુથી આત્મજ્ઞાનવિના ઉદ્ધાર થાય નહિ માટે તે કહેવાસારુ સાતમા અધ્યાયમાં કહેલી અપરા તથા પરા પ્રકૃતિને ક્ષેત્રરૂપે તથા ક્ષેત્રજ્ઞરૂપે વર્ણન કરવાનો આરંભ કરે છે:—

श्रीभगवानुवाच ॥

इदं शरीरं कौंतेय, क्षेत्रमित्यभिधीयते ।
एतद्यो वेत्ति तं प्राहुः, क्षेत्रज्ञ इति तद्विदः ॥ १ ॥

પ૦ ત૦ પ૦:—શ્રીભગવાન્ શ્રીભગવાન્ **ઉવાચ** બોલ્યા ॥ **ઇદમ્** આ **શરીરમ્** શરીર **કૌંતેય** હે કૌંતેય ! **ક્ષેત્રમ્** ક્ષેત્ર **ઇતિ** એમ **અભિધીયતે** કહેવાય છે **એતત્** એને **યઃ** જે **વેત્તિ** જાણે છે **તમ્** તેને **પ્રાહુઃ** કહે છે **ક્ષેત્રજ્ઞઃ** ક્ષેત્રજ્ઞ **ઇતિ** એમ **તદ્વિદઃ** તેને જાણનારા. ૧

શ૦:—શ્રીભગવાન્ બોલ્યાઃ-'હે કુંતીના પુત્ર! આ શરીર ક્ષેત્ર એમ કહેવાય છે. એને જે જાણે છે તેને; તેને-ક્ષેત્રક્ષેત્રજ્ઞને-જાણનારા ક્ષેત્રજ્ઞ એમ કહે છે. ૧

ટી૦:—દશ ઇંદ્રિયો, ચાર અંતઃકરણો તથા પાંચ પ્રાણોસહિત જે આ સુખદુઃખના ભોગના સ્થાનરૂપ શરીર છે તે ક્ષેત્ર (સુખદુઃખાદિરૂપ ફ્લ ઉપજવાનું સ્થાન) એવા નામથી કહેવાય છે; અને એ ક્ષેત્રને જે જાણે છે એટલે તે ક્ષેત્રમાં જે હુંપણાનું તથા મારાપણાનું અભિમાન કરે છે તેને, ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞ એ બંનેના ભેદને જાણનારા વિવેકી પુરુષો ક્ષેત્રજ્ઞ એવા નામથી કહે છે. ૧

હવે એ ક્ષેત્રજ્ઞરૂપ જીવાત્માનું જે અસંસારી આત્માની સાથે એકપણારૂપ પારમાર્થિક સ્વરૂપ છે તેને કહે છે:—

क्षेत्रज्ञं चापि मां विद्धि, सर्वक्षेत्रेषु भारत ।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं, यत्तज्ज्ञानं मतं मम ॥ २ ॥

પ૦ ત૦ પ૦:—**क्षेत्रज्ञम्** ક્ષેત્રજ્ઞ **च** વળી **अपि** જ **माम्** મને **विद्धि** જાણ **सर्वक्षेत्रेषु** સર્વક્ષેત્રોમાં **भारत** હે ભારત !-હે અર્જુન ! **क्षेत्रक्षेत्रज्ञयोः** ક્ષેત્રનું અને ક્ષેત્રજ્ઞનું **ज्ञानम्** જ્ઞાન **यत्** જે **तत्** તે **ज्ञानम्** જ્ઞાન **मतम्** માનેલું-અભિમત-[છે] **मम** મને. ૨

શ૦:—હે ભારત ! (હે ભરતવંશમાં ઉત્પન્ન થયેલ !) વળી સર્વક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ મનેજ જાણ. ક્ષેત્રનું અને ક્ષેત્રજ્ઞનું જે જ્ઞાન તે જ્ઞાન મને અભિમત [છે.] ૨

ટી૦:—હે આત્મજ્યોતિમાં પ્રીતિવાળા મંદવિરાગ ! વળી દેહ તથા ઇંદ્રિયોના સંઘાતરૂપ સર્વક્ષેત્રોમાં અધિષ્ઠાનરૂપે રહેલો ક્ષેત્રજ્ઞ મનેજ જાણ. ક્ષેત્ર રજ્જુમાં કલ્પાયેલા સર્પની પેઠે મિથ્યા છે, અને ક્ષેત્રજ્ઞ તે ક્ષેત્રરૂપ ભ્રાંતિનું અધિષ્ઠાન હોવાથી સત્ય છે; એવી રીતનું જે ક્ષેત્રજ્ઞનું જ્ઞાન તે જ્ઞાનજ મોક્ષના સાધનરૂપ હોવાથી મને જ્ઞાનરૂપે સંમત છે. એનાથી ભિન્ન બીજાં લૌકિકવૈદિક જ્ઞાનો હું અજ્ઞાનરૂપજ માનું છું. ૨

હવે ક્ષેત્રનું તથા ક્ષેત્રજ્ઞનું વિસ્તારથી વર્ણન કરવાનો આરંભ કરે છે:—

तत्क्षेत्रं यच्च यादृक्च, यद्विकारि यतश्च यत् ।

स च यो यत्प्रभावश्च, तत्समासेन मे शृणु ॥ ३ ॥

પ૦ ત૦ પ૦:—तत् તે **क्षेत्रम्** ક્ષેત્ર **यत्** જે [સ્વભાવવાળું] **च** તથા **यादृक्** જે [ઇચ્છાદિક ધર્મ]વાળું **च** અને **यद्विकारि** જે [ઇંદ્રિયાદિક] વિકારોવાળું **यतः** જેથી **च** તથા **यत्** જે **सः** તે **च** અને **यः** જે [સ્વભાવવાળો] **यत्प्रभावः** જે પ્રભાવવાળો **च** તથા **तत्** તે **समासेन** સંક્ષેપમાં **मे** મારાથી **शृणु** સાંભળો. ૩

શ૦:—તે ક્ષેત્ર જે [સ્વભાવવાળું] તથા જે [ઇચ્છાદિક ધર્મ]વાળું, અને જે [ઇંદ્રિયાદિક] વિકારોવાળું, તથા જેથી (પ્રકૃતિ-પુરુષના સંયોગથી) [ઉપજેલું, તથા] જે [સ્થાવરજંગમાદિ ભેદથી ભિન્ન ભિન્ન છે,] અને તે [ક્ષેત્રજ્ઞ] જે [સ્વભાવવાળો] તથા જે પ્રભાવવાળો [છે,] તે [ક્ષેત્રનું તથા ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ] મારાથી સંક્ષેપમાં સાંભળો. ૩

ટી૦:—ક્ષેત્રનો સ્વભાવ જડતા, દૃશ્યતા, પરિચ્છિન્નતા તથા પરિણામિતાદિ છે. ક્ષેત્રજ્ઞનો સ્વભાવ સત્, ચિત્ ને આનંદાદિ છે. પ્રભાવવાળો—ઉપાધિકૃત શક્તિવાળો. ૩

એ ક્ષેત્રના તથા ક્ષેત્રજ્ઞના સ્વરૂપને કોણે વિસ્તારથી વર્ણવ્યું છે તે કહે છે:—

ऋषिभिर्बहुधा गीतं, छंदोभिर्विविधैः पृथक् ।
ब्रह्मसूत्रपदैश्चैव, हेतुमद्भिर्विनिश्चितैः ॥ ४ ॥

પ૦ ત૦ પ૦:—ऋषिभिः ઋષિઓએ **बहुधा** ઘણે પ્રકારે **गीतम्** ગાયું-નિરૂપણ કર્યું-[છે] **छंदोभिः** વેદોએ **विविधैः** વિવિધ **पृथक्** ભિન્ન **ब्रह्मसूत्रपदैः** બ્રહ્મસૂત્રપદોએ **च** અને **एव** પણ **हेतुमद्भिः** યુક્તિવાળાં **विनिश्चितैः** નિશ્ચિત અર્થવાળાં. ૪

શ૦:—ઋષિઓએ ઘણે પ્રકારે નિરૂપણ કર્યું [છે, તથા] વિવિધ વેદોએ ભિન્ન [ભિન્ન કર્યું છે,] અને યુક્તિવાળાં [તથા] નિશ્ચિત અર્થવાળાં બ્રહ્મસૂત્રપદોએ પણ [તે સ્વરૂપ બહુ પ્રકારે કહ્યું છે.] ૪

ટી૦:—આ ક્ષેત્રનું તથા ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ **શ્રીવસિષ્ઠ** તથા **શ્રીયાજ્ઞવલ્ક્ય** આદિ ઋષિઓએ યોગશાસ્ત્રમાં ધારણાધ્યાનના વિષયરૂપે બહુ બહુ પ્રકારે

વર્ણવ્યું છે, તથા નિત્ય, નૈમિત્તિક ને કામ્યાદિ કર્મો આદિને પ્રકાશનારા ઋગાદિક વેદોના મંત્રોએ પણ ભિન્ન ભિન્ન કરીને તે ક્ષેત્રના તથા ક્ષેત્રજ્ઞના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે, અને સંશયરહિત વિષયનું પ્રતિપાદન કરનારાં 'अथातो ब्रह्मजिज्ञासा' ઇત્યાદિ વેદાંતસૂત્રોરૂપ પદોએ પણ તે બંનેનું રૂપ બહુ પ્રકારે કહ્યું છે. ૪

હવે નીચેના બે શ્લોકોથી ક્ષેત્રનું સ્વરૂપ કહે છેઃ—

महाभूतान्यहंकारो, बुद्धिरव्यक्तमेव च ।
इंद्रियाणि दशैकं च, पंच चेंद्रियगोचराः ॥ ५ ॥

પ૦ ત૦ પ૦:—**महाभूतानि** [પાંચ] મહાભૂતો **अहंकारः** અહંકાર **बुद्धिः** બુદ્ધિ **अव्यक्तम्** અવ્યક્ત **एवं** જ **च** તેમ **इंद्रियाणि** ઇંદ્રિયો **दश** દશ **एकम्** એક [મન] **च** અને **पंच** પાંચ **च** તથા **इंद्रियगोचराः** ઇંદ્રિયોના વિષયો. ૫

શ૦:—[પાંચ] મહાભૂતો, અહંકાર, બુદ્ધિ, તેમજ અવ્યક્ત, દશ ઇંદ્રિયો અને એક [મન] તથા ઇંદ્રિયોના વિષયો પાંચ. ૫

ટી૦:—પૃથ્વી, જલ, તેજ, વાયુ ને આકાશ એ પાંચ મહાભૂતો; તે ભૂતોના કારણરૂપ અભિમાનધર્મવાળો અહંકાર; તે અહંકારના કારણરૂપ નિશ્ચય કરવાના ધર્મવાળી મહત્તત્ત્વ એ નામવડે કહેવાતી બુદ્ધિ; તેમજ તે મહત્તત્ત્વના કારણરૂપ ત્રણ ગુણોની સામ્યાવસ્થા એટલે પ્રકૃતિ–અવ્યક્ત; શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના, ઘ્રાણ, વાક્, પાણિ, પાદ, પાયુ ને ઉપસ્થ એ દશ ઇંદ્રિયો અને સંકલ્પવિકલ્પધર્મવાળું એક મન; તથા ઇંદ્રિયોના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ એ પાંચ વિષયો. એ પાંચ વિષયો પાંચ જ્ઞાનેંદ્રિયોના જાણવાપણાના રૂપથી ને પાંચ કર્મેંદ્રિયોના કાર્યપણાના રૂપથી વિષયો છે. પૂર્વે કહેલી આઠ પ્રકારની જડ પ્રકૃતિનેજ સાંખ્યશાસ્ત્રમાં ઉપરની રીતે ચોવીશ તત્ત્વરૂપે કહી છે. ૫

इच्छा द्वेषः सुखं दुःखं, संघातश्चेतना धृतिः ।
एतत्क्षेत्रं समासेन, सविकारमुदाहृतम् ॥ ६ ॥

પ૦ ત૦ પ૦:—**इच्छा** ઇચ્છા **द्वेषः** દ્વેષ **सुखम्** સુખ **दुःखम्** દુઃખ **संघातः** સંઘાત–ઇંદ્રિયાદિસહિત શરીર **चेतना** ચેતના–જ્ઞાન–શક્તિ

धृतिः ધૈર્ય **एतत्** એ **क्षेत्रम्** ક્ષેત્ર **समासेन** સંક્ષેપે **सविकारम्** વિકારવાળું **उदाहृतम्** કહ્યું. ૬

શ૦:—ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, ઇંદ્રિયાદિસહિત શરીર, જ્ઞાનશક્તિ [ને] ધૈર્ય એ વિકારવાળું ક્ષેત્ર સંક્ષેપે કહ્યું. ૬

ટી૦:—ઇચ્છા–આ સુખ તથા આ સુખનું સાધન મને પ્રાપ્ત થાઓ એવી સ્પૃહા–રાગ. દ્વેષ–આ દુઃખ તથા આ દુઃખનું સાધન મને ન પ્રાપ્ત થાઓ એવો પરિતાપ–ક્રોધ. ધર્મવડે ઉપજતો નિર્વિષયી આનંદ તે સુખ. અધર્મવડે ઉપજતો નિરુપાધિક સંતાપ તે દુઃખ. ઉપરના તથા આ શ્લોકમાં પાંચ મહાભૂતોથી ધીરજસુધી વિકારવાળું જે ક્ષેત્ર તેનું વર્ણન સંક્ષેપમાં કર્યું છે. ૬

ક્ષેત્રજ્ઞના જ્ઞાનની યોગ્યતામાટે પ્રથમ પાંચ શ્લોકોથી અમાનિત્વાદિ આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં વીશ સાધનોને કહે છે:-

अमानित्वमदंभित्वमहिंसा क्षांतिरार्जवम् ।
आचार्योपासनं शौचं, स्थैर्यमात्मविनिग्रहः ॥ ७ ॥

પ૦ ત૦ પ૦:—**अमानित्वम्** માનરહિતપણું **अदंभित्वम्** દંભરહિતપણું **अहिंसा** અહિંસા **क्षांतिः** ક્ષમા **आर्जवम्** આર્જવ–સરલતા **आचार्योपासनम्** આચાર્યનું ઉપાસન **शौचम्** પવિત્રતા **स्थैर्यम्** સ્થિરતા **आत्मविनिग्रहः** ઇંદ્રિયાદિનો સારી રીતે નિગ્રહ. ૭

શ૦:—માનરહિતપણું, દંભરહિતપણું, અહિંસા, ક્ષમા, સરલતા, આચાર્યનું ઉપાસન, પવિત્રતા, સ્થિરતા [ને] ઇંદ્રિયાદિનો સારી રીતે નિગ્રહ. ૭

ટી૦:—૧ માનરહિતપણું–પોતાનામાં વિદ્યમાન તથા અવિદ્યમાન ગુણોની સ્તુતિથી રહિતપણું. ૨ દંભરહિતપણું–લાભ, પૂજા તથા ખ્યાતિમાટે લોકોની આગળ પોતાના ધર્મને પ્રકટ ન કરવો. ૩ અહિંસા–શરીર, મન અને વાણીથી પ્રાણીઓને પીડા ન કરવી. ૪ ક્ષમા–દુષ્ટ પુરુષોના અપરાધોને ચિત્તમાં ક્રોધાદિ વિકાર ઉપજાવ્યા વિના નિર્વિકારપણે સહન કરવા. ૫ સરલતા–ઠગાઇથી રહિતપણું–અંતરનો તથા બહારનો એક પ્રકારનો વ્યવહાર. ૬ આચાર્યનું ઉપાસન–બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરનારા શ્રીસદ્ગુરુનું શ્રદ્ધાભક્તિપૂર્વક પૂજનનમસ્કારાદિકથી સેવન. ૭ પવિત્રતા–શરીરને તથા મનને શુદ્ધ રાખવું. ૮ સ્થિરતા–મોક્ષનાં સાધનોમાં પ્રવૃત્ત થયા પછી અનેક

પ્રકારનાં વિઘ્નો આવ્યા છતાં પણ તે શ્રેષ્ઠ ઉદ્યમનો પરિત્યાગ ન કરતાં પુનઃ પુનઃ પ્રયત્નનું અધિકપણું. ૯ આત્મવિનિગ્રહ–શરીરને તથા ઇંદ્રિયોને કુમાર્ગે નહિ જવા દેતાં મોક્ષનાં સાધનોમાં જોડી રાખવાં. ૭

इंद्रियार्थेषु वैराग्यमनहंकार एव च ।

जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥ ८ ॥

પ૦ ત૦ પ૦:—**इंद्रियार्थेषु** ઇંદ્રિયોના વિષયોમાં **वैराग्यम्** વૈરાગ્ય **अनहंकारः** અહંકારરહિતપણું **एव** દૃઢ **च** તથા **जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम्** જન્મ, મૃત્યુ, જરા ને વ્યાધિનાં દુઃખો અને દોષો એમને વારંવાર જોવાં. ૮

શ૦:—ઇંદ્રિયોના વિષયોમાં દૃઢ વૈરાગ્ય તથા અહંકારરહિતપણું [ને] જન્મ, મૃત્યુ, જરા ને વ્યાધિનાં દુઃખો અને દોષો એમને વારંવાર જોવાં. ૮

ટી૦:—૧૦ ઇંદ્રિયોના દિવ્ય (સ્વર્ગના) અને અદિવ્ય (આ લોકના) વિષયોમાં સુદૃઢ અસ્પૃહા તે ઇંદ્રિયોના વિષયોમાં સુદૃઢ વૈરાગ્ય. ૧૧ લોકોમાં પોતાની સ્તુતિનો અભાવ છતાં પણ હું સર્વથી શ્રેષ્ઠ છું એવી રીતના ગર્વને અભિમાન કહે છે, તે અભિમાનથી રહિતપણું તે અનહંકાર. ૧૨ માતાના મલિન ઉદરમાં નવ માસસુધી અત્યંત સંકુચિત થઇને રહેવું, માતાના મલમાં રહેલા કૃમિઓના ચટકા સહન કરવા, માતાના જઠરાગ્નિનો તાપ સહન કરવો, અપવિત્ર ઓરથી વીંટાઇને રહેવું, જન્મસમયમાં પ્રસવવાયુથી ખેંચાવું, અતિઅપવિત્ર ને અત્યંત અલ્પ યોનિયંત્રથી બહાર નીકળવું તથા જન્મ્યા પછી મલમૂત્રમાં સ્થિતિ કરીને રહેવું ઇત્યાદિ અનેક પ્રકારનાં દુઃખો તથા દોષો જન્મમાં રહેલાં છે. સર્વ નાડીઓનું ખેંચાવું, મર્મસ્થાનોનું છેદન થવું, પ્રાણોનું ખેંચાવું, ઊર્ધ્વશ્વાસ થવો, અને અત્યંત પીડાથી મલમૂત્રાદિકોનું બહાર નીકળી જવું ઇત્યાદિ અનેક પ્રકારનાં દુઃખો તથા દોષો મૃત્યુમાં રહેલાં છે. સર્વ અંગોની શિથિલતા થવી, શ્રોત્રાદિક ઇંદ્રિયોનું મંદપણું થવું, શરીરનું કંપવા લાગવું, ઊધરસ તથા શ્વાસનું થવું, ઊઠવા જતાં અશક્તિને લીધે નીચે પડી જવું, સ્વાર્થપરાયણ સ્વજનોનો નિરાદર સહન કરવો, અને સ્થૂલશરીરનાં દ્વારોમાંથી મલમૂત્ર ને લાળ આદિકનું અચાનક નીકળી પડવું ઇત્યાદિ અનેક પ્રકારનાં દુઃખો તથા દોષો વૃદ્ધાવસ્થામાં રહેલાં છે. શરીરનું દુર્બલપણું થવું, જ્વરાદિના વેગને લીધે શરીરાદિને પરિતાપ થવો, રોગનિવૃત્તિમાટે અતિકડવાં તથા

કષાય ઔષધો પીવાં, દેહમાં દુર્ગંધ ઉત્પન્ન થવો, અને બહુ પરસેવો વળવો ઇત્યાદિ અનેક પ્રકારનાં દુઃખો તથા દોષો વ્યાધિઓમાં રહેલાં છે. એવી રીતે જન્મ, મૃત્યુ, જરા (વૃદ્ધાવસ્થા) તથા વ્યાધિનાં (રોગનાં) દુઃખોને અને દોષોને વારંવાર વિચાર કરીને જોવાં, કે જેથી દેહાદિમાં વૈરાગ્ય ઉપજે. ૮

असक्तिरनभिष्वंगः, पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥ ९ ॥

પ૦ ત૦ પ૦:—**असक्तिः** મમતાથી રહિતપણું **अनभिष्वंगः** અભિષ્વંગથી રહિતપણું **पुत्रदारगृहादिषु** પુત્ર સ્ત્રી ને ઘર આદિમાં **नित्यम्** સર્વદા **च** અને **समचित्तत्वम्** સમચિત્તપણું **इष्टानिष्टोपपत्तिषु** ઇષ્ટની તથા અનિષ્ટની પ્રાપ્તિમાં. ૯

શ૦:—પુત્ર, સ્ત્રી ને ઘર આદિમાં મમતાથી રહિતપણું [તથા તેઓમાં] અભિષ્વંગથી (તન્મયભાવથી) રહિતપણું અને ઇષ્ટની તથા અનિષ્ટની પ્રાપ્તિમાં સર્વદા સમચિત્તપણું. ૯

ટી૦:—૧૩ પુત્ર, સ્ત્રી, ઘર, દ્રવ્ય ને દાસ આદિ સર્વ માયિક પ્રાણિપદાર્થોમાં આ પ્રાણિપદાર્થો મારા છે એમ અભિમાનપૂર્વક પ્રીતિ ન કરવી. ૧૪ સ્ત્રીપુત્રાદિ પ્રાણિપદાર્થોમાં આ પ્રાણિપદાર્થ હુંજ છું એવી અભેદભાવવાળી ઘાટી પ્રીતિ ન કરવી, અર્થાત્ તે પ્રાણિપદાર્થોને સુખદુઃખાદિ થવાથી મનેજ સુખદુઃખાદિ થાય છે એવો અભિનિવેશ—આગ્રહ—ન રાખવો. ૧૫ શુભ પ્રારબ્ધકર્મથી પ્રાપ્ત થયેલા પ્રિય પદાર્થોની પ્રાપ્તિમાં હર્ષ ન કરવો અને અશુભ પ્રારબ્ધકર્મથી પ્રાપ્ત થયેલા અપ્રિય પદાર્થોની પ્રાપ્તિમાં શોક ન કરવો—ઇષ્ટાનિષ્ટની પ્રાપ્તિમાં સમચિત્તપણું રાખવું. ૯

मयि चानन्ययोगेन, भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥ १० ॥

પ૦ ત૦ પ૦:—**मयि** મારામાં **च** અને **अनन्ययोगेन** અનન્યયોગવડે **भक्तिः** ભક્તિ **अव्यभिचारिणी** અવ્યભિચારિણી **विविक्तदेशसेवित्वम्** એકાંતસ્થલનું સેવન **अरतिः** અપ્રીતિ **जनसंसदि** [વિષયિ]-જનોની સભામાં. ૧૦

શ૦:—અનન્યયોગવડે અવ્યભિચારિણી મારામાં ભક્તિ

અને એકાંતસ્થલનું સેવન [તથા વિષયિ]જનોની સભામાં અપ્રીતિ. ૧૦

ટી૦:—૧૬ અનન્યયોગવડે અવ્યભિચારિણી મારામાં ભક્તિ—આ જગત્‌માં આ આત્માથી શ્રેષ્ઠ બીજું કોઇજ નથી તેથી તેજ અમારી ગતિ (પ્રાપ્તવ્ય સ્થાન) છે એવા નિશ્ચયવડે કોઈ પણ પ્રતિકૂલ હેતુથી નિવૃત્ત કરવાને અશક્ય એવી મારામાં દૃઢભક્તિ. ૧૭ એકાંતસ્થલનું સેવન–પવિત્ર નદીઓનાં તીરો, રમ્ય અરણ્યો, પર્વતમાંની સ્વચ્છ ગુહાઓ કે ગામની કિંવા નગરની બહારનાં નિવૃત્તિવાળાં સ્થલો કે જે સ્વભાવથીજ શુદ્ધ હોય, અથવા મૃત્તિકાદિથી શુદ્ધ કરેલાં હોય, અને સર્પવ્યાઘ્રાદિથી રહિત ને ચિત્તને પ્રસન્ન કરનારાં હોય તેવાં સ્થાનોનું સેવન કરવાનો સ્વભાવ. ૧૮ વિષયિજનોની સભામાં અપ્રીતિ—આત્મજ્ઞાનથી વિમુખ તથા વિષયભોગના સુખની વાતો કરનારા બહિર્મુખ વિષયિજનોના સમૂહમાં અપ્રીતિ. ૧૦

अध्यात्मज्ञाननित्यत्वं, तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥ ११ ॥

પ૦ ત૦ પ૦:—**अध्यात्मज्ञाननित्यत्वम्** અધ્યાત્મજ્ઞાનમાં અત્યંત નિષ્ઠા રાખવી **तत्त्वज्ञानार्थदर्शनम्** તત્ત્વજ્ઞાનના પ્રયોજનને જોવું **एतत्** એ **ज्ञानम्** જ્ઞાન **इति** એમ–એવા નામથી **प्रोक्तम्** કહેલ [છે] **अज्ञानम्** અજ્ઞાન [છે] **यत्** જે **अतः** એથી **अन्यथा** વિપરીત. **૧૧**

શ૦:—અધ્યાત્મજ્ઞાનમાં અત્યંત નિષ્ઠા રાખવી, [ને] તત્ત્વજ્ઞાનના પ્રયોજનને જોવું, એ [સર્વ] જ્ઞાન એવા નામથી કહેલ [છે,] એથી વિપરીત જે [માનિત્વાદિક તે સર્વ] અજ્ઞાન [છે.] ૧૧

ટી૦:—૧૯ અધ્યાત્મજ્ઞાનમાં અત્યંત નિષ્ઠા રાખવી–આત્માના તથા અનાત્માના શાસ્ત્રોક્ત જ્ઞાનમાં અત્યંત નિષ્ઠા રાખવી. ૨૦ તત્ત્વજ્ઞાનના પ્રયોજનને જોવું–આત્મસાક્ષાત્કારના મોક્ષરૂપ પ્રયોજનને (ફલને) પુનઃ પુનઃ વિચાર કરીને જોવું. ઉપર કહેલાં વીશ સાધનો આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં હેતુ હોવાથી જ્ઞાન (જેવડે જ્ઞાન થાય છે તે) એ નામથી કહેવાય છે, અને એ અમાનીપણું આદિ સાધનોથી વિપરીત જે માનીપણું, દંભીપણું ને હિંસા આદિ છે તે આત્મજ્ઞાનનાં વિરોધી હોવાથી અજ્ઞાન (જ્ઞાનને પ્રતિબંધ કરનાર) એવા નામથી કહેવાય છે. ૧૧

એ સાધનોથી જાણુવાયોગ્ય જે જ્ઞેય વસ્તુ છે તેનું નીચેના ૭ શ્લોકોથી વર્ણુન કરે છેઃ—

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि, यज्ज्ञात्वाऽमृतमश्नुते ।
अनादिमत्परं ब्रह्म, न सत्तन्नासदुच्यते ॥ १२ ॥

પ૦ ત૦ પ૦:—**ज्ञेयम्** જાણવાયોગ્ય **यत्** જે **तत्** તેને **प्रवक्ष्यामि** સ્પષ્ટ કરીને કહીશ **यत्** જેને **ज्ञात्वा** જાણીને **अमृतम्** અમૃતને-મોક્ષને **अश्नुते** પામે છે **अनादिमत्** ઉત્પત્તિથી રહિત **परम्** પર **ब्रह्म** બ્રહ્મ **न** નથી **सत्** સત **तत्** તે **न** નથી **असत्** અસત **उच्यते** કહેવાતું. ૧૨

શ૦:—જે જાણુવાયોગ્ય [છે] તેને સ્પષ્ટ કરીને કહીશ, જેને જાણીને [જ્ઞાની] મોક્ષને પામે છે. તે ઉત્પત્તિથી રહિત પરબ્રહ્મ સત નથી કહેવાતું, [તેમ] અસત [પણુ] નથી [કહેવાતું.] ૧૨

ટી૦:—મુમુક્ષુપુરુષોએ અમાનિત્વાદિક સાધનોવડે જે વસ્તુ જાણવાયોગ્ય છે તે જ્ઞેય વસ્તુ તને સ્પષ્ટ કરીને કહીશ, કે જે જ્ઞેય વસ્તુને જાણીને અધિકારી પુરુષ આ દુઃખરૂપ સંસારથી મુક્ત થાય છે. તે જ્ઞેય ઉત્પત્તિથી રહિત, તથા નિરતિશય-અતિશયપણાવિનાનું-ને દેશ કાલ તથા વસ્તુના પરિચ્છેદથી રહિત છે. જો अनादिमत् ને परं એ બે શબ્દને अनादिमत्परं એમ એક શબ્દ ગણીએ, અને आदिमत् એટલે કાર્ય ને परं એટલે કારણ એ બેથી રહિત તે अनादिमत्परं એવો તેનો અર્થ કરીએ તો તે પણ થઇ શકે છે. વળી તે જ્ઞેય પ્રકૃતિ તથા પરમાણુ આદિની પેઠે લૌકિક સત એવા નામથી કહેવાતું નથી, તેમ શૂન્યની પેઠે અસત પણ કહેવાતું નથી, અર્થાત એ તત્ત્વ પ્રકટ અપ્રકટ જડ તત્ત્વોથી ભિન્ન, સૂક્ષ્મતમ ને વેદાંતશાસ્ત્રના સંસ્કારવિનાની બુદ્ધિને સર્વદા અગમ્ય છે. ૧૨

હવે જ્ઞેયના અસતપણાની શંકાને વિસ્તારથી નિવૃત્ત કરવા-માટે કહે છેઃ—

सर्वतः पाणिपादं तत्, सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके, सर्वमावृत्य तिष्ठति ॥ १३ ॥

પ૦ ત૦ પ૦:—**सर्वतः** સર્વ[શરીરો]માં **पाणिपादम्** હાથ-પગવાળું **तत्** તે **सर्वतोऽक्षिशिरोमुखम्** (**सर्वतः अक्षिशिरःमुखम्**)

સર્વ[શરીરો]માં નેત્ર શિર અને મુખવાળું **सर्वतः** સર્વ[શરીરો]માં **श्रुतिमत्** કાનવાળું **लोके** લોકમાં **सर्वम्** સર્વને **आवृत्य** વ્યાપીને–વ્યાપ્ત કરીને **तिष्ठति** રહે છે. ૧૩

શ૦:—તે સર્વ[શરીરો]માં હાથપગવાળું, સર્વ[શરીરો]માં નેત્ર શિર ને મુખવાળું, સર્વ[શરીરો]માં કાનવાળું, લોકમાં (સર્વ પ્રાણીઓના શરીરમાં) સર્વ[જડસમૂહ]ને વ્યાપીને રહે છે. ૧૩

ટી૦:—હાથ, પગ, આંખ, માથું, મુખ ને કાન આદિ શરીરમાંના સર્વ અવયવો તથા કરણો જડ છે તેથી તેઓ પોતાની મેળે કોઇ પણ કાર્યમાં જોડાવાને શક્તિમાન્ નથી. ચેતનરૂપ અધિષ્ઠાનની સત્તાથી એ એ સર્વે પોતપોતાની ક્રિયામાં પ્રવૃત્ત થઇ શકે છે માટેજ કહે છે કે એ જ્ઞેયચેતન સર્વશરીરોમાં હાથપગવાળું, સર્વશરીરોમાં આંખ માથું ને મુખવાળું, સર્વશરીરોમાં કાનવાળું ને સર્વપ્રાણીઓના શરીરોમાં સર્વ જડસમૂહને આધ્યાસિક–કલ્પિત–સંબંધથી પોતાની સત્તાસ્ફૂર્તિરૂપે વ્યાપીને રહેલ છે. અહિં હાથપગવડે સર્વ કર્મેંદ્રિયોનું અને આંખ તથા કાનવડે સર્વે જ્ઞાનેંદ્રિયોનું તથા મનબુદ્ધિનું પણ ગ્રહણ કરવું. ૧૩

હવે ચેતનમાં ભ્રાંતિવડે આરોપ કરેલા પ્રપંચનો અપવાદ કરે છે:—

सर्वेंद्रियगुणाभासं, सर्वेंद्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव, निर्गुणं गुणभोक्तृ च ॥ १४ ॥

પ૦ ત૦ પ૦:—सर्वेंद्रियगुणाभासम् સર્વ ઇંદ્રિયોના વ્યાપારવડે પ્રતીત થનાર **सर्वेंद्रियविवर्जितम्** સર્વ ઇંદ્રિયોથી અત્યંત રહિત **असक्तम्** સર્વ સંબંધથી રહિત **सर्वभृत्** સર્વને ધારણ કરનાર **च** અને **एव** જ **निर्गुणम्** નિર્ગુણ **गुणभोक्तृ** ગુણોને ભોગવનાર **च** તથા. ૧૪

શ૦:—સર્વ ઇંદ્રિયોથી અત્યંત રહિત, સર્વ ઇંદ્રિયોના વ્યાપારવડે પ્રતીત થનાર, સર્વ સંબંધથી રહિત અને સર્વને ધારણ કરનારજ, નિર્ગુણ તથા ગુણોને ભોગવનાર [છે.] ૧૪

ટી૦:—તે અસંગ જ્ઞેયચેતન વાસ્તવિકરીતે તો સર્વે ઇંદ્રિયો તથા અંતઃકરણથી અત્યંત રહિત છે, પણ પોતાની માયાને લીધે તે સર્વ ઇંદ્રિયોના તથા અંતઃકરણના વ્યાપારવાળાના જેવું પ્રતીત થાય છે. વળી તે જ્ઞેયચેતન

' **असंगो ह्ययं पुरुषः** ' (નિશ્ચય આ આત્મા અસંગ છે,) ને ' **असंगो न हि सज्जते** ' (અસંગ આત્મા કોઇ પણ વસ્તુની સાથે વાસ્તવિક સંબંધ પામતો નથી,) ઇત્યાદિ શ્રુતિઓમાં કહેલી રીતે પરમાર્થથી (વસ્તુતાએ) સર્વ સંબંધથી રહિત છે, અને પોતાની માયાશક્તિથી સર્વ કલ્પિત પ્રપંચને ધારણ કરનાર તથા પોષણ કરનાર છે; તેમજ તે સત્ત્વ, રજસ્ ને તમસ્ એ ત્રણ ગુણોથી રહિત અને શબ્દાદિક વિષયોદ્વારા સુખ, દુઃખ ને મોહને આકારે પરિણામ પામેલા તે ત્રણ ગુણોનું પ્રતિબિંબદ્વારા ભોક્તા તથા ઉપલબ્ધા (સાક્ષી) છે. ૧૪

बहिरंतश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं, दूरस्थं चांतिके च तत् ॥ १५ ॥

પ૦ ત૦ પ૦:—**बहिः** બહાર **अंतः** અંતર **च** અને **भूतानाम्** ભૂતોની **अचरम्** સ્થાવર **चरम्** જંગમ **एव** જ **च** તથા **सूक्ष्मत्वात्** સૂક્ષ્મપણાને લીધે **तत्** તે **अविज्ञेयम्**[11] અવિજ્ઞેય—નહિ જાણી શકાય એવું **दूरस्थम्**[14] દૂર રહેલું [છે] **च**[15] અને **अंतिके**[16] અત્યંત સમીપમાં [પણ રહેલું છે] **च**[12] તથા **तत्**[13] તે. ૧૫

શા૦:—તેજ ભૂતોની બહાર અને અંતર [વ્યાપક છે,] તથા સ્થાવરજંગમ[રૂપ છે,] સૂક્ષ્મપણાને લીધે નહિ જાણી શકાય એવું [છે,] તથા તે દૂર રહેલું [છે,] અને અત્યંત સમીપમાં [પણ રહેલું છે.] ૧૫

ટી૦:—વળી તે જ્ઞેયચેતન ઉત્પત્તિવાળાં સર્વ કલ્પિત કાર્યોની બહાર તથા તે કાર્યોની અંતર અકલ્પિત અધિષ્ઠાનરૂપે વ્યાપક છે. ઇશોપનિષત્‌ની ' **तदंतरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः ॥** ' (તે આત્માજ આ સર્વ ભૂતોની અંતર તથા બહાર વ્યાપીને રહેલ છે) એ શ્રુતિમાં પણ એમજ કહ્યું છે. આ જ્ઞેયચેતનને સર્વવ્યાપી કહેવામાં એ તાત્પર્ય રહેલું છે કે કલ્પિત વસ્તુમાં અધિષ્ઠાન બહાર અને અંતર વ્યાપીને રહે છે, તથા કલ્પિત પદાર્થ અધિષ્ઠાનથી ભિન્નસત્તાવાળો હોતો નથી, પણ અધિષ્ઠાનરૂપ-જ હોય છે, તેથી અધિષ્ઠાન જ્ઞેયચેતનમાં કલ્પિત આ સર્વ સ્થાવરજંગમ પ્રાણિપદાર્થો પણ અધિષ્ઠાન જ્ઞેયચેતનથી ભિન્ન સત્તાવાળા નથી, પણ તે રૂપજ છે. તે આકાશાદિક સૂક્ષ્મ પદાર્થોથી પણ અત્યંત સૂક્ષ્મ હોવાથી તથા રૂપાદિક ગુણોથી રહિત હોવાથી વિવેકવૈરાગ્યાદિ સાધનોથી રહિત

પુરુષોને કરોડો વર્ષે પણ અનુભવમાં આવી શકતું નથી, તેમજ તે વિવેકાદિ સાધનવિનાના પુરુષોને કરોડો યોજનથી પણ દૂર છે, અને વિવેકાદિ સાધનસંપન્ન પુરુષને તો પોતાની બુદ્ધિમાંજ અનુભવવાયોગ્ય હોવાથી તે જ્ઞેયચેતન અત્યંત સમીપ છે. ૧૫

अविभक्तं च भूतेषु, विभक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं, ग्रसिष्णु प्रभविष्णु च ॥१६॥

૫૦ ત૦ ૫૦:—**अविभक्तम्** જેના વિભાગ થયા નથી એવું-એક **च** અને **भूतेषु** ભૂતોમાં **विभक्तम्** વિભાગ પામેલાની-ભિન્નની **इव** પેઠે **च** પણ **स्थितम्** રહ્યું [છે] **भूतभर्तृ** ભૂતોને ધારણ કરનાર **च** અને **तत्** તે **ज्ञेयम्** જાણવું **ग्रसिष्णु** સંહાર કરનાર **प्रभविष्णु** ઉત્પન્ન કરનાર **च** તથા. ૧૬

શ૦:—અને [તે] ભૂતોમાં એક [છતાં] પણ વિભાગ પામેલાની પેઠે રહ્યું [છે.] તે ભૂતોને ધારણ કરનાર અને સંહાર કરનાર તથા ઉત્પન્ન કરનાર જાણવું. ૧૬

ટી૦:—ઘટ તથા મઠાદિરૂપ ઉપાધિઓને લીધે આકાશમાં જે મિથ્યા ભેદ પ્રતીત થાય છે તે મિથ્યા ભેદ જેમ આકાશના એકપણાને નિવૃત્ત કરી શકતો નથી તેમ આત્મામાં શરીરાદિરૂપ ઉપાધિઓથી જણાતો મિથ્યા ભેદ આત્માના એકપણાની નિવૃત્તિ કરી શકતો નથી માટેજ કહ્યું કે તે જ્ઞેયચેતન સર્વ પ્રાણીઓમાં એક છતાં પણ ભ્રાંતિને લીધે વિભાગ પામેલાની પેઠે જણાય છે. વળી તેજ જ્ઞેયચેતનને સ્થિતિકાલમાં અધિષ્ઠાનરૂપે સર્વનું ધારણ કરનાર તથા પોષણ કરનાર, પ્રલયકાલમાં સર્વનો સંહાર કરનાર અને ઉત્પત્તિકાલમાં સર્વને ઉત્પન્ન કરનાર જાણવું. ૧૬

હવે જ્ઞેયચેતનના સ્વરૂપલક્ષણને કહે છે:—

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं, हृदि सर्वस्य धिष्ठितम् ॥१७॥

૫૦ ત૦ ૫૦:—**ज्योतिषाम्** જ્યોતિઓનું **अपि** પણ **तत्** તે **ज्योतिः** જ્યોતિ **तमसः** તમસૂથી **परम्** પર-શ્રેષ્ઠ **उच्यते** કહેવાય છે **ज्ञानम्** જ્ઞાન **ज्ञेयम्** જ્ઞેય **ज्ञानगम्यम्** જ્ઞાનવડે જાણી શકાય એવું **हृदि** હૃદયમાં **सर्वस्य** સર્વના **धिष्ठितम्** રહેલું [છે.] ૧૭

શ૦:—તે જ્યોતિઓનું પણ જ્યોતિ તમસ્‌થી શ્રેષ્ઠ કહેવાય છે. [તે] જ્ઞાન, જ્ઞેય [ને] જ્ઞાનવડે જાણી શકાય એવું સર્વના હૃદયમાં રહેલું [છે.] ૧૭

ટી૦:—તે જ્ઞેયચેતન સૂર્ય, ચંદ્ર, અગ્નિ ને વિદ્યુદાદિ શરીરની બહારના પ્રકાશોને તથા મનબુદ્ધિ આદિ શરીરની અંતરના પ્રકાશોને પ્રકાશ કરનારું અને અવિદ્યાથી તથા અવિદ્યાના કાર્યથી રહિત કહેવાય છે. વળી તે પ્રત્યક્ષાદિ પ્રમાણથી ઉપજેલી ચિત્તવૃત્તિથી પ્રકટ થનાર સ્ફુરણરૂપ છે, અને અજ્ઞાનદશામાં અજ્ઞાત હોવાથી એ ચેતનજ અધિકારી પુરુષોને જાણવાયોગ્ય છે. એ ચેતન પૂર્વે કહેલાં અમાનિત્વાદિક વીશ સાધનોવડેજ અનુભવી શકાય એવું છે, ને તે સર્વ પ્રાણીઓના હૃદયમાં વિશેષ અભિવ્યક્તિ પામીને રહેલું છે. ૧૭

ક્ષેત્રાદિના જ્ઞાનથી મનુષ્યને થતા ફલનું નિરૂપણ કરે છે:-

इति क्षेत्रं तथा ज्ञानं, ज्ञेयं चोक्तं समासतः ।
मद्भक्त एतद्विज्ञाय, मद्भावायोपपद्यते ॥१८॥

પ૦ ત૦ પ૦:—इति એ પ્રમાણે क्षेत्रम् ક્ષેત્ર तथा તથા ज्ञानम् જ્ઞાન ज्ञेयम् જ્ઞેય च અને उक्तम् કહ્યું समासतः સંક્ષેપથી मद्भक्तः મારો ભક્ત एतत् એને विज्ञाय જાણીને मद्भावाय મારા ભાવને માટે (મોક્ષની પ્રાપ્તિમાટે) उपपद्यते યોગ્ય થાય છે. ૧૮

શ૦:—એ પ્રમાણે ક્ષેત્ર તથા જ્ઞાન અને જ્ઞેય સંક્ષેપથી કહ્યું. મારો ભક્ત એને જાણીને મારા ભાવને માટે યોગ્ય થાય છે. ૧૮

ટી૦:—महाभूतानिથી धृतिःસુધી ક્ષેત્રનું, अमानित्वंથી तत्त्वज्ञानार्थदर्शनंસુધી જ્ઞાનનું ને अनादिमत्परंથી हृदि सर्वस्य धिष्ठितंસુધી જ્ઞેયનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું. મારો અનન્ય ભક્ત એ ત્રણેને સારી રીતે જાણીને સર્વ અનર્થોથી રહિત પરમાનંદરૂપ મોક્ષની પ્રાપ્તિમાટે યોગ્ય થાય છે. ૧૮

પ્રથમ ક્ષેત્રનામની અપરાપ્રકૃતિનું તથા ક્ષેત્રજ્ઞનામની પરાપ્રકૃતિનું અનાદિપણું કહીને પછી અપરાપ્રકૃતિનાં કાર્યોને કહે છે:—

प्रकृतिं पुरुषं चैव, विद्ध्यनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव, विद्धि प्रकृतिसंभवान् ॥१९॥

પ૦ ત૦ પ૦:—**प्रकृतिम्** પ્રકૃતિ **पुरुषम्** પુરુષ **च** અને **एव** જ **विद्धि** જાણો **अनादी** અનાદિ **उभौ** બંનેને **अपि** પણ **विकारान्** વિકારોને (મહત્તત્ત્વનાં કાર્યોને) **च** તથા **गुणान्** ગુણોને **च** અને **एव** જ **विद्धि** જાણો **प्रकृतिसंभवान्** પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા. ૧૯

શ૦:—પ્રકૃતિ અને પુરુષ [એ] બંનેને પણ અનાદિજ જાણો, તથા વિકારોને અને ગુણોને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાજ જાણો. ૧૯

ટી૦:—પ્રકૃતિ (ક્ષેત્રનામની અપરાપ્રકૃતિ) અને પુરુષ (ક્ષેત્રજ્ઞ-નામની પરાપ્રકૃતિ) એ બંનેને અનાદિ-જેનું કોઈ કારણ નથી એવાં-જાણ, અને આકાશાદિ પાંચ મહાભૂતો તથા મનસહિત અગિયાર ઇંદ્રિયો એ સોળ વિકારોને, તેમજ સત્ત્વ, રજસ્ ને તમસ્ એ ત્રણ બુદ્ધિમાં રહેલા ગુણોને પ્રકૃતિથી-અપરાપ્રકૃતિથી-જ ઉત્પન્ન થયેલા જાણ. પ્રકૃતિના તથા પુરુષના અનાદિપણા આદિમાટે **શ્રીપાતંજલયોગદર્શનની** તથા **શ્રીસાંખ્ય-પ્રવચનની** ગુજરાતી ટીકા જુઓ. ૧૯

હવે પ્રકૃતિમાં કર્તાપણાનું ને પુરુષમાં ભોક્તાપણાનું નિરૂપણ કરે છેઃ—

कार्यकारणकर्तृत्वे, हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां, भोक्तृत्वे हेतुरुच्यते ॥२०॥

પ૦ ત૦ પ૦:—**कार्यकारणकर्तृत्वे** કાર્યકારણના કર્તાપણામાં **हेतुः** કારણ **प्रकृतिः** પ્રકૃતિ **उच्यते** કહેવાય છે **पुरुषः** પુરુષ **सुखदुःखानाम्** સુખદુઃખોના **भोक्तृत्वे** ભોક્તાપણામાં **हेतुः** કારણ **उच्यते** કહેવાય છે. ૨૦

શ૦:—કાર્યકારણના કર્તાપણામાં પ્રકૃતિ કારણ કહેવાય છે, [અને] સુખદુઃખોના ભોક્તાપણામાં પુરુષ કારણ કહેવાય છે. ૨૦

ટી૦:—સ્થૂલશરીરરૂપ કાર્યના અને પાંચ જ્ઞાનેંદ્રિયો, પાંચ કર્મેંદ્રિયો, મન, બુદ્ધિ ને ચિત્ત એ તેર કારણના કર્તાપણામાં અર્થાત્ તે કાર્યકારણના આકારમાં તથા પરિણામમાં **શ્રીકપિલાદિ** મુનિઓએ પ્રકૃતિનેજ કારણરૂપ કહી છે. અહિં સ્થૂલશરીરરૂપ કાર્યના ગ્રહણથી તે સ્થૂલશરીરનો આરંભ કરનારાં આકાશાદિક પાંચ ભૂતો તથા શબ્દાદિક પાંચ વિષયો એ સર્વે

ગ્રહણ કરવાં, અને તેર કારણોના ગ્રહણથી તેમને આશ્રયે રહેલા સુખ, દુઃખ તથા મોહરૂપ સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોનું પણ ગ્રહણ કરવું. કોઇ પુસ્તકમાં कार्यकरणकर्तृत्वे એવો પાઠ પણ હોય છે. તેનો અર્થ પણ ઉપર પ્રમાણેજ સમજવો. પુરુષ એ સુખદુઃખોના ભોક્તાપણામાં કારણ કહેવાય છે, અર્થાત્ તે સુખ, દુઃખ તથા મોહરૂપ સર્વ ભોગ્ય પદાર્થોના વૃત્તિયુક્ત અનુભવમાં કારણ કહેવાય છે. ૨૦

નિમિત્તવિના અસંગ પુરુષને સંસારીપણું ન સંભવે માટે પુરુષના સંસારીપણાનું નિમિત્ત કહે છે:—

पुरुषः प्रकृतिस्थो हि, भुंक्ते प्रकृतिजान्गुणान् ।
कारणं गुणसंगोऽस्य, सदसद्योनिजन्मसु ॥२१॥

શ૦ ત૦ પ૦:—**पुरुषः** પુરુષ **प्रकृतिस्थः** પ્રકૃતિમાં રહેલો **हि** જ **भुंक्ते** ભોગવે છે **प्रकृतिजान्** પ્રકૃતિમાંથી ઉપજેલા **गुणान्** ગુણોને **कारणम्** કારણ [છે] **गुणसंगः** ગુણોનો સંગ-ગુણોમાં અહંતામમતા **अस्य** આને **सदसद्योनिजन्मसु** સત્ તથા અસત્ યોનિના (દેવાદિ આકાર ને પશુ આદિ આકાર) જન્મોમાં. ૨૧

અ૦:—પુરુષ પ્રકૃતિમાં રહેલોજ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા ગુણોને ભોગવે છે, [અને] સત્ તથા અસત્ [ને સદસત] યોનિના જન્મોમાં આને ગુણોનો સંગ [એજ] કારણ [છે.] ૨૧

ટી૦:—ગુણોને-અંતઃકરણમાં ઉપજતા સુખ, દુઃખ તથા મોહને. સત્યોનિ-દેવતાઓનાં શરીરો. અસત્યોનિ-પશુ આદિકના દેહો. સદસત્-યોનિ-મનુષ્યશરીરો. ગુણોનો સંગ-શરીર, ઇંદ્રિયો ને વિષયોરૂપ ગુણોમાં (ત્રણ ગુણોનાં કાર્યોમાં) આ હું છું, તથા આ મારું છે એવી અહંતા-મમતા. ૨૧

હવે પુરુષના વાસ્તવિક સ્વરૂપને કહે છે:—

उपद्रष्टाऽनुमंता च, भर्ता भोक्ता महेश्वरः ।
परमात्मेति चाप्युक्तो, देहेऽस्मिन्पुरुषः परः ॥२२॥

શ૦ ત૦ પ૦:—**उपद्रष्टा** સાક્ષી **अनुमंता** અનુમતિ આપનારો **च** તથા **भर्ता** ભર્તા **भोक्ता** ભોક્તા **महेश्वरः** મહેશ્વર [છે] **परमात्मा** પરમાત્મા **इति** એમ **च** અને **अपि** પણ **उक्तः** કહ્યો [છે] **देहे** દેહમાં **अस्मिन्** આ **पुरुषः** પુરુષ **परः** સર્વથી ભિન્ન. ૨૨

શ૦:—આ દેહમાં પુરુષ સર્વથી ભિન્ન, સાક્ષી તથા અનુમતિ આપનારો, ભર્તા, ભોક્તા [ને] મહેશ્વર [છે,] અને [શ્રુતિમાં તેને] પરમાત્મા એમ પણ કહ્યો [છે.] ૨૨

ટી૦:—પ્રકૃતિના પરિણામરૂપ આ સ્થૂલશરીરમાં રહેલો પુરુષ (આત્મા) પ્રકૃતિથી ઉપજેલા સત્ત્વાદિ ત્રણ ગુણોનાં દેહાદિ કાર્યોના સંબંધથી રહિત છે. તે પુરુષ દેહેંદ્રિયાદિની ક્રિયાઓને પોતે અકર્તારૂપે સમીપમાં રહી જોનારો (પ્રકાશનારો) છે, તથા પોતપોતાની ક્રિયામાં પ્રવર્તેલાં દેહેંદ્રિયાદિને કદાપિ પણ તેમની ક્રિયાઓથી તે નિવૃત્ત કરતો નથી. વળી તે દેહેંદ્રિયાદિને પોતાનાં સત્તાસ્ફુરણથી ધારણ કરનાર તથા પોષણ કરનાર છે, અને બુદ્ધિની સુખ, દુઃખ ને મોહરૂપ વૃત્તિઓનો પ્રતિબિંબરૂપે તે ભોક્તા છે, તથા પોતાની સમીપતામાત્રથી બુદ્ધિ આદિક જડ પદાર્થોને ચેષ્ટા કરાવનાર છે, તેમજ શ્રુતિમાં તેને અજ્ઞાનકાલે આત્મરૂપે માનવામાં આવતા શરીરથી બુદ્ધિસુધીના સર્વ જડ પદાર્થોમાં ઉત્કૃષ્ટ કહ્યો છે. ૨૨

પુરુષાદિના સ્વરૂપને જાણવાનું ફલ કહે છેઃ—

य एवं वेत्ति पुरुषं, प्रकृतिं च गुणैः सह ।
सर्वथा वर्तमानोऽपि, न स भूयोऽभिजायते ॥२३॥

પ૦ ત૦ પ૦:—**यः** જે **एवम्** એ પ્રમાણે **वेत्ति** જાણે છે **पुरुषम्** પુરુષને **प्रकृतिम्** પ્રકૃતિને **च** અને **गुणैः** વિકારોએ **सह** સહિત **सर्वथा** સર્વ પ્રકારે **वर्तमानः** વર્તમાન [છતાં] **अपि** પણ **न** નથી **सः** તે **भूयः** ફરીથી **अभिजायते** જન્મ પામતો. ૨૩

શ૦:—જે એ પ્રમાણે પુરુષને અને વિકારોએ (કાર્યોએ) સહિત પ્રકૃતિને જાણે છે તે સર્વ પ્રકારે વર્તમાન (રહેતો) [છતાં] પણ ફરીથી જન્મ પામતો નથી. ૨૩

ટી૦:—જે અધિકારી પુરુષ પૂર્વોક્તરીતે **શ્રીસદ્‌ગુરુના તથા શાસ્ત્રના** ઉપદેશથી પુરુષના અસંગસ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે, તથા દેહાદિક વિકારોસહિત પરિણામી પ્રકૃતિને પણ જે જાણે છે તે તત્ત્વવેત્તા પુરુષ પોતાના પ્રારબ્ધકર્માનુસાર વ્યવહારમાં ઉત્તમ મધ્યમ કે કનિષ્ઠ પ્રકારે રહેતો છતો પણ પુનર્જન્મને પામતો નથી. દેહની પુનરુત્પત્તિનું કારણ પુણ્યપાપના સંસ્કારો છે. જ્ઞાનીના પુણ્યપાપના સંસ્કારો જ્ઞાન થયા પૂર્વેજ નાશ પામ્યા છે માટે તેને પુનર્જન્મનો સંભવ ક્યાંથી હોય ? **શ્રીબ્રહ્મસૂત્રમાં** પણ

' तदधिगम उत्तरपूर्वाघयोरश्लेषविनाशौ तद्व्यपदेशात् ' (આત્માનો સાક્ષાત્કાર થયા પછી જ્ઞાનીને ક્રિયમાણ કર્મોનો અસ્પર્શ રહે છે, અને તેમનાં સંચિતકર્મોનો નાશ થાય છે એ વાત શ્રુતિઓરૂપ પ્રમાણથી સિદ્ધ છે) એ સૂત્રથી શ્રીવ્યાસભગવાને એમજ કહ્યું છે. ૨૩

આત્મજ્ઞાનના અધિકારી જનોના ભેદથી આત્મજ્ઞાનનાં સાધનોના વિકલ્પોને કહે છે:—

ध्यानेनात्मनि पश्यंति, केचिदात्मानमात्मना ।
अन्ये सांख्येन योगेन, कर्मयोगेन चापरे ॥२४॥

પ૦ ત૦ પ૦:—**ध्यानेन** ધ્યાનવડે **आत्मनि** [પોતાની] બુદ્ધિમાં **पश्यंति** જુએ છે **केचित्** કેટલાક **आत्मानम्** આત્માને **आत्मना** [ધ્યાનવાળા] અંતઃકરણવડે **अन्ये** બીજા **सांख्येन** સાંખ્ય **योगेन** યોગવડે **कर्मयोगेन** કર્મયોગવડે **च** અને **अपरे** બીજા. ૨૪

શ૦:—કેટલાક ધ્યાનવડે [પોતાની] બુદ્ધિમાં આત્માને [ધ્યાનવાળા] અંતઃકરણવડે જુએ છે, બીજા સાંખ્યયોગવડે અને બીજા કર્મયોગવડે [જુએ છે.] ૨૪

ટી૦:—આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છનાર અધિકારીઓના ચાર પ્રકાર છે, ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ ને કનિષ્ઠતર. એમાંના પ્રથમના ત્રણ અધિકારીઓનાં સાધનો આ શ્લોકમાં જણાવ્યાં છે. એ ત્રણમાં જે ઉત્તમ અધિકારી છે તે પોતાની બુદ્ધિને બહારના વિષયોને આકારે પરિણામ નહિ પામવા દેતાં આત્માને આકારે પરિણામ પમાડી પોતાની અન્ય વૃત્તિઓથી રહિત થયેલી નિર્મલ બુદ્ધિમાં આત્માનો તે સ્વાર્થસંયમવાળી (આત્મામાં સુસ્થિર કરેલી) બુદ્ધિથી સાક્ષાત્કાર કરે છે. યોગમાં કહેલા એ સ્વાર્થસંયમને સાંખ્યશાસ્ત્રમાં ધ્યાન ને વેદાંતશાસ્ત્રમાં નિદિધ્યાસ કહે છે. જે મધ્યમ અધિકારી છે તે સાંખ્યયોગ એટલે પ્રકૃતિપુરુષના વિવેકને યથાવિધિ સમજી પછી સ્વાર્થસંયમમાં પ્રવેશ કરી આત્માનો પોતાની બુદ્ધિમાં સાક્ષાત્કાર કરે છે, અને જે કનિષ્ઠ અધિકારી છે તે પ્રથમ ઇશ્વરાર્પણબુદ્ધિથી વેદવિહિત સંધ્યાવંદન અને અગ્નિહોત્રાદિ કર્મોદ્વારા પોતાની બુદ્ધિને નિર્મલ કરી, પછી પ્રકૃતિપુરુષનો વિવેક કરી, પશ્ચાત્ સ્વાર્થસંયમની પ્રાપ્તિદ્વારા પોતાની બુદ્ધિમાં આત્માનો સાક્ષાત્કાર કરે છે. ૨૪

હવે કનિષ્ઠતર અધિકારીના આત્મજ્ઞાનના સાધનનું નિરૂપણ કરે છેઃ—

अन्ये त्वेवमजानंतः, श्रुत्वाऽन्येभ्य उपासते ।
तेऽपि चातितरंत्येव, मृत्युं श्रुतिपरायणाः ॥२५॥

પ૦ ત૦ પ૦:—अन्ये બીજા तु વળી एवम् એ પ્રમાણે अजानंतः નહિ જાણતાં [છતાં] श्रुत्वा સાંભળીને अन्येभ्यः બીજાઓથી उपासते ઉપાસે છે ते તેઓ अपि પણ च નિશ્ચય अतितरंति ઓળંગી જાય છે एव જ मृत्युम् મૃત્યુને श्रुतिपरायणाः શ્રવણપરાયણ [થઈ.] ૨૫

શ૦:—વળી બીજા એ પ્રમાણે નહિ જાણતાં [છતાં] બીજાઓથી સાંભળીને [આત્માને] ઉપાસે છે તેઓ પણ શ્રવણ-પરાયણ [થઈ] મૃત્યુને નિશ્ચયજ ઓળંગી જાય છે. ૨૫

ટી૦:—વળી ચોથા પ્રકારના અધિકારીઓ પૂર્વોક્ત ધ્યાન, સાંખ્ય-યોગ તથા કર્મયોગ એ ત્રણ ઉપાયમાંના એકે ઉપાયથી આત્માને નહિ જાણીને પરમકરુણાવાળા આચાર્યોદ્વારા ઉપદેશ પામી તેઓનાં વચનોપ્રમાણે શ્રદ્ધાભક્તિપૂર્વક આત્માનું ચિંતન કરે છે તેઓ પણ ઉપદેશશ્રવણને પરાયણ થઈ કાર્યસહિત અજ્ઞાનને નિવૃત્ત કરે છે. મૂલમાં તુશબ્દ છે તેવડે પ્રથમના ત્રણ અધિકારીઓથી આ ચોથા અધિકારીનું વિલક્ષણપણું સૂચવ્યું છે, ને અપિશબ્દથી એમ જણાવ્યું છે કે આવો આત્માના વિચારવિનાનો પુરુષ પણ કાર્યસહિત અજ્ઞાનની નિવૃત્તિ કરવા સમર્થ થાય છે તો પછી આત્માના વિચારવાળો પુરુષ તેમ કરવા સમર્થ થાય એમાં શું આશ્ચર્ય ? કાંઈજ આશ્ચર્ય નહિ. ૨૫

આગળ સંસારનું તથા આત્મજ્ઞાનનું વિસ્તારથી નિરૂપણ કરવું છે માટે પ્રથમ ક્ષેત્રથી અને ક્ષેત્રજ્ઞથી સર્વની ઉત્પત્તિ થયાનું કહે છેઃ—

यावत्संजायते किंचित्, सत्त्वं स्थावरजंगमम् ।
क्षेत्रक्षेत्रज्ञसंयोगात्, तद्विद्धि भरतर्षभ ॥२६॥

પ૦ ત૦ પ૦:—यावत् જેટલું-જે संजायते ઉત્પન્ન થાય છે किंचित् કાંઈ सत्त्वम् વસ્તુ स्थावरजंगमम् સ્થાવરજંગમ क्षेत्रक्षेत्रज्ञसंयोगात् ક્ષેત્રના અને ક્ષેત્રજ્ઞના સંયોગથી तत् તેને विद्धि જાણો भरतर्षभ હે ભરતકુલમાં શ્રેષ્ઠ !—હે અર્જુન ! ૨૬

શ૦:—હે અર્જુન ! જે કાંઈ સ્થાવરજંગમ વસ્તુ ઉત્પન્ન થાય છે તેને ક્ષેત્રના અને ક્ષેત્રજ્ઞના સંયોગથી [ઉપજેલી] જાણો. ૨૬

ટી૦:—ક્ષેત્ર-કર્મનાં ફલો ઉપજવાનું સ્થાન-પ્રકૃતિ અને તેનાં સર્વ કાર્યો. ક્ષેત્રજ્ઞ-પૂર્વોક્ત ક્ષેત્રથી વિલક્ષણસ્વભાવવાળું સ્વપ્રકાશ ચેતન. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બંનેનો અવિવેકવડે સંયોગ થવાથીજ આ સર્વ સ્થાવર-જંગમ પદાર્થો ઉપજે છે. વિવેકીની દૃષ્ટિએ એ સર્વ પદાર્થો સત્યરૂપ પ્રતીત થતા નથી. ૨૬

એવા વિવેકીની દૃષ્ટિનું નિરૂપણ કરે છે:—

समं सर्वेषु भूतेषु, तिष्ठंतं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यंतं, यः पश्यति स पश्यति ॥२७॥

પ૦ ત૦ પ૦:—**समम्** સમાન **सर्वेषु** સર્વ **भूतेषु** ભૂતોમાં **तिष्ठंतम्** રહેલા **परमेश्वरम्** પરમેશ્વરને **विनश्यत्सु** વિનાશ પામનારાં **अविनश्यंतम्** વિનાશ નહિ પામનારા **यः** જે **पश्यति** જુએ છે **सः** તે **पश्यति** જુએ છે. ૨૭

શ૦:—વિનાશ પામનારાં સર્વ ભૂતોમાં સમાન રહેલા [ને] વિનાશ નહિ પામનારા પરમેશ્વરને જે જુએ છે તે [યથાર્થ] જુએ છે. ૨૭

ટી૦:—ક્ષણે ક્ષણે પરિણામ પામી વિનાશ પામવાના સ્વભાવવાળાં આ સર્વ સ્થાવરજંગમ ભૂતોમાં સમાનપણે નિર્વિકારરૂપથી રહેલા અવિનાશી આત્માને (દેહાદિ જડસમૂહને સત્તાસ્ફૂર્તિ આપનારને) જે અધિકારી પુરુષ જ્ઞાનરૂપ દૃષ્ટિથી સર્વ જડસમૂહથી ભિન્ન જુએ છે તેજ અધિકારી પુરુષ આત્માને દેખે છે માટે તેજ યથાર્થ જુએ છે, પણ અજ્ઞાનીઓ તો સ્વપ્ન જેનારાઓની પેઠે ભ્રાંતિને લીધે વિપરીતરીતે જુએ છે, તેઓ દેખતાં છતાં પણ વાસ્તવિકરીતે નથી દેખતા. ૨૭

પૂર્વોક્ત આત્મદર્શનની ફ્લવડે સ્તુતિ કરે છે:—

समं पश्यन् हि सर्वत्र, समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनाऽऽत्मानं, ततो याति परां गतिम् ॥२८॥

પ૦ ત૦ પ૦—**समम्** સમાન **पश्यन्** જેતો [છતો] **हि** જેથી **सर्वत्र** સર્વ ઠેકાણે **समवस्थितम्** નિર્વિકારપણે રહેલા **ईश्वरम्** ઈશ્વરને **न** નથી **हिनस्ति** હણતો **आत्मना** આત્માવડે **आत्मानम्** આત્માને **ततः**

તેથી **याति** પામે છે **पराम्** શ્રેષ્ઠ **गतिम्** ગતિને. ૨૮

શ૦:—સર્વ ઠેકાણે સમાન [તથા] નિર્વિકારપણે રહેલા ઈશ્વરને જોતો [છતો] જેથી આત્માવડે આત્માને હણતો નથી તેથી [તે] શ્રેષ્ઠ ગતિને પામે છે. ૨૮

ટી૦:—સ્થાવરજંગમરૂપ સર્વ ભૂતોમાં જે સર્વત્ર એકરૂપ છે, તથા જન્મથી નાશપર્યંતના સર્વ (૭) ભાવવિકારોથી જે રહિત છે, ને સર્વ પ્રાણીઓની પ્રવૃત્તિનું જે કારણ છે તે આત્માનો જ્ઞાનદૃષ્ટિથી સાક્ષાત્કાર કરતો છતો જ્ઞાની પુરુષ જે કારણથી પોતાના આત્માવડે (અવિવેકવાળા મનવડે) પોતાના આત્માને હણતો નથી તે કારણથી તે પુરુષ કાર્યસહિત અજ્ઞાનની નિવૃત્તિપૂર્વક પરમાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષને પામે છે. સત, ચિત્, આનંદ ને વિભુરૂપ આત્માને અસત્, જડ, દુઃખ ને પરિચ્છિન્નરૂપ માનવો એજ તેનું હનન ગણાય છે. ૨૮

હવે આત્માને નહિ હણનારા સમ્યગ્દર્શીના સ્વરૂપને કહે છે:—

प्रकृत्यैव च कर्माणि, क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथाऽऽत्मानमकर्तारं स पश्यति ॥२९॥

૫૦ ત૦ ૫૦:—प्रकृत्या પ્રકૃતિએ **एव** જ **च** અને **कर्माणि** કર્મો **क्रियमाणानि** કરાતાં **सर्वशः** સર્વપ્રકારે **यः** જે **पश्यति** જુએ છે **तथा** તથા **आत्मानम्** આત્માને **अकर्तारम्** અકર્તા **सः** તે **पश्यति** જુએ છે. ૨૯

શ૦:—અને પ્રકૃતિએજ સર્વપ્રકારે કર્મો કરાતાં જે જુએ છે, તથા આત્માને અકર્તા [જુએ છે] તે જુએ છે. ૨૯

ટી૦:—જે આત્મજ્ઞાનિપુરુષ દેહેંદ્રિયાદિરૂપ પરિણામને પામેલી તથા સર્વ વિકારોના કારણરૂપ જે પ્રકૃતિ છે તે પ્રકૃતિવડેજ મન, વાણી ને શરીરથી આરંભ કરવાયોગ્ય સર્વ પ્રકારનાં લૌકિક તથા વૈદિક કર્મો થતાં જુએ છે, અર્થાત્ જે વિવેકિપુરુષ જ્ઞાનદૃષ્ટિથી પ્રકૃતિનેજ સર્વ કર્મો કરતી જુએ છે, અને સર્વ વિકારોથી રહિત આત્માને અકર્તા જુએ છે તે વિવેકિપુરુષજ યથાર્થ દેખનાર હોવાથી વાસ્તવિક દેખે છે, અને એવી રીતે આત્માના સ્વરૂપને નહિ જાણનારા બીજા અજ્ઞાનિપુરુષો તો છતી આંખોએ પણ શાસ્ત્રદૃષ્ટિએ આંધળાજેવા છે. ૨૯

એવો વિવેકિપુરુષ સર્વાત્મભાવવડે બ્રહ્મ થવાને યોગ્ય થાય છે એમ કહે છે:—

यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।
तत एव च विस्तारं, ब्रह्म संपद्यते तदा ॥३०॥

૫૦ ત૦ ૫૦:—यदा જ્યારે भूतपृथग्भावम् ભૂતોના પૃથગ્ભાવને एकस्थम् એકમાં રહેલા अनुपश्यति જુએ છે ततः તેથી–આત્માથી एव જ च અને विस्तारम् વિસ્તારને ब्रह्म બ્રહ્મરૂપ संपद्यते થાય છે तदा ત્યારે. ૩૦

શ૦:—જ્યારે ભૂતોના પૃથગ્ભાવને એક[આત્મા]માં રહેલા જુએ છે, અને તેથીજ વિસ્તારને [પામેલા જુએ છે] ત્યારે [તે] બ્રહ્મરૂપ થાય છે. ૩૦

ટી૦:—જ્યારે સ્થાવરજંગમરૂપ સર્વ જડ ભૂતોના પરસ્પર ભિન્નપણારૂપ પૃથગ્ભાવોને એકજ સદ્રૂપ અધિષ્ઠાન આત્મામાં કલ્પિતરીતે રહેલા જુએ છે, અને તે એક આત્માથીજ માયાને લીધે સર્વ ભૂતોનો વિસ્તાર તથા પૃથગ્ભાવ જુએ છે ત્યારે તે સર્વ દુઃખોથી રહિત બ્રહ્મરૂપજ થાય છે. ૩૦

આત્માને આગળ અકર્તા કહેલ છે તે વાતને હવે વિશેષ સ્પષ્ટ કરે છે:—

अनादित्वान्निर्गुणत्वात्, परमात्मायमव्ययः ।
शरीरस्थोऽपि कौंतेय, न करोति न लिप्यते ॥३१॥

૫૦ ત૦ ૫૦:—अनादित्वात् અનાદિપણાથી निर्गुणत्वात् નિર્ગુણપણાથી परमात्मा પરમાત્મા अयम् આ अव्ययः અવિકારી [છે] शरीरस्थः શરીરમાં રહેલા [છતાં] अपि પણ कौंतेय હે કૌંતેય ! न નથી करोति કરતા न નથી लिप्यते લેપાતા. ૩૧

શ૦:—હે કૌંતેય ! અનાદિપણાથી [તથા] નિર્ગુણપણાથી આ પરમાત્મા અવિકારી [છે.] શરીરમાં રહેલા [છતાં] પણ [કાંઈ] કરતા નથી, [અને] લેપાતા નથી. ૩૧

ટી૦:—પોતાનો આદિ (ઉત્પત્તિની પહેલાં નહિ હોવાપણું) નહિ હોવાથી તથા રૂપરસાદિ સર્વે ધર્મોથી રહિત હોવાથી આ આત્મા જન્મ-

મરણાદિ સર્વ વિકારોથી રહિત છે. એવો નિર્વિકારી આત્મા આધ્યાસિક-સંબંધવડે (કલ્પિતસંબંધવડે) આ શરીરમાં રહેલો છતાં પણ કાંઈ લૌકિક-વૈદિક કર્મ કરતો નથી, અને તેથી તે કોઇ પણ કર્મનાં ફલોવડે લેપાતો–સુખદુ:ખરૂપ બંધનને પામતો–નથી. ૩૧

પૂર્વોક્ત વિષયને સ્પષ્ટ કરવા ઉદાહરણ આપે છે:—

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे, तथाऽऽत्मा नोपलिप्यते ॥३२॥

પ૦ ત૦ પ૦:—**यथा** જેમ **सर्वगतम्** સર્વવ્યાપક **सौक्ष्म्यात्** સૂક્ષ્મપણાને લીધે **आकाशम्** આકાશ **न** નથી **उपलिप्यते** લેપાતું **सर्वत्र** સર્વે **अवस्थितः** રહેલો **देहे** દેહમાં **तथा** તેમ **आत्मा** આત્મા **न** નથી **उपलिप्यते** લેપાતો. ૩૨

શ૦:—જેમ સર્વવ્યાપક આકાશ સૂક્ષ્મપણાને લીધે લેપાતું નથી તેમ સર્વે દેહમાં રહેલો આત્મા લેપાતો નથી. ૩૨

ટી૦:—જેમ ઘટમઠાદિ સર્વે પદાર્થોની અંતર તથા બહાર વ્યાપી રહ્યા છતાં આકાશ અસંગસ્વભાવવાળું હોવાથી તે પદાર્થોના ગુણદોષોથી લેપાયમાન થતું નથી તેમ દેવ, મનુષ્ય ને પશુ આદિ ઉચ્ચનીચ સર્વ દેહોમાં અંતર તથા બહાર સર્વત્ર વ્યાપી રહ્યા છતાં પણ આ આત્મા અસંગસ્વભાવવાળો હોવાથી તે દેહાદિકૃત શુભાશુભકર્મોથી લેશ પણ લેપાતો નથી. ૩૨

વળી પ્રકાશકપણારૂપ હેતુથી પણ આ આત્મામાં નિર્લેપપણું છે એમ ઉદાહરણથી સમજાવે છે:—

यथा प्रकाशयत्येकः, कृत्स्नं लोकमिमं रविः ।
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं, प्रकाशयति भारत ॥ ३३ ॥

પ૦ ત૦ પ૦:—**यथा** જેમ **प्रकाशयति** પ્રકાશે છે **एकः** એક **कृत्स्नम्** સર્વ **लोकम्** લોકને **इमम्** આ **रविः** સૂર્ય **क्षेत्रम्** ક્ષેત્રને **क्षेत्री** ક્ષેત્રજ્ઞ **तथा** તેમ **कृत्स्नम्** સર્વ **प्रकाशयति** પ્રકાશે છે **भारत** હે ભારત !–હે અર્જુન ! ૩૩

શ૦:—હે ભારત ! જેમ એક સૂર્ય આ સર્વ લોકને પ્રકાશે છે તેમ ક્ષેત્રજ્ઞ સર્વ ક્ષેત્રને પ્રકાશે છે. ૩૩

ટીકા:—જેમ એકજ સૂર્ય આ રૂપવાન્ શરીરાદિક સર્વ વસ્તુઓને પ્રકાશે છે, પણ તે પ્રકાસ્યરૂપ શરીરાદિક વસ્તુઓના ધર્મોથી તે સૂર્ય લેપાયમાન થતા નથી, તથા તે પ્રકાસ્યરૂપ શરીરાદિક વસ્તુઓના ભેદથી તે સૂર્ય ભેદને પણ પામતા નથી, તેમ એકજ ક્ષેત્રજ્ઞ–આત્મા–પૂર્વોક્ત સર્વ ક્ષેત્રોને પ્રકાશે છે, પણ તે પ્રકાસ્યરૂપ ક્ષેત્રોના ધર્મથી લેપાયમાન થતો નથી, તથા તે પ્રકાસ્યરૂપ ક્ષેત્રોના ભેદથી તે ક્ષેત્રજ્ઞ ભેદને પણ પામતો નથી. 'सूर्यो यथा सर्वलोकस्य चक्षुर्न लिप्यते चाक्षुषैर्बाह्यदोषैः । एकस्तथा सर्वभूतांतरात्मा न लिप्यते लोकदुःखेन बाह्यः ॥' (જેમ સર્વ લોકોના નેત્રરૂપ સૂર્ય ચક્ષુના વિષયરૂપ બહારના પદાર્થોના દોષોથી લેપાયમાન થતા નથી તેમ સર્વ ભૂતોનો એક અંતરાત્મા પણ પ્રકાસ્યરૂપ દેહાદિકોનાં દુઃખોથી લેપાયમાન થતો નથી) એ શ્રુતિમાં પણ એ પ્રમાણેજ કહેલું છે. ૩૩

હવે તેરમા અધ્યાયના વિષયનો ફલસહિત ઉપસંહાર કરે છેઃ—

क्षेत्रक्षेत्रज्ञयोरेवमंतरं ज्ञानचक्षुषा ।
भूतप्रकृतिमोक्षं च, ये विदुर्यांति ते परम् ॥३४॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे क्षेत्रक्षेत्रज्ञविभागयोगो नाम त्रयोदशोऽध्यायः ॥१३॥

પદચ્છેદ તથા પદાર્થઃ—**क्षेत्रक्षेत्रज्ञयोः** ક્ષેત્રના અને ક્ષેત્રજ્ઞના **एवम्** એ પ્રમાણે **अंतरम्** ભેદને **ज्ञानचक्षुषा** જ્ઞાનચક્ષુવડે **भूतप्रकृतिमोक्षम्** ભૂતોના કારણરૂપ પ્રકૃતિના અત્યંતાભાવને **च** તથા **ये** જેઓ **विदुः** જાણે છે **यांति** પામે છે **ते** તેઓ **परम्** પરને–કૈવલ્યને. ૩૪

શબ્દાર્થઃ—જેઓ ક્ષેત્રના અને ક્ષેત્રજ્ઞના ભેદને એ પ્રમાણે જ્ઞાનચક્ષુવડે જાણે છે, તથા ભૂતોના કારણરૂપ પ્રકૃતિના અત્યંતાભાવને [જાણે છે] તેઓ કૈવલ્યને પામે છે. ૩૪

ટીકા:—ક્ષેત્ર તો જડ, કર્તા, વિકારી તથા પરિચ્છિન્ન છે, અને ક્ષેત્રજ્ઞ તો ચેતન, અકર્તા, અવિકારી તથા અપરિચ્છિન્ન છે, એમ એ બંનેમાં રહેલી વિલક્ષણતાને જેઓ **શ્રી**સદ્‌ગુરુના તથા સત્શાસ્ત્રના ઉપદેશજન્ય આત્મજ્ઞાનરૂપ ચક્ષુવડે જાણે છે, તથા આકાશાદિક ભૂતોના કારણરૂપ

માયાની આત્મવિદ્યાવડે આત્યંતિક નિવૃત્તિને પણ જેઓ આત્મજ્ઞાનરૂપ ચક્ષુવડે જાણે છે તેઓ કૈવલ્યને-મોક્ષને-પામે છે. ૩૪

इति श्रीमन्मथुरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्य-दीपिकाख्यायां क्षेत्रक्षेत्रज्ञविभागयोगो नाम त्रयोदशोऽध्यायः ॥१३॥

॥ ॐ ॥

અધ્યાય ૧૪ મો.

ગુણત્રયવિભાગયોગ.

આ અધ્યાયમાં પ્રકૃતિપુરુષની સ્વતંત્રતાનો અભાવ, ત્રણ ગુણોનાં સ્વરૂપ ને તેઓથી શી રીતે જીવને બંધન થાય છે, તથા તેમનાથી શી રીતે છુટી શકાય છે ઈત્યાદિ વિષયનું નિરૂપણ કરવું છે તેમાં પ્રથમ બે શ્લોકોથી કહેવાના વિષયની સ્તુતિ કરે છેઃ—

परं भूयः प्रवक्ष्यामि, ज्ञानानां ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनयः सर्वे, परां सिद्धिमितो गताः ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થઃ—**परम्** શ્રેષ્ઠ **भूयः** ફરીથી **प्रवक्ष्यामि** કહીશ **ज्ञानानाम्** જ્ઞાનનાં સાધનોમાંના **ज्ञानम्** જ્ઞાનસાધનને **उत्तमम्** ઉત્તમ **यत्** જેને **ज्ञात्वा** જાણીને **मुनयः** મુનિઓ **सर्वे** સર્વે **पराम्** પરમ **सिद्धिम्** સિદ્ધિને-કૈવલ્યને **इतः** અહિંથી-આ શરીરબંધનથી **गताः** ગયા [છે]-પામ્યા [છે.] ૧

શબ્દાર્થઃ—જ્ઞાનનાં સાધનોમાંના ઉત્તમ [તથા] શ્રેષ્ઠ જ્ઞાનસાધનને [તમને] ફરીથી કહીશ, જેને જાણીને સર્વે મુનિઓ આ શરીરબંધનથી પરમ (શ્રેષ્ઠ) કૈવલ્યને પામ્યા [છે.] ૧

ટીકાઃ—ઉત્તમ-યજ્ઞદાનાદિ જ્ઞાનનાં બહિરંગસાધનોના કરતાં ઉત્તમ ફલ આપનાર. શ્રેષ્ઠ-આત્મરૂપ પર (સર્વોત્તમ) વસ્તુને જણાવનાર. જ્ઞાન-સાધનને-જે સાધનથી આત્માનું સ્વરૂપ જાણવામાં આવે તેને. જેને જાણીને-જેનું અનુષ્ઠાન કરીને. મુનિઓ-મનનશીલ પુરુષો. ૧

इदं ज्ञानमुपाश्रित्य, मम साधर्म्यमागताः ।
सर्गेऽपि नोपजायंते, प्रलये न व्यथंति च ॥२॥

૫૦ ત૦ ૫૦:—**इदम्** આ **ज्ञानम्** જ્ઞાનસાધનનું **उपाश्रित्य** અનુષ્ઠાન કરીને **मम** મારા **साधर्म्यम्** અદ્વિતીયસ્વરૂપને **आगताः** પામેલા **सर्गे** સૃષ્ટિકાલમાં **अपि** પણ **न** નથી **उपजायंते** ઉત્પન્ન થતા **प्रलये** પ્રલયમાં **न** નથી **व्यथंति** લય પામતા **च** અને. ૨

શ૦:—આ જ્ઞાનસાધનનું અનુષ્ઠાન કરીને મારા અદ્વિતીય-સ્વરૂપને પામેલા સૃષ્ટિકાલમાં પણ ઉત્પન્ન થતા નથી, અને પ્રલયમાં લય પામતા નથી. ૨

ટી૦:—આ જ્ઞાનના સાધનનું શ્રદ્ધાભક્તિપૂર્વક અનુષ્ઠાન કરીને મારા અદ્વિતીય નિર્ગુણસ્વરૂપને અત્યંત અભેદરૂપે પામેલા તત્ત્વવેત્તા પુરુષો હિરણ્ય-ગર્ભાદિકોના ઉત્પન્ન થવાથી પણ ઉત્પન્ન થતા નથી, અને હિરણ્યગર્ભના વિનાશકાલરૂપ પ્રલયમાં તેઓ લયભાવને પણ પામતા નથી. ૨

પ્રકૃતિપુરુષમાં સ્વતંત્રપણે સર્વભૂતોનું કારણપણું નથી એમ નીચેના બે શ્લોકોથી કહે છે:—

मम योनिर्महद्ब्रह्म, तस्मिन्गर्भं दधाम्यहम् ।
संभवः सर्वभूतानां, ततो भवति भारत ॥३॥

૫૦ ત૦ ૫૦:—**मम** મારું **योनिः** ગર્ભાધાન કરવાનું સ્થાન [છે] **महद्ब्रह्म** મહત્તત્ત્વરૂપ કાર્યનો હેતુ-ત્રિગુણાત્મક માયા **तस्मिन्** તેમાં **गर्भम्** ગર્ભને **दधामि** ધારણ કરું છું **अहम्** હું **संभवः** ઉત્પત્તિ **सर्वभूतानाम्** સર્વભૂતોની **ततः** તેથી **भवति** થાય છે **भारत** હે ભારત ! ૩

શ૦:—હે ભારત ! ત્રિગુણાત્મક માયા મારું ગર્ભાધાન કરવાનું સ્થાન [છે,] તેમાં હું ગર્ભને ધારણ કરું છું, તેથી સર્વભૂતોની ઉત્પત્તિ થાય છે. ૩

ટી૦:—મહત્તત્ત્વનામના પ્રથમ કાર્યના હેતુરૂપ ત્રિગુણાત્મક પ્રકૃતિ મારું (આત્માનું) સંકલ્પરૂપી ગર્ભને ધારણ કરવાનું સ્થલ છે,-તેની અત્યંત નિર્મલતાથી તે મારા (આત્માના) આભાસને ધારણ કરવાયોગ્ય છે. તે પ્રકૃતિમાં હું મારા સંકલ્પરૂપી ગર્ભને ધારણ કરું છું, તેથી સર્વ કાર્યોની ઉત્પત્તિ થાય છે. ૩

सर्वयोनिषु कौंतेय, मूर्तयः संभवंति याः ।

तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥४॥

પ૦ ત૦ પ૦:—**सर्वयोनिषु** સર્વયોનિઓમાં **कौंतेय** હે કૌંતેય ! **मूर्तयः** શરીરો **संभवंति** ઉત્પન્ન થાય છે **याः** જે **तासाम्** તેઓની **ब्रह्म** માયા **महत्** ત્રિગુણાત્મક **योनिः** માતા [છે] **अहम्** હું **बीजप्रदः** બીજ આપનારો **पिता** પિતા [છું.] ૪

શ૦:—હે કૌંતેય ! સર્વ યોનિઓમાં (ઉત્પત્તિનાં કારણો-માં) જે શરીરો ઉત્પન્ન થાય છે તેઓની ત્રિગુણાત્મક માયા માતા [છે, અને] હું બીજ આપનારો પિતા [છું.] ૪

ટી૦:—સર્વ ભિન્ન ભિન્ન કારણોમાંથી જે ભિન્ન ભિન્ન કાર્યો ઉત્પન્ન થતાં જણાય છે તે સર્વ કાર્યોની તે તે કાર્યોના કારણભાવને પામેલી પ્રકૃતિ માતારૂપ છે, અને હું (આત્મા) સંકલ્પરૂપ બીજ આપનારો પિતા છું. ૪

હવે પુરુષનો કયા ગુણમાં કેવી રીતે સંગ થાય છે ? ગુણો એ શું છે ? તથા તે ગુણો કેવી રીતે આ પુરુષને બાંધે છે ? એ સર્વને નીચેના ચૌદ શ્લોકોથી કહે છે:—

सत्त्वं रजस्तम इति, गुणाः प्रकृतिसंभवाः ।

निबध्नंति महाबाहो, देहे देहिनमव्ययम् ॥५॥

પ૦ ત૦ પ૦:—**सत्त्वम्** સત્ત્વ **रजः** રજસ્ **तमः** તમસ્ **इति** એ **गुणाः** ગુણો **प्रकृतिसंभवाः** પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા **निबध्नंति** બંધન કરે છે **महाबाहो** હે મહાબાહો ! **देहे** દેહમાં **देहिनम्** દેહીને-જીવાત્માને **अव्ययम्** અવ્યય. ૫

શ૦:—હે મહાબાહો ! સત્ત્વ, રજસ્ [ને] તમસ્ એ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ગુણો દેહમાં અવ્યય (વિકારરહિત) જીવાત્માને બંધન કરે છે. ૫

ટી૦:—ત્રણ ગુણોની સામ્યાવસ્થાને-અંગાંગિભાવથી તથા વિષમભાવથી રહિત ગુણોની અપરિણામી સ્થિતિને-પ્રકૃતિ વા પ્રધાન કહે છે. એ પ્રકૃતિમાંથી ત્રણે ગુણો પરસ્પર અંગાંગિભાવથી ને વિષમપણાથી મહત્તત્ત્વરૂપે પરિણામ પામે છે. એ સત્ત્વ, રજસ્ ને તમોગુણ તે પ્રકૃતિના પરંપરાવડે કાર્યરૂપ શરીરેંદ્રિયોના સમૂહમાં જન્મમરણાદિ સર્વ વિકારોથી અત્યંત રહિત

જીવાત્માને બાંધે છે, અર્થાત્ વસ્તુતાએ નિર્વિકાર જીવાત્માને તે ગુણો પોતાના વિકારોથી યુક્ત થયેલાની પેઠે દેખાડે છે. ૫

હવે કયો ગુણ કોના સંગથી (સંબંધથી અથવા આસક્તિથી) આ જીવાત્માને બાંધે છે તે કહે છે:—

तत्र सत्त्वं निर्मलत्वात्, प्रकाशकमनामयम् ।
सुखसंगेन बध्नाति, ज्ञानसंगेन चानघ ॥६॥

પ૦ ત૦ પ૦:—**तत्र** ત્યાં–તેમાં **सत्त्वम्** સત્ત્વગુણ **निर्मलत्वात्** નિર્મલપણાને લીધે **प्रकाशकम्** પ્રકાશક **अनामयम्** દુ:ખથી રહિત **सुखसंगेन** સુખના સંગવડે **बध्नाति** બંધન કરે છે **ज्ञानसंगेन** જ્ઞાનના સંગવડે **च** અને **अनघ** હે પાપરહિત !–હે અર્જુન ! ૬

શ૦:—હે અર્જુન ! તેમાં નિર્મલપણાને લીધે પ્રકાશક [ને] દુ:ખથી રહિત સત્ત્વગુણ સુખના સંગવડે અને જ્ઞાનના સંગવડે [જીવાત્માને] બંધન કરે છે. ૬

ટી૦:—એ સત્ત્વાદિ ત્રણ ગુણોમાં સત્ત્વગુણ પોતાના સ્વચ્છસ્વભાવપણાથી તમોગુણના કરેલા આવરણનો નાશ કરનાર તથા દુ:ખરૂપ આમયના વિરોધી સુખને પ્રકટ કરનાર છે. એ સત્ત્વગુણ આ જીવાત્માને ' હું સુખી છું ' ' હું જાણું છું ' એવી રીતના સુખના સંગથી તથા જ્ઞાનના સંગથી બાંધે છે. અહિં સુખશબ્દથી તથા જ્ઞાનશબ્દથી અંત:કરણના પરિણામરૂપ સુખનું તથા જ્ઞાનનું ગ્રહણ કરવું, આત્મસ્વરૂપ સુખનું તથા જ્ઞાનનું ગ્રહણ ન કરવું. ૬

रजो रागात्मकं विद्धि, तृष्णासंगसमुद्भवम् ।
तन्निबध्नाति कौंतेय, कर्मसंगेन देहिनम् ॥७॥

પ૦ ત૦ પ૦:—**रजः** રજોગુણને **रागात्मकम्** રાગરૂપ **विद्धि** જાણો **तृष्णासंगसमुद्भवम्** તૃષ્ણા અને આસંગની ઉત્પત્તિ કરનારા **तत्** તે **निबध्नाति** બંધન કરે છે **कौंतेय** હે કૌંતેય ! **कर्मसंगेन** કર્મના સંગવડે **देहिनम्** દેહીને–જીવાત્માને. ૭

શ૦:—હે કૌંતેય ! તૃષ્ણા અને આસંગની ઉત્પત્તિ કરનારા રજોગુણને રાગરૂપ જાણો. તે જીવાત્માને કર્મના સંગવડે બંધન કરે છે. ૭

ટી૦:—અપ્રાપ્ત માયિક વસ્તુની પ્રાપ્તિની અભિલાષારૂપ તૃષ્ણાને તથા પ્રાપ્ત થયેલી માયિક વસ્તુના રક્ષણની અભિલાષારૂપ આસંગને ઉપજાવનારા રજોગુણને તું રાગરૂપ (જેવડે પુરુષ શબ્દાદિક વિષયોમાં રંગાયેલો થાય છે તે રાગ, ને તે રાગ જેનું સ્વરૂપ છે તે રાગરૂપ) જાણ. જોકે રાગ એ રજોગુણનો ધર્મ છે, તોપણ ધર્મ તથા ધર્મી એ બંનેનો અભેદ હોવાથી અહિં રજોગુણને રાગરૂપ કહેલ છે. તે રજોગુણ આ જીવાત્માને 'હું લૌકિકવૈદિક કર્મો કરું છું, તથા તેનાં ફલોને ભોગવીશ' એવી રીતના કર્મસંગવડે બાંધે છે જેથી તે રજોગુણ કેવલ પ્રવૃત્તિનોજ હેતુ છે. ૭

तमस्त्वज्ञानजं विद्धि, मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥८॥

પ૦ ત૦ પ૦:—**तमः** તમોગુણને **तु** વળી **अज्ञानजम्** અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો **विद्धि** જાણ **मोहनम्** મોહ ઉત્પન્ન કરનારો **सर्वदेहिनाम्** સર્વદેહીઓને **प्रमादालस्यनिद्राभिः** પ્રમાદ આળસ અને નિદ્રાવડે **तत्** તે **निबध्नाति** બંધન કરે છે **भारत** હે ભારત ! ૮

શ૦:—હે ભારત ! વળી તમોગુણને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો જાણ. સર્વદેહીઓને મોહ ઉત્પન્ન કરનારો તે પ્રમાદ, આળસ અને નિદ્રાવડે [જીવને] બંધન કરે છે. ૮

ટી૦:—વળી તમોગુણને તું આવરણશક્તિરૂપ અજ્ઞાનથી ઉપજેલો જાણ. તે તમોગુણ સર્વ દેહાભિમાની જીવોને અવિવેકરૂપતાથી ભ્રાંતિને ઉપજાવનાર છે. પ્રમાદ (વસ્તુનો વિવેક કરવાનું અંતઃકરણનું અસામર્થ્ય,) આળસ (પ્રવૃત્તિ કરવાનું તનમનનું અસામર્થ્ય) ને નિદ્રાવડે (તમોગુણનું આલંબન કરનારી લયવૃત્તિવડે) તે તમોગુણ આ દેહાભિમાની જીવને બાંધે છે. ૮

પૂર્વોક્ત કાર્યોમાં કયા કાર્યમાં કયા ગુણનો ઉત્કર્ષ છે તે કહે છે:—

सत्त्वं सुखे संजयति, रजः कर्मणि भारत ।
ज्ञानमावृत्य तु तमः, प्रमादे संजयत्युत ॥९॥

પ૦ ત૦ પ૦:—**सत्त्वम्** સત્ત્વગુણ **सुखे** સુખમાં **संजयति** જોડે છે **रजः** રજોગુણ **कर्मणि** કર્મમાં **भारत** હે ભારત ! **ज्ञानम्** જ્ઞાનને **आवृत्य** ઢાંકી દઈને **तु** અને **तमः** તમોગુણ **प्रमादे** પ્રમાદમાં **संजयति** જોડે છે **उत** જ. ૯

શ૦:—હે ભારત ! સત્ત્વગુણ સુખમાં જોડે છે, રજોગુણ કર્મમાં [જોડે છે,] અને તમોગુણ જ્ઞાનને ઢાંકી દઇને પ્રમાદમાંજ જોડે છે. ૯

ટી૦:—સત્ત્વગુણ ઉત્કર્ષ પામીને આ દેહાભિમાની જીવને દુઃખનાં કારણોનો અભિભવ કરીને સુખમાં જોડે છે, રજોગુણ ઉત્કર્ષ પામીને સુખનાં કારણોનો અભિભવ કરીને જીવાત્માને લૌકિકવૈદિક કર્મોમાં જોડે છે, અને તમોગુણ વૃદ્ધિ પામી પ્રમાણદ્વારા ઉપજેલા સત્ત્વગુણના કાર્યરૂપ જ્ઞાનને ઢાંકીને પુરુષને પ્રમાદમાંજ જોડે છે. અવશ્ય જાણવાયોગ્ય વસ્તુને પણ ન જાણવી તથા અવશ્ય કરવાયોગ્ય કર્મ પણ ન કરવું તે પ્રમાદ કહેવાય છે. જ એ શબ્દથી નિદ્રા તથા આળસનું પણ ગ્રહણ કરવું. ૯

એ ગુણો પોતપોતાના કાર્યને ક્યારે કરે છે તે કહે છે:—

रजस्तमश्चाभिभूय, सत्त्वं भवति भारत ।
रजः सत्त्वं तमश्चैव, तमः सत्त्वं रजस्तथा ॥१०॥

પ૦ ત૦ પ૦:—रजः રજોગુણને तमः તમોગુણને च અને अभिभूय તિરસ્કાર કરીને सत्त्वम् સત્ત્વગુણ भवति થાય છે-વૃદ્ધિ પામે છે भारत હે ભારત ! रजः રજોગુણ सत्त्वम् સત્ત્વગુણને तमः તમોગુણને च તેમ एव જ तमः તમોગુણ सत्त्वम् સત્ત્વગુણને रजः રજોગુણને तथा તથા. ૧૦

શ૦:—હે ભારત ! રજોગુણને અને તમોગુણને તિરસ્કાર કરીને [જ્યારે] સત્ત્વગુણ વૃદ્ધિ પામે છે, તેમજ સત્ત્વગુણને [અને] તમોગુણને [તિરસ્કાર કરીને જ્યારે] રજોગુણ [વૃદ્ધિ પામે છે,] તથા સત્ત્વગુણને [ને] રજોગુણને [તિરસ્કાર કરીને જ્યારે] તમોગુણ [વૃદ્ધિ પામે છે ત્યારે તે ગુણો પોતપોતાના કાર્યને કરે છે.] ૧૦

ટી૦:—જ્યારે રજોગુણ તથા તમોગુણ એ બંનેનો એકજ સમયમાં તિરસ્કાર કરીને સત્ત્વગુણ વૃદ્ધિ પામે છે ત્યારેજ તે સત્ત્વગુણ પૂર્વોક્ત પોતાના કાર્યને અસાધારણપણે ઉપજાવે છે, તેમજ જ્યારે રજોગુણ સત્ત્વગુણને તથા તમોગુણને એકજ સમયમાં તિરસ્કાર કરીને વૃદ્ધિ પામે છે ત્યારેજ તે રજોગુણ પૂર્વોક્ત પોતાના કાર્યને અસાધારણપણે ઉપજાવે છે, ને એવીજ

રીતે તમોગુણ જ્યારે સત્ત્વગુણ તથા રજોગુણ એ બંનેનો એકજ સમયમાં તિરસ્કાર કરીને વૃદ્ધિ પામે છે ત્યારેજ તે તમોગુણ પૂર્વોક્ત પોતાના કાર્યને અસાધારણપણે ઉત્પન્ન કરે છે. ૧૦

એ સત્ત્વાદિક ત્રણ ગુણોની વૃદ્ધિ કયા કયા ચિહ્નથી જાણવામાં આવે છે તે નીચેના ત્રણ શ્લોકોથી કહે છેઃ—

सर्वद्वारेषु देहेऽस्मिन्, प्रकाश उपजायते ।
ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्त्वमित्युत ॥११॥

પ૦ ત૦ પ૦:—सर्वद्वारेषु સર્વદ્વારોમાં–સર્વ ઇંદ્રિયોમાં **देहे** દેહમાં **अस्मिन्** આ **प्रकाशः** પ્રકાશ **उपजायते** ઉત્પન્ન થાય છે **ज्ञानम्** જ્ઞાનરૂપ **यदा** જ્યારે **तदा** ત્યારે **विद्यात्** જાણવું **विवृद्धम्** વિશેષ વધેલો [છે] **सत्त्वम्** સત્ત્વગુણ **इति** એમ **उत** જ. ૧૧

શ૦:—આ દેહમાં સર્વ ઇંદ્રિયોમાં જ્યારે જ્ઞાનરૂપ પ્રકાશ ઉત્પન્ન થાય છે ત્યારે સત્ત્વગુણજ વિશેષ વધેલો [છે] એમ જાણવું. ૧૧

ટી૦:—પ્રકાશ–શબ્દાદિ વિષયાકારે બુદ્ધિનું વૃત્તિરૂપ પરિણામ–બુદ્ધિની વૃત્તિદ્વારા ઇંદ્રિયોના વિષયોનો ભ્રાંતિરહિત અનુભવ. જ્ઞાનરૂપ પ્રકાશની સાથે સુખ તથા શરીરમાં લઘુતા (શરીરાદિમાં હળવાપણું) જણાય તે પણ સત્ત્વ-ગુણનાં ચિહ્ન સમજવાં. જશબ્દથી એ સમયમાં રજોગુણનું તથા તમોગુણનું ક્ષીણપણું સૂચવ્યું છે. ૧૧

लोभः प्रवृत्तिरारंभः, कर्मणामशमः स्पृहा ।
रजस्येतानि जायंते, विवृद्धे भरतर्षभ ॥१२॥

પ૦ ત૦ પ૦:—लोभः લોભ **प्रवृत्तिः** પ્રવૃત્તિ **आरंभः** આરંભ **कर्मणाम्** કર્મોનો **अशमः** અશાંતિ **स्पृहा** ઇચ્છા **रजसि** રજોગુણની **एतानि** એ **जायंते** ઉત્પન્ન થાય છે **विवृद्धे** વિશેષ વૃદ્ધિ થયે **भरतर्षभ** હે ભરતકુલમાં શ્રેષ્ઠ !–હે અર્જુન ! ૧૨

શ૦:—હે અર્જુન ! રજોગુણની વિશેષ વૃદ્ધિ થયે લોભ, પ્રવૃત્તિ, કર્મોનો આરંભ, અશાંતિ [ને] ઇચ્છા એ ઉત્પન્ન થાય છે. ૧૨

ટી૦:—લોભ-યોગ્ય દ્રવ્ય મળ્યા છતાં પણ અધિક દ્રવ્ય મેળવવામાટે નિરંતર વૃદ્ધિ પામતી અભિલાષા. પ્રવૃત્તિ-કર્મમાં નિરંતર પ્રયત્નવાળા થવું તે. કર્મોનો આરંભ-દ્રવ્ય તથા પ્રયત્નવડે થતી કામ્ય, નિષિદ્ધ ને લૌકિક ક્રિયાઓરૂપ ઉદ્યોગ. અશાંતિ-આ કામ કરીને બીજું કામ કરીશ, ને તે પૂરું કરીને વળી ત્રીજું કામ કરીશ એમ જે સંકલ્પોનો પ્રવાહ ચાલ્યા કરવો તે. સ્પૃહા-નિષિદ્ધરીતે પરદ્રવ્ય લેવાની ઇચ્છા. ૧૨

अप्रकाशोऽप्रवृत्तिश्च, प्रमादो मोह एव च ।
तमस्येतानि जायंते, विवृद्धे कुरुनंदन ॥१३॥

૫૦ ત૦ ૫૦:—अप्रकाशः પ્રકાશથી વિપરીત अप्रवृत्तिः પ્રવૃત્તિથી વિપરીત च અને प्रमादः પ્રમાદ मोहः મોહ एव જ च તથા तमसि તમોગુણની एतानि એ जायंते ઉત્પન્ન થાય છે विवृद्धे વિશેષ વૃદ્ધિ થયે कुरुनंदन હે કુરુનંદન!-કુરુકુલને આનંદ આપનાર! ૧૩

શ૦:—હે કુરુનંદન! તમોગુણની વિશેષ વૃદ્ધિ થયેજ અપ્રકાશ અને અપ્રવૃત્તિ [તેમજ] પ્રમાદ તથા મોહ એ ઉત્પન્ન થાય છે. ૧૩

ટી૦:—અપ્રકાશ-શબ્દાદિ વિષયોના જ્ઞાનનાં કારણો વિદ્યમાન છતાં પણ તે વિષયોના જ્ઞાનની અયોગ્યતા-અજ્ઞાન. અપ્રવૃત્તિ-કર્મોમાં શરીરાદિની પ્રવૃત્તિનું અયોગ્યપણું. પ્રમાદ-પોતાના પ્રાપ્ત કર્તવ્યનું વિસ્મરણ. મોહ-નિદ્રા તથા વિપરીતજ્ઞાન. ૧૩

હવે મરણસમયમાં વૃદ્ધિ પામેલા એ ત્રણ ગુણોના ફલને નીચેના બે શ્લોકોથી કહે છે:—

यदा सत्त्वे प्रवृद्धे तु, प्रलयं याति देहभृत् ।
तदोत्तमविदां लोकानमलान्प्रतिपद्यते ॥ १४ ॥

૫૦ ત૦ ૫૦:—यदा જ્યારે सत्त्वे સત્ત્વગુણ प्रवृद्धे અતિવૃદ્ધિ પામે સતે तु વળી प्रलयम् મૃત્યુને याति જાય છે-પામે છે देहभृत् દેહ ધારણ કરનાર-જીવ तदा ત્યારે उत्तमविदां ઉપાસક પુરુષોના लोकान् લોકોને अमलान् મલરહિત प्रतिपद्यते પામે છે. ૧૪

શ૦:—વળી જીવ જ્યારે સત્ત્વગુણ અતિવૃદ્ધિ પામે સતે મૃત્યુને પામે છે ત્યારે [તે] ઉપાસક પુરુષોના મલરહિત

લોકોને પામે છે. ૧૪

ટી૦:—ઉપાસક–હિરણ્યગર્ભાદિની ઉપાસના કરનારા. મલરહિત–રજ-સ્તમોરૂપ મેલવિનાના–પવિત્ર. ૧૪

रजसि प्रलयं गत्वा, कर्मसंगिषु जायते ।

तथा प्रलीनस्तमसि, मूढयोनिषु जायते ॥१५॥

પ૦ ત૦ પ૦:—**रजसि** રજોગુણમાં **प्रलयम्** મૃત્યુને **गत्वा** જઈને–પામીને **कर्मसंगिषु** [વિહિત તથા નિષિદ્ધ] કર્મોના [તથા કર્મફલોના] અધિકારીઓમાં–મનુષ્યલોકમાં **जायते** જન્મ પામે છે **तथा** તથા **प्रलीनः** મૃત્યુ પામેલો **तमसि** તમોગુણમાં **मूढयोनिषु** મૂઢયોનિઓમાં **जायते** જન્મે છે. ૧૫

શા૦:—રજોગુણમાં મૃત્યુને પામીને મનુષ્યલોકમાં જન્મ પામે છે, તથા તમોગુણમાં મૃત્યુ પામેલો મૂઢયોનિઓમાં જન્મે છે. ૧૫

ટી૦:—રજોગુણમાં–રજોગુણ વધ્યો હોય ત્યારે. તમોગુણમાં–તમોગુણ વધ્યો હોય ત્યારે. મૂઢયોનિઓમાં–કાર્યાકાર્યના વિચારથી રહિત પશ્વાદિક શરીરોમાં. ૧૫

એ ત્રણ ગુણો પોતાના કર્મદ્વારા ફલ ઉપજાવે છે તે કહે છે:—

कर्मणः सुकृतस्याहुः, सात्त्विकं निर्मलं फलम् ।

रजसस्तु फलं दुःखमज्ञानं तमसः फलम् ॥१६॥

પ૦ ત૦ પ૦:—**कर्मणः** કર્મનું **सुकृतस्य** સાત્ત્વિક **आहुः** કહે છે **सात्त्विकम्** સાત્ત્વિક **निर्मलम्** નિર્મલ **फलम्** ફલ **रजसः** રાજસ-[કર્મ]નું **तु** વળી **फलम्** ફલ **दुःखम्** દુઃખરૂપ **अज्ञानम्** અજ્ઞાનરૂપ **तमसः** તામસ[કર્મ]નું **फलम्** ફલ. ૧૬

શા૦:—[મહર્ષિઓ] સાત્ત્વિક કર્મનું સાત્ત્વિક [તથા] નિર્મલ ફલ કહે છે, વળી રાજસ[કર્મ]નું દુઃખરૂપ ફલ [કહે છે, ને] તામસ[કર્મ]નું અજ્ઞાનરૂપ ફલ [કહે છે.] ૧૬

ટી૦:—સાત્ત્વિક તથા નિર્મલ ફલ–સત્ત્વગુણથી પ્રાપ્ત થયેલું તથા રજસ્તમોરૂપ મેલવિનાનું સુખરૂપ ફલ. દુઃખરૂપ ફલ–ઘણા દુઃખથી મિશ્ર અલ્પસુખરૂપ ફલ. અજ્ઞાનરૂપ ફલ–અવિવેકયુક્ત દુઃખરૂપ ફલ. ૧૬

હવે ફલના વિચિત્રપણામાં પૂર્વોક્ત હેતુને કહે છેઃ—

सत्त्वात्संजायते ज्ञानं, रजसो लोभ एव च ।
प्रमादमोहौ तमसो, भवतोऽज्ञानमेव च ॥१७॥

પ૦ ત૦ પ૦:—**सत्त्वात्** સત્ત્વગુણથી **संजायते** ઉત્પન્ન થાય છે. **ज्ञानम्** જ્ઞાન **रजसः** રજોગુણથી **लोभः** લોભ **एव** જ **च** અને **प्रमादमोहौ** પ્રમાદ તથા મોહ **तमसः** તમોગુણથી **भवतः** ઉત્પન્ન થાય છે **अज्ञानम्** અજ્ઞાન **एव** પણ **च** તથા. ૧૭

શ૦:—સત્ત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, અને રજોગુણથી લોભજ [ઉત્પન્ન થાય છે,] તથા તમોગુણથી પ્રમાદ તથા મોહ ઉત્પન્ન થાય છે, [ને] અજ્ઞાન પણ [ઉત્પન્ન થાય છે.] ૧૭

ટી૦:—સત્ત્વગુણથી શબ્દાદિક વિષયોનો પ્રકાશ કરનારું જ્ઞાન ઉપજે છે માટે જ્ઞાનને અનુસરનારા સાત્ત્વિકકર્મનું પ્રકાશના બહુપણાવાળું સુખરૂપ ફલ થાય છે. રજોગુણથી લોભ ઉપજે છે. નિરંતર વૃદ્ધિ પામતો તથા પૂર્ણ કરવાને અશક્ય એવો લોભ દુઃખનું મૂલ છે એ વાત પ્રસિદ્ધજ છે. એવા લોભપૂર્વક કરેલાં રાજસકર્મોનું દુઃખરૂપજ ફલ થાય છે, ને તમોગુણથી પ્રમાદ, મોહ તથા અપ્રકાશ ઉપજે છે માટે તે પૂર્વક કરેલાં તામસકર્મોનું ફલ અવિવેકયુક્ત દુઃખજ થાય છે. ૧૭

સત્ત્વાદિ ગુણની વૃત્તિમાં રહેનારાની ગતિનું નિરૂપણ કરે છેઃ—

ऊर्ध्वं गच्छंति सत्त्वस्था, मध्ये तिष्ठंति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था, अधो गच्छंति तामसाः ॥१८॥

પ૦ ત૦ પ૦:—**ऊर्ध्वम्** ઉપરના લોકને **गच्छंति** જાય છે–પામે છે **सत्त्वस्थाः** સત્ત્વવૃત્તિમાં રહેલા **मध्ये** મધ્યમાં–મનુષ્યલોકમાં **तिष्ठंति** રહે છે **राजसाः** રજોવૃત્તિમાં રહેલા **जघन्यगुणवृत्तिस्थाः** કનિષ્ઠ તમોગુણની વૃત્તિમાં રહેલા **अधः** નીચે **गच्छंति** જાય છે **तामसाः** તામસ. ૧૮

શ૦:—સત્ત્વવૃત્તિમાં રહેલા ઉપરના લોકને પામે છે, રજોવૃત્તિમાં રહેલા મનુષ્યલોકમાં રહે છે, [અને] કનિષ્ઠ (સત્ત્વગુણથી તથા રજોગુણથી ઊતરતા) તમોગુણની વૃત્તિમાં રહેલા તામસ નીચે જાય છે. ૧૮

ટી૦:—શ્રદ્ધાપૂર્વક શાસ્ત્રોક્ત શુભવિચારને તથા શુભકર્મને ધારણ કરનારા પુરુષો બ્રહ્મલોકપર્યંતના ઉપરના દેવલોકોને પામે છે, અર્થાત્ તેઓ શુભવિચારની તથા શુભકર્મની ન્યૂનાધિકતાપ્રમાણે સત્યલોકસુધીના લોકમાંના કોઇ એક લોકને પામે છે, મનુષ્યશરીરને તથા પશ્વાદિક શરીરને પામતા નથી. લોભાદિપૂર્વક રાજસકર્મો કરનારા આ મનુષ્યલોકમાં ઉત્પન્ન થાય છે, દેવતાના શરીરને તથા પશ્વાદિના શરીરને પામતા નથી, ને સત્ત્વગુણથી તથા રજોગુણથી ઊતરતો જે કનિષ્ઠ તમોગુણ તે તમોગુણનાં નિદ્રા ને આલસ્યાદિ કર્મોમાં પ્રીતિવાળા તામસ (જેમનામાં સર્વદા તમોગુણ પ્રધાન રહે છે એવા) પુરુષો પશ્વાદિક યોનિઓમાં ઉપજે છે, મનુષ્યશરીરને તથા દેવતાશરીરને પામતા નથી. ભાષ્યમાં जघन्यगुणवृत्तस्थाः એવો પાઠ સ્વીકાર્યો છે, તેનો અર્થ પણ ઉપર પ્રમાણેજ થાય છે. ૧૮

સમ્યગ્‌જ્ઞાનથી પુરુષ ગુણોથી મોકળો થાય છે એમ નિરૂપણ કરે છે:—

नान्यं गुणेभ्यः कर्तारं, यदा द्रष्टाऽनुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति, मद्भावं सोऽधिगच्छति ॥१९॥

પ૦ ટી૦ પ૦:—**न** નથી **अन्यम्** બીજા **गुणेभ्यः** ગુણોથી **कर्तारम्** કર્તાને **यदा** જ્યારે **द्रष्टा** જોનારો **अनुपश्यति** જોતો **गुणेभ्यः** ગુણોથી **च** અને **परम्** પર-શ્રેષ્ઠ **वेत्ति** જાણે છે **मद्भावम्** મારા ભાવને **सः** તે **अधिगच्छति** પામે છે. ૧૯

શ૦:—જ્યારે દ્રષ્ટા [ત્રણ] ગુણોથી [ભિન્ન] બીજા કર્તાને નથી જોતો, અને ગુણોથી [આત્માને] પર જાણે છે [ત્યારે] તે મારા ભાવને પામે છે. ૧૯

ટી૦:—જ્યારે દ્રષ્ટા પુરુષ અંતઃકરણ, ઇંદ્રિયો, શરીર ને વિષયાદિરૂપે પરિણામ પામેલા સત્ત્વાદિ ત્રણ ગુણોથી ભિન્ન લૌકિકવૈદિક કર્મના બીજા કર્તાને જોતો નથી, અર્થાત્ અંતઃકરણાદિરૂપે પરિણામ પામેલા એ સત્ત્વાદિ ત્રણ ગુણોજ સર્વે કર્મોના કર્તા છે એમ જુએ છે, તથા તે તે અવસ્થારૂપે પરિણામ પામેલા તે ત્રણ ગુણોથી આત્માને પર (ગુણોસાથે તથા ગુણોનાં કાર્યોસાથે સંબંધવિનાનો) જાણે છે ત્યારે તે પુરુષ મારા નિર્ગુણભાવને પામે છે. ૧૯

એવો પુરુષ કેવી રીતે નિર્ગુણભાવને પામે છે તે કહે છે:—

गुणानेतानतीत्य त्रीन्, देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्, विमुक्तोऽमृतमश्नुते ॥२०॥

પ૦ ત૦ પ૦:—**गुणान्** ગુણોનો **एतान्** એ **अतीत्य** પરિત્યાગ કરીને **त्रीन्** ત્રણ **देही** પુરુષ **देहसमुद्भवान्** દેહની ઉત્પત્તિના બીજરૂપ **जन्ममृत्युजरादुःखैः** જન્મ મરણ જરા અને દુઃખોથી **विमुक्तः** અત્યંત મુક્ત [થઈ] **अमृतम्** મોક્ષને **अश्नुते** પામે છે. ૨૦

શ૦:—દેહની ઉત્પત્તિના બીજરૂપ એ ત્રણ ગુણોનો પરિત્યાગ કરીને જન્મ, મરણ, જરા અને દુઃખોથી અત્યંત મુક્ત [થઈ] પુરુષ મોક્ષને પામે છે.' ૨૦

ટી૦:—પરિત્યાગ કરીને–જીવતાંજ તત્ત્વજ્ઞાનવડે તે ત્રણ ગુણોનો બાધ (મિથ્યાપણાનો દૃઢ અનુભવ) કરીને. ૨૦

એવા ગુણાતીત પુરુષનાં લક્ષણ, આચાર તથા તેવી સ્થિતિ પ્રાપ્ત કરવાનો ઉપાય એ સર્વેને જાણવાની ઇચ્છાથી અર્જુન શ્રીભગવાનને પૂછે છેઃ—

अर्जुन उवाच ॥

कैर्लिङ्गैस्त्रीन्गुणानेतानतीतो भवति प्रभो ।
किमाचारः कथं चैतांस्त्रीन्गुणानतिवर्तते ॥२१॥

પ૦ ત૦ પ૦:—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **कैः** કયાં **लिङ्गैः** ચિહ્નો[સહિત] **त्रीन्** ત્રણ **गुणान्** ગુણોને **एतान्** એ **अतीतः** ઓળંગી ગયેલો **भवति** હોય છે **प्रभो** હે પ્રભો ! **किमाचारः** કેવા આચારવાળો [હોય છે] **कथम्** શી રીતે **च** અને **एतान्** એ **त्रीन्** ત્રણ **गुणान्** ગુણોને **अतिवर्तते** ઓળંગી જાય છે. ૨૧

શ૦:—અર્જુન બોલ્યાઃ–'હે પ્રભો ! એ ત્રણ ગુણોને ઓળંગી ગયેલો કયાં ચિહ્નો[સહિત] હોય છે ? [તથા] કેવા આચારવાળો [હોય છે ?] અને એ ત્રણ ગુણોને [તે] શી રીતે ઓળંગી જાય છે ?' ૨૧

ટી૦:—પ્રભો–દાસનાં દુઃખાદિકને નિવૃત્ત કરવામાં સમર્થ—આત્મા. ચિહ્નો–લક્ષણો. આચાર–ચેષ્ટા–પ્રવૃત્તિ. ૨૧

હવે ગુણાતીત પુરુષ કેવાં લક્ષણોવાળો હોય છે એ પ્રથમ પ્રશ્નનું નીચેના શ્લોકથી **શ્રીભગવાન્** ઉત્તર આપે છે:—

श्रीभगवानुवाच ॥

प्रकाशं च प्रवृत्तिं च, मोहमेव च पांडव ।
न द्वेष्टि संप्रवृत्तानि, न निवृत्तानि कांक्षति ॥२२॥

પ૦ ત૦ પ૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **प्रकाशम्** પ્રકાશનો **च** અને **प्रवृत्तिम्** પ્રવૃત્તિનો **च** તથા **मोहम्** મોહનો **एव** [કોઇ સમયે] પણ **च** તેમજ **पांडव** હે પાંડવ ! **न** નથી **द्वेष्टि** દ્વેષ કરતો **संप्रवृत्तानि** સારી રીતે પ્રવૃત્ત થયેલા **न** નથી **निवृत्तानि** નિવૃત્ત થયેલાને **कांक्षति** ઇચ્છતો. ૨૨

શ૦:—**શ્રીભગવાન્** બોલ્યા:-' હે પાંડવ ! સારી રીતે પ્રવૃત્ત થયેલા પ્રકાશનો અને પ્રવૃત્તિનો તથા મોહનો [જે પુરુષ કોઈ સમયે] પણ દ્વેષ કરતો નથી તેમજ નિવૃત્ત થયેલાને ઇચ્છતો નથી [તે પુરુષ ગુણાતીત કહેવાય છે.] ૨૨

ટી૦:—પોતપોતાની કારણસામગ્રીથી ઉપજેલાં સત્ત્વગુણનાં પ્રકાશાદિ કાર્યોનો, રજોગુણનાં પ્રવૃત્તિ આદિ કાર્યોનો ને તમોગુણનાં મોહાદિ કાર્યોનો જે પુરુષ દુઃખબુદ્ધિથી દ્વેષ કરતો નથી, અને પોતપોતાની વિનાશસામગ્રીથી નિવૃત્ત થયેલાં તે સત્ત્વાદિ ગુણોનાં પ્રકાશાદિ કાર્યોને જે સુખબુદ્ધિથી ઇચ્છતો નથી તે પુરુષ ગુણાતીત કહેવાય છે. ગુણાતીત પુરુષનું આ લક્ષણ સ્વસંવેદ્ય (ગુણાતીતને પોતાનેજ પ્રત્યક્ષ) છે, પરસંવેદ્ય (બીજાને પ્રત્યક્ષ) નથી. ૨૨

હવે ગુણાતીત પુરુષનો આચાર કેવો હોય છે એ બીજા પ્રશ્નનું ઉત્તર નીચેના ત્રણ શ્લોકોથી કહે છે:—

उदासीनवदासीनो, गुणैर्यो न विचाल्यते ।
गुणा वर्तंत इत्येव, योऽवतिष्ठति नेंगते ॥२३॥

પ૦ ત૦ પ૦:—**उदासीनवत्** ઉદાસીનની પેઠે **आसीनः** રહ્યો [છે] **गुणैः** ગુણોથી **यः** જે **न** નથી **विचाल्यते** ચલાયમાન થતો **गुणाः** ગુણો

वर्तते વર્તે છે **इति** આવા–એવી રીતના–[નિશ્ચયવડે] **एव** જ **यः** જે **अवतिष्ठति** સ્થિત થાય છે **न** નથી **इंगते** વ્યાપાર (પ્રવૃત્તિ) કરતો. ૨૩

શ૦:—જે ઉદાસીનની પેઠે રહ્યો [છે,] ગુણોથી ચલાયમાન થતો નથી, [ને] ગુણોજ [પરસ્પર] વર્તે છે એવી રીતના [નિશ્ચયવડે] જે સ્થિત થાય છે, [તથા] વ્યાપાર કરતો (એ નિશ્ચયથી ચલાયમાન થઇ પ્રવૃત્ત થતો) નથી [તે પુરુષ ગુણાતીત કહેવાય છે.] ૨૩

ટી૦:—જે પુરુષ ઉદાસીનની પેઠે રાગદ્વેષથી રહિત થઇને પોતાના સચ્ચિદાનંદસ્વરૂપમાંજ રહ્યો છે, ને સુખદુઃખાદિરૂપે પરિણામ પામેલા સત્ત્વાદિ ત્રણ ગુણોથી પોતાના સ્વરૂપની સ્થિતિમાંથી ચલાયમાન થતો નથી; તથા જે પુરુષ દેહ, ઇંદ્રિય ને વિષયાદિને આકારે પરિણામ પામેલા સત્ત્વાદિક ત્રણ ગુણોજ પોતપોતામાં સાધકબાધકભાવથી, ગ્રાહ્યગ્રાહકભાવથી તથા ઉપકાર્યઉપકારકભાવથી વર્તે છે, હું તો તેઓના સંબંધથી રહિત ને નિર્વિકારી છું એવા પ્રકારના નિશ્ચયથી જે પોતાના સ્વરૂપવિષેજ સ્થિત થાય છે, કોઇ પણ કાર્યની સિદ્ધિમાટે પોતાને કર્તા માની વ્યાપારવાળો થતો નથી એવો મહાત્મા પુરુષ ગુણાતીત કહેવાય છે. ૨૩

समदुःखसुखः स्वस्थः, समलोष्टाश्मकांचनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिंदात्मसंस्तुतिः ॥२४॥

પ૦ ત૦ પ૦:—**समदुःखसुखः** દુઃખસુખ જેને સમાન છે એવો **स्वस्थः** સ્વસ્થ–સ્વસ્વરૂપમાં સ્થિતિવાળો **समलोष्टाश्मकांचनः** માટીનું ઢેકું પથ્થર અને સોનું જેને સમાન છે એવો **तुल्यप्रियाप्रियः** પ્રિય ને અપ્રિય જેને સમાન છે એવો **धीरः** ધીર **तुल्यनिंदात्मसंस्तुतिः** પોતાની નિંદા ને સ્તુતિ જેને તુલ્ય છે એવો. ૨૪

શ૦:—દુઃખસુખ જેને સમાન છે એવો, સ્વસ્વરૂપમાં સ્થિતિવાળો, માટીનું ઢેકું પથ્થર અને સોનું જેને સમાન છે એવો, પ્રિય ને અપ્રિય જેને સમાન છે એવો [ને] પોતાની નિંદા ને સ્તુતિ જેને તુલ્ય છે એવો ધીર [પુરુષ ગુણાતીત કહેવાય છે.] ૨૪

ટી૦:—જે પુરુષને દુઃખમાં દ્વેષ અને સુખમાં રાગ નથી, જે પોતાના

આનંદરૂપ આત્મામાંજ સ્થિત છે, જેને માટીના ઢેફા તથા પાષાણમાં તેમનું તુચ્છપણું જાણી ત્યાગબુદ્ધિ નથી. અને સુવર્ણમાં તેનું શ્રેષ્ઠપણું જાણી ગ્રહણ-બુદ્ધિ નથી, હિતનાં સાધનોમાં તથા અહિતનાં સાધનોમાં જેની ઉપેક્ષા-બુદ્ધિ છે, ને કોઈ પોતાના દોષોનું કથન કરે તો તથા કોઈ પોતાના ગુણોનું કથન કરે તે જેને તુલ્ય ભાસે છે એવો બુદ્ધિમાન્ પુરુષ ગુણાતીત કહેવાય છે. ૨૪

मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारंभपरित्यागी, गुणातीतः स उच्यते ॥२५॥

પ૦ ત૦ પ૦:—**मानापमानयोः** માનમાં અને અપમાનમાં **तुल्यः** સમાન **तुल्यः** સમાન **मित्रारिपक्षयोः** મિત્રના ને શત્રુના પક્ષમાં **सर्वारंभपरित्यागी** જેણે સર્વ આરંભનો પરિત્યાગ કર્યો છે એવો **गुणातीतः** ગુણાતીત–ગુણોને ઓળંગી ગયેલો **सः** તે **उच्यते** કહેવાય છે. ૨૫

શ૦:—માનમાં અને અપમાનમાં સમાન, મિત્રના ને શત્રુના પક્ષમાં સમાન [તથા] જેણે સર્વ આરંભનો પરિત્યાગ કર્યો છે એવો તે ગુણાતીત કહેવાય છે. ૨૫

ટી૦:—જે પુરુષ અન્ય મનુષ્યે કરેલા સત્કારથી હર્ષ ને અન્ય મનુષ્યે કરેલા તિરસ્કારથી શોક પામતો નથી, તથા જે પુરુષ અભિમાનપૂર્વક મિત્રનું ભલું ને શત્રુનું અનિષ્ટ કરતો નથી, ને જેણે શરીરયાત્રામાં ઉપયોગી કર્મવિનાનાં અન્ય સર્વે લૌકિકવૈદિક સકામકર્મોનો તથા નિષિદ્ધ કર્મોનો પરિત્યાગ કર્યો છે તે મહાપુરુષ ગુણાતીત કહેવાય છે. ૨૫

હવે કયા ઉપાયથી એ ત્રણ ગુણોને ઓળંગે છે એ ત્રીજા પ્રશ્નનું ઉત્તર આપે છે:—

मां च योऽव्यभिचारेण, भक्तियोगेन सेवते ।
स गुणान्समतीत्यैतान्, ब्रह्मभूयाय कल्पते ॥२६॥

પ૦ ત૦ પ૦:—**माम्** મને **च** અને **यः** જે **अव्यभिचारेण** અનન્ય **भक्तियोगेन** ભક્તિયોગવડે **सेवते** સેવે છે–ચિંતન કરે છે **सः** તે **गुणान्** ગુણોને **समतीत्य** ઓળંગી જઇને **एतान्** એ **ब्रह्मभूयाय** બ્રહ્મ થવાને **कल्पते** સમર્થ થાય છે. ૨૬

શ૦:—અને જે મને અનન્યભક્તિયોગવડે સેવે છે તે એ

ગુણોને ઓળંગી જઈને બ્રહ્મ થવાને સમર્થ થાય છે. ૨૬

ટી૦:—અનન્યભક્તિયોગ-તૈલધારાની પેઠે આત્માને વિષય કરનારી સજાતીયવૃત્તિઓનો અખંડ પ્રવાહ. ૨૬

એમ થવામાં પોતાનું મોટાપણું એ હેતુ છે એમ જણાવે છે:—

ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।
शाश्वतस्य च धर्मस्य, सुखस्यैकांतिकस्य च ॥२७॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे गुणत्रयविभागयोगो नाम चतुर्दशोऽध्यायः ॥१४॥

પદચ્છેદ તથા પદાર્થ:—**ब्रह्मणः** [સોપાધિક કારણ]બ્રહ્મનું **हि** જેથી **प्रतिष्ठा** મૂર્તિ-વાસ્તવરૂપ-[છું] **अहं** હું (નિરુપાધિક બ્રહ્મ) **अमृतस्य** અમૃતરૂપ **अव्ययस्य** અવ્યયરૂપ **च** અને **शाश्वतस्य** શાશ્વતરૂપ **च** તથા **धर्मस्य** ધર્મરૂપ **सुखस्य** સુખરૂપ **ऐकांतिकस्य** ઐકાંતિક **च** અને. ૨૭

શબ્દાર્થ:—જેથી અમૃતરૂપ અને અવ્યયરૂપ તથા શાશ્વતરૂપ [ને] ધર્મરૂપ અને ઐકાંતિક સુખરૂપ [સોપાધિક કારણ]બ્રહ્મનું હું (નિરુપાધિક બ્રહ્મ) વાસ્તવરૂપ [છું તેથી મારા ચિંતનથી મોક્ષની પ્રાપ્તિ યુક્તજ છે.] ૨૭

ટીકા:—જેથી વિનાશથી રહિત, વિપરિણામથી રહિત, અપક્ષયથી રહિત, જ્ઞાનનિષ્ઠારૂપ ધર્મથી પામવાયોગ્ય ને અવ્યભિચારી (વિષયજન્ય સુખની પેઠે દેશકાલથી વ્યભિચાર નહિ પામનાર) સુખરૂપ એવા માયાવિશિષ્ટ ચેતનનું હું સચ્ચિદાનંદરૂપે વાસ્તવરૂપ છું તેથી મારા નિરુપાધિક શુદ્ધ સ્વરૂપનું ચિંતન કરનારા અધિકારી જનો ગુણાતીત થઈ મોક્ષમાટે સમર્થ થાય છે એ પૂર્વોક્ત અર્થ યુક્તજ છે. ૨૭

इति श्रीमन्मथुरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्यदीपिकाख्यायां गुणत्रयविभागयोगो नाम चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

॥ ૐ ॥

અધ્યાય ૧૫ મો.

પુરુષોત્તમયોગ.

ચૌદમા અધ્યાયના છેલ્લા શ્લોકના વિવરણરૂપ આ પંદરમો અધ્યાય છે. નિર્ગુણસ્વરૂપનું જ્ઞાન સંસારથી વૈરાગ્ય પામ્યા વિના થાય નહિ તેથી તેની પ્રાપ્તિમાટે તે સંસારનું વૃક્ષરૂપે કલ્પના કરીને વર્ણન કરે છે:—

श्रीभगवानुवाच ॥

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छंदांसि यस्य पर्णानि, यस्तं वेद स वेदवित् ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થ:—श्रीभगवान् શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **ऊर्ध्वमूलम्** ઉંચા મૂલવાળો **अधःशाखम्** નીચે શાખાઓવાળો **अश्वत्थम्** અશ્વત્થ–જે આવતી કાલ રહેશે એવો જેનો વિશ્વાસ નથી એવો **प्राहुः** કહે છે **अव्ययम्** અવ્યય **छंदांसि** વેદો **यस्य** જેનાં **पर्णानि** પાનડાં [છે] **यः** જે **तम्** તેને **वेद** જાણે છે **सः** તે **वेदवित्** વેદને જાણનારો [છે.] ૧

શબ્દાર્થ:—શ્રીભગવાન્ બોલ્યા:-[આ સંસારરૂપ પીંપળાના વૃક્ષને શ્રુતિઓ તથા સ્મૃતિઓ] ઉંચા મૂલવાળો, નીચે શાખાઓવાળો, અશ્વત્થ [તથા] અવ્યય કહે છે, જેનાં વેદો પાનડાં [છે,] તેને જે જાણે છે તે વેદને જાણનારો [છે.] ૧

ટીકા:—શ્રુતિઓ તથા સ્મૃતિઓ આ સંસારરૂપ પીંપળાને બ્રહ્મરૂપ સર્વોત્કૃષ્ટ કારણવાળો, પછીથી ઉત્પન્ન થયેલ હિરણ્યગર્ભાદિક શાખાઓવાળો, આવતે દિવસે રહેશે એવો વિશ્વાસ કરવાને અયોગ્ય તથા આત્મજ્ઞાનવિના બીજા કોઇ પણ ઉપાયથી નાશ નહિ પામનારો કહે છે, ને કર્મકાંડરૂપ ચાર વેદો એ સંસારરૂપ પીંપળાનું રક્ષણ કરનારાં પાનડાં છે. આવી રીતના મૂલસહિત માયામય અશ્વત્થરૂપ સંસારવૃક્ષને જે અધિકારી પુરુષ જાણે છે તે અધિકારી પુરુષ કર્મકાંડરૂપ વેદના કર્મરૂપ અર્થને તથા જ્ઞાનકાંડરૂપ વેદ-

ના બ્રહ્મરૂપ અર્થને જાણનારો છે. કોઇ મોટી નદીના ઉંચા તટપરનાં તે નદીના પૂરના ધોવાણથી ને પવનથી નીચે નમી ગયેલાં પીંપળા આદિ વૃક્ષોનાં મૂલો ઉંચે તથા શાખા નીચે હોય છે માટે તેને ઉપમાન ગણી સંસારને તેવા વૃક્ષની ઉપમા આપી છે. અથવા આ શ્લોકનો નીચે પ્રમાણે ભાવ સમજવોઃ—

યોગવિદ્વર આત્માનુભવી મહાત્માઓ આ શરીરરૂપ વૃક્ષને શિખારૂપ ઉંચા મૂલવાળું, હાથોરૂપ નીચી શાખાઓવાળું, આવતી કાલસુધી અવશ્ય રહેશે એવા વિશ્વાસને અયોગ્ય ને વાસનાવડે વારંવાર ઉત્પન્ન થનારું તેમજ આત્માના સાક્ષાત્કારવિના સંપૂર્ણ નાશ નહિ પામનારું કહે છે. કર્મકાંડરૂપ ચાર વેદો એટલે બહારનું સમગ્રજ્ઞાન એ દેહરૂપ વૃક્ષનું રક્ષણ કરનારાં પાનડાં છે. એવી રીતના શરીરરૂપ વૃક્ષને શ્રીસદ્‌ગુરુના કૃપાકટાક્ષવડે જે યથાવત્–તેમાંની સંપૂર્ણ રચનાને–ત્રણ શરીરોને તથા આત્માને–જાણે છે તે, તેને પછી જ્ઞાતવ્યરૂપે કાંઇ પણ શેષ ન રહેવાથી, સમગ્ર વેદાદિને જાણનારો છે. ૧

પૂર્વોક્ત સંસારરૂપ વૃક્ષની બીજી કલ્પના કહે છેઃ—

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा, गुणप्रवृद्धा विषयप्रवालाः ।
अधश्च मूलान्यनुसंततानि, कर्मानुबंधीनि मनुष्यलोके ॥ २ ॥

પ૦ ત૦ પ૦:—**अधः** નીચે **च** અને **ऊर्ध्वम्** ઉંચે-ઉપર **प्रसृताः** પ્રસરેલી [છે] **तस्य** તેની **शाखाः** શાખાઓ–ડાળીઓ **गुणप्रवृद्धाः** ગુણોવડે અત્યંત વૃદ્ધિ પામેલી [છે] **विषयप्रवालाः** વિષયોરૂપી પલ્લવ-વાળી (કુણાં પાનડાંવાળી) [છે] **अधः** નીચે **च** તથા **मूलानि** મૂલો **अनुसंततानि** પરોવાયેલાં [છે] **कर्मानुबंधीनि** ઉત્તરોત્તર કર્મરૂપ બંધન-ને ઉત્પન્ન કરનારાં [છે] **मनुष्यलोके** મનુષ્યલોકમાં. ૨

શ૦:—તેની શાખાઓ નીચે અને ઉપર પ્રસરેલી [છે, તે] ગુણોવડે અત્યંત વૃદ્ધિ પામેલી [છે, ને] વિષયોરૂપી પલ્લવવાળી [છે.] મૂલો નીચે તથા [ઉપર] પરોવાયેલાં [છે, જે] મનુષ્ય-લોકમાં ઉત્તરોત્તર કર્મરૂપ બંધનને ઉત્પન્ન કરનારાં [છે.] ૨

ટી૦:—તે સંસારવૃક્ષની નીચેની શાખા પશ્વાદિ યોનિઓમાં વિસ્તાર પામેલી છે, અને ઉપરની શાખા દેવાદિક યોનિઓમાં વિસ્તાર પામેલી છે, અર્થાત્ મનુષ્યલોકથી માંડીને પશુ, પક્ષી, વૃક્ષ ને નારકીય શરીરપર્યંત

નીચેનાં સ્થાનોમાં તથા મનુષ્યલોકથી માંડી બ્રહ્મલોકપર્યંતનાં ઉપરનાં સ્થાનોમાં તે સંસારરૂપ વૃક્ષની જીવરૂપ શાખા વિસ્તાર પામેલી છે. દેહ, ઇંદ્રિય અને વિષયાદિકને આકારે પરિણામ પામેલા સત્ત્વાદિક ત્રણ ગુણોરૂપ જલથી તે શાખા સ્થૂલભાવને પામી છે, તથા તે શાખા ઇંદ્રિયજન્ય વૃત્તિઓની સાથે સંબંધ રાખનારા શબ્દાદિ વિષયોરૂપ કોમલ પાનડાંવાળી છે. જે સંસારવૃક્ષનાં રાગદ્વેષાદિની વાસનારૂપ અવાંતરમૂલો નીચે તથા ઉપર પરોવાયેલાં છે. તે રાગદ્વેષાદિની વાસનારૂપ અવાંતરમૂલો અધિકારી બ્રાહ્મણાદિક શરીરોમાં ઉત્તરોત્તર શુભાશુભકર્મરૂપ બંધનને ઉત્પન્ન કરનારાં છે. અથવા આ શ્લોકનો આવો ભાવ સમજવો:—

તે શરીરરૂપ વૃક્ષની અશુભ અને શુભ ક્રિયારૂપી શાખાઓ નીચે તથા ઉપર પ્રસરેલી છે. ત્રણ ગુણોવડે એ ક્રિયાઓ બહુ સ્થૂલભાવને પામેલી છે. એ શાખાઓ પોતાના રક્ષણમાટે શબ્દાદિ વિષયોરૂપી પાનડાંને ધારણ કરી રહી છે. ઉપસ્થ અને જિહ્વા એરૂપી મૂલ તે વૃક્ષની નીચે તથા ઉપર પરોવાયેલાં છે, જે ઉપસ્થ તથા જિહ્વા માણસને ઉત્તરોત્તર શુભાશુભકર્મરૂપ બંધનને ઉત્પન્ન કરનારાં છે. ૨

એ વૃક્ષનું અનિર્વચનીયપણું કહીને તેના છેદનનો ઉપાય કહે છે:—

न रूपमस्येह तथोपलभ्यते, नांतो न चादिर्न च संप्रतिष्ठा ।
अश्वत्थमेनं सुविरूढमूलमसंगशस्त्रेण दृढेन छित्त्वा ॥ ३ ॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **रूपम्** રૂપ **अस्य** આનું **इह** અહિં–આ સંસારમાં **तथा** એવું **उपलभ्यते** જાણી શકાતું **न** [જાણી શકાતો] નથી **अंतः** અંત **न** [જાણી શકાતો] નથી **च** અને **आदिः** આદિ–આરંભ **न** [જાણી શકાતું] નથી **च** તથા **संप्रतिष्ठा** મધ્ય **अश्वत्थम्** અશ્વત્થને **एनम्** એ **सुविरूढमूलम्** અત્યંત દૃઢ મૂલવાળા **असंगशस्त्रेण** અસંગશસ્ત્રવડે–વૈરાગ્યરૂપ શસ્ત્રવડે **दृढेन** દૃઢ **छित्त्वा** છેદીને. ૩

શા૦:—આ સંસારમાં [રહેલા પ્રાણીઓથી] આનું એવું રૂપ જાણી શકાતું નથી, અંત [જાણી શકાતો] નથી, અને આદિ [પણ જાણી શકાતો] નથી, તથા મધ્ય [જાણી શકાતું] નથી, અત્યંત દૃઢ મૂલવાળા એ અશ્વત્થને દૃઢ વૈરાગ્યરૂપ

શસ્ત્રવડે છેદીને, ૩

ટી૦:—આ સંસારની મોહજાલમાં ગુંચવાઇ રહેલા પ્રાણીઓથી આ સંસારનું (શરીરનું) પૂર્વે વર્ણન કર્યું એવું રૂપ જાણી શકાતું નથી, તથા આ સંસારની (શરીરની) સમાપ્તિ ક્યારે થશે એમ પણ જાણી શકાતું નથી, અને આ સંસાર (શરીર) પ્રથમ ક્યારથી પ્રવૃત્ત થયો છે એમ પણ જાણી શકાતું નથી, તેમજ આદિ તથા અંત નહિ જણાવાને લીધે તેનું મધ્ય પણ જાણી શકાતું નથી. અનાદિ અજ્ઞાનરૂપ અત્યંત દૃઢ મૂલ-વાળા એ અશ્વત્થરૂપ સંસાર(શરીર)વૃક્ષને સુદૃઢ વૈરાગ્યરૂપ કુવાડાથી છેદીને, પછી શું કરવું ઉચિત છે તે નીચેના શ્લોકમાં કહેશે. ૩

ત્યારપછી શું કરવું તે કહે છેઃ—

ततः पदं तत्परिमार्गितव्यं, यस्मिन्गता न निवर्तंति भूयः ।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये, यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥ ४ ॥

૫૦ ત૦ ૫૦:—**ततः** ત્યારપછી **पदम्** પદ **तत्** તે **परिमार्गितव्यम्** અત્યંત શોધવાયોગ્ય [છે] **यस्मिन्** જેમાં **गताः** ગયેલા–રહેલા **न** નથી **निवर्तंति** પાછા આવતા–જન્મ પામતા **भूयः** ફરીથી **तम्** તે **एव** જ **च** તથા **आद्यम्** આદ્ય **पुरुषम्** પુરુષને **प्रपद्ये** પ્રાપ્ત (શરણ) થયો છું **यतः** જેનાથી **प्रवृत्तिः** પ્રવૃત્તિ **प्रसृता** પ્રસરેલી [છે] **पुराणी** પુરાણી–અનાદિ. ૪

શ૦:—ત્યારપછી તે પદ અત્યંત શોધવાયોગ્ય [છે,] જેમાં રહેલા ફરીથી જન્મ પામતા નથી, તથા જેનાથી [આ સંસાર-રૂપ વૃક્ષની] અનાદિ પ્રવૃત્તિ પ્રસરેલી [છે] તે આદ્ય પુરુષનેજ [હું] પ્રાપ્ત (શરણ) થયો છું. ૪

ટી૦:—ત્યારપછી—સુદૃઢવૈરાગ્યરૂપ શસ્ત્રથી પૂર્વોક્ત સંસાર(શરીર)રૂપ વૃક્ષનું મૂલસહિત ઉચ્છેદન કર્યા પછી—**શ્રીસદ્ગુરુને શરણે** જઈ પોતાની ચિત્તવૃત્તિને સંપૂર્ણરીતે તેમાંજ લગાડી તે **આત્મપદ** શોધવાયોગ્ય છે, જે આત્મપદમાં આત્મસાક્ષાત્કારદ્વારા સ્થિત થયેલા મહાત્માઓ ફરીથી જન્મ પામતા નથી. જે આદ્ય (સંસાર–શરીર–ની આદિમાં વિદ્યમાન હોનાર) પુરુષથી (શરીરરૂપ પુરીમાં શયન કરનારથી) આ સંસાર–શરીર–રૂપ વૃક્ષની માયાના યોગથી આ અનાદિ પ્રવૃત્તિ ચાલેલી છે તે આદ્ય પુરુષને-

જ હું શરણે થયો છું એવી ભાવના કરવી. જ્યારે એવી શરણતા થાય ત્યારેજ તે આત્મસ્વરૂપ જાણવામાં આવે છે. ૪

હવે તે આત્મસ્વરૂપને જાણવાનાં અન્ય સાધનોને કહે છે:—

निर्मानमोहा जितसंगदोषा, अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वंद्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैर्, गच्छंत्यमूढाः पदमव्ययं तत् ॥५॥

પ૦ ત૦ પ૦:—**निर्मानमोहाः** માન ને મોહથી રહિત **जितसंगदोषाः** સંગદોષ જેમણે જિત્યા છે એવા **अध्यात्मनित्याः** પરમાત્માના સ્વરૂપનો વિચાર કરવામાં તત્પર **विनिवृत्तकामाः** [દશ્યની] ઇચ્છાઓ જેમની અત્યંત નિવૃત્ત થઇ ગઇ છે એવા **द्वंद्वैः** દ્વંદ્વોથી **विमुक्ताः** અત્યંત મુક્ત થયેલા **सुखदुःखसंज्ञैः** સુખદુઃખનામવાળાં **गच्छंति** જાય છે-પામે છે **अमूढाः** અમૂઢો-વિદ્વાનો **पदम्** પદને-સ્વરૂપને **अव्ययम्** અવ્યય **तत्** તે. ૫

શ૦:—માન ને મોહથી રહિત, સંગદોષ જેમણે જિત્યા છે એવા, પરમાત્માના સ્વરૂપનો વિચાર કરવામાં તત્પર, [દશ્યની] ઇચ્છાઓ જેમની અત્યંત નિવૃત્ત થઇ ગઈ છે એવા [ને] સુખ-દુઃખનામવાળાં દ્વંદ્વોથી અત્યંત મુક્ત થયેલા વિદ્વાનો તે અવ્યય પદને પામે છે. ૫

ટી૦:—માન-ગર્વ-અહંકાર. મોહ-અવિવેક. સંગદોષ-પ્રિય તથા અપ્રિય પદાર્થોની પ્રાપ્તિથી ઉપજતા રાગદ્વેષ. અવ્યય-અવિનાશી. **सुखदुःखसंज्ञैः**ને સ્થલે **सुखदुःखसंगैः** એવો પાઠ પણ કોઇ પુસ્તકોમાં હોય છે, ત્યાં તેનો 'સુખદુઃખની સાથે જેમનો સંબંધ છે એવાં' એમ અર્થ કરવો. ૫

તે પદને (બ્રહ્મસ્વરૂપને) વિશેષણોએ કરીને કહે છે:-

न तद्भासयते सूर्यो, न शशांको न पावकः ।
यद्गत्वा न निवर्तंते, तद्धाम परमं मम ॥ ६ ॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **तत्** તેને **भासयते** પ્રકાશ કરતો **सूर्यः** સૂર્ય **न** [પ્રકાશ કરતો] નથી **शशांकः** ચંદ્રમા **न** [પ્રકાશ કરતો] નથી **पावकः** અગ્નિ **यत्** જેને **गत्वा** જઇને-પામીને **न** નથી **निवर्तंते** પાછા

આવતા–પુનર્જન્મ પામતા તત્ તે [પદ] ધામ ધામ–સ્વયંપ્રકાશસ્વરૂપ–[છે] પરમં પરમ–સર્વોત્કૃષ્ટ મમ મારું. ૬

શ૦:—જેને પામીને [જ્ઞાનીઓ] પુનર્જન્મ પામતા નથી તેને સૂર્ય પ્રકાશ કરતો નથી, ચંદ્રમા [પ્રકાશ કરતો] નથી, [ને] અગ્નિ [પ્રકાશ કરતો] નથી, [કેમકે] મારું તે [પદ] સર્વોત્કૃષ્ટ સ્વયંપ્રકાશસ્વરૂપ [છે.] ૬

ટી૦:—જે આત્મસ્વરૂપને પામીને તત્ત્વવેત્તાઓ પુનર્જન્મ પામતા નથી તે આત્મસ્વરૂપને ચક્ષુઉપર અનુગ્રહ કરી સૂર્ય પ્રકાશી શકતો નથી, તથા મનઉપર અનુગ્રહ કરી ચંદ્રમા પણ પ્રકાશી શકતો નથી, તેમજ વાણીઉપર અનુગ્રહ કરી અગ્નિ પણ પ્રકાશી શકતો નથી, અર્થાત્ તે આત્મસ્વરૂપ ચક્ષુ, મન અને વાણીથી ગ્રહણ થઈ શકે એવું ન હોવાથી તેમના દેવો તે તે ઇંદ્રિયપર અનુગ્રહ કરી તે સ્વરૂપને પ્રકાશી શકતા નથી, કેમકે મારું તે સ્વરૂપ સર્વોત્કૃષ્ટ ચિન્માત્રરૂપ–જ્યોતીરૂપ–છે.

કેટલાક ભેદવાદીઓ આ શ્લોકનો આ પ્રમાણે અર્થ કરે છેઃ—સૂર્ય, ચંદ્ર ને અગ્નિ આ ત્રણવડે અપ્રકાશ્ય, તથા અર્ચિરાદિ માર્ગવડે પ્રાપ્ત થવાયોગ્ય અને બ્રહ્મલોકથી પણ ઉપર સ્થિત, અપ્રાકૃત ને નિત્યં એવું વૈષ્ણવપદ દેશાંતરમાં સ્થિત છે, તે વૈષ્ણવપદને અર્ચિરાદિ માર્ગદ્વારા પ્રાપ્ત થઇને આ અધિકારી પુરુષ પુનરાવૃત્તિને પામતો નથી. આ તેમનો કરેલો અર્થ યોગ્ય નથી, કેમકે '**न रूपमस्येह तथोपलभ्यते**' આ શ્લોકમાં સર્વ દશ્ય પદાર્થોને મિથ્યા કહ્યા છે. અને '**अतोऽन्यदार्तं**' (આ પરમાત્માથી ભિન્ન સર્વ અનાત્મ પદાર્થ મિથ્યા છે) આ શ્રુતિમાં પણ પરમાત્માથી ભિન્ન સર્વ દશ્ય પદાર્થોને મિથ્યા કહેલા છે. તે દશ્યપણું જેમ આ લોકવિષે છે તેમ તે વૈષ્ણવલોકવિષે પણ તે દશ્યપણું સમાનજ છે તેથી દેશાંતરવિષે સ્થિત તે વૈષ્ણવલોકવિષે પણ તે મિથ્યાપણું અવશ્ય હોવું જોઇએ. એવા મિથ્યાલોકને પ્રાપ્ત થયેલા પુરુષોની પુનરાવૃત્તિ પણ અવશ્ય હોવી જોઇએ, વા તે લોકના અધિષ્ઠાતાની પ્રલયકાલે વિદેહમુક્તિ થાય ત્યારે તેમની વિદેહમુક્તિ થવી જોઇએ.

જીવને બ્રહ્મની પ્રાપ્તિ ઉપાધિની નિવૃત્તિથી થાય છે તેથી તે પ્રાપ્તિ ગૌણ છે, સ્વર્ગાદિની પેઠે તે પ્રાપ્તિ મુખ્ય નથી. ૬

અજ્ઞાનની નિવૃત્તિ થયે જ્ઞાનીની પુનરાવૃત્તિ થતી નથી, ને અજ્ઞાન હોય ત્યાંસુધી મનુષ્યની પુનરાવૃત્તિ થાય છે એમ કહે છે:-

ममैवांशो जीवलोके, जीवभूतः सनातनः ।
मनःषष्ठानींद्रियाणि, प्रकृतिस्थानि कर्षति ॥ ७ ॥

૫૦ ત૦ ૫૦:—**मम** મારો **एव** જ **अंशः** અંશ **जीवलोके** જીવલોકમાં-સંસારમાં **जीवभूतः** જીવરૂપ **सनातनः** સનાતન **मनःषष्ठानि** મન જેમાં છઠ્ઠું છે એવી **इंद्रियाणि** ઇંદ્રિયોને **प्रकृतिस्थानि** પ્રકૃતિમાં રહેલી **कर्षति** ખેંચે છે. ૭

શ૦:—સંસારમાં મારોજ અંશ સનાતન જીવરૂપ [છે. તે જીવ] મન જેમાં છઠ્ઠું છે એવી પ્રકૃતિમાં રહેલી ઇંદ્રિયોને ખેંચે છે. ૭

ટી૦:—સંસારમાં-શરીરમાં-મારોજ માયાવડે (પ્રાણના સંબંધથી) કલ્પિત થયેલો અંશ કર્તા, ભોક્તા ને સંસારી એવી રીતની મિથ્યા પ્રસિદ્ધિને પામ્યો છે. તે જીવરૂપ અંશ ઉપાધિથી એકદેશી જણાતાં છતાં નિત્ય છે. તે જ્યારે પોતાનામાં આરોપાયેલા કલ્પિત અજ્ઞાનથી રહિત થાય છે ત્યારે તેની પુનરાવૃત્તિ થતી નથી, પણ જ્યાંસુધી તેમ ન થાય ત્યાંસુધી તેનું પુનરાગમન પ્રતીત થાય છે. જેમ સુષુપ્તિમાં અજ્ઞાન રહે છે માટે જીવ, મન તથા પાંચ જ્ઞાનેંદ્રિયોને, તેઓ અજ્ઞાનરૂપ પ્રકૃતિમાં સૂક્ષ્મરૂપે રહેલાં હોય છે ત્યાંથી, પુનઃ ભોગ ભોગવવામાટે ખેંચે છે તેમ અન્યશરીરપ્રતિ તે જાય છે ત્યારે પણ તેમને ખેંચે છે. ઇંદ્રરૂપ આત્માને શબ્દાદિ વિષયોની પ્રાપ્તિ કરવાના સાધનરૂપ હોવાથી શ્રોત્રાદિ ઇંદ્રિય કહેવાય છે. ૭

વળી એ જીવાત્મા બીજા કયા સમયમાં મનસહિત ઇંદ્રિયોને અવશ્ય ખેંચે છે તે કહે છે:--

शरीरं यदवाप्नोति, यच्चाप्युत्क्रामतीश्वरः ।
गृहीत्वैतानि संयाति, वायुर्गंधानिवाशयात् ॥ ८ ॥

૫૦ ત૦ ૫૦:—**शरीरम्** [બીજા] શરીરને **यत्** જ્યારે **अवाप्नोति** પામે છે **यत्** જ્યારે **च** અને **अपि** પણ **उत्क्रामति** ઉત્ક્રમણ કરે છે-દેહથી બહાર જાય છે **ईश्वरः** [દેહેંદ્રિયાદિરૂપ સમૂહનો] સ્વામી-જીવાત્મા **गृहीत्वा** ગ્રહણ કરીને **एतानि** એઓને-મનસહિત ઇંદ્રિયોને **संयाति**

જાય છે वायुः વાયુ गंधान् ગંધોને इव જેમ आशयात् [પુષ્પાદિક] સ્થાનમાંથી. ૮

શ૦:—જ્યારે જીવાત્મા દેહથી બહાર જાય છે [ત્યારે તે ઇંદ્રિયોનું આકર્ષણ કરે છે,] અને જ્યારે [બીજા] શરીરને પામે છે [ત્યારે] એઓને ગ્રહણ કરીને પણ જાય છે, જેમ [પુષ્પાદિક] સ્થાનમાંથી વાયુ ગંધોને [ગ્રહણ કરીને જાય છે તેમ.] ૮

ટી૦:—જ્યાંસુધી મનુષ્યાદિના અંતઃકરણમાં વિષયોની વાસના રહે ત્યાંસુધી તેના સ્થૂલશરીરનોજ નાશ થાય છે, તેના સૂક્ષ્મશરીરનો નાશ થતો નથી, માત્ર તે સૂક્ષ્મશરીર કર્માનુસાર ફલ ભોગવવામાટે અન્ય સ્થૂલશરીરમાં પ્રવેશ કરવામાટે જાય છે એ આ શ્લોકનું તાત્પર્ય છે. ૮

હવે ઇંદ્રિયોને ગ્રહણ કરીને નીકળવાના પ્રયોજનને કહે છે:-

श्रोत्रं चक्षुः स्पर्शनं च, रसनं घ्राणमेव च ।
अधिष्ठाय मनश्चायं, विषयानुपसेवते ॥ ९ ॥

પ૦ ત૦ પ૦:—श्रोत्रम् કાનનો चक्षुः આંખનો स्पर्शनम् સ્પર્શેંદ્રિયનો च તથા रसनम् જીભનો घ्राणम् નાકનો एव જ च અને अधिष्ठाय આશ્રય કરીને मनः મનનો च તથા अयम् આ [જીવાત્મા] विषयान् વિષયોને उपसेवते ભોગવે છે. ૯

શ૦:—આ [જીવાત્મા] કાનનો, આંખનો તથા સ્પર્શેંદ્રિયનો, જીભનો અને નાકનો તથા મનનો આશ્રય કરીનેજ વિષયોને ભોગવે છે. ૯

ટી૦:—घ्राणमेव च એમાંના ચકારથી વાગાદિક પાંચ કર્મેંદ્રિયોનું તથા પ્રાણાદિ પાંચ પ્રાણોનું પણ ગ્રહણ કરવું, અને मनश्च એમાં રહેલા ચકારથી બુદ્ધિ, ચિત્ત તથા અહંકારનું પણ ગ્રહણ કરવું. આ શ્લોકનું તાત્પર્ય એ છે કે ચેતનરૂપ અસંગ શુદ્ધાત્મા ઇંદ્રિયાદિના આશ્રયવિના વિષયોને ભોગવતો નથી માટે પોતાનાં કર્મોનાં ફલો ભોગવવાસારુ તેમને ખેંચીને સાથે લઈ જાય છે. ૯

એ સૂક્ષ્મતમ આત્માને મૂઢ પુરુષો દેખતા નથી, માત્ર વિવેકી પુરુષોજ તેને દેખે છે એમ કહે છે:—

उत्क्रामंतं स्थितं वाऽपि, भुंजानं वा गुणान्वितम् ।
विमूढा नानुपश्यंति, पश्यंति ज्ञानचक्षुषः ॥ १० ॥

૫૦ ત૦ ૫૦:—उत्क्रामंतम् ઉત્ક્રમણ કરનારા **स्थितम्** રહેલા **वा** અથવા **अपि** પણ **भुंजानम्** ભોગવનારા **वा** અથવા **गुणान्वितम्** ગુણોવડે યુક્તને **विमूढाः** અત્યંતમૂઢો **न** નથી **अनुपश्यंति** દેખતા **पश्यंति** દેખે છે **ज्ञानचक्षुषः** જ્ઞાનરૂપ ચક્ષુવાળા. ૧૦

શ૦:—ઉત્ક્રમણ કરનારા, અથવા [સ્થૂલશરીરમાં] રહેલા, અથવા [વિષયોને] ભોગવનારા, [તથા] ગુણોવડે યુક્તને પણ અત્યંતમૂઢો દેખતા નથી, [પણ] જ્ઞાનરૂપ ચક્ષુવાળા દેખે છે. ૧૦

ટી૦:—એક સ્થૂલશરીરનો પરિત્યાગ કરીને બીજા સ્થૂલશરીરપ્રતિ ગમન કરનારો જે **આત્મા** છે, અથવા પૂર્વ સ્થૂલશરીરમાંજ રહેલો જે **આત્મા** છે, કિંવા બીજા સ્થૂલશરીરમાં શબ્દાદિક વિષયોને ભોગવનારો જે **આત્મા** છે, તથા સુખ દુઃખ ને મોહરૂપ જે સત્ત્વ રજસ્ ને તમસ્ એ ત્રણ ગુણોથી યુક્ત જે આ **આત્મા** છે તેને વિષયવાસનાથી ખેંચાયેલા ચિત્તવાળા અજ્ઞાનીઓ પૂર્વોક્ત ઉત્ક્રમણાદિ અવસ્થાઓમાં સ્થૂલ-દેહાદિથી ભિન્ન જાણી શકતા નથી એ મોટું કષ્ટ છે, અને જ્ઞાનરૂપ ચક્ષુ-વાળા વિવેકીઓ તો તે સર્વ અવસ્થાઓમાં આ **આત્માને** સ્થૂલદેહાદિકથી ભિન્નજ જાણે છે માટે તેઓને ધન્ય છે. ૧૦

નીચેના શ્લોકથી પૂર્વોક્ત વિષયને વિશેષ સ્પષ્ટ કરે છેઃ—

यतंतो योगिनश्चैनं, पश्यंत्यात्मन्यवस्थितम् ।
यतंतोऽप्यकृतात्मानो, नैनं पश्यंत्यचेतसः ॥ ११ ॥

૫૦ ત૦ ૫૦:—यतंतः યત્ન કરતા એવા **योगिनः** યોગીઓ **च** જ **एनम्** એને **पश्यंति** જુએ છે **आत्मनि** [પોતાની] બુદ્ધિમાં **अवस्थितम्** રહેલા **यतंतः** યત્ન કરતાં [છતાં] **अपि** પણ **अकृतात्मानः** અશુદ્ધ અંતઃકરણ-વાળા **न** નથી **एनम्** એને **पश्यंति** દેખતા **अचेतसः** અવિવેકીઓ. ૧૧

શ૦:—યત્ન કરતા એવા યોગીઓજ [પોતાની] બુદ્ધિમાં રહેલા એને–એ આત્માને–જુએ છે, [અને] યત્ન કરતાં [છતાં] પણ અશુદ્ધ અંતઃકરણવાળા અવિવેકીઓ એને દેખતા નથી. ૧૧

ટી૦:—આત્મધ્યાનાદિક ઉપાયોથી પ્રયત્ન કરતા એવા શુદ્ધ અંતઃકરણવાળા યોગીઓજ પોતાની બુદ્ધિમાં સૂક્ષ્મરૂપે રહેલા આ આનંદસ્વરૂપ આત્માનો સાક્ષાત્કાર કરે છે, અને જેમણે સંધ્યાવંદનાદિ નિત્યનૈમિત્તિક કર્મોના નિષ્કામ અનુષ્ઠાનદ્વારા પોતાના અંતઃકરણને શુદ્ધ (વિષયોની દૃઢ વાસનાથી રહિત) કર્યું નથી, તથા અશુદ્ધ અંતઃકરણવાળા હોવાથીજ જેઓ જડચેતનના દૃઢ વિવેકથી રહિત છે, એવા અશુદ્ધ અંતઃકરણવાળા અવિવેકીઓ તો યત્ન કરતાં છતાં પણ આ આત્માનો દૃઢ સાક્ષાત્કાર કરી શકતા નથી. ૧૧

ચૌદમા અધ્યાયના છેલ્લા શ્લોકમાં કહેલા અર્થના વર્ણન-માટે નીચેના ચાર શ્લોકોથી ભગવાન્ પોતાની વિભૂતિઓને સંક્ષેપમાં કહે છેઃ—

यदादित्यगतं तेजो, जगद्भासयतेऽखिलम् ।
यच्चंद्रमसि यच्चाग्नौ, तत्तेजो विद्धि मामकम् ॥ १२ ॥

પ૦ ત૦ પ૦:—**યત્** જે **आदित्यगतम्** સૂર્યમાં રહેલું **तेजः** તેજ **जगत्** જગતનો **भासयते** પ્રકાશ કરે છે **अखिलम्** આખા **यत्** જે [તેજ] **चंद्रमसि** ચંદ્રમાં [રહેલું] **यत्** જે [તેજ] **च** અને **अग्नौ** અગ્નિમાં [રહેલું] **तत्** તે **तेजः** તેજને **विद्धि** જાણો **मामकम्** મારું [સ્વરૂપ.] ૧૨

શ૦:—સૂર્યમાં રહેલું જે તેજ [તથા] ચંદ્રમાં [રહેલું] જે [તેજ] અને અગ્નિમાં [રહેલું] જે [તેજ છે, તથા જે તેજ] આખા જગતનો પ્રકાશ કરે છે તે તેજને [તમે] મારું [સ્વરૂપ] જાણો. ૧૨

ટી૦:—ચક્ષુ આદિક બાહ્યકરણોમાં તથા તેમના અધિષ્ઠાતા સૂર્યાદિકમાં જે રૂપાદિક વિષયોને પ્રકાશ કરવાના સામર્થ્યરૂપ તેજ છે, તથા મનમાં ને તેના અભિમાની ચંદ્રમામાં જે અંતરના સુખદુઃખાદિ વિષયોને પ્રકાશ કરવાના સામર્થ્યરૂપ તેજ છે, તેમજ વાગિંદ્રિયમાં તથા વાગિંદ્રિયના અભિમાની અગ્નિમાં જે અવ્યાકૃત આદિક વિષયોને પ્રકાશ કરવાના સામર્થ્યરૂપ તેજ છે, વળી જે તેજ સ્થાવરજંગમરૂપ સર્વ વસ્તુઓનો પ્રકાશ કરે છે તે તેજને તું મારું સ્વરૂપ જાણ. ૧૨

गामाविश्य च भूतानि, धारयाम्यहमोजसा ।
पुष्णामि चौषधीः सर्वाः, सोमो भूत्वा रसात्मकः ॥१३॥

પ૦ ત૦ પ૦:—**गाम्** પૃથ્વીમાં **आविश्य** પ્રવેશ કરીને **च** અને **भूतानि** ભૂતોને **धारयामि** ધારણ કરું છું **अहम्** હું **ओजसा** [પોતાના] બલવડે **पुष्णामि** પુષ્ટિવાળી કરું છું **च** તથા **ओषधीः** ઓષધીઓને **सर्वाः** સર્વ **सोमः** ચંદ્રરૂપ **भूत्वा** થઇને **रसात्मकः** રસસ્વભાવવાળા. ૧૩

શ૦:—અને [પોતાના] બલવડે પૃથ્વીમાં પ્રવેશ કરીને ભૂતોને હું ધારણ કરું છું, તથા રસસ્વભાવવાળા ચંદ્રરૂપ થઇને સર્વ ઓષધીઓને પુષ્ટિવાળી કરું છું. ૧૩

ટી૦:—અને પૃથ્વીદેવતારૂપે આ પૃથ્વીમાં પ્રવેશ કરીને મારી આકર્ષણરૂપ શક્તિથી સ્થાવરજંગમરૂપ સર્વ ભૂતોને હું ધારણ કરું છું, તથા સર્વરસસ્વભાવવાળા ચંદ્રરૂપ થઇને હું પૃથ્વીમાંથી ઉત્પન્ન થયેલી વ્રીહિ (ડાંગર) ને જવાદિક સર્વ ઔષધીઓને પુષ્ટિવાળી તથા સ્વાદવાળી કરું છું. ૧૩

अहं वैश्वानरो भूत्वा, प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः, पचाम्यन्नं चतुर्विधम् ॥ १४ ॥

પ૦ ત૦ પ૦:—**अहम्** હું **वैश्वानरः** જઠરાગ્નિરૂપ **भूत्वा** થઇને **प्राणिनाम्** પ્રાણીઓના **देहम्** દેહને **आश्रितः** આશ્રયે રહેલો [છું] **प्राणापानसमायुक्तः** પ્રાણ તથા અપાનવડે પ્રજ્વલિત થઈ **पचामि** પચાવું છું **अन्नम्** અન્નને **चतुर्विधम्** ચાર પ્રકારના. ૧૪

શ૦:—હું જઠરાગ્નિરૂપ થઇને પ્રાણીઓના દેહને આશ્રયે રહેલો [છું, અને] પ્રાણ તથા અપાનવડે પ્રજ્વલિત થઈ ચાર પ્રકારના અન્નને પચાવું છું. ૧૪

ટી૦:—હું જઠરાગ્નિરૂપે થઇ સર્વ પ્રાણીઓનાં સ્થૂલશરીરોમાં પ્રવેશ કરીને, તથા તે જઠરાગ્નિને પ્રજ્વલિત કરનાર પ્રાણાપાનથી યુક્ત થઇને, તે પ્રાણીઓએ ભોજન કરેલાં ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય ને ચોષ્ય આ ચાર પ્રકારનાં અન્નોનું પાચન કરું છું. ભક્ષ્ય—ચર્વ્ય—દાંતોથી કટકા કરીને ખાવા-મ આવનારી વસ્તુઓ, જેવી કે લાડુ ને પુરી ઇત્યાદિ. ભોજ્ય—દાંતોની ક્રિયાવિના માત્ર જીભથીજ હલાવીને ગળી જવાય એવી વસ્તુઓ, જેવી કે દૂધપાક ને દાળ ઇત્યાદિ. લેહ્ય—જીભને લાગતાંજ રસના સ્વાદમાત્રથી ગળી જવાય એવી કિંચિત્ પ્રવાહી વસ્તુઓ, જેવી કે શ્રિખંડ ને કેરીનો

રસ ઇત્યાદિ. ચોષ્ય-દાંતોથી ચૂષી તેનો રસ ગળી જઇ બાકી રહેલ અસાર ભાગ બહાર ફેંકી દેવામાં આવે એવી વસ્તુઓ, જેવી કે શેરડી ઇત્યાદિ. ૧૪

सर्वस्य चाहं हृदि सन्निविष्टो, मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।
वेदैश्च सर्वैरहमेव वेद्यो, वेदांतकृद्वेदविदेव चाहम् ॥ १५ ॥

પ૦ ત૦ પ૦:—**सर्वस्य** સર્વના **च** વળી **अहम्** હું **हृदि** હૃદયમાં **सन्निविष्टः** પેઠેલો [છું] **मत्तः** મારાથી **स्मृतिः** સ્મૃતિ **ज्ञानम्** જ્ઞાન **अपोहनम्** [તે સ્મૃતિનો અને જ્ઞાનનો] અભાવ **च** તથા **वेदैः** વેદોવડે **च** અને **सर्वैः** સર્વે **अहम्** હું **एव** જ **वेद्यः** જાણવાયોગ્ય [છું] **वेदांतकृत्** વેદાંતના અર્થના સંપ્રદાયનો પ્રવર્તક **वेदवित्** વેદને જાણનાર [છું] **एव** જ **च** અને **अहम्** હું. ૧૫

શ૦:—વળી હું સર્વના હૃદયમાં [જીવાત્મરૂપે] પેઠેલો [છું.] મારાથી સ્મૃતિ [અને] જ્ઞાન તથા [તે સ્મૃતિનો અને જ્ઞાનનો] અભાવ [થાય છે,] અને સર્વ વેદોવડે હુંજ જાણવાયોગ્ય [છું, હું] વેદાંતના અર્થના સંપ્રદાયનો પ્રવર્તક [છું,] અને હુંજ વેદને જાણનાર [છું.] ૧૫

ટી૦:—વળી હું સર્વ પ્રાણીઓની બુદ્ધિરૂપ ગુહામાં ક્ષેત્રજ્ઞનામના જીવરૂપથી અત્યંત સમીપ રહેલો છું. જે ઉપાસક પુરુષ મને પૂર્વોક્તરીતે જાણીને ઉપાસે છે એવા શુદ્ધ ચિત્તવાળા પુરુષને **શ્રીસદ્ગુરુનાં** તથા શાસ્ત્રનાં વચનોનું અખંડ સ્મરણ તથા આત્મસ્વરૂપનું જ્ઞાન મારાથી થાય છે, તેમજ જેઓ મારી ઉપાસનાથી રહિત છે એવા મલિન બુદ્ધિવાળા બહિર્મુખ પુરુષોને તેમના કર્માનુસાર તે સ્મરણની તથા તે જ્ઞાનની અપ્રાપ્તિ પણ મારાથીજ થાય છે. ચારે વેદોમાં રહેલી સર્વ ઉપનિષદોથી હુંજ જાણવાયોગ્ય છું. આ લોકમાં અધિકારી શિષ્યોને આચાર્યરૂપે વેદાંતના અર્થનો પ્રકાશ કરનારો હુંજ છું, તથા હુંજ આત્મવેત્તા (વેદવિત્—વેદના અર્થરૂપ જે આત્મા તેને જાણનાર) પુરુષ છું. ૧૫

હવે કાર્યકારણરૂપ બંને ઉપાધિથી રહિત નિરુપાધિક શુદ્ધ સ્વરૂપને નીચેના ત્રણ શ્લોકોથી કહે છે:—

द्वाविमौ पुरुषौ लोके, क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि, कूटस्थोऽक्षर उच्यते ॥ १६ ॥

૫૦ ત૦ ૫૦—द्वौ બે इमौ આ पुरुषौ પુરુષ [છે] लोके સંસારમાં क्षरः ક્ષર च [એક] તો अक्षरः અક્ષર एव જ च તથા क्षरः ક્ષર सर्वाणि સર્વે भूतानि ભૂતો कूटस्थः કૂટસ્થ-કારણરૂપ માયા अक्षरः અક્ષર उच्यते કહેવાય છે. ૧૬

શા૦:—સંસારમાં આ બેજ પુરુષ [છે, એક] તો ક્ષર તથા [બીજો] અક્ષર. સર્વે ભૂતો ક્ષર કહેવાય છે, [અને] કારણરૂપ માયા અક્ષર [કહેવાય છે.] ૧૬

ટી૦:—ચૈતન્યરૂપ પુરુષના ઉપાધિરૂપ હોવાથી પુરુષશબ્દથી કહેવાતા બે પુરુષજ આ સંસારમાં છે, એક ક્ષરનામનો પુરુષ, તથા બીજો અક્ષરનામનો પુરુષ. ઉત્પત્તિવિનાશવાળાં સર્વે કાર્યો ક્ષર કહેવાય છે, અને આત્મજ્ઞાનવિના વિનાશથી રહિત તથા ક્ષરની ઉત્પત્તિના બીજરૂપ જે માયા છે તે કારણોપાધિરૂપ માયાશક્તિ અક્ષર કહેવાય છે. કૂટસ્થ—યથાર્થ વસ્તુને ઢાંકીને અયથાર્થ વસ્તુને પ્રકાશનારરૂપે સ્થિર રહેનાર—આવરણ તથા વિક્ષેપ એ બંનેરૂપે સ્થિર રહેનાર—માયા. ૧૬

એ બંને ઉપાધિઓથી વિલક્ષણ જે ઉત્તમ પુરુષ છે તે પુરુષનું હવે નિરૂપણ કરે છેઃ—

उत्तमः पुरुषस्त्वन्यः, परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य, बिभर्त्यव्यय ईश्वरः ॥ १७ ॥

૫૦ ત૦ ૫૦:—उत्तमः ઉત્તમ पुरुषः પુરુષ तु અને अन्यः ભિન્ન परमात्मा પરમાત્મા इति એમ—એ નામથી उदाहृतः કહ્યા [છે] यः જે लोकत्रयम् ત્રણ લોકમાં आविश्य પ્રવેશ કરીને बिभर्ति ધારણ કરે છે अव्ययः અવ્યયરૂપ [છે] ईश्वरः ઈશ્વરરૂપ [છે.] ૧૭

શા૦:—અને ઉત્તમ પુરુષ [તો તે બેનાથી] ભિન્ન પરમાત્મા એ નામથી કહ્યા [છે.] જે ત્રણ લોકમાં પ્રવેશ કરીને [તેને] ધારણ કરે છે. [તે] અવ્યયરૂપ [છે, તથા] ઈશ્વરરૂપ [છે.] ૧૭

ટી૦:—અને સર્વોત્કૃષ્ટ આત્મરૂપ પુરુષ તો પૂર્વોક્ત ક્ષર તથા અક્ષર એ બંને જડ ઉપાધિઓથી અત્યંત વિલક્ષણ તથા તે બંને ઉપાધિઓને પ્રકાશનારો છે. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય ને આનંદમય એ

અજ્ઞાનીઓએ આત્મરૂપે કલ્પેલા પાંચ કોશોથી અત્યંત ઉત્કૃષ્ટ હોવાથી તથા સર્વ ભૂતોના પ્રત્યક્ચેતનરૂપ હોવાથી વેદાંતશાસ્ત્રમાં તે આત્માને પરમાત્મા કહેલ છે. જે આત્મદેવ સ્થૂલ, સૂક્ષ્મ તથા કારણશરીરમાં પ્રવેશ કરીને તેમને પોતાની સત્તાસ્ફૂર્તિથી ધારણ કરે છે, તથા પોષે છે, તે જન્મમરણાદિ સર્વ વિકારોથી રહિત તથા ઇંદ્રિય ને અંતઃકરણાદિના નિયંતા છે. ૧૭

હવે પોતાના પુરુષોત્તમપણાની પ્રસિદ્ધિમાં કારણ કહે છેઃ—

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च, प्रथितः पुरुषोत्तमः ॥ १८ ॥

૫૦ ત૦ ૫૦:—**यस्मात्** જે[કારણ]થી **क्षरम्** ક્ષરને **अतीतः** ઓળંગી ગયેલો [છું] **अहम्** હું **अक्षरात्** અક્ષરથી **अपि** પણ **च** અને **उत्तमः** ઉત્તમ [છું] **अतः** આથી **अस्मि** [થયો] છું **लोके** લોકમાં **वेदे** વેદમાં **च** અને **प्रथितः** પ્રસિદ્ધ **पुरुषोत्तमः** પુરુષોત્તમ. ૧૮

શ૦:—જે[કારણ]થી હું ક્ષરને ઓળંગી ગયેલો [છું,] અને અક્ષરથી પણ ઉત્તમ [છું,] આથી લોકમાં અને વેદમાં [હું] પુરુષોત્તમ [એવા નામથી] પ્રસિદ્ધ [થયો] છું. ૧૮

ટી૦:—લોકમાં-કવિઓનાં રચેલાં કાવ્યાદિમાં. પુરુષોત્તમ-ચેતનરૂપ પુરુષની તાદાત્મ્યભ્રાંતિથી પુરુષ એ નામથી કહેવાતાં ક્ષર તથા અક્ષરથી ઉત્તમ-આત્મા. ૧૮

પુરુષોત્તમ એવા નામના જ્ઞાનનું ફલ કહે છેઃ—

यो मामेवमसंमूढो, जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां, सर्वभावेन भारत ॥ १९ ॥

૫૦ ત૦ ૫૦:—**यः** જે **माम्** મને **एवम्** એ પ્રમાણે **असंमूढः** સંમોહથી રહિત [થઇ] **जानाति** જાણે છે **पुरुषोत्तमम्** પુરુષોત્તમરૂપ **सः** તે **सर्ववित्** સર્વજ્ઞ **भजति** ભજે છે-સેવે છે **माम्** મને **सर्वभावेन** સર્વભાવવડે-ભક્તિયોગથી **भारत** હે ભારત !-હે અર્જુન ! ૧૯

શ૦:—હે અર્જુન ! જે સંમોહથી રહિત [થઇ] મને એ પ્રમાણે પુરુષોત્તમરૂપ જાણે છે તે સર્વજ્ઞ [થાય છે, તથા] ભક્તિ-યોગથી મને ભજે છે. ૧૯

ટીક:—સંમોહ—અત્યંત અવિવેક. ૧૯

હવે આ અધ્યાયના વિષયની સ્તુતિ કરીને અધ્યાયની સમાપ્તિ કરે છેઃ—

इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयाऽनघ ।
एतद्बुद्ध्वा बुद्धिमान् स्यात्, कृतकृत्यश्च भारत ॥ २० ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुन-
संवादे पुरुषोत्तमयोगो नाम पंचदशोऽध्यायः ॥१५॥

પદચ્છેદ તથા પદાર્થઃ—इति એ પ્રમાણે-પૂર્વોક્તરીતે गुह्यतमम् અત્યંતગુહ્યરૂપ शास्त्रम् શાસ્ત્રરૂપ इदम् આ उक्तम् કહ્યું [છે] मया મેં अनघ હે પાપરહિત !—હે અર્જુન ! एतत् એને बुद्ध्वा જાણીને बुद्धिमान् બુદ્ધિમાન્ स्यात् થાય છે कृतकृत्यः કૃતાર્થ च અને भारत હે ભારત ! ૨૦

શબ્દાર્થઃ—હે અર્જુન ! હે ભારત ! મેં પૂર્વોક્તરીતે અત્યંતગુહ્યરૂપ [તથા] શાસ્ત્રરૂપ આ કહ્યું [છે.] એને જાણીને બુદ્ધિમાન્ થાય છે, અને કૃતાર્થ [થાય છે.] ૨૦

ટીકાઃ—આ પંદરમા અધ્યાયમાં પૂર્વોક્તરીતે અત્યંતરહસ્યરૂપ આ અઢાર અધ્યાયરૂપ સંપૂર્ણ ગીતાશાસ્ત્રનો અર્થ સંક્ષેપે કરીને કહ્યો છે. આ પંદરમા અધ્યાયનો આત્મવેત્તા આચાર્યપાસેથી નિશ્ચય કરીને અધિકારી પુરુષ આત્મજ્ઞાનવાળો થાય છે, અને તેનાં સર્વ કર્તવ્યકર્મોની સમાપ્તિ થાય છે. ૨૦

इति श्रीमन्मथुरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्य-
दीपिकाख्यायां पुरुषोत्तमयोगो नाम पंचदशोऽध्यायः ॥१५॥



" अनादिकालमारभ्य, देवासुरसमागमः ।
प्रतिदेहं प्रवृत्तोऽसौ, सर्वप्राणिषु संगरः ॥ "

શ્રીભગવદ્ ગીતાની ભાવપ્રકાશ ટીકા.

દૈવાસુર સંપતનું યુદ્ધ.

॥ ॐ ॥

અધ્યાય ૧૬ મો.

દૈવાસુરસંપદ્વિભાગયોગ.

ગયા અધ્યાયના બીજા શ્લોકમાં કહેલી વાસનાને નવમા અધ્યાયમાં દૈવી, આસુરી ને રાક્ષસી એ ત્રણ પ્રકારના પ્રાણીઓની પ્રકૃતિરૂપે કહેલી છે, તેમાં દૈવીપ્રકૃતિ ગ્રહણ કરવાયોગ્ય છે, ને આસુરી તથા રાક્ષસી પ્રકૃતિ ત્યાગ કરવાયોગ્ય છે. એ ત્રણ પ્રકૃતિમાંની પ્રથમ પ્રકૃતિને દૈવીસંપત્‌રૂપે ને બીજી બેને આસુરીસંપત્‌રૂપે આ અધ્યાયમાં વર્ણવવી છે, તેમાં પ્રથમ દૈવીસંપત્‌નું સ્વરૂપ નીચેના ત્રણ શ્લોકોથી કહે છે:—

श्रीभगवानुवाच ॥

अभयं सत्त्वसंशुद्धिर्, ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च, स्वाध्यायस्तप आर्जवम् ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થ:—श्रीभगवान् શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **अभयम्** અભય **सत्त्वसंशुद्धिः** અંતઃકરણની શુદ્ધિ **ज्ञानयोगव्यवस्थितिः** જ્ઞાનમાં અને યોગમાં સ્થિતિ **दानम्** દાન **दमः** ઇંદ્રિયનિગ્રહ **च** અને **यज्ञः** યજ્ઞ **च** તથા **स्वाध्यायः** સ્વાધ્યાય **तपः** તપ **आर्जवम्** સરલતા. ૧

શબ્દાર્થ:—શ્રીભગવાન્ બોલ્યા:—અભય, અંતઃકરણની શુદ્ધિ, જ્ઞાનમાં અને યોગમાં સ્થિતિ, દાન અને ઇંદ્રિયનિગ્રહ તથા યજ્ઞ, સ્વાધ્યાય, તપ [ને] સરલતા [આ સર્વે દૈવીસંપત્‌રૂપ છે.] ૧

ટીકા:—૧ અભય—**શ્રીસદ્‌ગુરુએ** તથા સત્‌શાસ્ત્રે ઉપદેશ કરેલા વિષયમાં ભયરહિત થઇ તેનું યથાયોગ્ય અનુષ્ઠાન કરવામાં તત્પરતા, અથવા સ્ત્રી આદિ પરિગ્રહનો ત્યાગ કરી એકલો રહેલો હું કેમ જીવી શકીશ એવા ભયથી રહિતપણું, કિંવા કોઇ પણ પ્રાણીને ભય ન ઉપજાવવું. ૨ અંતઃકરણની શુદ્ધિ—ઠગાઈ તથા કપટ ઇત્યાદિ વ્યાવહારિક અશુદ્ધિનો પરિત્યાગ, ૩ જ્ઞાનમાં અને યોગમાં સ્થિતિ—અધ્યાત્મશાસ્ત્રોથી આત્માના સ્વરૂપનું

નિશ્ચય કરવામાટે તથા ચિત્તની એકાગ્રતા કરી તે સ્વરૂપને અનુભવમાં લાવવામાટે સર્વ સમયમાં તત્પરતા. ૪ દાન–યથાશક્તિ અન્નાદિ પદાર્થો શ્રદ્ધાભક્તિપૂર્વક સત્પાત્રને આપવા તે. ૫ ઇંદ્રિયનિગ્રહ–શ્રોત્રાદિ ઇંદ્રિયોનો તેમના પોતપોતાના અવિહિત વિષયોથી નિરોધ કરવો તે. ૬ યજ્ઞ–અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ ને સોમયાગ ઇત્યાદિ શ્રૌતયજ્ઞો; અથવા દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ ને મનુષ્યયજ્ઞ એ ચાર સ્માર્તયજ્ઞો;–શાસ્ત્રવિહિત કર્મવિશેષ. ૭ સ્વાધ્યાય–વેદાદિનું અધ્યયન. ૮ તપ–શરીર, મન ને વાણીને રાજસી-તામસી ક્રિયાઓમાંથી રોકવાં તે. ૯ સરલતા–કુટિલપણાનો પરિત્યાગ–શ્રદ્ધાવાન્ શ્રોતાથી નિશ્ચય કરેલો કોઇ વિષય ગુપ્ત ન રાખવો તે. ૧

अहिंसा सत्यमक्रोधस्त्यागः शांतिरपैशुनम् ।
दया भूतेष्वलोलुत्वं, मार्दवं ह्रीरचापलम् ॥ २ ॥

પ૦ ત૦ પ૦:—**अहिंसा** અહિંસા **सत्यम्** સત્ય **अक्रोधः** અક્રોધ–ક્રોધ નહિ તે **त्यागः** ત્યાગ **शांतिः** શાંતિ **अपैशुनम्** અપૈશુન–પછવાડે કોઇની નિંદા ન કરવી તે **दया** દયા **भूतेषु** ભૂતોમાં **अलोलुत्वम्** અલોલુપત્વ–લલુતા ન કરવી તે **मार्दवम्** માર્દવ–ક્રૂરપણું નહિ તે **ह्रीः** અકાર્યમાં લોકલજ્જા **अचापलम्** અચપલપણું–ચપલપણું નહિ તે. ૨

શ૦:—અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, અપૈશુન, ભૂતોમાં દયા, લલુતા ન કરવી તે, માર્દવ, અકાર્યમાં લોકલજ્જા [ને] અચપલપણું [એ દૈવીસંપતરૂપ છે.] ૨

ટી૦:—૧૦ અહિંસા—નિરપરાધી પ્રાણીઓની આજીવિકા ન ત્રોડવી તે, કિંવા શરીર, વાણી ને મનથી કોઇ પ્રાણીને નિરર્થક દુઃખ ન દેવું તે. ૧૧ સત્ય–અનર્થને નહિ ઉપજાવનાર તથા યથાર્થ અર્થનો બોધ કરનાર એવું વચન સર્વદા કહેવું તે. ૧૨ અક્રોધ–કડવાં વચન સાંભળવાથી કિંવા મારથી ઉપજેલા ક્રોધને તે સમયમાં રોકવો તે. ૧૩ ત્યાગ–શાસ્ત્રના વિધિપૂર્વક સર્વ કર્મોનો પરિત્યાગ. ૧૪ શાંતિ–વિક્ષેપનો પરિત્યાગ. ૧૫ કોઇની ચાડી ન કરવી. ૧૬ દુઃખી પ્રાણીઓપર દયા રાખવી. ૧૭ લલુતા ન કરવી તે–વિષયોની સમીપતામાં ભોગનું સામર્થ્ય છતાં પણ ઇંદ્રિયોને અવિક્રિયપણે રાખવી તે. ૧૮ માર્દવ–ક્રૂરસ્વભાવથી રહિતપણું–અપ્રિય વાણીથી રહિતપણું. ૧૯ નહિ કરવાયોગ્ય કર્મમાં લોકનું ભય રાખવું. ૨૦ અચપલપણું–વાણી, હાથ ને પગ ઇત્યાદિ ઇંદ્રિયોને પ્રયોજનવિના ક્રિયારહિત રાખવી તે. ૨

तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।

भवंति संपदं दैवीमभिजातस्य भारत ॥ ३ ॥

પ૦ ત૦ પ૦:—**तेजः** તેજ **क्षमा** ક્ષમા **धृतिः** ધીરજ **शौचम्** પવિત્રતા **अद्रोहः** અદ્રોહ–કોઇને મારવાની ઇચ્છા ન કરવી તે **नातिमानिता** અત્યંત પૂજ્યપણાની ભાવનાથી રહિતપણું **भवंति** થાય છે **संपदम्** સંપત્‌ને–વાસનાને **दैवीम्** સત્ત્વગુણવાળી **अभिजातस्य** સંપાદન કરી જન્મેલાને **भारत** હે ભારત !–હે અર્જુન ! ૩

શ૦:—હે અર્જુન ! તેજ, ક્ષમા, ધીરજ, પવિત્રતા, અદ્રોહ [ને] અત્યંત પૂજ્યપણાની ભાવનાથી રહિતપણું [એ] સત્ત્વગુણવાળી સંપત્‌ને સંપાદન કરીને જન્મેલાને [પ્રાપ્ત] થાય છે. ૩

ટી૦:—૨૧ તેજ–સ્ત્રી તથા બાળકાદિ મૂઢજનોથી અભિભવને ન પામવું તે. ૨૨ ક્ષમા-સામર્થ્ય છતાં પણ પરિભવ કરનાર પુરુષોપર કદીપણ ક્રોધની વૃત્તિ ન કરવી તે. ૨૩ ધીરજ–દેહેંદ્રિયને વ્યાકુલ થવાના પ્રસંગમાં તેમને વ્યાકુલ નહિ થવા દેવાનું સામર્થ્ય. ૨૪ પવિત્રતા–મનની તથા શરીરની શુદ્ધિ. ૨૫ અદ્રોહ–કોઇ પ્રાણીને મારવાની ઇચ્છાથી શસ્ત્ર નહિ ગ્રહણ કરવું તે. ૨૬ અત્યંત પૂજ્યપણાની ભાવનાથી રહિતપણું. ઉપરના ત્રણ શ્લોકોમાં છવીશ પ્રકારની જે દૈવીસંપત્ કહી તે પૂર્વનાં પુણ્યકર્મોથી અભિવ્યક્તિ પામેલી શુદ્ધસત્ત્વગુણમય વાસનાને પોતાના હૃદયમાં પ્રાદુર્ભાવ થયેલી જોઇને જન્મ પામેલો પુરુષ જેનું ભવિષ્યમાં શ્રેય થવાનું હોય છે તેનેજ પ્રાપ્ત થાય છે. ૩

હવે આસુરીસંપત્‌ને સંક્ષેપમાં એક શ્લોકથી કહે છે:—

दंभो दर्पोऽभिमानश्च, क्रोधः पारुष्यमेव च ।

अज्ञानं चाभिजातस्य, पार्थ संपदमासुरीम् ॥ ४ ॥

પ૦ ત૦ પ૦:—**दंभः** દંભ–ધર્મનો ડોળ દેખાડવો તે **दर्पः** ગર્વ **अभिमानः** અહંકાર **च** અને **क्रोधः** ક્રોધ **पारुष्यम्** પારુષ્ય–મોઢામોઢ કોઇને અત્યંત કઠણ વચન કહેવાં તે **एव** જ **च** અને **अज्ञानम्** અજ્ઞાન **च** તથા **अभिजातस्य** સંપાદન કરીને જન્મેલાને **पार्थ** હે પાર્થ ! **संपदम्** [અશુભ] સંપત્‌ને–વાસનાને **आसुरीम्** આસુરી–રજસ્તમો-ગુણમય. ૪

શ૦:—હે પાર્થ ! રજસ્તમોગુણમય [અશુભ] સંપત્‌ને સંપાદન કરીને જન્મેલાને દંભ, દર્પ અને અહંકાર, ક્રોધ અને પારુષ્ય તથા અજ્ઞાન[આ દોષ]જ [પ્રાપ્ત થાય છે.] ૪

ટી૦:—દર્પ-ધન, વિદ્યા, કુલ, સ્વજન, રૂપ ને કર્માદિકના ગર્વથી શ્રેષ્ઠ પુરુષોનો તિરસ્કાર કરવો તે. ક્રોધ-પોતાના તથા પારકાના અનિષ્ટમાં પ્રવૃત્તિ કરાવનારો ચિત્તનો પરિતાપ. અજ્ઞાન-કરવાયોગ્ય અને નહિ કરવાયોગ્યના વિવેકથી રહિતપણું. अभिमानश्चને સ્થલે अतिमानश्च એવો પાઠ ભાષ્યમાં અંગીકાર કર્યો છે. અતિમાન-પોતાને વિષે અત્યંત પૂજ્યપણું માનવું તે. ૪

દૈવીસંપત્‌ના તથા આસુરીસંપત્‌ના ભિન્ન ભિન્ન ફલને કહે છે:-

दैवी संपद्विमोक्षाय, निबंधायासुरी मता ।
मा शुचः संपदं दैवीमभिजातोऽसि पांडव ॥ ५ ॥

પ૦ ત૦ પ૦:—दैवी દૈવી संपत् સંપત્ विमोक्षाय મોક્ષને માટે निबंधाय બંધને માટે आसुरी આસુરી मता માનેલી [છે] मा ન शुचः શોક કરો संपदम् સંપત્‌ને दैवीम् દૈવી अभिजातः સંપાદન કરીને જન્મેલા असि છો पांडव હે પાંડવ !-હે અર્જુન ! ૫

શ૦:—દૈવીસંપત્ મોક્ષને માટે [ને] આસુરી[સંપત્] બંધને માટે માનેલી [છે.] હે પાંડવ ! [તમે] દૈવીસંપત્‌ને સંપાદન કરીને જન્મેલા છો [માટે] શોક ન કરો. ૫

ટી૦:—મોક્ષને-કૈવલ્યને. બંધને-વારંવાર જન્મમરણરૂપ સંસારબંધનને. ૫

દૈવી અને આસુરીથી ભિન્ન ત્રીજી મનુષ્યોની સૃષ્ટિ નથી એમ કહે છે:—

द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्, दैव आसुर एव च ।
दैवो विस्तरशः प्रोक्त, आसुरं पार्थ मे शृणु ॥ ६ ॥

પ૦ ત૦ પ૦:—द्वौ બે भूतसर्गौ ભૂતસર્ગ लोके લોકમાં अस्मिन् આ दैवः દૈવ आसुरः આસુર एव જ च અને दैवः દૈવ विस्तरशः વિસ્તારથી प्रोक्तः કહ્યો आसुरम् આસુરને पार्थ હે પાર્થ ! मे મારાથી शृणु સાંભળો. ૬

શ૦:—હે પાર્થ ! આ લોકમાં બેજ ભૂતસર્ગ [છે, એક] દૈવ અને [બીજો] આસુર. દૈવ[સર્ગ] વિસ્તારથી કહ્યો, [હવે] આસુર[સર્ગ]ને મારાથી સાંભળો. ૬

ટી૦:—આ સંસારમાં બે પ્રકારનોજ મનુષ્યોનો સ્વભાવ છે, એક દૈવ સ્વભાવ છે, ને બીજો આસુર સ્વભાવ છે. તેમાં જે માણસ જે સમયમાં શાસ્ત્રજન્ય સંસ્કારોના પ્રબલપણાથી સ્વભાવસિદ્ધ રાગદ્વેષનો અભિભવ કરીને કેવલ ધર્મપરાયણ થાય છે તે મનુષ્ય તે સમયમાં દેવ કહેવાય છે, અને જે માણસ જે સમયમાં સ્વભાવસિદ્ધ રાગદ્વેષના પ્રબલપણાથી શાસ્ત્રજન્ય સંસ્કારોનો અભિભવ કરીને કેવલ અધર્મપરાયણ થાય છે તે માણસ તે સમયમાં અસુર કહેવાય છે. દૈવસર્ગનું નિરૂપણ બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞપુરુષનાં લક્ષણોમાં, બારમા અધ્યાયમાં ભક્તજનોનાં લક્ષણોમાં, તેરમા અધ્યાયમાં જ્ઞાનનાં સાધનોમાં, ચૌદમા અધ્યાયમાં ગુણાતીતપુરુષોનાં લક્ષણોમાં અને આ સોળમા અધ્યાયમાં અભયાદિવડે વિસ્તારથી પ્રતિપાદન કર્યું. હવે હું આસુરસર્ગનું વિસ્તારથી પ્રતિપાદન કરું છું તે તું સાંભળ. ૬

હવે નીચેના બાર શ્લોકોથી આસુરીસંપત્‌ને પ્રાણીઓના વિશેષણરૂપથી કહે છે:—

प्रवृत्तिं च निवृत्तिं च, जना न विदुरासुराः।
न शौचं नापि चाचारो, न सत्यं तेषु विद्यते ॥ ७ ॥

પ૦ ત૦ પ૦:—**प्रवृत्तिम्** ધર્મને **च** તથા **निवृत्तिम्** અધર્મને **च** તથા **जनाः** જનો **न** નથી **विदुः** જાણતા **आसुराः** આસુર **न** નથી **शौचम्** શૌચ-બંને પ્રકારની પવિત્રતા **न** [રહેતો] નથી **अपि** પણ **च** અને **आचारः** આચાર **न** [રહેતું] નથી **सत्यम्** સત્ય **तेषु** તેઓમાં **विद्यते** રહેતું. ૭

શ૦:—આસુરજનો ધર્મને તથા અધર્મને જાણતા નથી, તથા તેઓમાં શૌચ રહેતું નથી, અને આચાર પણ [રહેતો] નથી, સત્ય [પણ રહેતું] નથી. ૭

ટી૦:—प्रवृत्तिं च તથા निवृत्तिं च એમાં રહેલા બે चकारથી એવું સૂચવ્યું છે કે ધર્મનાં પ્રતિપાદક વિધિવાક્યોને તથા અધર્મનાં પ્રતિપાદક નિષેધવાક્યોને પણ તે આસુરજનો જાણતા નથી. આચાર—શ્રીમનુ આદિક

શ્રેષ્ઠ પુરુષોએ ચિત્તશુદ્ધિમાટે ધર્મશાસ્ત્રમાં કહેલી ક્રિયાઓ. સત્ય-પ્રિય તથા હિતકર એવું યથાર્થ ભાષણ. ૭

તેઓના વિચારમાં પણ દુષ્ટતા રહેલી હોય છે એમ જણાવે છેઃ—

असत्यमप्रतिष्ठं ते, जगदाहुरनीश्वरम् ।

अपरस्परसंभूतं, किमन्यत्कामहैतुकम् ॥ ८ ॥

પ૦ ત૦ પ૦:—**असत्यम्** અસત્ય **अप्रतिष्ठम्** અપ્રતિષ્ઠ **ते** તેઓ **जगत्** જગતને **आहुः** કહે છે **अनीश्वरम्** અનીશ્વર **अपरस्परसंभूतम्** અપરસ્પરસંભૂત **किम्** શું **अन्यत्** બીજું **कामहैतुकम्** કામહૈતુક. ૮

શ૦:—તેઓ જગતને અસત્ય, અપ્રતિષ્ઠ, અનીશ્વર, અપરસ્પરસંભૂત [ને] કામહૈતુક કહે છે, [તથા] બીજું શું [કારણ હોય ? એમ કહે છે.] ૮

ટી૦:—તે આસુરપુરુષો આ જગતને અસત્ય એટલે વેદાદિ સત્‌શાસ્ત્રના પ્રમાણવિનાનું, અપ્રતિષ્ઠ એટલે ધર્માધર્મરૂપ વ્યવસ્થાના હેતુવિનાનું, અનીશ્વર એટલે શુભાશુભકર્મનાં સુખદુઃખરૂપ ફ્લો દેનારા નિયંતાવિનાનું, અપરસ્પરસંભૂત એટલે કામથી પ્રેરાયલાં સ્ત્રીપુરુષના સંયોગથી ઉપજેલું ને કામહૈતુક એટલે કામજ જેની ઉત્પત્તિમાં કારણ છે એવું કહે છે, અને કામથી ભિન્ન બીજું કોઈ ધર્માધર્મરૂપ અદૃષ્ટ તથા ઈશ્વરાદિક આ જગતનું કારણ નથી એમ કહે છે. ૮

પૂર્વોક્ત દેહાત્મવાદીની તે દૃષ્ટિમાં અનિષ્ટરૂપતાને કહે છેઃ—

एतां दृष्टिमवष्टभ्य, नष्टात्मानोऽल्पबुद्धयः ।

प्रभवंत्युग्रकर्माणः, क्षयाय जगतोऽहिताः ॥ ९ ॥

પ૦ ત૦ પ૦:—**एताम्** એ **दृष्टिम्** દૃષ્ટિનો **अवष्टभ्य** આશ્રય કરીને **नष्टात्मानः** નષ્ટાત્માઓ **अल्पबुद्धयः** અલ્પબુદ્ધિવાળા **प्रभवंति** ઉત્પન્ન થાય છે **उग्रकर्माणः** ઉગ્રકર્મવાળા **क्षयाय** નાશને માટે **जगतः** જગતના **अहिताः** શત્રુઓ. ૯

શ૦:—એ દૃષ્ટિનો આશ્રય કરીને [તે] નષ્ટાત્માઓ, અલ્પબુદ્ધિવાળા, ઉગ્રકર્મવાળા [તથા પ્રાણીઓના] શત્રુઓ જગતના નાશને માટે [વ્યાઘ્રસર્પાદિરૂપે] ઉત્પન્ન થાય છે. ૯

ટી૦:—નષ્ટાત્માઓ–કામક્રોધાદિરૂપ રજસ્તમોગુણના દોષોથી ઢંકાયેલી વિવેકબુદ્ધિવાળાઓ–પરલોકનાં સાધનોથી ભ્રષ્ટ. અલ્પબુદ્ધિવાળા–પુષ્પમાલા, ચંદન ને વનિતાદિ દૃષ્ટ વિષયસુખોમાંજ પોતાની બુદ્ધિની પ્રવૃત્તિ કરનારા. ઉગ્રકર્મવાળા–શાસ્ત્રે નિષેધ કરેલાં હિંસાદિ દુષ્ટ કર્મો કરનારા. જગતના–સર્વ પ્રાણીઓના. ૯

પુન: કાલાંતરે જ્યારે કોઈ કર્મથી તેઓ મનુષ્યયોનિને પામે છે ત્યારે પણ તેઓ પોતાના શ્રેયના ઉપાયમાં પ્રવૃત્ત થતા નથી, કિંતુ અશ્રેયના ઉપાયમાંજ પ્રવૃત્ત થાય છે એમ કહે છે:–

काममाश्रित्य दुष्पूरं, दंभमानमदान्विताः ।
मोहाद्गृहीत्वाऽसद्ग्राहान्, प्रवर्तन्तेऽशुचिव्रताः ॥ १० ॥

૫૦ ત૦ ૫૦:—**कामम्** કામનો–ઇચ્છાનો **आश्रित्य** આશ્રય કરીને **दुष्पूरम्** દુષ્પૂર–કરોડો વર્ષે પણ પૂર્ણ કરવો કઠિન એવા **दंभमानमदान्विताः** દંભ માન ને મદવડે યુક્ત થયેલા **मोहात्** મોહથી–અવિવેકથી **गृहीत्वा** ગ્રહણ કરીને **असद्ग्राहान्** અશુભ નિશ્ચયોને **प्रवर्तन्ते** પ્રવર્તે છે **अशुचिव्रताः** અપવિત્રવ્રતવાળા–શ્મશાનવાસવડે ને મદ્યમાંસાદિના ભક્ષણવડે સિદ્ધ થનારા વામતંત્રોક્ત વ્રતવાળા. ૧૦

શ૦:—દુષ્પૂર કામનો આશ્રય કરીને દંભ, માન ને મદવડે યુક્ત થયેલા [તથા] અપવિત્રવ્રતવાળા [તેઓ] મોહથી અશુભ નિશ્ચયોને ગ્રહણ કરીને [વેદવિરુદ્ધ કર્મોમાં] પ્રવર્તે છે. ૧૦

ટી૦:—દંભ–પોતાના મનમાં ધર્મનિષ્ઠા નહિ છતાં પણ કથન ને ચેષ્ટાવડે લોકોની પાસે પોતાનું ધર્માત્માપણું પ્રકટ કરવું તે. માન–વસ્તુતાએ પૂજ્યભાવને અયોગ્ય છતાં પણ કથન ને ચેષ્ટાવડે લોકોની પાસે પોતાનું પૂજ્યપણું પ્રકટ કરવું તે. મદ–વસ્તુતાએ અધિકપણાથી રહિત છતાં પણ પોતાનામાં અધિકપણાનું આરોપણ કરવું તે. અશુભ નિશ્ચયો–મંત્રાદિક ઉપાયોથી દેવતાઓનું આરાધન કરીને અન્યની સ્ત્રીઓનું આકર્ષણ, અન્યના દ્રવ્યનું સંપાદન તથા શત્રુઓનો નાશ ઇત્યાદિ કરવાના દુરાગ્રહો. ૧૦

પૂર્વોક્ત આસુરપુરુષોને વળી આસુરીસંપતરૂપ અનેક વિશેષણોથી કહે છે:—

चिंतामपरिमेयां च, प्रलयांतामुपाश्रिताः ।
कामोपभोगपरमा, एतावदिति निश्चिताः ॥ ११ ॥

પ૦ ત૦ પ૦:—**चिंताम्** ચિંતાનો **अपरिमेयाम्** અપરિમિત–અપાય નહિ એટલી **च** અને **प्रलयांताम्** મુએ જેનો અંત આવે એવી **उपाश्रिताः** આશ્રય કરનારા **कामोपभोगपरमाः** વિષયોના ઉપભોગને પરમપુરુષાર્થ માનનારા **एतावत्** આટલું–આ વિષયજન્ય દષ્ટ સુખ **इति** એવા **निश्चिताः** નિશ્ચયવાળા. ૧૧

શ૦:—અને મુએ જેનો અંત આવે એવી અપરિમિત ચિંતાનો આશ્રય કરનારા, વિષયોના ઉપભોગને પરમપુરુષાર્થ માનનારા [તથા] આ વિષયજન્ય દષ્ટ[જ] સુખ [છે] એવા નિશ્ચયવાળા. ૧૧

ટી૦:—અપરિમિત–અસંખ્ય. ચિંતા–અપ્રાપ્ત પદાર્થની પ્રાપ્તિનું તથા પ્રાપ્ત પદાર્થના રક્ષણનું ચિંતન–શોક. ૧૧

आशापाशशतैर्बद्धाः, कामक्रोधपरायणाः ।
ईहंते कामभोगार्थमन्यायेनार्थसंचयान् ॥ १२ ॥

પ૦ ત૦ પ૦:—**आशापाशशतैः** આશારૂપી સેંકડો પાશો–ફાંસાઓ–વડે **बद्धाः** બંધાયેલા **कामक्रोधपरायणाः** કામ અને ક્રોધને પરાયણ થયેલા **ईहंते** ઇચ્છે છે **कामभोगार्थम्** વિષયોપભોગને માટે **अन्यायेन** અન્યાયવડે **अर्थसंचयान्** ધનના સંચયને. ૧૨

શ૦:—આશારૂપી સેંકડો પાશોવડે બંધાયેલા [તથા] કામ અને ક્રોધને પરાયણ થયેલા [તેઓ] વિષયોપભોગને માટે અન્યાયવડે ધનના સંચયને ઇચ્છે છે. ૧૨

ટી૦:—આશા–જે વસ્તુની પ્રાપ્તિનો ઉપાય કરવો અશક્ય છે તે વસ્તુની પ્રાપ્તિની પ્રાર્થના–લાલસા. કામ–પરસ્ત્રીઓના સંગની અભિલાષા. ક્રોધ–બીજાનું અનિષ્ટ કરવાની અભિલાષા. અન્યાયવડે–છલકપટથી અથવા બલાત્કારથી બીજાના દ્રવ્યનું હરણ કરવાવડે. ૧૨

તે આસુરજનોની એ પ્રકારની દ્રવ્યની તૃષ્ણાને તેમનાં મનોરાજ્યોને કહીને વર્ણવે છે:—

इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे, भविष्यति पुनर्धनम् ॥ १३ ॥

પ૦ ત૦ પ૦:—**इदम्** આ **अद्य** આજ **मया** મેં **लब्धम्** મેળવ્યું [છે] **इमम्** આ **प्राप्स्ये** પામીશ **मनोरथम्** મનોરથને **इदम्** આ **अस्ति** છે **इदम्** આ **अपि** પણ **मे** મારું **भविष्यति** થશે **पुनः** વળી **धनम्** ધન. ૧૩

શ૦:—આ [ધન] આજ મેં મેળવ્યું [છે.] આ મનોરથને [હું શીઘ્રજ] પામીશ. આ [ધન] મારું છે, [અને] આ ધન પણ [આવતે વર્ષે] વળી [ઘણું] થશે. ૧૩

ટી૦:—મનોરથને-મનની તુષ્ટિ કરનાર દ્રવ્યને. ૧૩

હવે તેઓના અભિપ્રાયને કહીને તેમના ક્રોધનું પણ વર્ણન કરે છે:-

असौ मया हतः शत्रुर्, हनिष्ये चापरानपि ।
ईश्वरोऽहमहं भोगी, सिद्धोऽहं बलवान्सुखी ॥ १४ ॥

પ૦ ત૦ પ૦:—**असौ** આ **मया** મેં **हतः** હણ્યો **शत्रुः** શત્રુ **हनिष्ये** હણીશ **च** અને **अपरान्** બીજાઓને **अपि** પણ **ईश्वरः** ઈશ્વર-સર્વને વશ રાખનારો **अहम्** હું **अहम्** હું **भोगी** ભોગી **सिद्धः** સિદ્ધ **अहम्** હું **बलवान्** બલવાન **सुखी** સુખી. ૧૪

શ૦:—મેં આ શત્રુ હણ્યો, અને બીજાઓને પણ હણીશ. હું ઈશ્વર, હું ભોગી, હું સિદ્ધ, [હું] બલવાન્ [ને હું] સુખી [છું.] ૧૪

ટી૦:—हनिष्ये च એમાંના ચકારથી તે શત્રુઓનું હું માત્ર હનનજ નહિ કરું, કિંતુ તેમની ધનદારાદિક વસ્તુઓનું પણ હું હરણ કરીશ એવો અભિપ્રાય સૂચવ્યો છે. ઈશ્વર-સર્વ માણસોથી શ્રેષ્ઠ-અન્યજનોને વશ રાખનાર. ભોગી-વિષયભોગોનાં સર્વ સાધનોવાળો. સિદ્ધ-ભાઈ, પુત્ર ને દાસાદિના સાહાય્યવાળો કિંવા કૃતાર્થ. બલવાન-શરીરના પરાક્રમવાળો. સુખી-નીરોગ. ૧૪

ધનથી અથવા કુલથી પણ આ જગત્‌માં મારા સમાન બીજો કોઈ નથી એમ તે આસુરપુરુષ કહે છે:-

आढ्योऽभिजनवानस्मि, कोऽन्योऽस्ति सदृशो मया ।
यक्ष्ये दास्यामि मोदिष्य, इत्यज्ञानविमोहिताः ॥ १५ ॥

પ૦ ત૦ પ૦:—**आढ्यः** ધનવાન્ **अभिजनवान्** કુલવાન્ **अस्मि** છું **कः** કોણ **अन्यः** બીજો **अस्ति** છે **सदृशः** સમાન **मया** મારા **यक्ष्ये** યાગ કરીશ **दास्यामि** દાન કરીશ **मोदिष्ये** હર્ષ પામીશ **इति** એવી રીતે **अज्ञानविमोहिताः** અજ્ઞાનવડે અતિમોહ પામેલા [છે.] ૧૫

શ૦:—ધનવાન્ [તથા] કુલવાન્ [હુંજ] છું, મારા સમાન બીજો કોણ છે ? [હું] યાગ કરીશ, [તથા] દાન કરીશ, [ને તેથી] હર્ષ પામીશ. એવી રીતે [તેઓ] અજ્ઞાનવડે અતિમોહ પામેલા [છે.] ૧૫

ટી૦:—હુંજ ધનવાન્ છું, તથા કુલીન પણ હુંજ છું. મારા જેવો બીજો ધનવાન્ તથા કુલવાન્ આ સંસારમાં કોણ છે? હું લોકોમાં મારી પ્રતિષ્ઠા વધારવામાટે આવી રીતનો મહાન્ યાગ કરીશ, તથા મારી સ્તુતિ કરનારા નટભાટાદિને હું બહુજ દ્રવ્ય આપીશ, ને તેથી તેઓની સાથે હું પણ તેમણે કરેલી સ્તુતિવડે હર્ષ પામીશ. એવી રીતે તે આસુરપુરુષો અવિવેકરૂપ અજ્ઞાનવડે ભ્રાંતિની પરંપરારૂપ નાનાપ્રકારના વ્યામોહને પામેલા છે. ૧૫

अनेकचित्तविभ्रांता, मोहजालसमावृताः ।
प्रसक्ताः कामभोगेषु, पतंति नरकेऽशुचौ ॥ १६ ॥

પ૦ ત૦ પ૦:—**अनेकचित्तविभ्रांताः** અનેક પ્રકારના ચિત્તના દુષ્ટ સંકલ્પોથી નાનાપ્રકારની ભ્રાંતિને પામેલા **मोहजालसमावृताः** મોહરૂપી જાલમાં અત્યંત વીંટાયેલા **प्रसक्ताः** અત્યંત આસક્ત **कामभोगेषु** વિષયભોગોમાં **पतंति** પડે છે **नरके** નરકમાં **अशुचौ** અપવિત્ર. ૧૬

શ૦:—અનેક પ્રકારના ચિત્તના દુષ્ટ સંકલ્પોથી નાનાપ્રકારની ભ્રાંતિને પામેલા, મોહરૂપી જાલમાં અત્યંત વીંટાયેલા, [ને] વિષયભોગોમાં અત્યંત આસક્ત [તેઓ] અપવિત્ર નરકમાં પડે છે. ૧૬

ટી૦:—મોહ-હિતાહિતના વિવેકનું અસામર્થ્ય અપવિત્ર નરકમાં-

વિષ્ઠા, મૂત્ર, શ્લેષ્મ ને લોહી ઇત્યાદિક મલિન પદાર્થોથી ભરેલા વૈતરણી આદિ નરકોમાં. ૧૬

કોઈ આસુરપુરુષોની યાગાદિ કર્મમાં પ્રવૃત્તિ જોવામાં આવે છે માટે તેમને નરકની પ્રાપ્તિ થાય છે એમ કહેવું અયુક્ત છે એવી શંકા થાય તો તેના ઉત્તરમાં કહે છેઃ—

आत्मसंभाविताः स्तब्धा, धनमानमदान्विताः ।
यजंते नामयज्ञैस्ते, दंभेनाविधिपूर्वकम् ॥ १७ ॥

પ૦ ત૦ પ૦:—**आत्मसंभाविताः** આત્મસંભાવિત–પોતે પોતાની મેળેજ પૂજ્ય થઇ બેઠેલા **स्तब्धाः** સ્તબ્ધ–નમ્રતારહિત **धनमानमदान्विताः** ધનના ને માનના મદવડે યુક્ત **यजंते** યજન કરે છે **नामयज्ञैः** નામમાત્ર યજ્ઞોવડે **ते** તેઓ **दंभेन** દંભથી **अविधिपूर्वकम्** વિધિરહિત. ૧૭

શ૦:—પોતે પોતાની મેળેજ પૂજ્ય થઇ બેઠેલા, નમ્રતા-રહિત, ધનના ને માનના મદવડે યુક્ત તેઓ નામમાત્ર યજ્ઞોવડે વિધિરહિત દંભથી [પરમાત્માનું] યજન કરે છે. ૧૭

ટી૦:—ધનના–સોનું, રૂપું, પશુ, અન્ન, ઘર ને પૃથ્વી ઇત્યાદિના. માનના–ધનાદિના નિમિત્તથી પોતાના મોટાપણાની ભ્રાંતિના. મદવડે–પૂજ્ય પુરુષોમાં પણ અપૂજ્યપણાના અભિમાનથી. નામમાત્ર–કેવલ નામનાજ વાસ્તવિક નહિ. વિધિરહિત–વેદમાં વિધાન કરેલ દ્રવ્ય, દેવતા, મંત્ર ને દક્ષિણાદિ જે યજ્ઞનાં અંગો તે અંગોની સંપૂર્ણતારહિત. દંભથી–શ્રદ્ધારહિતપણે–મનમાં ધર્મનિષ્ઠા નહિ છતાં બહારથી લોકોની આગળ પોતાનું ધર્માત્માપણું પ્રકટ કરવાના હેતુથી. ૧૭

તે આસુરપુરુષોને વિવેકવૈરાગ્યાદિ જ્ઞાનનાં અંતરંગસાધનો કદાપિ પણ સિદ્ધ થતાં નથી એમ કહે છેઃ—

अहंकारं बलं दर्पं, कामं क्रोधं च संश्रिताः ।
मामात्मपरदेहेषु, प्रद्विषंतोऽभ्यसूयकाः ॥ १८ ॥

પ૦ ત૦ પ૦:—**अहंकारम्** અહંકાર **बलम्** બલ **दर्पम्** ગર્વ **कामम्** કામ **क्रोधम्** ક્રોધને **च** અને **संश्रिताः** આશ્રય કરનારા **माम्** મને–મારો **आत्मपरदेहेषु** પોતાના અને બીજાના દેહોમાં [રહેલા]

प्रद्विषन्तः અત્યંત દ્વેષ કરનારા **अभ्यसूयकाः** ઘણી અસૂયા કરનારા. ૧૮

શ૦:—અહંકાર, બલ, ગર્વ, કામ [ને] ક્રોધનો આશ્રય કરનારા, અને પોતાના અને બીજાના દેહોમાં [રહેલા] મારો અત્યંત દ્વેષ કરનારા [તથા] ઘણી અસૂયા કરનારા [તેઓ નરકમાં પડે છે.] ૧૮

ટી૦—અહંકાર—જે શુભગુણ પોતાનામાં ન હોય તે શુભગુણ પોતાનામાં માનીને મોટાપણાનું અભિમાન કરવું તે. બલ—અન્ય પ્રાણીઓનો પરાભવ કરવામાટે શરીરમાં રહેલું રાજસતામસ સામર્થ્ય. ગર્વ—અન્ય પ્રાણીઓનો તિરસ્કાર કરવાની મનોવૃત્તિ. કામ-પ્રિયવસ્તુઓની અભિલાષા. ક્રોધ—અપ્રિયવસ્તુમાં દ્વેષ. क्रोधं च એમાંના ચકારથી પારકા ગુણો નહિ સહન કરવારૂપ માત્સર્યનું તથા બીજા પણ મહાન્ દોષોનું ગ્રહણ કરવું. બીજાના—સ્ત્રીપુત્રાદિના. મારો અત્યંત દ્વેષ કરનારા—શ્રુતિસ્મૃતિરૂપ જે મારી આજ્ઞા તેનું ઉલ્લંઘન કરનારા. અસૂયા કરનારા-ગુરુ આદિક વૃદ્ધ પુરુષોમાં રહેલા કરુણાદિક ગુણોમાં વંચનાદિ દોષોનું આરોપણ કરનારા. ૧૮

તે આસુરપુરુષોનો કદીપણ નિસ્તાર થતો નથી એમ કહે છેઃ—

तानहं द्विषतः क्रूरान्, संसारेषु नराधमान् ।
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥ १९ ॥

પ૦ ત૦ પ૦:—**तान्** તેઓને **अहम्** હું **द्विषतः** દ્વેષ કરનારા **क्रूरान्** ક્રૂર **संसारेषु** નરકે જવાના માર્ગોમાં **नराधमान्** નરોમાં અધમ **क्षिपामि** ફેંકું છું **अजस्रम्** નિરંતર **अशुभान्** અશુભ કર્મ કરનારાઓ **आसुरीषु** અત્યંત ક્રૂર **एव** જ **योनिषु** યોનિઓમાં. ૧૯

શ૦:—દ્વેષ કરનારા, ક્રૂર, નરોમાં અધમ [ને] નિરંતર અશુભ કર્મ કરનારાઓ તેઓને હું નરકે જવાના માર્ગોમાં ફેંકું છું, [ત્યારપછી હું તેમને] અત્યંત ક્રૂર યોનિઓમાંજ [નાંખું છું.] ૧૯

ટી૦:—મારો તથા સાધુપુરુષોનો નિરંતર અકારણ દ્વેષ કરનારા, સર્વદા સર્વપ્રકારના જીવોની હિંસા કરવામાંજ પ્રીતિવાળા, પોતાના કુવિચારવડે ને કુપ્રવૃત્તિવડે સર્વ મનુષ્યોમાં અત્યંત નિંદિત, ને નિરંતર શાસ્ત્રે નિષેધ કરેલાં અશુભ કર્મો કરનારા એવા તે આસુરજનોને શુભાશુભ કર્મોનાં

ષોને આપનાર હું નરકે જવાના માર્ગોમાં (સાધનોમાં) નાંખું છું, તેવડે તેઓ નરકોમાં પડે છે. તે નરકોમાં બહુ સમયપર્યંત અનેક પ્રકારનાં દુઃખોનો અનુભવ કરીને જ્યારે તેઓ તે નરકથી બહાર આવે છે ત્યારે તેમની પૂર્વકર્મોની અશુભવાસનાપ્રમાણે હું તેમને વ્યાઘ્રસર્પાદિક અત્યંત ક્રૂર યોનિઓમાં નાંખું છું. ૧૯

બહુ જન્મોને અંતે પણ તેઓનું આ કલ્પમાં શ્રેય થવાનું નથી એમ કહે છેઃ—

आसुरीं योनिमापन्ना, मूढा जन्मनि जन्मनि ।
मामप्राप्यैव कौंतेय, ततो यांत्यधमां गतिम् ॥ २० ॥

૫૦ ૮૦ ૫૦:—**आसुरीम्** આસુરી **योनिम्** યોનિને **आपन्नाः** પામેલા **मूढाः** મૂઢ [થઇને] **जन्मनि** જન્મ **जन्मनि** જન્મમાં **माम्** મને **अप्राप्य** નહિ પામીને **एव** જ **कौंतेय** હે કૌંતેય ! **ततः** તેથી **यांति** જાય છે-પામે છે **अधमाम्** અધમ **गतिम्** ગતિને. ૨૦

શ૦:—હે કૌંતેય ! આસુરી યોનિને પામેલા [તેઓ] જન્મજન્મમાં મૂઢ [થઇને તથા વેદરૂપ] મને નહિ પામીનેજ તેથી [પણ] અધમ ગતિને પામે છે. ૨૦

ટી૦:—મૂઢ-તમોગુણના બહુપણાથી વિવેકશૂન્ય. મને-મારી પ્રાપ્તિના સાધનને-મેં ઉપદેશ કરેલા વેદમાર્ગને. તેથી પણ અધમ ગતિને-વ્યાઘ્રથી સર્પની, સર્પથી કીટપતંગાદિકની ને કીટપતંગાદિકથી વૃક્ષાદિકની એમ ઉત્તરોત્તર ઊતરતી યોનિઓને. મહાપુણ્યવડે પ્રાપ્ત થનારો મનુષ્યજન્મ દુર્લભ છે માટે સુજ્ઞ મનુષ્યે મુક્તિ મેળવવામાટે આ મનુષ્યશરીરમાં અસાધારણ પ્રયત્ન કરવો જોઇએ. શાસ્ત્રાંતરમાં પણ નીચેના વચનથી એમજ કહ્યું છેઃ—

'इहैव नरकव्याधेश्चिकित्सां न करोति यः ।
गत्वा निरौषधं स्थानं, सरुजः किं करिष्यति ॥१॥'

ભાવાર્થ:—આસુરીસંપત્થી ઉપજનારી નરકરૂપ વ્યાધિને નિવૃત્ત કરનારી દૈવીસંપત્રૂપ ચિકિત્સાને (ઉપાયને) જે માણસ આ મનુષ્યશરીરમાંજ નથી કરતો તે રોગી માણસ દૈવીસંપત્રૂપ ઓષધથી રહિત ઊતરતા શરીરરૂપ સ્થાનમાં જઇને તે નરકરૂપ વ્યાધિને નિવૃત્ત કરવામાટે શો ઉપાય કરશે ? ૨૦

હવે આસુરીસંપત્‌ને સંક્ષેપમાં કહે છે:—

त्रिविधं नरकस्येदं, द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥ २१ ॥

પ૦ ત૦ પ૦:—**त्रिविधम्** ત્રણ પ્રકારનાં **नरकस्य** નરકનાં **इदम्** આ **द्वारम्** દ્વાર [છે] **नाशनम्** નાશ કરનારાં–અધમયોનિની પ્રાપ્તિ કરનારાં **आत्मनः** પોતાને–આ પુરુષને **कामः** કામ **क्रोधः** ક્રોધ **तथा** અને **लोभः** લોભ **तस्मात्** તેટલામાટે **एतत्** એ **त्रयम्** ત્રણેને **त्यजेत्** ત્યજવાં જોઇએ. ૨૧

શ૦:—આ પુરુષને અધમયોનિની પ્રાપ્તિ કરનારાં આ ત્રણ પ્રકારનાં નરકનાં દ્વાર [છે,] કામ, ક્રોધ અને લોભ. તેટલામાટે [પુરુષે] એ ત્રણેને [સદાગ્રહ રાખીને] ત્યજવાં જોઈએ. ૨૧

ટી૦:—અધમયોનિની–વ્યાઘ્ર, સર્પ, કીટ, પતંગ ને વૃક્ષાદિના જન્મની. દ્વાર–સાધન. એ કામ, ક્રોધ ને લોભનો પરિત્યાગ ઘણામાં ઘણું ધૈર્ય ને સાવધાનતા રાખીને સદાગ્રહપૂર્વક સતત પ્રયત્ન કરવાથી થઇ શકે છે.

આત્માથી ભિન્ન પ્રાણિપદાર્થમાં અતિપ્રીતિ રાખવી તે કામ કહેવાય છે. તે કામ મનુષ્યની ઉત્તરોત્તર અધોગતિ કરે છે માટે વિવેકી મનુષ્યે સર્વત્ર સચ્ચિદાનંદરૂપે રહેલા આત્મામાં પરમપ્રીતિ રાખી અન્ય પ્રાણિપદાર્થમાં રહેલી પરમપ્રીતિને દોષદર્શનવડે ત્યજી દેવી જોઇએ. સ્ત્રીપુરુષોનાં શરીરો અસત્, અપવિત્ર ને દુર્ગંધવાળા પદાર્થોના સમૂહરૂપ ને તેમાં આસક્તિ રાખનારને અનેક પ્રકારનું દુઃખ આપનાર છે એમ વિચારી તેમાં રમણીયપણાની, ભોગ્યપણાની ને સુખદપણાની ભ્રાંતિ ન કરવી જોઇએ.

ક્રોધ પણ મનુષ્યની અધોગતિ કરનાર છે. ક્રોધનાં ત્રણ કારણો છે, મૂલકારણ, અનુકૂલ સ્થિતિ ઉપજાવનાર કારણ ને ઉત્તેજક કારણ. અંતઃકરણમાં પૂર્વજન્મોના સંસ્કારોવડે રહેલી રજોગુણની તથા તમોગુણની પ્રધાનતા એ ક્રોધનું મૂલકારણ છે. એ મૂલકારણની નિવૃત્તિ કરવામાટે જિજ્ઞાસુએ પોતાના હૃદયમાં સત્ત્વગુણની પ્રધાનતા કરવી જોઇએ. પવિત્ર મંત્રનો જપ, ધારણા, સાત્ત્વિક વિચાર ને સાત્ત્વિક ઇષ્ટદેવની વિધિપૂર્વક ઉપાસના દીર્ઘકાલ, નિરંતર, આદરપૂર્વક કરવાથી તે જિજ્ઞાસુના હૃદયમાં

સત્ત્વગુણની પ્રધાનતા થઇ તેના હૃદયમાં રહેલા રજોગુણતમોગુણની પ્રધાનતા નિવૃત્ત થાય છે.

ક્રોધને અનુકૂલ સ્થિતિ ઉપજાવનારાં કારણો આ છેઃ–ક્રોધી પુરુષોની સંગતિ, પોતાને રહેવાનાં રાજસતામસ સ્થાનો, રાજસતામસ આહાર ને રાજસતામસ વિહાર. એ ચારેને છોડી દેવાથી, તેમજ અહિંસાની સિદ્ધિવાળા મહાત્મા પુરુષોની આદરપૂર્વક સંગતિ સેવવાથી, સાત્ત્વિક સ્થાનોમાં નિવાસ કરવાથી, પવિત્ર, પથ્ય ને પરિમિત સાત્ત્વિક આહાર ગ્રહણ કરવાથી, ને સાત્ત્વિક મનાતો વિહાર (હરવુંફરવું) કરવાથી ક્રોધનો પરાભવ કરી શકાય છે.

અન્ય પ્રાણીઓથી પોતાના શરીરને થતી પીડા, પોતાના શરીરમાં રોગાદિથી થતી પીડા, અન્ય મનુષ્યે કરેલું અપમાન, દ્રવ્યાદિની થયેલી હાનિ, દુષ્ટ મનુષ્યનું દુષ્ટપણું ને દુષ્ટમનુષ્યની થતી ચડતી ઇત્યાદિ ક્રોધનાં ઉત્તેજક કારણો છે.

ક્રોધને પોતાના પારમાર્થિક ઉદ્દેશનો વિઘાતક જાણવાથી, તે શરીરાદિને મહાહાનિ કરનારો છે એમ વિચારવાથી, સર્વત્ર એકજ પરમાત્મા રહેલા છે એવો વિચાર કરવાથી, ક્રોધ કરવાથી પોતાના પુણ્યનો નાશ થઇ પાપનો સંગ્રહ થાય છે એમ સમજવાથી, ક્રોધ પશુ આદિક નીચ પ્રાણીઓમાં સંભવે છે માણસમાં સંભવતો નથી એવો વિચાર જાગ્રત્ રાખવાથી, ને મને જે હાનિ થઇ છે તે મારા પ્રારબ્ધકર્મથી થઇ છે તેમાં પરાધીન વર્તતા અન્ય પ્રાણીનો કાંઇ દોષ નથી એવી સમજ રાખવાથી, ઉત્તેજક કારણો પ્રાપ્ત થયા છતાં પણ ક્રોધને વશ વર્તાવી શકાય છે.

દ્રવ્યાદિ અનિત્ય પદાર્થોમાં અતિલોભ રાખવાથી મનુષ્યને વારંવાર ખેદાનુભવ કરવો પડે છે, ને નિત્યપદાર્થરૂપ આત્મસ્વરૂપમાં લોભ રાખવાથી મનુષ્ય ભવભ્રમણથી મોકળો થઈ પરમાનંદરૂપ થાય છે માટે વિવેકીએ દ્રવ્યાદિ અનિત્ય પદાર્થમાં અતિલોભ રાખવો ઉચિત નથી. ૨૧

એ ત્રણેનો ત્યાગ કરવાથી થનારા શુભ ફલને કહે છેઃ–

एतैर्विमुक्तः कौंतेय, तमोद्वारैस्त्रिभिर्नरः ।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् ॥ २२ ॥

પ૦ ત૦ પ૦:—**एतैः** એ **विमुक्तः** અત્યંત મોકળો થયેલો **कौंतेय** હે કાૈંતેય ! **तमोद्वारैः** નરકના સાધનભૂત **त्रिभिः** ત્રણથી **नरः** પુરુષ **आचरति** આચરે છે **आत्मनः** પોતાના **श्रेयः** કલ્યાણને **ततः** તેથી **याति** પામે છે **पराम्** પરમ **गतिम्** ગતિને. ૨૨

શ૦:—હે કૌંતેય ! નરકના સાધનભૂત એ ત્રણથી અત્યંત મોકળો થયેલો પુરુષ પોતાના કલ્યાણને આચરે છે તેથી પરમ ગતિને પામે છે. ૨૨

ટી૦—કલ્યાણને-વેદભગવાને હિતરૂપથી વિધાન કરેલાં મોક્ષનાં સાધનોને. ૨૨

શ્રેયનું ને અશ્રેયનું ભાન શાસ્ત્રદ્વારા થાય છે, અન્યરીતે થતું નથી માટે શાસ્ત્રનો પરિત્યાગ કરીને પોતાની ઇચ્છાપૂર્વક વર્તનારનો કોઇ પણ પુરુષાર્થ સિદ્ધ થતો નથી એમ કહે છેઃ—

यः शास्त्रविधिमुत्सृज्य, वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति, न सुखं न परां गतिम् ॥ २३ ॥

પ૦ ૭૦ પ૦:—यः જે शास्त्रविधिम् શાસ્ત્રવિધિનો उत्सृज्य પરિત્યાગ કરીને वर्तते વર્તે છે कामकारतः [પોતાની] ઇચ્છામાત્રથી न નથી सः તે सिद्धिम् સિદ્ધિને-અંતઃકરણની શુદ્ધિને अवाप्नोति પામતો न નથી सुखम् સુખને न [પામતો] નથી पराम् પરમ गतिम् ગતિને. ૨૩

શ૦:—જે [પુરુષ] શાસ્ત્રવિધિનો પરિત્યાગ કરીને [પોતાની] ઇચ્છામાત્રથી વર્તે છે તે [પુરુષ] અંતઃકરણની શુદ્ધિને પામતો નથી, [આ લોકના] સુખને [પામતો] નથી, [તથા સ્વર્ગમોક્ષરૂપ] પરમ ગતિને [પણ પામતો] નથી. ૨૩

ટી૦:—શાસ્ત્ર-અધિકારી જનોને સત્ય ને અપૂર્વ અર્થનું જ્ઞાન આપનાર વચન. વિધિ-આ કામ કરવું અને આ કામ ન કરવું એવાં વિધિનિષેધનાં શાસ્ત્રવચનો. ૨૩

ઇચ્છાપૂર્વક વર્તનારો પુરુષાર્થથી ભ્રષ્ટ થાય છે માટે શાસ્ત્રવિધિથી કર્મો કરવાં એમ કહે છેઃ—

तस्माच्छास्त्रं प्रमाणं ते, कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं, कर्म कर्तुमिहार्हसि ॥ २४ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुन-संवादे दैवासुरसंपद्विभागयोगो नाम षोडशोऽध्यायः ॥१६॥

પદચ્છેદ તથા પદાર્થ:—तस्मात् તે કારણથી **शास्त्रम्** શાસ્ત્ર **प्रमाणम्** પ્રમાણ [છે] **ते** તમારે **कार्याकार्यव्यवस्थितौ** કાર્ય અને અકાર્યની વ્યવસ્થામાં **ज्ञात्वा** જાણીને **शास्त्रविधानोक्तम्** શાસ્ત્રે વિધાન કરેલા **कर्म** કર્મને **कर्तुम्** કરવાને **इह** અહિં-પવિત્ર કર્મભૂમિમાં-આર્યાવર્તમાં **अर्हसि** યોગ્ય છો. ૨૪

શબ્દાર્થ:—તે કારણથી તમારે કાર્ય અને અકાર્યની વ્યવસ્થામાં શાસ્ત્ર પ્રમાણ [છે.] અહિં શાસ્ત્રે વિધાન કરેલા કર્મને જાણીને [તમે યુદ્ધાદિ કર્મ] કરવાને યોગ્ય છો.' ૨૪

ટીકા:—શાસ્ત્રનાં વિધિનિષેધનાં વચનોના અશ્રદ્ધાપૂર્વક પરિત્યાગ કરીને પોતાની ઇચ્છાપ્રમાણે વર્તનારો પુરુષ આ લોકના તથા પરલોકના સર્વ પુરુષાર્થોથી ભ્રષ્ટ થાય છે માટે પોતાના શ્રેયને ઇચ્છનારો જે તું તેને કાર્યની અને અકાર્યની વ્યવસ્થામાં કેવલ શાસ્ત્રજ પ્રમાણરૂપ છે. ભરતખંડરૂપ આ કર્મભૂમિમાં શાસ્ત્રે વિધાન કરેલાં વિહિતનિષિદ્ધ કર્મોને સારી રીતે જાણીને નિષિદ્ધકર્મના પરિત્યાગ કરી અંતઃકરણની શુદ્ધિપર્યંત શાસ્ત્રવિહિત આ યુદ્ધાદિક કર્મ કરવાને તું યોગ્ય છે. ૨૪

इति श्रीमन्मथुरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्यदीपिकाख्यायां दैवासुरसंपद्विभागयोगो नाम षोडशोऽध्यायः ॥१६॥

॥ ૐ ॥

અધ્યાય ૧૭ મો.

શ્રદ્ધાત્રયવિભાગયોગ.

શાસ્ત્રવિધિપ્રમાણે વર્તનારને દેવ ગણવા, ને શાસ્ત્રવિધિને પરિત્યાગ કરી સ્વેચ્છાપ્રમાણે વર્તનારાને અસુર ગણવા એવો નિર્ણય ગયા અધ્યાયના અંતમાં કર્યો, પણ શાસ્ત્રવિધિને આલસ્યાદિક દોષથી પરિત્યાગ કરી પોતાના પિતાપિતામહાદિક વૃદ્ધપુરુષોના વ્યવહારમાત્રથી શ્રદ્ધાપૂર્વક નિષિદ્ધકર્મોને પરિત્યાગ ને વિહિતકર્મોનું અનુષ્ઠાન કરનારાને શામાં ગણવા તેનો નિર્ણય કર્યો નહિ માટે અર્જુન શ્રીભગવાન્‌ને પૂછે છે:—

अर्जुन उवाच ॥

ये शास्त्रविधिमुत्सृज्य, यजंते श्रद्धयाऽन्विताः ।
तेषां निष्ठा तु का कृष्ण, सत्त्वमाहो रजस्तमः ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થઃ—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **ये** જેઓ **शास्त्रविधिम्** શાસ્ત્રવિધિનો **उत्सृज्य** પરિત્યાગ કરીને **यजंते** પૂજન કરે છે **श्रद्धया** શ્રદ્ધાવડે **अन्विताः** યુક્ત–જોડાયેલા–[થઇ] **तेषाम्** તેઓની **निष्ठा** નિષ્ઠા [છે] **तु** વળી **का** કઇ–કયા પ્રકારની **कृष्ण** હે શ્રીકૃષ્ણ ! **सत्त्वम्** સાત્વિકી **आहो** અથવા **रजः** રાજસી **तमः** તામસી. ૧

શબ્દાર્થઃ—અર્જુન બોલ્યાઃ—' હે શ્રીકૃષ્ણ ! જેઓ શાસ્ત્રવિધિનો પરિત્યાગ કરીને શ્રદ્ધાવડે યુક્ત [થઇ] પૂજન કરે છે તેઓની વળી કયા પ્રકારની નિષ્ઠા [છે ?] સાત્વિકી અથવા રાજસીતામસી ? ' ૧

ટીકાઃ—જેઓ શ્રુતિસ્મૃતિરૂપ શાસ્ત્રના વિધિનો આલસ્યાદિક દોષથી પરિત્યાગ કરીને પોતાના પિતાપિતામહાદિક વૃદ્ધ પુરુષોના વ્યવહારના અનુસરણમાત્રથી શ્રદ્ધાવડે યુક્ત થઇ દેવપૂજનાદિક કર્મો કરે છે તેઓની નિષ્ઠા કયા પ્રકારની છે ? સાત્વિકી અથવા રાજસીતામસી ? તાત્પર્ય કે શાસ્ત્રના વિધિનો પરિત્યાગ કરવો એ અસુરનો ધર્મ પણ તેમનામાં છે, અને શ્રદ્ધાપૂર્વક વિહિતકર્મોનું અનુષ્ઠાન કરવું એ દેવતાઓનો ધર્મ પણ તેમનામાં છે માટે તેઓ પૂર્વાધ્યાયમાં કહેલા દેવ તથા અસુરથી વિલક્ષણ છે તેથી તેમની તે દેવપૂજનાદિરૂપ કર્મોની સ્થિતિ કયા પ્રકારની છે ? જો તેમની તે નિષ્ઠા સાત્વિકી ગણાતી હોય તો તેઓ દેવમાં ગણાશે, અને જો તેમની તે શ્રદ્ધા રાજસીતામસી ગણાતી હશે તો તેઓ અસુરમાં ગણાશે. ૧

અર્જુનના પૂર્વોક્ત સંશયની નિવૃત્તિ કરવામાટે શ્રીભગવાન્ તે શ્રદ્ધાના ભેદને કહે છેઃ—

श्रीभगवानुवाच ॥

त्रिविधा भवति श्रद्धा, देहिनां सा स्वभावजा ।

सात्त्विकी राजसी चैव, तामसी चेति तां शृणु ॥ २ ॥

પ૦ ત૦ પ૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **त्रिविधा** ત્રણ પ્રકારની **भवति** થાય છે **श्रद्धा** શ્રદ્ધા **देहिनाम्** દેહાભિમાનીઓની **सा** તે **स्वभावजा** સ્વભાવજન્ય **सात्त्विकी** સાત્ત્વિકી **राजसी** રાજસી **च** અને **एव** જ **तामसी** તામસી **च** તથા **इति** એમ **ताम्** તેને **शृणु** સાંભળો. ૨

શ૦:—શ્રીભગવાન્ બોલ્યા:—'દેહાભિમાનીઓની તે સ્વભાવજન્ય શ્રદ્ધા સાત્ત્વિકી અને રાજસી તથા તામસી એમ ત્રણ પ્રકારનીજ થાય છે તેને સાંભળો. ૨

ટી૦:—શાસ્ત્રવિધિનો પરિત્યાગ કરી દેવપૂજનાદિક કર્મો કરનારા દેહાભિમાની પુરુષોની પૂર્વજન્મોના ધર્માધર્માદિક સંસ્કારમાંના જે સંસ્કારોથી તે શરીરના જન્મનો આરંભ થયો હોય તે સંસ્કારોથી ઉપજેલી તે શ્રદ્ધા સાત્ત્વિકી, રાજસી તથા તામસી એવા ત્રણ ભેદવાળી થાય છે,—સાત્ત્વિકસંસ્કારવાળાની સાત્ત્વિકી, રાજસસંસ્કારવાળાની રાજસી ને તામસસંસ્કારવાળાની તામસી થાય છે. તે ત્રણ પ્રકારની શ્રદ્ધાને તું સાંભળ. તે સાંભળીને તું પોતેજ તે પુરુષોના દેવભાવનો અથવા આસુરભાવનો નિશ્ચય કરી શકીશ. ૨

વાસનારૂપ નિમિત્તકારણની વિચિત્રતાથી શ્રદ્ધાનું વિચિત્રપણું કહી હવે તે શ્રદ્ધાના ઉપાદાનકારણરૂપ અંતઃકરણની વિચિત્રતાથી તે શ્રદ્ધાનું વિચિત્રપણું કહે છે:—

सत्त्वानुरूपा सर्वस्य, श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषो, यो यच्छ्रद्धः स एव सः ॥ ३ ॥

પ૦ ત૦ પ૦:—**सत्त्वानुरूपा** અંતઃકરણને અનુસારે **सर्वस्य** સર્વની **श्रद्धा** શ્રદ્ધા **भवति** થાય છે **भारत** હે ભારત !—હે અર્જુન ! **श्रद्धामयः** શ્રદ્ધાવાળો **अयम्** આ **पुरुषः** પુરુષ **यः** જે **यच्छ्रद्धः** જે શ્રદ્ધાવાળો **सः** તે **एव** જ **सः** તે. ૩

શ૦:—હે ભારત ! સર્વની [પોતાના] અંતઃકરણને અનુસારે શ્રદ્ધા થાય છે. [એવી રીતે] આ પુરુષ શ્રદ્ધાવાળો [થાય છે માટે] જે [પુરુષ] જે શ્રદ્ધાવાળો [થાય છે] તે [પુરુષ] તે[શ્રદ્ધાવાળો]જ [કહેવાય છે.] ૩

ટી૦:—શાસ્ત્રજન્ય વિવેકજ્ઞાનથી રહિત સર્વ મનુષ્યોને પોતપોતાના અંતઃકરણાનુસારજ શ્રદ્ધા થાય છે, તાત્પર્ય કે તે અંતઃકરણની વિચિત્રતાથી તે મનુષ્યોની તે શ્રદ્ધા પણ વિચિત્રજ થાય છે, એટલે સત્ત્વગુણપ્રધાન અંતઃકરણમાં સાત્ત્વિકી, રજોગુણપ્રધાન અંતઃકરણમાં રાજસી ને તમોગુણપ્રધાન અંતઃકરણમાં તામસી શ્રદ્ધા થાય છે. તેમાં આ પુરુષ જે શ્રદ્ધાવાળો થાય છે તે શ્રદ્ધાપ્રમાણે તેની નિષ્ઠા કહેવાય છે, અર્થાત્ સાત્ત્વિકી, રાજસી કે તામસી જે શ્રદ્ધાવાળો તે મનુષ્ય હોય તે પ્રમાણે તે મનુષ્ય સાત્ત્વિક, રાજસ કે તામસ કહેવાય છે. ૩

તેઓની તે શ્રદ્ધા તેમના દેવપૂજનાદિક કાર્યરૂપ ચિહ્નથી અનુમાનવડે જાણવામાં આવે છે એમ કહે છે:—

यजंते सात्त्विका देवान्, यक्षरक्षांसि राजसाः ।
प्रेतान्भूतगणांश्चान्ये, यजंते तामसा जनाः ॥ ४ ॥

પ૦ ત૦ પ૦:—**यजंते** પૂજે છે **सात्त्विकाः** સાત્ત્વિકો **देवान्** દેવોને **यक्षरक्षांसि** યક્ષોને અને રાક્ષસોને **राजसाः** રાજસ **प्रेतान्** પ્રેતોને **भूतगणान्** ભૂતોના સમૂહોને **च** અને **अन्ये** બીજા **यजंते** પૂજે છે **तामसाः** તામસ **जनाः** [જે] મનુષ્યો. ૪

શ૦:—[જે] મનુષ્યો દેવોને પૂજે છે [તેઓ] સાત્ત્વિકો [જાણવા, અને જેઓ] યક્ષોને અને રાક્ષસોને [પૂજે છે તેઓ] રાજસો [જાણવા, અને જેઓ] પ્રેતોને અને ભૂતોના સમૂહોને પૂજે છે [તે] બીજા [પુરુષો] તામસો [જાણવા.] ૪

ટી૦:—શાસ્ત્રજન્ય વિવેકજ્ઞાનથી રહિત જે પુરુષો પૂર્વોક્ત સ્વભાવજન્ય શ્રદ્ધાથી વસુરુદ્રાદિક સાત્ત્વિકદેવોને પૂજે છે તેઓને સાત્ત્વિક જાણવા; એવીજ રીતે જેઓ રજોગુણવાળા કુબેરાદિ યક્ષોને તથા નૈઋતાદિક રાક્ષસોને પૂજે છે તેઓને રાજસ જાણવા; અને ઉક્તરીતે જેઓ પિશાચ તથા માતૃકાદિ ભૂતગણોને પૂજે છે તેઓને તામસ જાણવા. ૪

રાજસતામસભાવનો પરિત્યાગ નહિ કરીને શાસ્ત્રે નિષિદ્ધ કરેલા માર્ગનું જેઓ અનુસરણ કરે છે તેઓ આ લોકમાં તથા પરલોકમાં કેવલ દુઃખનાજ ભાગી થાય છે એમ નીચેના બે શ્લોકોથી કહે છે:—

अशास्त्रविहितं घोरं, तप्यंते ये तपो जनाः ।
दंभाहंकारसंयुक्ताः, कामरागबलान्विताः ॥ ५ ॥

પ૦ ત૦ પ૦:—**अशास्त्रविहितम्** શાસ્ત્રે નહિ કહેલા **घोरम्** ઘોર **तप्यंते** કરે છે **ये** જે **तपः** તપને **जनाः** જનો **दंभाहंकारसंयुक्ताः** દંભ અને અહંકારથી સંયુક્ત એવા **कामरागबलान्विताः** કામ રાગ અને બલવડે યુક્ત એવા. ૫

શ૦:—દંભ અને અહંકારથી સંયુક્ત એવા [તથા] કામ, રાગ અને બલવડે યુક્ત એવા જે જનો શાસ્ત્રે નહિ કહેલા ઘોર તપને કરે છે [તેમને આસુરનિશ્ચયવાળા જાણો.] ૫

ટી૦:—દંભ-સર્વ લોકો મને ધર્માત્મા કહે એવી રીતની ઇચ્છા રાખીને લોકોમાં પોતાનું ધાર્મિકપણું પ્રકટ કરવું તે. અહંકાર-હું બધાથી શ્રેષ્ઠ છું એવી રીતનું અભિમાન. કામ-શબ્દાદિ વિષયોની અભિલાષા. રાગ-વિષયોમાં અત્યંત આસક્તિ. બલ-રાગને લીધે અત્યંત ઉગ્ર દુઃખોને સહન કરવાનું સામર્થ્ય. શાસ્ત્રે-શ્રુતિસ્મૃતિએ. ઘોર-કર્તાપુરુષને તથા બીજા પ્રાણીઓને કેવલ પીડાનીજ પ્રાપ્તિ કરનાર. ૫

कर्षयंतः शरीरस्थं, भूतग्राममचेतसः ।
मां चैवांतःशरीरस्थं, तान्विद्ध्यासुरनिश्चयान् ॥ ६ ॥

પ૦ ત૦ પ૦:—**कर्षयंतः** કૃશ-પાતળો-દુબળો-કરે છે **शरीरस्थम्** શરીરમાં રહેલાં **भूतग्रामम्** ભૂતોના સમૂહને **अचेतसः** અવિવેકવાળા [છે] **माम्** મને **च** અને **एव** પણ **अंतःशरीरस्थम्** શરીરની અંતર રહેલા **तान्** તેઓને **विद्धि** જાણો **आसुरनिश्चयान्** આસુરનિશ્ચયવાળા. ૬

શ૦:—[તથા જેઓ પોતાના] શરીરમાં રહેલાં [પાંચ] ભૂતોના સમૂહને કૃશ કરે છે, અને શરીરની અંતર રહેલા મને પણ [કૃશ કરે છે, તથા] અવિવેકવાળા [છે] તેઓને [તમે] આસુરનિશ્ચયવાળા જાણો. ૬

ટી૦:—તથા જેઓ દેહેંદ્રિયાદિરૂપ સંઘાતને આકારે પરિણામ પામેલાં જે પૃથ્વી આદિક પાંચ ભૂતો છે તે ભૂતોના સમૂહને વ્યર્થ ઉપવાસાદિકોથી કૃશ કરે છે, અને શરીરની અંતર ભોક્તારૂપે રહેલા મને પણ ભોગ્ય-

શરીરનો કૃશ કરવાથી કૃશ કરે છે, અને તેથીજ જેઓ વિવેકશૂન્ય છે, એવા આ લોકના સર્વ ભોગોથી વિમુખ તથા પરલોકમાં અધોગતિ પામનારા તે પુરુષોને જેમનો વિપરીતભાવનાયુક્ત વેદવિરોધી નિશ્ચય છે એવા જાણ. ૬

સાત્ત્વિકોનું ગ્રહણ કરાવવામાટે તથા રાજસતામસોનો પરિત્યાગ કરાવવામાટે આહાર, યજ્ઞ, તપ અને દાન એ ચારના ત્રિવિધપણાને કહે છેઃ—

आहारस्त्वपि सर्वस्य, त्रिविधो भवति प्रियः ।
यज्ञस्तपस्तथा दानं, तेषां भेदमिमं शृणु ॥ ७ ॥

પ૦ ત૦ પ૦:—**आहारः** આહાર **तु** વળી **अपि** પણ **सर्वस्य** સર્વનો **त्रिविधः** ત્રણ પ્રકારનો **भवति** હોય છે **प्रियः** પ્રિય **यज्ञः** યજ્ઞ **तपः** તપ **तथा** તથા **दानम्** દાન **तेषाम्** તેઓના **भेदम्** ભેદને **इमम्** આ **शृणु** સાંભળો. ૭

શ૦:—વળી સર્વનો પ્રિય આહાર પણ ત્રણ પ્રકારનો હોય છે; તથા યજ્ઞ, તપ [ને] દાન [પણ ત્રણ પ્રકારનાં હોય છે;] તેઓના આ [સાત્ત્વિકાદિ] ભેદને [તમે] સાંભળો. ૭

ટી૦:—આહાર-ભૂખની નિવૃત્તિ કરનારા ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય ને ચોષ્ય એ ચાર પ્રકારના પદાર્થો. ત્રણ—સાત્ત્વિક, રાજસ ને તામસ. યજ્ઞ-અગ્નિ આદિક દેવતાઓના ઉદ્દેશથી ઘૃતાદિક દ્રવ્યોનો પરિત્યાગ. તપ-શરીરેંદ્રિયોને શોષણ કરનાર કૃચ્છ્રચાંદ્રાયણાદિકવ્રત. ૭

તેમાં આહારના સાત્ત્વિકાદિ ભેદને નીચેના ત્રણ શ્લોકોથી કહે છેઃ—

आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।
रस्याः स्निग्धाः स्थिरा हृद्या, आहाराः सात्त्विकप्रियाः॥८॥

પ૦ ત૦ પ૦:—**आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः** આયુષ્ સત્ત્વ બલ આરોગ્ય સુખ અને રુચિ વધારનારા **रस्याः** સ્વાદવાળા **स्निग्धाः** સ્નિગ્ધ-ચિકાશવાળા **स्थिराः** સ્થિર [રહેનારા] **हृद्याः** હૃદ-

હૃદયને પ્રસન્નતા આપે એવા **आहाराः** આહારો **सात्त्विकप्रियाः** સાત્ત્વિકને પ્રિય [છે.] ૮

શ૦:—આયુષ્ સત્ત્વ બલ આરોગ્ય સુખ અને રુચિ વધારનારા, સ્વાદવાળા, સ્નિગ્ધ, સ્થિર [રહેનારા ને] હૃદયને પ્રસન્નતા આપે એવા આહારો સાત્ત્વિકને પ્રિય [છે.] ૮

ટી૦:—ચિરકાલપર્યંત જીવનની વૃદ્ધિ કરનારા, ઉત્સાહ વધારનારા, કર્તવ્ય કર્મમાં પરિશ્રમનો અભાવ જણાય એવા શરીરસામર્થ્યની વૃદ્ધિ કરનારા, જ્વરાદિ વ્યાધિઓના અભાવને વધારનારા, ભોજન કરી રહ્યા પછી મનમાં આનંદ ઉપજાવનારા, ભોજનકાલમાં અરુચિને દૂર કરી ઉત્કંઠા ઉપજાવનારા, પોતાના મધુરરસના પ્રધાનપણાથી અત્યંત સ્વાદવાળા, સ્વાભાવિક ચિકાશવાળા તથા આગંતુક ઘૃતાદિકરૂપ ચિકાશવાળા, રસાદિરૂપે શરીરમાં ચિરકાલપર્યંત સ્થિર રહેનારા, ને દુર્ગંધપણું તથા અપવિત્રતાદિક દૃષ્ટાદૃષ્ટ દોષથી રહિત હોવાથી પોતાના દર્શનમાત્રથી હૃદયની પ્રસન્નતા કરનારા એવા ચાર પ્રકારના આહારો સાત્ત્વિક પુરુષોને પ્રિય છે. જેને પોતાના મનનું સાત્ત્વિકપણું વધારવાની ઇચ્છા હોય તેણે પૂર્વોક્ત આહાર પ્રધાનપણે ગ્રહણ કરવાયોગ્ય છે. ૮

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।
आहारा राजसस्येष्टा, दुःखशोकामयप्रदाः ॥ ९ ॥

પ૦ ત૦ પ૦:—**कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः** કડવા ખાટા ખારા અત્યંત ઊના તીખા લૂખા અને અતિદાહ કરનારા **आहाराः** આહારો **राजसस्य** રાજસને **इष्टाः** ઇષ્ટ–પ્રિય–[છે] **दुःखशोकामयप्रदाः** દુઃખ શોક અને રોગ ઉપજાવનારા. ૯

શ૦:—[અતિ]કડવા, [અતિ]ખાટા, [અતિ]ખારા, અત્યંત ઊના, [અતિ]તીખા, [અતિ]લૂખા અને અતિદાહ કરનારા, [તથા] દુઃખ શોક અને રોગ ઉપજાવનાર આહારો રાજસને પ્રિય [છે.] ૯

ટી૦:—અતિકડવા–લિંબડો ઇત્યાદિ. અતિખાટા–લિંબુ આદિક. અતિખારા–સૈંધવ આદિક. અત્યંત ઊના–હાથ તથા મોઢાને સ્પર્શ થવાથી દાહ કરનારા. અતિતીખા–મરચાં આદિક. અતિલૂખા–કાંગકોદ્રાદિક. અતિદાહ કરનારા–બહુ સંતાપની પ્રાપ્તિ કરનારા–રાઇ ને સર્ષપાદિક. દુઃખ–તાત્કાલિક

પીડા. શોક–પછીથી થનારી ગ્લાનિ. આમય–જ્વરાદિક રોગ. આ રાજસ આહારનો સાત્ત્વિક પુરુષોએ અવશ્ય પરિત્યાગ કરવો જોઇએ, અર્થાત્ એવા પદાર્થોનું તેમણે અતિસેવન ન કરવું જોઇએ. ૯

यातयामं गतरसं, पूति पर्युषितं च यत् ।

उच्छिष्टमपि चामेध्यं, भोजनं तामसप्रियम् ॥ १० ॥

પ૦ ત૦ પ૦:—**યાતયામમ્** અર્ધ પાકેલું અથવા જેને રાંધ્યા પછી પહોર વીતી ગયો હોય એવું **ગતરસમ્** રસવિનાનું–બળી જવાથી રસરહિત થયેલું અથવા સાર અંશ કાઢી લીધેલું **પૂતિ** દુર્ગંધવાળું **પર્યુષિતમ્** [એક રાત જવાથી] ટાઢું **ચ** તથા **યત્** જે **ઉચ્છિષ્ટમ્** એઠું **અપિ** અને **ચ** વળી **અમેધ્યમ્** યજ્ઞને અયોગ્ય એવું **ભોજનમ્** ભોજન **તામસપ્રિયમ્** તામસને પ્રિય [છે.] ૧૦

શ૦:—તથા જે અર્ધ પાકેલું, રસવિનાનું, દુર્ગંધવાળું, [એક રાત જવાથી] ટાઢું, (વાસી,) એઠું અને વળી યજ્ઞને અયોગ્ય એવું ભોજન [તે] તામસને પ્રિય [છે.] ૧૦

ટી૦:—એઠું-કોઇએ ભોજન કરી લીધા પછી તે ભોજનપાત્રમાં શેષ રહેલું. યજ્ઞને અયોગ્ય એવું–ડુંગળી, લસણ, ગાજર, માંસ ને મત્સ્યાદિ અપવિત્ર વસ્તુઓ. **पर्युषितं च** એમાંના ચકારથી અત્યંત દુષ્ટપણાથી પ્રસિદ્ધ બીજા અપવિત્ર આહારોનું પણ ગ્રહણ કરવું, ને **अपि च** એમાંના ચકારથી વૈદ્યકશાસ્ત્રોમાં કહેલા અપથ્ય આહારોનું પણ ગ્રહણ કરવું. આ તામસ આહાર પણ સાત્ત્વિક પુરુષોએ અત્યંત દૂરથીજ પરિત્યાગ કરવાયોગ્ય છે. ૧૦

હવે સાત્ત્વિક, રાજસ તથા તામસ એ ત્રણ પ્રકારના યજ્ઞોને કહે છે:—

अफलाकाङ्क्षिभिर्यज्ञो, विधिदृष्टो य इज्यते ।

यष्टव्यमेवेति मनः, समाधाय स सात्त्विकः ॥ ११ ॥

પ૦ ત૦ પ૦:—**અફલાકાઙ્ક્ષિભિઃ** ફલની ઇચ્છાવિનાનાએ **યજ્ઞઃ** યજ્ઞ **વિધિદૃષ્ટઃ** શાસ્ત્રવિહિત **યઃ** જે **ઇજ્યતે** અનુષ્ઠાન કરાય છે **યષ્ટવ્યમ્** યજન અવશ્ય કરવાયોગ્ય **એવ** જ **ઇતિ** એમ **મનઃ** મનને **સમાધાય** નિશ્ચયવાળું કરીને **સઃ** તે **સાત્ત્વિકઃ** સાત્ત્વિક. ૧૧

શ૦:—ફલની ઇચ્છાવિનાનાએ યજન અવશ્ય કરવાયોગ્ય-જ [છે] એમ મનને નિશ્ચયવાળું કરીને જે શાસ્ત્રવિહિત યજ્ઞ

અનુષ્ઠાન કરાય છે તે સાત્ત્વિક [કહેવાય છે.] ૧૧

ટી૦:—સ્વર્ગાદિ ફલની ઇચ્છાથી રહિત પુરુષોએ, વેદભગવાનની આજ્ઞા હોવાથી આ અગ્નિહોત્રાદિક નિત્યકર્મ અમારે અવશ્ય કરવાયોગ્યજ છે એવી રીતે પોતાના મનને નિશ્ચયવાળું કરીને, અંતઃકરણની શુદ્ધિમાટે શાસ્ત્રપ્રમાણથી જે યજ્ઞનું અનુષ્ઠાન કરાય છે તે અનુષ્ઠાન કરેલો નિત્યયજ્ઞ સાત્ત્વિક કહેવાય છે. ૧૧

अभिसंधाय तु फलं, दंभार्थमपि चैव यत् ।
इज्यते भरतश्रेष्ठ, तं यज्ञं विद्धि राजसम् ॥ १२ ॥

પ૦ ત૦ પ૦:—अभिसंधाय ઉદ્દેશે કરીને **तु** વળી **फलम्** ફલને **दंभार्थम्** દંભને અર્થે **अपि** પણ **च** અને **एव** વળી **यत्** જે **इज्यते** અનુષ્ઠાન કરાય છે **भरतश्रेष्ठ** હે ભરતકુલમાં શ્રેષ્ઠ !-હે અર્જુન ! **तम्** તે **यज्ञम्** યજ્ઞને **विद्धि** જાણો **राजसम्** રાજસ. ૧૨

શ૦:—હે અર્જુન ! વળી ફલને ઉદ્દેશે કરીને અને વળી દંભને અર્થે પણ જે [યજ્ઞ] અનુષ્ઠાન કરાય છે તે યજ્ઞને [તમે] રાજસ જાણો. ૧૨

ટી૦:—ફલને ઉદ્દેશે-સ્વર્ગાદિ ફલની લાલચે. દંભને અર્થે-માત્ર લોકોમાં ધર્માત્માપણું પ્રકટ કરવાના હેતુથી. **अपि चैव** એ વચનોથી ત્રણ પક્ષોની સૂચના કરી છે, તે આ રીતેઃ—કોઇક યજ્ઞ દંભને માટે નહિ, પણ માત્ર ફલના ઉદ્દેશથી કરાય છે, કોઇક યજ્ઞ ફલના ઉદ્દેશથી નહિ, પણ કેવલ દંભને માટે કરાય છે, ને કોઇક યજ્ઞ તો ફલના ઉદ્દેશે તથા દંભમાટે પણ કરાય છે. તુશબ્દવડે સાત્ત્વિકયજ્ઞથી આ યજ્ઞનું વિલક્ષણપણું સૂચવ્યું છે. ૧૨

विधिहीनमसृष्टान्नं, मंत्रहीनमदक्षिणम् ।
श्रद्धाविरहितं यज्ञं, तामसं परिचक्षते ॥ १३ ॥

પ૦ ત૦ પ૦:—विधिहीनम् શાસ્ત્રના વિધિરહિત **असृष्टान्नम्** અન્નદાનથી રહિત **मंत्रहीनम्** મંત્રરહિત **अदक्षिणम्** દક્ષિણારહિત **श्रद्धाविरहितम्** શ્રદ્ધાથી અત્યંતરહિત **यज्ञम्** યજ્ઞને **तामसम्** તામસ **परिचक्षते** કહે છે. ૧૩

શ૦:—શાસ્ત્રના વિધિરહિત, અન્નદાનથી રહિત, મંત્રરહિત, દક્ષિણારહિત [તથા] શ્રદ્ધાથી અત્યંતરહિત [એવા] યજ્ઞને

[વેદને જાણનારા શિષ્ટજનો] તામસ [યજ્ઞ] કહે છે. ૧૩

ટી૦:—અન્નદાનથી રહિત–જેમાં બ્રાહ્મણાદિકને પૂરતું અન્નદાન કરવામાં આવ્યું નથી એવો. મંત્રરહિત–અમંત્ર કિંવા સ્વરાદિના દોષયુક્ત મંત્રવાળો. ૧૩

હવે શરીરના, વાણીના ને મનના તપને કહે છે:—

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च, शारीरं तप उच्यते ॥ १४ ॥

૫૦ ત૦ ૫૦:—**देवद्विजगुरुप्राज्ञपूजनम्** દેવ દ્વિજ ગુરુ અને પ્રાજ્ઞનું પૂજન **शौचम्** [શરીરની] પવિત્રતા **आर्जवम्** સરલતા **ब्रह्मचर्यम्** બ્રહ્મચર્ય **अहिंसा** અહિંસા **च** અને **शारीरम्** શરીરનું–શરીરસંબંધી **तपः** તપ **उच्यते** કહેવાય છે. ૧૪

શ૦:—દેવ દ્વિજ ગુરુ અને પ્રાજ્ઞનું પૂજન, [શરીરની] પવિત્રતા, સરલતા, બ્રહ્મચર્ય અને અહિંસા [એ સર્વ] શરીર-સંબંધી તપ કહેવાય છે. ૧૪

ટી૦:—દેવ–બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, સૂર્ય, અગ્નિ ને દુર્ગાદિક. દ્વિજ-દ્વિજોત્તમ–સદાચારયુક્ત બ્રાહ્મણ. ગુરુ–આચાર્ય, પિતા ને માતાદિક. પ્રાજ્ઞ-વેદનો પાઠ તથા વેદનો અર્થ જાણનાર પંડિત કિંવા તત્ત્વજ્ઞાની. પૂજન–શ્રદ્ધા-ભક્તિવડે શાસ્ત્રવિધિપ્રમાણે પ્રણામ, શુશ્રૂષા, પ્રદક્ષિણા ને અન્નદાનાદિ કરવું તે. સરલતા–શાસ્ત્રવિહિત કર્મોમાં પ્રવૃત્તિ ને શાસ્ત્રનિષિદ્ધ કર્મોથી નિવૃત્તિ. બ્રહ્મચર્ય–શાસ્ત્રનિષિદ્ધ મૈથુનથી નિવૃત્તિ. अहिंसा च એમાંના चकारथी અસ્તેયનું–ચોરી ન કરવી તેનું–પણ ગ્રહણ કરવું. શરીરસંબંધી–તપ કરનાર માણસને શરીરવડે સિદ્ધ થનારું. ૧૪

अनुद्वेगकरं वाक्यं, सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव, वाङ्मयं तप उच्यते ॥ १५ ॥

૫૦ ત૦ ૫૦:—**अनुद्वेगकरम्** ઉદ્વેગ નહિ કરનારું **वाक्यम्** વાક્ય **सत्यम्** સત્ય **प्रियहितम्** પ્રિય લાગે એવું તથા હિત કરનારું **च** અને **यत्** જે **स्वाध्यायाभ्यसनम्** વેદોનો અભ્યાસ **च** તેમ **एव** જ **वाङ्मयम्** વાણીનું–વાચિક **तपः** તપ **उच्यते** કહેવાય છે. ૧૫

શ૦:—ઉદ્વેગ નહિ કરનારું, સત્ય અને પ્રિય લાગે એવું

તથા હિત કરનારું જે વાક્ય, તેમજ વેદોનો અભ્યાસ [એ સર્વ] વાચિક તપ કહેવાય છે. ૧૫

ટી૦:—સાંભળનારને દુઃખની પ્રાપ્તિ નહિ કરનારું, અન્ય પ્રમાણથી બાધ ન પામે એવા કોઇ પણ પ્રમાણવાળું, ઉચ્ચારણના સમયમાં સાંભળનારના કાનને સુખની પ્રાપ્તિ કરનારું, અને આગળ પરિણામમાં પણ તેને (સાંભળનારને) સુખની પ્રાપ્તિ કરનારું એવું જે ચારે વિશેષણોયુક્ત વાક્ય છે તે તથા શાસ્ત્રમાં કહેલા નિયમપૂર્વક જે ઋગાદિક વેદોનો અભ્યાસ છે તે બંને વાચિક તપ કહેવાય છે. ૧૫

मनःप्रसादः सौम्यत्वं, मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्, तपो मानसमुच्यते ॥ १६॥

પ૦ ત૦ પ૦:—**मनःप्रसादः** મનની પ્રસન્નતા **सौम्यत्वम्** સૌમ્યપણું **मौनम्** મૌન **आत्मविनिग्रहः** મનોનિગ્રહ **भावसंशुद्धिः** હૃદયની શુદ્ધિ **इति** એમ **एतत्** એ [સર્વ] **तपः** તપ **मानसम्** માનસ [તપ] **उच्यते** કહેવાય છે. ૧૬

શ૦:—મનની પ્રસન્નતા, સૌમ્યપણું, મૌન, મનોનિગ્રહ [ને] હૃદયની શુદ્ધિ એમ એ [સર્વ] તપ માનસ [તપ] કહેવાય છે. ૧૬

ટી૦:—મનની પ્રસન્નતા-ચિત્તનું વિષયોની ચિંતાના વ્યાકુલપણાથી રહિતપણું-ચિત્તની સ્વસ્થતા. સૌમ્યપણું-સર્વ પ્રાણીઓના હિતની ઇચ્છા કરવી તથા શાસ્ત્રમાં નિષેધ કરેલા પદાર્થોનું ચિંતન નહિ કરવું તે. મૌન-વાગિંદ્રિયના સંયમના કારણરૂપ જે મનનો સંયમ તે. મનોનિગ્રહ-અસંપ્રજ્ઞાતસમાધિ. હૃદયની શુદ્ધિ-વ્યવહારમાં અન્ય પુરુષોસાથે છલકપટ ન કરવું તે. ૧૬

એ ત્રણ પ્રકારના તપના સાત્ત્વિક, રાજસ તથા તામસ એ ત્રણ પ્રકારના ભેદને નીચેના ત્રણ શ્લોકોથી કહે છે:-

श्रद्धया परया तप्तं, तपस्तत्त्रिविधं नरैः ।
अफलाकांक्षिभिर्युक्तैः, सात्त्विकं परिचक्षते ॥ १७ ॥

પ૦ ત૦ પ૦:—**श्रद्धया** શ્રદ્ધાવડે **परया** પરમ **तप्तम्** કરેલું **तपः**

તપ तत् તે त्रिविधम् ત્રણ પ્રકારનું नरैः પુરુષોએ अफलाकांक्षिभिः ફલની ઇચ્છાવિના युक्तैः એકાગ્રચિત્તવાળા सात्त्विकम् સાત્ત્વિક परिचक्षते કહે છે. ૧૭

શ૦:—ફલની ઇચ્છાવિના એકાગ્રચિત્તવાળા પુરુષોએ પરમ શ્રદ્ધાવડે કરેલું તે (પૂર્વોક્ત) ત્રણ પ્રકારનું [જે] તપ [છે તે તપને શિષ્ટજનો] સાત્ત્વિક [તપ] કહે છે. ૧૭

ટી૦:—ફલની ઇચ્છાવિના–ફલની સિદ્ધિ તથા અસિદ્ધિ એ બંનેમાં હર્ષશોકરૂપ વિકારભાવથી રહિત. શ્રદ્ધાવડે–આસ્તિક્યબુદ્ધિવડે. ૧૭

सत्कारमानपूजार्थं, तपो दंभेन चैव यत् ।
क्रियते तदिह प्रोक्तं, राजसं चलमध्रुवम् ॥ १८ ॥

પ૦ ત૦ પ૦:—सत्कारमानपूजार्थम् સત્કાર માન અને પૂજાને માટે तपः તપ दंभेन દંભવડે च અને एव જ यत् જે क्रियते કરાય છે तत् તેને इह અહિં–આ લોકમાં [ફલ આપે છે] प्रोक्तम् કહેલું [છે] राजसम् રાજસ चलम् ચલ अध्रुवम् અધ્રુવ. ૧૮

શ૦:—અને જે તપ સત્કાર, માન અને પૂજાને માટે દંભવડેજ કરાય છે તેને રાજસ [તપ] કહેલું [છે. તે] આ લોકમાં [ફલ આપે છે, ને] ચલ [તથા] અધ્રુવ [છે.] ૧૮

ટી૦:—સત્કાર, માન અને પૂજાને માટે–અવિવેકી મનુષ્યોપાસેથી સ્તુતિ ને અભ્યુત્થાન (ઊઠીને ઊભા થવું) આદિ આવકાર, તથા પાદ-પ્રક્ષાલન, (પગ ધોવા,) અર્ચન (ચંદનાદિ ચઢાવવું) ને ધનાદિ પદાર્થો મેળવવાની ઇચ્છાએ. દંભવડે–શ્રદ્ધાવિના માત્ર કીર્તિની લાલસાએ. ચલ–બહુ થોડો સમય રહે એવું ફલ આપનાર. અધ્રુવ–ફલના ઉત્પાદકપણાના નિયમથી રહિત–અવશ્ય ફલ ઉપજાવશેજ એવો વિશ્વાસ ન રાખી શકાય એવું. ૧૮

मूढग्राहेणात्मनो यत्, पीडया क्रियते तपः ।
परस्योत्सादनार्थं वा, तत्तामसमुदाहृतम् ॥ १९ ॥

પ૦ ત૦ પ૦:—मूढग्राहेण દુરાગ્રહવડે आत्मनः પોતાના [દેહાદિ-નો] यत् જે पीडया પીડા કરીને क्रियते કરાય છે तपः તપ परस्य બીજાના उत्सादनार्थम् વિનાશને અર્થે वा અથવા तत् તે तामसम् તામસ उदाहृतम् કહેલું [છે.] ૧૯

શા૦:—જે તપ દુરાગ્રહવડે પોતાના [દેહાદિને] પીડા કરીને કરાય છે, અથવા બીજાના વિનાશને અર્થે [કરાય છે] તે [તપ શિષ્ટપુરુષોએ] તામસ કહેલું [છે.] ૧૯

ટી૦:—બીજાના–બીજા પ્રાણીઓના. ૧૯

હવે દાનના સાત્ત્વિકાદિ ત્રણ પ્રકારના ભેદને કહે છેઃ—

दातव्यमिति यद्दानं, दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च, तद्दानं सात्त्विकं स्मृतम् ॥ २० ॥

૫૦ ત૦ ૫૦:—**दातव्यम्** દાન અવશ્ય કરવાયોગ્ય [છે] **इति** એવી રીતના [નિશ્ચયવડે] **यत्** જે **दानम्** દાન **दीयते** અપાય છે **अनुपकारिणे** ઉપકાર નહિ કરનાર કિંવા ઉપકાર નહિ માનનાર **देशे** [ઉત્તમ] દેશમાં **काले** [ઉત્તમ] કાલમાં **च** અને **पात्रे** પાત્રને **च** તથા **तत्** તે **दानम्** દાન **सात्त्विकम्** સાત્ત્વિક **स्मृतम्** સ્મરણ કરેલું–કહ્યું–[છે.] ૨૦

શા૦:—દાન અવશ્ય કરવાયોગ્ય [છે] એવી રીતના [નિશ્ચયવડે] જે દાન [ઉત્તમ] દેશમાં અને [ઉત્તમ] કાલમાં તથા ઉપકાર નહિ કરનાર કિંવા ઉપકાર નહિ માનનાર પાત્રને અપાય છે તે દાન સાત્ત્વિક કહ્યું [છે.] ૨૦

ટી૦:—શ્રુતિસ્મૃતિમાં દાન કરવાની આજ્ઞા કરી છે માટે આ દાન અમારે અવશ્ય કરવાયોગ્યજ છે એવી રીતનો નિશ્ચય કરી ફલેચ્છાથી રહિત થઇને પવિત્ર ભૂમિમાં, પવિત્ર સમયમાં અને જે પોતાના પર કદીપણ કોઇ પણ પ્રકારનો ઉપકાર ન કરતા હોય કિંવા બ્રહ્મનિષ્ઠ હોવાથી ઉપકાર નહિ માને એવા હોય એવા વિદ્યાવાળા તથા તપવાળાને સુવર્ણ, અન્ન તથા ભૂમિ આદિનું જે દાન કરાય છે તે દાન શિષ્ટપુરુષોએ સાત્ત્વિક કહ્યું છે. ૨૦

यत्तु प्रत्युपकारार्थं, फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं, तद्दानं राजसं स्मृतम् ॥ २१ ॥

૫૦ ત૦ ૫૦:—**यत्** જે [દાન] **तु** સાત્ત્વિકદાનથી રાજસદાનની વિલક્ષણતા બતાવે છે **प्रत्युपकारार्थम्** સામા ઉપકારમાટે **फलम्** ફલને **उद्दिश्य** ઉદ્દેશીને **वा** અથવા **पुनः** વળી **दीयते** દેવાય છે **च** અને

परिक्लिष्टम् અતિક્લેશયુક્ત **तत्** તે **दानम्** દાન **राजसम्** રાજસ **स्मृतम्** કહ્યું [છે.] ૨૧

શ૦:—વળી જે [દાન] સામા ઉપકારમાટે અથવા ફલને ઉદ્દેશીને અને અતિક્લેશયુક્ત [થઇને] દેવાય છે તે દાન [શિષ્ટપુરુષોએ] રાજસ કહ્યું [છે.] ૨૧

ટી૦:—સામા ઉપકારમાટે-આ માણસને દાન આપીશ તો તે કોઇ સમયમાં મારા ઉપર કોઇ પ્રકારનો ઉપકાર કરશે એવી રીતની બુદ્ધિથી કેવલ દૃષ્ટ પ્રયોજનમાટે. ફલને ઉદ્દેશીને-સ્વર્ગાદિક ફલની પ્રાપ્તિનો ઉદ્દેશ કરીને. અતિક્લેશયુક્ત-આપતા પહેલાં, આપતી વેલા તથા આપ્યા પછી દ્રવ્યના ખર્ચથી બહુ ખેદયુક્ત. યત્તુમાં રહેલો તુ આ દાનનું સાત્વિકદાનથી વિલક્ષણપણું સૂચવે છે. ૨૧

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।

असत्कृतमवज्ञातं, तत्तामसमुदाहृतम् ॥ २२ ॥

પ૦ ત૦ પ૦:—अदेशकाले અપવિત્ર દેશકાલમાં **यत्** જે **दानम्** દાન **अपात्रेभ्यः** અપાત્રોને **च** અને **दीयते** અપાય છે **असत्कृतम्** સત્કારરહિત **अवज्ञातम्** અવજ્ઞાપૂર્વક **तत्** તે **तामसम्** તામસ **उदाहृतम्** કહેલું [છે.] ૨૨

શ૦:—અને જે દાન અપવિત્ર દેશકાલમાં, અપાત્રોને, સત્કારરહિત [તથા] અવજ્ઞાપૂર્વક અપાય છે તે [દાન શિષ્ટપુરુષોએ] તામસ કહેલું [છે.] ૨૨

ટી૦:—અને જે સુવર્ણાદિકનું દાન અપવિત્ર (સ્વભાવથી અથવા દુર્જન પુરુષોના સંબંધથી મલિન) સ્થાનમાં તથા અશૌચના (અપવિત્રતાના) સમયમાં વિદ્યાતપથી રહિત નટવેશ્યાદિક અપાત્રોને આપવામાં આવે છે તે દાન શિષ્ટપુરુષોએ તામસ કહેલું છે; તેમજ દેશ, કાલ ને પાત્ર એ ત્રણે ઉત્તમ છતાં જે દાન સત્કારથી (પ્રિય ભાષણ, પાદપ્રક્ષાલન ને ચંદનાદિવડે પૂજન ઇત્યાદિથી) રહિત તથા નિરાદર કરીને અપાય છે તે દાન પણ શિષ્ટોએ તામસ કહેલું છે. ૨૨

યજ્ઞાદિમાં પ્રમાદાદિથી કાંઇ વિગુણતા રહી જાય તો તેની નિવૃત્તિમાટે ૐ तत्सत् એ પરમાત્માના નામના ઉચ્ચારણરૂપ

સામાન્ય પ્રાયશ્ચિત્તને કહે છેઃ—

ॐ तत्सदिति निर्देशो, ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च, यज्ञाश्च विहिताः पुरा ॥ २३ ॥

૫૦ ત૦ ૫૦:—**ॐ तत्सत्** ॐ તત્ સત્ **इति** એવી રીતનું **निर्देशः** નામ **ब्रह्मणः** બ્રહ્મનું **त्रिविधः** ત્રણ અવયવવાળું **स्मृतः** સ્મરણ કરેલું [છે] **ब्राह्मणाः** બ્રાહ્મણો **तेन** તેવડે **वेदाः** વેદો **च** અને **यज्ञाः** યજ્ઞો **च** તથા **विहिताः** સ્રજ્યા [છે] **पुरा** પૂર્વ-સૃષ્ટિના આદિકાલમાં. ૨૩

શ૦:—ॐ તત્ સત્ એવી રીતનું ત્રણ અવયવવાળું બ્રહ્મનું નામ [બ્રહ્મજ્ઞાનીઓએ] સ્મરણ કરેલું [છે.] તેવડે સૃષ્ટિના આદિકાલમાં [પ્રજાપતિએ] બ્રાહ્મણો અને વેદો તથા યજ્ઞો સ્રજ્યા [છે.] ૨૩

ટી૦:—જેમ અ ઉ મ્ એ ત્રણ અવયવોવાળું ॐ એ પરમાત્માનું નામ કહેવાય છે તેમ ॐ તત્ સત્ એ ત્રણ અવયવોવાળું ॐ તત્સત્ એ પણ પરમાત્માનુંજ નામ વેદાંતવેત્તા પુરુષોએ પોતાનાં રચેલાં પુસ્તકોમાં કહેલું છે માટે એ નામના શ્રદ્ધાપ્રીતિયુક્ત સ્મરણથી કર્મના અધિકારી પુરુષને યજ્ઞ, તપ ને દાનાદિ કર્મોમાં વિગુણતારૂપ દોષની (ગુણથી રહિતતારૂપ દોષની) પ્રાપ્તિ થાય નહિ. ॐ તત્સત્ એ નામવડે સૃષ્ટિના આદિસમયમાં પ્રજાપતિએ બ્રાહ્મણાદિક કર્મોના કર્તા, કર્માદિના સાધનરૂપ વેદો તથા કર્મરૂપ યજ્ઞો ઉત્પન્ન કર્યા છે. મૂલમાં ब्राह्मणाः એવો જે શબ્દ છે તેવડે દ્વિજ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય એ ત્રણ વર્ણોના પુરુષો સમજવા. ૨૩

ॐ તત્સત્ એ પરમાત્માના નામનું વ્યાખ્યાન નીચેના ચાર શ્લોકોથી કરે છે, તેમાં પ્રથમ નીચેના શ્લોકથી ॐ એ શબ્દનું વ્યાખ્યાન કરે છેઃ—

तस्मादोमित्युदाहृत्य, यज्ञदानतपःक्रियाः ।
प्रवर्तन्ते विधानोक्ताः, सततं ब्रह्मवादिनाम् ॥ २४ ॥

૫૦ ત૦ ૫૦:—**तस्मात्** તેટલામાટે **ओम्** ॐ **इति** એમ-એવી

રીતના શબ્દનું **उदाहृत्य** ઉચ્ચારણ કરીને **यज्ञदानतपःक्रियाः** યજ્ઞ દાન અને તપરૂપ ક્રિયાઓ **प्रवर्तन्ते** પ્રવર્તે છે **विधानोक्ताः** વિધિશાસ્ત્રે કહેલી **सततम्** નિરંતર **ब्रह्मवादिनाम्** વેદવેત્તાઓની. ૨૪

શ૦:—તેટલામાટે ૐ એવી રીતના શબ્દનું ઉચ્ચારણ કરીને વેદવેત્તાઓની વિધિશાસ્ત્રે કહેલી યજ્ઞ, દાન અને તપરૂપ ક્રિયાઓ નિરંતર પ્રવર્તે છે. ૨૪

ટી૦:—'ओमिति ब्रह्म' ઇત્યાદિ શ્રુતિઓમાં ૐ એ શબ્દ પરમાત્માનું નામ છે એમ કહ્યું છે માટે આરંભમાં ૐ એવી રીતના શબ્દનું ઉચ્ચારણ કરીને વેદવેત્તા પુરુષોની વિધિશાસ્ત્રે બોધન કરેલી યજ્ઞ, દાન અને તપરૂપ ક્રિયાઓ નિરંતર પ્રવર્તે છે. તે ૐકારના ઉચ્ચારણના પ્રભાવથી તે વેદવેત્તાઓની તે યજ્ઞાદિરૂપ ક્રિયાઓ વિગુણતારૂપ દોષથી રહિત થઇને સમાપ્ત થાય છે, તાત્પર્ય કે જો ૐ તત્સત્ એ નામના ૐ એ એક અવયવના ઉચ્ચારણથી પણ સર્વે વિગુણતારૂપ દોષની નિવૃત્તિ થાય છે તો તે સંપૂર્ણ (ૐ તત્સત્) નામના ઉચ્ચારણથી તે વિગુણતારૂપ દોષની નિવૃત્તિ થાય એમાં શું આશ્ચર્ય ? કંઇ પણ આશ્ચર્ય નહિ. ૨૪

तदित्यनभिसंधाय, फलं यज्ञतपःक्रियाः ।
दानक्रियाश्च विविधाः, क्रियंते मोक्षकांक्षिभिः ॥ २५ ॥

પ૦ ત૦ પ૦:—**तत्** તત્–તે **इति** એમ–એ શબ્દનું [ઉચ્ચારણ કરીને] **अनभिसंधाय** ન ઇચ્છીને **फलम्** ફલને **यज्ञतपःक्रियाः** યજ્ઞ અને તપરૂપ ક્રિયાઓ **दानक्रियाः** દાનક્રિયાઓ **च** તથા **विविधाः** વિવિધ **क्रियंते** કરાય છે **मोक्षकांक्षिभिः** મોક્ષને ઇચ્છનારાઓએ. ૨૫

શ૦:—મોક્ષને ઇચ્છનારાઓએ તત્ એ શબ્દનું [ઉચ્ચારણ કરીને] ફલને ન ઇચ્છીને યજ્ઞ અને તપરૂપ ક્રિયાઓ તથા વિવિધ દાનક્રિયાઓ કરાય છે. ૨૫

ટી૦:—તત્ એ શબ્દનું—'तत्त्वमसि' ઇત્યાદિ શ્રુતિઓમાં પ્રસિદ્ધ જે તત્ આ પરમાત્માનું નામ છે એ નામનું. આ શ્લોકમાં તત્‌શબ્દનું શ્રેષ્ઠપણું બતાવ્યું છે એમ કહીને કે ચિત્તની શુદ્ધિ ઇચ્છનારા મુમુક્ષુઓની યજ્ઞાદિ સર્વે ક્રિયાઓ તે તત્‌શબ્દના ઉચ્ચારણના પ્રભાવથી નિર્વિઘ્ન સમાપ્ત થાય છે. ૫૨

હવે નીચેના શ્લોકોથી સત્ એ શબ્દનું વ્યાખ્યાન કરે છેઃ-

सद्भावे साधुभावे च, सदित्येतत्प्रयुज्यते ।
प्रशस्ते कर्मणि तथा, सच्छब्दः पार्थ युज्यते ॥ २६ ॥

પ૦ ત૦ પ૦:—**सद्भावे** સદ્ભાવમાં **साधुभावे** સાધુભાવમાં **च** અને **सत्** સત્ **इति** એમ–એવી રીતને। **एतत्** એ–શબ્દ **प्रयुज्यते** જોડાય છે **प्रशस्ते** શ્રેષ્ઠ **कर्मणि** કર્મમાં **तथा** તથા **सच्छब्दः** સતશબ્દ **पार्थ** હે પાર્થ ! **युज्यते** જોડાય છે. ૨૬

શ૦:—હે પાર્થ ! સદ્ભાવમાં અને સાધુભાવમાં સત્ એવી રીતને। શબ્દ જોડાય છે, તથા શ્રેષ્ઠ કર્મમાં [પણ] સત્શબ્દ જોડાય છે. ૨૬

ટી૦:—' सदेव सौम्येदमग्र आसीत् ' (હે સોમ્ય ! સૃષ્ટિની પૂર્વે આ સતજ હતું) ઇત્યાદિ શ્રુતિઓમાં પ્રસિદ્ધ જે સત્ આ બ્રહ્મનું નામ છે તે સતશબ્દનું જે વસ્તુના અવિદ્યમાનપણાની શંકા થાય છે તે વસ્તુના વિદ્યમાનપણામાં તથા જે વસ્તુના અસાધુપણાની શંકા થાય છે તે વસ્તુના સાધુપણામાં શિષ્ટપુરુષોએ ઉચ્ચારણ કરાય છે તેથી આ સત્-શબ્દ વિગુણતારૂપ દોષની નિવૃત્તિ કરીને તે યજ્ઞાદિ કર્મોનું સાધુપણું કરવાને તથા ફલનું વિદ્યમાનપણું કરવાને સમર્થ છે. વળી વિવાહાદિક માંગલિક કાર્યોમાં પણ શિષ્ટપુરુષોએ સતશબ્દનું ઉચ્ચારણ કરાય છે માટે આ સત્-શબ્દ અત્યંત શ્રેષ્ઠ છે. ૨૬

यज्ञे तपसि दाने च, स्थितिः सदिति चोच्यते ।
कर्म चैव तदर्थीयं, सदित्येवाभिधीयते ॥२७॥

પ૦ ત૦ પ૦:—**यज्ञे** યજ્ઞમાં **तपसि** તપમાં **दाने** દાનમાં **च** અને **स्थितिः** સ્થિતિ **सत्** સત્ **इति** એમ **च** તથા **उच्यते** કહેવાય છે **कर्म** કર્મ **च** તથા **एव** પણ **तदर्थीयम्** તદર્થીય **सत्** સત્ **इति** એમ **एव** જ **अभिधीयते** કહેવાય છે. ૨૭

શ૦:—અને યજ્ઞમાં, તપમાં તથા દાનમાં [જે] સ્થિતિ [તે પણ] સત્ એમ કહેવાય છે, તથા તદર્થીય કર્મ પણ સત્ એમજ કહેવાય છે. ૨૭

ટીકાઃ—સ્થિતિ–તત્પરપણે નિષ્ઠા. તદર્થીય કર્મ–યજ્ઞ, તપ ને દાનમાં ઉપજેલ જે તે યજ્ઞાદિકોને અનુકૂલ કર્મવિશેષ તે; અથવા બ્રહ્મજ્ઞાનને અનુકૂલ કર્મ. આ શ્લોકમાં સત્‌શબ્દવડે યજ્ઞાદિ કર્મોના વિગુણતારૂપ દોષની નિવૃત્તિ સૂચવી તે શબ્દનું શ્રેષ્ઠપણું દર્શાવ્યું છે. ૨૭

શ્રદ્ધારહિતપણે શાસ્ત્રીય વિધિનો પરિત્યાગ કરીને કરેલાં યજ્ઞાદિ કર્મોનો વિગુણતારૂપ દોષ ૐ તત્સત્ એ નામથી દૂર થતો નથી, કેમકે શ્રદ્ધાવિના કરેલાં સર્વ કર્મો નિષ્ફલજ ગણાય છે એમ પ્રતિપાદન કરે છે:—

अश्रद्धया हुतं दत्तं, तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ, न च तत्प्रेत्य नो इह ॥२८॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे श्रद्धात्रयविभागयोगो नाम सप्तदशोऽध्यायः ॥१७॥

પદચ્છેદ તથા પદાર્થઃ—**अश्रद्धया** અશ્રદ્ધાવડે **हुतम्** હોમેલું **दत्तम्** દાન કરેલું **तपः** તપ **तप्तम्** કરેલું **कृतम्** કરેલું [હોય તે સર્વ] **च** અને **यत्** જે [બીજું કર્મ] **असत्** અસત્ **इति** એમ **उच्यते** કહેવાય છે **पार्थ** હે પાર્થ! **न** [ફલ આપતું] નથી **च** કેમકે **तत्** તે **प्रेत्य** મરણ પામીને–પરલોકમાં **नो** [ફલ આપતું] નથી **इह** અહિ–આ લોકમાં [પણ.] ૨૮

શબ્દાર્થઃ—હે પાર્થ! અશ્રદ્ધાવડે હોમેલું, દાન કરેલું, તપ કરેલું અને જે [બીજું કર્મ] કરેલું [હોય તે સર્વ] અસત્ એમ કહેવાય છે, કેમકે તે [શ્રદ્ધારહિત કર્મ] પરલોકમાં [પણ ફલ આપતું] નથી, [તેમ] આ લોકમાં [પણ ફલ આપતું] નથી. ૨૮

ટીકાઃ—બીજું કર્મ–સ્તુતિનમસ્કારાદિક કર્મ. આ શ્લોકમાં નીચે પ્રમાણે તાત્પર્ય છેઃ—જેમ કઠોર શિલામાં વૃક્ષાદિના અંકુરની ઉત્પત્તિની યોગ્યતા થતી નથી તેમ શ્રદ્ધારહિત કર્મોમાં સર્વપ્રકારે કરીને સાધુભાવની (સારાપણાની) યોગ્યતા થતી નથી. એવાં સાધુભાવને અયોગ્ય તે કર્મોમાં ૐ તત્સત્ એ નામથી તે સાધુભાવ કદાપિ પણ સંભવતો નથી. તે કર્મ ધર્મરૂપ (શુભસંસ્કારરૂપ) અપૂર્વને ઉત્પન્ન કરતું નથી માટે સ્વર્ગાદિરૂપ પાર-

લૌકિક શુભ ફલ પણ કર્તાને મળતું નથી તેમજ તે શ્રદ્ધાહીનને આ લોકમાં પણ તેના તે કર્મવડે યશ મળતો નથી, કેમકે શિષ્ટપુરુષો તેની યોગ્ય મનુષ્યમાં ગણના કરતા નથી. ૨૮

इति श्रीमन्मथुरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्यदीपिकाख्यायां श्रद्धात्रयविभागयोगो नाम सप्तदशोऽध्यायः ॥१७॥

॥ ॐ ॥

અધ્યાય ૧૮ મો.

મોક્ષયોગ.

કર્મી પુરુષોના સાત્ત્વિકાદિ ત્રણ પ્રકારના ભેદો ગયા અધ્યાયમાં કહ્યા. હવે છઠ્ઠા અધ્યાયના પહેલા શ્લોકમાં કહેલા ગૌણસંન્યાસને વિશેષપણે જાણવાની ઇચ્છાથી અર્જુન શ્રીભગવાનને પૂછે છેઃ—

अर्जुन उवाच ॥

संन्यासस्य महाबाहो, तत्त्वमिच्छामि वेदितुम् ।
त्यागस्य च हृषीकेश, पृथक्केशिनिषूदन ॥१॥

પદચ્છેદ તથા પદાર્થઃ—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **संन्यासस्य** સંન્યાસના **महाबाहो** હે મહાબાહો ! **तत्त्वम्** તત્ત્વને **इच्छामि** ઇચ્છું છું **वेदितुम्** જાણવાને **त्यागस्य** ત્યાગના **च** અને **हृषीकेश** હે હૃષીકેશ ! **पृथक्** ભિન્ન [ભિન્ન] **केशिनिषूदन** હે કેશિદૈત્યનો નાશ કરનારા ! ૧

શબ્દાર્થઃ—અર્જુન બોલ્યાઃ—‘હે મહાબાહો ! હે હૃષીકેશ ! હે કેશિદૈત્યનો નાશ કરનારા ! [હું] સંન્યાસના અને ત્યાગના તત્ત્વને ભિન્ન [ભિન્ન] જાણવાને ઇચ્છું છું.’ ૧

ટીકાઃ—હે ભગવન્ ! જે પુરુષને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઇ નથી, તથા આત્મજ્ઞાનની ઇચ્છારૂપ વિવિદિષા પણ ઉપજી નથી, એવા કર્મના

અધિકારી પુરુષોએ જે કિંચિત્ કર્મનો પરિત્યાગ કર્યો છે તે ગૌણસંન્યાસી કહેવાય છે. એવા ગૌણસંન્યાસીના સંન્યાસના સ્વરૂપને તથા ત્યાગના સ્વરૂપને સાત્ત્વિક, રાજસ તથા તામસ એવી રીતના ભેદથી ભિન્ન ભિન્ન જાણવાને હું ઇચ્છું છું. ૧

શ્રીભગવાન્ પૂર્વોક્ત પ્રશ્નનું ઉત્તર કહે છે:—

काम्यानां कर्मणां न्यासं, संन्यासं कवयो विदुः।
सर्वकर्मफलत्यागं, प्राहुस्त्यागं विचक्षणाः ॥२॥

પ૦ ત૦ પ૦:—**श्रीभगवान्** શ્રીભગવાન્ **उवाच** બોલ્યા ॥ **काम्यानाम्** કામ્ય **कर्मणाम्** કર્મોના **न्यासम्** ત્યાગને **संन्यासम्** સંન્યાસ **कवयः** વિદ્વાનો **विदुः** જાણે છે **सर्वकर्मफलत्यागम्** સર્વ કર્મોનાં ફલોના ત્યાગને **प्राहुः** કહે છે **त्यागम्** ત્યાગ **विचक्षणाः** વિચારમાં કુશલ [પુરુષો.] ૨

શ૦:—શ્રીભગવાન્ બોલ્યા:—'કામ્યકર્મોના ત્યાગને વિદ્વાનો સંન્યાસ જાણે છે, [અને] વિચારમાં કુશલ [પુરુષો] સર્વ કર્મોનાં ફલોના ત્યાગને ત્યાગ કહે છે. ૨

ટી૦:—'स्वर्गकामो यजेत' (સ્વર્ગની કામનાવાળો યજન કરે) ઇત્યાદિ વિધિવચનોએ સ્વર્ગાદિ ફલની કામનાવાળા પુરુષપ્રતિ વિધાન કરેલાં જે જ્યોતિષ્ટોમાદિક કામ્યકર્મો છે તે અંતઃકરણની શુદ્ધિમાં કાંઇ પણ ઉપયોગી થતાં નથી. એવાં કામ્યકર્મોના ત્યાગને કોઇક સૂક્ષ્મદર્શી પુરુષો સંન્યાસરૂપ જાણે છે, અને બીજા કેટલાક વિચારમાં કુશલ પુરુષો સર્વ કામ્યકર્મોનાં તથા સર્વ નિત્યકર્મોનાં ફલોના ત્યાગને ત્યાગ કહે છે. ૨

હવે કર્મોના પરિત્યાગવિષે વાદીઓના મત કહે છે:—

त्याज्यं दोषवदित्येके, कर्म प्राहुर्मनीषिणः।
यज्ञदानतपःकर्म, न त्याज्यमिति चापरे ॥३॥

પ૦ ત૦ પ૦:—**त्याज्यम्** ત્યાગ કરવાયોગ્ય [છે] **दोषवत्** દોષવાળું **इति** એમ **एके** કેટલાએક **कर्म** કર્મ **प्राहुः** કહે છે **मनीषिणः** બુદ્ધિમાન્ **यज्ञदानतपःकर्म** યજ્ઞ દાન અને તપરૂપ કર્મ **न** નથી **त्याज्यम्** ત્યાગ કરવાયોગ્ય **इति** એમ **च** અને **अपरे** બીજા [બુદ્ધિમાન્ પુરુષો કહે છે.] ૩

શ૦:—દોષવાળું કર્મ ત્યાગ કરવાયોગ્ય [છે] એમ કેટલાએક બુદ્ધિમાન્ [પુરુષો] કહે છે, અને યજ્ઞ, દાન અને તપરૂપ કર્મ ત્યાગ કરવાયોગ્ય નથી એમ બીજા [કેટલાએક બુદ્ધિમાન્ પુરુષો કહે છે.] ૩

ટી૦:—નિત્ય, નૈમિત્તિક, કામ્ય ને પ્રાયશ્ચિત્ત ઇત્યાદિક સર્વે કર્મો પુરુષને બંધના હેતુરૂપ હોવાથી દોષવાળાં છે માટે એ સર્વ કર્મો અધિકારી પુરુષે પરિત્યાગ કરવાયોગ્ય છે એમ કેટલાક બુદ્ધિમાન્ પુરુષો—સાંખ્યવાદીઓ—કહે છે, અને યજ્ઞ, દાન અને તપરૂપ કર્મ અધિકારી પુરુષે પરિત્યાગ કરવાયોગ્ય નથી એમ બીજા બુદ્ધિમાન્ પુરુષો—પૂર્વમીમાંસકો—કહે છે. ૩

હવે એ વિષયમાં પોતાના નિશ્ચયને નીચેના ત્રણ શ્લોકોથી કહે છેઃ—

निश्चयं शृणु मे तत्र, त्यागे भरतसत्तम ।
त्यागो हि पुरुषव्याघ्र, त्रिविधः संप्रकीर्तितः ॥४॥

પ૦ ત૦ પ૦:—**निश्चयम्** નિશ્ચયને **शृणु** સાંભળો **मे** મારા **तत्र** ત્યાં—તે **त्यागे** ત્યાગમાં **भरतसत्तम** હે ભરતકુલમાં શ્રેષ્ઠ !—હે અર્જુન ! **त्यागः** ત્યાગ **हि** નિશ્ચય **पुरुषव्याघ्र** હે પુરુષવ્યાઘ્ર !—હે પુરુષોમાં વાઘજેવા પરાક્રમી ! **त्रिविधः** ત્રણ પ્રકારનો **संप्रकीर्तितः** કહેલો [છે.] ૪

શ૦:—હે ભરતસત્તમ !—હે અર્જુન ! તે ત્યાગમાં મારા નિશ્ચયને સાંભળો. હે પુરુષવ્યાઘ્ર ! નિશ્ચય ત્યાગ ત્રણ પ્રકારનો કહેલો છે. ૪

ટી૦:—ત્રણ પ્રકારનો—સાત્ત્વિક, રાજસ ને તામસ એ ત્રણ પ્રકારનો. ભરતસત્તમ—શરીરને નિયમમાં રાખનારમાં શ્રેષ્ઠ—અંદવિરાગ. પુરુષવ્યાઘ્ર—શરીરરૂપ પુરીમાં રહેનારામાં પરાક્રમી—અંદવિરાગ. ૪

यज्ञदानतपःकर्म, न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव, पावनानि मनीषिणाम् ॥५॥

પ૦ ત૦ પ૦:—**यज्ञदानतपःकर्म** યજ્ઞ દાન ને તપરૂપ કર્મ **न** નથી **त्याज्यम्** ત્યજવાયોગ્ય **कार्यम्** કરવાયોગ્ય **एव** જ **तत्** તે **यज्ञः** યજ્ઞ **दानम्** દાન **तपः** તપ **च** કેમકે **एव** જ **पावनानि** પાવન—પવિત્ર—કરનારાં **मनीषिणाम्** બુદ્ધિમાનોને—કર્મફલની ઇચ્છારહિત પુરુષોને. ૫

શ૦:—યજ્ઞ, દાન ને તપરૂપ કર્મ ત્યજવાયોગ્ય નથી, તે કરવાયોગ્યજ [છે,] કેમકે યજ્ઞ, દાન [તથા] તપ [એ] કર્મફલની ઇચ્છારહિત પુરુષોને પવિત્ર કરનારાંજ [છે.] ૫

ટી૦:—યજ્ઞ-શ્રુતિસ્મૃતિમાં કહેલાં અગ્નિહોત્રાદિક કર્મો. ૫

જો યજ્ઞાદિ કર્મોનું ચિત્તશુદ્ધિ કરવામાં સામર્થ્ય છે તો ફલેચ્છાથી કરેલાં તે કર્મો પણ ચિત્તશુદ્ધિ કરશે માટે ફલની ઇચ્છાનો ત્યાગ કરવો વ્યર્થ છે એવી અર્જુનના મનમાં શંકા થાય તો તેના ઉત્તરમાં કહે છેઃ—

एतान्यपि तु कर्माणि, संगं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ, निश्चितं मतमुत्तमम् ॥६॥

પ૦ ત૦ પ૦:—[1]एतानि એ [2]अपि પણ [3]तु વળી [4]कर्माणि કર્મો [5]संगम् સંગને-કર્તાપણાના અભિમાનને [6]त्यक्त्वा ત્યજીને [7]फलानि ફલોને [8]च અને [9]कर्तव्यानि કરવાયોગ્ય [છે] [10]इति એમ [11]मे મારો [12]पार्थ હે પાર્થ ! [13]निश्चितम् નિશ્ચિત [14]मतम् મત [છે] [15]उत्तमम् ઉત્તમ. ૬

શ૦:—હે પાર્થ ! વળી એ કર્મો પણ કર્તાપણાના અભિમાનને અને ફલોને ત્યજીને કરવાયોગ્ય [છે] એમ મારો ઉત્તમ નિશ્ચિત મત [છે.] ૬

ટી૦:—एतान्यपि तु એમાં રહેલો તુશબ્દ પૂર્વોક્ત શંકાનું નિવારણ કરવામાટે છે. જોકે કામ્યકર્મ પણ પોતાના ધર્મસ્વભાવથી પુરુષના અંતઃકરણની શુદ્ધિ કરે છે, પરંતુ તે શુદ્ધિ કામ્યકર્મોના સુખરૂપ ફલના ભોગમાંજ ઉપયોગી થાય છે, આત્મજ્ઞાનમાં તે કાંઈ પણ ઉપયોગી થતી નથી, અને યજ્ઞ, દાન ને તપાદિક કર્મ આત્મજ્ઞાનમાં ઉપયોગી અંતઃકરણની શુદ્ધિને કરે છે. તે કર્મો સ્વર્ગાદિ ફલની ઇચ્છાએ કરવાથી કર્તૃત્વભોક્તૃત્વરૂપ બંધના હેતુરૂપ છતાં પણ ફલેચ્છાનો ત્યાગ કરીને કરેલાં તે કર્મો બંધના હેતુરૂપ થતાં નથી માટે મુમુક્ષુએ ફલેચ્છાપૂર્વક તે કર્મો કરવાં નહિ, કિંતુ કર્તાપણાના અભિમાનનો તથા ફલેચ્છાનો ત્યાગ કરીને તે કર્મો પોતાના અંતઃકરણની શુદ્ધિમાટે કરવાં એવો મારો શ્રેષ્ઠ અને નિશ્ચિત મત છે. ૬

ત્રણ પ્રકારના ત્યાગમાં પ્રથમ તામસત્યાગનું સ્વરૂપ કહે છેઃ—

नियतस्य तु संन्यासः, कर्मणो नोपपद्यते ।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥७॥

પ૦ ૭૦ પ૦:—**नियतस्य** નક્કી કરેલા-નિત્ય **तु** વળી **संन्यासः** ત્યાગ **कर्मणः** કર્મનો **न** નથી **उपपद्यते** સંભવતો **मोहात्** મોહથી **तस्य** તેનો **परित्यागः** પરિત્યાગ **तामसः** તામસ **परिकीर्तितः** કહેલો [છે.]૭

શ૦:—વળી નિત્યકર્મનો ત્યાગ સંભવતો નથી. તેનો મોહથી [જે] પરિત્યાગ [તે પરિત્યાગ] તામસ કહેલો [છે.] ૭

ટી૦:—કામ્યકર્મો બંધન કરનારાં હોવાથી દોષવાળાં છે માટે તેનો ત્યાગ મુમુક્ષુએ કરવો એ વાત તો શાસ્ત્ર અને યુક્તિથી સંભવિત છે, પરંતુ શ્રુતિ તથા સ્મૃતિએ વિધાન કરેલાં સંધ્યાવંદન તથા અગ્નિહોત્રાદિક નિત્યકર્મ કે જે અંતઃકરણની શુદ્ધિ કરનારાં હોવાથી દોષરહિત છે તેનો મુમુક્ષુએ ત્યાગ કરવો એ વાત શાસ્ત્રથી તથા યુક્તિથી સંભવતી નથી માટે મુમુક્ષુએ તો તે નિત્યકર્મોનું ચિત્તની શુદ્ધિમાટે અવશ્ય અનુષ્ઠાન કરવું. તે નિત્યકર્મોમાં નિષિદ્ધપણાની, અનર્થના હેતુપણાની, અધર્મપણાની તથા અનુષ્ઠાન કરવાના અયોગ્યપણાની ભ્રાંતિ લાવી તે અવિવેકથી તેનો ત્યાગ કરવો તે ત્યાગ તામસ કહેવાય છે. ૭

હવે રાજસત્યાગના સ્વરૂપને કહે છેઃ—

दुःखमित्येव यत्कर्म, कायक्लेशभयात्त्यजेत् ।
स कृत्वा राजसं त्यागं, नैव त्यागफलं लभेत् ॥८॥

પ૦ ૭૦ પ૦:—**दुःखम्** દુઃખરૂપ **इति** એમ [માનીને] **एव** જ **यत्** જે **कर्म** કર્મનો **कायक्लेशभयात्** શરીરના ક્લેશના ભયથી **त्यजेत्** ત્યાગ કરે **सः** તે **कृत्वा** કરીને **राजसम्** રાજસ **त्यागम्**-ત્યાગને **न** નહિ **एव** કદીપણ **त्यागफलम्** ત્યાગના ફલને **लभेत्** પામે. ૮

શ૦:—[આ કર્મ] દુઃખરૂપજ [છે] એમ [માનીને] શરીરના ક્લેશના ભયથી કર્મનો ત્યાગ કરે [એવો] જે [ત્યાગ છે તે ત્યાગ રાજસ છે, એવા] રાજસત્યાગને કરીને

તે [પુરુષ] ત્યાગના [આત્મજ્ઞાનરૂપ] ફલને કદીપણ પામે નહિ. ૮

ટી૦:—કર્મ–સંધ્યાવંદન તથા અગ્નિહોત્રાદિ શાસ્ત્રોક્ત નિત્યકર્મ. ત્યાગના ફલને–સાત્વિકત્યાગના જ્ઞાનનિષ્ઠારૂપ ફલને. ૮

સાત્વિકત્યાગના સ્વરૂપને કહે છેઃ—

कार्यमित्येव यत्कर्म, नियतं क्रियतेऽर्जुन ।

संगं त्यक्त्वा फलं चैव, स त्यागः सात्त्विको मतः ॥९॥

૫૦ ત૦ ૫૦:—**कार्यम्** કરવાયોગ્ય **इति** એ પ્રમાણે [માનીને] **एव** જ **यत्** જે **कर्म** કર્મ **नियतम्** નક્કી કરેલું–નિત્ય **क्रियते** કરાય છે **अर्जुन** હે અર્જુન ! **संगम्** સંગને **त्यक्त्वा** ત્યજીને **फलम्** ફલને **च** તથા **एव** જ **सः** તે **त्यागः** ત્યાગ **सात्त्विकः** સાત્વિક **मतः** માનેલો [છે.] ૯

શા૦:—હે અર્જુન ! કરવાયોગ્યજ [છે] એ પ્રમાણે [માનીને] જે નિત્યકર્મ સંગને (કર્તાપણાના અભિમાનને) તથા [કર્મ]ફલને ત્યજીનેજ કરાય છે તે ત્યાગ સાત્વિક માનેલો [છે.] ૯

ટી૦:—'अहरहः संध्यामुपासीत' (નિત્ય નિત્ય સંધ્યાની ઉપાસના કરે) ઇત્યાદિ વચનોથી વેદભગવાને સંધ્યાવંદનાદિ નિત્યકર્મોનું વિધાન કર્યું છે માટે તે નિત્યકર્મો અમારે અવશ્ય કરવાયોગ્ય છે એવી રીતનો નિશ્ચય કરીને તે નિત્યકર્મને કર્તાપણાનું અભિમાન ત્યજીને તથા સ્વર્ગાદિ ફલની ઇચ્છા ત્યજીને અંતઃકરણની શુદ્ધિપર્યંત કરાય છે તે ત્યાગ શિષ્ટપુરુષોએ સાત્વિક માન્યો છે. ૯

એ સાત્વિકત્યાગથી ચિત્તશુદ્ધિદ્વારા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે એમ કહે છેઃ—

न द्वेष्ट्यकुशलं कर्म, कुशले नानुषज्जते ।

त्यागी सत्त्वसमाविष्टो, मेधावी छिन्नसंशयः ॥१०॥

૫૦ ત૦ ૫૦:—**न** નથી **द्वेष्टि** દ્વેષ કરતો **अकुशलम्** અશોભન–કામ્ય તથા નિષિદ્ધ **कर्म** કર્મનો **कुशले** શોભન[કર્મ]માં–નિત્યકર્મમાં **न** નથી **अनुषज्जते** પ્રીતિ કરતો **त्यागी** ત્યાગી **सत्त्वसमाविष्टः** સત્ત્વ-

ગુણવડે સારી રીતે વ્યાપ્ત [થાય છે] **મેધાવી** તત્ત્વજ્ઞાનવાળો **છિન્નસંશયઃ** સંશયો જેના છેદાઇ ગયા છે એવો [થાય છે.] ૧૦

શ૦:—[સાત્ત્વિક] ત્યાગી [જ્યારે] સત્ત્વગુણવડે સારી રીતે વ્યાપ્ત [થાય છે ત્યારે તે] તત્ત્વજ્ઞાનવાળો [તથા] સંશયો જેના છેદાઈ ગયા છે એવો [થાય છે. પછી તે] અશોભન કર્મનો દ્વેષ કરતો નથી, [અને] શોભન[કર્મ]માં પ્રીતિ કરતો નથી. ૧૦

ટી૦:—કર્તાપણાના અભિમાનનો તથા સ્વર્ગાદિ ફલની ઇચ્છાનો પરિત્યાગ કરીને અંતઃકરણની શુદ્ધિમાટે વેદવિહિત નિત્યકર્મોનું અનુષ્ઠાન કરનારો એવો સાત્ત્વિક ત્યાગી જ્યારે પોતાના અંતઃકરણમાં રહેલા રજસ્તમોગુણને દબાવી દેનારા પ્રકાશક સત્ત્વગુણથી સારી રીતે વ્યાપ્ત થાય છે ત્યારે તે આત્મજ્ઞાનવાળો થાય છે, તથા અવિદ્યાની નિવૃત્તિ થવાથી તેવડે ઉપજતા સર્વે સંશયો તેના અંતઃકરણમાંથી તે સમયમાં દૂર થઇ જાય છે. પછી કૃતાર્થ થયેલો તે આત્મજ્ઞાની અજ્ઞાની પુરુષોને બંધન કરનારાં કામ્ય તથા નિષિદ્ધ કર્મોને તે આત્મામાં કલ્પિત હોવાથી પ્રતિકૂલરૂપે માનતો નથી, અને અંતઃકરણની શુદ્ધિદ્વારા આત્મજ્ઞાન ઉપજાવનારાં નિત્યકર્મોમાં તે કર્મો પણ આત્મામાં કલ્પિત હોવાથી પ્રીતિ કરતો નથી. ૧૦

હવે દેહાદિમાં હુંપણાની બુદ્ધિ રાખનારા અજ્ઞાનીઓમાં સર્વ કર્મોનો પરિત્યાગ સંભવતો નથી એમ કહે છે:—

न हि देहभृता शक्यं, त्यक्तुं कर्माण्यशेषतः ।
यस्तु कर्मफलत्यागी, स त्यागीत्यभिधीयते ॥११॥

પ૦ ત૦ પ૦—**न** નથી **हि** નિશ્ચય **देहभृता** દેહાભિમાનીથી **शक्यम्** શક્ય **त्यक्तुम्** ત્યાગ કરવો **कर्माणि** કર્મોનો **अशेषतः** અવશેષ ન રહે-કાંઈ બાકી ન રહે-એવી રીતે **यः** જે **तु** માટે **कर्मफलत्यागी** કર્મોનાં ફલોનો ત્યાગ કરનારો **सः** તે **त्यागी** ત્યાગી **इति** એમ **अभिधीयते** કહેવાય છે. ૧૧

શ૦:—નિશ્ચય દેહાભિમાનીથી અવશેષ ન રહે એવી રીતે કર્મોનો ત્યાગ કરવો [એ] શક્ય નથી માટે જે કર્મોનાં

ફ્લોનો ત્યાગ કરનારો [છે] તે ત્યાગી એમ કહેવાય છે. ૧૧

ટી૦:—જડચેતનના વિવેકજ્ઞાનથી રહિત દેહાભિમાની (અસત્ય તથા આત્માથી ભિન્ન શરીરને સત્ય તથા આત્માથી અભિન્ન માની તેનું ધારણ તથા પોષણ કરનાર) પુરુષથી તત્ત્વવેત્તાઓની પેઠે સર્વ કર્મોનો નિઃશેષ ત્યાગ થઈ શકતો નથી માટે જે અજ્ઞાની પુરુષ પોતાના અંતઃકરણની શુદ્ધિમાટે કર્મોને કરતો છતો પણ તે કર્મોનાં ફ્લોનો પરિત્યાગ કરે છે તે પુરુષ પણ ત્યાગી એ નામથી કહેવાય છે. મૂલમાં જે તુશબ્દ છે તે આવો પુરુષ પણ દુર્લભ છે એમ સૂચવે છે. ૧૧.

ગૌણસંન્યાસીથી મુખ્યસંન્યાસીમાં શું વિશેષપણું છે તે કહે છેઃ—

अनिष्टमिष्टं मिश्रं च, त्रिविधं कर्मणः फलम् ।
भवत्यत्यागिनां प्रेत्य, न तु संन्यासिनां क्वचित् ॥१२॥

પ૦ ત૦ પ૦:—**अनिष्टम्** અનિષ્ટ-નહિ ઇચ્છેલું-નઠારું **इष्टम्** ઇષ્ટ-ઇચ્છેલું-સારું **मिश्रम्** મિશ્ર-સારુંનરસું એકઠું **च** અને **त्रिविधम्** [આ] ત્રણ પ્રકારનું **कर्मणः** કર્મનું **फलम्** ફલ **भवति** થાય છે **अत्यागिनाम्** [તે] ગૌણસંન્યાસીઓને [તો] **प्रेत्य** મરણપછી **न** [પ્રાપ્ત થતું] નથી **तु** અને **संन्यासिनाम्** [મુખ્ય]સંન્યાસીઓને [તો] **क्वचित्** કદાપણ. ૧૨

શ૦:—[તે] ગૌણસંન્યાસીઓને [તો] મરણપછી કર્મનું અનિષ્ટ, ઇષ્ટ અને મિશ્ર [આ] ત્રણ પ્રકારનું ફ્લ થાય છે, અને [મુખ્ય]સંન્યાસીઓને [તો] કદીપણ [તે ત્રણ પ્રકારનું ફ્લ પ્રાપ્ત થતું] નથી. ૧૨

ટી૦:—શાસ્ત્રોક્ત કર્મોનાં સ્વર્ગાદિક ફ્લોના ત્યાગવાળો છતાં પણ કર્મોનું અનુષ્ઠાન કરનારો જે આત્મજ્ઞાનરહિત ગૌણસંન્યાસી છે તે અત્યાગી કહેવાય છે. એવા અત્યાગીઓને આત્મજ્ઞાન પ્રાપ્ત થયેલું નહિ હોવાથી મરણપછી તેમનાં અશુભ, શુભ ને શુભાશુભ એ ત્રણ પ્રકારનાં કર્મોનું અનિષ્ટ, (પશુપક્ષી આદિનું શરીર,) ઇષ્ટ (દેવાદિકનું શરીર) અને મિશ્ર (મનુષ્યનું શરીર) આ ત્રણ પ્રકારનું ફ્લ અવશ્ય થાય છે, અને

વિધિવત્ સર્વ કર્મોનો પરિત્યાગ કરી આત્મસાક્ષાત્કારને પામેલા મુખ્ય-સંન્યાસીઓને તો પોતાના સ્થૂલશરીરના ત્યાગપછી વિદેહકૈવલ્યની પ્રાપ્તિ થાય છે; ત્રણ પ્રકારનાં કર્મોનાં શરીરગ્રહણરૂપ અનિષ્ટ, ઇષ્ટ ને મિશ્ર એ ફલો કોઇ પણ દેશમાં તથા કોઇ પણ કાલમાં તેમને પ્રાપ્ત થતાં નથી, કેમકે તેમનું આત્મસંબંધિ અજ્ઞાન તથા તેના કાર્યરૂપ સર્વ કર્મો નિવૃત્ત થઇ ગયાં છે. ૧૨

કર્મના હેતુરૂપ અધિષ્ઠાનાદિક પાંચમાં અજ્ઞાની પુરુષોને તાદાત્મ્યાભિમાન (તે આત્મા છે એવી ભ્રાંતિ) હોવાથી તેઓ કર્મોનો ત્યાગ કરી શકતા નથી એમ નીચેના ચાર શ્લોકોથી કહેવું છે તેમાં પ્રથમ તે પાંચેને જાણવાની આવશ્યકતા છે એમ નીચેના બે શ્લોકોથી કહે છેઃ—

पंचैतानि महाबाहो, कारणानि निबोध मे ।
सांख्ये कृतांते प्रोक्तानि, सिद्धये सर्वकर्मणाम् ॥१३॥

પ૦ ત૦ પ૦:—**पंच** પાંચ **एतानि** આ (હવે પછી કહેવાશે તે) **महाबाहो** હે મહાબાહો ! **कारणानि** કારણોનો **निबोध** નિશ્ચય કરો **मे** મારાથી **सांख्ये** વેદાંતશાસ્ત્રમાં **कृतांते** [સર્વ] કર્મની સમાપ્તિવાળા **प्रोक्तानि** કહેલાં [છે] **सिद्धये** સિદ્ધિમાટે **सर्वकर्मणाम्** સર્વ કર્મોની. ૧૩

શ૦:—હે મહાબાહો ! સર્વ કર્મોની સિદ્ધિમાટે આ (હવે પછી કહેવાશે તે) પાંચ કારણોનો [તમે] મારાથી નિશ્ચય કરો, [જે કારણો સર્વ] કર્મની સમાપ્તિવાળા વેદાંતશાસ્ત્રમાં કહેલાં [છે.] ૧૩

ટી૦:—કર્મોની-લૌકિકવૈદિક ક્રિયાઓની. સાંખ્ય-જ્ઞાનનાં સાધનો જે શ્રવણમનનાદિ તે જેમાં સમ્યક્ પ્રકારે કહ્યાં છે તે–વેદાંત. કોઇ પુસ્તકોમાં पंचैतानि ને સ્થલે पंचेमानि એવો પાઠ પણ હોય છે, તે બંનેનો અર્થ એકજ છે. ૧૩

अधिष्ठानं तथा कर्ता, करणं च पृथग्विधम् ।
विविधाश्च पृथक् चेष्टा, दैवं चैवात्र पंचमम् ॥१४॥

પ૦ ત૦ પ૦:—अधिष्ठानम् અધિષ્ઠાન तथा તથા कर्ता કર્તા करणम् કરણ च અને पृथग्विधम् નાનાપ્રકારનું विविधाः નાનાપ્રકારની च તથા पृथक् ભિન્ન [ભિન્ન] चेष्टाः ચેષ્ટાઓ दैवम् દેવ च તેમ एव જ अत्र અહિં—એ કારણોમાં पञ्चमम् પાંચમું. ૧૪

શ૦:—અધિષ્ઠાન તથા કર્તા અને નાનાપ્રકારનું કરણ તથા નાનાપ્રકારની ભિન્ન [ભિન્ન] ચેષ્ટાઓ તેમજ એ કારણો-માં પાંચમું દેવ [આ પાંચે કર્મોનાં કારણો છે.] ૧૪

ટી૦:—અધિષ્ઠાન=ઇચ્છા, દ્વેષ, સુખ ને દુઃખ ઇત્યાદિ ધર્મોની પ્રકટતાના આશ્રયરૂપ ને પંચીકૃત પાંચ ભૂતોના કાર્યરૂપ સ્થૂલશરીર. કર્તા—અહંકાર—હું કર્તા છું એવી રીતના અભિમાનવાળું તથા જ્ઞાનશક્તિપ્રધાન અપંચીકૃત પાંચ મહાભૂતોના કાર્યરૂપ અંતઃકરણ. કરણ—અપંચીકૃત પાંચ મહાભૂતોથી ઉપજેલ તથા શબ્દાદિક વિષયોની ઉપલબ્ધિના (જ્ઞાનના) સાધનરૂપ શ્રોત્રાદિ ઇંદ્રિય. નાનાપ્રકારનું કરણ—પાંચ જ્ઞાનેંદ્રિયો, પાંચ કર્મેંદ્રિયો, મન ને બુદ્ધિ એ બાર પ્રકારનું કરણ. મન ને બુદ્ધિ એ અહંકારરૂપ કર્તાની વૃત્તિવિશેષ સમજવી. નાનાપ્રકારની ભિન્ન ભિન્ન ચેષ્ટાઓ—પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન ને સમાન [નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત ને ધનંજય એ પાંચને તેમની અંતરજ ગણવા.] એ પાંચ પ્રકારના પ્રાણની સ્થાનના ભેદથી તથા કર્મના ભેદથી ભિન્ન ભિન્ન ક્રિયાઓ; ટુંકામાં ચેષ્ટાઓ એટલે ક્રિયારૂપ પ્રાણાદિક, ને તેના પાંચ પ્રકાર તે સ્થાનના ભેદથી તથા કર્મના ભેદથી તેમનું ભિન્નપણું. દેવ—અધિષ્ઠાન, કર્તા, બાર કરણ તથા પાંચ પ્રાણ એ સર્વેપર યથાનુક્રમથી અનુગ્રહ કરનારા દેવો. સ્થૂલશરીરના દેવ પૃથ્વી ને અહંકારના દેવ રુદ્ર છે. શ્રોત્રના દિક્, (દિશા,) ત્વચાના વાયુ, ચક્ષુના સૂર્ય, રસનાના વરુણ, ઘ્રાણના અશ્વિનીકુમાર, વાણીના અગ્નિ, હાથના ઇંદ્ર, પગના ઉપેંદ્ર, પાયુના યમ, ઉપસ્થના પ્રજાપતિ, મનના ચંદ્ર, બુદ્ધિના બૃહસ્પતિ, [કોઈ સ્થલે બુદ્ધિના દેવ બ્રહ્મા પણ કહ્યા છે.] પ્રાણના સદ્યોજાત, અપાનના વામદેવ, વ્યાનના અઘોર, ઉદાનના તત્પુરુષ ને સમાનના ઈશાન એ દેવો છે. એ અધિષ્ઠાનાદિક પાંચે આત્માથી ભિન્ન છે. ૧૪

તે પાંચેમાં સર્વે કર્મોના કારણપણાને કહે છેઃ—

शरीरवाङ्मनोभिर्यत्, कर्म प्रारभते नरः ।
न्याय्यं वा विपरीतं वा, पंचैते तस्य हेतवः ॥१५॥

પ૦ ત૦ પ૦:—शरीरवाङ्मनोभिः શરીર વાણી અને મન વડે यत् જે कर्म કર્મનો प्रारभते પ્રારંભ કરે છે नरः પુરુષ न्याय्यम् ધર્મરૂપ वा અથવા विपरीतम् અધર્મરૂપ वा ચરણને પૂરું કરવામાટે છે पंच પાંચ एते એ तस्य તેના हेतवः હેતુઓ–કારણો. ૧૫

શ૦:—પુરુષ શરીર, વાણી અને મનવડે જે ધર્મરૂપ અથવા અધર્મરૂપ કર્મનો પ્રારંભ કરે છે તેના એ પાંચ હેતુઓ [છે.] ૧૫

ટી૦:—ધર્મરૂપ–સંધ્યાવંદન તથા અગ્નિહોત્રાદિક. અધર્મરૂપ–હિંસાદિક. શ્વાસ, પ્રશ્વાસ, નિમેષ, ઉન્મેષ, છીંક ને બગાસું ઇત્યાદિ જે પ્રાણાદિનાં સ્વાભાવિક કર્મો છે તે ઉપરનાં બન્ને કર્મોની અંતર્ભૂત ગણવાં. શાસ્ત્રના તથા શાસ્ત્રોક્ત કર્મના મનુષ્યજ અધિકારી છે માટે મૂલમાં नरः એવો મનુષ્યવાચક શબ્દ મુકયો છે. હેતુઓ–કારણો. ૧૫

આત્માને અકર્તા જાણવો એ અધિષ્ઠાનાદિના નિરૂપણનું ફલ છે, તે ફલને આત્માને કર્તા માનનારા મૂઢપુરુષોની નિંદાપૂર્વક કહે છેઃ—

तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः ।
पश्यत्यकृतबुद्धित्वान्, न स पश्यति दुर्मतिः ॥१६॥

પ૦ ત૦ પ૦:—तत्र ત્યાં–તે સર્વકર્મમાં एवम् એમ सति છતાં कर्तारम् કર્તા आत्मानम् આત્માને केवलम् કેવલ तु જ यः જે पश्यति દેખે છે अकृतबुद्धित्वात् શાસ્ત્રજન્ય વિવેકબુદ્ધિથી રહિત હોવાથી न નથી सः તે पश्यति દેખતો दुर्मतिः મલિન બુદ્ધિવાળો. ૧૬

શ૦:—તે સર્વકર્મમાં એમ છતાં જે કેવલજ આત્માને કર્તા દેખે છે તે મલિન બુદ્ધિવાળો [પુરુષ] શાસ્ત્રજન્ય વિવેકબુદ્ધિથી રહિત હોવાથી દેખતો નથી. ૧૬

ટી૦:—પૂર્વોક્ત ધર્માધર્મરૂપ સર્વકર્મોમાં પ્રથમ કહેલાં અધિષ્ઠાનાદિક પાંચજ કારણ (કર્તા) છતાં પણ જે પુરુષ અસંગ તથા ઉદાસીન એવા

આત્માનેજ કર્તા દેખે છે તે પાપકર્મેથી અશુદ્ધ બુદ્ધિવાળો પુરુષ ગુરુ-શાસ્ત્રના ઉપદેશથી ઉત્પન્ન થતી આત્મસાક્ષાત્કારરૂપ વિવેકબુદ્ધિથી રહિત હોવાથી દેખતો નથી, જેમ દોરડીમાં સર્પ દેખનારો ભ્રાંતપુરુષ દેખતાં છતાં પણ વાસ્તવિક દેખતો નથી તેમ. ૧૬

મુખ્ય સંન્યાસીને ત્રણ પ્રકારનાં કર્મોનું ફલ પ્રાપ્ત થતું એમ પૂર્વે કહ્યું છે તેનું હવે વિશેષ સ્પષ્ટીકરણ કરે છે:—

यस्य नाहंकृतो भावो, बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वाऽपि स इमाँल्लोकान्, न हंति न निबध्यते ॥१७॥

પ૦ ત૦ પ૦:—**यस्य** જેને **न** નથી **अहंकृतः** 'હું કર્તા છું' એવી રીતની **भावः** વૃત્તિ **बुद्धिः** બુદ્ધિ **यस्य** જેની **न** નથી **लिप्यते** લેપાતી **हत्वा** હણીને **अपि** પણ **सः** તે **इमान्** આ **लोकान्** લોકોને **न** નથી **हंति** હણતો **न** નથી **निबध्यते** બંધાતો. ૧૭

શ૦:—જેને ' હું કર્તા છું ' એવી રીતની વૃત્તિ નથી, [ને] જેની બુદ્ધિ લેપાતી (હર્ષખેદવાળી થતી) નથી તે આ લોકોને હણીને પણ હણતો નથી, [તથા] બંધાતો નથી. ૧૭

ટી૦:—આત્માનો સાક્ષાત્કાર થવાથી જે વિદ્વાન્ પુરુષને ' હું કર્તા છું ' એવી રીતની વૃત્તિ નથી, તથા જે તત્ત્વવેત્તા પુરુષની બુદ્ધિ કર્તાપણા-ભોક્તાપણાની વાસનાથી રહિત હોવાથી હર્ષયુક્ત તથા પશ્ચાત્તાપયુક્ત થતી નથી એવો આત્મવિત્ પુરુષ આ સર્વ પ્રાણીઓનું હનન કરીને પણ તે હનનરૂપ ક્રિયાનો કર્તા થતો નથી, અને તેથી હનનરૂપ ક્રિયાના ફલરૂપ અધર્મની સાથે સંબંધ પણ પામતો નથી. આ શ્લોકના ઉત્તરાર્ધથી માત્ર તત્ત્વસાક્ષાત્કારનું માહાત્મ્યજ કહ્યું છે, કેમકે સર્વાત્મદર્શી મહાત્મા પુરુષમાં સર્વ પ્રાણીઓનું હનન કરવાની ઇચ્છાનોજ અભાવ છે, તો તેનાથી હનન-રૂપ કાર્ય થાયજ ક્યાંથી? જો આત્મજ્ઞાનવાળા ક્ષત્રિયને ધર્મયુદ્ધ પ્રાપ્ત થાય, ને તેમાં તેનાથી હિંસા થાય તો તેને બંધની પ્રાપ્તિ થાય નહિ એટલુંજ એ વચનોથી સમજવાનું છે. ૧૭

હવે અધિષ્ઠાનાદિના કર્તાપણાને તથા આત્માના અકર્તા-પણાને જ્ઞાનજ્ઞેયાદિક પ્રક્રિયાની રચનાથી તથા ત્રણ ગુણના ભેદ-ના વ્યાખ્યાનથી વર્ણવે છે:—

ज्ञानं ज्ञेयं परिज्ञाता, त्रिविधा कर्मचोदना ।
करणं कर्म कर्तेति, त्रिविधः कर्मसंग्रहः ॥१८॥

પ૦ ત૦ પ૦:—**ज्ञानम्** જ્ઞાન **ज्ञेयम्** જ્ઞેય **परिज्ञाता** પરિજ્ઞાતા **त्रिविधा** [એ] ત્રણ પ્રકારનાં **कर्मचोदना** કર્મનાં પ્રેરક [છે] **करणम्** કરણ **कर्म** કર્મ **कर्ता** કર્તા **इति** એમ—એ **त्रिविधः** ત્રણ પ્રકારનો **कर्मसंग्रहः** કર્મનો આશ્રય. ૧૮

શ૦:—જ્ઞાન, જ્ઞેય [ને] પરિજ્ઞાતા [એ] ત્રણ પ્રકારનાં કર્મનાં પ્રેરક [છે, ને] કરણ, કર્મ [તથા] કર્તા એ ત્રણ પ્રકારનો કર્મનો આશ્રય [છે.] ૧૮

ટી૦:—જ્ઞાન-વસ્તુના યથાર્થ સ્વરૂપનો પ્રકાશ કરનાર અંતઃકરણની વૃત્તિ-પ્રત્યક્ષાદિ પ્રમાણોથી ઉપજતી ઘટાદિક વિષયોના પ્રકાશરૂપ અંતઃકરણની ક્રિયા. જ્ઞેય-જ્ઞાનરૂપ ક્રિયાના કર્મરૂપ ઘટાદિ પદાર્થ. પરિજ્ઞાતા-ભોક્તા. એ ત્રણે સમુચ્ચયભાવને પામીનેજ ઇષ્ટ તથા અનિષ્ટરૂપ સર્વે કર્મોનો આરંભ કરે છે. કરણ-જેના વ્યાપારપછી ક્રિયાની સિદ્ધિ થાય છે તે. તે કરણ બે પ્રકારનું છે, તેમાં શ્રોત્રાદિક દશ ઇંદ્રિયો એ બાહ્યકરણ છે, ને મનબુદ્ધિ એ અંતઃકરણ છે. કર્મ-કર્તા પુરુષને ક્રિયા કરીને પ્રાપ્ત થવાને ઇષ્ટ જે કારક છે તે. કર્તા-સર્વકારકોનો પ્રયોજક-જડચેતનની ગ્રંથિ-અસ્મિતા (આત્મા ને અંતઃકરણના એકપણાનો ભાવ) એ ત્રણે સમુચ્ચયભાવને પામીને કર્મનો આશ્રય છે. આ શ્લોકનું તાત્પર્ય આ પ્રમાણે છે:—કર્મનાં પ્રેરક તથા કર્મનો આશ્રય કારકરૂપ તથા ત્રિગુણાત્મક હોય છે, અને આ આત્મા તો કારકભાવથી રહિત છે, તથા ત્રણ ગુણોથી પણ રહિત છે માટે સિદ્ધ થાય છે કે આ આત્મા સર્વ કર્મોના સ્પર્શથી રહિત છે. ૧૮

એ બંને ત્રિકોમાં ત્રિગુણરૂપતાની પ્રતિજ્ઞા કરે છે:—

ज्ञानं कर्म च कर्ता च, त्रिधैव गुणभेदतः ।
प्रोच्यते गुणसंख्याने, यथावच्छृणु तान्यपि ॥१९॥

પ૦ ત૦ પ૦:—**ज्ञानम्** જ્ઞાન **कर्म** કર્મ **च** અને **कर्ता** કર્તા **च** તથા **त्रिधा** ત્રણ પ્રકારનાં **एव** જ **गुणभेदतः** ગુણભેદે કરીને **प्रोच्यते**

કહેવાય છે **गुणसंख्याने** સાંખ્યશાસ્ત્રમાં **यथावत्** યથાવત્-બરાબર **शृणु** સાંભળો **तानि** તેઓને **अपि** પણ. ૧૯

શ૦:—સાંખ્યશાસ્ત્રમાં જ્ઞાન અને કર્મ તથા કર્તા [એ] ગુણભેદે કરીને ત્રણ પ્રકારનાંજ કહેવાય છે, તેઓને પણ [તમે મારાથી] યથાવત્ સાંભળો. ૧૯

ટી૦:—સાંખ્યશાસ્ત્રમાં—મહામુનિ કપિલદેવપ્રણીત તત્ત્વોની ગણના સમજાવનારા શાસ્ત્રમાં. જ્ઞાન—ગયા શ્લોકમાં કહેલાં જ્ઞાન તથા જ્ઞેય. કર્મ—યજ્ઞાદિરૂપ ક્રિયા. **कर्म च** એમાંના ચકારવડે પૂર્વોક્ત કર્મ તથા કરણ એ બન્ને કારકોનો પણ આ કર્મ(ક્રિયા)માંજ અંતર્ભાવ સમજવો. કર્તા-ક્રિયાનો ઉત્પાદક. **कर्ता च** એમાંના ચકારવડે પૂર્વોક્ત પરિજ્ઞાતાનો પણ એમાંજ સમાવેશ કરવો. ગુણભેદે-સત્ત્વ, રજસ્ ને તમસ્ એ ત્રણ ગુણોના ભેદથી. તેઓને-જ્ઞાનાદિકને તથા તેઓના ભેદને. ૧૯

હવે જ્ઞાનના ત્રિવિધપણાને ત્રણ શ્લોકોથી કહે છે, તેમાં પ્રથમ નીચેના શ્લોકથી સાત્ત્વિકજ્ઞાનના સ્વરૂપને વર્ણવે છેઃ—

सर्वभूतेषु येनैकं, भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु, तज्ज्ञानं विद्धि सात्त्विकम् ॥२०॥

પ૦ ત૦ પ૦:—**सर्वभूतेषु** સર્વભૂતોમાં **येन** જેવડે **एकम्** એક **भावम्** [સત્તારૂપ] ભાવને **अव्ययम्** અવ્યય **ईक्षते** જુએ છે **अविभक्तम्** સર્વત્ર વ્યાપક **विभक्तेषु** પરસ્પર ભેદવાળાં **तत्** તે **ज्ञानम्** જ્ઞાનને **विद्धि** જાણો **सात्त्विकम्** સાત્ત્વિક. ૨૦

શ૦:—પરસ્પર ભેદવાળાં સર્વભૂતોમાં સર્વત્ર વ્યાપક એક અવ્યય [સત્તારૂપ] ભાવને જેવડે જુએ છે તે જ્ઞાનને સાત્ત્વિક જાણો. ૨૦

ટી૦:—ભિન્ન ભિન્ન નામરૂપવડે એકબીજાથી ભિન્ન જણાતાં ઉત્પત્તિ-નાશવાળાં સર્વભૂતોમાં સર્વત્ર વ્યાપક, એક—સજાતીય વિજાતીય ને સ્વગત એ ત્રણ પ્રકારના ભેદથી રહિત—અને ઉત્પત્તિવિનાશાદિ સર્વવિકારોથી રહિત એવા સત્તારૂપ ભાવનો જે જ્ઞાનવડે અધિકારી પુરુષ સાક્ષાત્કાર કરે છે તે જ્ઞાનને-તે મિથ્યાપ્રપંચનો બાધ કરનાર આત્મજ્ઞાનને-તું સાત્ત્વિક જાણ. ૨૦

હવે રાજસજ્ઞાનના સ્વરૂપનું નિરૂપણ કરે છે:—

पृथक्त्वेन तु यज्ज्ञानं, नानाभावान्पृथग्विधान्।
वेत्ति सर्वेषु भूतेषु, तज्ज्ञानं विद्धि राजसम् ॥२१॥

૫૦ ૮૦ ૫૦:—**પૃથક્ત્વેન** પરસ્પર ભેદવડે [રહેલાં] **તુ** વળી **યત્** જે **જ્ઞાનમ્** જ્ઞાન **નાનાભાવાન્** ઘણા આત્માઓને **પૃથગ્વિધાન્** પૃથક્ જાતના–પરસ્પર વિલક્ષણ **વેત્તિ** જાણે છે **સર્વેષુ** સર્વ **ભૂતેષુ** ભૂતોમાં **તત્** તે **જ્ઞાનમ્** જ્ઞાનને **વિદ્ધિ** જાણો **રાજસમ્** રાજસ. ૨૧

શ૦:—વળી પરસ્પર ભેદવડે [રહેલાં] સર્વે ભૂતોમાં પરસ્પર વિલક્ષણ ઘણા આત્માઓને જે જ્ઞાન જાણે છે તે જ્ઞાનને રાજસ જાણો. ૨૧

ટી૦:—તુ એ શબ્દ સાત્ત્વિકજ્ઞાનથી આ રાજસજ્ઞાનનું વિલક્ષણપણું સૂચવે છે. પરસ્પર વિલક્ષણ–સુખીપણું તથા દુઃખીપણું આદિ રૂપથી એક-બીજાથી ભિન્ન પડતા. ૨૧

તામસજ્ઞાનના સ્વરૂપને કહે છે:—

यत्तु कृत्स्नवदेकस्मिन्, कार्ये सक्तमहैतुकम्।
अतत्त्वार्थवदल्पं च, तत्तामसमुदाहृतम् ॥ २२ ॥

૫૦ ૮૦ ૫૦:—**યત્** જે [જ્ઞાન] **તુ** વળી **કૃત્સ્નવત્** પરિપૂર્ણ-[અર્થ]ની પેઠે **એકસ્મિન્** એક–કોઈક **કાર્યે** કાર્યમાં **સક્તમ્** અભિ-નિવેશવાળું **અહૈતુકમ્** યુક્તિવિનાનું **અતત્ત્વાર્થવત્** પરમાર્થરૂપ આલંબનથી રહિત **અલ્પમ્** અલ્પ [છે] **ચ** તથા **તત્** તે [જ્ઞાન] **તામસમ્** તામસ **ઉદાહૃતમ્** કહ્યું [છે.] ૨૨

શ૦:—વળી જે [જ્ઞાન] કોઈક કાર્યમાં પરિપૂર્ણ[અર્થ]ની પેઠે અભિનિવેશવાળું, યુક્તિવિનાનું, પરમાર્થરૂપ આલંબનથી રહિત તથા અલ્પ [છે] તે [જ્ઞાન શિષ્ટપુરુષોએ] તામસ કહ્યું [છે.] ૨૨

ટી૦:—તુ એ શબ્દ પૂર્વોક્ત રાજસજ્ઞાનથી આ તામસજ્ઞાનનું વિ-લક્ષણપણું સૂચવે છે. કોઈક કાર્યમાં–પંચભૂતોમાંના કોઈ એક દેહરૂપ અથવા પ્રતિમાદિરૂપ કાર્યમાં. પરિપૂર્ણ અર્થની પેઠે અભિનિવેશવાળું–આજ

આત્મા છે, અથવા આજ ઈશ્વર છે એવા દુરાગ્રહવાળું. યુક્તિવિનાનું-વિચારવિનાનું. અલ્પ-આત્માના વ્યાપકપણાને તથા નિત્યપણાને નહિ જણાવનારું હોવાથી ક્ષુદ્ર. ૨૨

હવે કર્મનું ત્રિવિધપણું કહેવું છે માટે પ્રથમ સાત્ત્વિક-કર્મનું સ્વરૂપ કહે છેઃ—

नियतं संगरहितमरागद्वेषतः कृतम् ।
अफलप्रेप्सुना कर्म, यत्तत्सात्त्विकमुच्यते ॥२३॥

પ૦ ત૦ પ૦:—**નિયતમ્** નક્કી કરેલું-નિત્ય **સંગરહિતમ્** સંગરહિત **અરાગદ્વેષતઃ** રાગદ્વેષવિના **કૃતમ્** કરેલું-કરાય છે **અફલપ્રેપ્સુના** ફલની ઇચ્છાવિનાનાએ **કર્મ** કર્મ **યત્** જે **તત્** તે **સાત્ત્વિકમ્** સાત્ત્વિક **ઉચ્યતે** કહેવાય છે. ૨૩

શ૦:—ફલની ઇચ્છાવિનાનાએ સંગરહિત [તથા] રાગદ્વેષવિના જે નિત્યકર્મ કરાય છે તે [કર્મ] સાત્ત્વિક કહેવાય છે. ૨૩

ટી૦:—ફલની ઇચ્છારહિત નિષ્કામ પુરુષે સ્વધર્મ જાણીને કર્તાપણાના અભિમાનરહિત તથા રાજસંમાનાદિની પ્રાપ્તિ કે શત્રુના પરાજયના અભિપ્રાયવિના જે સંધ્યાવંદનાદિ નિત્યકર્મ કરાય છે તે કર્મ સાત્ત્વિક કહેવાય છે. નિયત-દ્રવ્ય, દેવતા ને મંત્રાદિ અંગોની પરિપૂર્ણતા કરવામાં અસમર્થ પુરુષને પણ પોતાના ફલની પ્રાપ્તિ અવશ્ય કરનારું-નિત્ય. ૨૩

હવે રાજસકર્મનું સ્વરૂપ કહે છેઃ—

यत्तु कामेप्सुना कर्म, साहंकारेण वा पुनः ।
क्रियते बहुलायासं, तद्राजसमुदाहृतम् ॥२४॥

પ૦ ત૦ પ૦:—**યત્** જે **તુ** વળી **કામેપ્સુના** ભોગની ઇચ્છાવાળાએ-સકામ પુરુષે **કર્મ** [કામ્ય]કર્મ **સાહંકારેણ** અહંકારવાળાએ **વા** તથા **પુનઃ** અનિયત **ક્રિયતે** કરાય છે **બહુલાયાસમ્** બહુ ક્લેશની પ્રાપ્તિ કરનારું **તત્** તે **રાજસમ્** રાજસ **ઉદાહૃતમ્** કહ્યું [છે.] ૨૪

શ૦:—વળી સકામ પુરુષે તથા અહંકારવાળાએ અનિયત [તથા] બહુ ક્લેશની પ્રાપ્તિ કરનારું જે [કામ્ય]કર્મ

કરાય છે તે રાજસ કહ્યું [છે.] ૨૪

ટી૦:—તુ એ શબ્દ પૂર્વોક્ત સાત્ત્વિકકર્મથી આ રાજસકર્મનું વિલક્ષણપણું સૂચવે છે. અનિયત-ફલની કામના રહે ત્યાંસુધી જેમાં કર્તૃત્વપણું રહે એવું. બહુ ક્લેશની પ્રાપ્તિ કરનારું-સર્વ અંગોની સંપૂર્ણતાપૂર્વક કરેલું કામ્યકર્મ ફલનો હેતુ થાય છે માટે સર્વ અંગોની સંપૂર્ણતા કરવામાં કર્તાને બહુ ક્લેશ ઉપજાવનારું. ૨૪

નીચેના શ્લોકથી તામસકર્મના સ્વરૂપને વર્ણવે છે:—

अनुबंधं क्षयं हिंसामनपेक्ष्य च पौरुषम् ।
मोहादारभ्यते कर्म, यत्तत्तामसमुच्यते ॥२५॥

પ૦ ત૦ પ૦:—**अनुबंधम्** અનુબંધને **क्षयम्** ક્ષયને **हिंसाम्** હિંસાને **अनवेक्ष्य** ન વિચારીને **च** અને **पौरुषम्** પૌરુષને **मोहात्** મોહથી **आरभ्यते** આરંભાય છે **कर्म** કર્મ **यत्** જે **तत्** તે **तामसम्** તામસ **उच्यते** કહેવાય છે. ૨૫

શ૦:—અને અનુબંધને, ક્ષયને, હિંસાને [તથા] પૌરુષને ન વિચારીને મોહથી જે કર્મ આરંભાય છે તે તામસ કહેવાય છે. ૨૫

ટી૦:—અનુબંધ—આગળ થનારું અશુભ ફલ. ક્ષય—શરીરસામર્થ્યનો તથા ધનાદિનો વિનાશ. હિંસા—પ્રાણીઓને થનારી પીડા. પૌરુષ—પોતાનું સામર્થ્ય. મોહથી—અવિવેકથી. ૨૫

હવે ત્રણ પ્રકારના કર્તાનું વર્ણન કરવાનું હોવાથી પ્રથમ સાત્ત્વિકકર્તાના સ્વરૂપને કહે છે:—

मुक्तसंगोऽनहंवादी, धृत्युत्साहसमन्वितः ।
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः, कर्ता सात्त्विक उच्यते ॥२६॥

પ૦ ત૦ પ૦:—**मुक्तसंगः** ફલની ઇચ્છારહિત **अनहंवादी** પોતાને કર્તા નહિ કહેનારો **धृत्युत्साहसमन्वितः** ધૈર્ય અને ઉત્સાહયુક્ત **सिद्ध्यसिद्ध्योः** સિદ્ધિમાં અને અસિદ્ધિમાં **निर्विकारः** વિકારરહિત [એવો] **कर्ता** કર્તા **सात्त्विकः** સાત્ત્વિક **उच्यते** કહેવાય છે. ૨૬

શ૦:—ફલની ઇચ્છારહિત, પોતાને કર્તા નહિ કહેનારો,

ધૈર્ય અને ઉત્સાહયુક્ત [તથા] સિદ્ધિમાં અને અસિદ્ધિમાં વિકારરહિત [એવો] કર્તા સાત્ત્વિક કહેવાય છે. ૨૬

ટી૦:—કર્મોનાં ફલોની ઇચ્છાથી રહિત, "હું કર્મોનો કર્તા છું" એવી રીતના અભિમાનપૂર્વક વચન નહિ ઉચ્ચારનારો, વિઘ્નાદિક પ્રાપ્ત થયા છતાં પણ આરંભ કરેલા કર્મનો પરિત્યાગ નહિ કરનારો, "આ કર્મ હું અવશ્ય સિદ્ધ કરીશ" એવી રીતની નિશ્ચયાત્મક બુદ્ધિવાળો, કરેલા કર્મના ફલની પ્રાપ્તિમાં હર્ષવડે મુખના વિકાસવિનાનો અને તે ફલની અપ્રાપ્તિમાં શોકવડે મુખના મલિનપણાવિનાનો એવો કર્તા સાત્ત્વિક કહેવાય છે. ૨૬

રાજસકર્તાના સ્વરૂપને કહે છે:—

रागी कर्मफलप्रेप्सुर्, लुब्धो हिंसात्मकोऽशुचिः ।
हर्षशोकान्वितः कर्ता, राजसः परिकीर्तितः ॥२७॥

પ૦ ત૦ પ૦:—**रागी** રાગી—કામાદિયુક્ત ચિત્તવાળો **कर्मफलप्रेप्सुः** કર્મના ફલની ઇચ્છાવાળો **लुब्धः** લોભી **हिंसात्मकः** હિંસા કરવાના સ્વભાવવાળો **अशुचिः** અપવિત્ર **हर्षशोकान्वितः** હર્ષશોકયુક્ત **कर्ता** કર્તા **राजसः** રાજસ **परिकीर्तितः** કહેલો [છે.] ૨૭

શ૦:—રાગી, કર્મના ફલની ઇચ્છાવાળો, લોભી, હિંસા કરવાના સ્વભાવવાળો, અપવિત્ર [તથા] હર્ષશોકયુક્ત [એવો] કર્તા રાજસ કહેલો [છે.] ૨૭

ટી૦:—લોભી—પારકા ધનાદિક પદાર્થોની અભિલાષા કરનારો, અથવા ધનવાન્ છતાં પણ ધર્મકર્મમાં ધનનો ઉપયોગ કરવામાં અસમર્થ. હિંસા—પોતાના અભિપ્રાયને પ્રકટ કરીને બીજાની જીવિકારૂપ વૃત્તિનું છેદન કરવું, વા કોઇ પણ પ્રાણીને નિરર્થક પીડા કરવી. અપવિત્ર—શરીરની ને મનની પવિત્રતાથી રહિત. હર્ષશોકયુક્ત—કર્મના ફલની સિદ્ધિમાં હર્ષવાળો ને તેની અસિદ્ધિમાં શોકવાળો. ૨૭

હવે તામસકર્તાનું સ્વરૂપ વર્ણવે છે:—

अयुक्तः प्राकृतः स्तब्धः, शठो नैष्कृतिकोऽलसः ।
विषादी दीर्घसूत्री च, कर्ता तामस उच्यते ॥२८॥

૫૦ ત૦ ૫૦:—अयुक्तः અયુક્ત प्राकृतः પ્રાકૃત स्तब्धः સ્તબ્ધ-અક્કડ शठः શઠ नैष्कृतिकः નૈષ્કૃતિક अलसः આળસુ विषादी વિષાદી दीर्घसूत्री દીર્ઘસૂત્રી च અને कर्ता કર્તા तामसः તામસ उच्यते કહેવાય છે. ૨૮

શ૦:—અને અયુક્ત, પ્રાકૃત, સ્તબ્ધ, શઠ, નૈષ્કૃતિક, આળસુ, વિષાદી [તથા] દીર્ઘસૂત્રી કર્તા તામસ કહેવાય છે. ૨૮

ટી૦:—અયુક્ત-નિરંતર વિષયોમાં પોતાના મનની આસક્તિથી કરવાયોગ્ય કર્મમાં મનના સાવધાનપણાથી રહિત-અસાવધ. પ્રાકૃત-મૂઢ બાળકની પેઠે શાસ્ત્રના સંસ્કારોથી રહિત બુદ્ધિવાળો-બાલિશ. સ્તબ્ધ-ગુરુ તથા દેવતા આદિ પૂજ્યની આગળ પણ નમ્રભાવથી રહિત-અનમ્ર. શઠ-બીજા પુરુષોને ઠગવામાટે એક પ્રકારની વાતને બીજે પ્રકારે કહેનારો-વંચક. નૈષ્કૃતિક-પોતાનામાં ઉપકારીપણાની ભ્રાંતિ ઉપજાવી અન્ય પુરુષોની જીવિકારૂપ વૃત્તિનું છેદન કરી પોતાનો સ્વાર્થ સાધનારો-હિતેચ્છુનું ડોળ ઘાલી પારકી વૃત્તિને છેદનારો. આળસુ-અવશ્ય કરવાયોગ્ય કર્મમાં પણ નહિ પ્રવૃત્ત થનારો. વિષાદી-અસંતોષી હોવાથી નિરંતર શોક કરવાના સ્વભાવવાળો. દીર્ઘસૂત્રી-બહુ શંકાયુક્ત ચિત્તવાળો હોવાથી અત્યંત શિથિલ પ્રવૃત્તિવાળો-એક દિવસમાં કરવાયોગ્ય કામને માસે પણ પૂરું નહિ કરનારો-કામને લંબાવવાના સ્વભાવવાળો. કોઇ પુસ્તકમાં नैष्कृतिकःને સ્થલે नैकृतिकः એવો પાઠ હોય છે, તે બંનેનો અર્થ એકજ છે. ૨૮

હવે બુદ્ધિ તથા ધૃતિ એ બેના ત્રિવિધપણાના કથનની પ્રતિજ્ઞા કરે છે:—

बुद्धेर्भेदं धृतेश्चैव, गुणतस्त्रिविधं शृणु ।
प्रोच्यमानमशेषेण, पृथक्त्वेन धनंजय ॥२९॥

૫૦ ત૦ ૫૦:—बुद्धेः બુદ્ધિના भेदं ભેદ धृतेः ધૃતિના-ધૈર્યના च અને एव જ गुणतः ગુણથી त्रिविधम् ત્રણ પ્રકારના शृणु સાંભળો प्रोच्यमानम् કહેવાતાને-કહેવાય છે તેને अशेषेण કાંઇ પણ બાકી ન રહે તેવી રીતે-સમગ્ર पृथक्त्वेन પૃથક્પણાવડે धनंजय હે ધનંજય ! ૨૯

શ૦:—હે ધનંજય ! બુદ્ધિના અને ધૃતિના ગુણથી ત્રણ પ્રકારનાજ ભેદ [થાય છે તે ભેદ મારાથી તમને]

સમગ્ર પૃથક્‌પણાવડે કહેવાય છે તેને [તમે] સાંભળો. ૨૯

ટી૦:—બુદ્ધિ-નિશ્ચયરૂપ વૃત્તિવાળું અંતઃકરણ. ધૃતિ-પ્રતિકૂલ પ્રસંગ પ્રાપ્ત થયા છતાં પણ અંતઃકરણને વ્યાકુલ ન થવા દેવાનું સામર્થ્ય-ધૈર્ય. ગુણથી-સત્ત્વ, રજસ્‌ ને તમસ્‌ એ ત્રણ ગુણોના ભેદથી. ત્રણ પ્રકારના-સાત્ત્વિક, રાજસ ને તામસ. પૃથક્‌પણાવડે-આ ગ્રહણ કરવાયોગ્ય છે, અને આ ગ્રહણ કરવાયોગ્ય નથી એવી રીતનો વિવેક કરીને. તેને-બુદ્ધિના ત્રણ પ્રકારના ભેદને તથા ધૃતિના ત્રણ પ્રકારના ભેદને. ૨૯

બુદ્ધિના ત્રિવિધપણાને કહેવાનો આરંભ કરતાં પ્રથમ સાત્ત્વિકી બુદ્ધિના સ્વરૂપને કહે છે:—

प्रवृत्तिं च निवृत्तिं च, कार्याकार्ये भयाभये ।
बंधं मोक्षं च या वेत्ति, बुद्धिः सा पार्थ सात्त्विकी ॥३०॥

પ૦ ત૦ પ૦:—**प्रवृत्तिम्** પ્રવૃત્તિને **च** અને **निवृत्तिम्** નિવૃત્તિને **च** તથા **कार्याकार्ये** કાર્યને અને અકાર્યને **भयाभये** ભયને અને અભયને **बंधम्** બંધને **मोक्षम्** મોક્ષને **च** અને **या** જે **वेत्ति** જાણે છે **बुद्धिः** બુદ્ધિ **सा** તે **पार्थ** હે પાર્થ ! **सात्त्विकी** સાત્ત્વિકી [કહેવાય છે.] ૩૦

શ૦:—હે પાર્થ ! જે બુદ્ધિ પ્રવૃત્તિને અને નિવૃત્તિને, તથા કાર્યને અને અકાર્યને, ભયને અને અભયને [તથા] બંધને અને મોક્ષને જાણે છે તે [બુદ્ધિ] સાત્ત્વિકી [કહેવાય છે.] ૩૦

ટી૦:—પ્રવૃત્તિને-કર્મમાર્ગને. નિવૃત્તિને-સંન્યાસમાર્ગને. કાર્ય-પ્રવૃત્તિમાર્ગમાં સ્થિત થઈને કર્મો કરવાં તે. અકાર્ય-નિવૃત્તિમાર્ગમાં સ્થિત થઈને કર્મો નહિ કરવાં તે. ભય-પ્રવૃત્તિમાર્ગમાં ગર્ભવાસાદિક દુઃખ છે તે. અભય-નિવૃત્તિમાર્ગમાં ગર્ભવાસાદિક દુઃખોનો અભાવ છે તે. બંધ-પ્રવૃત્તિમાર્ગમાં મિથ્યાજ્ઞાને કરેલું કર્તાપણા આદિકનું અભિમાન. મોક્ષ-નિવૃત્તિમાર્ગમાં તત્ત્વજ્ઞાને કરેલ અજ્ઞાનનો તથા તેના કાર્યનો અભાવ. આ શ્લોકમાં તથા હવે પછીના એવી જાતના શ્લોકમાં કરણરૂપ બુદ્ધિને કર્તારૂપે કહી છે તે ઉપચારમાત્રથી કહેલ છે એમ સમજવું, વાસ્તવિક કર્તા તો બુદ્ધિવાળો પુરુષ ગણાય છે. ૩૦

હવે રાજસી બુદ્ધિના સ્વરૂપને વર્ણવે છે:—

यया धर्ममधर्मं च, कार्यं चाकार्यमेव च ।
अयथावत्प्रजानाति, बुद्धिः सा पार्थ राजसी ॥३१॥

પ૦ ત૦ પ૦:—**यया** જે[બુદ્ધિ]વડે **धर्मम्** ધર્મને **अधर्मम्** અધર્મને **च** તથા **कार्यम्** કાર્યને **च** અને **अकार्यम्** અકાર્યને **एव** જ **च** તથા **अयथावत्** વાસ્તવિક નહિ—અવાસ્તવિક **प्रजानाति** જાણે છે **बुद्धिः** બુદ્ધિ **सा** તે **पार्थ** હે પાર્થ! **राजसी** રાજસી [કહેવાય છે.] ૩૧

શ૦:—હે પાર્થ! જે[બુદ્ધિ]વડે ધર્મને તથા અધર્મને અને કાર્યને તથા અકાર્યને અવાસ્તવિકજ જાણે છે તે બુદ્ધિ રાજસી [કહેવાય છે.] ૩૧

ટી૦:—ધર્મને-શ્રુતિએ તથા સ્મૃતિએ વિધાન કરેલાં સંધ્યાવંદન અને અગ્નિહોત્રાદિક કર્મોને. અધર્મને-શ્રુતિએ તથા સ્મૃતિએ નિષેધ કરેલાં હિંસાદિક કર્મોને. એ ધર્માધર્મ અદૃષ્ટ અર્થની પ્રાપ્તિ કરનાર છે, અને કાર્યાકાર્ય એ બંને દૃષ્ટ ફલની પ્રાપ્તિ કરનાર છે. કાર્ય-લૌકિકદૃષ્ટિએ કરવાયોગ્ય. અકાર્ય-લૌકિકદૃષ્ટિએ નહિ કરવાયોગ્ય. અવાસ્તવિક-સંશયયુક્તપણે. ૩૧

તામસી બુદ્ધિનું સ્વરૂપ કહે છે:—

अधर्मं धर्ममिति या, मन्यते तमसाऽऽवृता ।
सर्वार्थान् विपरीतांश्च, बुद्धिः सा पार्थ तामसी ॥३२॥

પ૦ ત૦ પ૦:—**अधर्मम्** અધર્મને **धर्मम्** ધર્મ **इति** એમ **या** જે **मन्यते** માને છે **तमसा** અજ્ઞાનવડે **आवृता** ઢંકાયેલી **सर्वार्थान्** સર્વ અર્થોને **विपरीतान्** વિપરીત [માને છે] **च** અને **बुद्धिः** બુદ્ધિ **सा** તે [બુદ્ધિ] **पार्थ** હે પાર્થ! **तामसी** તામસી [કહેવાય છે.] ૩૨

શ૦:—હે પાર્થ! અજ્ઞાનવડે ઢંકાયેલી જે બુદ્ધિ અધર્મને ધર્મ એમ માને છે, અને [બીજા પણ] સર્વ અર્થોને વિપરીત-[જ માને છે] તે [બુદ્ધિ] તામસી [કહેવાય છે.] ૩૨

ટી૦:—અજ્ઞાનવડે-વસ્તુના વિશેષદર્શનના વિરોધી તમોરૂપ દોષવડે. સર્વ અર્થોને-સર્વ જ્ઞેયપદાર્થોને. વિપરીતજ માને છે-સુખાદિકના હેતુભૂત પદાર્થોને પણ દુઃખાદિકના હેતુભૂતજ માને છે. ૩૨

ધૃતિના ત્રિવિધપણાને કહેવાનો આરંભ કરતાં પ્રથમ સાત્ત્વિકી ધૃતિના સ્વરૂપને કહે છેઃ—

धृत्या यया धारयते, मनःप्राणेंद्रियक्रियाः ।
योगेनाव्यभिचारिण्या, धृतिः सा पार्थ सात्त्विकी ॥३३॥

પ૦ ત૦ પ૦:—**धृत्या** ધૃતિવડે-ધૈર્યવડે **यया** જે **धारयते** નિરોધ કરે છે **मनःप्राणेंद्रियक्रियाः** મન પ્રાણ અને ઇંદ્રિયોની ક્રિયાઓનો **योगेन** યોગવડે **अव्यभिचारिण्या** બીજે નહિ જનારી-વ્યાપ્ત એવી **धृतिः** ધૃતિ **सा** તે **पार्थ** હે પાર્થ ! **सात्त्विकी** સાત્ત્વિકી [કહેવાય છે.] ૩૩

શ૦:—હે પાર્થ ! યોગવડે વ્યાપ્ત એવી જે ધૃતિવડે [પુરુષ] મન, પ્રાણ અને ઇંદ્રિયોની ક્રિયાઓનો [શાસ્ત્ર-નિષિદ્ધ માર્ગથી] નિરોધ કરે છે તે ધૃતિ સાત્ત્વિકી [કહેવાય છે.] ૩૩

ટી૦:—યોગવડે-સમાધિવડે. આ ધૃતિવડે અધિકારી પુરુષને અવશ્ય સમાધિ થાય છે, તેમજ આ ધૃતિથી નિરોધ કરેલી મન, પ્રાણ અને ઇંદ્રિયોની ક્રિયા શાસ્ત્રવિધિનું ઉલ્લંઘન કરીને નિષિદ્ધ અર્થને વિષય કરતી નથી. ૩૩

રાજસી ધૃતિના સ્વરૂપનું વર્ણન કરે છેઃ—

यया तु धर्मकामार्थान्, धृत्या धारयतेऽर्जुन ।
प्रसंगेन फलाकांक्षी, धृतिः सा पार्थ राजसी ॥३४॥

પ૦ ત૦ પ૦:—**यया** જે **तु** વળી **धर्मकामार्थान्** ધર્મ કામ અને અર્થને **धृत्या** ધૃતિવડે **धारयते** ધારણ કરે છે **अर्जुन** હે અર્જુન ! **प्रसंगेन** [કર્તાપણા આદિકના] અભિનિવેશવડે **फलाकांक्षी** ફલની ઇચ્છાવાળો [થઇ] **धृतिः** ધૃતિ **सा** તે **पार्थ** હે પાર્થ ! **राजसी** રાજસી [કહેવાય છે.] ૩૪

શ૦:—હે અર્જુન ! વળી [કર્તાપણા આદિકના] અભિનિવેશવડે ફલની ઇચ્છાવાળો [થઇ પુરુષ] જે ધૃતિવડે

ધર્મ, કામ અને અર્થને ધારણ કરે છે તે ધૃતિ હે પાર્થ ! રાજસી [કહેવાય છે.] ૩૪

ટી૦:—તુ એ શબ્દ પૂર્વોક્ત સાત્ત્વિકી ધૃતિથી આ રાજસી ધૃતિનું ભિન્નપણું સૂચવે છે. અભિનિવેશવડે—અહંકારવડે. ધર્મ—યજ્ઞાદિક કર્મોવડે ઉપજેલું પુણ્ય. કામ—વિષયોવડે ઉપજેલું સુખ. અર્થ—ધનાદિક પદાર્થો. ધારણ કરે છે—નિત્ય કર્તવ્યપણારૂપે નિશ્ચય કરે છે. ૩૪

હવે તામસી ધૃતિના સ્વરૂપનું નિરૂપણ કરે છે:—

यया स्वप्नं भयं शोकं, विषादं मदमेव च ।
न विमुंचति दुर्मेधा, धृतिः सा पार्थ तामसी ॥३५॥

૫૦ તo ૫૦:—**यया** જે[ધૃતિ]વડે **स्वप्नम्** નિદ્રાને **भयम्** ભયને **शोकम्** શોકને **विषादम्** વિષાદને—ઇંદ્રિયોની વ્યાકુલતાને **मदम्** મદને **एव** કદાચિત્ પણ **च** અને **न** નથી **विमुंचति** ત્યજી દેતો **दुर्मेधाः** દુર્બુદ્ધિવાળો [પુરુષ] **धृतिः** ધૃતિ **सा** તે **पार्थ** હે પાર્થ ! **तामसी** તામસી [કહેવાય છે.] ૩૫

શ૦:—હે પાર્થ ! દુર્બુદ્ધિવાળો [પુરુષ] જે[ધૃતિ]વડે નિદ્રાને, ભયને, શોકને, વિષાદને અને મદને કદાચિત્ પણ ત્યજી દેતો નથી તે ધૃતિ તામસી [કહેવાય છે.] ૩૫

ટી૦:—ભયને—પ્રતિકૂલ વસ્તુના દર્શનથી ઉપજેલા ત્રાસને. શોકને—પ્રિય વસ્તુના વિયોગથી ઉપજેલા સંતાપને. વિષાદને—ઇંદ્રિયોની વ્યાકુલતાને. મદને—શાસ્ત્રમાં નિષેધ કરેલા વિષયોના સેવન કરવાના અભિમુખપણાને. ત્યજી દેતો નથી—પરિત્યાગ કરતો નથી, કિંતુ કર્તવ્યતારૂપે નિશ્ચય કરે છે. ૩૫

ક્રિયાઓના તથા કર્તાદિ કારકોના ત્રિવિધપણાને કહીને હવે તેવડે ઉપજેલા સુખરૂપ ફલના ત્રિવિધપણાને કહેવાનો આરંભ કરતાં પ્રથમ સુખનું સ્વરૂપ તથા તેના ત્રિવિધપણાની પ્રતિજ્ઞાને નીચેના શ્લોકથી કહે છે:—

सुखं त्विदानीं त्रिविधं, शृणु मे भरतर्षभ ।
अभ्यासाद्रमते यत्र, दुःखांतं च निगच्छति ॥३६॥

૫૦ ત૦ ૫૦:—**सुखम्** સુખ **तु** વળી **इदानीम्** હમણાં **त्रिविधम्** ત્રણ પ્રકારનું **शृणु** સાંભળો **मे** મારાથી **भरतर्षभ** હે ભરતવંશમાં શ્રેષ્ઠ !-હે અર્જુન ! **अभ्यासात्** અભ્યાસથી **रमते** રમણ કરે છે **यत्र** જ્યાં—જે-[સુખ]માં **दुःखांतम्** દુઃખના અંતને **च** અને **निगच्छति** પામે છે. ૩૬

શ૦:—[પુરુષ] અભ્યાસથી જે[સુખ]માં રમણ કરે છે, અને [જેથી પુત્રમરણના શોકાદિરૂપ] દુઃખના અંતને પામે છે [તેનું નામ સુખ છે. તે] સુખ ત્રણ પ્રકારનું [છે તેને] હે અર્જુન ! વળી હમણાં મારાથી સાંભળો. ૩૬

ટી૦:—પુરુષ પુનઃ પુનઃ સેવનરૂપ અભ્યાસથી જે સાત્ત્વિક, રાજસ કિંવા તામસ સુખમાં પ્રીતિવાળો થાય છે, તથા જે પ્રીતિથી તે પુરુષ પુત્રમરણના શોકાદિરૂપ દુઃખના અવસાનરૂપ અંતને પામે છે તેનું નામ સુખ છે. તે સુખ સત્ત્વાદિક ત્રણ ગુણોના ભેદથી ત્રણ પ્રકારનું થાય છે, તે ત્રણ પ્રકારના સુખને તું હમણાં મારાથી શ્રવણ કર. ૩૬

ત્રણ પ્રકારના સુખમાં પ્રથમ સાત્ત્વિકસુખના સ્વરૂપને કહે છે:—

यत्तदग्रे विषमिव, परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥३७॥

૫૦ ત૦ ૫૦:—**यत्** જે **तत्** તે-સુખ **अग्रे** આરંભમાં **विषम्** વિષ **इव** જેવું **परिणामे** પરિણામમાં **अमृतोपमम्** જાણે અમૃત હોય તેવું **तत्** તે **सुखम्** સુખ **सात्त्विकम्** સાત્ત્વિક **प्रोक्तम्** કહ્યું [છે] **आत्मबुद्धिप्रसादजम्** પોતાની બુદ્ધિની નિર્મલતાથી ઉપજેલું અથવા આત્માને વિષય કરનારી બુદ્ધિના પ્રસાદથી ઉત્પન્ન થયેલું. ૩૭

શ૦:—જે સુખ આરંભમાં વિષજેવું [અને] પરિણામમાં જાણે અમૃત હોય તેવું [તથા] આત્માને વિષય કરનારી બુદ્ધિના પ્રસાદથી ઉત્પન્ન થયેલું તે સુખ [યોગી પુરુષોએ] સાત્ત્વિક કહ્યું [છે.] ૩૭

ટી૦:—જે સમાધિસુખ અતિપ્રયત્નવડે સાધ્ય હોવાથી આરંભકાલમાં પ્રસિદ્ધ વિષના પેઠે દેહવિશેષની પ્રાપ્તિ કરનારું છે, તથા જે સમાધિસુખ

ગ્લાનવૈરાગ્યના પરિપાકમાં અમૃતની પેઠે અત્યંત પ્રીતિનો વિષય થાય છે, વળી જે સમાધિસુખ આત્માને વિષય કરનારી બુદ્ધિની નિદ્રા ને આલસ્યાદિક દોષોથી રહિત સ્વસ્થતારૂપ સ્થિતિથી ઉત્પન્ન થાય છે. અર્થાત્ રાજસ-સુખની પેઠે વિષય તથા ઇંદ્રિયોના સંયોગથી કે તામસસુખની પેઠે નિદ્રા ને આલસ્યાદિકથી જે સુખ ઉત્પન્ન થતું નથી તે સુખને યોગી પુરુષોએ સાત્ત્વિક સુખ કહ્યું છે. ૩૭

હવે રાજસસુખના સ્વરૂપનું નિરૂપણ કરે છેઃ—

विषयेंद्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।

परिणामे विषमिव, तत्सुखं राजसं स्मृतम् ॥३८॥

પ૦ ત૦ પ૦:—**विषयेंद्रियसंयोगात्** વિષયોના અને ઇંદ્રિયોના સંયોગથી [ઉપજેલું છે, તથા] **यत्** જે **तत्** તે-સુખ **अग्रे** આરંભમાં **अमृतोपमम्** અમૃતસમાન **परिणामे** પરિણામમાં **विषम्** વિષ **इव** જેવું **तत्** તે **सुखम्** સુખ **राजसम्** રાજસ **स्मृतम्** સ્મરણ કરેલું [છે]–કહ્યું [છે.] ૩૮

શ૦:—જે સુખ વિષયોના અને ઇંદ્રિયોના સંયોગથી [ઉપજેલું છે, તથા] આરંભમાં અમૃતસમાન [અને] પરિણામમાં વિષજેવું [છે] તે સુખ રાજસ કહ્યું [છે.] ૩૮

ટી૦:—અમૃતસમાન-મન તથા ઇંદ્રિયોના સંયમાદિરૂપ ક્લેશના અભાવથી ભોક્તા પુરુષને અમૃતના જેવું. વિષજેવું-ભોક્તા પુરુષને આ લોકનાં દુઃખોની તથા પરલોકનાં દુઃખોની પ્રાપ્તિ કરનારું હોવાથી વિષના સમાન. તે સુખ-પુષ્પમાલા, ચંદન અને સ્ત્રી આદિના સંગથી ઉપજેલું વિષયસુખ. ૩૮

નીચેના શ્લોકમાં તામસસુખના સ્વરૂપને કહે છેઃ—

यदग्रे चानुबंधे च, सुखं मोहनमात्मनः ।

निद्रालस्यप्रमादोत्थं, तत्तामसमुदाहृतम् ॥३९॥

પ૦ ત૦ પ૦:—**यत्** જે **अग्रे** આરંભમાં **च** અને **अनुबंधे** પરિણામમાં **च** તથા **सुखम्** સુખ **मोहनम्** મોહ ઉપજાવનારું **आत्मनः** પોતાને-પોતાની બુદ્ધિને **निद्रालस्यप्रमादोत्थम्** નિદ્રા આળસ અને પ્રમાદથી ઉત્પન્ન થયેલું **तत्** તે [સુખ] **तामसम्** તામસ **उदाहृतम्** કહેલું [છે.] ૩૯

શ૦:—જે સુખ આરંભમાં અને પરિણામમાં પોતાની બુદ્ધિને મોહ ઉપજાવનારું [છે,] તથા [જે સુખ] નિદ્રા, આળસ અને પ્રમાદથી ઉત્પન્ન થયેલું [છે] તે [સુખ] તામસ કહેલું [છે.] ૩૯

ટી૦:—મોહ-અવિવેક. પ્રમાદ-કર્તવ્ય વિષયના નિશ્ચયવિના કેવલ મનોરાજ્યમાત્ર. ૩૯

સર્વ પદાર્થ ત્રિગુણમય છે એમ કહી પૂર્વોક્ત વિષયના પ્રકરણનો ઉપસંહાર કરે છે:—

न तदस्ति पृथिव्यां वा, दिवि देवेषु वा पुनः।
सत्त्वं प्रकृतिजैर्मुक्तं, यदेभिः स्यात्त्रिभिर्गुणैः ॥४०॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **तत्** તે [પદાર્થ] **अस्ति** વિદ્યમાન **पृथिव्याम्** પૃથ્વીમાં **वा** અથવા **दिवि** સ્વર્ગમાં **देवेषु** દેવતાઓને વિષે **वा** અને **पुनः** વળી **सत्त्वम्** સત્ત્વ-પદાર્થ **प्रकृतिजैः** પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા **मुक्तम्** મુક્ત-રહિત **यत्** જે **एभिः** એઓ-એ [પૂર્વોક્ત] **स्यात्** હોય **त्रिभिः** ત્રણ **गुणैः** ગુણોથી. ૪૦

શ૦:—અને વળી જે પદાર્થ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા એ [પૂર્વોક્ત] ત્રણ ગુણોથી રહિત હોય તે [પદાર્થ] પૃથ્વીમાં અથવા સ્વર્ગમાં દેવતાઓને વિષે વિદ્યમાન નથી. ૪૦

ટી૦:—પદાર્થ-પ્રાણિરૂપ ને અપ્રાણિરૂપ વસ્તુ. પ્રકૃતિથી-ત્રણ ગુણની સામ્યાવસ્થાથી. ત્રણ ગુણોથી-સત્ત્વ, રજસ્ ને તમસ્ એ ત્રણ ગુણોથી. પૃથ્વીમાં-પૃથ્વીમાં મનુષ્યાદિકને વિષે. આ શ્લોકનો ભાવ એવો છે કે કોઇ પણ લોકમાં સત્ત્વાદિક ત્રણ ગુણોથી રહિત કોઇ પણ અનાત્મવસ્તુ નથી, બધી અનાત્મવસ્તુઓ એ ત્રણ ગુણવાળીજ છે. ૪૦

પંદરમા અધ્યાયના ત્રીજા શ્લોકના ઉત્તરાર્ધમાં તથા ચોથા શ્લોકના પૂર્વાર્ધમાં અસંગશસ્ત્રથી સંસારવૃક્ષનું છેદન કરીને અધિકારીએ તે આત્મપદ શોધવાયોગ્ય છે એમ કહ્યું છે, પણ ત્યાં તે અસંગશસ્ત્રની પ્રાપ્તિ વર્ણાશ્રમના ધર્મો પાળવાથી થાય છે

એમ કહ્યું નથી તે કહેવામાટે હવે ઉત્તર પ્રકરણનો આરંભ કરે છે, ત્યાં પ્રથમ સૂત્રરૂપ શ્લોક કહે છેઃ—

ब्राह्मणक्षत्रियविशां, शूद्राणां च परंतप ।
कर्माणि प्रविभक्तानि, स्वभावप्रभवैर्गुणैः ॥४१॥

પ૦ ત૦ પ૦:—**ब्राह्मणक्षत्रियविशाम्** બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યનાં **शूद्राणाम्** શૂદ્રોનાં **च** તથા **परंतप** હે પરંતપ !–હે અર્જુન ! **कर्माणि** કર્મો **प्रविभक्तानि** ભિન્ન ભિન્ન [છે તેમને સાંભળો] **स्वभाव-प्रभवैः** સ્વભાવથી ઉપજેલા **गुणैः** ગુણોવડે. ૪૧

શ૦:—હે પરંતપ ! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનાં તથા શૂદ્રોનાં કર્મો સ્વભાવથી ઉપજેલા ગુણોવડે ભિન્ન ભિન્ન [છે તેમને તમે સાંભળો.] ૪૧

ટી૦:—સ્વભાવથી–સંસ્કારથી. ગુણોવડે–સત્ત્વ, રજસ્ ને તમસ્ એ ત્રણ ગુણોવડે, એટલે કે બ્રાહ્મણમાં સત્ત્વગુણ પ્રધાન રહેલ છે તેથી, ક્ષત્રિયમાં રજોગુણ પ્રધાન ને સત્ત્વગુણ ગૌણ રહેલ છે તેથી, વૈશ્યમાં રજોગુણ પ્રધાન ને તમોગુણ ગૌણ રહેલ છે તેથી, અને શૂદ્રમાં તમોગુણ પ્રધાન ને રજોગુણ ગૌણ રહેલ છે તેથી. મૂલમાં જે **ब्राह्मणक्षत्रियविशां** એ ત્રણ પદોનો સમાસ કર્યો છે તે બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય એ ત્રણ વર્ણોમાં દ્વિજપણાથી વેદોનું અધ્યયન ને અગ્નિહોત્રાદિક તુલ્યધર્મોનું કથન કરવામાટે છે. શૂદ્રો એ ધર્મોના અનધિકારી છે માટે તે પદ પૃથક્ કહ્યું છે. શ્રીવસિષ્ઠભગવાને પણ “ चत्वारो वर्णा ब्राह्मणक्षत्रियवैश्यशूद्रास्तेषां त्रयो वर्णा द्विजातयो ब्राह्मणक्षत्रियवैश्यास्तेषां मातुरग्रे विजननं द्वितीयं मौञ्जिबन्धने अत्रास्य माता सावित्री पिता त्वाचार्य उच्यते ” (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર એ ચાર વર્ણો છે. તેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય એ ત્રણ વર્ણ દ્વિજાતિ છે. તેમનો પહેલો જન્મ લોકપ્રસિદ્ધ માતાથી થાય છે; અને બીજો જન્મ મૌંજિબંધનકર્મમાં થાય છે. એ બીજા જન્મમાં તેમની સાવિત્રી માતા અને આચાર્ય એ પિતા કહેવાય છે.) એ વચનથી એમજ કહ્યું છે. અન્ય સ્મૃતિઓમાં પણ એવોજ નિર્ણય કરેલો છે. ૪૧

હવે પ્રથમ બ્રાહ્મણનાં સ્વભાવથી ઉપજેલાં કર્મોને કહે છેઃ—

शमो दमस्तपः शौचं, क्षांतिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं, ब्रह्मकर्म स्वभावजम् ॥४२॥

૫૦ ત૦ ૫૦:—**शमः** શમ-મનોનિગ્રહ **दमः** દમ-ઇંદ્રિયનિગ્રહ **तपः** તપ **शौचम्** પવિત્રતા **क्षांतिः** ક્ષમા **आर्जवम्** સરલતા **एव** જ **च** તેમ **ज्ञानम्** જ્ઞાન **विज्ञानम्** વિજ્ઞાન **आस्तिक्यम्** આસ્તિકપણું **ब्रह्मकर्म** બ્રાહ્મણનાં કર્મ **स्वभावजम्** સ્વભાવથી થયેલાં. ૪૨

શ૦:—મનોનિગ્રહ, ઇંદ્રિયનિગ્રહ, તપ, પવિત્રતા, ક્ષમા, આર્જવ, તેમજ જ્ઞાન, વિજ્ઞાન [ને] આસ્તિકપણું [એ નવ] સ્વભાવથી થયેલાં બ્રાહ્મણનાં કર્મ [છે.] ૪૨

ટી૦:—તપ-સત્તરમા અધ્યાયમાં જે કાયિક, વાચિક ને માનસ એ ત્રણ પ્રકારનું તપ કહ્યું છે તે. પવિત્રતા-શરીરની તથા મનની શુદ્ધિ. ક્ષમા-અન્ય મનુષ્યે કઠણ વચનોથી નિરાદર કર્યા છતાં તથા દંડાદિકથી તાડન કર્યા છતાં પણ પોતાના મનમાં ક્રોધાદિક વિકાર ન ઉપજવો તે. આર્જવ-કુટિલતાથી રહિતપણું. જ્ઞાન-છ અંગોસહિત વેદને તથા વેદના અર્થને વિષય કરનારી અંતઃકરણની વૃત્તિ. વિજ્ઞાન-કર્મકાંડમાં યજ્ઞાદિ કર્મોનું કુશલપણું અને જ્ઞાનકાંડમાં આત્માનો અનુભવ. આસ્તિકપણું-સાત્વિકી શ્રદ્ધા. સ્વભાવથી-સત્વગુણના સ્વભાવથી. એ નવ બ્રાહ્મણને સ્વભાવસિદ્ધ છે, અને ક્ષત્રિયવૈશ્યાદિકને નૈમિત્તિક છે. જેનામાં એ નવ સ્વભાવસિદ્ધ ન હોય તે વાસ્તવિક બ્રાહ્મણ ગણાય નહિ. એ સાધારણધર્મવિનાના બ્રાહ્મણના યજ્ઞ કરાવવો, વેદાધ્યયન કરાવવું, ને દાન લેવું ઇત્યાદિક જે અસાધારણધર્મો છે તે સ્મૃતિઓમાં પ્રસિદ્ધ છે. ૪૨

નીચેના શ્લોકથી ક્ષત્રિયનાં સ્વભાવસિદ્ધ કર્મોને કહે છેઃ-

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं, युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च, क्षात्रं कर्म स्वभावजम् ॥४३॥

૫૦ ત૦ ૫૦:—**शौर्यम्** શૌર્ય **तेजः** તેજ **धृतिः** ધૈર્ય **दाक्ष्यम्** ચતુરાઇ **युद्धे** યુદ્ધમાં **च** અને **अपि** પણ **अपलायनम्** અપલાયન-પાછા ન હઠવું તે **दानम्** દાન **ईश्वरभावः** ઈશ્વરભાવ **च** તથા **क्षात्रम्** ક્ષત્રિયનાં **कर्म** કર્મ **स्वभावजम्** સ્વભાવથી થયેલાં. ૪૩

શ૦:—શૌર્ય, તેજ, ધૈર્ય, ચતુરાઈ અને યુદ્ધમાં પણ અપલાયન, દાન તથા ઈશ્વરભાવ [એ સાત] સ્વભાવથી થયેલાં ક્ષત્રિયનાં કર્મ [છે.] ૪૩

ટી૦:—શૌર્ય-અત્યંત બલવાન્ પુરુષોને પણ પ્રહાર કરવામાં પ્રવૃત્તિ-પરાક્રમ. તેજ-શત્રુઓથી દબાઇ ન જવું-પ્રાગલ્ભ્ય-રૂઆબ. ધૈર્ય-મહાન્ વિપત્તિમાં પણ દેહ તથા ઇંદ્રિયોને અવ્યાકુલ રાખવાં તે. ચતુરાઇ-અચાનક આવી પડેલાં કાર્યોમાં પણ વ્યામોહથી રહિત જે પ્રવૃત્તિ તે-દક્ષપણું. અપલાયન-મહાન્ શસ્ત્રોનો પ્રહાર થયા છતાં પણ પાછું ન હઠવું તે. દાન-સંકોચથી રહિત થઇ સુવર્ણાદિક ધન બ્રાહ્મણાદિને આપવું તે. ઈશ્વરભાવ-પ્રજાનું પાલન કરવામાટે પોતાના ભૃત્યાદિકની આગળ પોતાની પ્રભુશક્તિ પ્રકટ કરવી તે, અથવા શાસ્ત્રનિષિદ્ધ માર્ગમાં પ્રવૃત્ત થનારા પ્રાણીઓનું નિયમન કરવાની શક્તિ. સ્વભાવથી-રજોગુણ પ્રધાન તથા સત્ત્વગુણ ગૌણ એવા સ્વભાવથી. ૪૩

હવે વૈશ્યનાં તથા શૂદ્રનાં સ્વભાવજન્ય કર્મોને કહે છે:—

कृषिगोरक्षवाणिज्यं, वैश्यकर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म, शूद्रस्यापि स्वभावजम् ॥४४॥

પ૦ ત૦ પ૦:—**कृषिगोरक्षवाणिज्यम्** ખેડ ગાયનું રક્ષણ અને વેપાર [એ સર્વ] **वैश्यकर्म** વૈશ્યનું કર્મ **स्वभावजम्** સ્વભાવથી ઉપજેલું **परिचर्यात्मकम्** [દ્વિજોની] શુશ્રૂષારૂપ **कर्म** કર્મ **शूद्रस्य** શૂદ્રનું **अपि** તથા **स्वभावजम्** સ્વભાવથી ઉપજેલું. ૪૪

શ૦:—ખેડ, ગાયનું રક્ષણ અને વેપાર [એ સર્વ] સ્વભાવથી ઉપજેલું વૈશ્યનું કર્મ [છે,] તથા શૂદ્રનું [દ્વિજોની] શુશ્રૂષારૂપ સ્વભાવથી ઉપજેલું કર્મ [છે.] ૪૪

ટી૦:—ખેડ-અનાજની ઉત્પત્તિમાટે પૃથ્વી ખોદવી તે. ગાયનું રક્ષણ-ગાય આદિ પશુઓનું પાલન. વેપાર-અન્નાદિક પદાર્થોનો ક્રયવિક્રય તથા વ્યાજ મેળવવામાટે દ્રવ્યની ધીરધાર. સ્વભાવથી-રજોગુણ પ્રધાન ને તમોગુણ ગૌણ એવા સ્વભાવથી. સ્વભાવથી-તમોગુણ પ્રધાન ને રજોગુણ ગૌણ એવા સ્વભાવથી. ૪૪

નિષ્કામપણે પોતપોતાના વર્ણાશ્રમનાં શાસ્ત્રવિહિત કર્મો કરવાથી મુમુક્ષુ પુરુષ અવશ્ય સમ્યગ્‌જ્ઞાનની ઉત્પત્તિની યોગ્યતાને પામે છે એમ નીચેના શ્લોકથી નિરૂપણ કરે છે:—

स्वे स्वे कर्मण्यभिरतः, संसिद्धिं लभते नरः ।
स्वकर्मनिरतः सिद्धिं, यथा विंदति तच्छृणु ॥४५॥

પ૦ ત૦ પ૦:—**स्वे** પોતાના **स्वे** પોતાના **कर्मणि** કર્મમાં **अभिरतः** નિષ્ઠાવાળો [થઇ] **संसिद्धिम्** સંસિદ્ધિને **लभते** પામે છે **नरः** પુરુષ **स्वकर्मनिरतः** પોતાના કર્મમાં નિષ્ઠાવાળો [પુરુષ] **सिद्धिम्** સંસિદ્ધિને **यथा** જે પ્રકારે **विंदति** પામે છે **तत्** તેને **शृणु** સાંભળો. ૪૫

શ૦:—પુરુષ પોતપોતાના કર્મમાં નિષ્ઠાવાળો [થઇ] સંસિદ્ધિને પામે છે. પોતાના કર્મમાં નિષ્ઠાવાળો [પુરુષ] જે પ્રકારે સંસિદ્ધિને પામે છે તેને સાંભળો. ૪૫

ટી૦:—કર્મમાં-શ્રુતિસ્મૃતિએ વિધાન કરેલાં કર્મોમાં. નિષ્ઠાવાળો થઇ-સમ્યક્ અનુષ્ઠાનપરાયણ થઇ. સંસિદ્ધિ-દેહ તથા ઇંદ્રિયાદિની અશુદ્ધિના ક્ષયથી ઉપજતી સમ્યગ્‌જ્ઞાનની ઉત્પત્તિની યોગ્યતા. કર્મકાંડના અધિકારી મનુષ્યોજ છે એમ જણાવવા મૂલમાં નરઃ એ મનુષ્યવાચક શબ્દ મુકયો છે. ૪૫

હવે સંસિદ્ધિ પામવાના પ્રકારને કહે છે:—

यतः प्रवृत्तिर्भूतानां, येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य, सिद्धिं विंदति मानवः ॥४६॥

પ૦ ત૦ પ૦:—**यतः** જેથી **प्रवृत्तिः** ઉત્પત્તિ [થાય છે] **भूतानाम्** ભૂતોની **येन** જેણે **सर्वम्** સર્વ **इदम्** આ **ततम्** વ્યાપ્ત કર્યું [છે] **स्वकर्मणा** પોતાના કર્મવડે **तम्** તેને **अभ्यर्च्य** સંતુષ્ટ કરીને **सिद्धिम्** અંતઃકરણની શુદ્ધિને **विंदति** પામે છે **मानवः** મનુષ્ય. ૪૬

શ૦:—જેથી ભૂતોની ઉત્પત્તિ [થાય છે, તથા] જેણે આ સર્વ વ્યાપ્ત કર્યું [છે] તે[અંતર્યામી]ને પોતાના કર્મવડે સંતુષ્ટ કરીને મનુષ્ય અંતઃકરણની શુદ્ધિને પામે છે. ૪૬

ટી૦:—ભૂતોની–આકાશાદિક ભૂતોની. પોતાના કર્મવડે–શાસ્ત્રવિહિત પોતાના વર્ણાશ્રમનાં કર્મોવડે. ૪૬

આમ છે માટે અધિકારી જનોએ સ્વધર્મનુંજ અનુષ્ઠાન કરવું જોઇએ એમ કહે છેઃ—

श्रेयान् स्वधर्मो विगुणः, परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म, कुर्वन्नाप्नोति किल्बिषम् ॥४७॥

પ૦ ત૦ પ૦:—**श्रेयान्** અતિશ્રેષ્ઠ [છે] **स्वधर्मः** સ્વધર્મ **विगुणः** સારી રીતે ન અનુષ્ઠાન કરેલો **परधर्मात्** પરધર્મથી **स्वनुष्ठितात्** સારી રીતે અનુષ્ઠાન કરેલા **स्वभावनियतम्** સ્વભાવથી ઉત્પન્ન થયેલા **कर्म** કર્મને **कुर्वन्** કરતો છતો **न** નથી **आप्नोति** પામતો **किल्बिषम्** પાપને. ૪૭

શ૦:—સારી રીતે અનુષ્ઠાન કરેલા પરધર્મથી સારી રીતે ન અનુષ્ઠાન કરેલો સ્વધર્મ અતિશ્રેષ્ઠ [છે.] સ્વભાવથી ઉત્પન્ન થયેલા કર્મને કરતો છતો [પુરુષ] પાપને પામતો નથી. ૪૭

ટી૦:—મંત્ર, દ્રવ્ય ને દેવતા આદિક સર્વ અંગોની સંપૂર્ણતાપૂર્વક સારી રીતે અનુષ્ઠાન કરેલા પરધર્મથી કિંચિત્ મંત્રાદિ અંગોથી રહિત અસમ્યક્ અનુષ્ઠાન કરેલો સ્વધર્મ અત્યંત શ્રેષ્ઠ છે. પોતાના વર્ણના ગુણવડે ઉપજેલા સ્વભાવથી ઉત્પન્ન થયેલાં શાસ્ત્રવિહિત કર્મોને કરતો છતો પુરુષ પાપને પામતો નથી, અર્થાત્ અધિકારપ્રમાણે શાસ્ત્રવિહિત કર્મો કરવાથી મનુષ્યની ઉત્તરોત્તર શ્રેષ્ઠ ગતિજ થાય છે, અધોગતિ થતી નથી. ૪૭

માટે સ્વભાવજન્ય વિહિતકર્મનો યોગ્યતાવાળા મનુષ્યે કદીપણ પરિત્યાગ ન કરવો એમ કહે છેઃ—

सहजं कर्म कौंतेय, सदोषमपि न त्यजेत् ।
सर्वारंभा हि दोषेण, धूमेनाग्निरिवावृताः ॥४८॥

પ૦ ત૦ પ૦:—**सहजम्** સ્વભાવથી ઉપજેલાં **कर्म** કર્મને **कौंतेय** હે કૌંતેય ! **सदोषम्** દોષવાળાં **अपि** તોપણ **न** ન **त्यजेत्** ત્યજવાં

સર્વારંભાઃ સર્વ ધર્મો **હિ** કેમકે **દોષેણ** [સામાન્ય] દોષવડે **ધૂમેન** ધૂમાડાથી [ઢંકાયેલા] **અગ્નિઃ** અગ્નિની **ઇવ** પેઠે **આવૃતાઃ** ઢંકાયેલા [છે.] ૪૮

શ૦:—હે કૌંતેય ! સ્વભાવથી ઉપજેલાં [કર્મો] દોષ-વાળાં [હોય] તોપણ [પોતાના વર્ણાશ્રમના] કર્મને [પુરુષે] ન ત્યજવાં, કેમકે સર્વ ધર્મો ધૂમાડાથી [ઢંકાયેલા] અગ્નિની પેઠે [સામાન્ય] દોષવડે ઢંકાયેલા [છે.] ૪૮

ટી૦:—સર્વે ધર્મો-સ્વધર્મ તથા પરધર્મ. સામાન્ય દોષવડે-સત્ત્વાદિ-ગુણરૂપ સામાન્ય પાપથી. આમ હોવાથીજ વિવેકીને સર્વ દુઃખરૂપ લાગે છે. અવિવેકીને વિવેકની પ્રાપ્તિ થઇ નથી, ને કર્મ કર્યા વિના એક ક્ષણ પણ તેનાથી રહી શકાય એમ નથી માટે તેણે પોતાના શ્રેયસ્માટે પોતાના અધિકારને યોગ્ય જે કર્મો હોય તેને શ્રદ્ધાપૂર્વક કર્યા કરવાં. ઉપરના ક્રમ-ના મોહથી તે કર્મોમાં અનધિકારે પ્રવેશ કરવાની ઇચ્છા ન કરવી. ૪૮

હવે શુદ્ધ અંતઃકરણવાળો મુમુક્ષુ કર્મોના પરિત્યાગથી શ્રેયને પામે છે એમ કહે છે:—

असक्तबुद्धिः सर्वत्र, जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिं परमां, संन्यासेनाधिगच्छति ॥४९॥

પ૦ ત૦ પ૦:—અસક્તબુદ્ધિઃ આસક્તિરહિત બુદ્ધિવાળો **સર્વત્ર** સર્વ સ્થલે **જિતાત્મા** મન જેણે વશ કર્યું છે એવો **વિગતસ્પૃહઃ** ઇચ્છા જેની નાશ પામી છે એવો **નૈષ્કર્મ્યસિદ્ધિમ્** નૈષ્કર્મ્યસિદ્ધિને (આત્માનુ-ભવને) **પરમામ્** પરમ **સંન્યાસેન** સંન્યાસવડે **અધિગચ્છતિ** પામે છે. ૪૯

શ૦:—સર્વ સ્થલે આસક્તિરહિત બુદ્ધિવાળો, મન જેણે વશ કર્યું છે એવો [ને] ઇચ્છા જેની નાશ પામી છે એવો [પુરુષ] પરમ નૈષ્કર્મ્યસિદ્ધિને (આત્માનુભવને) સંન્યાસ-વડે પામે છે. ૪૯

ટી૦:—સર્વ સ્થલે-સ્ત્રી, પુત્ર, ધન ને ગૃહાદિ સર્વ પ્રાણિપદાર્થોમાં. આસક્તિરહિત-હુંપણાના તથા મારાપણાના દૃઢભાવથી રહિત. ઇચ્છા-

શરીરજીવનના હેતુરૂપ અન્નપાનાદિક ભોગોની દૃઢસ્પૃહા. નૈષ્કર્મ્યસિદ્ધિને–આત્મજ્ઞાનરૂપ સિદ્ધિને–દૃઢ આત્મદર્શનને. સંન્યાસવડે–વિક્ષેપ કરનારાં સર્વ કર્મોના પરિત્યાગવડે. ૪૯

જેણે કર્મને પરિત્યાગ કરેલો છે તેને આત્મજ્ઞાનની ઉત્પત્તિમાં સાધનોના ક્રમને કહે છે:—

सिद्धिं प्राप्तो यथा ब्रह्म, तथाऽऽप्नोति निबोध मे ।
समासेनैव कौंतेय, निष्ठा ज्ञानस्य या परा ॥५०॥

પ૦ ત૦ પ૦:—**सिद्धिम्** સિદ્ધિને **प्राप्तः** પામેલો [પુરુષ] **यथा** જે પ્રકારે **ब्रह्म** બ્રહ્મને **तथा** તેમ–તે પ્રકારને **आप्नोति** પામે છે **निबोध** નિશ્ચય કરો **मे** મારાથી **समासेन** સંક્ષેપે **एव** જ **कौंतेय** હે કોંતેય ! **निष्ठा** નિષ્ઠા **ज्ञानस्य** જ્ઞાનની **या** જે **परा** પર–શ્રેષ્ઠ. ૫૦

શ૦:—હે કોંતેય ! [મનની શુદ્ધિરૂપ] સિદ્ધિને પામેલો [પુરુષ] જે પ્રકારે બ્રહ્મને પામે છે તે પ્રકારને [તમે] મારાથી સંક્ષેપેજ નિશ્ચય કરો, [તથા] જ્ઞાનની જે શ્રેષ્ઠ નિષ્ઠા [છે તેનો પણ નિશ્ચય કરો.] ૫૦

ટી૦:—સિદ્ધિને–અંતઃકરણની વિશુદ્ધિને. બ્રહ્મને પામે છે–બ્રહ્મનો દૃઢ સાક્ષાત્કાર કરે છે. નિષ્ઠા–પરિસમાપ્તિ–સીમાડો. ૫૦

હવે પ્રકારસહિત જ્ઞાનનિષ્ઠાને કહે છે:—

बुद्ध्या विशुद्धया युक्तो, धृत्याऽऽत्मानं नियम्य च ।
शब्दादीन्विषयांस्त्यक्त्वा, रागद्वेषौ व्युदस्य च ॥५१॥

પ૦ ત૦ પ૦:—**बुद्ध्या** બુદ્ધિવડે **विशुद्धया** અત્યંત શુદ્ધ **युक्तः** યુક્ત [પુરુષ] **धृत्या** ધૈર્યવડે **आत्मानम्** શરીરાદિને **नियम्य** નિયમમાં લાવીને **च** અને **शब्दादीन्** શબ્દાદિક **विषयान्** વિષયોનો **त्यक्त्वा** ત્યાગ કરીને **रागद्वेषौ** રાગદ્વેષનો **व्युदस्य** ત્યાગ કરીને [બ્રહ્મના સાક્ષાત્કારમાટે સમર્થ થાય છે] **च** તથા. ૫૧

શ૦:—અત્યંત શુદ્ધ બુદ્ધિવડે યુક્ત [પુરુષ] ધૈર્યવડે

શરીરાદિને નિયમમાં લાવીને અને શબ્દાદિક વિષયોનો ત્યાગ કરીને તથા રાગદ્વેષનો ત્યાગ કરીને [બ્રહ્મના સાક્ષાત્કારમાટે સમર્થ થાય છે.] ૫૧

ટી૦:—નિયમમાં લાવીને–શાસ્ત્રમાં નિષેધ કરેલી પ્રવૃત્તિથી રોકીને. શબ્દાદિક વિષયોને–શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પાંચ વિષયોને. રાગદ્વેષને–શરીરની સ્થિતિમાત્રમાં ઉપયોગી જે શબ્દાદિક વિષય હોય તેમાંના રાગદ્વેષને. नियम्य च એમાંના ચકારવડે યોગશાસ્ત્રમાં કહેલાં બીજાં સાધનોનો પણ સમુચ્ચય કરવો, અને व्युदस्य च એમાંના ચકારવડે બીજાં પણ જેટલાં જ્ઞાનમાં વિક્ષેપ કરનારાં કર્મો છે તે સર્વના પરિત્યાગનું ગ્રહણ કરવું. ૫૧

विविक्तसेवी लघ्वाशी, यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं, वैराग्यं समुपाश्रितः ॥५२॥

૫૦ ત૦ ૫૦:—**विविक्तसेवी** એકાંતદેશને સેવનારો **लघ्वाशी** પરિમિત [અને પવિત્ર] અન્ન જમનારો **यतवाक्कायमानसः** વાણી કાયા ને મન જેણે જિત્યાં છે એવો **ध्यानयोगपरः** ધ્યાનયોગપરાયણ **नित्यम्** નિરંતર **वैराग्यम्** વૈરાગ્યનો **समुपाश्रितः** સારી રીતે આશ્રય કરીને રહેલો. ૫૨

શા૦:—એકાંતદેશને સેવનારો, પરિમિત [અને પવિત્ર] અન્ન જમનારો, વાણી કાયા ને મન જેણે જિત્યાં છે એવો, નિરંતર ધ્યાનયોગપરાયણ [તથા] વૈરાગ્યનો સારી રીતે આશ્રય કરીને રહેલો [પુરુષ બ્રહ્મસાક્ષાત્કારને માટે સમર્થ થાય છે.] ૫૨

ટી૦:—વાણી, કાયા ને મન જેણે જિત્યાં છે એવો–યમ, નિયમ અને આસનાદિના સુદૃઢ અભ્યાસથી જેણે પોતાની વાણી, શરીર ને મનનો જય કરેલો છે એવો. ધ્યાનયોગપરાયણ–અન્ય અનુષ્ઠાનનો પરિત્યાગ કરી આત્માકાર ચિત્તવૃત્તિઓના પ્રવાહનું તથા અનાત્માકાર ચિત્તવૃત્તિઓના નિરોધનું નિત્ય અનુષ્ઠાન કરનાર. વૈરાગ્ય–આ લોકના તથા પરલોકના વિષયોમાં અસ્પૃહા. ૫૨

अहंकारं बलं दर्पं, कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शांतो, ब्रह्मभूयाय कल्पते ॥ ५३ ॥

પ૦ ત૦ પ૦:—**अहंकारम्** અહંકારનો **बलम्** બલનો **दर्पम्** દર્પનો-મદનો **कामम्** કામનો **क्रोधम्** ક્રોધનો **परिग्रहम्** પરિગ્રહનો **विमुच्य** પરિત્યાગ કરીને **निर्ममः** મમતાવિનાનો **शांतः** શાંત [થઇ] **ब्रह्मभूयाय** બ્રહ્મસાક્ષાત્કારમાટે **कल्पते** સમર્થ થાય છે. ૫૩

શ૦:—અહંકારનો, બલનો, મદનો, કામનો, ક્રોધનો [તથા] પરિગ્રહનો પરિત્યાગ કરીને મમતાવિનાનો [તથા] શાંત [થઇ પુરુષ] બ્રહ્મસાક્ષાત્કારમાટે સમર્થ થાય છે. ૫૩

ટી૦:—અહંકારનો–કુલ, વિદ્યા ને વૈરાગ્ય આદિના અભિમાનનો. બલનો–શ્રુતિસ્મૃતિથી વિરુદ્ધ અસત્ આગ્રહનો. મદનો–પોતાને શ્રેષ્ઠ માની અન્યનો તિરસ્કાર કરવાની વૃત્તિનો. કામનો–આ લોકના તથા પરલોકના વિષયોની અભિલાષાનો. ક્રોધનો–દ્વેષનો. પરિગ્રહનો–બંધન કરનારાં સ્ત્રી આદિ ભોગનાં સાધનોનો. મમતાવિનાનો–દેહના જીવનમાત્રમાં પણ મમતાવિનાનો. શાંત–ચિત્તના સર્વ વિક્ષેપોથી રહિત. ૫૩

એવો પુરુષ કયા સાધનક્રમથી આત્મસાક્ષાત્કારને પામે છે તે કહે છે:—

ब्रह्मभूतः प्रसन्नात्मा, न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु, मद्भक्तिं लभते पराम् ॥५४॥

પ૦ ત૦ પ૦:—**ब्रह्मभूतः** બ્રહ્મરૂપ થયેલો **प्रसन्नात्मा** પ્રસન્નચિત્તવાળો **न** નથી **शोचति** શોક કરતો **न** નથી **कांक्षति** ઇચ્છા કરતો **समः** સમ-સમાનપણું રાખનારો **सर्वेषु** સર્વ **भूतेषु** ભૂતોમાં **मद्भक्तिम्** મારી ભક્તિને **लभते** પામે છે **पराम्** પરા. ૫૪

શ૦:—[જે પુરુષ] બ્રહ્મરૂપ થયેલો, પ્રસન્નચિત્તવાળો, [તથા] નથી શોક કરતો [કે] નથી ઇચ્છા કરતો, [અને] સર્વ ભૂતોમાં સમ [છે તે પુરુષ] પરા [એવી] મારી ભક્તિને પામે છે. ૫૪

ટી૦:—બ્રહ્મરૂપ થયેલો–શ્રવણમનનના સુદૃઢ અભ્યાસથી અન્નમયાદિ પાંચ કોશોથી પોતાના આત્માને સારી રીતે પૃથક્ સમજેલો. પ્રસન્નચિત્ત-વાળો–શમદમાદિક સાધનોના અભ્યાસથી શુદ્ધબુદ્ધિવાળો. નથી શોક કરતો–નાશ પામેલા પદાર્થનો શોક કરતો નથી. નથી ઇચ્છા કરતો–અપ્રાપ્ત પદાર્થની સ્પૃહા કરતો નથી. સમ–રાગદ્વેષવિનાનો. પરા એવી મારી ભક્તિને–અંતરાયરહિત આત્મસાક્ષાત્કાર કરનાર પરિપક્વ નિદિધ્યાસનને. ૫૪

હવે તે નિદિધ્યાસનરૂપ ભક્તિના ફલને કહે છે:—

भक्त्या मामभिजानाति, यावान्यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा, विशते तदनंतरम् ॥५५॥

પ૦ ત૦ પ૦:—**भक्त्या** ભક્તિવડે **माम्** મને **अभिजानाति** સાક્ષાત્કાર કરે છે **यावान्** જે [પરિમાણવાળો] **यः** જે [સ્વરૂપવાળો] **च** તથા **अस्मि** છું **तत्त्वतः** તત્ત્વથી–યથાવત્ **ततः** તે[ભક્તિ]થી **माम्** મને **तत्त्वतः** તત્ત્વથી–યથાવત્ **ज्ञात्वा** જાણીને **विशते** [મારે વિષે] પ્રવેશ કરે છે **तदनंतरम्** ત્યારપછી–દેહ પડ્યા પછી. ૫૫

શં૦:—[હું] જે [પરિમાણવાળો] તથા જે [સ્વરૂપ-વાળો] છું [એવા] મને [તે] ભક્તિવડે [તે પુરુષ] યથાવત્ સાક્ષાત્કાર કરે છે. [એવી રીતે] તે[ભક્તિ]થી મને યથાવત્ જાણીને દેહ પડ્યા પછી [તે મારે વિષે] પ્રવેશ કરે છે. ૫૫

ટી૦:—હું–આત્મા. જે પરિમાણવાળો–અખંડ, એકરસ, નિત્ય ને વિભુરૂપ પરિમાણવાળો; અણુપરિમાણવાળો કે મધ્યમપરિમાણવાળો નહિ. જે સ્વરૂપવાળો–પરિપૂર્ણ, સત્ય, જ્ઞાન ને આનંદરૂપ સ્વરૂપવાળો; દેહેંદ્રિયાદિરૂપ સ્વરૂપવાળો નહિ. તે ભક્તિવડે–તે નિદિધ્યાસનરૂપ જ્ઞાનનિષ્ઠાથી. યથાવત્—યથાર્થ. જાણીને–સાક્ષાત્કાર કરીને. પ્રવેશ કરે છે–અભેદરૂપે પ્રાપ્ત થાય છે. ૫૫

કર્મના ત્યાગથી ઉત્તમ ગતિ કહીને હવે ભક્તિયોગથી પણ મનુષ્યને ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે એમ કહે છે:—

सर्वकर्माण्यपि सदा, कुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति, शाश्वतं पदमव्ययम् ॥५६॥

પ૦ ત૦ પ૦:—**सर्वकर्माणि** સર્વ કર્મોને **अपि** પણ **सदा** સદા **कुर्वाणः** કરતો [છતો] **मद्व्यपाश्रयः** મારો શરણાગત [પુરુષ] **मत्प्रसादात्** મારી કૃપાથી **अवाप्नोति** પામે છે **शाश्वतम्** શાશ્વત **पदम्** પદને **अव्ययम्** અવ્યય. ૫૬

શ૦:—સર્વ કર્મોને સદા કરતો [છતો] પણ મારો શરણાગત [પુરુષ] મારી કૃપાથી શાશ્વત [તથા] અવ્યય પદને પામે છે. ૫૬

ટી૦:—સર્વ કર્મોને-નિષ્કામપણે શાસ્ત્રવિહિત પોતપોતાના વર્ણાશ્રમનાં બધાં કર્મોને. શાશ્વત-ત્રિકાલસિદ્ધ-નિત્ય. અવ્યય-પરિણામિભાવથી રહિત. પદને-મોક્ષરૂપ સચ્ચિદાનંદાદિસ્વભાવવાળા બ્રહ્મને. ૫૬

મારું અનન્યશરણ એ શ્રેષ્ઠ મોક્ષસાધન છે માટે તમે પણ મારે પરાયણ થાઓ એમ કહે છે:—

चेतसा सर्वकर्माणि, मयि संन्यस्य मत्परः ।
बुद्धियोगमुपाश्रित्य, मच्चित्तः सततं भव ॥५७॥

પ૦ ત૦ પ૦:—**चेतसा** ચિત્તવડે **सर्वकर्माणि** સર્વ કર્મોને **मयि** મારામાં **संन्यस्य** સમર્પણ કરીને **मत्परः** મારે પરાયણ-હું જ જેને શ્રેષ્ઠ છું એવા-[થઇ] **बुद्धियोगम्** બુદ્ધિયોગનો **उपाश्रित्य** સ્વીકાર કરીને **मच्चित्तः** મારે વિષે મનવાળા **सततम्** સર્વદા **भव** થાઓ. ૫૭

શ૦:—ચિત્તવડે સર્વ કર્મોને મારામાં સમર્પણ કરીને મારે પરાયણ [થઈ તમે] બુદ્ધિયોગનો સ્વીકાર કરીને સર્વદા મારે વિષે મનવાળા થાઓ. ૫૭

ટી૦:—ચિત્તવડે-વિવેકયુક્ત બુદ્ધિવડે. સર્વ કર્મોને-લૌકિકવૈદિક બધાં કર્મોને. બુદ્ધિયોગનો-કર્મોનાં ફલોની સિદ્ધિમાં તથા અસિદ્ધિમાં સમપણાની બુદ્ધિરૂપ યોગનો. ૫૭

હવે પૂર્વોક્ત ભક્તિયોગ કરવાના લાભને તથા ન કરવાથી થતી હાનિને કહે છે:—

मच्चित्तः सर्वदुर्गाणि, मत्प्रसादात्तरिष्यसि ।
अथ चेत्त्वमहंकारान, न श्रोष्यसि विनंक्ष्यसि ॥५८॥

પ૦ ત૦ પ૦:—मच्चित्तः મારે વિષે મનવાળા [થઇ તમે] सर्वदुर्गाणि સર્વ ભયોને–અતિપ્રયત્નથી તરાય એવા કામક્રોધાદિને मत्प्रसादात् મારી કૃપાથી तरिष्यसि તરી જશો अथ चेत् અને જો [કદાચિત્] त्वम् તમે अहंकारात् અહંકારથી [મારા વચનને] न નહિ श्रोष्यसि સાંભળશો विनंक्ष्यसि નાશ પામશો. ૫૮

શ૦:—મારે વિષે મનવાળા [થઈ તમે] મારી કૃપાથી અતિપ્રયત્નથી તરાય એવા કામક્રોધાદિને [પણ] તરી જશો, અને જો [કદાચિત્] તમે અહંકારથી [મારા વચનને] નહિ સાંભળશો [તો] નાશ પામશો. ૫૮

ટી૦:—અહંકારથી–"હું પંડિત છું" એવી રીતના ગર્વથી. નહિ સાંભળશો–હું કહું છું તે રીતે નહિ ચાલશો. નાશ પામશો–સર્વ પુરુષાર્થોથી ભ્રષ્ટ થશો. ૫૮

કર્મો કરવામાં તમે પોતાને સ્વતંત્ર માનતા હો તો તેમાં તમારી ભૂલ છે એમ કહે છે:—

यदहंकारमाश्रित्य, न योत्स्य इति मन्यसे ।
मिथ्यैष व्यवसायस्ते, प्रकृतिस्त्वां नियोक्ष्यति ॥५९॥

પ૦ ત૦ પ૦:—यत् જો अहंकारम् અહંકારનો आश्रित्य આશ્રય કરીને न નહિ योत्स्ये યુદ્ધ કરું इति એમ मन्यसे માનતા હો मिथ्या મિથ્યા एव જ व्यवसायः નિશ્ચય ते તમારો प्रकृतिः પ્રકૃતિ–સ્વભાવ त्वाम् તમને नियोक्ष्यति જોડશે. ૫૯

શ૦:—અહંકારનો આશ્રય કરીને [હું] નહિ યુદ્ધ કરું એમ જો [તમે] માનતા હો [તો તે] તમારો નિશ્ચય મિથ્યાજ [છે, કેમકે] તમને [તમારો] સ્વભાવ [અવશ્ય યુદ્ધમાં] જોડશે. ૫૯

ટી૦:—અહંકારનો–"હું ધર્માત્મા છું માટે હું યુદ્ધરૂપ ક્રૂર કર્મ નહિ કરું" એવી રીતના અભિમાનનો. તમારો સ્વભાવ–રજોગુણ પ્રધાન ને સત્ત્વગુણ ગૌણ એવી તમારી ક્ષાત્રપ્રકૃતિ. જોડશે–પ્રવૃત્ત કરશે. કોઇ

પુસ્તકમાં मिथ्यैव ને સ્થલે मिथ्यैष એવો પાઠ પણ હોય છે. ત્યાં તેનો આ નિશ્ચય મિથ્યા છે એવો અર્થ કરવો. ૫૯

હવે અર્જુનનું સ્વપ્રકૃતિને અધીનપણું વર્ણવે છેઃ—

स्वभावजेन कौंतेय, निबद्धः स्वेन कर्मणा ।
कर्तुं नेच्छसि यन्मोहात्, करिष्यस्यवशोऽपि तत् ॥६०॥

પ૦ ત૦ પ૦:—**स्वभावजेन** સ્વભાવજન્ય **कौंतेय** હે કૌંતેય! **निबद्धः** બંધાયેલા **स्वेन** પોતાના **कर्मणा** કર્મવડે **कर्तुम्** કરવાને **न** નથી **इच्छसि** ઇચ્છતા **यत्** જે[યુદ્ધ]ને **मोहात्** મોહથી **करिष्यसि** કરશો **अवशः** પરવશ [થઇને] **अपि** પણ **तत्** તેને. ૬૦

શ૦:—હે કૌંતેય! સ્વભાવજન્ય પોતાના કર્મવડે બંધાયેલા [તમે] મોહથી જે[યુદ્ધ]ને કરવાને નથી ઇચ્છતા તેને [તમે] પરવશ [થઈને] પણ કરશો. ૬૦

ટી૦:—સ્વભાવજન્ય-રજોગુણ પ્રધાન ને સત્ત્વગુણ ગૌણ એવી પ્રકૃતિથી ઉપજેલા. કર્મવડે-શૌર્ય આદિ કર્મોવડે. મોહથી-"હું સ્વતંત્ર છું માટે મારી ઇચ્છામાં આવશે એમ કરીશ" એવી રીતની ભ્રાંતિથી. પરવશ થઇને-સ્વાભાવિક કર્મોને તથા અંતર્યામીને અધીન થઇને. ૬૦

સ્વભાવરૂપ પ્રકૃતિના અધીનપણાને કહીને હવે અંતર્યામીના અધીનપણાને સ્પષ્ટપણે કરીને કહે છેઃ—

ईश्वरः सर्वभूतानां, हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि, यंत्रारूढानि मायया ॥६१॥

પ૦ ત૦ પ૦:—**ईश्वरः** ઇશ્વર **सर्वभूतानाम्** સર્વ ભૂતોના **हृद्देशे** હૃદયસ્થાનમાં **अर्जुन** હે અર્જુન! **तिष्ठति** રહે છે **भ्रामयन्** ભ્રમણ કરાવતા [છતા] **सर्वभूतानि** સર્વભૂતોને **यंत्रारूढानि** યંત્રઉપર બેસાડેલાં **मायया** માયાવડે. ૬૧

શ૦:—હે અર્જુન! [અંતર્યામી] ઈશ્વર યંત્રઉપર બેસાડેલાં [લાકડાનાં પુતળાંઓની પેઠે] સર્વભૂતોને માયાવડે [જ્યાં ત્યાં] ભ્રમણ કરાવતા [છતા] સર્વભૂતોના હૃદયસ્થાનમાં રહે છે. ૬૧

ટી૦:—અંતર્યામી-જીવોનાં પુણ્યપાપાનુસાર તેમને શુભાશુભ કર્મમાં પ્રવૃત્ત કરનાર-જીવોના પ્રેરક. ભૂતોને-પ્રાણીઓને. જ્યાં ત્યાં ભ્રમણ કરાવતા છતા-પૂર્વના સંસ્કારોપ્રમાણે શુભાશુભ કર્મોમાં પ્રવૃત્ત કરતા છતા. હૃદયસ્થાનમાં-હૃદયકમલમાં. હૃદયની નિર્મલતા હોવાથી ત્યાં આત્માની વિશેષ અભિવ્યક્તિ જણાય છે માટે તે તેનું સ્થાન કહ્યું છે, અને વસ્તુતાએ સાધકને તેની પ્રથમ ઉપલબ્ધિ પણ ત્યાંજ થાય છે, ક્યાંઇ બહારના પ્રદેશમાં થતી નથી. ૬૧

જો સર્વ પ્રાણીઓ અંતઃપ્રેરકને અધીન છે તો વિધિનિષેધશાસ્ત્રને તથા સર્વ પુરુષપ્રયત્નને અનર્થપણું પ્રાપ્ત થશે એવી શંકા થાય તો તેના ઉત્તરમાં કહે છે:—

तमेव शरणं गच्छ, सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शांतिं, स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥६२॥

પ૦ ત૦ પ૦:—**तम्** તે [ઈશ્વરરૂપ] **एव** જ **शरणम्** શરણને-આશ્રયને **गच्छ** જાઓ-પામો **सर्वभावेन** સર્વ પ્રકારે **भारत** હે ભારત ! -હે અર્જુન ! **तत्प्रसादात्** તેમની કૃપાથી **पराम्** પરા **शांतिम्** શાંતિને **स्थानम्** સ્થાનને **प्राप्स्यसि** પામશો **शाश्वतम्** શાશ્વત. ૬૨

શં૦:—હે ભારત ! સર્વ પ્રકારે તે [ઈશ્વરરૂપ] શરણને-જ પામો. તેમની કૃપાથી પરા શાંતિને [તથા] શાશ્વત સ્થાનને પામશો. ૬૨

ટી૦:—સર્વ પ્રકારે-મન, વાણી ને શરીરથી. પરા શાંતિને-નિર્વિકલ્પસમાધિને. શાશ્વત સ્થાનને-ઉત્પત્તિવિનાશરહિત પરમાનંદરૂપ સ્થિતિને-મોક્ષને. ૬૨

હવે ભગવાન્ આ ગીતાશાસ્ત્રના વિષયનો ઉપસંહાર કરતા છતા અર્જુનને કહે છે:—

इति ते ज्ञानमाख्यातं, गुह्याद्गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण, यथेच्छसि तथा कुरु ॥६३॥

પ૦ ત૦ પ૦:—**इति** એ પ્રમાણે **ते** તમને **ज्ञानम्** જ્ઞાન **आख्यातम्** કહ્યું [છે] **गुह्यात्** ગુહ્યથી [પણ] **गुह्यतरम्** અત્યંત ગુહ્ય

मया મેં **विमृश्य** વિચારીને **एतत्** એને **अशेषेण** કાંઈ પણ બાકી ન રહે તે રીતે-આદિથી અંતપર્યંત **यथा** જેમ **इच्छसि** ઇચ્છતા હો **तथा** તેમ **कुरु** કરો. ૬૩

શ૦:—મેં તમને એ પ્રમાણે ગુહ્યથી [પણ] અત્યંત ગુહ્ય જ્ઞાન કહ્યું [છે માટે] એને આદિથી અંતપર્યંત વિચારીને [પછી] જેમ [તમે] ઇચ્છતા હો તેમ કરો. ૬૩

ટી૦:—ગુહ્યથી-મંત્ર, તંત્ર, મણિ ને રસાયનાદિક ગુપ્ત રાખવાયોગ્ય પદાર્થથી. જ્ઞાન-આત્મજ્ઞાન. એને-આ ગીતાશાસ્ત્રને. આદિથી અંતપર્યંત-પૂર્વોત્તર વાક્યોની એકવાક્યતાપૂર્વક પહેલેથી છેલ્લેસુધી સંપૂર્ણ. ઇચ્છતા હો-પોતાના અધિકારપ્રમાણે જે વિષયનું અનુષ્ઠાન કરવાની તમે ઇચ્છા કરતા હો. ૬૩

અત્યંત ગંભીર આ ગીતાશાસ્ત્રનો સમગ્ર વિચાર કરવાથી ઉપજતા પરિશ્રમની નિવૃત્તિ કરવામાટે પોતેજ કૃપા કરીને સર્વ ગીતાશાસ્ત્રના સારાર્થને સંક્ષેપમાં કહેવાનો આરંભ કરે છેઃ-

सर्वगुह्यतमं भूयः, शृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमिति, ततो वक्ष्यामि ते हितम् ॥६४॥

પ૦ ત૦ પ૦:—**सर्वगुह्यतमम्** સર્વથી અત્યંત ગુહ્ય **भूयः** ફરીથી **शृणु** સાંભળો **मे** મારા **परमम्** પરમ **वचः** વચનને **इष्टः** વહાલા **असि** છો **मे** મને **दृढम्** અતિશય **इति** કેમકે **ततः** તેથી **वक्ष्यामि** કહું છું **ते** તમારા **हितम्** હિતને-વાસ્તવિક લાભને. ૬૪

શ૦:—ફરીથી [પણ] સર્વથી અત્યંત ગુહ્ય મારા પરમ વચનને સાંભળો, કેમકે મને [તમે] અતિશય વહાલા છો તેથી [હું] તમારા હિતને કહું છું. ૬૪

ટી૦:—સર્વથી અત્યંત ગુહ્ય-મણિમંત્રાદિક ગુહ્ય, અને આત્મજ્ઞાન ગુહ્યતર, તેથી પણ અતિગુહ્ય. હિતને-પરમ શ્રેયને. ૬૪

હવે તે પરમશ્રેયોરૂપ હિતને કહે છેઃ—

मन्मना भव मद्भक्तो, मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते, प्रतिजाने प्रियोऽसि मे ॥६५॥

૫૦ ત૦ ૫૦:—**મન્મનાઃ** મારે વિષે મનવાળા **ભવ** થાઓ **મદ્ભક્તઃ** મારા ભક્ત **મદ્યાજી** મારું પૂજન કરનારા **મામ્** મને **નમઃ** નમસ્કાર **કુરુ** કરો **મામ્** મને **એવ** જ **એષ્યસિ** પામશો **સત્યમ્** સત્ય **તે** તમને-તમારી પાસે **પ્રતિજાને** પ્રતિજ્ઞા કરું છું **પ્રિયઃ** પ્રિય **અસિ** છો **મે** મને. ૬૫

શ૦:—મારે વિષે મનવાળા થાઓ, મારા ભક્ત [થાઓ,] મારું પૂજન કરનારા [થાઓ, તથા] મને નમસ્કાર કરો, [તેથી] મનેજ પામશો. તમારી પાસે [હું] સત્ય પ્રતિજ્ઞા કરું છું, [કેમકે તમે] મને પ્રિય છો. ૬૫

ટી૦:—મારે વિષે મનવાળા—આત્માકારચિત્તવાળા. આ શ્લોકમાં વેદના ત્રણે કાંડનું સ્વરૂપ ટુંકામાં કહ્યું છે. પ્રથમ આત્માકારચિત્તવાળા થાઓ એમ કહી જ્ઞાનકાંડનો વિષય સંક્ષેપમાં કહ્યો છે. એવી જ્ઞાનનિષ્ઠા કયા ઉપાયથી પ્રાપ્ત થાય ? એવી શંકાના ઉત્તરમાં મારા ભક્ત થાઓ એમ કહી ઉપાસનાકાંડનો વિષય સંક્ષેપમાં કહ્યો છે. અલ્પ પુણ્યવાળાને એવી ભક્તિ કેમ ઉત્પન્ન થાય ? એવી શંકાના ઉત્તરમાં પોતાના વર્ણાશ્રમનાં કર્મોને કરવારૂપ મારું પૂજન કરનારા થાઓ એમ કહી કર્મકાંડનો વિષય સંક્ષેપમાં કહ્યો છે, અને સ્ત્રી તથા ધનાદિકને અભાવે ગૃહસ્થોથી પોતાના વર્ણાશ્રમનાં કર્મો ન થઇ શકે તો ભક્તિનો પ્રાદુર્ભાવ શી રીતે થશે ? એવી શંકાના ઉત્તરમાં મને નમસ્કારાદિક કરો એમ કહી કર્મકાંડમાંનો અત્યંત સુલભ ભાગ કહ્યો છે. આમ ક્રમથી નમસ્કાર, નિષ્કામકર્મ અને ભક્તિ એ ત્રણ સાધનોની પ્રાપ્તિપૂર્વક જ્ઞાનનિષ્ઠાને પામેલો પુરુષ મનેજ પામશે,—અભેદરૂપે મારામાંજ પ્રવેશ કરશે માટે તું પણ તારો અધિકાર વિચારી એમાંના એકનું અનુષ્ઠાન કર, એટલે મનેજ પામીશ. તારી પાસે હું સત્ય પ્રતિજ્ઞા કરું છું, કેમકે તું મને પ્રિય છે. ૬૫

હવે ' તમેવ શરણં ગચ્છ ' એ આગળ કહેલા વચનનો અર્થ સ્પષ્ટ કરીને કહે છે:—

सर्वधर्मान्परित्यज्य, मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो, मोक्षयिष्यामि मा शुचः ॥६६॥

૫૦ ત૦ ૫૦:—**સર્વધર્માન્** સર્વધર્મોનો **પરિત્યજ્ય** પરિત્યાગ કરીને **મામ્** મને-મારા **એકમ્** એક **શરણમ્** શરણને **વ્રજ** પામો **અહમ્** હું

ત્વાં તમને સર્વપાપેભ્યઃ સર્વપાપોથી મોક્ષયિષ્યામિ મુક્ત કરીશ મા ન શુચઃ શોક કરો. ૬૬

શ૦ઃ—સર્વધર્મોનો પરિત્યાગ કરીને એક મારા શરણને પામો. હું તમને સર્વપાપોથી મુક્ત કરીશ [માટે તમે] શોક ન કરો. ૬૬

ટી૦ઃ—ધર્મ ત્રણ પ્રકારના છે, વર્ણના, આશ્રમના ને સામાન્ય. શ્રુતિસ્મૃતિએ બ્રાહ્મણાદિક ચાર વર્ણોને માટે જે વિધાન કરેલા ધર્મો તે વર્ણના ધર્મો કહેવાય છે, બ્રહ્મચર્યાદિ ચાર આશ્રમોને માટે શ્રુતિસ્મૃતિએ વિધાન કરેલા જે ધર્મો તે આશ્રમના ધર્મો કહેવાય છે, અને વર્ણ તથા આશ્રમ એ બંનેપ્રતિ સાધારણરૂપે શાસ્ત્રે વિધાન કરેલા જે ધર્મો તે સામાન્યધર્મો કહેવાય છે. એ ત્રણ ધર્મોજ મારા કલ્યાણમાટે મારે શરણતારૂપ છે એવો અત્યંત આદર તે ધર્મોમાં ન રાખીને સર્વધર્મોના અધિષ્ઠાનરૂપ તથા સર્વધર્મોના ફલપ્રદાતારૂપ મારાજ શરણને પામ—અનન્યપણે મારામાં મનોવૃત્તિ રાખ. એમ કરીશ તો તને સર્વધર્મરૂપ હું કોઈ પણ પ્રકારના પ્રાયશ્ચિત્તવિનાજ સર્વ પાપોથી મોકળો કરીશ માટે "દોષથી મારો શી રીતે નિસ્તાર થશે ?" એવી રીતના શોકને તું ન કર. શ્લોકના પૂર્વાર્ધનો અન્ય અર્થ પણ સંભવી શકે છે, તે અન્ય અર્થ આ પ્રમાણે છેઃ–ચિત્તના સંશયવિપર્યયરૂપ સર્વ અયોગ્ય ધર્મોનો પરિત્યાગ કરી, સંદેહ તથા ભ્રાંતિથી અત્યંત રહિત થઇ, એક મારાજ આશ્રયને તું ગ્રહણ કર.

આ શ્લોકના ત્રણ અર્થો થાય છે, એક નિષ્કામકર્મયોગને લગતો, બીજો અનન્યભક્તિને લગતો ને ત્રીજો પરમતત્ત્વના જ્ઞાનને લગતો.

નિષ્કામકર્મયોગના અધિકારીઓએ આ શ્લોકનો ભાવ આ પ્રમાણે સમજવો જોઇએઃ—

પોતાના અંતઃકરણની સર્વ સકામવૃત્તિઓરૂપ ધર્મોનો શુદ્ધભાવથી પરિત્યાગ કરીને—અહંતા ને મમતા મુકી દઇને—વિવેકી મનુષ્યે પોતાના પરમપ્રિય ને સર્વશક્તિમાન્ એક પરમાત્માનેજ શરણે જવું, તેમની સર્વ આજ્ઞાઓને નકામા વિચારો ને મિથ્યાભિમાન ત્યજી શુદ્ધભાવથી સતત પાળવી, તેમાં પોતાના દોઢ ડહાપણવડે ધર્માધર્મનો વિચાર પણ ન કરવો, કેમકે ધર્મી જે પરમાત્મા તે જે કહે તેજ ધર્મ, ને સર્વ આંતરબાહ્ય પ્રવૃત્તિ સદોષ હોવાનો પ્રબલ સંભવ, માટે તેમની આજ્ઞાને અનુસરવાથીજ નિષ્પાપ રહી શકાય, સ્વાભિમાનવાળી પ્રવૃત્તિથી નિષ્પાપ ન રહી શકાય.

આવા નિશ્ચયને અનુસરી જે કર્તાપણાનું અભિમાન ને ફલેચ્છાનો પરિત્યાગ કરીને ઉત્તમ પ્રકારે નિષ્કામકર્મયોગનું અનુષ્ઠાન કરે છે તેને પરમાત્મા તેનાં સર્વ પાપોથી મોકળો કરે છે, ને પછી તેને કાંઇ પણ શોક કરવો પડતો નથી.

પરમાત્માની અનન્યભક્તિના અધિકારીઓએ આ શ્લોકનો ભાવ નીચે પ્રમાણે સમજવો જોઇએ:—

પોતાના અંતઃકરણમાંથી ઉપજતી અનુકૂલ પ્રાણિપદાર્થને વિષય કરનારી પ્રીતિવાળી સર્વ વૃત્તિઓરૂપ સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને—એ પ્રાણિપદાર્થો અસત્, તુચ્છ ને બંધન કરનાર હોવાથી પ્રીતિ રાખવાયોગ્ય નથી, પણ પરમમનોહર ને પરમાનંદરૂપ પરમાત્માજ સર્વથા સર્વદા સુદૃઢ નિશ્ચયથી અડગ પ્રીતિ રાખવાયોગ્ય છે એમ સમજી સર્વ પ્રાણિપદાર્થમાં રહેલી પ્રીતિઓનો પરિત્યાગ કરીને—પરમસમર્થ, ધર્મમૂર્તિ, સર્વજ્ઞ, સૌંદર્યનિધિ, પરમપવિત્ર ને ભક્તવત્સલ એક પરમાત્માનેજ અનન્યભાવે–તેજ મારા સર્વથા સર્વદા સાચા આધારરૂપ છે એવા નિશ્ચયપૂર્વક–શરણે જવું. આવા શુદ્ધભાવવાળા અડગ અનન્યશરણથી અનન્યભક્તોનાં અસંખ્ય કલ્પોનાં અસંખ્ય નાનાંમોટાં પાપો બળીને ભસ્મ થઇ જાય છે, અર્થાત્ સર્વપાપોથી તે અત્યંત મોકળો થઇ જાય છે, ને તેથી તેને કદીપણ લગારે શોક કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી.

અંતરાત્માથી અભિન્ન બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છતા વિવેકાદિ સાધનવાળા અધિકારીઓએ આ શ્લોકનો ભાવ નીચે પ્રમાણે સમજવો જોઇએઃ-

દૃશ્યને સત્યરૂપ સમજી તેને વિષય કરનારી પોતાના અંતઃકરણની સર્વ વૃત્તિઓરૂપ સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને—સર્વ દૃશ્યને અત્યંત મિથ્યા સમજીને–અંતરાત્માથી અભિન્ન, અસંગ ને અવિકારી બ્રહ્મમાંજ પોતાનું અંતઃકરણ ગળી જાય ત્યાંસુધી તેનો નિરોધ કરવો. આમ કરવાથી તેનું ચિત્ત અચિત્તભાવને પામે છે,–તે અંતઃકરણમાં રહેલો રજોગુણ તથા તમોગુણ અત્યંત ક્ષીણ થઇ જાય છે. આવા પ્રયત્નનો પરિપાક થવાથી તે જ્ઞાની સર્વ પુણ્યપાપોથી અત્યંત મોકળો થઇ જાય છે, ને તેમ થવાથી તેને કદીપણ લગારે શોક કરવો પડતો નથી. ૬૬

ઉપરના શ્લોકથી સર્વ ગીતાશાસ્ત્રનો અર્થ સમાપ્ત કરી હવે આ બ્રહ્મવિદ્યારૂપ ગીતાશાસ્ત્રના સંપ્રદાયવિધિને કહે છે:—

इदं ते नातपस्काय, नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्यं, न च मां योऽभ्यसूयति ॥६७॥

૫૦ ત૦ ૫૦:—इदम् આ [ગીતાશાસ્ત્ર] તે' તમારા [હિતમાટે કહેલું] ન નથી अतपस्काय ઇંદ્રિયોના નિગ્રહથી રહિતને ન [ઉપદેશ કરવાયોગ્ય] નથી अभक्ताय ભક્તિરહિતને कदाचन કદીપણ ન [ઉપદેશ કરવાયોગ્ય] નથી च તથા अशुश्रूषवे શુશ્રૂષાથી રહિતને वाच्यम् ઉપદેશ કરવાયોગ્ય ન [તેને પણ ઉપદેશ કરવાયોગ્ય] નથી च અને माम् મારી यः જે अभ्यसूयति અસૂયા કરે છે. ૬૭

શા૦:—તમારા [હિતમાટે કહેલું] આ [ગીતાશાસ્ત્ર] ઇંદ્રિયોના નિગ્રહથી રહિતને કદીપણ ઉપદેશ કરવાયોગ્ય નથી, ભક્તિરહિતને [ઉપદેશ કરવાયોગ્ય] નથી, તથા શુશ્રૂષાથી રહિતને [ઉપદેશ કરવાયોગ્ય] નથી, અને જે મારી અસૂયા કરે છે [તેને પણ ઉપદેશ કરવાયોગ્ય] નથી. ૬૭

ટી૦:—કદીપણ-મહાન્ સંકટ આવી પડ્યા છતાં પણ. ભક્તિરહિતને-બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરનાર આચાર્યમાં તથા પરમાત્મામાં ભક્તિવિનાનાને. શુશ્રૂષાથી-શ્રીસદ્દગુરુની પાદપ્રક્ષાલનાદિ સેવાથી. અસૂયા કરે છે-ગુણમાં દોષનું આરોપણ કરી દ્વેષ કરે છે. મૂલમાં જે ચાર નકાર કહ્યા છે તે એવું જણાવવાને કે એ ચારે વિશેષણોથી જે રહિત હોય તેનેજ આ શાસ્ત્રનો ઉપદેશ કરવો, અન્યને આ શાસ્ત્રનો ઉપદેશ ન કરવો. ૬૭

હવે આ ગીતાશાસ્ત્રના સંપ્રદાયની પ્રવૃત્તિ કરનારા પુરુષને પ્રાપ્ત થનારા ફલને કહે છેઃ—

य इदं परमं गुह्यं, मद्भक्तेष्वभिधास्यति ।
भक्तिं मयि परां कृत्वा, मामेवैष्यत्यसंशयः ॥६८॥

૫૦ ત૦ ૫૦:—यः જે इदम् આ परमम् પરમ गुह्यम् ગુહ્ય [શાસ્ત્રને] मद्भक्तेषु મારા ભક્તોમાં अभिधास्यति સ્થાપન કરશે [તે પુરુષ] भक्तिम् ભક્તિ मयि મારામાં पराम् પરા कृत्वा કરીને माम् મને एव જ एष्यति પામશે असंशयः [એમાં] સંશય નથી. ૬૮

શા૦:—જે મારામાં પરા ભક્તિ કરીને આ પરમ ગુહ્ય [શાસ્ત્રને] મારા ભક્તોમાં સ્થાપન કરશે [તે પુરુષ] મને-જ પામશે [એમાં] સંશય નથી. ૬૮

ટી૦:—મારામાં પરા ભક્તિ કરીને-આ ગીતાશાસ્ત્રનો ઉપદેશ કરાય છે તે પરમગુરુ પરમાત્માની શુશ્રૂષાજ થાય છે એવો નિશ્ચય કરીને. પરમ-મોક્ષનું સાધન હોવાથી સર્વોત્કૃષ્ટ. ગુહ્ય-સર્વશાસ્ત્રોના રહસ્યનું પ્રતિપાદક હોવાથી અનધિકારીને ઉપદેશ ન કરાય એવું. સ્થાપન કરશે-પાઠરૂપથી તથા અર્થરૂપથી સ્થિર કરશે. ભાષ્યમાં **य इदं** ને સ્થલે **य इमं** એવો પાઠ અંગીકાર કર્યો છે. તે બંનેનો અર્થ એકજ છે. ૬૮

न च तस्मान्मनुष्येषु, कश्चिन्मे प्रियकृत्तमः ।

भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ॥६९॥

પ૦ ત૦ પ૦:—**न** નથી **च** વળી **तस्मात्** તેથી-તે પુરુષથી **मनुष्येषु** મનુષ્યોમાં **कश्चित्** કોઇ પણ **मे** મારે વિષે **प्रियकृत्तमः** અતિશય પ્રીતિવાળો **भविता** થવાનો [નથી] **न** નથી **च** અને **मे** મારે-મને **तस्मात्** તેથી **अन्यः** બીજો **प्रियतरः** વધારે વહાલો **भुवि** પૃથ્વીમાં. ૬૯

શ૦:—વળી મનુષ્યોમાં તે પુરુષથી બીજો કોઈ પણ [મનુષ્ય] મારે વિષે અતિશય પ્રીતિવાળો નથી, થવાનો [નથી,] અને મને [પણ] તેથી [બીજો કોઈ પુરુષ] પૃથ્વીમાં વધારે વહાલો નથી. ૬૯

ટી૦:—" નથી, " ને " થવાનો નથી " એવા કથનથી એમ સૂચવ્યું છે કે ભૂતકાલમાં થયો નથી, વર્તમાનમાં કોઇ વિદ્યમાન નથી, ને ભવિષ્યમાં કોઈ થવાનો નથી. ૬૯

શ્રીગીતાશાસ્ત્રના અધ્યાપકના ફલને કહીને હવે તેનું અધ્યયન કરનારને થનારું ફલ કહે છે:—

अध्येष्यते च य इमं, धर्म्यं संवादमावयोः ।

ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ॥७०॥

પ૦ ત૦ પ૦:—**अध्येष्यते** અધ્યયન કરશે **च** અને **यः** જે [પુરુષ] **इमम्** આ [ગીતાશાસ્ત્ર]નું **धर्म्यम्** ધર્મ્યરૂપ **संवादम्** સંવાદરૂપ **आवयोः** આપણા બેના **ज्ञानयज्ञेन** જ્ઞાનયજ્ઞવડે **तेन** તેણે કરીને **अहम्** હું **इष्टः** પૂજિત **स्याम्** થઉં છું **इति** એમ **मे** મારો **मतिः**

પત-નિશ્ચય-[છે.] ૭૦

શા૦:—અને જે [પુરુષ] આપણા બેના સંવાદરૂપ [તથા] ધર્મ્યરૂપ આ [ગીતાશાસ્ત્ર]નું અધ્યયન કરશે તેણે કરીને જ્ઞાનયજ્ઞવડે હું પૂજિત થઉં છું એમ મારો નિશ્ચય [છે.] ૭૦

ટી૦:—ધર્મ્યરૂપ-આત્મજ્ઞાનરૂપ ધર્મના કારણરૂપ. અધ્યયન કરશે-જપરૂપે પાઠ કરશે. ૭૦

હવે આ ગીતાશાસ્ત્રના શ્રોતાપુરુષને પ્રાપ્ત થનારું ફલ કહે છેઃ—

श्रद्धावाननसूयश्च, शृणुयादपि यो नरः ।
सोऽपि मुक्तः शुभाँल्लोकान्, प्राप्नुयात्पुण्यकर्मणाम् ॥७१॥

પ૦ ત૦ પ૦:—**श्रद्धावान्** શ્રદ્ધાવાન્ [થઇને] **अनसूयः** અસૂયાવિનાનો [થઇને] **च** અને **शृणुयात्** સાંભળે **अपि** કેવલ **यः** જે **नरः** પુરુષ **सः** તે **अपि** પણ **मुक्तः** મુક્ત [થઇ] **शुभान्** શુભ **लोकान्** લોકોને **प्राप्नुयात्** પામે **पुण्यकर्मणाम्** પુણ્યકર્મવાળાઓના. ૭૧

શા૦:—જે પુરુષ શ્રદ્ધાવાન્ [થઇને] અને અસૂયાવિનાનો [થઇને આ શાસ્ત્રને] કેવલ સાંભળે [તો] તે પણ મુક્ત [થઈ] પુણ્યકર્મવાળાઓના શુભ લોકોને પામે. ૭૧

ટી૦:—શ્રદ્ધાવાન્-આસ્તિક્યબુદ્ધિવાળો. અસૂયાવિનાનો-"આ પુરુષ ગીતાશાસ્ત્રનો ઉચ્ચ સ્વરથી શામાટે પાઠ કરે છે?" અથવા "આ પુરુષ ગીતાશાસ્ત્રનો અસંબદ્ધ પાઠ કરે છે" એવી રીતના દોષોનું વક્તાપુરુષમાં આરોપણ કર્યા વિનાનો. शृणुयादपि તથા सोऽपि એમાં રહેલા અપિશબ્દવડે એમ સૂચવ્યું છે કે આ ગીતાશાસ્ત્રના અર્થજ્ઞાનથી રહિત કેવલ અક્ષરમાત્રના શ્રોતાપુરુષ પણ જ્યારે ઉત્તમ લોકોને પામે છે ત્યારે અર્થજ્ઞાનપૂર્વક આ શાસ્ત્ર સાંભળે તે પુરુષ ઉત્તમ લોકને પામે એમાં શું આશ્ચર્ય? કાંઇ નહિ. ૭૧

જ્યાંસુધી શિષ્યને સંશયવિપર્યયથી રહિત આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યાંસુધી બ્રહ્મવેત્તા આચાર્યે તેને ઉપદેશ કરવાનો પ્રયાસ કરવો એવી રીતના આચાર્યના ધર્મની શિક્ષા કરવામાટે

ભગવાન્ અર્જુનપ્રતિ તમને હવે ઉપદેશની અપેક્ષા છે કે કેમ એવા આશયનો પ્રશ્ન પૂછે છેઃ—

कच्चिदेतच्छ्रुतं पार्थ, त्वयैकाग्रेण चेतसा ।

कच्चिदज्ञानसंमोहः, प्रनष्टस्ते धनंजय ॥७२॥

પ૦ ત૦ પ૦:—**कच्चित्** કે કેમ **एतत्** આ [ગીતાશાસ્ત્ર] **श्रुतम्** સાંભળ્યું **पार्थ** હે પાર્થ ! **त्वया** તમે **एकाग्रेण** એકાગ્ર **चेतसा** ચિત્તે **कच्चित्** કે કેમ **अज्ञानसंमोहः** અજ્ઞાનથી ઉપજેલો સંમોહ **प्रनष्टः** સંપૂર્ણ નાશ પામ્યો **ते** તમારો **धनंजय** હે ધનંજય !–હે અર્જુન ! ૭૨

શ૦:—હે પાર્થ ! તમે આ [ગીતાશાસ્ત્ર] એકાગ્ર ચિત્તે સાંભળ્યું કે કેમ ? [અને] હે ધનંજય ! તમારો અજ્ઞાનથી ઉપજેલો સંમોહ સંપૂર્ણ નાશ પામ્યો કે કેમ ? [તે તમે મને કહો.]' ૭૨

ટી૦:—સાંભળ્યું-અર્થસહિત નિશ્ચય કર્યું. સંમોહ–વિપરીતજ્ઞાન. અહિં જડરૂપ દેહાદિકોમાં જે આત્મપણાની બુદ્ધિ છે, તથા સ્વધર્મરૂપ યુદ્ધમાં જે અધર્મપણાની બુદ્ધિ છે તે અજ્ઞાનકૃત સંમોહ જાણવો. ૭૨

હવે હું કૃતાર્થ થયો છું માટે મને પુનઃ ઉપદેશની અપેક્ષા નથી એવી રીતના પોતાના અભિપ્રાયને અર્જુન જણાવે છેઃ—

अर्जुन उवाच ॥

नष्टो मोहः स्मृतिर्लब्धा, त्वत्प्रसादान्मयाऽच्युत ।

स्थितोऽस्मि गतसंदेहः, करिष्ये वचनं तव ॥७३॥

પ૦ ત૦ પ૦:—**अर्जुनः** અર્જુન **उवाच** બોલ્યા ॥ **नष्टः** નાશ પામ્યો [છે] **मोहः** મોહ **स्मृतिः** સ્મૃતિ **लब्धा** પ્રાપ્ત કરી [છે તેથી] **त्वत्प्रसादात्** આપની કૃપાથી **मया** મેં **अच्युत** હે અચ્યુત !–હે શ્રીકૃષ્ણ ! **स्थितः** રહેલો **अस्मि** છું **गतसंदेहः** સંશયરહિત [થઇ આપની આજ્ઞામાં] **करिष्ये** કરીશ (પાળીશ) **वचनम्** વચન **तव** આપનું. ૭૩

શ૦:—અર્જુન બોલ્યાઃ–' હે અચ્યુત ! મેં આપની કૃપાથી [આત્મજ્ઞાનરૂપ] સ્મૃતિ પ્રાપ્ત કરી [છે તેથી મારો] મોહ નાશ પામ્યો [છે માટે] સંશયરહિત [થઇ હું આપની આજ્ઞામાં] રહેલો છું, આપનું વચન પાળીશ.' ૭૩

ટી૦:—આજ્ઞામાં-યુદ્ધની કર્તવ્યતારૂપ આજ્ઞામાં. ૭૩

સંજય પૂર્વોક્ત કથાનું અનુસંધાન કરીને ધૃતરાષ્ટ્રને કહે છે:-

संजय उवाच ॥

इत्यहं वासुदेवस्य, पार्थस्य च महात्मनः ।

संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम् ॥७४॥

૫૦ ત૦ ૫૦:—**संजयः** સંજય **उवाच** બોલ્યા ॥ **इति** એ પ્રમાણે **अहम्** હું **वासुदेवस्य** વાસુદેવના-શ્રીકૃષ્ણના **पार्थस्य** પાર્થના-અર્જુનના **च** ને **महात्मनः** મહાત્મા એવા **संवादम्** સંવાદને **इमम्** આ **अश्रौषम्** સાંભળતો હવો **अद्भुतम्** અદ્ભુત **रोमहर्षणम्** રૂંવાડાં ઊભાં કરે એવા. ૭૪

શ૦:—સંજય બોલ્યાઃ-[હે ધૃતરાષ્ટ્ર !] એ પ્રમાણે હું મહાત્મા એવા શ્રીકૃષ્ણના ને અર્જુનના આ અદ્ભુત [તથા] રૂંવાડાં ઊભાં કરે એવા સંવાદને સાંભળતો હવો. ૭૪

ટી૦:—મહાત્મા-મોટા સામર્થ્યવાળા. અદ્ભુત-ચિત્તને અત્યંત વિસ્મય પમાડનાર. ૭૪

હવે સંજય પોતાનામાં તે સંવાદના શ્રવણની યોગ્યતાને કહે છે:—

व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमहं परम् ।

योगं योगेश्वरात्कृष्णात्, साक्षात्कथयतः स्वयम् ॥७५॥

૫૦ ત૦ ૫૦:—**व्यासप्रसादात्** શ્રીવ્યાસની કૃપાથી **श्रुतवान्** સાંભળતો હવો **एतत्** આ **गुह्यम्** ગુહ્ય **अहम्** હું **परम्** પરમ **योगम्** યોગને **योगेश्वरात्** યોગેશ્વર **कृष्णात्** શ્રીકૃષ્ણથી **साक्षात्** સાક્ષાત્ **कथयतः** કહેતા એવા **स्वयम्** પોતે. ૭૫

શ૦:—[હે ધૃતરાષ્ટ્ર !] શ્રીવ્યાસની કૃપાથી હું આ પરમ ગુહ્ય યોગને પોતે કહેતા એવા યોગેશ્વર શ્રીકૃષ્ણથી સાક્ષાત્ સાંભળતો હવો. ૭૫

ટી૦:—વ્યાસ—નિર્વિચારવૈશારદ્ય—રજસ્તમોમલરહિત સાત્ત્વિક-ચિત્તનો અત્યંત સ્વચ્છસ્થિતિરૂપ વૃત્તિપ્રવાહ. આ નિર્વિચારવૈશારદ્યની પ્રાપ્તિથીજ ક્રમવિના પરમાણુથી પ્રકૃતિપર્યંતનાં તત્ત્વોનો યોગીને સાક્ષાત્કાર થાય છે. આની વિશેષ સમજમાટે શ્રીપાતંજલયોગદર્શનના સમાધિપાદનું "निर्विचारवैशारद्येऽध्यात्मप्रसादः" (નિર્વિચારની નિર્મલ એકાગ્રતાની ધારા-

વડે અંતઃકરણની પરમપવિત્રતા થાય છે) એ સુડતાળીશમું સૂત્ર જુઓ. કૃપાથી–દૂરદર્શન તથા દૂરશ્રવણરૂપ અનુગ્રહથી. પરમ ગુહ્ય–મોક્ષનું સાધન હોવાથી સર્વોત્કૃષ્ટ ગુહ્ય–સર્વશાસ્ત્રોના રહસ્યરૂપ હોવાથી અનધિકારીને નહિ દેવાયોગ્ય. યોગ–સમાધિ. ચિત્તના નિરોધરૂપ બંને પ્રકારના યોગનો હેતુ હોવાથી સમાધિને યોગ કહેલ છે. કોઇ પુસ્તકમાં श्रुतवानेतत् ને સ્થળે श्रुतवानिमं એવો પાઠ પણ હોય છે. તે બંનેનો અર્થ એકજ છે. ૭૫

સંજય તે સંવાદના સ્મરણજન્ય પોતાના હર્ષને કહે છે:—

राजन्संस्मृत्य संस्मृत्य, संवादमिममद्भुतम् ।
केशवार्जुनयोः पुण्यं, हृष्यामि च मुहुर्मुहुः ॥७६॥

પ૦ ત૦ પ૦:—**राजन्** હે રાજન્ !–હે ધૃતરાષ્ટ્ર ! **संस्मृत्य** સંભારી **संस्मृत्य** સંભારીને **संवादम्** સંવાદને **इमम्** આ **अद्भुतम्** અદ્ભુત **केशवार्जुनयोः** કેશવના અને અર્જુનના **पुण्यम्** પુણ્યરૂપ **हृष्यामि** હર્ષ પામું છું **च** તથા **मुहुर्मुहुः** વારંવાર. ૭૬

શ૦:—હે ધૃતરાષ્ટ્ર ! કેશવના અને અર્જુનના આ પુણ્યરૂપ તથા અદ્ભુત સંવાદને સંભારીસંભારીને [હું] વારંવાર હર્ષ પામું છું. ૭૬

ટી૦:—પુણ્યરૂપ–શ્રવણમાત્રથી પણ સર્વપાપોનો નાશ કરનાર. ૭૬

અર્જુનને ધ્યાન કરવામાટે ભગવાને જે પોતાનું અદ્ભુત સ્વરૂપ દેખાડ્યું હતું તે સ્વરૂપનું સ્મરણ કરીને સંજય ધૃતરાષ્ટ્રને કહે છે:—

तच्च संस्मृत्य संस्मृत्य, रूपमत्यद्भुतं हरेः ।
विस्मयो मे महान् राजन्, हृष्यामि च पुनः पुनः ॥७७॥

પ૦ ત૦ પ૦:—**तत्** તે **च** વળી **संस्मृत्य** સંભારી **संस्मृत्य** સંભારીને **रूपम्** [વિશ્વ]રૂપને **अत्यद्भुतम्** અતિઅદ્ભુત **हरेः** હરિના **विस्मयः** વિસ્મય–આશ્ચર્ય–[થાય છે] **मे** મારો–મને **महान्** મોટો **राजन्** હે રાજન્ !–હે ધૃતરાષ્ટ્ર ! **हृष्यामि** હર્ષ પામું છું **च** તેથી **पुनः पुनः** ફરીફરીને. ૭૭

શ૦:—હે ધૃતરાષ્ટ્ર ! વળી હરિના તે અતિઅદ્ભુત [વિશ્વ]રૂપને સંભારીસંભારીને મને મોટો વિસ્મય [થાય છે] તેથી [હું] ફરીફરીને હર્ષ પામું છું. ૭૭

ટી૦:—હરિ-ત્રણુ પ્રકારનાં દુઃખોનું હરણુ કરનાર-આત્મા. ૭૭

હે ધૃતરાષ્ટ્ર ! તમે પોતાના દુર્યોધનાદિક પુત્રોના વિજયાદિકની આશાનો પરિત્યાગ કરીને પાંડુના પુત્રોની સાથે સમાધાન કરો એમ સંજય ધૃતરાષ્ટ્રને કહે છેઃ—

यत्र योगेश्वरः कृष्णो, यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्, ध्रुवा नीतिर्मतिर्मम ॥ ७८ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे मोक्षयोगो नामाष्टादशोऽध्यायः ॥१८॥

પદચ્છેદ તથા પદાર્થઃ—यत्र જ્યાં-જે પક્ષમાં योगेश्वरः યોગેશ્વર कृष्णः શ્રીકૃષ્ણુ [છે તથા] यत्र જ્યાં-જે પક્ષમાં पार्थः પાર્થ-અર્જુન [છે] धनुर्धरः ધનુષ્ધારી तत्र ત્યાં-તે પક્ષમાં श्रीः રાજ્યલક્ષ્મી विजयः વિજય भूतिः ભૂતિ ध्रुवा અવશ્ય [થશે એમ] नीतिः નીતિ मतिः બુદ્ધિ-નિશ્ચય—[છે] मम મારો. ૭૮

શબ્દાર્થઃ—[હે ધૃતરાષ્ટ્ર !] જે પક્ષમાં યોગેશ્વર શ્રીકૃષ્ણુ [છે, તથા] જે પક્ષમાં ધનુષ્ધારી અર્જુન [છે] તે પક્ષમાં રાજ્યલક્ષ્મી, વિજય, ભૂતિ [ને] નીતિ અવશ્ય [થશે એમ] મારો નિશ્ચય [છે.]" ૭૮

ટીકાઃ—જે પક્ષમાં-જે સદ્ધર્મના પક્ષમાં. યોગેશ્વર—અણિમાદિ મહાન્ યોગસિદ્ધિઓના સ્વામી. ધનુષ્ધારી-વિષયદોષદર્શનરૂપ ધનુષ્‌ને ધારણુ કરનાર. રાજ્યલક્ષ્મી-શરીરાદિની યોગ્યતા. વિજય-આંતરશત્રુના પરાજયથી થતો ઉત્કર્ષ. ભૂતિ-ઉત્તરોત્તર ઐશ્વર્યની વૃદ્ધિ. નીતિ-ન્યાય-શાસ્ત્રવિહિત વર્તન. ૭૮

इति श्रीमन्नथुरामशर्मणा विरचितायां गुर्जरभाषाटीकायां श्रीगीतारहस्यदीपिकाख्यायां मोक्षयोगो नामाष्टादशोऽध्यायः ॥१८॥

॥ ॐ तत्सत् श्रीसद्गुरुदेवार्पणमस्तु ॥

॥ ॐ शांतिः शांतिः शांतिः ॥

॥ समाप्तोऽयं ग्रंथः ॥

॥ ॐ ॥

॥ श्रीगीतामाहात्म्यम् ॥

धरोवाच ॥

भगवन्परमेशान, भक्तिरव्यभिचारिणी ।
प्रारब्धं भुज्यमानस्य, कथं भवति हे प्रभो ॥ १ ॥

પદચ્છેદ તથા પદાર્થ:—धरा પૃથિવી उवाच બોલી ॥ भगवन् હે ભગવન્! परमेशान હે પરમેશ્વર! भक्तिः ભક્તિ अव्यभिचारिणी વ્યભિચારવિનાની–અનન્ય प्रारब्धं [પોતાનું] પ્રારબ્ધ भुज्यमानस्य ભોગવનાર[પુરુષ]ને कथं કેવી રીતે–કયા ઉપાયથી भवति થાય છે हे प्रभो હે પ્રભો! ૧

શબ્દાર્થ:—પૃથિવી બોલી:–"હે ભગવન્! હે પરમેશ્વર! હે પ્રભો! [પોતાનું] પ્રારબ્ધ ભોગવનાર[પુરુષ]ને [આપમાં] અનન્યભક્તિ કયા ઉપાયથી થાય છે? [તે કહો.]" ૧

विष्णुरुवाच ॥

प्रारब्धं भुज्यमानो हि, गीताभ्यासरतः सदा ।
स मुक्तः स सुखी लोके, कर्मणा नोपलिप्यते ॥२॥

પ૦ ત૦ પ૦:—विष्णुः શ્રીવિષ્ણુ उवाच બોલ્યા ॥ प्रारब्धं [પોતાના] પ્રારબ્ધને भुज्यमानः ભોગવનારો [જે પુરુષ] हि અને गीताभ्यासरतः ગીતાના અભ્યાસમાં પ્રીતિવાળો [છે] सदा સર્વદા सः તે मुक्तः મુક્ત सः તે सुखी સુખી लोके લોકમાં कर्मणा કર્મવડે न નથી उपलिप्यते લેપાતો ૨

શ૦:—શ્રીવિષ્ણુ બોલ્યા:—"[પોતાના] પ્રારબ્ધને ભોગવનારો [જે પુરુષ] સર્વદા ગીતાના અભ્યાસમાં પ્રીતિવાળો [છે] તે લોકમાં સુખી [ને] તે મુક્ત [છે], અને કર્મવડે લેપાતો નથી. ૨

महापापादिपापानि, गीताध्यानं करोति चेत् ।
क्वचित्स्पर्शं न कुर्वन्ति, नलिनीदलमंभसा ॥ ३ ॥

૫૦ ત૦ ૫૦:—**महापापादिपापानि** મહાપાપ આદિ પાપો **गीता-ध्यानं** ગીતાનું ધ્યાન **करोति** કરે છે **चेत्** જો **क्वचित्** કદીપણુ **स्पर्शं** સ્પર્શ **न** નથી **कुर्वन्ति** કરી શકતાં **नलिनीदलम्** કમલપત્રને **अंभसा** જલવડે-જલ. ૩

શ૦:—જો [કોઇ પુરુષ] ગીતાનું (ગીતામાં નિરૂપણ કરેલા તત્ત્વનું) [વિધિવત્] ધ્યાન કરે છે [તો જેમ] કમલપત્રને જલ [સ્પર્શ કરી શકતું નથી તેમ તેને] મહાપાપ આદિ પાપો કદીપણુ સ્પર્શ કરી શકતાં નથી. ૩

गीतायाः पुस्तकं यत्र, यत्र पाठः प्रवर्तते ।
तत्र सर्वाणि तीर्थानि, प्रयागादीनि तत्र वै ॥४॥

૫૦ ત૦ ૫૦:—**गीतायाः** ગીતાનું **पुस्तकं** પુસ્તક **यत्र** જ્યાં **यत्र** જ્યાં **पाठः** પાઠ **प्रवर्तते** ચાલે છે **तत्र** ત્યાં **सर्वाणि** સર્વે **तीर्थानि** તીર્થો **प्रयागादीनि** પ્રયાગ આદિ **तत्र** ત્યાં **वै** જ. ૪

શ૦:—જ્યાં ગીતાનું પુસ્તક [હોય છે, ને] જ્યાં [શ્રદ્ધાપૂર્વક તેનો] પાઠ ચાલે છે ત્યાં સર્વે તીર્થો [છે, ને] પ્રયાગ આદિ [પણુ] ત્યાંજ [છે.] ૪

सर्वे देवाश्च ऋषयो, योगिनः पन्नगाश्च ये ।
गोपाला गोपिका वाऽपि, नारदोद्धवपार्षदैः ॥
सहायो जायते शीघ्रं, यत्र गीता प्रवर्तते ॥ ५ ॥

૫૦ ત૦ ૫૦:—**सर्वे** સર્વે **देवाः** દેવો **च** ને **ऋषयः** ઋષિઓ **योगिनः** યોગીઓ **पन्नगाः** સર્પો **च** ને **ये** જે **गोपालाः** ગોવાળો **गोपिकाः** ગોપીઓ **वा** તથા **अपि** પણુ **नारदोद्धवपार्षदैः** નારદ ઉદ્ધવ ને પાર્ષદોએ **सहायः** સાહાય્ય કરનાર **जायते** થાય છે **शीघ्रं** તુરત **यत्र** જ્યાં **गीता** ગીતા—ગીતાનો વિચાર **प्रवर्तते** ચાલે છે. ૫

શ૦:—જ્યાં [નિત્ય] ગીતાનો વિચાર ચાલે છે [ત્યાં]

નારદ, ઉદ્ધવ ને પાર્ષદોએ [સહિત] જે સર્વે દેવો ને ઋષિઓ, યોગીઓ ને સર્પો, ગોવાળો તથા ગોપીઓ [છે તે સર્વે] પણ તુરત સાહાય્ય કરનાર થાય છે. ૫

यत्र गीताविचारश्च, पठनं पाठनं श्रुतम् ।
तत्राहं निश्चितं पृथ्वि, निवसामि सदैव हि ॥६॥

૫૦ ત૦ ૫૦:—यत्र જ્યાં गीताविचारः ગીતાનો વિચાર च ને पठनं અધ્યયન पाठनं ભણાવવું श्रुतम् શ્રવણ तत्र ત્યાં अहं હું निश्चितं નિશ્ચયવાળી पृथ्वि હે પૃથિવિ ! निवसामि નિવાસ કરું છું सदा સર્વદા एव જ हि નિઃસંશય. ૬

શ૦:—જ્યાં ગીતાનો વિચાર, અધ્યયન, ભણાવવું ને શ્રવણ [થાય છે] ત્યાં હે પૃથિવિ ! હું નિઃસંશય સર્વદાજ નિવાસ કરું છું [આ વાત] નિશ્ચયવાળી [છે.] ૬

गीताश्रयेऽहं तिष्ठामि, गीता मे चोत्तमं गृहम् ।
गीताज्ञानमुपाश्रित्य, त्रींल्लोकान्पालयाम्यहम् ॥ ७ ॥

૫૦ ત૦ ૫૦:—गीताश्रये ગીતાના આશ્રયમાં अहं હું तिष्ठामि રહું છું गीता ગીતા मे મારું च ને उत्तमं ઉત્તમ गृहम् ઘર गीताज्ञानं ગીતાના જ્ઞાનનો उपाश्रित्य આશ્રય કરીને त्रीन् ત્રણ लोकान् લોકોનું पालयामि પાલન કરું છું अहं હું. ૭

શ૦:—હું ગીતાના આશ્રયમાં રહું છું, ને ગીતા મારું ઉત્તમ ઘર [છે. તે] ગીતાના [અદ્વૈત બ્રહ્મના] જ્ઞાનનો આશ્રય કરીને હું ત્રણ લોકોનું પાલન કરું છું. ૭

गीता मे परमा विद्या, ब्रह्मरूपा न संशयः ।
अर्धमात्राक्षरा नित्या, स्वनिर्वाच्यपदात्मिका ॥८॥

૫૦ ત૦ ૫૦:—गीता ગીતા मे મારી परमा પરમ विद्या વિદ્યા ब्रह्मरूपा બ્રહ્મરૂપ न નથી संशयः સંશય अर्धमात्रा અર્ધમાત્રરૂપ अक्षरा અક્ષરરૂપ नित्या નિત્ય स्वनिर्वाच्यपदात्मिका અત્યંત અનિર્વાચ્યપદરૂપ. ૮

શ૦:—ગીતા [એ] મારી બ્રહ્મરૂપ પરમવિદ્યા [છે એમાં] સંશય નથી. [તે] અર્ધમાત્રરૂપ, અક્ષરરૂપ, (અવિનાશિરૂપ,) નિત્ય [ને] અત્યંત અનિર્વાચ્યપદરૂપ (નહિ કહી શકાય એવા સ્વરૂપવાળી) [છે.] ૮

चिदानंदघना कृष्णेनोक्ता स्वमुखतोऽर्जुनम् ।
वेदत्रयी परानंदा, तत्त्वार्थज्ञानमंजसा ॥९॥

પ૦ ત૦ પ૦:—चिदानंदघना ચિદાનંદઘના कृष्णेन શ્રીકૃષ્ણે उक्ता કહેલી स्वमुखतः પોતાના મુખથી अर्जुनम् અર્જુનપ્રતિ वेदत्रयी ત્રણ વેદરૂપ परानंदा પરમાનંદરૂપ तत्त्वार्थज्ञानम् તત્ત્વાર્થરૂપ જ્ઞાનવાળી अंजसा વાસ્તવિક. ૯

શ૦:—[વળી તે] ચિદાનંદઘના, (ચેતનઘન ને આનંદઘનરૂપ,) શ્રીકૃષ્ણે પોતાના મુખથી અર્જુનપ્રતિ કહેલી, ત્રણ વેદરૂપ, પરમાનંદરૂપ [ને] વાસ્તવિક તત્ત્વાર્થરૂપ જ્ઞાનવાળી [છે.] ૯

योऽष्टादश जपेन्नित्यं, नरो निश्चलमानसः ।
ज्ञानसिद्धिं स लभते, ततो याति परं पदम् ॥१०॥

પ૦ ત૦ પ૦:—यः જે अष्टादश અઢાર [અધ્યાયનો] जपेत् પાઠ કરે છે नित्यं નિત્ય नरः પુરુષ निश्चलमानसः નિશ્ચલમનવાળો ज्ञानसिद्धिं જ્ઞાનસિદ્ધિને सः તે लभते પામે છે ततः તેથી याति પ્રાપ્ત કરે છે परं પરમ पदं પદને. ૧૦

શ૦:—જે નિશ્ચલમનવાળો પુરુષ નિત્ય [આ ગીતાના] અઢાર [અધ્યાયનો] પાઠ કરે છે તે જ્ઞાનસિદ્ધિને પામે છે, [ને] તેથી પરમપદને પ્રાપ્ત કરે છે. ૧૦

पाठेऽसमर्थः संपूर्णे, तदर्धं पाठमाचरेत् ।
ततो गोदानजं पुण्यं, लभते नात्र संशयः ॥ ११ ॥

પ૦ ત૦ પ૦:—पाठे પાઠ કરવામાં असमर्थः અસમર્થ संपूर्णे સંપૂર્ણ तदर्धं તેના અર્ધનો पाठं પાઠ आचरेत् કરે ततः તેથી गोदानजं ગાયના દાનથી ઉત્પન્ન થતા पुण्यं પુણ્યને लभते પામે છે न નથી अत्र એમાં संशयः સંશય. ૧૧

શ૦:—[જે] સંપૂર્ણ પાઠ કરવામાં અસમર્થ [હોય તે] તેના અર્ધનો પાઠ કરે [તો] તેથી ગાયના દાનથી ઉત્પન્ન થતા પુણ્યને પામે છે એમાં સંશય નથી. ૧૧

त्रिभागं पठमानस्तु, गंगास्नानफलं लभेत् ।
षडंशं जपमानस्तु, सोमयागफलं लभेत् ॥१२॥

પ૦ ત૦ પ૦:—त्रिभागं ત્રીજા ભાગનો पठमानः પાઠ કરનાર तु તો गंगास्नानफलं ગંગાજીના સ્નાનનું ફલ लभेत् પામે છે षडंशं છઠ્ઠા ભાગનો जपमानः પાઠ કરનારો तु અને सोमयागफलं સોમયાગના ફલને लभेत् પામે છે. ૧૨

શ૦:—[ગીતાશાસ્ત્રના] ત્રીજા ભાગનો પાઠ કરનાર તો ગંગાજીના સ્નાનનું ફલ પામે છે, અને છઠ્ઠા ભાગનો પાઠ કરનારો સોમયાગના ફલને પામે છે. ૧૨

एकाध्यायं तु यो नित्यं, पठते भक्तिसंयुतः ।
रुद्रलोकमवाप्नोति, गणो भूत्वा वसेच्चिरम् ॥१३॥

પ૦ ત૦ પ૦:—एकाध्यायं એક અધ્યાયનો तु વળી यः જે नित्यं નિત્ય पठते પાઠ કરે છે भक्तिसंयुतः ભક્તિયુક્ત रुद्रलोकं રુદ્રલોકને अवाप्नोति પામે છે गणः ગણ भूत्वा થઈને वसेत् રહે છે चिरं" ચિરકાલ. ૧૩

શ૦:—વળી જે [પુરુષ] ભક્તિયુક્ત [થઈને] નિત્ય એક અધ્યાયનો પાઠ કરે છે [તે] રુદ્રલોકને પામે છે, [ને ત્યાં શ્રીરુદ્રનો] ગણ થઈને ચિરકાલ રહે છે. ૧૩

अध्यायं श्लोकपादं वा, नित्यं यः पठते नरः ।
स याति नरतां यावत् , मन्वन्तरं वसुंधरे ॥१४॥

પ૦ ત૦ પ૦:—अध्यायं અધ્યાયનો श्लोकपादं શ્લોકના ચરણનો वा અથવા नित्यं નિત્ય यः જે पठते પાઠ કરે છે नरः મનુષ્ય सः તે याति પામે છે नरतां નરપણાને यावत् જ્યાંસુધી–પર્યંત मन्वन्तरं મન્વંતર वसुंधरे હે પૃથિવિ ! ૧૪

શ૦:—હે પૃથિવિ ! જે મનુષ્ય નિત્ય અધ્યાયનો અથવા

શ્લોકના [એક] ચરણનો પાઠ કરે છે તે [મનુષ્ય એક] મન્વંતરપર્યંત નરપણાને પામે છે. ૧૪

गीतायाः श्लोकदशकं, सप्त पञ्च चतुष्टयम् ।
द्वि त्रि एकं तदर्धं वा, श्लोकानां यः पठेन्नरः ॥
चंद्रलोकमवाप्नोति, वर्षाणामयुतं ध्रुवम् ॥ १५ ॥

પ૦ છ૦ પ૦:—गीतायाः ગીતાના श्लोकदशकं દશ શ્લોકોનો सप्त સાત पञ्च પાંચ चतुष्टयम् ચાર द्वि બે त्रि ત્રણ एकं અથવા એક तदर्धं તેનું અર્ધ वा કે श्लोकानां શ્લોકોનો यः જે पठेत् પાઠ કરે नरः પુરુષ चंद्रलोकं ચંદ્રલોકને अवाप्नोति પામે છે वर्षाणां વર્ષોસુધી अयुतं દશ સહસ્ર ध्रुवम् નિશ્ચય. ૧૫

શ૦:—જે પુરુષ ગીતાના દશ શ્લોકોનો અથવા સાત, પાંચ, ચાર, ત્રણ, બે, એક કે તેનું અર્ધ [એટલા] શ્લોકોનો પાઠ કરે [તે] નિશ્ચય દશ સહસ્ર વર્ષોસુધી ચંદ્રલોકને પામે છે. ૧૫

गीतापाठसमायुक्तो, मृतो मानुषतां व्रजेत् ।
गीताभ्यासं पुनः कृत्वा, लभते मुक्तिमुत्तमाम् ॥
गीतेत्युच्चारसंयुक्तो, म्रियमाणो गतिं लभेत् ॥१६॥

પ૦ છ૦ પ૦:—गीतापाठसमायुक्तः ગીતાનો પાઠ કરવામાં સારી રીતે જોડાયેલો मृतः મરણ પામ્યા પછી मानुषतां મનુષ્યપણાને व्रजेत् પામે છે गीताभ्यासं ગીતાનો અભ્યાસ पुनः પુનઃ कृत्वा કરીને लभते પામે છે मुक्तिं મુક્તિને उत्तमाम् ઉત્તમ गीता ગીતા इति એવા उच्चारसंयुक्तः ઉચ્ચારથી યુક્ત म्रियमाणः મરતો છતો गतिं ગતિને लभेत् પામે છે. ૧૬

શ૦:—ગીતાનો પાઠ કરવામાં સારી રીતે જોડાયેલો મૃત્યુ પામ્યા પછી મનુષ્યપણાને પામે છે, [ને] પુનઃ ગીતાનો અભ્યાસ કરીને ઉત્તમ મુક્તિને પામે છે. ગીતા એવા ઉચ્ચારથી યુક્ત મરતો છતો [સારી] ગતિને પામે છે. ૧૬

गीतार्थश्रवणासक्तो, महापापयुतोऽपि वा ।
वैकुंठं समवाप्नोति, विष्णुना सह मोदते ॥१७॥

પ૦ ત૦ પ૦:—**गीतार्थश्रवणासक्तः** ગીતાનો અર્થ સાંભળવામાં પ્રીતિવાળો **महापापयुतः** મહાપાપયુક્ત **अपि वा** તોપણ **वैकुंठं** વૈકુંઠને **समवाप्नोति** પામે છે **विष्णुना** વિષ્ણુની **सह** સાથે **मोदते** આનંદ કરે છે. ૧૭

શ૦:—ગીતાનો અર્થ સાંભળવામાં પ્રીતિવાળો [પુરુષ] મહાપાપયુક્ત [હોય] તોપણ વૈકુંઠને પામે છે, [ને] વિષ્ણુની સાથે આનંદ કરે છે. ૧૭

गीतार्थं ध्यायते नित्यं, कृत्वा कर्माणि भूरिशः ।
जीवन्मुक्तः स विज्ञेयो, देहांते परमं पदम् ॥१८॥

પ૦ ત૦ પ૦:—**गीतार्थं** ગીતાના અર્થનું **ध्यायते** ધ્યાન કરે છે **नित्यं** નિત્ય **कृत्वा** કરીને **कर्माणि** કર્મો **भूरिशः** અનેક **जीवन्मुक्तः** જીવન્મુક્ત **सः** તે **विज्ञेयः** જાણવો **देहांते** શરીરનો વિનાશ થયે **परमं** પરમ **पदं** પદને. ૧૮

શ૦:—અનેક કર્મો કરીને [પણ જે પુરુષ] નિત્ય ગીતાના [બ્રહ્મરૂપ] અર્થનું ધ્યાન કરે છે તે [પુરુષ] જીવન્મુક્ત જાણવો, [ને] શરીરનો વિનાશ થયે [તે] પરમપદને [પામે છે.] ૧૮

गीतामाश्रित्य बहवो, भूभुजो जनकादयः ।
निर्धूतकल्मषा लोके, गीता यांति परं पदम् ॥१९॥

પ૦ ત૦ પ૦:—**गीताम्** ગીતાનો **आश्रित्य** આશ્રય કરીને **बहवः** ઘણા **भूभुजः** રાજાઓ **जनकादयः** જનક આદિ **निर्धूतकल्मषाः** પાપથી રહિત **लोके** લોકમાં **गीताः** ગવાયા **यांति** પામે છે **परं** પરમ **पदम्** પદને. ૧૯

શ૦:—જનક આદિ ઘણા રાજાઓ ગીતાનો આશ્રય કરીને પાપથી રહિત [થયા છે, ને] લોકમાં ગવાયા [છે. તેઓ શરીર પડ્યા પછી] પરમપદને પામે છે. ૧૯

गीतायाः पठनं कृत्वा, माहात्म्यं नैव यः पठेत् ।
वृथा पाठो भवेत्तस्य, श्रम एव ह्युदाहृतः ॥२०॥

પ૦ ત૦ પ૦:—**गीतायाः** ગીતાનો **पठनं** પાઠ **कृत्वा** કરીને **माहात्म्यं** માહાત્મ્યનો **न एव** નથી **यः** જે **पठेत्** પાઠ કરતો **वृथा**

વૃથા પાઠઃ પાઠ ભવેત્ થાય છે તસ્ય તેનો શ્રમઃ શ્રમરૂપ એવ જ હિ તેથી ઉદાહૃતઃ કહ્યો છે. ૨૦

શ૦ઃ—જે [પુરુષ] ગીતાનો પાઠ કરીને માહાત્મ્યનો પાઠ કરતો નથી તેનો પાઠ વૃથા થાય છે તેથી [તેનો તે પાઠ] શ્રમરૂપજ કહ્યો છે. ૨૦

एतन्माहात्म्यसंयुक्तं, गीताभ्यासं करोति यः ।
स तत्फलमवाप्नोति, दुर्लभां गतिमाप्नुयात् ॥२१॥

પ૦ ત૦ પ૦:—એતત્ આ માહાત્મ્યસંયુક્તં માહાત્મ્યયુક્ત ગીતાભ્યાસં ગીતાનો અભ્યાસ કરોતિ કરે છે યઃ જે સઃ તે તત્ તેના ફલં ફલને અવાપ્નોતિ પામે છે દુર્લભાં દુર્લભ ગતિં ગતિને—સદ્ગતિને આપ્નુયાત્ પામે છે. ૨૧

શ૦ઃ—જે [પુરુષ] આ માહાત્મ્યયુક્ત ગીતાનો અભ્યાસ કરે છે તે તેના ફલને પામે છે, [ને] દુર્લભ [એવી] સદ્ગતિને પામે છે. " ૨૧

सूत उवाच ॥

माहात्म्यमेतद्गीताया, मया प्रोक्तं सनातनम् ।
गीतांते च पठेद्यस्तु, यदुक्तं तत्फलं लभेत् ॥२२॥

इति श्रीवाराहपुराणे श्रीगीतामाहात्म्यं संपूर्णम् ॥

પદચ્છેદ તથા પદાર્થઃ—સૂતઃ સૂત ઉવાચ બોલ્યા ॥ માહાત્મ્યં માહાત્મ્ય એતત્ આ ગીતાયાઃ ગીતાનું મયા મેં પ્રોક્તં કહ્યું સનાતનમ્ સનાતન ગીતાંતે ગીતાના પાઠના અંતમાં ચ ને—પાદપૂર્તિમાટે છે પઠેત્ પાઠ કરે છે યઃ જે તુ તો—પાદપૂર્તિમાટે છે યત્ જે ઉક્તં કહ્યું તત્ તેને ફલં ફલ લભેત્ પામે છે. ૨૨

શબ્દાર્થઃ—સૂત બોલ્યાઃ—" ગીતાનું આ સનાતન માહાત્મ્ય મેં [તમને] કહ્યું. જે [પુરુષ] ગીતાના પાઠના અંતમાં [આનો] પાઠ કરે છે [તે પુરુષ] જે ફલ કહ્યું તેને પામે છે. " ૨૨

ઇતિ શ્રીવારાહપુરાણમાં શ્રીગીતામાહાત્મ્ય સંપૂર્ણ થયું.

પરિશિષ્ટ.

દૈવીસંપત્‌નાં પાત્રોની સમજ.

પાંડુ એટલે વર્ણહીન (રંગરહિત) અથવા નિર્મલ. તે વિવેકનું નામ છે. તેને બે રાણીઓ છે; કુંતી–દિવ્યવિભૂતિનું આકર્ષણ કરનારી શક્તિ–સાત્ત્વિકી મતિ, ને માદ્રિ–ઉગ્રતાનું શમન કરીને શાંતિનો આવેશ પ્રકટાવનારી–ક્ષમા. ક્ષમા એ બુદ્ધિની બીજી દયા આદિ શુભવૃત્તિઓના ઉપલક્ષણરૂપ જાણવી. એમાં સાત્ત્વિકી મતિને ત્રણ પુત્રો થયા, ને ક્ષમાને બે પુત્રો થયા; પણ તે વિવેકના સમાગમથી નહિજ, કેમકે વિવેક કે જે નિત્યાનિત્યને પૃથક્ કરે તેનો જડ એવી સાત્ત્વિકી મતિની સાથે કે જડ એવી ક્ષમાની સાથે સાક્ષાત્ સંબંધ સંભવે નહિ માટે તે સ્ત્રીઓના પ્રાબલ્યવડે આકર્ષાયેલાં પાંચ જડતત્ત્વોનાં સૂક્ષ્મ ને શુદ્ધ પરમાણુઓથી તેઓ ઉપજ્યા એમ શ્રીમહાભારતમાં નિરૂપણ કર્યું છે. સાત્ત્વિકી મતિનો મોટો પુત્ર સદ્ધર્મ (યુધિષ્ઠિર–કામાદિની સાથે યુદ્ધ કરવામાટે દૈવાસુરસંગ્રામમાં અડગપણે સ્થિર રહેનાર) વ્યોમતત્ત્વથી, વચલો સાહસ (ભીમ–અન્યને ભયંકર લાગે એવું કર્મ કરી શકનાર) વાયુતત્ત્વથી ને નાનો અંદવિરાગ (અર્જુન–શ્વેત) તેજસ્તત્ત્વથી ઉપજ્યા છે. ક્ષમાનો મોટો પુત્ર ઉપશમ (નકુલ–વિક્ષેપરૂપ સર્પનું ભક્ષણ કરનાર) જલતત્ત્વથી ને નાનો પુત્ર ભક્તિ (સહદેવ–આત્મદેવની સાથે રહેનાર) પૃથ્વીતત્ત્વથી ઉત્પન્ન થયેલ છે. કારણનો સ્વભાવ કાર્યમાં આવે છે એ નિયમે એ પાંચેમાં પોતપોતાના જનકનો (આકાશાદિ મહાભૂતોનો) સ્વભાવ પ્રધાનપણે વર્તે છે. વ્યોમતત્ત્વ બલવાન્ છતાં સ્થિરસ્વભાવવાળું હોવાથી અને વાયુતત્ત્વ પરાક્રમી છતાં અતિચંચલ હોવાથી તે બંને જેમનામાં પ્રધાનપણે વર્તે છે એવા સદ્ધર્મને તથા સાહસને યુદ્ધમાં મુખ્ય નાયકની જગા નહિ આપતાં જેના મૂલમાં અલૌકિક આકર્ષણશક્તિ રહેલી છે એવા મહાબલવાન્ ને નિયમિત પરાક્રમ દર્શાવનાર તેજસ્તત્ત્વથી ઉપજેલા અંદવિરાગને દૈવાસુરસંગ્રામમાં મુખ્ય યોદ્ધાની જગા આપી છે. દૈવીસંપત્તિના સાચા સહાય વા નેતા આત્મદેવજ (શ્રીકૃષ્ણજ) છે માટે તેમને અંદવિરાગના સારથિ કલ્પ્યા છે. તેઓ સત્તાસ્ફૂર્તિ આપવા વિના બીજી કાંઇ ક્રિયા

કરનાર ન હોવાથી તેઓ એ યુદ્ધમાં યોદ્ધારૂપે ગણાયા નથી. આત્માભિમુખીવૃત્તિ (દ્રૌપદી=દ્રુપદ–શીઘ્રગતિવાળા–તીવ્રવેગવાળા–શુદ્ધ પ્રેમ–ની પુત્રી) એ સદ્ધર્માદિ પાંચેની સામાન્યવૃત્તિ હોવાથી તેને પૂર્વોક્ત પાંચેની પત્ની ઠરાવી છે, અને ઉદાસીનતા (સુભદ્રા–જીવનું સારી રીતે કલ્યાણ કરનારી) તે મંદવિરાગની પત્નીરૂપેજ શોભે માટે તેને તેની (મંદવિરાગની) પત્ની કલ્પી છે. આત્માભિમુખીવૃત્તિને સદ્ધર્માદિ પાંચ ભાઇઓથી ક્રમાત્ દિવ્યશબ્દાદિના જ્ઞાનરૂપ પાંચ (પ્રતિવિંધ્ય, સુતસોમ, શ્રુતકીર્તિ–શ્રુતિકર્મ, શતાનિક ને શ્રુતસેન) પુત્રો થયા છે, અને મંદવિરાગથી ઉદાસીનતાને પેટે સંયમની (અભિમન્યુની–ચારે ભણી પ્રકાશ કરનારની–એક વિષયમાં થનારાં ધારણા, ધ્યાન ને સમાધિની) ઉત્પત્તિ થઇ છે. દૈવીસંપત્તિના સૈન્યની વ્યૂહરચના એકાગ્રતાએ (ધૃષ્ટદ્યુમ્ને–દિગ્ર્યજ્યોતિએ–અનેકાર્થપણાનો તિરસ્કાર કરનાર પ્રકાશે) કરી છે તે પણ યોગ્યજ છે. એ સેનામાં શ્રદ્ધા, (યુયુધાન–ચૈતન્યનો પ્રકાશ કરવાને સર્વદા અભિલાષવાન્,) વીર્ય–ઉત્સાહ, (ઉત્તમૌજા–જેનું ઉત્તમ બલ છે તે,) સ્મૃતિ, (ચેકીતાન–પૂર્વના પ્રસંગાદિને જાણનાર,) સમાધિ, (વિરાટ–વિશેષપણે આત્મામાં શોભનાર,) વિચાર, (કાશિરાજ–સર્વદૃશ્ય પદાર્થોને પ્રકાશીને શોભનાર,) યમ, (ધૃષ્ટકેતુ–આપદાઓનું નિવારણ કરનારાઓમાં શ્રેષ્ઠ,) નિયમ, (શૈબ્ય–શૈબ્ય–મંગલદાતા,) આસન, (કુંતિભોજ–દિવ્યવિભૂતિનું આકર્ષણ કરનારી શક્તિનું–સાત્ત્વિકી મતિનું–પાલન કરનાર,) પ્રાણાયામ, (યુધામન્યુ–ચૈતન્યની અભિવ્યક્તિ કરવી એજ જેની મુખ્ય ક્રિયા છે તે,) પ્રત્યાહાર, (પુરુજિત્–ઇંદ્રિયોના સમૂહને જિતનાર,) શુદ્ધપ્રેમ, (દ્રુપદ–શીઘ્રગતિવાળો–પરમાત્માભણી તીવ્રવેગવાન્) ને શાંતિ (શિખંડી–સર્પરૂપ દુષ્ટ વિષયવાસનાઓને ગળી જનાર) એ મહાયોદ્ધાઓ છે. બંને પક્ષની સેનાઓ ધર્મનું અનુષ્ઠાન થઇ શકે એવા સ્થાનમાં એટલે અકૃતાર્થ અધિકારી મનુષ્યશરીરના હૃદયપ્રદેશમાં યુદ્ધ કરવામાટે નિરંતર સજ્જ થઇને રહે છે. વિશેષ વર્ણન રહસ્યદીપિકાટીકામાં અપાઇ ગયું છે, એટલે અહિં તેની પુનરુક્તિ કરવી ઉચિત ધારી નથી.

આસુરીસંપત્નાં પાત્રોની સમજ.

મોહ (ધૃતરાષ્ટ્ર–શરીરરૂપી દેશને મમતાપૂર્વક ધારણ કરનાર અનાદિ

અવિવેક) એ આસુરીસંપત્માં મુખ્યપદે છે. એને સારાસારના વિવેકરૂપ નેત્ર નથી માટે તેને આંધળો કલ્પ્યો છે. તેના કામ (દુર્યોધન–સદ્ધર્માદિની સાથે દુષ્ટરીતે યુદ્ધ કરનાર–નીચક્રિયાવાળો) આદિ એક સો ને એક પુત્રો કહ્યા છે. એની સેનામાં અસ્મિતા, (ભીષ્મ–ચિરકાલ–આત્મજ્ઞાન ન થાય ત્યાંસુધી–રહેનાર,) સંસ્કાર, (દ્રોણ–દ્રવવાના–વાસનારૂપે પરિણામ પામવાના–સ્વભાવયુક્ત,) અવિદ્યા, (કૃપ-એક વસ્તુમાં અન્ય વસ્તુની કલ્પના કરાવનાર,) રાગ, (કર્ણ–જીવની બાહ્ય પ્રવૃત્તિ કરાવનાર,) દ્વેષ, (વિકર્ણ–વિપરીત પ્રવૃત્તિ કરાવનાર,) અભિનિવેશ, (જયદ્રથ–દૃશ્યમાં અનુરાગ પામીને ઉત્કૃષ્ટરૂપે રહેનાર,) વાસના, (અશ્વત્થામા–સંચય થઇને જીવના મનમાં રહેનાર–સ્થૂલશરીરના નાશથી નાશ નહિ પામનાર,) અશ્રદ્ધા, (ભૂરિશ્રવા–જગત્માં જેનું બહુપણું સાંભળવામાં આવે છે તે,) વિષયોભણી ઇંદ્રિયોનો વેગ, (શલ્ય–સાલની પેઠે પ્રાણીઓનાં શરીરોનાં મર્મસ્થાનોમાં વ્યથા કરનાર,) વિષયસેવનમાં તત્પરતા, (કૃતવર્મા–સંસારમાં ભમાવનાર–કર્મનું રક્ષણ કરનાર,) પ્રાપ્ત વિષયના રક્ષણની ચિંતા (ભગદત્ત–પદાર્થમાં રહેલા રાજસતામસ સંસ્કારે જીવને આપેલ) ને સ્વાર્થપરાયણતા (શકુનિ–સમળીનામના પક્ષીના જેવું પરિણામે અહિતકર વર્તન) એ આદિ મહાયોદ્ધાઓ હતા. અસ્મિતા બન્ને સંપત્માં મુખ્ય ગણવાને યોગ્ય હોવાથી તેને પિતામહનું રૂપ આપ્યું છે. સંસ્કાર અને અવિદ્યા એ જીવની પ્રવૃત્તિના મુખ્ય હેતુઓ હોવાથી તેમને આચાર્યની સંજ્ઞા આપવામાં આવી છે. વાસનાનો ઉદય સંસ્કારમાંથી થાય છે માટે વાસનાને સંસ્કારના પુત્રનું રૂપ આપ્યું છે. વિશેષ સ્પષ્ટીકરણ રહસ્યદીપિકાટીકામાં થઇ ગયું છે.

શ્રીમદ્ભગવદ્ગીતાના શ્લોકોનું વર્ણાનુક્રમ સૂચીપત્ર.